મારી જન્મટીપ

Maari Janmatip

My Transportation To Life

લેખક - સ્વતંત્ર્યવીર વિનાયક દામોદર સાવરકર

ભાષાંતરઃ સંજય વિ. શાહ

સાથેઃ અક્ષાંશ કુમાર, સુધીર ટંડેલ, ભરત સંઘવી, રાજ પાટીલ, વિનાયક કેતકર



સ્વાતંત્ર્યવીર સાવરકર રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ, દાદર, મુંબઈ.

સાવરકર સાહિત્ય અનુવાદ પ્રકલ્પ : નિર્દેશક - રણજિત વિક્રમ સાવરકર

પ્રકલ્પ સમાંયોજક – અશોક રામચંદ્ર શિંદે

આ પુસ્તક નિમ્નલિખિત ભાષાઓમાં પણ ઉપલબ્ધઃ

આસામી, બંગાળી, ઇંગ્લિશ, ગુજરાતી,હિન્દી, કન્નડ,મલયાલમ,મરાઠી, ઓરિયા, પંજાબી,તામિલ, તેલુગુ

www.savarkarsmarak.com

VISIT…

LANZAROTE
Caliente.COM

મારી જન્મટીપ
પ્રાસ્તાવિક

स्वजनस्य ही दुःखमग्रतो ।
विवृत्त द्वार मिवोपजायेता। कालिदास

અમારા આંદામાનના વૃત્તાંત અને ત્યાં બંદીવાસમાં રહેતા સહન કરવી પડેલી યાતનાની વાર્તા સાંભળવા માટે મહારાષ્ટ્રમાં જ નહીં, પરંતુ આખા હિંદુસ્તાનમાં અમારા હજારો દેશબાંધવાએ સહાનુભૂતિપૂર્ણ ઉત્સુકતા આજ સુધીમાં અનેક વખત વ્યક્ત કરી છે. તેમાં પણ, સહૃદયોને અમે સહન કરેલાં ઉત્કટ સુખદુઃખ વિશે કહેતાં સમવેદનાનાં અશ્રુથી સ્નિગ્ધ થનારો તે મધુર આનંદ માણવા માટે અમારું હૃદય અમારા છૂટકારા વખતથી સાહજિક પણે જ બેચેન થતું આવ્યું છે.

છતાં પણ આજ સુધી ગમે તે કરવા છતાં આંદામાનની કથા હોઠ સુધી આવીને પણ હોઠ બહાર આવે નહીં. અંધારામાં વિકસતી કાંટાળી ફૂલવેલ પ્રમાણે તે અંધારા દિવસોની સ્મૃતિ અજવાળું દેખાતાં જ સુકાઈ જતી દેખાય, વિલાઈ જતી.

ક્યારેક થાય કહેવા માટે શું આ બધું સહન કર્યું ? તો પછી એ બધો અભિનય જ ગણાવો જોઈએ. ક્યારેક માર્ગમાં જે ભોગવવી પડી તે યાતનાઓ ભોગવતી વખતે, જેઓ તે યાતનાને બલિ ચડ્યા, તેમને ઘરે પાછા આવીને પ્રિયજનોને તે સુખદુઃખ વિશે જણાવવાનું સાંત્વન પણ મળ્યું નહીં. તે સમઃદુખિયાઓ જે આપણી સાથે નથી, જેમની સાથે તપનો પરિતાપ સહન કર્યો તેમને મૂકીને આ પારણાની કક્ષાનાં મિષ્ટાન એકલાએ કેમ ખાવાં ? એ તેમની સાથે અન્યાય તો નહીં થાય ને ?

અને આપણા જેવા કેટલાય મનુષ્યો પર આજ સુધીમાં આ દુઃખદ-વિકટ સંકટોનો સામનો કરવાના પ્રસંગ આવ્યા છે, અને હજી આવા અથવા આનાથી ભયાનક પ્રસંગ આવી પડવાના છે. જીવનકલહના આ નગારાની ખીણમાં આપણે શું આપણી આવડી આ પિપુડી વગાડતા બેસવાનું ?

પરંતુ દુઃખના ગળામાં કટકટનો ઢોલ તેવો કુદરતનો નિયમ છે, કે તેને વગાડીને આપણે શક્ય તે આનંદ માણી લેવાનો. સસલું ઝડપ મારે ત્યારે વિવશ થઈને, તેના સકંજામાં સપડાયેલું પક્ષી, લેશમાત્ર આશા ના હોવા છતાં જે સ્વાભાવિક ચિત્કાર કરે, તે ચિત્કારથી લઈને નેપોલિયનના શબને સેન્ટ હેલિનામાંથી પેરીસમાં જે દિવસે પાછું લવાયું, તે દિવસે એક રાષ્ટ્રએ પોતાનો ધ્વજ નમાવીને પોતાનાં હજારો વાદ્યોમાંથી હજારો શોકસ્વર અને વિરહગીત ગાઈને, જે દુઃખના ચિત્કાર કર્યા તે ચિત્કાર સુધી, જેટલો પ્રાણીમાત્રનો આક્રોશ છે તેટલા પોતપોતાના દુઃખને પણ પ્રસિદ્ધિ અપાવવામાં ચૂર થયા હોય છે. આક્રોશ એ દુઃખનો જ સ્વભાવ છે, એટલે આ અનંત આકાશમાં જે અનેક ચિત્કાર નિઃસાસા નાખીને પોતપોતાના દુઃખનો ભાર ઓછો કરતા ફરી રહ્યા હોય, તેમાં મારા દુઃખની પ્રસિદ્ધિના નિઃસાસા કેમ ના નાખવા ? આ અનંત આકાશમાં મારા આક્રોશ માટે પણ અવકાશ હશે. એમ વિચારીને આ પ્રવૃત્તિ, ક્યારેક ક્યારેક પોતાનું દુઃખ ઓકી નાખવા માટે, અત્યંત સજજ હોય. પણ એ જ પરિસ્થિતિ એના પગ ખેંચીને તેને પાછળ તાણી જાય.

કારણ અમારી અત્યારની પરિસ્થિતિમાં અમારા આંદામાનના અનુભવમાંનું જે કહેવા યોગ્ય છે તે જ વિશેષ કરીને કહી શકાશે નહીં. પરિસ્થિતિ પ્રમાણે જે કહેતા ફાવશે તે એકદમ ઉપરછલ્લું, અધકચરું અને સાપેક્ષતામાં ક્ષુલ્લક લાગનારું વર્તાતું હોવાથી કહેવાનો ઉત્સાહ આવતો નથી. અને જે કહેવા યોગ્ય લાગે છે તે પરિસ્થિતિ કહેવા દેતી નથી. આવી સ્થિતિમાં કાંઈક તો જણાવીને તે કથાનકનું ચિત્ર રંગહીન અને

સત્ત્વહીન કરી નાખવા કરતાં કશું કહેવું જ નહીં. ક્યારેક એવો દિવસ ઊગશે જે દિવસે બધી ગૂઢ આકાંક્ષા વ્યક્ત થઈ શકશે; બધી મૂંગી ભાવનાઓ મોકળાશથી બોલી શકાશે, એ દિવસે કહેવાનું છે તે યથાપ્રમાણે કહેશું. તેવો દિવસ આયુષ્યમાં ના આવ્યો તો નહીં કહીએ, એ વાત જગતે સાંભળી નથી તેથી કાંઈ તેનું મહત્ત્વ ઘટતું નથી તથા તેની તીવ્રતા ઘટતી નથી, કે આ જગતના પ્રચંડ પ્રવાહમાં તે બધું અકથિત રહ્યું તેનાથી કોઈ પહાડ તુંટી પડશે તેવું પણ નથી, તેવું લાગે.

મનની આવી શોકાયમાન સ્થિતિમાં આજ સુધી આંદામાનનાં અમારાં સંસ્મરણો અમારા પ્રિય બાંધવોને કહેવાનું કામ તેમ જ રહી ગયું. અમારા પછી આંદામાનમાં આવેલા, અમારી પહેલાં મુક્ત થયેલા કેટલાય રાજકીય બંદીઓએ પોતપોતાના અનુભવ પ્રસિદ્ધ કરેલા અમે જોયા. બીજે પણ વરસ-છ મહિના માટે જે કારાગૃહમાં રહ્યા તેમણે પણ તેમના અનુભવ અને તેમણે સહેલી યાતનાઓની કથા વખતોવખત પ્રસિદ્ધ કરેલી અમારા વાચવામાં આવતી જ રહી. પરંતુ આવા આત્મસ્મૃતિકથનને આત્મશ્લાઘાની અનિવાર્યપણે લાગતી વાસ અમારા મનને ફરી ફરીને સંકૂચિત કરતી અને પ્રિયજનો સામે આપણાં સુખદુઃખ મન મોકળું કરીને રહેવાની સ્વાભાવિક પ્રવૃત્તિગત અને જે-તે સંકટોના પરાભવની કથા કહેવાનો આનંદ માણવા માટે અત્યંત ઉત્સુક થઈ હોવાની પરિસ્થિતિ માર્ગમાં વારંવાર આડી આવતી રહી.

છતાં પણ જે કાર્ય અડધું-પડધું અને અલ્પ સ્વરૂપમાં અત્યારની પરિસ્થિતિમાં કહેવા યોગ્ય છે તે તો આપણે કહેવું જ જોઈએ. તે પણ અમને અત્યંત શ્રવણીય લાગનારું છે એવો ખૂબ ઉત્સુક, નિષ્કપટ અને પ્રેમાળ આગ્રહ પ્રસિદ્ધ પ્રકાશક મંડળોથી શાળાનાં બાળકો સુધી, અમને હજી પણ એકસરખી રીતે કરે છે. તેવા આગ્રહને માન ના દેવું એટલે વિનયનો અતિરેક કરીને એક પ્રકારનું સાર્વજનિક મનોભંગ કરવા જેવું થશે તેવું અમને લાગવા માંડ્યું છે. એવી પરિસ્થિતિમાં જે કાંઈ કહેતા આવડશે તેવો અમારો આંદામાનનું વૃત્તાંત કહી દેવાનો અમે નિશ્ચિય કર્યો છે. સુસંગત વૃત્તાંતકથન અશક્ય છે તે સ્પષ્ટ હોવાથી જે કાંઈ ત્રૂટક કે સંબંધવિહોણાં સંસ્મરણ અમને કહેતા ફાવશે તેના વિશે વાચકે પ્રસ્તુત પ્રસંગ પૂરતું સમાધાન માનીને તેનામાંથી વિસંગતિઓ વિશે કે અસ્પષ્ટ ઉદ્ગારો વિશે, તેને પરિસ્થિતિનો દોષ માનીને ક્ષમા કરવો રહ્યો.

આવા વૃત્તાંતનો સાર્વજનિક ઉપયોગ ખૂબ વિસ્તૃત છે એની અમને પણ જાણ છે. પરંતુ કેવળ વૃત્તાંત કરતાં પણ આવી વિષમ પરિસ્થિતિમાંના વિચારોનો, વિકારોનો અને ભાવનાનો ઈતિહાસ, એ વધુ મનોરંજક તો નહીં પણ બોધપ્રદ પણ થનારો હોવાથી અમારાં આ સંસ્મરણોમાં અમે તેને વધુ મહત્ત્વ દેવાના છીએ. પરંતુ આ સંસ્મરણો ત્રૂટક હોવાથી અને ભાવનાનો તે ઈતિહાસ આછેરો, સૂચક અને અસ્પષ્ટ એવો જ કહેવો અનિવાર્ય થયો હોવાથી, સંપૂર્ણ અને સુસંગત કથન પ્રસિદ્ધ થાય તેને અમારા આંદામાનમાંના જીવન વિશે વાચકોએ કોઈપણ સામાન્ય સિદ્ધાંત છે તેવું માની લેવું નહીં. આ સંસ્મરણોમાં બધી વાત ભલે કહેતા ના ફાવી તો પણ જે કહેવામાં આવશે તે અક્ષરશઃ અને ભાવાર્થશઃ પણ યથાતથ્ય કહેવાય એ વિષયે શક્ય તેટલી કાળજી રાખવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ ગ્રંથમાં જે વિચાર, ભાવના અને ઘટનાનું વર્ણન આવશે તે જે તે પ્રંસંગે ઉદ્ભવેલા વિચાર અને ભાવનાના નિર્દેશક હોઈને આજે તે કેવળ ઐતિહાસિક દ્રષ્ટિએ જ વાચવામાં આવે, એવી લેખકની અપેક્ષા છે.

- વિ. દા. સાવરકર

પ્રકરણ પહેલું

મુંબઈનું ડોંગરીનું કારાગૃહ

''તમને પચાસ વરસ કાલાપાનીની સજા કરવામાં આવી છે. હેગના આંતરરાષ્ટ્રીય ન્યાયાલયે અંગ્રેજોએ તમને ફ્રાન્સ હસ્તક સોંપવા જોઈએ એવી સખ્તી કરી શકાય નહીં, તેવો ચુકાદો આપ્યો છે.'' મને ++++ એ જણાવ્યું.

''ઠીક છે. હું હેગની આશા પર અવલંબીને રહ્યો જ નહોતો, પણ મને હેગનો ચુકાદો જોવા મળશે કે ?''

''તે વાત મારા હાથમાં નથી. પણ તમારા માટે જે શક્ય થશે તે કરીશ. છતાં પણ, આ અમારા જેવા ત્રાહિતો માટે પણ સાંભળતાં જ વિહ્વળ કરનારા સમાચાર તમે જે ધૈર્ય સાથે સાંભળી લીધા તે ધૈર્ય મારી મદદ માટે અટકીને બેસશે તેવું મને લાગતું નથી!'' તે ગૃહસ્થ મનથી વ્યાકુળ થતાં બોલ્યા.

''આ કે આવા કોઈ પણ સમાચાર મને પણ ભયંકર લાગતા નથી તેવું થોડું છે? પરંતુ પહેલેથી જ સમજી-વિચારીને આ સંકટનો સામનો કરવાનો અમે નિર્ધાર કર્યો હોવાથી મન એક રીતે શાંત થઈ ગયા જેવું છે. તમે પણ મારી સ્થિતિમાં હોત તો આવું ધૈર્ય આવા વિવેકભર્યા બળ સાથે તમેય દાખવી શકો. તમારી મદદ માટે હું આભારી છું.''

તેટલામાં કોઈક આવ્યાનો અવાજ આવ્યો. તે ગૃહસ્થ મારી કોટડીને આગળ જઈ બીજી દિશાએથી પોતાના કામે ચાલ્યા ગયા. હું મારી કોટડીમાં પાછળ થઈને ઊભો રહ્યો. મનમાં 'પચાસ વરસ' આ શબ્દ ગૂંજી રહ્યા હતા.

તરત જ જેમના આવવાનો અવાજ સંભળાયો હતો તે આવ્યા. અધિકારીએ મારી કોટડીનો દરવાજો ખોલીને મને ભોજન પીરસ્યું. હેગના ચુકાદા સુધી મને બંદીવાનનું ભોજન અને પહેરવેશ અપાયાં નહોતાં; તે પ્રમાણે આજે પણ બંદીવાનનું ભોજન નહોતું. કારણ કદાચિત હજી સરકારી હુકમ આવ્યો નહીં હોય! મેં ભોજનમાં હેતપૂર્વક જ ભાવતી વાનગીઓ આરોગી નહીં. અધિકારી બોલ્યો, ''કેમ રાવસાહેબ, આજે જમતા કેમ નથી?''

''જમું છું તો ખરો, પણ એવી જ ચીજો કે જે બધા બંદીવાનોને મળે છે. કોને ખબર કાલે બંદીવાનોનાં કામ કરવા અમારે જવું નહીં પડે તે? ભાવતું ભોજન ક્યારેક મળે, ક્યારેક નહીં મળે, પણ સાદું ભોજન કાયમ માટે સારું. તેથી તેની મિત્રતા કરી રાખી તો ચિરકાળ ઉપયોગી થશે, ''મેં હસીને કહ્યું.

અધિકારીએ ઉતાવળપૂર્વક કહ્યું, ''છી! છી! એવું ક્યારેય થશે નહીં. તમે પાછા ફ્રાન્સ જશો તેવો આદેશ પણ આવ્યો છે, એવું મેં સાંભળ્યું છે. તમે કારાગૃહમાં કામ કરશો? રાવસાહેબ! ઈશ્વર એવું ક્યારેય નહીં કરે!''

તેવામાં એક સિપાહી દોડતો આવીને બોલ્યો, ''હવાલદારજી સાહેબ આતા હૈ.''

દરવાજો ખડિંગ દઈને બંધ થયો. ભોજન પીરસતા લોકો આગળ ગયા. સુપરિન્ટેન્ડન્ટ આવ્યો અને મને રીતસર પણ સહાનુભૂતિના શબ્દમાં કહેવામાં આવ્યું કે, હવેથી તમને બંદીવાનનાં વસ્ત્રો અને ભોજન મળશે. તમારી પચાસ વરસની શિક્ષા આજથી લાગુ થઈ છે.

હું ઊભો થયો, મારાં ઘરનાં વસ્ત્રો ઊતાર્યાં. બંદીવાનનાં વસ્ત્રો લીધાં અને પહેરવા માંડ્યો. મનમાં એક ચમકારો થયો. આ વસ્ત્રો, બંદીવાનનાં વસ્ત્રો, જે આજે ચડી રહ્યાં છે તે હવે ક્યારેય ઉતરવાનાં નથી! આ વસ્ત્રોમાં જ આપણું શબ બહાર કાઢવામાં આવશે! - ઝાંખો વિચાર, પણ મન ઉદાસ થઈ ગયું. એ

સુપરિન્ટેન્ડન્ટ અહીંતહીંનું કશુંક બોલી રહ્યો હતો, તેની સાથેની વાતચીતમાં મન રહ્યું જ નહીં. તેની સાથેની વાતોએ મનને ખૂબ વિચારતું કર્યું.

તેટલામાં લોખંડનો એક બિલ્લો લાવીને સિપાહીએ હાથમાં મૂક્યો. આ તો બંદીવાનની છાતી પર ઝૂલતો ક્રમાંક!

એ બિલ્લા પર બંદીવાનના છૂટવાની તારીખ લખેલી હોય છે. મારી તારીખ, મારો છૂટકારો છે પણ ખરો કે? મારે મૃત્યુ એ જ મારા છૂટકારાની તારીખ? થોડીક ઉત્કંઠા, થોડી નિરાશા, થોડા વિનોદ એવા મિશ્રભાવે મેં બિલ્લા પર નજર કરી. છૂટવાનું વરસ ઈસવી સન ૧૯૬૦! ક્ષણભર તેનો કોઈ જ અર્થ સમજાયો નહીં. ક્ષણ-બે ક્ષણમાં ભયંકર અર્થ સ્પષ્ટ થયો! શિક્ષા ૧૯૧૦ના વરસે અને છૂટકારો ૧૯૬૦ના વરસે!

++++ નિષ્ઠુર હાસ્ય સાથે બોલ્યો, ''કોઈ ચિંતા નહીં, દયાળુ સરકાર તમને ૧૯૬૦ના વરસે છોડશે જ છોડશે.''

હું ઉપહાસમાં જ બોલ્યો, ''પણ મૃત્યુ અધિક દયાળુ છે. તેણે મને એની પહેલાં જ મુક્ત કરી દીધો તો!''

બેઉ હસ્યા. એ સહજ હસ્યો. હું પ્રયત્નપૂર્વક હસ્યો. સુપરિન્ટેન્ડન્ટ હજી કશીક ચર્ચા કરીને ગયો. હું નીચે બેઠો. બધા જણ ચાલ્યા ગયા. હું અને મારી શિક્ષા બે જ રહી ગયા અને તે ઉદાસ કોટડીમાં એકમેકના ચહેરામાં ચહેરો નાખીને જોવા માંડ્યા.

આના આગળની એ દિવસની વાત તથા અંતઃકરણમાં ચાલતા ખળભળાટ વિશે અમે 'સપ્તર્ષિ' કવિતાના પૂર્વાર્ધમાં વર્ણવેલી તે પુસ્તકમાં પ્રસિદ્ધ થઈ છે.

બીજો દિવસ

''હમણાં જ યાદ આવ્યું'' જમાદાર આવીને બોલ્યો, ''ભલે તમારી શિક્ષા શરૂ થઈ ગઈ છે છતાં તમને પહેલાંની જેમ જ સવારે વ્યાયામ માટે નીચે ફેરવવાને લઈ જવા તેવું સાહેબે કહ્યું છે.''

હું વ્યાયામ માટે નીચે ઊતર્યો, અહીં મારી કોટડીની ચાંપતી ઝડતી લેવામાં આવી. મારાં આજ સુધીનાં બધાં પુસ્તકો અને સામાનને નીચે લઈ જવાયાં! સિપાહીઓના પહેરા વચ્ચે ડોંગરીની જેલમાં વચ્ચેના ચોકમાં હું ધીમે ધીમે ચક્કર મારી રહ્યો હતો, મારાં પેલાં 'બેરિસ્ટરી'નાં વસ્ત્રો જતાં રહ્યાં હતાં અને અદ્દલ બંદીવાન જેવાં જ, બંદીવાનનાં વસ્ત્રો મારાં શરીર પર હતાં. એ વસ્ત્રોમાં બેરિસ્ટર દેખાય છે તો કેવો, મોટેભાગે એ કુતુંહલ સાથે અને થોડાક ખરેખરી સમવેદના સાથે, એમ ઘણા જણ હોસ્પિટલમાંથી માર્ગ પરથી, બારીમાંથી, નહીં તે કારણ કાઢીને મને જોઈ રહ્યા હતા. ડોંગરીની જેલ વસતિવાળા વિસ્તારની વચ્ચે હશે તેવું લાગ્યુંઃ કારણ આજુબાજુ અને દૂર સુધી ઊંચી ચાલીઓ તથા ઘર દેખાય છે. ત્યાં વ્યાયામ કરતી વખતે પણ તે ચાલીઓમાંથી અને બારીઓમાંથી સ્ત્રી-પુરુષોનાં ઝૂંડ થાક્યાં છતાં ઊભાં રહીને અને હું વ્યાયામ પતાવીને પાછો જાઉં ત્યાં સુધી આપસમાં ગુસપુસ કરતા રહેતા. પોલીસોની દ્રષ્ટિ ચૂકવીને ક્યારેક ક્યારેક હું પણ તેમના નમસ્કાર સ્વીકારીને પ્રતિપ્રણામ કરતો. મનમાં તેમની પૂજ્યબુદ્ધિ જોઈને ક્યારેક સારું પણ લાગતું, પણ ક્યારેક... એવો વિચાર આવતો. એકવાર પોલીસે બાજુવાળા એક ઘરના માણસને ધમકાવ્યાની મને ખબર પડી; ત્યારે આપણા લીધે બીજાને પીડા થવી ના જોઈએ તેથી હું શક્ય ત્યાં સુધી નીચું જોઈને વ્યાયામ કરતો.

આ વ્યાયામના સમયે યોગસૂત્રનો પાઠ મોટેથી બોલતો અને પછી તેનો એક એક સૂત્ર પર વિચાર કરીને તેના પર મનન કરતો રહેતો. આજે પણ એ દિનચર્યા પ્રમાણે તેવા વિચારોમાં જ ખોવાઈને હું વ્યાયામ કરતો હતો ત્યાં, ''વખત પૂરા હુઆ, ચલિયે!'' કહીને મારા માટે નીમેલા એક હવાલદારે મને કહ્યું, હું સીડી ચઢીને ઉપરની મારી કોટડીમાં ગયો, પણ જે વિચાર કરી રહ્યો હતો તેમાં જ ખોવાયેલો હોવાથી તેમ જ બેસી રહ્યો. ખાસ્સો સમય એ મનોવસ્થામાં ગયો; ત્યાં જ ફરી દરવાજો ખખડ્યો અને મુશ્કેરાટ કપડાંથી બાંધેલા મોઢાવાળા એક બંદીવાનને લઈને એક હવાલદાર અંદર આવ્યો. મારું ચિત્ત વિચાર કરતાં કરતાં

સાવ ખોવાયેલું હોવાથી હું ક્ષણભર તેમ જ આંખો ખુલ્લી રાખીને નિશ્ચિંત હતો, તે જોઈને હવાલદાર કહેવા માંડ્યો-

''રાવ સાહેબ, ચિંતા કરો નહીં, ઈશ્વર તમારા દિવસો પાર પાડશે. તમારા પરના સંકટનો ઈશ્વર સાક્ષી છે; મારા પરિવારજનોની આંખોમાંય પાણી આવે છે. પણ તમે ક્યારેય ડગમગશો નહીં તેવી ખાતરી બધાને ખૂબ ગર્વ સાથે દીધી છે. પછી આ શું? ચિંતા કરો નહીં.''

આ તેના, સદ્હેતુ સાથે સમજાવવાનું પરિણામ જો કે ઊલટું જ આવ્યું. ચિંતા કરવા જેવું કંઈક થયું છે તે સ્પષ્ટપણે યાદ આવ્યું. મનમાં કશુંક બોલવા જેવું થયું, મેં કહ્યું, ''આ દોરડું શાનું?'' હવાલદારે પરાણે સ્મિત વેરતાં કહ્યું, ''અમથું આપણા કાયદાના નામે કોઈક કામ કાઢતા રહેવાનું, થાય તે કરો, એની જરાય ચિંતા નથી.'' પછી તેણે તે દોરડું નીચે મૂક્યું. તેના ટુકટે ટુકડા કર્યા અને ઉપાડીને, ઠોકીને, પીંજીને પાછો તેનો કાપો કેમ કરવાનો તે મને પેલા બંદીવાન પાસે કરાવીને બતાવ્યું.

એટલે આ તો 'સખત મજૂરી!'

જગતની કાથાકૂટ

હં, ચાલ જવાબ આપ આને. કાથો કૂટવાનો એટલું જને! હા રે, મૂરખ મન. એમાં હલકાપણું શું છે? આપણે વનસ્પતિ ખાતા ખાતા જીવવાનું, જીવતા જીવતા મરવાનું, મરતાં જ આ હાડ-માંસને વનસ્પતિ ખાઈ જવાનાં, બધી કાથાકૂટ. તેજોમેઘની (બ્રહ્માંડ) સૂર્યમાળા, સૂર્યમાળાની પૃથ્વી, પૃથ્વીની એકાદ ધૂમકેતુ સાથે ટક્કર થઈ કે વળી તેજોમેઘ, બધી કાથાકૂટ! તેમ જ, અને તેના જ અનિવાર્ય ભાગ તરીકે, આ વળ ચડાવેલું દોરડું ઉકેલી કાઢીને કૂટવાની આપણી માથાકૂટ. જો પેલી મહાન કાથાકૂટ મહત્ત્વની હશે, તો તેમાં આયુષ્ય વ્યર્થ ના જતું હોય, તો પણ એ પણ એક નાનકડી કાથાકૂટ કર્તવ્ય જ છે. કારણ પેલી મહાન કાાથાકૂટનો આ પણ એક અનિવાર્ય ભાગ છે. કારણ તે ઘડી રહ્યું છે.

હું કાથો કૂટવા માંડ્યો. પેલો હવાલદાર અને બંદીવાન મને કામ આવડે છે કે નહીં તે જોવાના બહાને ત્યાં જ ઊભા રહ્યા અને મારું મનોરંજન કરવા માટે અહીંતહીંની વાતો કરવા માંડ્યા.

''મહારાજ, તમને ખબર નહીં હોય કે, આ ઓરડીમાં જ ટિળક અને આગરકરને સજા થઈ ત્યારે રાખવામાં આવ્યા હતા. તેઓ આપસમાં ચર્ચા કરતા ત્યારે મોટેમોટેથી બોલતા. ક્યારેક ક્યારેક તેમને ધીમે બોલો એવી ટકોર કરવી પડતી.''

''પણ તેઓ સાંભળતા કે વળતો તમારા પર ગુસ્સો કરતા?''

''ચર્ચાના જોરમાં વિઘ્ન પડ્યાથી તેઓ થોડા ત્રસ્ત થતા. પણ વળી ધીમેકથી બોલવા માંડતા, અથવા ચૂપ બેસતા. અને કોઈક વાઈના વર્તમાન પત્રવાળા, હા, હા-તમે કહેતા હતા, તે જ, લેલે, એકદમ ત્રાસી જતા. એક દિવસ બ્રાહ્મણે શું કર્યું કે, સાદો કારાવાસ હોવાથી તેમને ઘરનાં જે વસ્ત્રો મળતાં તેમાંની એક સાવ પાતળી પણ મજબૂત ચાદર લીધી અને તેનું ઓશિકું બનાવીએ તેવી એક આચ્છાદનની થેલી સીવવા માંડ્યા. અમે અમસ્તું પૂછ્યું, ''શાસ્ત્રીભાઈ, આ શું સીવો છો? સાહેબ ભડકશે.'' તેઓ બોલ્યા, ''ઊભા તો રહો, તમારા માંકડોનો એક રામબાણ ઈલાજ શોધી કાઢ્યો છે, તે આપું છું.'' થોડા કલાકોમાં તે થેલી સીવાઈ ગઈ અને જોતજોતામાં બ્રાહ્મણ તેમાં ઘૂસી ગયો. માત્ર આંખો અને નાકની જગ્યા પૂરતાં કાણાં ખુલ્લાં. બાકી માથા સુધી એ થેલીમાં એકાદ ગાદલાની જેમ પેસીને, અને અંદરથી તેનું મોઢું કસીને, ઓઢીને બ્રાહ્મણ સાંજે જે ઘૂસ્યો તે સવારે ઢંઢોળ્યો ત્યારે જાગ્યો. ત્યારથી રાતના એને માંકડ કરડ્યો હોય તો સોગંદ! દિવસમાં તેઓ થેલી પાથરીને તડકામાં નાખતા અને રાતના તેમાં ઘૂસીને ઘોરતા રહેતા!''

''ટિળક આગરકર સાથે અહીં હતા એના પછી પાછા ક્યારેય હતા કે?''

''હતાને! પણ તે વખતે તેમની ફરતે કડક બંધોબસ્ત કરવામાં આવ્યો હતો. આ ઓરડીમાં જ તેઓ રહેતા. એક દિવસ માંકડે કરડી કરડીને રાતભર ઊંઘવા દીધા નહીં. મેં સવારે દરવાજો ખોલ્યો ત્યારે જોઉં તો

ટિળક માંકડ મારતા બેઠા હતા. મેં કહ્યું, ''શું રાવસાહેબ, મજામાં છોને ?'' તેઓ શાંતિથી હસતાં બોલ્યા, ''મજામાં જ છું! માત્ર, જમાદાર! કાલ આખી રાત ઊંઘ આવી નહીં. જરા અંદર તો આવો! જુઓ આ તમારાં પાળેલાં જાનવર!'' હું જોઉં તો માંકડોની કતાર ભીંત પર ચાલી રહી હતી... પણ,'' અરે શું તાત્યાસાહેબ! આ જે રાજકીય કામ તમે હાથમાં લીધું છે એ સિદ્ધ થશે ખરું કે ?''

હવાલદાર વગેરે સૌ લોકો ગયા. વળી હું અને મારી સજા એકમેકનો પરિચય મેળવતા સામસામે ઊભા રહ્યા.

તે ઓળખ પૂરી થવા આવી. હવે એકપણ સંશય બાકી રહ્યો નહીં. આશા નહોતી છતાં હેગના નિકાલમાં કદાચ છૂટીશ એ શક્ય થાય, તે પણ પત્યું. હવે એ નક્કી કે, આ આખો જન્મ આવી જ કોઈક કોટડીમાં સબડતા વીતશે. તો પછી ? એનો પણ સામનો કરવો જોઈએ, બીજું શું!

પ્રતિકૂળ હશે તે જ મોટેભાગે ઘડશે

મારા આ કષ્ટમય હેતુપૂર્વક પોતાની ઉપર વહોરી લેવાયેલા સંકટના પર્વત નીચે ચગદાયેલા આયુષ્યમાં જો કોઈ એકાદ નિયમ, અત્યંત કડવો પણ અતિશય હિતકારી સાબિત થયો હોય તો તે કાયમ પ્રતિકૂળ જ ઘડતું જશે, એ ધ્યાનમાં રાખીને તેનો સામનો કરવાની મનની સજ્જતા રાખવી, એ જ હતો.

જેનો જેનો સૌથી અસહાય કાળમાં, દેશમાં અથવા પરિસ્થિતિમાં જન્મ થયો હશે, અને તો પણ એ પરિસ્થિતિ સામે લડીને તેને જ પરાજિત કરીને, તેની છાતી પર ઊભા રહીને કોઈક નવા યુગની, કોઈક મહાન ધ્યેયની ઉષા જેમને જોવી હોય, તેમણે પ્રતિકૂળ જ ઘડશે, એ ધ્યાનમાં રાખીને તેનો સામનો કરશું, આ નિયમનું હળાહળ ઝેર પીવું જ જોઈએ. પ્રતિકૂળ જ ઘડશે અને હું તેનો સામનો કરીશ, એવો નિર્ધાર કર્યો હોય તો કદાચ અનુકૂળ કંઈક ઘડશે તેવી આશા, લાલસા કરતા બેઠા હોઈએ પણ પ્રતિકૂળ ઘડયું - અને અસહાય પેઢીમાં જન્મેલા જીવનમાં એની જ શક્યતા વધુ તો માત્ર એકાએક નિરાશાના તુંટી પડતા પહાડ નીચે ધૈર્ય ચકનાચૂર થયા વિના રહેતુ નથી. સિદ્ધિના માનસ સરોવરમાં ક્રિડા કરવાનું જે પેઢીનું ભાગ્ય હોય તે રાજહંસ સુખેથી મૂકતાફળનું ભોજન કરીને, બિસતંતુની ફરાળ કરે! પરંતુ પ્રયત્નોના મૃતઃ સરોવરના ઝેરીલા પ્રદેશમાંથી જે પેઢીએ માર્ગ કંડારવાનો છે તેણે પ્રતિકૂળતાના, લોઢાના ચણા ખાવાની અને પચાવવાની આદત રાખવી જોઈએ.

ભયંકર આઘાત

પરંતુ પ્રતિકૂળ જ ઘડશે એવું ધ્યાનમાં રાખવાની થોડી ટેવ અને શક્તિ ધરાવતા મારા મનને મૂર્છા આવે એટલો ભયંકર આઘાત અચાનક આવ્યો. લંડનમાં પકડાયો ત્યારે જ મેં ધાર્યું હતું કે, આંદામાનમાં પચ્ચીસ વરસ કાઢવાં પડશે. માર્શેલ્સને ફરી પકડ્યો ત્યારે કે જ્યારે આખું શિક્ષિત જગત મને ફ્રાન્સને ફરી સોંપવામાં આવશે એવું ખાતરીપૂર્વક કહેતુ હતું - પાછું મેં ધાર્યું કે, મોટેભાગે ફાંસીએ ચડાવવામાં આવશે. પણ છેવટે આ બેઉ ધારણા-નિરાશા ખોટી પડીને બેઉ કરતાંય એક રીતે ભયંકર એવી ત્રીજી જ નિરાશા દત્ત ભગવાનની જેમ સામે આવીને ઊભી રહી. પચાસ વરસની સજા! આવી એકાંતભરી અને ઉદાસ કોઠડીમાં એકલા, એક-એક કલાક વીતે તેમ ગણતા જન્મારો કાઢવાનો! ઠીક તો, કાઢીશું!

હેગનો ચુકાદો આવતા પહેલાંનાં પચ્ચીસ વરસ કેમ કાઢવાં એનું એક મનોમન ચિત્ર (નકશો) મનમાં તૈયાર કર્યું જ હતું. તેમાં જે માપ (સ્કેલ) રાખ્યું હતું તે જ હવે બમણું કરવાનું. આ પચ્ચીસ વરસમાં જેના યોગે જન્મારો સાર્થક થાય અને જેને અર્પણ કરીને માતૃભૂમિનું ઋણ અલ્પ સ્વરૂપેય હળવું કરીને મનુષ્ય જાતિની કાંઈક તો વિશિષ્ટ સેવા કરવી એવાં કયાં કામ આ નિઃસહાય, નિઃસાધન અને નિઃરુત્સાહ એકાંતભર્યા બંદીવાસમાં કરી શકાશે ? રાલેથી કયુરોપોટકીન સુધી અનેક મોટા મોટા બંદીવાનોનાં ચરીત્રો

યાદ કરી જોયાં. પિલગ્રિમ્સ પ્રોગ્રેસ જેણે લખ્યું તેને લખવાની સામગ્રી તો મળતી હતી, મને તો પેન્સિલનો અડધો ટુકડો રાખવામાં પણ ચોરી કહેવાતી, પછી સ્ટેડ જેવા બંદીવાનની જેમ વર્તમાનપત્રમાં નકામા સમજવામાં આવનારા વિષયો પર પણ લખવાનું તો નામ નહીં! પાસે કોઈ પંખી ફરકે નહીં એટલે પ્રચાર અશકય, કાગળનો ટૂકડો પણ રાખવો અપરાધ, ત્યાં લેખન પણ અશક્ય જ! પોતે ફકત વાંચન અને જ્ઞાનપ્રાપ્તિ કરતાં રહેવું પણ એક પુસ્તક કયારેક મળ્યું તો મળશે, અને ફકત વાચીને જે સંઘરવામાં આવે તે જ્ઞાન, ફળ વગરના વૃક્ષ પ્રમાણે, અથવા જેના પાણીથી હજારો નહીં પણ એક અડધી તરસ્યાની પણ તરસ ભાંગતી નથી અથવા અન્ન ઉત્પાદનથી ભૂખ સંતોષી શકાતી નથી તે જળાશયના સંગ્રહ પ્રમાણે ફકત વાંઝણા નથી ? પણ જેમણે બંદીવાસમાં પણ કંઇક તો ઉપયોગી અને મહાન કાર્યો કર્યા તે પૈકી કોઇકને પણ જો ઉપયોગમાં આવ્યા નહીં એવા આ કઠોર, સાધનહીં ન બંદીવાસમાં હું કયું કાર્ય કરી શકીશ ?

મહાકાવ્ય

સાવ નાનપણમાં એવી એક ઈચ્છા હતી કે, અમારે મરાઠીમાં એક મહાકાવ્ય લખવું. કયું, શું, ક્યારે એટલું જ નહીં તો મહાકાવ્ય એટલે નક્કી શું એ પણ પાકે પાયે સમજાતું નહોતું, પણ લખવું એ નિશ્ચય. એ નાનપણના દિવસોથી આજ સુધી એ ઈચ્છા તેવી જ મનમાંની મનમાં ધરબાયેલી હતી. કર્મક્ષેત્રના રણ-ધુમાડામાં જો એ ઈચ્છા લગભગ ના દેખાવા જેવી થઈ હતી તોય કારાગૃહની એકાંત કોટડીમાંની આ શાંતિની ધૂળ પર શરીર પડતાં જ એ ફરી દ્રષ્ટિગોચર થવા માંડી. આ કોઠડીમાં, સખત કષ્ટ કરતી વખતે પણ જ્યારે રાતના એકલા પડીએ ત્યારે, દીવો ના મળે કે કાગળ, અથવા પેન્સિલનો ટુકડો ના મળે છતાં એકાદ કાવ્ય રચી શકાશે. મનોમન કવિતા રચીને ગોખતા રહીને જો તેને સ્મૃતિપટ પર જ લખીને રાખતો ગયો તો તેના પર કોઈ પ્રતિબંધ મૂકી શકવાનું નથી. અત્યારની સાવ સાધનહીં નતામાં પણ આવું કરવું શક્ય છે. અને જો એકાદ આવું કાવ્ય મને લખતા આવડયું તો બંદીવાસમાંથી કોઈક સમયે છૂટતા જો છૂટ્યો તો માતૃભૂમિના ચરણે આ પચ્ચીસ વરસની પ્રાપ્તિ તરીકે આ પણ એક નવો ઉપહાર અર્પણ કરી શકાશે. તેટલું કાર્ય પણ કાંઈ નાનુંસૂનું નથી.

તો પછી જ્યાં સુધી તેનાથી મહત્ત્વનું કોઈ કાર્ય કરવું શક્યતાની હદમાં આવતું નથી ત્યાં સુધી આ તો એક કામ કરીએ. ઠરાવ્યું તો! પચ્ચીસ વરસમાં એક મહાકાવ્ય રચવાનું. જો હેગનો ચુકાદો વિરુદ્ધમાં ગયો તો બંદીવાસમાં હાથે સખત મજૂરીનાં કામ કરતા બીજાં કોઈ સાધનોના અભાવે આ એક કાર્ય તો કરી શકાશે. એ જોઈને સ્વભાવની કાર્યપિપાસા શાંત પડ્યા જેવું લાગ્યું. ઉચાટ ક્ષણભર અટક્યો. હેગનો ચુકાદો વિરુદ્ધમાં ગયો, પચ્ચીસ વરસને સ્થાને અકલ્પનીય ભયાનક એવી પચાસ વરસની સજા થઈ. તો પણ એ કાર્યક્રમ નિશ્ચિત કર્યો. એટલું જ નહીં પણ હાથમાં લીધેલા મહાન ધ્યેયની પૂર્તિ માટે આવી નિઃસહાય અને નિરાશાજનક સ્થિતિમાં પણ અત્યારે આટલું તો કરી જ શકાશે. જીવનને સાર્થક કરવા જેવું કોઈક કાર્ય કરવું હજી પણ શક્ય છે એ જાણીને ઉદાસી ઓછી થઈ. નિષ્ક્રિય નિષ્ફળતાના ભયનો ભાર હલકો થયા જેવું લાગ્યું. ઉતાવળે મને ગણતરી પણ કરી નાખી કે નિયમિતપણે ઓછામાં ઓછી દસથી વીસ નવી પંક્તિઓ રચીને, અને જૂનીને આવૃત્તિ કરીને મોઢે કરવાની જો શિસ્ત પાળી તો એક અથવા અડધો લાખ પંક્તિનું મહાકાવ્ય રચવું શક્ય છે, તો પછી આજે જ આરંભ. પહેલા શ્રી ગુરુ ગોવિંદસિંહજીનું ચરિત્ર ગાવું.

ગોવિંદસિંહનું ચરિત્ર

કારણ ગોવિંદસિંહ શહીદોમાં શિરોમણી હતા. મહાન યશથી વરાયેલા મહાન પુરુષ રાજમહેલના સુવર્ણકળશ જેવા તેજપુંજ સમા દેખાય જ. પણ આજે મને તેમના ચરિત્રના વર્ણનથી, તેમનાં તે યશોગીત ગાઈને શાંતિ ના મળતાં ઊલટું, મારા ભાગ્યમાં આવેલા અપયશની તીવ્રતા વધી જવાની શક્યતા છે. આજે મારે એ યશના રાજમહેલના પાયા નીચે દબાઈ ગયેલા અપયશનું પાયાનું ચિંતન કરવું એ ધ્યેય છે. એટલે 'ચમકોર' કિલ્લાથી સરકી જતા જેમનો સંપૂર્ણ પરાજય થયો છે, જેમનાં માતા-પત્ની-પુત્ર હેરાન થઈને સંસાર ધૂળમાં મળ્યો છે, જેમના શિષ્યોએ પણ તેમના પર શપથ સાથે મૂકેલી નિષ્ઠાનું ત્યાગપત્ર આપીને તેમને ખરે ટાંકણે છોડીને પેલા પરાભવ અને અપયશનું ખપ્પર તેમના જ માથા પર ફોડ્યું છે, અને તો પણ જે સિંહ એ અપયશનું અને દુઃખનું હળાહળ એકાદ રૂદ્રની જેમ અવતાર ધારણ કરીને પચાવતો ગયો, એ ગોવિંદસિંહના એ અપયશને જ આજે મારે ગાવો છે! આ મારા ભયંકર દુઃખને અને અપયશને એનો મેરુ પર્વત જેવો ટેકો થશે. મારી પેઢીના અપયશના, દુઃખના, પરાજયના નબળા પાયા ઉપર ભાવિ પેઢીઓનો સફળતાનો મહેલ એ જ સર્જશે!

લાગણીના મિનારા પર ચડીને મારું મન દૂરદૂરનાં દ્રશ્યો જોવામાં રંગાયું હતું, તેમાં આ તરફ મારા હાથ કાથાના કઠણ વળ અને સૂતળી ખોલવામાં, કૂટવામાં, ઉકેલવામાં ગૂંચવાયા હતા. નિયમ મુજબ ઠરાવેલી દસ-પંદર પંક્તિઓ રચાઈ ગઈ, કાથો ઉકેલવાનુંયે પત્યું! પણ હાથ પણ છોલાઈ ગયા, ફોલ્લાં થયાં, લોહી નીકળવા માંડ્યું.

ડોંગરીની જેલમાં હેગના ચુકાદા પછી કેટલા દિવસ હતો એ યાદ નથી. પ્રાતઃકાળે જાગવાનું, કસરત માટે ફરતી વખતે યોગસૂત્રો મોઢે બોલવાનાં. તે વિશે એક-એક ક્ષણ અનુક્રમે વિચાર કરવાનો, પછી સખત મજૂરી તરીકે કઠણ કામ (Hard labour) પણ અપાય તો તે કરવાનું અને એ કરતી વખતે જ મનમાં દસ-બાર નવી કવિતા રચીને અને જૂની ગોખાઈ ગયેલી કવિતાઓ ફરી દોહરાવીને સાંજે જમવાનું પત્યા પછી, તુરંગ બંધ થતાં બધું સુમસામ થાય પછી ધ્યાન ધરવાનો થોડો અભ્યાસ કરવો અને રાતે નવ વાગ્યાની અંદર ઊંઘી જવાનું. નીંદર એકદમ પાકી આવતી. એકલપણાનો આ આવો કાર્યક્રમ ચાલતો હોઈને ક્યારેક ક્યારેક, प्रवृत्ति चिये राजबंदी। पूढां बौधाचिये प्रतिपदी। विवेकद्रश्याची मांदी' સારતા રહેવાની નિરંતર ખટપટ કરતા પણ ચિંતાના અને ઉદ્વેગના પહાડ એકાએક તુંટીને જેમ ગળું રૂંધાઈ જતું, જીવ વ્યાકુળ થઈ જતો દેખાતો. આપણી પાછળ કાર્યોનું શું થશે... જો... તો આ કષ્ટ પણ... પણ ક્ષણભરમાં મનનું સંતુલન પાછું સંભળાઈ જતું.

સર હેન્રી કોટન

એક દિવસ તુરંગમાં કહેણ આવ્યું કે કોઈક મોટા સાહેબનું પેન્શન મારે લીધે બંધ કરવામાં આવ્યું છે. આ શું પ્રકરણ છે? થોડા જ દિવસોમાં 'કેસરી'નો એક ટુકડો એકાંતમાં મારા હાથમાં આવ્યો. તેના લીધે એ સમાચારમાંનું તથ્ય થોડુંઘણું સમજાયું. લંડનમાં નવા વરસ નિમિત્તે ત્યાંના હિંદી લોકોએ એક સભા યોજી હતી. એ પ્રસંગે સભામંદિરમાં ભીંત પર મારો એક મોટો ફોટો લગાવેલો હતો. સભાના મુખ્ય મહેમાન સર હેન્રી કોટન નામના જાણીતા ઇંગ્લિશ ગૃહસ્થે મારા ફોટાને ઉદ્દેશીને સાહસ, દેશભક્તિની ઉત્કટતા વગેરે કાંઈક ગુણો સંદર્ભે પ્રશંસાભર્યા ઉદ્દગાર કાઢ્યા હતા. અને આવા યુવાનનું આયુષ્ય સાવ પચ્ચીસીમાં ધૂળધાણી થવું એ વિશે ખેદ વ્યક્ત કરીને, હેગના સર્વોચ્ચ ન્યાયાલયે તો મારા સ્વાતંત્ર્યના અધિકારની પાયમાલી ના કરતાં મને ફ્રાન્સ દેશમાં પાછો મોકલવામાં આવે એવો ચુકાદો આપવો, એવી આશા પણ વ્યક્ત કરી હતી. સરસાહેબના આ ભાષણથી અર્થાત્ જ આખો અંગ્રેજી સમાજ ખળભળી ઊઠ્યો.

સાવરકર માટે સહાનુભૂતિ! પછી તેમાં ગર્ભિત નિંદા કેમ ના હોય પણ હતી તો સહાનુભૂતિ! કોઈએ કહ્યું હેન્રી કોટનનો સરનો ખિતાબ છીનવી લો! કોઈએ કહ્યું તેમનું પેન્શન બંધ કરો! છેવટે આ ચાના પ્યાલામાંના વાદળના ફુંફાડાથી રાષ્ટ્રીય સભાનો મંડપ પણ હચમચવા માંડ્યો. એ વખતના અધ્યક્ષ સર વિલિયમ વેડર્બર્ગ અને આગેવાન સુરેન્દ્રનાથ બેનર્જીએ રાષ્ટ્રીય સભામાંથી પાછા આવતા કલકત્તામાં એક સાર્વજનિક સભામાં એ સંદર્ભે વિશેષ ઉલ્લેખ કરીને સહ હેન્રી કોટનના ઉદ્‌ગારો પર સફાઈનો હાથ ફેરવ્યો અને રાષ્ટ્રીય સભાનો, સાવરકર અને તેમના અનુયાયીઓનો આ પંથ સાથે સંબંધ તો રહે જ, પણ લેશમાત્ર સહાનુભૂતિ નહીં એવું જાહેરમાં જણાવ્યું! જે કેસરીના કટકામાં મેં આ સમાચાર વાચ્યા, તેમાં જ કેસરીકરે એક-બે ફકરા લખીને સર હેન્રી સાહેબનો બચાવ કરવાનો પ્રયત્ન કર્યો હતો. કેસરીના લેખમાં મારો નામનિર્દેશ સાવ એકવચનમાં કરાયેલો જોઈને મનમાં થોડી નવાઈ લાગી, ''સરસાહેબને આ સાવરકર કોઈ કાળો કે ગોરો એ પણ ખબર નહોતી!'' એવું વાક્ય સર હેન્રી કોટનના સમર્થનમાં લખ્યું હતું. કેસરી જેવા અખબારમાં પણ આવું લખવાની તે પરિસ્થિતિમાં ફરજ પડી! પરંતુ એ કારણમાં પોતાનું નિરપરાધીપણું અને શિષ્ટતા પ્રસ્થાપિત કરવામાં કોઈપણ રાજકીય સંસ્થાએ અથવા વ્યક્તિએ સાવરકરને અપરાધી સંબોધવા અને સાવરકર નામનો અશિષ્ટતા સાથે, એકવચન ઉપનામ સાથે ઉલ્લેખ કરવો એ એક અમોઘ સાધન મળી ગયું હતું.

ઈંગ્લેન્ડમાં એક અંગ્રેજ અધિકારીએ અમારો ગૌરવપૂર્વક ઉલ્લેખ કરવો અને હિંદુસ્તાનમાં અમને અરે-તું રે, સિવાય સાહસિક વૃતપત્રો પણ સંબોધી શકતાં નહીં, એમાં તે વૃતપત્રોને અથવા વ્યક્તિને દોષ આપી શકાય નહીં. તેના લીધે પરતંત્ર દેશોની કેવી અવદશા થયેલી હતી, ત્યાં માણસાઈ કેટલી મોંઘી થઈ હતી એવું જ કંઈ નિર્દેશનમાં આવ્યું એવું મને લાગ્યું.

Martyr or Rascal

કોઈ કોઠડીના દરવાજાના કાણામાંથી ડોકિયું કરીને જુએ છે, ''કેમ બેરિસ્ટર કેમ છો, સારું છે ને? ''તમારા આશીર્વાદથી સારું છે.'' મેં કહ્યું. ''છી છી! મહારાજ તમારી લાયકાત કેટલી અને અમારી કેટલી! કાલે એક યુરોપથી આવેલા સંબંધી સાથે મારી વાત થઈ. તે કહે આખા યુરોપમાં સાવરકરને આજે એકાદ શહીદનું સન્માન મળે છે. તમારી તુલના ફ્રાન્સ, જર્મની વગેરે દેશોનાં પત્રો વુલ્ફટોનથી, એમેટ, માઝીની સાથે કરે છે. પોર્ટુગલમાં પણ વર્તમાનપત્રો તમારું ચરિત્ર મળે એટલે છાપે છે... તે ગૃહસ્થ તમને મળવા ઈચ્છતા હતા, પણ મેં તેને સમજાવ્યું કે તે અશક્ય છે. પણ કમસે કમ તમને જોવાની ઉત્કટ ઈચ્છા હોવાથી તે ત્યાં સામેની ચાલીમાં કાલે તમારા ફરવાના સમયે ઊભા રહેવાના છે. તમે એકવાર તે તરફ જુઓ... પણ કાલના મુંબઈના... આ એંગ્લો-ઈન્ડિયન પત્રે હેગના નિકાલ વિશે લખતાં તમારા વિશે એકદમ ઝેરીલા ઉદ્‌ગાર કાઢયા છે.'' ''તે શું, અરે કહો. સ્તુતિ, વખાણ સાંભળવા જેટલી જ નિંદા સાંભળવી એ કાર્યકર્તાને પ્રિય નહીં તો પણ જરૂરી છે. '' ''તે પત્રમાં તમને સજા થઈ એ વિશે લખતાં એકદમ આનંદ વ્યક્ત કરીને કહ્યું છે કે, ''The rascal has at last met with his fate" મેં કહ્યું, ''એટલું જને? તો સારું જ થયું. યુરોપમાં તો Martyr શહીદ કહ્યું. એ Rascal પાપી કહ્યું, એ બંને પણ અત્યંત નિંદાસ્તુતિના અનાયાસે જ પરસ્પર છેદ ઊડીને મારું મૂળ મૂલ્ય જેમની તેમ અબાધ્ય બચી છે. ''

સવારે જે ઓરડીના દરવાજા બંધ થતા તે ફરીથી દસ વાગ્યે ઉઘડશે. આ આદત એટલી પાકી થઈ ગઈ કે મધ્યાંતરમાં દરવાજો ઉઘડવાની પ્રતિક્ષા જ નહીંવત્ થઈ. પ્રતિક્ષા જ નષ્ટ થવાથી બંધ દ્વારને જોઈ જે અસ્વસ્થતા પહેલાં લાગતી તે પણ હવે ઓછી થવા લાગી. તેમાં પણ આ બાજુ કામ કરતા આવતો કંટાળાને એક અચાનક સાધન મળ્યું હતું.

કોટડીની ઉપરના ભાગે એક ખાંચો હતો. તેમાં એક કબૂતરનું કુટુંબ આવીને નળિયાની નીચે રહેવા લાગ્યું. તેમની તરફ જોતાં જોતાં કેમેય કરીને સમય કાઢતો હતો ત્યાં દરવાજો ખખડ્યો. ભળતા જ સમયે દરવાજો ખખડ્યો! એટલે આપણા બંદીવાન ભાગ્યમાં કંઈ પણ નવી વાત લખવામાં આવશે એ વાત પાક્કી છે. ઉત્સુકતાને વશ થઈને ઉપર જોયું તો તે હવાલદાર બોલ્યો, ''ચલો સાહેબ બુલાતા હૈ!'' ચાલો, કોઈપણ નિમિત્તે કેમ ના હોય પણ એકલાપણામાંથી બહાર નીકળવા માટે બંદીવાનનું મન એટલું ઉત્સાહિત હોય છે કે 'ચલો' શબ્દ કાને પડતાં જ તડ દઇને તુંટનારો દરવાજાનો અવાજ બાંધેલા મનને થોડી ક્ષણ પણ તાજગી આપતો, તેવી જ તાજગી એ પણ બંદીવાનના મનને આપતી. હું ઊઠ્યો, શા માટે સાહેબ બોલાવે છે એ પૂછવાનો વિચાર આવ્યો. પણ કોઈએ કાંઈ પણ પૂછ્યા વિનના અધિકારીને સામે ચાલીને કોઈ વાત પૂછવી નહીં એવો રિવાજ હોવાથી હું કાંઈ બોલ્યો નહીં. પણ તે સુશીલ હવાલદાર જ ધીમેથી બોલ્યો, ''તમને મળવી કોઇક આવ્યું લાગે છે.''

પત્નીની મુલાકાત

કાર્યાલયમાં આવ્યો તો બારી પાસે મારી પત્નીને લઈને આવેલા મારો મોટો ભાણિયો ઊભો દેખાયો. જેલના વેશમાં, બંદીવાનના દુઃખદ સ્વરૂપમાં, પગમાં જકડીને ઠોકેલી મજબૂત બેડીમાં શક્ય એટલા સહજ ભાવમાં આજે હું પહેલીવાર એમની સામે ઊભો રહ્યો! મારા મનમાં પણ ચચરાય થયો. ચાર વરસ પહેલાં જ્યારે આ મુંબઈમાંથી જ હું તેમની વિદાય સાથે યુરોપ ગયો ત્યારે પાછા ફરતા હું બેરિસ્ટરનાં આબરૂદાર વસ્ત્રોમાં અને આશાના અને સંપત્તિના ઝળકનારા પ્રભાવ સાથે હું દેખાઇશ એવી તેમની આકાંક્ષા હતી. તેમાં આજે મને નિઃસહાય નિરાશાથી બેડીથી જકડાઈને રાખેલો જોઈને તે ઓગણીસ-વીસ વરસની યુવાન છોકરીના મનને કેવો ધક્કો લાગશે? તે બંને સળિયા પાછળ ઊભાં હતાં. મને હાથ લગાડવો તેમના માટે ચોરી હતી. પાસે જ પરદેશીઓનો નિર્દય પહેરો હતો. તે વિચારે શબ્દોનું સાનિધ્ય પણ સંકોચાસ્પદ હતો તે વિચાર મનમાં ઊભરી આવ્યો છે! પચાસ વરસના એટલે જ જન્મની આંટીઘૂંટીની પહેલાંના સમાચાર લેવાના. અને તે આ વિદેશી કડપદાર કારાગૃહ અધિકારીઓની સ્નેહશૂન્ય દ્રષ્ટિપાતની કક્ષામાં! આ જન્મે તમારી-મારી ફરીથી મુલાકાત થવી લગભગ અશક્ય એવું કહેનારી તે મુલાકાત!

આકાશ વલોવાઈને ભરાઈ આવે તેવો એ વિચાર એક ક્ષણમાં ગાઢ રીતે હૃદયમાં ભરાઈ આવ્યો. પણ હૃદયમાં બીજી જ ક્ષણે વિવેકની ચોકી પર તેને રોકીને તેના થડકા છિન્નભિન્ન કરી નાખવામાં આવ્યા અને નજરોનજર થઈને મેં નીચે બેસતાં જ તેમને પૂછ્યું કે ''કેમ મને જોતાં જ ઓળખ્યો કે? આ ફક્ત કપડાં બદલાયાં છે. હું તે જ છું. ઠંડી દૂર કરની એ જે કપડાનો મુખ્ય હેતુ છે તે આ કપડાંથી પણ મોટેભાગે પૂર્ણ થાય છે.'' થોડા જ સમયમાં મજાકમાં આપણે ઘેર બોલીએ એવી જ રીતે એ બંને બોલવા લાગ્યા. તે તક સાધીને મેં વચ્ચે જ કહ્યું, ''સારું, ઈશ્વરની કૃપા થશે તો ફરી મુલાકાત થશે જ. તેના પર ક્યારેક જો સામાન્ય સંસારનો મોહ થવા લાગે તો એવો વિચાર કરજે કે છોકરા-છોકરી સાથે વંશ વધારવાને અને ચાર દીવાલ ઊભી કરીને ઘર બાંધવું એને જ સંસાર કહેવાય તો એવો સંસાર કાગડા-કૂતરાં પણ કરે જ છે. પણ સંસારનો આનાથી પણ ભવ્ય અર્થ જો લેવો હશે તો મનુષ્ય જેવો સંસાર સમજાવવામાં આપણે પણ કૃતકાર્ય થયાં છીએ. આપણે ચોરીની ચાર માયલી ફોડી નાખી, પણ તેના લીધે આગળ-પાછળ હજારો લોકોના ઘરે કદાચ સોનાનો સૂરજ ઊગશે, અને ઘર ઘર કરતા હોવા છતાં પ્લેગે કેવાં સેંકડો લોકોનાં ઘરને વેરાન કરી નાખ્યાં! લગ્નના મંડપમાંથી છોકરા-છોકરીને અલગ કરીને મૃત્યુના મોંમાં ધકેલીને ભગવાને જોડી તોડી નાખી! આવો વિવેક કરીને સંકટનો સામનો કર. આંદામાનમાં અમુક વરસે કુટુંબને લાવવા દે છે, એવું મને સંભળાય છે. તેવું થયું તો સારું જ, પણ ના થયું તો પણ આ દિવસોમાં સહન કરીને એવા ધૈર્યથી રહેવાનો પ્રયત્ન કરવો.'' ''તેવો પ્રયત્નો કરીએ જ છીએ. અમે એકમેકને સધિયારો આપીએ છીએ. અમારી ચિંતા શા માટે થવી જોઈએ? તમે પોતાનું ધ્યાન રાખ્યું એટલે અમને બધું મળ્યું.'' એ અમારી

પ્રશ્નોત્તરી થતી હતી, ત્યારે જ સુપરિન્ટેન્ડન્ટે સમય પૂરો થયો એવું કહેતાં જ હોઠ પરનું અડધું વાક્ય તેમ જ છોડીને મેં મુલાકાત પૂરી કરી. પરંતુ જતા જતા મારો ભાણિયો મારી તરફ ફરીને ઝડપથી કહે, ''સારું પણ એક નિયમ તમારે અવશ્ય પાળવો. રોજ સવારે ''कृष्णाय वासुदेवाय हरये परमात्मने! प्रणतक्लेशनाशाय गोविंदाय नमोस्तु ते।।'' આ મંત્ર તમારે બોલવો હોં, નિયમથી! હું આશ્ચર્યથી જોતાં બોલ્યો. ''બોલીશ!''

તે પાછો ફર્યા. પાછળ ફરીને ના જોતાં, બેડી ઊંચકીને મને તેનો કંઈ જ ભાર લાગતો નથી એ મારી પેલી પાછી જતી મંડળીને બતાવવા માટે ચાલતા હેતુપૂર્વક તે સહજ ખડખડાવતા હું જેલની અંદર ગયો. પણ મન? મેં અત્યારે તેમને જે શબ્દ ઉપદેશ્યા તે જ મનમાં મોટેમોટેથી ઉચ્ચારતા અને દાટતા, ગુરુની જેમ ઓઢી લઈને, બાંધી રાખે તેવી રીતે વિવેકથી મનમાં બાંધી લીધા. શક્તિ ક્ષીણ થવા જેવું લાગ્યું. કોઠડીમાં ધકેલીને હવાલદાર પાછા જતા જ ભોંય પર પડ્યો. પેલા ઉપરના કબૂતરનાં બચ્ચાં કલબલાટ કરતાં આક્રોશ અને તરફડ કરતાં લાગ્યાં. તેમની મા સવારે સાહેબની બંદૂકની ગોળીએ મૃત્યુ પામી હતી અને બચ્ચાં હંમેશાંની જેમ ચાંચમાં દાણા લઈને હમણાં આવશે, પછી આવશે, એવી રાહ જોતાં જોતાં નિરાશ અને ભયભીત થઈને તે બચ્ચાં વિયોગની વેદનામાં તરફડતાં હતાં. આક્રોશમાં હતાં! હાય હાય! મારા વિયોગની વેદનાનું ચિત્ર શક્ય એટલું કરુણ ભયંકર દોરવા માટે જ આ કબૂતરનાં બચ્ચાના શોકની પૃષ્ઠભૂમિ કોઈ દુષ્ટ ચિત્રકારે હેતુપૂર્વક બનાવી હશે! મનનો તાણ ઓછો ના થાય! જમીન પર પડ્યા પડ્યા જ ઊંઘ આવી ગઈ ત્યાં જ -

''ઊઠો! અરે આરામ શું કરો છો! સાહેબ તમને કામના સમયે આરામ કરતાં જોશે તો અમને શું કહેશે'' કહીને દરવાજાના સળિયામાં પોતાનો ડંડો જોરથી ઠોકીને સિપાહી બોલ્યાં.

ઊઠ્યો. ફરીથી તે જ કાથાના ચીંથરાં. તે કૂટવું, તે ઉથલાવવું. ચાલી કાથાકૂટ!

મોટેભાગે સજા લાગુ થઈને એક મહિનો થયો હશે. કાચા બંદીવાનોનું જે જમવાનું મને પહેલા મળયું તે જ સજા થયે પણ હજી મળતું હોવાથી દૂધ પણ મળતું હતું. હું હમણાં જ જમીને ઊભો થયો હતો. એટલામાં હવાલદારે બહાર બોલાવ્યો. ત્યાં જ સુપરિન્ટેન્ડન્ટ પણ આવ્યા. ''બિછાનું સાથે લો!'' મેં બિછાનું ઊંચકી લીધું. મનમાં બોલ્યો, આ શું, છેવટે આંદામાન ચાલ્યો કે શું? દરવાજા પાસે આવ્યો તો જેલની ગાડી ઊભી હતી. અંદર બેઠો, ગાડી બંધ થઈ. એટલી કે બહારનું કાંઈ દેખાય નહીં. ના દિશા, ના માર્ગ, ફક્ત ખળખળ અવાજ સંભળાતો હતો. ગાડી થોભી. ઊતર્યો તો બીજી કોઈ જેલમાં ઊભો છું એવું લાગ્યું. અંદર નવા બંદીવાન આવતાં જે સોળ સંસ્કાર થતા તે થઈને એકવાર કોઠડીમાં બંધ થઈને જોયું તો ડોંગરીની જેલ કરતાં પણ કડક એકાંતમાં અને નિર્જન સ્થિતિમાં હું બંધ છું. એક બંધી વોર્ડર ફક્ત દૂર દેખાય છે. થોડીવારમાં જમવાનું આવ્યું. દ્વાર ઉઘાડતાં ઉઘાડતાં મારા માટે હિંદી હવાલદાર ના મોકલાવતાં હેતુપૂર્વક અંગ્રેજી સાર્જન્ટે જરા આજુબાજુ જોઈને 'ગુડ ડે' કહીને રામરામ કર્યા. મેં ધીમેથી પૂછયું ''આ કઈ જેલ?'' તેણે સાથેના હિંદુ બંદીવાનને ના સમજાય તેથી સ્પેલ કરી કહ્યું - Byculla. (ભાયખલા).

પ્રકરણ બીજું

ભાયખલાની જેલ

ડોંગરીની એકલાની ઓરડી કરતાં ભાયખલાની ઓરડી તરફ ચઢતી વખતે એકલતાની અને ઉદાસીનતાની તીવ્રતાનું આગળનું પગલું ચડવું પડ્યું. ડોંગરીમાં પાડોશમાં મનુષ્ય કોઈ નહોતા, પરંતુ દૂરનો શારબકોર તોયે સંભળાય. નજીકમાં એકાદ બીજું પુસ્તક અને નાનો મોટો સામાન તોયે રહેતો. પણ આજે એ બધું ગયું. દૂરનો શારબકોર પણ સંભળાતો નહોતો. નજીકમાં મનુષ્ય તો શું પણ જેની ટેવ થઈ એ વસ્તુઓ પણ રહી નથી. સામાનની પણ એક પ્રકારનો લગાવ હોય છે. ઓળખાતા માણસો ના હોવાની મુજબ જ ઓળખીતી વસ્તુઓ નહીં રહેવાથી કાંઈક ચુકાયા જેવું લાગ્યા કરે છે. આરડીની તપાસ કરી. જોવાને કાંઈ મળે નહીં. ચકકર મારવા લાગ્યો. મનમાં થવા લાગ્યું. આપણે પકડાઈ ગયા હોવાથી આપણી ક્રાંતિકારી સંસ્થાની શું સ્થિતિ થશે.... આગળ શું કરવું જોઈએ.

સાંજનું જમવાનું થયું. રાજકારણના વિચારોના ઝંઝાવાતથી ખળભળી ગયેલું મન વિચારવાને કોઈ બીજો વિષય મળવાને કારણે થોડું શાંત થયું. જમવાનું પતાવી, વાસણ માંજીને પાછા એ હંમેશાંની જેમ બંધ કરાયેલા સળિયાઓ પાસેના દરવાજે ઊભો રહ્યો. સાંજ થઈ, એ જ સાંજ, એ જ રાત, એ જ તાત્ત્વિક વિચારોથી લાભએલી તાત્કાલિક શાંતિ ‘સપ્તર્ષિ’ કવિતાના ઉત્તરાર્ધનો વિષય થયો છે.

આજે બે અરજીઓ કરી. ડોંગરીથી નીકળતા જ ત્યાં જે થોડુંક દૂધ મળતું એ પણ બંધ કરવામાં આવ્યું હોવાને લીધે અને ભાયખલામાં ફક્ત ભાખરી ખાવાથી પેટ બગડતું. એટલે દૂધ પાછું આપવામાં આવે એ એક માગણી કરી હતી. અને બીજી એ હતી કે મારી પાસેથી ઘરના અને સરકારી બધાં જ પુસ્તકો જે લઈ લેવામાં આવ્યાં હતાં એમાંથી કોઈક તો વાચવા માટે મળે. છેવટે કાંઈ નહીં તો બાઇબલ તોયે વાચવા માટે આપવામાં આવે. એ અરજીનો ઉત્તર મળ્યો - દૂધની આવશ્યકતા નથી. બાઇબલનું જોઈએ.

છેવટે કેટલાક દિવસો બાદ બાઇબલ મળ્યું. ઘણા દિવસો પુસ્તક ના હોવાને કારણે એ મળતાં જ વાચવા જેવું લાગતા બાઇબલ ખોલ્યું. એટલામાં પહેરેદારે કહયું કે, પુસ્તક કોઠડીમાં મૂકવાનું ના હોવાથી સાંજે કામ પત્યું તો એક-બે કલાક જ આપવામાં આવશે. ત્યારે એ પાછું આપ્યું અને પાછા સખત કષ્ટ તરીકે જે કામ આપ્યું હતું એ કરતા અને મનમાં હંમેશાંના કાર્યક્રમ મુજબ કવિતા રચતો બેઠો. છેલ્લે સાંજે એકવાર બાઇબલ મળ્યું.

ઇશુ ખ્રિસ્તના ચરીત્ર વિશે અને ઉપદેશ વિશે મને હંમેશાં આદર થતો. ફ્રાન્સમાં હું નવા કરારનું (ટેસ્ટામેન્ટનું) ચિંતન અને અભ્યાસ કરતો હતો. હવે ગોવિંદસિંહના આર્યા પુરા થવા આવ્યા હતા અને ‘સપ્તર્ષિ’ પણ પતવા આવ્યું હતું. આગળની કવિતા રચવા માટે અવશ્ય એ ઐતિહાસિક સાહિત્યિક સાધનો મળ્યાં ના હોવાથી અને કાવ્ય ક્યા વિષય પર રચવું એ પણ સ્પષ્ટ નક્કી ના થયું હોવાને કારણે પ્રથમ ઈશુનું ચરિત્ર જ મરાઠીમાં કવિતાબદ્ધ કરવું એવું નક્કી કર્યું. જૂના કરારનો ઐતિહાસિક અને ધાર્મિક દ્રષ્ટિએ વિવેચનાત્મક અભ્યાસ કરતા યહૂદી લોકોના રાષ્ટ્રીય બંદીવાસમાંની દુર્દેવી અને નિઃસહાય સ્થિતિ અને એમાંથી છૂટવા માટે એમણે કરેલાપ્રયત્નોનાં વર્ણનો વાચતા રહેતો.

પણ આ મને આંદામાનમાં એક વખતમાં લઈ જઈને નાખતા કેમ નથી ? સજા થયા પછી છ મહિનાની અંદર જો બંદીવાનને કાલાપાનીમાં મોકલવામાં આવે નહીં તો એ છ મહિના ગણવામાં ના આવતા એવું કાંઈક મેં સાંભળ્યું હતું. એના સિવાય આંદામાન રેગ્યુલેશનમાં પણ વાંચ્યુ હતું કે છ મહિના જેલમાં રાખ્યા બાદ કાલાપાની પર બંદીવાનને બહાર ટાપુ પર છોડે તો, થોડું લખતા-વાચતા આવડે તેને સો-સો લોકો પર દેખરેખ રાખવાનું અને બીજાં મહત્ત્વનાં કામો પણ મળતાં. એમ જ હોય તો એ જીવન આ જેલમાંની કોઠડીમાંના જીવન કરતાં બહુ સુસહ્ય થવાનો સંભવ છે. કાંઈ નહીં તો સમુદ્રના કિનારે એક ક્ષણ રોકાઈને

ખુલ્લી હવામાં શ્વાસ લઈ શકાશે. લોકોમાં ભળવાની તક મળશે. એ યોગે પુનઃ પ્રચાર અને લોકોપયોગી કાર્યો પણ કરી શકાશે. દસ વરસ બાદ પરિવાર સાથે ઘર માંડીને રહી શકાશે. એવી સ્થિતિમાં મારું જીવન કદાચ ઘણું સહ્ય થશે. પણ તરત જ મનને બહુ ખરાબ લાગવા માંડતું કે જેમને મારી સાથે પાંચ-દસ-પંદર વરસની સજા થઈ છે અને એ જેમને કોઠડીમાંના આ બંદીગૃહના ભોંયરામાં જ એ વરસો કાઢવાં પડશે, એમનું કેમ થાશે? એમાંના કોઈ મારા બાળમિત્ર હતા, કોઈ વિશ્વાસુ સહકારી હતા. કોઈ અભિન્ન હૃદય સહચારી હતા, ઘણા જણ મારા પર અસીમ ભક્તિ અને પ્રેમ કરતા આવ્યા હતા. એમના પર અને એમના પરિવાર પર વિતેલા આ સંકટમાં એમને મારાથી કોઈપણ મદદ કરવી શકય નથી. મારા કારણે એમના પર પણ સંકટ આવ્યું હોવાને કારણે ભ્રમમાં કેમ ના હોય, પણ મારા પર એ ખીજાયા તો હશેને? એમાંયે એ... જેમની વૃદ્ધ માતા, જેમણે એમને નાનાથી મોટા કર્યા અને હવે જેમની વૃદ્ધાવસ્થાના હાથમાંથી એ મમતાનું સુખ દ્રષ્ટિ ભગવાને અચાનક છીનવી લીધું, એ બન્નેની અને એ વૃદ્ધ માતાની મને બહુ જ દયા આવતી... અને એ વજ્રનિશ્ચયી વીર કે જે સાંભળી પણ ના શકાય એવી યાતનાઓ સહન કરીને મારી વિરુદ્ધ એક શબ્દ પણ નહીં તો નહીં જ કાઢ્યો. અને એ યુવાન છોકરાઓ, એ બધાની યાતનાઓની યાદ આવતાં મને એટલું ખરાબ લાગ્યું કે મારી યાતનાઓને હું ખરેખર કેટલોક સમય એકદમ ભૂલી જતો. પાછો વિચાર કરતો કે કાંઈ નહીં તો હું પણ કાંઈ પાછો પડ્યો નહીંને? મોરચામાં અગ્રણી રહીને કઠોરમાં કઠોર આઘાતમાં પોતાની છાતી આગળ કરી નહીં કે? પછી હવે જે અનિવાર્ય, જે બધાનાં કાર્ય એના સૌ ભાગીદાર હોવાના જ! અને થયું એ, ભોગવ્યું એ, કંઇ જ નથી, હજી તો...

મેં થોડા દિવસો પહેલાં જ એક અરજી કરી હતી અને એમાં મને થયેલી બે જન્મટીપની સજા એકકાલિક કરવામાં આવે એવું વિનવ્યું હતું. એ વિનંતીના સમર્થનમાં જે કારણો આપ્યાં હતાં એમાં એક હતું કે દંડવિજ્ઞાનમાં જન્મટીપની સજાનો અર્થ મનુષ્યના જીવનના કર્તૃત્વનો સામાન્યકાળ એમ કરવામાં આવે છે. ઇંગ્લેન્ડ વગેરે દેશમાં એ ૧૪ વરસ પકડવામાં આવે છે. હિંદુસ્તાનમાં એ અપરાધ માટે ૨૦ કે ૨૫ વરસો ગણાય આવે છે. આ અવધિ એટલે જ દંડવિજ્ઞાનમાંનો આયુષ્યકાળ છે. વધુમાં વધુ સજાની એ અવધિ છે. ત્યારે મને જે બે જન્મટીપ મળ્યા એ એકકાલિક જો ના કર્યા અને એક જન્મટીપ પતતા બીજી જન્મટીપ શરૂ કરવી એવો તેનો અર્થ કાઢયો તો દંડવિજ્ઞાનની ભાષામાં, આ જન્મ પૂરો થતાં એ સજા પૂરી કરવા બીજા જન્મે પણ સજા ભોગવવી એ ફરજ છે. એવું હાસ્યાસ્પદ થવા દેવાનું ટાળવા મારા છૂટકારાનું વરસ ૧૯૬૦ ના રાખતા જન્મટીપ એટલે વધુમાં વધુ પચ્ચીસ વરસની જે સજા ગણાતી એ રાખવી એવું નિશ્ચિત કરવામાં આવે. આ અરજીનો આજે ઉત્તર આવ્યો કે ''તમારી જન્મટીપની સજા એકકાલીક ના કરતાં અનુક્રમે જ ભોગવવી જોઇએ એવો ચુકાદો આપવામાં આવ્યો છે તે યોગ્ય હોવાથી તમારી સજા ૫૦ વરસ અને છૂટવાનું વરસ ૧૯૬૦ જ છે.'' આ જવાબ પહોંચાડવા માટે જે અંગ્રેજ ગૃહસ્થ આવ્યા હતા એણે મારી અરજીમાંની પરિભાષા સહેતુક ઉચકીને મને સંમિશ્ર વિનોદ સાથે કહયું, ''અરે સાવરકર, છેવટે સરકારે એવું જ નક્કી કર્યું કે તમારે આ જન્મટીપની સજા ભોગવ્યા બાદ આવતા જન્મની બીજી જન્મટીપની સજા ભોગવવી!'' મેં પણ હસતાં હસતાં કહયું, ''તો પછી એમાંને એમાં પણ સમાધાનની એક વાત તો છે જ કે હિંદુ લોકોનો પુનર્જન્મનો સિદ્ધાંત તોયે સરકારે એકવખત તોયે માન્યો અને ખ્રિસ્તી ધર્મની પુનરુત્થાનની કલ્પના પડતી મૂકી દીધી!''

આજે જમવાનું આટલું વહેલું? આ શું? જેલમાં કહ્યું એટલે મૃત્યુ એ પણ એમણે નક્કી કરેલા સમયે, કાર્યક્રમ મુજબ જ થવું જોઇએ. બધું એટલું સમયસર થતું હતું. અન્ન માટે, જમવા માટે, મૃત્યુ આવતું હોય તોયે જમવાનું વહેલું આવશે નહીં. જોઈતું હોય તો મૃત્યુએ જમવાનું આવે ત્યાં સુધી રોકાવું. તો પછી આજે આ જમવાનું ભળતા જ સમયે કેવી રીતે? અર્થાત્ કાંઈક તોયે નવું ઘટવાનું છે. જે ગોરો અધિકારી પહેરા પર હતો એની તરફ જિજ્ઞાસુ દ્રષ્ટિએ જોયું. એને ટોપી પાછળ કરવાના નિમિત્તથી હાથ થોડો પાછળ લઈ જઈને બે વખત હલાવ્યો. અર્થાત્ ક્યાંક તોયે અમને મોકલવામાં આવશે. જમવાનું થયું. દીવાલ પર એક અણીદાર પથ્થરથી કેટલીક કવિતાઓ કોતરીને રાખી હતી. એ ઉતાવળે મોઢે કરીને કોઈને સમજાય નહીં એ

માટે ભૂંસી કાઢી. ત્યાં જ, ‘ચલો’ કહેતા સિપાઈએ દરવાજો ખોલ્યો. ગોરા સાર્જન્ટના અધિકારમાં અમને એકાદ નિર્જીવ વસ્તુ સોંપી દેવાય એમ કારાવાસના અધિકારીએ સોંપી દીધા. મોટર, સ્ટેશન-આગગાડી, પાછું સ્ટેશન. ત્યાં ખબર પડી કે, આ થાણે છે અને અમને અહીંની જેલમાં જ જવાનું છે.

પ્રકરણ ત્રીજું

થાણેની જેલ

જેલમાં જ્યાં ત્યાં ગડબડ. પચ્ચાસ વરસની સજાનો, કાલાપાનીનો એક બેરિસ્ટર બંદીવાન! અધિકારીઓનો સખત આદેશ કે મારી તરફ કોઈએ જોવું પણ નહીં. એક ભાગ એકદમ સાફ કરીને, બધા વોર્ડર અને બંદીવાનને બહાર કાઢીને ખાલી કરી રખાયો હતો. પણ એ સખત આદેશ પણ બંદીગૃહની જિજ્ઞાસા દબાવી શક્યો નહીં. જે ગૃહમાં મને રાખ્યો હતો એ ગૃહ પર એકદમ દુષ્ટમાંના દુષ્ટ તરીકે જે પ્રખ્યાત હતા એવા મુસલમાન વોર્ડર મુકાયા હતા. એકદમ સખત એકાંત. જમવાનું આવ્યું. કોળિયો પણ ખવાય નહીં. બાજરાની એકદમ ગરીબડી ભાખરી અને શેનું ખબર નહીં પણ એકદમ ખાટું શાક. એ મોઢામાં રખાય નહીં. ભાખરીનો ટુકડો તોડવો, થોડોક ચાવવો અને ઉપર ઘુંટડો પાણી પીવું અને તેની સાથે ગળી જવો. આમ કાંઈક ભાખરી ખાધી. સાંજ બહુ જલ્દી થઈ. ગૃહનો દરવાજો બંધ થઈને લોકો જતાં જ પથારી નાખીને પડ્યો. અંધારું થવા લાગ્યું. એ જ માણસનો અવાજ, જે સાંભળીને આપણે પોતે જ ડરી જઇએ તેવો. ક્યાંકથી તોયે આવ્યો. ધીમેકથી જોયું તો એ દુષ્ટોનો પણ દુષ્ટ એવો જે વોર્ડર મારી પર મુકાયો હતો એમાંનો જ એક મને દરવાજા પાસે ધીરેથી બોલાવતો હતો. આવ્યો. આમતેમ જોઈને બંદીવાન વોર્ડરે મને કહ્યું ‘‘મહારાજ, તમારી શુરવીરપણાની ખ્યાતિ અમે સાંભળી છે. આવા શુર પુરષના ચરણોનો હું દાસ છું. તમારા માટે મને જે કરતાં આવડે એ હું કરતો જઈશ. હવે હું એક સમાચાર આપું છું. પણ એ તમારી પાસેથી બહાર ના જવા જોઈએ. નહીં તો હું મર્યો જ સમજો. તમે વીર છો. તમે ચાડીનું ગંદું કર્મ કરશો નહીં. એ મારો વિશ્વાસ છે. પણ તમને સાવધ કર્યા. એવું એકસરખું પણ બહુ દબાવીને બોલતા આગળ વધીને એણે કહ્યું, ‘‘તમારા ભાઈ પણ અહીંયા જ છે.’’ ક્યો ભાઈ? નાનો? ’’ કોઈ જુએ છે કે શું એવી શંકા આવી કે એ તરત પાછળ થયો. હું પણ અંદર સરકી ગયો.

નાનો ભાઈ

નાના ભાઈ! વીસની અંદરના આ છોકરાઓ લોર્ડ મિન્ટો પર અમદાવાદમાં ફેકવામાં આવેલા બોમ્બના પ્રકરણમાં અટક થઈને તકલીફોમાં મજબુત ધૈર્ય સાથે અઢારમા વરસે જ સામું જવાનો એને પ્રસંગ આવ્યો. ત્યાંથી છૂટી આવી ઘરે રાત્રે પથારી પર પડીને આરામ કરે ના કરે, ત્યાં જ એને રાજ્યક્રાંતિના અને રાજકીય વધતા ભયંકર ગુના હેઠળ પકડી પાછા જેલમાં ખેંચવામાં આવ્યો. અને વરસ સુધી યાતનાઓના, ડરના, નિર્દયતાના આઘાત એક પછી એક થતા હોવા છતાં પણ, એ કુમળી ઉંમરમાં પણ જેનો દ્રઢ નિર્ધાર અંગિકૃત વ્રતથી લેશમાત્ર પણ ઓછો થયો નહીં. એ મારો નાનો ભાઈ! બા-બાપુજી નાનપણમાં જ મૃત્યુ પામ્યાં હોવાને કારણે એને મન એ બન્નેના ઠેકાણે હું જ હતો. ક્ષણ પૂરતો પણ મારાથી દૂર થતાં જ જે ખૂબ રડવા લાગતો એ મારો નાનો ભાઈ અહીં જ, આમ જ બેડીઓમાં પડેલો, ચક્કી પીસવા જેવું કઠણ કામ કરતો હતો. અને જાણે કે એના આ હાલ ઓછા થતા હતા એટલે એને આજે હું મારી જન્મટીપની ખબર આપીશ. જન્મટીપની સજા થયાની ભલે એને ખબર હતી તોએ એમને બધાને લગભગ એવું નિશ્ચિતપણે લાગતું કે હેગમાં હું છૂટીશ અને ફ્રાન્સ પાછો મોકલવામાં આવીશ. આ આનંદમાં એ મારા સહકારી પોતાનાં દુઃખો પણ ભૂલી જતા હતા. પણ હવે એમની એ છેલ્લી આશાઓનો તંતુ તુંટીને હું ખરેખર જ કાલાપાની માટે જઈશ એ ખબર આપીશ! એક મોટો ભાઈ જન્મટીપની, કાલાપાનીએ ગયો જ હતો. આજે હું પણ જીવનભર માટે જવાનો. આજે એ છોકરાઓ ખરેખર મોટા થાશે. હું આંદામાન લગભગ પાછો ક્યારેય ના દેખાવા માટે જઈશ, એ જ્યારે એમના મનમાં આવશે ત્યારે

એમના એ કોમળ મનની શું સ્થિતિ થશે? અને એ છૂટીને હવે કોની પાસે જશે? કોણ એને પીઠબળ આપશે? કોણ એનું શિક્ષણ પૂરું કરશે? એ કુમળા છોકરાઓ જે દિવસે જશે એ એ દરવાજાઓ તેમની સામે મોઢાં ફેરવીને ધડાધડ બંધ કરવામાં આવશેને!

દુઃખના ઉભરા સાથે આ બધા વિચારો એકદમ તરંગીને પાછા ડૂબી ગયા. કેટલાક પાછા ઉછળીને હૃદયને દ્રવતા રહ્યા.

દાદા! આ લો

એ જ વોર્ડર પાછો નજીક આવ્યો. સારું એવું અંધારુ થયું હતું. ''દાદા! આ લો.'' એવું કહી એક સ્લેટ મારા હાથમાં એણે આપી અને કહ્યું કે આપને આપના ભાઈની ખબર જો કોઈએ આપી તો એને દસ વરસ કાલાપાનીની સજા આપ્યા વગર છોડશે નહીં, એવો સુપરિન્ટેન્ડન્ટે બધા વોર્ડરોને આદેશ ફરમાવ્યો છે. આપ એક શબ્દ પણ બોલ્યા તો હું મરીશ. આટલું વિનવીને એ પાછો ફર્યો. અને દૂર જતાં જ બૂટ વગાડતાં અને તાલબદ્ધ પગલાં ભરતાં પહેરો ભરવા લાગ્યો.

એ સ્લેટ એટલે બાળાનો - નાના ભાઈનો પત્ર હતો. દૂર ફાનસ બળતું હતું. થોડુંક દેખાતું હતું. એમાં મેં એ બહુ જ પ્રેમથી વાંચ્યો. એમાં દુઃખનો કે પછી તેજભંગનો એક શબ્દ પણ નહોતો. ઊલટું માથે લીધેલા કાર્ય-વ્રતની પૂર્ણતા માટે આના કરતાં પણ કઠોર તપશ્ચર્યા કરવી પડી તોયે એમાં શું છે? ચિંતા નથી! આવો ધૈર્ય સંદેશ મોકલ્યો હતો. મેં આ પત્રનો ઉત્તર આપવાનું નક્કી કર્યું. આંદામાનથી એક વરસમાં એક પત્ર મોકલી શકાય છે. પરંતુ ક્યારેક ક્યારેક એ પણ સગવડ પણ મળતી નથી એવું મારા સાંભળવામાં આવ્યું હતું. ત્યારે ના જાણે કેમ બાળાને પત્ર લખવાની આ આપણા જીવનની છેલ્લી જ તક હોઈ શકે! મેં એ વોર્ડરને પાછો ઈશારો કર્યો. એ ડરતા પગે આવ્યો. પણ હવે રાત્રે શું એ આગળ જોઇએ કહીને નીકળી ગયો.

અડધાથી વધુ ઊંઘ થઈ ગઈ હશે. દરવાજાના સળિયાઓમાં ધીરેધીરે થતી ખડબડ સંભળાઈ. હું ચોકી પડ્યો. જોયું તો પેલો વોર્ડર ડંડાથી ખખડાવતો હતો. હાથેથી 'લખો' એવો એણે ઈશારો કર્યો અને ફાનસ નજીક લાવ્યો. મારી સાથે એક શબ્દ પણ બોલતી વખતે પકડાઈ ગયો તો એને સજા થયા વગર રહેત નહીં, ત્યારે એને દુષ્ટોનોય દુષ્ટ ગણાતા ઘાતકી દરોડાખોરના મનમાં પણ મારા વિશે આટલી સહાનુભૂતિ જાગેલી જોઈને મને પોતાને જ આશ્ચર્ય થતું. આ અનુભવ મને આગળ વારંવાર કામ આવતો ગયો. હું એનો આભાર માનવા લાગ્યો. પરંતુ એ ઉતાવળે બોલ્યો ''દાદા, પહેલાં એ જલ્દીથી લખી નાખો.''

છૂટીશ કાં મરીશ

તોયે શંકા થઈ, ''કોને ખબર કેમ લખાવીને આ પાટી બાળાના હાથમાં ના આપતાં અધિકારીઓને જ આપી મારું મોઢું નહીં તોડાવી પાડે એનું શાના પરથી? '' મારું જીવન ડિટેક્ટિવ સાથે દાવપેચ રમવામાં ગયું હતું. એટલે મેં કોઈનાંય નામગામ કે વિશિષ્ટ ગુપ્ત કાર્યક્રમ નહીં લખતાં આંદામાનના અંધકારના ફલક પર બે-ત્રણ આશાઓની થાપ મારીને લખ્યું કે, ''જો ત્યાંના નિયમ મુજબ મારા કુટુંબને ત્યાં દસ-પાંચ વરસ પછી લઈ જવા દીધું તો ત્યાં જીવતા જીવન જ્ઞાનના પ્રસારમાં પસાર કરીશ. અને મને જો હું પાછો હિંદુસ્તાનની પુણ્યભૂમિના તટે પગ મૂકી શક્યો નહીં તો હું જે રચું છું એ મહાકાવ્ય જેમ 'તતઃ પ્રાચેતસઃ શિષ્યૌ રામાયણમિતસ્તતઃ મૈથિલેયૌ કુશલવૌ જગતુર્ગુરુચોદિતૌ' એવું ઈશ્વરે આપ્યું તો એ અભિનવ કુમારના કંઠે આખા દેશમાં પ્રખ્યાત કરાવીશ. એક આયુષ્યની સફળતા માટે આ એક કાર્ય પણ સમર્થ છે! આ કાર્યક્રમને ઉપાડીને હું પચ્ચીસ વરસ આંદામાનમાં કાઢીશ. પરંતુ જો હું એક જન્મટીપની સજા પૂરી થયે પણ મને છોડવામાં આવ્યો નહીં તો માત્ર... છૂટીશ કાં... આમ મરીશ. એ મારો નિર્ધાર છે. તું ચિંતા કરતો

નહીં કે પછી જીવવું વિકળ થયું એટલે ખિન્ન થતો નહીં. બાષ્પયંત્રમાં પ્રેરણા ઉત્પન્ન થવા માટે આપણા દેહને ઈંધન તરીકે જો કોઈ બળતું રહેવું જ જોઈએ તો પછી એ આપણે જ કેમ ના રહીએ? આવું ફક્ત બળતા રહેવું એ કર્મ જ છે. આટલું જ નહીં પણ મહત્વનું કર્મ છે. વોર્ડરે ખોંખારો કરીને પતાવો કહીને સૂચના આપી. હું પત્ર દરવાજા પાસે મૂકીને પાછળ ફર્યો. જતાં જતાં તેને કહ્યું 'તમને મારા લીધે લવલેશ પણ ત્રાસ ના થાય એવી મારી ઈચ્છા છે. તમે જોઈએ તો, તમને જે કર્તવ્ય લાગતું હોય તો જ આ સાહસ કરો.' એ હસ્યો, ''છી! આ શાનું સાહસ? દાદા હું કાંઈ ચોર નથી. અમે ભરેલા ગામમાં ઘૂસીને ખુલ્લેઆમ દરોડો પાડ્યા છે અને લડતા ભાગી પણ ગયા. દાદા હું શુર પુરુષ છું. અને એટલે જ તમારા જેવા શુરોનો બંધો છું. મારું સાહસ શું! મને છૂટવામાં બે મહિના બાકી છે. તમારું સાહસ છે, કે આવા પ્રસંગે આવું હસતું મોઢું.''

પત્ર પહોંચાડ્યો

એ ગયો, એણે બાળાને પત્ર પ્રમાણિક રીતે પહોંચાડ્યો. પણ એણે કરેલા શોર્યની વ્યાખ્યા માત્ર મારા ધ્યાન બહાર ગઈ નહીં. દરોડાખોર (ચોર) ચોરીને પાપ અને તુચ્છ કાર્ય સમજે છે! એમાંનો જ આ પ્રકાર! બીજા દિવસે મેં એને અન્યોકિતથી એવું સૂચવવાનો પ્રયત્ન કર્યો કે સ્વાર્થ સાધીને લૂંટમાર કરવી એ એક અર્થે શોર્ય છે, એવું માન્યું તોયે એ શ્રેયસ્કર અને સ્તુત્ય નથી. એ પણ મનમાં સમજ્યો અને પાછો દરોડાનો ઉલ્લેખ ગર્વ અનુભવતા નહીં કરવા જેવો થયો.

મારા આવ્યા બાદ એ-બે દિવસની અંદર જ બાળાને થાણેથી બદલીને બીજે લઈ જવામાં આવ્યો. ભલે મને એ પાછો ક્યારે મળી શકશે કે નહીં એની ચિંતા હતી એ અધિકારીઓ ખબર હતી તો પણ આટલી નજીક, એક દીવાલની આડશ જ હોવા છતાં, તેની અને મારી મુલાકાત એમણે થવા દીધી નહીં. એ પછી એ ક્યાં ગયો, ક્યારે છૂટયો, શું કરવા લાગ્યો - એની મને વરસોનાં વરસ સુધી કાંઈ પણ ખબર પડી નહીં! ખબર પડવા દીધી નહીં!

દેખો હમારા શેર

થાણેની જેલમાંના સિપાઈઓના અધિકારીઓ પરનો એક મુખ્ય અધિકારી હેતુપૂર્વક મારા ભાગમાં નીમવામાં આવ્યો હતો. એ શરીરથી સ્થૂળ, મજાકિયો, હસમુખ પણ બંદીવાન તરીકે બહુ અંદર સુધી પહોંચેલો ગણાતો. ગોરા અધિકારીઓ એના પર બહુ વિશ્વાસ રાખતા. એ દરેક વખતે મારી સાથે શકય તે સમયે બોલવાનો પ્રયત્ન કરતો. સાચી હોય કે ખોટી હોય, મને લાગે છે બહુધા એ સંમિશ્ર ભાવના હોવી જોઈએ. એ મારા પ્રત્યે બહુ દયા બતાવતો. જમવાનું શક્ય એટલું સારું આપવાને જોતો. કોઈપણ તકલીફ પડવા દેતો નહીં. મને કોઈ સાથે વાત કરતા જુએ તો આંખ આડા કાન કરી લેતો, પણ હંમેશાં રાજકીય ચર્ચા કરીને મારા મન પર એવી અસર ઊભી કરવા ચાહે કે કે મેં અત્યંત નિષ્ફળ અને ખોટા નાદે લાગીને જીવનનું ભયંકર નુકસાન કરી લીધું છે. આવતાં-જતાં બંદીવાનોને હેતુપૂર્વક બોલાવીને મને બતાવતો, અને કહેતો ''દેખો હમારા શેર (વાઘ)... પુરુષ હોવો જોઈએ તો આવો હોવો જોઈએ. પણ શું રાવ, અજબ તેરી કરણી અજબ તેરી ખેલ. મકડી કે જાલ મેં ફસાયા શેર!!'' આ પંકિતઓ ગાતાં ગાતાં સ્વાંગ ધરીને એ નાચવા માંડતો. ક્યારેક ક્યારેક અ સાવ પરાણે પરાણે પોતે જ, પૂર્વ-પક્ષ, ઉત્તર-પક્ષ કરીને વાદ કરતો કે, ''કેટલીપ્રબળ સરકાર, તોયે કહેવાને આ ચાર છોકરાઓ! અને અંગ્રેજ સરકારનું રાજ્ય લેશે. જુઓ તો ખરા.'' એવું કહેતા પોતાના હાથમાંની લાકડી તલવારની જેમ ફેરવીને, બે કૂદકા લેતા નાચતો અને એણે સાથે લાવેલા બે-ત્રણ બંદીવાનોઓમાંથી કોઈકને પૂછતો, ''શું રે રમ્યા, મારા આ પવનથી (વારથી) પવન મર્યો કે? '' બધા ખી-ખી કરતી હસતા. કારણકે એ હવાલદારની રમૂજ, નહીં હસ્યા તો ક્યાંક

સજાબજા કરી નાખે. પછી વધુ પોરસાઈને એ કહેતો, ''અરે હસોછો શું ? પવન કાપવાનું આ આ સાહસ આઠ-દસ છોકરાઓ લઈને અંગ્રેજ સરકારને મારનારા આ અમારા મહારાજના સાહસ કરતાં વધુ હાસ્યાસ્પદ છે કે શું રે ?''

વિલાયતી છેલછબીલી

ક્યારે અમે સ્નાન કરતા ઊભા રહ્યા કે એ એકસરખું નિહાળ્યા કરે, અને હાથ નીચેના સિપાઈને કહે ''ગોંદયા જોયો કે દાદાનો દેહ! જાણે સોનાનો ટુકડો. એ બાવડાંઓના વળાંક, એ છાતી, દાદા કુસ્તી રમતા હશે એ નક્કી.'' અને તરત અવાજ બદલીને એકમદ ભાવુક સ્વરમાં કહે, 'મહારાજ, શું તમારી યુવાની અને કેવી અવદશા તમને મળી ? અરે વિલાયતમાં જ કોઈ છેલછબીલીના રંગમાં રંગાઈ આ પચ્ચીસી કાઢવાની તેમાં વળી મૂછનો દોરો ફૂટે ના ફૂટે ત્યાં આ લોખંડી બેડીઓ પહેરવાનો તમનેય શું શોખ જાગ્યો ? '' એકાદ વખતે તો કહેતો, ''છી આ કૃત્યો દાદાનાં નથી. કોઈક તો પેલા મોટા મોટા નામના લોકોએ આ ભોળા વીરને આગળ કરીને પોતાની ખૂબડી ભરવા માટે ગપ્પું હાંકીને તક મળતાં જ તેમને પછાડ્આ લાગે છે. દાદા, તમારા કરતા હું કેટલો સુખી છું. મહિને મહિને પગાર લઉં છું. બીજું જૂનું પેન્શન છે જ. પચાસ-સાંઠ રૂપિયા પાડી લેવા રમતવાત છે અને તમે શું ? સોના જેવું આ રૂપ, જુવાની, બેરિસ્ટરી, દીવાનની દીકરી, સર્વનાશ કર્યો જુઓ જિંદગીનો, સ્વર્ગ જેવા સુખનો! શુ કહે છે, દેશ માટે. ગાંડપણ છે ગાંડપણ સાહેબ!'' હું આ બધુ શાંતિથી સાંભળી લેતો, પણ ક્યારેક એ શાંત રહેવું અશકય કરી દેતો. હાથ જોડીને કહેતો, ''સાહેબ બોલો, સાચું કહો, રાજ્ય કેવી રીતે લેવાના હતા એ. તમને શું લાગે છે, કેટલા દિવસે તમે છૂટશો ? આ ડિસેમ્બરમાં દરબાર (જ્યોર્જ પંચમ ગાદી પર બેસવાના હતા ત્યારની વાત) છે. છૂટશો ?'' હું કહેતો, ''છી... અમને જ્યુબલી કેવી ? તેમ છતાં ક્યારેક દસ-બાર વરસે કાળ ફર્યો તો ફરશે.'' ત્યારે એ એકદમ કડવો થઈને કહેતો, ''છી, આ તમને શાના છોડશે, હાલહવાલ કરીને આમ જ સડાવી નાખશે. મર્યા પછી છોડશે.''

આ મનુષ્યની આવી ભયંકર સહાનુભૂતિથી મને મારો બચાવ કરવો પણ અશકય થઈ પડતો. જ્યારે એ પાંચ-દસ બંદીવાનોને ભેગા કરીને ઉપર કહયા મુજબ, ''દેખો હમારા વીર!'' કહીને હસતો, અને લાકડી ફેરવતો નાચતો, અને એ મજા જોવા નિયમ વિરુદ્ધ બંદીવાનોને ભેગા થવા દેતો. ત્યારે સાચેસાચ ખરાબ લાગતું. એકાદ વાઘને જેમ પાંજરામાં પૂરીને ફેરવે એવો પોતાનો આ તમાશો આ ચોરચપાટાઓના મનોરંજન માટે ચાલતો. આના કરતા ફાંસી કેમ થઈ નહીં, વિચારતા ક્યારેક મનમાં ઉથલપાથલ થતી. પહેલા જ વિહ્વળ થઈ ગયેલા મન પર ડામ દેવી જેવું થતું.

કાંટાળો મુગટ

ફરી ફરી એ 'પ્રતિપ્રસવહેયાઃ સુક્ષ્માઃ' યોગસૂત્ર મનમાંને મનમાં બોલતા વિવેક કરતો કે શારીરિક યાતનાઓ જેમ ભોગવવી પડે છે તેમ જ માનસિક યાતનાઓ પણ કરાગૃહવાસમાં તારે ભોગવવી જ જોઈએ. એનાથી જો તારો તેજોભંગ થતો હશે તો એ તેજ ક્ષણિક ઉત્તેજિત્ત જ થાય છે એવું થશે. એમને એ તમાશાની મજા આવે છે એવી તને કેમ ના આવી શકે ? એ તારો તમાશો છે એવું તને લાગે છે એટલે ? એ પોતાના પર લેવાનો વિચાર જ મારી દે. તું કોણ ? શું કર્યુ છે ? શાને કર્યુ ? તારું તને ખબર છેને ? ચોરોના તમાશાથી તારું શું બગડશે ? તારી પહેલાં આ કાંટાળો મુગટ 'This crown of thorn' પ્રેષિત કહેડાવનારાઓએ પણ પહેરવો પડ્યો હતો. કારાગૃહના ચોરોએ તારી પહેલાં એમનો પણ હુરિયો બોલાવ્યો હતો કે, આજે જીપજીપાંતરે જેમના ચરણો પર પોતાનાં મસ્તક મૂકે છે. આવો વિવેક કરીને હું એ મનુષ્યનું વર્તન સહન કરતો રહેતો. આજે સોળ વરસ થયાં પણ હું હજી નક્કી કરી શકતો નથી, એ

મનુષ્ય, કેટલાક બંદીવાનો કહેતા હતા એ મુજબ, મારા પર મારા મનને યાતના આપીને મારો તેજોભંગ કરવા માટે હેસુપૂર્વક નીમવામાં આવ્યો હતો, કે પછી એનું વર્તન ફક્ત મુર્ખ સહાનુભૂતિની વરાળ હતી. ગમે તે હોય પણ તેનું એ ગાવું માત્ર કાનમાં ગૂંજે છે, ''અજબ તેરી કુદરત અજબ તેરા ખેલ, મકડી કે જાલ મેં ફસાયા શેર!!!''

એક દિવસે મેં એને કહયું, ''ખબર તો આપો કાંઈ.'' એણે કહયું, ''શેની ખબર? દાદા, આ લોકોને કારણે તમે વ્યર્થ મર્યા અને હજી તમારાથી એમનો લાભ છૂટતો નથી. અરે શેના લોકો? શેનું લોકહિત? આ જુઓ તમને, પત્યું! બધા બુરખો લઈને બેઠા. કોઈ ચૂં કે ચા કરે તો સોગંદ! કેવી ખબર... અરે 'આપ મરે દુનિયા ડૂબી.''

અર્ક છે અર્ક

હમણાં જ ઈંગ્લેન્ડમાં રાજ્યાભિષેક થયો હતો. બંદીવાનોમાં છૂટ મળશે એવી અફવાઓ ઊડતી હતી. એ હવાલદાર મારી સાથે આવું બોલીને જાય ત્યાં એક અધિકારી, જે મને ક્યારેક કોઈ વાત આપતો, તે આવ્યો. એને અખબારો વાચવાનો શોખ નહોતો પણ મને સમાચાર કહેવા પડે છે, એટલે એ પત્રો જોવા માંડ્યો હતો. એ આવ્યો અને ઉતાવળે કહયું ''મદ્રાસમાં આવા નામના એક કલેક્ટરને એક શાકત બ્રાહ્મણે ગોળી મારીને ઠાર કરી નાખ્યો. ચિદંબર પિલ્લેના ખટલા સાથે એ અધિકારીનો કશોક સંબંધ હતો એવું કહેવાય છે. તમને આ વિશે શું લાગે છે?'' એ હવાલદાર પણ બપોરે જ્યારે પાછો આવ્યો ત્યારે તીખી નજરે જોતાં મને બોલ્યો, ''કેમ મહારાજ, મદ્રાસ તરફ તમારા કોઈક સ્નેહી છે એમ લાગે છે!'' મેં કહ્યું, ''કોણ ક્યાં છે એ બંદીગૃહમાં કેવી રીતે ખબર પડે, અને તમે જ મને કહ્યું કે જે છે એ બધા બુરખો પહેરીને બેઠા છે. કોઈ ચૂં કે ચાં કરે તો સોગન!'' આ સાંભળીને વધુ મુદ્રાથી ડોકું હલાવીને એ પોતાના સિપાહીને મારી તરફ આંગળી ચાંધીને કહે, ''અર્ક છે અર્ક?'' પણ આ અર્કનો પાકો અર્થ મને હજી સુધી સમજાયો નથી. કદાચિત એને જે મદ્રાસની વાત સાંભળી એ મનેય ખબર પડી હશે એવો એને શક આવ્યો હોવો જોઈએ. અને મારા જવાબમાંની ધાર એણે ખબર પડી હશે.

ઉપનેત્રોનું લીલામ

એ સમયે આખી દુનિયામાં મારી મત્તા એટલે એક મારું ઉપનેત્ર અને બીજું એક આનાનું અંગુલાકાર ગીતાનું નાનું પુસ્તક. આ બે વસ્તુ જ હતી. પણ આજે સવારે હવાલદારે એ બન્ને વસ્તુઓ માગી, 'સાહેબ મંગતા હૈ.' ઉપનેત્ર શાના માટે માગે છે એ સમજાય નહીં. થોડીવારમાં સુપરિન્ટેન્ડન્ટ આવ્યો. મેં પૂછયું ''ઉપનેત્ર કેમ લઈ ગયા? એણે કહયું કે તમને રાજ્યક્રાંતિના અપરાધ માટે બધી જ મત્તા જપ્ત કરવાની સજા થયેલી હોવાથી એ વસ્તુઓ પણ જપ્ત કરવામાં આવી છે. વિલાયતમાં તમને પકડ્યા તે સમયના તમારી પાસેથા મળેલાં ટ્રન્ક, કપડાં, પુસ્તકો વગેરે બધા સામાનનું આજે જાહેર લીલામ થવાનું છે. જે પૈસા આવશે એ સરકારના ખાતામાં જમાં થશે. પોતીકી મત્તા એટલે એક આનાની ગીતા અને ઉપનેત્ર પણ જપ્ત થવી આ મુદ્દે બંદીવાનો પણ ખળભળી ઊઠ્યા અને કેટલાક સિપાઈઓએ એ લીલામમાંનો સામાન લેવાનો નહીં તેવું ઠરાવ્યું. પણ મને આ ખબર પડતાં જ મેં એમને જણાવ્યું કે એ સામાનમાં અનેક મુલ્યવાન કપડાંઓ છે. એ માટીના દામમાં કોઈ લઈ જાય એના કરતાં તમે જ લઈ જશો તો મને વધારે આનંદ થશે. કારણ તમારા જેવા સહૃદયી લોકો લીલામમાં બોલી બોલશે નહીં તો હૃદયશૂન્ય લોકો બોલશે. તમે મારા દેશબાંધવો દૂર રહેશો તો કોઈ ગોરો સાર્જન્ટ એ લૂંટી જશે. એના કરતાં તમે જ લીલામમાં બોલી લગાવશો તો તમારાં છોકરાંઓને એ કપડાં અને સામાન ઉપયોગમાં આવશે, તો એ સત્કર્મે લાગ્યા એવું હું સમજીશ. એવું કહી એ સજ્જન સિપાઈઓને સમજાવવાનો મેં પ્રયત્ન કર્યો. બીજા દિવસે ઉપનેત્ર અને

ગીતા પણ મને પાછી આપવામાં આવી. પણ એ મારી તરીકે નહીં. સરકારી સામાન બંદીવાનોઓને વાપરવા આપ્યો કહીને.

આંદામાનનાં ચલાન

આજ જેલમાં જ્યાંત્યાં ગડબડ ચાલી હતી. આજે આંદામાનનું ચલાન આવવાનું છે. ચલાન અમારી કારાશાસ્ત્રનો એક પારિભાષિક શબ્દ છે. આખા વિસ્તારમાં મળીને જે અપરાધીઓને બીજા બધા અપરાધીઓ કરતાં વધારે ભયંકર ગણવામાં આવતા, એમને કાલાપાનીની સજા હતી. એ કાલાપાનીની સજામાં પણ જે સૌથી ભયંકર ઠરે, એમને જન્મટીપની સજા આપીને તેમને પહેલાં ઠેકઠેકાણે સ્થાનિક જેલમાં મૂકવામાં આવતા. એ પછી કેટલાક દિવસોએ એમની પરીક્ષા થઈને જે સ્વદેશમાં અને સ્વસમાજમાં મૂકવાને એકદમ અપાત્ર ઠરે, એમને એ એ ઠેકાણેથી થાણેમાં મોકલવામાં આવે છે. અને ત્યાં આ દેશભરના સૌથી ભયંકર ઠરેલા અપરાધીને ભેગા કરીને આંદામાન મોકલવા માટે કેટલાક દિવસ રાખવામાં આવે છે. આ તેમના આગળ જવા માટે, એટલે જ લાવવામાં 'ચલાન' એવી અમારા બંદીવાનો ની પારિભાષિક સંજ્ઞા છે, અસ્સલ ચોર, નિર્દયી દરોડાખોર, નૃશંસ હત્યારા, ખૂની, વિષદ, આગ લગાડનારા, એવા અનેક ઉગ્ર અપરાધીઓમાં પણ ભયંકર અપરાધી ઠરેલા આ સદ્‌ગુહસ્થોનો મેળો આજે થાણેની જેલમાં આવવાનો છે.

જેલમાં આ મેળો આવવાનો દિવસ એટલે ઘણાને એક ઉત્સવનો દિવસ જ લાગતો. કારણકે કંટાળાભર્યા વાતાવરણમાંથી કોઈપણ નિમિત્તે કેમ ના હોય પણ છૂટવા માટે જે જે બંદીઓના જીવ ઝૂરતા રહેતા. ગમે તે હોય, એકાદ કાગડાની પાંખ ઊડતા ઊડતા નીચે કેમ ના પડે, એક ચકલીને બીજી મારવા લાગે એટલું પણ નિમિત્ત કેમ ના હોય, પણ કાંઈ નવું બન્યું કે એટલું જ મનોરંજન, એકસરખા કંટાળાને થોડોક તોયે ઓછો કરી શકતો. અને આજે તો 'ચલાન' આવવાનું હતું! જમાદારથી બંદીવાનો સુધી જે તે બધા ઉતાવળમાં. કાલાપાનીના આ ચલાન માટે પહેલાંના તટબંધીની એક દીવાલની પાછળ એક સ્વતંત્ર કોઠડીનો ગાળો કરેલો હતો. એ વાળીઝૂડીને સાફ કરવામાં, સીધાસામગ્રીના માપ કરવામાં, કપડાંઓ ગણવામાં અને બીજી અનેક વ્યવસ્થા કરવામાં અડધા બંદીવાનો અને એમની એ ભાગદોડ તરફ અને ગડથોલાં તરફ જોવામાં જ પોતાને લથપથ કરી લેતા બાકીના અડધા બંદીવાન વ્યસ્ત થઈ ગયા છે.

ચલાન આવ્યું

ત્રણ વાગ્યાનો સમય થયો. જે તે બંધી અધીરા થઈ પૂછે, ''અરે ચલાન હજી કેમ આવતું નથી? એટલામાં 'ફાટક' તરફથી એટલે જેલના દરવાજા તરફથી બંદીવાનમાંના કેટલાક લોકો એકાએક અહીંતહીં વળતા દેખાવા લાગ્યા. 'ચલાન આવ્યું? શું આવ્યું? હા, હા, સાવ દરવાજે છે! કેટલા છે? કેવા છે?- પ્રશ્નોની અને ઉત્તરોની અને ભાગદોડની ધમાલ - બંદીઓમાં જ નહીં તો સિપાઈઓમાં પણ! કારણ બંદીઓ જેટલા જ એકસરખાપણાથી તેઓ પણ કંટાળેલા હશે. એટલામાં ખળ્ળ ખળ્ળ એવો એકદમ ઘેરો અવાજ તાલથી ઊઠતો સાવ નજીક આવતો ચાલ્યો. જે તે બંધી એકલા કે ઝૂંડમાં એ રસ્તાની આજુબાજુમાં શિસ્ત સાથે ક્ષણભર હડસેલી-દબાવીને બેસે છે. આવ્યું, ચલાન આવ્યું, કોઈ અત્યંત ઉગ્ર, કોઈ કઠોર, કોઈ ભયંકર, કોઈ મજબુત, કોઈ કાળોડિબાંગ અને વચ્ચે વચ્ચે દર્શનીય પણ રહેનારા સ્વરૂપના અને મુદ્રાના એ મનુષ્યો, કોઈ છાતી કાઢીને ટટ્ટાર, કોઈ એકાદ પરાક્રમ કરીને આવ્યા હોય એમ દણદણ કરતા પગ પછાડતા, કોઈ 'નમયતીવ ગતિર્ધરિત્રીમ્' એવા રોફમાં, તો કોઈ દુઃખથી માથું નીચે નાખીને શરમથી, દીવાલને ઉપર-નીચે જોતા, બે વ્યવસ્થિત હરોળમાં સિપાઈઓની દેખરેખ હેઠળ ચાલતી વખતે અને એમની બેડીઓનો એ ખળ્ળ ખળ્ળ અવળ્નો તાલ લેતા, મનને સાચ્ચેજ એક પ્રકારની ભયંકર ગમ્મત લાગ્યા સિવાય રહેતી નહીં.

હોંશિયાર દરોડાખોર

એ જુઓ એક ઉગ્ર મદ્રાનો, મુછો, દાઢી અને વધારેલા લાંબા વાળના રોફ અને જંગલી પ્રભાવયુક્ત ભડક અને ક્રૂર જેનાં નેત્ર ઘૂરી રહ્યાં છે, એ સિંધી-મુસલમાનોમાંનો એક હોંશિયાર દરોડોખોર (ચોર)! બંધીનાં વસ્ત્રો પણ મોટા ગર્વથી પહેરીને, પગની બેડીઓ કમરે સહજ ખોસીને, પોતાની પથારી વીંટાળીને, હસતા અને કોઈકને બૂમ પાડતા ઉંચા અવાજે બોલતા એકાદ વીજયી વીરની જેમ ચાલ્યો આવે છે. સિપાઈ કહે છે કે બે વખત કાલાપાની પર જઈને આવ્યો અને હવે જન્મટીપની સજા માટે કાલાપાની પર જઈ રહ્યો છે. એ પોતે કહે છે કે એણે કાલાપાની પર પહેલાં જમાદારી કરી છે અને એવો ડર બેસાડયો છે કે, એક નીમાયેલા બંદીવાન છોકરાને એના એક શત્રુ સાથે એની પરવાનગી સિવાય લાડથી બોલવાના અપરાધ માટે એણે લાકડીના એક ઘાથી માથું ફોડીને જે નીચે પાડ્યો તે બીજા દિવસે મરી ગયો. પણ ઊંચાઈ પર કામ કરતી વખતે એ છોકરો પડ્યો એવો 'રિપોર્ટ' આપીને આ દુષ્ટ જેમનો તેમ મુક્ત રહ્યો. કાલાપાનીમાં મારી જમાદારી રાખેલી છે. ગયો કે જમાદાર થયો જ, એવું કહીને અને ઓલા સાહેબ, પેલા સાહેબ એવાં મોટાં મોટાં નામો લઈને એ બંદીવાનોમાંના નવોદિતોને છક્ક કરી દેતો. એટલો કે એમાંના છોકરા જેવા બંદીવાન, અને જેમને હજી હૃદય તરીકે કાંઈક હોવાને કારણે કાલાપાનીની સજાની લજ્જા, આગળ કેવા દિવસો જશે એની ચિંતા થતી હતી એવા અન્ય બંધી, તેમની સામે ખરેખર જ જમાદાર થઈને, આપણને કાંઈક તો આધાર આપશે એટલે એની અહીંથી સેવા અને હા-જી હા–જી કરતા હતા. રસ્તે આ બંદીવાનોઓની ટોળી આવતી હતી ત્યારે કોઈએ કેળાં, નાળિયેર, નાસ્તો, પૈસા સ્ટેશન પરથી દાન આપતા, એનામાંથી પૈસાબૈસા મળતા આ બંદીવાનો પેલા 'જમાદારને' આપી દેતા અને ચૂપચાપ એના પગ દબાવતા! એ પણ તમને ડિગીન સાહેબ નહીં તો પેલા મોન્ટફર્ડ સાહેબને કહીને હમણાં જ મુકાદમનું કામ અપાવીશ, વગેરે ગમે એ નામ લઈને, ગમે એ વાતો ફેંકતાં પોતાની ઉપભોગ ઇચ્છા મુજભ એમના ભોળપણનો ઉપયોગ કરી લેતો.

બહેનને મારી

પેલો જુઓ મુછનો દોરો પણ નથી ફૂટ્યો તેવો અઢાર-ઓગણીસ વરસનો છોકરો. ભાંગ પીનારાની સંગતમાં પડીને એક દિવસે ભાંગના નશામાં પોતાની બહેને ગાળ આપી એટલે એણે પેલીને ચાકૂ ભાંકી દીધું, તેમાં તે મૃત્યુ પામી. અને હવે ડરતા ડરતા પથારીના વજન હેઠળ અડધો બેવડ વળીને, બેડીઓ ઉપાડતા ઊંચકાતી નથી એટલે, લંગડાતા લંગડાતા રડતો એ જઈ રહ્યો છે. ડર એ કે હવે એકવાર કાલાપાની પર ગયા એટલે મારું ગામ અને સ્વજન પછી ક્યાં દેખાશે? આ બન્ને અંતિમોમાં ઉગ્રતાનાં, લજ્જાનાં, નિર્લજ્જતાનાં અને ક્રૂરતાનાં વિવિધ રૂપ કમ્રાંકવાર લગાવેલા એ ટોળીમાં ખળબળ કરતા ચાલી રહ્યા છે એ જુઓ!

જોતજોતામાં એ તટબંધીના દરવાજામાં ઘુસ્યા. એમની દેખરેખ કરવા માટે અધિકારી આવવા નીકળ્યો. ખબર પડતાં જે તે બંદીવાન જીવ લઈને ભાગદોડ કરીને પોતાની જગ્યાએ જઈને ચૂપચાપ કામ કરતા બેઠા. સિપાઈ પણ કોઈએ હં કર્યું, કે, ''એય, ક્યા બાત કરતા હૈ, કાયદેસે ચલના.'' કહીને બરાડવા માંડ્યા. જાણે કે એક ક્ષણ પહેલાં થયેલો ગોટાળો તેમને ખબર નહોતો કેમ જાણે હજી સુધી બંદીવાન કરતાં પણ સિપાઈઓમાં 'ચલાન' જોવાની ઇચ્છઆ અને ઉતાવળ સર્જાઈ હતી એ બધી 'કાયદે'થી જ ચાલી હતી!!

પરોપકારી અધિકારી

બીજા દિવસે કાલાપાની પર મોકલવા માટે અમારી શારીરિકપ્રકૃતિ, ઉંમર વગેરે યોગ્ય છે કે નહીં એની પરીક્ષા થવાનું નક્કી થયું. એક પરોપકારી અધિકારીએ મને કહ્યું, ''આપને જો કાલાપાની પર જવાનું મનમાં ના હોય તો આપને અહીં જ રાખવાનો પ્રયત્ન હું મારા હાથમાં છે એટલો કર્યા વગર રહીશ નહીં.'' મેં કહ્યું, ''આપની સદીચ્છા માટે હું આપનો આભારી છું. પણ મને હિંદુસ્તાનમાં રાખવો એ મુંબઈના ગર્વનરના હાથમાં ઘણુંખરું નહીં હોય. ત્યારે તમે વ્યર્થ ત્રાસ લેતા નહીં. એ દિવસે મારી પરીક્ષા પંચ સામે થઈ. એ પરોપકારી અધિકારી પણ ત્યાં હતા. મને તાવ આવ્યો હતો. પણ રીત મુજબ વજન થઈને મારી કાલાપાની પર લઈ જવાની લાયકાત નક્કી થઈ. પથારી મારી બગલમાં દઈને, વાસણ હાથમાં આપીને, બેડી એમ જ ખળ્ળ ખળ્ળ કરતી મારી પણ યાત્રા કાઢવામાં આવી. હું પણ એ તટબંધીના દરવાજામાં ઘૂસ્યો. એ દરવાજાનો ઉંબરો એટલે કાલાપાનીની ઓશરીનો એ ઉંબરો હતો. એ મેં ઓળંગ્યો. હિંદુસ્તાનનો સંબંધ છૂટયો, મારું આંદામાન પ્રસ્થાન ઠરાવવામાં આવ્યું.



પ્રકરણ ચોથું

આંદામાનનું પ્રવચન

થાણેની જેલમાં ફક્ત આંદામાનનું ચલાન પૂરવા માટે જ જે સ્વતંત્ર તટબંધીનો ભાગ હતો એમાં, એટલે જ એ આંદામાનની ઓશરીના મુખ્ય દરવાજાની અંદર પગ મૂકયા બાદ જે કોઠડીમાં અને પૂરવામાં આવ્યો એ કોઠડી ખરાબ હતી, છતાં પણ તેને લાગીને જ હતી એ કોઠડીઓમાં આંદામાન જવાવાળા બધા બાંધવોને ભર્યા હોવાથી અને જમતી વખતે, ફરતી વખતે એમનાં ભાષણો, નિઃસાસાભર્યું રડવું અને હસવું, એ બધું સાંભળવા અને જોવા મળવા લાગવાથી ઘણા દિવસ એકદમ એકાંતમાં પૂરાયેલા મારા મનને એવા દુઃખમાં પણ મજા આવવા સિવાય રહી નહીં. એ બંદીઓનું હસવું એટલે મેં કહયું એ સાચું છે. ખરેખર એ દુઃખના અને યાતનાઓના ભયજનક ભોંયરામાં પણ મનુષ્ય હસ્યા સિવાય રહેતો નહીં. નહીં તો ભયપ્રદ ભોંયરામાંનું દુઃખનું હસવું જ બધા હાસ્યથી વિકટ હોય છે. દુઃખનો ભાર અસહ્ય થયો કે પછી નિર્દેષતાના ખભા પરથી એ સહજ ફેંકી દેતા આવડે એટલે દુઃખ પણ હસવા લાગે છે. આનંદ અમર્યાદ થયો એટલે જેમ રડે છે એમ જ શોક પણ હસતો હોય છે. એવું કહેવાય છે કે, ફ્રાન્સની રાજ્યક્રાંતિમાં અમાનુષી રક્તપાત, વધ, હત્યા, ફાંસી, કતલોની પેરીસમાં ચરમસીમા થઈ હતી. અને વડા પ્રધાનપદ કે આવતીકાલે ફાંસી, એવી ભીષણ સ્થિતિ સર્જાઈ હતી. ત્યારે નાટકગૃહો પ્રેક્ષકોથી ક્યારેય ભરાતાં નહીં એટલાં ભરાતાં, અને મધાલયો, ક્રિડાલયો એકસરખાં હસતાં-રમતાં દેખાતાં હતાં.

ઉન્મત હાસ્ય

ગયા મહાયુદ્ધમાં પણ આવો જ અનુભવ થયો. જર્મન જહાજ પરના અધિકારીઓને અને નાવિકોને લડાઈમાંના બધા સૈનિકો કરતાં ભયંકર અને મારક સેવા કરવી પડી. એમને ખરેખર જ હાથમાં મસ્તક લઈ સમુદ્રમાં કૂદકો મારવો પડતો અને સમુદ્રના ગર્ભમાં ક્ષણે ક્ષણે મરવાની અપેક્ષા કરતાં મારવાનું કામ કરવું પડતું. એ ભયજનક અનિશ્ચીતતાની ધામધૂમમાં ક્યારેક ક્યારેક એ જહાજો એકાદ સમુદ્ર પરના નગરે થોડો પોરો ખાતાં ત્યારે એટલા સમયમાં મોજ કરી લેવા માટે તેમના માટે જે વિહારલયો સર્જવામાં આવ્યાં એમાંનાં કેટલાકોનું આવું મુખ્ય વાક્ય રહેતુ કે 'એન્જોય ટિલ દાઉ ગોએસ્ટ મેડ્! એન્જોય! ફોર ટુમારો વુઈ ડાય્!' આવા એ વિહારલયમાં ઉન્મત હાસ્યનાં દંગલ સભ્યતાનાં નિયમિત બંધનો પાર તોડી નાખતા, રાત-દિવસ ઉચ્છૃંખલ તાંડવ કરતાં હતાં. કારણ જે આપણું નામ આ તાંડવ પટ પર છે. એ એ પટ પરના કાલના નામ મુજબ આવતીકાલે મૃત્યુના એ સરકારી પટ પર નોંધવામાં આવવાનું છે એ તેઓ જાણતા હતા. સાચ્ચે જ દુઃખમાંનું હાસ્ય બધા હાસ્યમાં વિકટ હોય છે.

આયુષ્યમાં આનંદ આપનારી બધી વસ્તુઓની પરખ થયા પછી, પશુ પણ જે સ્થિતિમાં રહેવા માટે થરથર કાંપે છે એવા બંદીવાસમાં, બેડીઓમાં, હાથકડીઓમાં જકડાયેલા, પાપ કરતાં કરતા હેઠા પડેલા, પાપની પૂરતી ઓળખાણ ના થવાથી મનને પસ્તાવાથી તોડીફોડીને ખાતા, ગુસ્સાથી સળગનારા, દુઃખથી પોકેપોકે રડનારા એવા સોથી વધુ જીવ વિલ્વળ થતાં થતાં પણ વચવચમાં મોટે મોટેથી હસતા હતા. કોઈ સિંધનું, કોઈ મારવાડનું, કોઈ કોંકણનું, કોઈ ગુજરાતનું. એમની ભિન્ન ભાષા, એમના મનોવિચાર અને મનોવિકાર નિવેદન કરવા માટે સમર્થ ના થતાં. છતાં પણ બિભત્સ વિનોદની ભાષા સહજતાથી જ એમની રાષ્ટ્રીય ભાષા થઈને એ મનોવિકાર બધાને સમજાવી શકતા. ઘણા દિવસે આટલા માણસોમાં એ દરેકને રહેવાની તક મળવાથી એ સામાજિક આનંદમાં ક્ષણભર મગ્ન થયા હતા. સાંજનો સમય એટલે આ વિદ્રોહ કરીને જાગેલી બિભત્સ ભાવનાઓના અને વિનોદના નગ્ન નાચનો સમય. કોઠડી

કોઠડીમાંથી બૂમો, ચીસો, ગાળો, હાસ્ય, અન ઉચ્ચારણીય શબ્દનો યથેચ્છ ઉચ્ચાર એની ધૂમધામ આ સમયે જ શરૂ થતી હતી. અને એમાં પણ કર્તવ્યનિષ્ઠાની થોડીક ગંધ હતી. મનુષ્ય સ્વભાવ કેવો ચમત્કારિક છે જુઓ! એ અધમોમાં અધમને આવો બિભત્સ ધૂમધામ કરવી એ આપણું કર્તવ્ય છે એવું લાગતું. અધમપણું એ પણ એક કર્તવ્ય છે એટલે મનને પટાવ્યા વિના અધમો ખુલ્લા માથે અધમપણું કરી શકતા નથી. એ બંદીવાનોમાંના જન્મટીપ પામેલા સંતપ્ત, જેમને એ નગ્ન નાચમાં ઉઘાડા થવા જેટલું નિર્લજ્જપણું હજી આવ્યું નહોતું, એમને બૂમો પાડીને કહેતા 'એ ભાઈ ગાઓ! એ સાલા ચિલ્લાવ! અરે આપણા ચલાનનું નામ તો ગાજવું જોઈએને! અમે પહેલા અહીં આવ્યા ત્યારે દરવાજાના સળિયા પકડીને આમ જોરથી બધા હલાવતા રહ્યા અને વાસણો દીવાલ પર મારતા રહ્યા, કે સિપાઈ પગ પડવા લાગ્યા અને એમણે દરેકને ગુપચુપ તમાકુ આપ્યો. બૂમો પાડો. ચલાનનું નામ ડૂબાડો નહીં.

ચલાન કા નામ રાખો ભાઈ!

કારણ ચલાન કારાગૃહ જગતમાંની એક મહાન સંસ્થા જ બની હતી. ચલાનનું નામ એટલે કોઈ સાધારણ વાત નહોતી. એ ચલાનના સભ્યપદનું ઉચ્ચ સ્થાન કાંઈ સહજ રીતે અમને મળ્યું નહોતું. પોલીસ ચોકી, મેજિસ્ટ્રેટ કોર્ટ, સેશન, જ્યુરી, હાઈ કોર્ટ એવી અનેક પરીક્ષામાંથી પાસ થઈ, અથવા સાચું કહો તો આગળ વધતાં, મનુષ્ય જન્મટીપની, કાલાપાનીની પ્રતિષ્ઠા પામનાર, એમાંયો ચુંટાઈને ચુંટાઈને જે પ્રાંત પ્રાંતનાપ્રતિનિધિરૂપ બદમાશ અહીં આવ્યા હતા, આવા બદમાશોના શિરોમણીની આ સંસ્થા, એનો પૂર્વાપાર લૌકિક એવો કે થાણેમાં ચલાન આવ્યું કે સિપાઈ, હવાલદાર, જેલર, સુપરિન્ટેન્ડન્ટ સૌ ચિંતામગ્ન થવા જોઈએ. દીવાલો તુંટવી જોઈએ, સળિયા ઉખેડાવા જોઈએ, માથાં ફૂટવાં જોઈએ, એક બે સિપાઈઓને માર પડવો જ જોઈએ, પાંચ-પચ્ચીસ જણાની પીઠ છોલાઈ જવી જોઈએ. સિપાઈઓએ ઊલટું એમની જીહજુરી કરીને પોતાનો જીવ જેમતેમ કરી બચાવવો જોઈએ. તો એ ચલાન! 'નહીંતર' એ બદમાશોના આચાર્ય નવા સભ્યોને ઉત્તેજતાં, 'બદમાશી કરવી શું કામ? એ ચલાનની પૂર્વપરંપરા છે. ઓ એ પ્રખ્યાત સંસ્થાનું સંચાલન આપણા હાથમાં આવ્યું હોવાને કારણે આપણે એ પરંપરા રાખવી જ જોઈએ. બરાડો, બરાડો, નાચો, ગાળો આપો! ચલાનનું નામ રાખવું જોઈએ ભાઈ!!'
અને સાચે જ બંદીવાનો એ જે બિભત્સ વિનોદનો અને નિર્લજ્જ વર્તનનો નગ્ન નાચ કરતા હતા એ કેટલાક અંશે એ કર્તવ્યની ભાવનાથી ઉત્તેજિત થયેલો રહેતો. વચ્ચેથી કોઈ તોયે નિર્લજ્જ શિરોમણી બૂમ પાડતાં, 'ચલાન કા નામ રાખો ભાઈ!!' કે પાછી સીટીઓ, તાળીઓ, બેડીઓની ખળખળાટની ધમાલ શરૂ!
પહેલેથી જ ચાલતા આવેલા આ ચલાનનું, ''एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः। अघायुरिंद्रिंयारामो मोघं पार्थ स जीवति।।'' એવી ઉદ્દાત બુદ્ધિથી એ નીચ કર્તવ્ય રાતના દસ-બાર વાગ્યા સુધી બધા દિલથી કરતા હતા. ચલાનના આ સંસ્થાકીય અભિમાન આગળ સિપાઈ શું, સુપરિન્ટેન્ડન્ટ શું, પોતાની મોટાઈ વીંટાળીને રાખતા. ચૂપચાપ તમાકુ આપો, બૂમો પાડતા, બોલવું નહીં પણ આપસમાં બોલો. પરંતુ ગમેતેમ કરીને આ થાણેની જેલમાંથી ભાગી ના જતા ગણી લીધા એટલા પોલીસ અધિકારીઓને પાછા ગણી લેવા દો એટલે પત્યું. આવી માથાકૂટ કરતા રહેતા.

જે સમાજમાં આપણે હોઈએ એમાંના બહુજન જે વખાણે છે એ જ કર્તવ્ય-કર્મ છે એવું સાધારણપણે લાગે. આ વિધાનનું પુષ્ટિદાયક ઉદાહરણ આ ચલનના સંસ્થાકીય અભિમાન કરતાં અલગ શોધવું નહીં. અને જ્યાં બિભત્સ વિનોદ એ કર્તવ્ય ઠરે છે એ સમાજમાં એવો વિનોદ ન કરવાવાળો પાપી અને સમાજ નિંદનીય કરશે જ. કીચડમાં ઉતર્યા બાદ જે કીચડ ઉડાડે નહીં એ અભસ્ય થશે અને એની તરફ ઉપહાસ અને તિરસ્કાર બુદ્ધિથી સમાજ જુએ છે.

બાલીસ્ટરની પ્રતિષ્ઠા

એ રાત્રે મારી પણ સ્થિતિ લગભગ એવી જ થઈ હોત. પણ સદનસીબે હું 'બેરિસ્ટર' અને 'મોટો સાહેબ' એવું સંબોધન જેમના તેમના મોઢે ચડ્યું હતું. બંદીવાનોમાં અને એમાંય નિર્ધુણ બદમાશ અપરાધીઓમાં જો કોઈ વર્ગ માટે સહજ આદર અને ડર ઉત્પન થતો હોય તો 'બેરિસ્ટર' વર્ગ વિશે. કવિ, વિદ્વાન, સાત્વિક, કારસ્તાની અંગ્રેજોનો મુખ્ય પ્રધાન ભલે હોય તોયે એમનું એને કાંઈ વિશેષ લાગતું નહીં. પણ 'બેરિસ્ટર' કહ્યું કે, આદર્શ-આશ્ચર્યથી ભવાં ઊંચાં કરીને 'અચ્છા' એવો ઉદ્‌ગાર એમના મોઢેથી નીકળ્યો જ! એનું કારણ પણ ખુલ્લું છે. એમનો જન્મ ચોરીચપાટી અને ન્યાયાલય અને જેલમાં જ ગયો. ત્યાં એમના મતે અત્યંત કૌશલ્યથી રચેલી એમનાં પાપોની જાળ પોતાની બુદ્ધિની કુશાગ્રતાથી છિન્નભિન્ન કરનારો કે પછી ઉલટ પક્ષે એમના ધડધડતા અપરાધોને બુદ્ધિના ઢાલ નીચે છુપાવી એમને નિર્દોષ લેખાવીને છોડવાનારો 'બાલિસ્ટર' એમને સહજ રીતે જ કર્તુમકર્તુમન્યથાકર્તુમ સમર્થ એવું અદ્વિતીય પ્રાણી જ લાગતો. એ એમને સહજપણે ડરતા, એમની મિત્રતા કરવા સહજ રીતે પડાપડી કરતા, પહેલાં બાદશાહ અને બિરબલની કથાઓ જેમ પ્રચલિત હતી, એમ કારાગૃહ જગતમાં બાલિસ્ટર અને સાક્ષીદારની દંતકથા બધે જ ફેલાયેલી હોય છે. આમ, ભલે સારી 'બેરિસ્ટરી'નો મને બીજો કોઈ ઉપયોગ થયો નહીં તોયે એટલો ઉપયોગ ત્યાં થયો ખરો! કેટલાય અઠંગ બદમાશ કેમ ના હોય, એ પટ્ દઈને નમતો.

એ રાત્રે એ બિભત્સપણાનો નગ્ન નાચ સાંભળતા અને જોતા હું સળિયાઓના બંધ દરવાજે ઊભો રહ્યો. ઘણા દિવસ પછી આટલા લોકોનો આટલો અવાજ અને કોલાહલ સાંભળ્યો. એકાંતથી ચીડાઈ જવા આવેલું મન એ બિભત્સતાની ઘૃણા થઈને પાછું પડવાને બદલે એકાદ કેરોસીનનો ડબ્બો જેમ એકદમ ભડકો લે એમ મનોવિકારના ભડકાથી બળીને એ અજવાળામાં એ તમાશો જોતો જ રહ્યો. અને જોતા જોતા જ એ કારણોનું અને સ્વરૂપોનું તાત્વિક પૃથ્થકરણ પણ કરતો રહ્યો. કેટલું પણ અંગત દુઃખ પડ્યું હોય તોયે એ કોલાહલમાં મન અને દુઃખ ભૂલીને કલાક-બે કલાક એ તમાશો જોવા સિવાય બીજું કાંઈ કરી જ શકવાનો નથી. એટલો એ લોકોના હસવાનો ઘોંઘાટ પ્રસરેલો હતો. મેં એમાં પ્રત્યક્ષ ભાગ લીધો નહીં. છતાં પણ 'બારિસ્ટર સાહેબ કો મત સતાવ' એવું કહી એ ચલાનના ચાલકે એની ઉપેક્ષા કરી. એટલું જ નહીં તો ૧૧ વાગ્યે રાતે જ્યારે ચીસાચીસ ખાસ્સી થઈ, ત્યારે સિપાઈઓએ 'બારિસ્ટર' સાહેબને ઊંઘ આવતી નથી એટલે તમે હવે સૂઈ જાઓ' એટલું કહેતા જ બંદીવાનમાંના ઘણા ખરા બંદીવાનોએ બૂમો પાડવાનું છોડી દીધું. અને પછી ૧૨ વાગ્યે મારી આંખ લાગી.

સવારે વિચાર આવ્યો કે મારા મોટા ભાઈ બાબા જ્યારે જન્મટીપ પર ગયા ત્યારે આવા જ કોઈ ચલાન સાથે ગયા હશે અને તે પહેલા અહીં જ ક્યાંક બંધ કરાયા હશે એટલે વોર્ડરને પૂછયું. પણ એ નવો એને કાંઈ ખબર નહોતી. એક જૂના સિપાઈએ થોડીક શોધખોળ પછી કહ્યું કે મને જે કોઠડીમાં પૂર્યો હતો, એ કોઠડીમાં જ એ બંધ હતા. એ સિપાઈ ગયો. મારી આંખ સામે મારા મોટા બંધુની મૂર્તિ ઊભી રહી. જેલમાં એમને બહુ ત્રાસ આપવામાં આવ્યો એવી જાણકારી મને ખટલો ચાલતો હતો તે વખતે મારી સાથેના લોકોએ આપી હતી. એ એમનો ત્રાસ મને દેખાવા લાગ્યો. એ ત્રાસની વેદનાથી જીવ ઊંચોનીચો થવા છતાં પણ એકાદો વીફરેલો હાથી અંકુશના તીક્ષ્ણ આઘાત ગંડસ્થળ પર ગમે તે કર્યું તોયે ઉહંકારો ના કરતા સહન કરીને જેમ દ્રઢપણે જિદ સાથે ઊભો રહે છે, એવા ત્રાસથી માનસિક અને શારીરિક આઘાત સહન કરતાં ઊભો રહેનારો એમનો દેહ મને દેખાવા લાગ્યો. આ કોઠડીમાં એ વીર પુરુષ આમ જ સળિયા સાથે, પિંજરામાં ગરૂડ તડફડતો રહે એમ રહ્યો હશે. અહીં બેઠો હશે, કે મારી ચિંતા કરતો હશે, કે મનમાં કહેતો હશે ''હું ગયો એટલે શું થયું? એ તો પાછળ છે જ ને! પછી ચિંતા શી? જોઈ લેશે!'' એવું કહેતા હશે તો આજે હું પણ એવો જ થયો છું જોઈને એમને શું લાગશે? કેટલો મોટો ધક્કો બેસશે? એના કરતાં આંદામાનમાં એમની-મારી પ્રત્યક્ષ મુલાકાત ના થતા એ એક જિલ્લામાં તો હું બીજા જ જિલ્લામાં લઈ જઈને છોડવામાં

આવ્યો તોયે સારું થશે.

મને લાગે છે, મને એકલાને જ સજા ભોગવવી પડી હોત તો મારા મનને ભોગવવી પડતી વેદનાઓનો પચાસમો ભાગ પણ મારે ભોગવવો પડત નહીં. પણ મારી વેદનાઓ સહન કરતી વખતે જ આંખો સામે દેવતુલ્ય પૂજ્ય મારા મોટા બંધુને પણ મારા કરતાં વધુ ત્રાસ સહન કરતી વખતે મારે જ્યારે જોવું પડતું, સાંભળવું પડતું, ત્યારે માત્ર સહનશક્તિ, વાદળ એકાદ પ્રચંડ વીજળી જેમ કડ-ક–કડ કરતી પડે અને એ વીખેરાઈ જાય, તેમ વીખરાઈ જતી દેખાતી, હૃદય ફાટફાટ થઈ પડતું.

એક વિશ્વસનીય અધિકારીને પૂછ્યું, ''અહીં કોઈ ત્રાસ અપાયા હતા કે?'' એણે કહ્યું, ''અહીં કાંઈ થયું નથી. યેરવડામાં અપાયા હોય એવું મને તમારા ખટલાકારો (ખટલામાં જે સહાભિયુક્ત હોય છે એમને ખટલાકરો 'ડો-અકયુજી' તરીકે જેલમાં બોલાવે છે) કહેતા હતા.'' આ એમનું આશ્વાસન સાંભળી થોડું સારું લાગ્યું. કાંઈ નહીં તો આ કોઠડીમાં તો તેઓ સ્વસ્થ સૂઈ શકયા હશે!

મેં એજ અધિકારીને શ્રી વામનરાવ જોશી, સોમણ, વગેરે સહાભિયુક્તોની થાણેની જાણકારી પૂછી....

ચલે ભૈયા કાલાપાની કો

બે-ચાર દિવસમાં જ આંદામાન જવા માટે બધા બંદીવાનોની એ સેના બહાર કાઢવામાં આવી. બીજાઓ સાથે હું પણ પગમાં બેડીઓ પહેરી, આંદામાન માટેનો એક ગમછો, એક ચાદર, એક બંડી એવો વેશ હોય છે એ ચડાવીને, એક ચટાઈ અને ધાબળાની પથારી, જે એ ચટાઈની સીધી મજબુતીને લીધે વાળી શકાતી નહોતી તે, જેમતેમ કાખમાં નાખી અને હાથમાં પતરાની 'થાળી પાટ' એ બે વાસણો લઈને કોઠડી પાસે નીકળવા માટે સજ્જ થઈને ઊભો રહ્યો. પાછી એ ટોળી લાઈનથી બેડીઓના તાલ પર ખળખળ કરતી ચાલી. જે-તે, કોઈપણ કેમ દેખાય નહીં એને, ''રામ રામ, ચલે ભય્યા કાલાપાની કો,'' કહીને રામ રામ લેતા-આપતા ચાલ્યા. જેલના દરવાજા પાસે આવતાં જ એ ટોળી બહાર પડી. સિપાઈઓનો બંદૂકો સાથેનો પહેરો સજ્જ થયો. અને એ લાઈનને લઈને આગળ ચાલ્યો. સ્ટેશન સુધી એ પગપાળા ચાલ્યા. પરંતુ મને મૂકીને કેમ એની હું ચિંતા કરવા લાગ્યો. એટલામાં એક મોટર આવી. બે પાકા ગોરા અધિકારી બહાર પડ્યા. હું અંદર બેઠો, એ બેઠા અને મોટર બંધ થઈ. હું આજે કાલાપાની પર જવાનો એવા સમાચાર કોઈક રીતે ગામમાં અને સ્ટેશન તરફ ફેલાયા હતા. બંદીવાન જે માર્ગથી જાય છે એ માર્ગ પર હું દેખાઈશ એટલે લોકો દરેક પ્રકારે પ્રયત્ન કરીને લપાઈ છુપાઈને ભેગા થતા હતા, એટલે મને બીજી બાજુથી ચૂપચાપ લઈ જવો જરૂરી લાગ્યું. એ એક અને બીજું કે હું માર્સેલ્સ ભાગેલો અને એ ગુપ્ત ષડયંત્રનો દિવસ! કોણ જાણે ક્યાં, કેવી રીતે ષડયંત્ર થયું, મને છોડાવવાનો પ્રયત્ન કોણ કરશે એ કોઈકે તો કહેવું? સહજ પગ મૂકતાં જ એ દિવસોમાં સુરંગ ફાટતી! આવી સ્થિતિમાં માર્સેલ્સની ભૂલનું પુનરાવર્તન થાય નહીં એટલે મને એ ટોળામાં સ્ટેશન પર જન સમુદાય વચ્ચેથી પગપાળા ના લઈ જતા સ્વતંત્ર મોટર લાવીને લઈ જવામાં આવ્યો.

આવી રીતે જ્યારે જ્યારે મને સ્વતંત્ર મોટરમાંથી વિશેષ વ્યવસ્થાથી લઈ જવામાં આવતો ત્યારે એ બંદીવાનોમાં મારા વિશે મોટાઈઓની કલ્પનાઓ થતી, ''એ શું ભાઈ એક રાજા છે! જુઓ, એને મોટર આપી! એ થોડો જ આપણી સાથે પગપાળા આવશે!'' કોઈ કહેતુ ''ડરે છે, સરકાર, એને ડરે છે! કેવી મોટર લાવી આપી?'' એક જોતાં માર્સેલ્સ ના બોટમાંથી છટકવાના પ્રયત્નનો કોઈક લાભ થયો. એમાંનો આ એક લાભ થયો ખરો કે મોટરમાં બહુ બેસવાનો મોકો મળ્યો અને એ યોગે બંદીવાનોમાં મારા વિશે જે આદરભાવ સકારણ કે અકારણ પણ આદરભાવ ઉત્પન થાય નહીં એટલે સરકારી અધિકારીઓ કસીને પ્રયત્ન કરતા તેમ આદરભાવ વધતો ગયો.

સ્ટેશન પર આવતાં જ મને સ્વતંત્ર ડબ્બામાં નાખવામાં આવ્યો. મારા હાથમાં જે હાથકડી હતી એનો બીજો હાથ એક અક્કડ અંગ્રેજ અધિકારીના હાથથી જકડીને રાખ્યો હતો. મારા માટે એ બિચારાને હાથકડી

પહેરવી પડી. પગમાં મારા બેડીઓ હતી. હાથમાં હાથકડી હતી. એટલું જ નહીં તો એણે મારો હાથ બીજાના હાથમાં બાંધી રાખ્યો હતો. ધોતિયું ફેરવવું હોય તો એના હાથ સાથે જ ફેરવવું પડતું. લઘુશંકાએ જવું, શૌચાલયમાં જવું, એ અધિકારીના હાથમાં હાથ ભરાયેલા હોવાથી સાથે જ. સૂવાનું પણ એમ જ. અનેક વખત પ્રવાસમાં આ પ્રકારની ગડમથલ અને કષ્ટો સહન કરવાં પડ્યાં.

મને ડબ્બામાં નાખ્યો પણ એટલે મને કોઈએ જોયો નથી એવું નહીં. હિન્દી લોકો જે ત્યાં ઉત્સુકતાથી આવ્યા હતા, એમને દૂરદૂર ભગાડવામાં આવતા! પણ કેટલાક યુરોપિયન પણ જોવા આવ્યા હતા. એ માત્ર ડબ્બા પાસે આવીને બંધ કરેલી બારી ખોલીને, કોઈ બે સભ્ય શબ્દ બોલીને તો કોઈ તિરસ્કારભરી નજરે જોઈને નીકળી જતા. એમને એટલા અટકાવવામાં આવતા નહીં. ગાડી છૂટ્યા બાદ જ્યાં જ્યાં એ ઊભી રહેતી એ એ સ્ટેશન આવવાની પહેલાં જ મારા ડબ્બાની બધી જ બારીઓ બંધ કરવામાં આવી. ઈંગ્લેન્ડ છોડ્યા બાદ ખુલ્લી બારીઓના ડબ્બામાં આવો મેં પ્રવાસ અનુભવ્યો જ નહતો. પરંતુ આ સ્ટેશન પર મારી સાથે રહેલા એક અધિકારીએ ત્યાંના યુરોપિયન લોકો સાથે પહેલેથી જ નક્કી કરી રાખ્યું હતું કે કોને ખબર, મારા ડબ્બાની બારીઓ ખોલવામાં આવી, દૂર દૂર સુધી ગોરા લોકોનું ઘણું મોટું ટોળું ઊભું હતું. એમાં કેટલાકે ઉત્સુકતાના પ્રવાહમાં પોતાની મેડમોને ખભા પર ઊંચકી લીધેલા દેખાયા. મને બારી પાસે ઊભા રહો એમ એક જણે ઈશારો કર્યો. હું ઊભો રહ્યો ત્યાં ‘There`s he, that is Savarkar’ એવો સાદ સંભળાયો. મને જોવા ભેગા થયેલા ગોરા લોકો પણ મારી સાથે બોલતા ફાવે એટલા પાસે આવી શક્યા નહીં. ચાર-પાંચ જણ ગોરા લોકો આવીને ગયા, પણ હું સામેથી કોઈનું નામ પૂછતો નહીં. એમના બોલવામાં આમ જોતાં આદરભાવ જ, કાંઈ નહીં તો શિષ્ટાચાર તોયે જોવા મળતો, સરળ ગોરો એવો ક્યારેક જ મળે છે. એવો જે જે મળતો એને મારી પણ મુદ્રા એટલી જ નિઃસ્પૃહ દેખાઈને, કોણ આવ્યું કે ગયું એની મને ગણતરી પણ નથી એવો જ ભાસ થતો હતો.

મોગલાઈમાંનાં મેદાન

મારા ડબ્બાની બારી આમ જોતા બંધ રહેતી, ડબ્બાના બીજા ભાગમાં લોખંડી સળિયાનો જે ભાગ મારા ભાગથી અલગ કર્યો હતો ત્યાં બધા કાલાપાનીના બંદીઓ કોલાહલ કરતા હતા. ગરમીના દિવસો, તડકો કહે મારું કામ, એમ હોવાથી તાપ અસહ્ય થયેલો. એકાદ લગ્નની જાનને ઉત્સ્કુતાથી જતી હોય તો પણ એ પ્રવાસ ના જોઈતો હોય તેવો થાય. એમાં હું તો કાલાપાનીએ જન્મટીપ માટે ચાલ્યો હતો. જેટલા ડબ્બાની બહાર એ મોગલાઈનાં મેદાનો તપીને તમતમતાં થયેલાં,એટલી જ ડબ્બામાંની ગરમી પણ અસહ્ય થયેલી અને તમતમતાં મેદાનની અને એ ડબ્બામાંની ગરમીની તીવ્રતા અને અસ્વસ્થતા જેટલી બહારથી અસહ્ય થતી જતી હતી એટલી જ અંતઃકરણમાંની એ તમતમતી ગરમી પણ અંદરથી જીવને બળબળ બાળી રહી હતી. આવી રીતે એ ગાડી મોગલ મેદાનમાંથી મદ્રાસ તરફ ચાલી!

જ્યારે મનમાં એકદમ કેવુંકેવું લાગતું ત્યારે રશિયામાંથી સાઇબિરિયાના રાજકીય બંદીવાનોની ટોળીઓ મોકલવામાં આવતી, એમના પ્રવાસમાંના એમના બેહાલ યાદ કરીને મનને કહેતો રહેતો, અરે! હજી તો તેં શું ભોગવ્યું છે! આ કહેવાની વાત નથી! જે કરશે તે ભરશે! જે ભરશે તે કરશે!

ગામ પછી ગામ, નગરો પછી નગર પાછળ નાખતી વન-ઉપવન, જંગલ, પર્વત, નદી પાર કરતી એ આગગાડી હડકાયેલી વાઘણની જેમ મને મોઢામાં પકડીને ભાગતી જતી હતી. જેટલી ઝડપથી એ આગગાડી મને મારી માતૃભૂમિથી કાલાપાની તરફ ખેંચીને લઈ જઈ રહી છે, હાય હાય, એટલા જ વેગથી એ મને કાલાપાની પરથી પાછી લાવી મારી માતૃભૂમિ પર ક્યારે પાછી લાવશે ? ક્યારેય લાવશે કે ? શેની લાવશે ? એવી આશા રાખવી એ માનસિક આશ્ચર્ય જ છે! સાઇબિરિયામાં નહીં કે, ‘રશિયા, રશિયા’ કરતા સેંકડો લોકો મર્યા. હું પણ આંદામાનમાં, ‘હાય ભારત! હાય હિંદુસ્તાન! કરતો મરીશ!!! ’

મદ્રાસ આવ્યું અને મને ગાડીમાંથી ઉતરતા જ એક બાજુએ બીજા બધા બંદીઓથી અલગ કરીને પહેરામાં રાખ્યો. ગાડી સાથે, રેલવેનો જ હોવો જોઈએ કે પછી પોલીસનો એક યુરોપિયન અધિકારી બહુ જ દૂરથી આવેલો હતો. એ દરેક બે-ત્રણ સ્ટેશન પછી મારી પરના અધિકારીઓમાંથી એક સાથે કાંઈક બોલીને મને જોઈને પાછો જતો. હવે એ મને છોડીને ગાડીથી પાછો જવાનો હશે. એ મારી પાસે આવીને એકદમ ગળું ભરાઈ આવ્યું હોય એમ મને કહે, 'Good bye Friend!!' ''મને લાગે છે ઈશ્વરની કૃપાથી આ ડિસેમ્બરમાંના રાજ્યાભિષેકના સમયે આપ છૂટશો.'' મેં કહયું ''આપની સદીચ્છા વિશે આભારી છું. પણ અમારા ઘા એટલા તાજા છે કે એ આટલી જલ્દી કેવી રીતે ભરાશે? હું તોયે એવી આશા પર અવલંબીને રહું એ ગાંડપણ થશે.'' અધિકારી તરીકે મને કાંઈક તોયે વિશેષ જાણકારી છે એવા આશ્વાસક સ્વર સાથે એ બોલ્યો, ''મારી પર વિશ્વાસ રાખો. આપ છૂટશો. સારું તો, મળીએ. આપના ઉદાર વર્તનનો (This your diginifind courage) મારા મન પર થયેલો પ્રભાવ ક્યારેય ભૂંસાશે નહીં. બીજા અધિકારીઓ આવજો કહીને ગયા. માર્સેલ્સની આડી-અવડી વાતો એમણે સાંભળી હોવાને કારણે હું એમને પ્રવાસમાં બહુ ત્રાસ આપીશ, અંગ્રેજ જોયો કે મારું શરીર તલપાપડ થાય છે, હું એટલે કોઈ દંભી, અસભ્ય, ભયંકર વ્યક્તિ છું, એવી એમની સમજણ હતી. પણ પ્રવાસમાં એમને કોઈપણ જાતનો ત્રાસ ના થતા મને મદ્રાસના અધિકારીઓના હાથમાં સોંપતા એમનો જીવ ઓછો થઈ જવા જેવો થઈ ગયો. અને પછી એમને મારામાં, મને ટોપી કાઢીને રામ રામ કરીને જવા એટલા સદ્‌ગુણ દેખાવા લાગ્યા.

મદ્રાસમાં એ સમયે જે કલેક્ટર હતો એનો વધ થયેલો હોવાથી અને એનો સંબંધ યુરોપમાંના અભિનવ ભારતના એક નેતા સાથે લાગે છે, એવી અધિકારીઓની શંકા હોવાને લીધે એ વિશે મને ઘણી વખત કાંઈકને કાંઈક પ્રત્યક્ષ કે પરોક્ષ પૂછવામાં આવશે એવું મને લાગતું હતું. ઈંગ્લેન્ડમાં હું પકડાઈ જતા હિંદુસ્તાનમાં પાછો લાવવામાં આવતી વખતે મને મારો ખટલો પૂરો થતા આંદામાનમાં લઈ જતી વખતે અભિનવ ભારતના એ સમયના ઉપાધ્યક્ષ શ્રી ઐયર- જેમના અકાળે મૃત્યુથી આ વરસે જ આખા આર્યાવર્તને વિહ્વળ કર્યું હતું એ - હિંદુસ્તાનમાં આવ્યા હતા. એની મને એ સમયે ખરેખર જ ખબર નહોતી. એ યુરોપમાંથી અલગ અલગ વેશપલટો કરતા માર્ગ કાઢી, ભયંકર આરોપોનાં વોરન્ટ માથે ઝળુંબતા હોવા છતાં, અને આંખોમાં તેલ નાખીને હિંદુસ્તાનનો આખો કિનારો સરકારી ગુપ્તચરોના નિરીક્ષણ હેઠળ હોવા છતાં, છેવટે હિંદુસ્તાનમાં પોંડીચેરી આવીને ઉતર્યા હતા. ત્યાંથી એમણે ત્યાં પહેલેથી જ રહેલી અભિનવ ભારતની શાખા હાથે ધરી. એમાંના સભ્યોમાંથી એક શાક્ત બ્રાહ્મણ થકી તુતીકોરિનના ક્લેક્ટર પર ગોળી ચલાવીને એને માર્યો, એવો પોલીસોનો અને અધિકારીઓનો તર્ક હોવાનો મને આંદામાનમાં સાત-આઠ વરસ થયે 'સિક્રેટ રિપોર્ટ' વાચીને ખબર પડી. પણ એ સમયે શ્રી ઐયર પાછા આવ્યા એ પણ મને ખબર નહોતી.

મદ્રાસના એ ક્લેક્ટરના વધના સમાચાર મને મળ્યા હતા. અને ઘણાખરા અંશે મદ્રાસમાંના અભિનવ ભારતના કોઈ સભ્યના હાથે જ આ ઘોર કૃત્ય થયેલું હોઈ શકે, એવો શક મને આવ્યો હતો એટલું જ સાચું. પરંતુ મને એ ખબર જ મળી નહીં હોય અને એટલે, હું સહજપણે મદ્રાસ તરફની શાખાની કોઈ વાત આપીશ એવી આશાએ મદ્રાસ અધિકારીઓમાંથી એક અંગ્રેજી વેશ પરિધાન કરેલા હિન્દી અધિકારી મને મળ્યા. દરિયામાં આંદામાનની 'મહારાજા' નામની આગબોટ આવેલી. બધા બંદીવાનોને એક મોટી બોટમાં ખીચોખીચ ભરીને ત્યાં લઈ ગયેલા. હું એકલો પાછળ વધેલો. એટલામાં એક નાની બોટ મને લઈ જવા આવી, અને બીજા એક કે બે અધિકારીઓ આવ્યા. હું એ નાની બોટમાં બેઠો. હું સામે ચાલીને કોઈની સાથે બોલતો નહીં. કારણ હું બંદીવાન, તરત કોઈ 'ચૂપ બેસ' એમ કહી દે... થોડીવાર પછી એ અધિકારી અહીંતહીંની નકામી પૃચ્છા કરીને ઈંગ્લેન્ડમાંના ક્રાંતિકારીઓની મારી પાછળ શું સ્થિતિ થઈ એની જિજ્ઞાસા દર્શાવતા થયા. મેં કહયું, 'એ તમારે મને કહેવાનું, જેલમાં મને શી ખબર પડે?' મને જાણી જોઈને ઉત્તેજિત કરવા માટે એમણે કહ્યું, 'એ સાચું, અને શેના એ પેલા ગરીબડાં ષડયંત્ર! ચાર માણસો પણ એમાં નહોતા.' મેં હસીને જવાબ આપ્યો. 'તો પછી તમારે થોડા ભેગા કરી આપવા હતા!'

છી, કાઈપણ ભળતું જ. આ મદ્રાસ વિસ્તારમાંના લોકો સુજ્ઞ અને વિચારી છે. તમારે ત્યાંના યુવાનો જેવા અહીં કોઈ ઉચ્છૃંખલ નથી. અહીં કોઈ પ્રચારક આવ્યો તો એને એકપણ અનુયાયી મળશે નહીં . એ આ બોલતી વખતે ડગલેપગલે જોતાં હતા કે એમનો પ્રતિકાર કરવા માટે કેટલાક મદ્રાસના પ્રખ્યાત રાજ્યક્રાંતિકારીઓનાં નામ કહે છે કે શું. પછી પોતે જ બોલ્યા, ''તમારો અનુભવ કેવો છે?'' મેં કહ્યું, ''મદ્રાસનો અનુભવ મારા કરતાં તમને વધુ હોવો જોઈએ.'' એ બોલ્યા ''મારો અનુભવ તો મદ્રાસમાં બધે શાંતિ છે.'' મેં હસીને પૂછ્યું, ''એમને ? એકદમ શાંતિ છે એ તમારી એકદમ નિશ્ચિંતતા છેને ?'' એ સમજી ગયો. પેલો બીજો અધિકારી હસ્યો અને બોલ્યો, ''એમને બધી ખબર હોવી જોઈએ. કેવળ તમે એમની સામે દાણો દાબી જુઓ છો અને એ તમારી સામે.''

મને વહીને લઈ જતી એ નાની બોટ પેલી આંદામાનથી આવેલી 'મહારાજા' નામની આગબોટ પાસે લાગી. મને હાથકડી પહેરાવેલી જ હતી. એની સાથે બોટની સીડી પર કડક પહેરામાં ચડાવવામાં આવ્યો. હું ઉપર ચડતી વખતે બોટ પરના પ્રવાસી, નોકર, અધિકારી અને આજુબાજુના નાની બોટમાંથી આવેલા અનેક પ્રેક્ષક એ દેખાવો જોવા ભીડ કરીને ઊભા રહ્યા. અને મને આંદામાનની એ કઠોર આગબોટ પર ચડતી વખતે જોવા લાગ્યા. આપણે જેમ એકાદ શબને ઠાઠડી પર ચડાવતી વખતે અને યોગ્ય રીતે બંધાતું જોઈએ તેમ વિચિત્ર જિજ્ઞાસાથી અને નિર્લજ્જ મજાથી જોતા રહ્યા.

હા. એ 'મહારાજા' આગબોટ પર જન્મટીપના આરોપીનું ચડવું એટલે શબનું જીવતેજીવત જ ઠાઠડી પર બંધાઈ જવું હતું. આજ સુધી જે સેંકડો-હજારો જન્મટીપવાળા અપરાધી એ ભયંકર બોટ પર ચડીને કાલાપાની તરફ ગયા એમાંથી હજારે દસ પણ જીવતા દેશમાં પાછા આવી શકયા નહોતા. અઢાર-વીસ વરસના ચડતી યુવાનીવાળા છોકરાઓ એ જહાજ પર પગ મૂકતાં જ એંસી વરસના ઘરડા જેવા મૃત્યુ સામે આવ્યું જેવા દેખાવા માંડતા.મનુષ્ય એક વખત ઠાઠડી પર બંધાઈ ગયો એટલે જેમ એના પોતીકાઓ એ આ જગતમાંથી કાયમનો જઈ રહ્યો છે એમ સમજે છે, અને એ ભાવનાથી દુઃખી થઈ, વિસ્મિત કે સ્તીમિત થઈને એની એ પ્રેતયાત્રા તરફ જુએ છે, એમ જ કાલાપાની માટે જનારી એ બોટ પરના જન્મટીપના કેદીઓ ચડવા લાગ્યા એટલે લોકો તેઓ સ્વદેશ માટે મર્યા એવું સમજીને એમની તરફ શૂન્ય રીતે જોતા ઊભા રહેતા. તેમ જ મારી તરફ પણ એ જોતા હતા. હું આ દુનિયા માટે મર્યો એવી ભાવના એમના ચહેરા પર સ્પષ્ટ ઉભરાયેલી હતી અને એ ખરી હતી. હું સાચેસાચ જ ઠાઠડી પર ચડાવાઈ રહ્યો હતો. ફરક એટલો જ કે શબને ઠાઠડી પર ચડાવતી વખતે જે ભાવના પ્રેક્ષકોના મનને સ્તંભિત કરીને અથવા અસ્વસ્થ કરીને પ્રેતયાત્રાના રસ્તા પર મજબૂતી સાથે પકડી રાખે છે, એની યાત્રા કરનારા શબને ખબર પડતી નથી. પણ હું ઠાઠડી પર બંધાઈ રહ્યો છું અને મારી પ્રેતયાત્રા નીકળી રહી છે એ મને ખબર પડતી હતી. એ પણ ખબર પડતી હતી કે જે સેંકડો લોકો મારી તરફ જોઈ રહ્યા છે એમાં ઘણા ખરા મમત્ત્વ વિના અને ઉદાસીનતા સાથે જ જોનારા હતા. જેમ માર્ગ પરથી ચાલતાં ચાલતાં આકસ્મિક કોઈકનું શબ જતી વખતે આપણે ક્ષણભર 'મરી ગયું લાગે છે કોઈક' એવું કહેતા જોતા જોતા ઊભા રહીને આગળ ચાલતા થઈએ! અને એ સમયે હું શબ થઈ રહ્યો છું એ ખબર પડવા કરતાં હજારો દેશબાંધવો 'આ' કરીને મારી તરફ ફક્ત જોતા ઊભા છે એ ખબર પડવાથી જ મને વધુ દુઃખ થયું. એમાંનો એકપણ મનુષ્ય જો મને એવું કહેત ''જા બંધુ જા! તારી પાછળ હું અને અમે તારા વર્તનાં પારણાં કરીને આ આપણા હિંદુસ્તાનને....' તો મારી ઠાઠડીની ત્યાંને ત્યાં જ ફૂલોની સેજ થઈ ગઈ હોત!

પ્રકરણ પાંચમું

કાળાપાણીનો દરિયો

એ બોટ પરની સીડીથી ચડાવીને મને જે લઈ ગયા એ એના ભોંટતળિયે. ત્યાં લોખંડી સળિયા મારેલો એક મોટો ગાળો કરેલો હતો. આ બોટ પર પાંજરું લાંબું પણ સાંકડું, આશરે વીસ-ત્રીસ જેટલા માણસો સરખા રાખી શકાય એવું, પણ જેમાં પચ્ચાસ-પચ્ચાસ જન્મટીપના કાલાપાનીના બંદીવાન પશુની જેમ ભરવામાં આવે, એવું હેતુપૂર્વક કરેલું હતું. એમાં એ થાણેથી આવેલા બદી એક સાથે એક દબાવીને ખેંચાખેંચી કરીને ઊભા કરેલા મને દેખાતા હા. મનમાં થતું જ હતું કે મને આ બંધ બોટ પરના અત્યંત બંધ એવા તળમજલા પરના અંધારા પાંજરામાં આ બંદીવાનો સાથે નાખશે કે શું? એટલામાં એ પાંજરાનો દરવાજો ખોલવામાં આવ્યો અને મને એમાં જ નાખવામાં આવ્યો. મને ઈંગ્લેન્ડમાં 'બ્રોન્કાઈટ્સ' નામનો રોગ થયા બાદ થોડા ઘણી ગુંગળામણભરી જગ્યાએ જતાં જ શ્વાચ્છોશ્વાસ મુશ્કેલ થય, છાતી દુખવા લાગીને ગુંગળાવા જેવું થતું હતું. એટલે મેં મારી સાથેના ગોરા અધિકારીને કહ્યું કે આવી ગુંગળામણભરી જગ્યાએ મને રાખવું જોખમી થાશે. એણે એ બોટ પરના ડોક્ટરને કહેવડાવ્યું. એણે હમણાં ત્યાં રહો, બગડયું તો જોઈએ, એવું કહ્યું અને વિશેષ છૂટ તરીકે એ પાંજરામાં જ વચ્ચે ના રાખતા મારી પથારી એક ખૂણામાં એક નાની બોટનું કાણું હતું એની સામે સળિયા પાસે રાખવો એવું કહ્યું. આ વિશેષ છૂટનો મને શું વિશેષ ઉપયોગ થયો એ આગળ જલ્દી જ ખબર પડશે.

એટલામાં હજી કોઈ ગૃહસ્થ આવ્યા. એમણે માર્સેલ્સની વાત કાઢી. મેં પણ ખુલ્લા મનથી ચર્ચા કરી. પછી, ''આપને મળવા માટે અમે હેતુપૂર્વક આવ્યા હતા. ઈશ્વર તમને પાછા સ્વદેશમાં લાવે એવી અમારી મનઃપૂર્વક ઈચ્છા છે.'' એવું કહીને એ ગોરા ગૃહસ્થ અને એ બધા અધિકારી ટોળીમાં રામ રામ કરીને નીકળી ગયા. એક ગોરો ગૃહસ્થ માત્ર એમનું વર્તન ના ગમ્યું એમ, અને આ બંદીવાન પાપીઓને તે શું માન આપવાનું એવું કહેનારી તુચ્છ ચીડાયેલી દ્રષ્ટિ એમની પર અને મારી પર ફેંકતો રામ રામ ના કરતાં જ નીકળી ગયો.

બોટ છૂટી ગઈ

બોટની સીટી બાદ હોર્ન ભોં ભોં વાગ્યું. ધક્કો બેઠો, બોટ ચાલુ થઈ એ પિંજરામાં તે ઊંચે બે-ત્રણ કાણાં હતાં. એ કાચથી બંધ હતાં. એને લટકીને એ દુર્દૈવી બંદીવાનોમાંથી કેટલાક લોકો કિનારા તરફ જોવા લાગ્યા. કિનારો ઓજલ થયો. 'ઘર છૂટ ગયા, ભાઈ ઘર છૂટ ગયા.' એવું કહીને એમાંનો એક નીચે ઝડપથી બેઠો. એ સાંભળતાં જ, ''હવે અમારો દેશ અમને પાછો શેનો દેખાય છે!'' આવું કહેતાં આમારા તરફના બે ખેડૂતો પોકે પોક રડવા લાગ્યા.'' ''અભી કાલાપાની લગ ગયા! ભય્યા રો મત! કાલાપાની માં રોને સે કુછ નહીં હોતા,'' એવું આ બંદીવાનોમાં કાળાપાણી પર જઈને આવેલા અને પાછા જનારા અટલ અપરાધીઓ તત્વજ્ઞની જેમ વચ્ચે ઊભા રહીને બધાનું સાંત્વન કરતા હતા. વચ્ચે જ એક જણે મારી તરફ આંગળી ચાંધીને કહયું, ''દેખો ભય્યા, તુમ્હારી હમારી છોડો! વહ દેખો બારિસ્ટર સાહબ! અંગ્રેજ અધિકારીઓ પણ ટોપી કાઢીને રામ રામ કરે છે એમને. એમનાં દુઃખ સામે આપણું શું!'' એવું કહેતા જ એ ધીરે ધીરે મારી આસપાસ ભેગા થયા. મારી સજા પચાસ વરસ છે એ ઘણાને ખબર હોવા છતાં પણ જે-તે કેટલી સજા એમ પૂછતા. મેં મારા ક્રમાંકનો, ગળામાંનું પતરું જ એમના હાથમાં આપ્યું. વારેઘડીએ પચાસ-પચાસ કહીને કંટાળી ગયો હતો. મને ખરેખર પચાસ વરસ છે એ સાંભળીને એમને જ નહીં તો

આગળ આંદામાનમાં પણ ૧૫ વરસની સજાથી ડરેલા હજારો બંદીઓને કેટલું તોયે સાંત્વન મળતું હતું. એ બધા બંદીઓનું દુઃખ મને જોઈ હળવું થતું.

બોટમાનું હલકાપણું

થોડીવાર બાદ સાંજ થઈ. ગરમી બહુ, પણ રોકે કોણ! એમાંય એ ગલિચ્છ જીવનથી તરછોડાયેલા, કોઈ હિંદુ, કોઈ મુસલમાન, ચોર, દરોડાખોર વગેરે ગંદા, પાપી, દુષ્ટ, કોઈને ઇન્દ્રિયોનો ભયંકર રોગ થયેલો, કોઈના મોઢાને વરસોનાં વરસો દાંત ઘસવું એની ખબર નથી. એવા એ ચાલીસ-પચાસ માણસોના પથારી પર પથારી ચડાવીને પડેલી ગિરદીમાં હું પણ પથારી નાખીને પડ્યો હતો. મારા પગ પાસે કોઈનાં માથાં પડ્યાં હતાં. મારા માથા પાસે જ નહીં તો મોઢા પાસે અહીંયા કોઈના પગ આવેલા તો બીજી તરફ વળતાં જ મોઢા સાથે મોઢુ અડેલું. ક્ષણ પૂરતો આડો પડ્યો. સામે જ એક મોઢું બેરલ અડધું કાપીને મૂકેલું હતું. ત્યાં થોડીક ખુલ્લી જગ્યા હતી. એ પિંજરામાં અન્ય જગ્યાએ થયેલી ગિરદી કરતાં મારા ખૂણામાં ઓછી ગિરદી હતી અને એટલે જ મને આ ખૂણામાં પથારી નાખવાની છૂટ આપવામાં આવી હતી. પણ એટલામાં ભયંકર ગંદકી છૂટી, નાક દબાવી રાખ્યું એ જોઈને પાડોશના એક બંદીએ ઈશારો કર્યો કે એ ઝાંખા અજવાળામાં રહેલું બેરલ જુઓ. જોયું તો એ બેરલ આ બધા પ્રાણીઓને આખી રાત દરમિયાન શૌચકાર્યોની જગ્યાએ ઉપયોગી થનારું છે એની ખબર પડી. એ તરફ જોતાં જ સંકોચ અનુભવીને એ બેરલ પર બેસેલો બંદીવાન બિચારો ઊભો થવા લાગ્યો. પણ મેં તરત જ એને હાથથી બેસ કહેતા ઈશારો કર્યો. ''અરે આ તો દેહધર્મ છે. એમાં શરમ શેની? થોડા સમય બાદ મારે પણ ત્યાં જ બેસવું પડશે. કોઈપણ કાંઈપણ સંકોચ કરતા નહીં. મને નાક છે અને તમને નથી એવું નથી પણ તમારા કરતાં મને ગંદકીની વધુ તકલીફ શું કામ થવી? એ બંદીઓમાંના એક જૂનો કટ્ટર અપરાધી નજીક આવ્યો અને બોલ્યો, ''દાદા, અમને પણ ટેવ પડી ગઈ છે. હું કાળા પાણી પરથી આવ્યો છું. આપ એ ખૂણામાં ચાલો, ત્યાં ગિરદી છે પણ ગંદકી નથી. હું અહીં આવું છું!'' આ એની ઉદારતા જોઈને મને આશ્ચર્ય થયું! મેં કહયું પ્રભુ! પતિતોના અંતઃકરણના આંગણે પણ તુલસીક્યારો હોય જ છે... નહીં!

મેં એ કટ્ટર દરોડાખોરનો આભાર માન્યો અને કહ્યું, ''હવા જરા ખુલ્લી રીતે આવે એ માટે ડોક્ટરોએ મને પણ વિશેષ છૂટ આપી સળિયા પાસે સૂવું. એમના ધ્યાનમાં આ બેરલની વાત આવી નહીં પણ હું એ પણ એક વિશેષ છૂટ જ સમજું છું. તમે ચિંતા ન કરો. તમને આ ગંદકીમાં નાખીને હું ત્યાં કેમ જાઉં? મને પણ હવે આ આવા જીવનની ટેવ પડવી જોઈએ.'' રાત્રે એક પછી એક બંદીવાન એ બેરલ પર જવા આવવા લાગ્યા. ગંદકીની અને ચીતરી આવતા દેખાવની પરાકાષ્ઠા થઈ. બંદીવાનોને સંકોચ થશે એટલે હું આંખો મીંચીને સૂઈ ગયો હોઉં એમ પડ્યો. મન બોલી ઉઠ્યું, હાય! હાય! આ અક્ષરક્ષઃ જીવતેજીવત તને નરકવાસ ભોગવવો પડી રહ્યો છે! વિવેક બોલ્યો, ગાંડા એ સાચું ખરું, પણ એ બધું માન્યતા પર પર છે. આ તને વિશેષ છૂટ તરીકે મળી છેને! તો પછી એનો વિશેષ ઉપયોગ કેમ કરી લેતો નથી? જાતપાત, વર્ગનો જ નહીં તો સફાઈ અને શુદ્ધતાનો પણ અહંકાર ધૂળમાં મેળવીને વિશ્વ સાથે સમરસ થવા માટે મોટા મોટા તપસ્વી અને યોગી પણ જે સાધના કરવામાં અચકાય છે એ તારી પાસેથી કરાવીને તારો પણ અહંકાર ચકનાચૂર કરવા માટે જ આ તક ભગવાને આપી નહીં હોય એમ શાને ના માનવું? આ વિશેષ છૂટનો વિશેષ ઉપયોગ કર. ત્રૈલિંગસ્વામી પર કોર્ટમાં અસભ્ય વર્તન માટે ખટલો ચાલતી વખતે એમના સાધુત્વની મજાક ઉડાવવા માટે મેજિસ્ટ્રેટ બોલ્યો, ''પણ આ અદ્વૈતવાદી જમતી વખતે અનાજ જ કેમ ખાય છે? છાણ કેમ ખાતા નથી? ત્યારે ત્રૈલિંગસ્વામી હસ્યા અને ત્યાં જ શૌચ કરીને એ વિષ્ટા, હા-હા કહેતા લોકો સ્તબ્ધ થાય ત્યાં સુધી એમણે ખાઈ નાખી!

રામકૃષ્ણ પરમહંસ

રામકૃષ્ણ પરમહંસની પણ આવી જ વાર્તા છે. એમની અદ્વૈત અનુભૂતિનાં બધાં સાધનો ખતમ થયાં બાદ છેલ્લું જ એક મુશ્કેલ સાધન એટલે એ કલકત્તામાં મળ નાખે છે ત્યાં ગયા અને હાથથી ત્યાંની વિષ્ટા ઊંધીચત્તી કરીને પાંચ કાંડીઓ ભરીને મોઢામાં નાખી! તું આ બંદીવાનો વિષ્ટા કરતા હોય ત્યારે એ ગંધથી ગૂંગળાઈ એ ગંદકીના બેરલ પાસેથી ભાગવા ઈચ્છે છે. પણ લોકોની વિષ્ટાના બેરલ પાસેથી તું કેટલોય દૂર ભાગ્યો તોયે તારી વિષ્ટાનું બેરલ તારી પીઠ પર જ ઊંચકીને લઈ જવું પડે છે એનું શું? તેં એ વસ્ત્ર નીચે ઢાંક્યું છે એટલે શું? ''જોઈએ તો પડે બધું ઉઘાડું! છોડશે દુર્ગંધ ચોતરફ.' રામદાસે સ્પષ્ટ જ કહયું છે કે ''घेतांची होये सुग्रास अन्न। अर्धी विष्ठा अर्धे वमन। पीता भागीरथीचं जीवन। मूत्र होय तात्काल।'' પછી જો ''હોય રાજા અથવા રંક પેટની વિષ્ટા ચૂકશે નહીં.'' એ સાચું તો પોતાના મળમૂત્રનો ઉપસર્ગ જેમ અનિવાર્ય એવું સમજીને તું સ્વસ્થ પડે છે એમ જ એમાંના પણ ઉપસર્ગને કેમ સહન કરતો નથી? જમવા એટલું જ દુનિયામાં દેહધારણાને રેચન પણ અત્યંત ઉપકારક છે. એવી દુનિયા અને આવો દેહ રચીને પાછા કોઈ ઈંન્દ્રિયોને જે પ્રિય એ અન્ય ઈંન્દ્રિયોને અસહ્ય કેમ કર્યું? એક દેહની ઈંન્દ્રિયોમાં પણ આ વિષમ, સામસામો દ્વેષ કેમ ઉત્પન કર્યો? એ પ્રકૃતિનું પ્રકૃતિને ખબર! કે પછી નિરુપાય હશે! કે પછી એમના આ સામસામા કલહની એને મજા આવતી હશે!

અને આવા વિવેકની સેના વિપ્લવ કરી ઉઠેલી ઈંન્દ્રિયો પર છોડતાં અને એમના એ સામસામા સંગ્રામની ઝપાઝપી જોતાં મને પણ મજા આવવા લાગી. અન્નની વિષ્ટા, વિષ્ટાનું ખાતર થઈને પાછું અન્ન! નવાઈ લાગવા લાગી. ગંદકીનો ઉપદ્રવ નવાઈમાં બાધાયુક્ત ના થયો. રાતે એકના સુમારે સ્વસ્થ ઊંઘ આવી.જહાજ પર હતા ત્યાં સુધી એ ખૂણામાં એ મારું અવિચલ રહેવું જોઈને બંદીવાનોને મોટું આશ્ચર્ય લાગતું. એકાદ બેને તો હું એકદમ ગંદી જાતિનો કોઈક ગંદો મનુષ્ય હોઈશ એવો પણ સંશય આવ્યાનું એ પાછળથી બોલ્યા હતા.

યુરોપિયનોની વર્તણુક

મને કાંઈક તોયે સહાય આપી મારા વિશે પોતાનો આદરભાવ વ્યક્ત કરવો એવી એ બોટમાંના પ્રવાસીઓની અને કેટલાક હિંદી અધિકારીઓની દિલથી ઈચ્છા રહેતી. આવતાં-જતા શક્ય ત્યારે એ મળીને જતા. યુરોપિયનમાંથી કેટલાક સૈનિકો પણ બહુ આદરથી વર્ત્યા. કેટલાક અંગ્રેજી પત્રો પણ મળ્યાં. માસિકો પણ મળ્યાં. બોટ પર ખાવામાં ફક્ત ચણા અને વટાણા જ મળતા. પરંતુ મને કાંઈક ખાવાને આપવું જ એવો આગ્રહ કેટલાક અધિકારીઓએ પકડ્યો. મારે શું માગવું એ સમજમાં ના આવતું અને મને એકલાને કાંઈ આપવું પણ અઘરું. છેવટે ઉદાર વેપારીઓએ બધા બંદીવાનોને ભાત, માછલાં અને અથાણું વગેરે પદાર્થનું ભોજન કપ્તાનની આજ્ઞા લઈને કરાવ્યું. મારા નિમિત્તે ક્યારેય ના મળનારું જમવાનું બે દિવસના ઉપવાસ બાદ મળવાથી બધા બંદીવાનોને મોટો આનંદ થયો. મારી સાથે એમને કલાક-અડધો કલાક એ બંધ તળિયામાંના પાંજરામાંથી હવા ખાવા માટે ઉપરના માળે જ્યારે લઈ જવામાં આવતા ત્યારે હંમેશાં કરતાં વધુ વ્યવસ્થા સાથે અને સરળતાથી વર્તવામાં આવતું. આ યોગે જ્યારે એ બંદીવાન સહજ મને કહેતા. 'બાબુજી, હમારે સાથ આપ આયે યહ હમારા ભાગ્ય હૈ! ક્યા અચ્છા હુઆ!'' ત્યારે હું હસીને કહેતો, ''તો પછી મને સજા થઈ એ સારું થયું નહીં કે?''

ત્યાં રાતદિવસ એ બંદીઓમાં મારી ચર્ચા ચાલતી અને મારી ચર્ચા નીકળતી કે હિંદુસ્તાન આપણું સ્વદેશ છે. એમને... વગેરે હું જે કાર્યમાં હજી પડ્યો હતો એ કાર્ય વિશે પણ યથેચ્છ ચર્ચા ચાલતી. કોઈએ વ્યાકુળ

થઈને મને કહ્યું કે, ''શું કહેવું ? આપને જોઈને બહુ દુઃખ થાય છે.'' એટલે હું મારે હસવું જોઈએ કે હમણાં જ તમે એવા થવા જોઈએ અને હિંદુસ્તાનને... વગેરે ચર્ચા કરતા હતાને! પછી હું એકલો જ શું, આવાં જહાજોનાં જહાજો મારા જેવા બંદીવાનથી ભરીભરીને કાળાપાનીએ જશે, એ તમારા ધ્યાનમાં નહીં આવ્યું કે ? જે કરશે એ ભરશે. જે ભરશે એ કરશે ? બોટ પરના અધિકારીઓથી સિપાઈ સુધી અને એ બંદીવાનથી તો ખલાસી સુધી મારા નિમિત્તે રાજકારણની એક જેવી ચર્ચા શરૂ હતી. જેમણે ક્યારેય સૂઝ્યું નહોતું તેમને સૂઝ્યું. જેમને ક્યારેય માન્યામાં આવ્યું એ એમને સમજાવા માંડ્યું.

બારીબાબાની વાત

બીજી મહત્ત્વની વાત, જે ત્યાંની પરિસ્થિતિમાં મનને ખેંચીને પોતાની તરફ લઈ જતી એ એટલે કાળા પાણી કેવું છે એ ખબર કાઢવી એ છે. જે આવતો એને પૂછવા જેવું લાગતું. જે-તે એક જ વાત પૂછે. પણ પોતાને પણ પૂછવા જેવું લાગતું. એ બંદીવાનોઓને લેવા આવેલી આંદામાનના સિપાઈઓની ટોળી એ આ વિષય પરનો મુખ્ય અધિકારી પુરાણિક! કાળા પાણીનું નામ કાઢ્યું કે એ પહેલી જે વાત કરતો એ ''બારીબાબા''ની જ હોય. આ ''બારીબાબા'' એટલે જ કાળા પાણી એવી એની સમજણ થઈ હતી. એ બંદીવાનમાંના અસ્સલ અડિયલ બંદી જ્યારે વિના કારણે બૂમો પાડતા, આપસમાં ગાળાગાળ કરતા, ત્યારે સિપાઈ ગુસ્સે થઈને કહેતા. ''અરે! ઊભો રહે તું, તને બહુ હોંશિયારી ચડી આવી છે કે ? તું જ કે એ બદમાશ! પણ એક વખત 'બારીબાબા'ને જોઈશ તો ધોતિયામાં થશે ધોતિયામાં!'' આ બારીબાબાની અને મારી જીવની, પાકી મિત્રતા બહુ જલ્દી જ થવાની છે. એટલે આ સિપાઈઓને એ વિશે વધુ પૂછતા બેસવાનો કોઈ અર્થ નથી.

આંદામાનના એ સમાચાર આપતો કે, ''છ મહિનામાં જેલમાંથી છૂટકારો બાબુ, તમારા જેવા ભણેલા મનુષ્યોને ઓફિસમાં કામ મળશે. એટલું જ નહીં તો જિલ્લાના જિલ્લાઓ તમારા હુકમમાં રહેવા માંડશે. દસ વરસ સુધી હજારો રૂપિયા ભેગા કરી શકશો અને દસ વરસ પછી ઘરબાર કરીને રહેશો!'' મનમાં લાગતું, આ કાંઈ મને ક્રાંતિકારી ચળવળમાં પડવા માટે, પારિતોષિક આપવા માટે આંદામાન લઈ ચાલ્યા છે કે! તો સારું થયું, માર્સેલ્સમાં પકડાઈ ગયો! યુરોપમાં વિવશતાથી દેશવટાનું, વિદેશમાં ઠેરઠેર ભટકવાનું દુઃખદ જીવન મેં અનુભવેલું હતું. આ કહે છે એ આંદામાનનું જીવન કાંઈ એના કરતાં વધુ અસહ્ય નથી! અર્થાત્ આ કહે છે એમ હશે તો! હશે એવું પણ ? પણ મારા એ ભાગમાં આવશે કે ? અશક્ય! આંદામાનમાં જે રાજકીય બંદી પહેલાં જ ગયા હતા એમની સ્થિતિ શી છે. મારી મુલાકાત થશે કે ? અને મારા મોટા બંધુ ?

કોઈ કશીયે નક્કી જાણકારી આપી શક્યું નહીં. એટલી ખબર પડી કે, ટોળી છે! જેલમાં છે. આપણે પણ ત્યાં જ લગભગ જઈશું...

આજે બધા કહે છે, આંદામાન આવશે, સવારે છ વાગી ગયા, બધા બંદીવાનોને લાઈનમાં ઉપર લઈ જવામાં આવ્યા. ઉપરના માળા પર લાસ્કાર વગેરે નોકર બોટ ધોઈ રહ્યા છે. વધતા વધતા સૂરજનો તડકો પ્રખર થયો. હવે આંદામાન આવશે, કાળાપાણી આવશે, એટલી બંદીવાનોમાં વિષાદ ફેલાઈ ગયો છે. પ્રવાસની ધાંધલમાં દબાઈ ગયેલી નિઃસહાયતાનો, વિરહનો, શોકનો વિચાર મારા ચિત્ત પર દરિયામાંથી ઉછળી ઉછળી જેમ તળિયાના માછલાં ઉપર આવે તેમ આવીને હૃદયને વિચલિત કરી રહ્યા છે. મારા પર પણ કાળાપાણીની છાયા પડેલી છે.

દરિયો શાંત છે, એકાદ સરોવરની જેમ શાંત છે અને એમાંય, બરફ પર છોકરાંઓ આનંદથી ઠંડા પ્રદેશમાં નીસરતાં-લસરતાં જાય છે, એમ આ આગબોટ સતત વિહરતી ચાલી રહી છે. સૂર્ય પૃથ્વી તરફ એકટશ લગાવીને નિરિક્ષણ કરી રહ્યો છે. જાણે કે મનુષ્ય જાતિએ જડતા પર મેળવેલો આ અપૂર્વ વિજય જોઈને એ સ્તબ્ધ થયો છે! કેવડો દરિયો, કેટલી આ નાનકડી બોટ! પણ એ બોટમાંની એક નાનકડી રૂમમાં

બેસેલો એક મનુષ્ય એ દરિયાને એક વીફરેલા હાથીની જેમ શાંતિના અંકુશથી ગમેતેમ વાળીને કેવો અડધા વચનમાં મૂકી રહ્યો છે! મનુષ્યનો આ જડતા પર કેવો વિજય! એક દિવસે કોઈક કહેશે, આ સૂર્ય મનુષ્યએ મન પર મેળવેલા નવા વિજયથી આમ જ સ્તબ્ધ થઈ પૃથ્વી તરફ જોતો રહેશે! મનુષ્ય મનના રાક્ષસને જીતીને પીડક અને પીડિતનો છેદ ઉડાડીને અને પોતાના પગમાંની ગુલામીની બેડીઓ તોડીને મુક્ત થયા છે. અને તેમાં પણ પ્રેમ વળગણથી પરસ્પર બંધાયા છે. એવો ધન્ય દિવસ પણ, કોણ જાણે એકાદ કાલે ઊગ્યો અને આ સૂર્ય પૃથ્વી તરફ નૂતન વિજયથી આનંદિત થઈને પાછો આમ જ જોશે! મનુષ્ય જાતિનું સ્વાતંત્ર્ય કેવળ મનુષ્ય માત્રના પ્રેમનું જ ગુલામ રહેશે. તે આ ધન્ય દિવસે એ દિવસ લાવવા માટે આત્મ બલિદાન આપનારા બધા કષ્ટોનું અને શહીદોનું બલિદાન સફળ થશે. મનુષ્ય જાતિ એમને ધન્યવાદ આપશે. એ વિજયનું એ મહાન શ્રેય જેને જેને મળશે એમાં હું પણ એક ભાગીદાર હોઈશ. કેટલો મોટો ઉજ્જવળ આ ભવિષ્યકાળ!

પ્રસ્તુતની સ્થિતિ

પણ વર્તમાનકાળ? તારી પ્રસ્તુતની (આજની) સ્થિતિ? સપનું સપનું! મૂર્ખ, ભવિષ્યકાળનું તને એ ખાલી સપનું આવી રહ્યું છે. આવાં સપનાંઓ જોતા જોતા આજે વેદકાળથી મનુષ્યના યુગોના યુગો ગયા. કેવળ એ ભવિષ્યનાં સપનાંનો ઉપયોગ વર્તમાનની રાતે ઘોર મોહાંધકારમાં ક્ષણ પૂરતો પ્રકાશ આપવો એટલો જ. આ દરિયો જ જુઓ. કેટલી એ અમાપ, અદમ્ય, રાક્ષસી શક્તિ! એના શરીર પર આ બોટ ખેંચાતી મોજથી ચાલી રહી છે. એ ચાલવા દઈ રહ્યો છે એટલે, જેમ એકાદ પ્રચંડ રાક્ષસ એકાદ કીડાને પોતાના અંગ પર ચાલવા દે છે. જુએ છે એ મજા અને એ એ કીડાનું સાહસ, ક્ષણપૂરતું અને ઝડપથી ચપટી મારીને કરી નાખે છે તેને હતો-નહોતો? એમ આ તમારું કીડારૂપી મનુષ્યનું સાહસ. આ પ્રચંડ દરિયાઈ શક્તિ ક્રોધિત થશે તો એક લહેરના, એક બિંદુના, એક તુષાર પર આ તારી બોટ જ નહીં તો આખો ખંડ ઊંચકીને, મસળીને સોપારીની જેમ ગળી નાખશે! એ પત્તો લાગવા દેશે નહીં કે અહીંયા કોઈ એશિયા ખંડ હતો કે નહોતો! કેટલો, કેટલો લાચાર આ મનુષ્ય! અને એ લાચાર મનુષ્યમાંનો હું આજે કેટલો સાધારણ માણસ છું!! આજે આ દુનિયાનો કચરો ગણાયેલા અધમોમાં અને દુષ્ટોમાં અંગ ચોરીને ઉઘાડા બેઠેલા આ બંદીવાનની લાઈનમાં એક દુર્લક્ષિત ખૂણામાં હું પણ અંગ ચોરીને ઉઘાડો બેઠો છું. હાથમાં હાથકડી, પગમાં બેડી, એટલો લાચાર કે એ બોટના ઝાડુંવાળાઓ પણ મારી તરફ સહાનુભૂતિપૂર્વક આંગળી બતાવી 'બાલિસ્ટરબાબુ'' કહીને દયા ખાય છે, પેલા પાણી નાખીને લાકડાં ધોનારા નોકર પણ કહે છે, ''એ કેદી, ઊઠો ઈધરસે! બૈઠ ઈધર!'' અને મારે એમ વર્તવાની ફરજ પડે છે!

સમુદ્ર શાંત હતો, એકાદ સામુદ્રિક રાક્ષસની જેમ નસકોરાં લેતો પડ્યો હતો. આગબોટ લપસતી લપસતી એકાદ આસન્નમરણ નસની જેમ મંદ મંદ ચાલતી હતી. ઉપરથી સૂર્ય ક્રૂરતા સાથે બધાને ત્રાસ આપતો હતો. ઉકળાટ ભયંકર થયો. આંદામાન એકદમ નજીક આવ્યું. અધિકારી અને પ્રવાસી હવે મારી સાથે બોલવું નહીં એવા થઈ ગયા. ઓળખતા ના હોય એમ દૂરથી ચાલ્યા. કાળાપાણીની છાયા મારા મોઢા પર સ્પષ્ટ પડવા લાગી.

પ્રકરણ છઠ્ઠું

આંદામાનનું વર્ણન

આંદામાન, નિકોબાર અને એની બાજુના દ્વીપસમુહનો હિંદુસ્તાનના ઈતિહાસ સાથે જ નહીં તો ભવિષ્ય સાથે પણ નજીકનો સંબંધ હોવાને કારણે એની થોડી જાણકારી દરેક હિંદવાસીઓને હોવી જરૂરી છે. હિંદુસ્તાન બહાર અર્વાચીન કાળમાં હિંદુ સંસ્કૃતિ જે નવી ભૂમિ પર પોતાનું આધિપત્ય ફેલાવતી જઈ રહી છે એમાં આંદામાન દ્વીપસમુહની ગણતરી કરવી જોઈએ.

આ દ્વીપ કલકત્તાથી લગભગ ૬૦૦ માઈલ દૂર છે. વચ્ચે નાના નાના ટાપું, થોડોક દરિયો, પાછા ટાપું આવા લાઈનથી ફેલાયેલો આ એક દ્વીપમાળા જ બંગાળના દરિયામાં વિખરાયેલી છે. એમાંનો આંદામાન બધામાં મોટો દ્વીપ છે. એના ત્રણ ભાગ કરવામાં આવેલા હોવાથી એમને ઉત્તર-આંદામાન, મધ્ય આંદામાન અને દક્ષિણ આંદામાન કહેવાય છે. એ દ્વીપના નકશામાં આપેલી આકૃતિ જોતાં, એનું આંદામાન આ નામ કેમ પડ્યું હશે એ સ્પષ્ટ થાય છે. આ નામની ઉત્પતિ હનુમાન શબ્દથી થઈ હોવાનું સાંભળ્યું છે. પરંતુ એ અંડાકૃતિ હોવાથી જ આંદામાન એવું નામ પડ્યું હોવું જોઈએ એ અમને સંભવનીય દેખાય છે. ઉત્તર-આંદામાન ૬૧ માઈલ લાંબો, મધ્ય-આંદામાન ૫૯ માઈલ લાંબો, દક્ષિણ-આંદામાન ૪૯ માઈલ અને રોટલેન્ડ દ્વીપ ૧૧ માઈલ લાંબો છે. આ સમુહને મોટું આંદામાન કહેવાય છે. એ ઉપરાંત એની ૨૯ માઈલે દક્ષિણમાં નાનો આંદામાન ટાપુ હોઈને એની લંબાઈ ૩૦ માઈલ અને પહોળાઈ ૧૦ માઈલ છે. આ ટાપુમાં હજી સુધી કહેવા જેવો વસવાટ થયેલો ના હોવાથી ખુલ્લો અને જ્યાંની ભૂમિને ખરેખર જ સૂર્ય કિરણોનો સ્પર્શ સહસા થતો નથી, એવાં ઘણાં જંગલો જ્યાં ત્યાં તેમાં ફેલાયેલાં છે. સમુદ્ર તટથી ઉપર ચડતા ડુંગરો અને ઘણાં જંગલો સિવાય આ પ્રદેશમાં શું છે એની હજી સ્પષ્ટ કલ્પના પણ કરી શકાતી નથી. છતાં પણ વનવિભાગના અધિકારીઓએ કષ્ટ કરીને જંગલમાંનાં સ્થળોની, વૃક્ષોની અને વસ્તુસ્થિતિની શક્ય એટલી તપાસ કરીને હવે એનું માનચિત્ર પણ (નકશો પણ) દોર્યું છે. આ ટાપુમાંના ડુંગરોમાંનો સૌથી ઊંચો ડુંગર 'સેન્ડલમાઉન્ટ' નામનું શિખર હોઈ એની ઊંચાઈ ત્રણ હજાર ફૂટ છે. મોટી નદીઓ બિલકુલ ના હોઈને હેતા ઠેકઠેકાણે ડુંગરાઓ પરથી વહેનારા નાનાં નાનાં ઝરણાઓ ઘણાં જ છે.

મલેરિયાની ખરાબ અસર

આ પ્રદેશમાં જગલ અતિશય હોવાથી પહેલાં એકધારો વરસાદ ચાલુ જ રહેતો. ઉનાળાની ઋતુમાં પણ વરસાદ ઝરમર પડતો જ, છતાં પણ વચ્ચે વચ્ચે એકદમ કડક તડકાનો તાપ થતો હતો. પરંતુ જે જે ભાગમાં જંગલ કાપવાથી વસતિ વધતી ચાલી હતી, અને જમીન થોડીઘણી ખેડીને, નાળિયેરનાં ઝાડોની ખેતી કરવામાં વપરાઈ છે, એ બાજુએ વાતાવરણ લગભગ હિંદુસ્તાનમાંના ઉષ્ણ ભાગ જેવું થતું ચાલ્યું હતું. ચોમાસું, ઉનાળો, આ બે ઋતુ સ્પષ્ટ જ દેખાઈ આવતી હોવાથી શિયાળો માત્ર ખોટો જ વચ્ચે ડોકિયું કરવા જેવું કરીને હતો ન-હતો થઈ જતો. આ ટાપુની ચારેય બાજુથી જ નહીં તો દરેક બે ટુકડાઓના વચ્ચેથી પણ દરિયો પ્રવેશ્યો હોવાથી અને આ ટાપુ લંબાઈ-પહોળાઈથી નાના જ હોવાથી, જ્યાં ત્યાં ખાડા અને કીચડ ફેલાયેલા દેખાતા. એ ખાડાઓમાંનાં પાણીમાં જંગલમાંના કચરાના ઢગલા પર ઢગલા પડીને સડતા રહેતા હોય છે. એને કારણે જ મલેરિયાની ખરાબ અસર અને પ્રભાવ એટલો ત્રાસદાયક હોય છે. આ મલેરિયાનો પ્રસાર કરનારાં માખી-મચ્છર પણ અહીંયા એટલા વધુ અને વિવિધ પ્રકારના હોય છે કે કહી ના શકાય. કાંઈક અંદર સૂક્ષ્મ કીડીઓ જેવી માખીઓના ઝૂંડનાં ઝૂંડ તારાઓએ વીણી નાખેલી જાળીઓની

જેમ અહીંતહીં ભેગી ગણગણતી ઊડતી હોય છે. કેટલીક મોટી મોટી માખીઓ પોતાના લાંબા લાંબા પગ પર ઊભી રહીને એટલી અદાઓથી ઝૂલે છે કે એ ડોલાયમાન સ્થિતિમાં એ કાળી લાઈન છે કે એક માખી છે એ કહેવું અઘરું થઈ જાય.

આગિયા અને કાનખજૂરા

જંગલમાં મલેરિયાનો પ્રસાર કરનારી આ માખીઓ કૂવાનાં પાણીમાં ઊંડે સુધી ફેલાયેલી રહે છે. કિચડમાં, પાંદડાંઓનાં અને ખરેલાં પાંદડાં નીચે ઢગલામાં જ નહીં તો ઉપર ઝાડ પર, ડાળીઓ પર, આગિયા ચોંટેલા રહેતા. તડકામાં લપાઈ-છુપાઈ બેસીને ઝરમર વરસાદ આવતાં જ એ બહાર પડે છે. મનુષ્યની ગંધ આવતાં જ એમના આનંદની સીમા નથી રહેતી. ઉપરથી, વૃક્ષ ઉપરથી, પાંદડાંઓ પરથી એ ટપટપ કુદકા મારે છે. નીચે પગ પડતાં જ તળિયે ચોંટે છે અને માનવી શરીરનો પેટનો-જાંઘનો જે ભાગ મળે એને ચોંટીને એ લોહી લબલબ કરતાં પીવા લાગે છે. મોટા મોટા બદમાશ, પાજી લોકો, કારાગૃહની કોઠડીમાંની સૌથી કઠોર સજાને પણ નહીં ગણકારનારા પણ જંગલ કાપવા જ્યારે એ જતા ત્યારે એ આગિયાના ડરથી થરથર કાંપવા લાગતા. જંગલમાંથી કામ કરીને સાંજે બંદી લોકો પાછા આવતી વખતે લોહીમાં નહાયા જેવા દેખાતા કારણ જ્યાં જ્યાં આગિયા કરડી કરડીને એમના શરીર પર કાણા પાડતા એમાંથી લોહીની નાની ધારાઓ સતત વહેતી રહેતી. તોય એ આગિયા તોયે એક કે બે, હાથેથી મનુષ્ય મુઠ્ઠી મુઠ્ઠી ભરીને શરીર પરથી ખંખેરી જ નાખે છે, અને નાના મોટા આગવાઓના ઝૂંડ ઉપરથી કૂદકા મારતા કે નીચેથી ચડતા કે બાજુએથી ચોંટતા જ રહેતા.

આ આગિયાની જેમ જ ત્રાસદાયક નહીં હોય તોયે એનાથી પણ ઘાતક એવા પ્રકારના કાનખજૂરાઓ પણ જંગલમાં વસતા હતા. એક હાથ એટલા લાંબા અને ઈંચથી પણ જાડા એવા આ કાનખજૂરા જેમને ત્યાં 'કાનખજૂરા' કહેવાય છે એ એટલા ઝેરી હોય છે કે કરડતાં જ મનુષ્યને ક્યારેક પક્ષપાત પણ થાય અને ભયંકર વેદનાનો થયા વિના ક્યારેય ના રહે. સાપ માત્ર વધુ જોવા ના મળતા. છતાં પણ 'વાઈપર' નામનો એક નાનો સાપ અત્યંત ઝેરી હોઈને ક્યારેક અજગર પણ નજરે પડતા. જંગલમાં અનેક સદીઓ સુધી કોઈ માનવીનો વસવાટ બહુ થયો ના હોવાને કારણે આ બધાં પ્રાણીઓની વૃદ્ધિ ભયંકર પ્રમાણમાં થતી હોઈને પરસ્પર ભક્ષણની મર્યાદાથી જ જે કાંઈ એ ઓછાં થતાં હશે એટલાં જ થતાં. આવાં આ જંગલના વાઘ, સિંહ, રીંછ, વગેરે હિંસક પ્રાણીઓ માત્ર જોવા મળતાં નહીં. જંગલી સુવરો પણ જોવા મળતા. પક્ષીઓમાંથી ભારતીય પક્ષીઓ અહીં ઘણાંખરાં નહોતાં. અંગ્રેજ સરકારે મેના, પોપટ, ઘુવડ, સમડી, મોર વગેરે પક્ષીઓ અહીં લાવીને છોડ્યાં. એટલું જ નહીં તો કાગડાને પણ લાવી એની વસાહત કરવામાં બાકી રાખ્યું નહીં. પક્ષીઓની જેમ હરણ, કૂતરાં, શિયાળ, વગેરે પશુ અને ઘણાંખરાં પાળતું પ્રાણી પણ અહીંયા લાવીને છોડવામાં આવ્યાં. એના લીધે હવે આંદામાનમાં ભારતીય એવાં ઘણાંખરાં ઉપયુક્ત પ્રાણીઓ જોવામાં આવે છે.

સમુદ્રના આશ્ચર્યની તો અવધિ જ નથી. શંખ, છીપલાંઓ, ગારાઓ કેટલી રંગસુંદર આકૃતિ, કેટલાય તોયે પ્રકાર, એ વિશ્વકર્માનું જ વૈચિત્ર્યમ! એની શોભાનું શું વર્ણન કરવું? એવાં રંગોનાં છીપલાં અને શંખો કે એની આગળ ઈન્દ્રધનુષ્યને માથું નમાવવું પડે. એમાંના એકનું પણ સૌંદર્ય એકાદ ચિત્રકાર એકાદ ચિત્રમાં નાખી શક્યો તોયે એ સર્જન મનુષ્ય પ્રદર્શનમાંથી શતકોના શતકો સ્થાન બનાવી રાખશે. આવી સુંદર વસ્તુ જ નહીં તો પ્રાણીઓ નિર્માણ કરીને એની રેલમછેલ, તોફાન સમુદ્રતટ પર ચાલતાં હોય છે : એકાદ હર્ષસમ્રાટ માર્ગ પરથી પસાર થાય ત્યારે સોના-મોતીઓનાં ફૂલો એની પર ન્યોછાવર કરી નાખવામાં આવે અને જેમ એ માર્ગ પર પથરાયેલાં પડેલાં હોય છે, એમ એ શંખ, છીપલાં, સૌંદર્યની વ્યાખ્યાના દરેક અવ્યવસ્થિત કૌશલ્યનો ફટકો મારીને કોઈક દિલખુશ ચિત્રકાર એ સમુદ્રના તટ પર પોતે પાથરતો જાય છે. માછલીઓના પ્રકાર, જળબિલાડીના પ્રકાર, સમુદ્રની કોઈક માછલીની પૂંછડીને એક

તીક્ષ્ણ અણીવાળી ચાબૂક લગાવી કે, જેના એક ફટકાથી પગના માંસના ચીંથરાં ઊડી જાય, કોઈનું મોઢું એકદમ ઘોડા જેવું, કોઈની પૂંછડીમાં વીજળી, ગુસ્સે થયો કે, વીજળીના ઝટકા આજુબાજુએ લાગવા માંડતા. કોઈ તો સાવ મનુષ્ય જેવા મોઢાની, બહુ ઓછી પણ વિશ્વસનીય પ્રવાસીઓએ જોઈને વર્ણન કરેલી. એવાં અનેક વિવિધ દરિયાઈપ્રાણી આ ટાપુને લાગતી રેતી પર અને લહેરો પર ફરતાં હોય છે.

આંદામાન અને હિંદુસ્તાન

આ દ્વીપમાળાનો ઉલ્લેખ માર્કોપોલો અને નિકોલો વગેરે યુરોપિયન અને કેટલાક અરબી પ્રવાસીઓના જૂના લેખમાં જોવા મળે છે. પરંતુ હિંદુસ્તાનનો સંબંધ આ ટાપુ સાથે બહુ પહેલાંનો હોવો જોઇએ. મગધ દેશથી લંકા તરફ અનેક વખતે જે સમુદ્રપ્રવાસ થયાના દાખલા ઇતિહાસમાં ઉપલબ્ધ છે અને એ મુજબ આંધ્ર, તામિલ, વગેરે દક્ષિણી લોકોની રાજકીય સવારીઓ બ્રહ્મદેશ, સયામ, પેગુ, જાવા વગેરે પ્રદેશમાં થયાનાં જે વર્ણનો મળે છે, એના પરથી આ ટાપુઓનો ભારતીય સમુદ્ર પ્રવાસીઓને સારો પરિચય થયેલો હોવો જોઇએ, એવું દેખાઇ આવે છે. આ ટાપુઓનો સ્પષ્ટ નામનિર્દેશ અગિયારમી સદીમાં પાન્ડેય રાજાએ કરેલી ચડાઈના વર્ણનમાં જોવા મળે છે. એ સમુદ્રવિજયી વીરે પેગુ પર સવારી કરીને એ જીત્યું અને પોતાનું એ વિજયી સૈન્ય પાછું લાવતી વખતે આંદામાન અને નિકોબાર આ બે ટાપુ પર પોતાનો અધિકાર પ્રસ્થાપિત કરીને પછી ભારતભૂમિ પર પોતાના વિજયી નૌસાધન સાથે, આરમાર સાથે પાછો આવ્યો, એવી એની પ્રશસ્તિ તત્કાલીન લેખમા કરેલી છે. આ અલગ અલગ સમયે ગયેલા પ્રવાસીઓના અને વિજેતાઓના પુરાતન અવશેષો માત્ર હજી સુધી ખાસ મળ્યા નથી. અમે બંદીવાસમાં રહેતા એક વખત એક અધિકારીએ સમાચાર આપ્યા હતા કે, કેટલીક ખાણોમાં કામ ચાલતા રહેતાં જૂનાં રજવાડાંના કેટલાક અવશેષ મળ્યા. પરંતુ આ સમાચાર કઈ હદે સાચા હતા અને એ પછી કામમાં કયા પૂર્વાવશેષ મળ્યા એની તપાસ કરવાનો ઠીક યોગ હજી સુધી અમને લાગ્યો નથી. ભારતીયોની વસતિ અને સત્તા આ ટાપુ પર વચ્ચે વચ્ચે રહેતી એટલું માત્ર હમણાં સિદ્ધ થયેલું છે.

આંદામાનની સ્થિતિ

છતાં પણ આ વસતિ કે સત્તાની અસર આંદામાનના મૂળ રહેવાસીઓ પર ખાસ થઈ નહીં હોય. જે મુજબ એ વસાહતે કરેલી લાગવગની, અથવા કૃષિવાસ્તુકર્મની અસર એ દ્વીપના નિસર્ગનિર્મિત સ્વરૂપ પર બહુ દિવસ ટકી શકી નહીં, એ મુજબ એ ભારતીય ઉપનિવેશની માનિસક અથવા બૌદ્ધિક અથવા ધાર્મિક સંસ્કૃતિની અસર પણ ત્યારના મૂળ રહેવાસીઓ પર કાંઇ ટકેલી દેખાતી નથી. સમુદ્રની વચ્ચે એક એ નાનકડો ટાપુ! એના પર એક જેવી વસાહત કરીને એનું નૈસર્ગિક વન્યસ્વરૂપ બદલવામાં હિંદુસ્તાનનો અસ્ખલિત સંબંધ જળવાવો અત્યંત આવશ્યક હતો. સુધરેલા જીવનોનાં બધાં ઉપકરણો હિંદુસ્તાનથી ત્યાં લઇ ગયાં તો જ સુધરેલું જીવનક્રમ ત્યાં વિકસાવી શકાશે. હિંદુસ્તાનનો અથવા બાહ્ય સંસ્કૃત દુનિયાનો સંબંધ છૂટતાં જ, નવા ગયેલા મનુષ્યને પણ ત્યાંના વનની સ્થિતિમાં જવું પડશે. જર્મન મહાયુદ્ધના સમયે કયારેક ચાર મહિના સુધી હિંદુસ્તાનથી આગબોટો આંદામાન સામાન લઇ જઈ શકી નહીં, ત્યારે એ મહિનામાં જીવનના સુધારેલી આવશ્યકતા અથવા ક્રમને એટલો વળાંક આપવો પડ્યો કે, પચાસ વરસની અંદર ત્યાંના બધા વસાહતીઓને કપડાં સિવાય ઉલ્લીંગ, ખેતી વિના શાકાહારી અને અન્ન સિવાય માસાંહારી જ બનવું પડ્યું. આવી સ્થિતિમાં સમુદ્રગમન નિષિદ્ધ માનવા લાગેલા હિંદુસ્તાનના ઈતિહાસ કાળમાં આંદામાનમાં પહેલાં જ ગયેલા ભારતીય ત્યાંના વન્ય મૂળ નિવાસીઓને સુધારવાની જગ્યાએ પોતે જ જંગલી બન્યા હશે અને આગળ જતાં નવા લોહીના સંબંધ અશકય થવાથી એ જંગલી લોકો વચ્ચે લુપ્ત થયા હશે કે નષ્ટ તો થયા જ હશે. કારણકે આજે જે લોકો ટાપુ પર મૂળ નિવાસી તરીકે દેખાઇ આવે છે એમની રહેણીકરણી ઘણા અંશે એકદમ પુરાતન ગણાતા દુનિયાના બીજા ભાગમાંના જંગલી

લોકોની રહેણીકરણી સાથે આજે પણ મળતી આવે છે. જાવા ટાપુની આજુબાજુએ ફેલાયેલો દ્વીપસમુહ વાંદરા જેવા મનુષ્ય વિશે જાણીતો છે. નિકોબારથી બંદીવાન કરીને લવાયેલા એક-બે જંગલી માણસોને પૂંછડીનું હાડકું સારું એવું, બે-ત્રણ ઈંચ ઉપર આવેલું હોવાથી, એમને ખુરશીને ટેકીને બેસવું અશકય થયેલું, એવું અમને જાતે ત્યાંના એક ડોકટરે જણાવ્યું હતું. એમની આ પૂંછડી પર વાળનો અભાવ હોઈને નીચે ઝુમખાથી આચ્છાદિત થઈને લટકતો સ્નાયુ માત્ર નહોતો. મોઢાની અને હડપચીની રચના એકદમ આબેહૂબ વાંદરા જેવી હતી.

આવા પ્રકારની પૂંછડીનાં હાડકાંવાળા મર્કટ જેવા દેખાતા મનુષ્યો એ ભાગમાં કયારેક કયારેક મળી જાય છે. એમની વાચા જો કે બહુ પ્રાથમિક કક્ષાની હોય છે. આંદામાનમાં જે જંગલી લોકો છે, એમાં જાવરા નામની જાતિ સાધારણ ૪-૪।। ફૂટ ઉંચી હોય છે. એમનો વર્ણ કાળો ડિબાંગ, વાળ ઘેરા, નાના અને ખભેથી વળેલા નિગ્રો લોકો જેવા હોય છે. દાઢી-મૂછ કે વાળ નથી જ હોતા. એ એકદમ જંગલી હોય છે. કપડાં વાપરવાની પ્રથા એ બિલકુલ કરતા નથી. એકાદ સાધુની જેમ શરીરને લાલ રંગની માટી ચોળીને શરીરને કશુક પહેરાવવાની ઈચ્છા પૂરી કરતા. એમની સ્ત્રીઓમાં જો એકાદી બહુ વિલાસલોલુપ નીકળી તો એકાદ ઝાડનાં પાન કમર આગળ લટકાવે. જીવનમાંના વિલાસનો તિરસ્કાર કરીને સાદું રહેવું એવો એકસરખો જાપ કરનારાની સ્વપ્નસૃષ્ટિને હકીકત કરી બતાવનારા આ જાવરા એકદમ વન્ય સ્થિતિમાં અને નાગરિક અથવા માનસિક જીવનના પ્રલોભનથી હજી દૂર રહેલા છે. એમને આગિયાઓ ખબર નથી. કપડાંઓ ખબર નથી. પછી મિલોનાં તો નામ જ નહીં. બળદગાડીઓ પણ ખબર નથી. ત્યાં આગગાડી, વિમાન, અને પ્રચંડ રોકેટ વગેરે મનુષ્યની પતિતાવસ્થાનાં વ્યસનોની વાત બોલવી નહીં. એમને ખુરશી જ ખબર નથી, પગરખાં ખબર નથી. બંગલો ખબર નથી, ખેતી ખબર નથી, અન્ન ખાવું ખબર નથી, યંત્ર ખબર નથી, ચરખો પણ ખબર નથી, સાદી રહેણીકરણીનો ભક્તસંપ્રદાય મનુષ્ય જાતિનાં બધાં સંકટોનું એકમાત્ર કારણ જે સુધારણા તરીકે કહે છે, એ સુધારણા નામથી તો નહીં જ, પણ ઈચ્છાથી પણ એ જાવરાઓ અપરિચિત છે, અપ્રિય છે. સાદી રહેણીકરણીના આચાર્યને લંગોટી પહેરાવાનો મોહ તોયે થાય છે, પણ જાવરાઓને એ પણ નથી.

પણ એટલે એમનામાં સમાધાન રહે છે કે? બિલકુલ નહીં. ખેતી નહીં, હળ નથી. બેંકમાં નોટો નથી. પરંતુ જે એકાદ સારી જગ્યા કે પછી માછલીનો ટુકડો એક જાવરાનો હોય, એના પર બીજાની દ્રષ્ટિ પડતાં જ, અથવા પડે નહીં એટલે એણે કરવી પડતી ચિંતા, કરવી પડતી વ્યવસ્થા, અને પ્રસંગે લડવી પડતી લડાઈ પણ એટલી જ ઉત્કટ અને ભયંકર હોય છે, જેટલી એકાદ કૈઝરની અથવા ઝારની. તમને-અમને ખેતીની જેટલી ચિંતા એથી વધુ જ ચિંતા અને કષ્ટ તેમને વન્યફળો શોધવા માટે, કે તે માટે ડુક્કરોનો શિકાર કરવા માટે કે માછલી પકડવા માટે ભોગવવાં પડે છે.

તીરોનો મારો

આ જાવરા સિવાય હજી એક જંગલી જાતિ ત્યાં દેખાઇ આવે છે. પણ એ શરીરથી ઊંચી અને જાવરા કરતાં કેટલીક વાતોમાં વધુ પ્રગતિશાળી દેખાય છે. કદાચ આ જાતિ પહેલાંની વસાહતમાંના અવશિષ્ટ મનુષ્યો સાથે વન્ય જાતિના સંબંધ થઇને સર્જાઈ હશે. જાવરા એકપત્નીવ્રત રાખતા હોય છે. અન્ય યંત્રો ભલે એમને ખબર નથી, તોયે એક યંત્ર માત્ર એમને પૂર્ણ પરિચયનું થયેલું છે. એ એટલે એક પાંચ-છ ફૂટ લંબાઇનું ધનુષ્ય છે. એનું નિશાન એકદમ અચૂક હોય છે. આ ધનુષ્યના બળે એમણે પોતાનું સ્વાતંત્ર્ય હજી ગુમાવ્યું નથી. અર્થાત્ જ હવે રાઇફલ અને વિમાનો આગળ એમનું ટકી રહેવું અશકય છે. પરંતુ આવા સાધનોથી પણ એમને એટલું સહજ જીતવું એમના ધનુષ્યોએ શકય કર્યું નથી, કે એ કામ અંગ્રેજોએ આસાનીથી હાથમાં લેવું. કેટલીક વાર એ જંગલમાંથી ચૂપચાપ આગળ આવીને અને સરકારી છાવણી પર અથવા ચોકીઓ પર, એક-બે બંદીવાન પર છાપો નાખીને ભાગી જાય. તો પણ એટલા પૂરતો જેમતેમ તેમનો

પીછો કરીને પાછા એમને જંગલની ગીચતા વચ્ચે ભગાડી નાખવા સિવાય સરકારી અધિકારી એમનો વધુ પીછો કરવાની મગજમારીમાં પડતા નથી. હિંદુસ્તાનમાં એક પ્રાંત જીતવો જેટલો સરળ છે એટલું એ જંગલમાંનાં ભયંકર તીરોનો મારો કરનારી જંગલી અને શૂર લોકોને જીતવા સરળ નથી. હમણાં એ પ્રશ્ન મહત્ત્વનો પણ નથી, એટલે હજી સુધી એ લોકો જંગલમાંની અપરિચિત જગ્યાએ વસાહતોમાં રહીને જે માર્ગેથી દસ-વીસ સદીઓ પહેલાં એમના પૂર્વજ જતા હતા, એ જ સનાતન માર્ગે નગ્ન, ઉઘાડા, ડુક્કર પાછળ દોડતા, કાચું માંસ ખાતા, ભૂત-પ્રેતને પૂજતા, આનંદથી રહી રહ્યા છે. એમની આ પ્રથાને કોઈ અસભ્ય કહે તો એમાંના સનાતન ધર્માભિમાની સદ્‌ગૃહસ્થ એમને જીવતા ફાડીને એ દિવસે એના જ કાચા માંસ પર ઉદરનિર્વાહ કરવાનું છોડશે નહીં.

નરમાંસભક્ષક

જાવરા હજી પણ નરમાંસભક્ષક છે. કોઇ કોઇ યુરોપિયન સાહસિક પ્રવાસીઓએ આ લોકોમાં, એ નરમાંસભક્ષી હોવા છતાં પણ પ્રવેશ કરીને, એમની મિત્રતા કેળવીને, એમની રીતભાત અને ભાષાની કેટલીક મનોરંજક જાણકારી ભેગી કરી છે. આંદામાનમાં બંદીવાનો પણ જાવરાઓની નરમાંસની લાલસાનો બલિ ના ચડતાં, એમના આતિથ્યનું ભોજન લઇ શકેલા અને પછી છૂટીને પાછા આવેલા અમે જોયા છે. પરંતુ અંગ્રેજ સરકારના અધિકારીઓને નહીં તો નાગરિક દેખાતા અન્ય મનુષ્યને તેઓ પોતાના નૈસર્ગિક શત્રુ ગણે છે. અને જંગલમાંથી નીકળીને એમને એકલદોકલ આંતરીને પકડીને મારી નાખે છે. કયારેક કયારેક એમનું માંસ કાચું જ ફાડી અથવા કયારેક કયારેક આગ પર લટકાવીને પછી ખાતા. દિવસે જાગતા જ જે-તે પોતાનું ધનુષ્ય લઇને શિકારે નીકળે. સ્ત્રીઓ પણ માછલીઓ પકડવા અથવા બીજા નાનામોટા વન્યજીવ પકડવા જાય છે. એમની ટોળીઓ ભેગી જ, એક જ છાપરા નીચે રહે છે. શિકારમાં જે મોટું પ્રાણી આવશે એ બધાનું. વન્ય મધ, ફળો જેમનાં હોય એ ખાય. આખો દિવસ ફરીને રાત્રે આગ લગાડીને એના પર એ મોટું પ્રાણી ટિંગાડીને રાખે. પહેલેથી ભૂંજેલું હોય તો ફાડીને બધા ભેગા ખાય. પછી કયારેક કયારેક એમનું સ્ત્રી-પુરુષમિશ્રિત એક નૃત્ય હોય છે. એ નાચે. એમનો એક રાજા હોય છે. એનું ખૂબ માન રાખે. પછી નૃત્ય થયા બાદ સ્ત્રીઓ અને પુરુષો બધાં જોડીમાં અથવા ભેગાં એ આગની આસપાસ વર્તુળાકારે એમ જ ઊંઘી જાય.
ભાગી ગયેલા અમુક હિન્દી બંદીવાનોએ તેમને ખેતીની સમજણ આપવા માટે શાકશાક બનાવી બતાવ્યાં. ત્યારે તેમને મોટું આશ્ચર્ય લાગ્યું. મનુષ્ય મર્યા બાદ તેઓ તેનું શબ એક વૃક્ષ પર કેટલાક દિવસ ટાંગે છે. કોઇ કહે છે, પછી એને પથ્થર મારીને નીચે પાડે છે. એમની ધર્મવિષયક કલ્પનાની કોઈ વિશ્વસનીય જાણકારી હજી ભેગી થઇ નથી. છતાં પણ ભૂત-પ્રેત અને ભય એની આગળ ધર્મવિષયક વિચારોનું પગથીયું બહુ વધેલું દેખાતું નથી. એમની એક જાત ઘણાં વરસો પહેલાં અંગ્રેજોને શરણે આવીને એમના આશ્રયમાં રહેવાને લીધે એ વન્ય જાવરા એમનો પણ આધુનિક મનુષ્ય જેવો દ્વેષ કરે છે. છતાં પણ આટલા એકલવાયા રહીને પણ ધીરે ધીરે એમનામાં બ્રાન્ડી અને દેશી દારૂનો પ્રવેશ થઇ રહ્યો છે.

જાવરાઓનો ધંધો

અંગ્રેજો સાથે મળીને રહેલા જે જાવરા, એમનો મુખ્ય ધંધો એટલે સમુદ્ર પરથી અનેક સુંદર શંખ, છીપલાં અને વિવિધ આકૃતિવાળા પથ્થરો વીણીને અંગ્રેજોની ચોકી પર લાવી આપવાં, અમુક કાચનાં રમકડાં, સાકર કે તમાકુ લઇને એ વસ્તુ વેચવી, બે-ચાર માટે એમના માટે જ બાંધેલી નજીકની ચાલીમાં રહેવું અને પાછું આ અભેદ જંગલની ગીચતામાં ધૂસીને અદ્રશ્ય થવું. જંગલમાનું મધ પણ એ લાવીને વેચતા, એ બધી વસ્તુ ભેગી કરીને સરકાર પરદેશમાં મોકલતી. ત્યાંના શંખોને વ્યવસ્થિત ઘસીને એની ઉપર રૂપિયાનું

અને સોનાનું ઘડામણ કરીને ભારે દામ પર વેચતા. એ માણસ થયેલા આ લોકો હવે નાની- એવી લંગોટી પહેરવા લાગ્યા છે. એમની સ્ત્રીઓ એકાદું પાંદડું અથવા પાંદડાની માળા કમર આસપાસ વીંટાળે છે. એમનો વસાહતના લોકો સાથે હવે ઘણોખરો સંબંધ બંધાયો આવતો હોવાથી એક મિશ્રપ્રજા ઉત્પન થવા લાગી છે. સોજીર અથવા યુરોપિયન મનુષ્યના સહવાસથી પેદા થયેલાં જાવરા સ્ત્રીઓનાં ગોરા છોકરાંઓ અને હિંદી પુરુષોના સંસર્ગથી થયેલાં ઘઉંવર્ણા છોકરાંઓ વચ્ચેવચ્ચે જોવા મળે છે. એમાંના કેટલાક યુવાન છોકરાઓ, છોકરીઓ અને ખાસ તો આ સંમિશ્ર પ્રજામાંના માણસોને શીખવવાનો અને અમને સરકારી નોકરી આપવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. એક-બે સ્ત્રીઓ સુશ્રુષાનું કામ શીખીને દાયણ થયાનું પણ સાંભળ્યું છે. આંદામાનના ચીફ કમિશનરમાંથી એકની સ્ત્રીને આવી જ એક જાવરા સ્ત્રી સહચરી નીમવામાં આવી હતી.

આંદામાનનો અર્વાચીન ઇતિહાસ સાધારણતઃ ૧૭૫૬થી શરૂ થાય છે એવું કહેવાય છે. એ પહેલાં સિંગાપુર, પેનાંગ, મલાકકા, ટેનોરેસિમ, વગેરે ટાપુમાંથી અને સ્થળેથી કાળા પાણીની સજા થયેલા લોકોને તડીપાર કરવામાં આવતા હતા. એન્જિનિયર કોલબ્રૂક અને કેપ્ટન બ્લેર એ બે ઉદ્યમી અંગ્રેજોએ ૧૭૭૬ની સંધીમાં આંદામાનમાં વસાહત કરવાનો પ્રયત્ન કર્યો હતો. એ પહેલાં કેટલીય વખત અંગ્રેજોની બોટ ફૂટીને આ ટાપુને લાગી હતી. એનાં ભયંકર વર્ણન હજીયે વાચવા મળે છે. કેપ્ટન બ્લેરે જયારે વસાહતનો ઉદ્યમ કર્યો ત્યારે આંદામાનનું વાતાવરણ નાગરિકોના આરોગ્ય માટે એકદમ મારક હતું. પહેલાં બંદીવાનોની જે વસાહતો ત્યાં કરવામાં આવી, એમાં કોઇપણ મનુષ્ય લાંબા દિવસ બચી શકયો નહીં. બ્લેર સાહેબના નામે જ આંદામાનનું આજકાલનુ બંધર પોર્ટ બ્લેર ઓળખવામાં આવે છે. આગળ ૧૮૫૭-૫૮ના સ્વાતંત્ર-યુદ્ધમાં જે હજારો હિંદી સૈનિક બેદી થઈને દ્વીપાંતરની ભયંકર સજાને બલિ ચડ્યા એમને આ આંદામાનમાં લાવીને છોડવામાં આવ્યા. ત્યારથી આ વસાહતમાં સુસંગતપણું શરૂ થયું. અમે આંદામાન ગયા ત્યારે સત્તાવનના રાજય ક્રાંતિકારીઓમાંના જે થોડા લોકો જીવતા હતા, એમાંથી એક વૃદ્ધે, અમે પણ રાજ્યક્રાંતિ માટે જ આવ્યા છીએ એ સાંભળીને અમને એક આભિનંદનભર્યોપ્રેમનો સંદેશ મોકલેલો હતો. આગળ અમે સાંભળ્યું કે એ વૃદ્ધ બંદીવાન એક ઉત્સવ વખતે છોડવામાં આવ્યો, એ લગભગ સાંઇઠ વરસ બંદીવાસ ભોગવ્યા બાદ! ૧૮૫૭ની રાજયક્રાંતિના નિર્વાસન સાથે વિસ્થાપિતોની આંદામાની વસાહતનો આરંભ થાય અને શું યોગાયોગ! પચાસ વરસ બાદની ૧૯૦૭-૦૮ની રાજયક્રાંતિકારીઓના નિર્વાસનથી એનો અંત થાય!

વાસુદેવ બળવંતની રાજયક્રાંતિના ઉદ્યમમાંના સાથીદારો પણ આંદામાન જ મોકલવામાં આવ્યા હતા. એમાંથી એક-બે અમે ગયાની આગળ-પાછળ છૂટ્યા એની અમને ખબર પડી હતી. મુંબઈનાં હિંદુ-મુસલમાનનાં તોફાનોમાં સજા પામેલા હિંદુ ત્યાં જ હતા. મણિપુરની રાજ્યક્રાંતિમાંના લોકોને એક મર્યાદિત જમીનના ભાગમાં સ્વતંત્રપણે સંસાર કરીને રહેવા દેવામાં આવ્યા હતાં. સાવ બંદીવાનની જેમ એમને ત્રસ્ત કર્યા નહોતા. આવી રીતે આંદામાનમાં રાજકીય અથવા સાર્વજનિક ચળવળમાં સજા પામેલા સેંકડો રાજકીય બંદીવાનો પહેલોથી જ કષ્ટમય દિવસો કાઢતા આવ્યા હતા. તો પણ એમનાં કષ્ટોની અથવા આંદામાનની કથા હિંદુસ્તાનના હૃદય પર અંકિત થવાનો યોગાનુયોગ ત્યારે થયો નહીં. અર્વાચીન ક્રાંતિકારી નિર્વાસનથી માત્ર એ યોગાનુયોગ ચાલતો આવીને આપણા ધર્મના, જાતિના અને રાષ્ટ્રના હજારો વંશજો આંદામાનમાં વસતા હોઈને એ ભારતીય વસાહતનો આપણા પ્રેમ ઉપર, પીડા ઉપર, અને કર્તવ્ય પર ભારતના કોઇપણ એક પ્રાંત એટલો જ અધિકાર છે, એ વાત હિંદી મનને હજી ધૂંધળી પણ હવે સમજાવા માંડી છે.

પોર્ટ બ્લેર

પોર્ટ બ્લેર વસાહતના મુખ્ય બંદર અને દ્વીપનું નામ છે. આંદામાનમાં હિંદી અને બ્રહ્મી લોકોમાંના બંદીવાનોની વસાહત થવાથી આ સાંઠ-સિત્તેર વરસે જ ત્યાંનો જનસમૂહ ભારતીય થયેલો છે. પરંતુ

નિકોબારમાં માત્ર બ્રહ્મી અને મલાય દ્વીપસમુહની વસતિ વધીને એ દ્વીપ ભારતીય સંસ્કૃતિને અને સમાજને કાયમ દૂરનો જ લાગતો. આંદામાનમાં પણ બંદીવાન મોકલવા કંઇક અંશે બંધ થયેલા હોવાથી ભારતીય વસાહતને ઓટ આવશે કે શું એવો અમને ડર લાગે છે, અને એટલે આ મુદ્દે પૂર્વાપર દોષ પાલવમાં બાંધીને પણ આ મહત્વની વાત તરફ હિંદુસ્તાનીઓનું ધ્યાન ખેંચવા માટે જ અમને અહીં ચાર શબ્દો લખતા અવશ્ય લાગે છે.

આંદામાનમાં બંદીવાનની ટુકડીઓ મોકલવી કેટલાંક અંશે બંધ થયાની સાથે ત્યાંની જમીનની વહેંચણી કરીને એ ભાગ અને સરકારી સત્તામાં લગાવેલા હજારો નાળિયેરનાં અને સોપારીઓનાં વૃક્ષોની વાડીઓ ગ્રાહકોને વેચીને બધી મત્તા વ્યક્તિગત કરવી એવો અધિકારીઓએ નિયમ કર્યો. એ મુજબ સેંકડો એકર જમીન અને ઝાડો સાવ ઓછા મૂલ્યે વેચવા માટે ટુકડાઓમાં કાઢવામાં આવી. આ ટુકડાઓની અને વેચાણની ખબર હિંદુસ્તાનમાંના વેપારીઓને બિલકુલ ના હોવાથી અને આંદામાનમાં એ ટુકડા વેચાતા લઇ શકે એવા હિંદુ વેપારી બહુ ઓછા હોવાથી ત્યાંના યુરોપિયન અથવા એંગ્લો-ઈન્ડિયન લોકોના હાથમાં એમાંના ઘણાખરા ટુકડા જતા હતા. જે થોડા હિંદુ વેપારીઓએ અથવા ગૃહસ્થોએ એમાંના કેટલાક ટુકડા મેળવ્યા એમને પણ હિંદુસ્તાનમાંથી યોગ્ય માણસોનો પુરવઠો મળતો ના હોવાને કારણે પૈસા કમાવવાની આ સોનેરી તક વ્યર્થ જઇ રહી છે. જંગલ કાપીને વસાહત કરવા માટે પણ સરકારે બહુ સરળ છૂટ પર જમીનના આપવાનું નક્કી કર્યું છે. એક-બે ખ્રિસ્તી સંસ્થાઓએ એ છૂટનો લાભ લઇને હિંદુસ્તાનમાંના સંથાલ વગેરે જાતિના લોકોને ખ્રિસ્તી કરીને ત્યાં લઇ જઇને ત્યાંનાં જંગલ તોડીને એમની ખ્રિસ્તી વસાહત કરવાની યોજના બનાવી છે. પરંતુ કોઇપણ હિંદી અથવા હિંદુ વેપારીનું ધ્યાન અહીં ખેંચાયેલું નથી.

વસાહત માટે જાઓ

આંદામાનમાં પહેલાં બંદીવાનની વસાહત હતી ત્યારે ત્યાં જવામાં અથવા વેપાર કરવામાં બહુ જ મુશ્કેલીઓ થતી. પરંતુ હવે એટલી થતી નથી. એટલે ત્યાં હમણાં જમીન અને વિકસાવેલા નાળિયેરના તૈયાર બાગ ઓછા મૂલ્યમાં મેળવવાની આ તક ના ખોતા હિંદી લોકોએ ત્યાં જઇને એ ટુકડા વેચાતા લેવા અહીં એ વિશે બધી જાણકારી આપવી અશકય છે. પણ જો કોઇને જોઇતી હોય તો એણે આંદામાનના ચીફ કમિશનરના સરનામે લખીને એ જાણકારી મેળવવી રહી. એક વેંત જેટલા ટુકડા માટે હાઇ કોર્ટ સુધી લડતા રહેવા કરતાં ત્યાં એકરોગણી ભૂમિ નામમાત્રના મૂલ્યમાં મળતી હોવા છતાં પણ ત્યાં જઇને એ સંપાદિત કરવાના પ્રયત્નો ના કરવા આ કેટલું મોટું કૂપમંડૂકપણું છે ! પણ શું કરવું ભાઇ! એ એક વેંત ટુકડો પૂર્વજોનો છેને, એવું કહેનારા સંકૂચિત ઘરકૂકડી અભિમાનીઓએ એ ધ્યાનમાં રાખવું કે આ મારી પૂર્વજોની મતા છે એવું કહેવાની બડાઈ કરતાં આ મારી જાતે કષ્ટ કરીને મેળવેલી મત્તા છે એવું કહીને સ્વાગત કરનારા અવ્યર્થ ગર્વને જોઇને ભગવાન અને દેશ વધુ પ્રસન્ન થાય છે.

આંદામાનના બંદીવાનોની વસાહત બંધ કરે ત્યાં સુધી હિંદુસ્તાની કાઉન્સિલોએ આંદામાન મુદ્દે ઘણીખરી ચર્ચા કરી. પરંતુ એ વસાહતો બંધ થતાં જ, કેટલાક અંશે બંધ થતાં જ, કાઉન્સિલના સભ્યોને આંદામાનનું પછી શું થયું. એનું કાંઇ જ યાદ નથી એ ઠીક નથી. ત્યાં આપણા દેશના, ધર્મના, જાતિના લગભગ દસ હજાર માણસો રહે છે. આપણા લોકોની ત્રણ-ચાર પેઢીઓના જીવનની રાખ એ દ્વીપપુંજમાં મળેલી છે. એમનાં કષ્ટોથી એ દ્વીપ કાંઇ એકદમ સાધારણ પદાર્થ નથી આર્થિક રીતે જ અમારે અહીં વિચાર કર્તવ્ય કરવાનું હોવાથી કેવળ એ દ્રષ્ટિથી પણ ત્યાં ઘણી સંપત્તિ ઊભી કરવા જેવી છે. ત્યાં ચાના બગીચા, રબ્બરની વાડી, શેરડીના, નાળિયેરના, સોપારીના મોટા મોટા બાગ લહેરાય છે. તોયે એ ભૂમિનો હજી જેવો ઉપયોગ થવો જોઇએ એવો થયો નથી. વીતેલાં પચાસ વરસો એક નાનકડા ભાગને ખેતીયોગ્ય કરીને ગયાં. જંગલની પણ બમણી ઉપજ આવવા જેવી છે. ત્યારે આર્થિક દ્રષ્ટિએ પણ આ ટાપુની વ્યવસ્થા બંદીઓની વસાહત બંધ થયા બાદ કેવી રાખવામાં આવી, ત્યાં ભૂમિના ટુકડા, વાડીઓ કયા દરે

વેચવામાં કાઢવામાં આવ્યાં, એની જાણકારી હિંદુસ્તાનમાં પ્રથમ પ્રસિદ્ધ કરીને પછી એ વેચ્યા કે કોઈ વિવક્ષિત લોકોના હાથમાં એ જઈ રહ્યાં છે, વગેરે જાણકારી કોઇએ તો કાઉન્સિલરને અવશ્ય પૂછવી. એ પ્રમાણે ત્યાં એકદમ એકલા પડેલા આપણા જાતિબંધુઓની સ્થિતિ શું છે એ એક વખત પ્રત્યક્ષ જોઇ આવવા માટે પણ કોઇએ કાઉન્સિલરે, કોઇક કાઉન્સિલમાંના લોકનિયુક્ત મોટા પક્ષે મોકલવું અવશ્ય છે. એ બિચારા મૂંગા છે. એમને એમની સ્થિતિ સુધારવાનાં સાધન નથી એટલે તમારે એમનું મુખ થવું જોઇએ. આર્યસમાજી ઉપદેશકોમાંના કોઇક મુખ્ય ઉપદેશકને ત્યાં મોકલવો આવશ્યક છે. ત્યાં બહુમતી લોકો હિંદુ હોવાથી અને હિંદી ભાષા સ્કૂલમાં શીખવવામાં આવે એ માટેપ્રયત્ન એ કરતા હોવા છતાં પણ રોજ લખાણની ભાષા ઉર્દુ જ મૂકવામાં આવે છે. એટલું જ નહીં તો હિંદી અથવા હિંદુ છોકરાઓને પણ સ્કૂલમાંથી માતૃભાષા શીખવાડવામાં ના આવતાં શૈક્ષણિક માધ્યમ હજી ઉર્દુ જ રાખેલું છે. આ અને બીજી આવી અનેક વાતો તરફ કોઇ સંગઠક ત્યાં જશે તો ત્યાંના અધિકારીઓનું ધ્યાન દોરીને યોગ્ય એ વ્યવસ્થા કરશે.

આંદામાનની બધી પરિસ્થિતિનું વિવરણ અને એ સુધારવાના ઉપાય એ આગળ વિગતે યથાસ્થળે કરવાનું હોવાથી હમણાં આ અત્યંત મહત્વના પ્રશ્ન તરફ ધ્યાન ખેચવા પૂરતો જ એનો ઉલ્લેખ કરીને આગળ જવું યોગ્ય છે.

અંગ્રેજી નામનું હિંદીકરણ

આંદામાનમાંના પ્રસ્તુતના ભૂમિ ભાગને ઘણાંખરાં નામો અંગ્રેજીમાં રખાયાં છે. પરંતુ ત્યાંની હિંદી વસાહતના લોકોના બોલવામાં જે રૂપ થયેલાં છે, એ હિંદીમાં એટલી સફાઇથી ભળે છે કે, કોઇ વિદ્વાને એનું રૂપાંતર કરવાનું કામ પોતાના પર લીધું હોત તો એને પણ એમના જેટલું ફાવ્યું ન હોત. શોઅર પોઇંટનું હિંદી, લોકોના બોલવામાં સુવર પેઠ એવું રૂપાંતર થયેલું છે. ડંડોસ પોઇંટનું દંડાપેઠ, તેમ જ ગોકુલાબન, બારાટાંગ, કાલાટાંગ વગેરે નામકરણ પણ સાંભળવા જેવાં છે. અજ્ઞાત વાતો જ્ઞાત વાતોની સામ્યતાથી જ્ઞાત થાય છે. એ પ્રમાણે જ અજ્ઞાત શબ્દ પણ ભાષાશાસ્ત્રમાં જ્ઞાત શબ્દોના સામ્યના આધારે જ ઉચ્ચારવાની જે સહજ પ્રવૃત્તિ હોય છે એનું એક મનોરંજક ઉદાહરણ છે. કોઇ એક સર્વસામાન્ય સંકેત ન કરતાં એ અંગ્રેજી શબ્દોનું રૂપાંતર જાતે થઇને જ હિંદુ મુખમાંથી હિંદીપણું પામતાં ગયાં.

આ દરેક જિલ્લામાં બંદીવાનોની ચાલી (બેરેક્સ) બાંધેલી હોઈને એમાં એક-એક કારખાનું છે. ઉદાહરણાર્થ ફિનિક્સ બેમાં લોખંડ, પિત્તળ, છીપલાં, કાચબાની પીઠ ચીજોમાંથી સુંદર વસ્તુઓ બનાવવાનું શિલ્પકામ ચાલુ હોઇને એમાં ચારસો એક શિલ્પકારો બંદીવાન કામ કરતા. નેવી બેમાં શાકની વાડીઓ છે. ચેથેમમાં જંગલી લાકડાની પટ્ટીઓ કરવાનું મોટું કરવત-કારખાનું છે. કાલાટાંગમાં ચાના બગીચો હોઈને ત્યાં જતા બંદીવાનો થરથર કાંપે એટલું સખત કામ કરાવવામાં આવે છે. એ સિવાય જંગલને તોડવા માટે જે ટોળીઓ લઇ જવામાં આવતી એમના દુર્ભાગ્યની તો સીમા નહોતી.

આંદામાનમાં પહેલાં પહેલાં જે બંદીઓની ટોળીઓ લઇ જવામાં આવી એમને જતાં જ લગભગ છૂટા મૂકવામાં આવતા, આગળ એમની તરફથી પણ કેટલાંક વરસો સરકારી કામ કરાવી લેવામાં આવતાં. જે સ્વતંત્ર રહેતા એ ચોખાની ખેતી કરતા. એમના વંશજોની જે વસતિ વધતી ગઇ એને ફેરી એટલે ફ્રી કહે છે આજે એમનામાં કેટલાક સુશિક્ષિત અને સજ્જન છે. આગળ હિંદુસ્તાનમાંથી બંદીવાન આવતા જ એમને કેટલાક દિવસ જેલમાં રાખવાનો નિર્ણય હોવાથી એ માટે અને આંદામાનમાંના અપરાધીઓ માટે એક નવી મોટી વિસ્તૃત જેલ બાંધવામાં આવી.

એ જ એ સિલ્વર જેલ કે પછી (સેલ્યલુર જેલ) છે કે જયાં આગળ રાજકીય બંદીવાનોને વરસોનાં વરસો બંધ રાખવાની જરૂર પડી - કે,જેની એકાંતકોઠડીમાં કમકમવાનો પડઘો એકવીર હિંદુસ્તાનના કિનારે સાંભળવા મળ્યો.

આંદામાન આવ્યું

આગબોટ આંદામાન બંદરમાં આવીને ખળખળ કરતી પાણીમાં પડનારા લોખંડી લંગર નાખીને ઊભી રહી. ધીરેધીરે બંદીવાનોને લઇ જનારી મોટી નાવડીઓ અને અધિકારીઓની ભીડ એ આગબોટની આસપાસ જામી. ઉતરવા માટે બોટ પર અમારે બહુ બધો સમય ઊભા રહેવું પડ્યું. એટલામાં આજુબાજુ જોઇને આંદામાન - જે ભૂમિમાં છે કદાચ આમરણ રહેવું પડવાનું હતું - એનું નિરીક્ષણ કર્યું. સાથેના જૂના બંદીવાન અને કદાચ સિપાઇ કાંઇક જાણકારી આપતા. એ રાસદ્વીપ, ત્યાં આંદામાનનો મુખ્ય અધિકારી ચીફ કમિશનર રહે છે. દરિયામાં આ ટાપુ એવો શોભતો હતો કે, જેમ એકાદ અપ્સરાનો સરોવરમાં બાંધેલો બંગલો. સાચેસાચ એ ટાપુ. ટાપુના મતે એટલો નાનો, ટિપટાપ અને શોભાયુક્ત દેખાતો કે, ક્ષણભર બેડીઓ પડેલા મનનું પણ મનોરંજન થાય. બીજી બાજુ આંદામાનના દરિયાઈ તટ પર અડીને લાંબે સુધી વ્યવસ્થિત લગાવેલાં નાળિયેરનાં વૃક્ષોનાં પાંદડાં ડોલતાં હતાં. દૂર કયાંક આંબા, સોપારીનાં, પીપળાનાં વૃક્ષોનાં ઝૂંડ દેખાતાં હતાં. નજીક જ ઘાટ પર મનુષ્યોનાં ઝૂંડનાં ઝૂંડ કલબલ કરતા જામેલા હતાં. એની ઉપર જ એક ઢાળની ટોચ પર નાળિયેરના ઝૂલતા છત્ર નીચે એક વર્તુળાકાર તટ પાસે એક ભવ્ય ભવન દેખાયું. એ કેટલું શાંત દેખાયું. એની આસપાસ નાળિયેરનાં, સોપારીનાં અને કેળાનાં વૃક્ષો આકર્ષિત કરતાં હતાં અને છત્ર બનાવીને ઊભાં હતાં. લાગતું કે આ કોઇક તોયે સુખી અથવા શાંતિપરાયણ ગુહસ્થનો બંગલો હોવો જોઇએ અથવા પાદરીઓનો આશ્રમ હોવો જોઇએ. પૂછ્યું આ ભવન કોનું? સિપાઇએ કહયું, એટલે? એ જ બારીબાબાની સિલ્વર જેલ. આ બારીબાબાનો અને સિલ્વર જેલનો ઉલ્લેખ સિપાઇઓએ બોટ પર જ બંદીવાનોને ધમકાવવા માટે એટલી વખત કર્યો હતો કે, એ સિલ્વર જેલ છે એટલું કહેતાં જ એના આંતરિક સ્વરૂપનો સંપૂર્ણ ખ્યાલ આવશે એવી એ સિપાઇની ખાતરી કાંઇ ખોટી નહોતી. એ હજી કૃપાળુ થઇને ના પૂછવા છતાં બોલ્યો, ‘‘હવે ત્યાં જ જવાનું છે. ત્યાં જ બારીબાબાના ઘરે ઉતરવાનું છે. તમારા બધાએ!’’

અમે બધા બંદીવાનોને માથાપર પથારી લઇને અને હાથમાં થાળી-લોટો આપીને લાઇનથી ઉતરાવવામાં આવ્યા. ઘાટ પર આવતાં જ સિપાઇના અને બંદીવાનોમાંના અધિકારીઓના પહેરામાં બીજા બંદીવાનીઓને ઉપર લઇ જવામાં આવ્યા અને મને યુરોપિયનોના પહેરામાં અલગ રાખવામાં આવ્યો. ત્યાં ઘાટ પર બેઠાં રહેતા મારા મનમાં વિચાર આવ્યો કે, આંદામાન સમુદ્રમાં એવા સ્થળે વસેલું છે કે હિંદુસ્તાનની સમુદ્રી સુરક્ષાની દ્રષ્ટિએ એનું મહત્વ કયારે પણ ઓછું થવું શકય નથી.

પૂર્વ તરફના આ આંદામાન-નિકોબાર દ્વીપસમુહ એટલે હિંદુસ્તાનના પૂર્વ સમુદ્રના દરવાજા જ હતા. જો આ દ્વીપો હિંદુસ્તાનના અધિકાર હેઠળ નહીં હોય, અને જો ત્યાંની તટબંધી અને લડાયક સામર્થ્ય દુર્બળ હશે તો પૂર્વ તરફથી આવનારો કોઇપણ સામુહિક હુમલો એકદમ કલકત્તાના દરવાજે આવી ચડવામાં ઓછો ઊતરશે પરંતુ જો આંદામાનના દ્વીપસમુહ હિંદુસ્તાનની સત્તા હેઠળ રહેશે અને એને વિમાની અને સમુદ્રી થાણાની યોગ્યતા પ્રાપ્ત થઇને એની ઉત્તમ તટરક્ષા કરવામાં આવે તો ત્યાં ભારતીય નૌસૈનાનો એક બળવાન ભાગ હંમેશાં પહેરો આપતો રહેશે. તો પૂર્વ તરફથી વિદેશી શત્રુના કોઇપણ આક્રમણને પહેલો ધક્કો આંદામાનના આંગણે જ મારી શખાશે. આંદામાનની વસતિ અને અત્યારની સંસ્કૃતિ બધું ભારતીય હોવાથી એ દ્વીપસમુહ ભારતનો જ એક રાજકીય ભાગ હોવું ન્યાયી જ છે. પશ્ચિમ સમુદ્ર તટ પર લક્ષદ્વીપ માલદ્વીપ જેવા નાના ટાપુઓ પણ હિંદુસ્તાની રાજસત્તાના હાથથી જયારે નીકળી ગયા ત્યારે યુરોપિયન સામુહિક સવારીએ એકદમ ઘરના દરવાજે આવી મુંબઇ-ગોવાને ટકોરા દેવા માંડ્યા. એમને દૂર જ રોકી રાખવાનો કોઇપણ ઉપાય હિંદુસ્તાનની તત્કાલીન દેશી સત્તા કરી શક્યો નહીં. હવે આગળ તો એ ભૂલ

સુધારીને પશ્ચિમનાં લક્ષદ્વીપ, માલદ્વીપ, દક્ષિણમાં સિંહલદ્વીપ, અને પૂર્વે આંદામાન-નિકોબાર દ્વીપસમુહ આ બધાં સ્થળોએ બળવાન સામુહિક સૈન્ય શિબિરોનું અને સિંધુદુર્ગનું સ્વરૂપ આપવું જોઇએ. આજે કેવળ રાજકીય યોગાનુયોગથી સિંગાપુર ભારતીય સમુદ્રનું નાક છે. આંદામાન એ નૈસર્ગિક નાક છે. કારણ આંદામાન એ સિંહલદ્વીપ પ્રમાણે જ ભારતનો જ એક નૈસર્ગિક અને સાંસ્કૃતિક અંશ છે.

ચલો. ઉઠાવ બિસ્તરા

ભાવિ ભારતની નું બળવાન નૌસેના (આરમાર) આંદામાનના આંગણે સિંધુદુર્ગ સામે પહરો આપતી મારી ક્લ્પના તરંગમાં તરવા લાગે ના લાગે ત્યાં જ ચલો, ઉઠાવ બિસ્તરા કહી એક સિપાઇ જંગલિયત સાથે બોલ્યો, કારણકે યુરોપિયન અધિકારી પાસે ઊભો હતો. અંગ્રેજો સામે હિંદી રાજકીય બંદીવાનો સાથે જેટલી વધુ તોછડાઇથી આપણે વર્તીશું એટલા બઢતી માટે આપણે યોગ્ય ઠરીશું એમ દરેક હિંદી પોલીસ અથવા સૈનિક સિપાઇઓની અનુભવથી દ્રઢ સમજૂતી થયેલી હોય છે. આંદામાનમાં થનારા અપમાનનું આ તોછડાઇપૂર્વકનું વાક્ય યોગ્ય ઉચ્ચાર જ હતો. ઊભો થયો, એકદમ ઊંચા ઢાળ પરથી વાહન પડી જતા જેવું શરીરને લાગે છે તેમ જ એકાદ ઊંચા વિચારના શિખર પરથી એકદમ એકાદ વિવશ, પ્રતિકૂળ અને રૂક્ષ વિચારોની ગર્તમાં ધક્કો મારવામાં આવતાં મનને પણ લાગી આવે છે. તો પણ મારી કલ્પનાના તરંગમાંથી દેખાઇ રહેલા ભાવિ ભારતની એ બળવાન નૌસૈનાને ભવિષ્યકાળને આધીન કરીને ભારતના કઠોર અને વિવાદી વર્તમાનકાળના, એ ચલો ઉઠાવ બિસ્તરાનો સામનો કરવા હું તરત સજ્જ થયો. ઘાટ પરથી નીકળી એક ચઢાણ પર મને ચઢવા કહયું. વિના બોલ્યે અને બેડીઓથી જકડાયેલા પગથી મને ચડતા સમય લાગવા લાગ્યો. સિપાઈ, ચલો, જલ્દી ચલો, કરવા લાગ્યો. એકાદ લોકો અધિકારીએ સિપાઈને કહયું, ચાલવા દે એને, ઉતાવળ શું કામ કરે છે? મારા મનમાં આ ચઢાણ ચડતી વખતે એક વિચાર મમળાતો હતો. હું સમુદ્ર પરથી આંદામાનમાં પ્રવેશનારી આ રાહ પર ચડીને જઇ રહ્યો છું. આંદામાનથી ભારત પાછા જવા માટે સમુદ્ર તરફ આ માર્ગે આ જન્મે પાછો હું કયારે આ માર્ગ ઉતરીને નીચે આવવાનો છું કે?

થોડીવારમાં ચઢાણ પૂરું થઇ સિલ્વર જેલનો દરવાજો આવ્યો. લોખંડી તોપોનો અવાજ થવા લાગ્યો અને જેલના દરવાજાનું જડબું ખુલ્યું. હું એમાં ઘુસ્યો. એ મોઢું બંધ થયું, એ પાછું અગિયાર વરસે ખુલ્યું!

બારીસાહેબ આતા હૈ!

દરવાજામાં પગ મૂકતા જ એ ગોરા સાર્જન્ટોએ મને બન્ને હાથેથી પકડીને ઊભો કર્યો. એટલામાં જ આજુબાજુના પહેરેદારોમાં ગુસપુસ થઇ, ‘‘બારીસાહેબ આતા હૈ!’’ બારીસાહેબથી એમણે કોઇ નિષ્ઠુર અથવા કઠોર વ્યક્તિ જોઇ ના હોવાથી અને મારા મોઢા પર પણ એ નામ સાંભળતા જ શું ભાવના ઉદ્ભવે છે એ જોવા લાગ્યા. પણ હું એ ભીષણ-ભવ્ય જેલના બે લોખંડી ફાંટા વચ્ચે રહેલા ભાગને સુંદર બનાવવા માટે જે અનુરૂપ અલંકાર ધારણ કર્યા હતા, એ જોવામાંજ ગરક થયેલો હતો. અલગ અલગ પ્રકારની હાથકડીઓ એકમાં એક ગૂંથીને એનાં એ ઝૂલતાં ફૂલો દીવાલ પર લગાવાયેલાં હતાં. મોટીમોટી પગબેડીઓ, હાથબેડીઓ અને મનુષ્યના શરીરને કષ્ટ આપનારાં આવાં જ અન્ય સાધનો સામેના ભાગ પર લાઇનથી લટકતાં હતાં. એ ઉગ્રતાની એક શોભા જ દેખાતી હતી. એ બેયોનેટ, બંદૂક, બેડીઓ - હાથકડીઓના અઘોર અલંકારથી એ ભીષણ જેલ એવી શોભતી હતી કે, જેમ એકાદ માગણિયો ઉત્તમ કપડાં પહેરીને ફાંસીએ લઈ જતા શોભતો હોય. દેશના સ્વાતંત્ર્ય પ્રાપ્તિનો ઇતિહાસ વાચતી વખતે અને ત્યાંના નિર્વાસિતોના અને દંડિતોની આત્મકથાનું અવલોકન કરતી વખતે જે દ્રશ્યોનાં વર્ણન શરીરનાં રૂવાંડાં ઊભાં કરતાં હતાં, તેમાંના વર્ણનને અક્ષરશઃ લાગુ પડતું આ દ્રશ્ય છે. બે તોછડા સાર્જન્ટોએ

પકડીને મને ત્યાં ઊભો કર્યો કે એ દ્રશ્યની ભીષણતાના જડબામાં મારું મનોબળ ચૂર થતું ગયું. એ ભીષણતા મારી સામે મીટ માંડીને પાંપણ ના હલાવતી જોતી હતી. હું પણ એની તરફ મીટ માંડીને જોતો હતો. હું એની તરફ આંખમાં આંખ પરોવીને જોતો હતો. બંન્નેની ઓળખાણ થઇ. કાનને એક અદ્ભુત સમાધાન લાગવા લાગ્યું કે, તો પછી એ પણ જે વાચ્યું એનો પોતે અનુભવ કર્યો. અને આ ત્યાં એ દ્રશ્યનાં જડબામાં નહીં ચૂર થતો નિષ્કંપ, નિર્ભય ઊભો રહ્યો છું. બ્રિસ્ટનની લંડનની જેલમાં રહેતા મેં બે મૂર્તિ નામની એક કવિતા લખી હતી. એની પંક્તિઓ મારું મન ગાવા લાગ્યું. અને જય...! એવો ઉદ્ગાર મારા હૃદયમાં ઉઠવા લાગ્યો.

બારીબાબાનો ઉપદેશ !

જેવું એ મનોવિકારના સકંજામાંથી થોડુંક છૂટતાં જ બાજુએ જોયું તો, એક જાડી લાકડી હાથમાં લીધેલો ગોરો અધિકારી મારી તરફ જોતો ઊભો મને દેખાયો. આ જ બારીસાહેબ છે. હું આવું છું, એ વાત હેતુપૂર્વક એણે મારા કાન પર નાખી હતી. અને હવે આપણી તરફ એની ભયભીત આંખો લાગશે એવી હંમેશાંની અપેક્ષા સાથે એ આવ્યા હતા. પણ એ સમયે જ મારું મન ઉપરના વિજયી વિચારમાં મગ્ન થયેલું હોવાને કારણે મને એ કયારે આવ્યા એની ખબર પડી જ નહીં. એ સમયે એમને પણ મારી તરફ જોતા રહેવું એવું લાગ્યું હશે. મને એ ચૂપચાપ જોતા રહ્યા. મારી એમની તરફ દ્રષ્ટિ પડતાં જ એમણે જોયું ના જોયું જેવું કરીને પેલા સાર્જન્ટને કહયું ``Leave him, he is not a tiger.'' (છોડી દો એને, એ કોઇ કોઇ વાઘ નથી). પછી મારી તરફ એ જાડી લાકડી બતાવીને એ બોલ્યો, ``Well, are you the man who tried to escape at Marseilles?'' (માર્સેલ્સથી ભાગી જવાનો પ્રયત્ન કર્યો એ તું જ કે?) એના એ તોછડાઇભર્યા સ્વરમાં પૂછેલા પ્રશ્નનો એટલી જ તોછડાઇ સાથે પરંતુ સંયમિત સ્વરમાં મેં જવાબ આપ્યો, ``Yes, Why?'' (હા, કેમ?) મારા જવાબથી બારીસાહેબનો સ્વર થોડો ઢીલો પડ્યો અને ફકત જિજ્ઞાસુ અવાજે એ બોલ્યો, ``Why did you do that?'' (એવું શું કામ કર્યું?) કારણો માટે, હું બોલ્યો, 'એમાંનું એક એ કે, એ બધી તકલીફોમાંથી છૂટકારો થવો.'' ''પરંતુ એ તકલીફમાં તમે પોતે જ પડ્યા હતાને?'' ''હા, એ સાચું છે. કારણ એ મુશ્કેલીમાં જાતે પડવું એ મને મારું કર્તવ્ય લાગ્યું. અને એ મુશ્કેલીમાંથી છૂટવું એ પણ કર્તવ્ય લાગ્યું.'' ''આ જુઓ,'' બારીસાહેબ એકદમ દિલખુશપણું બતાવીને હસતાં બોલ્યા, ''હું કાંઇ અંગ્રેજ નથી. હું આયરિશ છું.'' હું વચ્ચે જ બોલ્યો, ''અને અંગ્રેજ હોત તો પણ તમારા વિશે માત્ર એટલા માટે મારા મનમાં કાંઇપણ પૂજયભાવ કે તિરસ્કાર ઉત્પન થયો ના હોત. ઈંગ્લેન્ડમાં મેં મારા જુવાનીનાં કેટલાંક વરસો કાઢયાં છે. અને એ લોકોના અનેક સદ્ગુણોનો હું ચાહક છું.'' ''પણ હું આયરિશ છું. એ એટલા માટે કહું છું કે, નાનપણમાં મેં પણ અંગ્રેજોના હાથેથી આયર્લેન્ડને મુક્ત કરવા માટે ચાલતી સ્વાતંત્રવીરની ઝુંબેશમાં ભાગ લીધો છે. પણ હવે મારું મન બદલાયું છે. આ જુઓ તમને મિત્રતાના ભાવથી હું કહું છું કે, તમે હજી જુવાન છો અને હું તમારા કરતાં કેટલાંય ચોમાસે હું વડીલ છું.'' (You are still young, but I am advanced in age.) મેં હસતાં જ વચ્ચે પૂછયું, ``And don't you think that perhaps that may be the reason of the change that has come over you? Not increasing wisdom but dwindling energy?'' થોથવાઈ ગયા હોય તેમ સાહેબ બોલ્યા, ''તમે બેરિસ્ટર છો. હું અભણ બંદીવાન જેલર છું. પણ મારા ઉપદેશને તમે તુચ્છ માનો નહીં. ખૂન એ ખૂન - ખૂન કયારેય સ્વાંતત્ર્ય આપશે નહીં. (Murders are murders and they will never bring independence) અર્થાત, પણ આ તમે પેલા આયર્લેન્ડના સિનફિન વાળાઓ કેમ શીખવતા નથી? અને હું હત્યાનો તરફદાર છું એવું તમને કોણ કહયું? વિષય બદલતાં એ બોલ્યા. હવે સુપરિન્ટેન્ડન્ટ આવવાના છે. ખરેખર જોતા મારું તમારી સાથે રાજકારણ વિશે બોલવું નિયમ વિરુદ્ધ છે. પણ તમારા જેવા વિદ્વાન, જુવાન અને પ્રખ્યાત મનુષ્યને આવા

બદમાષોની ટોળીમાં જોઇ અંતઃકરણ ખળભળે છે. એટલે આટલું કહ્યું. હવે પાછળ જે થયું એ થયું. એનાથી મારે કાઇ લેવાદેવા નથી. ફકત અહીં તમે જેલના નિયમો પાળ્યા કે મારું કામ થયું. નિયમ વિરુદ્ધ કયારેય વર્તતા નહીં. નહીં તો મારે સજા કરવી પડશે. રાજકારણ વિશે બંદીવાનો સાથે બોલવું એ હું નિયમ વિરુદ્ધનું વર્તન કરી રહ્યો છું એવું કહેનારા બંદીપાલે તમે નિયમ વિરુદ્ધ વર્તતા નહીં, નહીં તો મારે સજા કરવી પડશે. એવું કહેવું કેટલું અજાણતાં જ હાસ્યથી ભરેલું હતું. એ એના ધ્યાનમાં આવ્યું નહીં.

''હજી એક સાવધાનીનું સૂચના તમને કરવું હું મારું કર્તવ્ય સમજું છું કે, તમે અહીંથી ભાગવાનો પ્રયત્ન કરવાનો વિચાર કર્યો તો ભયંકર સંકટમાં પડશો. આ જેલની આસપાસ મોટાં મોટાં ગીચ જંગલો હોવાથી એમાં મહા ક્રૂર જંગલી લોકો રહે છે. એ તમારા જેવા કુમળા છોકરાઓ જુએ છે અને એને કાકડીની જેમ ખાઇ નાખે છે. હસો છો શું? શું જમાદાર, હું કહું છું એ સાચું કે ખોટું?'' જમાદાર અર્થાત્ જ સલામી આપતાં બોલ્યો, ''અક્ષરશઃ સાચું સાહેબ.''

''મને પણ એ ખબર છે,'' મેં કહયું, ''હું પકડાઇ જતાં પ્રથમ જ પુસ્તક લાવીને વાચ્યું એ આંદામાનનું સરકારી ઇતિવૃત હતું. પોર્ટ-બ્લેર માર્સેલ્સ નથી એ મને ખબર છે.''

''ઠીક તો આ જુઓ, હવે મારા મત મુજબ ચાલો, હું તમને ઉપયોગી થઇ પડીશ. હં... જમાદાર, લઇ જાઓ આમને અંદર અને એ સાત ક્રમાંકની ચાલીના ઉપરના માળની કોઠડીમાં બંધ કરી નાખ.''



પ્રકરણ આઠમું

કોઠડીમાંનું પહેલું અઠવાડિયું

જમાદાર મને લઇને સાત ક્રમાંકની (નંબરની) ચાલીમાં બંધ કરવા માટે ચાલ્યો. રસ્તામાં એક ટાંકી આવી. જમાદાર બોલ્યો, ''આમાં સ્નાન કરો.'' હું ચાર પાંચ દિવસથી નાહી શકયો નહતો. દરિયાઇ પ્રવાસથી શરીર એકદમ મલીન અને પરસેવાવાળુ થયેલું હતું. એટલે સ્નાન કરવાની પરવાનગી મળવાથી આનંદ થયો. પરંતુ પલાળવાનું શું ? જમાદાર બોલ્યો, ''આ લો લંગોટી ! હવે કામ કરતી વખતે અને સ્નાન કરતી વખતે હંમેશાં આ લંગોટી પહેરવી જોઇએ !'' મન થોડુંક ખચકાયું, પાછું બોલ્યું ''રે ગાંડા ! અરે રામદાસ પણ લંગોટી જ પહેરતા હતા. આ તારા કપડાંમાં શું છે એ બધાને ખબર છે જ. પછી તું એ ડોબાથી છુપાવે છે ? આ જ વિકારને તો મિલ્ટને dishonourable (ડિસઓનરેબલ) કહયું છે. યુરોપમાં આવો એક ધર્મ પંથ હતો કે જે કપડાં પહેરવાં એટલે પાપ સમજતો હતો. કારણ એડમ અને ઇવ બંને પણ નિષ્પાપ અવસ્થામાં નિઃવસ્ત્ર જ હતાં. એ પંથના અનુયાયી પણ એવા જ રહેતા. એમને એડમાઇન્ટ કહેતા. અત્યારે પણ યુરોપમાં ધર્મદ્રષ્ટિથી ના હોય તો પણ શાસ્ત્રદ્રષ્ટિથી કેટલેક ઠેકાણે નાની-નાની સ્ત્રી-પુરૂષોની વસાહત આવા પ્રદેશમાં સ્થાપવામાં આવતી કે જેમાં સ્ત્રી-પુરુષોએ કપડાં ટાઢપૂરતાં જ પહેર્યા તો ક્ષમ્ય ગણવામાં આવતાં. એ સિવાય હંમેશાં નિઃવસ્ત્ર રહીને સૂર્યપ્રકાશમાં શરીરો અનાહત રાખવાં પડતાં. કારણ કપડાંનો અતિશય મોહ, શરીરને સૂર્યનું દર્શન લગભગ મર્યા સુધી કે પછી મર્યા બાદ પણ યુરોપમાં થવા દેતું ના હોવાથી આરોગ્યની દ્રષ્ટિથી જોખમી થાય છે. એવો ત્યાં કેટલાક ડોકટરોના મત થયેલો છે. આ વિચાર એક બાજુ મગજમાં આવતી વખતે જ હાથેથી ઝડપથી મે કપડાં કાઢી ચડ્ડી (બંદીવાનને મળતો કછડો) છોડી નાખી એકદમ ખુલ્લી લંગોટી પહેરી પણ નાખી હતી. જમાદારને બીજા રાજકીય બંદીવાનો પ્રથમવાર લંગોટી પહેરતા ત્યારે અમુક લજ્જાની છોળો ઊડતી તે જોવા મળી નહીં એટલે હું બહુ જ નફફટ માણસ છું એવી સમજ એના ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી. જેમતેમ લંગોટી પહેરીને સ્નાન કરવા આનંદથી ગયો અને લાગ્યો પાણી કટોરો (બંદીવાનને આપેલી થાળી) ભરીભરીને લેવા. ત્યાં જમાદાર બરાડયો, ''આવું નહીં કરવાનું, આ કાળા પાણી છે. પહેલાં ઊભા રહેવાનું, પછી હું કહીશ, લો પાણી ! એટલે નમવાનું અને પાણી લેવાનું, એક કટોરો. પછી હું કહીશ અંગ મળો એટલે અંગ ઘસવાનું, હાથેથી અને પાછું હું કહીશ ઔર લેવ પાણી, કે પાછું બે કટોરા પાણી લેવાનું અને પાછા ફરવાનું. ત્રણ કટોરામાં, ત્રણ થાળી પાણીમાં સ્નાન કરવાનું !''

એ મુસલમાન પઠાણ જમાદારનો આદેશ થતાં જ હું ચકરાયો. હું ક્ષેત્રમાં રહેનારો હોવાથી નાશિક-ત્રંબકમાં સંકલ્પની શિસ્તથી સ્નાન કરવાની મને ટેવ હતી જ. મનમાં હસીને કહ્યું. એવો આ પણ એક સંકલ્પ જ ગણવો. એ ગોરા-પાણી પરનો સંકલ્પ હતો. આ કાળા પાણી પરનો સ્નાન સંકલ્પ કહેવો એટલે પત્યું. એ દાઢીદીક્ષિતે એ સંકલ્પ કહેવાનો આરંભ કર્યો. હું સ્નાન કરવા લાગ્યો. ત્યાં આંખ એકદમ બંધ થઇને કાંઇ ના દેખાવા જેવું થયું અને આગ લાગવા માંડી. થયું તોયે શું ? સંકલ્પમાં કયાંક ભૂલ તો થઇ નહીં ! એટલામાં તો મોઢામાં પાણી પણ લેવાઇ ગયું ! ત્યાં મોઢું એકદમ થૂ થૂ થૂ કરીને બળવો કરી ઊઠ્યું. જીભ એકદમ ખારી થઇ ગઇ ત્યારે સાહસ કરીને જમાદારને પૂછયું, ''આ પાણી ખારું કેવી રીતે થયું ?'' એ બોલ્યો, ''એટલે દરિયાનું પાણી ક્યારેય મીઠું હોય છે કે કેમ ?'' ત્યારે ધ્યાનમાં આવ્યું કે અમારું આ સમુદ્રસ્નાન થતું હતું. પીવાના પાણીની અછત હોવાને કારણે આંદામાનમાં સ્નાન કરવા, કપડાં ધોવા, વાપરવા માટે બધે દરિયાનું પાણી વાપરવું પડતું, એ પણ નળથી લાવીને ટાંકીમાં ભેગું કરેલું.

શરીર આખું ચપચપ થઇ ગયું. વાળ કડક થઇ ગયા. સ્નાન કર્યું ના હોત તો સારું થાત એવું લાગવા લાગ્યું. પણ પાછું લાગ્યું, હવે ટેવ પડવી જ જોઇએ. લંડન અથવા પેરીસમાંના ટર્કિશ બાથ ખૂબ માણ્યાં, હવે થોડાં

આંદામાનિશ બાથની મજા નહીં કે લેવાની? રાષ્ટ્રીય પાપોનું ધોવાણ સારા સાબુ અને સુગંધી તેલ લગાવીને ગરમ પાણીના ફૂવારા નીચે કરેલા સ્નાનથી અને સંસ્કૃત સંકલ્પથી નહીં પણ ખારા પાણીના, 'લેવ પાની'ની બૂમ પાડનારા કઠોર સંકલ્પના આદેશપ્રમાણે લીધેલા આ ત્રણ કટોરા સ્નાનથી જ થવાનું છે!

કપડાં પહેરીને આગળ ચાલું કે એક ઇંટોથી અને પથ્થરોથી પાકા પાયે બાંધેલી દીવાલમાંના ઊંચા લોખંડી સળિયાને એકસરખા મારીને જુદી પાડેલી, અને લાકડાનો સ્પર્શ પણ જેને આગના ભયથી થયો નથી, અને જેમાં એકસરખી ઓરડીઓ સપ્રમાણ બનાવેલી છ, એવી ત્યાં ત્રણ માળની ચાલી મને દેખાઇ. એ સાંકડાં પગથિયાં, એ ધોળો સફેદ રંગ, એ સીડીઓ અને એ સપ્રમાણ બાંધણી જોઇને એકાદ વાડોજ હોવો જોઇએ એવો મનને થોડોક આનંદ જ થયો. મનમાં બોલ્યો, આ જ એ સાતમા ક્રમાંકની ચાલ. એના ત્રીજા માળે મારે રહેવાનું છે. વાહ, ઉત્તમ, ખુલ્લી હવા, ખુલ્લોપ્રકાશ આવશે. પોતાનું ઘર આવું હોત તો આપણે શ્રીમંત ગણાયા હોત, અને કદાચ ચાર-ચાર મહિના આ વિશાળ ભવનમાં અને આ લીલા આંગણામાં આપણે જાતે ખુશીથી રહ્યા હોત. પછી આ બંદીની શાળા એવી ભાવના મૂકી દીધી તો આ વાડામાં પણ રહેવું એકદમ અગવડભર્યું નથી જ. રહેવા પૂરતો જ વિચાર કર્યો તો 'મમ' અને 'ન મમ'માં જ સુખ-દુઃખનાં બીજ છે એવું વેદાન્ત પણ કહે છે એ કાંઇ ખોટું નથી. સારું તો, શકય ત્યાં સુધી એવી જ વૃતિ રાખવાની. આટલું ફક્કડ ઘર વગર ભાડે મળ્યું હોઇને એને બંદીશાળા કહીને કારણ વગર શું કામ ડરવાનું? કેટલાક દિવસ અહીં આનંદથી કેમ ન રહેવું?

''પણ થોડા એટલે કેટલા દિવસ? '' શંકાથી પૂછ્યું આને ગણગણ્યો કે, ત્યાં જ તો વાંધો છે ! આંદામાનના નિયમ મુજબ છ મહિના બાદ બંદીઓને ગૃહમાંથી બહાર છોડવામાં આવે છે. બીજાઓ કરતાં પોતાના પર ગુસ્સો, વધુમાં વધુ તો એક વરસ અંદર રાખશે. સિપાઇઓએ અમને કહયું હતું કે ત્રણ વરસથી વધુ કોઇ મનુષ્ય આજ સુધી આ સિલ્વર જેલમાં આવ્યા પછી એકસરખો પૂરીને રાખવામાં આવ્યો નથી. ત્યારે વધુ વધુ ત્રણ વરસ મને પૂરી રાખશે. પરંતુ કઠીનતમ એ ધારીને જ એનો સામનો કરવાની માનસિક સિદ્ધતા પહેલેથી કરી રાખવાની, આ મારા સંકટમાં અત્યંત ઉપયોગી પડેલા નિયમ મુજબ અનુસરતાં હું બોલ્યો, એ પણ છોડો, વધુમાં વધુ તો પાંચ વરસ આપણને આ ઓરડીમાં પૂરી રાખશે, એમ ધારી લઇએ એટલે પત્યું. ઠીક તો, આ ખરાબ નહીં હોનારા બંદીગૃહને પોતાનો વાડો ગણીને પાંચ વરસ સુધી અહીં જ રહેવાનું અને કાવ્ય રચવાનાં. એવી સરકારી આજ્ઞા તરીકે ના હોય તો પોતે સ્વેચ્છાએ લીધેલો નિર્ણય સમજી નિયમ કરીએ.

આ માનસિક રમકડાથી રમતાં રમતાં હું ત્રીજા માળે પહોંચીને એ ઓરડીના દરવાજા પાસે આવીને ઊભો રહ્યો હતો. હું ત્યાં આવવાનો એટલે એ આખી ચાલ, જેમાં લગભગ ૧૫૦ માણસો રહેતા, ખાલી કરાઈ હતી. કેવળ સરકારી દ્રષ્ટિથી ઉત્તમ પરંતુ બંદીવાનના દ્રષ્ટિથી ચુગલીખોર, પાપી, કુર્કમી અને ઊંધા હ્દયના ગણાતા ત્રણ 'વોર્ડર' ત્યાં મુકાયા હતા. એ ત્રણે બલુચી અને પઠાણી મુસલમાન હતા. રાજકીય બંદીઓ પર અને એમાં પણ ખાસ તો મારી પર ઘણી વખત પઠાણી, બલુચી મુસલમાન સિવાય બીજા કોઇને પણ પહેરો કરવાનું કામ સોંપાતું નહીં. જેમને એ કામ સોંપાતું તેમને એમાં મોટું ગૌરવ લાગતું. કારણ અધિકારીઓને અમારી પર વિશ્વાસ છે, એવું ઘમંડ એ કરી શકતા. એમના હસ્તર અમારી ગુપ્ત ખટપટની વાતઓ મળવાની હોવાને કારણે અને અધિકારીઓને લાગે તે અન્યાયી અને ક્રૂરતાનાં કામ કરવાને એ તૈયાર રહેતા હોવાને કારણે આ બલુચી અને પઠાણી મુસલમાનો સો ત્યાંના અધિકારી પણ ઢીલાશથી વર્તતા. તેમનું અનિયમિત જ નહીં પણ અનીતિભર્યું વત્નન પણ ક્ષમ્ય ગણીને અહીં બધા પર, ખાસ તો હિંદુઓ પર એમનો કડપ અને ડર રહે એવું ધોરણ રાખતા. અમે રાજકીય બંદીઓ બધા હિંદુ જ હોવાથી, એ બંદીગૃહમાં અમે ગયા ત્યારથી ઉપરનાં કારણો માટે માટે હિંદુ લોકો પર સંક્રાંત આવવા જેવી સ્થિતિ થઇ. અમે હિંદઓુ, હિંદુ બંદીવાનો પર હિંદુ જમાદાર રાખ્યો તો અમારી સાથે સહાનુભૂતિ રાખવાનો વધુ સંભવ. એમાં પણ અમે રાજકીય બંદીવાન તરીકે અમારી હિલચાલની સાચી વાતો બઢાવીચઢાવીને

અને ના હોય તે ઊભી કરીને અધિકારીઓ સુધી પહોંચાડવાનું અને શકય એટલી ક્રૂરતાપૂર્વક અમારી સાથે વર્તવાનું જડ હ્રદયનો કસબ હિંદુઓ માટે મુસલમાનોની જેમ કેળવવો સ્વભાવે જ અશકય, એટલે હિંદુઓને બઢતી મળવી મુશ્કેલ થવા લાગી.

બીજું એવું કે, પઠાણોને આ દુષ્ટ કાર્ય માટે માથે ચડાવી લેવા અધિકારીઓને ફાવી ગયા હોવાથી હિંદુઓનો છળ કરીને 'સર્વપાપં વિનશ્યતિ' કહીને નાનપણથી જેમને ધર્માંધતા શીખવી હોય તેવા કુકર્મી મુસલમાન પઠાણો હિંદુ વિરુદ્ધ ખોટી વાતો ઉછાળીને અને એમનો છળ કરીને તેમને વધુ પીડા બિનધાસ્તપણે આપી શકયા! કારણ એ મુસલમાનો વિરુદ્ધ 'બારીબાબા' કોઇનુંયે સાંભળશે નહીં એ બધાના અનુભવથી નક્કી થયેલું હતું. આવી રીતે હિંદુ બંદીઓમાંના અધિકારીઓની જગ્યા ના મળવા જેવી સ્થિતિ થઇ. જે હિંદુ બંદીવાન અધિકારી હતા તેમનાં વિરુદ્ધ કપટ કરીને પઠાણ બંદાઓએ એમને કઢાવી મૂક્યા અને નવી ભરતી પઠાણી બંદાઓની જ અધિકારીઓની જગ્યા પર થતી ગઇ. પઠાણ અધિકારી હંમેશાં પઠાણોનો પક્ષ લેતો. આ એમનો સાથ સત્કૃત્યમાં જ ખપી જતો હતો. પણ એ પાપી એકતાને કારણે પઠાણી મુસલમાન, સિંધી મુસલમાન, બલુચી મુસલમાનનાં જૂથના બંદીવાન અધિકારી પોતાની જાતિના બંદીઓ સાથે શકય તેટલો છળ હિંદુઓને સાથે કરવાને ઉત્તેજન આપવા લાગ્યા. તેના લીધે અમે રાજકીય હિંદુ બંદીવાનોએ એ કારાગૃહમાં પગ મૂક્યા ત્યારથી ત્યાં જ નહીં તો આખા આંદામાનમાં હિંદુ બંદીવાનોના અને બંદી અધિકારીઓના બહુ ખરાબ હાલ થવા લાગ્યા! આનું પરિણામ કેટલે દૂર સુધી પહોંચતું, એની વાત ધીરેધીરે આગળ આવશે જ. એ વાત વ્યવસ્થિત સમજવામાં આવે એટલે અહીં જ એનું એ મૂળ કારણ થોડુંક જણાવી રાખ્યું છે. એ મુસલમાનોમાં પઠાણી, સિંધી અને બલુચી એવા અંગત અપવાદ છોડીને, મોટાભાગના અધિકારી અત્યંત ક્રૂર અને હિંદુ દ્વેષથી ખદબદતા રહેતા. તેમની ખાસ્સા નીચે આવે પંજાબી મુસલમાન, અન્ય બંગાળી, મરાઠી, તામિલ, વગેરે મુસલમાન બંદીવાન. અંગત અપવાદ છોડીને એક જોતાં એકંદરે તેઓ એટલા દુષ્ટ પણ નહોતા અને હિંદુ દ્વેષી પણ નહોતા. છતાં પણ આ એમના સૌજન્યને દુર્ગુણ ગણીને ઉપરી ક્રૂર મુસલમાન હંમેશાં હસતા રહેતા હોઈને એમને એ ''આધા કાફિર હી હૈ,'' 'આ તો અડધો કાફિર છે,' અએવું કહેતા હોવાથી એ પંજાબેતર મુસલમાન પણ ધીરે ધીરે પઠાણીઓનું અનુકરણ કરવા લાગતા. છતાં પણ એ ત્યાંની સરકારના વિશ્વાસપાત્ર નહોતા. અધિકારીઓની લાગણી એટલે જ વ્યુત્ક્રમે વધુ કષ્ટ તરફ ઢળતી હતી.

એટલે જ મારા પર તો મુસલમાનોમાંથી જ નહીં તો પઠાણોમાં પણ જે એકદમ નફ્ફટ વોર્ડર, જમાદાર અથવા 'પેટા ઓફિસર' એટલે કે બંદીઓમાં બઢતી મેળવેલો બંદીવાન અધિકારી જ નીમવામાં આવતો. એવા જ ત્રણ વોર્ડરોના હાથમાં મને સોંપી, ઓરડીમાં બંધ કરીને અને તાળું મારીને એ જમાદાર નીકળી ગયો.

બીજા દિવસે સવારે આઠ વાગ્યાના સમયે એ પઠાણી વોર્ડર ઉતાવળે મારી કોઠડી સામે આવીને ''સાહેબ આતા હૈ, ખડે રહો,'' એવું બોલ્યો. હું દરવાજા પાસે આવ્યો. દરવાજો એટલે કોઠડીના સળિયાનું કાયમ બંધ રહેતુ ફાટક. બારીસાહેબ પોતાની સાથે બીજા કેટલાક ગોરા લોકોને લઇને આવ્યા. હું એ કારાગૃહમાં ગયા બાદ બારીસાહેબને નવું મહત્વ પ્રાપ્ત થયું હતું. ત્યાંના યુરોપિયન સ્ત્રી-પુરુષોમાં મને જોવાની અને શકય તો કાંઇક વાતો કરવાની ઇચ્છા હશે; એને કારણે એમની પાસે બારીસાહેબ સામે હા-જી હા-જી કર્યા વિના બીજો માર્ગ રહેતો જ નહીં. ઘણી વિનવણીઓ બાદ એકદમ ગૂપચૂપ રીતે ક્યારેક બારીસાહેબ એમને બંદીગૃહમાં લાવતા અને મને મળાવીને અથવા દૂરથી જ બતાવીને પોતે એમના પર બહુ મોટો ઉપકાર કર્યો, પણ હવે આગળ થશે એ પચશે કેવી રીતે એ વિવેચનમાં પોતે મગ્ન થયા છીએ એવી ગંભીર મુદ્રા કરીને ''That will do! That will do'' એવું કહેતાં એ મહેમાનોને ઉતાવળે પાછા લઇ જતા. આ તક મેળવવી એટલે પંદર-પંદર દિવસ બારીસાહેબના બંગલા પર એમનાં મનામણાં કરતાં રહેતાં ગોરા સાર્જન્ટોનાં અને સ્ત્રીઓનાં ઉદાહરણો મને ખબર છે.

‘સરકાર’ કહીને વોર્ડર બૂમ પાડતાં જ હું ત્યાંના નિયમ મુજબ સીધો ઊભો રહયો. બારીસાહેબ કોઠડીના સળિયાના નાના એવા ફાંટામાંથી દેખાય તે પહેલાં એમનું પેટ દેખાવા લાગ્યું. કારણ એમના આખા શરીરને પાછળ નાખતું, અને આખી દુનિયાને તુચ્છપણે આહ્વાન આપતું બારીસાહેબનું, પૃથ્વીનો આકાર દર્શાવવા માટે સ્કૂલમાં મૂકેલા ગોળા જેવું, એ પેટ તેમનાથી બે ડગલાં આગળ દોડતું. અને એમના એ પેટ પર વચ્ચે સુધી ચડેલો તુમાનીનો એ ચામડાનો પટ્ટો ભૂમધ્યરેખા જેવો શોભતો હતો.

સત્તાવન સાલના વિપ્લવની ચર્ચા

બારીસાહેબે શરૂઆત કરી : ‘‘હું તમારો બંદીપાલ (Jailer) છું એવું લોકો તમને કહેતા હશે નહીં ?’’ મેં ફકત સ્મિત કરતાં જોયું, ‘‘પણ હું તમને કહું છું કે હું તમારો એક મિત્ર છું.’’ સાથેના મહેમાનો એકદમ ચૂપ હતા. કારણ બારીસાહેબ પ્રત્યક્ષ બોલવાનો અધિકાર સાવ તેમના જેવા જ મગજનાને આપત, બીજાઓને નહીં. ‘‘મને તમારા જેવા સુશિક્ષિત માણસ સાથે વાતો કરવાની બહુ હોંશ હોય છે. એટલે હું સહજ જ કયારેક કયારેક ખુલ્લા મને બોલવા માટે આમ આવું છું. તમે કાંઇ અઢારસો સત્તાવનના એ દુષ્ટ વિપ્લવનો ઈતિહાસ લખ્યો છે, નહીં ?’’ આ વાકય પણ બોલતા હું ફકત થોડું હસીને જોતો હતો. હું જાણી ગયો કે, આ સવારી દાણો દાબીને ચકાસણી કરવા આવી છે, અને મારી એકંદરે પ્રવૃત્તિ નિહાળવાનો એમનો હેતુ દેખાય છે. હું પણ એ શું કહે છે એ સાંભળી લેવામાં આપણી પણ એકલતાથી ભારે થોડોક હળવો થાય તો જોઇએ એ વિચારમાં હતો. મેં કહયું, ‘‘એ વિષય પર મેં ઘણાં બધાં પુસ્તકો વાચ્યાં છે એ સાચું:’’ એ બોલ્યા, ‘‘તો પછી આવા દુષ્ટ લોકો વિશે તમને ઘૃણા ના થઈ ? શું એ લોકોનું પિશાચી કાર્ય ! મારા વડીલ પોતે એ વિપ્લવમાં સપડાયા હતા. એ અમને કહેતા, એ અધમ નાનાસાહેબે કાનપુરમાં પોતે અંગ્રેજી સભ્ય સ્ત્રીઓના હાલ હાલ કરીને એમનાં મોંઢામાં XXX! એવા એ નરરાક્ષસ !’’ મેં પૂછયું, ‘‘તમારા વડીલે એ કૃત્ય પોતે જોયું ?’’ એ તરત બોલ્યો, ‘‘ લખનઊમાં આ કૃત્યપ્રત્યક્ષ જોનારા એક કર્નલે એમને કહ્યું !’’ મેં કહયું, ‘‘તો પછી એ ખોટું હોવું જ જોઇએ; કારણ નાના લખનઊમાં ના હોઈને અંગ્રેજી સ્ત્રીઓને અને પુરૂષોને બંદી બનાવ્યાં એ સમયે કાનપુરમાં હતા,’’ એ ના સાંભળ્યા જેવું કરીને બારીસાહેબ બોલ્યા, ‘‘આવાં સેંકડો ઉદાહરણો બન્યાં હશે ! જેવી આ આ વાત કહેતા-કરતા દંતકથા થઇ તેમ એ પણ થઈ હશે.’’

હવે એ મહેમાનોમાં એકદમ સભ્ય દેખાતો એક ગૃહસ્થ બોલ્યો, ‘‘પરંતુ એક જોતાં નાનાસાહેબ, તાત્યા ટોપે વગેરે બેડખોરો જેવા સ્વાર્થી લોકોનો તમને ગુસ્સો નથી આવતો કે ?’’ મેં એમને કહ્યું ‘‘આ મુદ્દે બંદીગૃહમાં ચર્ચા કરવી તમને યોગ્ય લાગતી હોય તો હું કરું છું; પરંતુ અહીં હું એક બંદીવાન હોઈને આ એક બંદીપાલ છે. ચર્ચા કરવી હોય તો તેટલા પૂરતો બરાબરીનો સંબંધ તમારે મનમાં ધારવો જોઈએ. નહીં તો મારા મોઢે બંદીવાન કહીને તાળું મારીને મારા રાષ્ટ્રના ઈતિહાસનો એકપક્ષી અને અપમાનજનક ઉલ્લેખ કરવો એ નિંદનીય અને હલકાપણાનું વર્તન છે એ તમારે માન્ય કરવું જોઈએ.’’ બારીસાહેબ બોલ્યા, ‘‘અરે ! મેં તમને પહેલાં જ કહયું કે હું અહીં મિત્ર તરીકે હમણાં ઊભો છું. જોઈએ એ ચર્ચા કરો.’’ ‘‘તો પછી,’’- મેં જવાબ આપ્યો, ‘‘હું મુક્તપણે મારું મંતવ્ય કહું છું. મને એ ખબર છે કે, મારાં મંતવ્યો તમને જહાલ લાગશે અને તે એવાં છે કે નહીં એ જોવા માટે જ આ ચર્ચા હશે. પરંતુ મને એ છુપાડી રાખવાની ક્યારેય આવશ્યકતા જણાઈ નહીં. આ ઐતિહાસિક પ્રશ્ન છે; અને એ મુદ્દો મને કોઇપણ તપાસ થવાની હોય, તો પણ એ તપાસના ભયથી હું મારા રાષ્ટ્રના ઈતિહાસનો અને પ્રમુખ ભૂમિકાનું અપમાન ચૂપચાપ સાંભળી લેવાને બાયલાપણું ગણું છું. તમે નાનાસાહેબ વિશે હમણાં જે દંતકથાઓ કરી એના સાચા-ખોટાપણા વિશે નિર્ણય લેવા માટે અંગ્રેજોએ જ એક સરકારી કમિશન નિમ્યું હતું. અને એનો નિર્ણય એવો આવ્યો કે, આ અંગ્રેજી સ્ત્રીઓ પર કરેલા નૈતિક અત્યાચારોનાં વર્ણનો ખોટાં અને અતિશયોક્તિભરેલાં હોવાથી એનો જન્મ અંગ્રેજી છાવણીમાંના ગોરા અધિકારીઓનાં ગંદા પેટમાં જ થયો છે.’’

કોણ સ્વાર્થી નથી ?

''તમે નાનાસાહેબ અને તાત્યા ટોપેને સ્વાર્થી કહ્યા.'' ''હા,'' એ મહેમાન બોલ્યા, ''કારણ નાનાને રાજા થવું હતું, અને તાત્યાને મોટાપણું જોઈતું હતું.'' મેં કહયું, ''એ એકદમ સાચું, અને એ પણ સાચું છે કે, વિક્ટર ઈમાન્યુએલને ઈટાલીનો રાજા થવું હતું, વોશિંગ્ટનનેપ્રેસિડન્ટ થવું હતું અને ગેરિબાલ્ડીને પણ મોટાપણું જોઈતું હતું!! હકીકતમાં તેઓ એમના જાતીય સ્વાતંત્ર્ય માટે લડ્યા - અને આ એમનાં'' ''તો પછી એટલે જ તમે પણ વિપ્લવ કર્યો કે કેમ?'' બારીએ પૂછ્યું. મેં જવાબ આપ્યો. ''એ પ્રશ્ન એકદમ સ્વતંત્ર છે. સત્તાવનનું સ્વાતંત્ર્ય યુદ્ધ થયું એટલે જ કેવળ આજે પણ એ કરવું કે પછી સત્તાવનમાં જે થયું ના હોત એ આજે પણ કરવું નહીં, એવું કહેવું એ બંનેને હું મૂર્ખામીનાં લક્ષણો માનું છું.'' એ મહેમાન સત્તાવનના રાષ્ટ્રીય વિપ્લવના ઈતિહાસ પરના એકાદ-બે પુસ્તકો વાચેલાં હોય એવા દેખાયા. એ વચ્ચે જ બોલ્યા, ''તો પછી તમારું કહેવું એમ છે કે અંગ્રેજી સ્ત્રીઓનાં કતલ વિદ્રોહીઓએ કર્યાં એ વાત જ મૂળે ખોટી છે.'' મેં કહયું, ''એવું કોણ કહે છે? એ વાત એકદમ સાચી છે, અને એ કરુણાજનક પણ છે. પરંતુ એનું કારણ શું એ મહત્ત્વનો પ્રશ્ન છે. એ સ્ત્રીઓ સાથે પહેલાં તો યુદ્ધના બંદીવાનો સાથે વર્તવામાં આવે એવી રીતે જ વર્તવામાં આવતું હતું; એ એમનામાંની બચેલી સ્ત્રીઓના અને બીજા સાક્ષીઓ પરથી સ્પષ્ટ થાય છે. એ કમિશન સામેની સાક્ષી મેં પ્રસિદ્ધ કરી છે. પરંતુ જ્યારે અંગ્રેજ સેનાએ કાનપુર જીતવા માટે આગેકૂચ કરી, ત્યારે અલાહાબાદની આસપાસનાં ગામનાં ગામ આગ ચાંપીને જીવતા બાળવામાં આવ્યાં. અને તેમાંનાં રાષ્ટ્રીય વિપ્લવમાં લડત આપનારાનાં સેંકડો બૈરાં-છોકરાંઓની અક્ષરશઃ હોળી કરવામાં આવી! ત્યારે આ સમાચારથી કાનપુરના ક્રાંતિકારીઓના સૈન્યમાં ભયંકર ક્ષોભ ઉત્પન થયો. એટલામાં જે અંગ્રેજી સ્ત્રીઓ યુદ્ધ બંદીવાન તરીકે કારાગૃહમાં હતી, તેમણે પેલા મડાઈ કરીને આવતા અંગ્રેજી સૈન્યને મોકલાવેલા ગુપ્ત પત્રો અને એમણે ક્રાંતિકારીઓના સૈન્યની મોકલાવેલી વાતઓ મોકલાનારા માણસો પકડાયાને કારણે ચીડાઈ જઈને એ સ્ત્રીઓના વધ કરવામાં આવ્યા.

બંને સરખા દોષી કે પછી નિર્દોષ

''આ ક્રૂર કૃત્યને જેટલો દોષ આપવો એટલો જ અંગ્રેજી સેનાએ કરેલા અત્યાચારને, જેની એ આંશિક અને અલ્પપ્રમાણની પ્રતિક્રિયા હતી, એને પણ આપવો જોઈએ કે નહીં? આયર્લેન્ડમાંના ડ્રોચેડાના કતલથી ક્રોમવેલ નરપશુ ઠર્યા, તેની ઈંગ્લેન્ડને શરમ આવવી જોઈએ એવું તમે સમજો છો કે? આવા ભયંકર અને રાષ્ટ્રીય ક્રાંતિના પ્રસંગે આવાં કૃત્યો થાય છે, જે કેટલાંય ઉદ્વેગજનક હોય તો પણ એને કારણે જે-તે ક્રાંતિના મૂળ ઉદ્દેશનો વિપર્યાસ કરવાનું કાંઈ કારણ નથી. નાનાના આદેશ સિવાય એમના સૈન્યમાંના ક્રાંતિકારી સૈનિકોના ગુસ્સાને બલિ ચડેલી દરેક અંગ્રેજી સ્ત્રીવધની પહેલાં જ કેવળ બંડખોરોને સડો કે બળો, કરવા માટે હિંદી લોકોની દસ-દસ સ્ત્રીઓ જે અંગ્રેજી સેનાનીઓની આગને બલિ ચડી, તેમનાં પૂતળાં ઈંગ્લેન્ડમાં ઊભાં કર્યાં છે. નીલ પોતાની રોજનીશીમાં (ડાયરીમાં) કહે છે, ''અંગ્રેજી રાષ્ટ્રના કલ્યાણાર્થે આ નિર્દયતા કરવી એ મારું કર્તવ્ય હતું.'' સત્તાવનના ક્રાંતિકારીઓને પણ એ જ સમર્થન ઉપયોગી પડશે નહીં કે? દોષી હોઈએ તો આપણે બન્ને પણ ઓછા-વત્તા પ્રમાણમાં દોષી જ છીએ. નહીં તો કોઈ જ નહીં.''

એ મહેમાન બોલ્યા, ''હું એવું માનું છું કે એ વિપ્લવ રાજકીય સ્વાતંત્ર્ય માટે જ હતો. અને જે અનેક અશ્લીલ વાતો એ સિપાઈઓ વિશે ફેલાયેલી છે એ પણ ઘણીખરી નિરાધાર છે. પરંતુ આજે એનાથી પાઠ શો ભણવાનો?''

''એ મારો પ્રશ્ન જ નથી. કેવળ ઐતિહાસિક તરીકે મેં આટલી ચર્ચા કરી. અત્યારના સંબંધે વિશે મેં જે પહેલાં કહ્યું એની આગળનું અહીં વધુ મારા માટે કાંઈ કહેવું શક્ય નથી.''

''સારું, આજે નહીં તો નહીં, આગળ આપણે ક્યારેક વાત કરશું.'' એવું એકદમ સહજપણે બોલવા ખાતર બોલીને અને મારી તબિયત વિશે સહાનુભૂતિપૂર્વક પૂછપરછ કરીને કરી બારીસાહેબ જતા રહ્યા.

અનુષ્ટુપ છંદ

આગળના બે દિવસ મને કાંઈ જ આપવામાં આવ્યું નહોતું. પુસ્તકો મહિના-બે મહિના વર્તણુક જોઈને પછી આપવામાં આવશે એવું કહેવામાં આવ્યું. કાગળનો ટુકડો મળવો તો શક્ય જ નહોતું. વાતો કરવા માટે પંખી પણ નહીં. ત્યારે આ એકલતાપણામાં દિવસ કાઢવાનું ઉત્તમ સાધન એટલે હું પહેલાં કરતો રહેતો એ કવિતા આગળ રચવાનું શરૂ કરવાનું નક્કી કર્યું. વચમાં સમુદ્રપ્રવાસ વગેરે ગડબડમાં એ કામ સાવ બંધ પડ્યું હતું. કારણ ત્યાં બોલવા અને વાચવા માટે મળ્યું હોવાથી વિચારોનો લૌકિક પ્રસાર કરવાનું બીજું કામ કરવું શક્ય થયું હતું. કવિતા રચવા બેસતા જ મનમાં આવ્યું કે, મરાઠીમાં અનુષ્ટુપ છંદનો પ્રચાર લગભગ નહીંવત્ થઈ ગયો છે, એ કાંઈ સારું નથી. રામાયણ-મહાભારત જેવાં મહાકાવ્ય જેમાં ગાઈ શકીએ અને ગીતા જેવું તત્ત્વજ્ઞાન પણ સુવ્યક્ત થઈ શકે એવા એ મીઠા, જાણીતાં અને કેટલાક કાવ્યપ્રકારને અત્યંત અનુકૂળ એવા અનુષ્ટુપની પૂછપરછ કરવાનું પણ સાવ છોડી દેવું એ હાનિકારક નિર્દયતા મરાઠી માટે લાંછન જેવી છે. મોરોપંતના અનુષ્ટપો અને રામદાસના, બાકી કોઈ એને પૂછતું નથી એવું થયું છે. ત્યારે એમાં જ એક નાજુક, લલિત, નાનું કાવ્ય રચવું એવું થયું. પરંતુ અનુષ્ટુપ તરફ એટલી સ્નેહભરી દ્રષ્ટિએ એકીટશે જોવાનો મારો પણ એ નવો જ પ્રસંગ. ત્યાં એ વૃત્તનો નિયમ શું એ યાદ કરવા લાગ્યો. એ યાદ આવે નહીં. નજીક વૃત્તદર્પણ પણ નહીં. બીજા અનુષ્ટુપ શક્ય એટલા યાદ કરીને અને બોલીને અને એમાંથી નિયમનું મંથન કરીને જાણતો રહ્યો. આખો દિવસ એમાં ગયો. ગણવૃત્ત (માત્રા) બેસાડું તો ગણવૃત્ત બેસે નહીં. ય-ગણ જોયો, ભ-ગણ જોયો, ગણમાં એનું ગણિત જ નથી. એટલામાં તરત જ નાનપણમાં મોઢે કરેલું એક પદ યાદ આવ્યપં, 'अनुष्टुप्छंद ते ज्याला अेक नेम नसे गणी!' એક જ પદ યાદ આવ્યું પણ એણે હાહાકાર કરી નાખ્યો. કારણ એ વૃત્તનો નિયમ શું એ એ જિજ્ઞાસાને એ વૃત્તને ''નેમ ટ નસે'' એવા શાસ્ત્રવચને ભરી દીધાથી માત્ર શ્રુતિસૌખ્ય પર અવલંબીને અનુષ્ટુપ રચવાનો અમે સપાટો બોલાવ્યો.

ત્રણ-ચાર દિવસ બાદ એ અમારા બળાત્કારથી ક્ષુબ્ધ થઈને જ કે શું, પહેલાં નિષાધવિદ્ધાણ્ડજદર્શનથી ક્ષુબ્ધ થઈને જેમ આદીકવિનો શોક શ્લોકસ્વરૂપ ધરીને એ પ્રથમ અનુષ્ટપનો ઉચ્ચાર કરતો થયો તેમ વૃત્તદર્પણમાંનું આ ત્રીજું ચરણ ગુસ્સામાં ઊભા થઈને અમારું સ્મૃતિપટલ ઉચ્ચારાતું થયું. 'અક્ષરે ચરણી આઠ' તો પછી અનુષ્ટુપને 'એક નેમ નસે ગણી' એવું પદ પ્રથમ આપીને પછી નિયમોથું પદ લેવાથી વૃત્તદર્પણકારકોએ કેવી ફસામણી કરી. આઠ અક્ષરો, એ નિયમ યાદ આવતાં જ બધું વ્યવસ્થિત જોડાયું. પણ અમે રચેલા અનુષ્ટુપ તરફ જે જોવા ગયા તો મજા જ મજા. કોઈક પદમાં આઠ અક્ષરો તો કોઈકમાં દસ, તો કોઈના વીસ! કોઈનો કાંઈ મેળ નહીં.

અર્થાત્ એ બધા અનુષ્ટુપોની બીજી આવૃત્તિ કરવી પડી તોયે પત્યું નહીં. કારણ ફક્ત આઠ અક્ષરો ગણી લીધા તો પણ ક્યારેક તે અનુષ્ટુપોની ચાલ પ્રમાણે ચાલે નહીં. એકદમ રીસાઈને બેસી રહેતા. પહેલાં શ્રુતિસૌખ્યએ ફસાવ્યો તો હવે શાસ્ત્રનિયમોએ! ઉદાહરણાર્થે, 'सलिलांत नदीच्या त्या प्रतिबिंबित जीं पद्ये' એ ચરણમાં આઠ-આઠ અક્ષરો હોવા છતાં છેલ્લે અનુષ્ટુપની ચાલથી ચાલવાનો એ સાફ ઈનકાર કરે છે. ત્યારે પહેલાં કરેલા અનુષ્ટુપને કેટલાક દિવસો પછી સાફસૂફી કરીને ત્રીજી આવૃત્ત્તિ કરવી પડી! એ બધી મહેનત સાધનના ભાવે. એક વૃત્તશાસ્ત્રનું પુસ્તક હોત તો એક કલાકમાં નિર્ણય આવત. કારાગૃહમાં મને જે

સાહિત્ય સર્જતા કરતા આવડ્યું તેના માટે સાધનોના અભાવે કેવો વિલક્ષણ ત્રાસ થતો - એક તારીખ માટે, એક શબ્દ માટે, આઠ આઠ દિવસ અટકી રહેવું પડવું. કેવળ જે સ્મૃતિમાં હતું તેના પર બધો નિર્વાહ કેટલાંય વરસો કરવો પડ્યો.

પણ એક વખત અનુષ્ટુપનું જામ્યું અને એ વૃત્તમાં જ એ કારાગૃહની એકાંતકોઠડીમાં 'કમલા'નું 'રાન-કમળ' ખીલવા લાગ્યું.

કારાગૃહમાંની પહેલી ગુપ્ત ચિઠ્ઠી

આજે મને એ ઓરડીમાં બંધ થઈને ચાર-પાંચ દિવસ થઈ ગયા હશે. હજી એ આખા ભાગમાં મારા સિવાય કોઈપણ બંદીવાન છોડ્યો નહોતો કે મને કોઈપણ સમાચાર મળે નહીં. સ્નાન માટે પણ ઓરડી સામે જ. ચાલીને આવવા-જવાનો જે રસ્તો હતો ત્યાં જ પાણી મળતું. હું ત્રીજા માળની ચાલીમાં હતો. દીવાલ પર એકસરખા સળિયા માર્યા હતા, અને એની પાછળ એ રસ્તો અને એની પાછળ એ ઓરડીઓની હરોળ, એવી એ ચાલીઓ હતી. જમી લીધા પછી થોડો સમય થયો. બપોરના સમયે હું ઓરડીમાં બેઠો હતો ત્યારે નીચેથી એક નાનકડો પથ્થર સળિયા પર આવીને પછડાયો અને એ નીચે જઈને પડ્યો. પાછો નીચેથી કોઈએ એને વ્યવસ્થિત ફેંક્યો. એ સળિયા વચ્ચેથી થઈને મારી કોઠડીના દરવાજા પાસે આવી પડ્યો. હું ઊભો જ હતો. સામે નીચે જોયું તો એક વોર્ડર એ પથ્થર ઉપાડો, એવું હાથે ઈશારો કરીને નીકળી ગયો. મેં એ પથ્થર ઊંચક્યો તો તેને બાંધેલી કાગળની એક ચિઠ્ઠી મળી. હું એ ખોલીને વાચું ત્યાં તો નીચે બૂમાબૂમ થતી સંભળાઈ. જરા ખચકાયો, અને દરવાજા પાસે આવીને જોઉં તો નીચે આંગણામાં પેટા ઓફિસરને મારા પહેરા પર રહેલો વોર્ડર મોટેથી બૂમ પાડીને બોલાવતો હતો એવું દેખાયું. મેં ત્યારે જ જાણી લીધું કે ચિઠ્ઠી ફેંકતી વખતે એ વોર્ડરને પહેરા પરના પઠાણ વોર્ડરે જોયો હોવો જોઈએ. અને એને પકડવા અથવા મારી કોઠડી ખોલીને ઝડતી લેવા એ પેટા ઓફિસરને બોલાવતો હતો. એટલામાં એ ઓરડી આગળ આવીને ઊભો રહ્યો. મને એ ચિઠ્ઠી ફાડી નાખવા જેવું લાગે નહીં. કારણ આટલા સાહસ સાથે જેણે મને તે મોકલી તેણે તેમાં કાંઈક મહત્ત્વની હશે તેવી સૂચની મોકલી હશે. પણ એ છુપાડવી ક્યાંય શક્ય દેખાતી નહીં. મિનિટે-મિનિટે, તાળુ ખુલશે, ચિઠ્ઠી મળશે તો લાવનારો વોર્ડર, મોકલનારા બધાએ મુશ્કેલીમાં પડવું પડશે. ત્યારે ઓરડીના ખૂણે એ વોર્ડની આંખોથી બચીને ઊભા રહીને તરત જ શરીર પર રખાય જ નહીં એવા ઠેકાણે એ ચિઠ્ઠી છુપાવી રાખવા સિવાય ઉપાય વધ્યો નહીં. એ મેં એવી છુપાવી કે એમાં જે કાંઈ રહસ્ય હોય એનો ઘાત થાય નહીં. એ પેટા ઓફિસર આવ્યો. તોછડાઈથી પૂછવા લાગ્યો. ચિઠ્ઠી ક્યાં છે? પથ્થર કોણે ઊંચક્યો? મેં કહ્યું, મને કાંઈ ખબર નથી. મારા પહેરા પરને એ પઠાણી વોર્ડર, આવા મજબૂત બંધોબસ્તમાં આવશે કોણ એવા બેધડક વિચારમાં મગ્ન થઈને બેઠો હતો. એટલામાં પેલા પથ્થરનો અવાજ થવાથી ઊભો થઈને જોવા લાગ્યો તો કોઈક ઈશારા પેલા નીચેના વોર્ડરે મને કર્યાનું એણે જોયું. એ શંકાના આધારે એણે બૂમાબૂમ કરી. એમાંય વળી એ વોર્ડર હિંદુ હતો. ત્યારે તેને પકડાવીને બરતરફ કર્યો તો પોતાના હજી એક પઠાણને વોર્ડરની જગ્યાએ લેવાની તક મળે. એટલે એણે હાહાકાર કર્યો. મારી ચાલી પરનો એ પેટા ઓફિસર પણ મુસલમાન જ. કારણકે મારી પાસે હિંદુ ફરકવા દેવો નહીં એ સરકારી પ્રતિજ્ઞા. છેવટે મારી કોઠડીનો દરવાજો ખોલીને એ પેટા ઓફિસરે મારા શરીરની ઝડતી લીધી. ચડ્ડી, બંડીની સીલાઈ પણ ચકાસીને જોઈ. પણ ચિઠ્ઠી મળી નહીં. તેથી હિંદુ વોર્ડરની ઝડતી થઈ. એની પાસેથી પણ કાંઈ મળ્યું નહીં. છેવટે એ પ્રકરણ એટલામાં જ ટળ્યું.

સાવધાનીની સૂચના

અહીં એ બધાના ગયા બાદ મેં શરીરમાંથી ચિઠ્ઠી કાઢીને વાચી, જેલમાંની સ્થિતિનું વર્ણન આપવામાં આવ્યું હતું, કે તેના લીધે મારે ત્યાં કોની સાથે કેવું વર્તવું એની ખબર પડે. જેલમાં એ વખતે રાજકીય બંદી, બંગાળની માણેકતોળાની એક મંડળી અને અલાહાબાદના સ્વરાજ્ય પત્રના ત્રણ-ચાર સંપાદક, એટલા જ લોકો હતા. મને જેમણે ચિઠ્ઠી મોકલી હતી એ મારા પૂર્વપરિચિત બંગાળી મિત્રોમાંના એક હતા. એમણે એવો સંદેશો મોકલ્યો હતો કે રાજકીય બંદીવાન તરીકે બધા પર સહજ રીતે વિશ્વાસ રાખવો નહીં. બંગાળી મંડળમાં ધરપકડ થયા બાદ કેટલાક લોકો ગુપ્ત વાતઓ સરકારને આપવા લાગ્યા છે. એને કારણે ત્યાં અમારામાં બે પક્ષ થયા હોવાથી ફલાણા-ફલાણા મનુષ્યનું હાલ પૂરતું એટલું જ કામ હોય એમ લાગે છે કે, અધિકારીઓને પ્રસન્ન કરીને તેલની ઘાણી જેવી ભયંકર સજાના કામમાંથી પોતાનો જીવ બચાવવો. એ માટે પાછલી ચળવળમાં નહીં પકડાયેલાઓનાં નામ તો એમણે આપ્યાં જ, પણ અહીં પણ આપણે શું બોલીએ, કરીએ એ બધું અધિકારીઓને જણાવે છે. ત્યારે ફલાણા-ફલાણા પર વિશ્વાસ રાખતા નહીં.

બંગાળના ગુપ્ત ષડયંત્રની મંડળીની આ ફાટફૂટ વિશે વાચીને મને કાંઈ ખાસ ધક્કો ના લાગ્યો. કારણ એમનામાંના આગેવાનોને પકડવામાં આવતા જ કેટલાકની ધીરજ ખૂટી ગઈ હતી. અને કલકત્તાના કારાગૃહમાં જ એકબીજાનો વિશ્વાસઘાત કરવાની ચળવળ ચાલી રહી હતી, એની જાણ મને બહાર રહેતી વખતે જ થઈ હતી. કેટલાકનું આવું અધઃપતન થયું હતું, તોયે એટલે જ બધા જ વિશ્વાસઘાતી થયેલા કે ધૈર્યભંગ થયા હતા એવું બિલકુલ નહોતું. એટલું જ નહીં તો એમનામાં જેમનું આવું કષ્ટ સહન ના થવાથી અધઃપતન થયેલું એમની પણ પહેલાંની દેશભક્તિ અને સ્વાર્થત્યાગ જેવા સદ્ગુણો ભૂલી જવા એ મને અન્યાયી લાગતું.

અહીં પાછું એક વખત સ્પષ્ટ રીતે કહી દેવું યોગ્ય છે કે, આ વૃત્તાંતમાંના આ કે પછી બીજા વિચાર કે પછી ભાવના તરીકે હું કહેતો ના હોઈને જે-તે સમયે મને એ પ્રસંગ અનુરૂપ શું લાગ્યું અને શું કરવું પડ્યું એ થયેલી વાત કરી રહ્યો છું. ફક્ત ઈતિહાસ જણાવું છું. એ વિષયે મને આજે શું લાગે છે, કે પછી જે થઈ ગયું એ સારું કે ખરાબ એની ચર્ચા મેં બિલકુલ કરી નથી. ચર્ચા કરવાનો પ્રસ્તુત સ્થળે હેતુ પણ નથી. એ પ્રશ્ન સાવ સ્વતંત્ર રાખીને આ સંસ્મરણો વાચકોએ વાચવાં એવું સાવધાનીનું સૂચન ફરી એક વખત કરવું એ હું મારું કર્તવ્ય સમજું છું.

હિંમતનું કામ

બંગાળી રાજ્ય ક્રાંતિકારીઓમાંના કેટલીક પ્રમુખ વ્યક્તિઓથી કષ્ટ સહન ના થઈને ગમેતેમ કરીને આવી પડેલા સંકટમાં નિભાવી જવું એવી એમને બુદ્ધિ આવી. અને એને લીધે એમના સાથીદારોની, અનુયાયીઓની એટલું જ નહીં તો મારી જેવા એમના પછી માત્ર કારાગૃહમાં જ પ્રત્યક્ષ પરિચિત થયેલી વ્યક્તિની પણ હિલચાલ અને વાતચીત શી થાય થાય છે એ ગુપ્તપણે અંગ્રેજી અધિકારીઓને જણાવવાનું કામ કરવામાં પણ એમણે આગળ-પાછળ જોયું નહીં. એ વાત ભલે સાચી હોય તો પણ એનો વિચાર કરતી વખતે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે એવી મનઃસ્થિતિ સુધી એમને પહોંચાડવામાં તેમ જ ભયંકર હાલ, અવહેલના અને શારીરિક કષ્ટ કારણભૂત થયાં હતાં. એવાં શારીરિક કષ્ટ અને અવહેલના સહન કરીને પણ જેમના મનોબળ તૂટ્યાં નહીં, તેમને જ કાંઈક એવો દોષ એમને આપવાનો અધિકાર છે. કારણ અમસ્તા જિંદગીભર આરામખુરશી પર આળોટતા પડેલા ગોમાયગણેશને એવો અધિકાર નથી.

એ પણ મારા ધ્યાનમાં આવ્યું કે ક્રાંતિકારીઓમાંના આગેવાનોના હાથે વિશ્વાસઘાતનાં કૃત્યો કાંઈ બંગાળમાં જ કે હિંદુસ્તાનમાં જ થયાં ના હોઈને, શારીરિક હાલહવાલથી મનોબળ તૂટી ગયેલા આ હિંદી ઉદાહરણ કરતાંય વધુ તિરસ્કારભર્યાં વિશ્વાસઘાતનાં ઉદાહરણો આયર્લેન્ડ, રશિયા, ઈટાલી, વગેરે

પ્રદેશમાંની રાજ્યક્રાંતિના અથવા ધર્મક્રાંતિના કોઈપણ ભયંકર સંગ્રામમાં દેખાઈ આવે છે. એને કારણે વધુ ડગમગી જવું અથવા એકાદ પ્રાંતને કે જાતિને દોષ આપતા ફરવું મૂર્ખામી ગણાશે.

જે હોય તે કહી નાખ

ગુપ્ત ચિઠ્ઠીમાંનું લખાણ વાચીને મને કાઇ ખાસ ધક્કો લાગ્યો નહીં. ઊલટું મને એ ધીરજ ખોઇ બેસેલી વ્યક્તિની દયા આવી. એમાંનું એક વિશેષ ઉદાહરણ અહીં નિર્દેશન માટે કહેવા યોગ્ય છે. ત્યાંના ક્રાંતિકારીઓમાંના એક પ્રમુખ બંગાળી ગૃહસ્થ - કારણ તેઓ એ વખતે પણ ત્રીસીના ઉપર હતા - સુશિક્ષિત હોઈને ગ્રંથકાર અને ઉત્કૃષ્ટ લેખક તરીક પ્રસિદ્ધ હતા. ક્રાંતિકારીઓને એ ગીતા શીખવતા ત્યારે દેહ એ કશું જ ના હોવાથી આત્મા અમર છે. 'नैनं छिन्दन्ति शस्त्राणि,' એવો ઉપદેશ આપતા અને તેને કારણે જુવાનોમાં મરવા-મારવાની ઈચ્છા વધતી નહીં. પણ જયારે કારાગૃહની પથરાળી જમીન જોઈ અને બળદને પણ રડવું આવી જાય એવી તેલની ઘાણી જેવા કઠોર કામ કરતા કરતા એક દિવસ ચક્કર આવીને પડવું પડે ત્યારે બદલો લેવા માટે જ કે શું, દેહે આત્માને પગ નીચે કચડીને, તેમના મનોબળને ચકનાચૂર કરી નાખ્યું. ગમે તે કરવાથી પણ એ કષ્ટ સહન થતાં નહીં, એક-બે દિવસનો પણ પ્રશ્ન નથી, આખા જીવનનો પ્રશ્ન છે. એ કષ્ટ કયારેય છૂટનારું નહોતું. ઊલટી જિદ કરી તો વધુ ભયંકર કષ્ટ ભોગવું પડતું, આવા નિરાશાના અંધકારમાં જીવ ગૂંગળાઇ જાય તેમ ગૂગળાઇ જઈને હવે જે ફાવે એ કર, પણ મારું સાંભળ કહીને, દેહ પ્રાણ સાથે લડતો બૂમો પાડવા લાગ્યો. પણ માર્ગ શું ? વિપત્તિઓના વિવિધ ડરને બહાર જવાનો માર્ગ કયાં ?

એક જ સાંકડો, ઘાણઈનો અંધકારભર્યો માર્ગ. એ એટલે તારી સાથીદાર કોણ એ કહેવું, જે હોય તે કહી નાખ, આ અક્ષરો છાપેલી પાટી એ માર્ગ પર હંમેશાં લગાવેલી. તેમનાં એ ભાંગી પડેલાં મનોબળની વાત પણ પણ તેમની એવી જ સ્થિતિમાંથી છૂટવા માટે, એ માર્ગે જતા-આવતા થયેલા તેમના જ એક મિત્રએ અધિકારીને આપી. ત્યારે એ વાતને આધારે, કોઇ કહે છે, કલકતા સુધી ધરપકડ થઈ. પછી એમને મીઠાં મીઠાં આશ્વાસનો આપવામાં આવ્યાં. ડૂબતાને તણખાનો પણ આશરો આવું દેખાય. તેમને એ આશ્વાસનો પર વિશ્વાસ નહીં કરવા જેવું લાગવા છતાં વિશ્વાસ રાખ્યો. એક દિવસ અધિકારીઓએ એ નાટક કરવાનું નક્કી કરતા, ટાપુનો એક મુખ્ય અધિકારીએ જેલમાં આવ્યો. તેલની ઘાણીઓ રાજકીય બંદીઓ ફેરવતા જ હતા. એ અધિકારી પેલા ગૃહસ્થની ઓરડી સામે આવતા જ બંધ કોઠડીના નાના ફાંટા પાસે આવી એ અરજી તરીકે બરાડ્યા. એ અધિકારી મોટા ગર્વથી, ''વ્હોટ ડુ યુ વોન્ટ ?'' કહીને થોડો પાછો જઈને ફાંટા આગળ ઊભો રહ્યો. ત્યાં એ ગૃહસ્થ ઘૂંટણિયે પડીને, હાથ જોડીને, ગમે તે કરો પણ મને આ યાતનાઓમાંથી છોડાવો, કહી દયનીયપણે વિનવતા દેખાયા. અધિકારીએ જવાબ આપ્યો, ''જે કહેવું હોય તે બંદીપાલને (Jailorને) કહો.''

વિશ્વાસઘાત

અધિકારી ગયા. બંદીપાલે પહેલેથી જ નક્કી કર્યા મુજબ કાગળ-શાહી મોકલી દીધાં. એ ગૃહસ્થ કલકત્તાના ષડયંત્રની હતી-નહોતી એ જાણકારી લેખિત આપવા લાગ્યા. એટલે જ બીજા બધા ક્રાંતિકારોને એ કર્મ વિશ્વાસધાત જેવું લાગ્યું. આશ્ચર્યની વાત એ કે, એ કર્મ કરવા પ્રવૃત્ત થયેલા એ ગૃહસ્થમાં પણ એ કાર્ય ખરાબ છે એ કબૂલ કરવા જેટલી પ્રમાણિકતા એ દુર્બળ મન:સ્થિતિમાં પણ બચી હતી. એમણે એક પત્ર પોતાના મિત્રને મોકલ્યો, ''મારાથી કષ્ટ સહન થતું નથી. એ ટાળવાનો માર્ગ એટલે આત્મહત્યા, મેં એ કરવાનો પ્રયત્ન કર્યો. પણ એ સાહસ પણ મારાથી થતું નથી. ત્યારે એક તો તમે પહેલાં બીજા વિશ્વાસઘાતીઓ માર્યા એમ આવીને મને મારો. હું તમને દોષ આપીશ નહીં. તો પછી વિશ્વાસઘાત

કરીને શકય એ જાણકારી અધિકારીઓને આપીને એમનું મન જીતીને આ અસહ્ય શરીરયંત્રણામાંથી છૂટકારો કરી લેવો મારી ફરજ છે. મારા મન પર મારો અધિકાર નથી!'' આ વિલક્ષણ ગુપ્ત ચિઠ્ઠી તેમણે પોતાના અનુયાયીઓને મોકલી અને અધિકારીઓને આવી-તેવી જાણકારીનો કાગળ ભરીને ઘણાં નામ યાદ કરીને લખી આપ્યાં.

ત્રીજા દિવસે એમને ઘાણીને કામથી છૂટા કરવામાં આવ્યા અને દોરડા વણાવાનું સરળ કામ આપવામાં આવ્યું. પણ કોઠડીબંદી છૂટી નહીં, કારાગૃહની બહાર પણ છોડ્યા નહીં.

આ ગૃહસ્થમાં પોતે કરીએ છીએ તે નિંદનીય છે એટલું સમજવાની અને માનવાની પ્રમાણિકતા બચી હતી. એમના એક-બે જોડીદાર તો આ પ્રમાણિકપણાને પણ પૂરી રીતે ઘોળીને પી ગયા હતા. એ નફફટ થયેલી વ્યક્તિઓને મારું આવવું જાણે એક પર્વ જ થયો. અધિકારીઓને મારી એકંદર હિલચાલ જણાવવાની ઉત્કૃષ્ટ ભયજનક ઇચ્છા અને સાચી જ નહીં તો ખોટી પણ મારી વિરુદ્ધ વાત જણાવીને એ ઇચ્છા પૂરતી કરી જેમ તેમ પોતાના પહેલાંના અપરાધો અધિકારીઓને ભૂલાવી દઇને, પોતાનો છૂટકારો કરાવી લેવો, એટલી આ રાજકીય બંદીવાનમાંના બે-ત્રણ બંગાળી બંદીવાનોનું સૌજન્ય! આ બે પેચની અથડામણમાં મારે છેવટ સુધી રહેવું પડ્યું. મારી વિરુદ્ધ જે કોઈ ફરિયાદ કરે, એ બધી અધિકારીઓને પ્રિય થતા - પ્રિય થયા છે એવું જેખાડતા - અને તેમને કોઈને કોઈ સવલત બંદીગૃહમાંથી મળી. એ કારણે મારી વિરુદ્ધ ફરિયાદ કરવી એ એક પ્રતિષ્ઠીત, લાભદાયક ધંધો જ થઇ બેઠો. બીજા પાપી, અપરાધીઓ આ ધંધો કરતા હતા, એમાં આશ્ચર્ય નહોતું. પણ એમની વહેતી ગંગામાં બે-ત્રણ રાજકીય બંદીવાનોએ પણ હાથ ધોઇને પેતાની રોટલી પર ઘી ચોપડવામાં બાકી રાખ્યું નહીં. એમને મળેલી પ્રત્યેક છૂટ પાછળ મોટેભાગે મારી એક-એક યાતના વધતી જતી હતી. પણ એ બધું આગળ કહેવાનું જ છે.

એ ચિઠ્ઠીમાં ઉપરનાં અને બીજાં નાનાં-મોટાં ઉદાહરણો આપીને બંગાળી રાજકીય બંદીવાનોમાંના એક પક્ષે બીજા પક્ષ વિરુદ્ધ મને જે આત્મીયતાથી સાથે સૂચન આપ્યાં હતાં, એ વાચીને મનમાં એટલું જ ઠરાવ્યું કે તો પણ, જેમના હાથે પહેલાં આટલી, આકરી, સાહસિક અને નિઃસ્વાર્થ દેશસેવા થઈ છે, એમના વિશે આપણે જાતે તપાસ કરીને યોગ્ય તે ખાતરી કરીને લઇએ ત્યાં સુધી કોઈ વિરોધી મત બાંધવો નહીં. કે પછી ભલે તેમનું એ નૈતિક અધઃપતન સાચું હોય એવું આપણી જાણમાં આવે, તેના આધારે તેમની પહેલાંની દેશસેવા પર છાંટા ઊડવા દેવા નહીં. કેવળ સાવધાનીની ચેતવણી આંખ સામે રાખી રાખીને આગળ ડગલું ભરવું એટલું જ.

અબ બસ હુઆ! માફ કરો!

એ ચિઠ્ઠીના બીજા કે ત્રીજા દિવસે મારા ક્રમાંકના આંગણામાં, એટલે કે સાતમા ક્રમાંકના ભાગમાં રાજકીય બંદીવાન છોડીને અન્ય બંદીવાન કામ માટે છોડવામાં આવ્યા. એ ક્રમાંકના ભાગમાં લગભગ બસો બંદીવાન નાળિયેરનું છોલવું, ફોડવું, ટુકડા કરવા વગેરે કામ કરતા હતા. ત્યારે મારા માટે એ ભાગ હંમેશાં માટે ખાલી રાખવો શકય જ નહોતો. એટલે ફકત એ ત્રીજા માળની ચાલ, જ્યાં હું રહેતો, એટલી ખાલી રાખીને હવે રાત્રે સૂવા માટે બીજા નીચેના બીજા માળાની ચાલી બંદીવાનો માટે ખુલ્લી કરી આપી હતી. એ દિવસે બપોરે નીચે આંગણામાં એકદમ બજાર ભરાયા જેવું થયું થયું. સેંકડો-હજારો નાળિયેર ગાડાંમાં ભરી લાવીને એનો ઢગલો કરવામાં આવતો. એમાં બંદીઓની એક ટુકડી એ છોલીને, એ પતરાઓની પાળીએથી નાળિયેર પાછળ નાળિયેર ફેંકતા રહેતા. પતરાને લાગીને ધડધડ અવાજ એકસરખો ચાલતો રહેતો. ત્યાં નાળિયેર ફોડનારી ટુકડી ખટખટ દોડીને અગણિત નાળિયેર એક પાછળ એક તોડીને ફેંકી દેતા. એનું પાણી ટાંકીમાં ભરીભરીને લઇ જવામાં હજી એક ટુકડી વ્યસ્ત રહેતી. બાકી ત્રીસ-ચાલીસ બંદીવાન એ કપાયેલાં ટોપરાંને ખોસણીથી છેદીને ટોપરાના કટકે કટકા કરીને ભરભર અવાજ કરતા. નાળિયેરનો ટુકડો ખાવો તો દૂર, પણ સાવ નકામા જનારા નાળિયેરના પાણીના

ધોધમાંથી એક ટીપું પાણી પીવું એ પણ નિયમોની ભાષામાં અપરાધ હતો. અને દરવખતે બે-ત્રણ બંદીવાનોને એ માટે સજા થતી. તોયે એકવખત કામની શરૂઆત કે જેનાંતેનાં મોઢાં નાળિયેરથી ભરેલાં, માથાં નીચે નમાવેલાં અને આંખોના ખૂણા, કોઇ પોતાના નાળિયેર ભરેલા મોઢા તરફ જોતું તો નથીને, એ જોવા ચકળવકળ થઈને ફરતા રહેતા. એ બજારની એ મજા, એ ગિરદી, એ કોળિયો, એ ઓફિસર (બંદીઓમાંના જ લોકોને અધિકારી કરવામાં આવતા) લોકોનો ચલો ભાઇ કામ કરો! એ સાલા કયા ખાતા! એ ધમાલ. એ બધી ભાગદોડમાં ક્ષણ પૂરતુ આપણે બંદીવાન છીએ એ જ ભૂલાઈ જતું. પણ એ કયાં સુધી, તો મોઢામાંના ટુકડાને પેટા ઓફિસરે જોઇ લીધો તેથી, કમર પર ઘડ દઇને સોટી લાગે નહીં, કે પછી એ થાકને લીધે બપોરે શરીરને કળતર થતાં, 'બસ બહુ થયું આ જીવન,' એવું થયું નહીં ત્યાં સુધી !

દહીંનાળિયેર

મારી સાથે ક્યાંય નહીં જતાં મારા બે સાતમાં ક્રમાંકની ચાલીમાં ત્રીજા માળે બંધ થયેલા અને એ એકાંતવાસથી કંટાળેલા અમારા પઠાણ વોર્ડરને એ દિવસે એ બજાર જોતાં જ નીચે જઇને નાળિયેરનું થોડુંક પાણી પીને, કંઇક બે-ત્રણ નાળિયેર મુખશદ્ધિ તરીકે મોંઢામાં નાખવા, એવું ના લાગવું એકદમ અસ્વાભાવિક હતું. અચ્છા, મારી પર નીમલો એ વોર્ડર એટલે જ અધિકારીઓની કક્ષાનો, એનાથી કોણ ના ડરે? નાળિયેર દે, કહેતા જ એને કોણ ચૂપચાપ ટોપરું કાઢીને આપે નહીં! બપોરે એ રાજશ્રી પેટા ઓફિસર, એ પણ પઠાણ જ હોવાથી, ઈશારો કરીને, ચાલીનું ફાટક ખોલીને નીચે આંગણામાં ગયા, પાણીનાં - નાળિયેર પાણીનાં બે-ત્રણ ડબલાં ભરીને ગટાગટ પેટમાં પધરાવી દીધાં. હવે મુખશુદ્ધિ રહી. હંમેશાં મુજબ કાચલીમાંથી નાળિયેર ખોતરી કાઢનારા બંદીવાનોને જે લાંબી લાઇન બેઠી હતી ત્યાં જઇ એકને, હાથ ચલાવ કહીને ધમકી આપી. વોર્ડરને જોઇને ડરી ગયેલો બંધી ઝડપભેર હાથ ચલાવતો, એટલે કામ ઝડપથી કરવા માંડે ના માંડે ત્યાં જ વોર્ડર મહારાજે પોતાનો હાથ ચલાવવાની શરૂઆત કરી, અને પાડોશના એક બંદીના મોંઢામાં એક ઝાપટ એમ જ ઠોકી દીધી કે, ''નાળિયેર ખાતા હૈ નહીં ! દેખો મુંહ દિખા!'' નાળિયેર ખાવા માટે એ બંદીવાનને આપવાનું પૂરું થતાં જ બધે જ અનુકૂળ વાતાવરણ સર્જાવા જેવું એને લાગતું. કારણકે હવે પોતાને કોઇનેય નાળિયેરોમાં ઉત્તમ એવું જે દહીંનાળિયેર તરીકે ત્યાં પ્રખ્યાત છે એ, દેવાનું કહેતા ડરને લીધે ના પાડવાની એની હિંમત થશે નહીં. એવું હંમેશાંના અનુભવથી એનું પાકું સમજાઇ ગયું. ત્યાં જ એક મદ્રાસીના અને એમાં પણ નવા આવેલા બંદીઓના હાથેમાં છૂપાવેલું દહીંનાળિયેર પેલા વોર્ડર સાહેબની નજરે પડ્યું. તરત જ સવારી ત્યાં પહોંચી, ''લાવ સાલા નારિયલ ઇધર,'' એવો આદેશ આપ્યો. પણ એ મદ્રાસી જરા રૂબાબદાર દેખાતો હતો. એ મદ્રાસ પ્રાંતમાંનો એક કુખ્યાત દરોડાખોર હતો. તામિલ જેલ અનેક વખત જોઇને, નફ્ફટ થઇ હવે પહેલીવાર કાળાપાણીએ આવેલો. એ પણ દસ વરસની જ સજા માટે, એટલે બહુ ગભરાયેલો પણ નહોતો. એમાંય એને હિંદુસ્તાની ખરેખર જ બહુ ઓછી આવડતી હોવાને કારણે, ''ઇલ્લે ઇલ્લે,'' એટલે, ''નહીં નહીં,'' કહીને સમય પસાર કરવાનો મદ્રાસી બંદીવાનને જન્મસિદ્ધ અધિકાર પ્રાપ્ત થયેલો. ત્યારે વોર્ડરની તોછડાઇભરી આજ્ઞાને એણે જરા રૂઆબથી જ, ''ઇલ્લે,''કહીને યોગ્ય ઉત્તર આપ્યો. એ દહીંનાળિયેર એણે સારી એવી એક આનાની તમાકુ દઇને ગુપ્ત રીતે નાળિયેર ફોડનારા પાસેથી વેચાતું લીધેલું એ તેના જેવા જ નફ્ફટ બંદીવાન પેલા વોર્ડરને શાનો સહેલાઈથી ગાંઠે? પણ એ પઠાણી વોર્ડરને આવી રીતે ના કહેનારો હિંદુ બંદી ઝટ મળતો ના હોવાને લીધે તે એકદમ ગરમ થઈ જતા. પેલા મદ્રાસીને પાછી ગાળ આપીને એ વોર્ડરે પાછું નાળિયેર માગ્યું. મદ્રાસી મોંઢે જ, સારું છે એવું સમજાવીને કકળતાં, ''ઇલ્લે સ્વામી ઇલ્લે,'' કહીને સમય કાઢવા માંડ્યો. પઠાણ ગુસ્સે થયો. પઠાણની અને મુસલમાનની હંમેશાંના પ્રવૃત્તિ મુજબ સ્વાર્થી ઝઘડો પણ હિંદુ સાથે થતાં જ એ ધાર્મિક યુદ્ધમાંનું એક પવિત્ર કર્તવ્ય એવો ભાસ થવા માંડે. પઠાણે હજી ગાળો આપી, ''એ કાફિર હૈ સાલા, ઇસકી ચોટી ઉખાડના ચાહિયે.'' આ હિંદુ છે. સાલો, આની ચોટલી જ કાપી

નાખવી જોઇએ. એવી બૂમો પાડીને એ મદ્રાસીની ચોટલીમાં હાથ નાખ્યો. એ મદ્રાસીને હિંદુસ્તાની ખરેખર જ સમજતી નહોતી, એને કારણે એક ક્ષણ પૂરતો વિચારતો થયો. એને લાગ્યું કે એ મને કાંઇક યોગ્ય વાત કહેતો હોવા છતાં મેં માની નહીં કે શું ? પણ વોર્ડરે એને ચોટલીથી ખેંચીને પેલા દહીંનાળિયેર પર હાથ મારતાં જ મદ્રાસીએ એની દાઢી પકડીને ખેંચતાણ ચલાવી. બૂમો કોઇએ પાડી નહીં. કારણ દહીંનાળિયેરની ચૂપચાપ ચોરી કરવાનો દાવ બન્નેનો જ હતો.

બસ હુઆ, માફ કરો

છેવટે પઠાણ વોર્ડરે બીજા બંદીવાન પોતાના પર હસે છે એ જોતાં જ હંમેશાંની ટેવ મુજબ સોટી કાઢીને મદ્રાસીને જોરથી ફટકો દીધો. અને એની ચોટલી એવી ખેંચી કે એ અડધી ઉખડી. કાફિર સાલા, કાફિર, કહીને ગુસ્સાથી તડફડતો પઠાણ એને મારતો જ હતો. એ મદ્રાસી જે ઉકળ્યો તે એક કે બે શબ્દ પણ ના બોલતા એ વોર્ડર-મહાશયની દાઢીને હાથને આંટી મારીને એને ઉચકીને ધડ કરીને ભૂમિ પર પછાડ્યો. એની છાતી પર ઘૂંટણ ખોંસીને ધડ, ધડ, મોંઢા પર મારતો ગયો. પેટા ઓફિસર એનો આ મિત્ર પઠાણ ત્યાં આવ્યો એટલે દૂર જઇને નમાજ પઢતો હતો. એ વોર્ડરની પીડાથી કંટાળેલા બંદીમાંથી કોઇએ બૂમાબૂમ નહીં કરતા જગ્યા પકડીને મજા લેતા જોતા રહ્યા હતા. મને ઉપરથી સળિયા પાસે ઊભા રહીને જોતાં જ હસવું આવ્યું. વોર્ડર મહાશયની જે આખી જેલમાં ડરાવનારી પઠાણી ટોપી, એ સાફો કયાંનો કયાં જતો રહેલો. અને હોઠમાંને હોઠમાં કાંઇક તામિલ શબ્દ બડબડતો એ મદ્રાસી એની દાઢી ખેંચીને પકડી રાખીને ધૂંબા પર ધૂંબા દેતો છાતી પર બેસેલો! વોર્ડર મહાશય કાફર તરીકે બોલે તો સમ! ચૂપચાપ દહીંનાળિયેરના ઠેકાણે માર ખાતી સવારી પડેલી, અને એ સવારી પર મદ્રાસી સવાર થયેલો. છેવટે એક બે મિનિટ બાદ પઠાણ વોર્ડરે મોઢેથી ખાતાં ખાતાં જ કહયું, ''અબ બસ હુઆ! માફ કરો!'' માર ખાઇને ઢીલા થયેલા અવાજે કહેલું એ વાક્ય સાંભળીને મને થયું હવે એ મદ્રાસીએ એને છોડી દેવો જ યોગ્ય છે. પણ જુઓ તો એ મદ્રાસી ભયંકર જ ગુસ્સે થઇ મોટેથી તામિલ ભાષામાં ગાળો આપતો એ પઠાણના માથા પર જોરથી ધૂંબા મારવા લાગ્યો.

માફ મરોમાંનો 'મા'

કારણ હિંદુસ્તાની લગભગ આવડતી જ નહીં હોવાને કારણે મદ્રાસીને માફ કરોમાંનો 'મા' જ ખબર પડા. અને એને લાગ્યું કે વોર્ડર મને હજી પણ મા-બહેન પર ગાળો આપી રહ્યો છે. જેમ જેમ પઠાણ કહેતો હવે બસ ! માફ કરો ! માફ કરો ! તેમ 'મા' 'મા' કહીને બૂમ પાડી તામિલ ભાષામાં ગાળો ભાંડતો એ મદ્રાસી માથા પર ફટકા મારતો રહ્યો.

છેલ્લે જે ગડબડ થવાની હતી એ થઇ. પેટા ઓફિસર અને બંદીવાન બધા ભાગતા આવતાં એ ઝઘડો પત્યો. એ સંતપ્ત મદ્રાસી હાથેથી અને મોંઢેથી બડબડવા લાગ્યો કે, ''સાહેબ , હમ-તુમ–માર?'' એ હિંદુસ્તાની શબ્દમાં હાવભાવ કરતો અને ગળા પર આંગળી લગાવીને બતાવતો એણે સ્પષ્ટપણે જણાવ્યું કે જો આ વાત સાહેબના કાન પર નાખીને મારી પર ખટલો ભરીશ તો તને ગળું દબાવીને મારી નાખ્યા સિવાય છોડીશ નહીં.

એવા મદ્રાસીની એ ધમકી, સવાશેર જોતાં જ પા-શેર થઇ જવાનો પઠાણી શેરાનો સ્વભાવ અને ઉપરની ચાલીમાં બંધ રહેતો આ બોર્ડર, નિયમ વિરુદ્ધ નીચે આંગણામાં આવવા દીધો કેમ, એટલે ભાવિ ખટલામાં પેટા ઓફિસર વિરુદ્ધ ઉઠનારો પહેલો જ નિયમ, કાયદા મુજબનો પ્રશ્ન, આ બધી ગૂંચવણથી ડરીને પેટા ઓફિસર અને એ વોર્ડર મહાશય કોઇએ જ સાહેબને એ વાત કહેવી યોગ્ય સમજી નહીં. અને ત્રણ-ચાર દહીંનાળિયેર ખાઇ જે મુખશુદ્ધિ કરવાની વોર્ડર મહાશયની ઇચ્છા જાગી હતી, તે મુખ પર

ખાધેલા મદ્રાસી ફટકા વત્તા મુખશુદ્ધિથી તૃપ્ત થઈને પોતાનાં અસ્તવ્યસ્ત થયેલાં કપડાં ઠીક કરતાં કરતાં અને સાફો બાંધતાં બાંધતાં સવારી પાછા એ ચાલીના ત્રીજા માળે આવીને અમારા પહેરા પર ઊભા રહ્યા! જાણે સહજ રીતે મેં એને પૂછ્યું કે શું થયું? પઠાણ વોર્ડર, મેં જોયું નહીં હોય એવું સમજીને રૂઆબથી બોલ્યો, ''વો એક ચોર સાલા, દહીંનારિયલ ચોરી કરતા મંગતા થા ! વો ખૂબ પીટા ગયા!'' મેં સસ્મિત ઉત્તર આપ્યો, ''ઠીક! એક ચોર સાલા દહીંનારિયલ ચોરી કરતા મંગતા થા તો સાલા ખૂબ પીટા ગયા નહીં!''

તો, સાલા ચોર જો પીટા ગયા, એ કોણ એ પેલા પઠાણનું પઠાણને ખબર, કે મારું મને!!



પ્રકરણ-૯

ત્યારના રાજ બંદીવાનોની પૂર્વસ્થિતિ

હવે જે ત્રિતલ ચાલીમાં મને બંધ કર્યો હતો તેમાં રાજકીય બંદીવાનો સિવાય બીજા બંદીઓને કામ માટે અને રહેવા માટે છોડવામાં આવવાથી જેલમાં મને ખાસ્સી ઉથલપાથલ કળાવા માંડી. જેના વિશે મને ઉત્સુકતા હતી તે એટલે રાજકીય બંદીવાનોની ત્યાંની હાલત અને મારા મોટાભાઈની ખુશી હતી. તે વિશે ગુપ્ત રીતે, આ નહીં તો પેલી રીતે, કોઈ પણ રીતે મને ઘણી માહિતી મળી. હિંદુસ્તાનના સ્વાતંત્ર્ય માટે ભયંકર કૃત્ય કરીને જે લોકો તેવી જ ભયંકર સજા પામ્યા તેમની શી હાલત થઈ, એ જાણવાની વાચકોની ઉત્કંઠા હશે તેથી તે વૃત્તાંત સવિસ્તાર તો નહીં જ પણ સંક્ષિપ્તમાં પણ જ્યારે અહીં આવી શકતો નથી, તો જ્યાં આપવામાં આવશે ત્યાં આપીને અને સૂચિત કરી રાખવા, આ પ્રસંગ યોગ્ય છે. એ માટે તેની પ્રારંભિક કેટલીક માહિતી આપું છું.

બોમ્બ ગોળાવાળા

આંદામાનમાં શરૂઆતમાં જે આધુનિક રાજક્રાંતિકારીઓ ગયા તેમાં માણેકતોલાના ષડયંત્રમાં બંગાળી ગૃહસ્થ અને તેના પછી તરત જ મહારાષ્ટ્રમાંથી શ્રી ગણેશપંત સાવરકર અને શ્રી વામનરાવ જોષી નામે ગૃહસ્થ હતા. તેની આગળ-પાછળ જ બંગાળમાંથી એક રાજકીય દરોડા સંબંધમાં પાંચ-છ માણસો આવ્યા હતા. આ બધા રાજબંદીમાં આજીવન કાળા એટલે કે પાણી થયેલા બંગાળમાંથી ત્રણ અને મહારાષ્ટ્રમાંથી બે હતા. બાકીની બંગાળી મંડળીને દસ વરસથી ત્રીસ વરસ સુધીની સજા થયેલી હતી. હું ત્યાં ગયો ત્યારે આ મંડળી ઉપરાંત અલાહાબાદન સ્વરાજ્ય વર્તમાન પત્રના ચાર સંપાદકો પણ સાતથી દસ વરસની સજા પામીને આવેલા હતા. પરંતુ તેમના પર રાજ્યક્રાંતિ કરવાનો આરોપ નહીં, રાજદ્રોહનો આરોપ હતો. એટલું જ નહીં, તેઓ ખરેખર રાજક્રાંતિનાં તત્ત્વોથી એકદમ અપરિચિત અને વ્યવહારથી વિરુદ્ધ હતા. પરંતુ કેવળ રાજદ્રોહના અપરાધ માટે સજા આવીને તેમને ક્રાંતિકારીઓમાં લઈ જઈને રાખીને તેમાંના કેટલાક લોકોને રાજ્યક્રાંતિનાં તત્ત્વો પણ પરિચિત, જાણીતાં અને વ્યવહાર સંમત થવા લાગ્યાં. એટતી જ એ સજાની અસર થઈ. મને અત્યારે કયા કેસમાં કોણ કોણ હતા અને કઈ વ્યક્તિનો શો અભિપ્રાય હતો તે નિશ્ચિત યાદ નથી, એટલે સાધારણ નિર્દેશ કરીને જ સંતોષ માની લઉં છું. ઉપર ઉલ્લેખ કરેલી મંડળીઓ ઉપરાંત બીજા એક રાજબંદી ત્યાં હોવા જોઈએ એવું લાગતું. શરૂઆતમાં આવેલા લોકોમાં બંગાળી મંડળી જ વધારે હોવાથી અમને બધાને જ લોકો બંગાળી કહેતા. પણ આગળ આગળ જ્યારે પંજાબ વગેરે પ્રાંતમાંથી સેંકડો લોકો આવીને ઠલવાયા ત્યારે અમને આવું જ બીજું એક અડાણી નામાભિધાન થયું તે એટલે 'બોંબગોળેવાલે.'

જીભવાલે અથવા રાજ કેદી

રાજકીય બંદીવાનનો અર્થ તો શું પણ તે શબ્દ જ જેણે જીવનભર સાંભળ્યો નહીં તે હજારો બંદીવાનોને તે કલ્પના સૂઝે કે સમજાય કેવી રીતે? તેમાં ઘણાખરાને બોંબ ફેંકવાનો અભ્યાસ કરવાની કલ્પના આવવા માંડી અને એ સામાન્ય લક્ષણોથી જ અમારા વર્ગના સામાન્ય નિર્દેશનું કામ ચલાવી લેવામાં આવ્યું. બારીસાહેબની જ્યારે રાજકીય બંદીવાનોની જરૂર પડતી ત્યારે ત્યારે ''જાઓ વો સાત નંબર કા

બોંબગોલે વાલા લાઓ!' અથવા 'સબ બોંબગોલે વાલોં કો અભી કે અભી બંધ કર દો.'' એવી ગર્જના થાય અને બધાને તે સમજાય. મારા ગયા પછી મેં વેળા-કવેળા બંદીવાનોને સમજાવ્યું કે અરે, બોંબગોળાથી જ લડવું એવું કહેવાનો અમારા પર આરોપ નહોતો. સરકારથી લડવું એ કહેવામાં - સ્વરાજ્ય સ્થાપવું - એવું કહેવાનો આરોપ હતો. અમારામાંથી કેટલાક પિસ્તોલથી, કેટલાક બંદૂકથી અને કેટલાક તો ફક્ત લેખનથી જ લડતા હતા. કેટલાકે તો બોંબ જોયો પણ નહોતો તો પછી બોંબ ફેંકવાની તો વાત જ નથી. જે કાંઈ અમે બધાએ ચલાવી છે એ તો જીભ છે. પછી અમને તમે 'જીભવાલે' કહો. 'બોંબવાલે' શા માટે કહો છો ? 'એટલે' તે હસીને કહેતા, 'તો પછી તમે સાચું નામ શું છે તે કહો.' 'અમે તે કહીશું,' હું કહેતો, ''અમારા વર્ગનું સાચું નામ 'રાજકીય બંદી' સારું, તે જો તને સહજ બોલતા ના ફાવે તો 'રાજકેદી' એટલું જ કહો.'' આ શબ્દ તેમને ઝડપથી ઉચ્ચારતા આવડ્યો. આગળ જતાં તે રૂઢ થયો અને છતાં પણ બારીસાહેબને તે ફાવતો જ નહીં. અમને કોઈને 'બાબુ' (આ શબ્દ આંદામાનમાં સન્માનીય તરીકે વપરાતો) કહ્યું તો બારીસાહેબ બૂમ પાડે 'કૌન બાબુ હૈ?' સાલા! વે ભી સબ કેદી હૈ!' પણ જે બારીસાહેબને બીજા બંદીવાનોમાં, જેમને લખતા આવડે તેમને બાબુ બાબુ કહેવાનો ગુસ્સો ન આવતા ફક્ત મને બંદીવાનો બાબુ કહે એ ગમતું નહીં. તે બારીસાહેબ અમને રાજબંદી અથવા રાજકેદી લોકોને થોડા જ કહેવા દેશે ?

'ડી' ટિકિટ (નિશાન)

અમે 'પોલિટિકલ પ્રિઝનર્સ' નથી એ મરતા સુધી બારીસાહેબ ગોખતા હતા. કોઈ બંદીવાન તેમની સમક્ષ રાજકેદી બોલ્યો કે સાહેબ ગર્જ્યા જ ''હં, યો ? કોણ રાજકેદી ? વો તુમ્હારે માફક હી એક મામૂલી કૈદી હૈ. બદમાશ કૈદીઓકા 'ડી' ટિકિટ (નિશાન) દેખતા નહીં તુમ ઉસકી છાતી પર? બદમાશોમાંથી એકદમ બદમાશની ઓળખ એટલે એક 'ડી' એટલે કે 'ડેન્જરસ' (ભયંકર) એ મતલબનો અક્ષર શોધીને અમને બધાને કપડાં ઉપર લગાડવા બિલ્લા આપેલા હતા. તો પણ મને પહેલા દિવસથી છેલ્લા દિવસ સુધી બંદીગૃહમાં ''બડાબાબુ'' તરીકે જ બધા બોલાવતા હતા. વધારે તો શું, પોતે બારી પણ ભૂલથી ઘણીવાર બોલી જતા. ''એ હવાલદાર, જાવ તો સાત નંબર કે બડા બાબુકો બુલાવ!'' તે જ પ્રમાણે મારા ઉપદેશથી, માર્ગદર્શનથી રાજકીય ચળવળનો મર્મ જેમ જેમ બંદીવાનોને સમજાવા લાગ્યો તેમ તેમ તેઓ મને 'રાજકેદી' તરીકે સંબોધવા લાગ્યા. તે શબ્દોમાં અંતર્ભૂત થયેલો સ્વરાજ્યાર્થ ખંખેરવાના જે વિચાર માટે બારીસાહેબ તેનું નામ પણ બોલવા દેતા નહીં તેમના વિચારોનો મુખ્ય ઉલ્લેખ બંદીવાનોના મનમાં ઠસાવવા હું તે નામથી મને ઉલ્લેખવામાં આવે એવું શક્ય એટલુ શીખવ્યું, અને છેવટે તે જ શબ્દ પ્રચલિત થયો. બારીસાહેબથી લઈને એકદમ ઉપરના અધિકારી સુધી તમે પોલિટિકલ પ્રિઝનર્સ નહીં, સાધારણ પાપી બંદીવાન છો, એ જેમ સોગન ખાઈને સો વાર કહ્યા છતાં અમે બધા છેવટે પોલિટિકલ પ્રિઝનર્સ જ ઠર્યા; તે જ પ્રમાણે તેમણે કેટલીયે ધાકધમકી આપી પણ બંદીગૃહથી તે આંદામાનમાંના સ્વતંત્ર રહેવાસી સુધી અમે 'રાજકેદી' તરીકે જ સંબોધવામાં આવવા લાગ્યા.

ક્રૂર દેવતાને નૈવેદ્ય

મારા આંદામાન જતા પહેલાં જ રાજબંદી ત્યાં ગયેલા એવું ઉપર લખેલું તેમને પહેલાં એક જ ચાલીમાં રાખવામાં આવેલા હતા. તેમના પર એક પઠાણ બંદીવાન અધિકારી હતો. નાળિયેરની છોલી કાઢેલી જાડી છાલ, જેમાં નાળિયેરનાં ફળ મળે, જેને ત્યાં છિલ્કા કહેવાતા અને કોંકણમાં 'છોતરાં' કહેવાતાં, તે વાળીને કૂટવાનાં અને તેમાંથી કાથો કાઢીને સાફ કરવાનું કામ તેમને આપ્યું હતું. તે કામ પણ કઠણ જ હતું પણ

તેલની ઘાણી જેટલું કઠણ ન હતું. હકીકત જોતાં જે બંદીવાનોને પૂરતી અંગ્રેજીની સ્પેલિંગ પણ આવડતી નહોતી તેમને આવતાની સાથે અથવા થોડા દિવસોમાં જ લખવાનું કામ આપવામાં આવીને 'બાબુ' તરીકે બંદીવાનો ઉપર અધિકાર આપવામાં આવતો. પણ રાજકીય બંદીવાનમાં માત્ર કોઈને પણ લખવાનું કામ નહીં આપતા તેમણે જીવનમાં ક્યારેય ના કર્યા હોય એવાં કષ્ટદાયક કામ આપવામાં આવ્યાં. કદાચ તેમને માત્ર સ્પેલિંગથી લઈને કેટલુંયે વધારે અંગ્રેજી આવડતું હતું. તેમના આ શિક્ષણની ઓછપને કારણે, તે લખવાનાં કામ કરવાને કુપાત્ર સમજવામાં આવતા હશે!

છતાં પણ જ્યારે કષ્ટનાં કામ હોવા છતાં બધા ભેગા રહી શકતા, એ લાભ જ તે સમાજપ્રિય સુશિક્ષત લોકોને સુખદ થતું. તેમાંના એક-બેને કોઈ બીમારી હોવાથી દૂધ મળતું, તે દૂધ તેમના ઉપરી પઠાણ અધિકારીઓને નેવૈદ્ય તરીકે ગુપ્તપણે સમર્પિત કરવામાં આવતું હોવાથી તે ક્રૂર દેવતા પણ થોડા ઓછા ઉગ્ર થયા હતા. આ બે વાતને લીધે એકંદરે તે વખતે રાજકીય બંદીઓની અવસ્થા જેલમાંના હિસાબે એકદમ અસહ્ય ન હતી. મારા મોટા ભાઈ પણ તે ચાલીમાં જ છે.

પરંતુ કેટલાક મહિના આમ જ વીતી જતાં કલકત્તાથી પહેરા માટે XXX નામના એક પોલીસ અધિકારી આંદામાનમાં આવ્યા. તેમણે આવીને રાજકીય બંધી 'છિલ્કા' કૂટતા અને બધાને ભેગા અંદરોઅંદર રાખવામાં આવ્યા છે, એ જોતાં જ બંદીગૃહમાં માણસોને આટલી માણસાઈથી વર્તવામાં આવે એ વાતનું તેમને દુઃખ થયું. તેમણે આંદામાનના અધિકારીઓની કાન ભંભેરણી કરી, અને આ બંદીવાનો કોઈ ખૂની, ચોર, લુંટારુ, જેવા સાફ અને દયાપાત્ર માણસો નથી, સાવ બદમાશ રાજકીય બંદીવાન છે અને તેમની આદતો આમ બગડે એટલે એમની સાથે એ રીતે જ વર્તવામાં આવે એવું ઉચ્ચ રાજકીય તત્ત્વનું મર્મ આ સ્થાનિક દંડાધિકારીઓના મનમાં ઠસાવી દીધું.

તેલની ઘાણી

ત્યારથી મન બદલાયું. તે રાજ બંદીવાનોને અલગ અલગ ચાલીમાં એકલા એકલા નાખવામાં આવ્યા. તેમણે અંદરોઅંદર અક્ષર પણ બોલતાં જ બેડીઓ, હાથકડીઓ વગેરેની સજા આપવાનો મારો શરૂ થયો. નહાવાના ઓટલા પર કે જમતી વખતે દૂર બેઠેલાને ફક્ત, 'સારું છે ને' કહીને ઇશારો કરવા માટે સજા સાત દિવસ હાથકડી પહેરાવી ઊભા રહેવાનું, એવું થવા લાગ્યું. અને છેવટે પેલું છોતરાં કૂટવાનું કચરાપટ્ટીનું કામ પણ સ્પેલિંગ લખતા વધારે અંગ્રેજી આવડતા માણસને અન્યાયી લાગતા બળદ પાસેથી કરાવવાનું તેલની ઘાણી ખેંચવાનું જેલનું સૌથી કઠીન કામ તેમને આપવામાં આવ્યું. આદત બદલવી જોઈએને! બે-ત્રણ મહિના એ કામ કર્યા પછી એક મહિનો ફરીથી છોતરાં આપવામાં આવે કે પાછા તેલની ઘાણીમાં જોતરી દેવામાં આવે. સવારે ઊઠતાં જ લંગોટી પહેરીને ઓરડીમાં બંધ થવાનું. અંદર ઘાણીનો ડંડો હાથેથી ચક્ર ફરે તેમ ફેરવવાનો. ટોપરાં (નાળિયેર) તે ઘાણીમાં પડતાં એટલે એટલાં જડ થઈ જતાં કે કસાયેલા હમાલ પણ તેને વીસ ફેરા ફેરવતાં કડમસ થઈ જતા. વીશીની અંદર તે કામ ચોર, લૂટારાઓને પણ સહજ આપવામાં આવતું નહીં. પણ રાજકીય બંદીવાનોએ માત્ર તે ડંડો ગમે તે ઉંમરે ફેરવવામાં વાંધો નથી, એવો આંદામાની કાયદાશાસ્ત્રનો મત હતો. તેના લીધે તે ડંડો હાથેથી ઉઠાવી અડધો ચક્કર ફેરવીને ઉપર કરવા બાકીનો અડધો ફેરવવા લાગતું જોર હાથેથી ના થતાં પીઠથી લગાડવું પડતું. એટલું જોર તે ઘાણીમાં ટોપરાં પીસતા લાગતું. એટલા કબાડકામના કષ્ટને એકદમ અપરિચિત અને કોમળ વયે વિશીની બહારના સુશિક્ષિત રાજબંદી છે. સરેરાશ સવારે દસ વાગ્યા સુધી એકસરખાં આવાં ચક્કર ફેરવતાં ફેરવતાં શ્વાસ પણ રૂંધાવા લાગે. કોઈ કોઈને નહીં, ઘણાખરાને ચક્કર આવી જતાં વારંવાર નીચે બેસી જવું પડે. દસ વાગતાં જ નિયમ પ્રમાણે બે કલાક કામ બંધ કરવાનું. પણ 'કોલુ'નું એટલે આ ઘાણીનું કામ બંધ કરવામાં આવતું નહોતું. જમવાનું આવતા જ ઓરડી ખોલવામાં આવી. બંદીવાન બહાર આવીને થાળમાં ભાત-રસો, રોટલી લઈને અંદર ફર્યા એટલે દરવાજો પાછો બંધ. જો કોઈ હાથ ધોઈને પરસેવે રેબઝેબ શરીર

સાફ કરવા માંડે તો તેટલું મોડું પણ સહન ના થતા જમાદાર એટલે કે બંદીવાનોમાંના બદમાશ જે કોઈ અધિકારી બનાવેલો હોય, તે મા-બહેનની ગાળો આપવા લાગ્યો જ સમજો. હાથ ધોવા પાણી જ ક્યાં મળશે ? પીવાના પાણી માટે જમાદારને વિનંતી કરવી પડતી. કારણ કે કોલુમાં કામ કરતા તરસ લાગે જ લાગે. પાણીવાળા પાણી આપે નહીં. ચોરીને કોઈને તમાકૂનું પડીકું આપ્યું તો જ આપી તો જ પાણી આવતું. જમાદારને કહીએ તો તે બરાડે, ''કેદી કો દો કટોરા પાની દેને કા હુકુમ હૈ, તુમ તો તીન પી ગયા, બીજુ પાણી તારા બાપના ઘરેથી લાવ!'' જમાદારની વાસ્તવિક ભાષાનું આ એકદમ સભ્ય શબ્દોમાં અમે ભાષાંતર કર્યું છે. હાથ ધોવાના અને પીવાના પાણીની આવી સ્થિતિ ત્યાં નહાવાનું નામ જ ક્યાંથી હોય ?

''તેલ પૂરા કરના પડેગા !''

નહાવાની જ શા માટે, જમવાની પણ એવી જ હાલત. જમવાનું વહેંચીને જમાદારને પણ ચિંતા નહીં કે બંદીવાન જમે છે કે નહીં. તેને એ ચિંતા હતી કે તે ફરીથી તો ઘાણી ફેરવવા લાગ્યો કે નહીં. તે સીધો પેલી ચાલી-કોટડી સુધી બૂમ પાડતો આવે, ''બૈઠો મત, શામ કો તેલ પૂરા કરના પડેગા! નહીં તો પીટ જાઓગે ઔર સજા હોગી વો અલગ!'' એવી તેમની બૂમ સાંભળીને કેટલાકને આગળ ગળેથી કોળિયો ઉતરવો પણ અશક્ય થાય. કારણ સાંજે તેલ ઓછું નીકળતાં જ દરેકને મુક્કા-લાત અને ડંડાથી બંદીવાનોને તોડતા અને પીટાતા દરેક લોકો જોતા હતા. આ ધાકથી પેટમાં અસહ્ય ભૂખ લાગી હોવા છતાં ઘાણી ફેરવતા ઊભા ઊભા પરસેવાના રેલા જેમાં પડતા, તે થાળીમાંથી ઘાસ મોઢામાં નાખીને ચગળતા અને ઘાણી ફેરવતા. આવી રીતે જમવાનું પૂરું કરીને કેટલાક બંદીવાનોને મેં અનેક સમયે પ્રત્યક્ષ જોયા છે.

આવું એ જમવાનું જમીને ફરીથી પાંચ વાગ્યા સુધી ઘાણી ફેરવતા રહેવું પડે. આદત થઈ ગયા પછી કોઈકને ચાર વાગ્યા સુધી પહેલેથી નક્કી કરેલા સોમાંથી એક-બે જ માણસો જ આપેલું પૂરું કામ એટલે કે ૩૦ પાઉન્ડ તેલ કાઢી શકે. બાકીના આજે કે કાલે આટલો શ્રમ કરીને પણ કામ પૂરું કરવામાં અસમર્થ હતા. તેમાં જે નવા, શીખાઉ, સાદા અને પ્રમાણમાં પ્રામાણિક હોય, હાય હાય! તેમના પર જ જમાદાર-વોર્ડરોની પસ્તાળ પડે. પૂરું ન જમતા પણ કામ કર્યું તો પણ તેલ પૂરું ના થવાથી થપ્પડ, લાત, લાઠી, ખાઈને થાકેલા તે બંદીવાન તેલ કાઢીને રડતા પાછા જતા મને આજે પણ દેખાય છે! નરમ સ્વભાવના બંદીવાનોની આવી દશા! થોડા જડ હોય, માથાફરેલ હોય, તો તેમને હાથકડી, ડંડા-બેડી વગેરે મારપીટ કરતાં પણ વધુ સહ્ય સજા થતી. આવી પરિસ્થિતિમાં બંદીગૃહમાં પગ મૂકતાં જ હોય તે શિષ્ટતા, બચેલી પ્રમાણિકતા અને શેષ થયેલી લાજ-શરમ માણસમાંથી નીકળી જાય. જેની શરમ નીકળી જાય તે જ માણસો છેલ્લે સુધી બંદીગૃહમાં જીવતા, કમ સે કમ જે કાંઈ જીવી શકતા, તેમાંના મોટેભાગના તેવા જ હતા.

રાત્રે ઘાણી પરનું કામ

કારણ નક્કી કરેલા માથાફરેલ અને અઠંગ બદમાશને પણ બારીસાહેબ એકદમ ઢીલ આપતા એવું નહોતું. સીધા-સાદાની મારપીટ પહેલાં જ, અને આવતા-જતા પણ થાય. કારણ ગોકળગાયને મારવાનું પરાક્રમ કરવું વીરપુરુષોને ક્યારે પણ સહેલું રહેતુ. તેમાં પણ કોઈ નિર્બળ-લાચારની મારપીટ થતી જોઈને જે બંદીવાનનું તેલ પૂરું થતું નહીં, તેને પણ વધારે ત્રાસ આપ્યો તો આપણને પણ આવી જ સજા મળશે, એવો ડર સહજ લાગે, અને તેમાંના ઘણા કામ પૂરું કરવા મથે. એવામાં એકાદ દિવસ ટોપરાં તાજાં હોય, અને કોઈનું પણ તેલ સાંજ સુધીમાં પૂરું થયું નહીં તો બારીસાહેબ પાસે બીજો એક તોડ હતો તેનો ઉપયોગ થતો. આ બંદીવાન લોકો ષડયંત્ર કરીને કામ કોઈ પૂરું કરે નહીં એવું મોટેમોટેથી ગર્જતા લગભગ પાંચ વાગ્યે સાંજે, જ્યારે રાતનું ભોજન પીરસવામાં આવે ત્યારે, જેનું તેલ ૩૦ પાઉન્ડ પૂરું થયું ના હોય, તેને પૂરું

થશે નહીં ત્યાં સુધી જમવાનું મળશે નહીં એવો આદેશ અપાતો. સવારે છ વાગ્યાથી અવિરત ઊભા ઊભા જમવાનું બપોરે ૧૧ વાગ્યે જમીને, સાંજ સુધી સતત ઘાણી ફેરવીને જે ત્રસ્ત થતા, તેમાંથી તેલ પૂરું કરેલા પાંચ-દસ બંદીવાન જો હોય તો, બાકી ચાલીસ-પચાસ ઘાણી પરના લોકો ખરેખર જ અશક્ય હોવાથી તેલ પૂરું કરી શક્યા ના હોય. પણ બારીસાહેબ ખુરશી મગાવીને તે ચાલીને તાળું મારીને બધા બંદીગૃહમાં કામ બરાબર પાંચ-છ વાગ્યે આટોપીને, નિયમ પ્રમાણે બધી જેલ બંધ થવાના રિપોર્ટ જણાવીને, ફક્ત તેટલી ચાલીમાં કામ કરાવતા બેસે. નિયમની ઐસીતૈસી કરીને ચાલતા રાતના આ કામની જાણ બહાર મોકલાવવાની કોઈ સિપાઈ કે નોકરની શી મજાલ હતી? બારીસાહેબ અઠવાડિયામાં તેની ઉપર કોઈક કૌભાંડ અથવા કેસ ઠોકીને તેને ખાડામાં નાખશે નહીં, એવો કોઈ નિયમ થોડો જ હતો. તેથી સાત-આઠ નહીં, રાત્રે નવ વાગ્યે ઘાણી ફેરવતા રહેતા હતા! આવતા-જતા સિપાઈઓ જમાદાર મારઝૂડ કરતા જ હોય, રાત્રે કલાકો પછી કલાકો જઈ રહ્યા છે, બધા બંધી ઊંઘી રહ્યા છે, માત્ર ઘાણીની ચાલી ચર્ચર્ કરતા કામ કરે છે. બારી ચાલીની આગળ ખુરશી પર ડોલતો અને વચવચમાં મા-બહેનની ગાળો આપતો, ''અબ તક તેલ નહીં હુઆ તો મારો સાલે કો બેત, કલ મરના તો આજ મારો!'' આવા બરાડા પાડતો.

રોગનો ઢોંગ

જેમના હાથને અતિશય શ્રમ ફાવતો નહીં, જેઓ કોલેજમાં અભ્યાસ-જ્ઞાન લીધેલા લોકો હતા, એવા રાજકીય બંદીવાનોને, તેમાંના સત્તર વરસનાં બાળકોને પણ આ ઘાણીનું કામ મહિનાઓ સુધી આપવામાં આવ્યું. તેમના કષ્ટનો પાર રહ્યો ન હતો. તેમાં પણ કેટલાક બીમાર પડયા ત્યારે તો મૃત્યુ સારું એવું લાગવા લાગ્યું. કારણ બીમારી ભયંકર સ્વરૂપની થાય ત્યાં સુધિ એને ઢોંગ જ ગણવામાં આવતી. તેમાં પણ તાવ હોય - ૧૦૧ની ઉપર હોય તેને તાવ ગણવામાં આવતો - તો રાજબંદીઓને દવાખાનામાં નહીં પણ કોટડીમાં જ કામ વગર બંધ કરવામાં આવે. સાધારણ ચોરી, આગ લગાડવી, લૂંટફાટ, ગળાકાપી વગેરે પોર્ટ બ્લેરના કાયદાશાસ્ત્ર મુજબ ક્ષમ્ય અપરાધ કરનારાને માત્ર દવાખાનામાં બીમાર તરીકે, એક તરફ ઊંઘવાની છૂટ અપાતી. પણ તાવ અથવા રેચ અથવા ઊલ્ટીઓ જેવી દેખીતી નહીં તો માથુ દુઃખવું, હૃદયની બીમારી, જીવ ગભરાવો, જેવી પરોક્ષ બીમારી જેને તેની દશાનું તો પૂછો જ નહીં. તેમના રોગનું નિદાન તો ઢોંગ અથવા કામચોરીપણું એવા બે પ્રકારમાં જ કરવામાં આવતું. ક્યારેક સજા પણ કરવામાં આવે. એ વાત પણ ખોટી નથી કે અઠંગ બંદીવાનો પાસે ધારે ત્યારે ભયંકર તાવ અથવા રેચ અથવા લોહીની ઊલ્ટીઓ થાય તેવા ઓસડ અને ઉપાય હતા. પણ એ વાત પણ ખોટી નથી કે એવી ઔષધીથી ૧૦૩-૧૦૪ સુધીના તાવથી થરથર ધ્રૂજતા અથવા પેટનો તીવ્ર દુખાવો થવાથી લોહીની દસ-દસ ઊલ્ટી થઈ તો પણ ઠીક, પણ આ ઘાણીની યાતના થોડા દિવસ તોય, 'સડો કે પડો' થવા જેટલી એ ઘાણીના કામની યાતના હતી. બદમાશોને માટે પણ અસહ્ય હતું - એ ઘાણીમાં જ બંદીગૃહનું મોઢું પહેલીવાર જોનારા રાજબંદીને પણ જોતરવામાં આવતો. અને તેમાં પણ કોઈ આવી નહીં દેખાતી બીમારીથી પીડાતો હોય તો ઢોંગીની શ્રેણીમાં ગણીને તેને કષ્ટદાયક કામ પર ફરીથી મોકલવામાં આવે. એવા કષ્ટભોગી પુરુષોમાં મારા મોટાભાઈની ગણના મુખ્ય રીતે થતી.

સીધાદોર કરેલા માણસોના પ્રયોગ!

કારણ તેમને ઘરેથી જ આધાશીશીની પીડા હતી. તેમાં તે બંદીગૃહમાંનાં કષ્ટ, માનસિક અને શારીરિક. તેમાંય ઘાણીમાં જોતરેલા, અને સૌથી મોટો અપરાધ એટલે એવા હાલહવાલ કર્યા પછી પણ પાછળ વર્ણન કર્યા પ્રમાણે તેઓ હજી, સીધાદોર કરેલા માણસ નહોતા. તેમના મોઢેથી ખોટી માહિતી કે તિરસ્કારભરીપ્રાર્થનાનો શબ્દ પણ નીકળ્યો નહોતા. તેથી જ તેમને સીધાદોર કરવાનો પ્રયોગ, પેલા

રાજબંદીવાનોને જાહેરમાં હિંસક સજા આપવાનું અને કાર્ય, પોતાને આ સર્કસનો ચાલક ગણાવતો, બારી હજી કરતો જ હતો. આવી સ્થિતિમાં જ અને તેના પરિણામે ભયંકર આધાશીશીની વ્યથા તેમને ફરીથી થઈ. સવારે ઘાણીમાં જોતરાઈને તે સરખા ફેરવતા રહ્યા. જેમ જેમ દિવસ ચડે તેમ તેમ માથું દુઃખવા લાગે. સણકા ઊઠે. તડકો સહન ના થાય. તો પણ દિવસ વધે તેમ તેની સાથે સાથે વધનારા માથાના દુઃખાવાની સાથે જ, 'કોલુ પીસો ઔર કુછ જાનતા નહીં, કોલુ પીસો!' એવી જમાદારની ગર્જના વધતી જાય. ગોરો અધિકારી ફેરા પર આવ્યો કે તેમણે વિનંતી કરી, 'મારું માથું ખૂબ દુઃખે છે.' પેલાએ ઉત્તર આપ્યો, 'તે મારો પ્રશ્ન નથી. ડોક્ટરને બતાવ.' ડોક્ટર કોઈક હિંદુસ્તાનનો જ હશે. તે આવ્યો અને તેણે તાવ છે કે નહીં જોઈને કહ્યું આને કાંઈ થયું નથી, સાહેબ પાસે લઈ જાઓ. કારણ માથું દુઃખવાનું તાપમાપક થર્મોમીટર બિલકુલ ગરમ થતું નહોતું. માથુ દુઃખે છે એ સાબિત કરવા માટે બીજા પુરાવા નથી. એટલે જુઠ્ઠાણું હોવું જ જોઈએ. બંદીવાનોનું - તેમાં પણ તેમાં પણ ગણેશપંત સાવરકરનું.

હું કહું તે બીમાર!

આપણે કરીએ છીએ એ અન્યાયી છે એ ડોક્ટરને સમજાય પણ બારીનો ડર. તે આવતા-જતાં તેને કહેતા રહે ''આ જુઓ ડોક્ટર, તમે હિંદુ, આ રાજબંદીવાનો હિંદુ. એ ક્યાર તમને મીઠું બોલીને ખાડામાં પાડે એનું કાંઈ કહેવાય નક્કી નહીં. તેમની સાથે મારા કહ્યા વગર જો બોલતા તમને કોઈ જોઈ જશે તો તમારી વિરુદ્ધ અધિકારીઓ પાસે ફરિયાદ થશે, તેથી ંભાળો. નોકરી જોઈએ તો તમે તેમના વિશે કાંઈ પણ બોલશો નહીં. તમે ભણેલા છો, પણ હું અનુભવી છું. મને સમજાય છે આ ઢોંગી લોકોની સાચી બીમારી કઈ, ખોટી કઈ છે! ત્યારે હું કહું ત્યારે તે બીમાર પડ્યા છે, એવું સમજવાનું, ઠીક છે?'' આવું કહેતા પોતે જ પોતાની રમૂજ પર હસતો બારીસાહેબ આગળ ચાલવા લાગતો. એકવાર ડોક્ટરે (હોસ્પિટલ આસિસ્ટન્ટ) મારા ભાઈની અત્યંત કથળેલી સ્થિતિ જોયેલી. માથાનું કણસવું અસહ્ય થવાથી તેઓ ક્યારેક ક્યારેક જાતે ભીંત પર માથું પછાડતા હતા. તેમ જ ઊભા થઈને ઘાણી ફેરવવાનું કામ કરતા. સાહસ કરીને પેલો ડોક્ટર બોલ્યો, ''ચાલો હું બે દિવસ મારા અધિકારમાં તમને ચેકિંગ માટે (ફોર ઓબ્ઝર્વેશન) માટે રાખું છું. આ કામ છોડીને બિછાનું ઉપાડી લો.'' તેમના કહેવા પ્રમાણે મારા ભાઈ બિછાનું ઉપાડી જાય, ના જાય, ત્યાં તો બારી ડંડો ઉપાડતો આવ્યો, 'એ બોમ્બગોલા વાલા, કિધર જાતા હૈ?' આમ ગરજીને તેણે ગણેશપંતને લઈને જનારા જમાદારને પૂછ્યું. પેલો જમાદાર ધ્રૂજતાં બોલ્યો, ''ડોક્ટર બાબુની આજ્ઞાથી કામ છોડીને તેની શંકાસ્પદ બીમારીની તપાસ કરવા માટે લઈ જઈ રહ્યો છું.'' ''મને કેમ પૂછયું નહીં, કોણ છે એ ડોક્ટર બાબુ, એ સાલા! વો સાલા!'' એવું જોરથી બોલતાં તેમને બંદીગૃહમાં ધક્કો માર્યો, ''લે જાઓ ઇસકુ વાપસ, કામ મેં લગા દેવ. હું જોઈ લઉં છું ડોક્ટરને અને તેને પણ - સાલા તુમ - મને પૂછયા વગર આને કોટડીની બહાર કેમ કાઢ્યો? ડોક્ટરની આજ્ઞા કે મારી?'' આવી સતત ગર્જના કરતા તેણે પેલા જમાદાર પાસે ગણેશપંતને પાછા ઘાણીની કોટડીમાં બંધ કરીને કામમાં જોતરી દીધા. ડોક્ટરનો અધિકાર, પેલા બારીના એટલે કે બંદીપાલના અધિકારના નીચેનો નહીં, પણ સુપરિન્ટેન્ડન્ટના હાથ નીચેનો ગણાતો. પણ રાજકીય બંદીવાનોના મામલે કોઈનાયે વિરુદ્ધ ફરિયાદો સુપરિન્ટેન્ડન્ટ પહોંચે નહીં તે માટે બધા હિંદુ અને હિંદી અધિકારીઓની જીવ પર આવે તેટલી ખટપટ ચાલતી. એનો અર્થ બારીથી ડરીને તે ડોક્ટરે પોતાનું અપમાન તો વહોરી જ લીધું પણ બારીની ક્ષમા માગીને ફરીથી ક્યારેય કોઈપણ રાજકીય બંદીવાનને સુપરિન્ટેડન્ટન્ટના કહ્યા વગર કોટડીમાંથી દવાખાનામાં એક ક્ષણ પણ ક્યારય લઈ ના ગયો. બાકી ધારે તે બંદીવાન - દસ દસ વાર જેલ ભોગવેલા જ નહીં પણ જેલ તોડીને નાસેલા બંદીવાન પણ - બીમાર છું, એટલું કહીને જાતે દવાખાનામાં જઈ શકે. પછી રાખવા કે નહીં રાખવા એ પર હતું. તેમના કામમાં બંદીપાલ કશું જ બોલતા નહીં. રાજબંદીઓને માત્ર દવાખાનામાં મોકલવમાં ના.

એ આધાશીશીનો દુખાવો અને ઝટકા સહન કરતાં દિવસભર ઘાણી ફેરવીને મારા મોટાભાઈ સાંજે તેલ પહોંચાડી દઈને હાશ કરીને, જેવું પોતાની કોટડીની લાકડીના પાટિયા પર લંબાવતા કે આખા શરીરમાં સટાકા બોલવા માંડતા. ક્યારેક ઊંઘ આવી ના આવી ત્યાં બીજા દિવસની સવાર. અને ફરીથી આધાશીશી, પેલો જમાદાર, પેલા કાળા અધિકારીઓનાં અપમાન અને તપાસ, અને પેલી ઘાણી દત્ત તરીકે ઊભી રહેતી. આવી રીતે અઠવાડિયાં, મહિના, કષ્ટની ચરમસીમામાં કાઢતાં, અને આવી રીતે જન્મારો કાઢવાનો!

આ જીવન નહીં !

એ હાલહવાલનું કેટલું કહેવું! પણ માત્ર સિક્કા પરથી ભાતાની જાણ થઈ જાય તે માટે બીજી એક જ ઘટના કહું છું, આંદામાનમાં બંદીવાનોને કામના, અન્નના, વસ્ત્રના, મારઝૂડના વગેરે અનેક પ્રકારના જે ત્રાસ આપવામાં આવતા હતા એમાં દેખાવામાં એક સાવ ક્ષુલ્લક, કહેવામાં સાવ સંકોચભર્યો, પણ સહન કરવામાં એકદમ પોતાને પોતાનો જ તિરસ્કાર થઈ ને, 'આ જીવન જ નથી જોઈતું' એવી લાગણી કરાવનારો ત્રાસ એટલે બંદીવાનોને મળમૂત્ર રેકવાની જે ફરજ પડાતી, એ છે. સવારે, બપોરે અને સાંજે અમુક સમય સિવાય શૌચાલય જાવ એટલે લગભગ અપરાધ માનવામાં આવતો. રાત્રે બંદીવાનોને છ-સાત જે રીતે ઠાંસીને ભરવામાં આવતા, તે સવારે છ વાગ્યે ખોલવામાં આવે. તે સમયે શૌચ માટે ફક્ત એક માટલું રાખવામાં આવતું.

આંદામાનના બંદીગૃહમાં બધી ઓરડીઓ અલગ અલગ હોવાથી દરેકમાં એક જ બંદીવાન પૂર્યો રહેતો. તેથી જ તેને સેલ્યુલર જેલ એટલે કે કોટડીનું કારાગૃહ કહેતા. આખી રાતના આ બાર કલાકમાં બંદીવાનોને સંડાસ ના લાગવી જોઈએ એવા બારીનાં નીતિ-નિયમ હતાં. પેશાબ માટે પણ પૂરું ન પડે તેટલું તે માટલું નાનું, કોઈને ભૂલથી જુલાબ થયો તો એ વોર્ડરને સામે કકળે, વોર્ડરે એ વાત ખોટી છે એવું જો પોતાની આળસ અથવા ડરથી નક્કી કર્યું તો પ્રશ્ન ત્યાં જ પૂરો. તે બંદીવાને સવાર સુધી તેવી જ રીતે મળ રોકી રાખવો જ જોઈએ. સારું, વોર્ડરે જમાદારને કહ્યું તો જમાદાર બંદીવાનને ભળતા જ સમયે આમ શૌચાલયમાં જવાની પાછી છૂટ આપવા બદલ દસ ગાળો અને વોર્ડરને બંદીવાનોની ફરિયાદ સાંભળવા માટે પાંચ ગાળો આપીને, મને ફાવે તેમ અને ઊંઘમાં જેમ યાદ આવે તેવી વાત ડોક્ટરને જણાવે. ડોક્ટરનું જુલાબ થયાનું પ્રમાણપત્ર સોમાંથી એકાદ વખત મળે, પછી તે બારી પાસે પહોંચાડીને તેની છૂટ મળી તો બંદીવાનને, શૌચાલય માટે તાળું ખોલીને બહાર કાઢવામાં આવે, અને સવારે ફરીથી, બારીસાહેબ આગળની તપાસમાં એવા જેપ્રશ્ન પૂછે જેનો સમાધાનકારક ઉત્તર કેવી રીતે આપવો કોઈને પણ સુઝે નહીં, તેવા પ્રશ્ન પૂછીને ગાળો આપતો તે અલગ જ. ''તુમ રાત મેં ગીલા ક્યોં કિયા? તે રાત્રે બૂમાબૂમ કેમ કરી?'' ''શું કરું સાહેબ, જુલાબ થયા, માફ કરો!'' ત્યારે સોટી ફટકારીને ગાળો આપીને સાહેબ પૂછતો, 'પણ જુલાબ કેમ થયા! રાત્રે તને સંડાસ કેમ લાગી?'' ગભરાયેલો બંદીવાન ખૂબ ઉતાવળે જવાબ આપે,'' લાગી એટલે લાગી!'' તેની સાથે જ જમાદાર વચ્ચે આવીને એક થપ્પડ મારીને કહે, ''એ સાલા, સાહેબની મજાક ઉડાવે છે?''

દયાળુ બારીસાહેબ આટલું કહીને તે બંદીવાનને મોટે ભાગે છોડી દેતો. એકાદ વાર દયાથી ખૂબ જ પીગળી ગયેલી સ્થિતિમાં હોય તો ફક્ત છોડી ના દેતા તેને જુલાબ લાગી તે અપરાધ બદ્દલ, 'એક દિવસ આને ઘાણીનું કામ આપો,' એવી સજા આપીને જતો રહેતો.

તમાકુની ચપટી

આવી ત્રાહિત સ્થિતિમાં કેટલાક બંદીવાન મળ રોકવો અશક્ય થતા કોટડીમાં જમીન પર જ સંડાસ કરવા બેસતા. આખી રાતમાં તે આઠ-દસ ફૂટની ઓરડીમાં મળને ઉઘાડું છોડીને ઊંઘ્યા પછી, સવારે તાળું ખુલતાં જ ભંગીને મસ્કા મારવા માંડતા કે તને ચૂપચાપ તમાકુની ચપટી આપીશ, તું ચૂપચાપ તે મળ કાઢી નાખ. તેણે સાંભળ્યું તો ઠીક, નહીં તો કોઈની પાસે તમાકુ જ ના હોય તો, ભંગી બૂમ મારી જમાદારને કહે. જમાદાર લાત-મુક્કાથી જેવો મારવા જેવો હોય તેવો તે બંદીવાનને મારે. જરા વધારે માથાફરેલ હોય તો બારીસાહેબ પાસે લઈ જઈને કેસ કરવામાં આવે, શેનો તો, 'ઓરડી ગંદી કરવાનો!' એક તો પોતાના હાથે મળ સાફ કરવાનું કામ સજા તરીકે કરાવી લેવામાં આવતું, ત્રણ-ચાર દિવસ ઉઘાડામાં આખો દિવસ ઊભા રહેવાની સજા આપવામાં આવતી.

વળી, ઉઘાડામાં ઊભા રહેવામાં તો મળનો જ નહીં પણ ચાર-ચાર, પાંચ-પાંચ કલાક પેશાબ પણ રોકી રાખવો પડતો. સવારે છ વાગ્યાથી દસ વાગ્યા સુધી અને બપોરે બાર વાગ્યાથી પાંચ વાગ્યા સુધી હાથકડીમાં લટકીને ઊભા રહેવું પડતું. તે વખતે સંડાસ તો દૂર, પણ પેશાબ માટે છોડવામાં આવતા નહીં.

આ ત્રાસનો માર બધા બંદીવાનો ઉપર સરખો જ હતો. પરંતુ જે રાજબંદીને વધારે જચતું, કારણ તેઓ મોટે ભાગે દિવસે પણ કામ કરતા ન કરતા, કોટડીમાં અથવા ચાલીમાં બંધ રહેતા. તેના લીધે રાત્રે જ નહીં પણ દિવસે પણ તેને મળમૂત્ર વિસર્જનની બંધી કરાતી. લાચાર થઈને કોટડીમાં અથવા ચાલીમાં, જમીન પર અથવા ભીંત પર પેશાબ કરવો પડે. અન્ય જડ બંદીવાનોને તેમાં કંઈ લાગતું નહોતું. તે બીજા માણસોની સામે પણ આવું હસીને કરતા. પણ સભ્ય લોકોમાં મોટા થયેલા રાજબંદીઓને તેવું કરવાની ફરજ પડતી, ત્યારે તીવ્ર નૈતિક વેદના ભોગવવી પડતી. દેહધર્મની નૈસર્ગિક આવશ્યકતા જ તે બંધીગૃહમાં સરકારી શિસ્ત વિરુદ્ધ એક અપરાધ ગણવામાં આવતો. સારું ખાવાનું, સારું ઊંઘવું, એ તો રહેવા જ દો, પણ લાગે કે શૌચાલય જવં, અથવા પેટ ફૂલાવીને રોકવું અસહ્ય થતા પહેલાં જ પેશાબ કરવા બેસવું એ પણ વિલાસપ્રિયતા જ ગણાતી, અને તેને કઠોર કારાગૃહમાં દંડનીય ગણવામાં આવતી.

આંદામાની નીતિશાસ્ત્ર

આવી શિસ્ત સાથે મારા મોટાભાઈને કોટડીબંધી હોવાથી 'છોતરાં' પાછળ વર્ણન કરેલું કાથો ગૂંથવાનું કામ આપવામાં આવેલું હોવાથી એકવાર તેમને અપચાનો વિકાર થયો. પેટ દુઃખતું રહે. જમતાં જ બળતરા થાય. પણ એકવાર ઓરડી બંધ થાય કે ફરીથી સાંજે ઊઘડશે. બીજા બંદીવાનોને પણ અપચાની બીમારી થઈ, એટલે તેમને દવાખાનામાં લઈ જવામાં આવે અને તેના લીધે મળમૂત્ર યથાયોગ્ય રીતે કરવાનું સુખ જ સુખ! તેઓ માણી શકતા. પણ બીમાર પડીનેય રાજબંદી કોટડીમાં જ બંધ રહેતા. તેમને દવાખાનામાં લઈ જવામાં આવતા નહીં. જેનાથી તે એકદમ પથારીવશ થઈને પડે નહીં ત્યાં સુધી અને કોટડીમાં પણ બીમાર રહેતા જે એક મટકું મારે કે 'બીમાર' હતા. માંદગીનું પ્રમાણપત્ર ડોક્ટર ત્યારે જ આપે જ્યારે દુઃખાવો અસહ્ય થઈ જાય. તેના લીધે રાજબંદીને દેહધર્મ યોગ્ય રીતે ના કરી શકવાથી અસહ્ય ત્રાસ થતો. અર્થાત્, મારા મોટાભાઈને અપચાની તકલીફ થઈ છે તે વાત સિપાઈઓના, જમાદારોના અને ડોક્ટરના કાને નાખીને પણ તેને કાનમાં ઊતરતા બે-ત્રણ દિવસ લાગ્યા. પેટમાં દુઃખીને રેચ થવા માંડ્યો. તેમાં વળી તે બંદીગૃહના અડધા મડેલા ભાત ખાતા અને કાથો કૂટતા કોટડીમાં બંધ થઈને રહેતા. ત્યારે બપોરે સહન ના થતા રેચને રાકવો અસહ્ય થતાં જ ઓરડીમાં જ જુલાબ કરવો પડતો. પણ ઓરડી સાંજે ઉઘડતાં જ તે વાત જાહેરમાં આવે અને ગાળાગાળી થતી. આખા બંદીગૃહમાં તેની ચર્ચા થવાનું ટાળવા અને ફરીથી સજા મેળવવાનો અથવા તે મળ જાતે સાફ કરવાનો પ્રસંગ ટાળવા માટે તેઓ કચરાના ઢગલામાં જુલાબ કરતા અને બહાર તે કચરો નાખવા માટે જયારે સાંજે છોડવામાં આવે ત્યારે તે ગંદવાડ પોતે કાંઈપણ ના કહેતા જઇને મૂકી આવે. કેટલીક વખત હાથકડી પહેરેલી હોવાથી પેટ દુખવાના અને અપચાની તકલીફ થઇ તો પણ તેમને સાત દિવસ એમ જ ટાંગવામાં આવતા. તે સમયે કેટલીયે વાર

ઊભા ઊભા જ રેચ લાગે. બપોરે કવેળા પેશાબ લાગે એટલે ઓરડીની ભીંત પર કેટલાક જણ પેશાબ કરતા. આ એક દિવસની કે એક પ્રસંગની વાત નથી. વરસો-વરસોની વાત હતી. એવી ઘાણીની ઓરડીમાં અને તેવી ગંદી સ્થિતિમાં રહેવું પડે, સૂવું પડે.

ગાય-બળદોને પણ, મળમૂત્ર યથેચ્છાએ કરતાં, તે કામમાં જોતાયેલા હોવા છતાં પણ, કે અધરાતે-મધરાતે પણ, રોકવાં એ ક્રૂરતા ગણવામાં આવતી. પણ રાજકારણમાં અને રાજક્રાંતિમાં ભાગ લેનારા મનુષ્યને પેલાં પશુને પણ મળતા સ્વાતંત્ર્ય માટે પણ અપાત્ર ગણીને યથાયોગ્ય મળ મૂત્રોત્સર્ગ બપોરે ૧૨ વાગ્યાથી સાંજે છ અને રાત્રે આખી રાત કરવાનું સૌભાગ્ય ભોગવવાનું સાહસ કરશે તો સજાને પાત્ર થાય એવું આંદામાનનું નીતિશાસ્ત્ર સમજતું. આંદામાનનાં બંધીગૃહો દંડવિજ્ઞાનનું આ નીતિશાસ્ત્ર બદલવા માટે કમિશનર સુધી અરજી ગઇ, પણ બારીસાહેબ કહેતા, ''આ બધું ખોટું છે મહારાજ! આ જમાદારેને પૂછો હું ક્યારેય આવી પીડા આપું છું કે. આ લોકો મારા વિરુદ્ધ ષડયંત્ર કરે છે અને આવા ખોટા આરોપ લગાડે છે! '' કમિશનર અને બીજા અધિકારીઓ કહેતા, ''ફરીથી ખોટો આરોપ મૂકશો તો સજા થશે. તમે રાજબંદીઓ કાયમ બૂમાબૂમ કરો છો. બીજા લોકો કેમ કરતા નથી?'' બીજા લોકોને તે પીડા એટલી ભોગવવી પડતી નથી. ભોગવવી પડે તો પણ તે સહ્ય લાગે, સહ્ય ના લાગે તો પણ લાત-મુક્કાનો માર અને ઘાણીના ભયથી બારીસાહેબ વિરુદ્ધ હરફ ઉચ્ચારવાની જરાય તાકાત નથી.

નૈસર્ગિક વિધિનો હક!

આખરે સંડાસ અને પેશાબ લાગવી કે લાગે તો તેને અવરોધવાં અશક્ય થવાથી તે કરવા દેવાં, એ શિસ્તનો ભંગ કે અપરાધ નથી એવું ઠરાવી લેવાનો મહત્વનો રાજકીય હક મેળવવા માટે હિંદુસ્તાન સરકારના ગૃહમંત્રી સુધી ચળવળ કરવી પડી. આ ગૃહસ્થ એકવાર આંદામાનમાં પ્રત્યક્ષ આવ્યા - તે વાત આગળ આવશે જ - ત્યારે રાજંબદીઓમાંથી કેટલાક લોકોએ તેમની સમક્ષ પોતાની ફરિયાદ માંડી. બારી એકદમ બદલાઇ ગયો. ખોટું છે, ખોટું છે, એમ બરાડ્યો. શ્રી નંદગોપાલ નામે એક રાજબંદી જયારે સ્પષ્ટ બોલ્યા કે, ''આ જુઓ, આ બંધીહગૃહોની ઓરડીમાં તમે એકવાર પ્રત્યક્ષ આવો અને ત્યાંની ભીંતની, ખૂણાની ગંધ લો એટલે તમને સમજાશે કે કવેળા પેશાબ લાગવાથી અથવા રાતે માટલું ભરાઈ જવાથી બંદીઓને ભીંત પર પેશાબ કરવો પડે કે નહીં, તે તમારું નાક જ અમારી સાક્ષી!'' આવું ફટ દઈને બોલવાથી નંદગોપાલને જયારે, 'તમે ચૂપ રહો, ચૂપ રહો!' એવું કહી રોકવામાં આવ્યા અને બારીએ 'માણસમાં કરેલા' એટલે કે સુધારેલા પેલા રાજબંદીઓમાંથી એક-બેને પેલા જવાબને અશ્લીલ અને અસભ્ય કહેવાની જીહજૂરી કરવાને દબાવ્યા નહીં, તે પણ ગૃહમંત્રીએ ચૂપચાપ બારીનો કાન આમળ્યો અને તે પછી અરેરાટી કરાવતો ત્રાસ ઓછો થયો, અરેરાટી એટલી કે વારંવાર શરીરનો તિરસ્કાર થાય. 'સ્વાંગજુગુપ્સા પરૈરસગશ્ચ' તરીકે યોગસૂત્રમાં ગ્રંથિત કરેલા સત્યનો સ્વાનુભવ થતો. સ્વયં આ નંદગોપાલ પર એકવાર ચાલીમાં કામ કરતાં મળ અવરોધ અશક્ય થતાં બધા સમક્ષ મળત્યાગ કરવાનો પ્રસંગ આવ્યો હતો અને તે કૃત્ય જાણીકરીને કર્યું તેમ કહીને તેમની વિરુદ્ધ કાગારોળ કરીને બારીએ તેમને અપરાધી પણ ઠરાવેલા હતા.

પહેલો સંપ

તે નાના પ્રકારના કષ્ટનાં પરિણામ તે વખતના રહેલા રાજકીય બંદીવાનો પર વિવિધ પ્રકારનાં આવ્યાં. શરૂઆતમાં બધાનો જ હેતુ શક્ય એટલી યાતના સહન કરીને પણ આવડે તે કામ કરવું અને જેલના નિયમો પાળવા એ હતો. પરંતુ જયારે શારીરિક અને માનસિક કષ્ટ અસહય થવા લાગ્યું ત્યારે બધા માટે આગળ જીવવું કે મરવું આ પ્રશ્ન ઊભો થયો. જેઓ ખૂબ જ ઓછી, એટલે કે પાંચ-સાત વરસની સજા માટે જ આવ્યા હતા, તે બધાનો જ આગ્રહ હતો કે તેમણે ધૈર્યથી બધાં જ સંકટ આટલાં દિવસો-વરસો

જીવનભર સહન કરવા પડવાનાં હતાં, કે તે સહન કરતાં કરતાં જ કયાંક તો મરણને કોળિયો થવાના જ એવું સાફ દેખાતું હતું. તેમણે પછી તે સંકટ સહન કરીને મરવા કરતાં તે સહન કરવાની પહેલાં જ કેમ ના મરવું ?
આ ભયાનક પ્રશ્નોનું, જે પ્રશ્ન તે સ્થિતિમાં તાત્વિક ના હોઈને દરેક ક્ષણે સામે આવતો હતો, પરિણામ રાજબંદીઓ માટે બે અંતિમોનું, બે વિરુદ્ધ દિશાનું આવ્યું. એક છેડે પાછળ દ્રષ્ટાંત તરીકે કરેલા વર્ણન પ્રમાણે કેટલાક જણાનાં માનસિક અને નૈતિક ધૈર્ય ખૂટતાં દેખાયા, અને અધિકારીઓના મન મુજબનું કરીને કેમેય કરીને પણ આ કષ્ટમાંથી છૂટવું એવી તેમની વૃત્તિ થઇ. પણ સામે છેડેના બીજા યુવાનોની, વચમાં યાતનાને લીધે અભિભાવનો અતિરેક થતાં જ ફરીથી એકાદ પ્રજવળિત કરેલી જ્યોત પ્રમાણે, વધુ ઉછળેલી તેજસ્વિતાએ તેમને, 'મર પણ અપમાનિત થઇશ નહીં, મર પણ શક્ય ત્યાં સુધી લડત આપીને મર,' એમ બાળવા માંડી. વચલી મનોવૃત્તિના લોકોના વિવેકે કહ્યું, ''જીવ, ધ્યેય વિરુદ્ધ જયાં સુધી તારું જીવવું થતું નથી ત્યાં સુધી શકય હોય તો રાજનીતિનો આશ્રય લઇને જીવ, પણ જો ધ્યેય વિરુદ્ધ જઈને તેને જ નુકસાન પહોંચાડવું પડે, તો તરત મર!''

ગમે તેમ પણ જીવ, એવી જેમની વૃત્તિ થઇ, તેમણે કયા વર્તનક્રમનો આશ્રય લીધો એ પાછળ જણાવેલું જ છે. લડતા જ મર કે વિવેકથી મર અને જીવ, એવા ઉભય પક્ષના લોકોએ ભેગા થઇને છેવટે તેમને થઇ રહેલા કષ્ટનો પ્રતિકાર નહીં તો પ્રતિશોધ તરીકે સખત કષ્ટનાં કામ કામ કરવાં નહીં એવો નિર્ધાર કર્યો. તેમાં સૌથી પહેલાં તો ઘાણીના કામનો ઇનકાર કરવાનું સંપમાં ઠરાવવામાં આવ્યું. આ સેલ્યુલર જેલનો રાજકીય બંદીવાનોનો એ પહેલો સંપ છે. આ ખૂબ જ નાનો હતો, પરંતુ બંદીગૃહમાં અને બારીસાહેબની છાતી પર ષડયંત્રથી સંપ થવો એ વાત એટલી સાહસિક માનવામાં આવે એવું કે તે થોડા લોકોએ પણ મળીને કામનો ઇનકાર કરતાં જ સેંકડો બંદીવાનોમાં માનસિક ખળભળાટ થયો. તેને જ લીધે બારીસાહેબને પોતાની શકિતનું અને અધિકારોનું આ અપૂર્વ અપમાન છે એવું લાગતાં તે બંદાપાલ એકદમ તતડી ગયો! આ સંપ એટલે અપમાન એટલે કાંઈ જ નહીં, આવો સંપ અને આવું અપમાન તેમણે જોવાનું હતું એ ત્યારે તેમને કેવી રીતે સમજાશે ?

પોર્ટ બ્લેરનો પરમેશ્વર

બારીસાહેબ બીજા બંદીઓને, અને ક્યારેક કયારેક તો રાજકીય બંદીવાનોને પણ પોતાની જાડી લાકડી એકાદ રાજદંડની જેમ પછાડીને કહેતો હતો, ''દેખો રે, સાલા લોગ! (સાલા લોગ એ બારીસાહેબની ભાષામાં બંદીવાનોના વર્ગનું જાતિવાદક નામ હતું). દુનિયા મે એક પરમેશ્વર બસતા હૈ. વો આકાશ મેં રહેતા હૈ. પરંતુ પોર્ટ બ્લેર મે દો પરમેશ્વર રહેતે હૈ. એક આકાશમેં ઔર એક પૃથ્વી પર. બસ, પૃથ્વી પર રહેનેવાલા વો પોર્ટ બ્લેર કા પરમેશ્વર મેં હું. ઉપર કા પરમેશ્વર તુમ્હે ઉપર ફલ દેગા. પર મેં પોર્ટ બ્લેરકા પરમેશ્વર તુમે ઇધર કા ઇધર હી ફલ દેઉંગા. ઠીક ચલના. તમે મારી ઉપરના કોઇપણ અધિકારીઓ પાસે, દિલ્હીના લાટ પાસે ગયા, તો પણ હું કહીશ એ જ પૂર્વ દિશા થશે એ ધ્યાનમાં રાખો!'' એકવાર અમને ગમ્મત બતાવવા માટે અને બધા બંધી તેનાથી કેવા થરથરતા તે અમને બતાવવાની કદાચ ગુપ્ત ઇચ્છાથી તેણે બધા બંદીવાનોની જોડી જોડીમાં લાંબી લાઇન બનાવીને પેટા ઓફિસરો અને સૈનિક જમાદાર ઊભા હોવા છતાં પણ એકદમ અંદર ઘૂસીને પૂછયું, ''કયા રે પેટા ઓફિસર, ઇસ વકત રાત હૈ યા દિન!'' પેલા નવશીખ્યા બંદીવાનોમાંથી જ નવી નવી બઢતી મળેલા અધિકારીએ, પેટા ઓફિસરે કહ્યું, ''દિન હૈ હજૂર!'' બારીસાહેબ એકદમ ચીડાઇને બોલ્યો, ''નહીં રાત હૈ.'' પેટા ઓફિસર બોલ્યો, '' દિન હૈ.'' ત્યારે બારીસાહેબ ગુસ્સામાં ત્યાં તેના પટાવેલા જમાદાર તરફ ફરીને ગરજ્યાં, ''કયા જમાદાર, અબ દિન હૈ યા રાત! હમ કો સાફ રાત માલૂમ પડતી હૈ.'' જમાદાર બોલ્યો, ''જી હુજૂર, અબ તો સફા રાત પડી હૈ!''

ત્યારે બારીસાહેબ કદાચ ખચકાટથી બોલ્યો, ''તુમ તો ઠીક બોલે, પણ તમે નવા પેટા ઓફિસરોને સરખું શિક્ષણ આપતા નથી એ તો સાબિત થઇ ગયું ને ? ફરીથી આવું થયું તો જોઇ લો ?'' નવા કોઇ પણ પેટા ઓફિસર થયા કે તેમણે, ''હાં-જી હુજૂર,'' અને ક્રૂર પઠાણ જમાદાર ખરેખર જ બારીબાબા કહે તેને જ, ''હા કહેતો જા,'' એવી સખત આજ્ઞા આપતા હતા.

આવી રૂવાબથી આજ સુધી બંદીવાનોની ચળવળ દબાવતા જેણે રાખ્યા તે બારી રાજકીય બંદીવાનોએ કરેલું તેના અધિકારોનું આ નાનકડું અપમાન જોઇને પણ ચીડાઇ ગયેલો તેમાં આશ્ચર્ય નહીં. ત્યાં સુધી રાજબંદીવાનોને પણ પઠાણી અધિકારીઓ પાસેથી તો અશ્લીલ ગાળો આપવી અને કામ પૂરું ના થયું તો, અથવા રાજકીય બંદીવાન એકબીજા સાથે બોલતા પકડાઇ ગયા, તો પણ તે પઠાણી વોર્ડર અથવા પેટા ઓફિસર તેમને ફટ દઈને તમાચો ચોડી દેતા. આ વાત તેમના કાને નાખી હોવા છતાં પણ તે ઊલટું હસતો. પણ એ રાજબંદીઓ જ હવે એટલા બદલાયા કે ગાળ સામે ગાળ, એ એક-બે એ તો તમાચા સામે તમાચો ચોડી દેવાની પણ શરૂઆત કરી. કામ નકારવામાં જેણે જેણે ભાગ લીધો હતો, તેમાંથી એક-બેએ એ તો બારીની મશ્કરી કરવાનું પણ શરૂ કર્યું. ઇજ્જત કાઢવાનું પણ શરૂ કરી નાખ્યું.

ઉદાહરણ તરીકે એક જ રમૂજની વાત કરું છું. શ્રીમાન--------ને દસ વરસની કાળાપાણીની સજા થઇ હતી. એ પંજાબના એક પ્રતિષ્ઠિત ખાનદાનના સુશિક્ષિત અને અતિશય પાપભીરુ ગૃહસ્થ હતા. તેમને શરૂઆતમાં જ જયારે ઘાણીનું કામ આપવામાં આવ્યું, ત્યારે એ સવારે ઓરડીમાં ગયા. આશરે દસ વાગ્યા સુધી સાવધાનીથી જે કામ થાય તે કર્યું. જમવાનો ઘંટ વાગતા જ તેઓ નીચે ઉતર્યા. ઘાણીમાંના બંદીઓને કામ પૂરું કર્યા વગર સ્નાન, જમવાનું વગેરે જરૂરી કર્તવ્ય પણ કેવી રીતે કરવા દેવાતાં નહીં, એ પહેલાં જ જણાવ્યું છે. પણ શ્રીમાનને તેનાથી શું! તે સીધા સ્નાનના ઓટલે જતા, સરસ રીતે અંગ ચોળીને સ્નાન થયું કે જમવાનું લઇને જમવા બેસતા. ખ્યાં સુધીમાં તો બીજા બંદીવાનોને ગાળાગાળી અને મારઝૂડ કરીને પેટા ઓફિસરોએ પાછા કામ પર પણ જોતરી દીધી હોય. શ્રીમાનને પણ ભરપૂર ગાળો મળવાની જ હતી, પણ તે પોતાને નહીં, બીજા કોઇને અપાય છે, તેવી નિર્મમત્વ બુદ્ધિથી આરામથી જમવા માંડતા. વોર્ડર અને પેટા ઓફિસર ગાળાગાળી કરતાં પાછળ પડીને, ''ચલો, કામ કૌન તુમ્હારા XXXX કરેગા ? ઊઠો.'' વગેરે વગેરે કહેતા. પછી થાકીને હવાલદારને લાવતા. પણ શ્રીયુત શાંતિથી હવાલદારને સમજાવતાં કે, હવાલદારજી દરેક કોળિયો ચાવીને ખાઇએ તો બરાબર પચે. ઉતાવળમાં ખાવાથી પેટ બગડે. હવાલદાર કંટાળીને બારીને બોલાવી આવ્યો. જેલમાં, 'બારી આતા હૈ,' સાંભળતા જ હવે કોના પર પહાડ તૂટે પડે છે. તેવું જ સંભળાતું અને બધા સ્તબ્ધ થઈ જતા. પણ બારી આવ્યો તો પણ શ્રીમાન જમતા જ હતા. બારીએ તુમાખીથી બરાડીને પૂછયું, ''બધા બંદીવાનો કામ ઉપર ગયા, તું કોણ મોટો બાજીરાવ છે કે ? હજી પણ જમે છે, કામ પૂરું કોણ કરશે ? તારા હાડકાં ખોંખરાં કરીશ ખોંખરાં. બરાબર સમજી લેજે.'' શ્રીમાન કોળિયો ચાવતા સસ્મિત વદને બોલ્યો, ''હું કાંઈ થોડો અમસ્તો નવરો બેઠો છું કે? વૈદિકશાસ્ત્રો પ્રમાણે પ્રત્યેક કોળિયો કમ સે કમ દસ વખત ચાવવો જોઇએ. પાચનક્રિયાની શરૂઆત ખરું જોતાં તો મોઢાથી જ થાય.'' આ વૈદિક શાસ્ત્રીય મત સાંભળીને વધારે ગુસ્સે થયેલો બારી ગાંડાની જેમ બરાડીને બોલ્યો, ''ઊભો રહે. તને અનિયમિત, ગેરકાયદેસર વર્તન માટે કાલે જ ખટલો ભરું છું.'' શ્રીમાન બોલ્યા, ''દસથી બાર વાગ્યા સુધી સરકારે આપેલી રજામાં આ અજ્ઞાની બંદીવાનોને તમે કામ માટે જોતરી દીધા એ ગેરકાનૂની નથી કે?'' બારી મનોમન માટ ખાઈ ગયો. એ નિયમોની વિરુદ્ધ દસથી થી બારની રજામાં પણ જેલમાં કામ ચાલુ રાખતો. છેવટે, તારે જોઇએ તેટલાં કોળિયાં તું ખા, પણ સાંજે સાંજે કામ નથી કર્યું તો તારા પીઠની ખાલ છોલી ઉખેડી નાખીશ, એવી ધમકી આપી અને બધા બંદીવાનો સમક્ષ તેની આજ્ઞાનું આવું અપમાન કર્યું તો પણ બીજા પ્રમાણે એને પણ તત્કાળ લાત-મુકકા મારવામાં આવ્યા નહીં. આ પાણી ઉતરી જવાથી ધૂંઆપુંઆ થતો બારી પાછો ગયો.

વૈદિકશાસ્ત્રનો હજી એક પ્રમેય

આ બાજુ શ્રીમાનનું જેમતેમ કરીને જમવાનું પત્યું. પેટા ઓફિસર, હવાલદાર, વોર્ડર બધાને હાશકારો થયો. તેમણે તેમને બોલાવીને ઓરડીમાં ઘાણી ફેરવવા માટે જોતર્યા. વિનંતી પણ કરી કે, ''હવે તો વૈદિકશાસ્ત્ર પ્રમાણે જમવાનું પતાવીને કામ કસીને કર. કારણ બંદીઓનું કામ અધુરું રહ્યું એટલે બારી પહેલાં પેટા ઓફિસર અથવા વોર્ડરની જ ધૂળ કાઢી નાખે એ ભૂલશો નહીં.'' આવું કહેતા તે બધા આગળના બંદીવાનોને ગાળાગાળી કરતા ગયા. થોડીવારે પાછા આવીને શ્રીમાન ઘાણી એકધારી ફેરવતા હશે, એવુ સમજીને જુએ છે તો શું! શ્રીમાને એક ગોદડી પાથરીને તેના ઉપર પોતાનું લાંબુ શરીર સુખચેનથી ફેલાવીને અને બીજી ગોદડી ઓઢીને ઘોરવાનું શરૂ કરી દીધું છે. ચીડાઇને ગાળો આપતા પેટા ઓફિસર બોલ્યો, ''એ શેતાન! અરે તેને થયું છે શું! શું કામ મારો જીવ લે છે! અત્યારે બાર વાગી ગયા છે. તારું જમવાનું પત્યું, હવે તો ઊઠ!'' શ્રીમાને આંખ ખોલી, ધીરેથી હાથેથી ખલેલ ના પહોંચાડો, તેમ કહ્યું. પછી મોઢેથી બોલ્યા, ''જમાદાર! જમવાનું પતતાંની સાથે ઘાણી ફેરવવા માંડું, તો ખાધેલું અન્ન પચે નહીં. જમ્યા પછી થોડી વામકુક્ષી કરવી (આરામ કરવો) એવો વૈદિકશાસ્ત્રોમાં હજી એક પ્રયોગ છે. મારી દાદી હંમેશાં આવું જ કહેતી હતી!'' બધા બંદીવાનો ખીખીખી કરતાં હસવા લાગ્યા. જમાદાર ગુસ્સે થયો. પણ ઓરડી ઉઘાડીને શ્રીમાનને મારવા જેટલી હિંમત ના થવાથી હસનાર બે-ચાર બંદીવાનોને માઢો પર મારવા માંડ્યા. સાંજે ગમેતેમ કરીને અડધું કામ એટલે કે ૧૫ પાઉન્ડ તેલ શ્રીમાને પૂરું કર્યું. ખરી રીતે બીજા તો દિવસભરમાં પણ આટલું કરી શકતા નહીં, પણ શ્રીમાનનું શરીર ભારે કસાયેલું હતું. મન કેવું હતું એ ઉપરના એકાદ ટૂચકા પરથી જ વાચકો સમજી જ ગયા હશે. છેવટે તેને ઓછા કામ અંગે સજા થઇ, ઓછું ખાવા ઉપર રાખ્યા છેવટે સુપરિન્ટેન્ડન્ટે આદેશ આપ્યો કે આખા ત્રણ દિવસ કામ કરશો તો તમને ઘાણીમાંથી કાઢવામાં આવશે. તે પ્રમાણે શ્રીમાને વૈદિકશાસ્ત્રના નિયમોને તેટલા પૂરતી વિદાય આપીને તે કામ ત્રણ દિવસ પૂરું કર્યું. પણ આટલા ઝૂકી ગયેલા જોઇને બારી ફરીથી કચકચ શરૂ કરતો, આદેશની ઐસીતૈસી કરીને તેમને ફરી ઘાણી પર જ મોકલાવ્યા. ત્યારે તમેણે ચોખ્ખું કહ્યું, ''નથી કરતો કામ, જા.બળદ નથી હું, મનુષ્ય છું!'' અહીં જ પહેલા સંપનો આરંભ થયો.રાજબંદીઓની દ્રષ્ટિ બદલાઇને તેઓ સંપ કરતા થઈ ગયા તે જોઇને બારી પણ મનોમન કાંઇક દબાયો હતો.

જે રાજબંદી સંપમાં જોડાયા તેમની પર સજાની ભરમાર શરૂ કરવામાં આવી. આઠ દિવસ હાથકડી-બેડી, કોટડી-બંધી, વગેરે કાયદેસર સજા તો આપવામાં આવી જ, પરંતુ નિયમ વિરુદ્ધ સજા પણ કરવામાં આવતા ઉપરના શ્રીમાન જેવા જેઓ એકદમ ખુલ્લી છાતીએ વર્તતા તેમની ગરમી ઉતારવા માટે દસ-દસ , બાર-બાર દિવસ કાંજી સિવાય બીજું ખાવાનુ પણ આપવામાં આવ્યું નહીં. જેલમાં દસ દિવસ કાંજી ઉપર બંદીવાનોને રાખવાનો નિયમ નથી. પણ તેમને આવી રીતે ફક્ત બે-ત્રણ વાર પ્રવાહી પર રાખીને તેમની શક્તિ ઓછી થઇ જતાં તેઓ મનથી પણ દુર્બળ થશે એવી આશાએ તેમને સતાવવામાં આવ્યા. એ સજા આપવામાં આવતી હતી ખરી પણ બંદીવાનોના સજાપત્રકમાં તે લખવામાં આવતી નહીં. આગળ જયારે પેલી બાજુ હિંદુસ્તાન સરકાર પાસેથી એક મોટા -અધિકારી તપાસ કરવા આવ્યા. (તે વાત આગળ આવશે જ) ત્યારે રાજબંદીઓએ આ ગેરકાયદેસર ત્રાસ તેમના ધ્યાનમાં લાવ્યા હોવાથી બારીએ આ ખોટું છે, એ સજાપત્રકા પરથી જ સાબિત કર્યું! અને તે અધિકારીઓએ માની લીધું! મને આ સહબંદીવાનીઓએ સોગન ખાઈને કહ્યું છે કે એક બાજુ તેમને પ્રવાહી પર રાખવામાં આવતા અને બીજી બાજુ, તેઓ વિરુદ્ધ જતાં હોવાથી કોયનેલના ઘૂંટડેઘૂંટડા તેમના ગળે નીચે પરાણે ઉતારવામાં આવતા. તેના લીધે ચક્કર આવીને પેટમાં બળતરા થઈને તેમને ખૂબ જ ત્રાસ થતો. પણ આ બધા ત્રાસથી સંપવાળા હારશે નહીં, તો તેમની એકતા અને તેમનું મનોબળ જોઇને બીજા બંદીવાનો મન પરથી બારીની

અમાનુષી ધાક ઓછી થવા માંડી છે, એ જોઈને આખરે હવે અમે તેમને ઘાણી પર વારંવાર મોકલાવશું નહીં, એટલું જ નહીં, પણ બીજા બંદીવોનેપ્રમાણે તમને પણ જેલની બહારના ભાગમાં કામ કરવા છોડવામાં આવશે, એવાં પણ આશ્વાસન આપવામાં આવ્યાં. તુરંગની બહારના બંદીવાનો જે વાતો કરતા તેના પરથી રાજકીય બંદીવાનોને ખ્યાલ હતો કે જેલની બહાર પુષ્કળ સ્વતંત્રતા હતી. તે ઉપરાંત આપણને બહાર જવા દેવાનો હક માન્ય કરી લાધા પછી, પાંચ વરસ વરસ પછી સ્વતંત્ર કામ કરવાનો અને દસ વરસ પછી 'ટિકિટ' લઈને ઘર કરીને રહેવાનો અધિકાર મળવાની શક્યતા પણ થશે, એવુ જાણીને ગમેતેમ કરીને બહાર પડવું એમ રાજબંદીઓને સહજ જ લાગતું. ત્યારે કેટલાક લોકોને તો એક વરસ જેલવાસ પૂરો કરીને નિયમ પ્રમાણે બહાર છોડવામાં આવવાના છે, એવું સાંભળી સંપનો એક ઉદ્દેશ સફળ થયો એવું મંડળી સમજી, અને સંપમાંથી એક-એક કરીને નીકળીને કામ પર જવા લાગ્યા. થોડા જ દિવસમાં કેટલીક મંડળીને બહાર કાઢવામા આવી. ખાડીમાં છાતીસરસા કીચડમાં ઉતરીને કીચડ ભરી આપવું, રસ્તા સાફ કરવા, નાળિયેર વેંઢારવાં, એવાં કામો તેમને આપવામાં આવ્યા. કેટલાકને

ગાડીમાં જોતરવામાં આવ્યા

આંદામાનમાં ગાડીમાં સરકારી અધિકારી બેસતા અને તે લઈ જવા બળદ, ઘોડા, જેવાં પશુઓને જોતરવામાં આવતા. તેથી ખોટો ખર્ચ બચાવવા માટે બંદીવાનોને જોતરવામાં આવ્યા. એકસરખા દોડીને તે ગાડી ખેંચતા લઈ જઈને મોટાં મોટાં ચઢાણો ચઢવા-ઉતરવાની ઉતાવળમાં ગાડી ખેંચતા અને, ''ચલો સાલા, કૈસા ચલતા હૈ!'' એવી ગાળો પણ ખાતા બંદીવાન વારંવાર જયાં-ત્યાં જોવા મળતા. આ રીત ના ગમતા બંદીવાનો પાસેથી પોતાની ગાડી નહીં ખેંચાવનારા એક-બે અંગ્રેજ અધિકારી પણ મને ખબર છે. પણ એ ગાડી ખેંચવાનું સાફ નકારનારા બંદીવાન કોઈને ખબર નહોતા. તેમ છતાં પણ બારીની કુશાગ્ર નહીં તો લઠાગ્ર બુદ્ધિમતાથી તે પણ બધાના ધ્યાનમાં આવેલું. રાજબંદીઓ કેટલા ખતરનાક છે તે સુપરિન્ટેન્ડન્ટના મનમાં ઠસાવવા માટે તેના એક-બે કહ્યાગરા અને જડ ગૃહસ્થોને જ, બહાર જતાની સાથે ગાડી ખેંચવાનું કામ સોંપવાનું બારીએ હવાલદારો વગેરે કહી રાખ્યું. એટલે કે ગાડી ખેંચો કહેતાં જ તે નિર્ભય લોકોએ માણસોની ગાડી ખેંચવા અમે બળદ નથી એવો જવાબ આપ્યો. બારીએ તરત જ સુપરિન્ટેન્ડન્ટને કહ્યું, ''જુઓ આ નઠારા લોકો! જેલમાં કહે છે બહાર કાઢો અમે હવે ઘાણી ફેરવવાના નથી! બહાર કાઢ્યા તો કહે છે ગાડી ખેંચવાના નથી! હવે આવા સભ્ય લોકો માટે હું નિર્દોષ સેવાનાં કામ હું ક્યાંથી લાવું? અને એમને જ્યારે એમની ફરિયાદ પરથી જ મે બીજા સુલભ અને સભ્ય કામ ઉપર મોકલાવ્યા તો બીજા બંદીવાન મને પક્ષપાત કરવા માટે દોષ નહીં આપે?'' પરંતુ એ જ -

પાપભીરુ બારીસાહેબ

મનમાં આવ્યું તો, પેલા બંદીઓને ચાર અક્ષર પણ ના આવડતા હોય તો પણ, પેલા લુટારું હોય તો પણ, તેમને કાર્યાલયમાં પોતાના બંગલા પર આરામનાં કામ આપતા. એટલું જ નહીં પણ આ રાજકીય બંદીવાનોમાંથી પણ જે તેમની સામે નમી ગયા હોય, અને હા-જી, હા-જી કરી શકે તેમને ફક્ત બેસાડી રાખવાનો આદેશ બારીસાહેબ આપ્યો હતો. ત્યાં તેમને આ પક્ષપાતના પાપે ભય બિલકુલ જ લાગતો નહીં. બારીસાહેબ જેવાની પક્ષપાતની વ્યાખ્યા એટલે જેના લીધે તેમના પક્ષના પાતઃ-પતન થવાનો સંભવ લાગતો તે પક્ષપાત!

હું જેલમાં જે વખતે જઈ પહોંચ્યો તે વખત સુધીના રાજકીય બંદીવાનોના વૃત્તાંતનો સારાંશ ઉપર આપ્યો છે. આ બધી વાત મારા આવવાના એક મહિનાની આસપાસ જ મને સમજાઈ ગઈ. રાજકીય બંદીવાનોમાં કેટલાક લોકો સંપની અને ધોરણની પ્રમાણિકપણે વિરુદ્ધ હતા. બારી જે કહે તેવું જ કરવાનું

તેમણે ઠરાવ્યું હતું. તેમની પાસેથી બારીએ રાજકીય બંદીવાનોમાં ફાટફૂટ પડાવવા માટે, અને સંપ કરીને આપણે મોટી ભૂલ કરી, જમેણે અધિકારીઓની ગાળો સામે ગાળો અને ઉદ્ધતાઈ સામે ઉદ્ધતાઈથી વર્તવાનું શરૂ કર્યું તેમનું તે કરવું અત્યંત નિંદનીય હતું, અસભ્યતા હતી, વગેરે ચર્ચા કરવાનો પ્રારંભ કરાવ્યો હતો. સાહજિકપણે જ આ વિષય ઉપર મારો મત શું તે જાણવાનો રાજબંદીઓના જ નહીં પણ બારીસાહેબના પણ સતત પ્રયત્નો ચાલ્યા. સળંગ આઠ-પંદર દિવસ મને ઉપર બંધ રાખ્યા પછી નીચેની ચાલીમાં દિવસે કામ કરવા બોલાવ્યો અને પહેલાં જ આગળ વર્ણવેલું -

છોતરાં કૂટવાનું કામ

આપ્યું. ખરેખર તો છોતરાં બે અથવા દોઢ પાઉન્ડ આપવામાં આવતાં. પણ મને પહેલાંથી જ એક પાઉન્ડ આપવામાં આવ્યા. એ મારી ઉપર વિશેષ કૃપા છે એવું બારીએ મને મારી યોગ્યતા પર મીઠું વ્યાખ્યાન આપીને કહેલું. તે થોડો દયાળુ પણ હશે પણ તેથી મારા હાથમાં નાળિયેરની સૂકી કાચલી મને લાગે એટલી દયા તેનામાં હોવી શક્ય જ નહોતી. ત્યારે કૂટી કૂટીને મારા હાથ છોલાઈ ગયા. સ્નાયું સૂજીને દુઃખવા લાગ્યા. હથેળીમાં મોટાં મોટાં ફોલ્લાં થઈને તેમ છતાં કૂટવાનું ચાલુ રાખતાં તે ફૂટીને લોહી વહેવા લાગ્યું. મેં સુપરિન્ટેન્ડન્ટને તે હાથ બતાવીને કહ્યું, ''કામ બદલવામાં નહીં આવે? કમ સે કમ થોડા દિવસ બંધ રાખવામાં આવે!'' તેમણે એક વાક્યમાં, ''આવું બધાને થાય. તમને એક પાઉન્ડ છોતરાં આપ્યાં, બે આપ્યા નથી એ જ સરકારી કૃપા સમજો,'' એવો જવાબ આપીને ચાલતા થયા. એટલે કે છોતરાં તેમ જ કૂટવાં પડ્યાં. મેં કૂટી નાખ્યાં અને બાંધેલા કાથાની ઝૂડી પર કેટલીક વાર તે લોહીના ટીપાં જામેલાં રહેતાં. પણ તે પાઉન્ડ જેટલા છે કે નહીં એ જોવાની તસ્દી કે કૂટનારાના હાથના લોહીથી ખરડાયેલાં છે કે નહીં એ જોવાનો પણ બારીસાહેબને સમય મળતો નહીં.

''સાલા લોગ! વેત લગાવેંગે''

તેમ છતાં પણ દરેક સાંજે આવીને બારીસાહેબે મારી સાથે અંગ્રેજીમાં પાંચ-દસ મિનિટ વાતો કર્યા વિના જતો નહીં. તેના બોલવામાં તરત જ ત્યાંના રાજબંદીવાનોના વર્તનનો ઉલ્લેખ થવા લાગતો. એકાદ રાજબંદીની માહિતી તો શું પણ ફક્ત નમસ્કાર પણ બીજાને પહોંચાડવાની બીજાઓને સખત મનાઈ ફરમાવવામાં આવી હતી. અને તેમ કરતા કોઈ પકડાઈ ગયો તેને વોર્ડરમાંથી કાઢીને, અથવા આઠ-દસ દિવસ ઘાણીમાં મોકલી દેવામાં આવતા હતા. પણ તેમને રાજબંદીની માહિતી બારીસાહેબ ફક્ત બીજાને જ્યારે ઈચ્છા થાય ત્યારે પહોંચાડી શકતા. પણ ઈચ્છા થાય ત્યારે એટલે કે તેમનામાં ફાટફૂટ પડાવવામાં ઉપયોગી હોય ત્યારે. બારીસાહેબને ખબર હતી કે તેણે ગમે તે કર્યું તો પણ મને રાજબંદીઓની પાછલી માહિતીઓ મળી હતી. ત્યારે પોતાની બાજુ પણ કેમ ના માંડવી, એમ વિચારીને બારી મને પોતાની વાત કરતો. તેમાં મુખ્ય પહેલું પદ એટલે જે લોકો તેના કહ્યામાં આવતા લાગ્યા હતા, તેમનાં ભરપૂર વખાણ અને જે સંપમાં ભાગ લઈને કારાગૃહમાં પણ પોતાનું વ્યર્થ અપમાન, ગાળાગાળી સહન ના કરતાં અધિકારીઓ સાથે નિર્ભયપણે વર્તન કરતા, તેમના મનની મુરાદની નિંદા કરવી, અને આ બે હેતુથી અનુમાનિત થનારી મુખ્ય વાત કે, મારા જેવી શિક્ષિત અને પ્રખ્યાત વ્યક્તિએ પેલી મૂર્ખ, અશિક્ષિત અને અસભ્ય લોકોના નાદે લાગવું નહીં એમાં જ મારું કલ્યાણ છે, એ ઠસાવવાનું. આમ ઘણીવાર થયેલી ચર્ચામાં મેં શક્ય ત્યાં સુધી મૌન ધારણ કર્યું. પણ ક્યારેક ક્યારેક આપણા ભાઈઓની નિષ્કારણ થતી નિંદા સાંભળીને કેવળ કોઈકની કૃપા પામવા માટે મોઢું જોતાં જોતાં અમસ્તા હોંકારા કરવા મને અસહ્ય થતું અને બારીને પણ ફક્ત મૌનથી સમાધાન ના થતા પૂછી લેતો, ''તમને શું લાગે છે? બોલો, બોલો.'' એક જ ઉદાહરણ આપું તો પાછળ જે શ્રીમાનની માહિતી આપી તેમનું સંપમાંનું છડેચોક વર્તન અસભ્ય હતું

એવુ કહેતા, ''તે ગાંડો થયો છે, તે નીચ કુળનો માણસ છે,'' એવું બારી મને આગ્રહ કરીને કહેવા લાગતો. એટલું જ નહીં પણ ઉપર મધનો ચટકો કરીને મને કહ્યું, ''તમારા જેવા સુશિક્ષિત મનુષ્યને આ વિશે શું લાગે એ મારે સાંભળવા છે. બોલો. જેને ગાંડપણ વળગ્યું હોય તેના સિવાય કયો માણસ આવું વર્તન કરે ?''

બારીએ રચેલું નાટક

ત્યારે સહન ના થતાં મેં કહ્યું, ''ભલે મારી અને તમે જેની વાત કરો છો એ રાજબંદીએમાંથી કોઈની ઓળખાણ હજી થઈ નથી, તો પણ તમે કરેલી વાત પરથી મને તેમાં મતિભ્રષ્ટતા અથવા અસભ્યતા લેશમાત્ર દેખાતી નથી. કષ્ટ અસહ્ય થવાથી અથવા નિયમ વિરુદ્ધ અધિકારીઓએ તકલીફો દેવાનું આરંભ કરવાથી રાજ બંદીવાનોને શું અથવા બીજાને શું, સંપ કરીને તેમનો સામનો કરવા સિવાય બીજો કોઈ માર્ગ સહજ મળવાનો છે ? તમે ગમે તે કહો પણ શ્રીમાન......... સારા, સંસ્કારી લાગે છે. તમે કહો છો તે પ્રમાણે લુચ્ચા અથવા ખેપાની નથી લાગતા.'' મારો આ જવાબ સાંભળીને બારીસાહેબ લાલ થયો. પણ ગમેતેમ કરીને પણ તે દિવસનો વાર્તાલાપ પૂરો કરી મારી ઉપર બદલો - અંત લાવવા માટે તેણે બીજું જ એક નાટક બીજા દિવસે કર્યું. જે રાજકીય બંદીવાનોને બહાર કામ માટે મોકલાવવામાં આવતા હતા તે અગિયાર વાગ્યાના સુમારે પાછા જમવા માટે બંદીગૃહમાં આવ્યા હતા. તેમને હું જ્યાં જમવા બેઠો હતો ત્યાં જમવા માટે બોલાવવામાં આવ્યા. તેમણે બરાબર સ્નાન પણ કર્યું નહોતું. તેમનાં કપડાં અને શરીર કીચડથી ખૂબ ગંદાં અને ગંધાતાં થયેલાં હતાં. તેવા જ તેમને ત્યાં ઊભા રાખ્યા. એટલામાં બારીસાહેબ આવ્યા અને મારી તરફ ઉદ્ધત રીતે પીઠ કરીને મોટા અવાજે લાઠી ઠોકીને પેલી ટોળીને કહ્યું, ''કેમ રે... આજે તમે જમાદારે કહી તેટલી કીચડની પાટો કેમ ના ફેંકી ? આ જુઓ, હાંડકાં તોડી નાખીશ ! દેખો જમાદાર, આજ દુપર મેં ભી યે લોગ સબ કામ નહીં કરેગે તો મેરે સામને લાવ. ઈસ સાલા લોગોં કો ચાબૂક લગાકે ઉનકી —— ફાડ ડાલની પડેગી !''

આવી અશ્લીલ ભાષા વાપરીને મને જાણે કે ત્યારે જ બતાવવા જેવું દેખાડી દીધું, તેમ એ બંદીપાલે મને કહ્યું, ''આ જુઓ સાવરકર, આ લોકોની નાદે તમે લાગો નહીં. આ ભિખારી માણસો છે. તમે ભણેલા છો. આ લોકોનું શું ? આઠ-દસ વરસ ભરીને પોતાના ઘરે ચાલ્યા જશે. તમારું તેવું નથી. તમને પચાસ વરસની સજા છે અને તમે રાજકીય બંદી નથી. ત્યારે તેમનાથી ફક્ત બોલવું-ચાલવું રાખવાથી પણ તમારું જ નુકસાન થશે. તમે તમારી પોતાની ટિકિટ તરફ (બંદીપત્રક - જેમાં મને પચાસ વરસ સજા લખાઈ હતી તે) જોઈને પોતાના પૂરતી જ ચિંતા કરો. તમે આ બધું સાંભળ્યું કે ?''

તમે રાજકીય બંદીવાન નથી

પરંતુ મેં તે પ્રશ્નનો કાંઈ જ ઉત્તર ના આપતા ગુસ્સામાં, હું જમવા બેઠો છું એ જોઈને જરા છોભીલો પડી ગયેલો બારીસાહેબ બોલ્યો, ''જુઓ આમાં તમારું જ હિત છે. તમે રાજબંદી ના હોઈને પેલા બીજા ચોર, લૂંટારું જેવા જ એક સાધારણ પાપી છો.'' આવું ફરીફરીને સંભળાવીને જતો રહ્યો. હું રાજકીય બંદીવાન નથી એ મને તે દિવસે જ પહેલીવાર સમજાયું. તે મને પટાવે તેથી કેટલીવાર બારીએ સુપરિન્ટેન્ડન્ટને અને બીજા વરિષ્ઠ અધિકારીઓને દબડાવ્યા હશે તેની ગણતરી નથી.

બારીસાહેબ ગયો. મારી સામે બંદીવાનોને તેમ ધમકી આપીને હું પણ મારે આવી ગાળો અને ધમકી અને મારઝૂડ સહન કરવી પડશે એમ લાગતા હું દબાઈ જઈશ, એનું બારીએ મને જીવતું ઉદાહરણ દેખાડ્યું હતું. તે જોઈને મને પેલા રાજબંદીઓની દયા આવી. આપણે પણ આ દુઃખ સહન કરવાં પડશે એ સમજાયું, પણ તેનું પરિણામ દબાઈ જવામાં ના હોઈને, તેમની સાથે અપમાન પણ સહન કરવાનો વારો પોતાના


પર પણ આવે એ માટે, એટલે ઉદ્ધત, ભિખારી જેવા જેમને ટોણાં મારવામાં આવતા લોકો કરતાં પણ હું એ ભિખારી-અશિક્ષિતોની પંગતનો છું, એવું જાણીને તેમનું માનસિક દુઃખ ઓછું થશે,અને તેઓ વામણાં છે તે વાત પણ ખોટી સાબિત થશે, અવું મને લગ્યું. તેમની સાથે બોલવાથી મને સજા થશે એ જાણવા છતાં પણ ત્યાંના રાજબંદીવાનોમાં લોકોને પહેલીવાર જ હું ત્યાં પ્રત્યક્ષ મળી શક્યો હોવાથી એકદમ આગળ વધ્યો અને તેમને તેમનાં નામ પૂછ્યાં. તેમનાં નિરાશ મોઢાં જોઈને મેં કહ્યું, ''મારી સામે તમને તે બંદીપાલ અશ્લીલ ભાષા બોલ્યો તેથી તમે મનમાં સંકોચ કરો નહીં અથવા હિંમત ઓછી થવા દેશો નહીં. આજે તે તમને ભિખારી કહે છે કાલે મને કહેશે. આ અપમાન તમારું નથી, તમને આવા અપશબ્દ જે બોલે તે પોતે જ પોતાનું અપમાન કરી લે છે. આજે આપણે વિવશ છીએ. આજે આપણું આ જગતમાં અપમાન થશે પણ એવો પણ એક દિવસ કદાચ આવશે કે આંદામાનનાં

આ કારાગૃહમાં જ રાજબંદીવાનોનાં પૂતળાં ઊભાં કરવામાં આવશે

અને ત્યાં હિંદુસ્તાનના રાજબંદીવાનો રહેતા હશે તેથી હજારો લોકો યાત્રાએ આવશે!''

મારા આ ભાષણનો અર્થ કષ્ટ સહેતા ત્રસ્તોમાંથી કોઈનેય ખાસ સમજાયો હોય એવું લાગ્યું નહીં. કમ સે કેમ મને તે વિચાર પ્રદર્શિત કરતાં પોતાના મનમાં જે તેજસંચાર થતો લાગ્યો અને નિરાશા ઓગળી જતી લાગી, તેવો વિશોષતાનો ભાવ તેમનાં મોઢાં પર પ્રગટ થયા જેવું લાગ્યું નહીં. ફક્ત એક જણ માત્ર ચમકીને બોલ્યો, ''તમને સાચે જ આવું લાગે છે?'' મેં કહ્યું, ''કદાચ એવું થશે પણ! કમ સે કમ થવું જોઈએ.''

એટલામાં પેટા ઓફિસર અને વોર્ડર બૂમ પાડતાં આવીને, ''એ બાબુ! તુમકો ક્યા હુઆ! તમને તેની સાથે બોલતા બારીસાહેબ જોશે તો અમારો જીવ લેશે. ચાલો! અમે તમારી ખૂબ જ મર્યાદા રાખીએ છીએ. પણ આવું કરો તો... દેખો!'' એવું બોલતાં મને ખેંચીને લઈ જઈને કોઠડીમાં બંધ કરી દીધો.



પ્રકરણ ૧૦મું

મારા મોટા ભાઈનાં દર્શન

એ એક બંદીગૃહમાં હું અને મારા મોટા ભાઇ બેઉ હોઇને પણ હજી અમારી નજરોનજર મળી નહોતી. મારા આવવાથી તેમના હાથને ખરે જ ધક્કો બેઠો હતો. તેમની કારાગૃહમાંની યાતના સાંભળીને મારું હૃદય પીસાઇ જતું હતું. પણ એ દુઃખ કાંઇ નથી એવો પ્રસંગ એકવાર ઘડયો. સુખ આટલું દુઃખદ આયુષ્યમાં કયારેક જ ભાસે છે

ભાઇને મળવાન સાહજિક જ ઉત્કટ ઇચ્છા હતી. વોર્ડર અને પેટા ઓફિસરને વિનવી જોયા કે, કોઇક રસ્તો કાઢીને અમસ્તી જોવાની મુલાકાત કેમ ના હોય, પણ મારા ભાઇ અને મારી એક મુલાકાત ગુપ્તપણે યોજવી, ગુપ્તપણે, કારણ મારા ભાઇ સંદર્ભે બારીસાહેબ અને સુપરિન્ટેડંટે અનેકવાર પૂછતાં તેઓ કહેતા, એ અહીં આ કારાગૃહમાં છે કે નહીં તે પણ અમે તમને કહી શકીએ નહીં ! પછી મળવાની તો વાત જ શા માટે ? એકવાર ભાઇ માથાના દુખાવાથી ખૂબ પીડાય તેવું સાંભળતાં, એ ખરું છે કે ? અને હોય તો તેમને દવાખાને કેમ લઇ જતા નથી ? કોઠડીમાં જ શા માટે રાખો છો ? એવું સુપરિન્ટેન્ડન્ટને પૂછતું. તમારે તમારું જે કહેવું હોય તે કહો, બીજા બંદીવાનોની પૂછપરછ તમે કરી શકો નહીં. એવું કહીને ઊલટું મારી ચાલીના જમાદારને નકામું જ, વાત બંદીવાનને કયાંથી ખબર પડી ? સાલા! તુમ બંધોબસ્ત નહીં રખતા, બતલાવ, ઉસકો કિસને બાત બતલાયી ? કહીને ગાળો આપીને હડધૂત કરવા માંડયો. ભાઇનું પુણ્ય દર્શન થાય તો જોવા એ માટે પ્રયત્ન કરતો હતો. મને વિલાયત જતી વખતે વળાવવા આવલી મંડળી વખતે તેમાં મારા મોટા ભાઇને જોયા હતા. તે પછી પેલા બંદીગૃહમાં તેમને જોવાનો પ્રસંગ! મનમાં થતું, તેમને ખૂબ ખેદ થશે તેથી મળવાનું ટાળવું, પણ તેમ ટાળવું એટલે દુઃખનો સામનો કરતા અચકાવું તેવો ના થાય ? દુખનો હાથી તો હૃદય સોંસરવો ઉતરી ગયો છે. હવે તેની બાકી રહેલી પૂંછડીને શું કરવું અને જયેષ્ઠ બંધુનું પુણ્ય દર્શન પામવાનું પવિત્ર કર્તવ્ય, આંખમાંથી ચાર આંસુ વધારે સરશે એટલે ટાળવાનું ! એ બીકણપણું થશે. તેવી પરિસ્થિતિમાં તેવાં પવિત્ર અશ્રુમાં સ્નાન કરવું જન્મોજન્મનું પુણ્યફળ કહેવાય.

છેવટે સાંજે બધા બંદીવાનોને કામ સોંપવાનો જે સમય હોય ત્યાં તેમને મળવું સંભવ છે. એવું જોઇને એક વોર્ડરની મદદથી તેનું ગોઠવવાનું ઠરાવાયું. સાંજે પણ બધા બંદીવાનોને એક સાથે છોડતા નહીં જ, પણ કયારેક કયારેક એક ક્રમાંકના ભાગના બંદીવાનોને પાછા વાળવાની પહેલાં જ બીજા ભાગમાંના બંદીવાન ઉતાવળે છોડવામાં આવતા. ઉતાવળનો લાભ લઇને મારા બંધ કામની ગણતરી કરી આપવા આવે ત્યારે જ મારા ભાગમાંનાં બંદીવાન છોડવામાં આવ્યા. હું પણ તેમાં ઘૂસ્યો તો દૂરથી પાછા આવતા મારા ભાઇ સાથે મારી નજર મળી. વિલાયત જતી વખતે મને તેમણે તેમ જોયો હતો. મારા ભાવિ ભાગ્યોદયની લૌકિક આશાની રાખ શરીરે વળગીને આવી અત્યંત કરુણાજનક સ્થિતિમાં તેમણે મને આજે જોયો. ક્ષણભર તેઓ દિગ્મુઢ થઇ ગયા. તેમના મૂક દુઃખના નિષ્કર્ષ તરીકે એક જ ઉદ્ગાર સરી પડ્યો કે, તાત્યા તું અહીં કેવી રીત આવ્યો ? એ એક ઉદ્ગાર અસહ્ય વેદનાની ખીક્ષ્ણ ટોચ હતી. મારા હૃદયમાં તે બાણની જેમ ઘૂસી ગઇ. પણ બંધુએ મોટેથી આ શબ્દો કહ્યાંથી હવે જો આ બે ભાઇઓ એકમેક સાથે આમ મોટેથી બોલવા માંડયા તો અધિકારીઓનું ધ્યાન આ તરફ વેધાઇને બધાને જ કડક શિક્ષા થશે, તેથી મારા ભાગના પેટા ઓફિસરે અને વોર્ડર મને તરત પાછળ ખેંચ્યો. એક નજરમાં મારા બંધુ સાથેના મળેલા તાર તુંટયા. પણ પેલો ઉદ્ગાર સતત મનમાં તેમ જ સળવળતો રહ્યો. દુઃખોના ઉભરાથી ચોળાઇ ગયેલી એક

ખાનગી ચિઠડી પણ મારા ભાઇ તરફથી મને મોકલવામાં આવી, તું બહાર સફળ કાર્યો કરીશ, પ્રિય હિંદુસ્તાનના ! એવી મને કાંઇક આશા, એ આશાએ મને કાલાપાનીની સજા થઇ તેનું મને કશું જ લાગતું નથી. મને એ સંકટને નસીબ પ્રમાણે લેખે છે. કારણ જે કાર્યમાં આ બલિદાન હું આપું છું. તું તો બાકી જ છે. એ કલ્પનાથી મને શાતા વળતી, કષ્ટનુમ સાફલ્ય દેખાતું. પણ હવે તું પેરીસમાં હોઇને પણ આ લોકોના હાથમાં કેમ કરતા આવી ગયો ! તેમના અને કાર્યોનું કેમ થશે. તારી લાયકાત, કર્તવ્ય હવે ધૂળમાં મળશે! અને બેટા, પેલાં આપણા નાનાં બાળકો કોની તરફ જોશે ? મને તો સગીઆંખે જોઇનેય હજી વિશ્વાસ બેસતો નથી સમજાતું નથી કે, હાય! હાય! તું અહીં કેવી રીતે આવ્યો.

મારા મનની નિતિક્ષાને આ ચિઠ્ઠીનો જવાબ લખતા જેટલી પડી તેટલી તાણ કયારેય પડી નહોતી! તેમના દરેક પ્રશ્નો જેવા જ પ્રશ્નો મને કોરી ખાતા હતા. તેઓ પોતાની લૌકિક આશા અને ભાગ્યોદયની રાખ થયાનું દુઃખ મળીને ઉપરથી ભાઇને સાંત્વન આપતા હતા, પોતાને ધીરજ આપીને બીજાને આપતા હતા! તો પણ વિવેકની મદદથી કર્તવ્યના વિષનો એ પ્યાલો પણ પીધો. મેં તેમને જણાવ્યું કે, લૌકિક અને ભાગ્યોદયની આશાની રાખ શરીરે ચોળીને લડતા રહી શકવું એ પણ અલૌકિક ભાગ્ય નથી કે ? પછી દુઃખ શાનું? મારી લાયકાત, કર્તવ્ય માટીમાં મળે કે, જો પરીક્ષાની ઘડીએ હું નબળો ઠર્યો હોત તો, સોયન્તિ મમ ગાત્રા હી મુખ પરિશુષ્યતા ગાંહિવ સંસતે હસ્તાત્વચૈવ પરિદહયતે એવી સ્થિતિ સર્જાઇને જો કર્તવ્યથી મોઢું ફેરવ્યું હોત, કોઇકનો વિશ્વાસઘાત કર્યો હોત? પણ તેવું કાંઇ ના થતા સંજોગ પ્રમાણે સંકટનો સામનો કરવામાં આવે સ્વાર્થને સમૂળગો કોરાણે મૂકીને લોકોને કર્તવ્યક્ષેત્રમાં જે સંકટ ભોગવો તેવું કહ્યું હતુ, તે પ્રસંગ આવતાં જ તે ક્ષેત્રમાં પોતે નિર્ભય ચિત સાથે ભોગવવાને સક્ષમ થવામાં જ ખરું કર્તવ્ય અને યોગ્યતા તમારી, અમારી અને આ બધાની પ્રગટ થાય છે. યશ કે અપયશ યોગાનુયોગની વાત છે. જીવનભર લડાઇ લડતા. લોહીનો પુલ ઉતરતા અને આસ્ટર્લિટઝ જીતતા પણ એકાદ નેપોલિયન છેવટે દુઃખે મૃત્યુ પામે છે, અને બીજી ત્રીજી લડાઇમાં એકાદ રાણી લક્ષ્મી તલવારનો ઘા લાગતા મૃત્યુ પામે છે. એકાદ સૈનિક તો પડેલી ચકમકમાં જ ગોળી વાગતા ઢળી પડે છે. તેમનું કર્તૃત્વ આવા યોગાનુયોગથી ઠરાતું નથી. તેથી પેલી પહેલી ચકમકમાં જ મારે પીછેહઠ કરીને જીવવું અને બીજાએ આગળ વધીને મરતા મરતા તે લડાઇ જીતવી જેથી ત્યાં સફળતા જોવા અને ભોગવવા ઊભા રહી શકાય, દુષ્ટ અને જનહીંત વિઘાતક બીકણ ઇચ્છા મનમાં ના લાવતા. પેલો સૌનિક જરૂર એટલું બીજા સાથે લડાઇમાં અગ્રેસર રહીને અચળપણે તાતો રહ્યાં કે નહીં? આ પ્રશ્નોના આઘારે તેનું ખરું કર્તૃત્વ અને તેની યોગ્યતા ઠરાય છે. એ કસોટીમાં મને લાગે છે, આપણે સૌ ઉતર્યા છીએ અને તેથી જ લૌકિક અને ભાગ્યોદયના સુવર્ણવલયમાં આપણે જેટલી ઘન્યતા પામ્યા ન હોત, તેટલી ભાગ્યોદયની અલૌકિક રાખ શરીરે ચોળીને આજે આ કારાગૃહમાં આવી પરવશ અને કરૂણાજનક સ્થિતિમાં પડવાથી સહજપણે ચાલીને આવી છે ! આ સંકટ સહન કરવાં, અને આમ કારાગૃહમાં સબડતા, કોઇનેય ના ખબર પડે તેમ, જેના માટે આ કષ્ટ ભોગવ્યા તેમના પણ શાપ-ગાળ ખાતા આમ મૃત્યુ પામવું એ હવે આપણા જીવનનું ધ્યેય, એટલું જ મહાન કે જેટલું બહાર રહીને કીર્તિના અને દંદૂભીના તાલ પર લડતા રહેવું જેટલું મહાન ગણાય છે. કારણ અંતિમ વિજયમાં તે જ્ઞાત લડવું અને પેલા દંદૂભીના નિનાદ જેટલા જરૂરી હોય છે, તેટલું જ આ ભોંયરામાં અશ્રુમાં આપવું અને અજ્ઞાત પણે પ્રાણ ગુમાવવા એ પણ જરૂરી છે.

મને અને કાર્યના સંદર્ભે ?

હું જે સમયે હાઇકોર્ટમાં સજા થવાની હતી તે દિવસે આ મુદ્દે જે પદ કહ્યું હતું તે જ આજે પેલી કઠોર સજાના જડબામાં ફસાતા જતા પણ મારા હૃદયના વિશ્વાસ અને ભાવના સાથે કરું છું. સારથી જિયા અભિમાની કુટવાની પ્રાણી રામ સેનાની ? અશી કોટી કોટી તવ સેના તી પ્રામ્હાવિના થાંબેન! આવા આશયનો પત્ર મેં ગુપ્ત રીતે ભાઇને મોકલાવ્યો. બંધુનું સાંત્વન તો તેમ કરવાથી થયું જ, પણ લખતા લખતા મારા વિવેકનું પણ ડગમગું ધૈર્ય ફરી નિશ્ચિત થઇને મારામાં તાજા ઉત્સાહનો સંચાર થઇ શકયો.

પ્રકરણ અગિયારમું

મને ઘાણીનું કામ સોંપવામાં આવે છે

મેં સરેરાશ એક મહિનોભર છોતરાં ફૂટવાનું કામ કર્યું. બધા લોકા આશ્ચર્ય વ્યક્ત કરવા માંડ્યાં કે મને ઘાણી કેમ ના સોંપી. તેમાં આશાવાદી બોલ્યા, છી. અરે, બેરિસ્ટર બાબુને ઘાણી કયા મોઢે આપે ? મેં તેમને કહ્યું, જે મોઢે બેરિસ્ટર બાબુને કાલાપાની મોકલીને, લંગોટી પહેરાવીને છોતરાં ફૂટવાનું કામ સોંપ્યું તે મોઢે! છેવટે એક દિવસ સુપરિન્ટેન્ડન્ટ આવીને મને કહે, કાલથી તમારે ઘાણીએ જવાનું છે. છોતરા ફૂટીને હાથ કઠણ થયા હશે. હવે તેનાથી સખત કામ કરવામાં હરકત નથી. બારીસાહેબ હસીને કહે, તમારી ઉપલા વર્ગમાં બઢતી થઇ છે. એ દિવસે સાંજે મને બારીસાહેબે કાર્યાલયમાં બોલાવ્યો. મારાથી થયેલી વાતચીત પરથી તેમને એ જાણ હતી જ કે, રાજ બંદીવાનોએ કરેલા સંપ તરફ મારી સહાનુભૂતિ હતી. અને જે રાજબંદીવાન એ સંપની અને નિર્ભય વર્તનની, ઉદામપણાની, અસભ્યતાની અને મૂર્ખામીની નિંદા કરતા હતા તેમના ખાસ્સાં બંધ પડ્યાં હતાં. એ કંદરે વાતો ગુપ્ત રીતે જેમ બારી સુધી પહોંચતી હતી તેના લીધે હું જલ્દી જ પેલા અસભ્યોમાંનો શિરોમણી થઇશ એવી શકયતા દેખાવા માંડી. તેથી હું ઘાણી પર કામ કરવાને ઇનકાર કરું છું કે શું એ જાણવા માટે અને મને તેવું કરવા સામે ચેતવવા બારીએ આ કહેણ મોકલાવ્યું હતું. ખાસ્સો સમય ગપ્પાં મારીને છેવટે કહ્યું જ કે, ''હું શું કરું ? ઉપરથી આવતો આદેશ મારે પાળવો જોઈએ. તમને ઘાણી જ સોંપવી તેવું ઉપરથી લખાઈને આવ્યું છે. તોય મેં એટલું કર્યું કે, તમારી લાયકાત વિશે જણાવીને કેવળ ૧૪ દિવસ જ ઘાણી તમને સુપરિન્ટેન્ડન્ટ પાસેથી દેવડાવી. બીજાની જેમ વારંવાર દેવડાવીશ નહીં. તમે બસ ના પાડતા નહીં. જાવ, ઊભા રહો. હું શક્ય તે મદદ કરીશ, પણ શિક્ષા ખાતા નહીં.'' મેં કહ્યું ''પહેલાં જ અમારા જીવનની ધૂળ થઈ તેમાં પણ વગર કારણે વધારે તપાસ સહન કરવાની અમને હોંશ છે કે ? હું શક્ય તેટલું કામ નિયમિત કરતો રહીશ.'' બારી અસ્વસ્થ થતો બોલ્યો, ''જુઓ બુવા ! તમારા માટે કરું છું. પચાસ વરસની સજા છે! એ જોતાં જ મને ધ્રાસ્કો બેસે છે. તેથી કહું છું, બીજાનું જે થવું હોય તે થાવ, તમે તમારે સાજાનરવા રહો.'' મારો ધૈર્યભંગ કરવા માટે બારી જેમ જેમ પચાસ વરસની સજાની વારંવાર યાદ અપાવતો ગયો તેમ તેમ તેનું ઊધું પરિણામ થઈને એ શબ્દનો અર્થ મને એટલો પરિચિત થઈ ગયો કે જેમ તોપનો અવાજ તોપખાનાના સૈનિકને! તેના અવાજથી થડકો બેસવાનું જ બંધ થઈ ગયું. બીજા દિવસે સવારે જ મને

તેલની ઘાણીમાં જોતર્યો

એ ઘાણીનું કામ હું જે સાતમા ક્રમાંકના ભાગમાં રહેતો તેનાથી છઠ્ઠા ભાગમાં હતું. તેથી મને સવારે જ લઈ જવામાં આવ્યો. મને એ ભાગ બદલવાનો એક આનંદ થયો. કારણ ત્યાં રહેનારા રાજબંદીવાનો મને દેખાવા લાગ્યા અને ક્યારેક મારાથી વાતો પણ કરી શક્યા. કામ પર જતા જ જોઉં તો એક બર્મા દેશનો રાજકીય બંદીવાન પણ મારી ઘાણીએ જોતરાયો હતો. મને કહેવામાં આવ્યું કે તમને મદદ થશે. તો પણ એ ઘાણીના કામમાં મદદ! મદદ વ્યર્થ જઈને પણ જે કષ્ટ બચ્યું તે કોઈ પણ અઘરા કષ્ટની આદત ના ધરાવવાની ખોટ પૂરવાને પૂરતું હતું. લંગોટી પહેરીને સવારે દસ વાગ્યા સુધી કામ કરવાનું. એક સરખા ફરવાથી ચક્કર આવતા. શરીરમાં કળતર તો એટલી થઈ કે રાતે પાટિયા પર પડતાં જ ઊંઘ આવવાની

બદલે શરીરમાં કચાકા ભરાતા કણસતા પડ્યા રહેવું પડતું. અને વળી બીજા દિવસે સવારે એ ઘાણી દત્તની જેમ ઊભી! આમ છ-સાત દિવસ કાઢ્યા. કામ ત્યાં સુધીમાં પૂરું થતું નહોતું. એક દિવસ બારી આવ્યો અને જરા કપડ સાથે બોલ્યો કે, ''આ જુઓ બાજુની ઓરડીના બંદીવાન ત્રીસ પાઉન્ડ તેલ બે વાગ્યે પૂરું ગણી નાખે છે અને તમે સાંજ સુધી ઢસડાઈને પણ બે પાઉન્ડ ઓછા જ! આની તમને શરમ આવવી જોઈએ! ''મેં કહ્યું,'' શરમ પણ લાગત, જો મને પણ નાનપણથી તેની જેમ હમાલીનો વેપાર કરવાની આદત હોત તો. તમે જો એને એક કલાકની અંદર એક સુનીત (સોનેટ) રચવાને કહેશે તો તેને રચતા આવડશે કે? હું તમને એ અડધા કલાકમાં રચી આપીશ. પણ એટલે જો તમે પેલા કામગારને કહેશો કે, અરે તને સોનેટ આટલી ઝટપટ રચતા આવડયું નહીં એની તને શરમ લાગવી જોઈએ, તો એ શું કહેશે?'' મને નાનપણથી કવિતા રચતા કોઈએ શીખવ્યું નથી!'' તમારા કાર્યાલયમાં તમે અર્ધશિક્ષિત છો ખેડૂત વગેરે ચોર-દરોડાખોરોને લખવાનું કામ આપો છો, તેમને જેમ અમારી જેમ ફટાફટ અંગ્રેજી બોલતા આવડતું નથી એટલે શરમ લાગવાને કારણ નથી, તેમ જ અમને તેમની જેમ શારીરિક કષ્ટ એકદમ ફાવતું નથી તેથી સંકોચ થવો બિનજરૂરી છે. તેને પણ સુનીત રચતા આવડતું નથી તેની શરમ લાગવી જરૂરી નથી. જેને ખરેખર શરમ લાગવી જોઈએ એ તેમને કે જે પેલા બુદ્ધિજીવી વર્ગને ઘાણીમાં અને કષ્ટજીવી અશિક્ષિતોને કારકુનની જગ્યા આપે છે અને બેઉ કામ બગાડી લે છે.''

ઉદાર મિત્રની મદદ

ઘાણી ફેરવતા મને રાજબંદીવાનમાંના એક બે બંદીવાન, જે ત્યાં ગુપ્તપણે આવી શકતા અને આવીને ક્યારેક ક્યારેક મદદ કરતા, એટલું જ નહીં પણ છેલ્લે સુધી નહીં નહીં કહેવા છતાં પણ તેમનાં દુઃખ અને કષ્ટ મારાથી વધુ હોવા છતાં રાજબંદીવાનોમાંના કેટલાયે મને પોતાનાં કપડાંય ધોવા દીધાં નહીં, અને થાળી-વાટકો માંજવા દીધાં નહીં. મારા કપડાં ધોવાના મુદ્દે અને વાસણ માંજવા વિશે કેટલીયે વાર પેટા ઓફિસર અને વોર્ડર તેમને ધક્કા મારીને ગાળો આપતા, પણ આવો ત્રાસ સહીને પણ તે ઉદાર અને પ્રેમાળ મનુષ્યો મારાં કામ કરતા રહેતા. તેમને વારવાના મેં કેટલાય પ્રયત્ન કર્યા. ઘણીવાર તેમનાં કપડાં ચૂપચાપ લઈ જઈને મેં ધોઈ નાખ્યાં. એની જાણ થતાં તેમના મનને ખૂબ દુઃખ પહોંચ્યું, એટલું કે તેમણે અક્ષરશઃ મને ત્યાં જ હાથ જોડીને આવું ના કરવાની વિનવણી કરતા. જ્યારે હું તેમની મદદ ના લેતો તો તેમને મદદ કરવામાં જે કષ્ટ પડતું તેનાથી વધુ જ મન દુઃખી થતું એ મેં અનુભવે જોયું. ત્યારે તે નિરપેક્ષ અને ઉદાર મિત્રોને મેં કામ કરવા દેવાં એવું ઠરાવ્યું. સાધારપણે રાજ બંદીવાનોમાં મારા માટે આવી જ અકૃત્રિમ ભક્તિ અને એવો ગાઢ સ્નેહ મને અનુભવવા મળ્યો. ક્યારેક ક્યારેક તો તેમનામાં જ મારાં કપડાં ધોવાના મુદ્દે અને ધોવા કરવાના મુદ્દે ખરેખર ચડસાચડસી અને વૈમનસ્ય પેદા થતા. ત્યારે વારાફરતી મારા કપડા ધોવાને જુદા જુદા મિત્રો વચ્ચે ભાગ પડતા. તે તે વ્યક્તિની આ મહાન ઉદારતાના અને સ્નેહના મુદ્દે મને આજેય કૃતજ્ઞતા થાય છે. તે પ્રમાણે જ આ પ્રસંગ જ રાજબંદીવાન નહીં તેવા સાધારણ બંદીવાનોએ પણ અમને જે વણમાગી મદદ છેવટ સુધી કરી અને અમારા શબ્દને જે માન આપતા ગયા તે મુદ્દે પણ સાર્વજનિક સાભાર ઉલ્લેખ કરવો અમારું કર્તવ્ય છે. તેવા અનેક પ્રસંગોની માહિતી મનોરંજક હોય તો પણ વિસ્તારપૂર્વક અહીં જણાવવી શક્ય નથી. માત્ર એકવાર અને સામુહિક રીતે તે બધા વિશે કૃતજ્ઞતા પ્રદર્શિત કરવી એટલું જ અહીં શક્ય છે.

મનનો બળવો

કોઈની સાથે ચર્ચા કરવી નહીં. કોઈને જણાવવું નહીં. પણ પેલી ઘાણી ફેરવતા પરસેવે રેબઝેબ અંગ પર ઊડનારું પેલું ભૂસું પીસાઈને થાકેલી પીઠ અને કચરો ચોંટેલું તે ગંધારું ઉઘાડું શરીર જોઈને મન વારંવાર

બળવો પોકારી ઊઠતું. ''પોતાનો તિરસ્કાર થવા માંડે એવાં દુઃખ હવે શાને સહે છે? આ તારા શરીરનો અને કર્તૃત્વનો રાષ્ટ્રનો ઉદય થાય તે માટે ઉપયોગ થવો હવે તે ધૂળમાટી થયું. પછી આ અંધકારમાં નકામું કષ્ટ શાને ખમે છે? આ કાર્યનો તારી માતૃભૂમિના ઉદ્ધારને કોડીનોય ઉપયોગ નથી. ત્યાં તારી અવદશાની વાત પણ કોઈને ખબર પડતી નહીં હોય, પછી નૈતિક પરિણામ તો દૂર જ! આવા કાર્યનો અર્થ નથી. તારો પોતાનો ઉપયોગ નથી, એટલું જ નહીં તો માત્ર ભાર છે, તો પછી આ જીવન વ્યર્થ શા માટે ધારણ કરે છે? બસ, એનો જે ઉપયોગ થવાનો હતો તે થઈ ગયો. હવે ચાલો, દોરડાના એક ઝટકાની સાથે કરી નાખ આ જીવનનો અંત!

આ સમુદ્રમંથનના ઉપયોગી પડાવ તરીકે સર્જાયેલો કર્તૃત્વશક્તિનો મેરું પર્વત આ અહીં ખોળમાનું તેલ પીલવાના કામમાં જોતરીને પોતાનો અનાદર શા માટે કરે છે? મન ફરી ફરીને કહેતુ, ''હવે જીવવું વ્યર્થ, હવે આત્મહત્યા જ આત્મ સન્માન થવાનું છે.'' નોવાલિસ વગેરે કેટલાય નીતિ વિશારદોએ અને ઐતિહાસિક ઉદાહરણોનું સ્મરણ આ પ્રસંગે આવે કે આત્મહત્યા એ આત્મ કર્તવ્ય જ કરાતું હતું.

એક દિવસે બપોરે ભયંકર ઉકળાટમાં ઘાણી ફેરવતો હતો ત્યાં જ ધબ્બ દઈને ફેર ચડ્યા જેવું લાગીને નીચે બેઠો. અને પેટને ખૂબ શ્રમ પડતા આંતરડાને આંટી ચડે તેવું લાગ્યાથી, હાથ ભીંત પર ટેકવ્યો અને આંખ મીંચી. તેમાં તરત ત્યાં ને ત્યાં જ એવી ગાઢ ઝબકી લાગી, એટલા ગાઠ કે એકાએક જે જાગ્યો તો દિશાવિદિશા, સ્થળ-કાળ મને ચાર-પાંચ મિનિટ તો સમજાય જ નહીં. શાંત, શૂન્ય, નિર્વિકાર એવી કોઈ સુખદ અવસ્થામાં કાંઈક નહીં બરાબર થઈને પડ્યો રહ્યો. થોડા સમયમાં સાવધ થયો. એક-એક વસ્તુ ફરી કામે લાગ્યો પણ મન એકસરખું કહે, 'આ છેલ્લું કામ કેમ થવા દેતો નથી? મનની શૂન્યતા એટલે જ મરણ. આજ-આજે રાતે સેંકડો બંદીવાન પેલા પોર્ટ બ્લેરમાં જેના આધારે મૃત્યુ તરી ગયા તે દોરડાના ટુકડાને ગળામાં ફાંસી લગાડ અને કરી નાખ આ કષ્ટનો અંત!

આત્મહત્યાનું આકર્ષણ

'તે આત્મહત્યાનું આકર્ષણ એક ધારું મને ખેંચી રહ્યું હતું. પેલી મનની શૂન્યતા એટલે જ મરણ. એ તો આવા જીવન કરતાં નિઃશકપણે વધારે મીઠું છે! મને જે બે-ચાર વખત મારી નિરાશાજનક યાતના અસહ્ય થઈને આત્મહત્યા અત્યંત આકર્ષક લાગવા માંડી, તેમની પહેલી ક્ષણ એટલે માર્સેલ્સથી પાછો પકડાયો પછી એડનની આજુબાજુમાં ભયંકર ત્રાસમાં પૂરી દીધો તે હતી. બીજા આ ઘાણીમાં ચક્કર આવી ત્યારની. બેઉ વખતે મનની અને બુદ્ધિની લડાઈ ચાલતાં ચાલતાં બુદ્ધિ લગભગ ચારેય ખાનાં ચીત પડવાનો પ્રસંગ આવ્યો હતો. બીજી એક-બે વાર તે ક્ષણ આવવાની હતી. તે રાતે ઓરડીની જે બારીના જે કડાએ ટિંગાઈને મોટાભાગના બંદીવાન પોતે ફાંસીએ ચડતા તે બારી તરફ મેં શૂન્ય દ્રષ્ટિએ ચાર-પાંચ વખત જોયું હશે. બુદ્ધિનો અને મનનો એ સંવાદ હું ત્રાહિત થઈને જેમ સાંભળતો હતો તેમ આગળ મેં એક કવિતામાં જણાવ્યો પણ હતો. વારંવાર મનનના ઉપરના વિચારને વિવેકથી જવાબ આપતો, ''મૂરખ, આ તારો અહંકાર! ધારો કે, તારું કર્તૃત્વ-કર્તવ્ય એટલે એક રાષ્ટ્રનું રાષ્ટ્ર ઉદ્ધારવાને પ્રચંડ ગતિ દેવાને સક્ષમ તેવું યંત્ર છે, પણ હવે તેનું શું? તેનો યોગ્ય અને યથા પ્રમાણે ઉપયોગ થતો નથી! એક અર્થે સાચું. પણ આવી રીતે જ્યાં અન્ય શક્તિશાળી યંત્રો ચૂર થાય છે ત્યાં ગુપ્ત, અજ્ઞાત યાતનાનો માર સહન કરવામાં ઉપયોગી થવું, એ કાર્ય તેની પાસેથી કરાવવું એટલે જ આ કતૃત્વ શક્તિનું યંત્ર સર્જાયું નહીં હોય તેવું શાના પરથી કહી શકાય? રાષ્ટ્રના ઉદ્ધારની લડાઈ અનેક મહત્ત્વના મોરચે લડવું પડે છે, તેમાં બંદીગૃહનો મોરચો સળગવામાં કઠિન અને તો પણ આવશ્યક હોય છે. પછી એ લડવા માટે તારું પ્રયોજન થયું છે એ કાંઈ એ કર્તૃત્વનું ઓછું ગૌરવ થયું?

''અને એક રીતે કેવું કર્તૃત્વ લઈને બેઠો છે? તારું, તેમનું આ તમામ મનુષ્ય જાતિનું તો શું, પણ આ સૂર્યનું પણ આ પ્રચંડ વિશ્વની ઉથલપાથલમાં ખરું જોતાં તલભાર પણ મહત્ત્વ છે કે? સાબુના ફીણના એકાદ

પરપોટાની જેમ તે હમણાં પોતાના મહત્ત્વાભિમાનથી ફુગાઈને ઊડતું દેખાય છે. પણ એક ક્ષણાર્ધમાં વિશ્વની મૂળ શક્તિ, બીજો એકાદ ખેલાડી ફૂંક મારશે કે ફુગ્ગો નહીં બરાબર થઈ જશે. તે જ વિશ્વ ચાલ્યું છે! એટલે વિવેક રાખ. સાપેક્ષમાં જે કર્તવ્ય છે તેની ખરી પરીક્ષા અહીં જ છે. આ કારાગૃહમાં જ દેશસેવા કરશે તે ખરો દેશસેવક. જે મૂલ્ય દીધા વિના દેશોદ્ધાર થવાનો જ નથી તે કારાગૃહના પીડનનું મૂલ્ય દેવું એટલે જીવન વ્યર્થ જતું નથી જ નથી. કીર્તિનો, લૌકિકનો, મનના અભિમાનનો સ્પર્શ તેને લાગ્યો નથી, પણ તેથી જે વધુ અવ્યર્થ છે. અને

જો મરવાનું જ હોય તો,

કમ સે કમ... આમ શાને મરે છે? તેં સહેલી યાતનામાં સુક્ષ્મ પરિણામ દેશ પર થશે જ થશે. પરંતુ જો તને ખરું ના લાગતું હોય અને આ વાત પણ દેશને ખબર નહીં પડે તો તેનું નૈતિક પરિણામ શું આવશે? પછી વ્યર્થ કષ્ટ કેવી રીતે? મરવાનો જ હોય તો આમ કૂતરાની મોતે પોતાના હાથે શાને મરે છે?
તેઓ તને ફાંસી આપે નહીં એટલે દયા આવી હતી કે શુ? પછી જે તેઓ કરી શકયા નહીં તે તું તેમના માટે, પોતાના હાથે કરીને પોતાના પક્ષને નુકસાનમાં અને અપયશમાં શાને વધારે ખુંપાવે છે ? જો મરવું તો જે સેનામાંનો તું એક સૈનિક છે. તે સેનાનું તેનું જ એકાદું કાર્ય કરીને તો મર. ફાંસી લઇને નહીં તો પોતાના એક જીવના મૂલ્યની જેમ મર!
બુદ્ધિનું આ છેવટનું કારણ માત્ર મનની એ જીવ પર થયેલી ઉદારતાની અવસ્થામાં ગળે ઉતર્યું. મન સ્થિર થયુ. આ નિશ્ચય જ થાણેના તુરંગમાં પણ કર્યો હતો. તેની યાદ આવી. એ દિવસથી ફરી એકવારમાં પેલી આત્મહત્યાના કાંઠે જઇને ઊભો રહ્યો હતો. તે એટલે રત્નાગિરીની જેલમાં ! પણ એ આગળ. એ રાત માત્ર

મરશું તો તેમ જ મરશું

એવા કૃતનિશ્ચયમાં વીતી, એટલું જ નહીં તો ઉપરના ક્રમનો ઉપયોગ કરીને કોઇએ પણ મરવું તો આમ જ મરવું એ અંગિકૃત્ત વ્રતાર્થ કર્તવ્ય છે એવો ઉપદેશ આપીને મેં એ આંદામાનોમાંના અનેકને ઘણીવાર આત્મહત્યાના કાંઠા પરથી હાથ પકડીને પાછા લાવ્યા છે.
તેલની ઘાણીમાં કામ કરતા એટલો શારીરિક અને માનસિક શ્રમ પડવા છતાં તેની કંઇક અંશે ભરપાઇ કરનારી એક તક મળતી. એ એટલે ઘાણીમાં કામ કરતાં કેટલાક રાજકીય બંદીવાનો સાથે બેસવા બોલવાની સગવડ આવતા જતા. અધિકારીઓની નજર ચોરીને અને કોઇ સમજદાર અથવા મન ચોરી લેતા પહેરેગીર અથવા સિપાહીની સવલતે એ રાજકીય બંદીવાનો મારી પાસે આવતા મારી સાથે શકય તેટલી વાતો કરતા. બહુધા સહેજે પાંચના સુમારે જમવાની ગડબડમાં બધા પડ્યા હોય એ ક્રમાંકના હોદ્દાની આકશમાં અમારો અડ્ડો જામતો. એક પહેરો દે અને બાકીના વાતો કરતા બેસે. તે વખતે અમુક ક્ષણ કાર્ય સિદ્ધ કરવા માટે મને સંસારના બધાં સુખોને લાત મારી એ ઉદાત કાર્યની ચર્ચા મોકળામને કરી શકાતી, તેથી મન ફરી ચેતનવંતું થતું તેજ ફરી જાગતું : સહ્યાં તે અપમાન સન્માન લાગવાં માંડતાં. સહેલી યાતના કાંઇ જ નથી. સહેલી પડશે તે પણ કર્તવ્ય જ, એવો નિર્ધાર ફરી સબળ થતો. એ ઘડિયાળ એટલે પેલી

ઘાણીના કઠોર શાપની ઉપર

જ હતું. એ વખતે મેં જોઇ રાખ્યું હતું. ત્યાં આવેલા મોટાભાગના રાજકીય બંદીવાના મારા જેવા જ પચ્ચીસીની આસપાસના હતા. તેમનું શિક્ષણ અધૂરું રહ્યું હતું. તેમને રાજકારણ, ઇતિહાસ, અર્થશાસ્ત્ર વગેરે અવશ્ય જ્ઞાનનો ખૂબ ઓછો પરિચય થયો હતો. અને તે સહજ હતું. છતાં પણ તેના લીધે તેમની ઉત્કૃષ્ટ સ્વદેશ પ્રીતિ અથવા સ્વાર્થત્યાગમાં લેશમાત્ર ઉણપ આવી હોય એવું મને લાગતું નહીં. એટલું જ

નહીં તો તેમની વયમાં કેવળ ઉત્સર્કૃત પરોપરકાર બુદ્ધિથી અને ઉદાર ભાવનાથી પ્રેરિત થઇને તેઓ આવા કષ્ટમય હેતું માટે સહન કરે છે. એ જોઇને મને તેમના માટે ખૂબ આદર થતો. માત્રે એટલું જ કે એ ઉદાર ભાવનાના અને આંતરિક ધૈર્યના જે કાર્ય માટે તેઓ સમર્પિત થયા હતા તે કાર્ય માટે અત્યંત આવશ્યક એવા શિક્ષણનો, જ્ઞાનનો અને વિચારોના સાથ મળે તો તેઓ આ મહત્વપૂર્ણ કાર્ય કરવાને હતા. તેનાથી વધુ સક્ષમ થશે. તેથી તેમણે તેવો પ્રયત્ન કરવો એ માટે મેં તેમને તે ખામીઓ દર્શાવીને તેવી ઇચ્છા તેમનામાં જગાવવાના પ્રયત્ન કર્યાં. એ પ્રયત્નોમાં તો મને ઘાણીના કામમાં જોતરવામાં આવ્યો ત્યારે જ આરંભ થયો. ત્યાં આવેલા કેટલાયને પોતાનું આયુષ્ય વ્યર્થ ગયું એવું લાગતું હતું. તેમને ઉદાસીનતા અને હતાશાના ગર્તામાંથી બહાર લાવવા માટે ઇતિહાસનાં ઉદાહરણ કહેતો. જેમણે કયો માર્ગ શ્રેયસ્કર તેની પૂરી સમજવું આવી નહોતી. તેમની શંકાનું નિરસન કરવાનો પ્રયત્ન કરતો. જે માત્ર સમાજમાંના રાજકીય વાવંટોળમાં સપડાયા હતા. તેમણે તે તેમ જ શા માટે કરવું જોઇએ, તે નીતિની દ્રષ્ટિએ અકર્તવ્ય થાય કે કર્તવ્ય થાય, એ યુક્તિસંગત રીતે સમજાવીને તેમની પહેલાંની ક્ષણિક ઉતેજના આજન્મ ટકાવવાના નિશ્ચિત નિર્ધારમાં પરિવર્તન થાય તેવું દેખાતું. દિવસ આખો અત્યંત ત્રાસદાયી, તનતોડ. અપમાનજનક વાણીનું કામ કરીને થાકેલા તુંટેલા પેલા રાજ બંદીવાનો એ હોદ્દા પર ગુપ્તપણે થોડીવાર ભેગા થઇને આમ ઉદાત વાતચીત કરતા, રાષ્ટ્રીય સુખ સપના જોતા, ત્યારે તન્મય થઇ જતા ત્યારે દિવસભર ભોગવવી પડેલી યાતનાનું દુઃખ શમતાં શમતાં સુન્ન થયેલા તેમના મનોબળની ધાર ફરી તીક્ષ્ણ થતી તેમના ચહેરા પર નવું તેજ ચમકવા માંડતું , અને ઊઠતી વખતે આનંદ સાથે અને પ્રેમથી એકમેકની રજા લઇને એ હિંદી તરૂણે પોતપોતાની ચાલીમાં પુરાઇ જવા ચાલ્યા જતા.



પ્રકરણ બારમું

આંદામાનમાં સંગઠન અને પ્રચાર કરવાનો નિશ્ચય

એ ઘાણીમાં કામ કરતા મને રાજકીય બંદીવાનોની સ્થિતિ સમજતા ફાવી એવું ના હોઈને એકંદરે આંદામાનની પરિસ્થિતિ પણ થોડીઘણી સમજતા આવડી. હજાર અડચણોમાંના જતા બહારના લોકોમાં મારા માટે જે આદરભાવ અને પ્રેમ હતો તેના થકી તેમણે મારી સાથે કોઈને કોઈ સંબંધ બાંધવાનો પ્રયત્ન કર્યા વિના સ્વસ્થ બેસવા દીધા નહીં. આ બધી પરિસ્થિતિ પરથી મને જણાઈ આવ્યું કે આમ થોડા પ્રમાણમાં કેમ ના હોય પણ આ કારાવાસમાં પણ આંદામાનમાં સંગઠન અને કાર્યનો પ્રચાર કરવો શક્ય છે. અને જો શક્ય છે તો જરા કેમ નહીં પણ સંગઠન કરવું એ કર્તવ્ય જ છે. કારાવાસની યાતના સહેવી અને એકાંત બંદીવાસમાંની કર્મશૂન્યતાનો અસહ્ય ભાર વેંઢારીને નિષ્ક્રિય ઊભા રહેવું એ એક કર્તવ્ય તો અમે કરી જ રહ્યા હતા, તેની સાથે જો કાર્ય પ્રચારનું અને જીપ બદલતા જ્યાં જ્યાં રહેશું ત્યાં ત્યાં પણ જાતિય ચૈતન્ય સંચારવાનું સક્રિય કાર્ય પણ થોડું ઘણું કરી શકાયું તો તે પણ કરીને માતૃભૂમિની બેવડી સેવા કરવાનું પુણ્ય કેમ ના મેળવવું! આવા વિચારોથી પ્રેરાઈને આંદામાનમાં પ્રચાર કાર્યનો પ્રારંભ કરવાને મેં પહેલાં તો રાજકીય બંદીવાનોનું શિક્ષણ હાથમાં લેવાનું ઠરાવ્યું. એ પખવાડિયામાં જ એ બંદીવાનમાંના જે કોઈ લોકો વાવંટોળમાં ઉપરછલ્લા અટવાઈને આવ્યા હોવાથી ચળવળમાં બધી રીતે અનુકૂળ નહોતા તેમને પહેલાં એ વાત સમજાવી દઈને એ ચળવળ અંતરંગ જરૂરી એ વિશદ કરાવીને જણાવ્યું. અને એ મને મસળી નાખવા માટે દીધેલા ઘાણીનું કઠોર કામ કરતી વખતે જ એ રાજબંદીવાનોમાંના બેને સંગઠનના કાર્યમાં સમાવિષ્ટ થવા માટે શપથબદ્ધ કરવાની જંગલી માથાકૂટ કરી.

આંદામાનના સંગઠનના પ્રયત્નનો પ્રારંભ આ જ છે. એ કાર્યનો આગળ કેવો વિકાસ અને કેટલો થતો ગયો એ પૂર્ણપણે જણાવવું અત્યારે શક્ય નથી. ટૂંકમાં જે કહી શકાશે તે આગળ ક્રમશઃ કહેશું જ.

૧૪ દિવસે મને તેલની ઘાણીમાંથી કાઢવામાં આવ્યો, અને દોરડા વાળવાનું કામ આપવામાં આવ્યું. આ કામ એ કારાગૃહમાંના અન્ય શારીરિક કામ કરતાં સહેલું હતું. એટલે એ મળવું એટલે ભાગ્ય ગણાતું. થોડા દિવસની આદત પછી દોરડું વાળવાનું કામ ફાવી જતાં શારીરિક યાતનાના કચકચમાંથી થોડો છૂટકારો થયા જેવું લાગવા માંડ્યું. એ વખતે મને જે સાતમા ક્રમાંકમાં બંધ કરવામાં આવ્યો હતો જેમાં બે-ચાર રાજકીય બંધી નિરુપાય તરીકે રાખવામાં આવ્યા હતા. નિરુપાય તરીકે કારણ છેવટ સુધી મારા અને અન્ય રાજકીય બંદીવાનોના સંબંધ શક્ય ત્યાં સુધી થવા જ ના દેવા એવું ધોરણ રાખવામાં આવ્યું. પણ બધા બંદીગૃહમાં વહેંચીને પણ જેમના માટે જગ્યા રહેતી નહોતી તેમને સાતમા ભાગમાં રાખવા જ પડતા. ક્યારેક ક્યારેક તો પોતે બારી અને એક-બે વાર સુપરિટેન્ડનેટ પણ મને સ્પષ્ટ કહ્યું કે, તમારા ભાગમાં જે રાજકીય બંધી હોય તેમને જો મવાળ કરશો તો તમને પણ સુશિક્ષિત રાજબંદીઓની અંગત લાભશે. નવો કોઈ પણ રાજકીય બંધી આવે કે તેને મોટેભાગે માણસ બનાવી દેવાયેલા રાજબંદીઓના સહવાસમાં લઈ જઈને રાખવામાં આવતા. છતાં પણ કોઈ પણ રાજબંદીને એક સરખો એક જ ભાગમાં અને સંઘમાં રાખવો જોખમી લાગતા મહિનામાં તેના રહેવાની કોઠડી અને ભાગ બદલવામાં આવતાં. આ બદલીનો દિવસ એટલે બંદીગૃહમાંનો એક ઉત્સવ જ. કારણ બદલીના નિમિત્તે કોઠડીમાંથી બહાર આવીને લગભગ અડધો દિવસ તો ગડબડમાં નીકળી જતો. બીજું, તુરંગમાં ખાલીપો લાગતો. આ ભાગમાંથી પેલા ભાગમાં જતા, અને તેના લીધે ઘણાખરા રાજબંદીઓની નજર પૂરતી કેમ નહીં પણ મુલાકાત થતી. તક મળતા બે વાતો પણ જતાં જતાં બોલી શકાતી અને આનંદનું છેલ્લું કારણ એટલે નવા મળેલા રાજબંદીવાનોની ઓળખ અને સંમતિ મેળવવાની તક આ બદલીથી મળતી. મને ભલે શક્ય ત્યાં સુધી સાત ક્રમાંકના ભાગમાં જ બંધ રાખ્યો હોય અને અન્ય રાજબંદીઓને બહુધા મારા સુધી આવવા ના દેતા,

તો પણ મનેય આ દિવસ ઉત્સવ જેવો જ લાગતો. કારણ એ દિવસે બદલી માટે આ ભાગમાંથી પેલા ભાગમાં જતા મને દૂરથી મારા મોટા ભાઈની નજર પૂરતી મુલાકાત લાભતી, ક્યારેક ક્યારેક પહેલેથી સંઘ ભેગો કરવામાં કદાચ જો સફળતા મળે તો બે વાતોય ગૂપચૂપ બોલી લેતા.

આ મહિના-બે મહિનાની બદલીના સાધન થકી નવા અને નિરાળા રાજબંદી સાથે જેમ બોલવા મળતું તેમ જ આપસમાં બોલવાની બીજી બે સગવડ આ કારાગૃહમાં હતી. એ એટલે રહેવાની ઓરડીની ઉપરની નાની બારી અને સાવ જમીનસરસી લાગેલી જાળી. કારાગૃહના એ સાત ભાગ પાંખડીઓની જેમ એક કેન્દ્રથી નીકળીને પ્રસરતા ગયેલા હોઈને દરેક ભાગનું આંગણું આગળના ભાગની પીઠને લાગેલું હતું. ત્યારે દરેક ભાગની ચાલીમાંથી પાછળના ભાગ સાથે અને આંગણાના આગળના ભાગમાંની બારી પણ ચડેલા માણસ સાથે બોલી શકાતું. પણ આવી ઊંચી બારી પણ ચડીને બોલવું જોખમી હતું. તો પણ ઓરડીમાંના ઊંઘવાના લાકડાના પાટિયાને ઊભું કરીને પેલી બે માણસની ઊંચાઈએની નાનકડી બારીના ફાંટામાં પકડીને હાથ તાણને લીધે તુંટે ત્યાં સુધી અમે નીચેના આંગણમાંના પોતાના ઈષ્ટ મિત્રો સાથે બોલવામાં કમી રાખતા નહીં. કેટલીયે વાર તો અર્થશાસ્ત્રની અને રાજકારણની શંકા એક પૂછે અને તેનો ખુલાસો બારીમાં ડોકાઈને રહેતા અવ્યાપક કરતા. એટલામાં જો કોઈ વોર્ડર અથવા જમાદાર આવ્યો તો શિષ્ય અને આચાર્ય બેઉની નાસભાસ કરતા કરતા ધમાચકડી થતી. એવા સમયે ધડ દઈને બારીએથી નીચે કૂદકો મારવા જતા કેટલીયે વાર રાજબંદી ધડામ દઈને પછડાતા, કેટલીયે વાર તેમનાં અંગ તુંટતાં. બીજી બોલવાની યુક્તિ એટલે એ ઓરડીની ભોંયને લાગીને ભીંતના બાકોરામાં લગાડેલી જાળી-એવી બેસાડેલી કે પાછળ ઓરડીમાં દેખાય નહીં, પણ પવન આવવા જેટલી જગ્યા રહે. આ જાણીની પાછળની બાજુએ ક્યારેક ક્યારેક એ ભાગમાંના બંધી જમવા બેસાડાતા. પછી શું? એ તક મળતા જ અમે ઓરડીમાંથી એ જાળીના બાકોરામાં અહીંથી મોં લગાડીને અને ત્યાંના અમારા સહ-બંધી જમવા માટે થાળી લઈને સ્વસ્થતા સાથે બેસવાને બદલે અસ્વસ્થતા સાથે પણ એકાગ્રતાપૂર્વક ‘ટેલિફોન’ શરૂ કરતા. એ જાળી એટલે કારાગૃહની પરિભાષામાં ‘ટેલિફોન’ એ જાળીમાં, એટલે પેલા ‘દવનિવા હક’માં બોલવાની તક આજુબાજુમાં કોઈ ના હોઈને અને વિશ્વાસુ લોકો જ હોવાથી મળી છે તેવી સૂચના આપવા માટે હાથમાંની જમવાની થાળી એ સળિયા પર ખડખડ મારવી, એટલે ધ્વનિવાહકની ઘંટડી વગાડવી. આ ‘ટેલિફોન’થી પણ ધ્વનિવાહકથી જ્યારે કાર્ય સાધવું દુષ્કર થયું ત્યારે એક ‘ટેલિફોન’ આ રાજ બંદીવાનોએ શોધી કાઢવો પડ્યો. પણ એ કયો તે આગળ ખબર પડશે.

આવી એક-બે નહીં, અનેક યુક્તિ લગાડતા અને આપસમાં અમારા વિચારોનું આદાનપ્રદાન કરવા માંડ્યા. જેમ જેમ અમારાથી અન્યોને દૂર રાખવાના પ્રયત્ન કરાતા, અને રાજ બંદીવાનોને આપસમાં બોલવા કે ઈશારા કરવા પણ પ્રતિબંધ મુકાતો, તેમ તેમ અમારી બોલવાની અને વિચાર વિનિમયની ઈચ્છા વધુ બળવત્તર થઈને અને આવશ્યતા વધુ લાગીને એ બોલવું, અને એ વિનિમય વધુ વેગ સાથે થતો. આ બળ યુક્તિઓની મદદથી, પાછળ જણાવ્યા પ્રમાણે, અમને ઘાણીમાંથી કાઢીને દોરડા વાળવામાં જ્યારે મુકાયા ત્યારે અમે અમારા ભાગમાં અનિવાર્ય (નિરુપાય) તરીકે જ બે-ત્રણ રાજબંદી રાખવામાં આવ્યા, તેમના શિક્ષણનું કાર્ય હાથમાં લીધું. એ બધા રાજબંદી કાંઈ સામાન્ય અર્થમાં અશિક્ષિત નહોતા. ના, તે મોટેભાગે પ્રવેશપરીક્ષા અને કોલેજમાંના પણ એક-બે ધોરણ ભણ્યા હતા. પરંતુ રાજકારણમાં આગેકૂચ કરવાને અવશ્ય તેવા રાજનીતિ વગેરે શાસનવિજ્ઞાનનું ઉચ્ચશિક્ષક તેમને મળ્યું નહોતું. એ શિક્ષણ દેવાનો આરંભ કરતા જે પહેલી અડચણ અમને જે દેખાવા માંડે તે એટલે પુસ્તકોની ઉણપ. પહેલા તો મારાં પોતાનાં જે જે પુસ્તકો હતા એ થાણેમાં જ મારી મત્તા તરીકે જપ્ત કરાયાં હતાં. આંદામાનમાં રાજબંદીઓ પાસે જે પુસ્તકો હતાં તે સાવ જર્જરિત અને થોડાં હતાં. શ્રી રામકૃષ્ણ અને વિવેકાનંદનાં પુસ્તકો, થોડાં ટોલસ્ટોયનાં વગેરે 'My Religion' એક-બે પુસ્તકો અને બાકીનાં એની બેસન્ટનાં થિયોસોફિકલ તત્ત્વજ્ઞાનના અને ચળવળનાં માસિક પુસ્તકો હતાં. એ પુસ્તકો પણ પહેલાં અઠવાડિયામાં એક જ રવિવારે વાચવા મળતાં. એક ટોપલામાં એને શાકની જેમ ભરીને એક

વોર્ડર ભાગ-ભાગમાં ફરે અને એ જ રાજબંદીવાનોને વહેંચે અને સાંજે આવીને પાછો લઈ જાય. આમ તો વાચવાને એક પુસ્તક મળે પણ એ જેનું હોય તેને, અને પણ માત્ર સાંજે ચાર વાગ્યાથી છ વાગ્યા સુધી જ! દિવસમાં કામ એટલે વાચવા દે નહીં અને રાતે કોઠડીમાં અંધકાર એટલે! તેમાં પણ હજી એક ત્રાસદાયી નિયમ એટલે, એક રાજબંદીવાનનું પુસ્તક તે ઈચ્છે તો બીજો રાજબંદી તેનાથી આઠ-દસ ડગલાં દૂર કામ કરતો હોય તો પણ તે બીજાને ના દેવો એ. જેનું પુસ્તક તેણે જ વાચવાનું! એ બારીનો કડક આદેશ. અઠવાડિયામાં એક ગરીબડું પુસ્તક વાચવું સાધારણ બંધી માટે શક્ય ના થાય, તેથી તેને તે પૂરતું. પરંતુ સુશિક્ષિત રાજબંદીને એક નાનકડું પુસ્તક આખું અઠવાડિયું કેમ પૂરતું થાય? પણ તેને તે બદલીને બીજું લેવા દેવું નહીં, અથવા બાજુના રાજબંદીના હાથમાંનું તેનું અઠવાડિયાનું પુસ્તક પણ ત્યાંનું ત્યાં વાચવા લેવું પણ શક્ય નહીં. આવું ત્યાંને ત્યાં લીધેલું એકનું પુસ્તક બીજાને આપેલું- વાચવાને આપેલું-દેખાયું કે વોર્ડર જમાદારનો પિત્તો જાય. રાજબંદી સામે ખટલો ભરીને બારીસાહેબ સામે પોતાની કાર્યક્ષમતા દેખાડવા માટેની આ સુવર્ણતક કોણ ગુમાવે! તેણે તો એ રાજબંદીને ઝડપીને, એ એકનો ક્રમાંક બીજાના હાથમાંના પુસ્તક પર છે એ પારખીને, એ બેઉને બળબળતા તાપમાં બારીના કાર્યાલયમાં ખેંચતા લઈ જશે એ સમજી જ લેવાનું.

'ઈસને પુસ્તક દિયા ઔર ઈસને લિયા હુજૂર!'

એટલે વારંવાર બૂમાબૂમ થઈને ખટલો ભરાય અને પર્યવેક્ષક (સુપરિન્ટેન્ડન્ટ) પણ એ અપરાધથી સંતપ્ત થઈને ચાર-ચાર દિવસની હાથકડીની સજા ઠોકી દેવામાં કમી રાખતો નહીં. એક થોડીવાર પુસ્તક વાચ્યું એટલે ચારચાર દિવસ રાજબંદી હાથકડી પહેરીને અનેકવાર આખો દિવસ ઊભા રાખવામાં આવ્યા હતા. રામકૃષ્ણના ચરિત્રમાં વાચેલાં તત્ત્વોનું મનન કરીને પારખી લેવાની એ રાજબંદીને શિસ્ત સમજાય એટલે જ કદાચ એવો નિયમ અને તેવી હાથકડી પહેરાવવાની વ્યવસ્થા કરી હશે!

પુસ્તકો વાચવાના માર્ગમાં અડચણો પ્રસરાવવામાં મુખ્ય ભાગ બારીસાહેબનો એ પંડિત-પ્રવરનો એવો એક સિદ્ધાંત કે પુસ્તકોના વાચનથી હિંદુ યુવાનોને ગાંડપણ ચડે છે. પાછળ જે 'શ્રીયુત...'ને ગાંડપણ ચડ્યું એવું બારી મારી પાસે બોલ્યો હતો, તેને પણ પેલા થિયોસોફિકલ પુસ્તકો વાચે છે એટલે એનું માથું ભમી ગયું, એવું તેણે મને સ્પષ્ટ કહ્યું હતું. અચ્છા, થિયોસોફી અને રામકૃષ્ણ વગેરે ગાંડપણ લગાડનારાં નરમ પુસ્તકો જવા દીધા તો રાજકારણના ખડક જેવાં કઠોર પુસ્તકો વાચવા યોગ્ય ગણતો હતો કે કેમ? રામનું નામ! એ પોતે કાંઈ થોડું શીખેલો નહોતો. હાઈસ્કૂલના પૂરા પાંચમા ધોરણ સુધી તેનું શિક્ષણ થયેલું! આવા ત્યાં જડ વિદ્વાનના હાથમાં કારાગૃહમાં ક્યાં પુસ્તકો મગાવવા એનું પરિક્ષણ સોંપવામાં આવેલું. પુસ્તક ઉઘાડતાં જ બારીસાહેબ સમજે એવી સાદી અંગ્રેજી ભાષાનાં અને સાદા વિષયનાં એ પુસ્તકો હોવાં જોઈએ. નહીંતર, જો એ એકાદ તત્ત્વજ્ઞાન અને સમાજશાસ્ત્રનું ગૂઢ પુસ્તક હોય તો બે-ચાર પાનાં ફેરવતાં જ, 'નોનસેન્સ, ટ્રેશ' બરાડીને એ ફેંકી દેવાતાં. સમજવા જેવાં હોય પણ જો તેમાં 'નેશન' 'કન્ટ્રી' જેવો એકાદ શબ્દ હોય તો રાજદ્રોહ તરીકે એકાદ પ્લેગના જંતુની જેમ એ ત્યાજ્ય, અસ્પૃશ્ય થઈને તિજોરીમાં બંધ થઈ જતાં. બારીસાહેબ કહેતા જ, ''આ કન્ટ્રીબન્ટ્રીનાં પુસ્તકો અમે આપી શકીએ નહીં. કારણ આ પુસ્તકોથી જ નૃશંસ હત્યા બન્યા છે. અને યોગબોગની પોકળ થિયોમોફી વગેરેનાં પુસ્તકો? તે પણ ખરેખર આપવાં નહીં. પણ શું કરીએ? સુપરિન્ટેન્ડન્ટ સાંભળતો નથી. ખરેખર તો આ પુસ્તકો જ માણસને ગાંડો કરે છે!'

પુસ્તકોનું વૈમનસ્ય

બારીસાહેબ પોતે ઓછું ભણ્યા હતા એટલે મત્સરથી હોય કે શિક્ષિત બંદીવાન આ પોર્ટ બ્લેરના પરમેશ્વરને ખાસ ડરતા ના હોય તેથી હોય, કે પછી આ બેઉ કારણોનું મિશ્ર પરિણામ હોય, પણ બારીને અને એક-બે સુપરિન્ટેન્ડન્ટને પણ પુસ્તકોનું વાચવાનું નામ લીધું કે એકદમ વૈમનસ્ય લાગવા માંડતું. કોઈ બંધી તમાકુ ખાતો હોય તો બારી કેટલીયે વાર આંખ આડા કાન કરી એને છોડી મૂકતો અને એ દયાળુંપણું પોતાના મોઢે વર્ણવે. પણ કોઈ બંદીવાન જો એકાદ પાટીનો ટુકડો હાથમાં લઈને કે પુસ્તક વાચતા કે અમસ્તું પાસે રાખતો દેખાયો કે બારી એકદમ ગુસ્સે થઈ જતો, 'કિતાબ મંગતા! સાલા! યે જગા સ્કૂલ નહીં! પોતાના બાપના ઘરે કેમ ભણ્યો નહીં? નાખો એને ઘાણીમાં! અથવા કરો તેનું પુસ્તક જપ્ત કરો!'

ખાસ તો રાજ બંદીવાનોને પુસ્તકો વાચવા દેવાથી તેમાંની 'પુસ્તકિયા' ભાવના અને 'નાટકીય' વર્ણન વાચીને તેમનાં માથાં ફરે છે અને કારાવાસમાંની યાતનાથી તળિયે પહોંચેલી તેમની બુદ્ધિ ફરી પૂર્વ સંસ્કારની, આવા વાચનથી ફરી ભડકેલી આગમાં બળવા માંડે છે, એટલે જો તેમને માણસ બનાવવા હોય તો પુસ્તકો તેમને આપવાં જ યોગ્ય નથી, એવું બારીસાહેબ અનેકવાર બજાવીને કહેતા. જો એકાદ રાજબંદી વાચવા તરફ ધ્યાન નહીં આપવા જેવો થઈને, પરિસ્થિતિના અધોગામી આકર્ષણથી ત્યાંની કડાકૂટના રંગે રંગાઈ જતો દેખાય, તો બારીને એ વધુ વિશ્વાસુ અને સુધરેલો લાગવા માંડે. તેને એ કડક પહેરામાં કે ક્રૂર નજરબંધીમાં ના રાખવા જેવી સ્થિતિ થતી. આવા વિચારોના આ બંદીપાલોના આ વિચાર એ વખતના તેમના ઉપરી અધિકારીઓમાં પણ રૂઢ હતા. અને એટલે જ કારાગૃહમાં મ્લાન, હતાશ, ત્રસ્ત થયેલા રાજ બંદીવાનોને પુનઃચેતના પ્રાપ્ત કરી આપનારાં કોઈ પણ ઐતિહાસિક વગેરે પુસ્તકો આપવાં એટલે બંદીવાસમાં નાખીને દંડવિજ્ઞાનનો, તેમની સુધારણાનો કે દંડિત કરવાનો ઉદ્દેશ વિફળ કરવો એવો થાય એવો તેમનો દ્રઢ મત થયો હતો. ''ઐતિહાસિક અને ધાર્મિક પુસ્તકો વાંચીને નિરાશ અને નિરુત્સાહ મન વળી સ્વાભિમાની અને ઉત્સાહભર્યાં થાય છે અને બંદીગૃહમાં પણ પોતાનો પાપી સમજવાને બદલે એ રાજકીય બંદીવાન ગણવા માંડે છે!

પુસ્તકોનાં પરિણામ

એક રીતે આ પરિણામ પૂરતું આંદામાનના અધિકારીઓનું કહેવું સાચું હતું. વનવાસમાં રહેતા ધાર્મિક પાઉન્ડવોના મનને જ્યારે જ્યારે આત્મનિંદા, આત્મલજ્જા અને હતાશા સંતપ્ત કરતી ત્યારે ત્યારે, અરે ધર્મ! પેલા નવ રાજા પર પણ આવાં જ સંકટ આવ્યાં હતાં અને પેલા રામચંદ્ર પર પણ!' એવું કહીને તેમના મનના ભગ્ન ઉત્સાહને નવચેતના દેવા માટે ઋષિજનોએ કહેલાં વ્યાખ્યાનો આવાં જ ઉપયોગી પડ્યાં. ગતકાળનાં ઐતિહાસિક વીરકાવ્યો અને વીરગાથા અથવા ગીતોનો કર્મયોગ અને ઉપનિષદના બ્રહ્મવાદ વાચીને કેટલીયે વાર રાજબંદીનાં ગુપ્ત ચૈતન્ય ઉદ્દીપ્ત થયાં, કેટલીયેવાર આત્મલજ્જા ત્યજીને આત્મગૌરવથી મન ઉલ્લાસિત થઈને યાતનાનો ધિક્કાર કરીને ગર્જવા લાગતા. કારાગૃહના —- અને જે એક કારણે અધિકારીઓનું આવું કહેવું કે, પુસ્તકો વાચવાને આપવાં નહીં, તેમાં જ અર્થસિદ્ધિ માટે પુસ્તકો રાજકીય બંદીઓને અવશ્ય વાચવા દેવા જોઈએ એવું અમને લાગતું.

પહેલાં તો પુસ્તકો વિના જ જે શિક્ષણ આપતા-લેતા ફાવે તે આપવા-દેવાની અમે શરૂઆત કરી. પાછળ જણાવેલી અનેક રીતે રાજકીય બંદીવાનો થોડા પ્રમાણમાં તોય ભેગા થઈ શકતા, વાતચીત કરી શકતા. તેનો લાભ લઈને જે મારા ભાગમાં રહેવા આવ્યા હતા તેમને પ્રથમતઃ મેં મોઢે જ ઐતિહાસિક વાતો કહેવાનો પ્રયત્ન કર્યો. ક્યાંક બંદીવાનોની ગડબડમાં ભેગા થઈને, અથવા દૂર વીસ ડગલે બેઠો હોઈનેય પહેરેદાર સહાનુભૂતિપૂર્વક આંખ આડા કાન કરે તેથી મોટેથી બોલતા અને ચહલપહલ વર્તાતાં જ ચૂપ બેસતા, કે સમય આવ્યો જ તો, ''બોલતા હતા!'' એવું દ્રઢતાપૂર્વક કહીને હાથકડીની શિક્ષા ભોગવીને, પણ ગમે તેમ કરીને અઠવાડિયે બે-ચાર પ્રકરણ તોય હું તેમને કહેવા માંડ્યો. પહેલાં તો હિંદુસ્તાનના વેદકાળ સમયનો ઈતિહાસ, તેના વિભાગ અને રૂપરેખા કહીને પછી તેમાંના મોટા મોટા કાળમાંના

શુરવીરોનાં ચરિત્ર કહેતો પછી અર્વાચીન યુરોપિયન ઈતિહાસ, નેપોલિયન, માઝીની, ગેરિબાલ્ડી અને ખાસ તો તે સમયે ડગમગતા રશિયાની પ્રચંડ ચળવળનો ઈતિહાસ શીખવતો. પછી અર્થશાસ્ત્રનાં મૂળ તત્ત્વો અને તેના પછી શાસનવિજ્ઞાન અને રાજનીતિશાસ્ત્રની ચર્ચા કરતા. આગળ જેમ જેમ રાજકીય બંદીવાનોની સંખ્યા વઢતી ગઈ અને સંપ, ટંટા, ઝઘડા વગરે થતાં થતાં અધિકારીઓની બીક નહીં પણ શ્વાન ગણ એવું થઈને, ''થોડા ભેગા બેસો, વાચો, જે ફાવે તે બોલો પણ કામ કરો, અને ચળવળ કરીને અમને ત્રાસ ના આપો.'' એવી અધિકારીઓની પ્રવૃત્તિ થઈ ત્યારે તે ત્રૂટક સંવાદોનું રૂપાંતર થવા માંડ્યું. અઠવાડિયા સુધી સાધારણ તુંટકફૂટક થતી ચર્ચા તો રવિવારની બેઠકમાં ચાલતી જ. પણ ખાસ તો રવિવાર સવારે નવ વાગ્યા સુધઈ જ્યારે ઓરડીઓમાંથી અમને વજન કરવા માટે અને ઘાસ કાપવા માટે બહાર રાખવામાં આવતા ત્યારે જે કાંઈ પાંચ-દસ રાજબંદી મારા ભાગમાં રહેતા, તેમને લઈને હું એકતરફ બેસતો. દરેકને વિષય આપેલો હોય. તેના પર તે બોલો. તે પછી તેના પર ચર્ચા થતી. છેવટે શક્ય થાય તો એકાદ રાષ્ટ્રગીત ગાવામાં આવતું. એ 'બેઠક' બહુધા સિંહાસન પર કે યોગાસન પરની ના હોઈને નાસતા ઘોડાની પીઠ પર જ રહેતી. કારણ ક્યારે ''બારી આતા હૈ'' કહીને પહેરા પરનો માણસ બૂમો પાડતો દોડતો આવશે અથવા ક્યારેક જમાદાર, ''એ બોમ્બગોલે વાલો! તુંમ બડે બેશરમ લોગ હો, ફિર ઈકઠઠે હુએ! જાવ, ઘાસ કાપો, ઊભા થાવ છો કે નહીં?'' કહીને દંડો લઈને ગાળાગાળી કરતો આવશે એનો કોઈ નિયમ નહોતો. કોઈ આવે કે વકતા અને શ્રોતા પણ બેઠકમાંથી નાસવા માંડતા, અને તેમનાં વેરણછેરણ મોઢાં ક્યાંક ઘાસમાં તો કોઈક પતરાની આડમાં કે કોઈ બરાડશે તેને લીધે લપાઈ જતાં. વળી તે વાવંટોળ ચાલ્યો જતો કે પેલી બેઠક આગળ કરેલા વર્ણન પ્રમાણે 'Let the... again." ફરી વિચારમગ્ન થતી.

આવી ધમાચકડી થવાથી, ક્યારેક ક્યારેક કોઈક નવશીખ્યો મનુષ્યને. આત્મ ઉપહાસની પ્રવૃત્તિ લાગતા બેઠક તુચ્છ વર્તાવા માંડે તો હું તેને ખ્રિસ્તી લોકોની 'દોડતી પ્રાર્થના'ની યાદ અપાવતો. રોમન લોકોની અને યહુદીની તાવડીમાં પોતાના ધાર્મિક આચાર અને ધાર્મિક સંઘ ખ્રિસ્તીઓએ જ્યારે શરૂશરૂમાં પાળવા પડ્યા ત્યારે ભોયરામાં, ભીંતને અઢેલીને, કારાગૃહમાં જેમતેમ ભેગા થઈને બે-ચાર જણ પ્રાર્થના કરતા અને ઘૂંટણિયાં ટેકવે, ના ટેકવે ત્યાં રોમન આવ્યાની બૂમ પડતી કે, તરત જ નાસભાગ કરવા માંડતા. વળી તક મળતાં જ ભેગા થઈને પ્રાર્થના પૂરી કરતા. એ નાસભાગની બેઠકો આવી દોડતી પ્રાર્થના જ હતી! કારાગૃહમાંની અધોગતિને ક્ષણવાર તોય રોકીને એ બેઠકો મનને ઉચ્ચ તરફ, ઉદાત્ત તરફ સન્મુખ કરતી. એ આંદામાનના બંદીવાસમાં રવિવારનું 'ભજન' વરસોવરસ મેં ચાલું રાખ્યું હતું. તેમાં કેટલીય રાજકીય, ધાર્મિક, ભાષાશાસ્ત્રવિષયક, સાહિત્ય, શાસ્ત્રીય વગેરે વિષયોની ચર્ચા અને તેનો ઉહાપોહ થયો હશે! ક્યારેક ક્યારેક મનને સમાધાન પણ થતું કે નાનપણમાં નાસિકની સભામાં દર અઠવાડિયે રવિવારે બેઠકો જમાવવાનો નિયમ કર્યો. નાસિક પછી પૂણેમાં, પૂણે પછી મુંબઈમાં, મુંબઈ પછી ઈંગ્લેન્ડમાં અને ઈંગ્લેન્ડ પછી આંદામાનના કારાગૃહમાં પણ રવિવારે એ રાષ્ટ્રીય ભજન અને રાષ્ટ્રીય જ્ઞાનસત્ર અખંડ ચાલુ રાખી શકાયું. એ નિયમ પાળી શકાયો. ક્યારેક હોમના વિસ્તીર્ણ કુંડમાં તો ક્યારેક વૈષ્વદેવના નાનકડા કુંડમાં પણ અગ્નિની આહૂતી તળી નહીં, એટલે જ એ અગ્નિ જીવંત રહ્યો.

ભાગતી બેઠકો ઉપરાંત બીજું એક મહત્ત્વનું સાધન જે એમ શિક્ષણ પ્રસારાર્થે ઉપયોગમાં લેતા હતા એ એટલે ચૂનાથી રંગેલી કોઠડીઓની ભીંતો અને નાના ખીલા, કાંટા વગેરે. બંદીગૃહમાં રાજકીય બંદીવાનોને પેન્સિલ કે કાગળ જરાય રાખવા દેતા નહીં. તેમના શરીરની અને કોઠડીની કડક ઝડતી લેવાતી. છતાં પણ વ્હેંતભરની ચિઠ્ઠી લખવા જેટલો કાગળનો ટુકડો અને પોતાનેય પકડતા ફાવે નહીં એટલો, લાકડી કાઢી નાખેલો, માત્ર સિસપેન્સિલમાંના સીસાનો નાનકડો ટુકડો મોટેભાગે બધા રાજ બંદીવાન પાસે હોય જ. એ ક્યારેક મોઢામાં, તો ક્યારેક વાળમાં, તો ક્યારેક આ હાથની ઝડતી લેવાતા પેલા હાથમાં અને પેલા હાથની લેવાતા આ હાથમાં, નહીંતર સાવ- પણ એ બંદીગૃહમાંના અત્યંત વિશિષ્ટ વ્યવસાયિક રહસ્યો અમે બધા કહેશું નહીં. ફરી ક્યારેક ત્રાસનો આવો પ્રસંગ આવ્યે કાગળ-પેન્સિલ સંતાડવા માટેની અમારી બધી યુક્તિ કહેતા બેઠા તો અઘરું પડશે કે નહીં?

પરંતુ આવા નાના, આંગળી જેટલા કાગળના ટુકડા ચિઠ્ઠી લખવામાં ભલે ઉપયોગી થતા તોય શિક્ષણ માટે નિબંધ લખવા કે ટિપ્પણી કે ટાંચણી મારીને રાખવામાં તેમનો કોઈ ઉપયોગ નહોતો. અમારા પહેલા જ વરસે આવો એક અડચણનો પ્રસંગ અમારા પર આવ્યો હતો. અમે આર.પી.પી.માં પ્રસિદ્ધ થયેલા ભૂગર્ભશાસ્ત્ર પરના એક ગ્રંથનું વાંચન કરતા હતા. પુસ્તક વાંચ્યું કે, એક ચોપડીમાં તેનો મહત્ત્વનો સારાંશ, અને ભાગ લખીને રાખવાનો અમને નાનપણથી ખૂબ શોખ. તેનો ઉપયોગ પણ અમને પુષ્કળ થયો. તેના લીધે જ અમુક અમુક સાવ નાનપણમાં વાચેલા પુસ્તકોનો મહત્ત્વનો સારાંશ સ્મૃતિમાં આજે પણ સંચિત કરીને રાખી શકાયો. એ આદત પ્રમાણે ભૂર્ગભ કાળના કાળમર્યાદાની એક નોંધ અમે કોઠડીમાં એક લાંબો કાગળ લાવીને તેના પર લખી રાખ્યો. બીજા દિવસે એ પુસ્તક પાછું કર્યા પછી સાંજે પુરાયા પછી હળવેકથી એ કાગળ કાઢીને જેવો હું વાંચવા બેઠો ત્યાં તડતડ બૂટ પછાડતો કવેળાએ મારી ઝડતી લેવા માટે ઓવરસીઅરસાહેબ આવ્યા અને દરવાજો ખોલીને ઝડતી લેવા માંડ્યા. મારી તો ક્યારેક ક્યારેક દિવસમાં ત્રણવાર ઝડતી લેવાતી! કોઈપણ 'મોટા બાબુ' એ કાંઈક છે, એવી બારીસાહેબના કાનમાં ગુસપુસ કરી, કે વેળા-કવેળા થઈ અમારી ઝડતી! જ્યારે એમાંથી બે વખત પણ આ વાત સાચી નહોતી એવું બારીના ધ્યાનમાં આવ્યું ત્યારે કાંઈક એ ઝડતીનું સત્ર પત્યું. પણ આ સ્થિતિ આવતા સાત-આઠ વરસ લાગ્યાં. તે દિવસે અમે એ કાગળ વાચતા હતા ત્યારે આવો આ અચાનક છાપો પડ્યો ત્યારે એ લાંબો કાગળ સંતાડવો અશક્ય થયું. અને તે ઉપાડીને ઓવરસીઅરે પૂછ્યું, ''આ શું ?'' મેં કહ્યું. ''નોંધ (નોટસ).'' તેમણે બળપૂર્વક બજાવ્યું કે તુરંગમાં પુસ્તકોની 'નોટસબોટસ' કાંઈ કરી શકાય નહીં. છતાં પણ કોઈક મોટું પ્રકરણ રજૂ કરી શકવાનું ભાગ્ય ઝોળીમાં આવી પડશે એવી આશાએ તેણે એ કાગળ ધ્યાનથી અજવાળામાં અને પછી હાલમાં જ લગાવેલા દીવા પાસે રાખીને વાચ્યો, તો શું Pliocene, Miocene, Neolithic. વગેરે અગડંબગડં શબ્દોનો રેલો! "What Cipher is this? આ કઈ સંકેતલિપિ ?'' કહીને તેણે શંકાભરી મુદ્રામાં અને કદાચ, ''છેવટે પકડ્યો!'' એવા રોફમાં પૂછ્યું. મેં હસતાં કહ્યું, જિયોલોજિકલ ભૂર્ગભિકા.'' ત્યારે કાંઈક ગુસરપુસર રીતે તેણે જમાદારને કહ્યું કે, ''ઈસકો કલ લે આઓ ઓફિસ મેં. ખટલો ભરવો જોઈએ આના પર!'' એ પ્રમાણે ખટલો ભરાયો પણ તે અમારો પહેલો કારાગ્રહીય અપરાધ હોવાથી ચેતવણી આપવાની ફરજ પડી અને બે અઠવાડિયાં પુસ્તક વાચન બંધ કરવાની સજા કરવામાં આવી.

ત્યારે હવે પુસ્તકોમાંની નોટસ શા ના પરથી કરવી ? જાતે અમે કવિતા તો રચતા જ હતા. એ શાના પર ઉતારવી ?

રાજબંદીમાંના કેટલાયને અઠવાડિયાના વ્યાખ્યાનમાંથી ઐતિહાસિક, અર્થશાસ્ત્રીય વગેરે મુખ્ય વિષયોની નોટસ દઈને મોઢે કરવી અવશ્ય હતી કે કેમ કરવું ? એટલા કાગળ લાવવા ક્યાંથી ? લાવ્યા તો પણ સંભાળવા અને સંતાડવા ક્યાં ? સંતાડ્યા તો પણ તે મોટેથી વાચવાને વખત મળે એટલો અંધાપો બધા અધિકારીઓની આંખે કેમ આવશે ? ત્યાં જ સામેની ભીંતે દ્રષ્ટિ કરેલી હતી ત્યાં યુક્તિ આવી. અરે કાગળ ? આ શું કાગળ! આ કોઠડીઓની ચૂનાથી રંગાયેલી લાંબી-ઊંચી ભીંતો જ કાગળ અને (Iee³eHeelee®ee keÀeìe®e) કાંટો જ કલમ! નહીંતર નાનકડા ખીલાથી પહેલાં મુંબઈમાં ભાયખલામાં ઈંટના ટુકડાથી ભીંત પર લખતો. પણ એ પ્રયોગ ત્યારે અપૂર્ણ અવસ્થામાં હતો. હવે એ મોટા પ્રમાણમાં કરવાનું વિચાર્યું અને છૂટ્યા ત્યાં સુધી, ૧૪ વરસ ભરપૂર કામમાં આવ્યો. એક ખીલો ચૂપચાપ દરવાજાની કડીમાં ખોંસી દેવાનો અને કોઠડીનો દરવાજો બંધ થઈને સિપાઈ ગયા કે ભીંત પર સ્તંભ બનાવીને લખવાની શરૂઆત કરવાની. આ સાતમા ભાગની બધી ભીંતો એટલે એક એક ગ્રંથ જ. ઉદાહરણાર્થે, મેં દોરીથી એ ભીંત પર સ્પેન્સરના અજ્ઞેય મિમાંસાનો યુક્તિવાદ યથાક્રમ ઉતાર્યો હતો. 'કમલા' મોટેભાગે એ સાતમા ભાગની ભીંત પર રચાઈ. હજી એક ઓરડીમાં મિલના અર્થશાસ્ત્રના ગ્રંથમાંની બધી મહત્ત્વની વ્યાખ્યા ખીલાથી ખોતરીને લખી હતી. તે એટલા માટે કે, દર મહિને જ્યારે મારી કોઠડી બદલાતી ત્યારે કોઈ પણ ખટપટથી નવા બીજા ભાગમાંથી આવનારા રાજબંદીમાંથી જેને

અર્થશાસ્ત્રનું શિક્ષણ મળતું હોય, તેણે ત્યાં મારી છોડેલી કોઠડીમાં પ્રવેશવાનું, અને મહિનાભરમાં એ પાઠ ભણી લેવાનો. જ્યારે મારી જુદા જુદા ભાગમાં બદલી કરવામાં આવવા માંડી ત્યારે તો દરેક ભાગમાં મારી કોતરેલી નોટસ કોઠડીમાં રહેતી, અને તે એ કોઠડીમાં આવનારા રાજબંદી વાચી નાખતા.

રાજબંદીવાનોનું શિક્ષણ વધારવા આ રીતે સાપ્તાહિક સભા, વખતોવખત તક મળતાં જ મોઢે માહિતી કહેવી અને ભીંત પરની નોંધ, વ્યાખ્યા, ઉતારા લખી રાખવા, એવાં ત્રણ મુખ્ય સાધનો ઉપયોગી ઠર્યા. આ ભીંતોના ગ્રંથના મુદ્દે અડતણ એટલી જ પડતી કે એ ભીંતપત્રોનું આયુષ્ય એક વરસનું જ રહેતુ. બેબિલોનમાંના ઈષ્ટિકા ગ્રંથની જેમ સદીઓનું નહીં. કારણ દર વરસે એકવાર ચૂનો લગાડવાનું કામ શરૂ થયું કે, એ અમારા બધા મૂલ્યવાન ગ્રંથો પર સફેદો ફરી વળતો. તેના લીધે ચૂના કામ શરૂ થવાથી પહેલાંના મહિનો એટલે મારા વેદઘોષનો મહિનો! રચેલી અને ભીંતો પર કોતરેલી કવિતાઓ ગુપ્ત રીતે અને સુક્ષ્મ દ્રષ્ટિએ વાચતા મોઢે કરી નાખવી પડતી. પણ જો ભીંતપત્રોનું આયુષ્ય એક વરસનું જ હોય તો સફેદો ફરી વળ્યા પછી એક ઊંધો લાભ પણ થતો. જૂના કાગળ નાસી જતા, પણ ભીંતો જૂનો લાગતા ફરી શ્વેત થયાથી નવા કોરા, કરકરતા કાગળ જન્મ લેતા. ક્યારેક ક્યારેક આ પ્રકરણ જાહેરમાં પણ આવતું, પણ સાવ જરા. કારણ એ ભીંતો પર બારીક કોતરેલું વાંચવું એ એક વિશિષ્ટ કળા હતી. તેમાં મરાઠી ભાષા અથવા અર્થશાસ્ત્રીય વગેરે ગૂઢ વિષયોની નોંધ! એ બારીસાહેબને વાચતા આવડે અને તેનો તેને અર્થ સમજાય! તેમની લાયકાત આવી ક્ષુદ્ર વાતો સમજવા કરતા ખૂબ વધારે હતી! તે એટલી કે જ્યારે ક્યારેક ભીંત ખોંતરવાનો સંશય કોઈના પર આવતો ત્યારે તે ખોતરેલું શું છે એ સમજવું અશક્ય થઈને બારીસાહેબ પ્રામાણિકતાથી આરોપ મૂકતાં કે, ''સરકારી વસ્તુ જાણીજોઈને માત્ર ખરાબ કરવી એટલે ભીંતોનો ચૂનો કોતરીને તેને કદરૂપી કરવી.'' એકવાર અમારા મોટા ભાઈને માત્ર Iee³eHeelee®ee keÀeìe કાટો પોતાની પાસે રાખવા માટે સજા થઈ હતી. પણ વિવેકાનંદના પુસ્તકમાંની વેદાંત વિષયક શંકા અને આક્ષેપ પેલા Iee³eHeelee®ee કાટાથી જ તેમણે લખી હતી. એટલે જ કોતરીને રાખેલું આવું કાંઈક બારીસાહેબે ભાગ્યે જ ઓળખ્યું હતું. આમ આ પુસ્તક અમારા બંધુનું જ હતું, પણ પોતાના પુસ્તક વિશેય વાચતાં વાચતાં સૂઝેલી શંકા અને તેના ઉત્તર કાંટાથી કોતરીને રાખવાં- પેન્સિલ મળવી અશક્ય એટલે એ પણ કારાગૃહીય શિક્ષા થવા જેવો Cognisable Crime જ હતો એ દેખીતું છે! બારીસાહેબના જોશમાં નહીં તોય શાંત અને સભ્ય પદ્ધતિએ કહેવું એટલે, ''યે જેલ હૈ, સ્કૂલ નહીં હૈ । ઈતના તુમ પઢને કા શૌકીન હોત તો બાપ કે ઘરમેં ક્યોં નહીં સીખા? ઈધર આયા ક્યોં? લડો મત, પઢો મત, કામ કરો બસ કામ! ઔર હમ કુછ નહીં જાનતા!''

અમથું ભણીને શું થશે?

આ બાહ્ય અડચણો ઉપરાંત રાજબંદીના જ્ઞાનવર્ધનમાં હજી એક અડચણ એટલે તેમાંના અમુકની ઉદાસીનતા હતી. રાજબંદીમાંના મોટાભાગના લોકો રાજ્ય ક્રાંતિકારી હતી. ત્યારે સહજપણે જ અમથા જ્ઞાન કરતા માત્ર કર્મ તરફ તેમનો ઝુકાવ રહેતો. વાચીને, શીખીને શું કરવાનું, કામ કરવાં જોઈએ, ત્યાગ કરવો જોઈએ, એવું તેમનું સહજ કહેવાનું થતું. તેમને એવું સમજાવવું પડતું કે, તમારામાં જે મોટાભાગના લોકો પાંચ-સાત વરસ જ ભણ્યા છે તે દેવની દયાની છૂટી જશે ત્યારે તેમના કાર્યક્ષેત્રમાં યથાયોગ્ય તે કર્મ કરવાના છે. અમથાં પુસ્તકો ત્યારે જોઈએ તો નહીં વાચતા. પણ અહીં જ્યાં સુધી વાચવાથી વધારે કાર્યક્ષમ એવું દેખીતું કામ કરી શકાય નહીં ત્યાં સુધી તોય સમય જ્ઞાન મેળવવામાં ખર્ચવો તમારા ધ્યેયની દ્રષ્ટિએ પણ અત્યંત આવશ્યક છે. મેળવવું જેટલું અઘરું તેટલું જ અઘરું સંભાળવું પણ છે, અને એ નિપુણતા-તજજ્ઞતા વિના શક્ય નથી. રાજનૈતિક, ઐતિહાસિક, અર્થશાસ્ત્રીય અને શાસનશાસ્ત્રીય જ્ઞાન વિના વિઘાતક કાર્ય પણ યથાયોગ્ય પ્રમાણમાં કરી શકાશે નહીં. વિધાયક તો બનાવતા જ આવડશે નહીં. ઈરાનનું ઉદાહરણ જુઓ. રાજ્યક્રાંતિ થઈઆ. પણ રાજ્ય સ્થાપન અને સંગોપન કરવાને અવશ્ય એવી

તજજ્ઞતા (નિપુણતા)ના હોવાથી અમેરિકાથી આવકજાવક શાસ્ત્રીઓને લાવવા પડ્યા અને અત્યંત મહત્ત્વની એવી રાજકીય વ્યવસ્થામાં બીજાના ખોબે પાણી પીતાં પીતાં જ્યાં ત્યાં ગોટાળા જ ગોટાળા થયા, માત્ર વિનાશની આંધળી પ્રવૃત્તિ પોતાના જ પગ પર કેમ કુહાડી મારે છે ફ્રાન્સની રાજ્યક્રાંતિથી તો સૌએ શીખીને, શક્ય તે વિઘાતક શક્તિને રોકળ જોઈએ. ચીનમાં પણ પ્રજાસત્તાક (રિપબ્લીક) સ્થાપિત થતા જ પહેલી અડચણ શાસનશાસ્ત્રીય તજજ્ઞોની પડી. એ પરદેશથી લાવવા પડ્યા. એટલે જ કેવળ ચીનના હિત તરફ ધ્યાન આપવું અને પોતાના સ્વજાતિજનોની તેના લીધે હાનિ કરવી તેમના હાથે થવું શક્ય ના હોવાથી રાજ વ્યવસ્થામાં ગોટાળા થયા. એટલે શાસનશાસ્ત્રીય જ્ઞાનને તુચ્છ ના લેખો. આ કામમાં જેમને મવાળ કહ્યા છે તેમના કિત્તા તમારે ઉડાડી દેવા જોઈએ. મવાળોમાં જેમ અર્થશાસ્ત્રીઓ, રાજ-વ્યવહાર કુશળ, શાસન શાસ્ત્રજ્ઞ છે, તેમ તમારામાં એકાદ તો ગોખલે કે દત્ત કે સર માધવરાવ છે કે? ત્યારે કમસે કમ જ્યાં સુધી પ્રત્યક્ષ કાર્ય એક પણ ના કરી શકવાની આ નિઃસહાય સ્થિતિમાં તમે છો, ત્યાં સુધી અથવા માખી મારતા અથવા ચિંતા કરતા સમય વેડફવા કરતાં આપણામાંના દરેક શક્ય તેટલું જ્ઞાન વધારવું, ખાસ તો, આપણે માથે લીધેલા કાર્ય માટે એકદમ આવશ્યક એવા, રાજકીય ઈતિહાસશાસ્ત્ર, રાજકીય શાસનશાસ્ત્ર અને રાજકીય અર્થશાસ્ત્ર, આ ત્રણ શાસ્ત્રોનું ગમેતેટલું તોય અધ્યયન દરેકે કરવું જ જોઈએ. અમથું જ્ઞાન લંગડું તો અમર્થ કર્મ આંધળાં. ધર્મકારણની જેમ જ રાજકારણમાં પણ જ્ઞાનયુક્ત કર્મ જ સમાજને હિતકારી થાય છે. તમે અત્યારે એક સેવાત્યાગની, યાતના સહન કરવાની નિષ્ક્રિય સેવા કરી જ રહ્યા છો. તેની સાથે દરેક જણ પોતપોતાની સામે એવું તાત્કાલિક લક્ષ્ય રાખો કે તે એકલી સેવા કરતાં કરતાં જ અંગિકૃત કાર્ય માટે જરૂરી એવી વિદ્વતા પણ શક્ય તેટલી મેળવશું અને આ રીતે કેવળ વીર દ્રષ્ટિએ કાર્ય કરવાની જે એકલીા યોગ્યતા પહેલાં મળી હતી તેને હવે જ્ઞાનદ્રષ્ટિનો સાથ આપીને બમણી યોગ્યતા પામશું.



પ્રકરણ તેરમું

હિંદુસ્તાન સાથે પત્રવ્યવહાર અને સમાચાર મગાવવાનાં સાધનો

હિંદુસ્તાનની તુરંગમાં ના રાખતા રાજકીય બંદીવાનોને કાલાપાનીએ મોકલાવવાથી તેમણે જે સૌથી વિશેષ પીડા ભોગવવી પડી તે એ કે, તેમના હિંદુસ્તાન સાથેના તમામ સંબંધ તુંટી જતા. હિંદુસ્તાનની તુરંગમાં દર ત્રણ-ચાર મહિનેય તોય પોતાના સગાંઓને મળી શકાતું. પત્રો મળતા અને કોઈ ખાસ ત્રાસ પડતો હોય તો મોટેભાગે સાથેના જૂના બંધી જેઓ બંદીગૃહમાંથી છૂટતા તેમના હસ્તક એ ત્રાસના સમાચાર પ્રસિદ્ધ કરી શકાતા. વળી વારંવાર કારાગૃહીય મંડળ તરીકે અમુક બહારના લોકો બંદીવાનોની સ્થિતિ કેવી છે તે જોવા આવતા રહેતા જ. આ બધી વાતોનો હિંદુસ્તાનનાં કારાગૃહોમાં ત્યારે થવો જોઈએ તેટલો ઉપયોગ થતો નહીં તો પણ આંદામાન કરતાં હિંદુસ્તાનમાં સાર્વજનિક દ્રષ્ટિનાં કિરણો કારાગૃહના અંધારામાં વધુ તીવ્રતા અને સુલભતાથી પ્રવેશી શકતાં. પરંતુ એમાંથી એકપણ લાભ આંદામાનમાં મળતો નહીં. ત્યાંના પાંચ-દસ યુરોપિયન અધિકારી, સાવ પાંચ, દસ પણ નહોતા, ત્યાંના સર્વેસર્વા-અધિકારી થયા. તેમાંનો જ એક કમિશનર, એક મેજિસ્ટ્રેટ, એક ડોક્ટર, એક સુપરિન્ટેન્ડન્ટ અને તેમના વિભાગોની દેખરેખ માટે બનતી મંડળીના તે જ હરીફરીને સભ્યો. તેમ જ સાંજે ક્રિડામંડળના મિત્ર, સહભોજનમાંના પંગત-કારો, દિવસના પરસ્પર અવલંબતા રાજ્ય વિભાગાધિકારી અને રાતે ગાયન-નૃત્યમાંના સાથી. તેના લીધે સાહજિક જ તેમાંના કોઈની વિરુદ્ધ કોઈ ફરિયાદ બીજા પાસેથી સાંભળવા મળવાની આશા નહીંવત રહેતી.

બંદીવાનોને વરસે એકવાર કાગળ લખવાની પરવાનગી હતી. તે પણ, ''નાનો લખ! નાનો લખ!'' કહીને સખતીની, ધાકધમકીની કાતર વચ્ચે ફસાઈને લખેલો. તેમાં વળી તે ખુલ્લો નાખવામાં આવે. પહેલાં તુરંગમાંનો અધિકારી, પછી વસાહતનો અધિકારી તેને તપાસે અને સારો લાગે તો મોકલાવશે. કારાગૃહ વિશે કે અધિકારીઓ વિશે બળાપો કાઢી શકાશે નહીં, નહીંતર તે કાગળ નિયમ વિરુદ્ધનો ગણીને ફેંકી દેવાશે, એવું સ્પષ્ટપણે સૌને કહેવામાં આવતું. આવી તીક્ષ્ણ કાતરની કાતરમાં નકામો વેંતભરનો બચેલો કાગળ વરસમાં એકવાર જશે! એમાં વળી જો એ આખા વરસમાં એકપણ સજા-કતારમાં ના બેસવું-ઢસડાવું - ખોટા સમયે શૌચાલય જવું, બાજુમાં બેઠેલા બંદીવાન સાથે બોલવું આવા કહેવાતા અપરાધ માટે કેમ ના હોય-પણ એકાદ કારાગૃહીય સજા થઈ હોય તો પેલો બે વેંતનો કાગળ પણ મોકલવાનો અધિકાર છીનવી લેવામાં આવતો. હવે આખા વરસમાં એવી કડક શિસ્તમાં આવા કહેવાતા અપરાધથી પણ અલિપ્ત રહીને સજા વિના વરસ કાઢવું કેટલું કઠિન તે કાંઈ કહેવાની જરૂર ખરી! આવી સ્થિતિમાં પત્રમાં પોતાના ત્રાસની માહિતી હિંદુસ્તાન પહોંચાડવાની આશા તો દૂર, પણ વર્ષાન્તે પોતાના ઘરના પ્રિયજનોને માત્ર ખુશાલીની વાતો જણાવવાની કે હજી અમે જીવીએ છીએ એટલું તેમને જણાવવાની પણ ખેંચ પડતી. રાજકીય બંદીવાન આવવાની પહેલાં તો આ નિયમ અત્યંત કડક રીતે પાળવામાં આવે. રાજકીય બંદીવાનોના અથાક પ્રયત્નોને લીધે પ્રથમ તેમના પૂરતા અને પછી ધીમેધીમે અન્ય બંદીવાનો પૂરતા પણ આ નિયમ ખાસ્સા ઢીલા કરવામાં આવ્યા. તેમ છતાં રાજકીય બંદીવાનો કેટલીયેવાર બે-બે વરસ ઘરે કાગળ મોકલાવી શક્યા નહીં - ઘરનોય કાગળ મળ્યો નહીં.

મોઢું દાબીને

અચ્છા, હિંદુસ્તાનમાં સરકાર તરફથી જે કાગળ જતા તેમાં બંદીવાનો પોતાની સ્થિતિની વાત જણાવી શકતા નહીં તેવું નથી, પણ હિંદુસ્તાનની તુરંગોનું ઉપર કરેલું વર્ણન અન્ય રીતે તોય પોતાની વાત પ્રસિદ્ધ

કરી શકતા હતા કે? તો એ પણ નહીં. પહેલાં તો કારાગૃહમાં અમલોચક મંડળ એ તરફ આવતું જ નહીં. ક્યારેક ક્યારેક મેજિસ્ટ્રેટ આવીને જતા, પણ તે બારીસાહેબની વિરુદ્ધ ખાસ જતા નહીં. વસાહતના કમિશનરના હાથે જ બધી અરજી હિંદુસ્તાન સરકારને જતી. એ ફરિયાદીઓની અરજી સાફ ઉકેલાતી નથી કહીને ફેંકી દે, પછી બીજાને કોણ પૂછતું? હિંદુસ્તાનથી સમાલોચક એવું કોઈ પણ નિયમિતપણે આવવાની ધાક નહીં. ક્યારેક કોઈ એકાદ દંગા-બંગાની બૂમાબૂમ થઈ તો જ ઉપરથી કોઈક આવે. પણ તેથી તેવી બૂમાબૂમ થઈ તોય ઉપર સુધી વાત ના પહોંચવા દેવાનો સાહજિક મરણિયો પ્રયત્ન થતો. આવી સ્થિતિમાં એ અધિકારી પંચની બહાર આંદામાનની વાત પંચની બહાર આંદામાનની વાત ફૂટવી અઘરી થઈ ગઈ હતી. એ અધિકારીઓ પોતપોતાની ન્યાય-અન્યાયની કલ્પના મુજબ, અરજીઓનો, ફરિયાદોનો અને પ્રતિવાદોનો નિકાલ કરતા. પરંતુ જો ક્યારેક તેમના એ નિકાલમાં કોઈને અન્યાય દેખાયો તો તેમની ઉપર સુધી કાગળ પહોંચાડવા અથવા જાહેરમાં તે ધ્યાનમાં લાવવું. એ આંદામાનમાં હિંદુસ્તાનના કારાગૃહ કરતાં અત્યંત અઘરું થઈ ગયું હતું.

હવે જાતે છૂટનારા બંદીવાનના હસ્તક બહાર સમાચાર મોકલવાનું જે સાધન હિંદુસ્તાનના કારાગૃહમાં હતું તેનું તો આંદામાનમાં નામ જ નહીં! જે આવશે તે વીસ વરસ માટે કે પચ્ચીસ વરસ માટે! એટલે ઓછામાં ઓછું એટલે દસ વરસ તો ક્યાંય ગયાં જ નથી! તેમાં પણ આંદામાનની વસાહતમાં રહીને, જીવીને, પછી છૂટવાનું? સાવ પોકળ, સાવ ક્યારેક! પણ તો હિંદુસ્તાનના કાને ફરિયાદ પહોંચાડવી કેમ? આવી પરિસ્થિતિમાં પોતપોતાને થઈ રહેલી પીડા પોતાના દેશબાંધવોના કાને કેમ પહોંચાડવી એ પ્રશ્ન રાજકીય બંદીવાનો સામે આવીને ઊભો. ત્યાંના અધિકારીઓના હાથમાંથી જીવતેજીવત છૂટવું એ એક જ ઉપાય હતો અને તે એટલે જે અસહ્ય સ્થિતિમાં રહેવું પડતું હતું તેની કાંઈક તો ગુસપુસ હિંદુસ્તાન સરકારના કાન સુધી પહોંચાડવી. કારણ ત્યાંના અધિકારી સ્પષ્ટ કહેતા કે, અમે આ જે કડકાઈ તમારી સાથે દાખવીએ છીએ એ અમારો દોષ નથી. અમને ઉપરથી જ હિંદુસ્તાન સરકારનો તેવો કડક આદેશ છે. એ સાચું કે ખોટું જોવા માટે હિંદુસ્તાન સમાચાર પહોંચાડવા એ ફરજ હતી. રાજકીય બંદીવાન આંદામાનમાં જાય એ આંદામાન મુદ્દે હિંદુસ્તાનમાં એકાદ હોનુલૂલુની આજે જે માહિતી છે તેટલી જ અને તેવી જ હતી. કાલાપાની એ તો! રાજબંદીને તડીપાર કરવામાં આવ્યા તે પછી આંદામાનની થોડી નામપૂરતી ઓળખ થઈ. પણ સાધારણ જનતાને તો શું પણ મોટેભાગે બધા પત્રકારોને પણ આંદામાન વિશેની કોઈ સ્પષ્ટ કલ્પના નહોતી. તેવી જ સ્થિતિ સરકારની. વરસોવરસ માત્ર વાર્ષિક, 'સબ ઠીક હૈ'ની આગળ કોઈ ત્રાસદાયક પૂછપરછ હિંદુસ્તાનના અધિકારીઓએ આંદામાન વિશે કરવી પડતી નહીં. અને રાજબંદી પણ એકવાર પેલા કાલાપાનીએ લઈ જઈને છોડી દીધા કે પછી તેમની કટકટની વાતો સાંભળવી નહીં એવી ઘણાને આશા પણ હશે.

પણ એ બધી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ રાજબંદીઓની એ કટકટ હિંદુસ્તાનના કોને પહોંચાડવાની યોજના બનાવી. છૂટવાનું, કાંઈ નહીં તો જીવવાનું, તો તેમાં તેવું કર્યા વિના ચાલવાનું જ નહોતું. આ બધું ખરું હોય તો પણ બિલાડીના ગળે ઘંટ કોણે બાંધવો? રાજબંદીવાનમાં એક શ્રી હોતીલાલ નામના ગૃહસ્થ સંયુક્ત પ્રાંતના ન્યાયાલયમાં રાજદ્રોહના અપરાધ માટે દસ વરસની સજા પામીને આવ્યા હતા. તેમણે તેમના એક મિત્રની સંમતિથી હું તેવો તખતો બનાવું છું તેમ કહ્યું. એ સમય સુધી રાજબંદીવાનોનાં જે સંપ અને ઝઘડા થયા હતા તેના લીધે સાધારણ બંદીવાનોમાંના અમુક સમજદાર લોકો પર થોડું સાત્ત્વિક પરિણામ થયું હતું. તેમનેય આવી થોડી એક આંધળી, ભલે તે મોટેભાગે મૂર્ખ જેવી હતી તોય, આશા લાગવા માંડી હતી કે, કોણ જાણે આ પ્રોફેસર, બેરિસ્ટર, એડિટર જેવા લોકો ક્યાંક ચળવળ કરીને અધિકારીઓને નમાવી પણ નાખે. અને આપણે જો આજે તેમને આવી પરિસ્થિતિમાં મદદ કરી તો પેલા જોશના કાળમાં તે આપણને છોડાવી પણ શકશે! આવા થોડા બંદીવાનો પાસેથી એક કાગળ મેળવીને હોતીબાબુએ એક પત્ર તો લખી પણ નાખ્યો.

હોતીલાલનો પત્ર

હોતીલાલે ઘાણીમાંના સંપમાં બારીસાહેબથી સુપરિન્ટેન્ડન્ટ સુધી બધાને સડો કે ભાગો કરી નાખ્યા હતા. એ ઉત્તર ભારતીય શુદ્ધ હિંદી બોલતા, પણ અંગ્રેજીમાં ખાસ્સા પ્રવીણ હતા. રશિયા, ચીન, જાપાન વગેરે બધા દેશ જોઈને તેમણે જગતમાં અનેક આનંદ માણ્યા હતા. તેમને સાવ 'અસુધારણીય' (ના સુધરે તેવા) કહીને એક કોઠડીમાં કડક પહેરામાં બંધ કરાયા હતા. એ ઓરડીમાં અને એ પહેરામાં તેમણે લીટેલીટી લખતાં લખતાં પેલો ત્રણ સ્તંભનો પત્ર લખી નાખ્યો. તેમના એક-બે વિશ્વાસુ મિત્રો સિવાય અન્ય રાજબંદીવાનોને તેનો અક્ષર પણ ખબર નહોતો. એક દિવસ સવારે કારાગૃહમાંના રાજબંદીવાનોના ત્રાસની અને બારીસાહેબ વગેરના વર્તુણુકની વિશ્વસનીય માહિતી આપતો એ પત્ર હોતીબાબુએ પોતાની સહી જ નહીં તો એ કડક પહેરામાંની પોતાની કોઠડીનો ક્રમાંક પણ નીચે લખીને એકના હસ્તક બહાર કામે જતા બંદીવાનના હાથમાં ધમાલ વચ્ચે બહાર મોકલાવ્યો. પણ કારાગૃહની બહાર એટલે હિંદુસ્તાનના કારાગૃહની એકદમ બહાર નહીં. આંદામાન એટલે એ કે હજી પ્રચંડ કારાગૃહ તેણે ઓળંગવાનું હતું. ત્યાં પણ એક... એવા સરકારી વિશ્વસનીય પ્રવાસીના પાકીટમાં લપાતા-છુપાતા એ પત્ર કલકત્તા પહોંચ્યો અને સુરેન્દ્રનાથ સુધી પહોંચ્યો. એ નિર્ભય સંપાદકે તેવા દિવસોમાં, કે જ્યારે ક્રાંતિકારીઓનું નામ લેતા મોટા-મોટા રથી મહારથી પથ્થર કાંપતા, ત્યારે તે પત્ર પોતના 'બંગાળી' નામના અખબારમાં પ્રસિદ્ધ કર્યો. એટલું જ નહીં તો તેના પર પોતાની સંપાદકીય નોંધ પણ લખી. એ પત્ર બંગાળીમાં પ્રસિદ્ધ થતાં જ અન્ય વર્તમાન પત્રકારો પણ બંગાળીની આડશ લઈને થોડો થોડો લખી શક્યા. છેવટે કાઉન્સિલમાં પણ તેના મુદ્દે પ્રશ્નોત્તરી-રૂપે ચર્ચા થઈ.

આંદામાનથી બહાર હિંદુસ્તાનમાં પત્ર મોકલવો જેટલો અઘરો, તેટલું જ અઘરું બહારના અને તેમાંય રાજકીય પ્રકરણોના સમાચાર હિંદુસ્તાનથી આંદામાનમાં લાવવા અને તે અમને જણાવવા વિકટ! ત્યારે આટલી અટપટી રીતે મોકલાવેલો પત્ર હિંદુસ્તાન પહોંચ્યો, કે જેણે લઈ જાઉં છું કહીને દરિયામાં ફેંક્યો, કે તેનાથી પણ આગળ જઈને સરકારના હાથમાં જ આપી દીધો! આવી ચિંતામાં જે બે-ત્રણ રાજબંદીઓને પત્ર મોકલાવ્યાની ગુપ્ત માહિતી ખબર હતી તે બધા ચૂર હોઈને હિંદુસ્તાનના સમાચાર એમને સાવ જાતે આવીને પહોંચાડવાનું આ ટપાલખાતાનું કામ બારીસાહેબ જાતે કરવા માંડ્યા!

બારીસાહેબનો ભડકો

કારણ કે, એક દિવસ સવારે કોઈ એક ગડબડ ના હોતા બારીસાહેબ કારાગૃહમાં અંગારા જેવા લાલધૂમ થઈને બરાડતા આવ્યા! દરેક પેટા ઓફિસરને દસ-પાંચ, દરેક વોર્ડરને પાંચ-પચાસી અને દેખાય તે બંધીને અગણિત ગાળો દેતા અને પોતાની કાળી લઠ લાકડીનો સપાટો બોલાવતા બધા ભાગમાં ફરવા માંડ્યા. થયું છે શું પણ? બંદીવાનોને કાંઈ સમજાય નહીં. બારીસાહેબ ખાલી બરાડે, ''સાલો લોગ! સાલા લોગ! હમ બતાયેંગે! તુમ ક્યા બંધોબસ્ત રખતા હૈ! હમ સબકો મિટ્ટી મેં મિલાયેંગે!'' પણ થયું શું એ પણ બોલે જ નહીં. કાલાપાનીમાં ગોમી જાતિનું એક ખૂબ ઝેરીલું પ્રાણી હોય છે, તેને કાનખજૂરા કહે છે. ત્યારે બારીનો તો આક્રંદ-તાંડવ જોઈને ભયભીત થયેલા બંદીવાન આપસમાં રમૂજમાં કહેવા માંડ્યા, 'ક્યા હુઆ ઈસકો? કાનખજૂરેને તો નહીં કાટા?'

બારીબાબા હોતીલાલ હતા એ ભાગની ચાલીમાં ગયા અને વિનાકારણ હડસેલીને ખડે રહો. જલ્દી ક્યોં નહીં રહતા? તુમ બડા ઝૂઠ બોલને વાલા હૈ'' વગેરે કકળાટ તેણે શરૂ કર્યો. ત્યારે બાકીનાઓને બારીનું હોતીલાલ પર ભડકવું ભલે વિનાકારણ લાગ્યું તોય હોતીબાબુ કળી ગયા કે બહુધા કારણ આ છે, અને પેલા બારીને સંતાપ કરનારું કારણ બીજું-ત્રીજું ના હોઈને મોટેભાગે તો આપણે મોકલાવેલો પત્ર પ્રસિદ્ધ થયો હશે એ જ હોવું જોઈએ. હોતીલાલને એલફેલ બોલીને બારીએ બધા ટંડેલ વગેરે બંદીવાન અધિકારીઓને સખત આદેશ આપ્યો કે કોઈ પણ રાજબંદી એકમેકથી દસ ડગલેય ઊભો રહ્યો દેખાય તો

તમને, 'તોડી નાખીશ' એટલે કામ પરથી કાઢી મૂકીશ. રાજબંદીઓને જમવા માટે દૂર દૂર બેસાડો અને કોઈ પણ જણ તેની આસપાસ ફરક્યો તો સાવધાન! આવી સખત આજ્ઞા કરતાં બારીસાહેબ ચાલ્યા ગયા. જેમને પત્રનું રહસ્ય ખબર હતું તેમને પાકી જાણ થઈ કે, પત્ર પ્રસિદ્ધ થયો જ હોવો જોઈએ. એક-બે દિવસમાં જ સમાચાર ફૂટ્યા કે બારીસાહેબ હાથમાં રાખેલા એક-બે 'સંભાવિત' રાજબંદીઓ સાથે પત્ર પ્રસિદ્ધ થયાનું બોલ્યો અને એ પત્ર કોઈ લઈ ગયું વગેરે પૂછપરછ પણ કરી. એ વાતદારોએ હજી એક વાત આપી કે એ પત્ર મોકલવા જેવી બીજી મૂર્ખામી કોઈએ પણ કરી નહીં હોય ? કારણ એ પત્ર પ્રસિદ્ધ કર્યાથી 'બંગાળી' અખબાર પણ ખટલો ચાલીને એનું છાપખાનું પણ જપ્ત થયું! ''આનું બે-ત્રણ લાખનું નુકસાન આ હોતીલાલની મૂર્ખામીને લીધે થયું! અને આવો પત્ર મોકલાવ્યાથી આંદામાનના અધિકારી પોતાનો દાવ હવે વધારે કડક રીતે રમવાનો છે! ખોટાં વિધાન કરવાને લીધે હોતીલાલની સજા વધવાની છે. હોતીલાલે આ કેટલું નિંદનીય કૃત્ય કર્યું! આવી રીતે પોતાના કાર્યાલયમાં બારી તેમની સાથે જે જે રાજબંદીવાન સાથે થથરાવવા માટે બોલે તે તે બારીના ભાષણનો પડઘો આ સંભાવિત રાજબંદી પોતાની વાતોમાં પાડતા. તોય સારું કે એ પત્રમાં છાની બધી વાતો સાથે જ તેમનાય છળની વાર્તા પ્રસિદ્ધ કરાઈ હતી, અને આગળ આવો પત્ર નાખવાની 'મૂર્ખામી' તક મળતાં જ પોતાને પણ કરવામાં તેમણે આગળ-પાછળ જોયું નહીં. પણ હોતીલાલની નિંદા કરીને બારીનું મન પોતાની તરફ અનુકૂળ થતું હોય તો અહીં એ લાભ પણ લેવો, અને ત્યાં પત્ર પ્રસિદ્ધ થયાથી બંગાળમાં ચળવળ થઈને જો રાજબંદીવાનોનું અને તેમની સાથે પોતાનુંય કષ્ટ થોડું ઓછું થયું તો એ સવલત પણ ઝોળીમાં પાડી દેવી, એવા માર્ગનો આધાર સંભાવિત મંડળી લેતી હોઈને અન્યોએ તો હોતીબાબુને અભિનંદન અને તેમનું સમર્થન જાહેરમાં કરવામાં પાછીપાની કરી નહીં. તેમણે ઉપરના આક્ષેપનો જવાબ આપ્યો કે, અહીંતહીં જેટલાં કષ્ટ દેવાં શક્ય તેટલાં અહીંના અધિકારી દેતા જ હતા. એ બંધ કરાવવાનો પ્રયત્ન કરવો તો પહેલો માર્ગ જાહેર પ્રકાશમાં આ વાત લાવવી એ છે. એ ઉપાય કરવામાં જો થોડો સમય ત્રાસ પડ્યો તોય એકંદરે છેલ્લા લાભનું મૂલ્ય ગણીને તે સહન કરવો જોઈએ. પણ આ પ્રશ્ન માત્ર રાજબંદીવાનોની તે વખતની વ્યક્તિઓનો ના હોઈને રાજબંદીવાન વર્ગનો હતો. કારણ એ પહેલી ટુકડી પછી હિંદુસ્તાનની તત્કાલીન પરિસ્થિતિમાં હિંદુસ્તાની રાજકારણમાં રાજબંદીવાન આ શ્રેણી કાયમની થઈ જશે અને દસવીસ નહીં તો સેંકડો-હજારો રાજબંદીવાન આંદામાન આવશે એવી શક્યતા ખુલ્લેખુલ્લી દેખાતી હતી. આવા સમયમાં પહેલી જ ટુકડીએ જો અપાય તેટલાં કષ્ટ ગરદન તુંટી જાય ત્યાં સુધી સહ્યાં તો બીજાનેય સહેવાં પડશે અથવા તેના સહેવા માટે કરવી પડનારી લડાઈનો બોજ તો તેમણે ઉઠાવવો જ પડશે. તો આપણે જ એ લડાઈનો આરંભ કરીને હવે પછી આવનારા રાજબંદીવાનોનો માર્ગ, શક્ય તેટલો ઓછો કંટકમય કેમ ના કરવો ? રાજબંદીવાન વર્ગની જ પરિસ્થિતિ અને લાયકાત શક્ય તેટલી ઉચ્ચ કક્ષાની કેમ ઠરાવી ના દઈએ ? આની પણ આગળ એક ડગલું ભરીને તો હું એમ કહીશ કે, આપણા કારાગૃહમાંના અસ્તિત્વ થકી જે અનેક કર્તવ્ય આપણા માર્ગમાં આવ્યા છે તેમાંનું એક મહત્ત્વનું કર્તવ્ય એટલે માત્ર રાજબંદીવાન શ્રેણીના જ નહીં તો ભારતીય કારાગૃહોની જ શક્ય તે સુધારણા કરાવવી એ છે. ત્યાં એ દૃષ્ટિએ કારાગૃહોની આંતરિક બાહ્ય સુધારણા કરવા માટે આપણે આવા પત્ર મોકલાવીને, સંપ કરીને, મનમાની કરીને અથવા પ્રતિકાર કરીને ચળવળ કરવી જ જોઈએ. પછી વ્યક્તિગત ત્રાસ વધારે થાય કે ઓછો. શક્ય ત્યાં સુધી ઓછો ત્રાસ થઆય તેનો જ પ્રયત્ન કરવો. સમયે-પ્રસંગે બાજી પલટીને લાભ કરતાં તાત્કાલિક ત્રાસ વધારે થયો તો જ કર્તવ્ય છે એ કર્યું એ સહન કરવાને સક્ષમ રહેવું જોઈએ. રાજબંદીવાનો પર આ વિચારોની અસર થઈને તે પણ જેમણે એ પત્ર મોકલાવ્યો હતો તેમની જ બાજુનું જાહેરમાં સમર્થન કરવા માંડ્યા. મનમાં તો બધા જ સમર્થન કરતા હતા.

બે અઠવાડિયાં એ પત્રની ગડબડ ચાલુ હતી. પહેલા ગુસ્સા પછી બારીસાહેબ પત્ર મોકલનારાના પેટમાં ઘૂસવાનો પ્રયત્ન કરવા માંડ્યા. અમે શું કરીએ ? હિંદુસ્તાન સરકારના આદેશ મુજબ બધું થાય છે! એવું મને કહેતા એકવાર બોલ્યા, આ તમારા મિત્રએ, આ ગાંડો હોતીએ 'બંગાળી' અખબારને મારી નાખ્યું.

આખું છાપખાનું જપ્ત થઈ ગયું છે. મેં કહ્યું, ''આવું શાને થવું જોઈએ એ મને સમજાતું નથી, તેથી મોટેભાગે આ સમાચાર ખોટા હશે એવું મને લાગે છે. પણ સાચા હોય તો પણ અત્યારે રહેતા અને હવે પછી આવનારા રાજબંદીવાનોનાં કષ્ટ ઓછાં કરવા અને કારાગૃહોની સુધારણા કરવા માટે એક જ છાપખાનું શું આવાં દશ છાપખાના જપ્ત થયાં તોય શી ચિંતા? એ કર્તવ્ય જ છે. ખરેખર એ પત્રની તપાસ થવી જોઈએ. એ બધી ફરિયાદો સાચી સાબિત થઈ તો દૂર કરવી જોઈએ, અને ખોટી ઠરે તો હોતીલાલની સહી છે, તેમણે તે પત્ર લખ્યો એટલે તેમને સજા કરવામાં આવે! ત્યાં છાપખાનું જપ્ત કરીને શું થવાનું છે?''

પરંતુ આ છાપખાનું ખરેખર જપ્ત થયું કે શું? એ સમાચાર કેમ મેળવવા? અમે પાછળ કહ્યું જ છે કે હિંદુસ્તાનમાં સમાચાર મોકલવા જેટલા અઘરા, લગભગ તેટલું જ, ત્યાંના સમાચાર મેળવવું પણ અઘરું હતું. રાજબંદીવાનોને પોતાની પાછળ ઘરબારની શી અવસ્થા થઈ હશે અને પોતાના પ્રિયજન શું કરતા હશે એ જાણવાની ઉત્કંઠા તો થતી જ પણ તેનાથીયે વધારે ઉત્કંઠા તેમાંના મોટાભાગનાને એ થતી કે પોતાની પાછળ પોતાના સ્વદેશની અવસ્થા કેવી છે? જે ચળવળ એ થતી કે પોતાની પાછળ પોતાના સ્વેદેશની અવસ્થા કેવી છે? જે ચળવળ તે વખતે આખા હિંદુસ્તાનને ક્ષુબ્ધ કરી મૂકતી એનું જોર કેટલું છે? આપણો પક્ષ પ્રબળ થાય છે કે નહીં? સત્તાના ક્રૂર વાર થતા હોઈને એની ઢાલના આશ્રય હેઠળ વિકસનારા અન્ય પક્ષ કોઈક પણ કાર્ય કરી શકે છે કે નહીં? વગેરે રાષ્ટ્રીય અને વૈશ્વિક સમાચાર આપણને કોઈ જણાવશે કે? એ જાણવાને ઉપાય શો કરવો? જે રાજબંદીવાન મળે તે બીજાને પહેલો સવાલ કરે કે, ''કોઈ સ્વદેશના નવા સવાચાર?'' એકાદ સમાચાર મળે કે કામનો ત્રાસ, અન્નની અરુચિ, પ્રકૃતિનું અસ્વાસ્થ્ય આ બધું ભૂલીને એ રાજબંદીવાનોનું યુવાન મડંળ બે-બે અથવા ત્રણ-ત્રણ મળીને અને સમાચાર દેતા-લેતા આખો દિવસ તેની ચર્ચામાં વ્યસ્ત થઈ જતાં. સ્વદેશની પ્રકૃતિ અને પ્રગતિની ચિંતા તેમનામાંના મોટાભાગનાને ખરેખરે જ રાત-દિવસ અંગત હાલહવાલ કરતાંય વધારે વ્યાકુળ કરતી. પ્રિયકર પોતાની એકાદ પ્રેયસીની વાત જાણવાને જેટલો ઉત્સુક હોય તેનાથી વધુ ઉત્સુકતા રાજબંદી મંડળને જે માતૃભૂમિ માટે તેમણે સર્વસ્વ સમર્પિત કર્યું હતું, તેની વાતોના મુદ્દે વ્યાકુળ કરતું. વર્તમાનપત્રો મળવાં અશક્ય. ઘરેથી આવતા કાગળમાં રાજકારણનો અક્ષર હોય તો એ કાગળ આપવામાં આવે નહીં. ત્યારે બધાના ચહેરે એ ચિંતા કે હિંદુસ્તાનના સમાચાર મેળવવા કઈ રીતે?

પણ આવી પરિસ્થિતિમાં પણ સાધનથી સાધન જોડતા કોઈને કોઈ સમાચાર મેળવવામાં એ રાજબંદીવાનોએ કમી રાખી નહીં. પહેલું સાધન એટલે નવું આવનારું ચલાન. દર મહિને દેશનિકાલની સજા પામેલા સાધારણ બંદીઓની પાંચ-પચાસની એક અથવા બીજી ટુકડી આંદામાન આવતી. તે આવી કે એને કષ્ટમય (સેલ્યુલર) કારાગૃહમાં બંધ કરવામાં આવતી. તેનું મહત્ત્વ પહેલા અઠવાડિયે એટલું વધી જતું કે, જમાદારસહિત બધા તેમનાં મન જીતવા લાગતા. કારણ તેમાં પોતાના ગામનો, ભાષાનો કોઈક બંદીવાન આવ્યો હોય તો એની પાસેથી પોતાના ઈષ્ટમિત્રોના કાંઈક સમાચાર મેળવી શકાશે. ઓળખાણના કે પોતાની ભાષા બોલનારા મનુષ્યને જોતા જ જે એક આત્મીયતાની પ્રીતિ મનમાં જાગે તેનો અનુભવ એક તો દૂર પ્રદેશમાં, સાસરે રહેતી કન્યાને પિયરના ગામનું કોઈક જણ દેખાતા થતો હશે, અથવા સ્વદેશ નિકાલ થઈને જીપાંતરે કે ખંડાંતરે ભટકીને અથવા અટકીને દિવસ કાઢનારા બંદીવાનોને થતો હશે. એ ચલાનમાંના આ સ્વભાષીય પૂર્વ-પરિચિતોને અમારા મલકના! અમારા દેશના એવી પદવી મળતી. આંદામાનમાં આ પદવી બધી પદવી કરતાં મનને ગળી લાગે. આ 'મલક'પણાની વ્યાખ્યા પણ આવશ્યકતાથી પુષ્કળ વિસ્તૃત થઈ હતી. પોતાના ગામનો તે આપણા લોકોએ સ્વદેશીપણાની અકડની કક્ષાબહાર જઈને પોતાના પ્રાંતના અને ખાસ તો પોતાના ભાષા બોલનારા પોતાના સ્વદેશી, પોતાના મલકના તરીકે સ્વાભાવિકપણે ગણાવા માંડ્યા. હિંદુસ્તાનને ભૌગોલિક વિભાગ કરતાં ભાષા વિભાગ જ કેવો અત્યારની સ્થિતિમાં સ્વાભાવિક છે એ આંદામાનમાં આમ એકાદ અશિક્ષિત મહારને પણ મરાઠી કે બંગાળી બોલતો જોઈને ત્યાંના બ્રાહ્મણ પણ, આ અમારો સ્વદેશી, અમારા મલકનો કહીને પ્રેમથી તેની

સાથે બોલે અને તેને મદદ કરે ત્યારે કોઈનાય ધ્યાનમાં એ વાત આવે. પ્રત્યેક ચલાન આવ્યા પછી એ નવોદિત બંદીવાનો પાસેથી પોતપોતાના ઘરના અને ઓળખીતા-પાળખીતાના સમાચારોની પૂછપરછ બીજા બંદીવાન કરતા હોઈને રાજકીય બંદીવાનોનો પહેલો પ્રયત્ન અને પ્રશ્ન એટલે નવી જાહેર વાત શી છે એ જાણવાનો પ્રયત્ન કરવો.

ચલાનમાંના લોકો અત્યંત અશિક્ષિત અને રાજકારણનું નામ પણ ખબર ના હોય તેવા હોઈને તેમની પાસેથી સહસા સ્વદેશની જાહેર વાત મળતી નહીં. માત્ર એકાદ મોટો રાજકીય ખટલો, પેલા પકડાયા, અને તેમનો કોર્ટમાં ચાલતો હોય તો એ અથવા, હિંદુસ્તાનના જે બંદીગૃહમાં હોય તેનો રાજકીય બંદીવાન હોય તો, તેની અથવા તેણે મોકલાવેલા સમાચારની ત્રૂટક માહિતી, આ બે વાત ચલાનવાળા તુંટીફૂટી ભાષામાં અને અસ્પષ્ટપણે કહેતા, તેમાં સદનસીબે એકાદ સુશિક્ષિત બંદીવાન ક્યારેક ક્યારેક મળી જતો. પછી તો તેના મહત્ત્વની અને ત્રાસની હદ ના રહેતી. કારણ જ્યાં જ્યાં એ જાય ત્યાં ત્યાં રાજબંદીવાન ગૂપચૂપપણે કે એકમેકને પૂછતા, સમાચાર! સમાચાર! કરતા પૂછીને તેને ત્રસ્ત કરી મૂકતા. તેને અછો અછો વાનાં શું કરવો? તેના કામ પણ રાજબંદીવાનોએ પોતાના હાથમાં લઈને, છોતરાં કૂટીને ગૂપચૂપ કરવા કે, તેના લીધે પ્રસન્ન થઈને એ સમાચાર કહેવામાં ત્રાસ અનુભવશે નહીં? પરંતુ સુશિક્ષિત હોય તો પણ આવા સાધારણ બંદીવાનોને રાજકારણની માહિતી હશે તોય શી? શું ભાઈ, સ્વદેશની અમારી ચળવળ કેવીક ચાલે છે? બંદીવાનોના આ ઉત્સુક પ્રશ્નનનો મોટેભાગે, ''કાંઈ નહીં, જ્યાં ત્યાં બધું સૂમસામ!'' એ જ ઠરાવેલો જવાબ મોટેભાગે મળતો. અને તેના લીધે પેલા ઉત્કટ દેશભક્તોના ભાવનામય મનમાં ખિન્નતા આવતી. એ સાધારણ બંદીવાનને જો કોઈ સમાચાર પોતે કહેતા આવડે તો એ એકાદ મોટા રાજકીય આગેવાનને પકડ્યાની, કે ''બાદશાહ આતા હૈ'', ''દિલ્હી મેં બડા ઉત્સવ હુઆ'' અથવા ''એક બડા સાહેબ મારા ગયા'' એવા બે-ચાર પ્રકારની ઉત્ક્ષોભક ઘટનાના જ. કારણ એ ઘટનાના સમાચાર દાવાનળની જેમ જાતે સળગતા અને બજારે બજારે પ્રસરતા. બાકી રાષ્ટ્રીય સભા કે કાઉન્સિલ, કે સ્વદેશી પ્રચાર કે અન્ય વાતોના મામલે બધું શૂન્ય. તેમને એ સમજાતું નહીં. અર્થાત્ આ સ્થિતિ પહેલાંના ચાર-પાંચ વરસની છે. પછી ક્યા ફરક પડતા ગયા તે પાછળથી ગ્રંથસ્થ થશે જ.

સમાચાર મેળવવાના આ ચલાનના સાધનાના મુદ્દે એક-બે યુક્તિ ઉદાહરણાર્થે કહેવા જેવી છે. ચલાનમાંના અમુક લોકોને આંદામાનથી જતા હિંદુસ્તાનના રાજબંદીવાન મળતા. એ આંદામાનમાંના પોતાના અમુક 'ખટલાવાળાને' એટલે કે તેના ખટલામાં જ સજા પામીને આંદામાન ગયેલા તેના સાથીદારોને ક્યારેક એકાદ મહત્ત્વના સમાચાર મોકલે તો, અથવા પરિચિત ના હોઈને પણ આંદામાનમાં જે નવાજેલા રાજબંદીવાન હતા, તેમની કેવળ ભક્તિથી પ્રેરાઈને તેમને પ્રમાણપત્ર મોકલાવવા બીજું કોઈ આસાન સાધન ના હોવાથી બંદીવાનો પાસેના એકાદ અત્યંત સાધારણ પુસ્તકોને બંધાવીને તેની અંદર પત્ર સંતાડીને મોકલતા.

બિલ્લા પાછળ પત્ર

ક્યારેક ક્યારેક પુસ્તકોની આ યુક્તિ અધિકારીઓના જાણમાં હોવાથી જે લાકડાના કે લોખંડી બિલ્લો દરેક બંદીવાનના ગળામાં ભરાયેલો રહેતો તેની પાછળ અક્ષર લખીને પત્ર મોકલાવવામાં આવતા. મને એકવાર પંજાબના એક મહાન પુરુષના યુવાન દીકરાએ ક્રાંતિકારી ષડયંત્ર વિશે પાંચ-સાત વરસની સજા ભોગવતા પંજાબની જેલમાંથી આ રીતે બિલ્લા પાછળ પત્ર લખીને મોકલાવ્યો હતો. જે બંદીવાનના ગળામાં એ બિલ્લો હતો તેની પંજાબથી નીકળીને આંદામાનમાં મને મળ્યો ત્યાં સુધી પચાસ વખત કસીને, કપડાં કાઢીને ઝડતી થઈ હશે, પણ તેના ગળામાં લટકતા બિલ્લા પાછળ પત્ર લખેલો હશે એવી કોઈને શંકા પણ ગઈ નહીં.

એ બંદીવાને એ પત્ર ઘસાઈ ઘસાઈને ભુંસાઈ જાય નહીં તે માટે બિલ્લો હળવેકથી સાચવતાં સાચવતાં આંદામાન કારાગૃહમાં આવતાં જ મારા હાથમાં મૂક્યો. મેં વાંચીને, ભૂંસીને બિલ્લો તેને પાછો આપ્યો. આવા ઉપાયોથી ચલાન થકી શક્ય તેટલા જાહેર સમાચાર મેળવવાનો પ્રયત્ન સતત ચાલુ રહેતો. પણ એક મહિને આવનારા અને સાવ અશિક્ષિત અપરાધીઓની ટુકડીમાંથી ખાસ મહત્ત્વના સમાચાર ક્યારેક જ મળતા હોઈને રાજબંદીઓની સ્વદેશની શી અવસ્થા છે એ જાણવાની જિજ્ઞાસા તેમ જ અતૃપ્ત રહેતી. તેની પૂર્તિ કરવા માટે બીજો ઉપાય એટલે, કારાગૃહમાં વર્તમાનપત્રો મગાવવાં એ હતો. અર્થાત્ એ તો સૌથી જોખમી અને અઘરો માર્ગ. જે વખતની માહિતી અમે જણાવીએ છીએ તે સમયે તો તુરંગમાં એકવાર ચોરીછૂપી હાથી આવી શકતા અને પકડાઈ જતા હાથી આજ્ઞા વિના અંદર આવ્યાના મુદ્દે એક બંદીવાનને મારી હતી. પણ વર્તમાનપત્રનો અને હિંદી વર્તમાનપત્રના એક ટુકડો અંદર આવી શક્યો ના હોઈને આ મુદ્દે ક્ષમા મળત નહીં. આવી સ્થિતિમાં વર્તમાનપત્ર નહીં તો તેના આંગળી જેટલા ટુકડા તો લાવી શકાય તે માટે પાછળ જણાવેલા ગાડી ખેંચવાના કામનેય કેટલાયે ના પાડી નહીં. કારાગૃહમાંનો બધો કચરો લઈને જે ગાડી બહાર જતી તેની સાથોસાથ બહાર તેઓ ગાડી ખેંચતા જતા. બહાર ગોરા અધિકારીઓના બંગલેથી રદ્દી-કચરો, જૂનાં-પૂરાણાં જેવા હોય તેવા વર્તમાનપત્રના ટુકડા કચરા સાથે નાખવામાં આવતા. તેમાંના બે-ચાર ઊડીને ગાડીના આકામાં અથવા સામાનમાં ફસાતા અને ગાડી પાછી લાવતા એ લાવીને કચરાના નાળાબાળામાં સંતાડતા. જતા-જતા આંગળી જેટલા એ ટુકડા વાચતા. તેની કેવી ગમ્મત! એકાદ ટુકડો કોઈક એડનબરાશાયરના એકાદ ગ્રામીણ અખબારનો એકાદ ક્રિકેટને આત્મસમર્પણ કરનારા પત્રનો, એકાદ આડીઅવળી નવલકથાનો તો એકાદ ૧૮૫૭ની સાલના અખબારનો. કોઈકમાં બૂટ બાંધેલાં, તો કોઈકમાં ઈંડાં બાંધેલાં, તો કોઈકમાં ધોબીનાં કપડાં, પણ એ ટુકડા વાચવાના! ક્યાંક હિંદુસ્તાનનું નામ કે પ્રચલિત કાળનો લંડનનો તાર કે મુંબઈના ટાઈમ્સનો ટુકડો દેખાયો કે મોટી આશા સાથે જોવાનું, કાંઈ સમાચાર આપણા સ્વદેશના કે અત્યારના સમયના રાજકારણના મળે છે કે? આ ગાડીમાંથી આવનાર 'પરદેશી ડાક' એટલે કારાગૃહ બહારથી વેચાતી ગાડીમાં સંતાડીને લાવવામાં આવેલા વર્તમાનપત્રોનાં ચીથરાં. એકાદ વખત અચાનક તેમાંથી તાજા સમાચાર હાથ લાગી જતા. ક્યારેક લંડન ટાઈમ્સમાંનો વેલેન્ટાઈનનો ક્રાંતિકારીઓ વિરુદ્ધીનો લેખ, તો ક્યારેક રાષ્ટ્રીય સભાના અધ્યક્ષનું ભાષણ. મને યાદ છે કે, તુતિકોરિનના ખટલાની માહિતીનો એક સ્તંભ (કોલમ) એક દિવસ બહારના પેલા ગાડીવાળાને જ્યારે મળ્યો ત્યારે કેવી ઉત્સુકતા સાથે તેણે તે અંદર લાવીને અમારા હાથમાં દીધો! આ એક સમાચાર અમને દઈ શકાય અને તેથી તે લાવ્યાને લીધે રાજબંદીવાનોની કૃતજ્ઞતા મેળવી શકાય, આ એક વિચારથી બિચારાને મહિનો-મહિનો ગાડી ખેંચવાની મહેનત સફળ થયા જેવું લાગ્યું. 'પરદેશી ડાક'માં સમાચારોનો પૂરવઠો કરનારી મુખ્ય સંસ્થા કહી એટલે ગોરાઓના પ્રાઃતવિધિનો કક્ષ! ત્યાં તેમણે રોજનાં ટાઈમ્સ વગેરે પત્રો વાચતાં વાચતાં ફેંકેલા કે ટુકડા કરેલા પડ્યાં રહેતા. આ અખંડ ભંડારમાંનો એકાદ પહેરેદાર ગાંઠીને તેની પાસેથી તે પત્રો કચરામાં ફેંકાવવાનાં અને અમારે વાંચવાના.

ક્યારેક ક્યારેક 'પરદેશી ડાક'ની સાથે 'સ્વદેશી' ડાકની પણ મદદ મળતી. કારાગૃહમાંના કારખાનામાં ટેક્સ, ખીલા વગેરે સામાન એકાદ જૂના પત્રમાં વીંટાળીને રખાતો. એ ટુકડામાંથી પણ કાંઈક માહિતી મળતી. હિંદુસ્તાન શબ્દ દેખાયો કે રાજબંદીઓએ એ ટુકડો ઉપાડ્યો જ સમજવો. એ ક્યારેક એટલો રગદોળાયેલો હોય કે તેને કચરાના ઢગલામાંથી કે નાળામાંથી બે સળીઓની મદદથી ઉપાડવો પડતો. સળીથી જ પ્રસરાવવો પડે અને વાચવો પડે. પણ તેમ પણ વાચ્યા વિના જીવ રહે નહીં. એકાદ ગોખલેના શિક્ષણ વિષયી ઠરાવના ભાષણમાંનો નિરાશા વિષયનો એક સરસ ભાગ આવા રગદોળાયેલા કાગળના આવા એક ટુકડામાં વાચ્યાનું મને યાદ આવે છે. એ પણ યાદ આવે છે કે ગોખલેએ એ શિક્ષણનો ઠરાવ કર્યાના સમાચાર પણ એ ટુકડાથી અનુમાન કરતા આવવાથી કેટલાયને કેટલો આનંદ થયો હતો. લાગ્યું આપણા દેશમાં જ્ઞાનામૃતની પરબનાં મુક્તદ્વાર ખુલેલાં દેખાશે! એકાદ નવી મિલ ખુલી, એકાદ કર કાઢી

નાખવામાં આવ્યો, એકાદ ખટલો ચાલ્યો, એકાદ દંગલ થયું, એકાદ ક્રાંતિકારી ઘાત-પ્રત્યાઘાટનો સ્ફોટ થયો, એકાદ નવું પુસ્તક લખાયું, એકાદ કવિ પ્રકાશમાં આવ્યો- નાની હોય કે મોટી હોય, જેના લીધે પોતાની પ્રિય માતૃભૂમિની પ્રકૃતિની કે પ્રગતિની જરાપણ માહિતી મળે તેવા સમાચાર સાંભળવા માટે રાજબંદીવાનોના જીવ કેવા ઉતાવળા હતા! આવા તુંટક સમાચાર જોડી જોડીને તેની ચર્ચા કરતા બેસીને એ કઠોર કારાગૃહમાં હે હિંદુસ્તાન! તારા માટે તારાથી દૂર ફગાવી દેવાયેલા તારા યુવાનો તારી ચિંતામાં તણાતા હતા. પોતાની શારીરિક પીડા પણ ત્યારે ભૂલી જતા. એ રાજબંદી પોતાની માતૃભૂમિનો હાથ હાથમાં લઈને તેની નાડીના ધબકારા તપાસતા અને તેના પરથી તેના સ્વાસ્થ્ય વિશે ચિંતાતુર હર્ષ-વિષાદ અનુભવતા એ આંદામાનના દિવસો પસાર કરતા.

સમાચારમાં હજી એક માર્ગ

ચલાન અને કચરા-ડાક છોડીને સમાચારનો ત્રીજો ઉપાય, બહારના થોડી સહાનુભૂતિ દર્શાવનારા હિંદી ગૃહસ્થો તરફ કારાગૃહમાંના કામ કરીને બહાર જનારા નાના-નાના અધિકારીઓને આંતરવા એ હતો. એ બહારના સહાનુભૂતિ દર્શાવનારા લોકો વર્તમાનપત્ર વાચનારા ભાગ્યે જ હતા. તે અમારા માટે પણ જો વાચવા માંડ્યા તો પણ તેમણે જાણેલા સમાચાર મોઢે રાખવાની બુદ્ધિશક્તિ બહુધા જ એ બહાર જનારા અશિક્ષિત મિત્રોમાં નહોતી. સમાચાર લખી દેવાને અને લાવવાને સમર્થ એવો હજારમાં એકાદ કોઈક હોવાનું પ્રકાશમાં આવતાં જ બહારના લોકોનો એટલો ત્રાસ સહજપણે ભોગવવો પડતો કે, તેને તેવું કરવાનો આગ્રહ કમસે કમ હું ક્યારેય કરતો નહોતો. પરંતુ આવા ઠેકાણે પરિસ્થિતિમાં એવું સાહસ કરીને રાજબંદીવાનોને મહત્ત્વનો એકાદ વર્તમાનપત્રનો ટુકડો પહોંચાડવાનું અને તે લઈને અંદર આવવાનું સાહસ કરનારા લોકોએ 'પાણીની વસાહત'માં મળતા હતા. આવા સાહસિક લોકોને ક્યારેક ક્યારેક પકડાઈ જવાથી કડક શિક્ષા થતી, નોકરી જતી, પણ પછી કોઈને કોઈ જાગતું જ. રાજબંદીવાનોની સંગતથી અને તેમના ઉપદેશથી અને જેમ જેમ દેશભક્તિનાં બીજ સાધારણ જનતાના અને બંધી જગતના અંતઃકરણમાં રોપાતાં ગયાં તેમ તેમ એ સાહસની સેવા તેઓ કર્તવ્ય ગણીને કરવા માંડ્યા. પણ પહેલાં બે-ત્રણ વરસમાં માત્ર વર્તમાનપત્રોનો આંગળી જેટલો ટુકડો કોઈ બંદીવાને લાવો, એ માટે નહીં નહીં તેવી રીતે તેમની વિનવણી કરવી પડતી. કેટલીયે વાર તેમને બીજી કોઈ લાલચ દેખાડવાની શક્તિ ના હોવાથી રાજબંદીવાનો તેમને પોતાની રોટલી આપતા અને દિવસભર અર્ધભૂખ્યા પણ રહેતા, કે સાંજે સ્વદેશ ભૂમિના એકાદ તો સમાચાર સાંભળવા મળે.

ક્યારેક કારાગૃહની ભીંત પરથી ફેંકેલા તો ક્યારેક થાળીમાં બહારથી ઘુસાડીને રાખેલા, નાળામાં અંદરથી હાથ નાખીને કાઢી લઈને, આવી અને યુક્તિઓથી ટુકડેટુકડા ભેગા કરીને વાચવાના. એ સિવાય હજી એક માર્ગ એટલે, કોઈક અધિકારીના મોઢે ભૂલમાં કે સહાનુભૂતિપૂર્વક એકાદ સમાચાર સરી પડતા, આ રીતે ક્યારેક ક્યારેક બારીસાહેબ પોતે વાતદારનું કામ કરતા! પણ તેનું વરદાન ગર્ભિત શાપ જ હતો. હિંદુસ્તાનના પ્રતિકૂળ, રાજબંદીવાનોને પોતાના પક્ષની અશક્તિની અને પોતાની આશાની વિફળતાની જાણ થાય તેથી, જેના થકી તેમના નિરુત્સાહ થવાની શક્યતા હોય, એવા સમાચાર બારીસાહેબ પોતે, અને એ પણ ઉપકાર તરીકે એમને કહેતા અને એમે તેના પર શી ટીકા-ટિપ્પણી કરીએ છીએ, એ પોતાની રોજનીશીમાં (ડાયરીમાં) ટપકાવી રાખતા. પરંતુ તો પણ અમે એ સમાચાર કહ્યા તે માટે તેનો આભાર જ માનતા. કારણ અનુકૂળ એ જ સમાચાર સાંભળવા એ પ્રેમની નૈસર્ગિક પસંદ હોય તો પણ પોતાની પ્રિયજનોના પ્રતિકૂળ સમાચાર પણ સાંભળવા એ વીરોનું કર્તવ્ય છે. અનુકૂળ સમાચારથી પ્રેમ સંતુષ્ટ થાય તો પ્રતિકૂળ સમાચારથી ભક્તિ અને ધીરજના બાહુ ફુગાઈને એ પ્રતિકુળમાંથી પ્રેમની મુક્તિ કરવા માટે પ્રાણની આહૂતિ આપવાને વીરતા સજ્જ થાય છે. આવા પ્રતિકૂળ સમાચાર બારીસાહેબ કેમ આપતા એનાં અમુક ઉદાહરણ આગળ આવશે જ. અહીં સ્પષ્ટીકરણ માટે એક જ કહેવું પૂરતું થશે.

દેશભક્ત નામદાર ગોખલે જ્યારે અવસાન પામ્યા, ત્યારે તે સમાચાર હું સાંજે જમતી વખતે બારીસાહેબ કારાગૃહમાં આવીને મને જણાવ્યા. (well, you... is dead!) સાવરકર, તમને કાયમ સમાચાર જોઈતા હોય છે, નહીં ? આ લો સમાચાર, ગોખલે અવસાન પામ્યા.

ગોખલે અવસાન પામ્યા !

મને ક્ષણભર સાચું ના લાગે. એટલા અકલ્પનીય સમાચાર હતા. મેં દુઃખના ઉદ્‌ગાર કાઢ્યા જોઈને બારી કહે, ''પણ એ તમારી વિરુદ્ધ હતા ને ?'' મેં કહ્યું, ''છી છી ! મેં તેમના મહાવિદ્યાલયમાં શિક્ષણ લીધું છે. મતભેદ હશે, વિરોધ નથી. તે અમારા હિંદુસ્તાનની પેઢીમાંના એક અસીમ દેશભક્ત અને દેશસેવક થઈ ગયા.'' પણ બારી કહે, ''તમારા ખટલામાં તેમના વિરુદ્ધ તમે ભયંકર ષડયંત્ર કર્યાનો પુરાવો મળ્યો હતો એ ? અને તમને પકડ્યા વિના હિંદુસ્તાનમાં શાંતિ પ્રસ્થાપિત થશે નહીં એવું તેમણે કહ્યું હતું ને ?'' મેં જવાબ આપ્યો, ''એ મુદ્દે દંતકથા પર વિશ્વાસ રાખવાનો અર્થ નથી. તેમનો અને મારો પ્રત્યક્ષ વાર્તાલાપ થયો છે અને અમારા બંને વિશે પરસ્પર બેઉમાં અત્યંત આદરભાવ વર્તાય છે એ તે વાતચીત વખતે હાજર બધા ગૃહસ્થોને ખબર છે. તેમને દેશહિતની દૃષ્ટિએ કદાચ મારો માર્ગ માન્યો નહીં હોય. પણ એટલે તેમની દેશભક્તિની મહાનતા લેશમાત્ર ઊણી ઉતરતી નથી. અને ષડયંત્રના મુદ્દે પૂછશો, તો ઇંગ્લેન્ડમાં તેમનાં એક-બે વિરોધ ભાષણોથી પ્રક્ષુબ્ધ થઈને જ્યારે અભિનવ ભારતના અમુક આગેવાનો તેમના પર આક્રમણ કરવાની વાતે ગુપ્ત બેઠકમાં બોલ્યા ત્યારે એ અમંગળ વિચારનો તીવ્ર વિરોધ કરીને પ્રામાણિક મત-ભિન્નતા માટે કોઈનાય ઉપર આક્રમણ કરવું અને તે પણ સ્વજન પર એ ઘોર પાપ છે, આ ખરો અત્યાચાર થશે, એ મેં તેમને સમજાવ્યું અને પેલો ઠરાવ પસાર થવા દીધો નહીં, એ વાત તેઓ પોતે જ કહેશે. જો દરેક હિંદુ ગોખલે જેટલોય દેશભક્ત અને દેશસેવક થશે તો પણ...!!'' અમારી આ વાતચીત બારીએ યથાવત્ ટપકાવી રાખી હતી. અને આ વિધાન તે બીજે પણ કરતો કે, 'ઉપર ઉપરથી ગમે તેટલા ભિન્ન અને વિરોધી લાગે તો પણ આ મહારાષ્ટ્રીયનો અંતઃકરણથી બધા એક છે!''

આ વાત કહેતી વખતે મને એક મહાન દેશભક્તની આવી જ બીજી એક વાતની યાદ આવે છે. ઇંગ્લેન્ડમાં રહેતા લાલા હરદયાળ કહેતા કે, તેઓ પૂણેમાં ટિળકને મળવા ગયા હતા. પછી તેમના પ્રતિસ્પર્ધી તરીકે ગોખલેને મળવા ગયા. હિંદુસ્તાનમાં તેઓ બધા જુદા જુદા પ્રતિસ્પર્ધી આગેવાનોને આમ જ મળતૌ આવ્યા હતા. એ સમયે તેમને એકમેક વિરુદ્ધ દ્વેષપૂર્ણ નિંદા તે તે પ્રતિસ્પર્ધીઓએ કરી તે સાંભળવી પડી. પણ ટિળકે અને ગોખલેએ હરદયાળ જેવા હોંશીલા અને તેજસ્વી યુવાનને પોતાનો દેશસેવાનો માર્ગ અનુકૂળ કરી લેવાનો પ્રયત્ન પણ કર્યો, તોય તેમાંથી કોઈનાય મોઢે બીજાની વિરુદ્ધે અન્યાયનો કે દ્વેષનો એકપણ અપશબ્દ નીકળ્યો નહીં. ઊલટું દરેક બીજા વિશે અત્યંત આદર દર્શાવ્યો. ટિળકે કહ્યું, ''ગોખલેને પણ એકવાર મળો'' અને ગોખલેએ કહ્યું, ''તમે ટિળકને ત્યાં ઊતર્યા એ ઠીક જ કર્યું. મને ખબર છે કે યુવા પેઢી તેમના હાથમાં જ જવાની છે!'' આ વાત કરીને લાલા હરદયાળ કહેતા, ''પારકા સામે ઊભા રહેતા જ અમે એકમેકની સાથે જ છીએ, એવી ભાવના અન્ય પ્રાંત કરતાં મહારાષ્ટ્રમાં વધારે પ્રમાણમાં વસે છે. અને આપસમાંનાં અંગત વૈમનસ્ય રાષ્ટ્રીય કાર્યમાં વિસરી જવાની કળા મહારાષ્ટ્રીય નેતાઓને બીજા કરતાં વધારે આવડી છે, એવો મને ઘણીવાર અનુભવ થયો છે.''

ઉપર જણાવેલી અનેક અડચણોને આવા અનેક ઉપાયોથી દૂર કરતા રહીને પહેલાં બે-ત્રણ વરસ રાજબંદીવાન ખૂબ પ્રયાસથી હિંદુસ્તાનના સમાચાર મેળવવાની અને આંદામાનના હિંદુસ્તાન પહોંચાડવાની વ્યવસ્થા કરતા રહેતા. આગળ આગળ તેમની ત્યાંની સ્થિતિ જેમ સુધરતી ગઈ અને શક્તિ વધતી ગઈ તેમ હિંદુસ્તાન સાથે પત્રવ્યવહાર જાળવવાનાં આ સાધનો વધુ પરિણામકારી થવા લાગ્યાં. અને તેમાં નવાં સાધનોનો ફાલ પણ ઉમેરાયો. તેની ત્રૂટક માહિતી યથાક્રમ આગળ આવશે.

આ રીતે થોડા જ દિવસોમાં રાજબંદીઓને પાકી માહિતી મળી કે, હોતીલાલનો પત્ર પ્રકાશિત કરવાને લીધે 'બંગાળી' છાપખાનું જપ્ત થયું, વગેરે સમાચાર બારીએ માત્ર પોતાના ખિસ્સામાંથી ઉપજાવ્યા હતા. અને રાજબંદીઓને ધાક દેખાડવા માટે પોતાના મળતિયાઓના હાથે પ્રસરાવ્યા હતા. થોડા જ દિવસોમાં પેલા પ્રસિદ્ધ થયેલા 'બંગાળી' પત્રનો ટુકડો પણ અમને કારાગૃહમાં જોવા મળ્યો. મને તેલની ઘાણીમાં જોતરવામાં આવ્યો હતો તે સમાચાર પહેલીવાર એ સમયે જ હિંદુસ્તાનમાં પ્રસિદ્ધ થયા. તે કોણ એ પછી ખબર પડી. ત્યાં અભિનવ ભારતના સભ્યોએ એ સમાચાર, હું ઘાણી વેંઢારું છું, એવું કાલ્પનિક ચિત્ર બનાવીને, તેને છાપીને તેના હસ્તપત્રકોની સેંકડો નકલ વહેંચી. તેનું પરિણામ ત્યાંના હિંદી લોકો પર શું આવ્યું એ પંજાબના લાહોરના ષડયંત્રની ટુકડી આંદામાનમાં જ્યારે આવી ત્યારના વૃત્તાંતમાં જણાઈ જ આવશે.



પ્રકરણ - ૧૪મું

૧૯૧૧નાં રાજ્યાભિષેક સમારંભની
અંધારી કોઠડીમાં પડેલી છાયા

પાછળ કહ્યા પ્રમાણે શ્રી હોતીલાલનો પત્ર હિંદુસ્તાનમાં પ્રસિદ્ધ થવાથી અધિકારીઓમાં જે ખળભળ ફેલાઈ તેના આગળ-પાછળ જ રાજકીય બંદીવાનોની આશા એકાએક એકદમ આનંદી થનારી અફવા ઊડી! અફવા ઊડી કે ઈંગ્લેન્ડમાં રાજ્યાભિષેક થયા પછી રાજા જ્યોર્જ હિંદુસ્તાન આવશે અને મહિના-બે મહિનામાં (એટલે કે ડિસેમ્બર ૧૯૧૧માં) હિંદુસ્તાનમાં પણ રાજ્યાભિષેક કરવામાં આવશે. અને આશ્ચર્યની વાત એ કે તે સંધિથી રાજ્યાભિષેક સમારંભને લીધે બધા રાજકીય બંદીવાન - હું પણ છૂટીશ.

છૂટવાની આશા

દુકાળમાં અત્યંત ઉપવાસી લોકોનું ઝૂંડ જ્યાં જ્યાં ભિક્ષા માગવા જમા કરવામાં આવતું ત્યાં ભિક્ષા આવી, બોલતાં જ તેમના આત્માની ધમાચકડી થાય, મને મળતા પહેલાં જ ભિક્ષા પૂરી તો નહીં થાયને, તેના લીધે જીવની જે અસહ્ય દોડાદોડ થતી તે સ્થિતિ જ 'જ્યુબલી હોએગી' શબ્દોથી મુક્તિ, અથવા અથવા કાયમની રજા મળશે, એવી બંદીવાનની વસાહતની હતી. જ્યાં-ત્યાં સાવ તે વાત ફેલાઈને જેનાં-તેનાં મોઢાં ઉપર ઉત્સાહ દેખાવા લાગ્યો. પોતાનો નંબર ઉત્સવ વખતે જે નામ જાહેર થશે, તેનો આધાર આપણા બંદીવાસના વર્તન પર, તેથી જ આપણે બંદીના ઉપરી અધિકારીને કેટલો પ્રસન્ન કરી શકાય તેના પર અવલંબે છે, એની દરેકને જાણ હોવાથી જે-તે બંધી (કેદી) અધિકારોની શક્ય એટલી હા-જી, હા-જી કરવા માંડતો. અત્યંત ત્રાસદાયક કામ પણ કોઈપણ વાંધા વગર ઘડાઘડ થવા લાગતાં. અધિકારીઓ પણ કામ વધારીને તે તકનો ફાયદો ઉઠાવતા. કોઈ બંદીવાન કરગરે કે લાલચ તરત સામે જ કે, ''ભૈયા, થોડે દિન બાકી હૈ, અભી જ્યુબલી આતી હૈ. તુમ્હારા નામ હમ સરકાર કો ઉપર ભેજને વાલે હે!'' આશાદાયી વાતાવરણમાં, ''જ્યુબલી ઉત્સવ આતા હૈ,'' આ ખરી-ખોટી અફવા ઊડતાં જ બંદીવાનોનો મહિનો-દોઢ મહિનો ખૂબ જ આનંદથી જવાનો એ નક્કી. આજીવન કાલાપાણીની શિક્ષા (સજા) અને કશું પણ અઘટિત થયા વિના ઘરે પાછા ફરવાની, જીવનમાં પાછું સ્વતંત્રતાનું સુખ ભોગવવાની, કોઈ આશા બચી ના હોય ત્યારે તે આંદામાનના બંદીવાનોને અશક્ય વાતમાંથી જ કોઈ આશા સેવવી પડે.

ઉત્સવ આતા હૈ

તેવી કોઈપણ અશક્ય ઘટનાની વાત આવી કે તેમની આશા સાહજિક જ તે ઘટનાની અશક્યતા કરતાં તેની અનુકૂળતા તરફ જ વધારે આકર્ષિત થઈને તેમનો વિશ્વાસ પણ સાથે આકર્ષીને લાવતા. તેનાથી મોટેભાગે દર વરસે, દર બે-ત્રણ વરસે, 'ઉત્સવ આતા હૈ,' મુક્તિ અથવા છૂટ તો મળશે જ, વિચારીને ઉપાડો થતો અને નિરાશાથી અને દુઃખથી ત્રસ્ત થયેલા બંદીવાનો, એ વાત ખોટી ઠરે ત્યાં સુધી વિશ્વાસ રાખીને થોડાક દિવસો તો કદાચ સુખમાં કાઢી નાખે, એવો ક્રમ અવિરત જારી જ રહેતો. આશ્ચર્ય એ કે તે વાત વારંવાર ખોટી પડતી હોવા છતાં તે આવે કે લોકોનો વિશ્વાસ ફરીથી પહેલાંની જેમ થતો, અને

કોઈએ જ્યારે તે નિરાશાના સમુદ્રમાં ડૂબતા લોકોને કહ્યું, કે આ ઉત્સવની અફવા જે તું લલચાઈને જોઈ રહ્યો છે તે ફક્ત કલ્પનાની કાંડી છે, તો તેને તેની આશા આ રીતે ભંગ થવાથી ગુસ્સો જ આવતો.

આત્યંતિક સંકટમાં છૂટકારો થવો એ અશક્ય છે એવું પોતાને લાગવા છતાં તે નિરાશાની વાત બીજાને કહેવી, અથવા તે સંકટમાંથી છૂટવાની એકાદ અફવા પોતાને ખોટી લાગે છે, છૂટવાની કોઈ એક આશા નથી, એવું લાગવા છતાં તે અફવા અને તે આશા ખોટી છે, એવું બીજું કોઈ કહે કે તેવું બીજા તેવું કહેનારા ગૃહસ્થ ઉપર જ પોતાની નિરાશાનો ગુસ્સો કાઢવા અને તેનાથી સંતોષ માની લેનારો આ માણસમનનો સ્વભાવ અમારા પણ કેટલીક વાર ધ્યાનમાં આવ્યો છે. જ્યારે હાઈ કોર્ટમાં જન્મટીપ થયા પછી બીજા ખટલામાં (ચુકાદામાં) ફાંસીની સજા આપવા આવેલા આવશે એવું નવ્વાણું ટકા એક જન્મટીપ થયા પછી, બીજો હત્યાનો ખટલો અમારા પર ભરવામાં આવ્યો ત્યારે, નવ્વાણું ટકા અમને આ ખટલામાં ફાંસીની સજા કરવામાં આવશે, એવું અમારું મન અમને કહેતું હતું. અમે અમારા મનને મૃત્યુની દેવીને આલિંગન આપવા માટે કરી પણ રહ્યા હતા. તોય ત્યારે પણ એક સહાનુભૂતિભર્યો અધિકારીએ ડોંગરીના કારાવાસમાં (જેલ) જ્યારે અમને મળીને કહ્યું, આ વખતે તમને મોટેભાગે કદાચ ફાંસીની સજા થશે, ત્યારે મનમાં અચાનક જ તે માણસ માટે ગુસ્સો આવવા જેવું લાગ્યું. વિવેકપૂર્વક એ ગુસ્સો કેવી રીતે ગળી જવો પડ્યો તે અમને આજે પણ યાદ છે.

આ પાછલા પ્રસંગની સ્મૃતિએ કઠોર અને નિરાશામાં ડૂબેલા અમારા મન ઉપર રાજ્યાભિષેક નિમિત્તે થનારા ઉત્સવમાં આપણો પૂર્ણ છૂટકારો થશે, એ વાતનું કોઈ ખાસ પરિણામ આવ્યું નહીં, પરંતુ અન્ય રાજબંદીવાનોના ઉલ્લાસની સીમા રહી નહીં. જે-તે હવે આપણે પાછા ઘરે ક્યારે જઈશું, જઈને શું કરીશું, એટલું જ નહીં. આગગાડીના કયા ફાટાથી ક્યાં જઈશું, એટલે સુધી યોજના બનાવી નાખતા. તેમાંના કેટલાકને આ જન્મ કાળાપાણીની, તો કેટલાકને ૧૪-૧૦-૭ વરસની સખત ભારી ભારી સજા થઈ હોઈને તેમને તે સજા આપવા માટે સરકારે લાખો રૂપિયા ખર્ચ કર્યાને પૂરા દોઢ-બે મહિના પણ થયા નહોતા. આટલા થોડા સમયમાં, આટલા પૈસા અને ત્રાસની કમાણી પર પાણી ઢોળીને તેમના જેવા ભયંકર ગણાતા લોકોને કોઈ તરત જ કારાવાસનાં દ્વાર ખોલીને જ્યાં ઈચ્છા થાય ત્યાં જવા દેશે, એ મને શક્ય જ લાગતું નહોતું. તેમ છતાં રાજકીય ઈતિહાસમાં આવા પ્રકારની અશક્ય વાતો પણ ક્યારેક ક્યારેક શક્ય થતી, એ પણ મેં ઈટાલી, આયર્લેન્ડ, રશિયા વગેરે ઉદાહરણ પરથી બતાવ્યું છે. મનુષ્ય માટે સાવ નિરાશ થવું કામનું નથી છતાં પણ ખોટી આશા રાખવા કરતાં આશા રાખવી જ નહીં એ કર્મયોગના માર્ગમાં અધિક લાભદાયી નહીં તો પણ સુખદાયી તો તો છે જ. એટલા માટે જ, આટલા વહેલા છૂટી જશો એવી આશા રાખવી નહીં. આપણને અહીં જ આ દુઃખ, નિશ્ચિત સમય આજે કહેવો અશક્ય છે, એટલા સમય સુધી, કાઢવો જ પડશે. એ જ મનમાં ધારીને તે પ્રમાણે મનની તૈયારી રાખવી. આવું હું મારા રાજકીય સમદુખિયાઓને વારંવાર કહેતો. પરંતુ કેમેય કરીને તેમની ઉત્સુકતા અને હવે અમે છૂટવાના, એવો વિશ્વાસ ઓછો થતો નહીં. ઉપર વર્ણન કરેલા માનવ સ્વભાવ પ્રમાણે તેમાંના કેટલાક મારી ઉપર મારી આવી અણગમતી ભવિષ્યવાણી માટે ગુસ્સે પણ થતા. તેમાં પણ કેટલાયનો વિશ્વાસ અરવિંદ બાબુની એક ભવિષ્યવાણી પર અવલંબિત હતો. અરવિંદ બાબુ છૂટ્યા ત્યારે તેમની સાથે જે લોકોને કઠોર કારાવાસની અને દ્વીપાંતરની આજન્મની સજા મળી હતી, તેમની તરફ ફરીને તેઓ અભિયુક્તોના પિંજરામાંથી બહાર પડતાં બોલ્યા હતા કે, ''યુવાનો, આજે તમે છૂટ્યા નથી તો ચિંતા નહીં. ત્રણ વરસની અંદર તમે બધા પાછા આવશો!''

અરવિંદ બાબુનાં કૃષ્ણદર્શન

અરવિંદ બાબુને કારાવાસમાં કૃષ્ણદર્શન થયાં હતાં. તેમની ભવિષ્યવાણી સાચી પડશે, એવો તે આખી મંડળીનો દ્રઢ વિશ્વાસ. સારું, ભવિષ્યવાણી પ્રમાણે જો બંગાળી 'બોમ્બગોળાવાળા' છૂટ્યા તો પછી આગ્રા-પંજાબ બાજુ ફક્ત લખવાવાળા છૂટશે, એ વ્યવહાર વાણીથી પણ સાબિત થતું હતું. અને આટલી બધી સેનાની સેના છૂટી હોય ત્યાં ત્રણ મહારાષ્ટ્રિયન ક્રાંતિકારીઓને કોણ ગોંધી રાખશે ? આવતી વખતે બધા રાજબંદીવાન છૂટશે! આ બધાનો નિર્ણય થયો. પ્રશ્ન એક જ રહ્યો કે, અરવિંદ બાબુની ભવિષ્યવાણીમાંનાં તે ત્રણ-ચાર વરસ ગણવાં ક્યારથી ? અનેકોએ મીમાંસકોની સુક્ષ્મ સમન્વય પદ્ધતિનો વારંવાર આધાર લઈને છેવટે અનુકૂળ તે જ સત્ય છે એવું નક્કી થયું. તે ડિસેમ્બરમાં જ તે ભવિષ્યવાણી સાચી પડશે અને તે રાજ્યાભિષેકનો અલૌકિક પ્રસંગ પણ આવ્યો, નક્કી અમે બધા છૂટીશું જ! કેવી ઉત્સુકતા! છૂટીશું!! જેમનાં પ્રિય વદનનાં દર્શન આજીવન નહીં થાય વિચારીને હૃદય વ્યાકુળ થયું, તેમનાં તે પ્રિય વદન, સમયની એકપણ નવી કરચલી પડ્યા પહેલાં જ, જેવાં હતાં તેવાં જ, એક બે-ત્રણ વરસની અંદર જ, અમે પાછા જઈને જોશું! એકબીજાને, એકમેકના ઘરે જઈને આપણી આ આંદામાનમાંના કઠોર પીડાની દુ:ખભરી કથા કૌટુંબિક સ્નેહના સુખના ખોળે આળોટતા કહેશું! પત્યું! બંગાળીઓને મહારાષ્ટ્રિયનોએ આમંત્રણ આપ્યું. પંજાબીઓએ મહારાષ્ટ્રિયનોને આપ્યું: આમંત્રણ પણ આપી દીધાં!

મને પણ આમંત્રણ મળ્યું. તે રાજબંદીવાનોમાં મારા ભાગમાં જે રાખ્યા હતા તે બધા મારી આસપાસ ભેગા થતા હતા અને એકદમ નિષ્કપટ આનંદથી કહેતા, અને બંગાળી ઉચ્ચારમાં તાત્યા! કહીને આગ્રહ કરતા. 'તાત્યા આપ જાઓગે, હમારે તાત્યા અબ દેશ મેં જરૂર જાયેગે.' તેથી જ તે ઉદારહૃદયી યુવાનો મારી છૂટવાની નિરાશા દૂર કરવાના મનથી પ્રયત્ન કરતા. ખરેખર તે બધાને મારી પચાસ વરસની સજા સાંભળીને અને જોઈને એટલું ખરાબ લાગ્યું કે, તે ઉત્સવ માટે થનારા તેમના છૂટકારા કરતાં મારા છૂટકારાનો તેમને અધિક આનંદ થયો હતો.

ઉત્સવ નજીક આવ્યો. અફવાની સીમા રહી નહીં, આંદામાનના અધિકારીઓએ જ્યાં-ત્યાં શણગાર કરવાનું આરંભ કર્યું. પેલા બંદીવાનો સમજવા લાગ્યા હું તો છૂટવાનો જ!

રાજ્યાભિષેકનો દિવસ કાલે ઉગશે. ત્યાં જ્યાં-ત્યાં બેફામ અફવા કે રાજકીય બંદીવાન છોડવાનો આદેશ આવવો જ જોઇએ! સત્તાધિકારીઓને જોઈને ખરેખર જ લાગતું કે આ તો ખાસ છૂટશે. પછીથી અમને સમજાયુ કે અંદર ખરેખર કંઈક બીજું રંધાઈ રહ્યું છે. રાજ્યાભિષેક સમારંભના દિવસની પહેલાંની આ સાંજ. અમે બધા બંદીવાન જમીને ભેગા બેઠા હતા. મારા સહકષ્ટભોગી રાજબંદીઓ પણ મારી પાસે જ બેઠા. કારણ તે આનંદની ગરબડમાં જમાદાર પણ ચૂર હતા. તે પણ કાલે છૂટવાનો જ. કંઈ ગાડીથી કલકત્તા થઈને આગળ જવું એ જ નક્કી કરવાનું બાકી હતું. એટલામાં xxx ખાન પગ પછાડતો આવ્યો. અને મારો હાથ મજબૂત રીતે પોતાના હાથથી દબાવીને બોલ્યો, 'બાલિસ્ટર બાબુ આપ છૂટ ગયે!' એ xxx ખાન એટલે દુષ્ટોમાં ત્રીજો દુષ્ટ હતો. બારીસાહેબની આજ્ઞાનું જે પૂર જે ત્રણ મોટી મોટી ગટરમાંથી વેગથી - નહીં, વર્ધમાન વેગથી વહીને કારાગૃહમાં પહોંચતું, તેમાં xxx ખાનનો મુખ્ય પઠાણી જમાદારોનો પહેલો ક્રમાંક, xxxનો બીજો અને xxx ખાનનો ત્રીજો! બારીબાબાના ક્રોધના હાથમાંનું એ પઠાણી ત્રિશૂળ રાજબંદીવાનના હૃદયમાં હંમેશાં ભોંકવામાં આવતું! તેમાંનું એક શૂળ આ xxx ખાન, પણ તે આજે એટલો થોથવાઈ ગયો! જ્યાં તેમનો ફાયદો નહીં ત્યાં દુષ્ટ પણ સુષ્ટ (સજ્જન) થાય. આજે-કાલે બધા છૂટશે તો પછી પણ અત્યારે મારી સાથે દ્વેષ રાખીને ખાનને શું મળશે ? કદાચ મારા છૂટવા પર બાલિસ્ટર તરીકે તેના પરના એકાદ નવા દરોડાના પ્રકરણમાં તેની સામેના ખટલામાં ઉપયોગી થઈ પડું! ના કોણ કહી શકે! નહીં તોય એવી જાહેર વિનંતી હંમેશાં કરવામાં આવતી. ત્યારે મારાથી અત્યારે સ્નેહ જ લાભકારક હોવાથી અને હાનિકારક તો નથી જ, xxx ખાન મારો મનથી આભાર માનવા લાગ્યો અને રાજબંદીવાનોને કહેવા લાગ્યો.

બડે બાબુ છૂટ ગયે

મેં હસતાં પૂછ્યું, ''પણ તમને કોણે કહ્યું?'' તે બોલ્યો, ''અરે! હવે કોણે, કોને શા માટે કહેવું જોઈએ? પોતે બારીએ અમને બધાને હુકમ કર્યો કે કાલે બહારના બધા ભાગોમાંથી બધા જમાદારોને અહીં બોલાવ્યા છે તેવું જણાવો. કારણ રાજબંદીવાન છૂટતા જ તેમને સીધા બેટ પર લઈ જવાના છે. અને ત્યાંથી બોટ આવતાં જ તેના પર ચડવાનું છે!'' ફરીથી મેં કહ્યું, ''પણ હું પણ છૂટવાનો એવું શેના પરથી? શા માટે?'' તે બોલ્યો, ''મેં બારીને પૂછ્યું ત્યારે તે હસ્યો!'' તે એક સાધારણ બંદીપાલનાં એક ધૂર્ત હસવા પર અમારી છૂટવાની વાતનો આ ઝૂલો ઊભો થયો. તો પણ, ''બાલિસ્ટર બાબુ તમે છૂટ્યા જ!'' એ શબ્દો સાંભળતાં જ મારા મનમાં આનંદની લહેર ઉછળ્યા સિવાય રહી નહીં. કાલે છૂટકારો થવાથી ઘરે જઈને, બાળકને જેવો છોડ્યો હતો, તેવો એક વરસની અંદર જ, હૈયાસરસો ચાંપી શકીશ! અને છોડેલા બધા પ્રિયજનો એકાદ દુષ્ટ સ્વપ્નમાંથી જાગીને તરત જ જેમ ભેગા થાય તેમ હસતા ભેગા થશે. એ અત્યંત અશક્ય રમણીય કલ્પના મનમાં ઊભરી આવી. તે કલ્પના જ છે. એ જાણતા હોવા છતાં પણ આનંદ થવા લાગ્યો. બદનસીબીના કમનસીબીના દારુણ દુઃખના દિવસો માથે આવ્યા હોવાથી ખોટી આશા, તે ખોટી છે એ ખબર હોવા છતાં, કેટલીયે વાર તે દુઃખની ધાર બુઠ્ઠી કરવા માટે ઉપયોગી થઈ પડે છે, એમાં શંકા નથી!

આ વાત સાંભળતાં તે બધા રાજબંદીઓ મને ભેટ્યા, અને બોલ્યા, 'અભી તો વિશ્વાસ હુઆ' હવે તો છૂટશોને? મેં માથું ધૂણાવીને ના પાડતાં જ તેમાંથી એક અત્યંત સહાનુભૂતિ દાખવનાર ઉત્સાહી તરૂણ મિત્રે મારા ગળે જે બંદીવાનની લોખંડી પ્લેટ, ક્રમાંક અને સજાનો લાકડાનો બિલ્લો લટકાવેલો હોય, તે પકડીને બોલ્યો. ''તૂટશે, આજે આ બિલ્લો તમારા ગળામાંથી તૂટશે!'' મેં કહ્યું, ''તમે કોઈ છૂટશો હું નહીં, તેમ છતાં આપણામાંથી એક જણ પણ જો છૂટ્યો ત્યારે તેટલો જ આનંદ થવાનો છે. દેશનું તેટલું જ વધારે કલ્યાણ થવાનું છે.'' મારા આ અવિશ્વાસથી કદાચ ત્રાસીને તે ઉત્સાહી મિત્રે પ્રેમાળ ગુસ્સાથી આવેશમાં મારી લોખંડી બિલ્લો પકડીને એવો ખેંચ્યો તે લાકડાનો બિલ્લો ખરેખર જ તૂટી ગયો! મારા મનને પણ થોડું ખટક્યું, પરંતુ

એ પણ શુભ શુકન જ

ગણીને આ વાત અન્ય ભાગમાં ખબર પડતાં જ બીજા રાજબંદીવાનો, હવે તો બાલિસ્ટર બાબુ નક્કી કાલે છૂટવાના જ, તેવું ધારીને વધુ નિશ્ચિંત થયા. ''આ તમારા શુભ શુકનનું એક જ નિશ્ચિત પરિણામ આવશે, તે એટલે આ બિલ્લો તોડી નાખવાના આરોપસર મને જેલવાસની સજા મળશે.'' કહીને મેં પણ એક ભવિષ્યવાણી કરી. અને અરવિંદબાબુના ભવિષ્ય કરતાં તે ભવિષ્યવાણી વધુ સચોટ પુરવાર થઈ. કારણ છેવટે જ્યારે તે અપેક્ષિત

દિવસ ઊગ્યો

ત્યારે બધા જ રાજબંદીવાનોને બીજા સેંકડો બંદીવાનોની સાથે કારાગૃહના દ્વાર પાસે બોલાવવામાં આવ્યા. પણ મને અને એક બંગાળી યુવકને બોલાવવામાં આવ્યા નહીં. બધા બંદીવાન કારાગૃહના દ્વાર ઉઘડે ક્યારે અથવા છૂટકારો ના થયો તો કેટલાંક વરસોની છૂટ પણ મળીને કમ સે કમ રાહત કેટલી મળે છે, એવી અપેક્ષાથી ઊંચાનીચા થતાં તે બાજુ જોવા લાગ્યા. પર્યવેક્ષક સાહેબ (સુપરિન્ટેન્ડન્ટ) સાહેબ આવ્યા! નવોનકોર ગણવેશ (યુનિફોર્મ) પહેરીને બારીસાહેબ પણ આવ્યો.

રાજવંદીવાનોને નામ બોલતા એક તરફ બોલાવવામાં આવ્યા. મારા નામનો પત્તો જ નહીં. આખરે જેમને બોલાવ્યા તેમાં સદ્‌નસીબે મારા મોટાભાઈ હતા. તેમને કહેવામાં આવ્યું કે, તમારી સજાના દરેક

વરસ પ્રમાણે એક મહિનાની છૂટ મળી છે! આ ગણતરી પ્રમાણે મને પચાસ મહિનાની સજાની છૂટ મળવી જોઈતી હતી, પણ મને કહેવામાં આવ્યું,

તમારો છૂટકારો નહીં, છૂટ પણ નહીં

બીજા બધા બંદીવાનોને પણ વરસ પાછળ એક મહિનાની છૂટ જ મળી. હજી તે દિવસે ઉત્સવ નિમિત્તે બધા બંદીવાનોને ભોજનમાં બટેટાં આપવાની એક વિશિષ્ટ કૃપા કરવામાં આવી. તે કૃપાથી માત્ર હું જ યોગ્યપાત્ર કર્યો. તે રીતે છૂટકારો અથવા છૂટ ના મળતા જ્યોર્જ મહારાજના રાજ્યાભિષેક સમારંભ નિમિત્તે અમને આખરે બટેટાં-ભાતનું ભોજન જ મળ્યું. અને બિલ્લા તોડવા માટે સજા! કદાચ તેમાં પણ અમે આનંદ જ માનીશું તેથી જ સાંજે બારીસાહેબ અમે જમતા હતા ત્યારે આવીને કહે, કે મારા જેવા આંદામાનમાં વધારે સજા ભોગવી રહેલા બંદીવાનને એક દિવસની છૂટ ના મળવાથી તેને વ્યક્તિગત ખૂબ જ ખરાબ લાગ્યું હોય તો પણ, તમારા જેવા ભયંકર ક્રાંતિકારીને, ''તેના મનની ગરમી લેશમાત્ર ઓછી થાય નહીં ત્યાં સુધી કોઈ એક છૂટ ના આપવી એ સરકારનું કર્તવ્ય જ હતું. બીજા ક્રાંતિકારી રાજબંદીવાનો કદાચ સમજી લેવામાં આવે, પણ ફક્ત હત્યારા તરીકે (કોમન મર્ડરર તરીકે) સરકાર તમને ગણતી હોવાથી તમને તે રાજબંદીવાનોની છૂટ પર આપવામાં આવવી શક્ય નથી!'' મેં કહ્યું, ''આ મને કહેતા પહેલાં જ ખબર હતી. હું કહેતો જ હતો કે ભયંકર ક્રાંતિકારી તરીકે હત્યારા વગેરે બિનરાજનૈતિક (નોનપોલિટિકલ) બંદીવાનો જેવી છૂટ મને મળશે નહીં . અને ખૂની બિનરાજનૈતિક બંદીવાન તરીકે રાજનૈતિક બંદીવાનોને મળતી સવલતને પણ પાત્ર નથી. આ બટેટાં-ભાત પણ ખરેખર મને મારા મનની ગરમી ઓછી ના થાય ત્યાં સુધી મળવાં જોઇએ નહીં, તમે એ પાછાં લઈ લો...''

કોઈપણ રાજબંદીવાનોનો છૂટકારો ના થતાં અને મને પણ એક દિવસની છૂટ પણ નહીં મળતાં ૧૯૧૧નો રાજ્યાભિષેક સમારંભ પૂરો થયો. તે દિવસે સવારે કોઠડીમાંથી જ્યારે રાજબંદીવાનો બહાર આવ્યા હતા, ત્યારે તેમાંના અનેકને સાંજે જ પાછા તે કોટડીમાં આપણે પૂરાશું નહીં, આજે માંજ સુધીમાં આપણો ઉત્સર્વ નિમિત્તે છૂટકારો થઈને આપણે આગબોટની રાહ જોતા બંદીશાળાની બહાર ક્યાંક હોઈશું એવું નિશ્ચિતપણે લાગતું હતું. પરંતુ સાંજે ફરીથી તે જ કોઠડીનું મોઢું જોવું પડતાં તેમણે તેના જડબામાં પુરાઈ લેવા માટે ફરીથી અંદર જવું પડ્યું. બંદીગૃહમાં અત્યંત ભયાનક ઉદાસી અને બધાના મોં પર નિરાશાની કાળી છાયા પ્રસરેલી તે કેટલીકવાર મને હજી પણ યાદ આવે છે, તેમાં તે સાંજની વેળા (સમય) અને તે રાત એક જ હતાં.

મને છૂટકારાની શક્યતા લાગતી ના હોવા છતાં પાછા ઓરડીમાં બંધ થતાં બીજાની સંસર્ગજન્ય નિરાશાના અવરોધે મારા પણ મનને હતોત્સાહ કરવામાં બાકી રાખ્યું નહીં. તે દિવસે મારું ભવિષ્ય તે અંધારી કોટડીની ચાર દીવાલોમાં ચણાયેલું હતું. તેની બહાર બધે નિરાશા! કાળી!!

અંગત છૂટકારાનો પ્રશ્ન પત્યો, પણ બીજી ઉત્સુકતા મનમાં થઈ કે તે સમારંભના દિવસે કમ સે કમ કોઈ પણ નવા અધિકાર સ્વદેશને મળ્યા હશે? ક્રાંતિની જે ઝપાઝપી જીવ લેતા-દેતા ચાર-પાંચ વરસ સુધી ચાલી હતી તેના સમાચાર જાણવાનો પણ મેં પ્રયત્ન કર્યો હતો. બંદીગૃહની બહાર જે થોડા રાજબંદીવાનો મોકલવામાં આવ્યા હતા, પાછળ કહ્યું છે તેમ જે-તે વસાહતના અલગ અલગ ભાગમાં (વિવિધ ભાગોમાં) કામ કરવા માટે રાખવામાં આવેલા હતા, તેઓ બીમાર વગેરે પડ્યા તો બહારના દવાખાનામાં રાખવામાં આવતા નહીં. કારણ બહારના દવાખાનામાં બંદીવાનો ખાસ્સી સ્વતંત્રતાથી એકબીજાને મળી શકે અને ખાવાપીવાની વ્યવસ્થા પણ બંદીગૃહમાંના દવાખાના કરતાં સાહજિકપણે જ વધારે સારી હતી. તે સ્વતંત્રતા રાજબંદીવાનોને મળી તો દવાખાનાના આતિથ્યનો વારંવાર ઉપયોગ કરવાની ઈચ્છા કરીને તેઓ એકબીજાને નિયમિત મળતા રહેત. આ સહજ ડરથી રાજબંદીવાનોમાંથી બહાર કોઈને પણ માંદગી

થઈ તો તરત બંદીશાળાના દવાખાનામાં લાવીને કોઠડીમાં બંધ કરવામાં આવતા. આ સજાનો ડર રાજબંદીવાનોને એટલો લાગતો કે, શક્ય ત્યાં સુધી તે બીમારી છુપાવીને કામ કરતો જ રહેતો. નહીં તો, બહારની પ્રમાણમાં વધુ સ્વતંત્રતા જતી રહીને બીમાર પડવાના અપરાધ માટે બંદીશાળાની કોટડીમાં બંધ થઈને પડવાનો ફરીથી વારો આવશે! એવી રીતે જ્યારે બીમારીમાં અધિક સવલતની અને આરામની આવશ્યકતા હોય ત્યારે કોટડીબંધીની સજા માત્ર, રાજબંદીવાનના બીમારીના દુઃખને વધારે દુઃખદાયી કરતી. તો પણ આ મુસીબતનો પણ એક લાભ લેવાની તેમને સગવડ મળતી. અને તે લાભ એટલે બહાર મળેલી વાત અંદર બંદીશાળામાં બંધ રહેલાને પહોંચાડવી એ હતો. બીમાર પડીને કોઈપણ જ્યારે બંદીશાળાના દવાખાનામાં બહારથી લાવવામાં આવે ત્યારે તે પોતાના બિછાના સાથે શક્ય તેટલી વાત મેળવીને અંદર આવે. બહાર વર્તમાનપત્રો વધારે સરળતાથી ગૂપચપ વાંચવા મળતાં હોવાથી બહાર ગયેલા રાજબંદીઓમાંથી જેને કોઈને પણ સમાચાર મળે તે તરત કોઇક બીમારીથી માંદો પડતો અને તેને બંદીશાળાના દવાખાનામાં બંધ કરવા લાવવામાં આવતો. રાજ્યાભિષેક નિમિત્તે સ્વદેશમાં શું થયું તેની વાત કાઢવાની ખટપટમાં તમામ રાજબંદીવાનો હતા તેમાં બહારથી એક રાજબંદીવાનને એકાએક આ

માંદગીની બીમારી

થઈ. બીમાર બંદીવાનોમાં તે પણ ભળી ગયો. થોડી પરીક્ષા થયા પછી બહારના બંદીવાનને બહારના સારા અને આરામદાયક દવાખાનામાં મૂકીને અધિકારીઓએ રાજબંદીઓ સાથે કડકાઈ સાથે વર્તવાના નિયમાનુસાર, 'લે જાઓ ઉસકો જેલ મેં... કોટડી મેં બંધ કર દો!' એવી આજ્ઞા છોડી. રાજબંદી તે કડક હુકમને જ સવલત સમજીને બંદીશાળાના દવાખાનાની કોટડીમાં આવીને કણસતો બંધ થઈ ગયો.

બીજા દિવસે હંમેશાં પ્રમાણે દસ વાગ્યાની આસપાસ હું નહાવા માટે મારા મારા ઓટલા પર આવ્યો ત્યારે પેલી બાજુના ભાગની ચાલીની પાછળની બારીમાંથી કોઈક 'સાવરકર બાબુ! સાવરકર બાબુ,' એવી ધીમે અવાજે હાંક મારે છે. હું ઉપર જોઉં છું તો તે રાજબંદીએ મારી દ્રષ્ટિ મળતાં જ બે માળની ચાલીમાંથી બારીમાંથી વાંકા વળીને કહ્યું કે, બંગાળના ભાગલા રદ થયા.

મેં સાંભળવા છથાં તે વાત ઉપર એકાએક વિશ્વાસ કરી શક્યો નહીં. ફરીથી પૂછ્યું, ''શું? બંગાળના ભાગલા, That settled fact is unsettled.'' તે હસ્યો અને બોલ્યો, ''હા.. હા.'' મેં કહ્યું, ''રાજબંદીવાનના છૂટકારા જેવી એકાદ ભવિષ્યવાણી વગેરે તો કહેતો નથીને?'' મારા મિત્રે કહ્યું. ''બિલકુલ નહીં. પાક્કા સમાચાર!'' મેં સ્નાન રહેવા દઈને વિભાગ-વિભાગમાં બીજા રાજબંદીવાનોને બંગાળના ભાગલા રદ થયા એ સમાચાર આપ્યા. તરત જ દિલ્હીને રાજધાની તરીકે જાહેર કરવામાં આવી. પરંતુ તે વાતનું કોઈ વિશેષ મહત્ત્વ નહોતું. પણ બંગાળના ભાગલા રદ થયા એ વાત પાછળ એક અથવા વિશિષ્ટ અત્યંત મહત્ત્વના ધોરણનો, રાજનીતિક પ્રયોગનો પ્રશ્ન હોવાથી રાજબંદીવાનોને અત્યંત સમાધાન થયું અને તે દિવસે તે પોતાની અંગત નિરાશા ભૂલી ગયા. સ્વદેશનો પ્રશ્ન જ્યારે આવી સફળતા સાથે ઉકેલાતો હોય ત્યારે

અમારો છૂટકારો ના થયો તો ચાલશે!

આવા ઉદ્ગાર તે યુવાન સંઘમાંથી દરેકના મોઢેથી નીકળતો હતો. બંગાળના ભાગલા તે શું? તે રદ્દ થઈ એ આનુસંગિક સમાધાન હતું, પરંતુ ખરું સમાધાન એ હતું જે કહ્યું તે કરવાની ફરજ પાડી. જે કહ્યું તે કેવી રીતે કરાવવું તેનો ઉપાય મળ્યો. એટલે જ હવે પછી જે કહેશું તે કરવાની ફરજ પાડશું તેવી ચાનક ચડી. કેટલાકે વિચાર્યું, ''પણ બંગાળના ભાગલા રદ થયા એવી આ ક્યારક રમાતી રમતથી સંતુષ્ટ થઈને ફરી...! મેં

કહ્યું, ''ના ના, એવો ડર ખાસ રાખવો નહીં. એકવાર મલેરિયાનો તાવ ક્વિનાઈનની ગોળી મટે એની ખબર પડી પછી પાછો તાવ આવે તો આપણે ક્વિનાઈનની ગોળી લેવાના જ.''

દિલ્હીને રાજધાની કરવાથી મને કંઈ જ ખરાબ લાગ્યું નહીં. કારણ ભાવિ હિંદુસ્તાનની રાજધાની કઈ રાખવી એ વિશે રાજક્રાંતિકારીઓમાં જ્યારે જ્યારે તાત્વિક ચર્ચા ચાલતી ત્યારે ત્યારે હિંદુસ્તાનની રાજધાની ઉજ્જૈન રાખવી એવો મત હું જાહેર કરતાં કહેતો હતો કે, જો ઐતિહાસિક, સાંસ્કૃતિક, ઔદ્યોગિક, ભૌગોલિક અને સામાજિક દ્રષ્ટિએ ઉજ્જૈનને જ ભાવિ ભારતની રાજધાની બનાવવી યોગ્ય છે, તો રાજધાની કઈ હોવી એ પ્રશ્ન છોડીને કઈ મોટે ભાગે થશે એ પ્રશ્ન પુછાય, તો મોટેભાગે હિંદુસ્તાનની રાજધાની દિલ્હી જ હશે, એવું કહેવાની ફરજ પડતી. આ મારા તર્ક અનુસાર તે દિલ્હી ગઈ તેમાં કંઈ જ ખરાબ લાગ્યું નહીં. તે રાજધાની ઉજ્જૈનને ગઈ હોત તો માત્ર આનંદ થયો હોત.

પ્રકરણ - ૧૫મું
આંદામાનમાં બંદીવાનોનું અન્ન

હિંદુસ્તાનમાં આ ઉથલપાથલ ચાલતી રહીને, એટલે કે ઈ.સ. ૧૯૧૧ના અંત અને ૧૯૧૨નાં આરંભ સુધીમાં આંદામાનના બંદીગૃહમાં લગભગ એક વરસ થવા આવ્યું હતું. તે આખા વરસમાં કઠીન કષ્ટ સહન કરીને પણ અને બંદીશાળાનું પેલું અન્ન ખાઈને પણ મારું સ્વાસ્થ્ય સારું રહ્યું. એ બંદીગૃહમાં અન્ન કેવું હતું તેની સર્વસામાન્ય કલ્પના એક વરસના અનુભવ પરથી અહીં થોડી આપવામાં કોઈ વાંધો નથી.

બંદીવાનોને જે જમવાનું આપવામાં આવતું તે

પુસ્તકમાં કરેલા નિયમાનુરૂપ જોવા જતાં અમુક વાતો અસ્થાને નથી. આંદામાનમાં બધા પ્રાંતમાંથી જુદા જુદા લોકો આવવાથી જમવાનું, વાટકો ભરીને ભાત અને બે ઘઉંની રોટલી, હતું, અને મિશ્ર પદ્ધતિ હતું તે ઠીક જ હતું. પ્રમાણમાં સાધારણ માણસ માટે પૂરતું નહોતું. ફક્ત ઘાણીમાં કામ કરતા હોય તેને કે ચક્કી પીસતા હોય તેને અનેક લોકોને એવા થકવી નાખનારા શ્રમમાં અન્ન વધારે આપવામાં આવે તો અન્ન ઓછું મળે છે એવી દલીલ કરવાને કોઈપણ કારણ બચશે નહીં. બંદીવાનોમાં પહેલાં તે બધું ખાઈને પણ ભૂખ નહીં ભાંગનારા ઘણા લોકો હતા, પણ મોટે ભાગે આ સ્થિતિ તે જ બંદીવાનોના મામલામાં એક-બે વરસોમાં બદલાવા માંડી. બંદીગૃહની ભયાનક છાયામાં બે-ત્રણ વરસ રહીને જ જેમની ભૂખ મરી નહીં એવી બંદીવાન એકદમ વિરલ. ત્યારે એકંદરે અન્નનું ઠરાવેલું પ્રમાણ આંદામાનમાં સારું અને પૂરતું હતું. પરંતુ તે પરિણામ મુજબ અન્ન મળીને બંદીવાનના મોઢામાં તે પડે ત્યાં સુધી - વચ્ચે જે વિઘ્નો આવતાં તેની તો સીમા જ નહોતી. પંજાબી અને પઠાણી મુસલમાન મોટેભાગે ઘઉં ખાતા. તેમને ભાત ના જોઈએ. આ સદ્‌ગૃહસ્થોમાંથી જ આંદામાનમાં રાજબંદીવાન આવે તેમાંથી નિયમ પ્રમાણે વોર્ડર અને તેમાં પણ મહત્ત્વના કષ્ટદાયક કામ આગળ વોર્ડર મોટેભાગે નીમવામાં આવવાથી તેમને લાગનારો ઘઉંની રોટલીનો જથ્થો બીજા લા;ર બંદીવાનોની રોટલીમાંથી ધાકધમકીથી અથવા લાંચ તરીકે પડાવી લેતા. બિચારા બંદીવાનોએ ભાત જ ભાત ખાવાનો અને વોડર મહારાજાના વાટકામાં છાની રીતે પોતાની રોટલી ઓરવાની, નહીં તો ધમકી મળી જ, ''બતલાએંગે તેરે કો!'' પણ તેમને કામમાં કષ્ટ આપે, તેમના ઉપર ખોટા ખટલા, એવા પ્રકારે બંદીવાનોને તે વોર્ડર ત્રાસ આપતા. આ ત્રાસ આપનારા સોમાંથી ૯૯ પઠાણ, પંજાબી અને સિંધી મુસલમાન હતા, અને તેઓ એકબાજાના અન્યાયની ફરિયાદ ઉપર સુધી નહીં જવા દેવાની કાળજી રાખતા હતા. ત્યાંના સૌથી નીચ મુસલમાનોમાં પણ હિંદુઓ પ્રત્યેનો દ્વેષ એક ધાર્મિક કર્તવ્યની ભાવના ગણાતો હતો. તેના લીધે જેને આવો ત્રાસ આપવામાં આવતો તેમાં સોમાંથી નવ્વાણું હિંદુ બંદીવાનો જ હતા.

આ વોર્ડરોને જેલમાં જ ખાવું પડતું તેથી તેઓ જેની રોટલી લેતા, તેને ભાત પણ ક્યારેક ક્યારેક પાછો આપતા. પરંતુ પેટા એફિસર અને જમાદાર તરીકે બહાર છોડવામાં આવતા બંદીવાનોમાંથી જેઓ અંદર અધિકારી તરીકે આવતા, તેમને જેલમાં જમવાની આજ્ઞા નહોતા. પરંતુ ઈચ્છા રહેતી. કારણ જેલમાં જમી લેવાથી બહાર રસોઈની કટકટ અને પૈસા બચે. આ અધિકારી વર્ગની ભૂખ શમાવવા માટે પાછો ભાત ના

લેતા બંદીવાનોએ તેમને પોતાની રોટલી આપી દેવી પડતી! નહીં તો તે દિવસે ક્યાંક તો ચાલમાં ફસાઈને બે દંડા પીઠ પર પડ્યા જ. મિર્ઝા ખાન નામનો જે પઠાણ ત્યાં મુખ્ય જમાદાર થયેલો અને...

''છોટા બારી''

તરીકે ગાજેલો હતો તે પણ એટલો માથાનો હતો કે અનેક વખતે તેના માટે દસ-બાર રોટલી ભેગી કરવા તો કોઈક પઠાણ વોર્ડરને આંખે ઈશારો કરતો અને પોતે અન્ન વહેંચવા જનારાની સાથે સાથે ધીમે ધીમે ચાલત્જો, પણ આંખો તે રોટલીનો ઢગલો ભેગો કરવા પર જ હતી. તે વોર્ડરે માગ્યા પ્રમાણે એકાદ હિંદુ બંદીને રોટલી આપી નહીં કે તરત જ મિર્ઝા ખાન પાછો ફરીને જે લાગે તે કારણે, જેમ કે હરોળમાં આડો બેઠો છે, ઉદ્ધત રીતે મારી સામે જુએ છે, એવી રીતે બૂમ પાડીને તેના હાથમાં સોટીથી બે ફટકા પીઠ પર ત્યાંને ત્યાં જ મારી દેતો.

આંદામાનમાં બંદીવાનોને અઠવાડિયામાં એકવાર અથવા બે વાર માટીનું પવાલું ભરીને દહીં મળે. તે દિવસે તો મોટા મોટા પાણીના લોટા ભરીભરીને સમય આવ્યે બંદીવાનોની મારઝૂડ કરીને પણ તેમની પાસેથી દહીં ઝૂંટવીને પઠાણ વોર્ડર અને પેટા ઓફિસર પીતા! એકવાર એક હિંદું બંદીવાનને તે પવાલુંભર દહીં એક બલુચી ઓફિસરને નહીં આપતા નિયમ પ્રમાણે પાતરમાં આવતાં જ દહીં ભાતમાં મેળવી નાખ્યું. એ વાતની પેટા ઓફિસરે જાણી જતા તેણે હિંદુઓની લાઈનમાંથી જઈને તે હિંદુ બંદીવાનની બાજુમાં એક તૂટેલું પવાલું પડ્યું હતું, તે બતાવીને કહ્યું, ''એય હરામી, યે નરોટલી ક્યોં લિયા!'' કારણ જેલમાં ફૂટેલું પવાલું રાખવું એ પણ અપરાધ છે. તે પવાલું કેમ રાખ્યું, આવું કહીને તે બલુચી મુસલમાને તે હિંદુ બંદીની ચોરી પકડી અને તેની પીઠ પર લાત મારતા અને જ્યાં સુધી અડધી ચોટલી ઉખડીને હાથમાં ના આવી ત્યાં સુધી એ, ''કાફિર! ચોટીવાલા કાફિર!'' જેવી ગાળો આપતા તેને મારતો રહ્યો. બંદીવાનની બૂમ સાંભળીને મોટો જમાદાર એટલે કે મિર્ઝા ખાન આવ્યો. અને પોતાના જ જૂથમાંના એક પેટા ઓફિસરને જોઈને ઊલટું પેલા બંદીવાનને જ પવાલું બગાડ્યું તેથી કેસ કરવા લઈ ગયા. હું આ બનાવ જોતો હતો. મેં જતાં જતાં તેને ઇશારાથી સમજાવ્યો કે મને સાક્ષી બનાવ. તે પ્રમાણે તેણે મારું સાક્ષીદાર તરીકે નામ કહેવાથી મને બોલાવવામાં આવ્યો. મેં જતા જ બલુચી પેટા ઓફિસર દહીં માગતો હતો તે આ બંદીવાને આપ્યું નહીં તેથી તેને આવી ક્રૂર રીતે માર્યો એવું કહ્યું. ત્યારે મારી ઉપર જ બરાડીને 'છોટા બારી' બોલ્યો, ''હુજૂર, યે બડા બાબુ હર બખત હમ મુસલમાનોં કે ઉપર જૂઠી ગવાહી દેતા હૈ!'' મેં બંદીપાલને કહ્યું, ''ઠીક છે. હું ખોટી સાક્ષી આપું છુંને ? તો પછી હજી એક ખોટી વાત કહું છું કે હવે આ સમયે તે પતરાના છાપરામાં આ બલુચી પેટા ઓફિસરે ચોરીને ભરી રાખેલા

દહીંના લોટા

છે. હવે ચાલો, અને હું તે બતાવું. બંદીપાલને મારી સાથે આવવાની ફરજ પડી. તે મિર્ઝા ખાન મિર્ઝા ખાન જમાદારના હાથમાંથી હંમેશાં બચવા ઈચ્છતો હતો, પણ હું વચ્ચે પડ્યો એટલે ચડભડ ઊભી થઈ. તે છાપરામાં પવાલાના ઢગલા આડે બલુચી પેટા ઓફિસરે ભરીને રાખેલા લોટા મળ્યા. સાક્ષી મારી જ. સુપરિન્ટેન્ડન્ટ સામે મેં પેલા હિંદુ બંદીવાન સાથે કરેલા અકારણ અને ક્રૂર અત્યાચારની અને, કાફિર! કાફિર! એવું કહી ચોટલી ઉખાડવાની વાત કરી, અને મે કહ્યું તે જ

અંગ ઉપરના ઉઝરડા અને દર્હીના લોટાએ પણ કહ્યું

પર્યવેક્ષક (સુપરિન્ટેન્ડન્ટ) ગુસ્સાથી લાલ થયો અને બીજા પેટા ઓફિસરો પર પણ ધાક બેસો તે માટે પેલા બલુચી પેટા ઓફિસરોને બરતરફ કરીને એટલે કે તેમના પટ્ટા છીનવી લઈને તેમને ફરીથી કામદાર બંદીવાનોમાં સખત કષ્ટદાયક કામ કરાવવા માંડ્યો. આ રીતે નાસ્તિકની ઉખાડેલી ચોટલીથી મિયાં સાહેબની દાઢી પણ ઉખાડી નાખી.

આ રીતે 'છોટા બારી'ની એટલે કે જમાદાર મિર્ઝા ખાન વિરુદ્ધ તેમના અન્યાયથી હિંદુ બંદીવાનોનો બચાવ કરવાના પ્રયત્ન માટે કેટલીયે વાર અમને આંટીમાં લેતો, અને તેને લીધે અમારે પણ કેયલાં છળ સહન કરવાં પડતાં, તેની વાત આગળ થોડીઘણી આવશે જ. તેમની વિરુદ્ધ સાદા બંદીવાનોમાથી અવાજ ઉઠાવવાની કોઇની હિંમત નહોતી. રાજકીય બંદીવાનો જે કાંઈ સાહસ કરતા તેમાં પણ પાંચ-દસ માણસો બીજા હિંદુ માટે પક્ષ લઈને મિર્ઝા ખાન વિરુદ્ધ મામલો ઉઠાવતા ધ્રૂજતા. એમાંથી કેટલાંક મહત્ત્વનાં ઉદાહરણ આગળ કહીશ, પણ અહીં પણ એક જ વાત એટલા માટે આપી છે કે બંદીવાનોને જે અન્ન મળવાનો નિયમ હતો, તે મોટાભાગે આક્ષેપજનક ના હોવા છતાં, તે અન્ન બંદીવાનના મોઢામાં પડે તેટલામાં તો ચોરી થઈ જાય, તેના લીધે છેવટે જે અન્ન બંદીવાનની થાળીમાં ખરેખર પહોંચતું તે મોટેભાગે ઓછું જ રહેતું.

હવે પરિણામની વાત છોડી દઈએ તો ત્યાંના જમવાની બીજી ઉણપ એટલે રુચિની જ નહીં પણ આરોગ્યપ્રદતાની હતી. એક વખત ઓછો ભાત આપો, રોટલી પેટભરીને ના મળે તો ચાલે પણ તે ભાત કાચો નહીં આપો, રોટલી અડધી કાચી, કે અડધી બળી ગયેલી અને ક્યારેક ક્યારેક લોટના ભીના ગોળા જેવી નહીં આપો, એવી પ્રાર્થના અમારે પોતે અનેકવાર કરવી પડતી. રસોઈ સાતસો-આઠસો માણસોની. રસોઈઘરમાં કોઈક ગંદા અને સરકારી નિયમ પ્રમાણે કાળજી ના લેતા અને ક્યારેક ક્યારેક તો સંસર્ગજન્ય ગુપ્ત રોગોથી પીડાતા લોકો. તેમનાં તે ગંદા કપડાં, ભર ગરમીમાં પીરસતા તેમના ગળાનો પરસેવો તેમની પરથી ટપકીને તે દાળના કે ઓસામણના તપેલામાં અમારી આંખો સામે જ પડતો હતો. અને તે જ દાળ અમારે આંખ મીંચીને ખાવાની ફરજ પડતી. પેલા રસોઈયાનો પણ શું વાંક. તે પીરસનારનો પણ શું વાંક? ભર ઉનાળામાં સેંકડો બંદીવાનોની રસોઈ કરીને તેમને તે ચાર-પાંચ રસોઈયાને જીવ નહીં જેવો થતો. ફક્ત ચૂપચાપ રસોઈઘરમાં કોઈ એકાદ બીજું શાક ચોરીને ખાવા મળતું તેથી તેઓ તે કામ કરતા, અને તેમને પણ એ અસહ્ય લાગીને ના પાડે, તો અહીં એમનું સાંભળે કોણ? એવી સ્થિતિમાં

ભાવતું ભોજન

આ શબ્દ જ બંદીગૃહમાં અમે ભૂલી ગયા હતા. તેમાં પણ બંદીગૃહમાં અપરાધીને જે ગોંધવામાં આવતા તે, તેમને રાજાની જેમ છપ્પનભોગ પીરસવા માટે નહીં પણ સંસારના સુખને આપણે આપણી સ્વાર્થાંધ સુખલાલસી માટે કરેલા સામાજિક અપરાધ માટે આવ્યા છીએ, એવું પ્રતીત કરાવીને અપરાધ માટે પેદા કરાવી શકાય તેટલી ઘૃણા ઉત્પન્ન થાય, એટલી હદે તેમનું આયુષ્ય બંદીગૃહમાં નીરસ કરવામાં આવે એ માટે, એ તત્વ ાને માન્ય જ હતું. તેથી જમવાનું ભાવતું ના હોય એ ઉણપ બંદીગૃહમાં વર્તાય તે એક પ્રકારે ઠીક જ હતું અને સૂકા ભેગું લીલું બળી જાય તે પ્રમાણે બધા અપરાધ પ્રમાણે રાજકીય બંદીવાનોને પણ તેમનો સ્વતંત્ર વર્ગ ના કરતાં ભાવતું ભોજન ન મળવાના વારો આવતો, એ પણ અનિવાર્ય હોવાથી ફરિયાદ તઓ કરતા જ નહીં, પરંતુ ભાવતું નહીં હોય તો પણ

ચોખ્ખું પકાવેલું અને આરોગ્યપ્રદ

ખાવાનું મળે એટલી જ તેમની માગણી હતી અને આંદામાનનું અન્ન મોટે ભાગે અત્યંત દુર્લક્ષપણએ, ગંદી રીતે અને નિષ્કાળજી સાથે પકવેલું અને આરોગ્ય માટે હાનિકારક હતું, એ રાજકીય બંદીવાનોની, તમામ બંદીવાનો વતી, મુખ્ય ફરિયાદ હતી. તેમણે એ ફરિયાદ માટે કેટલીયે વાર 'ખોટી ફરિયાદ' કરો છો કહીને સજા કરવામાં આવતી, પરંતુ વરસોનાં વરસ તે અડધું કાચું, ગંદુ અને ઘાતક અન્ન ખાઈને પણ રાજકીય બંદીવાનો તે અન્ન વિરુદ્ધ વિરોધ કરવા જીવતા રહીને છેવટે અન્ન ખૂબ જ સુધર્યું હતું. બીજા બંદીવાનોને રાજબંદીવાનોની આડશમાં જે અનેક લાભ થતા તેમાનો આ લાભ અત્યંત મહત્ત્વનો હતો. ખરાબ અન્ન કેટલું ખરાબ હશે તેની કલ્પના કરી શકાય તે માટે બે-ચાર મહત્ત્વનાં ઉદાહરણ કહું. ક્યારેક ક્યારેક

કાંજીમાં કેરોસીન

પડ્યું હતું. કાંજી વહેલી સવારે કરવામાં આવતી. મોટો તપેલો ચૂલા પર ચઢે અને તેમાં કાંજી પકાવાય. તે સાફ થઈ કે નહીં તે પરોઢિયે અંધારામાં સાફ દેખાય નહીં એટલે ઘાસલેટવાળું પતરાનું ફાનસ હાથમાં લઈને કોઈ અડધો જાગેલો (અડધી ઊંઘમાં) રસોઈયા તે તપેલામાં ડોકાવે. તે વખતે તેના હાથમાંનું ફાનસ ગળતું હોવાથી અથવા જોતાં જોતાં તેલ ગળવા લાગે તેમ વાંકુ થતાં જ ફાનસમાંથી ઘાસલેટ કાંજીમાં ઘાસલેટ પડતું. પણ આઠસો માણસોની કાંજી ફેંકી થોડી દેવાય? આ વાત પર જાણી જોઈને તે રસોઈઆને અને મિર્ઝા ખાનને ઘાતક હોવા છતાં ખબર પડે ત્યારે ત્યારે તે કાંજી એવી જ બંદીવાનોને પીરસવામાં આવતી. અમારા જતા પહેલાં આવી ઘાસલેટ પડેલી કાંજી દર મહિને-બે મહિને એકાદ વાર મળતી જ, પરંતુ રાજકીય બંદીવાનો આવ્યા પછી જેમ જેમ તેમની બૂમાબૂમ થવા માંડી તેમ તેમ તે ક્યારેક ક્યારેક છૂટક છૂટક આવવા માંડી. એકવાર અમે આવી કાંજી પીવાના નથી એવું કહ્યું તો બારી સુધી તે ફરિયાદ ગઈ અને તે અંદર આવ્યો. અમારી બાજુના બંદીવાનોને બરાડીને તેણે પૂછ્યું, ''ક્યા કાંજી મેં સચમુચ હી મટ્ટી કા તેલ પડા હૈ?'' તે બંદીવાનને 'બારી'એ કોઈ પણ વાત બરાડીને પૂછી એટલે જવાબ કેમ આપવામાં આપવો તેની ખબર હતી. તેણે ચોખ્ખું કહી દીધું કે

નહીં સાહબ બડા બાબુ ઝૂઠ બોલાતા હૈ!

ત્યારે બારીએ ગુસ્સામાં ફુંફાડા મારતા મને કહ્યું, બધાને કાંજીમાં ઘાસલેટની વાસ આવતી નથી અને તને આવે છે કેમ? ઊભો રહે ખોટી ફરિયાદ કરવાનો તારી ઉપર કેસ કરું છું. આવું બરાડતો બરાડતો તે ચાલ્યો ગયો અને તે ઘાસલેટ પડેલી કાંજી જ બધા કેદીઓએ ખાવી પડી. કારણ એક તો ભૂખ્યા મોઢાને કંઈ મળશે નહીં તો ઉપવાસ જ કરવો પડશે અને બીજું મહત્ત્વનું કારણ કે

જેલમાં પીરસાય તેટલું ખાવું જ જોઈએ

ફેકવું નહીં એવો સર્વસાધારણ નિયમ. કોઈને ઓછું પડે તો વધારે મળશે નહીં, વધારે થાય તો ફેંકવાનું નહીં. નક્કી કરેલું તે ખાવું જ જોઈએ. અશક્ત માણસે અને સશક્ત માણસે એક સરેરાશ માપ નક્કી થયું હોય તે પ્રમાણે અન્ન ખાઈને જીવવું જ જોઈએ. વાત એવી હતી કે આવા નિયમોનું પાલન હંમેશાં બળથી જ થતું હતું એવું નહોતું, પરંતુ જે પાલન પહેલાં જેમ બળપૂર્વક કરાવવામાં આવતું, અથવા આજકાલ કરવામાં આવે ત્યારે તેનું બંદીવાનોના સ્વાસ્થ્ય પર ખરાબ પરિણામ આવ્યા વગર રહેતું નહીં. પોતાને પ્રામાણિકપણે ના જોઈએ તે અન્ન કચરા પેટામાં ફેંક્યું હોય તેને ત્યાંથી પરાણે તેમની પાસે ઉપાડાવીને

કોઈ અધિકારીએ તે બંદીવાન પાસે ખવડાવવાના બનાવો પણ બનતા હતા! પેલા દિવસે તે ઘાસલેટની કાંજી પણ પરાણે બધાએ ખાવી પડી તે આ નિયમના જોરે જ. જો કોઈ પાંચ-દસ બંદીઓએ તે ફેંકી દીધી હોત તો કાંજીમાં ખરેખર ઘાસલેટ પડ્યું હતું એવું અમે સાબિત કરી શક્યા હોત. અમે માત્ર તે એમ જ ફેંકી દીધી, પણ 'ડર નહીં પણ કૂતરાની જેમ આશંકિત રહે' એવું જાણીને કેસ કરવાની ધમકી તરત જ ભૂલી ગયો તેવું બતાવીને બારી પણ ચૂપ બેસી ગયો.

રાજકીય બંદીવાન આવી ફરિયાદ વારંવાર સુપરિન્ટેન્ડન્ટ સુધી પણ લઈ જતા, અને જ્યારે ઉપરના ઉદાહરણ પ્રમાણે મોટાભાગે તેનું પાણી ઉતારી નાખવાનું કરીને અધિકારીઓ તેની તરફ ધ્યાન આપતા નહીં, તો પણ નીચલા અધિકારીઓની, એકાદ વખત સુપરિન્ટેન્ડેન્ટ મૂડમાં હોય ત્યારે, ચૂપચાપ સરસ કાનભંભેરણી પણ કરતો. અન્ન વિશે આવી ફરિયાદ કરવાથી બારીને ત્રાસ ખૂબ થતો. તે પોતાના કહ્યાગરા રાજબંદીવાનો હસ્તક આવાં તત્ત્વો ઉપદેશવા માંડતો કે

અન્ન માટે ખાઉધરા
લોકો જ લડતા રહેતા !

તેને રાજબંદીવાનમોંથી લડાયક સ્વભાવના લોકો ઉત્તર આપતા કે, અમે તેનાથી પણ ખરાબ અન્ન ખાઈ લઈશું. વધુ તો શું, અન્ન વગર આઠ-આઠ દિવસ ઉપવાસ કરીશું, પણ હજારો જણને જીવતા રાખવા આવશ્યક એટલું સાત્વિક ભોજન મળે એટલા માટે અમે ઝઘડીએ છીએ. પેટ ભરવાનું હોત તો ઘરે કાંઈ અમે કોઈ આયર્લેન્ડના રસ્તા પર મળતા એક શિલીંગ પર નભતા નહોતા. આ બનાવ પછી બધા રાજબંદીવાનો એ મિસ્ટરને ધિકકારવા લાગ્યા અને બીજા બંદીવાનો કહેવા લાગ્યા કે તમે પોતે જ પહેલાં ઘાસલેટ છે એવું કહેતા હતા. ત્યારે તે સજ્જને શાંતિથી જવાબ આપ્યો, અન્નનો વિરોધ કરવો, એ ખાઉધરાનું હલકટ કૃત્ય છે. પરંતુ આ મિસ્ટર લોકો જ્યારે ટોપરાનો ટુકડો ચોરી કરવા માટે અડધો કલાક ટાંપીને બેસી રહેતા ત્યારે ફક્ત તે ખાઉધરાપણું પોતાનું જ પેટ ભરવા માટે હોવાથી સારું અને સભ્ય કૃત્ય થતું.

રાજબંદીવાનોમાંના ખાઉધરા

રાજબંદીવાનોમાંથી જે કોઈ બારીસાહેબના પોપટ થઈને અન્ન માટે ખાઉધરા લોકો જ ઝઘડે, એવું બીજાને શીખવીને તેના બંદીગૃહમાંના અન્ન સુધારણાના કામનો વિરોધ અને પ્રયત્ન કરો નહીં , એવું કહેતા તેઓ, પોતાના માટે બારીસાહેબના ટેબલ ઉપરનાં ફળો અથવા જેલમાંથી કોઈકે ચૂપચાપ ચટણી ચોરીને આપી, અથવા કાંદા છૂપાવીને ૅત્યા, તે પણ સાભાર સ્વીકારીને છુપાઈને ખાતા બેસવામાં ખાઉધરાપણું માનતા નહીં.

પરંતુ આવા તકલાદી અને ડરપોક ઉપદેશકોને દાદ આપવા જેટલા કાંઈ રાજબંદીવાનોમાં બધા જ લોકો ગાંડા નહોતા. વારંવાર કાચી રોટલી, ઓછો ભાત, ઘાસલેટવાળું શાક, આવી વસ્તુઓ સામે બૂમાબૂમ કરીને વિરોધ કરતા જ રહેતા. તેના લીધે સેંકડો બંદીવાનોને રાજકીય બંદીવાનોનું આગમન એટલે એક કુદરતી આપત્તિ જ લાગવા માંડ્યું હતું. ભલે તેમનામાં બારીસાહેબ વિરુદ્ધ સાક્ષી આપવાની હિંમત નહોતી તો પણ -

રાજબંદીવાનોને કૃતજ્ઞ ભાવ સાથે અનેક રીતે મદદ કરતા. મોટેભાગે તેમના મન:પૂર્વકના સાથ અને સાદર પ્રેમનો ટેકો ના મળત તો તો રાજકીય બંદીવાનોનો ત્રાસનો પારાવાર રહેત નહીં. જાહેરમાં સાક્ષી આપવાની તેમની હિંમત નહોતી એવું નથી, પણ રાજબંદીવાનોમાં પણ બારી વિરુદ્ધ સાક્ષી આપવાનું સાહસ બધા કરી શકતા નહોતા.

એકવાર એક રાજબંદીએ ઘાસલેટ પડેલી કાંજી પકડી પાડી. તો તે ખાવાનો ઇનકાર કરતાં બીજા પણ બે-ચાર રાજબંદીવાનો માટે, જેઓ તે ભાગમાં હતા, તેમને કાંજી ખાવા જેવું ના રહ્યું. એ જોતા જ થોડા સાધારણ બંદીઓ પણ તેમની સાથે ભળ્યા. આવું થતાં બારી આવ્યો. અને ધમકાવીને પેલા ઉત્તર-ભારતીય રાજકીય બંદીને કહેવા લાગ્યો, ''તું ખોટું બોલીને બંદીવાનોની ટોળી ભેગી કરે છે. જો તમારામાંના જ આ પંડિત અને સમજુ સજ્જન કેવા કાંજી વિરુદ્ધ એકપણ શબ્દ બોલતા નથી.'' આવું બરાડતા તેમાંના એક, 'માણસ બનાવેલા' રાજકીય બંદીવાનોમાંના એકે કહ્યું, 'વેલ મિસ્ટર, કાંજીમાં ઘાસલેટ છે એ ખોટું છે ને?'' ત્યારે મિસ્ટર બોલ્યા, ''મને કોઈ વાસ આવતી નથી!'' પત્યું. તે સમજદાર ઠર્યો અને બીજા બધા બંદીવાન ખોટા ઠર્યા. બારીના નાકને પણ ઘાસલેટની વાસ કાંજીમાં તે ડબ્બો પડ્યો હોવા છતાં આવે નહીંનો!

શાકમાં કાનખજૂરો અને સાપ

આંદામાનમાં એક ભયંકર જાતના કાનખજૂરા છે એ અમે પાછળ કહ્યું જ છે. તે કાનખજૂરો દોઢ ફૂટ લાંબો અને ઝેરીલો હોય છે. સવારે બંદીવાનોની એક ટોળી બંદીગૃહ માટે શાક લાવવાને મોકલાવવામાં આવી. રણમાં અને રસ્તામાં નિર્જન વિસ્તારમાં ત્યાં નિંદામણ પુષ્કળ ઊભી નીકળતાં. તેમાં જ કેટલાંક શાકપાન પણ ઊભી નાકળતાં. તે ટોળી હાથમાં મોટા મોટા ચાકૂ લઈને એના જથ્થાના જથ્થા કાપી લેતા અને તે કાપેલા શાકના ઢગલાના ઢગલા કરીને પછી ગાડીમાં ભરીને બંદીગૃહમાં લાવવામાં આવતા. તેના મોટા મોટા ઝૂડા કરીને બે-ચાર ઘા મારીને, કટકા કરીને શાકના મોટા તપેલામાં નાખવામાં આવતા અને ઉકાળવામાં આવતા. બંદીવાનોનું શાક બનાવવાની રીતે મોટે ભાગે આવી જ હતી. આવી જેમતેમ પદ્ધતિમાં એટલી નિષ્કાળજી રાખવામાં આવતી કે ક્યારેક ક્યારેક આ શાકના ઢગલામાં મોટા મોટા કાનખજૂરા અને સાપ પણ તપેલામાં શેકાઈ જતા હતા. અડધું કાચું શાક જ્યારે પીરસવામાં આવતું ત્યારે તે પણ સાથોસાથ પીરસાઈ જતું. જમતી વખતે શાકનાં પાન ગણીને કોળિયો ઉપાડવામાં આવે તો હાથમાં કાનખજૂરો આવે. પરંતુ આંદામાનમાં આ કાનખજૂરા અને સાપનું શાક જ્યારે એક આશ્ચર્યકારક મેવા હતા તો તેના કરતાં પણ આશ્ચર્યકારક મેવા કહેવાતા એટલે તે પ્રકારના શાકમાં બારીસાહેબના શબ્દોના અને - સમર્થનના જે મસાલા પડતા તે! અમે એકલાએ જ નહીં પણ બીજા ઘણા રાજબંદીઓએ જાતે આ કાનખજૂરા શાકમાંથી કાઢીને બતાવ્યા છે અને તરત જ તે બારીસાહેબ સુધી જાય નહીં તેનો વિરોધ પણ કર્યો છે. પરંતુ પેલા જડ થયેલા અધિકારીઓએ હસીને જવાબ આપતા, 'ઓ ઈટ ટેસ્ટસ વેરી વેલ.'' સુપરિન્ટેન્ડન્ટ સુધી ફરિયાદ કરી તો તે પણ હા એ હા કરીને નીકળી જતો! નિરુપાયે સાપના ટુકડા અથવા કાનખજૂરાને ફેંકી દઈને બંદીવાનોએ તે જ શાક ખાવું પડતું. નહીં તો ખાવું કેમ? અને ખાધું નહીં તો કામમાં થોડી કાંઈ છૂટ મળવાની છે! એ શારીરિક કષ્ટદાયક કામ કરવું શેના જોરે? આ ખેલ બારી જાણતો હતો અને તેથી તે અથવા કોઈ પણ અધિકારી તે બાજુ ધ્યાન આપતા જ નહીં. ક્યારેક ક્યારેક મારા અને મારા બીજા રાજબંદીઓના વિરોધનાં પરિણામ આવતાં અને બારીને થોડોઘણો ઠપકો મળતો હતો. એવા સમયે એક વખત આ કાનખજૂરાના પ્રકરણ ઉપરથી જ બારીએ મને શાંતિ રાખવા માટે સમજાવીને કહ્યું હતું, (Oh Mr. Savarkar, dont you think much of these scoundrels) ''અરે સાવરકર! આ બદમાશ લોકોનો વિચાર છોડી નાખો. તમારી સમાજમાં ઉચ્ચ પ્રતિષ્ઠાની મને ખબર છે. આ જુઓ

હું તમને એકલાને જોઈએ તો શાક બનાવડાવી આપું

પણ આ બધા બંદીવાનો સામે તમે અન્નબન્ન નગેરેની ઉણપ જાહેરમાં નહીં લાવો. એ બધા તો ભાગેડું છે. જોતજોતામાં મારા માથે ચઢી જશે. આજ સુધી આવા સેંકડો લોકોએ કાનખજૂરા ફેંકીને શાક ખાધું છે, પણ તેમાંથી કોઈ મર્યા નથી.’’

એકંદરે, આવું ઝેરવાળું શાક ખાઈને બંદીવાન મરે કે પછી તેને સુધારવાની વેળા આવશે એવી બારીસાહેબની સમજણ હતી.

ડરાવીને અથવા સમજાવીને અન્ન વિશે કે બીજી કોઈ વાત વિશે બારીસાહેબ અથવા એકંદર વ્યવસ્થા વિરુદ્ધ અમે કરેલા વિરોધનાં મોઢા બંધ ન થયાં તો બંધ કરવાનો બીજો એક ઉપાય બારીસાહેબ અને મિર્ઝા ખાન પાસે હતો. તે એટલે આવી વાતનો, દાખલા તરીકેપ્રસ્તુત પ્રકરણે અન્ન ખરાબ રીતે પકવવાનો અથવા ઓછું આપવાનો

દોષ કોઈક હિંદુ પેટાઓફિસરના માથે બળજબરી લાદી દેવો

એ હતો. કાંજીમાં ઘાસલેટ પડ્યું અથવા શાકમાં તેલ જ નાખવામાં ના આવીને બધું તેલ ચોરાઈ જતું, તો તેની સામે ઉહાપોહ કરતાં જ મિર્ઝા ખાન બારી સામે તે દોષના જવાબદાર તરીકે કોઈક હિંદુ પેટા ઓફિસર લાવીને ઊભો કરતો. જાણીજોઈને તેને સાચું માનીને બારી અમને કહેતો કે જુઓ કાંજી બગાડી એટલે આ હિંદુ પેટા ઓફિસર સામે હવે ખટલો ભરવો પડશે. એવા સમયે એકાદ નિરપરાધી હિંદી બંદીવાનને સજા કરીને તેના અધિકારો પર કોઈ ઘાતકી મુસલમાનોની નિમણૂક કરી પણ કરે. અથવા દંડ કરશો નહીં, અમે અમારી ફરિયાદ પાછી લઈએ છીએ, એવી રીતે ચૂપ બેસવું, એવી દુવિધા અમને પોતાને પણ થતી અને જાતે અમે પણ આવા પ્રસંગે મોટે ભાગે ચૂપ બેસતા હતા. પણ એકાદ હિંદુને વિનાકારણે અધિકારો પરથી બરતરફ કરવામાં કારણભૂત થતા નહીં.

તેમ છતાં આ બધા ઉપાયો પછી પણ ગમે તે કરતા રાજકીય બંદીવાનોના બંદીગૃહમાંનું અન્ન સુધારવું શક્ય થયું નહીં, ત્યારે છેવટે અમારું અન્ન ખાસ કરીને શાક અને રોટલી બધાના કરતાં સારી રીતે બનાવીને લાવવામાં આવતાં હતાં. પર્યવેક્ષક ક્યારેક ક્યારેક અન્ન ખાઈને જોતા. તેમને બતાવવા માટે કેટલીક રોટલી સારી રીતે શેકીને રાખવામાં આવેલી જ હોય. એ જ રાજકીય બંદીવાનોને વહેંચવામાં આવતી. એ પ્રમાણે

રાજકીય બંદીવાનોને પણ થોડુંક સારું અન્ન

મળવા લાગ્યું એ આ ચળવળ મહત્ત્વનો લાભ થયો. કારણ તે વર્ગના લોકો પર બંદીગૃહનાં ખરાબ શાકપાન અને કાચા ખોરાકનાં પરિણામ આજન્મ અતિશય કષ્ટ અને જેવાતેવા અન્નથી પરિચિત એવા, સર્વસામાન્ય બંદીવાનો કરતાં વધારે ઘાતક આવવાનાં એ કહેવાની જરૂર જ નથી. આરોગ્યપ્રદ અન્ન વિલાસ નહીં પણ જીવવાનું જ સાધન હોય છે. અને સ્વાર્થપરાયણતાનો લેશમાત્ર સ્પર્શ ના થયો હોય એવા, અને રસ્તાનો પ્રશ્ન છોડ્યા તો, પરાર્થરત થયેલા પેલા કષ્ટભોગી લોકોનો સંઘ જીવતો રહે એ સમાજના હિત માટે નિઃશકપણે વધુ લાભદાયી હતું, એવા વિશ્વાસથી અને બુદ્ધિથી જ ચળવળ ચાલી હતી. આશ્ચર્યની વાત એ કે, તે ચળવળમાં બારીના ત્રાસથી ડરીને જે ચળવળને ખાઉધરા પેટના લોકાની ચળવળ તરીકે પોતાની કાયરતાને છુપાવવા માગતા હતા, તેમને જ, રાજકીય બંદીવાનોને જ્યારે બારી સ્વતંત્ર અન્ન આપવા માંડ્યો, ત્યારે તે સરસ શેકેલી રોટલી ઉપર, રાજ બંદીવાન કહેવડાવીને અધિકાર મેળવવામાં જરાય કોઈ સંકોચ કે ખાઉધરાપણું લાગ્યું નહીં.

રાજકીય બંદીવાનને થોડા ઘણા અંશે સારું અન્ન મળવાથી ભલે એક ફાયદો થયો, તો પણ તેના લીધે તે ચૂપ બેઠા નહીં. વખતોવખત બીજા બંદીવાનોને આગળ કરીને અથવા પોતે તેના અન્નની ફરિયાદ માટે

લડીને, તેમણે બંદીવાનોના અન્નમાં પાંચ-છ વરસમાં મોટા ફેરફાર કરાવ્યા. આગળ જતાં એક પર્યપેક્ષક સારો આવ્યો અને તેના આવવાને અને તેની સારપને ટકાવી રાખવા માટે હિંદુસ્તાનનાં વર્તમાનપત્રોમાં અને કાઉન્સિલમાં આંદામાન વિષે જે ચર્ચા શરૂ થઈ તેનો પણ લાભ થયો. તેના લીધે અન્ન ધીરેધીરે સુધરતા સાધારણ બંદીવાનોનું એ કષ્ટ ખૂબ જ ઓછું થયું.

અન્ન ખરાબ, આરોગ્ય માટે ઘાતક અને કદાચ પ્રસંગે ઓછું મળવાનો જેટલો ત્રાસ થતો તેટલો જ ત્રાસ ખાવાનું જે પદ્ધતિથી બંદીવાનોને પીરસવામાં આવતું એ પદ્ધતિથી પણ થતો. કારણ જમવાના સમયે બંદીવાનોનો લાઈનમાં ભરઉનાળામાં અને વરસાદમાં પણ બેસાડવામાં આવતા હતા. કોઈપણ લાઈનની બહાર બેસી શકતા નહીં. આ ત્રાસનો વિરોધ કરવા માટે રાજ બંદીવાનોની મંડળી અન્ન થાળીમાં આવે કે ઊભા થઈને છાંયડામાં જઈને બેસતા. પેટા ઓફિસરે ગાળા ગાળી કરતા. બારી પણ આવીને પંગત છોડી તેથી ખટલો ભરતો! બંદીવાનોને પણ આડા ફાટે છે એટલે પર્યવેક્ષક સજા કરતો. પણ રાજ બંદીવાનોમાંના લડાયક લોકો ઉનાળામાં અને વરસાદમાં પંગત છોડીને છાંયડામાં જઈને બેસવાનું છોડે નહીં. જમવા પૂરતા પણ છાંયડામાં કેમ બેસવા નથી દેતા એવું પૂછતા બારી કહેતો, હું બંદીવાનોને સવલતે બેસવા દઉં તો મારા પર જ ઉપરી અધિકારીઓ બંદીવાનો સાથે ‘ભાઈબંધી’ કરવાનો આરોપ મૂકશે, અને બારીનું કહેવું સાવ ખોટું નહોતું. ઘણીવાર ભલે તે પોતે જ ત્રાસ આપતો અને એકંદેરે ભલે બારીનું નામ આગળ આવતું, ત્યારે બંદીવાનોને નિષ્કારણ અને આરોગ્યનાશક ત્રાસ આપવાની બધી જવાબદારી પૂરેપૂરી બારીસાહેબ ઉપર જ નહીં, પણ એકંદરે બંદી વિભાગના નિયમો પર જ રહેતી, એ ધ્યાનમાં રાખવું જોઈએ.

કારણ બંદીગૃહમાં જમતી વખતે બંદીવાનોને ઉનાળામાં અને ચોમાસામાં પણ મોટેભાગે બેસાડવામાં આવતા એવું ના હોઈને, બંદીગૃહની બહાર પણ જે જિલ્લામાં બારી જેવા બીજા અધિકારી હતા તે જિલ્લામાં પણ મોટે ભાગે તેવી જ હાલત હતી. એટલું જ નહીં પણ તે બહારના જિલ્લાઓમાંથી કેટલાક ભાગમાં -

ભર વરસાદમાં ઊભા રહીને બંદીવાનોને જમવું પડતું

વરસાદમાં કામ કરીને ભીનાં થઈ ગયેલાં કપડાં, ઠંડીથી આખું શરીર ધ્રુજતું હોય, એવી સ્થિતિમાં એક હાથે વરસાદથી ભીની થઈ ગયેલી રોટલી અને ભાત લઈને વરસાદથી ભરેલા દાળના વાસણમાંથી દાળ લઈને બંદીઓએ ઊભા ઊભા જ ખાવું પડતું. આવું એક વાર, બે-પાંચ વાર નહીં, કાયમી પ્રથા જ પડી ગઈ હતી!. ફક્ત જેમને બહાર જઈને સ્વતંત્ર રસોઈ કરવાનો અધિકાર મળે તેને એ કષ્ટ પડતું નહીં. પરંતુ રાજબંદી બહાર ગયા તો પણ તેમને તે અધિકાર મળવાનો નહોતો. તેથી તે બિચારા ક્યાંય પણ ગયા તો પણ એક તો આ હાલત સહન કરવી પડતી. નહીંતર તેમનામાંના જે આ હાલત સહન કરીને જીવવા કરતાં તમામ બંદીવાનોની મુક્તિ માટે લડતા રહેતા, વધારે તકલીફ થતી તો પણ સહન કરવામાં આગળ રહેતા, તેમને અધિકારીઓના રોષને પાત્ર થઈને વધારે જ તકલીફ સહન કરવી પડતી. તો પણ તેમાંના કેટલાય લોકોએ તે સહન કર્યું. અંદર પણ સહન કર્યું અને બહાર પણ સહન કર્યું. આ ઉનાળામાં અને વરસાદમાં જમવા માટે બેસનારા અને ઊભા રહીને જમનારા લોકોની પંગતને એક નિશ્ચિત સમય આપીને (અને તે કેટલો તે અડબંગ પેટા ઓફિસર નક્કી કરે) તે સમય થતાં જ પેટા ઓફિસરે બૂમ પાડતો,

ઊઠો ખાના હો ગયા, ચલો!

બસ, પેટા ઓફિસરે કહી દીધું ખાના હો ગયા, એટલે કે તે પતવું જ જોઈએ. પછી કેટલાયનું પત્યું હોય કે ના હોય. તડ દઈને બધાએ ઊભા રહી જવું જોઈએ. બચેલું પેલું અન્ન પેટ ખાલી હોવા છતાં એઠું સમજીને

કૂંડીમાં જવું જોઈએ. જો કોઈ ઊભો થયો નહીં તો અમુક નિર્દયી પેટા ઓફિસર હાથમાંની લાકડી સપાસપ ફેરવતાં એ પંગતમાં ઘૂસીને થાળી ઊડાવીને બધું વેરણછેરણ કરી દેતા. કોઈકે ઉહંકારો કર્યો કે પહેલાં માર, પાછી આજ્ઞા તોડવાની સજા. તો પણ આ બધી ધાકધમકીની ફરિયાદ ઉપરના અધિકારીઓને કંટાળો આવે ત્યાં સુધી, પહોંચાડીને, અને દલીલ કરાને આવી આજ્ઞા તોડીને રાજબંદીવાનોએ વરસોનાં વરસ બંદીવાસમાં લડત જારી રાખી. પાંચેક વરસે ધીમે ધીમે ફરક પડતાં બંદીવાનોને ભર વરસાદમાં કે ગરમીમાં ના બેસાડતા, છાંયડામાં બેસવા મળવા માંડ્યું. અડધા પેટે જ પંગત ઉઠાડી દેવાનું બંધ કરવામાં આવ્યું. બહાર પણ સ્થિતિ સુધારતી ગઈ, અંદર પણ ખૂબ જ સુધારો થયો અને છેલ્લે છેલ્લે બારીની એ બદમાશી!

કામ કે લિયે તુમ આયે હો, ખાને કે લિયે નહીં!

એ પરપોટા જેવી ગર્જના મોળી પડતી પડતી છવટે ના સંભળાવા જેવી થઈ ગઈ. બંદીખાનામાં અન્નનો અને તે ખાવાના સુધારાનાપ્રયત્નાની આ વાત પહેલાં પાંચ-છ વરસની એટલે કે લગભગ ૧૯૧૪-૧૯૧૫ વરસ સુધીની છે. તે પછી રાજ બંદીવાનોના અને તેમની સાથે મારી પણ જમવાની સ્થિતિમાં શો ફરક પડ્યો તે આગળ જાણવા મળશે જ.



પ્રકરણ - ૧૬મું

આત્મહત્યા, ભ્રમ, ધરપકડ અને બીજો અને ત્રીજો સંપ

મારા પહેલાં વરસના છ મહિના મને એકદમ કડક રીતે કોઠડી બંધ રાખવામાં આવ્યો. ખરી રીતે જોતાં બીજા કેટલાક બંદીવાનોને મહિનામાં જ જેલમાંથી આઝાદ કરીને બહાર મોકલવમાં આવતા. પણ જ્યારે બીજા બંદીવાનો કારાગૃહમાંથી બહાર મોકલવામાં આવ્યા, ત્યારે છેક અમને કોઠડીમાંથી જ બહાર કાઢવામાં આવ્યા. પણ તે પણ બીજા પ્રમાણે, માણસો સાથે ભળીને બેસવા માટે નહીં, પણ ફક્ત કોટડીના નિર્જનપણામાંથી નીકળીને દ્વાર આગળ ચાલીની શાંતિથી બેસવા માટે. બીજી બંદીવાનોને પણ તેમના કામની ટોળીમાં બેસવા દેવામાં આવતા. પરંતુ મને માત્ર ચાલીની શાંતિમાં એકલા બેસાડવામાં આવ્યા. કોઈને પણ અમારાથી બોલાવાય નહીં એવી સખત વ્યવસ્થા રાખવામાં આવી. દિવસભર તે કોઠડી આગળની શાંતિમાં એકલા બેસીને દોરડાં વાળવાનાં. સાંજે ફરીથી તે કોઠડીમાં જ એકલા પુરાઈ જવાનું, તે સવાર સુધી તેમાં બંધ રહેવાનું. આવું વરસ પછી વરસ ચાલ્યું. ફક્ત જમવા માટે બે કલાક બહાર આવવાનું, ત્યારે કંઈક માણસોમાં ભળી શકાતું.

એ વખતે મારી દિનચર્યા થાણેમાં નિયત કરેલા કાર્યક્રમની પદ્ધતિથી ચાલતી હતી. શક્ય તેટલું સાર્વજનિક હિત માટે લડતા હોવા છતાં પણ કારાગૃહના નિયમ પાળીને ક્યારેક તો બંદીગૃહની બહાર મોકલાવવાની અધિકારીઓને ફરજ પડે એટલે વસાહતમાં વધુ પરિણામલક્ષી પ્રચાર કરી શકીને, પોતાની મુક્તિની પણ કંઈક ખટપટ કરી શકાશે એ મારી પદ્ધતિનો મુખ્ય મર્મ હતો. એટલે જ, બંદીવાનો અને બંદી નિયમોની સુધારણાના મુદ્દે લડતા રહેવા છતાં જાહેરમાં મારા પર ખટલો ચલાવવાનો મોકો અધિકારીઓને મળે નહીં તેથી હું ખૂબ કાળજી રાખતો. બહાર નહીં મોકલવાનું મુખ્ય કારણ જે અધિકારીઓને મળે તે એ કે, આ બંદીવાન કામ કરવાનો ઇનકાર કરે છે. અથવા કામના ઇનકારનો અપરાધ કારાગૃહમાં સાહજિકપણે જ ખૂબ મોટો ગણાતો. હું કઠીન અથવા સરળ કોઈપણ કામ જરાય ઇનકાર નહીં કરતાં કરી લઉં છું. કારાગૃહમાં કામનો ઇનકાર કરીને જે સાર્વજનિક હિત મારાથી સાધી શકાયું તેનાથી અનેકગણું હિત મને બંદીગૃહમાંથી બહાર નીકળવાની તક મળી હોત તો સાધી શકાયું હોત. એટલું જ નહીં, પણ મારા અંતિમ છૂટકારાની તક મળવાની શક્યતા પણ બહાર જવામાં જ વધારે હતી. એ માટે બંદીગૃહમાં જે સાધ્ય તે સાર્વજનિક કાર્ય સિદ્ધ કરવાની ચળવળ છોડીને નહીં પણ તે બીજા માર્ગે જારી રાખીને જ, મારી ઉપર ખટલો ભરીને જાહેરમાં નિયમોનું ઉલંઘન નહીં કરતાં હું કામ કરતો જ હતો અને બહાર જવાની તક મેળવવાને પ્રયત્નશીલ રહેતો.

રાજ બંદીવાનોમાં જે લોકોને પહેલાં કારાગૃહની બહાર મોકલવામાં આવ્યા તે મર્યાદિત કાળની સજા એટલે આજીવન કાળાપાણી પર ના મોકલાવેલા ત્રણ-ચાર-પાંચ વરસના બંદીવાસના લોકો હતા. તેમાંના કેટલાકને બહાર ખૂબ જ અઘરાં કામ કરવાં પડતાં. તો પણ મેં તેમને આગ્રહ કર્યો કે બહાર જ રહો, તમે બહાર રહેશો તો ધીમે ધીમે આજીવન કાળાપાણીના રાજ બંદીવાનોને પણ બહાર છોડવામાં આવશે, બહાર પ્રચારકાર્ય પણ તમે વધારે કરી શકો છો, તેથી કષ્ટ પડે તો પણ સહન કરો, પણ છોડીને, ઇનકાર કરી તમને કારાગૃહમાં પાછા લાવીને ગોંધી રાખવાની અધિકારીઓને જોઈતી તક શક્ય ત્યાં સુધી આપશો નહીં, એવા મારા આગ્રહ પ્રમાણે તે અસહ્ય કષ્ટ સહન કરીને પણ બહાર જ રહ્યા. એટલામાં રાજ્યાભિષેક પછી પહેલા સંપની અસર થઈને સરકારી આજ્ઞા પણ આવી કે આજીવન રાજ

બંદીવાનોમાંથી પણ કેટલાક પસંદ કરેલા લોકોને બહાર છોડવા. તે પ્રમાણે બે-ચાર જણાને પસંદ કરીને છોડવામાં આવ્યા. તેમાં હું કે મારા ભાઈ નહોતા. એ કહેવાની જરૂર નથી જ. તો પણ આજીવન રાજ બંદીવાનોને બહાર મોકલાવી શકાય છે તેટલી વાત તેમના જવાથી સાભિત થવાથી, આજે નહીં તો કાલે આપણને પણ તે સુવિધા આપવાની ફરજ અધિકારીઓને પાડવાને એક વધારાનું સાધન મળ્યું એવું જોઈને ધીરજ રાખી બેઠો.

જે રાજ બંદીવાનો બહાર ગયા તેમાંના કેટલાક દોઢ-બે વરસ કારાગૃહમાં કષ્ટ ભોગવતા પડ્યા હતા. તેમણે મારી પહેલાં જ આંદામાનમાં આવીને કષ્ટોનો પહેલો આઘાત સહન કરવો પડ્યો હતો. તેમાંથી કેટલાક લોકોને જ્યારે તેલની ઘાણીમાં જોતરવામાં આવ્યા ત્યારે પઠાણી પેટા ઓફિસર આવીને ક્યારેક ક્યારેક તેમના નાક સામે પોતાની વાળેલી મુઠ્ઠી રાખીને કહેતા ''આ જોયું કે ? તે જો કામ પૂરું નથી કર્યું તો એક મુક્કો મારીને તારું નાક હતું, નહોતું કરી નાખીશ!'' લેખમાં જેનો ઉલ્લેખ પણ કરી શકાતો નથી એવી ગંદી (અશ્લીલ) ગાળો પણ તેમાંના કેટલાક દુષ્ટ અને નીચ પેટા ઓફિસરો દેતા. તેમાંના કેટલાક સુશિક્ષિત હતા. મોટાભાગના સભ્ય (સારા) કુળમાંથી અને સન્માનનીય ખાનદાનમાંથી આવતા હતા, અને બધા જ પરમાર્થ માટે લથડી પડે ત્યાં સુધી લડત આપવા જેટલા ઉદાર અને લોકહિત બુદ્ધિથી પ્રેરિત થઈને આવા સંકટને પણ જવાબ આપે એટલા નીડર હતા. તેમણે તેવી જ સ્થિતિમાં દિવસો પસાર કર્યા. તેમાંના કેટલાકે તો ફક્ત દિવસો પસાર કર્યા એટલું જ નહીં પણ તે સંકટ સામે અવાજ ઉઠાવીને વારંવાર તેમને કષ્ટ આપવાવાળા સામે નમવાનું પણ બેધડકપણે નકાર્યું. આવી રીતે કારાગૃહમાંથી અવધિ પૂરી કરીને તેમને બહાર વસાહતોમાં જેવા મોકલવામાં આવ્યા ત્યારે હવે તો તેમને કેટલીક સવલતો મળતા તેમને રાહત મળશે એવી અમને બધાને આશા થવા લાગી. સાધારણ બંદીવાનોમાંથી જે શિક્ષણમાં, યોગ્યતામાં અને પ્રમાણિકતામાં આ રાજ બંદીવાનોનાં પગરખાં ઊંચકવા જેટલા પણ લાયક નહોતા, તેઓ બહાર કારકૂન, લેખક, ગણક, જેવાં પદ પર નીમવામાં આવતા, અને તેમના હાથ નીચે પાંચ-દસ બંદી તેમની સેવા કરવાને પણ મળતા. ત્યારે રાજ બંદીવાનોને અધિકાર નહીં તો પણ કમ સે કમ એકાદ બુદ્ધિજીવી લેખન વગેરે કાર્ય પણ મળશે એવી એમની આકાંક્ષા અયોગ્ય હતી એવું કોઈને પણ કહી શકે નહીં.

પરંતુ તરત જ સમાચાર આવવા માંડ્યા કે રાજ બંદીવાનોને બહાર પણ અંદર જેવાં જ કઠોર કામ આપવામાં આવ્યાં હતાં. જે કામના ભયથી જડ થઈ ગયેલા બંદીવાનો પણ

ઔષધ ખાઈને બીમારી વહોરી લેતા

એવાં કેટલાંય કઠીન કામો રાજ બંદીવાનોએ કરવાં પડ્યાં. બંદીવાનોને રોજ પેદા કરતી ઔષધીઓની જાણ રહેતી. રોગ દૂર કરે તે ઔષધ તેવી સામાન્ય જગતની વ્યાખ્યાથી વિપરીત આંદામાની જગતના જીવનમાં એ વ્યાખ્યા સહજપણે જ ઊંધી થઈ ગઈ હતી.

તાવની ઔષધી છે કે ? જુલાબની ઔષધી છે કે ?

એવું એક બંદીવાને બીજા બંદીવાનને દબાયેલા અને ત્રાસી ગયેલા સ્વરે પૂછ્યું એટલે તે વાક્યનો અર્થ તાવ દૂર કરનારી ઔષધી એવો થતો નહીં. આંદામાની જગતમાં રોગની ઔષધી એટલે રોગ પેદા કરનારી ઔષધી એવો થતો. એક છોડના સફેદ મૂળિયાં ઉકાળીને લેવાથી ભયંકર તાવમાં માણસ કણસવા માંડતો. બીજા એક બી ઊકાળીને ખાવાથી લોહીનો પિત્ત શરૂ થતો. ઘામાં સોય ખોંસીને - શેમાં શું તે હું ભૂલી ગયો, ભીંજાયેલો દોરો પરોવીને રાખ્યો કે ઘા સડીને છ મહિના સડતો રહે, આ માહિતી બધાને મોઢે હતી. તે સાચી કે ખોટી એવું પૂછતા ઘણા લોકો તે પોતે અનુભવેલી હતી તેવું કહેતા. અંદર ઘાણીનાં અને

બહાર લાકડાં કાપવાનાં, જંગલ કાપવાનાં, વણવાનાં કામ, વગેરે કામના ભયથી આ બાધક મૂળિયાં અને ઔષધ ખાઈને પોતાના પગ પર પોતે જ કુહાડો મારીને, તેમાં તે ઘા સડાવનાર દોરો પરોવીને સોયથી પોતાના ગળાને વીંધીને તે લોહીના કોગળા, લોહીની ઊલ્ટી અથવા થુંકવાથી છાતીનું લોહી પડે છે, એવાં બહાનાં કરીને અથવા પોતાને લાગ્યું એટલે વકરેલું ગાંડપણ સાચું છે તેવું દેખાડવા માટે

મળ અને મૂત્ર મોંમાં નાખીને અને કદાચ ખાઈને પણ

એકવાર ડોક્ટરની સમજણ પોતે માંદા અથવા ગાંડા છીએ એવું કરાવવા માટે દોડધામ કરનારા બંદીવાનો અમારા જ શું, પણ આંદામાનમાં એક અઠવાડિયા માટે આવતાપ્રવાસીઓને પણ ધ્યાનમાં આવ્યા વિના રહેતા નહીં. ડોક્ટરને વારંવાર આ લોકો ફસાવતા. તેના ક્યારેક સાચા બીમાર કોણ એ પણ તેમને સમજાતું નહીં! આવી રીતે અપ્રમાણિકતાની આદત છોડવવા માટે આવા રોગ પેદા કરનારાને સજા કરવી તે સારું એવું લાગતા એમને ઊલટું સોટી મારવામાં આવતી. આ બધું ભલે સાચું હોય તો પણ ઝેરીલા મૂળિયાં ખાઈને જાણી જોઈને ૧૦૪/૫ સુધી તાવ ભરી લઈને તરફડતા પડવું અથવા લોહીનો રેચ થાય તે માટે ઔષધ ખાઈને પેટની વ્યથાની તકલીફ સહન કરવી એ પણ જે કામના ડરથી જડ થયેલા બંદીવાનોને પ્રમાણમાં આરામદાયક લાગે તે કામ અને પેલાં કષ્ટ કેટલાં ભયંકર અને ત્રાસદાયી હોવાં જોઈએ એ સ્પષ્ટ થતું, એ પણ નકારી શકાશે નહીં. આવી સ્થિતિમાં આખી જિંદગી કષ્ટભર્યાં કાર્યોમાં અથવા ચોરી-દરોડા જેવા વ્યવસાયમાં વિતાવનારા અપરાધીઓને પણ જે કામનાં કષ્ટ આવાં ભયંકર લાગતાં, તે કામ જ બુદ્ધિજીવી, સન્માનનીય વર્ગમાં ઉછરેલા રાજ બંદીવાનોને જ્યારે આપવામાં આવતાં ત્યારે તેમના કેવા હાલ થયા હશે એ વર્ણન કરવાની આવશ્યકતા જ નથી.

રોગ પણ ભોગ જ લાગતો

એવાં કેટલાયે કષ્ટદાયક કામ જે રાજ બંદીવાનોના નસીબમાં બંદીગૃહમાંથી બહાર નીકળ્યા પછી પણ આવ્યાં, તેમના હાલનાં કેટલાંક ઉદાહરણો તેમનાં જ શબ્દોમાં નીચે આપીએ છીએ. શ્રી ઉપેન્દ્રનાથ બેનર્જી કહે છે,

''અમારી પહેલાં ૧૮૫૭ના રાજ્ય ક્રાંતિકારીઓમાંથી જે કાંતિકારી બંદીવાનો જન્મટીપની સજા પામીને કાળાપાણીએ આવ્યા, તેમાંથી મોટેભાગના કોઈ જીવતા પાછા સ્વદેશ જઈ શક્યા નથી, આ વાત અસહ્ય કષ્ટ સહન કરી રહેલા મારા મનમાં આવતી ત્યારે મને થતું, એક દોરડું લઈને ગળે ફાંસો લગાવી દઉં અને આ કર્મ સહન કરવામાંથી હંમેશાં માટે છૂટકારો કરી લઉં! પણ મારા હાથે તે સાહસ નહીં થયું. ચૂપચાપ શક્ય તેટલી મહેનત કરીને તેલ પૂરું કરવાને ઘાણી ફેરવતા રહ્યા. એક દિવસની વાત યાદ આવે છે. સવારથી સાંજ સુધી ઘાણી ફેરવી શરીર લાકડા જેવું થઈ ગયું. હાથમાં ફોલ્લાં થઈને તે છોલાઈ ગયા. પણ તેલ ૨૦ પાઉન્ડ પણ થયું નહીં. ઊંઘ આવતી હતી. વચવચમાં પેટા ઓફિસરોની અશ્લીલ ગાળોના પ્રહાર ચાબખાની જેમ હૃદય ઉપર સટાસટ પડતા હતા. એવામાં સાંજે બંદીપાલની સામે મને ઊભો કરવામાં આવ્યો. તેણે પણ સાંભળવાલાયક ભાષામાં અમારું પિતૃશ્રાદ્ધ કરીને, માતાપિતાનો ઉદ્ધાર કરીને, તને સોટી મારવામાં આવશે તેમ ધમકાવ્યા. ત્યાંથી પાછા આવીને લોખંડની થાળીમાં ભાત લઈને ખાવા બેઠો. દુઃખ અને અપમાન પેટમાં ભડકીને ગળું રૂંધાઈ ગયું. કોળિયો ઉતર્યો નહીં. તેવામાં જ એક હિંદુ ઓફિસર દયાથી દ્રવી જઈને ચૂપચાપ બોલ્યો, ''અરે તેમને થોડો વધારે ભાત આપો. બાબુ લોકો દુઃખી છે.'' આ વાક્ય સાંભળતા જ એકદમ ચીસ પાડીને રડવું બહાર આવી જશે એવું લાગ્યું. પણ પોતાના હાથે જ પોતાનું જ ગળું દબાવી ચૂપ રહેવું જ યોગ્ય લાગ્યું. એવા વખતે એકાદ લાઠી કોઈએ પીઠ પર ફટકારી હોત તો ચાલત, પણ સહાનુભૂતિ સહન થતી નહીં!

અપમાનિત સાથે જીવવા કરતાં મરવું સારું

શ્રી ઈન્દુભુષણ રાય નામના એક યુવાનને માણેકતોલા કેસમાં ૧૦ વરસની સજા થઈ હતી. બંદીગૃહમાં રહેતા તેમને પણ ઘાણીનાં અને બીજા કષ્ટોનો રસ ચાખવો પડ્યો હતો. જે લોકો બહાર ગયા તેમાં તે પણ હતા. પરંતુ બહાર જઈને જોતાં જ તે અંદરના કામ કરતાં ઘણાં સહેલાં કામ અને કંઈક વધારે સવલતો મળવાનું દૂર જ રહ્યું, પણ તેમને અંદર જેવું જ કઠીન કામ દેવામાં આવ્યું. બહાર કોઈપણ બંદી બીમાર પડ્યો તો તે નિમિત્તે તેને બહાર કરતાં વધારે આરામદાયક દવાખાનામાં લઈ જવામાં આવતો. પરંતુ રાજ બંદીવાન બીમાર પડ્યો તો તેને બીમાર પડવા માટે પણ એકાદ અપરાધની જેમ દંડ આપવામાં આવતો. કારણ તેને તરત જ તાવ અથવા રેચ થતો હોવાથી પોતાનું બિછાનું માથા પર લઈને, પોતાની થાળી હાથમાં લઈને બે-ચાર-પાંચ માઈલ ચાલતા પાછા એની સેલ્યુલર જેલનો ભીષણ દરવાજો જોવો પડતો અને અંદર આવતાં જ કોઠડીમાં બંધ થઈને પડી રહેવું પડતું. તે ત્રાસથી ઈન્દ્રભુષણ કંટાળી ગયો. છેવટે નિરુપાય થઈને તેણે બંદીવાસ સ્વીકાર કર્યો. દંડા બેડી, હાથકડી સ્વીકારી, પણ આ કષ્ટ નહીં જ એટલે કામ કરવાનો સાફ ઈનકાર કર્યો. સજા થઈ. બંદીગૃહમાં ફરીથી તેને ગોંધવામાં આવ્યો. આવતાં જ બારી બોલ્યો, ''કેમ તું પાછો આવ્યો?! તેને શું લાગ્યું કે બહાર કામનો ઈનકાર કર્યો એટલે કારાગૃહમાં કોઠડીમાં બંધ થઈને સુખેથી પડ્યો રહીશ? છટ, જાઓ ઈસકો કોલુ મેં લે જાઓ!'' પત્યું. તેને તરત લઈ જઈને ઘાણીમાં જોતરવામાં આવ્યો! તે બરાબર કંટાળી ગયો. અમે ખૂબ સાંત્વના આપી. તને તો દસ વરસની જ સજા છે. અમને તો જન્મટીપ. તો અમને જોઈને તો મનમાં ધીરજ રાખ. સાંજે તેલ લઈને જતાં હું તેને છૂપી રીતે મળ્યો. ચાર જ શબ્દ બોલી શક્યો. તે બોલ્યો તે હંમેશાં બોલતો - છી આમ અપમાનિત થઈને જીવવા કરતાં મરી જવું સારું! મેં ફરીથી ઉપરના શબ્દો પ્રમાણે સાંત્વના આપતાં એને કહ્યું, સ્વદેશ માટે સ્વાર્થ, પ્રાણનો ત્યાગ કરવો જેમ કર્તવ્ય, તેમ જ બંધુ! માનનો પણ ત્યાગ કરવો કર્તવ્ય જ છે. તું હજી પચ્ચીસની આસપાસ મારા જેવડો જ છે. અને મારા કરાતં તારા છૂટવાની આશા પુષ્કળ છે. તો ધીરજ રાખ. બધા કષ્ટ સહન કરીને જીવ, જેથી આગળ છૂટતાં જ ફરી દેશમાતાની સેવા કરી શકાય, એવી ઉતાવળે ચાર શબ્દોની વાતચીત થઈ. બે ચાર દિવસ કાઢ્યા. રોજ સાંજે પરસેવાથી રંબઝેબ થયેલા અંગ ઉપર પીસેલા ટોપરાની ભૂકી વાળથી છેક પગ સુધી ચોંટેલી, પગમાં બેડી ખડખડ થાય. વીસ-વીસ પાઉન્ડ તેલની બાલદી ઉંચકીને અને ખભા ઉપર ભૂકીને સાફ કરતો ઉઘાડા શરીરે ચાલતો ઈંદુ મને દૂરથી દેખાતો હતો. અમે બધા જ તેમ ચાલીને આવ્યા હતા! તે એક દિવસે સવારે કોઠડી ઉઘાડી હું જ્યારે બહાર નીકળ્યો તો વોર્ડર ચૂપચાપ મને કહેવા લાગ્યો કે કોણે કહ્યું છે એમ પૂછતાં મારું નામ નહીં કહેતા પણ

ઈંદુ કાલે ફાંસી ખાઈને મરી ગયો!

છક્ક થઈને હું ઊભો રહી ગયો. હજી કાતે સાંજે જ હુષ્ટપુષ્ટ શરીરવાળો જે યુવાન કોઠડીમાં વાત કરતાં કરતાં અંદર ગયો. સવારે ઊઠીને જોતા જ તેણે પોતાના જ કપડું ફાડીને તેમાંથી દોરડું બનાવીને ફાંસી ખાધેલો, ડોકું લટકી ગયેલું, જીભ નીકળેલી, બંને પગ ઢીલા લટકતા, એવા ફાંસા પર ટિંગાઈને ઉપરની બારીએ મૃત લટકે છે. તે સ્વમાની યુવાનને અપમાનભર્યા જીવન કરતાં મરણ વધારે સુખદાયી લાગ્યું.

જ્યાં ને ત્યાં કાળી છાયા પ્રસરેલી લાગવા માંડી. તે જેલમાં આવી રીતે ફાંસી ખાઈને કોઈકને કોઈક સરેરાશ બે મહિને એકાદ તો મરતો જ હતો. પણ રાજબંદીઓમાં તે પહેલો જ જે ફાંસી ખાઈને મર્યો. મન કહેવાં માંડ્યું, તારી પણ એક દિવસ આવીજ ગતિ થશે. દસ વરસને કંટાળીને તે મર્યો. તને તો પચાસ વરસની સજા છે એટલે મર્યા વિના તારો છૂટકો જ નથી.

પરંતુ આ દુઃખદ વિચારમાં ઉદાસીન થઈને ઝાઝું ધૈર્ય રાખીને બેસવાની બારીસાહેબે પૂરતી ફુરસદ આપી નહીં. કારણ બે-ત્રણ કલાકમાં જ વાત મળી કે ઇન્દુભુષણે કષ્ટથી કંટાળીને આત્મહત્યા કરી એ છૂપાવીને બારીએ ચોકસાઈથી ઊલટું એવું સાબિત સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો કે, ઈંદુએ ગાંડપણને લીધે અથવા આપસના ઝઘડાને લીધે આત્મહત્યા કરી. ઈંદુએ મરતી વખતે પોતાના ગળામાં એક ચિઠ્ઠી બાંધી હતી. તે ચિઠ્ઠી બારીએ જ લખાવી નાખી હતી તેવું ત્યાં હાજર મોટાભાગના બંદીવાનો કહેતા હતા. પેલી ઈંદુભૂષણની લખેલી ચિઠ્ઠી લખાવીને બારીએ પોતાના મળતિયાઓ મારફત વાત પ્રસરાવી કે ઈંદુ જેલના કષ્ટથી મર્યો એ ખોટું છે. થોડી જ વારમાં વ્યવસ્થિત તપાસ કરવા માટે ઉપરના અધિકારી આવ્યા હોઈને, તેમની સમક્ષ સાક્ષીમાં બારીએ રાજબંદીવાનોમાંથી તેની હામાં હા મિલાવવાના સોગન લીધેલા એક-બે સાક્ષીદારોના મોઢે, 'ઈંદુ માથું ફરી ગયાથી મર્યો, કષ્ટ અસહ્ય થવાથી મર્યો એવું કહી શકાય નહીં,' એવું કહેવાની ફરજ પાડી. પણ અહીં સંદેશા પર સંદેશો મોકલાવીને મારા વિભાગના રાજ બંદીવાનોએ ઈંદુની ફાંસીનાં કારણ આકસ્મિક ગાંડપણ કે આપસના ઝઘડા નહીં પણ અસહ્ય કષ્ટ ત્રાસ અને આશા-શૂન્યતા જ છે. એવી બધાને ખાતરી કરાવી, અને ગમે તેમ કરીને બારીના ડરથી ગભરાઈ ના જનારા એક રાજ બંદીવાનનું નામ સાક્ષીદારમાં આવતાં જ, તેની પાસે ઈંદુનાં કષ્ટોની માહિતી અધિકારીઓ સમક્ષ રજૂ કરાવી. અલાહાબાદનાં સ્વરાજ્ય પત્રના સંપાદકોમાંના જે ત્રણ-ચાર લડાયક અને નિર્ભય યુવાનો રાજ બંદીવાનોમાં હતા, તેમાંથી પણ એક જણે સાક્ષી આપી. અને ભય અને ધાકધમકીને ગણકાર્યા વિના, ઈંદુ કષ્ટથી કંટાળીને મર્યો એવું સ્પષ્ટ કહ્યું. ઈંદુ સાથે મારી થયેલી વાતચીત હું બધાને કહેતો હતો. પણ મને બારી મને સાક્ષી આપવા માટે તપાસમાં બોલાવે જ નહીં. સાંજે માત્ર મારી પાસે બારી આવ્યો અને મને કહેવા લાગ્યો કે, ઈન્દુએ જાતે ચિઠ્ઠીમાં અંદરોઅંદરના ઝઘડાને લીધે મર્યો એવું લખેલું છે. એટલે જ કહું છું, ત્યારે મેં કહ્યું, તો પછી.

તે ચિઠ્ઠી કેમ આગળ ના કરી ?

તપાસમાં તર્ક વધારવા કરતાં આ પ્રત્યક્ષ પૂરાવો તમારી વાતનું સમર્થન કરનારો હોવાથી તમે તે કેમ આગળ કર્યો નહીં ? હજી પણ મને તે ચિઠ્ઠી બતાવો. બે-ત્રણ દિવસ પહેલાં સ્વયં ઈન્દુની મારી સાથે થયેલી પ્રત્યક્ષ વાતો અને, ''આપણે બાપા આવી હાલતમાં દસ વરસ જીવવા માગતા નથી,'' એ બીજાનાં સંકટોમાં તેના મોઢે અનેકવાર નીકળેલા ઉદ્‌ગાર અમને ખબર હોવા છતાં તમે કહો છો કે એકાએક તેનું માથું ફરી જવાથી તે મરી ગયો, તો પણ પ્રશ્ન એ રહે છે કે કયાં કારણસર તેનું માથું ફરી જાય એટલો તે અશક્ત અને ક્ષીણ થયો ? તેનું માથું કે જેણે ભયંકર ષડ્યંત્ર કર્યાં, ફાંસી, કાળાપાણી, વિશ્વાસઘાત, બંદીશાળા, બંદીવાસ વગેરે આઘાતને હસતા હસતા સહન કર્યા અને ક્યારેય માથું ફરી જવાનું અથવા ચીડાવાનું એક પણ ચિહન અનેકવાર સાથીદારો સાથે ચાલતી સાહજિક ચર્ચામાં ક્યારેય વ્યક્ત કર્યું નહીં. કોઈપણ દેશના રાજબંદીવાનો સંકટમાં જ જે ખટપટ થતાં સહજ જે થતા એવા કેટલાક મતમતાંતર વગેરેની ચર્ચા અમારા રાજબંદીવાનોમાં પણ ચાલતી. જે ચર્ચાનું પરિણામ તે ચર્ચામાં ભાગ લેનારા કોઈના પર પણ થયું નથી. એનું જ પરિણામ ઈંદુ જેવા હંમેશાં વિવાદની હટિયાપટ્ટી સહન કરેલા મજબૂત મનના યુવાન પર થાય એટલું તેમનું મન દુર્બળ કોણ કર્યું, તેનું કારણ શું ? એટલે જ અસહ્ય થયેલાં કષ્ટ! જેલમાંનાં કષ્ટ! બહાર ગયા ત્યાં પણ કષ્ટ અને યાતના. ફરીથી કામ નકારીને અંદર આવ્યા તો ઘાણઈએ દત્તની જેમ ઊભા! તેથી જ તે ફાંસી ખાઈને મરીશ એવું ચોખ્ખું કહેવા લાગ્યો. અને તેથી જ મર્યો. તેનું મગજ ફરી ગયું એવું કહેવું હોય તો મગજ કેમ કરી ગયું એ પ્રશ્ન આવતાં ફરીથી એ સત્ય જ તમારે માન્ય કરવું પડશે! આવી રીતે મારું બારીસાહેબ સાથે બોલવાનું થયું. સાહેબને મારી ઉપર ગુસ્સો હોવાનાં જે અનેક કારણો હતાં તેમાનું આ એક મહત્ત્વનું કારણ હતું કે, મેં ઈંદુની ફાંસીની જવાબદારી કારાવાસના રાજ બંદીવાનોને ભોગવવી પડતી યાતના છે એનું સ્પષ્ટપણે સમર્થન કરી રહ્યો હતો. બાકી તે ભયંકર

પરિસ્થિતિમાં બારીની ધાકથી જેઓ મોઢામાં મગ ભરીને શાંત બેસવાનું ધૈર્ય પણ નહીં દેખાડતા ઈંદુ કારાવાસની યાતનાથી ફાંસી ખાઈને મર્યો નથી એવું કહ્યું, તે પણ તે ડરામણી પરિસ્થિતિ બદલાતાં જ આજે જાહેરમાં, ઈંદુ કષ્ટથી કંટાળીને મર્યો અને તેની જવાબદાર જે યાતના રાજબંદીવાનોએ સહન કરવી પડતી તે યાતના આપનારી પદ્ધતિ જ છે, એવું જ કહે છે. ભયજનક અવસ્થામાંથી પારપડ્યા પછી પણ ભલે પણ તેમણે એ સત્ય કહ્યું એટલું સારું કર્યું. નહીં તો ડર લાગે છે એટલે પહેલાં સત્ય નહીં બોલનારા, અને પહેલાં સત્ય બોલ્યા નહીં તો હવે કેવી રીતે બોલવું, એવો દૂરાગ્રહ રાખીને, ડર દૂર થયા પછી પણ પહેલા કહેલા અસત્યનું જ સત્ય તરીકે સમર્થન કરનારી અપ્રમાણિકતા પણ જેવીતેવી હોતી નથી.

ઈન્દુભુષણ પાસે જે પુસ્તકો મળ્યાં હતાં તેમાં એક થિઓસોફીનું પુસ્તક હતું. યેનકેન રીતે ઈંદુભુષણ કારાવાસની યાતનાથી મર્યો નથી, એ નિરીક્ષક, ચીફ કમિશનર વગેરે ઉપરી અધિકારીઓના મનમાં ઠસાવીને હિંદુસ્તાન સરકાર પાસે પોતાના કારાગૃહની કાગારોળ જવી જોઈએ નહીં તે માટે છેવટે બારીની જાત એ હદે ગઈ કે તેણે એવુ પણ સમર્થન કરવાનું શરૂ કરેલું કે થિયોસોફીનું પુસ્તક જ ઈંદુની ફાંસી માટે જવાબદાર છે! કારણ તે પુસ્તકથી બુદ્ધિ ક્ષીણ થાય છે અને મનુષ્ય નાક રાખવાના વ્યસનમાં ફસાઈને પાગલ થાય છે! બારીસાહેબના આ આખરી વિવેચનમાં હિંદુસ્તાન સરકારને કેટલી સમજણ પડી હશે તે કહેવાય નહીં. પણ ઈંદુની દેશ પ્રત્યેજી ભાવના મુજબ તપાસ કરો એવી જિદ પકડી હોવાથી આ પ્રકરણનો વાદ તે વખતે અને ત્યાં જ પૂરો થયા જેવું થયું. પત્યું. ઈંદુ ફાંસી પર ગયો તે આઘાતથી જે જીવતા રહેલા તે પણ પોતાના દિવસ ક્યારે પૂરા થાય એવું ગણવા માંડ્યા.ઈંદુની ફાંસી વિશે તમે કેટલો પણ ઘોંઘાટ કર્યો પણ મારું શું બગડ્યું, કહેને પોર્ટ બ્લેરનો અડબંગ પરમેશ્વર જાહેરમાં ડિંગ મારવા લાગ્યો. રાજ બંદીવાનોને એકપણ અસહ્ય કષ્ટ સહન કરવાં ના પડતાં હોઈને તેમની સ્થિતિ આંદામાનમાં શક્ય એટલી સુસહ્ય જ છે એવા રિપોર્ટસ પણ જવા-આવવા લાગ્યા, ત્યાં જ ફરી એક ભયંકર દુર્ઘટના થઈ.

બદનસીબ ઈંદુને પોતાનો ઈતિહાસ જગતને કહેવા ના મળ્યો. પણ આ બીજી દુર્ઘટના જે મુદ્દે થઈ તે બીજા રાજ બંદીવાન

ઉલ્લાસકર દત્તે

સદ્નસીબે બાર-તેર વરસ પછી છૂટીને આવ્યા પછી પોતાનો વૃત્તાંત યાદ આવ્યો તેટલો લખ્યો છે. તેથી તેમની થોડી માહિતી તેમના જ શબ્દોમાં જાણી લો. આ માણેકતોલા કેસના યુવાનના મુદ્દે આંદામાનમાં તેમની ઉપર કામનો ઈનકાર કર્યો તેનો કેસ ચલાવનારા મેજિસ્ટ્રેટે પણ આવા ઉદ્દગાર કાઢ્યા હતા કે, ''Ullaskar is one of the noblest boys i have ever seen, but he is too idealistic,'' આવા આ 'ઉદ્દાત યુવાન'ની તે કઠોર કારાગૃહમાં કેવી દુર્દશા થઈ તે તેમના જ શબ્દોમાં જાણી લઈએ -

મને આપણા હિંદુસ્તાનમાં તેલની જે ઘાણી હોય તેવી એક ઘાણીમાં જોતરવામાં આવ્યો. એક બળદ દિવસભર ઘાણી ફરતે ફરીફરીને વધારેમાં વધારે ૧૬ પાઉન્ડ સરસવનું તેલ કાઢતો. પરંતુ આંદામાનમાં બળદની જગ્યાએ માણસો ઘાણીમાં જોતરવામાં આવતા. તેમની પાસેથી એ જ તેલ રોજનું ૮૦ પાઉન્ડ જેટલું પીસાવી લેવામાં આવતું હતું. ત્રણ માણસો ઘાણીમાં જોડેલા રહેતા. જમવાની થોડીક મિનિટ છોડીને સવારથી સાંજ સુધી તે માણસો ઘાણીમાં બળદની જેમ સાવધાની સાથે નહીં પણ એકધારા દોડતાં દોડતાં ફેરવતા. નહીં તો તેલ પૂરું થશે નહીં એનો ડર. જો એકાદ જણ આળોટવા લાગ્યો કે સોટી લઈને પાસે જ ઊભેલા પેટા ઓફિસરના દંડાનો ફટકો પીઠ પર પડ્યો જ સમજો. અને આ ફટકાથી પણ જો કોઈ હોંશમાં ના આવ્યો તો તેને હોંશમાં લાવવાની બીજું ઉત્તેજક દવા એટલે તે પડેલા બંદીને ઘાણીના દાંડા સાથે હાથ-પગ બાંધીને બાંધી નાખવો! અને બીજાને દોડવાનું કહેવાનું. એટલે એ માણસ ભોંયભેગો થઈને, તેનું શરીર લોહીલુહાણ થઈને, માથું ધડાધડ અફળાતું અને મોઢું ભાંગી જતું. મેં પ્રત્યક્ષ આવા

બનાવ જોયા છે. અરેરે, માણસની કેવી સ્થિતિ માણસે જ કરી છે. હું આવી આ ઘાણી ફેરવીને સાંજે થાકીને જ્યારે કોઠડીમાં પુરાતો ત્યારે મને હું કાલે સવારે પાછો ઊઠી શકી એવું લાગતું નહોતું. તો પણ જાગીને પાછો જોતરવામાં આવતો. પાછો ઊઠતો, પાછો જાતરવામાં આવતો, માથે પડેલા ત્રાસને શક્ય ત્યાં સુધી જવાબ દેશું... પરંતુ અમારી સાથે આવેલા સામાન્ય બંદીવાનોને છ મહિને નિયમ પ્રમાણે જેલમાંથી બહાર મોકલવામાં આવ્યા. બીજી ટોળીઓની ટોળી આવતી. છ-છ મહિના બંદીગૃહમાં રહીને બહાર છૂટી જતા પણ અમે માત્ર ત્યાં અંદર જ, ગોંધાયેલા રહેતા. વરસોનાં વરસ ત્યાંના ત્યાં! આખરે એક દિવસ કારાગૃહમાંથી અમને બહાર મોકલવાનો હુકમ આવ્યો. પરંતુ તે છૂટકારો ફક્ત આગમાંથી નીકળીને જ્વાળામુખીમાં પડવા જેવો હતો. કારણ બહાર ગયા પછી મને જે જિલ્લામાં મોકલાવવામાં આવ્યો, તેમાં ઈંટનું કામ મને આપવામાં આવ્યું. એનો અર્થ મારે સવારથી બપોર સુધી ભીની ઈંટો લાવી-લઈ જઈને સતત દોડવાનું હતું. આ કામ સાધારણ બંદીને પણ એટલું કંટાળાજનક અને થકાવી નાખનારું લાગતું કે તે કામ પર તેઓ રહે એ માટે થોડા દૂધની લાલચ પણ તેમને આપવામાં આવતી. પરંતુ એ દૂધ બંદીવાનના થાળીમાં પડ્યું કે તેની પર પેટા ઓફિસર અથવા ટંડેલનો ડોળો પડ્યો જ. એ દૂધ મને પણ મળવા માંડ્યું, પણ હું આજુબાજુ ના જોતાં તે ગટગટાવી જતો. થોડા દિવસ જતાં મેં પ્રાસદ આપ્યો નહીમ તે જોઈને ટેડેલનો ગુસ્સો પારાવાર વધ્યો. બીજા બંદીઓનું દૂધ તેને મળતું તેથી તેણે મારી બદલી જે કામમાં દૂધ મળે નહીં ત્યાં કરી નાખા. પછી મારી નિમણુક એક અત્યંક કષ્ટદાયક કામ ઉપર થઈ. એક ઊંચી અને લગભગ સાધી ટેકરી પર બે ડબ્બામાં પાણી ભરીને તે ડબ્બા લાકડીમાં બાંધીને તે કાવડ, ઉપર સાહેબોના બંગલા પર લઈ જઈને પહોંચાડવાની. તે મણકાનું દરદ, તે ટેકરીનું ચઢાણ. દરેક મિનિટે પગ લપસીને નીચે પડીને મરી જવાનો ડર! પાણી ભરીને થાક્યો તોય ખાસ્સા દિવસ તેમ જ વેંઢાર્યે રાખ્યું. હવે સ્વાસ્થ્ય માટે તે અસહ્ય થયું. ત્યારે કામનો ઈનકાર કર્યા સિવાય છૂટકો જ નહોતો. જીવ ત્રાસી ગયો અને એક દિવસ ચોખ્ખું કહી દીધું કે હું કામ કરીશ નહીં જાવ, જે કરવું હોય તે કરો! કેસ થયો. મેજિસ્ટ્રેટ ખૂબ સમજાવવા લાગ્યા. થોડા દિવસ હોસ્પિટલમાં આરામ કરવા કહ્યું. પણ આજ સુધીના ભોગવેલાં બધાં કષ્ટ પછી મને ખાતરી થઈ ગઈ હતી કે અમે રાજ બંદીવાનો ગમે તેટલું કામ કરશું તો પણ અમને બંદીવાસમાં કોઈ સુવિધા મળવાની નથી. જેટલું રોળાશું એટલું વધારે જ રોળાવું પડશે. પછી હું શું કામ રોળાવું? તેઓ મારા શરીર ઉપર અધિકાર ચલાવતા હતા. પણ મારા મન પર, મારા આત્મા પર, મારા હોવા છતાં શું કામ તેમની સત્તા ચાલવા દઉં? હું મારા દેહને ગુલામ કરવાનું કામ મારા જીવતેજીવત તો નહીં જ થવા દઉં, એવો મનોમન નિશ્ચય કર્યો. મને ત્રણ મહિના વધારે સખત સજા થઈ. મને કારાગૃહમાં ફરીથી બંધ કરવામાં આવ્યો. તે જ તે કષ્ટમય કારાગૃહ - દરવાજા પાસે જ બારી ઊભો. જોતા જ બરાડ્યો, ''સાંભળી લે, આ બહારનું મેદાન નથી, કારાગૃહ છે. શિસ્ત તોડશો, કામ કરશો નહીં તો ચાબૂક મારીશ. ચાબૂક કેવી? એક એક ફટકાથી એક એક ઈંચ ઊંડો ખાડો તારા માંસમાં પાડે તેવી. એવી ૩૦ ચાબુક મારીશ.'' મેં જવાબ આપ્યો, ''તમે મારા કટકેકટકા કરો. હું કામ કરવાનો નથી. કારણ તમારું કામ કરવું અનૈતિક છે એવું મને લાગે છે!'' પત્યું. બંદીપાલે મને તાત્કાલિક આઠ દિવસ હાથકડીમાં લાવીને લટકાવવા કહ્યું - એટલામાં એક જ ક્ષણમાં મારી સમક્ષ એક ચમત્કારિક દ્રશ્ય આવ્યું. (હું અત્યારે ભાસ થયો તેમ કહું છું, પણ ત્યારે મને આ એકદમ સાચુકલી ઘટના લાગી હતી) બંદીપાલ બારીએ મને કહ્યું, તેં મારું અપમાન કર્યું છે. ચાલ હું...

તારી સાથે દ્વંદ્વયુદ્ધ કરું છું

તારા વતી જે પ્રતિનિધિ હોય તેને બોલાવ. મને લાગે છે તારો પક્ષ લઈને સાવરકર દ્વંદ્વયુદ્ધ કરશે. આવું કહીને તેણે સાવરકરને ટેલિફોન કરીને બોલાવ્યા. સાવરકર હંમેશાં દેખાતા તેનાથી પણ થોડા વધારે કૃષ શરીરની એક વ્યક્તિ આગળ આવી. બંદીપાલે તેને પૂછ્યું, ''ઉલ્લાસનો પક્ષ લઈને શું તમે દ્વંદ્વયુદ્ધ લડશો કે?'' તેમણે કહ્યું, ''હા.'' તરત જ બંદીપાલ બારીએ, તેમણે પૂછતાં જ એક હાથમોજું આહ્વાન કરવા

સામે કર્યું અને એક હથિયાર સાવરકરને આપ્યું. એ વખતે હું મારા ઉમેદવાર અને બારીના દ્વંદ્વયુદ્ધને ઉત્સુકતાથી જોઈ રહ્યો. અને જ્યારે

બારી અને સાવરકરનું પેલું સશસ્ત્ર દ્વંદ્વ યુદ્ધ

ચાલતાં ચાલતાં અમારા પક્ષનો વિજય થઈને બારીના મોઢા સાવરકરે એ હાથમોજું પહેરેલો એક મુક્કો મારતાં જ બારીનું મોઢું ઉતરી ગયું. ત્યારે મને અદ્‌ભુત આનંદ થયો. એટલામાં હું ભાનમાં આવ્યો. તે દ્રશ્ય વીખેરાઈને હું હાથકડીમાં જઈને ઊભો રહ્યો! મને ફરીથી હાથકડીમાં ઊભો કરીને, હાથ એમાં ભરાવીને, તેને તાળું લગાવીને લટકાવી નાખ્યો. ત્યારે જ મને તાવ આવતો હોય તેવું લાગ્યું. ભીંતે ટેકો આપીને હું તેમ જ ઊભો રહ્યો. સામેથી સૂર્યનાં કિરણો મને જાણે તપાવી રહ્યાં હતાં. મારો તાવ વધતો ગયો. મને કોઈક ઝેરીલી દવા પરાણે પીવડાવી રહ્યા હોય એવુ લાગવા લાગ્યું... આ અદ્‌ભુત દ્રશ્ય પછી મને ફરી બધું ભેંકાર ભાસવા માંડ્યું. ત્યાં જ ડોક્ટર આવ્યા. મને ખૂબ ઠંડી લાગી રહી હતી. તાવ ૧૦૭ હતો. હું હાથકડીમાં ધ્રૂજી રહ્યો હતો (આ પહેલાં તને તાવ ચડ્યાના સમાચાર બે વાર કાર્યાલયમાં પહોંચાડવામાં આવ્યા હતા. પરંતુ તેને હાથકડીમાંથી છોડવાની આજ્ઞા આપવામાં આવી નહોતી) પછી મને હાથકડીમાંથી કાઢવામાં આવ્યો કે મુક્ત કરવામાં આવ્યો. હું લગભગ બેહોશ થઈને પડ્યો અને મને ભયંકર તાણ આવવા લાગી...

તે બપોરનો સમય હતો

ઉલ્લાસકર હાથકડીમાં ઊભો છે એટલી અમને બધાને ખબર હતી. પરંતુ તેના ઉપર વર્ણવેલા કથન પ્રમાણે તેમને અદ્‌ભુત આભાસ થવા જેટલા તેમના જ્ઞાનતંતુ દુર્બળ થઈને તેમની ઉપર તાવની નિશા ચડતી ગઈ હતા, અને તો પણ તે હાથકડીમાં જ હતા એનો અમને અંદેશો પણ નહોતો. અમે કોટડીના દ્વારે સહજ ઊભો હઉં ત્યાં જ -

એકાએક કર્કશ ચીસો અને દોડધામનો કોલાહલ

સંભળાયો. પેટમાં ધ્રાસ્કો પડ્યો. આવો કોલાહલ અને ચીસ આંદામાનના કારાગૃહમાં વારંવાર સાંભળવામાં આવતો હોવાથી તેનો ભયજનક અર્થની સામાન્ય રીતે બધાને ખબર હતો. કોઈક બંદીને 'સીધો કરવા' માટે તેની ઉપર એકાએક પાંચ-દસ વોર્ડર, પેટા ઓફિસરોએ હુમલો કરીને તેને કોઠડીમાં પૂરીને તેને બેફામ મારતા અને પછી બધાએ ચાલ્યા જઈને સાક્ષી સુધી કોઈને સપડાવાનું નહીં, તે પ્રકારની ચીસોનો અર્થ હતો. ત્યારે પેટમાં ધ્રાસ્કો પડ્યો કે આજે એકાદ રાજકીય બંદીવાનને જ તો 'સીધો કરવામાં' નથી આવતો ને ?

બારી અને પેટા ઓફિસર ઘણીવાર જાહેરમાં કહેતા, એકવાર રાજબંદીમાંથી એકબે મસ્તીખોરોને 'સીધા કર્યા' એટલે અહીં એમની બધી ચળવળ અને અક્કડ હતી ન હતી થઈ જશે. વોર્ડરને પૂછ્યું, ''ચીસો ઊઠી છે. શી ગડબડ છે?'' તે બોલ્યો, ''મને ખબર નથી.'' અંતઃકરણની આરપાર થઈ જાય એવી કરુણ, આક્રંદભરી ચીસો એકધારી સંભળાવા લાગી. પાંચ નંબરના ભાગમાંથી કોઈકને ઉપાડીને પાંચ-દસ જણ દવાખાનામાં લઈ જઈ રહ્યો છે, તે ચીસ પાડી રહ્યો છે, પછડાઈ રહ્યો છે, બૂમાબૂમ ચાલી રહી છે! એટલામાં એક વોર્ડરે દોડી આવીને હળવેથી કહ્યું કે

ઉલ્લાસકર ગાંડો થઈ ગયો !

હા! ઉનાળાની ગરમીમાં તપતાં અંગોમાં તાવ ૧૦૭ ડીગ્રી સુધી ચડ્યો હોવા છતાં હાથકડીમાં હાથ બાંધીને ઊભા કરેલા ઉલ્લાસકરના જ્ઞાનતંતુ - જે પહેલાંનાં વરસોનાં વરસ કારાવાસનાં કષ્ટને લીધે ભ્રમણા થવા માંડે તેટલા પહેલેથી જ નબળા થયા હતા - તે સુન્ન થઈને તેને ઉન્માદ ચડ્યો. શરીરમાં ભયંકર તાણ આવીને એ દસ જણથી પણ સચવાય નહીં. જેમતેમ તેને દવાખાનામાં ડોક્ટર લઈ આવ્યા. ઉલ્લાસકર સ્વભાવે એકદમ રમૂજી હતો. તેને ફાંસીની સજા થઈ ત્યારે પણ તે હસતા હસતા મજાક કરતો હતો. તેની આ રમૂજ ગાંડપણમાં પણ તેને છોડે નહીં. આખી રાત કરુણ ચીસો પડતી રહી. અસહ્ય યાતના સહન કરતાં પણ તે અલગ અલગ પ્રકારનાં પક્ષીઓના અવાજ કાઢીને ઉન્મતપણે હસતો હતો. આમ

તે રાત્રે અમને ઊંઘ કેમેય આવી નહીં !

આવો રમૂજી, હસતોરમતો ઉલ્લાકર - ફાંસીની સજા સાંભળીને પણ હસનારો નિર્ભય, રમૂજી ઉલ્લાસકર ગાંડો થઈ જાય તેવાં કષ્ટ આપણું આ શરીર કેટલા દિવસ સહન કરી શકશે - આપણા આ જ્ઞાનતંતુ પણ કેટલા દિવસ આ તાવ સહન કરી શકશે ? એવી શંકા દરેક જન્મટીપના રાજબંદીઓને વિચલિત કરી નાખીને ઉલ્લાસકરની દરેક ચીસથી પેટમાં ધ્રાસકો પાડવા માંડી. છતાં પણ અધિકારી આવીને તપાસ કરીને હવે તો તેની સાથે સલૂકાઈપૂર્વક વર્તવામાં આવશે, એવી આશા તે રાતે થોડીઘણી લાગતી હતી. પણ સવારે ઊઠીને જોઉં છું તો તે દવાખાનામાંથી ક્યારેય ના સાંભળ્યો હોય એવો કર્કશ, આક્રંદ સંભળાવા લાગ્યો. ઓ મા! ઓ મા! (અગ આઈ) એવી બંગાળી ચીસો હૃદયદ્રાવક રીતે કાન બહેરા કરી નાખે તેમ એકધારી સંભળાવા માંડી. થયું તો શું ? કોઈકે કહ્યું, ઉલ્લાસકર સાચે જ ગાંડો થયો છે કે ઢોંગ કરે છે એ જોવા માટે તેને અધિકારી 'શોક (વીજળીના ઝટકા)આપે છે' મને એ વાત અશક્ય લાગી. પરંતુ તે ખરૂં કે ખોટું એ પોતે કહેવા કરતાં ઉલ્લાસ બાબુના પ્રસિદ્ધ થયેલા પુસ્તકમાંથી તેમની જ ભાષામાં સાંભળી લો.

એ (બેભાન) અવસ્થામાં અને યાતનામાં પણ મને યાદ આવે છે કે મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટે મને વીજળીની પેટી લાવીને કરંટ આપ્યો તે યાતના મારાથી સહન ના થઈ, ઝટકા પર ઝટકા આપતાં જ તે કરંટ મારા શરીરમાં ફેલાવા લાગ્યો. તેનો પ્રવાહ મારા શરીરમાંથી સ્નાયુઓથી સ્નાયુ, ધમનીથી ધમની તંતુથી તંતં અત્યંત ક્રૂરપણે તારતાર થઈ રહ્યાં છે કે શું એવું લાગવા માંડ્યું. મારા શરીરમાં ભૂત પ્રવેશી ગયું કે શું એવું મને લાગવા લાગ્યું, અને જે અશ્લીલ શબ્દ મેં મારા જન્મારામાં ક્યારેક ઉચ્ચાર્યો નહીં તે હું યાતનાનાને લીધે ઉચ્ચારીને બૂમો પાડી રહ્યો હતો. પછી સંપૂર્ણ રીતે બેભાન થઈને પડી ગયો, એ તેમ જ

ત્રણ દિવસ-રાત સંપૂર્ણ બેભાન સ્થિતિમાં

પડ્યો હતો એવું મને ભાનમાં આવ્યા પછી મિત્રોએ કહ્યું.

તેમને, અમારા મિત્રોને તો મરી ગયો એવું જ લાગ્યું. તેવી તેમની ભયાનક બૂમો વીજળી આપતી વખતે તેમણે પાડી હતી. તે વીજળીના ઝટકા શા માટે આપવામાં આવ્યા ? તેમના તાવ ને લીધે કે તેમના પાગલપણાને લીધે વીજળી આપવી એ દવા છે કે શું ?

તે પછી જ્યારે આઠ-દસ દિવસે ઉલ્લાસકર ફરી કદાચ ભાનમાં આવ્યો, તે વખતે તેમને તેમના પ્રિયજનો-કુટુંબીઓના સાદ સંભળાવા માંડ્યા. ગાંડપણમાં તેમને લાગ્યું કે જાણે તે બધા વ્યાકુળ થઈને તેમના નામના સાદ પાડે છે. તેમને થયું કે તેઓનાં બધાં દુઃખોનું કારણ હું જ છું. હાય! હાય! અરે! અરે! હું

કેવો પાપી, અપરાધી કુળનું નામ ડૂબાડનારો નીકળ્યો. આવું પ્રાયશ્ચિત કરીને તેણે બંદીગૃહમાનું પોતાનું પાથરણું ફાડીને દોરડું બનાવ્યું અને જે ઓરડીમાં તેને પૂર્યો હતો તેની પાછળની બારીએ, જે બારીએ લટકીને એવા સેંકડો ત્રસ્ત લોકો જીવ આપી દેતા ત્યાં જ લટકીને

ફાંસી ખાવા માટે પોતાની ડોક તે દોરડામાં ભરાવી

તેવામં સદ્નસીબે પહેરેદારે તેને પકડ્યો, એવો ભાસ થતાં જ ઉલ્લાસ નીચે ઉતર્યો. જેણે તેને વીજળીના શોક આપ્યા તે સુપરિન્ટેન્ડન્ટ પણ કોણ જાણે કેમ તે વખતે જ રજા લઈને નીકળી ગયો અને બીજો એક નિરિક્ષક આવ્યો. તે રાજ બંદીવાનોમાં જ નહીં પણ બધે જ ખૂબ નિષ્પક્ષ તરીકે જાણીતો હતો. તેણે બીજા દિવસે ફાટેલું પાથરણું જોઈને અને ફાંસી ખાવાની વાત સાંભળીને ઉલ્લાસને થોડો ઠપકો અને થોડી ધીરજ આપીને કહ્યું, હું ભલે અંગ્રેજ છું, સરકારી નોકર છું. તમારાં-અમારાં હિત અલગ છે, અને તેથી તમે ક્રાંતિકારોએ એ જે કર્યું તે યોગ્ય જ છે એવું હું ના કહી શકું, પણ એટલું કહીશ કે તમે તમારા દેશના સ્વાતંત્ર્ય માટે જે કર્યું તે તમને જે કારણે તરીકે પ્રમાણિકતાપૂર્વક લાગે છે, તે કારણે એ કૃત્ય માટે તમારે પોતાને દોષ આપવાની કે આત્મનિંદા કરવાની કોઈ આવશ્યકતા નથી. તમે યુવાન છો. હવે એક દિવસ તમારી જન્મટીપની સજા પૂરી કરી સ્વદેશ જશો જ, તો પછી ફાંસી ખાવાનું કાયર કૃત્ય શું કામ કરો છો ? મને તમારી અવહેલનાનું કારણ ખબર છે. અસહ્ય કઠોર પરિશ્રમ (Excessive hard labour) જ તમારી ક્ષીણતાનું કારણ છે. પરંતુ હું એકલો તે દૂર શકીશ નહીં, કારણકે, હું સરકારી નોકર છું, અને તમને રાજ બંદીવાનોને સતત સખત મહેનતનાં જ કામ કરાવવાં એવી સરકારી આજ્ઞા છે. મારે તે પાળવી જોઈએ. તેમ છતાં તમને હું તમને વાંધો ના હોય ત ો અને તે સ્થિતિ તમને આ કષ્ટ કરતાં સારી લાગે તો...

સવલત તરીકે ગાંડાના દવાખાનામાં મોકલાવીશ

જુઓ શું કરવું તે, નિરીક્ષકની વાત સાંભળીને ઉલ્લાસે તે સ્વીકાર્યું અને તેને ગાંડાના દવાખાનામાં મોકલાવવામાં આવ્યો. ત્યાં તે વારંવાર ગાંડપણના ઝટકા, તાણ, દાંત કચકચાઈ જવા, જાતજાતના ભાસ થવા, એવી અનેક માનસિક યાતના સહન કરતો, પરંતુ તે ગાંડાનુ દવાખાનું પણ જેની તુલનામાં સવલત લાગે તેવા શારીરિક શ્રમમાંથી છૂટ્યો તેવો સંતોષ હોંશમાં હોય ત્યારે માણતાં દસ-બાર વરસ તરફડતો રહ્યો હતો. તે પહેલાં આંદામાનમાં, ત્યાંથી મદ્રાસના ગાંડાના દવાખાનામાં હતા, અને ત્યાંથી જ છેવટે બાર-તેર વરસોની સજા પછી છૂટ્યા.

જે દિવસે બપોરે એકાએક કર્કશ ચીચીયારીઓ થઈને તેને સાંભળતાં જ ભયભીત થયેલા રાજ બંદીવાનોને ઉલ્લાસ ગાંડો થયો એવી ખબર પડી, તેના બે-ચાર દિવસ પછી જ બારી મારી સાથે વાત કરવા આવ્યો. હું સામે ચાલીને તેનાથી કે કોઈપણ અધિકારીઓ સાથે વાત કરતો નહીં. તે સામે ચાલીને આવે તો ઈષ્ટ તેવાં મંતવ્યો તેમની સમક્ષ રજૂ કરવામાં પાછીપાની કરતો નહીં. એ વાત બારીસાહેબને ખબર હોવાથી તે કોઈ પણ ઘટના થાય કે મારું મંતવ્ય ઝાણવા આવતો હતો. તે દિવસે પણ સવારી એકદમ હસતા હસતા આવી. બારીને દુષ્ટ ભાષણોની એવી લત લાગેલી હતી કે રમૂજમાં પણ માર્મિક લાગતી વાતો તે સહજ બોલી જતો.

તેની સજ્જનતા પણ નિષ્ઠુર હતી

મને જોઈને જ તેણે મને કહ્યું, ''કેમ, તમે ક્યારે ગાંડા થશો ?'' મેં થોડા ક્રોધથી જ કહ્યું, ''કદાચ તમારા ગાંડા થયા પછી!'' ઉલ્લાસના ગાંડપણની વાત તેમણે કાઢતાં જ મેં કહ્યું, ''ઈંદુભૂષણે ફાંસો ખાધા ત્યારે તમે કહેલું તેણે ત્રાસથી કંટાળીને ફાંસો ખાધો નહોતો, પણ ગાંડા થવાથી ખાધો. ત્યારે મેં તમને કહ્યું હતું, પણ ગાંડપણ વળગ્યું કેમ, એ પ્રશ્ન આજે પણ ઊભો જ છે. હવે ઉલ્લાસને ગાંડપણ વળગ્યું તેનું કારણ તેને થયેલાં કષ્ટ અને રાજ બંદીવાનોને ભવિષ્યની પણ કોઈ આશા રહી નથી, એ પરિસ્થિતિ સિવાય બીજું કોઈ નથીને ? ત્યારે કષ્ટને લીધે ગાંડપણ વળગે છે, અને ગાંડપણમાં માણસ ફાંસો ખાવા ઇચ્છે, તેવું ઉલ્લાસના ઉદાહરણ ઉપરથી સાબિત થયું હોવાથી રાજ બંદીવાનોના આયુષ્યનો અંત, આત્મહત્યાના ગળે ફાંસામાં, અથવા ગાંડપણના દવાખાનામાં કરવાની જવાબદારી, મુખ્યત્ત્વે જે પદ્ધતિથી તેમની સાથે વર્તવામાં આવે છે, તે પદ્ધતિની ક્રૂરતા જ છે, તેવું મારું મંતવ્ય સાચું સાબિત થાય છે.'' એ સાંભળીને બારી એકદમ ફરી ગયો અને બોલ્યો, ''પણ ઉલ્લાસને ગાંડપણ વળગ્યું એ તમને કેવી રીતે ખબર પડી ?''

તે ગાંડપણનો ઢોંગ કરે છે!

મેં કહ્યું કે, ''મને કે અમારામાંથી બીજા કોઇને તેમને જઈને મળવા દો એટલે સાચું-ખોટું અમને ખબર પડશે.'' તે બોલ્યો, ''છટ,શું હું ખોટું બોલું છું ? ઉલ્લાસને ગાંડપણ વળગ્યું ના હોઈને એ કામ નહીં કરવા માટે બીજા નિર્લજ્જ બંદીવાનોની જેમ ફક્ત ગાંડા થવાનો ઢોંગ કરે છે!'' મેં જવાબ આપ્યો કે, ''જો તે ગાંડો થયો નથી તો તમને પણ ગાંડપણ વળગ્યું એ નક્કી છે. હવે પછી તમે અને તમારા ઉપરી અધિકારીઓ અમારી સાથે રાજ બંદીવાનો મુજબના સ્વતંત્ર વર્ગ તરીકે અનુકૂળ રીતે વર્તો, નહીં તો કમ સે કમ સાધારણ બંદીવાન પ્રમાણે વર્તો, પણ આ હાલનો અતિશય ત્રાસ બંધ કરો. નહીં તો એ ખતમ કરવા અમારી પાસે સંપ સિવાય બીજો માર્ગ બચશે નહીં..સંપથી અમે તમારી તાકાત સામે ટક્કર આપી શકીએ એમ નથી. પણ બને ત્યાં સુધી અન્યાય અને અપમાનનો વાદ અને વિરોધ કર્યાનું સમાધાન તો અમારા મનને થશે.''

એ પછી બારી સળંગ આઠ મહિના સુધી એટલે કે તેના ઉપરી અધિકારીઓએ ઉલ્લાસને ગાંડો ઠરાવીને દવાખાનામાં મોકલ્યા પછી પણ ઘણા દિવસો સુધી એવું જ કહેતો હતો કે ઉલ્લાસને ગાંડપણ વળગ્યું જ નથી, તે ઢોંગ કરે છે! આવો ગાંડપણનો ઢોંગ કરનારા એટલા બધા જડ બંદીવાનો જોયા હતા કે, તેમની સાચું-ખોટું નક્કી કરવાની શક્તિ જ કૂંઠિત થઇ ગઇ હતી. સહાનુભૂતિનો ઝરો જ સૂકાઈ ગયો હતો, તો પણ બંદીવાનોની દુનિયા સિવાય, બીજા મનુષ્યો સાથે બારી આવી જ નિર્દયતાથી વર્તન કરતો એવું કોઈએ ધારવું નહીં. કારાગૃહની બહાર પગ મૂકતાં જ ફરીથી તે મનુષ્ય જેવો મનુષ્ય થઇ જતો. તેના સ્વભાવનું સ્પષ્ટીકરણ હજી આગળ થવાનું જ છે.

અંદર પણ કષ્ટ અને બહાર પણ કષ્ટ! તો પણ જોવા જઈએ તો રાજ બંદીવાનોએ બહાર રહેવું એવું મને લાગ્યું . કારણ બહાર પ્રચારકાર્ય સંપાદિત કરી શકાય. આ પ્રચાર કાર્ય માટે

મેં પોતે તો ગમે તેટલું કષ્ટ પડે તો પણ બહાર જવાનો પ્રયત્ન કરીશ

એવો નિશ્ચય કર્યો હતો. તેથી જ મારું એક વરસ પૂરું થતાં જ મેં મને બહાર મોકલાવવા માટે અરજી પર અરજી કરવાની શરૂઆત કરી. તે વરસ દોઢ વરસમાં મારી ઉપર બારીના સકંજામાં પૂર્ણપણે ફસાઇને સજા ભોગવવાના બે વાર સંજોગ ઉભા થયા હતા. એકવાર બહારના સમાચાર અને એકાદ વર્તમાનપત્રનો ટુકડો અંદર લાવવા માટે મેં લખેલો એક નનામી પત્ર બહાર લઈ જવા માટે જે માણસે બહાર લઈ જવાનું કબૂલ

કર્યું હતું, એ જ બારીનો ગુપ્તચર હોવાથી તે પત્ર અચાનક અધિકારીઓના હાથમાં આવ્યો. મેં કોને પત્ર આપ્યો હતો તે નામ જણાવેલું નહીં. ફલાણી જગ્યાએ એક માણસ મળશે તેને આ પત્ર આપજે એટલું જ કહેલું હતું, તેથી તે નામ જાહેર થયું નહીં. પરંતુ મારી ઉપર કેસ થયો અને મને એક મહિના સખત બંધકોટડીની સજા થઈ. તે સજામાંથી બહાર આવીને કેટલાક મહિના વીત્યા ત્યાં જ સંપ માટે કયો રસ્તો અપનાવવો એની ચર્ચા લખેલો પત્ર ગુપ્ત રીતે મોકલવાનો હતો એટલામાં જ મારી તપાસ કરવા અધિકારી આવ્યા. મેં તે પત્ર તરત જ ફેંકી દીધો. તે બીજા કોઇએ લીધો અને તે પકડાઈ ગયો. એ અકળ ભાષામાં લખેલો હોવાથી તે કોનો છે એ અધિકારીઓ નક્કી કરી શક્યા નહીં. ત્યારે બારીસાહેબે તેના મળતિયામાંથી એક બંગાળી રાજ બંદીવાન પાસે વંચાવી લીધો. પણ તે રાજ બંદીવાન મારી સામે જાહેરમાં આવીને સાક્ષી આપવા બીજા રાજ બંદીવાનોના ડરથી આગળ ના આવી શકયો. ત્યારે તેના હાથ નીચેના એક બંગાળી કારકુને બારીએ તે પત્ર

અકળ ના હોઈને બંગાળીમાં છે

એવી ખોટી સાક્ષી આપવાનું કહીને તે પત્ર બંગાળી ભાષામાં પેલા બંગાળી કારકુન સમક્ષ, પર્યવેક્ષકની સામે વાચીને પણ સંભળાવ્યો. પરંતુ બીજા એક બંગાળી રાજ બંદીવાને મારા પક્ષમાં સાક્ષી આપી અને તે પત્ર બંગાળીમાં નથી, એક અક્ષર પણ બંગાળીમાં હશે તો (ડેમ મી) મને સજા કરો એવું દ્રઢતાથી કહ્યું અને પર્યવેક્ષક વિમાસણમાં પડયા. બારી બરાડવા લાગ્યો, ''ઓ સર, **આ બધા બોમ્બ ગોળાવાળાઓએ સાચી સાક્ષી નહીં આપવાનું ષડ્યંત્ર રચ્યું છે.**''છેવટે તે કારકુનની સાક્ષીને આધાર માનીને તે પત્ર બંગાળીમાં જ છે એવું ઠેરવીને મને આઠ દિવસ હાથકડીની સજા મળી.

હાથકડીમાં લટકાવવા આવતાંજ

મેં ચીફ કમિશનરને અપીલ કરી કે, મને થયેલી સજા રદ ના થઈ તો ચાલશે, પણ પત્ર બંગાળીમાં છે કે અકળ છે તેનો નિકાલ લાવો. એટલે જ ત્યાંથી લખાઈને આવ્યું કે પત્રમાં બંગાળીનો એક અક્ષર પણ નથી; અને કારકુને પણ પત્ર બંગાળી ભાષામાં ફટાફટ પર્યવેક્ષક સામે વાચીને તેમાં મેં બધાને અન્ન છોડો એવો ઉપદેશ આપ્યો હતો, એવું કહેલું! પર્યવેક્ષક મનમાં અકળાયો, તેણે કારકુનને બોલાવ્યો. બારીસાહેબને બહાર જવા કહ્યું અને કારકુનને દબડાવ્યો કે જે હોય તે સાચું કહે! ત્યારે તરત જ તેણે થરથરતાં કહ્યું, ''સરકાર, અમે બંદીવાન, બારીસાહેબ કહે એમ કરવું પડે. તે પત્ર બંગાળીમાં મારી કલ્પનાથી રચેલું લખાણ મેં વાંચ્યું એ સાચું, પણ તે પત્ર બંગાળીમાં નથી, પણ બારીએ કહેલું યાદ કરીને, લખાણ બંગાળીમાં છે એવી રીતે વાચ, ચાલ, તેથી જ મેં તેવી રીતે વાચ્યું.'' પર્યવેક્ષક ગુસ્સે ભરાયા. પણ બારી પર આવવું ના જોઈએ તેથી તે કારકુનને ત્યાંથી લખવાના કામ પરથી કાઢીને મને પત્ર બંગાળીમાં નહીં એ તમારું કહેવું સાચું છે એવું કહ્યું. તે દિવસ પર્યવેક્ષકે

બારીની ખૂબ જ ખખડાવ્યો

અને ફરીથી કેસમાં આવી બનાવટી સાક્ષી માળવીને મને ફસાવવાનાં પ્રયત્નોથી સંભાળીને રહેવા માટે ધમકી આપી. આવી એકાદવાર પણ રાજ બંદીવાન બારીને જ્યારે જ્યારે વળતો જવાબ અપતા ત્યારે આઠ-દસ દિવસ એ તેમાંના લડાયક પક્ષ સાથે એકદમ ગોકળગાય જેવો રહીને પોતે આયરિશ હોવાની તેને એકાએક યાદ આવતી! અરે હું પણ આયરિશ છું. મેં પણ યુવાનીમાં અંગ્રેજોને નફરત કરી છે, ગુપ્ત ષડયંત્ર કર્યું છે. મને તમે શત્રુ કેમ ગણો છો ? આ તો સરકારી નોકર તરીકે મારે ઉપરના હુકમ બજાવવા પડે છે એટલું જ. તમને ત્રાસ થતો હશે તો સરકારને દોષ આપો. હું નિર્દોષ છું, વગેરે લાળા ચાવીને ઉપરથી

એકાદ સમાચાર પણઆપતો. બહુ રાજી થયો તો એકાદ અંગ્રેજી વર્તમાનપત્ર પણ વાચવા આપે. અમે પણ તેની એ સવલતો પૂરતું જ પ્રમાણિકતાથી યથાયોગ્ય આભાર માનતા હતા.
આ બે ખટલા સિવાય અમારી પર પહેલાં દોઢ વરસમાં ખટલો થયો ના હોવાથી અને જે રાજબંદી બહાર ગયા હતા તેમના પર આમ ચિઠ્ઠી મોકલાવવા બદ્દલ અનેક વખત ખટલા થયેલા જ નહીં, તો સંપ કરેલા લોકો પણ મને પણ તેમની જેમ બહાર મોકલો, એવી અરજીનો મેં મારો શરૂ કર્યો. મારા ભાઈને પણ અઢી જ વરસ થયાં હતાં. મને ક્યારેક જવાબ આવતો, ''તમે તે રોજદ્રોહી વર્ગમાંના બંદીવાન નથી. તમે ફક્ત સાધારણ બંદીવાન છો.'' હું તરત જ જવાબ આપું કે, ''સાધારણ બંદીવાનોમાં તો અનેક મોટા મોટા જેલમાં ખાતર પાડનારા, અનેક વખત સજા થયેલા અને પોર્ટ બ્લેરના આવ્યા પછી પણ નાસી ગયેલા બંદીવાનો ફરી આવતાં જ વધુમાં વધુ એક વરસમાં જેલની બહાર મોકલવામાં આવતા. પેટા ઓફિસરો પણ બનતા. હું જો સાધારણ બંદીવાન હોઉં તો મને પહેલા જ વરસે છોડવો જોઈતો હતો. પેટા ઓફિસર બનાવવો જોઈતો હતો. કારણ મારી વિરુદ્ધ તેમની તુલનામાં કોઈ જ કારાગૃહીય અપરાધ નોંધાયા નથી. આવા સવાલ-જવાબ થતાં થતાં લાચાર થઈને આખરે ચીફ કમિશનરે સ્પષ્ટ કહેવું પડ્યું કે, ''તમને

કારાગૃહમાંથી બહાર કાઢવામાં નહીં આવે

કારણ તમારી 'કારાગૃહીય વર્તણુક' બહાર ગયેલા બંદીવાનો કરતાં ભલે ખૂબ સારી છે તો પણ તમારો પાછળનો ઈતિહાસ ભયંકર છે! પાછળનો ઈતિહાસ જો ધ્યાનમાં લેવાય તો પછી હવેનુ વર્તન, અનપેક્ષિત હોવા છતાં પણ તેનો ઉપયોગ શો ? એટલે કે અમે સારું વર્તીએ તો કારાગૃહ ખરાબ વર્તીએ તો કારાગૃહ!

મારા બહાર જવાના પ્રયત્નોનાં આવાં પરિણામ આવતાં બહાર ગયેલા રાજ બંદીવાનોનાં કષ્ટ વધતાં જ ગયાં. ઉપર આપેલા ઈંદુભૂષણના જીવનના અંતના મુદ્દે પણ થોડો સામનો અને વિરોધ કરવો એ પણ બધાને પોતાનું કર્તવ્ય લાગવા લાગ્યું. છેવટે ચર્ચા થઈને એક સાર્વત્રિક સંપ કરવો એવું ઠરાવ્યું. અમને બધાને ત્રાસ આપવા માટે જેમ રાજ બંદીવાન ગણવામાં આવે છે તેમ સગવડો આપવામાં પણ ગણવામાં આવે, બહાર કે અંદર અત્યંત કષ્ટદાયક, કામ આપવાને બદલે લેખનકાર્ય કે એવું ના દેવું હોય તો કોઈક તો છાંયડામાં થાય તેવું સવલતવાળું, સહી શકાય એવું હસ્તકામના કામ પર અમને નીમવામાં આવે, અને અમારામાંથી જે મર્યાદિત સજાના એટલે કે આજીવન કાળાપાણીની સજા થઈ નથી, તેવા જે રાજ બંદીવાનો હોય, તેમને દેશમાંની જેલ જેવી છૂટ દેવામાં આવે. આ મુખ્ય માગણીઓ ટપકાવીને બધા વતી એક-બે જણાએ અધિકારીઓને લેખિત જણાવ્યું. મેં લખેલી અરજીમાં દેશના કારાગૃહમાં વર્તમાનપત્રો, મુલાકાત, છૂટ વગેરે જે લાભ બંદીવાનોને મળતા, તે અમને કાળાપાણીની સજા થઈ એટલે મળતી નથી અને કાળાપાણી પર લેખનકાર્ય, બહાર મોકળાશથી ફરી શકાય, પેટા ઓફિસર બનવું, વગેરે જે સવલતો બંદીવાનોને મળે તે પણ અમે સાધારણ બંદીવાન ના હોઈને વિશિષ્ટ પ્રકારના બંદીવાનો હોવાથી મળતી નથી. અચ્છા, વિશિષ્ટ બંદીવાનો તરીકે વિશિષ્ટ સગવડો માગીએ, તો કહેવામાં આવે, કે તમારા માટે થઈને સાધારણ બંદીવાનો સાથે પક્ષપાત કરીને તેવી વિશિષ્ટ સવલતો આપી શકાય નહીં! તેમ જ, દેશી જેલમાંની સવલતો, કાળાપાણીની સવલતો, વિશિષ્ટ વર્ગની સવલતો, એમાંથી એકપણ સવલત ના મળતા, તે ત્રણ જ પ્રકારના વર્ગના બધા હાનિકારક કાયદા સહન કરવા માટે જ શું અમારો આ વિશિષ્ટ વર્ગ ઊભો કરવામાં આવ્યો છે! તો હવે પછી અમે આવી દાદાગીરી ચાલવા દઈશું નહીં. ત્રાસ જ સહન કરવાના, કોઈપણ સવલત મળવાની જ નથી, તો પછી અમે કામ પણ કરવાના નથી. હવે ત્રાસ તો ત્રાસ સહન કરશું, પછી જે થાય તે થવા દો, એવા અર્થનું લખાણ મોકલાવ્યું હતું. મારી અને બીજાની આવી જ અરજીઓનો એટલે જ અસ્વીકાર કરવામાં આવ્યો. સંપ નિશ્ચિત થયો અને બહારના કામને નકારીને એક એક, બબ્બે કરીને મંડળી જેલમાં ફરીથી સજા પામીને આવવા લાગી. તેમાં કારાગૃહમાંથી મંડળી પણ એક નક્કી કરેલા દિવસે એકસાથે કામ નકારીને એક થઈ અને આ પ્રમાણે બીજા સંપનો આરંભ થયો.

મારા ભાઈ મીટિંગમાં પહેલે જ દિવસે મળ્યા હતા. સજાનો જોરદાર મારો ચાલ્યો. ટોળીની ટોળી પર્યવેક્ષક સામે ઊભી કરવામાં આવીને હાથકડી, દંડા-બેડી, ચગ-બેડી, કોટડી-બંદી, એવી મોટે મોટેથી બૂમો પાડીને સજા સંભળાવમાં આવવા માંડી. જે તે ભાગમાં રાજબંદીઓ હાથકડીમાં લટકાવેલા દેખાવા માંડ્યા. કોઈ હાથકડી સાથે જ બેસવાના પ્રયત્ન કરવા માંડ્યા. કોઈ પગે બેડી નાખવાનું નકારવા લાગ્યા. કોઈએ એકબીજા સાથે બોલવાનું નહીં એ નિયમનો ભંગ કરીને સૌ એકમેક સાથે માટેથી વાતો કરવા માંડ્યા. બારી જેવા કોઈ અધિકારી જેલમાં આવતાં જ જે બંદીઓએ જે ઊભા થવું જ પડે, તે ધરાર ઊભા ના થાય તેવી સ્થિતિ આવી. કામ તો ઘણા બધાએ નકાર્યું જ હતું. બારી આવતા જ, 'સરકાર' કહીને પેટા ઓફિસર બૂમ પાડતો, બધા બંદીવાનો નિયમ પ્રમાણે નહીં તો આદતવશ ઊભા થયા, પણ રાજબંદીઓ બેઠા રહ્યા. એક-એકને પકડીને ઊભા કરવા માટે ત્રણ-ત્રણ માણસો લાગ્યા. આવી રીતે બળથી ઊભા કરીને પોતાનું સન્માન કરાવીને બારી કેટલા દિવસ સંતોષ માનશે ? રાજ બંદીવાનોએ કામ છોડવાને લીધે તેમનું

અન્ન ઓછું કરાયું

કોઈને થોડું અન્ન આપવામાં આવે તો કોઈને આઠ-આઠ દિવસ ફક્ત નમક વગરની કાંજી આપવામાં આવી. છૂટીછવાઈ મારઘાડ પણ થવા લાગી. એવામાં એક ધમાલ થઈ. છૂટીછવાઈ મારધાડની અને મારની વાત મારા કાને આવતાં જ મેં બારીસાહેબને સ્પષ્ટપણે જણાવ્યું કે રાજબંદીઓ હજી પણ માત્ર પરોક્ષપણે જ નિયમોનો ભંગ કરે છે. તે તમારો વિનયભંગ કરે છે. તમે તેમને નિયમ પ્રમાણેની સજા આપો છો. તે માટે તમને દોષ આપતા નથી. પણ જો નિયમો વિરુદ્ધ જઈને, નિયમોથી અલગ રીતે વર્તીને તમે મારપીટ શરી કરી તો યાદ રાખજો કે આ હડકાયેલા યુવાનો ચીડાઈ જશે.

મુક્કા સામે મુક્કો

મારી દેવામાં પાછા પડશે નહીં. તમે તેમને ત્યારે જ ચીરી નાખશો તેની પણ જાણ છે, પણ જીવની પરવા નહીં કરનારા સાપની જેમ તેઓ પણ ક્યાંક તો અને ક્યારેક તો ડંખીને પછી ચીરાશે, એ યાદ રહે. આવા પ્રસંગોની બધી જવાબદારી અને કાયદા વિરુદ્ધ ત્રણ જણ એકને પકડીને તેને મારે, તે તમારા હાથ નીચેના નિર્દયી પેટા ઓફિસરો વગેરેનું કાયર અત્યાચારીપણું જ ગણાશે. તેવી જ સ્થિતિ ગાળની! જેવીતેવી ગાળો, રાજબંદીઓને નીચેના, ખાસ કરીને પઠાણ, સિંધી વગેરે મુસલમાન પેટા ઓફિસરો દેતા. તેમને સામી તેટલી જ બિભત્સ ગાળો દેવા જેટલું, ગાળોનું જ્ઞાન ભલે બધા બંદીવાનોને નથી તો પણ તેમાંના કેટલાકે તે શાસ્ત્રનો સારી રીતે અભ્યાસ કર્યો છે. અને એક એક નીચ, ગાળોને તેઓ સામા થઈને એવો જવાબ આપી શકે ઠે કે બદમાશ પઠાણોને પણ મોઢામાં આંગળા નાખી ઊભા રહેવું પડતું. ગાળો પરથી વાત મારામારી પર આવી જતી. અને મારામારીનું પરિણામ શું આવશે એ મેં તમને સ્પષ્ટપણે કહ્યું જ છે!

મારી આવી ચેતવણીની બારી પર અસર થયા વગર રહેતી નહીં. પરંતુ આ સરળ વાતનો અનર્થ કરીને તે ઉપરી અધિકારીઓને, સાવરકર મારપીટને ઉત્તેજન આપે છે, એવુ ઠસાવવામાં બાકી રાખતો નહીં. મેં હજી કામ છોડ્યું નહોતું. કામ છોડ્યું એટલે તે વરસનું પત્ર જપ્ત થતું હતું. મોટાભાગનો લોકોને હું પત્ર આવ્યા પછી સંપ કરવો એવી વિનવણી કરતો. તેમાં પણ મારા ઘરના પત્રમાં હિંદુસ્તાનના ખાસ્સા સમાચાર આવતા હોવાથી તે પત્ર એટલે અમારા બધા માટે એક અઠવાડિયાની વાતોનો પુરવઠો જ હતો. તે પત્ર કારાગૃહમાં ઘણા જણ સાચવી રાખતા અને ધ્યાનપૂર્વક વારંવાર વાચતા. એટલે મારા પત્રની

અવધિ પૂરી થતી હોવાથી પત્ર મળ્યા પછી સંપમાં જોડાઈશ, એવું મેં ઠરાવ્યું હતું. મારા ભાઈ પહેલાં જ સંપમાં જોડાયા હતા.

જેમ જેમ સંપ લંબાતો ગયો તેમ તેમ બારીએ ક્યારય સહન કરવું પડ્યું નહીં તેવું અપમાન સહન કરવો પડીનન્નય બંદીવાનોની નજર પણ બદલાયા જેવું લાગ્યું. સાધારણ બંદીવાનો પર પોતાનો જીવનભર ચાલતો આવેલો કડપ ટકાવી રાખવા માટે બારીએ કેવા તો ધખારા કરવા પડતા! ત્યારે ખૂબ મજા પડતી. રાજ બંદીવાનોમાં મોટાભાગના ખાસ અંગ્રેજી શીખ્યા નહોતા. પણ બારી સાથે બીજા રાજ બંદીવાનો જેમ અંગ્રીજીમાં બોલે તેમ તેઓ પણ અંગ્રેજીમાં વાતો કરતા. પણ આ લોકો મારી સાથે અંગ્રેજીમાં વાતો કરે છે તેના લીધે જ સાધારણ બંદીવાનો પર તેમનો વટ પડે છે, તેવી ભ્રામક કલ્પના એક દિવસ બારીસાહેબના બુદ્ધિશાળી માથામાં આવી, અને તેણે રાજ બંદીવાનોને કહ્યું કે તમને અંગ્રેજી બોલવાનો અધિકાર નથી. તમે ખાસ ભણ્યા નથી. સાધારણ બંદીવાનોની જેમ

તમે અંગ્રેજીમાં ના બોલતા હિંદીમાં જ બોલો

પત્યું. પડ્યા બોલની આજ્ઞા. પહેલું જ હિન્દી વાક્ય તેમણે ઉચ્ચાર્યું તે એ કે અંગ્રેજી થોડી દેવોની ભાષા છે. તમે જ અંગ્રેજીમાં પૂછો છો તેથી અંગ્રેજીમાં ઉત્તર આપવો પડે. અમને અંગ્રેજી સારું બોલતા આવડતું નથી એ કોઈ એવી શરમની વાત નથી! એકદમ શરમજનક વાત તો એ કે તમે આયરિશોના પેટે જન્મ લીધા હોવા છતાં તમને આયરિશ ભાષાનો એકપણ અક્ષર બોલતા આવડતો નથી! અમારી માતૃભાષા ભૂલી જઈએ એટલું સરસ અંગ્રેજી બોલતા અમને આવડતું નથી એ અમારા માટે ગૌરવપ્રદ વાત છે. તમને ફક્ત જન્મની ભાષાની ગંધ પણ બચી નથી એટલું ઉત્તમ અંગ્રેજી બોલતા આવડે છે એની શરમ લાગવી જોઈએ! હિંદી ભાષાનો આ પહેલો જ તિખારો થતાં જ બારીસાહેબ સામે બધા સાધારણ બંદીવાનો ટગરટગર જોવા લાગ્યા. કારણ રાજબંદીવાન અંગ્રેજીમાં બોલતા ત્યારે તે શું બોલે છે તે બંદીવાનોને એટલું સ્પષ્ટ સમજાતું નહીં, અને અંગ્રેજીમાં રાજબંદીઓના જેવાને તેવા જવાબ સહન કરતો બારી જે કાયમના રોફમાં ઊભો રહેતો તેથી એ રોફને લીધે તેની કેટલી હજામત થઈ તે બંદીવાનોને ખરેખર સમજાતું નહીં. પણ હવે હિંદુમાં રોકડા જવાબોની ભરમાર થવા માંડતા જોતજોતામાં ઘણાખરા રાજબંદીવાનો હિન્દીમાં જવાબ આપવા લાગ્યા. તેમાં પણ ઉત્તર હિંદુસ્તાનના પેલા બંનેની સભ્ય ભાષામાં સભ્ય ભાષા છતાં પણ ગાળાગાળીમાંપ ણ અસલ કડક તેવી કેવી ગાળાગાળી! શુદ્ધ હિંદી સાંભળતાં સાંભળતાં 'ડર નહીં પણ કૂતરાની જેમ પડ્યો રહે,' એવી દહેશત ઊઠી. એક દિવસ બારીની હંમેશના મોઢાની આદત પ્રમાણે તે આવી જ રીતે એકાદ રાજ બંદીવાનને હિંદીમાં બોલ્યા, ''તુમ હિંદુસ્તાની લોગ હમારે ગુલામ હૈ!'' બીજા બંદીવાનોને પોતાના આ વાક્યથી, હું તેમને કેટલા તુચ્છ ગણું છું, એ સમજાયું હશે, એવું ધારીને સાહેબ ગદ્‌ગદ્ હસવા લાગ્યા. તો હિંદીમાં જ જવાબ મળ્યો,''અમે હિંદુસ્તાની લોકો અંગ્રેજોના ગુલામ છીએ, પરંતુ તમારા નહીં. તમે પણ પોતે અંગ્રેજોની રખાતના છોકરા! આયર્લેન્ડ અંગ્રેજોની રખાત છે! તમે રખાતના છોકરા! અમે અંગ્રેજોના ગુલામ છીએ તોય ગુલામી સામે જીવસટોસટ લડત આપીને ઝઝૂમી રહ્યા છીએ. પણ તમે તો જે બે ટુકડા ફેંકે તેના ઘરને પોતાનું ઘર સમજીને ઝન્ય થઈને વર્તનારા કૂતરાની જેમ આયર્લેંડને ગુલામ કરનારા સામ્રાજ્યને જ પોતાનું સામ્રાજ્ય માનીને, તેવું નહીં માનનારા સામે દેશ-પરદેશમાં ભસતા ફરો છો!'' એવા મતલબનો હિંદી ભાષામાં જવાબ સાંભળતાં જ બધા બંદીવાનો એકદમ ખડખડાટ હસ્યા. બારીસાહેબ ગુસ્સાથી લાલ થયો. પણ કરે શું? રાજકીય મુદ્દો તેણો જાતે ઉખેળ્યો. ત્યારે માત્ર એટલું જ બરાડતો રહ્યો કે,

હિંદીમાં નહીં અંગ્રેજીમાં બોલો! અંગ્રેજીમાં! અંગ્રેજીમાં!

પણ તે રાજબંદીઓ ગમે તે કરતા અંગ્રેજીમાં બોલે જ નહીં! ''નહીં! તેમ જ કહ્યુંને હિંદીમાં બોલો! હવે અંગ્રેજીમાં અમે ક્યારેય બોલવાના નથી. હિંદીમાં જ બોલીશું,'' એવું મોટેમોટેથી હિંદીમાં બોલતા ઉપરના આયર્લેન્ડ વિશેનાં બધાં વાક્યો તેમણે હિંદીમાં ઉચ્ચાર્યા. તે દિવસ પછી પાછો, ''હિન્દીમાં બોલો'' એવું કોઈને પણ કહ્યું નહીં! કાનમાં પુમડાં ખોસીને રાજ બંદીવાનો ફરીથી પહેલાંની જેમ અંગ્રેજીમાં જ તેની સાથે બોલે તેવી સ્પષ્ટ ઈચ્છા તે વ્યક્ત કરવા લાગ્યો.

અનેક નાના મોટા પ્રસંગોથી જેલની શિસ્ત અને સરકારી કડપ બગડી ગયેલા રાજ બંદીવાનોની ચળવળથી ડગમગી જ ગઈ. એક ચાબૂક મારવાનું છોડીને બાકીની મોટેભાગની બધી સજા બબ્બે વાર આપીને અધિકારીઓ થાક્યા પણ કોઈ કામ કરે નહીં. ચાબુક મારવાની ધમકી રોજ આપવામાં આવતી હતી પણ કોઈ સાંભળતું જ નહીં. છેવટે અમે તમને હળવા કામ પર નીમશું, કામન નકારવાના અને સંપમાં જોડાવાના અપરાધ તરફ દુર્લક્ષ કરીને તમને તરત બહાર છોડીશું, અને તમે રાજ બંદીવાન છો કે નહીં, તે નક્કી કરવા માટે ઉપર હિંદુસ્તાન સરકારને લખશું, એવું બોલાવવાની ફરજ બારીને અને સુપરિન્ટેન્ડન્ટને ચીફ કમિશનરે પાડી. તે પ્રમાણે જ એકવાર કામ શરૂ કરતા બહાર પણ મોકલાવવામાં આવ્યા. તેમાં પણ હળવું કામ મળવાની વાત આવતાં જ અત્યારે મળે તટલું ઝોળીમાં પાડી લાવું, તેવો મત મોટાભાગના લોકોનો થયો. મને ગમે તે કરીનેપ્રચાર માટે અને છૂટકારાની દ્રષ્ટિએ પણ રાજ બંદીવાનોનું બહાર જવું અત્યંત ઈષ્ટ દેખાતું હોવાથી સંપ પૂરો કરીને કામ કરવું. જો કરાર પ્રમાણે બહાર બધાને ના મોકલે તો ફરી સંપ કરીશું એવું હું કહેવા લાગ્યો. થોડા જ દિવસોમાં મારા ભાઈ સાથે બધા લોકો કામ કરવા લાગ્યા.

અધિકારીઓએ પણ કરાર પ્રમાણે ઘણા રાજબંદીવાનોને ફરી બહાર મોકલાવ્યા કામ પણ એકંદરે પહેલાં કરતાં ખૂબ જ હળવાં, નાળિયેરીનો પહેરો કરવો, ઝાડું મારવું વગેરે મળ્યાં. ખરી રીતે જોતા તેમણે બધાને જો આમ જ બહાર મોકલાવ્યા હોત તો આ સંપ ત્યાં જ પતી ગયો હોત. પરંતુ મંડળીએ કામ કરવાનો પ્રારંભ કરતાં જ અધિકારીઓએ સંપના આગેવાનો તરીકે જેમની ઉપર તેઓ વિશેષ ગુસ્સે થયા હતા તેમને બહાર કાઢવાનો ઇનકાર કર્યો. મારા ભાઈ, શ્રી વામનરાવ જોષી, હોતીલાલ, શ્રી નાની ગોપાલ અને બીજા બે-બે ત્રણ-ત્રણ જણને બહાર મોકલ્યા નહીં. મારું તો નામ જ નહીં. મેં સંપમાં કામ છોડ્યું નહોતું. તો પણ સંપનું ખપ્પર મારા માથે જ ફોડવામાં આવ્યું. તો પણ સંપમાં જેમણે પ્રત્યક્ષ ભાગ લીધો, જેમના પર મારા કરતાં ક્યાય વધારે વખત કારાગૃહીય ખટલા થયા, તેમને એકવાર બહાર કાઢતાં જ ત્યાં કામ ના કરીને ફરીથી પાછા આવ્યા, તેવા રાજ બંદીવાનોને પણ ફરીથી બહાર કાઢયા તે યોગ્ય થયું. કારણ નિરુપાયે જ સંપમાં તેમણે ભાગ લેવો પડ્યો, પરંતુ જે જરૂરી વાત તેમના મામલામાં કરવામાં આવી તે જ મારા પ્રકરણમાં કેમ કરવામાં નથી આવતી, એવું મેં પૂછતાં અધિકારીઓ માટે કોઈ જવાબ દેવો શક્ય ના થયા. ''તમારો હિંદુસ્તાનનો પાછલો ઈતિહાસ અમને તમને બહાર કાઢવા દેતો નથી.'' એવું ચીફ કમિશનરે લખ્યું હતું, તેનો જવાબ પણ મેં આપેલો કે મારી જેમ જે બહાર ગયા તે પણ એ કલમ હેઠળ જ, તેવી જ ચળવળમાં ભાગ લઈને, જન્મટીપની સજા પામીને આવ્યા હતા. તો પછી પાછલો ઈતિહાસ તેમના મામલામાં આડો કેમ આવતો નથી? મારો જ કેમ? આટલું જ શા માટે, પરંતુ આંદામાનની વસાહતનું મૂળ ધોરણ જ એવું જ હતું કે પાછલા સાત જન્મની વાતો ઉખેળતા ના બેસતા, તે વસાહતમાં કેવું વર્તે છે, તેના આધારે જ બંદીવાનનું વર્તન મુખ્યત્ત્વે ઠરાવવામાં આવે છે. એટલું જ નહીં પણ ત્યાં પણ જે બે-ત્રણ વાર જેલમાં ખાતર પાડ્યું. તેમને પણ શું એક-બે વરસ કારાવાસની સજા થાય, તે તેણે ભોગવી લીધી કે ફરી બહાર છોડવામાં આવતા. આ મારા જવાબનો લેખિત જવાબ આવ્યો કે, હિંદુસ્તાન સરકારનો તમને છોડવા નહીં એવો હુકમ છે! સારું, કેટલાં વરસ સુધી મને છોડવો નહીં એવો હુકમ છે, તે પણ સ્પષ્ટ જણાવાયું નહીં. ત્યારે હિંદુસ્તાન સરકારને અરજી કરવી એવું અમે ઠરાવ્યું.

પણ હિંદુસ્તાન સરકારને અરજી મોકલવા દે નહીં

એવા દાવપેચ થવા માંડ્યા. મારા ભાઈ તો મારા કરતાં પણ પહેલાં આવ્યા હતા. પરંતુ તેમને પણ બહાર મોકલીએ છીએ કહીને પણ બહાર મોકલતા નહીં. એકવાર પર્યવેક્ષક મારી સાથે આવી જ ચતુરાઈ કરતાં કરતાં બોલ્યા, કે તમારા પ્રશ્નોના જવાબ નથી એ ખરું છે પણ

તમે સંપને ઉત્તેજન આપો છો!

મેં કહ્યું, પણ સંપમાં જે પ્રત્યક્ષ ભાગ લેતા હતા તે પણ બહાર ગયા છે. અને તે યોગ્ય જ થયું. તો પછી માત્ર તમે સંપ કર્યો એ બરાબર કર્યું, એવું કહેનારાના અપરાધ કરતાં પ્રત્યક્ષ સંપ કરવા કરતાં વધારે કહેવાય કે શું? આ દંડવિજ્ઞાનના તત્વથી સાવ ઊંધું નથી શું? હજી એવું પણ જુઓ કે મેં સંપને આજ પહેલાં કેમ ઉત્તેજન આપ્યું નહીં ? અથવા આપ્યું હશે તો પણ મારા મિત્રો કેમ માનતા નહોતા? આજે જ કેમ સંપ થયો? ઇંદુને ફાંસો ખાવા મેં જ ઉત્તેજન આપ્યું કે?

ઉલ્લાસકરને ગાંડા થવાનું પણ મેં શીખવ્યું કે?

રાજ બંદીઓને જે ખાવાપીવાની, કષ્ટદાયક કામની, માનસિક ચિંતાની, ભાવિ નિરાશાની અને ડગલેપગલે અપમાન સહન કરવાની તીવ્ર યાતના સહેવી પડી અને સહેવી પડે છે, તે કારાગૃહીય પદ્ધિતની

યાતના જ સંપને ઉત્તેજન આપે છે, હું નહીં

તમે રાજ બંદીવાનો મુજબ તેમની સાથે સલુકાઈથી વર્તો, કમ સે કમ સાધારણ ચોર-દરોડાખોરની જેમ તેમને પણ લેખનકાર્ય વગેરે પર નીમો, પછી કોણ, શા માટે સંપ કરશે? પહેલેથી જ કષ્ટમય થયેલા કારાવાસમાં સંપ કરીને ઓછા અનાજ પર કે માત્ર કાંજી પર, ઓરડીમાં તરફડતા પડીને કષ્ટદાયી દુર્દશામાં પડવાની અમને હોંશ શું છે ? મેં તો હજી પણ કામ છોડયું નથી. પણ સંપનો દોષ અમારી ઉપર જ તમે શા માટે ઢોળો છો? વારંવાર મારી આ મુદ્દાસર વાતનું તથાર્થ તત્ત્વ ત્યાંના સ્થાનિક અધિકારીઓ - સમય આવ્યે બારી પણ- સ્પષ્ટ માન્ય કરતો પણ એટલું જ કહેતા કે, ''એ અમારા હાથમાં નથી. હિંદુસ્તાન સરકારનાં હાથમાં છે. તેમની આજ્ઞાથી તમને કારાગૃહમાં જ રાખવાની ફરજ પડી છે.''

મારા મામલે આવી રકઝક ચાલતી હતી તેમાં હજી એક પ્રકરણ સામે આવ્યું. આંદામાનના રાજ બંદીઓમાં હિંમત સાથે કષ્ટને તુચ્છ લેખીને જે થોડા લોકો છેલ્લે સુધી મક્કમપણે રહ્યા, તેમાં બંગાળનો એક સોળ-સત્તર વરસનો બ્રાહ્મણના સન્માનનીય કુળનો નવયુવક

નાની ગોપાલ

પણ હતો, બંગાળમાં એક મોટા યુરોપિયન પોલીસ અધિકારીની દોડતી મોટર પર બોમ્બ ફેંકવાના અપરાધ માટે તેને ચૌદ વરસની સજા થઇ હતી. જેલમાં સોળ વરસના છોકરાને ઘાણીનું અઘરું કામ આપવામાં આવતું નહીં. તો પણ તેને ઘાણીમાં જોતરવામાં આવ્યો. તે મુદ્દે એટલે જ વાદ વધીને તેણે કામ કરવાનો ઇનકાર કર્યો. પાછલા સંપમાં બધામાં જેને સૌથી વધુ ત્રાસ સહન કરવો પડયો તે ચાર-પાંચનો એક તે હતો. મોટા રાજ બંદીવાનોમાં રહીને તે બગડશે એવું લાગતા તેને એકલો રાખવામાં આવ્યો. પણ તેની જિદ જાય નહીં. તે નમ્યો નહીં. હાથકડીમાં મોટેભાગે તે ઊભો જ હોય. જેમ જેમ વધારે સજા થતી તેમ તેમ તે વધુ ચીડાતો. તેણે કપડાં ધોવાનું પણ છોડ્યું. કપડાં ધૂએ નહીં તેથી કંતાનનાં ચીંથરા ફાડીને કરેલાં

ખરબચડાં કપડાં આપ્યાં. તો તેણે કપડાં પહેરવાનું જ છોડી દીધું. પેલાં કંતાનના કપડાં તેના શરીર પર બળપૂર્વક તેને પછાડીને, બે-ચાર જણે સીવી જ નાખ્યાં, તો પણ રાતે તેમે ફાડી જ નાખ્યાં. એટલે તેને હાથમાં હાથકડી પહેરાવીને તાળું મારી દીધું, તો પણ તેણે રાતભર ગૂપચૂપ ખટપટ કરીને હાથકડી તોડી નાખી. શું કામ તોડી કહીને ગાળાગાળી કરી તો તેણે જવાબ આપવાનો જ બંધ કરી દીધો. અધિકારીઓના પ્રશ્નનો દવાબ નહીં આપવા અને ઉદ્ધાતાઈ બદ્દલ સજા આપી તો તેણે અધિકારીઓ આવતા જ ઊભા રહેવાનું છોડી દીધું. એવી સજા એટલે કોઠડીબંદી વધારી તો તેને કોઈપણ કામ માટે કોટડીની બહાર લાવવો જ અઘરો થઈ ગયો. નહાવા માટે પણ બહાર આવે નહીં. ત્યારે બળપૂર્વક ઉપાડીને લાવીને

ભંગી પાસે સ્નાન કરાવતા

અને નાળિયેરનાં છોતરાં શરીર પર ઘસતાં તેની પીઠ અડધી લોહીથી લથબથ થઈને, લાલ થઇને આગ આગ થતી. પણ તે નમે જ નહીં. તેને દુષ્ટ પઠાણ એકાંતમાં બિભત્સ ગાળો આપતા. દિવસે તે ઉઘાડો જ રહેતો તેથી રાતે તેનો એક કામળો ઓછો કરી નાખ્યો, તો તેણે બીજો પણ ફેંકી દીધો. દિવસે અને રાતે તેવો જ ઉઘાડો, નગ્ન ઠંડીમાં થથરતો ખુલ્લી ભોંય પર જ તે મહિનાઓ સુધી પડ્યો હતો. તેની મુખ્ય માગણી હતી કે

અમને રાજ બંદીવાનો તરીકે ગણવામાં આવે

તે કહેતો, અન્ન ખરાબ કે સારું એ પ્રશ્નો ગૌણ છે. સ્વમાનનો પ્રશ્ન પહેલો છે. અમે રાજ બંદીવાનો છીએ, સાધારણ ચોર-ડાકુ નહીં, એ સ્પષ્ટ થવું જોઈએ. ચીફ કમિશનરે , તારી માગણી કયારેય માન્ય કરવામાં નહીં આવે એવું સમજાવ્યું. પણ તે સાંભળે જ નહીં. આખરે કમિશનરે તેને પોતે આવીને કહ્યું, ''તને લાગે છે કે તું આવી હાલતમાં રહેશે કે હું પીગળી જઇશ કે ડરી જઇશ પણ તે કાંઇ નહીં. તું અહીં આમ જ મરી જઇશ તો પણ અમને શી ચિંતા?'' પરંતુ ચિંતા નહીં તો પણ અધિકારીઓનું જે અપમાન પેલો સત્તર વરસનો છોકરો એકધારો કરતો હતો, તે માત્ર અધિકારીઓને સ્વસ્થ બેસવા ના દે. બારીનું હંમેશાં કહેવું એવું હતું કે એકવાર આ રાજ બંદીવાનોમાંથી બે-ત્રણને ચાબૂક માર્યા કે તત્કાળ આ બાબુ લોકોની સાન ઠેકાણે આવશે. સાધારણ બંદીવાનોનો તેમને તેવો અનુભવ છે. સામે પક્ષે અમારામાંના બે-ત્રણ યુવાન વર્તમાનપત્રોના સંપાદકોનું કહેવું છે કે રાજકીય બંદીવાનોને ચાબૂક મારવા નહીં એવો માર્લેનો આદેશ અમે પોતે વાંચ્યો છે. એ સમાચારને લીધે ચાબૂક મારવાની વાત નકરી ધમકી જ છે એવું અમે મોટાભાગના લોકો સમજતા હતા. તેમ છતાં સંપમાં હું હંમેશાં કહેતો આવો આદેશ બદલી નાખવો પણ તેમના જ હાથમાં હોવાથી આપણને સમય આવ્યે ચાબૂક પણ મારવામાં આવશે તેવું ધારીને જ સંપમાં જોડાવું જોઇએ. કદાચ ચોર અથવા દરોડાખોર એવી વીસ વરસના બર્મીઝ છોકરાઓ ચાબૂકના ત્રીસ-ત્રીસ ફટકા ચૂં કે ચાં કર્યા વગર ખાતા, એનું કારણ બાળપણથી જ તેઓ તેના માટે ટેવાટેલા હતા. આપણે પણ નિશ્ચયથી ટેવાઇ જશું. ચાબૂક મારશે તો ચાબૂક ખાવા પડશે. આવો નિર્ધાર કર્યો હોવાથી ચીફ કમિશનર પણ ચાબૂક ખાવા પડશે, તેવું બજાવે તો પણ પણ નાની ગોપાલ સાંભળે નહીં. ઘાણી તો રહેવા જ દો પણ કોઈ કામ કરે નહીં. આખરે ત્રાસીને અધિકારીઓ બારીની યુક્તિથી કંટાળવા માંડ્યા અને છેવટે તેમેણે

નાની ગોપાલને ચાબૂક મારવાનું ઠરાવ્યું

વાત એકદમ ગુપ્ત તેવું બારીએ મને પહેલાંથી જણાવ્યું. મેં કહ્યું. તમે ભલે એકાંતમાં અંગત રીતે વાત કરો છો, તો પણ તમે અધિકારી તરીકે જ તે કહો છો, અને મારાં મંતવ્ય તમે ઉપરી અધિકારીઓને જણાવવા

માટે જ કહો છો તે હું જાણું છું. પણ મારું સ્પષ્ટ કહેવું એને હું મારું કર્તવ્ય સમજું છું. જો તે બાળકને તમે ચાબૂક માર્યા તો આજ સુધી કયારેય જેવા બગડ્યા નથી તેવા રાજબંદીઓ બગડશે. આ લોકોના પાછળનાં સાહસ અને ભયંકર કૃત્ય તમે જ યાદ કરો, તમે સમર્થ છો, તમારી તુલનામાં તેમની શક્તિ પા જેટલી પણ નથી. પણ તે શક્તિથી જે કોઇ થાય તે કરવામાં તેઓ પાછા પડશે નહીં. હજી સાધારણ સામનો અને વિરોધ તે કરે છે. પણ જો અસાધારણ સજા આપવામાં આવી અને

લોહી પડ્યું તો તેઓ લોહી રેડવામાં પાછીપાની કરશે નહીં

''આ મને શું લાગે છે એ કહેતો નથી પણ શું થવાની શકયતા છે તે કહું છું,'' બારી હસ્યો. ગયો પણ મનમાં હચમચ્યા વગર રહ્યો નહીં. પેલી તરફ ચાબૂક મારવાની સજા સંભળાવવામાં આવી. ચાબૂકના સટાકા પણ બોલ્યા. અમને સૌને ઓરડીઓમાં બંધ કરવામાં આવ્યા કે જેથી દંગાફસાદ થાય નહીં. હવે ચાબૂક લાગતા જ લોહીના ઊડતા છાંટાની સાથે જ નાની ગોપાલની ચીસ સંભળાશે કે શું તેથી અમે બધા કાન લગાવીને બેઠા ત્યાં જ એક વોર્ડર સાહસ કરીને મારી પાસે તેવાજ બંદોબસ્તમાં આવ્યો, અને નાની ગોપાલને જેલ બહાર મોકલી દીધો એવું કહીને જતો રહ્યો. થોડાજ સમયમાં ઓવર્સિયર જાણી-જોઇને મારી પાસે આવ્યો અને રમૂજ દેખાડામાં બોલ્યો, કે, ''નાનીની XXX ફાટીને બે ફાડચાં થઈ ગયાં છે. '' તેની અશ્લીલ ભાષા તરફ ધ્યાન નહીં આપતા મેં હસતાં હસતાં જ કહ્યું, ''નાનીનું ઓવું કાંઈ થયું નથી, બીજા કોઇનું હશે પણ; નાનીને ચાબૂક ના મારતા જેલની બહાર મોકલાવવામાં આવ્યો છે એ નવા સમાચાર હું તમને આપુ છું.''તે ચકિત થઇ ગયો,પાછો ફર્યો. ''મારી હેઠળના પેટા ઓફિસરને આ વાત આટલીવારમાં ખબર જ કેમ પડી, તું શું જુએ છે, કોણે કહી આ વાત, પકડીને લાવ તેને,'' કહીને ગુસ્સામાં નીકળી ગયો.

તે સમાચાર સાચા હતા, કારણ સજા કર્યા પછી પણ અધિકારીઓને તેમની જવાબદારી લેવા તૈયાર નહોતા. ચીફ કમિશનરને ટેલીફોન કર્યો,તે પણચચરી ગયો અને છેવટે ચાબૂકની સજા રદ કરીને નાનીને તે જેલમાંથી કાઢીને બહાર એક જિલ્લાની જૂની જેલમાં કેટલાક દિવસ રાખવો એવો આદેશ ટેલિ ફોન પર જ આપવાની તેમને સદ્બુદ્ધિ સૂઝી. ગમે તેમ કરીને એ સંકટ ટળ્યું. પરંતુ જયારે,

નાની ગોપાલને ચાબૂક મારવાનું રદ કર્યું

એ અમને સારું લાગ્યું તો પણ તે ખૂબ જ હતોત્સાહ થયો! તેને ચાબૂક ખાઇને હું મક્કમ રહે બતાવીશ વિચારીને જે તરવરાટ થતો હતો તે ઉતરી ગયો. તેની આ હિંમતની વાહ-વાહ શત્રુઓ પણ કર્યા વિના રહી શકયા નહીં. તેને અમારાથી દૂર કરવામાં આવશે એટલે તે અમારા ઉત્તેજના ભરેલા વિસ્તારથી દૂર રહેવાથી ઢીલો થશે એવું અધિકારીઓનું અનુમાન હતું. પરંતુ જલ્દી જ આ ઉતેજનાની આપત્તિ કેટલી ભૂલ ભરેલી હતી એ તેમને સમજાઇ ગયું. કારણ અમારાથી દૂર થતાં જ તેણ તે બહારના બંદીવાસમાં

અન્નત્યાગ કર્યો.

તે અંદર હતો ત્યારથી તેને અન્નત્યાગથી અમે એકસરખો પરાવૃત્ત કરતા હતા. તેના અન્નત્યાગ પછી ત્રણ-ચાર દિવસ તેની તરફ કોઇએ ધ્યાન આપ્યું નહીં. તે કોઇની સાથે કાંઇ બોલ્યો નહીં. અન્ન-પાણી વગર ફકત પડયો રહેતો હતો. આ નવું પ્રકરણ જોઇને અધિકારીઓએ તેને ઉઠાવીને ફરીથી અમારી સેલ્યુલર જેલમાં લાવીને બંધ કર્યો તો પણ તે અન્ન ખાધું નહી. આગળ પાંચ-છ દિવસે તેને નિયમાનુસાર બળજબરીથી નાકમાં નળી નાખીને દૂધ પીવડાવવામાં આવ્યું.

અંદર નાની ગોપાલની આ સ્થિતિ થઈ હોઈને બહાર એક નવું જ પ્રકરણ ઊભું થયું. બહાર ગયેલા રાજ બંદીવાનોમાં મોટે ભાગે એકમેકને મળવા માટે, હજાર નિયમો કર્યા તો પણ તેને તોડીને એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં ચૂપચાપ જતા હતા. એ ધ્યાનમાં રાખવું જોઇએ કે બીજા બંદીઓ પણ આવી જ રીતે ચોરીછૂપી ભટકતા. પરંતુ કોઇપણ વાત રાજ બંદીવાનોએ કરી એટલે, તેનાથી અધિકારીઓ તરત ગિન્નાઈ જતા. સ્વદેશના સમાચાર લાવવા અને બીજા બંદીવાનોમાં સ્વદેશી વ્રતનો પ્રચાર કરીને બંદીવાનોમાં દેશભક્તિ નિર્માણ કરવી એ કારાગૃહમાનું એક કર્તવ્ય છે એવું માનનારી મંડળીઓ અઠવાડિયામાં જે કાંઇ પણ છાનામાના સમાચાર મેળવ્યા હોય તે એક કાગળ પર ઉતારીને, તેની સાથે એકાદ નવી દેશભક્તિની કવિતા લખીને તે કાગળની દસ-વીસ હસ્તલિખિત નકલો જિલ્લાઓમાં વહેંચતા. તેમાં આગળ આગળ એક સંપાદકીય લેખ પણ લખાવા લાગ્યા! એટલે કે તે કાગળ

વર્તમાન પત્રોનું બચ્ચું

ગણાવા માંડ્યો. બંદીવાનોમાંથી આગળ જતાં જતાં કેટલાક સ્થાયી ''સ્વતંત્ર'' લોકોની પણ ઓળખાણ થઇને રાજ બંદીવાનોનું જોર વધવા લાગ્યું. આ સ્વતંત્ર એટલે કે પહેલાનાં બંદીવાનોમાંના છૂટકારા પછી ત્યાં જ વસેલા કુટુંબોની પેઢી હતી. રાજ બંદીવાનોની આ ચળવળની માહિતી અતિશયોક્તિથી ફૂલીફાલીને એક વિશાળ ષડયંત્રનું રૂપ લઇને અધિકારીઓના કાન સુધી પહોંચવા માંડી. એટલામાં આંદામાનના રાજ બંદીઓની સ્થિતિની, ઈંદુભુષણની ફાંસીની ,ઉલ્લાસનાગાંડપણની, વગેરેના કેટલાય ગુપ્ત રીતે મોકલાવેલા પત્રો હિંદુસ્તાનમાં પહોંચ્યા અને તે...

રોમાંચકારી યાતનાની વાર્તા

હિંદુસ્તાની વર્તમાનપત્રોમાં છપાતાં જ આંદામાનનાં અધિકારીઓમાં એક ખળભળ થઈ. હિંદુસ્તાનનાં વર્તમાનપત્રોમાંથી એકાદ લેખ આ તરફ કેટલો પણ ગરીબડો લાગે પણ પેલી તરફ આંદામાનમાં અમારો તેના લીધે એક દિવસ પણ આનંદમાં જાય.કાઉન્સિલમાં આંદામાનના રાજબંદીઓ વિશે પૂછાયેલો એક પ્રશ્ન - પછી તેનો અહીં ગમે તેટલો તુચ્છ જવાબ મળે - અમને એક મહિના સુધીનું જીવન સુખેથી જીવવાની શક્તિ આપે. કારણ અમે ગમે તેટલા તૂટી ગયા તો પણ અમને કોણ પૂછે છે, એવું લાગીને જે એક પ્રકારની તીવ્ર નિરાશા મનનો ઉત્સાહ ભંગ, કરે તે જરાક તો દૂર થતી. લેશમાત્ર અટલું સમાધાન લાગે કે આપણે ભોગવી રહેલી યાતના એકદમ નિરુપયોગી ના રહેતા તેના પ્રસિદ્ધિકરણથી પેલી બાજુ તે મહાન

આગમાં તેલનું એક ટીપું પણ

વધારે નાખી શકીએ છીએ, એ વા વિચારે મનને ફરીથી સુદ્રઢ અને ક્ષમ્ય કરતો. સામે પક્ષે આજે નહીં કાલે પણ રાજ બંદીઓ સાથે આપણે કેવું વર્તીએ છીએ, એની તપાસ થયા વગર રહેશે નહી. એટલું જ નહીં પણ સમય આવ્યે તેના વિષે જવાબ પણ આપવો પડશે. આવો ડર સ્થાનિક અધિકારીઓના મનમાં આવતા તે પુષ્કળ વિચાર કરીને વર્તવા લાગ્યા . અને જે-તે કામમાં હિંદુસ્તાન સરકારની સંમતિ લઇને પછી જ આગળ પગલું ભરતા. આ પરિણામ અને ડર એકદમ શરૂઅતમાં જ અનુભવમાં આવ્યો નહોતો. શરૂ શરૂમાં તો ઊલટું વધારે જ કડક આપત્તિથી અમારે સામનો કરવો પડયો. પરંતુ છેવટે તેના લીધેજ તેમને રાજ બંદીવાનોના કહેવા તરઉ ધ્યાન આપવાની ફરજ પડી.

આ વખતે પણ તેવું જ થયું. હિંદુસ્તાનનાં વર્તમાનપત્રોમાં એ વાત કોણે મોકલાવી, કોણ લખીને લઇ ગયા વગેરે વાતોનું બરાબર નિરાકરણ ના આવવાથી અધિકારીઓ ચિડાઇ ગયા. થોડા દિવસો આમ જ

વીતી ગયા. બહાર મોકલાવવા વિશેની મારી અરજીની સુનાવણી થઇ તેનો પાંચ -છ દિવસ પહેલાં જ જવાબ મળ્યો હતો કે

તમને સોમવારે બહાર મોકલાવવામાં આવશે

મને પણ આશ્ચર્ય થયું ! મને લાગ્યું હું બહાર ગયો કે ભાઇ પણ બહાર જશે જ! ઉતાવળ ઉતાવળમાં જે કવિતા ભીંત ઉપર આખી ચાલીમાં છૂપાઇને કોતરી હતી તે મોઢે કરી નાખી અને સોમવારની વાટ જોઇ રહ્યો. પણ તેઓ મને બહાર મોકલાવશે એવો વિશ્વાસ બિલકુલ નહોતો. સોમવાર આવ્યો. બીજા કેટલાય બંદીવાન બહાર મોકલાવવામાં આવ્યા. પણ હું મારી કોઠડીમાં ને કોઠડીમાં બંધ! ત્રીજા દિવસે પર્યવેક્ષક આવ્યા. મેં પૂછયું આ શું છે? તે થોડો વચનનો પ્રામાણિક હતો. તેણે જ મને સોમવારે એવું કહ્યું હતું. તેથી તેમને પણ થોડો ઓશિયાળા જેવુ લાગ્યું. તમણે કહ્યું કે, ચીફ કમિશનર રંગૂન ગયા છે. તેમના આવતા જ શું છે તે ખબર પડશે. ત્યારે જ શંકા થઇ. અને કમિશનર રંગૂનથી લેફ્ટનન્ટ ગર્વનરને મળીને આવી પણ ગયા. ત્યાં શું નક્કી થયું કોને ખબર. પણ મને બહાર મોકલવાને બદલે એક દિવસ સવારે જે જે બહાર ગયા હતા તે રાજ બંદીઓની

આખા આંદામાનમાં એકાએક ધકપકડ શરૂ થઇ

કોઇકને હાથકડી નાખી. કોઇકને તેવા જ પકડી લીધા. કોઇકની ઓરડીની તપાસ કરવામાં આવી. ધીમેધીમે રાજ બંદીઓ ઉપરની તે આપત્તિ બીજા પર પણ પડી. કેટલાંય સ્વતંત્ર ઘરોની, કેટલાય જમાદારોની, કેટલાય ટંડેલોની આંખે ચડે એટલે તપાસ, ધરપકડ! ગોરા અધિકારીઓની ઉગ્ર બૂમાબૂમ! બધા જ ભયભીત થયા. કારણ રાજ બંદીવાનોએ બોમ્બગોળા બનાવીને આંદામાનથી ભાગી જવાનું એક મોટું ષડયંત્ર રચ્યું છે એવી અધિકારીઓને પૂરી વાત મળી હતી. પરંતુ આટલી તપાસ કરતાં એકાદ બોમ્બગોળો તો શું એક લવિંગિયું ફટાકડો પણ જોવા ના મળ્યો. તે પૂરી બાતમી આપનાર લાલમોહન નામનો બંગાળી આગળ જતાં બીજા એક એવા જ પ્રકરણમાં ખોટી બાતમી આપવાના અપરાધને લીધે અધિકારીઓના ક્રોધને પાત્ર થયો હતો. તેના પરથી તેની આ વાત કેટલી સાચી હતી તે દેખાય છે, અને આશ્ચર્યની વાત કે, આ જ વોર્ડરે પહેલાં હોતીલાલના પત્રને યોગ્ય સ્થળે પાતાના હાથે પહોંચાડ્યાની શંકા અધિકારીઓને થઇ હતી. કદાચ તે શંકાને લીધે થયેલા અધિકારીઓનો ગુસ્સો ઠંડો કરવા માટે જ વોર્ડર મહાશયે રાજ બંદીઓ વિરુદ્ધ આ ફરિયાદ કરી હોવી જોઇએ.

ઓ જે પણ હોય, પણ રાજ બંદીઓની દુર્દશાની સીમા ના રહી. કોઇક કહેતું કે પેલા તળાવમાંથી બોમ્બ મળ્યો, તો કોઇકે કહ્યું રાજ બંદીવાનોએ બોટ લાવવા મોકલાવેલો પત્ર પકડાઇ ગયો હતો. કારણ શું હશે એ કોઇને સમજાયું નહીં. રાજ બંદીઓને આ દંગલનો લાભ લઇને ઘેર-ઘેરથી પકડીને જેલમાં નાખવામાં આવ્યા. ઓટલા માટે તો ચીફ કમિશનર રંગૂન ગયા હતા! બારીના મહત્ત્વની તો સીમા જ નહોતી રહી. તે કમિશનરને કહે તમને લાગે હું જ ખરાબ છું! પણ આ ભયંકર લોકો તમારી સાથે પણ સભ્યતાથી વર્ત્યા નહીં. તેમને ઉઠતા લાત, બેસતા મુક્કો જ બરાબર છે.
પહેલેથી જ બોમ્બ મહાદેવના પ્રસાદથી એક-એક જન્મટીપ પામેલા અમને રાજ બંદીવાનોને ફરીથી તે બોમ્બ મહાદેવની આ બીજી કૃપા કેવો પ્રસાદ આપે છે એની ચિંતા દિવસ-રાત થતી રહી હતી. તે ચિંતામાં

અમારા બહાર જવાનો પ્રશ્ન જે એકવાર ડૂબ્યો તે પાછો કયારેય આવ્યો નહીં. બોમ્બગોળાની અને આંદામાન ઉડાવી દેવાના ષડ્યંત્રની વાત સાંભળતાં જ અથવા સાંભળવા જેવું કરવાથી અધિકારી એકદમ ઉત્સાહપૂર્વક કહેવા લાગ્યા કે બહાર જવાનું હવે નામ લેવું નહીં. હિંદુસ્તાન સરકારનો છેલ્લો હુકમ આવ્યો છે. સજા પૂરી થાય ત્યારે અથવા

મરી જાય ત્યારે જેલમાંથી બહાર પડશો

એક જન્મટીપ ગળે વળગેલા, નિઃસહાય, લાચાર, વિવશ, એક-એક કરીને કોઠડીમાં પૂરવામાં આવેલા, તેમાં પણ આ નવો ભયંકર આરોપ ખરેખર છે શું, તે નહીં સમજનારા, આવી સ્થિતિમાં માનસિક ચિંતાથી તે રાજ બંદીવાનોની આવા જવાબ સાંભળીને કેવી સ્થિતિ થઇ તેનું શું વર્ણન કરું? થોડા દિવસો આવા અસંગઠિત અને કર્તવ્યશૂન્ય અવસ્થામાં વીતી ગયા.

પરંતુ થોડા જ દિવસો, કારણ એક-બે અઠવાડિયામાં આગળના કાર્યક્રમની સાધારણ રૂપરેખા અંકિત કરવામાં આવી. પહેલા તો એકદમ નીડર એવા બે-ત્રણ જણે એવી અરજી કરવાનું નક્કી કર્યુ કે શો આરોપ છે પાકું સમજવું. ષડ્યંત્ર, રાજયક્રાંતિ, રાજદ્રોહ, બોમ્બ બનાવ્યો, લાગુ કરવામાં આવેલો પ્રતિબંધ, જે પણ અપરાધ તમને લાગતો હશે તે અપરાધી જાહેર કરીને અમારા ઉપર ખટલો ભરો. જેઓ બહારથી આવ્યા તેમાનાં જમેણે આ પ્રમાણે કહ્યું તે સૌને ઘણી હા-ના કરતાં કરતાં છેવટે જવાબ આપવામાં આવ્યો કે તમારી ઉપર ખટલો કરવા જેટલા અમારી પાસે પુરાવા નથી! પરંતુ જો પુરાવા ના હોય તો બહાર છોડો કહ્યું તો, બહાર જવાનું તો નામ પણ લેવું નહીં, એવી ધમકી મળતી. આંદામાનમાં જ્યાં બંદીઓ પરના કેસમાં વકીલ પણ આપવામાં આવતા નહીં અને પંચ પણ નહીં, અને જ્યુરી પણ નહીં જ. આવી ન્યાયી કોર્ટમાં બારી જેવા પુરાવા ઊભા કરનાર હોશિયાર લોકો હોવા છતાં જાહર તપાસ કરવા જેટલા પુરાવા જો મળ્યા નહીં તો આરોપ જ કેટલો કાલ્પનિક અથવા અતિશયોક્તિભર્યો હોવો જોઇએ એ કહેવા જેવું નથી. પણ તે આરોપ સબળ ના હોય તો પણ સગવડિયો હતો. તેના લીધે હિંદુસ્તાન સરકારને ભયંકર રંગીન ચિત્રો મોકલાવવામાં આવતાં પણ આ બંદીવાનોની બલાને કારાગૃહમાં જ દબાવીને રાખવા સારા એવી તેમની ધારણા અને એ બધામાં મને કારાગૃહની બહાર છોડવનું સંકટ પણ સહજ ટાળવા અધિકારીઓને એક અસરકારક સાધન મળ્યું.

મેં અન્નત્યાગ કર્યો

મેં જમવાનું નકાર્યું એવી ખબર પડતાં જ અધિકારી વર્ગમાં ખડભળાટ મચી ગયો. ચીફ કમિશનરે આ પ્રકરણ કેમેય કરી થાળે પાડવા પર્યવેક્ષકોને સમજાવ્યા. અન્ન છોડવા માટે મારી ઉપર ખટલો કરવામાં આવ્યો હતો. પણખટલા વખતે સજા નહીં આપતા મને જમવાનું સ્વીકારી લેવા માટે આગ્રહ કરવામાં આવ્યો. મેં મારો હેતુ જણાવતાં જ, 'નાની ગોપાલને' મળવાની મને પરવાનગી આપવામાં આવી. મેં ત્રણ દિવસ સુધી અન્ન ગ્રહણ કર્યું નહીં એવી ખબર પડતા જ નાનીને પણ ખૂબ માઠું લાગ્યું. બારીસાહેબ સાથે મને તેને મળવા માટે મોકલવામાં આવ્યો.

અન્નત્યાગના સંપનો અંત

અન્નત્યાગકરીને ઉપવાસમાં પોતે જ મરવા પડવાની આત્મઘાતી યુદ્ધ પદ્ધતિનો હું તીવ્ર વિરોધ કરતો જ હતો. તેના પરિણામે અન્નત્યાગની કલ્પના મંડળીએ છોડી દીધી. બધામાં નાની ગોપાલદાસને અન્નગ્રહણ કરવા રાજી કરવું અત્યંત કઠીન થયું. બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. તે બિલકુલ મૃત્યુના દ્વારે બેઠો. ત્યારે આવા ધૈર્યવાન મનુષ્યનું જીવન વ્યર્થ ધૂળમાં ના મળી જાય તેથી નિર્વાણનો ઉપાય યોજવાનું નક્કી કરીને, જો તું અન્નગ્રહણ કરશે નહીં તો, મારે પણ અન્નત્યાગ કરવો પડશે, એવી ધાક બતાવી. તરત જ બીજા દિવસે તેણે મારું કહેવું માનીને અન્નગ્રહણ કરવાનું નક્કી કર્યું. મેં તેને સ્પષ્ટ કહ્યું કે, '' મરવું છે તો કાયર જેવી જિદથી વ્યર્થ નહીં મર. કંઇક તો... પછી મર! છેવટે.''

તેણે અન્ન ગ્રહણ કર્યું, મેં પણ ઉપવાસ છોડયો

હવે જે બે વખત મળતું તે અન્ન - કારણ કામ છોડવાથી સરકારી સજા તરીકે ઓછું અન્ન આપવામાં આવ્યું - નીચે-ઉપર નાળિયેરનાં છોતરાં રાજ બંદીવાનો ખાવા માંડ્યાં, પણ કામ તેટલું કરે નહીં. ઉપવાસે શા માટે મરવું, ઠાંસીઠાંસીને અન્ન ખાવ, પઠ્ઠા જેવા થાવ અને કામ કરો નહીં! આ મારો મંત્ર બધાએ ઉપાડી લીધો, ત્યારે જે રાજબંદી મર્યાદિત સજાના હતા તેમના પર કામ છોડવાના અપરાધ માટે જેલમાં બધી સજા ખૂટી જતાં મેજિસ્ટ્રેટ સમક્ષ કેસ કરવામાં આવ્યો. કોઇકને બે મહિના સજા વધારવામાં આવી, કોઇકને ચાર મહિના, નાની ગોપાલને એક વરસની સજા વધી.

પાછળ લખેલું જ છે કે હિંદુસ્તાનમાં આંદામાનની માહિતીના પત્રો છાપવામાં આવ્યાથી મોટી ખળભળ થઇ હતી. તેમાં આ ષડ્યંત્રના પ્રકરણનો અણસાર આવવાથી હિંદુસ્તાન સરકારને પણ એકવાર આંદામાનની પરિસ્થિતિ પ્રત્યક્ષ જોવા આવવા માટે કોઇને મોકલવું જરૂરી છે એવું લાગ્યું. ત્યારે સ્વયં ગૃહમંત્રી (home member) સર રેજિનાલ્ડ ક્રેડોક- જે પહેલાં બ્રહ્મદેશના ગવર્નર હતા - તે આંદામાન આવ્યા. આંદામાંનમાં પહેલેથી કોઇ ઉપરી અધિકારી કયારેય જલ્દી આવતા જ નહોતા. અને તેમાં પણ જો એકાદ આવ્યા તો જ તેમનું આવવું એટલું ગુપ્ત રાખવામાં આવતું કે બંદીવાનોને કોઇ પ્રેક્ષક ફરવા આવ્યો છે કોઇ અધિકારી આવ્ો છે તે સમજવું અઘરું થતું. તેના લીધે કેટલાકને પોતાની ફરિયાદ તેમના કાને નાખવાની તક જ મળતી નહોતી. કોઇએ કોઇ બૂમાબૂમ કરી નહીં એટલે તે અધિકારી પાછા જાય અને પ્રતિવેદ કરે (report) કે સબ ઠીક હૈ! તેવું આ વખતે પણ ના થાય એટલા માટે રાજ બંદીવાનોને ગુપ્ત રીતે ગૃહમંત્રી આવનારા છે એ વાત ખબર પડતાં જ અમારે તેમની મુલાકાત લેવી છે એવી માગણી કરવાનું શરૂ કર્યું.

'તેમને કોણે કહ્યું,' એવું બરાડનારથી ના ડરી જતાં એટલું જ નક્કી થયું કે હવે પછી ઉપરી અધિકારી આવ્યા અને તેમને મળવા દીધા નહીં તો ઓરડીમાંથી જોરજોરથી બૂમો પાડશું, પછી નિયમભંગની સજા થાય તો થાય. પહેલાં આ નિર્ણય અનેક વેળા અમલમાં મૂકતા રાજ બંદીવાનોને સજા પણ ભોગવવી પડી. આખરે જ્યારે સન ૧૯૧૩ માં

ગૃહમંત્રી સર રેજિનાલ્ડ ક્રેડોક આવ્યા

ત્યારે ચુનંદા રાજ બંદીવાનોને તેમની સામે લાવવામાં આવ્યા. કોઇકની ફરિયાદનો જવાબ મળ્યો, ''તમે સરકારના શત્રુ છો, તમને મૃત્યુદંડ યોગ્ય હતો.''કોઇકને કહેવામાં આવ્યું, ''બહાર જવાનું નામ લેવું નહીં! તમે રાજદ્રોહી કારસ્તાન રચો છો! પુરાવા? અમને સાબિત કરી શકીએ તેમ નથી પણ અમને ખબર છે!'' મારી વાતચીતની શરૂઆત થોડી કારસ્તાની સૌમ્ય સ્વરૂપે થઇ. સર સાહેબ બોલ્યા, ''સાવરકર! આ શું તમારી દુર્દશા તમે તમારા હાથે કરી નાખી! મેં તમારાં બધાં પુસ્તકો વાચ્યાં છે. તમારું જ્ઞાન અને શક્તિ જો યોગ્ય માર્ગે વાપરવામાં આવે તો તમને સરકારના હાથમાં હોય તેવી કોઇપણ

શ્રેષ્ઠ પ્રકારની નોકરી મળી શકે!

પણ આ દુર્દશામાં પડવાનું તમને ગમ્યું!'' મેં કહ્યું, સહાનુભૂતિ માટે હું તમારો આભારી છું. આ દુર્દશા ટાળવી તમારા હાથમાં છે. હિંદુસ્તાનમાં હવે ગોખલેનો શિક્ષણ ફરજિયાત કરવાનો ઠરાવ વિધિમંડળ સમક્ષ (કાયદા કાઉન્સિલ) આવ્યો છે. જો તે મંજૂર થઇને આવા પ્રકારની જ વિધાયક પ્રગતિ કરવા મારા રાષ્ટ્રને મનઃપૂર્વક તક આપવામાં આવે તો હું જ નહીં પણ મારી પહેલાં થયેલા ક્રાંતિકારી મિત્રો પણ શાંતિના માર્ગે જવાને ખડેપગે તૈયાર થશે, મને લાગે છે તેઓ પણ આવું જ કહેશે.

સર કેડાક : આ તમને કેવી રીતે ખબર પડી ? તે કયાં છે એની તમને ખબર છે ?

હુંઃ તે કેવી રીતે શકય છે ? તમારી કોઠડીમાં તમારા પહેરામાં હું જ રાત-દિવસ બંધ નથી ? પણ આપણી એક બીજાની મનોવૃત્તિ મને ખબર છે, તેના પરથી હું તર્ક કરું છું. શાંતિથી પ્રગતિ શકય હોય તો ક્રાંતિકારી માર્ગ અપનાવવો હું અધર્મ ગણું છું. તેઓ પણ સમજે છે. એવામાં પણ જો.

સરઃ છટ, તમારી ભૂલ થાય છે. તેઓ હજી સુધી એવી જ રણગર્જના કરી રહ્યા છે અને તમારું નામ લે છે. હિંદુસ્તાનમાં કહો કે અમેરિકામાં કહો પણ તમારી મંડળી હજી પણ તે અપરાધી ચળવળમાં રમમાણ છે.

હુંઃ આ વાત અત્યારે તમે કહો છો એટલે મને સમજાય છે ! મારું નામ કોઇએ લે કે ના લે એ હું કેવી રીતે રોકી શકું ? તેઓ મને આગેવાન ગણે તો પણ અહીંથી હું તેમની સાથે સંબંધ રાખી શકું એવી તમે કલ્પના પણ કરી શકો છો ? (આ વખતે સન ૧૯૧૨-૧૩ માં અમેરિકામાં ગદર નામના ક્રાંતિકારી વર્તમાનપત્ર અને અન્ય ચળવળ અભિનવ ભારતમાં યુરોપથી અમેરિકા ગયેલી લાલા હરદયાળજી વગેરે મંડળી ચલાવતી હતા એ વાચકોએ ધ્યાનમાં રાખવું).

સરઃ (હજી થોડું બોલું એ પહેલાં જ) તો વચ્ચે તમે કહ્યું તે મુજબનો મત તેમને સમજાવવા તમે સક્ષમ હો તો પત્ર મોકલવાની પરવાનગીનો વિચાર કરીશ.

હુંઃ પત્ર હું ખૂબજ ખુશીથી મોકલીશ, પરંતુ તે મારા તરફથી સ્વતંત્રપણે તેમને ગયો તો જ તેનો ફાયદો.

સરઃ અમારા હાથે જ તે પત્ર જવો જોઇએ.

હુંઃ આવુ કરવાથી તેમને મેં પત્ર સરકારી દબાણમાં આવીને મોકલ્યો તેવું નહીં લાગે ? હું સ્વતંત્ર પત્ર મોકલું તે જ ઉત્તમ.

સરઃ અમારાથી તેવું થઇ શકશે નહીં.

હુંઃ તો સરકારી હસ્તે પત્ર મોકલવાનો કોઇ અર્થ છે એવું મને લાગતું નથી.

સરઃ (મારી તરફ આપણે બેઉ એકબીજાને ઓળખીએ છીએ એવા ખંધા સ્મિત સાથે જોતાં) ભલે, શું છે,તમારી ફરિયાદ શું છે ?

એ પછી હું કારાગૃહનાં દુઃખોનાં પાડાં વાચવા માંડયો. રાજ બંદીવાનોના કષ્ટનું વર્ણન કરતાં કરતાં સર સાહેબ સાથે આવેલા અમારા ચીફ કમિશનર બોલ્યા, ''પણ તમે રાજ બંદીવાનાો અત્યાચારી અને ખૂની ષડ્યંત્રો રચ્યાં હતાં !

જો આજે હિંદુસ્તાન પર રશિયન લોકોનું રાજ હોત તો

તમારા જેવા બળવાખોરોને તેમણે સાઇબેરિયા મોકલાવ્યા હોત,અથવા ગોળી મારીને ઠાર માર્યા હોત. ત્યારે અમે અંગ્રેજ લોકો તમારી સાથે આટલી ઓછી ક્રૂરતાથી વર્તીએ છીએ એ તમારે તમારું ભાગ્ય જ માનવું!''

હુંઃ પણ રશિયન લોકો રાજય કરતા હોત તો તેમણે હિંદુસ્તાનને નિઃશસ્ત્ર નહીં કર્યું હોત. આજે રશિયન સાઇબેરિયા વગેરે પ્રાંતમાં ત્યાંનાં લોકોમાં અધિકારી સૈનિક સેનાપતિ પણ કરી શકે છે, તેવું અમારા લોકો કરી શકત અને મોગલો વિરુદ્ધ જેમ થયું તેમ અમને જાહેરમાં બંડ કરીને સ્વાતંત્ર્ય પણ જલ્દી મળ્યું હોત!

સરઃ તમારા હિંદુ રાજાઓ હોત તો હજી વધારે ક્રૂરતા થાત. બળવાખોરોને તેઓ હાથીના પગ તળે કચડીને મારી નાખત!

હું: હોઇ શકે! અને ઇંગ્લેન્ડમાં પણ ફકત ચોરી કરવા બદ્દલ આખા રસ્તા પર ફટકારતા લઇ જઇને અપરાઘીને ફાંસી દેતા હોત. પણ 'હોત' એટલે આજે કોઇ પણ ચોરને આવી ફાંસી આપવામાં આવે છે? સ્પષ્ટ વાત એ છે, મનુષ્ય જાતિના સાર્વત્રિક સુધારાનો લાભ બેઉ પક્ષને સરખો મળે છે. પહેલાં બળવાખોરોને હાથીના પગ સાથે બાંધીને મારતા તો બળવાકોરો ફાવી જતા ત્યારે ચાર્લ્સ જેવા રાજાને ફાંસી પર લટકાવતા! આજે બેઉ પક્ષે વધારે સભ્ય અને સૌમ્ય વ્યવહાર કરવો એને આપણે પોતાના સુધારાનાં ચિહ્ન ગણાય છે, અને તેઓ જે પ્રમાણે પોતે સમજે છે એમ કહે છે, તે પ્રમાણે અમે પણ તમારા નિયમ પ્રમાણે જ વર્તશું એવું કહીએ છીએ. તમે મન ફાવે તેવા છળ કરશું એવું ખુલ્લું કહેવું એટલે અમે એ પરિસ્થિતિને પણ કોઇક રીતે જવાબ દેશું જ!

આ પ્રકારના વાર્તાલાપ પછી વાત ફરી મૂળ મુદ્દા પર આવી. આંદામાનમાંની બંદીસંસ્થા મુદ્દે પણ અમુક પ્રશ્નોતરી થઇને અમને કહેવામાં આવ્યું કે. હિંદુસ્તાન સરકાર યોગ્ય તે જવાબ આપશે.

કેડોક ધમકાવીને ગયા, જવાબ પણ આવે નહીં. આંદામાનના જ અધિકારી કહેવા માંડયા, હાલ જે છે તેમાં સમાધાન માનો. પરંતુ કંઇ ને કંઇ ચળવળ કર્યા સિવાય રહેવું નહીં તેવો નિશ્ચય કરીને બધા રાજ બંદીવાનોએ

ત્રીજો સંપ જાહેર કર્યો.

એક-બે સિવાય બધાએ કામ છોડી દીધાં. છ-છ મહિનાથી બેડીઓની સજા થઇ. નાની ગોપાલે અન્નત્યાગ કર્યાને દોઢ મહિનો થયો હતો. જબરદસ્તીથી તેને નાકેવાટે નળીથી થોડું દૂધ પિવડાવવામાં આવ્યુ. તે સાવ હાડપિંજર થઇ ગયો. તો પણ

એ દોઢ મહિનો અન્નત્યાગ કરેલા છોકરાને આઠ દિવસ હાથકડી સાથે દિવસભર ઊભા રહેવાની સજા

ફરમાવવામાં આવી! એ ડગમગ્યો નહીં. પરંતુ દુ:ખથી ઉદ્વિગ્ન થઇને બીજા છ-સાત લોકોએ અન્નત્યાગ કર્યો. તેમને પણ પેટમાં લેશમાત્ર અન્ન ના હોવા છતાં આઠ દિવસ હાથકડી સાથે ઊભા રાખવવામાં આવ્યા. મારો પત્ર આવવાનો હતો તે આવ્યો પરંતુ તમારા પત્રમાં આક્ષેપભર્યું લખાણ છે તેથી તમને એ આપવામાં આવશે નહીં એવું કહેવામાં આવ્યું. હું પત્ર આવતાં જ સંપમાં જોડાઇ ગયો. તેમાં જ બે અઠવાડિયાનીસખત બેડીની સજા થઇ. પછી હાથકડી, સાંકળી-બેડી એવી સજા થતી રહી. પત્રમાં આક્ષેપજનક એવું તે શું છે તે જલ્દી જ અમને અમારા સહાયકે ખાનગીમાં જણાવ્યું. એ આક્ષેપજનક વિધાન એટલે તે વરસે

પાર્લમેન્ટમાં કેરહાર્ડીએ મારા વિશે કરેલી ચર્ચા

હતી. આયર્લેન્ડમાં લોકો ખુલ્લેખુલ્લા બંડની ધમકી આપે છે, સૈન્ય બનાવતા ફરે છે તોય સરકાર કાંઇ કરતી નથી, પરંતુ સાવરકર જેવા હિંદુ ક્રાંતિકારીઓને પિસ્તોલો જમા કરવા માટે પચાસ વરસ કાળાપાનીની સજા કરી એવો ટોણો મારતી કટલીક ચર્ચા પાર્લમેન્ટમાં થઇ હતી. એ વાત લખેલો પેલો પત્ર મને દેખાયો હોત તો પાર્લમેન્ટ સુધી અમારા તરફ સૌનું ધ્યાન ખેંચાયું હોત એવું અમે રાજબંદી લોકો સમજશું અને માથે ચડી જશું, અને સંપ વધારે જોર પકડશે એવા ભયથી મને એ ઘરનો પત્ર આપવામાં આવ્યો નહીં. અમે બધાએ સંપમાં મુખ્ય બે-ત્રણ માગણીઓ કરી હતી. (૧) અમને રાજ બંદીવાનો ગણીને એ વર્ગના પહેલી કક્ષાના અધિકાર આપવામાં આવે (૨) નહી તો માત્ર સામાન્ય બંદીવાનો ગણીને આંદામાનના અન્ય બંદીવાનોની જેમ બહાર છોડવામાં આવે, લખવાનું કામ આપવામાં આવે. છેવટે યોગ્ય સમયે કુટુંબના લોકોને લાવવા દેવા. (૩) જો એમ પણ ના કરવું હોય તો હિંદુસ્તાનની તુરંગમાં જ

અમને લઇ જવા, એટલે ત્યાંની તો બધી સગવડો અમને મળશે. છૂટ-સજાના દિવસોની કારાગૃહીય છૂટ પણ મળતી રહેશે. આ માગણીઓ માટે સંપ ચાલતો હોઇને સરકારી નિયમ રાજ બંદીવાન ખુલ્લેખુલ્લા ધાબા પર બેસવા માંડયા. કડક પહેરામાં અલગ-અલગ કોઠડીઓમાં રાત-દિવસ બંધ હોવાને લીધે એકમેકની યોજના અને સમાચાર સમજવું અઘરું થવા લાગ્યું. પાછળ વર્ણવેલો, 'ટેલિફોન', દૂરધ્વનિ બંધ થયો. કારણ આંગણામાંની બીજી કોઠડીના બાકોરા સુધી જઇ શકાતું નહોતું. જે-તે બંધ. ત્યારે

ટેલિફોન તૂટયો તો ટેલિગ્રામની શોધ થઇ

અને તે પણ વાયરલેસ ની! દૂરધ્વનિ બંધ થયા પછી આ બિનતારી તારાયંત્ર ઘણા દિવસ સરસ કામ કરતું હતું. પગમાં બેડીઓ હતી. તેમાં કડીઓ હતી. એ કડીઓ પર નહીં તો બેડીઓ, દરવાજાના સળિયા પર પટકીને એક ઠરાવેલી ધ્વનિલિપિમાં કટ્ટ... કડક, કટ્ટ શરૂ થયો. માત્ર બે ચાર ઓરડીઓ કે ઉપરની ઓરડીઓ જ નહીં તો ચાલી એકમેક સાથે જે ખૂણા સુધી જોડાયેલી હતી, તેમાંની પહેલવહેલી ઓરડીથી અવાજ આ ચાલીમાંથી પેલી ચાલીમાં જતો હોવાથી સમાચાર આસાનીથી ચારેકોર આવવા-જવા માંડયા, પાછું વચમાં જે વોર્ડનના વિશ્વાસઘાતનો ભય હતો તે પણ રહ્યો નહીં. આ ધ્વનિલિપિ પહેલાં અંગ્રેજીમાં બેસાડી હતી. તેને અમારા બંધુઓએ નાગરી લિપિમાં બેસાડી! ત્યારે શુદ્ધ સ્વદેશી બિનતારી તારાયંત્ર ચાલવા માંડયું! તમારે ત્યાં ટેલિગ્રામની શોધ માર્કોનીએ કરી હશે, અમારા આંદામાનના જગતમાં માર્કોનીના ટેલિગ્રામના આગમન પહેલાં જ અમારા બિનતારી સ્વદેશી ટેલિગ્રામ ચાલતા હતા.

અને હા, હા, ! હવે જોડાયા

આ લખતા લખતા ધ્યાનમાં આવ્યું કે કેપિટલ અખબારે અમારા ભાઇ બિનતારી તારાયંત્ર પર નિમાયા હતા એવું જે લખ્યું તે તો સાવ ખોટું જ હતું એવું કાંઇ કહી શકાશે નહીં. નકામું એ બિચારા પાસેથી અમે ખટલાનો ડર દેખાડીને ક્ષમા મગાવી. થાય તે ખરું ભાઇ, અમારા બંધુ બિનતારી તારાયંત્ર પર નિમાયા હતા, સાચું ! પણ અખબારના કહેવામાં થોડો જે ક્ષમ્ય ફરક પડયો. તે એટલો જ કે, આ વાત લડાઇના વખતમાં થઇ એવું એ અખબારે કહ્યું. અને આ ટેલિગ્રામનો અવાજ પાડોશની અને પાછળની એક-બે ઓરડી સુધી જ જતો હોઇને કેપિટલે કહ્યું તે જર્મની સુધી પહોંચતો હતો! આટલા અંતરનો ફરક તો કાંઇ જ નથી. સ્પેસ એન્ડ ટાઇમ સ્થળ અને કાળ ઓ બાબતો છે કે માત્ર ભાસ છે એ તત્ત્વજ્ઞાનનો તો હજી પ્રશ્ન ઊભો જ છે.

આ તારાયંત્રથી અમારી યોજના એકમેકને ખબર પડતી અને જે કરવાનું તે સૌ સરખું કરતાં. બારી-વોર્ડનને નવાઇ લાગે કે આ સામુહિક યોજના ઠરાવાય છે કંઇ રીતે, કોણ ખબર આપે છે. પેલો અનાડી પઠાણ, તેના ધ્યાનમાં બેડીઓ ખટખટ શાને વાગે છે એ આવે નહીં. કોઇ બરાડે તો અમે કહેતા મનોમન ભજન કરી રહ્યા છીએ! છેવટે એક કલ્પનાશીલ વોર્ડનને બેડીઓની પ્રશ્નોતરી ખટખટથી થાય છે કે કેમ તેવી શંકા થઇ. એકની થઇ કે બીજાની બેડી પણ ખટપટ! તેણે બારીને કહ્યું. બારીસાહેબ એક રાતે ચૂપચાપ ચારે તરફ તુરંગમાં ફર્યા. તેમણે તારવ્યું કે આ બિનતારી ટેલિગ્રામ છે. નિરુપાય! બેડીઓ વગાડવા જ ના દો આ કુકર્મીઓને! એટલું કહીને ચાલ્યા ગયા.

પણ સાંભળે છે કોણ ? નિયમ કહ્યો કે મૂકી દીધા ધાબા ઉપર

એવું ધીંગાણું ચાલ્યું. જમવાનું પીરસતી વખતે એક કલાક માટે બંદીવાનોને ખુલ્લા મેદાનમાં લાવવામાં આવતા. તેઓ એકમેક સાથે બોલશે એ ભયે બારીસાહેબ પોતે ગર્જના કરતો વચમાં ઊભો રહેતો. એક-બે

દિવસ ઠીક ગયા પણ પાંચમાં કે કોઇક દિવસે બધા રાજબંદીઓ પંગતમાં થોડા થોડા અંતરે બેસીને જમતા હતા. ત્યારે સુશ્રાવ્ય ઈંગ્લિશ ભાષામાં

અનાયાસે જ વ્યાખ્યાન સંભળાવા માંડયું !

બ્રધર્સ વી આર ઓલ બ્રોન ફ્રી ! ચમકીને સૌ ઉપર જુએ તો નાની ગોપાલે એકદમ ઊભા થઇને, બોલતા નહીં, એવા બારીના નિયમનો બરાબર બદલો લેવા માટે સાર્વજનિક વ્યાખ્યાનની શરૂઆત કરી છે! બંધુઓ, આપણે જન્મથી જ સ્વતંત્ર છીએ. એકમેક સાથે પ્રેમથી બોલવું, એ મનુષ્યનો નિસર્ગસિદ્ધ અધિકાર પણ જો શત્રુ છીનવી લેવા માંડયો તો તેનું સાંભળે છે કોણ! આ હું બોલું છું. અને બોલીશ! એવાં કાંઇક વાક્યો તેના મુખેથી એકદમ વકતૃત્વમય શૈલીમાં નીકળ્યાં ના નીકળ્યાં ત્યાં તો ગિન્નાઇને બારી, મિર્ઝા ખાન, પઠાણ વોર્ડર તેની તરફ ધસી ગયા. પણ અમારા વકતાનું વ્યાખ્યાન અસ્ખલિત ચાલુ જ હતું. તેને ઉપાડીને લઇ જઇને ઓરડીમાં પૂરી દેવાય ત્યાં સુધી તેના વ્યાખ્યાન કાર્યક્રમનું સમાપાન કાંઇ થયું નહીં! રાજ બંદીવાનોનું હસવું રોકાય નહીં. બારીનો સંતાપ પૂરો થાય નહીં.

પઠાણ કે હિંદુ

મારી કોઠડી તરફ આવીને એકાંતમાં સાવ રહેવાય નહીં એટલે મિર્ઝા ખાન અર્થાત્ છોટા બારી બોલ્યો, બડે બાબુ, યે લડકા નાની ગોપાલ તુમ્હારા સચ્ચા શિષ્ય હૈ. આ તમારો ખરો શિષ્ય. તેનું સાહસ હિંદુને શોભતું નથી. એકાદ પઠાણના છોકરા જેવો છે એ. મેં કહ્યું, બડે જમાદાર, તમારી ભૂલ થાય છે. તમારા પિતા પઠાણ હતા, તો પછી તમારી જેમ જો એ પઠાણનો બચ્ચો હોત તો આજે સ્વદેશ માટે અહીં સબડતો પડીને બારીને મગતરા જેવો ના લેખીને એય તમારી જેમ બારીના પગ ચાટતો ફરતો હોત. દિવસને જો બારી રાત કહે તો તમે રાત કહો છો! એ હિંદુ છે એટલે જ તે આવો શુરવીર છે. જમાદાર, પઠાણ જાતિમાંની બુદ્ધિમતા અને શૌર્ય હું પણ વખાણું છું. પણ બધા જ પઠાણ શુર હોત અને બધા જ હિંદુ શુર ના હોત તો તમારા પઠાણી અને મુસલમાની રાજયને હિંદુઓ કેમ ઉથલાવી નાખત? સંપ જારી રહ્યો, તેમાં છેવટે હિંદુસ્તાન સરકારનો આદેશ આવ્યો કે,

રાજ બંદીવાનો માટે નવી વ્યવસ્થા કરવામાં આવે.

આ આદેશ મોટી ધામધૂમ સાથે સૌને ભેગા કરીને વાચી સંભળાવવામાં આવ્યો. તેમાં મુખ્ય વાત એ હતી કે

(૧) રાજ બંદીવાનોમાં જેઓ ટૂંકી સજાના જે બંદીવાનો છે તેમને હિંદુસ્તાનની જેલોમાં નાખી દઇને ત્યાં રીતસર સજામાં છૂટ મળતી રહેશે.

(૨) જે જન્મટીપના બંદીવાનો છે તેમને ચૌદ વરસ સુધી તુરંગમાં રાખવામાં આવશે. પછી જો તેમની ચાલચલગત સારી રહી તો હસ્તકામ સિવાય છૂટા મૂકવામાં આવશે.

(૩) તુરંગમાં ચૌદ વરસ સુધી રહેતી વખતે તેમને અન્ન અને કપડાં ઉપરની રીતે આપીને પાંચ વરસ પૂરાં થતાં જ જાતે રસોઇ રાંધીને ખાવાની પરવાનગી આપવામાં આવશે. ખર્ચ માટે મહિનામાં કાંઇક રૂપિયો-બાર આના સુધી પૈસા પણ આપવામાં આવશે.

ત્રીજા સંપનો અંત

ઉપરની શરતો પરથી જણાઇ આવશે કે સંપમાંની અમુક માગણીઓ કબૂલ કરવામાં આવી હતી. આ સાવ નહીં બદલાનારી વ્યવસ્થા તરીકે દિલ્હીથી લખાઇને આવ્યું હતું. છતાં પણ આવી કેટલીય નહીં બદલાનારી વ્યવસ્થા ચળવળ કરીને રાજ બંદીવાનોએ બદલી નાખી હતી! ત્યારે આપણી શક્તિના સામર્થ્ય અનુસાર આ મળ્યું એ ઝોળીમાં નાખીને આગળ બીજી તક મળે ત્યાં સુધી પ્રકરણ બંધ કરવું એવું ઠરાવાયું અને સૌએ સંપ પૂરો કરીને કામ શરૂ કર્યાં.

જલ્દી જ ટૂંકા ગાળામાં બંદીવાનો (Term Convicts) હિંદુસ્તાનની જેલોમાં લઇ જવામાં આવ્યા. જતી વખતે તેમને અમારી તરફથી બજાવીને કહેવામાં આવ્યું કે, દેશમાં આંદામાનમાંની હાડમારીની પ્રસિદ્ધિ બરાબર કરતા રહો અને દેશમાંથી જયારે જયારે આંદામાનમાં બંદીઓ મોકલાવાય ત્યારે ત્યારે સ્વરાષ્ટ્રના સમાચાર મોકલાવતા રહેવા. એ રાજબંદીઓ હિંદુસ્તાનના એક જ પ્રાંતમાં નહીં મોકલાવાતા બધા પ્રાંતમાં સરકારે વિખેરી નાખ્યા હોવાથ આ બેઉ કામ કરવામાં તેમન વધારે સગવડ થઇ. અને તેમણ આ કામ શકય તેટલી સારી રીતે કર્યાં.

અવધિના બંદીવાનો જતા જ જન્મટીપના એવા અમે થોડા જ બચ્યા. એકાદ બીજી અવધિનો બંદીવાન રહી ગયો હતો. તેમાં મોટાભાગનાને સહિયારા જાતે રાંધીને જમવાની સગવડ કરી અપાઇ તેથી સરસ ભોજન મળવા માંડયું. થોડાને છાપખાનાનાં, ગ્રંથાલયનાં (તેની વાત આગળ આવશે જ) નકશા બનાવવાના કામ આપવામાં આવતાં મહિને દસ-પાંચ રૂપિયા વેતન પણ મળવ માંડયું. પૈસાની ખેંચ તો શું પણ દુર્દશાવશ જે કારાગૃહમાં હતા તેઓમાં પાંચ રૂપિયા જેની પાસે હોય તે લખપતિ જેવો ગણાતો. અનેક જણ તેમની સેવા કરવાને તત્પર રહેતા તેમાં શાનું આશ્ચર્ય! આવી રીતે પાછળ રહી ગયેલા જન્મટીપના બંદીવાનોમાંથી ઘણા જણને કારીગરોના નાતે સુલભ શ્રમ અને સારું અન્ન મળવાથી સારી સગવડ મળી. પરંતુ આ બધું મળ્યું તો પણ આ થોડા લાભમાં પણ અમારી ખાસ કાંઇ વરણી થઇ નહીં. અમને કોઇપણ લેખનકામ આપવામાં આવ્યું નહીં. અમને કોઇપણ કારખાનાની દેખરેખ માટે નીમવામાં આવ્યા નહીં. અમને મળેલું મુખ્ય આશ્વાસન એટલું જ કે અમારા સાથી દેશભક્તોને કાંઇક તો સગવડ મળી. અમારા બંધુએ અને અમારે તે જ તાણાવાણા વાણવાનું હસ્તકલાનું કામ કરવું પડયું! આગળ નાશિકના ષડયંત્રના ખટલાના શ્રીયુત વામનરાવ જોશી અને મારા બંધુને અન્ય રાજ બંધવાનોની જેમ સાથે રસોઇ રાંધવાની પરવાનગી મળી. પણ મને પહેલાંની જેમ એક ચાલીમાં અલજ જ બંધ રાખવામાં આવ્યો. આંદામાની રાજય કારભારનું આ સૂત્ર જ ઠરાવેલું હતું. જે બારી અનેક વખત કહી સંભળાવતો કે અશાંતિનું મુખ્ય કારણ એટલે સાવરકર છે અને તેમના પર કડક નજર રાખવી જોઇએ! શકય ત્યાં સુધી સવલતો ના મળવા દેવી જોઇએ!

એ ૧૯૧૪નું વરસ હતું. રાજ બંદીવાનોની આંદામાન ચળવળનો અને વૃતાંતનો પૂર્વાર્ધ અહીં પૂરો થાય છે. આગળ મોટી મોટી ઘટનાઓ હિંદુસ્તાન અને જગતના રાજકારણમાં થતી ગઇ. તેના પરિણામના પડઘા આંદામાનની આ નાની વસાહતમાં પણ પડવા માંડ્યા. તેથી ત્યાંના વૃતાંતનું સ્વરૂપ બદલાતું ગયું. પૂર્વાર્ધમાં આ મુખ્યતઃ પોતાના જ અસ્તિત્વ માટે અત્યંત જરૂરી એવી ભૂમિકા સર્જવા તરફ રાજ બંદીવાનોની શક્તિ ખર્ચાઇ. પરંતુ ઉત્તરાર્ધમાં આંદામાનના સાર્વજનિક જીવનમાં પણ નવું જોમ સર્જવા તરફ તેમનું ધ્યાન ખેંચવામાં આવ્યું. આ મુખ્ય પરિવર્તનને લીધે અમારાઆ કારાગૃહમાંના વૃતાંતના પણ બે ભાગ પડે છે તેથી પૂર્વાધ અહીં જ પૂરો કરીને આગળનું વધુ વ્યાપક સ્વરૂપનું વૃતાંત ઉતરાર્ધ માટે બાકી રાખીએ.

* * * * * * * * * * * * * * * * * * * *

મારી જન્મટીપ : ભાગ બે

Maari Janmatip: Bhag Be

Mazi Janmathep: Bhag Don

આંદામાનમાં સંગઠન અને પ્રચાર

પૂર્વાર્ધમાં ફક્ત મારો જ નહીં પણ સ્થૂળમતે ઈ.સ. ૧૯૧૪ વરસ સુધીનો આંદામાનના કારાવાસમાંના રાજ બંદીવાન વર્ગનો વૃત્તાંત કહેવામાં આવ્યો હતો. એ પાંચ-છ વરસમાં રાજ બંદીઓના સહવાસને કારણે, એમના પ્રયત્નોને કારણે બંદીવાન લોકો સાથે વર્તણૂકની રીતની જે માણસાઈ દેખાડવામાં આવવા લાગી એના થકી અને ખાસ તો, રાજ બંદીઓની, અધિકારીઓ સાથે જે માનવાચક અને પ્રતિકારી વર્તણૂક થવા લાગી એનાથી સર્વસાધારણ બંદીવાન લોકોમાં ઘણું અંતર આવ્યું છે એવું જોવા મળ્યું. રાજ બંદીઓની એકતા જોઈને, એમનું ધૈર્ય જોઈને, અને એકને તકલીફ પડે તો બીજા બધા જે રીતે એને છોડાવવા તૂટી પડતા એ જોઈને, બીજા બંદીવાનોના મનમાં પણ સામાજિક જીવનનાં તત્ત્વો નિર્માણ થવાં લાગ્યાં. સ્વદેશ, સ્વધર્મ, જનસેવા, વગેરે શબ્દોનો એમને પરિચય થવા લાગ્યો જેના થકી એમનામાં સામાજિક નિતિમત્તા વધવા લાગી. એમાં પણ આ ગુણોનો પ્રભાવ, હિંદુ બંદીવાનોમાં વધુ ઝડપથી થવા લાગ્યો. એમના શિક્ષણ વિરુદ્ધ અધિકારીઓનું વલણ કેવું કડક હતું એ તો પાછળ કહ્યું જ છે. પણ રાજ બંદીઓની ચળવળને કારણે એ લોકો ખાસા એવા ઢીલા પડ્યા હતા. માત્ર મુસલમાન વોર્ડરો પાસે જ નહીં પણ બંધીઓ પાસે પણ કુરાન અને બીજાં પુસ્તકો, ધાર્મિક કહીને રાખવામાં આવતાં. અને ક્યારેક ક્યારેક તો માત્ર કામ ટાળવા માટે એ પુસ્તકો વાચતા. પણ હિંદુઓને પોતાના ધર્મગ્રથો રાખવા અને રાખવાની કદાચ છૂટ નહોતી. એક તો વરિષ્ઠ અધિકારીઓ એમને દબદાવતા, અને વરિષ્ઠ અધિકારીઓ પાસેથી વાચવા માટે એમને જે કંઈ સમય મળતો, તે મુસલમાન વોર્ડરો એમને મળવા દેતા નહોતા. તુલસીદાસ રચિત રામાયણ, પાંચ-દસ હિંદુ લોકો એકસાથે બેસીને ફક્ત રજાને દિવસે પણ જો વાચવા બેસે તો પણ મુસલમાન ટંડેલ અને મિર્ઝા ખાન તેમના પર અનાયાસે ગુસ્સે થઈને, બે દંડૂકા મારે અને ક્યારે બંધ કરાવે એ કંઈ કહેવાય નહીં. આવા પ્રસંગો અમે ઘણીવાર જોયા. આવાં ધાર્મિક પુસ્તકોમાંનાં ચિત્રો જોઈને આવા બુત-પરસ્ત પુસ્તકો હિંદુઓને વાચવા નહીં દેવા એ પોતાનું ધાર્મિક કર્તવ્ય છે એવું માનવાવાળા ત્યાંના પઠાણી ટંડેલો અને પંજાબી મુસલમાન વોર્ડરો વિશે બધાને ખબર હતી. એ પરિસ્થિતિમાં બંદીવાન લોકોમાંના અમારા જેવા ઘણા લોકોને આ પ્રકાર સહન ન થતાં અને એ વિવાદ વરિષ્ઠ અધિકારીઓ સુધી પહોંચાડવો, એવું કરતાં કરતાં એકાદ, બીજું ધાર્મિક પુસ્તક પોતાની પાસે રાખવા માટેનો પ્રતિકાર ઓછો થવા લાગ્યો અને કામ પતી ગયા પછી એકાદને ભણવા માટે એકાદો પાટીનો ટુકડો અથવા પાટી ખુલ્લેઆમ રાખી શકાતી.

હિંદુ લોકોને રજાઓ મળવામાં પણ આવો જ પક્ષપાત થતો. મુસલમાન રજા આવે ત્યારે, મુસલનાની બંધીઓ કામ બાજુએ મૂકી, વાતો કરતા કરતા સુખેથી, રમતગમત કરતા, રખડી શકતા પણ હિંદુઓને કેટલીક રજાઓ આપવામાં જ નહોતી આવતી, જે રજાઓ આવતી એ દિવસે નીચેના અધિકારીઓ ધમકાવતા, ''કામ કરો છો કે આખો દિવસ ઓરડીમાં બંધી બનીને પડ્યા રહેવું છે?'' જેના લીધે, આંખો મોટી કરેલા જમાદારના મોઢે ઓરડીમાં બંધ કરવાની ધમકીથી બિચારા હિંદુ બંધીઓ ચૂપચાપ કામ કરતા. આવા પ્રકારના અન્યાયનો વિરોધ કરવા માટે, હિંદુઓને એમની રજાઓ મેળવી આપવા માટે, એમને ના પાડવા માટે પ્રેરીને અમે પણ કામ છોડીને બેસી ગયા. નિરીક્ષક આવ્યા પછી આ પ્રકરણ, હાથ બહાર ગયેલું જોઈને, બોલ્યો ''હિંદુઓને રજા આપવામાં આવશે પણ તમે જો પાછા આવાં ત્રાગાં કરશો તો તમને સજા કરવામાં આવશે. તમને સાધારણ બંદીવાનો પ્રમાણે સજા કરવાનો મારો જીવ નથી ચાલતો એટલે આ વખતે છોડી દઉં છું.''

રાજ બંદીઓ, હિંદુ બંદીવાનો પરના અન્યાય દૂર કરવા માટે ઝઝૂમવા સાથે મુસલમાન બંદીવાનોના અન્યાયનો પ્રતિકાર કરવામાં પણ પાછા પડતા નહોતા. એમના પ્રયત્નો થકી જમવાનું, ભણતર, કામ, વગેરે વિષયે જે જે સુધારણાઓ અને સગવડો બંદીવાનોને મળતી ગઈ એ મુસલમાનોને પણ મળતી જ હતી. તેથી એ લોકો પણ રાજ બંદીઓને સન્માનતા, એટલું જ નહીં પણ ભરબજારે એમનાં વખાણ કરતા, એટલું જ નહીં તો તેમની મિલીભગત જાહેરમાં લાવીને તેમને રાજ બંદીવાનો સજા ના કરાવે એટલે અમુક સમય સુધી એમની જી-હજૂરી પણ કરવા લાગ્યા. રાજ બંદીઓના ઉપદેશોને કારણે મુસલમાનોમાં પણ રાષ્ટ્રીય વૃત્તિના અમુક લોકો મળી આવ્યા. એનો ઉપયોગ પણ થયો. પણ આગળ જતાં જેમ જેમ શુદ્ધિ વગેરે ચળવળો કરવાની રાજ બંદીઓને ફરજ પડી, એમ એમ મુસલમાનોના જન્મજાત ધર્મ વિશેના ગાંડપણની લત એમને પણ લાગ્યા સિવાય રહી નહીં.

બંદીવાનોના ભણવા માટે પાઠયપુસ્તકો રાખવાં એમને થોડીક સગવડો મળી ત્યારે પુસ્તકો કેવી રીતે મેળવવાં એ મુખ્ય પ્રશ્ન ઊભો થયો. એમનામાંના ઘણા લોકોના ઘરે અજ્ઞાનનું રાજ હતું. એ મગાવે તો મોંઘાં જોડાનાં પાર્સલ ઘરેથી આવતાં, પણ બે આનાનાં પુસ્તક મગાવે તો આવતાં નહીં. સરકાર એમને પુસ્તકો આપે એવી પ્રાર્થના વ્યર્થ હતી. એકાદ બીજું પુસ્તક રાખવા મળતું એ ઉપકાર હતો. એટલે જ અમે પોતપોતાનાં પાર્સલોમાં પુસ્તકો ક્રમવાર અને સહેલાં, ઈતિહાસ-ભૂગોળનાં મગાવવાં માંડ્યાં. જેના લીધે અમુક દિવસો પસાર થયા.

પરંતુ રોજબરોજની વ્યવસ્થા કરવા માટે ટૂંક સમયમાં એક કેન્દ્રિત સંસ્થા સ્થાપિત કરવામાં આવી.

પાછળ લખ્યું જ છે કે જે રાજ બંદીઓને, રાજકારણનું ધ્યેય, માર્ગનું તારતમ્ય અને રહસ્ય સમજાયું નહોતું અને જે કોઈપણ દેશસેવક સંસ્થા સાથે શપથબદ્ધ થયા નહોતા એવા લોકોને સ્વદેશ સેવાની દીક્ષા શપથપૂર્વક અને એનું તરાતમ્ય અને રહસ્ય સમજાવી, જ્ઞાનપૂર્વક આપવાનો ક્રમ શરૂ કરવામાં આવ્યો જ હતો. આગળ જતાં એ સંસ્થામાં રાજ બંદીઓના પરિચયમાં આવવાથી દેશભક્તિનાં બીજ જેમના હૃદયમાં સારી રીતે અંકુરિત થયાં હતાં એવા સાધારણ બંદીવાનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. એ બંદીવાનો જ્યારે છ મહિના પછી અથવા વરસ પછી બહાર જતા ત્યારે એ જ રીતે પોતાનાં સ્વતંત્ર જૂથો તૈયાર કરતા. આ સંસ્થામાં જ આગળ શિક્ષણના પ્રચાર માટે દરેકે પોતાની કમાણીના એક રૂપિયામાંથી એક આનો, પચાસ રૂપિયામાંથી આઠ આના એવો ચઢતો ફાળો ઠરાવવામાં આવ્યો. અમુક બંદીવાનોને એવા અધિકાર મળ્યા હતા કે મહિનાના ત્રીસ-ચાલીસ રૂપિયા સહેલાઈથી મળી રહે. એ પછી જ્યારે રાજ બંદીઓને બહાર છોડવામાં આવ્યા હતા એ ચાર-પાંચ મહિનાઓ દરમિયાન બહારના બંધી અધિકારીઓ નહીં પણ સર્વસાધારણ વેપારી વગેરે 'સ્વતંત્ર' વર્ગના કેટલાક લોકો દેશકારણમાં ધ્યાન પરોવવાનું શીખી ગયા હતા. એ પ્રમાણે જ લેવાયેલા શપથનો બંદીવાનોએ પણ પ્રચાર કરીને લોકોમાં રાજકારણમાં રસ નિર્માણ થાય અને સ્વદેશ માટે આપણું કંઈક કર્તવ્ય છે એની જાણ અમુક પ્રમાણમાં ઉત્પન કરી હતી, એ પ્રમાણે એ વસાહતોમાં અભિયાંત્રિક, ડોક્ટર, ન્યાય વિભાગના અધિકારીઓ અને બીજા સત્તા વિભાગના અધિકારીઓ જે હિંદુસ્તાનના સુશિક્ષિત વર્ગમાંથી નોકરી નિમિત્તે આવ્યા હોય એમાંના ઘણા લોકો આવતા જતાં, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે અમારી સાથે પરિચયમાં આવવાને કારણે એમણે પણ ક્યારેય ન લીધેલા નિયમબદ્ધ સ્વદેશ સેવાવ્રત લીધા હતા. એમાં એમના વર્ગોએ પણ કમાણીના સો રૂપિયામાંથી પાંચ રૂપિયા, આંદામાનમાં પ્રચાર કરવાના કાર્ય માટે સંસ્થાને આપવા એવો નિયમ હતો. એ પ્રમાણે અમુક લોકો નિયમિતપણે આપતા. એમાંના જે હિંદી ભણ્યા નહોતા એ હિંદી લખવા-વાચવાનું શીખતા રાજકીય ઈતિહાસ, અર્થશાસ્ત્ર અને શાસનશાસ્ત્ર એ પ્રત્યેક દેશભક્ત માટે જરૂરી વિષય પર પસંદ કરેલાં પુસ્તકોની અમે જે એક સામાન્ય ટિપ્પણી કરી હોય એવાં પુસ્તકો વેચાતાં લેતા અને વાચતાં.

સંસ્થામાં જમા થયેલી રકમ અને સંસ્થાના બધા જ વ્યવહાર વણલખ્યા અને મોટેભાગે અધિકારીઓની વક્ર દ્રષ્ટિએ ના ચડે એ રીતે ચલાવવા પડતા.

સંસ્થાની રકમમાંથી બંદીવાનો માટે પાટીઓ, ક્રમિક પુસ્તકો અને ઉચ્ચ વિષયોનાં પુસ્તકો ખરીદી

શકાતાં, તો પણ બીજી તકલીફ એ પુસ્તકોનું વિતરણ કરવાની હતી. કારણ કારાગૃહમાં બંદીવાનો પાસે પુસ્તક દેખાતાં જ એ કોણે આપ્યું છે એ પહેલો પ્રશ્ન કારાવાસ અધિકારીનો રહેતો. વાચવા માટે અને પુસ્તક પાસે રાખવા માટે કેટલા લોકોએ સજા ભોગવવી પડી છે એની કોઈ ગણતરી જ નથી. પાછું પુસ્તક કોણે આપ્યું એમ પૂછવા પર અમારું નામ કહેવું એટલે પોતાનું વોર્ડરપદ ગુમાવવું અને કઠોર શિક્ષાને પાત્ર થવું. રાજ બંદીઓ સાથે વાત કરવી એ ગુનો કહેવાતો તો એમની પાસેથી પુસ્તક સ્વીકારવું એ અપરાધ વિશે તો શું કહેવું! એટલે રજાને દિવસે કોઈ વોર્ડરના બહાર ગયા પછી, અમુક ભાઈબંધે બહારથી અમુક પુસ્તક આપ્યું તેવાં બહાનાં આપીને ક્રમિક પુસ્તકો પહોંચાડવાં પડતાં.

આ પુસ્તકોના માર્ગમાંની સરકારી તકલીફો જેટલી બીજી તકલીફ એટલે પોતાના અજાણ બંદીવાનોની જ હતી. ભણવાનું નામ લઈએ એટલે એમનો પહેલો પ્રશ્ન ''ભણીને શું લાભ થશે?'' બૌદ્ધીક અથવા રાષ્ટ્રીય લાભ વિશે સમજાવા જઈએ તો એમને સમજાતું નહોતું. એમાં શિક્ષણ માટે રુચિ ધરાવતા માણસ પર બારીસાહેબની ચાંપતી નજરની બીક! તો પણ પરાણે પરાણે, પકડી પકડીને, જે કોઈ સંગતમાં આવે એને ભણાવવાની મહેનત કરવી, કોઈને એમ કહેવું કે તને થોડું મરાઠી આવડી જાય પછી અંગ્રેજી શીખવશું, પછી તું નાના લેખકનું કામ કરવા લાગીશ અને મુનશી થઈશ. બંદીવાનોમાં મુનશી મોટું માન કહેવાતું. હું મુનશી થઈશ એ મહત્ત્વકાંક્ષાને કારણે કેટલાક બંદીવાનો ભણતા. થોડા એવા પણ નીકળતા જે એટલા માટે ભણવાનું શરૂ કરતા કેમ કે એ એવું માનતા કે એ ફક્ત આપણી વિદ્યા છે, અથવા આપણે ધર્મગ્રંથ વાચી શકશું, અથવા એ આપણું રાષ્ટ્રીય કર્તવ્ય છે આવા ઉદ્દાત બુદ્ધિથી પ્રૌઢ ઉંમરમાં પણ અ, આ, ઇ, ઈથી શરૂ કરીને ભણતા.

પણ આ કામ કેટલું આકરું છું એનું વર્ણન કરવાની જરૂર નથી. અ, આ, ક, ખ, વાચવા આપવું અથવા પકડ, કર, વગેરે શબ્દો કહેતા પેલા બુદ્ધિ વગરના જ નહીં પણ કદાચ ઈચ્છા નહીં ધરાવતા અજાણ બંદીવાનોને છુપાઈને શીખવાડતા. પછી એમની જી-હજૂરી કરવી, ક્યારેક ક્યારેક તો એમને મફત આપવામાં આવતી પાટીઓ અને પુસ્તકો રાખવાનું પણ એ લોકો માન્ય નહોતા કરતા. એ ભણવાની બીકથી બોલવાનું જ છોડી દેતા. આવા લોકોનાં મન બદલવા માટે શિષ્યવૃત્તિઓ આપવી પડતી. એ પણ આંદામાની ચલણમાં. આંદામાનની કોઠડીઓમાં રૂપિયાનું ચલણ ખૂબ ઓછું. મુખ્ય કાર્યકારી ચલણ એટલે ''સુક્કયાનું!'' આ પરિભાષિક શબ્દનો અર્થ તમાકુ. તમાકુની બે ચીમટીઓ શિષ્યને આપી એટલે એ ગુરુ પર પંદર-વીસ મિનિટ ભણવાનો ઉપકાર કરે. આ બધી માથાકૂટથી ત્રાસીને આ કાર્યમાં પહેલા પહેલાં અમારા રાજ બંદીઓમાંના સહકારીઓ ત્રાસીને, બંદીવાનોને ભણાવવાનું કામ કરવાની ચોખ્ખી ના પાડતા. એ શક્તિનો દુરુપયોગ છે એવું કહેતા. કારણ બી.એ, એમ.એ થયેલા અમે અભણ, અપરાધી, ચોર, લુંટારુંઓને દાદા, ભાઈ, ભાઈ કરીકરીને એમને અ, આ વાચતા શીખવવું અને શબ્દો જોડવાની માથાકૂટ કરતા બેસવું એ ખરેખર મોટા પ્રમાણમાં ઉદ્વેગભર્યું હતું. પરંતુ એવું અમને અથવા અમારા સહકારીઓને લાગવા લાગે એટલે અમે અમારા પોતાના માનસ અને એમના માનસને ફરી ઉત્તેજિત કરવાનું કહેતા. આ શકિતનો દુરુપયોગ છે ને? ઠીક છે, તો દેશસેવા માટે આ પરિસ્થિતિમાં વધુ મહત્ત્વનું એકાદ કૃત્ય તમે કરી શકો છો કે? જે કોઈ હા કહે એમણે આ કામ છોડીને વધુ મહત્ત્વનું કામ કરવું. પણ આ સમય ફક્ત નકામી ચિંતા કરતા અને વ્યગ્ર રહેવા કરતા અથવા અંદરોઅંદર નિરર્થક વાદવિવાદ કરીને વેડફવા કરતાં આ તુચ્છ-પતિતોને શિક્ષણ આપવામાં, એમની મનઃપ્રવૃત્તિ, પરોપકારી કરવામાં સમય જવો એ વધુ દેશ કલ્યાણકારી નથી કે શું? હજી વધારે કહીએ તો આપણે ગામડે-ગામડે પ્રાથમિક શાળા શરૂ કરવાનો ઠરાવ લાવીએ છીએ. એ શિક્ષણ આપવા કોઈએ તો આગળ આવવું જોઈએને? પ્રાથમિક શાળામાં આવી રીતે ભણાવવામાં જીવન વ્યતીત કરવાનું વ્રત કોઈકે તો લેવું જ જોઈએને? તો પછી એ ત્રાસદાયક કામ આપણે જ કેમ ના કરીએ? આપણે ફક્ત અધ્યાપકનો તગડો પગાર અને માનની ખુરશી પદાવવી અને ગામડાંઓના બારાખડી ભણાવીને શિક્ષણ આપવાનું ત્રાસદાયક કામ બીજાએ કરવું, એવી ઈચ્છા રાખવી એ શું અન્યાય નથી? પતિતોના ઉદ્ધારનું કામ રાષ્ટ્રીય હિત માટે આવશ્યક છે. મોટા મોટા

પંડિત, મિશનરી યુરોપિયન કારાગૃહમાં ફક્ત આ કાર્ય માટે પોતાનું જીવન સમર્પિત કરી નાખે છે. તો પછી આપણે એ જગ્યાએ એવા જ દ્રષ્ટિકોણથી એ કાર્ય જ, શું કામ ના કરવું જોઈએ ? આપણે એ લોકોને માત્ર શાબ્દિક બારાખડીઓ નથી શીખદાવતા, પણ એમના આત્માને આર્થિક બારાખડી પણ એ શાબ્દિક શિક્ષણની પડખે ઊભા રહીને શીખવી રહ્યા છીએ. આપણી સંગતમાં આવતાં જ એ લોકોમાં સ્વરાષ્ટ્ર, સ્વદેશ, સ્વજાતિની કલ્પનાઓ જાગૃત થાય છે. આપણે જ્યારે એમને ઈતિહાસ કહેતા હોઈએ ત્યારે એમના મુખ પર પણ તેજ ચમકવા માંડે છે એ પતિત છે? અને આપણે કોણ છીએ, જન્મજાત મુક્ત થોડા જ છીએ ? સુધારશું તો એ લોકો પણ સુધરશે. એટલે જ્યાં સુધી બીજું મહત્ત્વનું દેશકાર્ય કરવા ના મળતું હોય ત્યાં સુધી આ અત્યંત ત્રાસદાયક અને એટલે જ જે કરવામાં સાચી દેશસેવા છે એ આપણા આ હીન, દીન, પતિત બંધુઓને આપણામાં આપવાની યોગ્યતા છે એટલું તો શાબ્દિક , બૌદ્ધીક, રાષ્ટ્રીય અને આત્મીય શિક્ષણ આપવાનું કાર્ય આપણે કરતા રહેવું જોઈએ.

આ રીતે પ્રયત્ન કરતાં કરતાં એ જ હીન, દીન, પતિતોમાંથી કેટલાય લોકો એવા ઉદાર મનના નીકળ્યા કે એમની નિઃસ્વાર્થ પરોપકાર બુદ્ધિના સારા વર્તનનો અને દેશહિતની લીનતાનો પ્રભાવ જોઈ અમને રાજ બંદીવાનોને પણ આત્મશ્લાઘા કરવાની શરમ આવતી.

રાજ બંદીઓ સિવાય, બંદીવાનોની પુસ્તકો વગેરે શિક્ષણસામગ્રી આમ ભેગી કરતાં કરતાં રાજ બંદીઓ માટે વાચનીય એવું એક ગ્રંથાલય શરૂ કરવાની માથાકૂટ તો જારી જ હતી. પહેલાં અમે એકબીજાનાં પુસ્તકો વાચી નહોતાં શકતાં, એ પાછળના એક પ્રકરણમાં કહ્યું જ છે.એ પછી અમે પાંચ-દસ લોકોએ એ વાચવા મળે તે માટે કમિશનર સુધી વિનંતી કરી હતી. પણ બારીનું કહેવું હતું કે એકબીજાને પુસ્તકો આપવા-દેવાની આજ્ઞા આપી કે, એ પુસ્તક બીજાએ ફાડી નાખ્યું કહીને આ લોકો ઝઘડતા બેસશે અને પુસ્તકો પર પેન્સિલ વડે ચિઠ્ઠીઓ લખીને એકબીજા સાથે પત્રવ્યવહાર કરશે. જાણે એકબીજા સાથે પત્રવ્યવહાર એ સાધનના અભાવે થતો જ નહોતો ! ઘણી માથાકૂટ પછી એક સંપના ફળ તરીકે પર્યવેક્ષકે આજ્ઞા આપા કે જોઈએ તો પુસ્તકો અંદરોઅંદર અધિકારીઓની સંમતિથી આપ લે કરીને વાંચવાં. પછી બધાનાં પુસ્તકો એકસાથે રાખવાં. એટલે અમે અરજી કરતાંની સાથે જ બારીને એવું લાગ્યું કે હવે ગ્રંથાલય કરવામાં આ લોકો કોઈ કસર નહીં છોડે એટલે એણે કડક વિરોધ કર્યો. એણે પર્યવેક્ષકને જણાવ્યું કે રાજ બંદીવાનોમાંના મોટાભાગના લોકો પોતાનાં બહુમૂલ્ય પુસ્તકો બીજાના હાથમાં આપવા માટે સંમત નથી. દાખલા તરીકે એણે, પોતે નક્કી કરેલાં બે પ્યાદાં સામે ધર્યાં. એ બન્ને જણે પોતે પુસ્તકો એકસાથે રાખવાની વિરુદ્ધમાં છે એવું પર્યવેક્ષકને જણાવ્યું. ત્યારે પર્યવેક્ષકે અમને કહ્યું, તમારા બે-ત્રણ સિવાય બધા વિરોધ કરતા હોય તો પુસ્તકો એકસાથે કેવી રીતે રાખી શકાય. અને એમને કહ્યું, તમે જાતે બધાને પૂછો એટલે તમને સાચી પરિસ્થિતિ સમજાઈ જશે. એ સાંભળતા જ બારીએ બધાને ધમકાવતાં કહ્યું જો પુસ્તકો ભેગાં કરવાનું કહેશો તો પુસ્તકમાં કોઈના પણ પેન્સિલનું લખાણ, ભલે એ કોઈ બીજાએ કેમ ના લખ્યું હોય તો પણ, તેના માટે તમને જવાબદાર ગણીને તમારાં એ પુસ્તકો બાળી નાખીશું.

આવી ધાકધમકી શું આપી, ગર્જના કરીને શું, બીજા દિવસે જ્યારે પર્યવેક્ષકે પોતે બધાને પૂછ્યું ત્યારે બધાએ બધાએ સાહજિક રીતે બારીના એ બે-ત્રણ મળતિયા લોકોને છોડીને, પુસ્તકો એકસાથે રાખશું એમ કહ્યું. બાળવાની વાત કરતા જ અમે કહ્યું, ''છે એ પુસ્તકોમાં અમારાં મૂલ્યવાન પુસ્તકો છે, એ બસો, ત્રણસો રૂપિયાનાં પુસ્તકો અચાનક બાળી નાખશો તો પણ કોઈ વાંધો નથી. પણ પુસ્તકો ભેગાં થવાં જ જોઈએ. દરેક કારાગૃહમાં ખરેખર તો સરકારી ખર્ચે એક એક ગ્રંથાલય હોય છે. અહીં સરકાર એક પુસ્તક પણ આપતું નથી. પણ અમે અમારા ખર્ચે, તમારી આજ્ઞાથી જે પુસ્તકો અંદર લાવીએ છીએ એ પુસ્તકો એકસાથે રાખીને ગ્રંથાલય કરવાનું પણ તમને ભારે પડે છે. પર્યવેક્ષક ખૂબ જ પ્રગતિશાળી માણસ હતો. એણે એ માન્ય કર્યું અને અમારા કહેવા પ્રમાણે જે લોકોએ પુસ્તકો ભેગાં કરવાનો વિરોધ કર્યો હતો એમના પુસ્તકો છોડીને અમારા બધાનાં પુસ્તકો એકસાથે રાખીને એના પર ક્રમાંક લગાડી એક ગ્રંથાલય તૈયાર કર્યું. દર રવિવારે ત્યાં બધા રાજ બંદીઓને એ એક પછી એક જઈને પુસ્તકો બદલાવી લેવાં એવો એક ક્રમ

શરૂ થયો.

ગ્રંથાલયની વ્યવસ્થાને કારણે દરેકને વિવિધ પુસ્તકો વાચવા મળવા માંડ્યા. અને જે રાજ બંદીવાનોને ઘરેથી પુસ્તકો લાવી શકે એવો પણ કોઈ આધાર નહોતો એમને આ પુસ્તકો ખુલ્લેઆમ વાચવા મળવા માંડ્યાં. ત્યારે સ્વાભાવિક રીતે અમે અંદરોઅંદર પાર્સલ મગાવવાનો સમય એવી રીતે નક્કી કર્યો કે ભલે દરેકને વરસમાં એક જ પાર્સલ મળતું હોય, તો પણ એ જુદા જુદા સમયે મગાવવાને કારણે દર મહિને કોઈને કોઈનું પાર્સલ તો આવતું જ રહે. એમાંયે એક માણસ જે પુસ્તકો મગાવે એ છોડીને બીજાએ બીજાં મગાવવાં. આ રીતે મરાઠી, બંગાળી, પંજાબી, સંસ્કૃત અને હિંદી પુસ્તકો કોઈ એક પર બોજો ન પડતાં બધાંને વાચવા મળવા માંડ્યાં. દરેક મહિને એકાદ નવું પાર્સલ આવવાને કારણે નવાં પુસ્તકો અને સાહિત્યિક અને ધાર્મિક માસિક-પુસ્તકો એક પછી એક મળવાને કારણે દેશની ઘણી બધી માહિતી મળવા લાગી. માસિક પુસ્તકો વિશે માત્ર આજીજી કરવી પડતી. કોનું પુસ્તક કોઠડીમાં આવવા દેવું એ વિશે બારીની અજ્ઞાની કસોટી કેવી હતી એ પાછળ કહ્યું જ છે. પણ વચ્ચે જે એક વિચારશીલ પર્યવેક્ષક આવ્યો એણે પુસ્તક પરીક્ષણ વખતે ઘણી ઉદારતા દેખાડી. પણ માસિક પુસ્તકો વિશે એને પણ બારીથી ડરવું પડતું. કારણકે એ વખત આવ્યે કમિશનરને પણ જણાવી દે કે પર્યવેક્ષક રાજદ્રોહી લેખોનાં માસિક પુસ્તક રાજ બંદીઓને આપે છે. એટલે Modern Review, Indian Reviaw વગેરે પુસ્તકો અંદરોઅંદર અમે મગાવીએ ત્યારે કમિશનર સુધી ઝઘડવું પડતું. હું કહેતો કે ખરી રીતે હિંદુસ્તાન સરકાર જે માસિક પુસ્તકો અને બીજાં પુસ્તકો જપ્ત કરતી નથી એ રાજ બંદીઓ જેવા શિક્ષિત અને સ્વતંત્ર વિચારી વર્ગને આપવામાં કોઈ વાંધો ના હોવો જોઈએ. કારણકે હિંદુસ્તાન સરકારના સાહિત્યિક વિભાગના (Sensor Office), હજારો શસ્ત્રોમાંથી પણ જે પુસ્તક નીકળી જાય એ પુસ્તક રાજદ્રોહી અને અવાચનીય હોય એવું શક્ય નથી. બારી જેવા અજ્ઞાત માણસને એ પણ આક્ષેપ જેવું લાગે એ પેલા તજજ્ઞ સાહિત્ય પ્રબંધકના હંજારો નેત્રોને આંધળાં સાબિત કરવાં એવું થયું. અમે આ વાત કમિશનરને સ્પષ્ટપણે કહેતા એટલે એ માસિક પુસ્તકો પણ મળવા લાગ્યાં. તો પણ એ પર્યવેક્ષકની બદલી થયા પછી બારી ફરી ફરીને ચંચૂપાત કરતો જ. ક્યારેક ક્યારેક પુસ્તકોનાં પાનાં ફાડીને આપતો. અને ક્યારેક ક્યારેક એમાંનાં આક્ષેપજનક પાનાં પર છાપખાનાની કાળી શાહીનું પોતું ફેરવી નાખતો. આ બધું સ્વીકારીને, આગળ માટે લડતા રહેવાનો અમારો ક્રમ ચાલુ જ હતો. એક-બે વાર તો અમારાં પાર્સલો વરસ પછી આવ્યાં હતાં. ત્યારે બારીએ પાર્સલ આવ્યાં જ નથી એમ કહ્યું. તપાસ કરી ત્યારે એ મહિના પહેલાં આવી ગયાં હતાં એવી ખબર પડી. ત્યારે બારીની પર્યવેક્ષક સામે નાક ઘસતા ઘસતા હાલત થઈ હતી. એક-બે વાર માસિક પુસ્તકો મેળવવા માટે અને પાર્સલ મેળવવા માટે કામ છોડવું પડ્યું ત્યારે ક્યાંક જઇને એ મળ્યાં. બારીનું નહીં સાંભળતા ગ્રંથાલય બનાવ્યું એનો ગુસ્સો આ રીતે એ અમારા પર કાઢતો. આટલી બધી તકલીફો હતી છતાં એ ગ્રંથાલય થતાં થતાં એક ઉત્તમ પ્રકારનો પુસ્તક સંગ્રહ તૈયાર થયો. લગભગ દોઢ-બે હજાર પુસ્તકો, એમાં ભિન્ન ભિન્ન ભાષાનાં ઉત્કૃષ્ટ પ્રકારનાં જમા થયાં. જે ત્રણ જણાએ બારીને સંતુષ્ટ કરવા માટે પહેલાં પુસ્તક રાખવાની ના પાડી હતી એમણે વહેલી તકે પોતાનાં પુસ્તકો એમાં આપ્યાં અને બીજાઓનાં પુસ્તકો વાચવાનો અધિકાર મેળવ્યો. આગળ જતાં પર્યવેક્ષકને પણ એ સંસ્થાનું અભિમાન થવા લાગ્યું એટલે સંસ્થાને કબાટો આપી એક સ્વતંત્ર જગ્યા આપી. અને ફાટેલાં પુસ્તકો પાછા સીવવા આપવા માટે અને પુસ્તકો હંમેશાં સંભાળવા માટે બે-ત્રણ રાજ બંદીઓની નિમણુક કરી. એ બાંધકામ એટલું ઉત્તમ રીતે કરવા માંડ્યા કે સરકારી કાર્યાલયનાં મોટાં મોટાં પુસ્તકો પણ ત્યાં જ બંધાવા માટે આવવા લાગ્યાં. એના સિવાય રાજ બંદીવાનોમાં જે ચિત્રકાર હોય એમાંના એક-બેને યુરોપિયન અધિકારીમાંથી ઘણાના પ્રકાશ-લેખ મોટા કરવાનું કામ કરવાની મંજૂરી મળી અને એ કામ પણ ત્યાં જ થવા લાગ્યું. રાજ બંદીવાનોમાંથી બે-ચાર લોકોને એક બૌદ્ધીક કાર્ય કરવાની અને હસ્તકષ્ટમાંથી મુક્તિ મેળવવાની સરસ સગવડ મળી. એ પ્રમાણમાં આરામની અને ઇચ્છનીય જગ્યા અર્થાત્ જે ગ્રંથાલય શરૂ કરવા માટે જેમણે ઝઘડાઓ કર્યા એમાંથી કોઈને પણ નહીં મળી એ અપેક્ષા અનુરૂપ જ હતું. જેમણે

ગ્રંથાલયનો વિરોધ કર્યો હતો એમને જ એ જગ્યાનો પ્રથમ લાભ આપીને બારી એમના ઋણમાંથી મુક્ત થયો એ પણ સાહજિક જ હતું.

એ ગ્રંથાલયમાં બંગાળી ભાષાના રાજા રામમોહન, વિદ્યાસાગર વગેરે પુરુષોનાં ચરિત્રો, નવીનસેન રાય, રવીન્દ્રનાથ વગેરેના મોટાભાગના ગ્રંથ, જોગેશચંદ્ર વગેરેની ગ્રંથાવલીઓ, આખું મહાભારત, આખું રામાયણ, યોગવશિષ્ઠ વગેરે ઉત્તમોત્તમ ઘણા ગ્રંથો હતા. માસિકો, વિવેકાનંદ અને રામકૃષ્ણનાં ચરિત્રો અને ગ્રંથોની કેટલી બધી પ્રતો હતી એ પૂછવું જ નહીં. બંગાળી સાહિત્યનો અભ્યાસ અમે ત્યાં યથેચ્છ કર્યો. લંડનમાં ૧૮૫૭ના બળવાનો ઈતિહાસ લખતી વખતે અમને બંગાળી પુસ્તકોનો પ્રથમ પરિચય થયો હતો. રજનીકાંત બાબુનું ''શિપાહી યુદ્ધેર ઈતિહાસ'' ગ્રંથ અમે, એમાં નવું કાંઈક મળે છે કે એ જાણવા માટે ત્યાંના એક બંગાળી મિત્ર પાસે વચાવી લીધો હતો. અમને બંગાળી વાચતા-બોલતા આવડી ગયું હોવા છતાં અક્ષરો લખતા આવડતા નહોતા. એની અમને નવાઈ લાગતી. પછી એ શીખ્યા. હજી પણ બંગાળી વાચતા આવડે છે. દ્રષ્ટિને અક્ષરો અવગત છે પણ લખતી વખતે વિસ્મૃતિ થાય છે. હાથોને આધાર ઓળખ એટલી બધી નથી. રામકૃષ્ણનાં લીલામૃત-કથામૃત વગેરે અને ખંડોના પૂર્ણ કરેલાં ચરિત્રો, રવીન્દ્રનાથની જીવનસ્મૃતિ, ચિત્રા વગેરે પુસ્તકો વાચી વાચીને થાક્યા પછી, જૂના બંગાળમાંના રામ વિજય પ્રમાણેનું ત્યાંનું 'પાયરી' વૃત્તનું રામાયણ, મહાભારત વગેરે ગ્રંથો પણ વાચ્યા. આ 'પાયરી' વૃત્તને આગળ જતાં મધુસુદન દત્તે અમૃતાક્ષર છંદમાં રૂપાંતરિત કર્યું, મેઘનાદ વધ, કુરુક્ષેત્ર વગેરે મધુસુધનના ગ્રંથો વાચીને જ અંગ્રેજીના નિર્મયમક Blank verse પ્રમાણે જેમ એમણે બંગાળી અમૃતાક્ષર વૃત્ત કર્યું એ રીતે જ મરાઠી વૃત્તનું વધુ શાસ્ત્રશુદ્ધ વૃત્તિને મળતું આવે એવું મરાઠીમાં એક વૃત્ત હોવું જોઈએ એવી અમને ઈચ્છા થઈ. એ પ્રયત્ન જ ગોમાંતકમાંના ''વૈનાયક વૃત્ત''માં પરિણમ્યો છે.

મરાઠી પુસ્તકો લાવવાની આવશ્યકતા રાજ બંદીવાનોમાં અમને બે-ત્રણ મહારાષ્ટ્રીયોને જ હતી. પણ જૂનાં પુસ્તકો લગભગ વાચેલાં હોવાને કારણે ફક્ત ચિત્રમય જગત વગેરે અમુક નવાં માસિકો અને નવાં પ્રકાશિત થયેલાં પુસ્તકો અમે અમારા માટે મગાવતા. પરંતુ સાધારણ બંદીવાનોમાં જે મરાઠી બંદીવાનો હતા એમના માટે અને અમારા કષ્ટભાગી શ્રી વામનરાવ જોશી અને જે મરાઠી શીખતા, એ રાજ બંદીવાનો માટે ઈતિહાસ, જ્ઞાનેશ્વરીથી માંડીને મોરોપંત સુધીના પ્રમુખ કવિઓનો કાવ્યસંગ્રહ, ક્રમિક પુસ્તકો, શાસ્ત્રીય પુસ્તકો, સમગ્ર મહાભારત ભાષાંતર, બરોડામાં પ્રકાશિત થયેલું દ્વૈતાદ્વૈત, ભાષાઓ સાથે સમગ્ર બ્રહ્માસૂત્રોનું ભાષાંતર વગેરે દોઢસો-બસો ગ્રંથ અમે ધીરે ધીરે મગાવીને ભેગા કર્યા.

પહેલાં પહેલાં હિંદી પુસ્તકો મગાવવાનો ખર્ચ પણ અમારે જ કરવો પડતો. કારણ હિંદી આપણી રાષ્ટ્રીય ભાષા હોવાને કારણે એ દરેકે શીખવી રહી એવી જે અમારી માથાકૂટ ચાલી રહી હતી ત્યારે એ ભાષાનાં પુસ્તકો મગાવનારા કોઈ જ નહોતા. એટલે અમુક માસિકો, અમુક ગ્રંથો, અમુક ક્રમિક પુસ્તકો અમે લાવીને ગ્રંથાલયમાં મૂકીને પણ આગળ જતા હિંદી અને પંજાબી ઘણા રાજ બંદીઓ આવ્યા, અને એ બે પ્રાંતનાં પુસ્તકો પણ ઘણાં આવવા લાગ્યાં.

અંગ્રેજી પુસ્તકોનો જથ્થો તો મુખ્ય ભાગ હતો જ. સ્પેન્સરના બન્ને મીમાંસા, સમાજશાસ્ત્રના એના બન્ને ભાગ, લગભગ સમગ્ર હર્બટ સ્પેન્સર, મિલ, ડાર્વિન હકસ્લે, હેગેલ, એરરસન, બધાનાં પુસ્તકો ત્યાં હતાં. કાર્લાઈલ, મેકોલે, ગિબનનો ઈતિહાસ, શેક્સપિયર, મિલ્ટન, પોપના સમગ્ર ગ્રંથ, એબાટનાં નેપાલિયન, બિસ્માર્ક, ગેરિબાલ્ડી, માઝીની વગેરેનાં ચરિત્રો, ઈટાલી, ઈંગ્લેન્ડ, અમેરિકા, હિંદુસ્તાનના ઈતિહાસ પરના પ્રખ્યાત ગ્રંથ, ડિકન્સ, ટોલસ્ટોય, ક્રોપાટ્કીનના મોટાભાગના ગ્રંથ, વિવેકાનંદ અને રામતીર્થના બધા જ ગ્રંથોની ત્રણ-ત્રણ પ્રતો, ટ્રીસ્ક અને નિટસેના રાજનીતિ પરના નિબંધ, પ્લેટોનું ''રિપબ્લિક,'' ''સ્ટેટ,'' ''કોન્ટ્રેક્ટ'' વગેરે શાસનશાસ્ત્રીય પ્રાચીન અને અને ખૂબ જ નવા નવા ગ્રંથો એવાં કેટલાંય ઉત્તમોત્તમ પુસ્તકો ત્યાં રાજ બંદીવાનોએ ભેગાં કર્યાં હતાં. થિયોસોફીના ગ્રંથોની ઓછપ જરાય નહોતી. પહેલાં ઉપરના ગ્રંથોમાંથી રાજકીય સંબંધિત દરેક ગ્રંથો માટે અમારે ઝઘડાઓ કરવા પડ્યા, ત્યારે અમને એ મળ્યા. એક પ્રગતિશાળી પર્યવેક્ષકને છોડીએ તો બધા અધિકારીઓની આંખોમાં

એ ગ્રંથાલય ખૂંચતું હતું. હિંદુસ્તાનથી કોઈ મોટો અધિકારી આવે એટલે બારી એ બધા રાજકીય પુસ્તકો છુપાવવાની વ્યવસ્થા કરતો, નહીં તો એ ક્યાંક રોષે ના ભરાય! પણ આગળ જતાં એ બધું સ્વીકારવામાં આવ્યું એટલું જ નહીં પણ ગ્રંથાલયમાં યુરોપિયન અધિકારીઓ પોતાનાં પુસ્તકો મૂકવા માંડ્યાં, અને એમાંથી પોતે વાચવા લઈ જવા લાગ્યા. આવા જ એક અધિકારીએ બેસન્ટની આત્મકથાથી માંડીને કૃષ્ણમૂર્તિના ''મારા ગુરુદેવ'' સુધી થિયોસોફીનાં અનેક પુસ્તકો આપ્યાં હતાં.

આ બધા જ ગ્રંથોનું અમે ઊંડાણપૂર્વક અધ્યયન કર્યું. ત્યાંનો એકપણ ગ્રંથ વાચ્યા સિવાય મૂકયો નહીં. કેટલાક તો ઘણીવાર વાચ્યા અને રાજ બંદીઓમાંથી અનેક લોકો પાસે, ઈતિહાસ, અર્થશાસ્ત્ર અને શાસનશાસ્ત્ર પરનાં પુસ્તકોનું અધ્યયન પણ કરાવ્યું. રાજ બંદીવાનોના વિચાર પ્રગટ થાય એટલે નિબંધ લખાવ્યા. પાછળ વર્ણન કરેલી રવિવારની સભાઓમાં એમનાં વ્યાખ્યાન કરાવવા, ''સ્ટેટ'' જેવાં અઘરા પુસ્તકો એકદમ મહાવિદ્યાલયના વર્ગની જેમ, પાંચ-દસ જણને ભેગા કરીને શીખવાડ્યા.

સંસ્કૃત ગ્રંથોમાંથી અમે જે પુસ્તકો, કાવ્યો મગાવેલાં એટલાં જ ત્યાં હતાં. બાકી એકાદ બીજું પુસ્તક કોઈ બીજા પાસે હોય, ના હોય, પરંતુ ભાષાંતરનાં પુસ્તકોમાં અનેક સંસ્કૃત ગ્રંથ મૂળ છપાયા હતા. બધા ઉપાનિશદ, ઋગ્વેદ, રામાયણ, મહાભારત, બ્રહ્મસૂત્રો, સાંખ્યસૂત્રો, ઈશ્વરચંદ્રની કારિકા, યોગસૂત્ર વગેરે સંસ્કૃત ગ્રંથોનું પરિશીલન ત્યાં કરી શકાતું.

બંગાળી કે મરાઠી કે સંસ્કૃત કે અંગ્રેજી કે હિંદી અને પંજાબીમાં કોઈ નવું પુસ્તક પ્રસિદ્ધ થયું છે એવી જાણ થતા, એ મહત્ત્વનું દેખાય તો એ ત્યાં મગાવવામાં આવ્યું જ એમ સમજવું. એ રીતે સ્વદેશથી અને એક અર્થે દુનિયાથી અમે દૂર જઈને કેદ થયા હોવા છતાં સ્વદેશની નસોના ધબકારા એકસરખા અમારા હૃદયમાં પડઘાતા થયા હતા. દુનિયાભરના પ્રત્યેક નવા વિચારોની લહેર અમારા દુનિયાથી બહિષ્કૃત થયેલા નિર્વાસિતોના તટને સ્પર્શયા વિના રહેતી નહોતી.

રાજ બંદીવાનોના ઉચ્ચ વિચારોને વેગ આપવા માટે આ ગ્રંથાલયે આટલું મોટું સ્વરૂપ નહોતું લીધું ત્યારે અમે વિવિધ યુક્તિઓ યોજતા હતા. દાખલા તરીકે એકવાર આ પ્રશ્ન અમે બધાને પૂછ્યો કે પેશવાઈ ડૂબી ગયા પછી હિંદુસ્તાનમાં નામ કરવા જેવા કયા કયા રાષ્ટ્રીય પુરુષ સર્જાયા એમનાં નામ દરેકે કહેવાં. એમાં જેમને સૌથી વધુ મત મળશે એવા છેવટે બાર પસંદ કરવામાં આવશે. એક અઠવાડિયા સુધી આ ચર્ચા ચાલી અને છેવટે નામાવલીઓ આવી, પણ એના સત્તાવનના ક્રાંતિવીરોમાંથી એકનું પણ નામ કોઈને સૂઝ્યું નહીં. રાષ્ટ્રીય પુરુષોમાં સત્તાવનની ક્રાંતિમાંનું એક નામ એક જણે સૂચવ્યું અને એ એક સ્ત્રીનું, લક્ષ્મીબાઈનું. બીજાઓને તો એ પણ સૂઝ્યું નહીં. પછી એ ઈતિહાસ પર અમે ઘણીવાર, વ્યાખ્યાનો, સંવાદ, વ્યક્તિગત ચર્ચાઓ કરી. બંગાળીમાં પ્રસિદ્ધ થયેલા રજનીકાંતનું ''શિપાઈયુદ્ધ'' પુસ્તક મગાવ્યું. એ પુસ્તકનું નામ કેમ ગેરમાર્ગે દોરનારું છે. એ ક્રાંતિયુદ્ધ સિપાઇઓનું યુદ્ધ કેવી રીતે નહોતું એ વિષદ કરવાનો અમે પ્રયત્ન કર્યો, આગળ જતાં બધાના મોઢે તાત્યા ટોપે, નાનારાવ પેશવા, કુંવરસિંહ, લક્ષ્મીબાઈ વગેરે નામો રમતાં હતાં. થોમસ એકેમ્પિસનું ''ઈમિટેશનસ્'' અમારું ગમતું પુસ્તક હતું, કુરાન અંગ્રેજી ભાષાંતરમાં પહેલીવાર વાચ્યું. પછી બંગાળી ભાષાંતર વાચ્યું. હિંદુસ્તાનના તટ પર પહોંચ્યા પછી મરાઠી ભાષાંતર વાચ્યું. એના સિવાય, મૂળ વાચશો તો એનો સાચો આસ્વાદ મળશે, એવો અમારા મુસલમાન મિત્રોનો અભિપ્રાય જોઈને એમની પાસેથી પ્રત્યેક પાનાનું એમના જેવા સ્વચ્છ મને, એકાગ્રપણે બેસીને, વાચીને અને હિંદી ભાષાંતર કરાવીને સાંભળ્યું. મહમ્મદ અલીએ (England) કુરાનને નવા પાશ્ચાત્ય દ્રષ્ટિકોણથી જોઇને કરેલું એકદમ અત્યાધુનિક ભાષાંતર પણ વાચ્યું. બાઇબલ બે વાર સમગ્ર વાચ્યું છે એ ઉલ્લેખ પાછળ કરેલો જ છે. ઉપનિષદો, એકવાર મુખ્ય દેશોપનિષદમાંથી એક-એક લઈને એક એક મહિનો એના પર રાત-રાતભર બેસીને વિચાર કરતાં વરસ સુધી અભ્યાસ કર્યો. યોગવષિષ્ઠ પણ એકવાર વાચવું એટલે સાહજિક રીતે હાથમાં લીધું. તો એની મીઠાશ એટલી બધી ગમી ગઈ કે વેદાંત પર થઈ ગયેલા અમારા અવલોકનોમાં આવેલા ગ્રંથોમાં આવો સુંદર ગ્રંથ વિરલ જ છે, એવું લાગવા લાગ્યું. શું એ નિરપવાદ સિદ્ધાંત, અને શું એ સુંદર કવિતાઓ કે જેના મોહક મુખમાંના મધુર

સુસ્વરોમાં એ સિદ્ધાંત સાંભળવામાં અને મનને તલ્લીન કરીને આત્માને માણવા મળે છે. તત્ત્વ અને કવિતાનું એમની સોબત સંસ્કૃત કવિઓ જ કરી જાણે. ભગવદ્‌ગીતાનો વિશ્વદર્શનનો અધ્યાય જુઓ, અથવા કાલિદાસના કાવ્યોમાંના વિષ્ણુ વર્ણનના શ્લોક જુઓ, અથવા કુમારસંભવમાંના ‘स्वयंविधाता तपसः फलानाम् केनापि कायेन तपश्चचार!’ જેવા આકાશ જેવા અનંતવ્યાપી અર્થને એકાદ સુંદર સરોવર જેવા શ્લોકમાં ઝટથી પ્રતિબિંબીત કરનારાં સરસ વચનો જુઓ!

અને સાથે જ કવિતા અને તત્ત્વોમાં વિરોધ હોવો અશક્ય છે. કવિતા સુંદરતાને ભૂલેલી અને સુંદરતા એ જ કે જેને નિરપવાદ પરિપૂર્ણ આનંદ આપે. એ જ સત્ય! ઈન્દ્રીય, મન, બુદ્ધિના વિરોધમાં લવલેશ શંકા ના બચવા દેતા, જે શુંકાશીલ આત્માને એકાએક નિઃસંશય અને સંપૂર્ણ સમાધાનમાં નચાવે એ સત્ય. એ જ સમાધાન - સમાધિનું સૌંદર્ય! અને એટલે જ કવિતા ત્યાં જ ‘कंठे स्वयंग्राहनिषिक्तवाहुः’ થઈને પોતાના કાર્યની પરમ તૃપ્તિ પામે છે.

આ વેદાંત વિશેનો ગ્રંથ વાચતી વખતે એકમાત્ર અનુભવ અમને વારંવાર આવતો કે તત્કાળ નસેનસે અને મજ્જાતંતુઓ ઢીલાં, સમરસ થઈ, મગ્ન થઈને પાછા કર્મોની નિરર્થક મગજમારી કરવાનો ઈનકાર કરતા. કર્મોત્સાહ પૂરો આથમી જતો. `[illegible] શબ્દો એકસરખા ગૂંજતા. સ્વદેશ સેવા, પરોપકાર, મૂંગી જીવ માટેની દયા, વગેરે અતિ ઉદાર ભાષા પણ ક્ષણિક અને બાલિશ રમત લાગવા લાગતી. આ પરિસ્થિતિ જ ભૂગર્ભશાસ્ત્ર અથવા જ્યોતિષશાસ્ત્રનાં પુસ્તકો વાચતી વખતે પણ, જુદાં કારણો માટે થતી. આ શાસ્ત્રમાંની કાળ અને સૃષ્ટિની ત્રાસદાયક ભવ્યતા જોઈને અને પૃથ્વી અને માનવજીવન તુચ્છ થઈને નિરાશાપૂર્ણ કર્મનું વૈતરું લાગે અને દુઃખી થવાય, પરંતુ વેદાંતના સુંદર સિદ્ધાંતના આનંદમાં તર્મનું વૈતરું દુઃખદાયક થતું નથી. માટીનાં રમકડાંનો ખેલ છે એ સમજાઈને થનારો ઉત્સાહભંગ એ રમકડાંના આનંદ કરતા અનેકગણો આનંદ આપનારી એ પ્રત્યક્ષ સખી જ મળવાથી નહીંવત્ થઈને એ કર્મમાં માટીની ઢીંગલીનો ત્યાગ સુખકારી થતો. ભૌતિકશાસ્ત્રથી કર્મવિયોગ થઈને ત્રાસ વર્તાતો. વેદાંત થકી કર્મત્યાગ કરવો જ પડે એવું લાગતા એ સુખદાયી થતો. ઘણીવાર યોગવશિષ્ઠ વગેરે ગ્રંથોના શ્લોક બોલતાં બોલતાં હાથોમાં રહેલું દોરડું હાથમાં જ રહી મન એટલું કર્મવીરક્ત થાય છે કે કલાકો સુધી અવયવો દેહમાં છે કે નહીં એનું ભાન જ ના રહે. પગલું આગળ પડે જ નહીં. એવું લાગે કે બધું છોડી દઈએ. પ્રચારકાર્ય પણ ફક્ત બાલિશ રમત છે એવો ભાસ થવા લાગે. છેવટે તબિયતએ પ્રવૃત્તિને પરાણે પરાણે સ્ફુર્તિ આપીને કાર્યમાં ઝંપલાવતો. સામે પક્ષે ઈતિહાસ અને ભૌતિકશાસ્ત્ર વાચતા વાચતા સ્વાભાવિક કાર્યલાલસા ક્યારેક ક્યારેક એટલી પ્રદીપ્ત થતી, મહાયુદ્ધના, હિંદુસ્તાનના તરતીન આઘાત-પ્રત્યાઘાતોનો, રશિયાના ઝાર જેવાનાં સિંહાસનો ચકનાચૂર થવાની વાતો સાંભળતા જ કર્મશક્તિ એટલી બધી ભભૂકતા થઈને ઊભી થતી કે એવું લાગતું કે મુક્કાઓ મારી આ કોઠડીની દીવાલો ધૂળમાં મેળવીને અને પેલો પૂર્વોકત હિંદુસ્તાનનો ધ્વજ ફરકાવીને એ મરવા મારવાના ક્ષેત્રમાં હવે કૂદકો મારીએ.

કર્મ અને નિષ્કર્મની આવી પરસ્પર વિરોધી લડાઈ ખાલી મનના મોકળા મેદાન પર આમ હંમેશાં ચાલતી રહેતી. એ જોઈને ક્યારેક પોતે જ પોતાના પર હસતા, છતાં પણ -

એના સમન્વયનો વિચાર કરવાનું આ સ્થળ નથી. એટલે એ ‘‘છતાં પણ’’ ત્યાં આમ જ મૂકી દઈને આગળના વૃતાંતકથનનો આરંભ કરવો જ યોગ્ય છે.

કારાગૃહની બહારનું ફરતું ગ્રંથાલય

બંદીશાળાના ગ્રંથાલયનો પહેલાં તો રાજકીય બંદીવાનોને જ ઉપયોગ થતો હતો. પરંતુ સાધારણ બંદીવાનોમાં પણ કેટલાક સુશિક્ષિત બંદીવાનો હતા. એ સિવાય રાજ બંદીવાનોના સહવાસને કારણે પ્રાથમિક શિક્ષણ, એમની સાથે જ જોડાયેલા લોકોમાં પણ કેટલાય એવા બુદ્ધિમાન લોકો નીકળ્યા કે જેમનામાં ઈતિહાસ વગેરેના મહાન લોકોનાં પુસ્તકો વાચવાની યોગ્યતા અને આતુરતા જન્મી હતી. હતી.

એમના માટે હિંદી, મરાઠી, વગેરે દેશી ભાષાંઓનું એક આધુનિક ગ્રંથાલય ખોલવું જરૂરી થયું. પણ એ ખોલવું ક્યા, કંઈ રીતે અને ક્યા માર્ગથી ? આંદામાનના અધિકારીઓની વાચવા સામે અને જ્ઞાનોપાર્જન સામેની વિલક્ષણ વૃત્તિને કારણે બંદીવાનોમાં વાચવાની આળસ પ્રસરી હતી. એકવાર તમાકું ખાવું, બરાડા પાડવા, અને બીજા વ્યસનોનો ઉપભોગ ખુલ્લેઆમ કરી શકાતો. પણ દસ જણાએ ભેગા મળીને ચલાવેલી જ્ઞાનોપાર્જનની સંસ્થા ભંડોળમાંથી મોટા મોટા દેશોનાં ઈતિહાસ, અર્થશાસ્ત્રનાં પુસ્તકો, ઉત્તમ ઐતિહાસિક નવલકથાઓ, બંદીશાળા બહારના હિંદી અ-બંદીવાન અધિકારીઓના સરનામે મગાવવાનો ક્રમ ચલાવ્યો. આ પુસ્તકો એકસાથે ના રાખતા અમુક આની પાસે તો અમું પેલાની પાસે એમ વીખેરીને રાખવાં. પરંતુ ચાલકે એ વારાફરતી બંદીવાનોને આપવાં. આગળ જતાં બહાર ગયેલા બંદીવાનો થકી ત્યાંના 'સ્વંતત્ર' લોકોમાં જેમ જેમ પ્રચાર વધ્યો એમ એમના નામ પર હિંદી અને મરાઠીનાં પ્રમુખ વર્તમાનપત્રો પણ મગાવવામાં આવ્યાં. સ્વદેશમાં હતા ત્યારે વર્તમાનપત્ર એટલે શું એ ખબર નહોતી. એવા બંદીવાનોએ પ્રથમ નિયમ તરીકે વર્તમાનપત્ર વાચવાં જોઈએ. છેવટે એટલી બધી રુચિ ઊભી કરી શકાઈ કે વર્તમાનપત્ર આવતાંની સાથે જ એ વહેંચી ના શકાય એવું થયું. એકે મોકો જોઈને છુપાઈને એ વાંચવુ અને દસ જણાએ એ સાંભળવું. પત્ર પહેલાં મને કે તને, એના માટે ઝઘડા થતાં જોઈ અમને આનંદ થતો. ભારતમિત્ર, પ્રતાપ, કેસરી, ક્યારેક ક્યારેક સંદેશ, ચિત્રમયજગત, સરસ્વતી, આર્ય ગેઝેટ, બંગાળી, પ્રભાત એવાં કેટલાય વર્તમાનપત્રો બંદીવાનો વાચવા માંડ્યા. જેને લીધે કેટલાય લોકોએ સજા ભોગવી. કેટલાય વોર્ડર અમારા પર તૂટી પડ્યા, કેટલાય બંધીલેખકોને કાઢી મૂકવામાં આવ્યા. પણ અખબારોનો બંદીવાનોમાં પ્રચાર થતો જ હતો. અને એમાંના મોટાભાગના અમને રાજ બંદીવાનોને છેક બંદીશાળાની તાળા મારેલી ઓડરીમાં વાચવા મળીને અદ્રશ્ય થતાં. એ સિવાય બહાર જે મોટા મોટા હિંદી અધિકારીઓ હતા એમના માટે જે અમે એક રાજનૈતિક ગ્રંથોની નોંધ કરીને રાખી હતી, એ પ્રમાણે એ અંગ્રેજી અને દેશી પુસ્તકો લાવીને વાચતા હતા. દરેક સો-પચાસ રૂપિયાનો પગાર મેળવનારા અધિકારી પાસે એક પોતાનું ઘરનું સરસ ગ્રંથાલય હોવું જોઈએ એવો અમારો આગ્રહ હતો અને કેટલાય લોકોએ એ પૂરો પણ કર્યો. ઈટાલીનો ઈતિહાસ, ફ્રાન્સ નો ઈતિહાસ, મિલનું અર્થશાસ્ત્ર, વિવેકાનંદના ગ્રંથ અને હિંદુસ્તાનના ઈતિહાસ પરના દત્ત, રાયડેવિડનું બુદ્ધકાલીન હિંદુસ્તાન, અશોક વગેરે ચરિત્રો, એવા પચ્ચીસેક પુસ્તકો એ અધિકારીઓ પાસે બધા જ પ્રયત્નો કરી વચાવી લેવામાં આવતાં. એ બંદીશાળા બહારના ગ્રંથાલયનો એક વિશિષ્ટ ઉપયોગ એવો થવા લાગ્યો કે બંદીશાળાના અમારા ગ્રંથાલયમાં જે પુસ્તકો અવાચનીય અને ભયંકર છે એટલે આવવા ના દેવામાં આવતાં હોય એ પુસ્તકો અમે બહારના ગ્રંથાલયમાંથી મગાવતા. રશિયન રાજ્યક્રાંતિ થઈ એની સાથે જ એનો ઈતિહાસ, સત્તાવનની ક્રાંતિનાં હિંદી પુસ્તકો, ટિળકનાં વ્યાખ્યાનો, લાલ લજપતરાયનું ગેરિબાલ્ડી, એવાં કેટલાંય પુસ્તકો અને ખાસ તો જે બંદીશાળામાં આવવાં અશક્યછે એવાં અખબારો એ બહારના ફરતા ગ્રંથાલયમાં જ લવાતાં અને પછી હસ્તે પર-હસ્તે એ બંદીશાળામાં અપ્રકટ રીતે લાવીને અંગ્રેજી નહીં જાણનારા અને જરૂર હોય ત્યારે જાણનારા રાજ બંદીવાનોને વાચવા માટે આપવામાં આવતાં.

બંદીવાનોને શિખદાવવાનો બીજો ફાયદો એ થયો કે એમને સાધારણ વાચવું, લખવું, અંકગણિત આવડી જતું, અને અંગ્રેજી બે-ત્રણ પુસ્તકો થતાં જ એ ''મુનશી'' બની શકતા. એને લીધે અમારા શિક્ષણમાં પ્રવીણ થયેલા દેશહિતેચ્છુ હિંદી બંદીવાનો બંદીશાળાનાં કાર્યાલયોમાં અને બહારના જિલ્લાઓમાં 'લેખક'ના અને બીજા બંધી અધિકારીઓની જગ્યાએ નીમવામાં આવતા. એને કારણે એમની શારીરિક યાતનોઓ તો ઓછી થઈ જ, તેમના ભાગે ચાર રૂપિયા પણ આવતા થયા. પણ પ્રચારની દ્રષ્ટિ મહત્ત્વનો લાભ એ થયો કે જેમ જેમ ઉચ્ચપદો આ સાર્વજનિક ચળવળમી જરાતરાપણ ગંધ ધરાવતા લોકોના હાથમાં પડવાં લાગ્યાં એમ એમ સ્વદેશી વ્રતનો, સ્વદેશી પક્ષનો પ્રચાર બંદીવાનોમાં અને સ્વતંત્ર વસાહતવાળાઓમાં વધારવામાં ખૂબ જ ઉપયોગ થવા માંડ્યો. અને એનાથી સરકારી કામોમાં અયોગ્ય અવરોધ તો આવ્યો જ નહીં, પરંતુ એનાથી ઊલટું બંદીવાનોમાં દેશાભિમાન જેવી ઉદ્દાત્ત

ભાવનાઓનો થોડા અંશે ઉદય થઈને એમની માનસિક અને નૈતિક સુધારણાઓ થતી ગઈ. એને કારણે વ્યસનાસક્તિ, દુષ્ટપણું, ઘાતપાત વગેરે દુર્ગુણોથી થનારા ઝઘડાઓ ઓછા થવા માંડ્યા. વસાહતો વસાવવાનો જે મુખ્ય ઉદ્દેશ બંદીવાનોને સુધારવાનો હોવો જોઈતો હતો એ પણ અમુક અંશે સાધ્ય થવા લાગ્યો. એ માટે હકીકતમાં આ પ્રયત્નો સરકારે કરવા જોઈતા હતા. હકીકતમાં બધાને એનાથી સમાધાન થવું જોઈતું હતું. પરંતુ 'બંદીવાનોની સુધારણા'નું ધ્યેય જ જેમને ખબર નહોતું અને કષ્ટ કરી કામ કરાવી લેવું એજ બંધીવિભાગનું અતિકર્તવ્ય છે એવી જેમની સમજણ હતી, એવા જ અધિકારીઓ વધુ સંખ્યામાં હોવાને કારણે આ બધું લગભગ દંડનીય જ ગણાશે એવી બીક હતી. એટલે એ કાર્ય થાય એટલું અપ્રકટ રીતે કરવું પડતું.



પ્રકરણ બીજું

આંદામાનમાં શુદ્ધિ

અમે સન ૧૯૧૧ના વરસમાં આંદામાનના પગ મૂક્યો એ પછી થોડા મહિનામાં અમને એવી ખબર

પડવા માંડી કે અમુક હિંદુ બંદીવાન આંદામાનમાં આવ્યા પછી મુસલમાન થઈ ગયા છે. અને એમણે પોતાનાં નામ પણ બદલી નાખ્યાં છે. અમે આ કેવી રીતે થાય છે એની શોધખોળ કરવા લાગ્યા, તો એવી ખબર પડી કે ત્યાંના હિંદુઓમાં એ વાતનું કોઈ જ મહત્ત્વ નહોતું. અને એ એક એટલી બધી પરિચિત ઘટના હતી કે એમાં તપાસ શી કરવાની એવો એમનો મત હતો, એવું મારા ધ્યાનમાં આવ્યું. આંદામાનમાં હકીકતે જોતા અંગ્રેજોની કર્તૃમકર્તૃમ સમર્થ સત્તા હોવાને કારણે એમના હાથ નીચે આવેલા નિરાધાર, અને અનાથ થઈને પડેલા હિંદી બંદીવાનો ખ્રિસ્તી બનાવવા વધુ શક્ય હતું. ૧૮૫૧ સુધી માત્ર કાર્યાલયોમાંથી જ નહીં પણ સેના નિવેશો થકી ખ્રિસ્તી ધર્મ ફેલાવવા માટે અધિકારીઓ પાસેથી ઘણી બધી સગવડો આપવામાં આવતી. પણ સત્તાવનના ક્રાંતિયુદ્ધની ઠેસ લાગ્યા પછી એકંદરે સરકારી અધિકારીઓએ ધર્મપ્રચારની મથામણમાં પડવાનું માંડી વાળ્યું. એથી મારા પોતાના અનુભવો પરથી હું નિશ્ચિતપણે એવું કહી શકું કે કારાવાસ સંસ્થાનો ઉપયોગ હિંદુઓનું ધર્માંતર કરાવવા માટે નથી થતો. ક્યાંક ક્યાંક ખ્રિસ્તી પ્રચારકો પ્રાર્થના માટે આવતો. પણ એની પ્રાર્થનામાં જવા માટે કોઈના પર પણ કહેવાય એવી સખ્તી ક્યારેય કરવામાં આવતી નહીં, અમુક અપવાદ છોડીને આંદામાનમાં હિંદુઓને ખ્રિસ્તી કરવાની ગુપ્ત અથવા પ્રકટ-પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ એવી કોઈપણ હિલચાલ સરકારી રીતે તો નહીં જ, પણ સરકારી અધિકારીઓના અંગત દાબનો દુરુપયોગ કરીને પણ થતી નહોતી. પરંતુ આંદામાનના હિંદુ બંદીવાનોને ધાકધમકી થકી, લુચ્ચાઈ કરીને, એકસરખો ઉપદેશોનો મારો કરીને ખ્રિસ્તી બનાવવાનાં ઉદાહરણો અમારા ૧૪ વરસોના અનુભવમાં ચાર ઘટનાઓ થઈ નહોતી. જે ખ્રિસ્તી સત્તાના હાથોમાં એ હિંદુ બંદીવાન પડ્યા હતા એ સત્તાએ એમના પર પોતાનો ધર્મ લાદવાનો કોઈપણ અન્યાયી પ્રયત્ન કર્યો નહીં હોવા છતાંય કેટલા આશ્ચર્યની વાત છે કે એ હિંદુ બંદીવાનોની જેમ જ એજ બંધીદ્વિપમાં લાચાર અને હતાશ એવા બંદીવાન થઈને પડેલા મુસલમાન બંધીઓએ માત્ર પોતાના હિંદુ સહબંદીવાનોનું ધર્માંતર કરીને એમને મુસલમાન કરવા માટે એમના પર બળાત્કાર કરવા, એમનો છળ કરવો, એમને ફોસલાવવા અને સ્વધર્મપ્રચાર માટે પોતે પીડા નહીં આપનારા ખ્રિસ્તી સત્તાએ, પરધર્મી મુસલમાનોએ ચલાવેલા આ હિંદુઓ પર થતા અત્યાચારની માત્ર ઉપેક્ષા કરીને ચાલવા દીધું. મોટી ઉંમરના બંદીવાનોની વાત એકવાર જવા દઈએ તો પણ નાના કૂમળી વયનાં બાળકો, જેમને કાળાપાણી અથવા કારાવાસમાં ધકેલવામાં આવે છે, એમનાં શરીર, આરોગ્ય વિશે અજાણ હોવાને કારણે, જેમ સરકાર વિશેષ ધ્યાન આપે છે એવી જ રીતે એમના આત્માની, એમના ધર્મની કાળજી લેવી અને બીજું કંઈ નહી તો એ સમજદાર થાય ત્યાં સુધી એમના ધર્મની સંભાળ લેવી અને કમસે કમ તે પુખ્ત વયના થાય ત્યાં સુધી તેમના ધર્મનું રક્ષણ કરવું એ અજ્ઞાનીની સંપત્તિનું રક્ષણ કરવા જેટલું જ મહત્ત્વનું સાર્વજનિક કર્તવ્ય છે જ છે. પણ એ કારાવાસ સંસ્થામાં બિલકુલ થતું નહીં. આંદામાનની તો વાત જ જવા દો. પણ હિંદુ સંસ્થાનનાં મોટાભાગનાં કારાગૃહોમાં હિંદુ બંદીવાનોને મુસલમાન કરવાનો સપાટો છૂપી રીતે, મુસલમાન બંદીવાનો, અને મુસલમાન જમાદાર, હેડ ઓફિસર, વોર્ડર, વગેરે બંધી અધિકારીએ થકી ચાલતો જ હોય છે. ૧૪ વરસના અનુભવ પરથી અને ઉપર દર્સાવામાં આવેલા પ્રકારનો વિરોધ કરવાના અખૂટ પ્રયત્નો કરતાં કરતાં અને એ વિષયની ઝીણામાં ઝીણી માહિતી મેળવ્યા પછી અમે સ્પષ્ટપણે એવું વિધાન કરીએ છીએ કે દિલ્હીની અથવા મુંબઈની જામા મસ્જિદ જેટલુ હિંદુઓનું દર વરસે જેટલા હિંદુઓનું ધર્માંતર નહીં કરતી હોય એટલા હિંદુઓની આ કારવાસ સંસ્થાની મસ્જિદ ધર્માંતર કરતી હશે.

હિંદુઓને સંગઠિત પ્રયત્નોથી ફસાવનારી હસન નિઝામીની જ્ઞાત જાળ કરતાં વધારે, હજારો હિંદુઓને આસાનીથી વટલાવી નાખનારી આ કારાગૃહ સંસ્થાની અદ્રશ્ય મસ્જિદની જાળ કંઈ ઓછી ભયંકર નહોતી.

ભ્રષ્ટીકરણની પ્રથમ વિધિ મુંબઈ વગેરે નગરોના મુસલમાની ચોરોના અડ્ડાઓમાં થાય છે

કારાગૃહ સંસ્થાઓની આ મુસલમાની ભ્રષ્ટીકરણની કોઈપણ સંગઠિત યોજના નથી. એના કોઈપણ અધિકૃત ચાલક અથવા પ્રેરક નહોતા, દરેક મુસલમાનને નાનપણથી જ આ શિક્ષણ મળે છે કે એક - અડધો જેમ થાય તેમ કાફિરને મુસલમાન કરતો રહે તો આ લોકમાં તારું માન વધશે અને પરલોકમાં તારા મોટાં મોટાં પાપો માફ થઈ જશે, અને તને સ્વર્ગીય અપ્સરાઓ ભોગવવા મળશે. આવા શિક્ષણ થકી કારાગૃહ સંસ્થાના મુસલમાની ભ્રષ્ટીકરણને મૂળ પ્રેરણા મળે છે. એને પહેલું વ્યક્ત સ્વરૂપ મુંબઈ, કલકતા, દિલ્હી, લાહોર, મદ્રાસ વગેરે મોટાં મોટાં નગરોમાં જે મુસલમાનની ચોર-ડાકુઓની ટોળીઓ ફરતી હોય, એમના પોતપોતાના અડ્ડાઓમાંથી મળી આવે છે. કારણકે ચોરી, લૂંટ વગેરે પાપ કરવાવાળા, અને સજા ભોગવેલા મુસલમાની બંદીવાનો સાથે રહીને એમની મનોવૃત્તિની જેમને જાણ છે એ લોકો આ વાત તરત જ માન્ય કરશે કે હિંદુઓના ઘરે કરેલી ચોરી, હિંદુ ગામડાંઓ અને વેપારીઓ પર નાખેલો દરોડો એ મુસલમાની અડ્ડાઓમાં ક્ષમ્ય માનવામાં આવતાં. એટલું જ નહીં પણ એ ભૂષણમાંય શ્રેષ્ઠ માનવાના આવતું. અમે એવા મૌલવીઓ જોયા છે કે જે આવા અપરાધી મુસલમાનોને નિરપરાધી માને છે. આવા મનોવૃત્તિના આ ધંધામાં સંડોવાયેલા લોકો પોતાના ધર્મના મદ્યપાન નિષેધ, પ્રાર્થના, દાન વગેરે મોટા ભાગની આજ્ઞાઓને પગ નીચે ચગદી નાખતા જ. હિંદુઓને ત્યાં ચોરી કરતા એટલે તેઓ મુસલમાનોને ત્યાં ચોરી કરતા નહોતા, એવું નથી. એમના અંદરોઅંદરના વેરને કારણે હજારો હત્યાઓ થતી જ હોય છે. પણ આ બધાં પાપોના પ્રાયશ્ચિતરૂપે ઉપર આપેલી એ સહેલી ધર્મવિધિ એમને નાનપણથી જ શિખદાવવામાં આવી હોય છે કે તું કાફિરને મુસલમાન કરતો જા. જે એને આ પરિસ્થિતિમાં ઘણી અનુકૂળ રીતે કરતા આવડતું હોય છે. નહીં, તે વિધિ કરવી એમના ચોરી, લૂંટ, ઠગવું વગેરે લૌકિક ધંધામાં એકદમ આવશ્યક હોય છે, કારણ મુંબઈ જેવાં નગરોના ચોરોના અડ્ડાઓની માહિતી રાખનારા લોકોને એ ખબર છે કે એમના પણ એક મહંત હોય છે. એ અત્યંત સભ્ય અને માનનીય એવો ધંધો કરીને પોતાની શાંતિથી પોતાની દુકાન ચલાવતા હોય છે. એમના હાથ નીચે હંમેશાં નવશીખ્યાં છોકરાંઓ કામ કરતાં હોય છે. આ છોકરાઓ એમને જે શિખદાવવામાં આવે એ અનુસાર ખિસ્સું કાપવાના પહેલા ધોરણથી ઘરફોડી કરવાના બીજા ધોરણમાં, તિજોરી તીજોરી લૂંટવાના ત્રીજી ધોરણમાં, છરી દેખાડીને ખુલ્લી લૂંટ કરવાના ચોથા ધોરણાં અને છેવટે લુંટારુંઓની ટોળીમાં જોદાવાના પાંચમાં ધોરણમાં, આગળ વધતા જાય છે. જેલમાં જવું પડે તો આ છોકરાઓ જાય છે. મહંત જરાય હલતો નથી, ફસાતો નથી. આવી આ વિદ્યાપીઠમાં નવા છોકરાઓની ભરતી થતી રહેવી જોઈએ એ દેખીતું છે.

આ ચોરોના અડ્ડાઓ હિંદુઓના હોય

તો એમાં અનાથ, ભંગી હિંદુ છોકરાંઓ જેમ સપડાય, એમ મુસલમાન છોકરાંઓ પણ સપડાય. પરંતુ હિંદુઓનો ધર્મ જ કહે છે કે તું મુસલમાન સાથે જમતો નહીં, ખાતો નહીં, અને મુસલમાનને હિંદુ કરવો એ માત્ર કલ્પના પણ એમનાથી ગ્રહણ કરાતી નથી. એટલે જ હિંદુ મહંતોના અડ્ડાઓમાં મુસલમાન છોકરો સપડાય, મળી આવે તો એ ચોર થશે, પાજી થશે, જેલમાં જશે, પણ મુસલમાની ધર્મથી હાથ ધોઈ બેસશે એવો ભય નહોતો. એથી ઊલટું એમની સાથે એકાદવાર ખાવું, પીવું, નિરુપાય થઈને પણ કેમ નહીં, પણ વખત આવે તો હિંદુ મહંતો જ મુસલમાન બની હિંદુમાંથી ધર્માંતરિત થતા. પણ મુસલમાની મહંતના અડ્ડાઓમાં જે અનાથ, ભંગી, રખડેલ હિંદુ છોકરાંઓ સપડાય છે એમની પરિસ્થિતિ માત્ર ઉપર દર્શાવેલા પ્રકારથી બિલકુલ ઊંધી હતી. એમને ચોરી શીખવી જ પડતી, પાપો કરવાં જ પડતાં, કારાગૃહમાં જવું જ પડતું. ઉપરથી પોતાના હિંદુ ધર્મથી હાથ પણ ધોવા પડતા. કારણ ચોરી, મારામારી કરતા, વખત આવે તો એમની સાથે ખાવું, સમયે ચોટલી કાપની, સમયે દાઢી રાખવી એવવું બધું કરવું પડે જ. પરંતુ આ રીતે એ હિંદુ છોકરાંઓ પાસે એક-બેવાર અક્ષમ્ય-ભક્ષણ કરાવી અથવા એની ભાખરીના ટુકડાને અડીને અથવા મુસલમાન નામ આપીને, અને પોલીસને વ્યવસ્થિત ફસાવવા માટે અચાનક ચોટલી કાપી, અને

સુન્નત કરવી પડતી, આ દરેક કૃતિને કારણે એ હિંદુ છોકરો પોતે જ હવે હું મુસલમાન થઈ ગયો છું, એવું સમજવા લાગે. એના ઘરમાં એને શિક્ષણ જ એવું મળ્યું હોય છે કે, વીંટો વાળેલી ભાખરીના ટુકડામાં અથવા મુસલમાનના જમતી વખતે લાગેલા આંગળીના સ્પર્શમાં તારા સમસ્ત હિંદુ ધર્મને ભ્રષ્ટ કરવાનું સામર્થ્ય છે. આ પ્રકારે સેંકડો હિંદુ છોકરાંઓ અને યુવાનો કોઈને ખબર ના પડે એ રીતે મુંબઈ જેવાં મોટાં મોટાં નગરો સ્થિત ચોર-લુંટારાઓના અડ્ડાઓમાં ગુપ્ત રીતે મુસલમાન થઈ રહ્યા છે! એમણે પેલા મુસલમાનો સાથે ખાધું-પીધું છે એ વાતની એમના સગાવાળા, એમની જાતિમાં જાણ થતાં જ એમને જાતિબહાર કરવામાં આવતા અને મૌલવી-મહંતો એને ''અરે! તું મુસલમાન બની ગયો છે, હવે ફક્ત નમાજ પઢ, સુન્નત કર કે તને ફલાણી મુસલમાન છોકરી આપી દઈશું અને તારાં લગ્ન પતાવી દઈશું.'' એમ કહેતા. આ મહંતોના અડ્ડાઓમાં જેમ રખડેલ છોકરાંઓ હોય એમ રખડેલ બજારું છોકરીઓ પણ નોંધાવેલી અને ફસાયેલી હોય છે. આમ પગલે-પગલે હિંદુઓનાં છોકરાઓ મુસલમાની ચોરોના અડ્ડાઓમાં પગલા માંડે, પોતાનો ધર્મ જ ખોઈ બેસે એ વાત ત્યાંના મુસલમાની અડ્ડાઓના મહંતોને જ નહીં પણ જાળમાં પકડવા માટે એમણે નિયુક્ત કરેલા જૂના મુસલમાન છોકરાંઓને પણ બરાબર ખબર હોય છે. અને એ છોકરાઓ હિંદુ છોકરાઓનું આ પ્રકારે ધર્માંતર કરવાનો પ્રયત્ન સહેતુ કરતા. કારણ ઉપર જણાવ્યા મુજબ એમનાં પાપ કર્મના આ હિંદુ છોકરાઓ પાસેથી મદદની મદદ પહોંચીને ઊલટાનું પાપ માટે મળનારી પરલોકની શિક્ષામાંથી મુકિત મળે છે એટલું જ નહીં. પણ એક કાફિર મુસલમાન બનાવવાના પુણ્ય માટે કંઈક ઈનામ પણ મળશે, એટલે એમની નિષ્ઠા પણ હોય છે.

નગરોમાં જે ચોરોના અડ્ડાઓમાં જતાં બચી જાય છે એ બંદીગૃહમાં મુસલમાની ભ્રષ્ટીકરણનો ભોગ બને છે. કારાગૃહમાંથી મળી આવનારા વટલાયેલા હિંદુઓમાં ઉપર ઉલ્લેખ કરેલા વટલાયેલા અમુક લોકો હોય છે. પણ અમુક બંદીગૃહમાં આવતા પહેલાં જ વટલાયેલા હોય છે. નાના ગામડાંઓમાં ચોરીઓ કરતા, ગુસ્સાના આવેશમાં આવી હત્યા કરવાની સજા ભોગવતા, અથવા જે મુસલમાન ચોરોના અડ્ડામાં નહીં સપડાતાં હિંદુઓના ચોરોના અડ્ડાઓમાં સપડાયેલા હતા અથવા બીજા અપરાધો માટે, ખેતી માટેની મારામારીઓમાં જેમને દંડ થયો હોય, એવા કેટલાય હિંદુ બંદીગૃહમાં વટલાવાતા. એમાંય પચ્ચીસ વરસની નીચેના યુવાનો અને કિશોરાવસ્થાનાં છોકરાંઓ વધુ વટલાવાતા. મુંબઈના અડ્ડાઓમાંથી પાછળ નિર્દેશ કરેલા મહંતોમાંથી જે કોઈ મુસલમાન મહંત છેવટે દંડવિધાનના (ક્રિમિનલ કાયદાના) સકંજામાં પકડાઈને કોઠડીમાં આવ્યા હતા, એ લોકો નવાં હિંદુ છોકરાંઓ પર બંદીગૃહમાં નજર રાખતા. કારણ ત્યાં જ એમને ચોરીનો પહેલો અને પછીના પાઠ ભણાવી મુસલમાન બનાવી નાખતા. એટલે બંદીગૃહમાંથી એ છોકરાઓ મહંતોના દુષ્ટ વ્યવસાયમાં ઉપયોગી થઈને એમના મુંબઈ વગેરે નગરોના અડ્ડાઓમાં એમનો સમાવેશ કરવામાં આવતો. મુસલમાન કરવાના આ પ્રયત્નોમાં બંદીગૃહમાં ચાકરી કરનારા મુસલમાન સિપાહીઓ પણ ક્યારેક ક્યારેક પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સહાય આપતા જોવા મળતા. પરંતુ મુસલમાન બંદીવાનોમાંથી જે વોર્ડર , પેટા ઓફિસર વગેરે બંદીવાન અધિકારીઓ નીમવામાં આવતા એ માત્ર સોમાંથી નેવું ટકા પ્રમાણમાં હિંદુઓને ધાકધમકી વગેરે જે મળે એ ઉપાયો થકી વટલાવાની વિધિ કરવામાં કોઈપણ કસર છોડતા નહોતા.

હિંદુસ્તાનનાં મોટાભાગનાં કારાગૃહોમાં જો આવી પરિસ્થિતિ જોવા મળતી તો આંદામાનની તો વાત જ પૂછો મા. ત્યાં તો પહેલેથી જ ધર્માંધ અને પાપ-પારાયણ પઠાણ, બલુચી વગેરે મુસલમાની બંદીવાનોમાંથી જ વોર્ડરો વગેરે અધિકારીઓ નીમવામાં આવે છે, એમાંય રાજકીય બંદીવાન હિંદુ હોવાને કારણે જમાદાર પદો પર મુસલમાનોને જ નીમવાનો ખૂબ જ કટ્ટર નિયમ હતો. આ લાકો હિંદુઓને મુશ્કેલ કામોમાં નાખી, કઠોર દંડની ધાક દેખાડી, સાચા-ખોટા ખટલાઓ એકધારા ઊભા કરીને કેવા હેરાન કરીને છોડતા, અને એ તકલીફમાંથી છૂટવું હોય તો મુસલમાન થા, એવું સ્પષ્ટ રીતે કહી અલ્પવયના અને ઘરડા હિંદુઓને મુસલમાન બનવા માટે કેવી રીતે મજબૂર કરતા એ પૂર્વાધમાં થોડુંઘણું જણાવ્યું જ છે. આ પ્રકાર આવતા-જતાં જેમ જેમ અમારી નજરમાં આવવા લાગ્યો એમ એનો કંઈક તો પ્રતિકાર કરવો જ

જોઈએ એવું અમને લાગવા લાગ્યું. દર મહિને, પંદર દિવસે એકાદ હિંદુ તો ચૂપચાપ હિંદુઓની પંગતમાંથી ઊઠીને મુસલમાનોની પંગતમાં જમવા બેસવા ગયો છે એવું જોવા મળતું. અમારાથી આ સ્થિતિ સહન નહીં થતી પણ અમે રહ્યા કોઠડીમાં બંધ, શું કરવું એ સૂઝતું નહોતું.

બીજા હિંદુ બંદીવાનોના મનમાં પીડા જગાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા તો એવી જાણ થઈ કે એમને આ વાતથી સ્નાન-સૂતકની લેવાદેવા વર્તાય નહીં. જે મળે એ એમજ કહેતો ''મારે શું એનું ?''

મુસલમાનોનો વિરોધ

અજ્ઞાની હિંદુઓની વાત જવા દો, પણ રાજકીય બંદીવાનોમાં પણ આ મુસલમાન કરવાની પ્રક્રિયાનો વિરોધ કરવાની હિંમત ઘણા કરી નહોતા શકતા. અને એ એક રીતે ક્ષમ્ય હતું, કારણ એમની બુદ્ધિએ તિતિક્ષાની તાણ પણ કેટલી સહન કરવી ! દેશમાં અથાક શ્રમ કરીને એ ભયંકર સજા ભોગવતા કારાગૃહમાં પડેલા. એમાં હવે કારાગૃહમાં બધા સાથે લડતા વધુ કષ્ટમય સ્થિતિમાં પડવા જેટલી શારીરિક શક્તિ પણ તો મનુષ્યમાં હોવી જોઇએને ?! એમનો ભાર એ સહન કરતા હતા. બીજાં કામ ખરેખર જોતાં બીજાઓએ કરવાં જોઈતાં હતાં, ત્યારે રાજ બંદીવાનોમાં જેમ કહેવાતું - ''રહેવા દો હવે એ મગજમારી'' એ ક્રૂર પઠાણી જમાદાર હવાલદારો સાથે ઝઘડતા જ રહેવું મુશ્કેલ છે, એમાં એમના ધાર્મિક ગાંડપણનો વિરોધ કરીને કોણ એમનો રોષ સહન કરે ? આવું જે કહેતા - એમનું એ કહેવું સાહજિક હતું. પરંતુ જે બે-ચાર લોકો પોતે હવે વધુ કષ્ટ સહન કરી નથી શકતા એ વાત પ્રામાણિકરીતે માનવામાં અહંકાર સાબિત નહીં થતા, ઊલટું એ મુસલમાનોના વટલાવવાનો પ્રતિકાર કરવાની ખટપટ જ મૂર્ખામીભરી છે, એવું કહીને આ નિમિત્ત હેઠળ પોતાનું ડરપોકપણું છુપાવવાનો પ્રયત્ન કરતા એમનું વર્તન માત્ર વિરોધ કરવા જેવું અને નિંદા કરવા જેવું હતું એમાં કોઈ શંકા નહોતી. એમાંથી અમુક લોકોએ તો મુસલમાની જમાદારોને ખુશ કરવા માટે પોતે પણ મુસલમાન ધર્મ સ્વીકારવાનું વિચારીએ છીએ એવો અણસાર દેખાડીને દિવસો કાઢવા જોઈએ એવા હતા. તો પણ બીજા હિંદુઓએ એમની આંખ સામે ભ્રષ્ટ કરવામાં આવતા ત્યારે એનો પ્રતિકાર કરવો જોઈએ એ વાત તો બહુ દૂરની રહી.

આ મુસલમાની અધિકારીઓને ખુશ કરવા માટે અને પોતાનું ડરપોકપણું જ શાણપણ છે એવું કહેવદાવાવાળાઓનું આગળનું પગલું એ હતું કે આગળ જતાં જ્યારે મુસલમાની પંજાઓમાંથી હિંદુ લોકોને છોડાવવા માટે જે ઝઘડાઓ થતા, ત્યારે આ વૃત્તિનાં લોકોએ ઝઘડાઓ કરનારા હિંદુ લોકોને, ''તું મૂર્ખ છે'' એવું કહીને મુસલમાન જમાદારોને પ્રસન્ન કરતા અને હિંદુ લોકોને કહેતા કે, ''અરે કેવી ભ્રષ્ટતાને કેવી શુદ્ધતા ?'' એવા આ પતિત, અપરાધી, નીચ લોકો હિંદુ સમાજમાં રહ્યા શું અને નહીં રહ્યા શું, બધું સરખું જ ! જે ભયથી અથવા પૈસા કાજે મુસલમાન થતા એ હિંદુ હોઇને પણ લાભ શું ? આ હિંદુ કરવાની ફક્ત એક બાલિશ રમત છે'' એવું જ સુપિરન્ટેન્ડન્ટ, બારી, કમિશનર વગેરે અંગ્રેજ અધિકારીઓ અમને કહેતા. આવું જ મુસલમાન મહાનુભવો પણ અમને શીખવવાનો પ્રયત્ન કરતા, શુદ્ધિકરણ પરના આ આક્ષેપ હજી પણ પરધર્મી દંભીઓ પાસેથી જ નહીં પણ સ્વધર્મી, પ્રામાણિક પણ ભોળા માણસો પણ કરતા. એટલે એમાંનો ખોટો આભાસ થોડો વિષદ કર્યા સિવાય આંદામાનમાં અમને કંઈ ભાવના અને વિચાર આ શુદ્ધિકરણના કાર્યને હાથમાં લેવા માટે પ્રવૃત્ત કરતી થઈ એ વાચકના વ્યવસ્થિત ધ્યાનમાં આવશે નહીં.

શુદ્ધિકરણ એ શું ફક્ત બાલિશ રમત છે કે શું ?

પતિતોને, લૂચ્ચાઓને, અપરાધીઓને તેઓ હિંદુ સમાજમાં જન્મ્યાા હોવા છતાંયે વિધર્મમાં જવા નહીં દેવા માટે પ્રયત્ન કરવા એ જો બાલિશ રમત છે, તો આજે મુસલમાન લોકો હજારો વરસો સુધી યુદ્ધ કરીને

પણ હિંદુ પતિતો, લૂચ્ચાઓ, અપરાધીઓને મુસલમાન કરવાની બાલિશ રમત શું કામ રમી રહ્યા છે? મુસલમાનો ધર્મ વિશે ગાંડા છે. ઠીક છે. પણ આ સુજ્ઞ, સ્વતંત્ર વિચારો ધરાવતા યુરોપિયન અને આ અમેરિકન લાખો રૂપિયા ભેગા કરીને અને ખર્ચીને હિંદુસ્તાનનાં ગમે તે ગામડાંઓ તો શું, જંગલમાં પણ પતિત શું, પણ અત્યંત પશુસમાન જંગલી હિંદુઓને પણ ખ્રિસ્તી કરવા માટે પણ છળ-બળ વગેરે સાધનોથી જે કરતા આવ્યા છે એ પણ શું બાલિશ રમત જ છે કે? આવા લોભી લોકો હિંદુ સમાજમાં હોય તો પણ લાભ શું? તો અમે એમ કહીએ કે આવા લોકો મુસલમાન સમાજમાં અથવા ખ્રિસ્તી સમાજમાં જાય તો પણ શું કામના? પરધર્મીઓને અમે એમ પૂછીએ છીએ કે એમને વટલાવવાનો એમને આટલો ઉત્સાહ શા માટે છે? જે પતિત, દુષ્ટ છે એ અમને ચાલશે. તમારા મહંમદીય અને ઇસાઈ પવિત્ર કુળમાં એમને ખેંચી લઈને પોતાનું પાવિત્ર્ય શું કામ બગાડો છો? બાલિશ રમત માટે તમે લાખો રૂપિયા ઉડાવીને શરૂઆત જ ના કરો એટલે હિંદુઓને પણ શુદ્ધિકરણનો દાવ રમી એ બાલિશ રમતમાં ભાગ લેવાનો મોહ થશે નહીં.

પણ જો એ બાલિશ રમત નથી, જો હજારો મોટા મોટા સમ્રાટ સાધુ, ધર્મપ્રવર્તક અને ભિક્ષુ કરોડો રૂપિયાનો ખર્ચ કરીને પોતપોતાની સંસ્કૃતિ અને ધર્મની પાઘડી દુનિયા પર બેસાડવા માટે યુરોપમાંથી અને અરેબિયામાંથી આજે સદીઓની સદી પરિશ્રમ કરતા આવ્યા એવું જો કહેતા હો, તો પછી જે જે હિંદુઓ પોતાની સંસ્કૃતિ અને ધર્મ આ જગતમાં છવાયેલો હોવાથી દુનિયાનું અંતિમ કલ્યાણ વધુ સુલભ રીતે અને નિશ્ચિત રીતે સાધી શકાય એવો વિશ્વાસ હોઈને એમના શુદ્ધિકરણના પ્રયત્નો પણ તમારા પ્રયત્નો જેટલા જ ન્યાયી અને ગંભીર લાગવા જ જોઈએ.

પતિત, મદ્યપી, ઝઘડાખોર, નીચ, એવા લોકોમાં તમે તમારા ધર્મનો પ્રચાર કરો છો એ શું કામ? એમના આત્માનું તારણ થવું જોઈએ એટલે? તો પછી અમે પણ આવા દુષ્ટ, નીચ અને મદ્યપી લોકોને અમારા જ ધર્મમાં રાખવા માટે અને શુદ્ધ કરવાનો જે પ્રયત્ન કરીએ છીએ એ સ્વધર્મે નિધન શ્રેયઃ એ ઉક્તિ પ્રમાણે એમના આત્માનું તારણ હિંદુ ધર્મથી અને સંસ્કૃતિ થકી થાય એટલે જ.

જે પતિત એમના પર એ તારણની વિશેષ આવશ્યકતા

જો તમે હિંદુઓને, પછી એ કેટલો પણ પતિત, નીચ હોય પરંતુ લોભની, કામની, વ્યસનની લાલચ દેખાડીને, અને આપણા મૌલવીસાહેબ તો છરી દેખાડીને પણ વટલાવતા, એ તમારો સમાજ અને સંખ્યાબળ વધારવા માટે, તમારા પોતાના લાભ માટે વટલાવતા હો તો એ જ પ્રમાણે અને હિંદુઓ પણ અમારો સમાજ અને સંખ્યાબળ વધારવા માટે અને અમારી સંસ્કૃતિ ક્ષીણ થઈને અન્ય જાતિઓ સામે પોતાના જાતીય જીવનનો બલિ ના અપાય એટલે એ કારણસર જ, અમે વટલાવેલા હિંદુઓને શુદ્ધ કરીએ છીએ. પછી એ નીચ, પતિત કેમ ન હોય.

કારણકે વ્યક્તિ જેને વટલાવવા માટે તમે લો છો, એ દુષ્ટ, અથવા મદ્યપી અથવા પતિત હોઈ શકે, પણ તમે સુક્ષ્મ રીતે વિચારીને એ સામાજિક સત્ય ઓળખીને ધ્યાનમાં રાખ્યું છે કે એ વ્યક્તિને તમે નામથી, બળથી, કે કોઈપણ રીતે મુસલમાની અથવા ખ્રિસ્તી ધર્મમાં ઠોંસી રાખી, કે એમની સંતતી નાનપણથી જ તમારી સંસ્કૃતિમાં ઉછેરવાને કારણે, મનથી પાકી મુસલમાની અને ખ્રિસ્તી થઈને તમારામાંની સુજ્ઞ, બળવાન અને ઉપયુક્ત નાગરિકોની સંખ્યા વધારશે. કારણ દુષ્ટોની, મદ્યપાન કરનારાઓની, લબાડની સંતતી લબાડ જ પાકે, એવો નિયમ નથી. કેનેડા અને ઓસ્ટ્રેલિયા જેવા દ્વીપોમાં આવા જ નાખી દીધેલા માણસો, ઇંગ્લેન્ડે નાખ્યા, આજે એ જ ઇંગ્લેન્ડના હત્યારાઓ ચોર, લુંટારાઓ, અપરાધીઓ, એ દ્વીપાંતરિત પતિતોના વંશજા, કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં સ્વતંત્ર રાષ્ટ્ર અને રાજ્ય સ્થાપિત કરીને ચલાવી રહ્યા છે. હિંદુ સમાજની ગંદકી અને કચરો પણ તમે પાવડાથી, સોનાના પાવડાથી જે એકધારા ખેંચી રહ્યા છો એ ફક્ત એટલા માટે જ કે સુક્ષ્મ ખેડૂતોની જેમ તમને એ ગંદકી અને કચરાના ઉપયોગની માહિતી

છે, કે જો એનું ખાતર શાસ્ત્રીય રીતે ઉપયોગમાં લીધું તો જીવનદાયી ધાન્યના સોનેરી ડોડાઓથી તમારી ખેતી આવતા વરસના ધાન્યમાંથી ડોલવા માંડશે.

અને આ સામાજિક તત્ત્વો ધ્યાનમાં રાખી નીચ હોય, લૂચ્ચો હોય, અજ્ઞાની હોય, પણ એ હિંદુ હોય તો એને પરધર્મમાં જવા દેવો નહીં. અને જો એ ગયો હોય તો એને શુદ્ધ કરીને પાછો હિંદુ સમાજમાં સમાવી લેવો એટલે શુદ્ધિકરણ માટે અમારી સેના પરિશ્રમ કરે છે. કારણ ચોર કેમ ના હોય, તો પણ હિંદુ ચોર એ મુસલમાન ચોર કરતા હિંદુ સંસ્કૃતિ માટે ઓછો હાનિકારક છે. હિંદુ ચોર ફક્ત ચોરી જ કરશે, પણ ક્યારેય મંદિર તોડશે નહીં. મૂર્તિ તોડશે નહીં અથવા વેદ બાળી નહીં નાખે. મુસલમાન ચોર તો ચોરી કરશે જ, પણ જતાં જતાં ભગવાનની મૂર્તિનો વિચ્છેદ કરીને, અને શક્ય હોય તો એકાદ કાફિરના માથામાં એ કાફિર છે એટલે લાકડી મારીને સ્વર્ગમાં એ ચોરીનું પાપક્ષાલન થાય એટલું લોહી ઢોળવામાં પાછો પડશે નહીં. આ ફરક શક્યતા તરીકે ધ્યાનમાં રાખવો જોઈએ. એટલા માટે પણ ચોરી છૂટતી ના હોય, મદ્ય છૂટતું ના હોય, લોભ છૂટતો ના હોય તો પણ ચિંતા નથી. તો પણ તું હિંદુત્ત્વ છોડતો નહીં. તું હિંદુનો હિંદુ જ રહે એ માટે પતિતોનું મન વાળવું હિંદુ સંસ્કૃતિના જાતીય જીવનની દ્રષ્ટિએ અવશ્ય છે. એવું સિદ્ધ થાય છે.

પણ શુદ્ધિકરણની ચળવળ ચોર-ઉચ્ચકાઓમાં પણ કેમ ચાલુ રાખવી જોઈએ, એનું બીજું કારણ ઉપરનાં કારણો કરતાં પણ વધુ મહત્ત્વનું હજી એક સમર્પક કારણ છે.

ચોરી કરવાનું છોડી દે તો બહુ જ સારું પણ એ જો છૂટતી ન હોય તો ઓછામાં ઓછું હિંદુ ચોર થઈને તો રહે. કારણ ચોરી ના છોડવી એ પાપ છે પણ હિંદુ ના રહેવું એ આ પાપ કરતાં સોગણું ઘોર એવું રાષ્ટ્રીય અને સામાજિક પાપ છે. અનૈતિકતા છે જ, ઓછામાં ઓછું એ તો નહીં કરતો. એવું પ્રત્યેક વ્યક્તિને પછી એ કેટલી પણ નાખી દેવા જેવી કેમ ના હોય, આપણે હિંદુઓએ કહેવી જોઈએ. એ માટે પરિશ્રમ કરવો જોઈએ. કારણકે આવા જ નાખી દેવા જેવા બંધુઓ આપણા પૂર્વજોએ એમની પોતાની પવિત્રતાના ઘમંડના પરધર્મમાં પેઢી દર પેઢી જવા દીધા - મારે શું એનું ? જેનો ધર્મ એની પાસે ! એ કોડીના મૂલ્યોનો છે, જતો હોય તો જાય, એવા દોઢડહાપણની આત્મઘાતક સમજને લીધે જવા દીધા. અને પરિણામ શું થયો એ જુઓ. એ એક એક નાખી દેવા જેવા મનુષ્યોને પરધર્મમાં નાખવાથી આજે સો વરસ પછી એમના બીજમાંથી હિંદુ ધર્મની સંસ્કૃતિના અને સમાજના કટ્ટર શત્રુઓ પેદા થયા. ઔરંગઝેબ એક રાજપુત બાઈના આવી જ પતિત, હલકી કૂખમાં જન્મ્યો હતો ! મલબારના આ મોપલાઓ અડધાથી વધુ રક્ત-માંસ–બીજના મૂળે હિંદુઓના વંશજ. પણ એમને હવે પોતાની મા કોણ એની ઓળખાણ રહી છે કે ? આ ભયંકર ફરક ફક્ત પેલા મૂળ હિંદુની ચોટલી કાપી, દાઢી રાખનારા મુસલમાન મૌલવીઓની બાલિશ રમતનું પરિણામ છે.

મોટાઓની બાલિશ રમત

અમસ્તા નામનો કેમ ના હોય પણ કેટલોય નીચ અથવા નિરુપયોગી થયો તો પણ એને હિંદુત્ત્વની હદમાં રાખવા માટે, અથવા લાવવા માટે પરિશ્રમ કરવો જ જોઈએ. જે બાલિશ રમત ના રમવાને કારણે આજે હિંદુ સંસ્કૃતિ પર મરણતોલ હુમલા કરનારા મલબારનાં રમખાણો ઠેકઠેકાણે થઈ શક્યાં એ બાલિશ રમત પેલા દાઢી મુંદાવીને ચોટલી રાખવાના, મુસલમાન અને ખ્રિસ્તી નામ બદલીને હિંદુ નામ રાખવાના અથવા માત્ર તુલસીપત્ર આપીને, તું હિંદુ થઈ ગયો એમ કહી એની સ્વીકૃતિ એ બાલિશ રમત, મોટાઓએ પણ હવે રમવી જ જોઈએ. નીચ લોકોને, સજા પામેલાઓને, પાપીઓને, એમના પોતાના માટે નહીં પણ એમની સંતતીથી હિંદુત્ત્વ વંચિત ના રહે એટલે પણ, હિંદુ સમાજમાં સમાવિષ્ટ કરવા માટે પરિશ્રમ કરવો જોઈએ. ફક્ત સામાજિક દ્રષ્ટિએ પણ પરિશ્રમ કરવો જોઈએ. પરલૌકિક દ્રષ્ટિએ તો કરવો જ રહ્યો ! અને કોણે કહ્યું કે તમારા કહેવાતા પાપી અને નકામા લાગતા હત્યારા, ચોર લોકોમાંથી જ આગળ જતા એકાદ

વાલ્મીકિ કેમ ના પાકી શકે ? હિંદુઓને અને દુનિયાને, રામાયણ એવાજ એક નાખી દેવા જેવા હત્યારા-ચોરે ઉદાહરણ તરીકે આપ્યું છે. એટલે એમને જેવું આવડે એવું રામ નામનો જપવા દો! થશે તો હિત જ થશે!

આવા દૂરંદીશીના વિચારોથી પ્રેરિત થઈને એ કઠોર કારાગૃહમાં અને વસાહતોમાં પણ ચોર, લુંટારાઓ જેવા પતિતોને પણ મુસલમાની ચુંગાલમાંથી છોડાવવા માટે આપણે પ્રવૃત્ત થવું જોઈએ, એવું અમે ત્યાંના હિંદુઓને અને રાજ બંદીઓને કહેવા લાગ્યા. ઉપરનાં વાકયો છ-સાત વરસ અમારા હોઠો પર હંમેશાં રમતાં રહેતાં હતાં. સન ૧૯૧૩માં એટલે અમે આંદામાન ગયા પછી આશરે દોઠ-બે વરસ પછી અમે હિંદુઓને વટલાવવાનો પ્રયત્ન કરનારા મુસલમાનો પર પહેલો ખટલો દાખલ કર્યો. પહેલાં પ્રતિકાર કર્યો. રાજ બંદીવાનોમાંથી જે કોઈએ અમને મદદ કરવાની તત્પરતા દર્સાવી અને જે હિંદુ બંદીવાનોએ આ ચળવળમાં ધીમે ધીમે ઉત્સાહથી ભાગ લેવાનો આરંભ કર્યો એમના સહકાર્યથી અને આ શુદ્ધિકરણની ચળવળ સરાસરી ઈ. સ. ૧૯૨૦-૨૧ વરસ સુધી, એટલે કે અમને આંદામાનથી હિંદુસ્તાનના કારાગૃહના નાખવામાં આવ્યા ત્યાં સુધી, સતત ચલાવી. હિંદુસ્તાનમાં આવ્યા પછી અહીંનાં બંદીગૃહોમાં પણ એ ચળવળ ચાલુ રાખી એને કારણે અમારા પર કેટલીયેવાર મુસલમાની ગુંડાઓએ શારીરિક હુમલો કરવાનો, અમને મારી નાખવાનોપ્રયત્ન કર્યા, બંદીગૃહમાં રમખાણો થયાં. એકવાર અમારા બંધુઓ વર મુસલમાની ગુંડાઓએ તૂટી પડીને એમને ઘાયલ પણ કર્યા. પણ એ ચળવળ રોકાઈ નહીં. એ ચવળવ થકી આંદામાનના નવા હિંદુઓને વટલાવવાનું લગભગ અશક્યથઈ ગયું. પણ પહેલાં વટલાવેલા હિંદુઓ પણ વસાહતોમાં શુદ્ધ કરવામાં આવ્યા.

આંદામાનમાં શુદ્ધિ

આંદામાનમાં હિંદુઓને વટલાવાનો ક્રમ સાધારણ રીતે આવો હોય છે, પ્રથમ ચલાન આવે ત્યારે અથવા એ પછી જ્યારે મોકો મળે ત્યારે હિંદુઓનાં જે કૂમળાં છોકરાંઓ હોય અથવા ડરપોક સ્વભાવવાળા માણસો હોય એમને મિર્ઝા ખાન જમાદાર સખત કામમાં મૂકે. ત્યાંના મુસલમાની વોર્ડર અને પેટા ઓફિસર એની એક તરફ મારપીય કરે, ધાકધમકી આપે, ગાળાગાળી કરે, બીજી બાજુ પહેલાં જે હિંદુ હતો, જે હવે વટલાયેલો છે, એવા માણસને ચોરીથી લાવેલી મીઠાઈ, તમાકુ વગેરે વસ્તુઓ આપીને એમની સાથે પ્રેમથી વતર્તા. એ નવા સાવજો એકદમ ત્રસ્ત થઈને રડમસ થઈ જાય એટલે એમને કહેવામાં આવતું કે તું શું કામ મરી રહ્યો છે? આ અમારા અમુકતમુક પ્રમાણે તું પણ મુસલમાન થા એટલે તારો પણ બધા કષ્ટોમાંથી છૂટકારો થશે, ધીરે ધીરે જે સાવજો એ પાશમાં આવી જતા એમને તમાકુ વગેરે વસ્તુઓ આપીને છેવટે એક દિવસ જમતી વખતે ખુલ્લેઆમ હિંદુઓની પંગત છોડીને મુસલમાનોની પંગતમાં લઈને બેસાડવામાં આવતા અને મુસલમાનોના જમણવારમાં જમાડવામાં આવતા. આંદામાનના કારાગૃહમાં હિંદુઓનો અને મુસલમાનોનો ''ભંડારો'' એટલે જમણ જે-તે જાતિઓમાં જુદો જુદો કરવામાં આવતો. એકવાર હિંદુ મુસલમાની પંગતમાં જમતો દેખાયો એટલે હિંદુઓ પાછા એને પોતાની પંગતમાં લેશે નહી એ મુસલમાનોને ખબર હોવાને કારણે એ વટલાવેલા હિંદુઓ વિશે નિશ્ચિત હતા. ફક્ત એકવાર એનું નામ મુસલમાની રાખતા. કોઈ હિંદુ ભૂલથી જો એને હિંદુ નામે બોલાવે તો પણ મિર્ઝા ખાન અને બીજા મુસલમાની હસ્તક એ હિંદુઓને ધમકાવીને કહેતા, ''ખબરદાર, હવે એ મુસલમાન થઈ ગયો છે. એના મુસલમાની નામથી એને બોલાવો'' મુસલમાની ધર્મની દિક્ષા એટલે બસ આટલી જ. કુરાન, સુન્નત, નમાજ વગેરે કોઈપણ વાતોની આવશ્યકતા નહોતી. તમાકુ એટલે જ સુન્નત, કઠીન કામ એ જ કુરાન, મુસલમાનો સાથે જમવાનું એ જ નમાજ.

સર્વસાધારણ લોકો આવી રીતે વટલાવાતા. એમાંથી આગળ જતાં અમુકની સુન્નત પણ કરવામાં આવતી. કારાગૃહમાંથી છૂટતી વખતે એ લોકો પોતાનું મુસલમાની નામ નોંધમાં લખાવતા. એ વખતે

એને કોઈપણ અધિકારી એમ નહોતું પૂછતો કે તેં હિંદુ નામ બદલીને મુસલમાન નામ શું કામ ધારણ કર્યું? તું મુસલમાની ધર્મનો અભ્યાસ કરીને મુસલમાન થયો છે કે ધાકધમકી અથવા લાલચ હેઠળ થયો છે? આગળ જતાં એ માણસ બહાર વસાહતોમાં જાય એટલે ત્યાં પણ મુસલમાન અધિકારીઓ હતા જ. ત્યાં પણ આ રીતે હિંદુઓનું ભ્રષ્ટીકરણ કરતા. અને કમનસીબીની વાત એ છે કે સંકટ પૂરતું કોઈએ આવું બેવડું મુસલમાનીપણું સ્વીકાર્યું હોય, અને આગળ જતાં કોઈ હિંદુના હાથ નીચે અથવા સ્વત્રંત રહેવાનો પ્રસંગ આવતાં જ તે પેલું મુસલમાનીપણું નાખી દેવાનું મન કરીને પાછો હિંદુઓમાં ભળવાનો પ્રયત્ન કરે ત્યારે હિંદુઓ જ બૂમાબૂમ કરીને એને ''વટલાયેલો, વટલાયેલો! આ તો મુસલમાનોની પંગતમાં બેસતો!'' એવું કહી એને પોતાનાઓમાંથી તગેડી મૂકતા. એકવાર વટલાયેલો માણસ ચૂપચાપ પાછું હિંદુ નામ ધારણ કરીને હિંદુઓની પંગતમાં બેસવા લાગે એટલે મુસલમાનો કરતાં પણ કડવી રીતે અને ત્રાસ આપીને, ટોણા મારીને મુસલમાનોમાં જ વસાવવાની હિંદુ બંદીવાનોની ટોળીઓ બૂમાબૂમ કરતાં તે અમે અનેકવાર જોયું છે. જેના લીધે મિર્ઝા ખાન અને બીજા મુસલમાની પ્રચારકોનું કામ ખૂબ જ સહેલું થઈ જતું. એકવાર ક્યાંક દાવપેચમાં કરીને હિંદુ બંધઈઓને મુસલમાનોની પંગતમાં બેસાડી દીધા પછી એના પર પહેરો રાખવાની જરૂર નહોતી. પાછું એને તમાકુ આપવાની જરૂર નથી, નામ જ વાચવાની જરૂર નથી. કંઈપણ કરવાની જરૂર નથી. એ મુસલમાનોના પંજામાંથી ના છૂટે એટલે બાકીની બધી જ વ્યવસ્થા હિંદુઓ પોતે જ કરતા. હિંદુને એકવાર મુસલમાન કરવાની તસ્દી મુસલમાનોએ લીધી એટલે એને માત્ર જીવનભર નહીં પણ પેઢી દર પેઢી મુસલમાન રહેવા માટે મજબૂર કરવાની તસ્દી હિંદુ પોતેજ લેશે. આ કમનસીબ સ્થિતિ જેમ સ્વદેશમાં હતી એમ જ સ્વદેશની છાયા જેમાં પડી એવા કાળા પાણીમાં પણ હતી.

આમ દરે મહિને-બે મહિને ત્રણથી ચાર હિંદુઓ તો મુસલમાન થતા જ. પછી એ પાછા સ્વદેશ આવે કે આંદામાનમાં લગ્ન કરીને રહે તો પણ એમની સંતતિ મુસલમાન જ રહેતી. અને એક-બે પેઢી પછી આપણા પૂર્વજ હિંદુ હતા એ માનવું પણ અપમાનજનક છે એવું કટ્ટર હિંદુ દેશી-મુસલમાનીપણું એ સંતતિમાં આજન્મ શિક્ષણ થકી પ્રવિષ્ટ થતું.

ક્યારેક ક્યારેક એકાદ હિંદુ સ્ત્રી જો મુસલમાનને પરણે તો એ મુસલમાન થઈ જાય. પણ જો એકાદી મુસલમાની સ્ત્રી હિંદુને પરણે તો? શું એ હિંદુ થાય? છટ્! તેને થવા કોણ દેશે! હિંદુ લોકો જ એ સ્ત્રીને હિંદુ થઈ એમ ગણવાને બદલે પેલા હિંદુ વરને મુસલમાન થયો કહીને એનો બહિષ્કાર કરતા.

આવી સર્વસ્વ આત્મઘાતક પ્રવૃત્તિઓ બંધ કરવાનો પ્રયત્ન કરવાનો અમે નિશ્ચય કર્યો. અને ૧૯૧૩ના વરસે એક બ્રાહ્મણના છોકરાને મુસલમાનોએ ઘેર્યો હતો ત્યારે એને બચાવવાની ખુલ્લેઆમ ખટપટ કરી. આ વાત આવા પ્રકારના આગળ જતાં અનેક છમકલાઓ થયાં એનાં ઉદાહરણ તરીકે ટૂંકમાં કહું એટલે થયું.

હિંદુ છોકરાનો ખટલો

આ ઉત્તર હિંદુસ્તાનનો બ્રાહ્મણ છોકરો છવ્વીસેક વરસનો હશે. ચોરી માટે પહેલા કોઠડીમાં જઈને આવેલો એટલે દુષ્ટ સગતમાં પળોટાયો હતો. પણ હજી પણ બ્રાહ્મણ છે એનું અભિમાન કરતો. કાળાપાણી જોતાં જ એ ગભરાઈ ગયો એમાં ઘાણી જોતાં પઠાણ વોર્ડરે એને પકડ્યો. એ ચંડાળચોકડીએ નિર્લજજપણે ઘોષિત કરેલો નિયમ જ એવો કે, ''હિંદૂઓં કે લડકો કો પહલે તંગ કરકે બિગાડના ચાહિયે! ફિર વો તુરંત મુસલમાન બન જાતા હૈ!'' આ એમના ઘૃણાસ્પદ ધર્મદીક્ષાના પહેલા સંસ્કારથી એ છોકરો પહેલેથી જ ''બગડેલો'' હતો. હવે ફક્ત એને ખુલ્લેઆમ મુસલમાની પંગતમાં બેસાડવાનું બાકી રહી ગયું હતું. એટલામાં અમે એને એક માણસ થકી સંદેશો આપીને હિંદુત્ત્વ છોડતો નહીં એવી વિનંતી કરી. એણે કહ્યું ''છોડું નહીં તો શું કરું? મિર્ઝા ખાન મને પાછો ઘાણીમાં નાખશે. ધર્મ માટે ત્રાસ સહન કરવો જોઈએ એવું કહીએ, તો એ પતિત પર શું પરિણામ થવાનું હકતું. એને મદદ કરવી, મિર્ઝા ખાન વિરુદ્ધ મદદ કરવી,

તેવી પરિસ્થિતિમાં અમે પોતે કોઠડીબંધ સ્થિતિમાં ફક્ત દુર્બળ જ! છેવટે એક સાંજે બારી પાસે એ બધી કાગારોળ વિગતવાર સમજાવીને કળાવી. એ પહેલાં બારીને આવા પ્રકાર થતા હતા એની ખબર નહોતી એવું થોડું હતું. એની એના પર કોઈ અસર થતી નહોતી. એ અમને જ, ''એ ભાગમાં શું ચાલી રહ્યું છે એ તમને ઓરડીમાં કોણે કહ્યું ?! જવા દો, એ તો બગડેલાં છોકરાંઓ! તમે આ બાલિશ રમતમાં શું કામ પડો છો ?'' વગેરે આડાઅવળાપ્રશ્નો પૂછવા લાગ્યો. ત્યારે બીજા દિવસે સુપરિન્ટેન્ડન્ટને અમે આ વાત કરી. બારીએ પહેલેથી જ એની કાન ભંભેરણી કરવાને કારણે એણે અમને એ નક્કી થયેલા પ્રશ્નો પૂછ્યા. આવા દુષ્ટ લોકો હિંદુઓમાં રહે કે મુસલમાન થાય તેમાં શું ? વગેરે પૂછ્યું. અમે પણ આ પ્રકરણના આરંભમાં આવેલા કોટિક્રમ થકી જવાબો આપ્યા. છેવટે સુપરિન્ટેન્ડન્ટ બોલ્યો ''કોઈ જો જાતે મુસલમાન થતો હોય તો અમે એને કેવી રીતે રોકી શકીએ ?'' અમે કહ્યું, ''પોતાની મેળે જતો હોય તો અમને કોઈ વાંધો નથી. પણ મુસલમાન બંદીવાન હિંદુઓને ત્રાસ આપીને કઠણ કામ કરાવીને અને લોભ દેખાડીને તેમને મુસલમાન થવાની ફરજ પાડે છે, તેનો આપણે વિરોધ કરવો જોઈએ.'' ત્યારે પર્યવેક્ષકે કહ્યું, ''તમને કોઈ મુસલમાન હિંદુ છોકરાને ત્રાસ આપતો દેખાય અથવા તમાકુ વગેરે નિયમ વિરુદ્ધ વેચતો દેખાય તો જણાવજો, એટલે હું એનો જરૂર પ્રતિરોધ કરીશ. સજા ફરમાવીશ.''

કર્તત્ત્વ સમજીને અપમાન ગળી ગયા

પર્યવેક્ષક ગયો. પણ બારી અને મિર્ઝા ખાનને અમારા પર ગુસ્સો આવ્યો. કારણ વાતચીતમાં એમની કેટલીય ખાનગી વાતો બહાર પાડવી પડી હતી. અને ખાસ કરીને અમને મુસલમાનોને ત્રાસ આપતી વખતે પકડો એવી પર્યવેક્ષકે આપેલી અનુજ્ઞા, બારીને એનો પોતાનો અધિકારભંગ કરનારી લાગી. મુસલમાનોમાં તો જે કોઈ હોય તે દાંત દેખાડવા લાગ્યો. કારણ હિંદુ એટલે એમની થાળીનાં ભાજીમૂળાં. એમાંય મુસલમાન કરવાના એમના પૈતૃક અધિકાર વિરુદ્ધ કાગારોળ! એમણે આખી જિંદગી આવો પ્રકાર ક્યારેય સાંભળ્યો નહોતો. બારીએ અમને પાઠ ભણાવાનો નિશ્ચય કરીને મિર્ઝા ખાન અને પેલા રોષે ભરાયેલા મુસલમાની વોર્ડરોને અંદરખાને જ, એ છોકરાને હું સ્વેચ્છાએ મુસલમાન બનું છું એવું કહેવાનું શીખવાડો એવું કહ્યું. બીજે દિવસે એ બીજા ભાગમાં રહેતો હોવા છતાં જાણી જોઈને એને અમારા ભાગમાં લાવી અને અમારી સામે લાવીને મિર્ઝા ખાને એને મુસલમાનોની પંગતમાં બેસાડીને મુસલમાની અન્ન આપ્યું. અને અમને નામ ના લેતા બીભત્સ ગાળો આપી મિર્ઝા ચાલવા માંડ્યો. એ બંદીવાનને આખો દિવસ મુસલમાની નામે એ લોકો પોકારતા હતા. જેને કારણે અમને અમારી અવસ્થાની શરમ આવે. અમે એ બધું અપમાન કર્તવ્ય સમજીને ગળી જતા હતા.

તમે બીજાને હિંદુ કેમ નથી કરતા ?

બીજે દિવસે સવારે એક મુસલમાન વોર્ડર , બે-ત્રણ આનાની તમાકુ એ વટલાયેલાને આપવા લાગ્યો. ત્યારે જ અમારી ચાલીમાંથી ત્યાં નજર પડી. અને તાબડતોડ ઊઠીને વોર્ડરને કહ્યું. પણ વોર્ડર હતો હિંદુ. કરગરીને એણે કહ્યું ''મને જો પકડ્યો તો મિર્ઝા ખાન મને માટીમાં મેળવી નાખશે.'' એટલે પોતે બૂમાબૂમ કરી અમે પેટા ઓફિસરને બોલાવીને એ છોકરાની ઝડતી લેવાનું કહ્યું. ''નહીં તો પર્યવેક્ષકને કહીશું.'' એવું કહેતાં જ ઝડતી લેવાઈ અને બધો તમાકુ એની કમર નીચેથી મળ્યો. એટલામાં આ ગડબડ સાંભળીને મિર્ઝા ખાન ત્યાં આવી પહોંચ્યો. એણે તમાકુ તને કોણે આપી એવું પૂછતાં જ એ છોકરાએ મુસલમાન વોર્ડરે આપી, એમ કહ્યું. મિર્ઝા ખાન અમને એમને એમ ચાલીમાં બંધ કરીને એ છોકરાને ખટલો માંડવા માટે બારી પાસે લઈ ગયો. પણ આગળ જોઈએ તો એ વાતનો કોઈ પત્તો જ નહોતો. બારીને સાંજે પૂછ્યું તો એણે, સ્વાભાવિકપણે ગુસ્સે થઈને જવાબ આપ્યો કે કારાગૃહનો ખટલો

સાંભળવાવાળો અધિકારી હું છું. તમે એક બંધી છો, બંધી પ્રમાણે પોતાના વિશે જે કહેવું હોય તે કહો. નહીં તો સજા ભોગવશો. પર્યવેક્ષક બે દિવસ પછી પાછો ફેરા પર આવ્યો. એને બારીએ શું કહ્યું હતું ફક્ત એ જાણવા મળે એ માટે અમે પાછી ''અરજી'' તરીકે ચાલીમાંથી બૂમ મારી. એ પર્યવેક્ષકને અઠવાડિયાના નક્કી થયેલા દિવસ સિવાય કોઇ ''અરજી'' કરે તો ચીડ ચડતી. એટલે અમુક અંશે એના લીધે અને અમુક અંશે બારીએ એને જે કંઈ કહ્યું હશે એના લીધે એ ચીડાઈને અમારી તરફ ધસી આવ્યો અને કહ્યું ''બીજા બંદીવાનો વિશે બોલવાનો તમને કોઈ હક નથી, કામ કરો.''

મેં પણ સાફ કહી દીધું ''હું તો મારું આવેદન કરીશ જ, તમારે સાંભળવું હોય તો સાંભળો નહીં તો નહીં સાંભળતા. રાજ બંદીવાનો માત્ર એકબીજા સાથે વાત કરે તો પણ એનું વતેસર (કરવાનો) જો બીજા બંદીવાનોને અધિકાર છે, અમારી ચિઠ્ઠીઓ જો જોઇત્ત્યારે આંતરતા આવડે, તો અમને પણ ધર્મ માટેના કાર્ય માટે બીજા વિશે બોલવાનો અધિકાર છે.'' મારો જરા સંતાપભર્યો ઉત્તર સાંભળી અને આવેદન સાભળવું એ એનું કર્તવ્ય હતું એટલે પર્યવેક્ષક પાસે આવ્યો અને બોલ્યો ''કહો જે કહેવું હોય તે.'' એટલે હું બોલ્યો, ''તમાકુ મુસલમાન વોર્ડરે આપતી વખતે મેં પકડ્યો હોવા છતાં એ મુસલમાન વોર્ડર પર ખટલો દાખલ કરવામાં આવ્યો નહીં.'' પર્યવેક્ષક મૂંઝવણમાં પડી ગયો. બારીને એણે ત્રાસીને કહ્યું ''આ શું છે? ક્યાં છે એ મુસલમાન વોર્ડર?'' એટલામાં બારીએ આંખોથી ઈશારો કરતાની સાથે જ મિર્ઝા ખાન સામે આવીને બોલ્યો, ''હુજૂર, યે બાબુને (અમે) તંબાખુ ખુદ વો લડકે કે કપડે મેં રખી થી! પોતે જ તમાકુ પેલા છોકરાના કપડાંમાં સંતાડીને મુસલમાન વોર્ડર પર આ આવો ખોટો ખટલો કરી રહ્યો છે.'' એ છોકરાને પૂછવામાં આવ્યું ત્યારે એ છોકરાએ એટલી પ્રામાણિકતા દર્સાવી કે બાબુએ તમાકુ આપી નથી એમ કહ્યું. પર્યવેક્ષક પાછો ગુસ્સે થયો. મિર્ઝા ખાન પાછું બોલવા લાગતા જ, ''ચૂપ રહો'' કહીને એને ધમકાવીને અમને કહ્યુ, ''આ ધર્માંતર બાબતે તમારું શું કહેવું છે?'' મેં કહ્યું, ''ટૂંકમાં મારી માગણી એમ છે કે વસાહતોમાં કોઈપણ મનુષ્ય કુરાનનું અથવા બાઈબલનું અધ્યયન કરીને પ્રામાણિક રીતે જો હિંદુ ધર્મ છોડવાનું નક્કી કરે તો સૌથી પહેલાં અધિકારીને એની જાણ કરવી અને અધિકારીઓએ એની સાથે કોઇએ કપટ તો નથી કર્યું અને બળજબરી અથવા શક્તિ કરી છે કે નહીં એ વિશે તપાસ કરીને પછી જ એને આવું કરવા માટે પરવાનગી આપવી. અને ઉંમરલાયક થતા પહેલાં કોઈપણ હિંદુ છોકરાને પરધર્મ સ્વીકારવાની મૂળથી જ બંધી હોવી જોઈએ. આ થઈ એકંદર વસાહતોની વાત. પરંતુ આંદામાનના બંદીગૃહોમાં નાની ઉંમરના અથવા પ્રૌઢ હોય, કોઈપણ હિંદુને પરધર્મમાં જવાની આજ્ઞા આપવામાં આવવી જોઈએ નહીં.'' એના પર પર્યવેક્ષક બોલ્યો, ''વસાહતનો પ્રશ્ન હું કમિશનર સામે માંડીશ. કારાગૃહ પૂરતું મારું કહેવું એમ છે કે સ્વેચ્છાએ જો કોઈ ધર્માંતર કરવા લાગે તો એને અમે શું કહીને રોકીએ? શક્તિ અથવા લાલચ દેખાડીને માત્ર હવેથી હું કોઈપણ હિંદુને પરધર્મમાં જવા દઈશ નહીં. '' ''વચ્ચે જ ગુસ્સામાં બળીને બારી બોલ્યો, ''આવું કરવું અમને પણ અઘરું પડશે. કારણકે સરકારે બધાને ધાર્મિક સ્વાતંત્ર્ય આપ્યું જ છે.'' મેં કહ્યું, ''ધાર્મિક સ્વાતંત્ર્ય માટે જ કહું છું કારાગૃહમાં કોઈપણ હિંદુને પરધર્મમાં જવા દેવા નહીં. કારણ બન્ને ધર્મની વાત સાંભળી લીધા પછી જો કોઈ પરધર્મ સ્વીકારે તો એ ધાર્મિક સ્વાતંત્ર્યને અનુરૂપ થયું એમ કહી શકાય. પણ આ કારાગૃહમાં મુસલમાન અધિકારી પ્રબળ હોવાને કારણે એ એમની વાત માંડી શકે છે. પણ અમને હિંદુઓને વાત મૂકવા માટે અમારી પાસે કોઈ સ્વાતંત્ર્ય નથી. દાખલા તરીકે મને જો કોઈ બંદીવાન સાથે વાત કરતાં પકડે તો એને અને મને શિક્ષા થાય છે. એનો અર્થ એટલો જ થાય છે કે મુસલમાનોને એમની બાજુ અધિકારના બળસ્વરૂપે માંડવાનું સ્વાતંત્ર્ય હશે. પણ હિંદુ માટે એ સ્વાતંત્ર્ય નથી. '' ત્યારે બારીએ કહ્યું, ''હિંદુ પેટા ઓફિસર અને ટંડેલ અમુક તો છે જ. એ શું કામ હિંદુઓને હિંદુ ધર્મની બાજુ કહેતા નથી?'' મેં સ્પષ્ટપણે કહ્યું કે, ''હિંદુ ટંડેલો પર તમારી વિશેષ વક્રદ્રષ્ટિ છે. બીજું એ કે હિંદુ ટંડેલ હિંદુ ધર્મ પર અને મુસલમાની ટંડેલ મુસલમાની ધર્મ પર વ્યાખ્યાનો અને વાદવિવાદ કરવા લાગે તો કારાગૃહ ધર્મપ્રચારનો એક અડ્ડો બનીને રહી જશે. પરંતુ તમારા નિયમ પ્રમાણે ટંડેલ છોડીને બીજા બંધી અધિકારીઓને પણ બંદીવાનો સાથે કારાગૃહનું કામ છોડીને એકપણ અક્ષર બોલવાની પરવાનગી

નથી. તો કારાગૃહની શિસ્તનું પાલન કરવું હોય તો એને ધર્મપ્રચારનો અડ્ડો તમે કેવી રીતે બનાવી શકો ?'' પર્યવેક્ષક વચમાં બોલ્યો, ''પણ તમે હિંદુ લોકો મુસલમાનોને શું કામ હિંદુ નથી બનાવી લેતા ? હંમેશાં બીજાના નામે શું કામ બૂમાબૂમ કરો છો ?''

તીવ્ર અને સાચો આક્ષેપ

આ એમનો આક્ષેપ કેટલો તીવ્ર અને સાચો હતો ! સ્વાભાવિક છે એણે મને જ કહ્યું. મેં કહ્યું ''ખરી રીતે જોતાં કોઈને પણ પોતાના ધર્મમાં અથવા સમાજમાં બળથી અથવા ધમકાવીને નહીં ખેંચવાનો હિંદુઓનો નિયમ ધર્મ સ્વાતંત્ર્યનાં ઉદ્દાત્ત તત્ત્વો પર આધારિત હતો. ધર્મ એટલે કાચીંડાના રંગની જેમ દિવસમાં ત્રણ વાર બદલનારી પ્રવૃત્તિ નથી. એ એનું તત્ત્વ કોઈને પણ માન્ય થશે. પરંતુ તલવાર અને લોભની ધારથી ધર્મ પ્રચાર યોગ્ય, કમ સે કમ ક્ષમ્ય છે, એવું માનનારા ભયંકર પંથનો સામનો કરવાનો પ્રસંગ આવવાને કારણે માત્ર એ ઉદ્દાત તત્ત્વોને ચોંટવું એટલે એમના હેતુઓનો વિપર્યાસ કરવો એમ એ અમને સમજાવા માંડ્યું છે. ઐતિહાસિક શુદ્ધિકરણનાં ઉદાહરણો બાજુએ મૂકીએ તો પણ આર્યસમાજ થકી શુદ્ધિ કરીને હિંદુ કરી શકાય છે. એ આપણને ખબર ન હોય પણ વિવેકાનંદે અમેરિકાથી પાછા ફરતી વખતે મિસ નોબેલને નિવેદીતા કરીને હિંદુ દિક્ષા આપી હતી એ તમે સાંભળ્યું હશે. અહીંયાં એનાં પુસ્તકો અમારા ગ્રંથાલયમાં છે. તમે સાચું કે ખોટું એ ચકાસી શકો છો. હિંદુ લોકોને એમનો ધર્મ દુર્બળ છે એવી બીક લાગે છે એટલે એ બીજા ધર્મીઓને એનો ઉપદેશ આપતા નથી, એવું નથી. એટલે કોઈપણ ધર્મના કેમ ના હોય પણ મનુષ્ય સાચી સાધના કરશે તો એ મોક્ષ મેળવશે જ - આવો ધર્મ દુનિયામાં એક જ છે. એવી એની ઉદ્દાત્ત ભાવના છે. એ ધર્મ સામે સમાજબળનું એક સાધન છે એ દ્રષ્ટિએ જોતાં જ નથી. આ અહિત દ્રષ્ટિએ, સામાજિક જીવનની દ્રષ્ટિએ ભૂલ છે એવું મને પણ લાગે છે. પણ મૂળ તત્ત્વ શું છે એ કહ્યું અને એ નિરપેક્ષ રીતે જોતા અત્યંત ઉદ્દાત્ત છે એ કોઈ નકારી નહીં શકે.

પાપસકત મિર્ઝાનો થરથરાટ

એ પર્યવેક્ષક સદ્દિભરુચિનો અને બને એટલું નિષ્પક્ષ રીતે વર્તવાની ઈચ્છા ધરાવતો ગૃહસ્થ હતો. એનો ઉલ્લેખ પાછળ આપેલો જ છે. આગળ પણ આવશે. અમારું ઉપર દર્શાવેલું અર્થસભર બોલવાનું એ શાંતચિત્તે સાંભળી રહ્યો હતો. એના મન પર ગંભીર અસર થઈ હોય એવી એની મુદ્રા થઈ. એણે વધુ કંઈ ના બોલતાં કહ્યું, ''હું તમારી વાત પર વિચાર કરીશ. હમણાં હું એટલો જ આદેશ આપું છું કે આ બ્રાહ્મણ છોકરાએ હિંદુઓની પંગતમાં બેસવું જોઇએ. જો કોઈએ એને મુસલમાનોનું અન્ન આપ્યું અથવા ત્રાસ આપ્યો તો જોઈ લેજો.'' મિર્ઝા ખાન તરફ વળીને એણે એ છેલ્લું વાક્ય ગુસ્સાથી બોલતાની સાથે લગભગ ગોઠણ સુધી માથું અને હાથ ઝૂકાવીને એ પાપસકત મિર્ઝાએ થરથરતાં સલામ કરી, અને પર્યવેક્ષક ગયો.

પણ મુસલમાનોને આ ચીમકી મળવાથી ઘણાં કામો થયાં તો પણ સાચી અડચણ તો આગળ હતી. કારણ એ છોકરાને મુસલમાન ના થવા દેવા માટે પર્યવેક્ષક ભલે બોલ્યો, ''એને હિંદુઓની પંગતમાં બેસાડો.'' તો પણ હિંદુઓની પંગત એને પોતાનામાં બેસવા કેવી રીતે આપશે ? એણે એક-બે દિવસ મુસલમાનોની પંગતમાં જમણ કર્યું હતું અને આટલા ઝઘડાઓ કરી મુસલમાનોનો દુષ્ટ હેતુ નિષ્ફળ કર્યો, પણ હવે હિંદુઓનું આગળ શું કરવાનું ? આ અડચણ બારીએ ત્યારે જ ભાળી, પણ પહેલા દિવસે એ ચૂપ રહ્યો, કારણ પર્યવેક્ષકે એને પણ થોડો દબાવ્યો હતો અહીંયા અમે સંદેશો આપીને થાક્યા. હિંદુઓમાં અંદરોઅંદર વાતો ચાલુ જ હતી કે આપણે એની પંગતમાં નહીં બેસશું. આંદામાનમાં પાછા જુદા જુદા ભેદ માનવામાં આવતા નહોતા. બધા હિંદુઓ એક હાથના અંતરે એક જ હરોળમાં બેસતા અને મુસલમાન

બીજી હરોળમાં. ત્યારે કેટલાય હિંદુઓને વિનવણીઓ કરી કહ્યું, અરે આ મિર્ઝા આપણા છોકરાને પહેલાં એની પાપી ભોગલાલસનો બલી ટદાવશે, પછી એનો ધર્મ બળજબરીથી છીનવી લે છે. આજે પહેલીવાર એ કાંપી રહ્યો છે હવે એને ધાક બેસી ગઈ છે. પણ તમે જો એ છોકરાને હિંદુ પંગતમાં નહીં બેસે એવું કહેશો તો બારી હવે પ્રતિવૃત્ત રિપોર્ટ તૈયાર કરી, પર્યવેક્ષકને પણ પોતાની તરફનો આદેશ આપો કહીને મજાક ઊડાડશે. આ મિર્ઝા કેવો આજકાલ કેવો નખાઈ ગયા જેવો થઈ ગયો છે. એ કાલે પાછો તમારા હિંદુઓની છાતી પર બેસીને નાચવા માંડશે. આવી રીતે અલગ અલગ પ્રકારે એમને સમજાવ્યા પણ એ અભણ હિંદુઓ, ''ઠીક છે,'' એવું સ્પષ્ટ રીતે કહેતા નહોતા. અમારા કહેવાથી સમાધાન ભલે ના થયું હોય તો પણ છેવટે બે જણને અમે રીતસરના હાથ જોડ્યા એટલે અમારા વિશે પૂજનીય ભાવ હોવાને કારણે એ લોકો ઢીલા પડ્યા અને પંગતના અંતમાં એક હાથ છોડીને અમારે બેસવાનું અને અમારી બાજુમાં એ છોકરો બેસશે એવું એમણે માન્ય કર્યું. આ બધું છુપાઈને મિર્ઝા ખાન, બારીની નજરમાં ના આવે તેમ કરવાનું! કોણ એ ત્રાસ ભોગવે!

પણ છેવટે એ છોકરો અમને જે કોઈ હિંદુ મળતા એમની બાજુમાં હિંદુ પંગતને લાગીને બેસવા લાગ્યો. બારીનો આ દાવ તો નકામો ગયો. પરંતુ પર્યવેક્ષકનો છેલ્લો સામાન્ય નિર્ણય એવો કોઈ જ આવ્યો નહોતો એટલે મુસલમાનોના પ્રયત્ન અંદરખાને તો ચાલુ જ હતા. ફરક એટલો જ અને એ મહત્ત્વનો હતો કે હવે એ લોકો એકદમ તાગડધિન્ના કરતા બંધ થયા. ડરી ડરીને રહેતા પણ એમનો અમારા વિશેનો દ્વેષ તીવ્રતાએ પહોંચ્યો. અને એમના ધર્માંતરને પહેલાં એટલો વિરોધ નહીં કરનારા બારીસાહેબ હવે ગુપ્ત રીતે ઉત્તેજન આપવા લાગ્યો.

શુદ્ધિકાર્યનો જાહેર પ્રારંભ

બંદીગૃહમાં મુસલમાનોને ભ્રષ્ટીકરણની ખટપટ કરતા મેં રોકયા એ વાત વસાહતોમાં બધાના મોઢે બોલાઈ. અમુક બંદીવાને ઉત્તર હિંદુસ્તાનના આર્યસમાજના લોકોનાં વ્યાખ્યાનો સાંભળેલાં હતાં. એનાથી અમુક લોકોએ તો પ્રત્યક્ષ સાથ આપવાની શરૂઆત પણ કરી. અમે આંદામાન ગયા એ પહેલાં અમુક ઉત્સાહી મંડળીએ ત્યાં એક નાના આર્યસમાજ કેન્દ્રની સ્થાપના પણ કરી હતી. પણ એમાં પ્રચારકાર્ય અને કોઈપણ ચળવળ સંગઠીત રીતે હાથમાં લેવાની શક્તિ નહોતી. અને શુદ્ધિ વિશે આંદામાનમાં કાંઈક કરવું શક્ય છે એની જાણ પણ સાહજિક રીતે નહોતી. એટલે ત્યાંની મંડળીનું અમારા શુદ્ધિ વિશેના પ્રયત્નો વિશે સાંભળીને સમાધાન થયું અને ધીરે ધીરે એમનું સમર્થન મળવા લાગ્યું એ કંઈ નાનીસૂની વાત નહોતી. આગળ જતાં એમાંનાં એક-બે મંડળે આંદામાનમાં અમે શરૂ કરેલી ચળવળોનો પ્રચાર કરવાના કામોમાં વર્ણનીય આગેવાની કરી અને ઉત્સાહથી કાર્ય આગળ ચલાવ્યું. એમાં અમુક સ્વતંત્ર અધિકારીઓ પણ હતા.

દેશમાંથી આર્યસમાજનાં તત્ત્વો સાંભળીને આવેલા આવા જ એક બંદીવાનમાંના એક હિંદુ બંદીવાનને એ સમયે જ વસાહતમાં સજા ભોગવીને પાછો કારાગૃહમાં બંધ કરવામાં આવ્યો હતો. બદમાશ, ધીટ એવો એ કોઈપણ મુસલમાન ગુંડાઓથી હાર માનનારો નહોતો. દેશમાં જન્મટીપની સજા થયા પછી પણ આંદામાનમાં એણે એટલી દાદાગીરી, કોઠડીમાંથી ભાગવું, મારામારીઓ, અફીણનું વેચાણ, વગેરે કર્યું હતું, કે મુસલમાની ગુંડાઓ પણ એનાથી ગભરાતા. એની સાથે મિત્રતા ધરાવતા હિંદુ છોકરાઓને ક્યારેય હલકી દ્રષ્ટિએ જોવાની હિંમત નહોતા કરતા. કારણ એના પરિચિત અથવા સ્નેહાંકિત માણસને કોઈ ત્રાસ આપે તો એ બધા કાયદો ઘોળીને પેલાને એને ઝૂડી કાઢતો, અથવા એની કોઈ વસ્તુની તોડફોડ કરી, ''સત્યાનાશ,'' કરી નાખતો. આ હિંદુ બંદીવાનની ધીટ બદમાશીને સદ્‌નસીબે મુસલમાની બદમાશી પ્રમાણે જ સ્વધર્માભિમાની અને સ્વજાતિના અભિમાનની થોડીઘણી ધાર મળેલી હતી. અમારા શુદ્ધિ પ્રયત્નોથી મુસલમાનોની થયેલી માનહાનિ જોઈને એને સારું લાગ્યું. અને એણે અમારી મદદ કરવાનું વચન

આપ્યું. અમે હવે એવો નિશ્ચય જ કર્યો હતો કે, જે નીચ બદમાશોમાં અમારે દિવસો કાઢવા પડે છે અને આ જાતીય કાર્યો કરવાં પડે છે એમાં અંદરોઅંદર ગાળાગાળી, ચોરી-ઉચાપત, મારામારી વગેરે બિભત્સ અને નીચ શસ્ત્રો થકી લડત આપવા માટે ''धटासि आणावा धट। अुद्धटी सोडावा अुद्धट।'', સારા સાથે સારા, ખરાબ સાથે ખરાબ, એ નિતીનું પાલન કરીને મુસલમાની ગુંડાઓને પાઠ ભણવા માટે હિંદુ ગુંડાઓ સામે કરવાના. એ પ્રમાણે એ બંદીવાનને અમે પહેલાં એ કહ્યું કે પેલો મુસલમાન થયેલો એક પચ્ચીસ વરસનો હિંદુ તરુણ જે પાછો હિંદુ થવા ઈચ્છે છે એવું મને કહે છે, એનું પ્રકરણ હાથમાં લઈને એનો નિકાલ લાવ.

અમને પર્યવેક્ષકે એકવાર કહ્યું હતુંને કે, ''હિંદુઓને મુસલમાન વટલાવે છે એવી નકરી બૂમાબૂમ શું કામ કરો છો? તમે હિંદુઓ શું મુસલમાનોને હિંદુ નથી કરી શકતા?'' એમના એ આહ્વાનને અમારે એકવાર તો જવાબ આપવાનો જ હતો. ઉપરના જે-તે અભિમાને હિંદુ બંદીવાનો હાથમાં આવતા, તો અમે આંદામાનની કોઠડીમાં શુદ્ધિ સંસ્કાર કરીને ચાર-પાંચ વરસ મુસલમાન થઈને રહેલા ઉપરના તરુણાને હિંદુ ધર્મની પુનઃદિક્ષા આપવાનું નક્કી કર્યું. એ બંદીવાને એટલા બધા ઉત્સાહથી આ કાર્ય મન પર લીધું કે એની સાથે સ્નેહ રાખવાવાળા હજી એક વટલાયેલા હિંદુ છોકરાનું મન પાછું હિંદુ થવા માટે વળ્યું. અને કોઈની પણ ધાકધમકી સામે ન ઝૂકતા એ કાર્ય ખુલ્લેઆમ કરવામાં સફળ થયો. એ ભલે અનેક સજા ભોગવેલો ''બદમાશ'' બંદીવાન હતો, તો પણ રાજ બંદીઓ ના હોવાને કારણે એક કારખાનામાં દસ-વીસ બંદીવાનો પર ''મુકાદમ'' તરીકે નીમવામાં આવ્યો હતો. અમે કોઠડીબંધ અથવા ચાલીમાં બંધ હતા. એટલે એના કારખાનામાં જ એ આંદામાનમાં પ્રથમ શુદ્ધિકાર્ય કરવાનું એને કહ્યું.

બે જણાને પાછા હિંદુ કરી લીધા

એક રવિવારે બધા બંદીવાનો કપડાં ધોવાની મથામણમાં હતા. અને મિર્ઝા ખાન સાથે બીજા મુસલમાની અધિકારીઓ એમની વ્યવસ્થામાં ગૂંચવાયેલા હતા. ત્યારે અહીંયા ઉપર દર્સાવેલા હિંદુ ''મુકાદમે'' એ બે યુવાનોને એકતરફ બોલાવ્યા, સ્નાન કરીને, નવાં કપડાં પહેરીને એ બે જણ, ત્રણ હિંદુઓ સમક્ષ અને હિંદુ ધર્મમાં પાછા આવા માગીએ છીએ, અમને સ્વીકારો એવી પ્રાર્થના કરવા લાગ્યા. એમને તુલસીપત્ર ખાવા માટે આપી, ગીતાનો શ્લોક અને તુલસીદાસના રામાયણનો અધ્યાય વાચી સંભળાવીને શુદ્ધિ સમારંભ નિમિત્તે, હેતુપુર્વક, ગુપ્ત રીતે બનાવી રાખેલો શીરો (સત્યનારાયણનો પ્રસાદ) બધા બંદીવાનોમાં વહેંચવામાં આવ્યો. આ શું ચાલી રહ્યું છે એ મિર્ઝા ખાનને સમજાય એ પહેલાં જ જે-તે પોતપોતાની ઓડરીમાં જઈને બેસી પણ ગયા હતા. દિવસથી એ બન્ને યુવાનોએ નમાજ વાચવાનું છોડી દીધુ હતું. અમે બધા એમને હિંદુ નામે બોલાવવા લાગ્યા. મુસલમાનો એને મુસલમાની નામે બોલાવતા ત્યારે એ એમને જવાબ નહોતા આપતા. એ લોકો તુલસી રામાયણ પાછું વાચવા લાગ્યા અને હિંદુઓની પંગતમાં બેસવા લાગ્યા, જમવા લાગ્યા.

આ ફટાફટ શુદ્ધિ સમારંભનો ખેલ જોઈને આંદામાનના બંદીવાનોમાં મોટી ખળભળ મચી ગઈ. થોડા દિવસ મુસલમાની અધિકારી અને બારી પણ ચૂપ બેસી રહ્યા કારણ એમને બીક હતી કે જો એમણે પર્યવેક્ષકને આ કાગારોળ જમાવી તો એ અમારા માટે પહેલાંના બધા ઝઘડાઓ ઉખેળી કાઢવાનું સામે ચાલીને આવેલું બહાનું થશે. એમાંયે મુસલમાનોને એવી આશા હતી કે મારા પ્રયત્નોનો બે–ચાર હિંદુ લોકો છોડીને, હિંદુ લોકો જ, આજે નહીં તો કાલે પ્રતિકાર કર્યા વગર રહેશે નહીં.

હિંદુઓનો જ હિંદુ કરવા માટેનો વિરોધ!

અને છેવટે એ જ સાચું પડ્યું. કારણ ત્યાંના એક હિંદુ ટંડેલે, હિંદુ બંદીવાનોમાંના અમારા આ શુદ્ધિકૃત હિંદુને પાછા હિંદુઓની પંગતમાં લઈને બેસાડવાની ખટપટથી પ્રસરી રહેલા છૂપા અસંતોષને વાચા આપી,

અને અમને પાણીને અડવાની મનાઈ ફરમાવી. રાજ બંદીવાનોની બીક હોવાને કારણે એ કોઈ અધિકારી પાસે જાહેરમાં પ્રતિવાદ કરવા કે ખટલો દાખલ કરવા ગયો નહીં. તો પણ, અમને હિંદુ લોકોમાંના આ ટંડેલના અનુયાયીઓએ છૂપી રીતે ચીંટિયો ભરવાની પરાકાષ્ઠા કરી. અમને અમારા મોઢા પર, ''ભંગીબાબુ,'' કહીને પદવીદાન કરવામાં પણ આ ઠાકુરસાહેબે કાંઈ બાકી રાખ્યું નહીં!

અહીંયા એ કહેવું પણ યોગ્ય છે કે આટલું થયું છતાં કેટલાય દિવસ આ, ''ભંગીબાબુ,''નો જ પક્ષ ભંગીબાબુ એટલે મુસલમાન થયેલા માણસ સાથે પણ એને હિંદુ કરીને જ જમે એ! એટલી ઝડપભેર વધતો ચાલ્યો કે એના પર પ્રમુખપણે અભિમાન કરવામાં ઉપર દર્સાવેલા ઠાકુર-ટંડેલોની ટુકડી જ સમાવિષ્ટ થઈ. કારણ બે-ત્રણ વરસ પછી ઉપર દર્સાવેલા ''ઠાકુર'' બંદીવાન હિંદુત્ત્વના પાકાપ્રચારક થયા અને જેટલી શક્ય હોય એટલી મદદ અમને આપવા લાગ્યા.

આ શુદ્ધિના સમાચાર અમે સામે ચાલીને પર્યવેક્ષકના કાને નાખ્યા નહીં. કારણકે જો બારી અમને મુસલમાનો પ્રમાણે હિંદુત્ત્વનો પ્રચાર કરવામાં આડે નહોતો આવતો તો અમે પણ શું કામ સામે ચાલીને ઝઘડો ઊભો કરીએ! ખરી રીતે બારીને હિંદુ ધર્મ મરી જાય કે મુસલમાન ધર્મ મરી જાય બધું સરખું જ હતું. એને મુસલમાનોનો પક્ષ લેવાનું એટલા માટે ગમતું કારણકે તેના કાયદા વિરુદ્ધ થઈને ઈચ્છા પ્રમાણે ગમે તેવી મારપીટ કરતા અને રાજ બંદીવાનો હિંદુ હોવાને કારણે મુસલમાનોને એમની ઉપર રાખવામાં બીક ઓછી હતી. અમારી શુદ્ધિ વિરુદ્ધ ખુલ્લેઆમ અમારોપ્રતિબંધ કરવાથી પર્યવેક્ષક સુધી આ પ્રકરણ પહોંચશે અને પર્યવેક્ષકે આ પહેલાં અમારા કહેવા પ્રમાણે કર્યું હોવાને કારણે એ બારીની વિરુદ્ધ જશે જ નહીં એવું પણ કંઈ નક્કી નહોતું. આવી અનેક તકલીફોને કારણે અમારી પહેલી બે-ચાર શુદ્ધિની વિરુદ્ધ, પર્યવેક્ષક સુધી ખુલ્લેઆમ કાગારોળ ખાસ કાંઈ થઈ નહોતી.

સિલોનનો ખ્રિસ્તી શુદ્ધ થયો

ત્યાં સુધી અમે શુદ્ધિનો ઉદ્યોગ ચાલુ જ રાખ્યો. એકવાર સિલોનના બે-ત્રણ સુશિક્ષિમાંના ત્રણ-ચાર સુશિક્ષિતો, કોઈ મારામારી, હત્યા વગેરે અપરાધો માટે સજા પામીને થઈને આંદામાનમાં જન્મટીપ માટે આવ્યા. એમનો અમારા રાજ બંદીવાનો સાથે પરિચય થયા પછી બે-ત્રણ જણને તો અમે આંદામાનમાં પહેલાં વર્ણવેલી સંસ્થાના શપથબદ્ધ સભ્યો પણ બનાવી લીધા. એમાં એક જણ સિલોનમાં હતો ત્યારે જ ખ્રિસ્તી બન્યો હતો. એને પણ આવતા-જતાં ઉપદેશ આપી હિંદુ થવા માટે વિનંતી કરવામાં આવતી. એમાંના જે બે કર્તા હતા એમણે કારાગૃહમાંથી છૂટતાં જ સારા લેખકની જગ્યા વસાહતમાં મળી હતી. એવી જગ્યા અને બધા જ પ્રયત્નો થકી તને પણ આપીશું, તું ચિંતા નહીં કરતો, વગેરે વ્યવહારિક દિસાની ચર્ચા કરતાં, તે છેવટે હિંદુ થવા તૈયાર થયો. અને છેવટે અમારી ફટાફટ શુદ્ધિ સંસ્કાર પદ્ધતિ વડે એને પણ શુદ્ધ કરવામાં આવ્યો. આંદામાનની કોઠડીમાં ખ્રિસ્તી પંથના લોકો માટે એક પાદરી ક્યારેક પ્રાર્થના માટે આવતો. એ જ્યારે પાછો આવ્યો ત્યારે આ શુદ્ધિકૃત સિલોનીએ પોતે હિંદુ થયો છે એવું એને કહ્યું. પાદરી ચકિત થયો. એણે આ વાત પર્યવેક્ષક ના કાને નાખી. પર્યવેક્ષકે તપાસ કરાવી ત્યારે ફરી એકવાર શુદ્ધિ પ્રકરણની ઉથલપાથલ છેક વરિષ્ઠ અધિકારી સુધી જઈ પહોંચી. એ માત્ર ધ્યાનમાં રાખવા જેવું છે કે ત્યાંના અંગ્રેજ અધિકારીએ એક ખ્રિસ્તીને પાછો હિંદુ કર્યો એટલે કોઇપણ પ્રકારની કિન્નાખોરીનું પ્રદર્શન કર્યું નહીં. ફક્ત યોગ્ય તે તપાસ ચલાવી.

બંગાળી છોકરાને બચાવ્યો

આ ઘટનાની આસપાસ એક બંગાળી હિંદુ છોકરાને વટલાવવાનું કપટ મુસલમાનોએ કર્યું છે એવું મારા કાને આવ્યું. આ છોકરા પર ગાંજો પીવાના વ્યસન માટે અથવા કોઈ અવિચારને કારણે એકને છરી

ભોંકવાનો સાહજિક હત્યા કરવાનો આરોપ હતો. એ અઢાર વરસનોમાંડ હશે કે નહીં. એ કોઠડીમાં આવતાં જ મિર્ઝા ખાનની પાપવાસનાનો ભોગ બનીને એને મુસલમાનોના હાથ નીચે રાખવાની વ્યવસ્થા કરાઈ હતી. પછી એ મુસલમાનોમાં ભળી ગયો છે એવું લાગવા માંડે એટલે એને રીત પ્રમાણે મુસલમાન કરવાનો સંકલ્પ હતો. આ વાતની જાણ મને થતાં જ કાળાપાણીમાં આવા જ કિશોરાવસ્થામાં આવીને દસ વરસ થઈ ગયેલા યુવાન હિંદુ બંદીવાનોને એ છોકરાને એમના હાથે માર મારવાનું કહ્યું. આ યુવાન બંદીવાન પણ આંદામાનના ગુંડાઓમાંનો નામી ગુંડો હતો. એમની પાસે પૈસા પણ ખૂબ હતા. એ ચાર-ચાર મહિના વસાહતોમાંથી ભાગી જઈને નિર્ભયપણે જંગલમાં છુપાઈને બેઠો હતો. આપત્તિ અથવા અજ્ઞાનને કારણે એ દુષ્ટોની વસાહતોમાં જીવતા રહેવા માટે એણે અયોગ્ય પાપ કરવાં પડતાં હોવા છતાંય એના મન પર દુષ્ટતાની છાપ એટલી બધી પડી નહોતી. એનું મન સત્કર્મપારાયણ અને શ્રદ્ધાભર્યું હતું, જેના પર એની શ્રદ્ધા બેસે એના માટે સંકટ સહન કરવાની પ્રામાણિક વૃત્તિ એનામાં હતી. જે ભાગમાં એ બંગાળી છોકરાને મુસલમાનોએ રાખ્યો હતો, એ ભાગમાં જ એ હિંદુ છોકરાએ જઈને રહેવું, અને એ બધાં બંધન તોડવાં એવું નક્કી થયું. રાજ બંદીવાનોથી આ ભાગમાંથી બીજા ભાગમાં જઈ શકાતું નહોતું. એ કામ બારી પોતે કરતો - તો પણ બીજા બંદીવાનોના ભાગ બદલવાનું કામ સાધારણ રીતે એક મુનશીના હાથમાં હતું. એ મુનશીને ઉપર કહેલા યુવાને બે રૂપિયા આપતાંની સાથે જ એણે સાહજિક રીતે એક દિવસ બંદીવાનોની અદલબદલ કરતા એ યુવકને એ બંગાળી છોકરાના ભાગમાં, એની ઓરડીની બાજુની ઓરડીમાં નાખી દીધો. ત્યાં આઠેક દિવસમાં જ એ બંગાળી છોકરાનો મોહ તેલા હિંદુ યુવાન પર બેઠો. એને થોડી ઉચ્ચ કક્ષાના ધર્મ, દેશ, જાતિ વગેરે ગંભીર તબિયત જાગૃત કરનારા ઉપદેશ આપ્યા એટલે એણે પોતાને વટલાવવાના કેવા કેવા પેંતરા ચાલી રહ્યા છે એ વિશે જણાવ્યું. અને પોતે ભલે મનમાંને મનમાં મિર્ઝા ખાન અને બીજા મુસલમાનોનો દ્વેષ કરે છે પણ એમના છળ અને પીડાની બીકને કારણે એમનો ખુલેઆમ પ્રતિકાર નહીં કરી શકું, તમે જ એમને પ્રતિબંધિત કરો, એવું એ છોકરાએ કહ્યું. આવું નિશ્ચિત થતાં જ એ યુવાને મારા વિચારોથી જે દિવસે એ મુસલમાનો તેને યથાસંસ્કાર વટલાવવાના છે એવી ખબર પડી, એ દિવસ સુધી ચૂપ રહીને એ બધાને અણીના સમયે પકડાવી દેવાનું નક્કી કર્યું. એક રવિવારે એ ભાગના મુસલમાની ટંડેલે પોતે એ છોકરાના ભ્રષ્ટીકરણની છુપાઈને આગેવાની કરી એ છોકરાને બીજા બંદીવાનો સાથે કોઠડીમાં બંધ ના થતાં બહાર જ રહેવાનું કહ્યું. પછી એ પાંચ-દસ મુસલમાનો ઓટલા પર એક ખૂણામાં બેસીને એ છોકરાને બહેકાવવા માટે બહારથી કોઠડીમાં લાવેલું જલેબીનું પડીકું ખોલીને બેઠા. અને એ ભોજન ખવડાવવાની અને પછી પોતે પણ એના પર હાથ મારવાની બધી સિદ્ધતા કરી લીધા પછી એમાંના એક જણે તો ભોજન સમારંભ શરૂ કરવાના નિમિત્તે એ છોકરાને સમજાવતાં, એને મુસલમાની ''કલમા'' પણ વચાવા લાગ્યો. જો તું મુસલમાન નહીં થાય તો આજ સુધી તને આપેલા ''આરામ''નો કોઈ ઉપયોગ ના કરવાને કારણે તું કૃતઘ્ન થઈ ગયો છે એવું અમે સમજશું, અને તને કષ્ટદાયક કામો કરવાનું કહીશું. વચ્ચે વચ્ચે એને એની ધાકધમકીઓ પણ આપવામાં આવતી. આ ધાકધમકી આપીને એક ખૂણામાં કલમા વાચવાનો સમારંભ ચાલુ હતો ત્યાં એકાએક કોઠડીનો એક ગોરો અધિકારી લઈને એ હિંદુ યુવાન અચાનક એ ચંડાળચોકડી સામે દત્ત તરીકે ઊભો રહ્યો.

કારણ સવારે મુસલમાન ટંડેલ ત્યાં વ્યગ્ર થયો છે એ જોઈને એ ચૂપચાપ એ ભાગમાંથી બહાર ગયો હતો. એના પૈસાના વોર્ડર વગેરે બધા લોકો ભૂખ્યા હોવાથી કોઈ એને વધારે અટકાવતું નહીં. એને એના વિભાગમાંથી બહાર પડતાં તરત જ કારાગૃહના કાર્યાલયમાં જઈને ત્યાં ઉપસ્થિત એક ગોરા દુષ્ટ અધિકારીને, ''હું એક ચોરી પકડાવી આપવાનો છું,'' એવી બાતમી આપી. એ ગોરો અધિકારી સાહજિક રીતે આ અસ્પષ્ટ બાતમીની તપાસ કરવા માટે નીકળી પડ્યો. મુસલમાનોના ભ્રષ્ટીકરણનો સમય પહેલેથી જ ખબર હોવાને કારણે એ હિંદુ યુવાને એ ગોરા અધિકારી સમક્ષ પેલા મુસલમાનોને એ છોકરા સાથે, એ જલેબીઓ સાથે, એ નમાજ સાથે અચાનક આવીને પકડી પાડ્યા. એ મુસલમાન ટંડેલની હાલત અધમૂઆ જેવી થઈ ગઈ. એ છોકરાને ઓડરીમાં બંધ ના કરતા પોતાની પાસે લઈને બેસવું, જલેબી

કારાગૃહમાં ચોરીને લાવવી, બીજા બંદીવાનોને કાયદા વિરુદ્ધ ભેગા કરવા એ કારાગૃહીય અપરાધો જ એને પાઠ ભણાવવા માટે પૂરતા હતા. એટલું ઓછું હતું એમાં હવે આ નવો બળજબરીથી હિંદુને મુસલમાન કરવાનો અપરાધ. એ હિંદુ યુવાને પાછલી બધી કથા એ અધિકારીને સમજાવીને કહી. ખટલો દાખલ કરવામાં આવ્યો. પેલા બારીએ પણ ટંડેલને બચાવવાનો પ્રયત્ન ના કર્યો. એ બંગાળી છોકરાએ પોતાના કથનમાં બધી વસ્તુસ્થિતિ પર્યવેક્ષક સામે ખટલો ચાલતી વખતે સંભળાવી. પર્યવેક્ષક પર સ્વાભાવિકપણે એની અસર થવાને કારણે અમે આજ સુધી મુસલમાની નીચ ધર્મ વિશેના ગાંડપણનો હિંદુ બંદીવાનોને ત્રાસ થાય છે, એટલે જે સામનો કરતા આવ્યા છીએ એ કેટલું સાચું હતું, એ એના ધ્યાનમાં આવ્યું. એટલે અનાયાસે અમને બોલાવવામાં આવ્યા. સ્વાભાવિક રીતે અમે એ વાત માની અને પર્યવેક્ષકને પહેલાં મારી સાથે થયેલી વાતચીતની યાદ અપાવીને કહ્યું કે ''તમે જ આહ્વાન કર્યું હતું કે હિંદુઓ કેમ મુસલમાનોને વટલાવતા નથી ?''

મુસલમાનોને રોવાનો વારો આવ્યો

એ આહ્વાનમાં છુપાયેલો ગર્ભિત અર્થ એવો હોઈ શકે કે મુસલમાન ધર્મ ભ્રષ્ટ થઈ શકે એટલો દુર્બળ નથી હોતો. અને હિંદુ ધર્મમાં પોતાના અનુયાયીઓને સંભાળવાની શક્તિ નથી, તો આક્રમણની તો વાત જ દૂર રહી. પણ આ સમજણ ખોટી છે. અને મનમાં ધારીએ તો પરધર્મીઓને આત્મસાત્ કરી શકીએ છીએ, એ આપણા અને મુસલમાનોના ધ્યાનમાં આવ્યું હશે. પહેલાં હિંદુઓ સામનો કરતા કે મુસલમાનો એમને વટલાવે છે. હવે મુસલમાનો પર વારો આવ્યો છે એ જ રોદણાં રડવાનો, કે હિંદુઓ એમને વટલાવે છે. કોઠડીમાં આ ધમાલ બંધ કરવી હોય તો એનો એક જ ઉપાય છે. સરકારી રીતે તો કોઈપણ બંદીવાનને ધર્માંતર કરવાની પરવાનગી આપવામાં આવશે નહીં, અને એવું ધર્માંતર નામ બદલીને અથવા વિધર્મીય પંગતમાં જમવાનું જમીને થાય એ સરકાર માનશે નહીં.

પર્યવેક્ષકે કમિશનરની સંમતિથી એ પછી થોડા જ દિવસો પછી ઉપરના આશયનો આદેશ બંદીવાનો અને બારીને આપ્યો. અને કારાગૃહમાં કોઇએ કોઈપણ હિંદુને ખુલ્લેઆમ વટલાવી મુસલમાન કરવાનું અને મુસલમાનોની પંગતમાં બેસાડવાની, અથવા ધર્માંતર કરવાની ચર્ચા કરવાની પણ મનાઈ કરવામાં આવી. આ આદેશ થવાથી મુસલમાનોનો કારાગૃહનો ધંધો જ ડૂબી ગયો. હિંદુઓએ તો આવો ધંધો ક્યારેય શરૂ જ નહોતો કર્યો. કારાગૃહ પૂરતી તો મુસલમાનોની ધર્મ વિશેના ગાંડપણની નાડ ઢીલી પડી.

આ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવતાં જ બે વસ્તુ સંબંધે સાવધાન રહેવું આવશ્યક હતું. એક તો આ કાયદાપ્રમાણે મુસલમાન ચાલે છે કે નહીં એ હંમેશાં ધારીને જોતા રહેવું અને બને ત્યાં સુધી એમને હિંદુ યુવાનો અને અલ્પવયના છોકરાઓ સાથે અનૈતિક વ્યવહાર કરવાનો મોકો ના આપવો. અને બીજું કોઠડીમાં પ્રત્યક્ષ રીતે કોઈને મુસલમાન કરવો કાયદા વિરુદ્ધ હતું છતાંય ગુપ્ત રીતે કોઈ હિંદુને ત્રાસ આપી અથવા લોભ દેખાડી, કારાગૃહમાંથી છૂટતાં જ વસાહતોમાં મુસલમાની ધર્મ પ્રત્યક્ષ રીતે સ્વીકારવા માટે સંમત કરવો એ ક્યારેક શક્ય હોવાને કારણે મુસલમાનોના આ ગુપ્ત પ્રયત્નોને કારાગૃહમાં અને વસાહતોમાં હિંદુઓનાં તત્ત્વોના ગુપ્ત પ્રચારને માત આપવી. આ બન્ને વાતોમાં અમારા હિંદુ બંદીવાનોમાંના ધીટ અને હિંમતવાન બંદીવાનોમની અમને ઉત્કૃષ્ટ મદદ મળતી. મુસલમાની ગુંડાઓની ગુંડાગીરીનો પણ એ લોકો પૂરતો જવાબ આપતા. આમાંમાંથી ઉપર ઉદાહરણાર્થે ઉલ્લેખ કરેલી બે વ્યક્તિની જેમ અનેક વ્યક્તિઓ અમારી સંગતમાં આવવા માંડી. હજી એક આશ્ચર્યજનક અનુભવ અમને એ થયો કે હિંદુત્ત્વનું સામાજિક અને રાષ્ટ્રીય અભિમાન આ ગુંડાઓ તરીકે પ્રચલિત થયેલા હિંદુઓના હૃદયમાં અમે ટૂંક સમયમાં જાગૃત કરી શક્યા. બીજા સાદા શિક્ષિત અને સીધા હિંદુઓમાં આ અભિમાન જાગૃત કરવા છતાં પ્રત્યક્ષ ધક્કામુક્કીમાં એ અભિમાનથી પોતે કષ્ટ સહન કરી કાર્ય કરવાની ઇચ્છા ઘણી

ઓછી હતી. પણ આ આપત્તિમાં હિંમતવાન ગુંડા હિંદુઓમાં એ સ્વાર્ધમાભિમાન જ્યારે જાગૃત થતું, ત્યારે એના માટે લડત આપવાની જિદ એમનામાં ઝટથી જાતે દેખાઈ આવતી. એનું કારણ પણ દેખીતું હતું. ગુંડાઓમાં સાહસ અને બહાદુરી સ્વાભાવિક જ હોય છે. અથવા એ સદ્‌ગુણોનું વિકૃત સ્વરૂપ એટલે ગુંડાગીરી હતી. ફરક એટલો જ પડતો કે જે સદ્‌ગુણો દુષ્ટ કૃત્યોમાં નિસ્તેજ કરવામાં આવતા, એ હવે હિંદુ ધર્મના અને સંસ્કૃતિના અભિમાનને, સ્વજાતિના રક્ષણના ઉદ્દાત્ત કાર્યમાં વપરાવા માંડ્યા. ભલે અમુક ગુંડાઓ અમારા વ્યક્તિગત વજનથી અથવા અમે આપેલી આર્થિક સહાયતથી રાષ્ટ્રીય કાર્ય માટે કામ કરતા, તો પણ ધીરે ધીરે હાથમાં લીધેલા કાર્યનું અભિમાન કરવાની આવી સાહસિકતા જે લોકોની જન્મજાત પ્રવૃત્તિ હોય છે એ યોગે, પાછળથી એ કાર્ય ઘણી નિરપેક્ષ રીતે પોતાના જ અભિમાનથી અને પ્રેમથી કરવા માંડ્યા. એટલું જ નહીં, એમાંના કેટલાય લોકો તુલસી રામાયણ નિયમિત રીતે વાચવા લાગ્યા. શિક્ષણ લેવા માંડ્યાં. ધર્મકાર્ય માટે દમડીખોર તરીકે નવાજાયેલા લોકો પણ સોનાનાં નાણાં ગણીને આપવા માંડ્યા. એમના હાથમાં હિંદુ છોકરો આવતા જ અમે એને સોંપી દેતા. એ હિંદુ છોકરાની પ્રેમની, લાલસાની, શોખની, સારી-ખરાબ બધી જ કમીઓ એ હિંદુ ગુંડાઓ પૂરી કરવા લાગ્યા જેનાથી મુસલમાનોના હાથમાં એ છોકરાઓ મોટેભાગે આવતા નહીં.

મુસલમાનોનો ભયાનક પહેરો કેવી રીતે તૂટ્યો ?

જેમ જેમ હિંદુ બંદીવાનોમાં હિંદુત્ત્વનું અભિમાન સંચરવા માંડ્યું એમ એમ મુસલમાનો અમારા પર દ્વેષ દેખાડવા માંડ્યા. બારીના ગેરવર્તનને કારણે અમારે ક્યારેક ઘણાં કષ્ટ સહન કરવાં પડતાં. શારીરિક જ નહીં, એ તો અમે સહન કરતા જ હતા, પણ માનસિક કષ્ટો પણ સહન કરવાં પડતાં. એ ક્યાં સુધી કહેવું ? અમુક દિવસ તો બારીના આદેશથી મિર્ઝા ખાને એક-બે મુસલમાન વોર્ડરોને ફક્ત અમને બિભત્સ ગાળો આપતા આખા કારાગૃહમાં આંટા મારવાના કામ પર નિયુકત કર્યા હતા. અને પોતે નીચમાંના નીચ દંડિત મુસલમાન બંદીવાનો કારાગૃહમાં જ્યારે જોઈએ ત્યારે અહીંથી ત્યાં જઈ શકતા. એમને બંધી નહોતી. અમારી ઓરડી અને ચાલી સામે ઊભા રહીને અમને ખૂબ જ અસહ્ય એવી બિભત્સ ગાળો આપી એ કલાકોના કલાકો ઊભા રહેતા. અને મુસલમાન અધિકારીઓ એ ગમ્મત જોઈ હસીને જતા. એમની સાથે એ જ બિભત્સતા સાથે લડવું અમારા માટે અશક્યહતું. અમે એમને અનર્થ ગાળો આપી હોત તો પણ એમનામાંથી કોઈને પણ માનસિક યાતના થઈ ના હોત. એ લોકોને એનાથી કોઈ ફરક નહોતો પડતો. પણ અમને એમની ગાળોથી માનસિક ત્રાસ થતો, પણ છતાંયે અમે એ ચૂપચાપ સહન કરીને બેસી રહેતા. છેવટે એમના પ્રમાણે બિભત્સપણામાં અને હલકટ ઉપદ્રવ્યોમાં તૈયાર એવા અમુક હિંદુ ગુંડાઓએ જ્યારે એમને જવાબ આપ્યા ત્યારે એમનાં મોઢાં બંધ થયાં. બારીનો એમને સાથ હતો એટલે બારી પાસે ફરિયાદ નહીં કરતા એક હિંદુ વોર્ડરે એ મુસલમાની વોર્ડરને ખબર ના પડે એ રીતે એની પથારીમાં છરી, તમાકુ, પૈસા વગેરે કારાગૃહના નિયમો વિરુદ્ધ હોય એવી વસ્તુઓ સંતાડી. અને પર્યવેક્ષક જ્યારે જોવા માટે આવ્યો એ દિવસે એની સામે જ એ વોર્ડરની પથારી દેખાડી દીધી. સ્વાભાવિક રીતે કાયદા વિરુદ્ધની વસ્તુઓ પાસે રાખવાના અપરાધ માટે એ મુસલમાની વોર્ડરને સજા થઈ. કામ પરથી કાઢી નાખવામાં આવ્યો અને કારાગૃહ બહારની વસાહતોના એક આકરા કામ પર મૂકવામાં આવ્યો. ત્યાં હિંદુ લોકો સાથે ઝઘડાઓ થઈ, કામ નકારવાના અપરાધ માટે એને ખૂબ મારવામાં આવ્યો. એ રીતે હજી બે-ચાર મુસલમાની ટંડેલ અને પેટા ઓફિસરોને પણ કારાગૃહના અમારા રાજ બંદીવાનો અને બીજા સાથીદારોની મદદથી આંટીમાં લઈને તોડી પાડવામાં આવ્યા. ત્યારે ક્યાંક શુદ્ધિ પ્રકરણને કારણે ભડકેલા આ મુસલમાનોના અડિયલપણાને હોંશ આવ્યા.

કારાગૃહમાં પાછળ વર્ણવેલા અમારી સંસ્થાના શિક્ષણમા નિપુણ થયેલા લોકો વસાહતોમાં જેમ જેમ વધુ ફેલાવા લાગ્યા એમ એમ ત્યાં પણ શુદ્ધિની ચળવળને બળ મળવા લાગ્યું. હિંદુ લોકોમાં હિંદુત્ત્વની

જાણ જેમ દ્રઢ થવા લાગી એમ કોઈપણ હિંદુ પરધર્મીના ત્રાસથી ત્રસ્ત થતો દેખાય એટલે એનું દુઃખ પોતાનું દુઃખ છે એવું પ્રતીત થવા લાગવાની શરૂઆત થઈ. જેના થકી હિંદુ હિંદુઓમાંના પ્રગતિશાળી અને જાતિ વિશિષ્ટ સંકૂચિત ભાવના અમુક અંશે આથમી જઈને ઘણી એકતા નિર્માણ થઈ. ક્યાંય પણ હિંદુ વટલાવેલો છે એવી ખબર પડતાં જ એને પાછો પોતાનામાં લેવા તરફ વસાહતોમાંના આગેવાન હિંદુ બંદીવાનોનું ધ્યાન પોતાની મેળે ખેંચાતું. આવી રીતે અમે આંદામાનમાં ગયા તેની પહેલાં આઠ-દસ વરસ પહેલાં મુસલમાન થયેલા લોકોની પણ શુદ્ધિ કરવામાં આવી. એમને પોતાની પંગતમાં બેસાડવામાં કકળાટ કરનારા હિંદુ લોકો પણ નામના રહ્યા. ઉદાહરણ તરીકે કહીએ તો તુલસી નામના પચાસ નજીકની ઉંમરમાં આવેલા માણસ વિશે કહું છું. એ માણસ જુગાર, ચોરી વગેરે કાર્યોમાં નિપુણ હતો. આંદામાનના મુસલમાનોનું જોર થતાં, અને હિંદુઓની ખાવાપીવાની ત્રાસદાયક રીતથી કંટાળીને એ મુસલમાન થયો હતો. પણ ફક્ત ખાવાપીવાથી હિંદુ ધર્મ ડૂબે એ મૂર્ખામીભરી સમજ જ્યારે અમારી મંડળીના સતત ઉપદેશના કારણે, હિંદુ લોકો છોડવા લાગ્યા, ત્યારે તુલસી પણ પાછો હિંદુ ધર્મમાં ખાવાની ઈચ્છા દર્શાવવા લાગ્યો. એને એનું મુસલમાની નામ એટલું બધું જાણીતું થઈ ગયું હતું કે એને પોતાનું હિંદુ નામ યાદ કરાવીને કહેવું પડતું. કાગળ-પત્રોમાં તો એ મુસલમાન તરીક જ ગણવામાં આવતો હતો. પણ હિંદુત્ત્વની જ્યાંત્યાં બોલાબાલા સાંભળીને એનું પણ આંતરિક જાતીય અભિમાન જાગૃત થયું અને લગભગ પંદર વરસ પછી એણે પાછા હિંદુ સમાજને પોતાનો કહ્યો. તુલસી નામ અંગિકાર કર્યું, અને એ રામાયણ પણ વાચવા લાગ્યો. કપાળ પર ના ભૂલતા તિલક લગાડવા લાગ્યો. હિંદુઓએ પણ એને પોતાની પંગતમાં આનાકાની કર્યા વગર લીધો.

ખાવાથી હિંદુ વટલાતા નથી

આ પંગતની તકલીફ જેમ જેમ દૂર થતી ગઈ એમ એમ જૂના વટલાયેલા હિંદુઓ સંભાળવાની જ નહીં પણ નવા વટલાવા માટે પણ મુસલમાનોને માટે તકલીફ પડવા લાગી. આજ સુધી કોઈ હિંદુને થોડું મુસલમાનના હાથે પાણી આવ્યું અથવા ખાવાનું આપ્યું એટલે એ હિંદુ, હિંદુ લોકોમાં મુસલમાન થયો એટલે બહિકૃત કરવામાં આવતો. આજે આ સમયે આપણા આ હિંદુસ્તાનમાં આ દુષ્ટ અને ગામડીયા સમજ શાસ્ત્રીમંડળમાં પણ પ્રબળ છે એ કોઈને કહેવું જ પડે એવું નથી. એક આવી સમજને લીધે હિંદુમાંથી સોમાંથી પચાસ લોકો ભૂખકાળમાં અને વર્તમાનકાળમાં પરધર્મમાં સમાવવામાં આવ્યા છે. હિંદુસ્તાનમાં આજે જો આ પરિસ્થિતિ છે તો એ અભણ-પતિતો અને પાપીઓની નિર્બુદ્ધ વસાહતોમાં, આંદામાનમાં દસ વરસ પહેલાની સ્થિતિ કેવી હશે એની કલ્પના કરવી અઘરી નથી! એટલે અમે ખુલ્લેઆમ આંદામાનમાં આ પ્રથા તોડવા માટે ''ખાવાથી મનુષ્ય વટલાવી શકાય'' આ બાલિશ સમજને ખતમ કરવા માટે સતત પ્રયત્નો ચલાવ્યા હતા. વિવિધ પ્રકારે એ સમજનું હાસ્યાસ્પદ તત્ત્વ હિંદુ બંદીવાનોના મન પર અંકિત કરતા હતા.

જો હિંદુઓનું ખાઈને મુસલમાન, હિંદુ થતો નથી, એ હિંદુઓનું અન્ન પચાવીને પાછો મુસલમાનનો મુસલમાન જ રહે અથવા ખ્રિસ્તીનો ખ્રિસ્તી જ રહે, તો મુસલમાનોનું અન્ન ખાતાની સાથે જ તમારા ધર્મનો રકાસ થાય? તમારી હિંદુપણાની પાચનશક્તિ આટલી ક્ષીણ કેવી રીતે થઈ? મુસલમાનોનું અન્ન ખાઈને, ખ્રિસ્તીઓનું પાણી પીને, એ પચાવીને પાછા હિંદુના હિંદુ રહેવા જેટલી પાચનશક્તિ હવે વધવી જોઈએ. આખી દુનિયાએ તમારું અન્ન ખાઈ નાખ્યું અને તમે એ ભૂખ્યાના ભૂખ્યા. હવે બંધુઓ, આપણે આખી દુનિયાનું અન્ન ખાઈ-પીને પચાવી નાખીને હિંદુના હિંદુ જ રહેવા જોઈએ. તો જ આપણું તારણ થશે. અનેક રીતે અને હિંદુઓને સમજાતા ગયા. દરેક પ્રસંગે આ તાત્પર્ય એમના મનમાં ઠસાવા લાગ્યા. એક જ વાત ઉદાહરણ તરીકે નીચે કહું છું.

હિંદુ બંદીવાનોનો થયેલો ઉપવાસ

આંદામાનમાં વચ્ચે વચ્ચે કોલસાની નાવડીઓ આવે છે. ત્યાં કોલસાનાં થાણાંઓ કરવામાં આવ્યાં હતાં. આવતા-જતાં નાવડીઓ અને આગબોટોને જરૂરિયાતના પ્રસંગે કોલસો મળી શકે એટલો મોટો જથ્થો ત્યાં મૂકવામાં આવતો. એકવાર કોલસાનું આવું જ એક જહાજ ભરીને આવ્યું ત્યારે એ ખાલી કરવા માટે હંમેશાંની જેમ હજારો બંદીવાનોને કોલસાને ઉતારવા માટેના કામ પર વહેલી સવારે (પરોઢ) નીમવામાં આવતા. એ કામ જલ્દી પતાવવાનું હોવાને કારણે બપોરે બંદીવાનોને જમવા ના દેતા ફક્ત બે-ચાર મુઠ્ઠીઓ વટાણા આપવાનો ક્રમ હતો. સવારથી ત્રણ વાગ્યા સુધી આમ સતત કામ કરીને એ બંદીવાનોની સેના જમવા માટે પાછી વસાહતોમાં આવતી. એ વટાણાઓની ગુણી - અમુક હિંદુઓની, અમુક મુસલમાનોની, એમ સાધારણ રીતે લઈ જવામાં આવતી. પહેલા દિવસે બાર વાગ્યા સુધી કોલસાના ભારે ભારે ટોપલાઓ ઉપાડતા, ભરતા, વેંઢારીને થાકીને શરીર કોલસાથી એકદમ કાળુંધબ્બ થઈ ગયેલા એ સેંકડો હિંદુ બંદીવાનોનાં ટોળાઆ મુઠ્ઠીભર વટાણા ખાઈને પાણી પીવા માટે પાછા આવતા. એટલામાં મુસલમાનો નજર જતાં જ, એમાંના મુસલમાની બંદીવાનોમાંથી અમુક ખુંખાર ગુંડા હિંદુના વટાણાની ગુણીઓ ફંફોસી એમાંથી મુઠ્ઠી ભરીને ખાવાની શરૂઆત કરી છે! એ ઉત્તર હિંદુસ્તાનદ્યડ ઠાકુર હિંદુ! વટાણાઓને મુસલમાને હાથ લગાડ્યો છે એટલે એ વટલાયેલા વટાણાઓ કોઈ જ ખાતા નહોતા. ઉપરથી વરિષ્ઠ મુખ્ય અધિકારી એક મુસલમાની જમાદાર, એ હસવા લાગ્યો. પણ સાંભળવા તૈયાર નહોતો. મુસલમાનોને તો મજા પડી ગઈ. એમણે પોતાના વટાણાઓની ગુણીઓ તો ખાધી જ, પણ હિંદુઓના વટાણાઓની ગુણીઓ, હિંદુ પોતે ખાતા નથી એટલે એમણે જ ખાધી. બિચારા હિંદુ બંદીવાનો આખો દિવસ મુઠ્ઠી ભરીને વટાણા ના મળતા પરિશ્રમ કરી પાછા આવ્યા. બીજા દિવસે પણ લગભગ એવો જ પ્રકાર થયો. હિંદુઓના ભાગની એક-બે ગુણીઓ મુસલમાનોમાંથી કોઈએ અડીને વટલાવી એટલે એ ગુણીઓ કોઈ ખાતું નથી, એટલે મુસલમાનોને વધુ ભાગ મળ્યો અને એ મુસલમાની અધિકારીઓએ વહેંચી લીધો. ગોરા અધિકારીઓ પણ હાસ્યાસપદ પરંતુ જેના કારણે બિચારા હિંદુ બંધીઓના જીવને અત્યંત કષ્ટ થતો એવા પ્રકાર તરફ સાહજિક રીતે ત્રાસીને ધ્યાન નહોતા આપતા.

એ વટાણા હિંદુ કેમ ન થઈ શકે ?

પહેલા દિવસે મને આ પ્રકાર વિશે ખબર પડતાં જ એ બંદીવાનોમાં જે કારાગૃહના લોકો જતા હતા એમાંની કેટલીક મંડળીઓને એમના આત્મઘાતક, ગાંડપણ ભરેલી પ્રથા વિશે વાત કરીને, ઘણી કાન ભંભેરણી કરીને કહ્યું કે, ‘‘અરે! આજે તમે ઠાકુરોએ જલેબી બનાવી, કોઈ મુસલમાન આવ્યો એણે એને હાથ લગાડ્યો. એ વટલાઈ ગઈ, એ ફેંકી દીધી. તેને મુસલમાનો ખાઈ ગયા. બીજા દિવસે પેંડા બનાવ્યા, કોઈ ખ્રિસ્તી આવ્યો, એણે હાથ લગાડ્યો, પેંડા વટલાયા, તે ફેંકી દીધા. એણે એ ખાઈ નાખ્યા. તું પાછો ભૂખ્યાનો ભૂખ્યો જ? હિંદુઓના આ વટલાવાના ભયથી હિંદુઓ ભીખ માગતા થયા. પરદેશમાં જઈ બહારનો પૈસો દેશમાં લાવવો અશક્યથયો. કારણ મુખ્યત્ત્વે આ ખાવા-પીવા વિશેનું વટલાવવું! ઘરનું અન્ન, ધન પારકાઓ લૂંટી લે એ વટલાવવું નથી. આપણું અન્ન દુનિયા બળજબરી ઝૂંટવી લે, એના પર લાલપીળાથવું, એ વટલાવવું નથી, પણ બીજાનું અન્ન આપણે પરાક્રમ કરીને મેળવવું અને ખાવું એ વટલાવવ! બીજાનું હરણ નહીં કરો, પણ કંઈ નહીં તો એમના ફક્ત સ્પર્શ કરવાથી હરણ કરવું એવી મૂર્ખામી તો થવા ના દો. મુસલમાનોએ તમારા વટાણાની ગુણીમાં હાથ નાખ્યો તો એ વટાણા મુસલમાન થઈ જાય છે, તો તમે હિંદુઓ મુસલમાનોના વટાણાઓને અડતા જ એ વટાણાઓ હિંદુ કેમ ના થવા નહીં! તો ગાંડાઓ જાવ, કાલે તમારામાંથી અમુક લોકો કામ બંધ થતા જ સત્ત્વરે આગળ ધસો અને મુસલમાનોની ગુણીઓના હાથ નાખી વટાણાઓ ખાવા માંડો. એ લોકો વઢે તો એમને કહો કે અમે હિંદુઓ આ

વટાણાઓને પહેલા અડયા એટલે હવે આ વટાણાઓ હિંદુ થઈ ગયા. આપણા હિંદુ વટાણાઓ એમના સ્પર્શથી વટલાતા નથી, તો આપણા હિંદુઓના સ્પર્શથી મુસલમાની વટાણાઓ હિંદુ થાય છે. જાઓ, આ આક્રમણ શસ્ત્ર પર વિશ્વાસ રાખો. પાપ મારા માથે. જાતે ભૂખ્યા નહીં મરતા!''

આવી રીતે ઉત્ક્ષોભક પ્રકારે એમને સમજાવતાં સમજાવતાં એમાંથી અમુક સો-દોઢસો લોકો એમ વર્તવા માટે તૈયાર થયા. ત્રીજે દિવસે ઓ લોકોએ બીજા હિંદુઓની રાહ ના જોતા કામ પરથી છૂટયા પછી તરત જ મુસલમાની ગુણીઓ તરફ રૂખ વાળીને એ ગુણીઓમાં હાથ મારવાની શરૂઆત કરી. સ્વાભાવિક રીતે મુસલમાનો ભડકયા. હિંદુઓએ પાછળની વાત યાદ કરાવીને સાફ કહી દીધું કે તમે પ્રથમ અડ્યા એટલે વટાણાઓ મુસલમાની થઈ જાય એમ જ અમે પ્રથમ અડ્યા એટલે વટાણાઓ હિંદુ થયા. આ આખી ગડબડ એ કામ પર નીમાયેલો જે ગોરો અધિકારી હતો, એણે સાંભળતાં જ એને પણ હસવું આવ્યું અને એણે હિંદુઓને કોઈપણ સજા ન કરતાં ઊલટાનું એમની ગાંડપણભરી સમજને કારણે બે દિવસ થયેલી દુર્દશા આજે એમણે થવા ના દીધી એટલે એ માટે એમને અભિનંદન જ આપ્યા. એ આગેવાની કરેલા હિંદુઓની મોજમસ્તી ચાલી રહેલી જોઈને બીજા બધા હિંદુઓ સીધી રીતે એ વટાણા ખાવા લાગ્યા. બીજા દિવસથી મુસલમાનોએ પાછા ગુણીઓને અડવાની આદત કરવાનું જ છોડી દીધું. કારણકે એનો હવે એમને કોઈપણ ઉપયોગ થવાનો નહોતો.

વટલાવાવાળાઓને પાઠ ભણાવ્યો

એ પ્રમાણે જ દરેક નાના મોટા પ્રસંગોનો ઉપયોગ કરીને ખાવું, પીવું, ઊંઘવું, બેસવું. એવા વ્યવહારની દરેક નાની-મોટી વાતમાં ''વટલાયા, વટલાયા'' કહીને ચિત્કારવાની હિંદુઓની ગાંડપણ ભરી ટેવ એ બંદીવાનોમાંથી ઘણી નામશેષ કરી શક્યા. જેને કારણે મુસલમાની અથવા ખ્રિસ્તી ધર્મ પ્રમાણે જ હિંદુ ધર્મ અને હિંદુ પ્રથા, એ આપત્તિની દુનિયામાં વ્યવહારે સુખમય અને આપત્તિઓનો સામનો કરવાના સમર્થ થતા ગયા. જેને પરિણામે એ પ્રથાઓના ત્રાસથી કંટાળીને કોઈપણ ઉપાય બચ્યો ના હોવાને કારણે હિંદુ સમાજનો ત્યાગ કરેલા અનેક લોકો શુદ્ધ થઈને પાછા હિંદુ થવા માંડ્યા. અને પહેલાંની જેમ જે હિંદુ હતા એ વટલાવાતા એ વટલાવાતા નહીંવત્ થયા. ખ્રિસ્તીમાંથી પણ એકાદ બીજો વચ્ચે વચ્ચે પાછો લેવામાં આવતો. ઉદાહરણ તરીકે એક તેલંગી વોર્ડરની વાત લઈએ. એ ચાલીસની ઉંમરનો માણસ હતો. તેલંગી હતો. પણ એક પેઢી પહેલાંનો ખ્રિસ્તી હતો. આંદામાનમાં આવતાં જ એને તેલંગી રામાયણ વાચતા જોઈ અને એના પર નજર રાખી એ થોડુંઘણું અંગ્રેજી શીખ્યો હતો. અમે બંદીવાનોને ખૂબ જ સુલભ રીતે અંગ્રેજી શીખવાડી ''મુનશી''ની જગ્યા અપાવવા એ વાત પ્રત્યક્ષ રીતે જોઈને એ અંગ્રેજી શીખવા માટે ચોરીછૂપી અમારી પાસે આવવા-જવા લાગ્યો. જલ્દીથી જ એ અમારામાં ભળી ગયો. અને રાષ્ટ્રભક્તિની અને હિંદુ ઈતિહાસની કથા સાંભળતાં સાંભળતાં, પોતે પાછો હિંદુ સમાજમાં જાહેર રીતે આવવાનું કબૂલ કરતો એ ખૂબ જ જિદ્દી હતો. અને આ કહ્યું છતાં શુદ્ધિ સંસ્કાર થવાની સાથે જ એણે પોતાનું ખ્રિસ્તી નામ બદલીને હિંદુ નામ સરકારી લખાણમાં દાખલ થાય એ માટે આવદેન (અરજી) કર્યું. પાદરી આવે તો પણ પ્રાર્થનામાં ના જતો. બારી ગુસ્સે થયો અને એણે વોર્ડર પદમાંથી કાઢી નાખશે એવી ધમકી આપી. પણ પર્યવેક્ષકે એ તરફ ધ્યાન આપ્યુ નહીં. એ હિંદુ થયા પછી દિવાળી, દસેરાને દિવસે હિંદુ મંદિરોમાં, કારાગૃહમાં રજા લઈને જતો, તિલક લગાડતો અને વિવેકાનંદ વગેરેનાં પુસ્તકો અને હિંદુ ઈતિહાસની વીરકથાઓ ખૂબ જ ભક્તિભાવે વાચતો. અમારી સંસ્થામાં એ પોતાના નહીંવત્ બાર આનાના પગારમાંથી ચાર આના નિયમ પ્રમાણે આપતો.

વસાહતોમાં શુદ્ધિ કાર્ય માટે બંદીવાન જગત જેમ અનુકૂળ થતું ચાલ્યું તેમ ત્યાંનું સ્વતંત્ર હિંદુ જગત, એટલે કે હિંદુસ્તાનથી આવેલા વેપારીઓ, અધિકારી, સિપાઈઓ અને બંદીવાનોની આંદામાનમાં જ જન્મેલી પ્રજા પણ અનુકૂળ થતી ચાલી. ત્યાં આ લોકોએ બાંધેલાં હિંદુ મંદિરો પણ છે. એમાં પહેલા તો

શુદ્ધિકૃત હિંદુઓને આવવાની તકલીફ પડતી. પણ આગળ જતાં એ સંપૂર્ણ રીતે દૂર થઈ અને દસેરા, દિવાળી વગેરે હિંદુઓના સમારંભોમાં શુદ્ધિકૃત હિંદુઓ એકદમ મોકળાશથી બીજા હિંદુઓ સાથે રામાયણનો પાઠ વાચતા, દર્શન કરતા, પંગતોમાં ખોવાયેલા જોવા મળવા લાગ્યા.

બાબારાવ પર હુમલો

આટલું થયું છતાં વચ્ચે વચ્ચે શુદ્ધિના કાર્યમાં મુસલમાનો સાથે છેક દંગલ થવા સુધીના પ્રસંગો અમારા પર આવતા જ હતા. છેક ૧૯૨૦ની આસપાસ એક ગુજરાતીને, મુસલમાનોમાંના એક અત્યંત નિર્લજ્જ પણ અત્યંત ઉદ્દંડ ગુંડાએ, પોતાનો ''છોકરો'' કહીને પાળ્યો હતો. અને નક્કી થયેલી પદ્ધતિ પ્રમાણે આ પાળવાના કાજે છેવટે હિંદુઓના સ્મશાનમાં જઈને એ છોકરાને મુસલમાન કરવામાં આવનાર હતો. આ ખબર મળતાંની સાથે જ એ ભાગમાં બંધ થયેલા અમારા બંધુઓએ દરેક પ્રયત્નોથી એ છોકરાને પેલા ગુંડાના હાથમાંથી છોડાવ્યો. એક હિંદુ મુનશીએ એ છોકરાને કોઠડી નીમી આપી. એનાથી ક્રોધિત થઈ એ મુસલમાની ગુંડાએ અમારા બંધુઓ પર એ સ્નાન કરી મોઢું લૂછતા હતા ત્યારે અચાનક આક્રમણ કર્યું. અને એમના નાક પર જોરથી મુક્કો માર્યો. એ અચાનક થયેલા હુમલાને કારણે અમારા બંધુને ચક્કર આવ્યા. લોહીલુહાણ થઈ ગયા. એટલામાં આજુબાજુના રાજકીય બંદીવાનો અને બીજા બંધીઓએ આવીને એ ગુંડાને પકડી લીધો. પણ આ ખબર સાંભળતા જ બારીએ શું કર્યું? એકદમ બધાની સામે સસ્મિત બોલતા એ ગુંડાને લગભગ શાબાશી આપી. અને એક-બે પાસે એવા સ્વચ્છ ઉદ્ગાર ઉચ્ચાર્યા કે, ''આ સાવરકરને પાઠ જો આમ પરસ્પર રીતે ભણાવવામાં આવે તો કેટલું સારું થશે!''

પણ જે ખોરડું ફાંસીની છાયામાં પણ નબળું ના પડ્યું એ આવી વાતોથી શાનું તૂટે? સાવરકરની સાર્વજનિક ચળવળ તો ઓછી ના જ થઈ. પણ એ ગુંડાની મસ્તી માત્ર જલ્દી જ ઓછી થઈ. એને બીજા અપરાધો માટે બે વાર કોરડા ખાવા પડવાથી, એ જ્યારે અમારી ઓરડીની બાજુની ઓરડીમાં બંધ થયો ત્યારે ગોકળગાયની જેમ નરમ થઈને અમને ''બાળા'' કહેતો અને સ્પષ્ટ કહેતો કે, ''ગણેશ બાબુ પર હુમલો કરવા માટે મને બારીએ ઉત્તેજિત કર્યો, બાકી મારામાં બાપાની છાતી જ નહોતી.'' પછી એ કથન કેટલી હદે સાચું છે એ એક તો એને અથવા તો પેલા બારી મહારાજને જ ખબર.

પોતે આવી અનેક પીડાઓ સહન કરવી પડતી. ચળવળ તો કંઈ છૂટતી નહોતી. આમ પહેલેથી જ અસહાય, કષ્ટદાયી અને અસહય સ્થિતિમાં દિવસો કાઢવા પડતા હોવા છતાં જ્યારે આ સાર્વજનિક ચળવળોને કારણે સ્થિતિ ખૂબ જ અસહ્ય થઈ જતી ત્યારે ક્યારેક એવું પણ લાગતું કે બસ થયો હવે આ સંઘર્ષ! એક તો પોતાનાં કષ્ટો સહન કરીએ છીએ, તેટલું પોતાના ભાગનું સાર્વજનિક કર્તવ્ય આપણે કરી રહ્યા છે એટલું જ પૂરતું છે. હવે બીજાં નાનાં મોટાં કર્તવ્યોનો ભાર બીજાઓએ ઉપાડવો. પણ આ વૃત્તિ થોડીવાર માટે ટકે ના ટકે એટલામાં તો કોઈ હિંદુ, મુસલમાનોના ઘેરામાં ફસાયેલો હોય, અથવા એકાદ બંદીવાનને, પછી એ કોઈપણ હોય, અધિકારીઓ અન્યાય કરીને માર માર્યો હોય એવી જાણ થતાં જ પ્રતિકારક - શક્તિ એકદમ શરીરમાં ઉછળી આવતી. એ અન્યાય કે અપમાન પોતાને થયો છે એવું ગણીને એકદમ સ્વસ્થ બેસી રહેવાતું જ નહીં. મન વારંવાર કહેતુ -

न जानपदिकं दुःख अेकः सोहितुमर्हति।
अशोचन् प्रतिकुर्वीत यदि पश्येदुपक्रमम्।।

આ વચનથી મનની ભરપૂર ઉદ્દંડ પ્રવૃત્તિ હંમેશાં રોકાયેલી રહેતી. મને લાગે છે જ્યારે મનને પોતાની જાતિના, રાષ્ટ્રના અથવા ધર્મના અપમાનથી અસહ્ય વેદનાઓ થતી હશે. પણ કોઈ ઉપાય હોવાને કારણે એ પાંજરામાં બંધ વાઘની જેમ ખાલી તરફડતું રહે ત્યારે ક્યારેક આવા પ્રસંગે શ્રી સમર્થના મોઢે આવા ઉદ્ગાર બહાર પડ્યા હશે -

''स्वार्थ गेला ताटातुटी, जडती परार्थ अुपाधी

आता सावधान जीवा, त्याग केलाची करावा!''

એમના મનને આવી અવસ્થાના વિવેચનથી મુક્ત કરીને કોઈ રીતે શાંત કરવા માટે ઉદ્‌ગારવામાં આવેલા આ વચનોનો હું વારંવાર જાપ કરીને મનને શાંત કરવાનો પ્રયત્ન કરતો. કારણ ડગલે ને પગલે રાષ્ટ્રીય અને ધાર્મિક અપમાનોના આઘાતને સહન કરવા કરતાં એ આગ લાગી હોય એમ સળગવા માંડતું.

નામ નથી આપતો, કારણ

આ સ્વભાવને કારણે અનેક માનસિક, શારીરિક અને લૌકિક છળ અને ત્રાસ થતા હોવા છતાંય હિંદુ લોકોમાં હિંદુત્ત્વનું અભિમાન સંચારીને એક સબળ રાષ્ટ્ર સર્જવા માટે, એમની ઘાતક અને મૂર્ખ પ્રથાઓ ખતમ કરવાનું આ કાર્ય, અધિકારીઓના, મુસલમાનોના અને પોતે સ્વજનીય, સ્વધર્મી હિંદુ લોકોના વિરોધને ટક્કર આપવા બને એટલું આગળ વધાર્યા વગર અમારાથી સ્વસ્થ બેસાતું નહોતું. જલ્દી જ અમને એટલા જ ઉત્સાહથી મદદ કરનારા અનેક રાજ બંદીઓ અને સાધારણ બંધીઓ મળતા ગયા. એમનામાંથી પ્રમુખ લોકોનાં નામ અહીં આપવાનું વારંવાર મન થાય છે. પરંતુ એમની દમનની પરિસ્થિતિમાં આમ નામો આપવાં એ એમને ગમશે કે નહીં, એ અમને હજી એમની પાસેથી હજી ખબર પડવી શક્ય ના થયાને કારણે એ નામો અહીં આપી શકાતાં નથી. આગલી આવૃત્તિનો ક્યારેક યોગ આવ્યો તો એ નામો અવશ્ય આવી કૃતજ્ઞતાના ઋણમાંથી અમે પોતે અને અમુક અંશે અમારા વાચકોને પણ મુક્ત કરશું. ખાસ તો પંજાબના, લાહોરના ખટલાના જે રાજકીય બંદીવાનો આવ્યા એમનામાંથી હિંદુત્ત્વને સમર્પિત થઈ, નીચલામાં નીચલો અથવા ક્ષુદ્રમાં ક્ષુદ્ર હિંદુ હોય તો પણ એના શિક્ષણાર્થે, સ્વધર્મ પ્રચાર માટે અને પરધર્મના પંજામાંથી એને છોડાવવા માટે અંગત, સતત પરિશ્રમ કરનારા ઘણા કૃતનિશ્ચયી દેશભક્તો આગળ બહાર આવ્યા. પરંતુ એમાંના મોટાભાગનાઓને પણ આ શુદ્ધિ હિંદુ સંગઠનનું મહત્ત્વ સમજાવી આપીને તે કાર્ય માટે પ્રવૃત કરવા માટે જેટલું શક્ય હોય એ કરવાનો બધો ભાર અમારા સાદા બંદીવાનોમાંના થોડા સહાયકોએ જ સહન કરવો પડ્યો.

અન્યત્ર વર્ણન કર્યા પ્રમાણે જ્યારે ધીરે ધીરે બધે જ હિંદુત્ત્વનું અભિમાન ધરાવતા અધિકારી-વોર્ડરોથી માંડીને મુનશી, પેટા ઓફિસર, ટંડેલ, જમાદાર, એટલું જ નહીં તો, સ્વતંત્ર લોકોમાંના અધિકારીઓ સુધી અલગ અલગ પ્રકારે પ્રયત્નો કરીને, લાગવગ લગાડીને નીમાયેલા, અને ધર્મ વિશેના ગાંડપણને કારણે જેમની નીચ પ્રવૃત્તિ વધુ ભરપૂર થઈ હતી, એવા પઠાણી-પંજાબી વગેરે થકી મુસલમાની અધિકારીઓ પકડી પકડીને એમને 'તોડી' નાખવામાં આવ્યા. ત્યારે સ્વાભાવિક રીતે હિંદુઓ પરનો છળ અને અન્યાય ઓછો થઈને વટલાવવાની મુસલમાની પ્રતિક્રિયા પણ બંધ થઈ ગઈ. ચારેક માણસો છોડીને, ઓછામાં ઓછું જિલ્લા જિલ્લાઓમાંથી, અમારી જાણકારીમાં હતા એટલા, પહેલાં ક્યારેક ભ્રષ્ટ થયેલા હિંદુઓ હતા એટલા પાછા સ્વધર્મમાં લેવામાં આવ્યા.

આ કામનાં કારાગૃહમાંના જે કંઈ ઝઘડાઓનાં છૂટક વર્ણનો આપેલાં છે એવા જ, હિંદુ-મુસલમાનોના ઝઘડાઓ, ધર્માંતર અને શુદ્ધિ વિશેના જિલ્લા-જિલ્લાઓમાં વસાહતોમાં બધે જ થવા લાગ્યા. ઉર્દુ નામના જિલ્લામાં એકવાર ઝઘડો વરિષ્ઠ અધિકારી સુધી, બન્ને પક્ષ તરફથી લઈ જવામાં આવવાને કારણે કારાગૃહ પ્રમાણે જ આદેશ અપાયો કે સરકારી રીતે કોઈપણ હિંદુ અથવા મુસલમાનનું ધર્માંતર માન્ય કરવામાં આવશે નહીં. એનો અર્થ સ્વાભાવિકપણે એવો થયો કે બંધી, આંદામાનમાં આવતી વખતે જે એનો ધર્મ હશે એ છેલ્લે સુધી સરકારી રીતે માન્ય કરવામાં આવશે. આ આદેશથી એ વસાહતોમાં જે હિંદુ મુસલમાન થયા અને નામો બદલાવતા થયા. એમનો આ ભ્રષ્ટીકરણનો જ સરકારી આધાર આપમેળે જ છૂટી ગયો. અને એના લીધે એમને પાછા હિંદુ કહેવદાવી લેવામાં મુસલમાનોએ હક કહ્યાને લીધે ખટલો દાખલ કરવાની અથવા અધિકારીઓના રોષનો ડર પણ નહીંવત્ થયો.

આ પરિસ્થિતિના ફેરબદલને કારણે જે મુસલમાન કહેવાતા હતા એમની મૂળ જાત કંઈ છે એ જોવું

આવશ્યક થઈ ગયું. એ સિવાય કેટલીયે વાર હિંદુ છોકરાના નામની આગળ, સરકારી લખાણોમાં, અમને એમના પોતાના 'બંધીપત્રક' પર પણ મુસલમાની ધર્મના અનુયાયી, એવું જે લખેલું હતું, એનું પણ પરીક્ષણ કરવું પડતું. મુસલમાન મુનશી આવું કરતા એ અમે જોયું છે.

(હવે અમે લખીએ છે એ એ વખતે, ત્યાં રત્નાગીરીમાં એક હિંદુ ભંગીના છોકરાનું નામ મુસલમાન દેખાડીને ''મુસલમાન'' તરીકે લગાવ્યું છે, એ વાત બહાર આવી છે. એ હિંદુ ભંગીએ બે વાર આવેદન કર્યાં હોવાં છતાં, એને અજ્ઞાની છોકરો ગણીને મુસલમાન જ ગણવામાં આવે છે. આ કાર્યવાહી એ ચાર વરસ પહેલાં એ મિશનરી નિશાળમાં હતો ત્યારે થઈ હતી. હંમેશાં તું મુસલમાન છે એવું લોકો કહેતા આવ્યા છે, એ સાંભળતાં સાંભળતાં એ અજ્ઞાની છોકરો પોતે પણ હું મુસલમાન છું એવું સમજવા લાગ્યો. હવે એ વાત બહાર આવી છે એટલે સારું. જલ્દી જ સરકારી લખાણોમાં એની હિંદુ જાતિ માન્ય થશે.)

ત્યારે મૂળ કાગળપત્ર પરથી એકવાર તપાસ કરી હિંદુઓના દરેક માણસની ગણતરી થવી જોઈએ, જે પતિત હિંદુ શુદ્ધિકૃત થયા હતા એમનાં વચ્ચે બદલાયેલાં મુસલમાન નામો અને ધર્મ ભૂંસી નાખીને લખાણોમાં હિંદુ નામ અને ધર્મ લખાવો જોઈએ. અને પરાણે જેમનાં નામ પરધર્મી તરીકે ગણાતાં હોય, એમની હિંદુ લોકોની યાદીમાં બરાબર નોંધ થાય એટલે એ માટે તેઓ મૂળ હિંદુસ્તાનથી પ્રત્યેક બંદીવાનો સાથે આવેલાં કાગળપત્ર જોવાં આવશ્યક હતાં. પણ ખરેખર એ વરસો પહેલાંનાં કાગળપત્રો જોવા મળશે કેવી રીતે, અને મળે તો પણ આ કામ સરકાર કરવા કેવી રીતે દેશો ?

વસતિ ગણતરીની તકનો ફાયદો ઉપાડ્યો

આ ગઈ વસતિ ગણતરીના કામનો આંદામાનમાં પ્રારંભ થતાં, જ કમનસીબે હિંદુસ્તાનમાંના, હિંદુઓમાંના સાંપ્રદાયિક ઝઘડાઓનો પડઘો ત્યાં પણ પડવા માંડ્યો. મારા મનમાં એ નૂતન વસતિ ગણતરીની તકનો ફાયદો ઉપાડીને, પાછળની બધી જ ભૂલો, અને ભ્રષ્ટીકરણ હેતુસર કરેલાં સાચાં-ખોટાં કામ સુધારી લઈને હિંદુઓની અખંડ અને સુધારેલી વસતિ ગણતરી કરીને, એમની સંખ્યા નિશ્ચિત રીતે સરકારી યાદીમાં નોંધી લેવી એવી ઈચ્છા થતી. એ વિશે મારા સહકારીઓ સાથે સંતલસ કરીને શક્ય એટલાં લેખાલયોમાં, આંદામાનના બધા જિલ્લાઓમાં સંદેશ પહોંચાડ્યો. સદ્નસીબે વસતિ ગણતરીનું મહત્ત્વનું કામ કારાગૃહના લેખાલયમાં આવ્યું હતું. ઠેકઠેકાણેની વસતિ ગણતરીનાં કાગળપત્રો બનાવીને નામ, ગામ, ધર્મ જાત, બંદીવાનોએ બરાબર જણાવ્યાં છે કે નહીં એ મૂળ વોરંટની પ્રતો પરથી નક્કી કરવા માટે, એ વોરંટ લગભગ કારાગૃહની યાદીઓમાં જ વ્યવસ્થિત નોંધેલાં હોવાને કારણે એ કામ અહીં આપવામાં આવ્યું હતું. એટલે એ કામમાં મદદરૂપ થવા માટે અમારામાંથી ઘણા લોકો આગળ આવ્યા અને એમને પરવાનગી પણ આપવામાં આવી. પરંતુ વચ્ચે અમારા અમુક આર્યસમાજ બંધુઓએ, જૂના કાળમાં ''હિંદુ'' શબ્દ વિશે એ સમાજની લોકોની જે ભ્રામક સમજણ થઈ હતી એની જ પુનરાવૃત્તિ કરી વસતિ ગણતરીમાં પોતાનું નામ ''હિંદુ'' તરીકે ના નોધાવતાં ''આર્ય'' તરીકે નોંધાવું જોઈએ એવી જિદ કરી. આર્યસમાજીઓના આ વિચાર સાંભળતાં જ, એ સમયે કારાગૃહમાં આવેલા શીખ રાજ બંદીઓમાંથી અમુક આગેવાનોએ આંદામાનના શીખ બંદીવાનોને અને સિપાઈઓને પણ પોતાને 'હિંદુ' ના કહેવદાવીને 'શીખ' તરીકે સ્વતંત્ર નોંધ કરાવવી જોઈએ એવી જિદ પકડી.

આ 'હિંદુ' શબ્દના વાસ્તવિક અર્થ વિશે, હિંદુઓમાં અનેક સંપ્રદાયોનો તિરસ્કાર, ભાષાશાસ્ત્રીય ખૂબ જ ઐતિહાસિક અજ્ઞાનનું પરિણામ છે, એ વાત અમારા 'હિંદુત્ત્વ'માંના પુસ્તકમાં સવિસ્તર રીતે સાબિત કરી છે. અને હવે લજપતરાય, શ્રદ્ધાનંદ, પરમાનંદ, વગેરે આર્યસમાજના વિખ્યાત આગેવાનોએ 'હિંદુ' શબ્દ વિશે યથાર્થ મમત્ત્વ દેખાડ્યું હોવાથી અને હિંદુ સંગઠનની વ્યાપક ચળવળોમાં આ સંકૂચિતતા લુપ્ત થઈને, સનાતની અને આર્ય, બન્ને 'હિંદુત્ત્વ'ના અભિમાનથી પ્રેરિત થઈને અંદરોઅંદરના શાબ્દિક-શુષ્ક ભેદ

ઘણે અંશે ભૂલી જવાને કારણે અમે હિંદુ શબ્દની સાચી વ્યાખ્યા શી એની ચર્ચા અહીં કરતા નથી બેસતા. એટલું જ કહેવું પૂરતું છે કે ઇંગ્લેન્ડમાં હતા ત્યારે જ હિંદુઓના સાંપ્રદાયક કલહને કારણે હિંદુત્ત્વના ખંડના ખંડ પડી ભાંગ્યા હતા અને આપણી અખિલ અખિલ જાતિને એક સૂત્રમાં, એક ધ્વજ હેઠળ લાવવાનું સામર્થ્ય સાંપ્રત પરિસ્થિતિમાં જે એક જ શબ્દમાં રહી ગયું છે એ 'હિંદુ' શબ્દ, ભ્રામક વિદ્વેષના ઘાથી પંગુ થશે, એ ડરથી જ્યારે ચિંતા થવા માંડી ત્યારે અમે એ સંકટનો સામનો કરવા માટે હિંદુ શબ્દની જે સત્ય, ઐતિહાસિક અને સાર્વત્રિક વ્યાખ્યા પોતાના મનમાં નક્કી કરી હતી, એનો ઉપદેશ અમે રાત-દિવસ, સુશિક્ષિત અને અશિક્ષિત એવો વિચાર ના કરતા આંદામાનના બંદીવાનોને અને સ્વતંત્રોને વારંવાર કહેતા કરતા આવ્યા. જેની જેની પિતૃભૂમિ અને પુણ્યભૂમિ (ધર્મભૂમિ) હિંદુસ્તાન છે એ હિંદુ આ વ્યાખ્યાની ચર્ચા તેનો અર્થ એ દિવસોમાં જે જે આર્યસમાજી, શીખ, જૈન મળતા એમની સાથે અમે સતત ચલાવતા હતા. આજે હવે ''હિંદુત્ત્વ'' પુસ્તક પ્રસિદ્ધ થયું છે. એ હિંદુત્ત્વની વ્યાખ્યા -

''आसिंधु सिंधुपर्यंता यस्य भारतभूमिका।
पितृभूः पुण्यभूश्चैव स वै हिंदुरिति स्मृतः।।''

હિંદુસ્તાનના મોટા મોટા વિચારવંતોથી લઈને લગભગ હિંદુસ્તાનની શાખા-ઉપશાખાઓ સુધી એ માન્ય થઈ છે. આંદામાનના એ દિવસોમાં એ વ્યાખ્યા નવી રીતે આગળ આવવાને કારણે એની સત્યતા અને ઉપયુકતા મનાવી લેવા માટે વ્યક્તિ માત્ર સાથે ચર્ચા કરવી પડી એટલે કેટલી બધી માથાકૂટ કરવી પડી હતી.

શીખ હિંદુ જ છે

પરંતુ મારા આર્યસમાજી મિત્રોની હિંદુ શબ્દ માટેન તિરસ્કાર બુદ્ધિને તે કારણે ખૂબ જ ઓછી થઈ અને એમણે પોતાની જાતને ''હિંદુ'' કહેવડાવી, નોંધાવી લેવાનું માન્ય કર્યું. ફક્ત હિંદુ શબ્દની આગળ કૌંસમાં ''આર્યસમાજી'' એમ વધુ ઉલ્લેખ થવો જોઈએ એટલું જ નક્કી થયું. આજ ન્યાયી તડજોડ શીખ મિત્રોને પણ સૂચવી. પરંતુ એમનામાંથી અમુક લોકો ખૂબ જ અતિરેક કરવા માટે સિદ્ધ થયા હતા એટલે એમને સમજાવવામાં ખૂબ જ ત્રાસ થયો. જો અમને ''હિંદુ'' તરીકે વસતિ ગણતરીમાં નોંધવામાં આવ્યા તો અમને શીખ લોકોને અન્નત્યાગ કરવાનું કહીને ઉપવાસના સંપથી અમને શીખ તરીકે સંબોધવાની બધાને ફરજ પાડશું, એટલું કહેવા સુધી અમુક જણે કસર છોડી નહીં. છેવટે એ બધાને આજીજી કરીને, વિનંતી કરીને કે ''બંધુઓ, મુસલમાન, ખ્રિસ્તી વગેરે આપણી જાતિને તોડી પાડનારા વિધર્મીઓનો સામનો કરવો હોય તો એવા સમયે તો આપણે આ જાતિઘાતક મિથ્યાભિમાન છોડવું જોઈએ. કંઈ નહીં તો આ પ્રકરણ આટલી હદ સુધી તો ના લઈ જવું જોઈએ. હિંદુ-હિંદુઓમાં બને એટલી ફાટફૂટ પાડીને, આપણા અખંડ સમાજના ટુકડા કરવાનું ઈચ્છતા પારકાઓ શીખ, હિંદુ નથી, એમની વસતિ ગણતરી અલગ કરાવો એવું તો કહેશે જ. એમનો દાવ તોડી પાડવાનો કે સાંપ્રદાયિક જિદથી એ હિતશત્રુને મદદ કરવાની! આ પ્રશ્ન એક શબ્દનો નથી. એ શબ્દ પ્રમાણે આપણી આ પૂરાતન જાતિનો, એક સૂત્રમાં, એક જાતિ હેઠળ લાવનારો બીજો કોઈપણ શબ્દ આ પરિસ્થિતિમાં, અસ્તિત્ત્વમાં છે કે? જાતિ સામાન્ય શબ્દ હોય, એટલે એ શબ્દની પાછળ પાછળ જાતિ સામાન્ય પ્રેમ, અભિમાન, મમત્ત્વ પેદા થાય છે, એ સીધુંસાદું તત્ત્વ પણ અમને ના સમજાય આ કેટલા દુર્ભાગ્યની વાત છે? પાછા હિંદુ કહેવડાવી લીધા એટલે શીખ તરીકે કહેવડાવવા નહીં એવું થોડું છે. તો આપણે પહેલાં તો ''હિંદુ'' તરીકે પોતાની નોંધ કરીએ અને કૌંસમાં શીખ, કે આર્ય કે બ્રહ્મો કે સનાતની લખીએ. એ ઉત્તમ માર્ગ એવું અમારું કહેવું. કંટાળો આવે ત્યાં સુધી ચર્ચા થયા પછી શીખોમાંના સમજદાર મિત્રોએ અને સહકારીઓએ માન્ય કર્યું. એમણે અન્નત્યાગ વગેરે અતિરેકી ઉપાયોનો અવલંબન કરનારાઓનો દાવ સાવ તોડી પાડ્યો.

એમાંય એક અતિરેકી હોવા છતાં જાતિ એકતાનો સર્વનાશ દૂરાભિમાની કેવી રીતે કરે છે એ સ્પષ્ટ કરનારી ઘટના, અનાયાસે ઘટી. શીખોમાં જ અકાલી, કેશધારી, વગેરે જે પંથ હતા એમનામાં વાદ શરૂ થઈને કોઈ પોતાને ''કેશધારી શીખ'' તરીકે નોંધાવીશું, ખાલી શીખ તરીકે નહીં એવી જિદ પકડી બેઠા. એકવાર સંપ્રદાયની સંકૂચિત દ્રષ્ટિ પકડી એટલે જાતિ એકતાનાં પોપડાંનાં પોપડાં કેવી રીતે ઉખડે છે, એનું એ ઉદાહરણ મેં બધાને દેખાડ્યું, એનું પણ સારું પરિણામ આવ્યું. અંતે મારા શીખ મિત્રોની મદદથી બધા માટે કંઈકને કંઈક તડજોડ શક્ય થઈ. શીખોએ પોતાનું કહેવું માંડનારું એક આવેદન વરિષ્ઠ અધિકારીને આપવું, પરંતુ એમાં વધુ કોઈ વિરોધ ના કરતા વસતિ ગણતરીમાં ''હિંદુ'' પંગતમાં પોતાનું નામ નોંધાવી લઈને કૌંસમાં શીખ એમ લખાવવું એવું નક્કી થયું.

એ તડજોડ એકદમ ન્યાયી હતી, કારણ શીખોનાં મૂળ વોરંટ પર જ એમનાં નામ, પછી પંથ શીખ એમ હતું, અને આગળ પાછું જાતિ ''જાટ'' અને ''મજહબી'' વગેરે ઉલ્લેખ હતો. આ બંધીપત્રકો (prisoner`s sheet) દરેક શીખ પાસે પોતપોતાની મૂકેલી હતી. પરંતુ હું ''જાટ'' નથી, ફક્ત શીખ જ છું એવું કોઈ કહેતુ નહોતું. પછી એ જાટ, સોઢી વગેરે જાતિ હિંદુઓની જ હોવાને કારણે એમના પ્રમાણે જ ''હિંદુ'' પંગતમાં પોતાનાં નામ નોંધાવવા માટે એમને કોઈ તકલીફ નહોતી.

એ નિમિત્તે ''હિંદુ'' શબ્દની સાચી વ્યાખ્યા શી એનું જ્ઞાન માત્ર હિંદુ લોકોમાં પ્રસ્તુત થવા માટે સારી એવી મદદ મળી. સરકારી મોટા અધિકારો પર નિમાયેલા હિંદુ ''સ્વતંત્ર'' અધિકારીઓ સુધી પણ આ ચર્ચા ચાલી હતી.

છેવટે બધાની એકવાક્યતા થઈને વસતિ ગણતરીનાં કાગળો જ્યારે તપાસીને, શુદ્ધ કરીને, છેલ્લી પ્રત કરવામાં આવી ત્યારે અમારા દેશાભિમાની અને ઉત્સાહી સહકારીઓ સાથે અમે સંપ્રદાય નિર્વિશેષ હિંદુમાત્રોને એક ''હિંદુ'' ઉલ્લેખમાં સમાવી શક્યા. જૂનાં વોરંટો જોતાં જોતાં દિવસોના દિવસ બેસીને પસાર કરવા પડતા. એની પર નજર નાખતાં ઘણા મજેદાર કિસ્સાઓ જાણવા મળતા. એક મૂળ ભંગીએ પોતાની જાત બદલતાં બદલતાં તાજા સરકારી લખાણમાં બ્રાહ્મણ તરીકે લખી હતી. અને વસતિ ગણતરીમાં પણ એમ જ કહ્યું હતું. કારણ બ્રાહ્મણ કહેવડાવીએ એટલે રસોડાની એકાદ મોટી જગ્યા પર નિમણુક થવાનો મોકો મળી શકે. ભંગીએ પોતાને બ્રાહ્મણ કહેવડાવ્યો એમાં મને ફક્ત નવાઈ જ લાગી. પરંતુ મૂળે હિંદુ હોય એવા કેટલા લોકોને છળથી, બળથી, કપટથી મુસલમાન કરી નાખ્યા હતા એ જોઈને આશ્ચર્ય અને ખેદ થવા માંડ્યો. એ બધું મારા મિત્રોને દેખાડીને પોતે વરસ બે વરસ ચલાવેલી શુદ્ધિની ચળવળ કેટલી આવશ્યક હતી એના સબળ પૂરાવા તેમને દર્શાવી શક્યો. આ વસતિ ગણતરીની પ્રત તૈયાર કરતી વખતે એ બધા પહેલાં મુસલમાન તરીકે ગણાયેલા લોકોને અમે પાછા ''હિંદુ'' યાદીમાં નોંધી લીધા એ કહેવાની જરૂર નથી. એમાંથી મોટાભાગના શુદ્ધ કરેલા જ હતા. એ પ્રત પરથી અમને બધાને એટલું બધું સમાધાન સપ્રમાણ રીતે થયું કે ગયાં દસ વરસમાં હિંદુત્ત્વથી દૂર થયેલા હિંદુઓને તો અમે, શુદ્ધિકરણ થકી મોટા ભાગનાઓને પાછા સ્વજાતિમાં સમાવી શક્યા, અને એનાથી મહત્ત્વની વાત કે મુસલમાની ધર્મપ્રસારની અતિરેકી કમર તોડી પાડીને નવા હિંદુઓને વટલાવવાનું લગભગ અશક્ય કરી નાખવામાં આવ્યું.

આ વસતિ ગણતરીના કામથી અમને કેટલા હિંદુઓ મુસલમાન થયા હતા એ સાધારણપણે પાકું સમજી લેતા ફાવ્યું. અને એમાંથી પાછા કેટલા હિંદુ કરવામાં આવ્યા એ નિશ્ચિત કરી શક્યા અને કોઈ રહી ગયું કે તો એમને પણ પાછા લેવાની વ્યવસ્થા કરવી શક્ય થઈ.

ગામડિયા પ્રશ્નો કરનારા ધર્મમાર્તંડો

આંદામાનની શુદ્ધિની આ ચળવળનું એટલું કાર્ય નહીં કરતા, ફક્ત એટલું પણ કાર્ય કર્યું હોત કે મુસલમાન પણ હિંદુ થઈ શકે એ વાત લોકોના મનમાં મક્કમ રીતે ઉતારીએ તો પણ આ ચળવળ સફળ

થઈ એવું કહી શકાય. ''હિંદુ મુસલમાન થાય છે, પણ મુસલમાન કેવી રીતે હિંદુ થશે ?'' બરાબર એવા જ શબ્દોમાં સેંકડો હિંદુઓ જે પ્રશ્ન કરતા હતા એ આંદામાનમાં પૂછવાવાળું કોઈ બચ્યું નહોતું. મુસલમાનોને પણ હિંદુ કરી શકાય. ફક્ત બે કોળિયાં મુસલમાની અન્ન ખાઈને રેચ થઈને જીવ જાય એટલો કંઈ હિંદુ ધર્મનો કોઠો અશકત નથી. એ વાત હવે આંદામાનના હિંદુઓની રૂઢ સમજણમાંથી એક દ્રઢ સમજણ થઈ છે. શુદ્ધિ ચળવળનો એ પણ કંઈ નાનો અમથો લાભ થયો નથી. કારણ આ હિંદુસ્તાનના ''સૃજન'' અને ''સ્વતંત્ર'' લોકોમાં પણ આવા એક-એક ધર્મમાર્તંડો હજી પણ મળી આવે છે જે આ મૂર્ખામીભર્યો આ ગામઠી પ્રશ્ન ગંભીર રીતે પૂછતા.

આ જાગૃતિ અમારા એકાદ-બે પર નિર્ભર ન રહેતાં આગળ આગળ ત્યાંના જનસમાજમાં દ્રઢમૂળ થઈ હતી એ દર્શાવવા માટે, અમે આંદામાન છોડ્યા પછી થયેલી એક-બે ઘટનાઓ અહીં ઉદાહરણાર્થે કહું છું.

આંદામાનમાં પહેલાં કોઈપણ હિંદુ સ્ત્રી મુસલમાન સાથે વિવાહ કરતાં જ સ્વાભાવિક રીતે એ મુસલમાન થતી, પરંતુ એ હિંદુ જ રહીને મુસલમાનને, તું હિંદુ થશે તો જ હું લગ્ન કરીશ, એવું કહી નહોતી શકતી. હિંદુ લોકોની વિવાહ વિષયક સમજૂતી ખૂબ જ કોમળ હોવાને કારણે હિંદુઓમાંથી કોઈ બંદીવાન આંદામાનની સ્ત્રીઓને હીન ગણીને એમની સાથે સાહજિક રીતે લગ્ન કરતાં નહોતાં. પરંતુ લગ્ન તો શું, સંબંધમાં પણ સિદ્ધ હોય એવી કોઈપણ હિંદુ સ્ત્રીને મુસલમાન નકરાતો નહીં. કારણ એના થકી એક કાફરાણીને મુસલમાન કરવાનું અને સંતતિ વધારવાનું કામ, સ્ત્રી કેવી પણ હોય તો પણ એ પવિત્ર છે, એ એમને ગળથૂથીમાં શીખવવામાં આવ્યું હોય છે. આ વસ્તુસ્થિતિ આંદામાનના હિંદુત્ત્વના અભિમાની લોકોને જેમ જેમ ગળે ઉતરવા લાગી, એમ હિંદુ સ્ત્રીને મુસલમાનોના હાથમાં પડવા ના દેવા માટે એ હંમેશાં તૈયાર રહેવા લાગ્યા. ઉદાહરણાર્થે એક ઠાકુરાણી, એક મુસલમાનની સંગતને કારણે ખાવા-પીવાના સંબંધે મુસલમાન થઈ. આગળ એણે લગ્ન કરવાનો નિશ્ચય કર્યો. જો હિંદુ આપણને શુદ્ધિપૂર્વક પોતાના સમાજમાં લઈને કોઈ હિંદુ સાથે વિવાહ કરાવશે નહીં તો એ પોતે પોતાના મુસલમાન સ્નેહી સાથે વિવાહ કરશે એવું સ્પષ્ટ રીતે કહ્યું. મુસલમાન તો એક પગ પર તૈયાર હતો. એ સંકટ જોઈને એક જાત-અભિમાની હિંદુ ગૃહસ્થે એની સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું. ફક્ત એને મુસલમાનોના પંજામાંથી છોડાવી, એની ભાવિ સંતતિ આપણા રામકૃષ્ણના અભિમાની હિંદુકાળમાં રહે એટલા માટે. બદનસીબીની વાત એવી કે આવી ન્યાયી વાતને પણ અમુક મુસલમાનોના કહેવામાં આવીને, એમણે એ સ્ત્રી મુસલમાન થઈ હોવાથી એ હિંદુ સાથે લગ્ન ના કરી શકે, એવી દલીલ કરીને, સરકારી અધિકારીઓ સુધી આવેદન મોકલવા સુધી વાત પહોંચાડી. હિંદુ સ્ત્રી વટલાઈને મુસલમાની વર કરી શકે, પણ હિંદુ સ્ત્રી શુદ્ધ થઈને પણ હિંદુ વર ના કરી શકે. આવી અતિરેકી માગણીઓ કરવાની નિર્લજ્જ હિંમત કરવા માટે મુસલમાનોને આપણી હિંદુઓના ઘાતકી, બીકણ અને અસમયજ્ઞ પ્રથાએ જ ઉત્તેજિત કરી છે, એ આપણે ભૂલવું ના જોઈએ. ઉપરના આવેદન વિરુદ્ધ બધા હિંદુઓએ એક થઈને સામનો કરવાને કારણે અધિકારીઓએ નિર્ણય આપ્યો કે, ''એ સ્ત્રી મૂળ હિંદુ હોવાને કારણે અને અમે ઉપરછલ્લું ધર્માંતર કરવાની મનાઈ ફરમાવી હોવાથી, એની ઈચ્છા હોય તો એ હિંદુ વર કરવા માટે પૂર્ણપણે સ્વતંત્ર છે.'' એ નિર્ણય પછી મુસલમાનો ચૂપ બેસવા માટે મજબૂર થયા અને એ સ્વાધર્માભિમાની હિંદુ ગૃહસ્થે એ ઠાકરુાણી સાથે હિંદુ ધર્મ પ્રમાણે લગ્ન કર્યાં.

કામચોરી કરવા માટે નમાજ

દુષ્ટ મુસલમાનોના વિના કારણે શત્રુત્ત્વની અને વર્ચસ્વની કમર હિંદુ બંદીવાનોએ એક થઈને વાંકી વાળીને, અમે પાછા આવ્યા પછી પણ, તોડ્યાનાં જે અમુક ઉદાહરણો અમને ખબર પડ્યાં એમાંથી એકનો ઉલ્લેખ કરું છું. ખરી રીતે જોતાં મુસલમાનો બંદીવાનોમાં સેંકડો લોકો એવા હોય છે જે નમાજ દરેક દિવસે, એકવાર પણ પઢતા નહોતા. પરંતુ હિંદુઓને ફક્ત ચીડવવા માટે, કોઈ નિમિત્તે જ્યારે એમને જોઇએ ત્યારે આ વિધિશૂન્ય, ધંધાદારી, ચોર-ડાકુઓને અચાનક આખું મુસલમાની ધર્મશાસ્ત્ર યાદ આવતું. એકાદ

કઠોર પરિશ્રમનું કામ કરવા માટે બંદીવાનોની ટોળીને નીમવા આવે એટલે એ દિવસે એ ટોળીના દરેક મુસલમાન બંદીવાનો, પયગંબર જેટલો ધર્મરત થઈને દિવસમાં પાંચ વાર નહીં પણ સાત વાર નમાજ પઢવા લાગ્યો જ સમજો. કારણ સરકારી અધિકારી જો કોઈ નમાજ પઢવા લાગ્યું તો એ સમય પૂરતો મુસલમાન બંદીવાનોને રજા આપતો અને એ વખતે બિચારા હિંદુ લોકો કામ કરતા હોવાને કારણે મુસલમાની લુચ્ચાઓને પુષ્કળ ઓછું કામ કરવું પડતું. એવા સમયે મુસલમાનોમાંના સૌથી પાજી બંદીવાનોની પણ ઈશ્વર ચિંતનની જે તંદ્રા લાગેલી હોય છે એ જોવા જેવી હોય છે. નમાજ પઢતા પહેલાં એ હાથ ધોવા, દાઢી પર શાંતિથી ફરીફરીને હાથ થપથપાવીને તેને પંપાળતા - નમાજ પતી ગયા પછી પણ આંખો મીંચીને એમ જ પડ્યા રહેવું, અને પેલી ઈશ્વર ચિંતનની શાંતિ. એવા સમયે એવું લાગતું કે સમાધિની સાધનાના જે પ્રાણાયામ, ઈષ્ટ-પ્રતીક, કર્મ, જાપ વગેરે અનેક પ્રકાર યોગસૂત્રોમાં કહ્યા છે એમાં આ બે પ્રકાર પણ આવી ગયા કે શું! એક દૂધ સામે હોવું અથવા માછલી તરફડવાની શક્યતા હોવી, અને બીજું સાધન એટલે બંદીશાળામાં કઠોર પરિશ્રમ કરવાની ફરજ પાડવી. કારણ પહેલાં બન્ને પ્રસંગોમાં બિલાડીની અને બગલાની અને કઠોર પરિશ્રમના દેખાવની જેમ આવી મુસલમાની ચોર-ડાકુઓની થનારી શાંત મુદ્રા સમાધિની તન્મયતા કરતાં ઘણી જિદ્દી પ્રકારની તો દેખાતી નહોતી.

તમારી બાંગ તો અમારો શંખ

મુસલમાનોમાંના લુચ્ચા લોકોની આ કામ-ટાળનારી નમાજ સિવાય હજી એ યુક્તિ જે ફક્ત હિંદુ લોકોને ચીડવવા માટે અથવા સરકારી કાયદાનું અન્યાય ઉલ્લંઘન કરીને ગુંડાશાહી ગજાવવા માટે અજમાવવામાં આવતી અમે જોઈ છે. એ એટલે વહેલી સવારે ''બાંગ'' પોકારવાની. બાંગ એટલે પરોઢે ઊઠીને નમાજ માટે બધાને જગાડીને ઈશ્વર ચિંતન માટે તત્પર રહેવા માટે પોકારેલી મોટી રાડ. બંધી નિશાળમાં પરોઢિયે બધા બંદીવાનો સૂતા હોય ત્યારે આવા પ્રકારની વિના કારણે રાડ પાડવાનું અર્થાત્ સામાજિક ત્રાસ બંધ કરવો સરકારી કર્તવ્યાનુરૂપ નિષિદ્ધ હોય છે. જે માણસ વરસોનાં વરસો સવારે સિપાઈ જ્યારે દરવાજો ખોલી ગાળો આપતો ત્યારે લગભગ ઘોરતો પડ્યો હોય એવો એકાદ ગુંડો જ્યારે અચાનક પરોઢિયે ઊઠીને મોટે મોટેથી 'બાંગ' પોકારીને હાંક મારતો અને સમાજની શાંતિ ભંગ કરતો ત્યારે એની એ બાંગનો હેતુ દુષ્ટપણા સિવાય બીજો કોઈ હોઈ જ ના શકે. નમાજ જેમ દરેક મુસલમાનનું આદ્યત કર્તવ્ય છે એમ આ આખી બંદીશાળા ગજાવી નાખવા જેટલી મોટેથી બરાડા પાડતા રહેવું ધાર્મિક દ્રષ્ટિએ જરા પણ આવશ્યક નથી. પણ બાજુની ચાલીના હિંદુ કાફિરની ઊંઘ ઉડાડીને, પાછી ધર્મવિધિની ઢાલ નીચે સજાથી છુપાઈ શકાય, આવા બીકણપણાની આ 'બાંગ'ની ભાંગ પીવાની ઈચ્છા પર કાબુ કેવી રીતે રાખી શકે!

આંદામાનના કારગૃહમાં પણ, અમને ત્યાંથી અહીંના કારાગૃહમાં નાખવામાં આવ્યા પછી, તરત જ પાછળ, મુસલમાન બંદીવાનોની આવી ઈચ્છાનો આફરો ચડ્યો. એમણે પરોઢિયે દરેક ઓરડીઓમાં બાંગ પોકારવાની શરૂઆત કરી. ઊંઘ ઊડવાથી બધા હિંદુઓ અને બ્રહ્મદેશીય બંદીવાનો ત્રાસી ગયા. અધિકારીઓ ધમકાવે તો મુસલમાન કહેતા કે આ અમારી ધાર્મિક વિધિ છે! બ્રહ્મદેશના બંદીવાનો, હિંદુ સંગઠનના કામમાં, અર્થાત્ હિંદુઓ સાથે મળીને વર્તતા એ પણ અહીં કહી નાખું છું.

એ સિવાય એ પણ એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે, આંદામાનમાં બ્રહ્મી લોકોને વટલાવવાનું મુસલમાનો માટે શક્ય જ નથી. કારણ એમનામાં કોઈની સાથે ખાવાથી ધર્મ ડૂબે, અને મનુષ્ય અન્નના એક કોળિયાથી જન્મ જ નહીં, એની સંતતિ સાથે સાત જન્મ સુધી વટલાવાઈ ગયો, એવી મૂર્ખામીભરી કલ્પના જરાય નથી. એ બૌદ્ધ સંપ્રદાયી એટલે હિંદુ ધર્મના જ અંતર્ગત, પણ એ મુસલમાન, ખ્રિસ્તી, યહુદી આખા જગતનું ખાઈને પાછા બૌદ્ધના બૌદ્ધ જ. એટલે જેમ સનાતની હિંદુઓને વટલાવવાનું સહેલાઈથી શક્ય થયું, એમ બર્માના લોકોને વટલાવવાનું મુસલમાનો માટે શક્ય થયું નહીં. વટલાવાના

મુસલમાનોના રહી ગયેલાં બે સાધનો - તલવાર, એ તૂટેલી; અને બુદ્ધિવાદ, અથવા તત્ત્વવાદ ત્યાંનો અને સાધારણ મુસલમાની સમાજના સાધારણતઃ પોલા સાદ જેવો જ વાંકો. એટલે આ બે સાધનો વડે આંદામાનના હજારો હિંદુઓ અને એમની ઉપશાખાઓમાંના બર્માના લોકોને એ જરાય વટલાવી શક્યા નહીં. ગુંડાગીરી અને ખાવું-પીવું, એનાથી જે હિંદુઓ વટલાવી શકાયા એટલા વટલાવાયા; પણ એ વાતમાં બર્માના લોકો મુસલમાનોથી પણ થોડા વધુ આગળ હતા. મુસલમાન જે ખાવાનું હરામ સમજતા એ ડુક્કરનું માંસ, અને ઉંદરના બચ્ચાનાં અથાણાં સુધી, બધું અન્ન બ્રહ્મી લોકો માટે વૈધ હતું! એમની સાથે જમતી વખતે મુસલમાનોને કેટલીયે વાર શરીરે પરસેવો છૂટતો! બ્રહ્મી લોકોના બૌદ્ધ ધર્મનો અમે હેતુપૂર્વક અને ભક્તિપૂર્વક વારંવાર ઉલ્લેખ કરતા હતા, અને એમના મોઢે હિંદુઓની જેમ જ, એમનામાં પણ પૂજ્ય મનાયેલા રામાયણ, મહાભારત વગેરે કથા જાણી જોઈને સાંભળતા હતા, સંભળાવતા હતા. હિંદુઓના તહેવારો અને એમના તહેવારો અમે પરસ્પર ભેગા કરીને ઉજવતા. એને લીધે બ્રહ્મી લોકોને હિંદુ સંગઠન વિશે સાહજિક જ સહાનભૂતિ હતી. એમાંય એમનામાંથી કોમળ વયનાં છોકરાંઓ પર, યુવાનો પર; અને એકંદરે એમની સદ્‌ગુણ જાતિ પર, પઠાણ વગેરે મુસલમાનોમાંથી ઉદ્દંડ અને ક્રૂર લોકો જે અત્યાચાર કરતા, એમનાથી એ ક્રૂર મુસલમાની વર્ચસ્વની કમર હિંદુ સંગઠનોએ સારી એવી તોડવાને કારણે, એ બ્રહ્મી લોકોને ઘણી રાહત મળી હતી, એટલે એમને અમારા વિશે અને હિંદુઓ વિશે વધારે પડતી ભક્તિ અને મમત્ત્વ હતું.

ઉપરના 'બાંગ'ના પ્રકરણથી તો બ્રહ્મી લોકોને પણ, હિંદુઓની જેમ ત્રાસ થતો હતો. બાંગના ત્રાસ કરતાં પણ, કેવળ આપણી સામે પણ પોતાનું ધર્મજીવીપણું દેખાડીને આપણો ઉપમર્દ કરવા માટે જ મુસલમાની ગુંડાઓ આ નવી રીત અપનાવી રહ્યા છે, એવી પ્રતીતિને કારણે હિંદુ લોકો ચીડાઈ ગયા. અધિકારીઓ મુસલમાનોને દબાવતા નથી એ જોઈને હિંદુઓએ પણ પરોઢિયે ઊઠીને મોટેથી પ્રાર્થના કરવાનો પ્રારંભ કર્યો. અમે આંદામાનમાં હતા ત્યારે એકવાર એક મુસલમાની 'નમાજી' રૂપી કમર આમ જ એક હિંદુને 'ભક્ત' બનાવીને તોડી હતી. અને આગળ રત્નાગીરીની બંધી નિશાળમાં અમારે એ દાવ જ અપનાવવો પડ્યો હતો. એ સમયે આંદામાનમાં એક-બે મુસલમાની વ્યક્તિઓનો એ પ્રશ્ન નહોતો, એ બધા જ આ કપટમાં સામેલ હતા. હિંદુઓ મોટેથી પ્રાર્થના કરવા લાગતા જ, જે અધિકારી મુસલમાનોને બાંગ પોકારવા માટે રોકી ના શકાય એ જ હિંદુઓ પર પરોઢિયે મોટેથી પ્રાર્થના કરી એટલે ખટલાઓ દાખલ કરીને સજા આપવા માંડ્યા. કારણકે પરોઢિયે મોટેથી પ્રાર્થના કરવી એ હિંદુઓની પૂજાનું મહત્ત્વનું અંગ નહોતું. એના પર હિંદુઓનો જવાબ પણ એટલો જ મજાનો હતો. મોટેથી પ્રાર્થના કરવી એ પૂજાનું અંગ હોય ના હોય પણ શંખ ફૂંકવો એ તો પૂજાનું અંગ હતું જ હતું. એટલે હિંદુઓના આગેવાનીનો ભાર એ કાર્યમાં જે અમારા એક ઉત્સાહી સહકારીએ અને પ્રમુખ સભ્યો લીધો હતો, એ કારાગૃહમાં પોતાની ઓરડીમાં એક શંખ છુપાઈનો લાવ્યા અને બીજા દિવસે મળસ્કે મુસલમાનોએ બાંગ પર બાંગ આપવાની શરૂઆત કરી એટલે એમની ઓરડીમાંથી જોરથી શંખ ફૂંકવાની શરૂઆત કરી. એ કાફિર શંખના અવાજમાંના નગારામાં બાંગ એકદમ ફીકી પડી. બાંગ વટલાવાઈ! એ મુસલમાન ધર્મ ગુંડાઓ ગુસ્સે થઈને ગાળો આપવા લાગ્યા. એ હિંદુ આગેવાન પર ખટલો થઈને શંખ ફૂંકવા માટે સજા થઈ. પણ એનાથી બ્રહ્મી અને સનાતની લોકોમાંથી કેટલાય જણ પરોઢિયે ઊઠીને શંખ ફૂંકવા લાગ્યા! અંતે આ શંખની સામે બાંગની પોકાર ઢીલી થઈ. અધિકારીઓએ પ્રતિકાર કરનારા મુસલમાનોને સાફ કહી દીધું કે, શંખ એ પૂજાનું અંગ છે. તમે અમારું સાંભળો. તમે બાંગ બંધ કરો એટલે અમે એમને શંખ બંધ કરવા માટે મજબૂર કરીશું. ત્યારે નિરુપાયથી બાંગ બંધ થઈ! બુદ્ધિવાદથી જે ગુંડાઓ સીધા થયા નહીં એ આ શંખનાદથી થયા. બુદ્ધિવાદથી સાધ્ય ના થનારું કાર્ય પણ એકાદ શંખ આવી રીતે ક્યારેક ક્યારેક કરી જાય છે!

આ શુદ્ધિ પ્રકરણમાં અને આંદામાનના બંદીગૃહોના એકંદર વૃત્તાંતમાં ત્યાંના ખરાબ વૃત્તિના મુસલમાનોનો અમને કમનસીબો વારંવાર ઉલ્લેખ કરવો પડ્યો છે. કારણે ત્યાંના દૂરાચારી બંદીવાનોની વસતિમાં દૂરાચારી ધર્મ વિશેના ગાંડપણમાં પછડાયેલા લોકો મોટેભાગે મુસલમાનો જ હતા. પરંતુ એમની

વાત જવા દીધી તો એ સ્થળે જે સારી વૃત્તિના મુસલમાનો મળી આવતા એમની સાથે અમે કેટલો સદ્‌વ્યવહાર કરતા હતા એ ત્યાં અનેક લોકોને ખબર જ છે. અમારા વિશે પણ માત્ર સારી વૃત્તિ મુસલમાનોમાં જ નહીં પણ એ ખરાબ વૃત્તિના ધર્માંધમાં પણ ઘણો આદરભાવ વસતો હતો. કારણ અમે ધર્માંતર અને અત્યાચારનો પ્રશ્ન છોડીને બાકી દરેક કામમાં હિંદુની જેમ જ મુસલમાનોનો પક્ષ લઈને એમને ન્યાય અને મદદ અવશ્ય કરતા હતા. અમે રાજ બંદીવાનોએ આંદામાનની વસાહતોનું જે જંગલી સ્વરૂપ કાઢીને તેમાં થોડું ઘણું માનવીય સ્વરૂપ લાવ્યું હતું અને એ લડાઈમાં સરકારી અધિકારીઓના ક્રોધનો જે તીવ્ર તાપ સહન કર્યો હતો એનો ઉપયોગ હિંદુ બંદીવાનો પ્રમાણે જ મુસલમાન બંદીવાનો સાથે પણ થયો હોવાને કારણે, એમને અમારા વિશે જેટલી થતી હોય એટલી કૃતજ્ઞતા ના થઈ હોત તો જ આશ્ચર્ય હોત. હજી એક વાત અમારા નિષ્પક્ષ પ્રયત્ન કરવાની પ્રામાણિક ઈચ્છાની સાક્ષી આપે એ છે, અમે ધર્માંતરનું ઉતરદાયિત્વ પણ મુસલમાનો જેટલું જ હિંદુઓ પર પણ નાખતા હતા.

ધર્મપ્રચાર અત્યાચારથી ના કરો !

આપણને જે ધર્મ સાચો લાગે એનો પ્રચાર બુદ્ધિવાદથી કરવો એ દરેકનો અધિકાર છે. મુસલમાનોના પ્રચારનો દોષ એટલે એ છે કે, એ લોકો આ પ્રચાર ગુંડાગીરી, ઘાતપાત, નીચતા, કતલો, બળાત્કાર જેવાં રાક્ષસી સાધનોથી પણ કરવા માટે અચકાતા નહીં. પહેલાં ખ્રિસ્તી પ્રચાર પણ આવી રીતે જ થતો. પરંતુ આજકાલ સાહજિક રીતે આવી વાત એમના હાથે થતી નથી. પરંતુ મુસલમાની ધર્મ વિશેનું ગાંડપણ આજે પણ અનેક સમયે આવો અત્યાચાર કરે છે. એ જો એમનો અક્ષમ્ય દોષ હોય તો પણ એમને આવા અત્યાચાર અને ઘાતપાત કરવા માટે ઉત્તેજન, અને તક, જે આપણી પ્રથા આપે, એ પ્રથા કોઈ મતિમંદ પ્રમાણે પકડી કચકચાવીને પકડી રાખનારા હિંદુઓના આત્મઘાતી, સંકૂચિત અને મૂર્ખ સ્વભાવ પર પણ ધર્માંતરના સંકટનો દોષ આવે ને આવે જ. અમારી તો એવી ભાવના છે કે, જો હિંદુ લોકો બે ઘાતક સમજૂતી તેઓ છોડી દે અને શુદ્ધ અને આરોગ્યપ્રદ અન્ન અને જળ કોઈના પણ હાથે લે તો એમાં દોષ નથી. એટલું જ નહીં પણ અશુદ્ધ અન્ન અને જળ, બળજબરી પણ લેવું પડ્યું તો પણ એમાં તરતીન દોષથી પણ, નિરંતરની આવી કોઈપણ ભ્રષ્ટતા અંગને અને આત્માને લાગતી નથી. થોડામાં કહું તો, એ પગલે પગલે ખોટા કૂદકા મારીને નાચનારે વટલાવવાવાળાના ગાંડપણની કલ્પનાની તંગડીઓ આપણે તોડી જ નાખવી જોઈએ, એવો એ નિર્ધાર કરશે, અને એ કલ્પના થકી જે હજારો લોકો આજ સુધી સ્વધર્મથી વંચિત રહી ગયા છે એમને પાછા સ્વધર્મમાં આવવા દઈને સ્વસમાજમાં એમને વ્યવહાર-યોગ્ય સમજશે તો મુસલમાનના ધર્માંતરનો અડધો-અડધ ધંધો ડૂબ્યો એમ જ સમજવું. ''વટલાવવું'' એ એક શબ્દમાં આપણી સામાજિક અને રાષ્ટ્રીય અધોગતિ માટે કારણ બનેલી મોટાભાગની પ્રથાઓનાં બીજ અંતર્ભૂત થઈ ગયાં છે. શુદ્ધિ પણ આ ''વટલાવવાના'' રોગને કારણે જ આવશ્યક બની.

બહિષ્કાર કરનારાની જ શુદ્ધિ થવી જોઈએ

સાચું કહું તો ગોમાંતક જેવા પ્રાંતમાં, જેમને ફક્ત ''વટલાવવા''ની મૂર્ખામીભરી સમજણ થકી આપણે આપણા જ હાથે તોડી મૂકયા, એમના જેવા સ્વજનો પાછા પિતૃપક્ષે લેખિત વખતે એમને શુદ્ધ કરવાની એટલી આવશ્યકતા નથી, જેટલી અમે એમને બળથી પિતૃપક્ષથી બહિષ્કૃત કરીને પાછા અંદર આવવા ના દીધા એ અમે અમારી આ જ્ઞાતિવિઘાતક, અરેરાટીભરી ક્રૂરતા માટે પ્રાયશ્ચિત કરવાનું છે! શુદ્ધિ બહિષ્કૃતોની નહીં, પણ આવા નિરપરાધી સ્વજનોને બહિષ્કૃત કરનારા આપણા બહિષ્કૃતોની કરવી જોઈએ!

એટલે અમારી એવી ખાતરી છે કે અન્ન-પાણીની છૂતાછૂતના નિષ્ફળ અતિરેકનો ત્યાગ અને ધર્મ

બહિષ્કૃતોને શુદ્ધ કરી લેવાની પ્રથા, આ બે સુધારણા જો હિંદુઓએ પોતાના સમાજમાં કરી તો એનાથી મુસલમાનોને હિંદુઓમાંથી ત્રસ્તોને વટલાવવા ખૂબ જ અઘરા થશે, વટલાવેલાઓના સાચવવા એનાથી પણ અઘરા થશે. એનાથી એમને બુદ્ધિવાદથી જે કોઈ હિંદુ વટલાવતા અને સાચવતા આવડશે એટલા જ હિંદુ મુસલમાન થવાથી અને એ જ ન્યાયી રીતે મુસલમાનોને પણ હિંદુ કરી લેવામાં, હિંદુઓને વાંધો ના હોવાથી, એક બાજુએ મુસલમાનોની અત્યાચારી વૃત્તિ તક સાધ્ય ના થતાં અને નિષ્ફળ થવાને કારણે ઓછી થશે. અને બીજી બાજુએ હિંદુઓને આપણા ધર્મબાંધવો ખેંચીને લઈ જતા જોઇને, જે મુસલમાનો વિશે સાહજિક દ્વેષ થતો એ ઓછો થશે. તલવાર તો બન્નેની તૂટેલી જ છે. તત્ત્વથી પ્રચાર કરવાનો બન્નેને અધિકાર છે. વટલાયેલામાંનો વટલાયેલો, એવું પોતાની બુદ્ધિને, હિંદુઓએ થવા દેવું ના જોઈએ. એટલે મુસલમાની ધર્માંતરનું ગૂંચળું, તલવાર અને તત્ત્વ, જે એમને અનુકૂળ થયેલાં ત્રણ સાધનોમાંથી તત્ત્વ જે કંઈ ન્યાયી રહી જશે તો ધર્માંતરનો વાદ જ મટી જશે. એટલે હિંદુ-મુસલમાનોની તીવ્ર ચકમક થવાનું એક મોટું નિમિત્ત દૂર થશે.

એ અર્થે અમે હંમેશાં કહેતા આવ્યા છીએ કે, હિંદુ સંગઠન અને શુદ્ધિ હિંદુ-મુસલમાનોના શાશ્વત વિરોધ માટે નથી પણ શાશ્વત એકતાનાં મહત્ત્વનાં સાધનો છે.

એ દ્રષ્ટિએ જ અમે આંદામાનમાં એનો અંગિકાર કર્યો હતો. ૧૯૧૩માં વરસે અમે શુદ્ધિકાય માટે પહેલાં ઝઘડો હાથમાં લીધો, ત્યારથી ૧૯૨૦-૨૧ વરસ સુધી, આંદામાનમાં, પછી હિંદુસ્તાનનાં કારાગૃહોમાં અને ૧૯૨૪માં વરસે છૂટી ગયા પછી આજ સુધી સંગઠનના અને શુદ્ધિ કાર્યમાં એ જ ન્યાયી આકાંક્ષાથી પરિશ્રમ કરતા આવ્યા છીએ. મુસલમાન બંધુઓનો, ખ્રિસ્તી બંધુઓના, અથવા મનુષ્ય જાતિમાંથી કોઈપણ જંગલીમાં જંગલી જાતિનો પણ અમે દ્વેષ તો શું તિરસ્કાર પણ કરતા નથી. એમાંથી જે વ્યક્તિની, વ્યક્તિ સંઘની અત્યાચારી પ્રવૃત્તિ નજરે પડે તો એ પ્રવૃત્તિ પૂરતું એનો સામનો કરીએ, કારણકે અમને એવી ખાતરી છે કે, આ શુદ્ધિની પ્રથાથી જ હિંદુ-મુસલમાનોની શાશ્વત અને લાભકારક એકતાને ભારે ભરખમ મદદ મળશે.



પ્રકરણ ત્રીજું

યુરોપિયન જર્મન મહાયુદ્ધની બાતમી અને આંદામાન પર પડનારા જર્મન છાપાની વાત

ઉત્તરાર્ધના પહેલા પ્રકરણ પરથી વાચકોને સમજાઈ ગયું હશે કે, રાજ બંદીવાનોને પહેલાં પહેલાં તો સ્વદેશી રાજકારણના સમાચાર મેળવવા કેટલા અઘરા હતા. એટલું જ એ આગળ જતાં સહેલું થઈ ગયું હતું. પહેલાં

તો બંદીવાનોને જ તો શું પણ ત્યાંના ઉચ્ચ હિંદી અધિકારીઓને રાજકારણમાં જરાય રુચિ ના હોવાથી એમના મનમાં રાજ બંદીવાનોને મદદ કરવાનું મન થયું તો પણ એ પૈસા, ખાવાનું, મેવો વગેરે વસ્તુઓ આપતા; પણ ખબર આપવાની સેવા કેવી રીતે કરવી એ એમને સમજાતું નહોતું. ભૂગોળ, ઈતિહાસ અને પ્રસ્તુત રાજકારણનાં નામોથી પરિચિત નહીં હોવાને કારણે રાજ બંદીવાનો સમાચાર સાંભળ્યા હોય તો પણે એ યાદ નહોતા રાખી શકતા. સુશિક્ષિત હિંદુ અધિકારીઓમાં ઘણા એવા મળી આવ્યા કે, જમણે ફક્ત અમારા આગ્રહ ખાતર અને અમને સમાચારો પહોંચાડવા માટે વર્તમાનપત્રો ધ્યાનપૂર્વક વાચવાની શરૂઆત કરી. એનાથી, રાજ બંદીવાનોના ઉપદેશથી અને ચળવળોથી ત્યાંની મંડળીઓનું રાજકીય માનસિક વાતાવરણ જેમ જેમ વિસ્તૃત થવા લાગ્યું એમ એમ અમને ખબર ઉપરાઉપરી મળવા લાગી. ક્યાં એ કચરા ગાડીમાંથી ફાટેલા કાગળના ટુકડાઓ શોધીને એકાદ સ્વદેશી ખબર મેળવવાના દિવસ, અને ક્યાં પાછળના પ્રકરણમાં જણાવેલા, જુદાં જુદાં સ્વદેશી પત્રો આખેઆખાં વાચવા મળનારા ૧૯૧૪ના એ સંધિના દિવસો! અધિકારીઓનો રોષ ઓછો થવાથી એ દિવસો નથી આવ્યા. કારણ એ વરસ દરમિયાન ''બ્રહ્મગીરી'' નામનો ઉત્તર હિંદુસ્તાની હિંદુ વોર્ડરને દૂરથી અમને રામ રામ કરતાં, એક મુસલમાની દૌલત ખાન પઠાણ નામના ટંડેલે જોયો. એટલે એને પકડીને, વોર્ડરપદથી કાઢી નાખ્યો, અને સખત કામ પર નાખી દીધો! બાકી બહુ જલ્દી અમે આ દૌલત ખાન ટંડેલની દોલત, અમે એને ચોરીથી બંદીવાનોનું અન્ન ખાતા પકડીને, ધૂળમાં મેળવી! પરંતુ આ ઉદાહરણ પરથી રાજ બંદીઓ સાથે, અતિ ખાસ તો અમારી સાથે, કોઇપણ બંદીવાન સંપર્ક ના રાખી શકે, એ વિશે અધિકારીઓનો હજી પણ કેટલો કટાક્ષ હતો એ સ્પષ્ટ થશે. આ કટાક્ષ ઓછો થવાથી નહીં, પણ બંદીવાનોમાં પ્રચાર કાર્યથી, રાજકારણનું જ્ઞાન અને રુચિ વધવાથી અમને સમાચાર હવે પહેલાં કરતાં વધુ પ્રમાણમાં મળવા માંડ્યા. અને એને કારણે બારી જેવા અધિકારી, પહેલાં ફક્ત અમને માનસિક યાતનાઓ આપવા માટે જે ખોટી અફવા ફેલાવતો, તેનો ધંધો ખાસ્સી માત્રામાં બેસી ગયો. એટલે કે, એને અમુક હિંદી પક્ષની મહત્ત્વની ખબરો અમે પોતે કહેતા! આવાં એક-બે મજા પડે એવાં ઉદાહરણો, દિગ્દર્શનાર્થે કહું છું.

જ્યારે ગવર્નર જનરલ પર બોમ્બ ફેંકવામાં આવ્યો !

દિલ્હીમાં ૧૯૧૨ના વરસે મોટો રાજ સમારંભ હતો અને એમાં પોતાના ચતુરંગ દળ સાથે, હાથી પર રાજવૈભવના ઠાઠમાં અંબાડી પર બેઠેલા એ વખતના ગર્વનર જનરલ લૉડ હાર્ડિંગ પર બોમ્બ ફેંકવામાં આવવાથી એ સમારંભનો ભયંકર અંત થયો. આ સમાચાર ત્યાંના વરિષ્ઠ અધિકારીઓ - ચીફ કમિશનરને - મળ્યા, અને એ બીજા અધિકારીઓને ખૂબ ગુપ્તપણે (confidential) જણાવ્યા, કે એટલામાં અમને બંધી નિશાળની કોઠડીમાં આવીને એ સમાચાર મળ્યા. મોઢે સમાચાર ખબર પડે પણ એમાં લાવનારા અજાણ માણસથી ક્યારેક કોઈ ભૂલ થતી, એટલે સવારે એક ગોરો અધિકારી કામ જોવા માટે હંમેશાંની જેમ આવીને, અમારી સાથે વાતો કરતા ઊભો હતો ત્યારે અમે દ્વિઅર્થી વાત કરીને, એ સમાચાર એ પણ જાણે છે કે નહીં, એ જોવા માટે આમ જ પૂછ્યું, ''શું દિલ્હીનો આખો સમારંભ નિર્વિઘ્ને પાર પડ્યોને ?'' એને એ સમયે એ સમાચાર મળ્યા નહોતા એટલે એણે દરવખતની અધિકારીક અતિશયોકિતથી જવાબ આપ્યો, ''ચોક્કસ!, અમારા સામ્રાજ્યનું એ ભીષણ પ્રદર્શન જોઈને જ તમારા મુઠ્ઠીભર ક્રાંતિકારીઓની બોબડી બંધ થઈ ગઈ હશે!'' એ વાક્ય સાંભળી અમને હસવું આવ્યું, પણ એ એને લાગી આવ્યું. એ પાછો કાર્યાલયમાં પહોંચ્યો તો બારીએ દિલ્હીનો તાર ગજવામાંથી કાઢીને એને આપ્યો. એટલે એણે એક ગાળ આપીને કહ્યું, ''આ રાજ બંદીઓને આ વાતની જાણ થઈ છે એમાં કોઈ શંકા નથી!'' બારી ચમકયો. ચૂપચાપ શોધ શરૂ થઈ. જોયું તો રાજ બંદીવાનોના જ નહીં પણ બંદીશાળાના બંદીવાનોના મોઢે પણ આ જ ખબર! કાર્યાલયમાં બારી ઉકળવા માંડ્યો. તેને અમારી સાથે બંદીશાળામાં આવ્યો ત્યારથી અમારી સાથે સ્નેહ ધરાવતા એક સુશિક્ષિત યુવાન બંધી લેખક હતો, એના પર શંકા ગઈ. એને બે દિવસ સતત

સતાવ્યા પછી પણ, જ્યારે એણે, બાતમી મને કોણે પહોંચાડી, એ કહ્યું નહીં ત્યારે, ''તને કોરડાથી મારીશ'' એમ બારીએ ગર્જના કરી. એ પણ હિંમતવાન છોકરો હતો, ''હમણાં મારો!'' કહીને લખવાનું મૂકીને ઊભો થયો. એને પર્યવેક્ષક પાસે લઈ જવામાં આવ્યો. પરંતુ એની વિરુદ્ધ કોઈ પૂરાવો ના હોવાને કારણે અને સરકારી કામ કરવામાં એણે કાયમ દેખાડેલી તત્પરતાને કારણે, અને વ્યવસ્થિત હોવાને કારણે એ પર્યવેક્ષકનો માનીતો હોવાને કારણે, ''આખરે તારા પર શંકા થાય, એટલો પણ તારો સાવરકર સાથે સંબંધ મળી આવે તો તને કોરડાથી મારશું. આજે આટલી ચેતવણી આપીને તને છોડું છું!'' એવું કહીને એને છોડી દેવામાં આવ્યો.

એ ગૃહસ્થે, મારી સાથેનો સંબંધ, એ ચેતવણી પછી, છૂટી જાય ત્યાં સુધી એકસરખો વિકસાવ્યે જ રાખ્યો હતો. છેલ્લે છેલ્લે તો એને અને મને એકસાથે સહકારી તરીકે અધિકારીઓએ જ નીમ્યા હતા. જતાં જતાં એટલું જ કહેવું પૂરતું છે.

રાજ બંદીવાનોની મદદ કરવી એ આપણું કર્તવ્ય જ છે તો પછી સજા થાય તો ભલે થતી! એવું સમજનારા ઉપરના ગૃહસ્થ જેવા દેશસેવક, બંદીવાનોમાં જે નીકળ્યા અમને છોડીને બીજા બંદીવાનો પણ અમને મદદ કરવામાં ના ગભરાતા થયા. કારણ ક્યારેક ક્યારેક અધિકારીઓના રોષનો ભોગ બનીને તેમનું વોર્ડર પદ જતું, અથવા બહાર સખત કષ્ટ કરવા માટે એમને નાખવામાં આવતા. ત્યારે બહાર જઈને પણ ધીરે ધીરે દેશસેવક અધિકારીઓનો અને બંધીઓનો જમાવ બનતો હોવાથી રાજ બંદીઓ માટે અથવા રાજકારણ માટે કોઈ, ''તૂટીને'' કે સજા થઈને આવતાં જ એને આરામનું કામ ખાનગીમાં અમારી મંડળી જ આપી દેતી હતી. પૈસાની પણ થોડીઘણી તકલીફ દૂર કરતા. આ મદદ મળવાને આધારે બંદીવાન, દેશસેવાનું પોતાનું કર્તવ્ય ઘણી નિર્ભય રીતે કરતા.

અમને દિલ્હીના બોમ્બની ખબર મળી છે એ જાણી જોઈને બારીને જે દર્શાવ્યું એ એટલા માટે કે, આવા બે પ્રસંગો થઈને, એકવાર એને, એના અમને ખબર નહીં મળવા દેવાના પ્રયત્નોની વ્યર્થતા સમજાઈ, કે એ બંદીવાનોને નાની નાની વાતોમાં એ વિશે હેરાન કરવાનું છોડી દેશે. પરિણામ પણ એવું જ આવ્યું. અમને કંઈ પણ કરો તો પણ મોટેભાગે સમાચાર મળે જ છે એ જોઈને એ થાકી ગયો. ક્યારકે ક્યારેક તો સ્પષ્ટ રીતે અમારી સામે કહેતો, અને સુપરિન્ટેન્ડન્ટને પણ કહે, ''રાજ બંદીવાનોને અંદરોઅંદર વાત કરતા બંધ કરાવો અને એમને બહારની વાતો ના મળવા દેવી, એ મારા માટે તો શું, પણ, Even if the devil be sent here on a Jailor instead of me, એ શેતાન માટે પણ એ શક્ય થશે નહીં!'' આ વાક્ય એ આગળ જતાં ઘણીવાર બોલતો અને ઢીલો પડીને સામે આવે એટલા જ પૂરતું સમાચાર કહેવાવાળા અને સાંભળનારા અપરાધીની ધરપકડ કરતો. એટલું જ નહીં પણ અમને વાતની ખબર પડે છે, એ અમે વારંવાર એને પ્રતીત કરાવવાને કારણે એને અને વરિષ્ઠ અધિકારીઓએ એક ખૂબ જ ઊંધા ઉપાયનું પાલન કરવું પડ્યું. અમને ક્યારેક બાતમી મળતી એ ખૂબ જ ''ફૂલાવેલા'' સ્વરૂપમાં મળતી. કારણ લાવવાવાળા પણ અજ્ઞાની હતા. ઉદાહરણાર્થે, દિલ્હીના બોમ્બમાં, ''ચાર બડે બડે લોર્ડ મારે ગયે,'' એમ બજારમાં લોકો બોલવા લાગ્યા! એવા સમયે સમાચાર અટકાવવાના કે છુપાવી રાખવાનો ત્રાસ વિના કારણે અને નિષ્ફળ અફસોસમાં બેસવાથી કંટાળીને અધિકારી સાહજિક જ ભાનમાં આવતા અને કહેતા, ''ખબર છુપાવી રાખીને થનારી આ ખાનગી અતિશયોક્તિની હાનિ કરતાં સાચા સમાચાર આપણે જાતે કહેવાથી થનારી હાનિ વધુ શ્રેયસ્કર છે'' અને ખરેખર એ એમને પહેલાં જ સમજવું જોઈતું હતું. ત્યાર પછી એ અમને અખબારો પણ આવવા માંડ્યાં. અને અખબારો જ્યારે વચવચમાં સ્વયં બારી પાસેથી મળવા માંડ્યાં, ત્યારે વિકૃત અને ઉભડક સમાચારો ક્યાંકથી લાવનારા રાજ બંદીવાનોની પરોક્ષ ખટપટ સાહજિકપણે ઓછી થવા માંડી.

દિલ્હીના બોમ્બના સમાચાર અમે મેળવ્યા એ વિશે અમારી સામે બદલો લેવા બારીએ એક દિવસ કોઠડીમાં ખબર ફેલાવી કે

સાવરકરનો નાનો ભાઈ આ બોમ્બ પ્રકરણમાં પકડાયો !

એ કંઈ બહુ અસંભવ નહોતું. કારણ એ પ્રકરણમાં સાચે જ એને ઘણો ત્રાસ સહન કરવો પડ્યો. પણ ત્યારે એ વિશે કંઈ જ ખબર ના હોવાને કારણે, સાચું કે ખોટું એ સમજવા માટે અમે સહજ ઉત્સુક થયા. બપોરે પર્યવેક્ષકે પણ અમને કહ્યું, ''શું તમારો નાનો ભાઈ તો બહાર છેને ?'' અમે જવાબ આપીએ એ પહેલાં જ બારીએ હસીને કહ્યું, ''એ પણ આવશે જ હવે અહીંયા.'' આવી નિર્લજ્જ મજાક કરવાની એની આદત જ હતી. થોડા ત્રસ્ત થઈને અમે કહ્યું, ''એ જ શું પણ હિંદુસ્તાનમાંથી કોઈપણ મનુષ્ય અહીં આવી શકે. હિંદુસ્તાન જ એક પ્રચંડ બંદીશાળા છે અને આયર્લેન્ડ પણ!'' બારી આયરિશ હોવાથી એ થોડો ભોઠો પડ્યો ત્યારે પર્યવેક્ષકે કહ્યું, ''છટ્, અહીં આવશે કે નહીં એની મને કંઈ ખબર નથી પણ એ જરા ડરપોક છે એવું લાગે છે.'' મેં વાત કઢાવવા માટે પૂછ્યું, ''એવું શેના પરથી ?'' ત્યારે સુપરિન્ટેન્ડન્ટે કહ્યું, ''એણે દિલ્હીની બાતમી સાંભળતાં જ સામેથી ડરીને, પોલીસના મુખિયાને તાર કર્યો કે, હું કલકત્તામાં, અહીં છું. આગળ-પાછળ મારા પર આરોપ કરશો, એટલે કહી રાખું છું.'' મેં કહ્યું, ''તો પછી આખા કલકત્તામાં એ એક જ વિચક્ષણ મનુષ્ય છે. એણે બોમ્બ ફેંકયો નથી એ દેખીતું જ છે. પણ જો એણે ફેંકયો હોત, તો પણ એણે આવો જ તાર તરત પોલીસને કરીને ગેરમાર્ગે દોરવા જોઈતા હતા. એ ડરપોકપણું નથી - જે દુષ્ટ શત્રુ પર વાર કરીને પાછા છટકી જવાનું પણ સાધ્ય કરે એ જ સાચો શુરવીર.''

અમારા આ માનસિક ત્રાસથી બેધડક જવાબ સાંભળીને પર્યવેક્ષક પણ એકદમ ચમકયો અને વધુ કંઈ ના બોલતા ચાલ્યો ગયો.

એ બે-ત્રણ દિવસ ભાઈ ખરેખર કોઈ સંકટમાં છે કે શું એ ચિંતાથી અમે અસ્વસ્થ હતા. ફરી ફરીને

''कीं घेतलें व्रत न हें अम्हि अंधतेनें
लब्धप्रकाश अितिहास - निसर्ग-मानें।
जें दिव्य, दाहक म्हणूनि असावयाचे
'बुध्याचि' वाण धरिलें करिं हें सतीचें।।

આ શ્લોક મનમાં બોલીને હવે જે થશે એ થશે, કહીને આશ્વાસન આપતા પોતાને સ્વસ્થ કરતા હતા. આગળ સાચા સમાચાર જાણ્યા, એટલે એ ચિંતા આથમી.

આવી વિના કારણે માનસિક યાતાના આપવાના બારીના પ્રયત્નોનું હજી એક ઉદાહરણ હવે યાદ આવ્યું છે. એક દિવસ એ આવ્યો અને કહ્યું કે,

લાલા હરદયાળ કોણ છે ?

એ અર્થાત્ જ કહ્યું કે, પહેલાં ગૃહમંત્રી જ્યારે આવ્યા હતા, એમણે અમેરિકામાં જે છે એની બાતમી મને તમારી સામે કહી હતી, એ ક્રાંતિકારી પક્ષના એક આગેવાન, તમને સારી રીતે ખબર છે. કંઈ ખાસ હોય એ વિશે તો બોલો. બારીએ ખૂબ જ ખાનગી રીતે ખબર જણાવી કે લાલા હરદયાળજીને, હત્યાંનાઆરોપસર પકડીને મુંબઈ લાવવામાં આવ્યા છે! અમારા મનમાં ત્રાડ પડી. અમારા સહકારીઓમાંથી પ્રમુખ સહકારી અને એ સમયના ક્રાંતિકારીઓના આગેવાન, પકડાઈ જઈને એના આયુષ્યનું હવે અમારી જેમ ધનોતપનોત ના નીકળે! કમનસીબ આ દેશનું! અમને પરદેશથી આમ જ લાવવામાં આવેલા અમારા દિવસોની યાદ આવી. આ સમાચાર કેટલી હદે સાચા છે એ પૂછવા માટે બહાર છૂપી રીતે વોર્ડરને મોકલ્યો. એને એ નામ જ યાદ ન રહે. યાદ કરી લીધું. મનમાં ત્રાસ થયો કે, શું આ આપણા દેશની દુર્દશા! જે લોકો જાન હથેળી પર રાખી સ્વાતંત્ર્ય માટે, દેશ વિદેશમાં પ્રાણ દાવ પર લગાડે છે એમનું નામ પણ આ કૃતઘ્ન દેશને ખબર નથી. એ વિચારથી અમારું માથુ તપી ગયું. સાથેના બંદીવાનોએ પાણીની ધાર મારીને થોડું શાંત કર્યું. એમાં જ પર્યવેક્ષક રોજની જેમ તપાસ કરવા આવીને મને પૂછતો થયો, ''શું લાલા હરદયાળ

તમારો મિત્ર હતો એ સાચું છે?'' મેં સ્પષ્ટ રીતે કહ્યું, ''હા, એમની મૈત્રીનું માન મને મળ્યું હતું. એમની પર હત્યાનો આરોપ મૂકી એમને પકડવામાં આવ્યા છે. દિલ્હીના બોમ્બમાં એમનો હાથ હતો.'' મેં કહ્યું, ''હશે, હોય તો પણ એમના વિશેનો મારો સ્નેહ અને સન્માન ઓછાં થશે નહીં.'' મારા આ જવાબથી પર્યવેક્ષક સાહજિક રીતે ગભરાયો, કે આજે આની વૃત્તિ હંમેશની જેમ હસતી અને વિનોદી ના હોઈને ક્ષુબ્ધ છે. એણે વિષય બદલી નાખ્યો. હું રાજ બંદીઓ, મેં આવો દ્રઢતાથી જવાબ આપ્યો એ વિશે ચિંતા કરવા લાગ્યા. મેં કહ્યું, ''મને બધું સમજાય છે, પણ હરદયાળનું પકડાઈ જવું અને એ દિવસે જ એમનું ખુલ્લેઆમ ગૌરવ કરવાની તો વાત જવા દો, પણ ફક્ત એમની સાથેનો સ્નેહસંબંધ સ્વીકારવાનું અનુમાન કરવાનું આ બીકણપણું મારાથી થયું જ નહીં. હરદયાળ મારો મિત્ર હતો, મને હજી શી સજા કરશે?... આ હવે આપણે શીખવું પડશે. હરદયાળના વારસ થવાનો આ જ માર્ગ છે.

ધીરે ધીરે મન શાંત થઈને સાચી ખબર કાઢવાના માર્ગે લાગ્યો. એક-બે દિવસમાં ખબર પડી કે, એ અમેરિકામાં પકડાયા. પણ જામીન પર છોડવામાં આવ્યા હતા. બારીને આવતા-જતા, અમે રાજ બંદીઓ જાણી જોઈને પૂછવા લાગ્યા, ''હરદયાળ મુંબઈમાં છે કે દિલ્હી લઈ જવામાં આવ્યા?'' એમને લાગ્યું કે અમે સાચે જ અજાણ છીએ. એટલે એ કહેતો ''દિલ્હીમાં!'' એક દિવસ તો સવારી એટલી હરખાઈ ગઈ કે, ''હરદયાળને સજા થઈ છે, પોર્ટ બ્લેરમાં વહેલી તકે ચલાન થશે!'' અમે હસવાનું દબાવીને કહ્યું, ''જુઓ એ આવે તો આ મારી પાડોશની કોઠડી એને આપજો હં કે. એકવાર વાત તો કરી લઈએ.'' તો પણ મર્મ ના સમજતાં, એ બંદીવાને હંમેશાંની જેમ ગંભીર મુદ્રા કરીને બોલ્યો, ''એનો વિચાર કરીશું!'' એ વાક્ય બોલતા જ પંગતમાં બેસેલા પાંચ-દસ રાજ બંદીઓ હસવું ન રોકી શકતા મોટે મોટેથી હસવા લાગ્યા. ત્યારે એ અભણ-ભણેલાને સમજાઈ ગયું કે, આમને મારા ગપ્પાનું પોકળપણાની પહેલેથી જ ખબર હોવી જોઈએ અને અને આ લોકો મને આજ સુધી ''બનાવતા'' આવવા જોઈએ!

થોડા દિવસો પછી અમને પાછી ખબર મળી કે હરદયાળ અમેરિકન સરકારને ચકમો આપીને છટકી ગયો. એટલું જ નહીં, અમેરિકન સરકારને પોતે ચકમો ખાઈ લીધો એવી પણ ખબર છે! કંઈપણ હોય, તો પણ હરદયાળના નિર્વિઘ્ન છૂટકારાની વાર્તા સાંભળતાં જ અમારા જીવ પરનો એક બોજો ઉતરી જવા જેવું થયું!

હિંદુસ્તાનના પ્રખ્યાત આગેવાનો વિશે આવા જ પ્રકારના તુચ્છ વિનોદી ઉદ્ગાર અધિકારીઓએ કાઢવાનું હજી એક ઉદાહરણ કાળક્રમ છૂટતો હોવા છતાં અનુસંધાન માટે અહીં જ કહું છું. અમારી તબિયત આગળ જતાં ખૂબ જ બગડી અને અમે માંદગીના બિછાને એકદમ ઢળી પડ્યા, ત્યારે એકવાર આંદામાનના ચીફ કમિશનર અમને જોવા આવ્યા હતા. એમનું મારી સાથે હંમેશાં સભ્ય વર્તનહોતું. બોલતાં બોલતાં એમણે કહ્યું કે, ''હું યુરોપથી થોડા દિવસ પહેલાં આવતો હતો ત્યારે

સુરેન્દ્રનાથ બેનર્જી

આગબોટ પર મળ્યા હતા. એમને મારી ઓળખ થતાં જ, ''સાવરકરની તબિયત કેવી છે?'' એવી પૂછપરછ કરી. અને એમ પણ પૂછ્યું કે, ''હું જો એમના સમાચાર પૂછવા અને રાજ બંદીઓની એકંદરે સ્થિતિ પ્રત્યક્ષ જોવા માટે આંદામાન આવું તો પરવાનગી મળશે કે?'' આ સાંભળીને મેં ચીફ કમિશનરને કહ્યું, ''તો તમે શું કહ્યું?'' એમણે જવાબ આપ્યો, ''મેં કહ્યું આવો, પણ નક્કી શું એ પાછળથી જણાવીશ. પણ સાવરકર, તમારા સુરેન્દ્રનાથ જો આવ્યા જ તો એમને ઉતારો આપવા માટે તમે જ્યાં બંધ છો એની પાડોશની કોઠડી કરતાં વધું સારી જગ્યા આંદામાનમાં અમારી પાસે નથી.'' મેં એમ જ હસીને કહ્યું, ''કેમ? ચીફ કમિશનરનો બંગલો છે! બે દિવસ ચીફ કમિશનરે આ બંધ કોઠડીમાં રહેવું અને એ મહેમાનની યોગ્યતા અનુરૂપ ન હોય તો પણ એ બંગલાની જગ્યા એમને સ્વાધીન કરવી!!''

અહીંયાં જ એ કહી નાખવું અમારું કર્તવ્ય છે કે, રાજ બંદીઓ વિશે અને અમારા વિશે બંગાળના એ વૃદ્ધ લડાયક સુરેન્દ્રનાથે, જે કટિબદ્ધતા પહેલેથી છેલ્લે સુધી દેખાડી અને ''બંગાળ''થી ''વિધિમંડળ'' (કાયદા કાઉન્સિલ) સુધી જે મદદ કરી એટલી હિંદુસ્તાનના કોઈપણ આગેવાને ભાગ્યે જ કરી હશે. અમારા આભાર પ્રદર્શનને સાંભળવા માટે આજે તે વૃદ્ધ દેશભક્ત હયાત નથી એનો અમને રહી રહીને ખેદ થાય છે!

પૂર્વાર્ધમાં અમે લગભગ ૧૯૧૪ના મધ્ય સુધીની અમારી કારાવાસની કથા લાવીને પહોંચાડી હતી. સંપના પરિણામથી રાજ બંદીઓની અમુક માગણીઓ માન્ય થઈ હોવાથી અમે કામ શરૂ કર્યું. એ બાતમીની જાણ થતાં જ ચીફ કમિશનરને પણ એક કટકટ ટળી, એવું લાગ્યું, અને એણે પહેલાં કોઈને પણ ના મોકલ્યો હોય એવો એક પત્ર મને મોકલીને મારું અંગત અભિનંદન કર્યું. અને અમે એ કારાગૃહમાં, એ જ કોઠડીમાં ૧૪ વરસ હવે કેવી રીતે કાઢવાં તેની ચિંતામાં ચૂર થઈને સમય વિતાવવા માંડ્યા. કારાગૃહમાં પગ મૂક્યો ત્યારે વધુમાં વધુ પાંચ વરસ આ કોઠડીમાં કાઢવાં પડશે એવી અમે કમર કસી હતી; પણ હવે ૧૪ વરસનું આ લાંબું-કાળું બોગદું, અમારા જીવનરથને ના ટાળી શકાય એમ ''આ'' ફેલાઈને આડું ઉતર્યું!

દ્વીપાંતર વાસની સજા થતાં જ, આંદામાનના નિયમોનું પુસ્તક વાચીને અમે અમારી યુવાન પત્નીને આશ્વાસનાર્થે એક કવિતાબદ્ધ પત્ર લખીને જાણી કરી હતી કે, બહુ બહુ તો પાંચ વરસ ધીરજ રાખવી. એ પછી આંદામાનમાં જ કેમ ના હોય, પણ પાછા પ્રેમની ઝૂંપડીમાં ભેગાં થશું. અને આપણા પોતાના હાથે લગાડેલા અને આપણી ઝૂંપડીની આગળના ભાગમાં, માંડવા પર ફૂલોથી મઘમઘતાં પ્રસરેલાં મોગરા-માલતી, જાઈ-જૂઈની લત–વેલો સાથે આપણો ઈષ્ટ સંબંધ બાંધીને રહેવા લાગશું, જન સહવાસ નહીં તો કંઈ નહીં.

પણ હવે એ આશા પણ નિષ્ફળ થઈ. આજે અઘરામાં અઘરું સંકટ જે સ્વીકારીએ એ કાલે આવનારા સંકટ સામે ક્ષુલ્લક લાગવા માંડે, આમ એક સરખા કષ્ટોનો અતિશય મારો ચાલેલો. જે આવતું એ પાછળનું વધુ સારું હતું એમ કહેતુ. આ માનસિક ઉત્પાતમાં, કલ્પના સૃષ્ટીની એ જાઈ-જૂઈ પણ સૂકાઈ ગઈ; કલ્પના સૃષ્ટીની ભિનાશ પણ ના મળતી થઈ!

એમાંય અમારા કષ્ટમાં ભાગીદાર થયેલા અને સંકટમાં પણ અમારા પર ભક્તિપૂર્વક પ્રેમ કરનારા અમારા રાજ બંદીવાનોમાંના સમદુઃખિયા અમે જ કરેલી માગણી પ્રમાણે હિંદુસ્તાન મોકલવામાં આવ્યા હોવાથી, એમને ત્યાંની બંદીશાળાના નિયમાનુરૂપ સજાની આંશિક છૂટ મળશે, એટલે આનંદ થતો હોવા છતાંય, એ બધાનો એકાએક વિયોગ લાગવાથી, અમે પાંચ-છ લોકો પાછળ રહી ગયાને કારણ મન ખૂબ ઉદાસ રહેતુ. એકાંતવાસ ક્યારેક ક્યારેક અસહ્ય થઈ જતો. કોઈએ પ્રેમથી બોલાવવું, કોઈને સ્નેહથી, આવ બેસ કહેવું, એવી ઉત્કટ ઈચ્છા થતી; પણ મમતાભર્યો મનુષ્ય એ નિષ્ઠુર કારાગૃહમાં કોણ મળશે! મન, મનને જ ખાવા દોડતું. ખાલીખમ લાંબીને લાંબી રાતો સરતા સરતા હતી, નહોતી થતી. નવો સ્નેહ, નવી ઘટના, નવી આશાઓનો ખોરાક ના મળવાથી, ''મારે'' સ્મૃતિના કબાટમાંથી, જૂની જ યાદો, જૂની જ ઘટનાઓ, જૂનાં જ સ્નેહ-સ્મરણો, કાઢી કાઢીને રમતા બેસવું. પણ ચિત્રના ભાતથી ભૂખ કેવી રીતે રોકાશે? ક્યારેક ક્યારેક આ ભૂખથી વ્યાકુળ થયેલા વિકાર અને વિચાર, એકાદ દુષ્કાળગ્રસ્ત થઈ દંગો કરી ઉઠેલા ચોરોની ભયંકર ટોળીની જેમ વિદ્રોહ કરી ઉઠતા! કંઈ પણ કરવાથી એ શરમાતા નહોતા. ભૂખ! ભૂખ! કહી ચિત્તને હેરાન કરીને છોડતા. આમ મહિનાઓ સુધી ચાલ્યું. વિયોગથી ઉદાસ થયેલા, એકાંતથી સતાવેલા, સ્નેહ માટે, પ્રેમ માટે વ્યાકુળ થયેલા, તો પણ કર્તવ્ય કરવું જોઈએ એટલી સમજણ જીવતું રહેલું એ દિવસોનું અમારું જીવન કેટલું દુઃખદ થઈ ગયું હતું એ અમારી સાથે, એ જ કષ્ટ સહન કરેલા અમારા એક બંધુવર્ગને જ ખબર હોઈ શકે! કર્તવ્ય કરતા રહીએ તો પણ છૂટી જવાની આશા નહોતી. ત્રીજો એક માર્ગ એટલે, બંદીશાળાની બહાર છૂટી ગયા પછી કર્તવ્ય કરતાં કરતાં છૂટવાનો મોકો સાધવાની શક્યતા. એ માટે બને એટલું નિયમભંગના પેચમાં ન પકડાતા આજે નહીં તો કાલે બહાર જવું શક્ય થશે, એટલે વાટ જોઈ. પરંતુ ૧૪ વરસ કારાગૃહમાં રહેવું જ પડશે એ નિશ્ચિત આદેશ થયો હોવાને કારણે, એ બહાર જઈને

છૂટી જવાની શક્યતા પણ આથમી! આવી નિરાશ પરસ્થિતિના એ દુઃખદ દિવસો કેવી રીતે પસાર થયા, એ અમને જ સમજાતું નથી.

અંગ્રેજોના જમાઈ સાથે યુદ્ધ!

આમ જ અમુક મહિનાઓ પસાર થયા. ત્યારે એક દિવસ અમને બહારથી ખબર મળી કે, અંગ્રેજોનું કોઈ એક રાજા સાથે મોટું યુદ્ધ છેડાયું છે!

પ્રથમ એ બજારની વાત પર બહુ વિશ્વાસ બેસતો નહોતો; કારણ બંદીવાનોને, પોતાની નિરાશ સ્થિતિમાં આવી કંઈક કાલ્પનિક આશાનો આધાર લેવાની સાહજિક ટેવ પડી ગઈ હતી. દર ચાર-પાંચ મહિને એકાદ ''જ્યુબલી''ની, ઉત્સવની અને તેના લીધે થનારી બંધીમુક્તિની બાતમી કોઈકને કોઈક ઉડાડતું. ડૂબનારાઓને એ કાલ્પનિક તણખાનો આધાર પણ લેવાની ઈચ્છા થતી. અમુક દિવસ તો એ આશા પર વીતી જતા. આગળ જતાં એ ઠગારી સાબિત થતી. તો બીજું એકાદ ધાપનું તણખલું એ કલ્પના પર તરતું એમની સામે આવતું. એમાં પણ યુદ્ધ શરૂ થયું પણ કોની સાથે એ પાછું કોઈ કહી નહોતું શકતું. કારણ અજ્ઞાન! હિંદી બંદીવાનોને આખી દુનિયાના બે જ રાજ્યોની જાણ હતી. અંગ્રેજ અને અમીર! મુસલમાનોને બહુ બહુ તો તુર્કીના અસ્તિત્ત્વની જાણ હતી. એમાંય યુદ્ધ શરૂ થયું, ત્યારે કોઈ કહેતુ અમીર સાથે, તો કોઈ કહેતુ તુર્કી સાથે! બન્નેમાંથી કોઈની પણ સાથે થાય તો પણ અંગ્રેજોનો વાળ પણ વાંકો થવાનો નહોતો. એટલે બે-ત્રણ દિવસ અમે તે તરફ બહુ ધ્યાન આપ્યું નહીં. પણ આગળ ખબર આવી કે, અંગ્રેજોના જમાઈ સાથે યુદ્ધ છેડાયું છે! એ જમાઈ કોણ? મોઢે જર્મનીનું નામ અમારા બહારના ખબરીઓ આપતા. પણ ખબર અંદર લાવનારા અહીં બંદીવાન એ નામ ભૂલી જઈને, અંગ્રેજોની છોકરી કોઈકને આપી છે ને? એમની સાથે યુદ્ધ થયું છે એમ કહેતા! એમને રાજાઓની છોકરી આપવી-લેવીની જૂની કલ્પના સમજાતી. પણ અંગ્રેજોની છોકરી એટલે શું એ અમને સમજાયું નહીં. હા, ના, કરતાં એક ચિઠ્ઠી લખી લાવવામાં આવી. એના પરથી સ્પષ્ટ જાણ થઈ કે, જર્મનીનું અંગ્રેજો સાથે યુદ્ધ છેડાવાની શક્યતા સંભવ છે, ફ્રાન્સ સાથે તો છેડાયું જ છે!

જર્મનીનું અંગ્રેજો સાથે યુદ્ધ? અનેક વરસ પ્રતિક્ષિત કરેલી આ સુવર્ણ તક આખરે આવી તો ખરી! પણ એ આવી અગતિક અવસ્થામાં.....! આ ફક્ત ઈતિહાસ!

પહેલા અનેકવાર કહ્યું હોવા છતાંય ભ્રામક અનુમાન ટાળવા માટે અહીં પાછું એકવાર સ્પષ્ટ રીતે કહું છું કે, અમે આ આખા કથનમાં જે વિચાર અથવા ભાવનાઓનું વર્ણન કરતા આવ્યા છીએ અથવા વર્ણવવાના છીએ એ વિચાર અને ભાવના એ એ સમયે જન્મ્યાં હતાં. એ એ સમયે જન્મ્યા એટલે આજે પણ એ અમારા મનને માન્ય હશે એવું અનુમાન કોઈએ કરવું નહીં. આ ફક્ત ઈતિહાસ છે. એનું સમર્થન નથી.

જર્મનીનું ધ્યાન હિંદુસ્તાનના રાજકારણ તરફ આકર્ષવા માટે પહેલાં તો અભિનવ ભારતના પ્રયત્નો જ પ્રમુખરીતે કારણભૂત થયા હતા. અમે યુરોપમાં ગયા હતા ત્યારે જર્મન, ફ્રેન્ચ, આયરિશ, તુર્ક (યુવાન તુર્ક) મિસ્ર વગેરે પરરાષ્ટ્રીયો સાથે વાતચીત કરતી વખતે અમને એવું સ્પષ્ટ રીતે જાણવા મળ્યું કે, યુરોપમાં હિંદુસ્તાની એટલે કોઈ જીવંત લોકો છે એવી કલ્પના જ નહોતી. રાષ્ટ્રની દ્રષ્ટિએ હિંદુસ્તાનનું અસ્તિત્ત્વ કોઈ માનતું જ નહોતું. એ એક મૃત્યુ પામેલી સંસ્કૃતિ છે અને આંતરરાષ્ટ્રીય રાજકારણના દાવમાં એ પત્તાનો, દુચ્ચમ તરીકે કેમ ન હોય, પણ ઉપયોગ કરવો અશક્યછે એવું એમને લાગતું. પરંતુ અભિનવ ભારતની ઈંગ્લેન્ડમાંની હિલચાલની ઈંગ્લેન્ડનાં પત્રોમાં અને જનતા થકી જેવી હિંદુસ્તાન વિષયક ખળભળ શરૂ થઈ, એમ એમ યુરોપના ધૂર્ત આગેવાનોનું ધ્યાન હિંદુસ્તાન તરફ આકર્ષાયું. ખાસ તો ફ્રાન્સ અને જર્મનીમાં, હિંદુસ્તાનની આકાંક્ષાઓની ઘોષણા કરવા માટે અભિનવ ભારતની પ્રમુખ વ્યક્તિઓની જારી હતી. મેડમ કામાના જર્મનીના એક વ્યાખ્યાનનો ઉલ્લેખ અમારા ખટલામાં કરેલો જ છે. એ પછી, ત્રસ્ત પત્રોમાં

ક્રાંતિકારીઓના લેખ પણ ક્યારેક ક્યારેક પ્રસિદ્ધ થતા. આગળ મદનલાલ ઢિંગરાએ કરેલા સર કર્ઝન વાયલીના વધને કારણે, એના નિર્ભય ફાંસીએ મડવાને કારણે અને અભિનવ ભારતના બીજા આગેવાનો પર અને એમની ચળવળો પર, જર્મનીમાં અને ફ્રાન્સમાંના અંગ્રેજોના ગુપ્ત પોલીસો પાછળ પડવાને કારણે, યુરોપમાં, હિંદી રાષ્ટ્રની રાજકીય શક્તિ પરનો વિશ્વાસ વધતો ચાલ્યો. ઢિંગરાએ પોતાની પૂછપરછના સમયે કરેલા જાજવલ્ય કથનમાં (Statementમાં) જર્મનીનો ઉલ્લેખ કર્યો હતો. એ પછી અમે પ્રસિદ્ધ કરેલા સત્તાવનના ક્રાંતિયુદ્ધના ઈતિહાસની છપાઈનું કામ ક્યાં ચાલી રહ્યું છે એ શોધવા માટે, જર્મનીમાં અંગ્રેજી પોલીસોની તપાસ શરૂ થઈ. એ વખતે એમનામાંથી અમુક જર્મન અધિકારીઓનો અમને સંદેશો પણ આવ્યો હતો. આવા જ એક પ્રસંગે, ''તમે જલ્દીથી પકડાઈ જશો, તો સંદેશો મળતાં જ ઈંગ્લેન્ડ છોડો,'' એમ કહી જર્મનીમાં રહેનારા એક હિંદી ક્રાંતિકારીના હસ્તે, અમને જર્મન પોલીસમાંના એક હસ્તકે, ઉતવળિયો સંદેશ આપ્યો હતો. ''તરવાર'' નામનું અભિનવ ભારતનું મુખપત્ર જ્યારે શરૂ થયું, ત્યારે એના પહેલાં જ અંકમાં, જર્મની સાથે ઈંગ્લેન્ડનું યુદ્ધ, પાંચ-છ વરસમાં શરૂ થશે, એટલે એ વખતે હિંદુસ્તાનના સ્વાતંત્ર્યનો પ્રશ્ન ઉકેલાવાની સોનેરી તક આવવાની છે, એવું 'કિલ' કાલવ્યાનું સવિસ્તર વિવરણ કરી દિગ્દર્શન કર્યું હતું. આગળ માર્સેલ્સમાં અમારા છૂટકારા માટે અમે કરેલી હિંમતને કારણે, આખા યુરોપમાં, ક્રાંતિકારીઓના પ્રયત્નોની અને આંકાક્ષાંની અને તેના માટે કરી રહેલા સાહસિકપ્રાણત્યાગની ચર્ચા શરૂ થઈ. હિંદુસ્તાનમાં થનારી ઉથલપાથલ કરતાં એમના દરવાજે થનારાં અનેક ભયંકર અને ઉત્ક્ષોભક કૃત્યોની, યુરોપમાં, હિંદુસ્તાન એ રાષ્ટ્ર, પૂર્ણ રીતે મૃત્યુ ના પામીને, અંગ્રેજોને સારું એવું ત્રાસદાયક થઈ શકે એવું એ એમના હાથનું એક ભાવિ સાધન છે એવી ભાવના જાગી. જર્મનીની ઈંગ્લેન્ડ સાથેની તીવ્ર રસાકસીને કારણે, જર્મનીમાં તો એ ભાવનાને વધુ બળ મળીને, અમે પકડાઈ ગયા પછી હિંદી ક્રાંતિકારીઓ સાથે ગુપ્ત સંબંધ, પદ્ધતિસર રીતે જોડવાના જર્મનીના આગેવાનોના પ્રયત્ન શરૂ થયા. અભિનવ ભારતના એક-બે કર્તા અને કુશાગ્ર બુદ્ધિના આગેવાનો એ પ્રયત્નોનો લાભ લેવા માટે જર્મનીમાં જઈને રહ્યા; અને અમેરિકામાં ગયેલા આગેવાનોએ પ્રસ્થાપિત કરેલા ''ગદર'' પત્રમાં જર્મન મહાયુદ્ધ શીઘ્ર શરૂ થવાની શક્યતા છે. આ તક થકી સ્વદેશની મુકિતના મરણિયાપ્રયત્ન કરવા માટે સજ્જ થાવ એવા ઉત્ક્ષોભક લેખ પ્રકટ રીતે આવવા લાગ્યા. આ ખબરોની અમને આંદામાનમાં પણ થોડી થોડી જાણ થઈ હતી.

આ પૂર્વસંદર્ભ સંક્ષિપ્તમાં અહીં આપવાનો મુખ્ય હેતુ એ કે, એના લીધે જર્મનીનું મહાયુદ્ધ શરૂ થવાની ખબર અમને મળતાં જ અમારા અભિનવ ભારતીય કાર્યક્રમ પ્રમાણે એ ખબર અનપેક્ષિત ર્ન હોવા છતાં, એ ક્યારની ઇચ્છેલી ઘટના થતાં જ, એનો પૂરેપૂરો લાભ આપણે ના લઈ શકીએ, એવી અગતિક અવસ્થામાં અમારું પડવું એનો અમને કેટલો પસ્તાવો થયો હશે એની કલ્પના વાચકો કરી શકે છે. અમારી તરતીન ભાવના અને યોજના શું હશે એ હવે સવિસ્તર કહેવાની જરૂર નથી.

અગતિક અવસ્થામાં પડ્યા હતા ત્યારે સ્વરાષ્ટ્રની શક્ય મુક્તિની જે સદીઓમાં એક કે બે વાર આવનારી સુવર્ણ તક આવવી, એની ગમે તેટલી ચટપટી થઈ હોય તો પણ, તરત જ એ અગતિક અવસ્થામાં પણ એ સુવર્ણ તકનો પર્વ આપણી માતૃભૂમિના હાથમાંથી છટકી ના જાય, એટલે જે કંઈ, એ પરિસ્થિતિમાં દાવપેચ કરવા શક્ય હતા, એ કરવાનો અમે નિશ્ચય કર્યો.

એટલામાં પર્યવેક્ષકે જ તપાસની વિધિના દિવસે અમને કહ્યું કે, ''યુરોપમાં એક બહુ મોટું બહુરાષ્ટ્રીય યુદ્ધ શરૂ થયું છે અને તુર્કી જર્મનીના પક્ષમાં મળી ગયું છે! એ યુદ્ધ માટે પોર્ટ બ્લેરમાં ફાળો ઉઘરાવવાનું નક્કી થયું છે. અને એક પોર્ટ બ્લેરના જ લેખકનું માસિક પત્ર કાઢવાનો વિચાર છે, તો એમાં તમે પણ એક કવિતા અને લેખ આપો.''

પર્યવેક્ષકની વિનંતી પ્રમાણે મેં એક બહુ લાંબી કવિતા અંગ્રેજીમાં લખીને આપી હતી. મારી અંગ્રેજી કવિતાઓ ત્યાંના બ્રિટિશ અધિકારીનાં થોડા પરિચયની હતી જ. પરંતુ એ કવિતાના સ્વતંત્ર વિચાર કેટલા

અંશે એમના ચિત્ત સુધી પહોંચશે એની મને શંકા જ હતી. છેવટે એ માસિકના જન્મ પહેલાં જ અંત થઈ જવાને કારણે એ વાત એમ જ રહી ગઈ.

છતાં પણ પર્યવેક્ષકે, તુર્કી રાષ્ટ્ર જર્મનીને મળ્યું છે કે વર્તમાન કહ્યાથી, મારા મનમાં મેં નક્કી કરી રાખેલા તટસ્થ કાર્યક્રમનું રૂપ ઘણું પલટાયું. તુર્કી રાષ્ટ્ર ઈંગ્લેન્ડની વિરુદ્ધ ગયાનું સાંભળતાં જ, મુસલમાનોની પેન-ઈસ્લામી (Pan Islami) ગુપ્ત મહત્ત્વકાંક્ષાઓથી ચિરપરિચિત હોવાને કારણે મારા મનની સામે, હિંદુસ્તાન પર આવનારા એક નવા સંકટનો ડર 'દત્ત' તરીકે ઊભો રહ્યો. તુર્કીના યુદ્ધપ્રવેશથી, જર્મનીનો હાથ હિંદુસ્તાન સુધી પહોંચીને, અંગ્રેજી સત્તાને હિંદુસ્તાનમાં જ મહત્ત્વના પેચ પાડવાની સંભાવના શક્ય હતી. એ મારા તરતીન કાર્યક્રમમાં મોટી આપત્તિ જ હતી; કારણ એ પેચને કારણે હિંદુસ્તાનની ન્યાયી માગણીઓ એક તો પોતાની મેળે પૂરી કરવા માટે ઈંગ્લેન્ડ મજબૂર થઈ જાય; નહીંતર એ એંગ્લો જર્મન હાથીઓની પરસ્પર લડાઈમાં બેઉ પક્ષોનાં મસ્તકો શીર્ણ અને ચૂર થઈ જઈને, હિંદુસ્તાનને પોતાની એ આકાંક્ષા, પોતે જ પૂરી કરવાની તક મળે. પરંતુ આ રસાકસીમાં રશિયાની મુસલમાની ટોળીઓને હિંદુસ્તાન પર ચડાઈ કરીને હિંદુસ્તાનમાં અસ્તવ્યસ્ત થઈ ગયેલી મુસલમાની સત્તા ફરીથી સ્થાપવાની શક્યતા જોતાં હિંદુસ્તાની મુસલમાનોની રાક્ષસી ખટપટ પણ કદાચ ફળીભૂત થવા જેવું હતું.

આ બધા દાવપેચનો પૂર્ણ વિચાર કરીને મારી અગતિક સ્થિતિમાં મારા માટે એ તકમાં જે કરવા જેવું હતું તેની રૂપરેખા મેં મનમાં ઠરાવીને તેનો તેત જણાવવા માટે હિંદુસ્તાન સરકારને એક પત્ર મોકલાવવાનું ઠરાવ્યું. મારી યોજનાની રૂપરેખા ભલે અહીં આપી શકાય તેમ નથી તો પણ અમારા એ આવેદનપત્રની રૂપરેખા અહીં જણાવવી શક્ય છે.

નિરુપાય તરીકે સશસ્ત્ર પ્રતિકાર

પર્યવેક્ષકે, હિંદુસ્તાન સરકારને આવેદન પત્ર મોકલવાની પરવાનગી આપતાં જ મેં હિંદુસ્તાન સરકારને લખ્યું કે, આ મહાયુદ્ધમાં હિંદુસ્તાની રાજકીય સ્થિતિ, સરકારને ચિંતા કરાવતી હોવા જેવી સાહજિક જ હોવાથી અને ખાસ તો હિંદુસ્તાની ક્રાંતિકારીઓ આ યુદ્ધમાં કયું ધોરણ સ્વીકારે છે એ સમજવા માટે એમને ઉત્સુકતા થાય એ શક્ય હોવાથી, ક્રાંતિકારી ચળવળો સાથે ખૂબ નિકટ હોવાથી, મારા જેવા બંદીવાનોના વિચાર, એમના સુધી પહોંચાડવા, એ મને મારું કર્તવ્ય લાગે છે. હિંદુસ્તાનને સ્વતંત્ર રાષ્ટ્રની પદવીએ પહોંચાડવું એ અમારો ધ્યેય હતો અને છે પણ. એટલે એ ધ્યેયની સિદ્ધિ માટે, રક્તપાતના સશસ્ત્ર માર્ગ પર જ અવલંબન રાખવું, એવા કંઈ અમે સોગંન લીધા નથી, એટલું જ નહીં, પણ બીજો કોઈપણ ઉપાય જો સફળ થવો શક્ય હોય તો અમે સશસ્ત્ર પ્રતિકારનો આધાર જ લીધો ના હોત.

જે વાત સાધનાની એ જ સાધ્યની. રાજકારણના વ્યવહારનું અને શાસનશાસ્ત્રનું ઉચ્ચતમ ધ્યેય, તમામ મનુષ્ય જાતિને એકસમાન અધિકાર હોય એવા એક પ્રતિનિધિક શાસન સંસ્થાના નાગરિક બનાવવાનું છે. એક દેવ, એક ભાષા, એક જાતિ, એક જીવન, એવા એક ન્યાયપ્રવણ અને પ્રતિનિધિક શાંતિ સામ્રાજ્યની સ્થાપના કરીને, અને એ માનવ સામ્રાજ્યમાં, આ કુળવંશ, જાતિ-દેશ ભાષા-ભિન્નતાના ક્ષુદ્ર અભિમાન અને અહંકાર વિલીન કરીને આખી મનુષ્ય જાતિનું રાજકીય-સાત્ત્વિક એકીકરણ, એ જ તેનું અંતિમ ધ્યેય છે. તો એમાં અમને આ ધ્યેયની સિદ્ધિ માટે તદ્દનુકૂળ હોય એવી બધી સંસ્થાઓ, એ ધ્યેય તરફ જનારા માર્ગ પરના મુકામ તરીકે સ્વીકાર્ય જ લાગે છે. અનેક ઉપજાતિઓ અને રાષ્ટ્રોને એક શાસનસૂત્રમાં બાંધનારું એકાદું સામ્રાજ્ય, એ ધ્યેયને વ્યવહાર્ય કરવા માટે ઉપયુક્ત જ થવાનું હતું, એટલે જેમની છત્રછાયા હેઠળ એ વિભિન્ન રાષ્ટ્રો પોતપોતાની પ્રગતિને પોષે એવું સ્વાતંત્ર્ય ઉપભોગી શકે, એવા સામ્રાજ્યનો વિરોધ કરવાનું જરાય ઈચ્છતા નથી.

એટલે આજે જે બ્રિટિશ સામ્રાજ્ય કહેવાય છે એમાં અંતર્ભૂત હોય એવા હિંદુસ્તાન દેશને જો સ્વતબિયત પ્રમાણે અને તત્ત્વ પરિસ્થિતિ પ્રમાણે સ્વાતંત્ર્ય ઉપભોગવા માટે અપાય, તો અમે એ સામ્રાજ્ય સાથે

એકનિષ્ઠ રહીશું, એક જ અમારું કર્તવ્ય સમજીશું. આ રીતે આયર્લેન્ડથી હિંદુસ્તાન સુધી બધા દેશોમાં એકસૂત્રતા પરોવાવનું કાર્ય કરનારું એ સામ્રાજ્ય ''બ્રિટિશ સામ્રાજ્ય'' નામ પણ ત્યાજ્ય જ મનાશે. બીજું નામ પ્રાપ્ત થાય ત્યાં સુધી જોઈએ તો એને ''આર્ય સામ્રાજ્ય'' કહેવું.

આ સામ્રાજ્યના પ્રસ્તુત ચાલકોના અંગમાં તો આવા સાત્ત્વિક સાહસ કરનારું ધૈર્ય હશે તો તેના અંતર્ગત હોય એવા આ હિંદુસ્તાનના વિશાળ અને પ્રમુખ રાષ્ટ્રને તો એણે ત્વરિત એ સ્વાતંત્ર્ય માણી શકે એવો અધિકાર આપી દેવો જોઈએ. યુદ્ધની ધાંધલમાં બીજું કંઈ ન કરી શકીએ તો પણ ઉપનિવેષિક સ્વાયત્તતા, Colonial-Self Government, જો હિંદુસ્તાનને આપવામાં આવે અને આ અધિકાર દાનનું સુત, ઉવાચ તરીકે વરિષ્ઠ વિધિમંડળમાં હિંદી પ્રતિનિધિની નિરપવાદ બહુમત સ્થાપિત કરવામાં આવશે, તો હિંદુસ્તાન દેશના કલ્યાણ માટે જ અમે અને અમારા જેવા ક્રાંતિકારીઓ, અમારો પહેલાંનો સશસ્ત્ર પ્રતિકારનો માર્ગ સ્થગિત કરીને, આ યુદ્ધમાં ઈંગ્લેન્ડનો પક્ષ મનઃપૂર્વક એકનિષ્ઠાથી લઈશું.

અમારું આ વિધાન મનઃપૂર્વક છે કે નહીં એ સાબિત કરી દેખાડવાની તક અમને આપવા માટે, અને ઈંગ્લેન્ડ સાચે જ હિંદુસ્તાનની ગુલામીની બેડીઓ તોડવા ઈચ્છે છે એ વિશે હિંદુ લોકોના મનમાં વિશ્વાસ પેદા કરવા માટે, સરકારે પહેલાં તો અમને રાજ બંદીવાનોને તરત મુક્ત કરવા જોઇએ. અમે એવું વચન આપીએ છીએ કે, જો અમને આ વખતે મુક્ત કરવામાં આવશે. તો અમે હિંદુસ્તાન પર ચડાઈ કરવા માટે શક્ય એટલી હિલચાલ કરનારા અફઘાન, તુર્ક વગેરે એશિયાની વિદેશી મુસલમાનોની ટોળીથી સ્વદેશનું સંરક્ષણ કરવા માટે, સૈન્યમાં ભરતી થઈને હિંદુસ્તાનની સરહદો પર અથવા બીજા એ માટેના એવા કોઈપણ રણમેદાન પર જતા ખચકાશું નહીં. આ રીતે સ્વયંસૈનિક થવાની શરતે અમને રાજ બંદીવાનોને મુક્ત કરી, અને હિંદુસ્તાનને ઉૈપનિવેષિક સ્વયત્તતા આપવાનો તરત આરંભ તરીકે, વરિષ્ઠ વિધિમંડળમાં (Councils) હિંદી પ્રતિનિધિની બહુમતી સ્થાપિત કરવાનો અધિકાર આપ્યો એવી ઘોષણા કરીને, સરકારે હિંદુસ્તાનની પ્રીતિ, મદદ અને નિષ્ઠા ઉપાર્જન કરવાની તક અવશ્ય સાધવી જોઈએ.

કંઈ નહીં તો બીજાઓને તો છોડો !

અમે આ આવેદનપત્ર ફક્ત બંદીગૃહમાંથી છૂટકારો થાય એ માટે લખ્યું છે અથવા બીજા રાજ બંદીવાનોને છોડી દીધા તો અમને પણ છોડવાનો વારો આવશે અને અમે છૂટી ગયા પછી અમે હિંદુસ્તાનની શાંતિનો નો ભંગ કરીશું કે નહીં એ નક્કી ના કહી શકાય, એટલે રાજ બંદીવાન વર્ગને ના છોડવો જ સારો, એવી શંકા જો સરકારને થતી હોય તો હું પોતે આવું આનંદ સાથે સૂચવું છું કે સરકારે મને ના છોડીને આંદામાનના, હિંદુસ્તાનના અને બહાર દેશ-વિદેશમાં નિર્વાસિત થઈને પૂરાયેલા રાજ બંદીવાનોને તત્કાળ મુક્ત કરવા જોઈએ. એમની મુક્તિમાં જ મને લગભગ મારી મુક્તિ જેટલો જ આનંદ થશે.

આવા આશયનું આવેદન મેં મોકલ્યું. એ વખતે યુરોપનાં મોટાભાગનાં રાષ્ટ્રો, પોતપોતાના આંતરિક રાજ બંદીઓને છોડી દેતા હતા. આયરિશ ''રાજદ્રોહી'' બંધીઓ પણ છૂટી ગયા હતા. એ ઉદાહરણો પણ મેં આપ્યાં હતાં. આ આવેદનપત્રથી, એટલે રાજ બંદીવાનોને સહેલાઈથી કોઈ છોડી દેવાનું હતું એવી ખાતરી રાખવા જેટલું કોઈ મૂર્ખ નહોતું. એટલે આવાં આવેદનપત્રો ભલે ફક્ત દરેક પોતપોતાના બળે મુક્તિ અપાવી શકે નહીં, તો પણ બીજી ચળવળો સાથે સંયુક્ત થવાથી એમનું પણ સહિયારું પરિણામ ક્યારેક ને ક્યારેક થાય છે.

આ મારા ૧૯૧૪ના સપ્ટેમ્બરમાં કરેલા આવેદનનો એ વરસના ડિસેમ્બરમાં જવાબ આવ્યો કે, ગવર્નર જનરલે મારું આવેદનપત્ર વાચ્યું, અને એના પર અધિકૃત જવાબ તરત તો આપી ન શકાય, તો પણ અત્યારની પરિસ્થિતિમાં એ આવેદનમાંનાં સૂચનો ગ્રહણ કરવાં સરકારને સાંપ્રત અશક્ય લાગે છે, એટલું સાવરકરને જણાવવું.

આવા જવાબ પરથી પણ દેશમાં અમુક ચાલાક રાજકીય આગેવાનોએ, યુદ્ધની તક થકી કાંઈક તો સુધારો લાવવાનો જે ઉદ્યમ આરંભ્યો હતો, એને ક્રાંતિકારીઓના વિચારોને અને વચનોનું પીઠબળ આપી સરકાર પર દબાણ નાખવાનો, મારો એ વખતનો હેતુ સફળ થયો એવું મને લાગ્યું. અધિકાર આપતા જાવ, મદદ લેતા જાવ, અધિકાર નહીં તો મદદ પણ સ્વેચ્છાએ મળશે નહીં; એ ધોરણ એ પરિસ્થિતિમાં યુક્ત હતું એવું હું કહેતો હતો. અને એ જ ધોરણનો મત મારા સહયોગી રાજ બંદીવાનોને ગળે ઉતારીને યુદ્ધનો અંત આવે ત્યાં સુધી આવેદનનું અને એ પછી કરેલા આવેદનનું સમર્થન કરી સ્વંયસૈનિક થઈને યુદ્ધમાં ભાગ લેવાની શરતે છોડ્યા તો, પરિસ્થિતિ અનુસાર બને એટલું એ વચન આપણે પૂર્ણ કરવું જોઈએ એવું ઘણાનો મત હું બનાવી શક્યો.

યુદ્ધ શરૂ થયા પછી અને આ આવેદન પત્ર મોકલ્યા પછી એક મહિનો, દોઢ મહિનો અમારું અને અધિકારીઓની મૈત્રીના તાર સારા એવા જામ્યા. પરંતુ જલ્દી જ નાનો ઝઘડો થવાનો પ્રસંગ આવ્યો. કારણકે, જેમ જેમ લડાઈના સમાચાર આવવા માંડ્યા, એમ એમ અમને સાચા લાગતા જ બંદીવાનોને કહેતા ગયા. પહેલા ધડાકામાં જર્મનીના વર્ચસ્વના સમાચાર એક પછી એક આવવા માંડ્યા. અધિકારીઓ તેને છુપાવી રાખવાનો પ્રયત્ન કરતા. બારી તો વિક્ષિપ્ત જ હતો. ઊલટાનો એ અંગ્રેજોનો આજે અહીંયા વિજય થયો, તો કાલે ત્યાં એમ અકલ્પનીય ગપ્પાં હાંકતો ગયો! એનું આવું કરવું, લોકોમાં અંગ્રેજો વિશે થઈ રહેલી અપ્રતિષ્ઠા, અને ઓસરતી જતી એની શક્તિ વિશેનો ભય, એવી પ્રવૃત્તિનો વધારો ન થાય, અને અંગ્રેજોના રાજ્યની સ્થિરતા ડગમગી રહી છે એ જોતાં જ, અજ્ઞાની અને કામચોર લોકોમાં, ગંદાફસાદ ભડકી ના ઊઠે, એ માટે હતું. એ ખબર હોવા છતાંય, રાજ બંદીવાનોમાંથી એના બે-ચાર હંમેશાંના હસ્તક એ વિક્ષિપ્ત ગપ્પાંની નકલ કરતાં, જર્મની એટલે અતિદુર્બળ, નીચ, મહાદુષ્ટ અને ઈંગ્લિશ પક્ષ એટલે સાત્ત્વિક ક્રોધનો કેવળ અવતાર, એવું બંદીવાનોને કહેવા લાગ્યો. કારણ એનાં ઈંગ્લિશ સરકારની બડાઈ ગાનારાં આ પુણ્યકૃત્યોનું ફળ એને આ લોકમાં, પ્રત્યક્ષ એ જ ક્ષણે, આંદામાનમાં જ મળતું હતું. પોર્ટ બ્લેરનો પરમેશ્વર બારી એમને કઠીન હસ્ત પરિશ્રમના કામથી કાઢીને બધા બંદીવાનો સાથે હળવાભળવા દેતો, અને ''મુકાદમ''નું પદ પણ આપતો. અમે બે-ચાર નકામા લોકો આ માન માટે અયોગ્ય સાબિત થયા. કારણ અમે લડાઈનો બધો દોષ જર્મનીના માથે નાખીને, ઈંગ્લેંડ તો બેલ્જિયમ જેવાં નાનાં નાનાં દયનીય ગલુડિયાંઓને ક્રૂર જર્મન વાઘના મોઢામાંથી છોડાવવાના અત્યંત સાત્ત્વિક ક્રોધથી જ યુદ્ધમાં જોડાયું, એવો બંદીવાનોને ઉપદેશ આપતા નહોતા. અમે જર્મનીની સ્વાર્થી મહત્ત્વકાંક્ષા જેમ વિશદ કરીને કહેતા આવ્યા, એમ જ ઈંગ્લેન્ડની પણ અપકારી લાલસા અને જર્મનીની શક્તિનું મત્સર, એમની પ્રચાર કરવા લાગ્યા. જર્મનીનો જય થયો ત્યારે અમે સુતક પાળતા નહોતા. નિષ્પક્ષ રહીને જે સમાચાર આવતા એ જેમના તેમ જ કહીને, એની અને યુદ્ધની હિંદુસ્તાનના રાજકારણ પર શી અસર પડી શકે છે એ અમે બંદીવાનોને સ્પષ્ટ રીતે સમજાવતા ગયા. બંદીવાન જગતમાં એ હજારો લોકોને જીવંત રાજકારણનું જ્ઞાન આપી એમને એ કાર્યમાં પ્રત્યક્ષ ઉપયોગ કરી લેવા માટે ડ આ મહાયુદ્ધની અપૂર્વ તક આવી હતી એવું અમને લાગતું.

બંદીવાનોની લડાઈની કલ્પના

કારણ યુદ્ધ થતાં જ હિંદુસ્તાનની જેમ, આંદામાનમાં પણ સાધારણ લોકોથી લઈને વિચારકો લોકો સુધી એવી જ ખળભળ મચી. એમાંય એ ખળભળાટનો ઉગમ એ નિરાધાર, નિરાશ અને પતિત બંદીવાન જગતમાં, રાજકારણની કે સ્વદેશની કોઈપણ સાર્વજનિક ભાવનાઓમાં ના થઈને. મુખ્યત્ત્વે કરીને એ એમની મુક્તિની આશાની સ્વાર્થી ભાવનામાં થયો હતો. એટલે એમને મન યુદ્ધનું ભવિષ્ય ખૂબ જ, કાળજાનો પ્રશ્ન થઈને બેઠો હતો. એમનામાંથી અજ્ઞાની લોકોને પણ પણ પહેલાંના બાદશાહોમાં, મહારાજાઓમાં, રાજાઓની ચપટી વગાડતાં કેવી બાજી પલટી જતી, તેની દંતકથાઓ અને બજારું

ગપ્પાઓની નાનપણથી જ જાણ હતી. એ પહેલાંની રાજકારણની દંતકથારૂપ ભાષામાં જ એ નવા વિષયોનું ભાષાંતર કરીને એની કલ્પનાઓ કરતા. પહેલાં અમુક રાજાને માર્યો અને એનું રાજ્ય અમુક રાજાએ લીધું. એ પ્રમાણે જ બંદીવાનો સમજતા કે કોઈ લડાઈમાં અંગ્રેજોનો રાજા માર્યો ગયો, અથવા જર્મનીનો રાજા કેદ થયો કે લડાઈ ખતમ થશે, અંગ્રેજી રાજ્ય ઉથલ્યું એટલે છૂટ્યા બધા બંદીવાનો. આ અભણ કલ્પનાનાં સુખદ તરંગો પર બંદીવાનોનાં હોડકાં કેટલાય દિવસ ટેસથી તરી રહ્યાં હતાં.

કંદિલ હલાવતા પહેરો ભરતા વોર્ડર લોકોને કોઠડીમાં પૂરાયેલા બંધીઓ પ્રશ્નો કરતા અને પોતાની મનઘડંત વિદ્વત્તાથી એ લોકો બંદીવાનોને અધિકારીની વાણીમાં લડાઈની વાતો કહેતા. એ દિવસની બજારું ખબરોનો વિચાર કરતાં કરતાં, કલ્પના લડાવતા કે હવે અંગ્રેજોનો રાજા મુગટ ચડાવી, તલવાર કમરમાં લટકાવીને જર્મનીના રાજાના સૈન્યને ટેકરી પર ચડીને નજર રોખતો હશે! જો એકાદ તીર એ જર્મનના રાજાએ માર્યું તો! પણ એ જર્મનનો રાજા ઇંગ્લેન્ડના રાજાનો જમાઈ રહ્યો, ત્યાંની રાણી પેલા જર્મનને એના પિતા પર તીર મારતી વખતે વચ્ચે પડીને રોકશે તો નહીં, આવી કેટલીયે હાસ્યાસ્પદ ચર્ચા કરતી વખતે અમે એ બંદીવાનોને જોતા, અને સાંભળતાં ત્યારે ખૂબ મજા આવતી. પણ એ ચર્ચા કોઠડીમાં પૂરાયેલા બંદીવાનો સાથે કરતાં કરતાં પેલા વોર્ડરના ત્રણ કલાકનો પહેરો ક્યારે પસાર થઈ જતો એની એને ખબર પણ ના પડતી. ઘાણીનું કામ પણ બંદીવાનોને એટલું ત્રાસદાયક ના લાગતું. કારણ એમનામાંના રમૂજી લોકો ઘાણીનો દંડો ફેરવવો અત્યંત અઘરું થવા લાગે એટલે જોરથી બૂમો પાડતા, ''અરે મિત્ર, ઘાણી, ફર! થોડા દિવસો રહ્યા છે હવે! પછી તને ચલાવવા માટે કોઈ આવશે નહીં. પછી સ્વસ્થ કાટ ખાતો પડી રહેજે!'' આ એકની બૂમ સાંભળતાં જ બધા ઘાણીવાળા, હરોળમાં રમૂજી ગર્જના કરતાં ''અરે ફર મિત્ર! ફર! થોડા દિવસ રહી ગયા છે!'' અને એ આવેશમાં, એ થોડા દિવસ રહી ગયા છે, એ કલ્પનામાં, ઘાણીનો દંડો અને ચક્રો ફટાફટ ફરતાં. અડધા કલાકમાં, એક કલાકનું કામ થઈ જતું. હસ્તશ્રમ કરનારા બંદીવાનોની જ આ વાત નહોતી, પણ એમની ઉપર નિમાયેલા બંદીવાનોમાંના અધિકારીઓની પણ એવી જ સ્થિતિ હતી. એ પણ વીસ-વીસ, પચ્ચીસ-પચ્ચીસ વરસની બંધીની સજા પામેલા. ટંડેલ, પેટા ઓફિસર જેમ-તેમ પોતાના ત્રણ-ચાર કલાક દેખરેખનું કામ કરી કંટાળીને રડતા કાઢતા રહેતા. પણ હવે એ બંદીગૃહોમાં આવતાં જ કોઈ લડાઈના નવા સમાચાર લાવીને એની બંદીવાનોમાંના દોઢડાહ્યાઓ સાથે ચર્ચા કરતો અને આપણા અંગ્રેજોનું રાજ્ય ઉથલાતા જ થનારા છૂટકારાનો અનુકૂળ એવો અર્થ એમાંથી એકસરખો તારવી લેવા માટે કલ્પનાની હળવી ઘાણી ફેરવતા રહેતા. એટલામાં એને છોડાવનારો બીજો ટંડેલ અને પેટા ઓફિસર આવે! એને જોતાં જ એ પહેલો રાજશ્રીનું ચમકીને પૂછવું શું, ''ત્રણ કલાક થઈ ગયા? અમુક વાગ્યા! શું ભાઈ, સમય કઈ રીતે વીતી ગયો ખબર પણ ના પડી.'' આવી મનઃસ્થિતિમાં પહેલા બંદીવાનોને હેરાન કરવામાં જ તેમનું જે મનોરંજન કરવું પડતું એ ખાસ્સું ઢીલું પડીને આ નવા મનોરંજનમાં એ ટંડેલ વ્યસ્ત થયાથી કામ કરતા બંદીવાનોનાં કષ્ટ પણ ઘણાં સુસહય થતાં ચાલ્યાં. નજરોનજર થતાં જ ઝઘડાઓ અને કૂતરાંઓની જેમ ઘૂરકવું, અને ગાળો આપવાની શરૂઆત થવાની જગ્યાએ એકબીજાને જોતાં જ બંદીવાનોને જિજ્ઞાસા શું, સમાચાર શું? અને કોઈપણ સમાચાર હોય તો પણ એનો એક જ નિષ્કર્ષ કાઢીને, ''ચાલો, થોડા દિવસ રહી ગયા છે,'' કહીને, હસીને એકબીજાની રજા લેતા.

આ રીતે બંદીવાનોમાં યુદ્ધના સમાચાર સાંભળવાની જે આ જિજ્ઞાસા, એ યુદ્ધ વૃતાંતના સ્વાભાવિક આકર્ષણથી અને એમાં પણ એમના સ્વાર્થનો પ્રશ્ન યુદ્ધના પરિણામથી સંલગ્ન થવાથી જાગૃત થઈ હતી અને એકંદરે એમના મનમાં જે અપૂર્વ ખળભળ મચી હતી, એનો લાભ લઈને હિંદુસ્તાન વિષયક રાજકારણની રુચિ અને તાલાવેલી એમનામાં પેદા કરવાનો અમે નિશ્ચય કર્યો. જે તે અમારી પાસે ખબર માગવા માટે આવતો. શુદ્ધિકરણથી અસંતુષ્ટ થતા ચાલેલા મુસલમાન પણ હવે અમને ખૂબ જ ભક્તિભાવે જોવા લાગ્યા. કારણ એમને યુદ્ધના સમાચાર બીજા રાજ બંદીવાનો બારીના મન પ્રમાણે ઊંધીચત્તા કહેતા; પણ અમે અને અમારા પ્રમાણે ચાલનારા લોકો જેવા હોય એવા જ કહેતા ખચકાતા

નહીં. એવી એમને ખાતરી થઈ ગઈ હતી. એવા સમયે કોઈ સમાચાર પૂછવા આવે કે અમે એની સામે શરત રાખતા કે તું વાચતા શીખશે તો તને સામે મળશે એ સમાચાર કહીશું. આ લાલચથી પહેલાં કંઈ પણ કરતાય નહીં શીખનારા કેટલાય લોકો વાચવાનું શીખ્યા.

લડાઈ પહેલાં હિંદુસ્તાનની અજ્ઞાની લોકોની કરોડોની જનસંખ્યામાં જગત માંડ બે-ત્રણ રાજ્યોમાં વહેંચાયેલું લાગતું. હિંદુ હોય તો એક વિલાયત, અથવા બહુ બહુ તો કાબુલના અમીરની આગળ એમનું ભૌગૌલિક અથવા રાજકીય જ્ઞાન જરાય ગયું નહોતું. પૃથ્વી પર વિલાયત અથવા કાબુલ છોડીને બીજાં મોટાં મોટાં રાજ્યો છે એવું કહીએ તો એમને આશ્ચર્ય થતું. એના નામો તો એમને બિલકુલ આવડતાં નહોતાં. એક અંગ્રેજ અને બીજો અમીર મુસલમાન, હોય તો ત્રીજો એક રાજા એટલે તુર્કી સુલતાન! એટલે લડાઈ શરૂ થતાં જ કેટલાય દિવસ બંદીવાનોમાં એ અંગ્રેજ અને સુલતાનની વચ્ચે યુદ્ધ થયું છે એવું લાગતું. કારણ ત્રીજા કોઈ રાષ્ટ્રની એમને કલ્પના જ નહોતી. પરંતુ અંગ્રેજ અને મુસલમાન એમના પરિચયના હતા. એવી પરિસ્થિતિમાં અમે એમની યુદ્ધવિષયક જિજ્ઞાસાનો લાભ લઈ એમને સમાચાર આપતા પહેલાં પૃથ્વી પરના દેશોનાં નામ યાદ કરો અને આ નકશાઓ સમજી લો એવી શરત રાખતા. ઈંટના ટુકડાથી ભીંત પરના ચૂના પર અથવા શક્ય હોય તો પાટી પર યુરોપ, એશિયા વગેરે નકશા દારીને અમે અને અમારા સહકારીઓ બંદીવાનોને સમજાવતા જઈએ. જીવ દેવો પડે તો પણ જે ભૂગોળ શીખતા નહોતા એ સમાચાર માટે શીખવા લાગ્યા. જર્મની, ફ્રાન્સ, ઓસ્ટ્રિયા, રશિયા, મિસ્ર, બેલ્જિયમ, સર્બિયા, વગેરે રાષ્ટ્રોનાં નામ અમે બંદીવાનો પાસે યાદ કરાવી લેતા. પછી નકશામાં એમનું સ્થાન ક્યાં છે એ દેખાડી યુદ્ધઘટના સમજાવતા. એમનામાં જે જાણતા હતા એમને આગળ જે ત્યાં-ત્યાં ભિન્ન રાષ્ટ્રની રાજ્યઘટના કેવી હોય છે તે શીખવાડતા ગયા. એમને ફક્ત રાજ એટલી ખબર હતી. એટલે ફ્રાન્સનો રાજા હટયો, અમેરિકાના રાજા ગુસ્સે થયો એવું એ કહેતા. અને પહેલાં કોઈ કહેતું કે, અરે! ત્યાં રાજા જ નથી તો પૂછતાં, તો પછી લડાઈ કોણ કરે? એ સિવાય એમને રાજા-રાજાઓની લડવાની કલ્પના પણ ભારત વગેરે કથાઓ પરથી ઉપાડી હોવાને કારણે દ્વંદ્વયુદ્ધ ચાલે છે એવું હંમેશાં લાગતું. રશિયાનો રાજા ખૂબ જ અશકત છે. એટલે રશિયાના રાજાના હાથ કૃષ છે અને શરીર પાતળું છે એવી કલ્પનાઓ કરતા. અને જર્મનીનો બાદશાહ હષ્ટપુષ્ટ હોવાને કારણે એ રશિયાના રાજાને સોપારીની જેમ ખાઈ નાખશે એવી એમની આશા હતી! એટલે કોણ કોની સામે જીતશે એ વાત નક્કી કરવા માટે એ પહેલાં પૂછતાં બેલ્જિયમ અને બીજા કોઈ રાજા કેવી રીતે લડાઈ કરે છે? ઘોડા પર બેસવામાં નિપુણ હશે નહીં? કૈસરના શરીર વિશેનું વર્ણન તો સાંભળવા જેવું હતું! એ તંદુરસ્ત હતો, એકદમ ભીમસેન જેટલો જાડો થઈ ગયો હતો. એ કિલ્લાના દરવાજાઓ હાથના મુક્કાથી ચકનાચૂર કરી નાખતો. ફ્રાન્સના રાજાને તો એણે એકવાર બોચી પકડીને એક જ ધક્કો મારીને નીચે પાડ્યો હતા! જર્મન બાદશાહ વધારે ઊંચો છે કે રશિયાનો? આમ એક માણસે પૂછેલો પ્રશ્ન અમને હજી સ્પષ્ટ રીતે યાદ આવે છે; અને રશિયન રાજાનું જ નહીં પણ લોકો પણ જર્મનીના લોકો કરતાં પ્રમાણમાં હષ્ટપુષ્ટ અને ઊંચા હોય છે, એવું અમે કહેતા જ એમની થયેલી શંકાસ્પદ મુદ્રા અને તો પછી રશિયાના રાજા સાથે છેડાયેલા યુદ્ધમાં, એમનું કેવી રીતે થશે એની ચિંતિત આકૃતિ અમને દેખાય છે! આ એ રાજ બંદીવાનોના ''રાજા''ની કલ્પના વિશેના અને રાજ્ય વિશેના અજ્ઞાનને કાઢીને ''રાજક'' એટલે શું? રાજક પ્રમાણે પ્રજાક (Republic) નામની નવી રાજ્ય ઘટના કેવી હોય છે, ત્યાંના રાજાઓ, લડાઈઓ, સંધિ વગેરે કારભાર રાજાની વ્યક્તિ ના કરતા પંચસભા કેવી રીતે કરે છે? રાજા અને અધ્યક્ષમાં ફરક શું? અમેરિકા અને ફ્રાન્સમાં અધ્યક્ષ કેવા હોય છે? વગેરે શાસન શાસ્ત્રની વ્યાવહારિક અને તાત્ત્વિક ચર્ચાઓ કરી કરીને, અને એ વ્યવસ્થિત ધ્યાનમાં રાખીને જવાબો સાચા આપ્યા તો સમાચાર કહેશું, આવી શરતો રાખી રાખીને એ યુદ્ધના પહેલા વરસની અંદર જ એ બંધી જગતનાં ભૌગોલિક જ્ઞાનનો અને રાજકારણના આંતરરાષ્ટ્રીય સંબંધોની અને સ્વરૂપની માહિતીનો આશ્ચર્યકારણ ફેલાવો કરી શક્યા. આગળ આગળ યુદ્ધની ઘટનાઓ સાંભળવાનો છંદ જ લાગવા માંડ્યો. આ સમાચારોનો મર્મ, ભૂગોળ, નકશા અને રાજ્ય ઘટનાનોનું જ્ઞાન હોય તો ઉત્તમ પ્રકારે સમજી કેટલું બધું સમાધાન થાય છે એવો જેમ

જેમ તેઓ અનુભવતા ગયા, એમ એમ કેટલાય બંદીવાનો આપમેળે અમને આ નકશા સમજાવા, આ કહો, પેલું કહો વગેરે જ્ઞાન આગ્રહથી પૂછીને શીખવા માંડ્યા. સમાચારની લાલચને કારણે અનેક લોકોને વર્તમાનપત્રો જાતે જઈને વાચવાનો નાદ પણ અમે લગાડી શક્યા.

હિંદુસ્તાનનો લાભ જુઓ

બંદીવાનોની સૃષ્ટિનું ભૌગોલિક સંકૂચિતપણું કાઢીને એને વિસ્તૃત કરવાના પ્રયત્નો કરતી વખતે અમે એટલે જ હિંદુસ્તાનના ભૂગોળનો, નકશાનો અને રાજકીય પરિસ્થિતિનો અભ્યાસ એમની પાસે ખાસ કરાવી લેતા હતા. બંદીવાનોને પ્રથમ 'જર્મન' સાહજિક જ ગમ્યું. કારણ 'અંગ્રેજ' ક્યારેય કોઈ બંદીવાનોને સુખેથી છોડતો નથી અને અંગ્રેજોનું રાજ્ય જર્મને લીધું તો એ અમને છોડી દેશે એવી એમની ભાવના હતી. એટલે જર્મન ખરાબ છે એવું કહેવું એમને બિલકુલ ખપતું નહોતું. એ યોગે જ્યારે અમે પહેલાં તો હિંદુસ્તાન દેશ પર લડાઈનું શુ પરિણામ થશે અને હિંદુસ્તાને પોતાનું કાર્ય સિદ્ધ કરવા માટે કયા દાવ રમવા જોઈએ એ અમારી સંસ્થાના સભ્યોને અને એમના થકી બીજા બંદીવાનોને કહેવા માંડ્યું, ત્યારે જર્મની જો હિંદુસ્તાન પર ચડાઈ કરી શક્યું તો પણ એ હિંદુસ્તાનને હેરાન કરશે. ફક્ત જર્મનીના વિડયમાં તમને શું લાભ થશે ? એવું અમારું કહેવું એમનામાંથી ઘણા લોકોને કેટલી હદે અપ્રિય લાગતું! અમે હંમેશાં ગધેડાની વાર્તા કહેતા, ''એક કુંભાર પડ્યો, તો એના પર બીજો જર્મન કુંભાર ચડ્યો, તમે બસ ગધેડા તે ગધેડા જ! ત્યારે જર્મનનો વિજય થયો તો હિંદુસ્તાનને એણે જીત્યું, એવી કલ્પના ગાંડપણભરી છે,'' એવું સમજાવીને કહીએ તો ઘણા લોકોને માન્ય થતું. એટલે પછી આપણી હિંદુસ્તાનની ઝોળીમાં આ મહાયુદ્ધની ધાંધલ ધમાલમાં જો કાઈ લાભ પડવાનો હશે તો એ કેવી રીતે પડશે અને એ માટે બધાએ શું કરવું જોઈએ એ બંદીવાનોને વિશદ રીતે કહી શકાતું.

જર્મન આવ્યા તો પણ શું, હિંદુસ્તાન પર એ પણ વર્ચસ્વ સ્થાપિત કરવા ઇચ્છશે, એ વાત સમજદાર હિંદુ બંદીવાનોને માન્ય થતી; પણ તુર્ક અથવા અમીર આવ્યો તો પણ હિંદુસ્તાને શું લાભ થશે! એવું કહેવા જઈએ તો મુસલમાનોને એ જરાય માન્ય નહોતું થતું. સુલતાન એમના માટે ભગવાન જેવો. એમની કથા પૂરાણોમાં અને ધર્મમાં એ શબ્દની આજુબાજુ કોઈ આશ્ચર્યકારક રચનાઓ ભેરવાયેલી હતી. નાનપણથી જ સુલતાન કહેતાં જ, ગૌરવ અને આશા એમના મનમાં પેદા થાય, એવું શિક્ષણ એમને હાલરડાં થકી અપાયું હોય. એ સુલતાન હિંદુસ્તાન પર ચડાઈ કરશે - અને તમે કહો છો હિંદુસ્તાને એનો શું લાભ! શું એટલે, અંગ્રેજોને હાંકીને મુસલમાની રાજ્ય સ્થપાશે એ! પરંતુ સુલતાનનું રાજ એ પણ પારકું રાજ છે! એ વાક્યરચના જ એમને સમજાતી નહીં. એકાદ ઈતિહાસ જાણનારો મૌલવી અને સુશિક્ષિત બંદીવાન હોય તો એને તુર્કો આરબો પર, આરબોએ ઈરાનીઓ પર, ઈરાનીઓએ પઠાણો પર, અને પઠાણોએ, ઈરાનીઓએ, મોગલોએ - બધા વિદેશી મુસલમાનોએ હિંદી મુસલમાનો પર કેવા અને કેટલા અત્યાચાર કર્યા છે, એ પણ જો ઈતિહાસના આધારે દેખાડી દઈએ તો પણ એ એવું જ કહેતો કે, હિંદુસ્તાન પર ચડાઈ કરી એનું મુસ્લિમ રાજ આખા હિંદુસ્તાનમાં સ્થાપિત થાય એમાં જ હિંદુસ્તાનનો લાભ છે. આ એમના રાષ્ટ્રભિમાન શૂન્ય, ધાર્મિક ઉન્માદમાં દુનિયા વિશેના ગાઢ અજ્ઞાનનો બોજ પડ્યો હતો. તો પછી એમની કલ્પનાઓ વિશે તો શું પૂછવું! અંગ્રેજ બાદશાહ તો એમના પરિચયનો જ હતો. પણ આ કૈસર એમને નવો મળ્યો. એનું બળ, એના પરાક્રમની અદ્‌ભુત કથાઆ રાત-દિવસ સાંભળતા અને પોતે તોરમાં કહેતા, પણ છેવટે એ કૈસરને આટલું બળ અને યશ મળે છે કેવી રીતે, એ વિશદ કરવાના હેતુથી એ લોકો અંદરોઅંદર અને ખાસ તો હિંદુ બંદીવાનોને કહેતા કે, કૈસરને જે બળ મળે છે એ સુલતાનની કૃપાથી!

મુસલમાનોની તુર્કી લડાઈ

શુદ્ધિ ચળવળ શરૂ થયા પછી લડાઈ શરૂ થઈ. એમાંયે તુર્કીએ ભાગ લેતાં જ અમારી શુદ્ધિ ચળવળથી હતપ્રભ થઈ રહેલા મુસલમાનોને, હિંદુઓને વટલાવવાનો પ્રયત્ન કરવા માટે આ સુલતાન નામનું એક નવું સાધન મળ્યું અને હવે અંગ્રેજી રાજ ડૂબતાંજ હિંદુસ્તાન પર જર્મનીના કૈસરની સ્થાપના સુલતાન પોતે આવીને કરવાનો છે એટલે, મુસલમાનોની સત્તા પાછી પ્રસ્થાપિત થઈને અમને મોટા મોટા અધિકાર મળશે અને જે મુસલમાન થશે નહીં એને સજા પણ મળશે આવું એ ગાંડા વીર હિંદુ બંદીવાનોને ખુલ્લી રીતે કહેવા લાગ્યા. એમને ઝાટકીને પૂછીએ કે, આવું તને કોણે કહ્યું? એ કહેતાં બજારમાં એક ઉર્દુ પત્રિકામાં છપાયું છે! કેટલીક વાર અજ્ઞાની હિંદુ બંદીવાનો અમને ખાટું મોઢું કરીને પૂછવા આવતા કે, ''બડે બાબુ શું સાચે જ સુલતાનનું રાજ હિંદુસ્તાન પર સ્થાપિત થઈને, ફક્ત મુસલમાન બંધીઓને જ છોડવાના છે?'' આવી પ્રકારના સમાચાર એ ગાંડા વીર હિંદુ બંદીવાનોને કહીને એમને કહેતા, એટલે તું મુસલમાન થા! આ સમાચારોના રોગથી હિંદુઓનો બચાવ કરવા માટે અમે એમની પોકળ કથાઓની ફજેતી કરવાની તક ક્યારેય છોડતા નહોતા. ધીમે ધીમે લગભગ હિંદુઓનું તુર્કના બળાબળનું જ્ઞાન પુષ્કળ થયું. અને પછી અમારાં વાક્યોનાં વાક્યો સાંભળીને એમને યાદ રહી જવાથી એ વાક્યોનો મારો કરીને આવા ગપગોળાબાજ મૌલવીનાં મોઢાં ખુલતાં જ બંધ કરી દેતા. ''તમારો એ સુલતાન એટલે ભૂસું ભરેલો વાઘ છે. એને વ્હેંત જેટલા બલ્ગેરિયાએ માર્યો, સર્બિયાએ ઝૂડયો, ગ્રીસે પગ તળે કચડી નાખ્યો; ગયા દસ વરસમાં દસ ઠેકાણે એની હડિયાપટ્ટી થઈ. પાછો એ કહે હિંદુસ્તાન પર ચડાઈ કરશે! અંગ્રેજોનો એક ફટકો એને પતાવી નાખવા માટે પૂરતો છે. જર્મનીએ ચાંદલો કર્યો એટલું જ એનું મહત્ત્વ; નહીં તો આજ સુધી નહીં તો, ક્યાં એણે અંગ્રેજોનું નામ પણ લીધું! અને કહે છે સુલતાન, કૈસરને બળ અને યશ આપે છે! ક્યાં કૈસર અને ક્યાં સુલતાન? ક્યાં ઈંદ્રનો ઐરાવત અને ક્યા એ તોરીલા મિયાંની હોંશિયારી!'' આવાં વાક્યો ઉચ્ચારીને હિંદુ બંદીવાનો પેલા ગાંડા વીરોનો ભ્રમ ઉતારી નાખતા.

જે શિક્ષિત થયા હતા એવા હિંદુઓને મેં જર્મનીની સેના, વિમાનો, રણનૌકા (લડાયક જહાજો) વગેરે બળ અને તુર્કીનું બળ, એમના કોષ્ટકો સમજાવતો. મુસલમાનોને પણ આવી વ્યર્થ લડાઈઓથી તમે પોતાની જ જાતને છેતરો છો એમ હું કહેતો. જે કંઈ યશ તુર્કીને મળતો એ પણ મુખ્યત્ત્વે જર્મન દારૂગોળા, શસ્ત્રાસ્ત્ર અને શિક્ષણનું ફળ હતું અને પોતે જર્મન સેનાનાયક એ તુર્કીની સેનાનું સંચાલન કરતો હતો, એ વાતો હું વારંવાર આવનારા એ સમાચારોને ખાસ સવિસ્તર કહીને સ્પષ્ટ કરતો. પાછળ વર્ણન કરેલા અમારી સંસ્થાના સાપ્તાહિક દોડતી અથવા બેઠી સભામાં ચપવાન તુર્કોના ઈતિહાસ પર વ્યાખ્યાનો આપીને મેં અનવર બેગ વગેરે એમના આગેવાનોનું યથોચિત સન્માન કરીને, તુર્ક લડાઈમાં જોડાવાને કારણે જર્મનીનો હાથ હિંદુસ્તાન સુધી પહોંચવામાં કેવી રીતે મદદરૂપ થઈ શકે છે, અને એનો ફાયદો હિંદુસ્તાનને લેતા આવડશે તો!... કેવો મહત્ત્વનો ઉપયોગ થવાનો છે એ પણ મારા એ વખતના રાજકીય દ્રષ્ટિકોણ પ્રમાણે નિરીક્ષણ કરી વિશદ રીતે કહેતો. અને તુર્કો સાથે એટલા પૂરતી યોગ્ય તે સહાનુભૂતિ દર્શાવીને યોગ્ય સ્તુતિ પણ કરી. પણ એમનું એ અતિરેકી ઘમંડ હું ચાલવા દેતો નહોતો. એટલે મુસલમાનો એકસરખા મારી સામે દાંત કચકચાવતા હતા.

કૈસર મુસલમાન થયો અને આર્ય પણ થયો

એમની આ ઘમંડી અને દુષ્ટ હેતુથી પ્રેરિત થયેલી બડાશોની ફજેતી અનેક વાર મોટી ગમ્મત સાથે કરવી પડતી. એકવાર આઠ-દસ દિવસ આખા પોર્ટ બ્લેરમાં અને ખાસ તો કારાગૃહમાં મુસલમાનોએ બેફામ સમાચાર ફેલાવ્યા કે, ''કૈસર મુસલમાન થઈ ગયો! સુલતાને એને સાફ જણાવ્યું કે, જો તું મુસલમાન થશે તો હું રણમાં રહીશ. નહીં તો હમણાં મારી 'રાજધાની'માં પાછો જતો રહીશ. ત્યારે કૈસર ગભરાયો અને મુસલમાન થઈ ગયો!'' આ સમાચાર એ હિંદુ બંદીવાનો સામે જાણી જોઈને કહેતા ફરતા; ત્યારે હિંદુ બંદીવાનોમાંના સ્વાભિમાની લોકો મનોમન અપમાન થયા જેવું લાગીને, ''સાચું છે આ?'' એવું પૂછતાં

ફરતા. છેવટે એક અમારા પ્રચારકોમાંથી ઉત્સાહી વોર્ડર બંદીવાને, જે પોતે આર્યસમાજી હતો, એણે અમને પૂછ્યું, ''મહારાજ, આ એમના સમાચાર ખોટા છે એ સાબિત કરવું જ જોઈએ.'' અમે કહ્યું ''અરે, એ અસિદ્ધ અથવા સિદ્ધ શું કામ કરતા બેસીએ! એમનું મોઢુ બંધ કરવા માટે હું તમને એક યુક્તિ કહું છું. કાલે બહારથી કારાગૃહમાં આવો એટલે મોટા ઉત્સાહથી સમાચાર કહેતા ફરો કે કૈસર ''આર્ય'' થયો (ત્યાં મુસલમાન આર્યસમાજી લાંબું નામ સંક્ષેપમાં આર્ય કહેતા). જ્યાં પણ તમે મુસલમાન વોર્ડરને ગપ્પાં મારતા બેઠેલો જુઓ, ત્યાં તમે હિંદુ વોર્ડર પણ કૈસર આર્ય થયો એમ ગપ્પાં મારતા બેસો. કોઈએ પૂછ્યું કે, આનો પૂરાવો શું? તો કહેવું કે, બજારમાંની હિંદી પત્રિકામાં વાચ્યું!''

થઈ રહ્યું, કારાગૃહમાં બીજે દિવસે સાંજે કૈસર ''આર્ય'' થયો એવા સમાચાર ઊડ્યા. મુસલમાનો પણ દબાઈને આ શું તમાશો છે એમ કહી અંદરોઅંદર પૂછપરછ કરવા લાગ્યા. તપાસ કરતાં કરતાં એમને આ સમાચાર અમુક હિંદુ વોર્ડર લાવ્યો છે એવી ખબર પડી. બીજા-ત્રીજા દિવસે એ અને પેલો એક જ ઠેકાણે રાતે નીમવામાં આવ્યા, ત્યારે એ લોકો પૂછે એ પહેલાં જ હિંદુએ કૈસર આર્ય થવાની અથવા આર્યસમાજી થવાની વાત હિંદુ વોર્ડરોએ કહેવાનું આરંભ્યું. મુસલમાનો બળીને ખાખ્ થઈ કહેવા લાગ્યા, આ ખોટું છે, આનો પૂરાવો શું! એવું હિંદુએ પૂછ્યું. કૈસર મુસલમાન થયો એનો પૂરાવો શું? એમણે કહ્યું, ઉર્દુ પત્રિકામાં અમે વાચ્યું. તો એણે કહ્યું કૈસર આર્ય થયો એ અમે હિંદી પત્રિકામાં વાચ્યું. મુસલમાની વોર્ડરે કહ્યું, ક્યાં છે એ હિંદી પત્ર? પેલાએ પૂછ્યું, ક્યાં છે ઉર્દુ પત્ર? મુસલમાન કહ્યું, આર્ય કાફિરોનો ધર્મ છે, હિંદુએ કહ્યું, ઈસ્લામ મ્લેચ્છોનો ધર્મ છે. આમ થતાં થતાં વાત બહુ વણસી. એ હિંદુ વોર્ડરે વાક્યને વાક્ય તોડી પાડતાં મારતાં પૂછ્યું કે, ''કૈસરની થાળી નીચેની બિલાડી તુર્ક મુસલમાની ધર્મની શાખ જો ભગવાનના ઘરે આટલી બધી હોત તો સર્બિયા, બલ્ગેરિયા, ગ્રીસ એ બધા ઈસાઈ ધર્મ અને ઈસ્લામ ધર્મી તુર્કીને સમરાંગણમાં પછાડતા ગયા એવું થયું ના હોત. તો પછી જ્યારે ભગવાને મુસલમાનો માટે કોઈ જેબ્રિયન મોકલ્યો નહીં, પણ ઈસાઈયોને જ વિજય આપ્યો તો ઈસ્લામી ધર્મ પર હાલમાં એમની અવકૃપા છે એવું સાબિત થયું કે નહીં? તો પછી કૈસર સફળ ઈસાઈ ધર્મ છોડીને આ અસફળ મુસલમાન ધર્મ કેવી રીતે સ્વીકારે? આટલું કહ્યા પછી પણ એનું મુસલમાન થવું શક્ય છે એવું કહેશો, તો પછી એ મુસલમાનનાંથી પાછો આર્ય થયો એ પણ શક્ય છે! કારણ અમુક મુસલમાનો આર્ય થાય છે!''

આ વાતની ખબર બીજે દિવસે જમાદાર સુધી પહોંચી. તો એ પણ કૈસર મુસલમાન થયો એ કહેનારો મુસલમાન જ હતો. પણ કરે શું, એની સામે કોઈપણ મુસલમાનો કૈસર મુસલમાન થયો આ વાત કાઢે કે, હિંદુઓ એના હિંદુ થયાની - આર્ય થવાની વાત કાઢશે જ એમ સમજવું. એમ થઈને મુસલમાનોએ છેવટે આ સમાચાર ફેલાવવાની આદત જ છોડી દીધી.

તુર્ક યુદ્ધમાં પડવાને કારણે મુસલમાનોની હિંદુસ્તાનમાં ઈસ્લામી રાજ્ય સ્થાપિત કરવાની જન્મજાત આકાંક્ષાઓ એમનામાંના ચોર-મવાલીઓમાં એમ પ્રદીપ્ત થઇ, તો જ્યારે વચવચમાં અફઘાનિસ્તાનના અમીર પણ લડાઈમાં જોડાઈને બ્રિટિશ લોકો સાથે યુદ્ધ પોકારી રહ્યા છે, એવી વાત ઊડતી ત્યારે તો એમની લાગણીમાં કેટલી ભરતી આવતી હશે એ કહેવાની જરૂર નથી. ખાસ તો પઠાણ તો હાલમાં પડેલા વરસાદના પહેલા છાંટાઓથી ભરેલા ખાબોચિયાના દેડકાની જેમ ''ડ્રાઉં ડ્રાઉં'' કરીને કૂદકા મારતો ફરવા લાગ્યો. આ પઠાણે વ્હેંત જેટલી વાત ફેલાવી કે તેને પેલા હાથભર ઉપાડી લેતા. ફક્ત તુર્ક અને અનવર બેગ જ્યાં સુધી લડાઈ કરતા હતા ત્યારે મોટા ભાગે એ અંગ્રેજોની સેનાઓની સેનાનો નાશ કરશે, અથવા ખબર લઈ નાખશે. પણ અમીરની વાત જ જુદી. એ અનવરની જેમ થોડો રોકવાનો હતા! અમીર ફક્ત સિંધુ નદી ઉતરીને પણ રોકાતો નહોતો, તો એ ઉતરવાની પહેલાં જ આજે લાહોરના દરવાજા ઠકઠકાવશે, તો કાલે સરહિંદ પર ભયાનક આક્રમણ કરતો આવશે! કારાગૃહની બહારથી આવવા-જવાવાળા પઠાણ વોર્ડર અને પેટા ઓફિસર અંદર પગ મૂકતાં જ ઉતાવળી જીભે અને બહાવરા થઈ ગયેલી ઉતાવળે એવી રીતે વાત કરતા કે, બંદીવાનોમાં એકઝાટકે ખળભળ મચી જતી! એક કહેતો અમીરે લાહોર લઈ લીધું, તો બીજો કહેતો કૈસરે લંડન લઈ લીધું! વાતનો આધાર? આ નહીં પેલા ટાપુનો ''મુનશી!'' અને ''ઉર્દુ

અખબાર!''

મૂર્ખામીની સુસંગતિ

પરંતુ પઠાણોની આ હાસ્યાસ્પદ મુર્ખાઈ હેઠળ જે એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે એ છે જાત્યાભિમાન. એને હું પેલા સાહજિક હસનારા હિંદુઓના ધ્યાનમાં લાવવા વગર રહેતો નહીં. 'મુસલમાનોમાંથી ચોર-મવાલીઓ, અભણો સુધી સૌ હિંદુસ્તાન પર કોઈ મુસલમાન રાજા ચડાઈ કરતો આવે છે, એ સાંભળતાં જ એ વિશે કેટલી સહનાભૂતિ અનુભવે છે, એ ધ્યાનમાં રાખો. અને આ સહાનુભૂતિનું કૃત્યમાં રૂપાંતર થવાનો શક્યતઃ મોકો મળતાં જ થોડીઘણી નહીં હોય. આ મુસલમાની પ્રવૃત્તિનું એમને ભલે અભિમાન થતું હશે તો પણ હિંદુઓના હિત માટે એ કેટલું ઘાતક છે, અને એના પર હિંદુઓએ કાયમ કેટલો કડક પહેરો રાખવો જોઈએ એ ધ્યાનમાં રાખો. એમ જ નાનપણથી ઈસ્લામી રાજ્યની આ આકાંક્ષા, એમના ઘેરઘેર ધર્મ તરીકે કેવી રીતે ભણાવવામાં આવે છે એ જુઓ - અને તમે હિંદુઓમાંના કેટલાને હિંદુઓના હિંદુસ્તાન, હિંદુ સત્તા, હિંદુ રાજ્ય વગેરે શબ્દોના અર્થ પણ સમજાય છે કે એ જુઓ! દસ હજારમાં એકને પણ અર્થ સમજાતો નહીં હોય તો પછી સહાનુભૂતિનું નામ શું કામ! પઠાણોનું એક સ્વતંત્ર રાજ બચ્યું છે - કાબુલનું. અને એની વાતો એમના ઊઠવા, બેસવા, ખાવાપીવામાં આવતી રહે છે. તમારા હિંદુઓનું પણ એટલું જ એક નાનું મોટું સ્વતંત્ર રાજ્ય આજે પણ જીવંત છે - પણ તમને એનું નામ પણ ખબર છે કે? નેપાળ. એ રાજ્ય હિંદુ છે કે મુસલમાન એ વાત પણ તમારામાંથી અશિક્ષિત કરોડો લોકોને ખબર નથી. અને તમારામાંના સુશિક્ષિત? એ કેટલાય મારી સાથે, નેપાળ હિંદુસ્તાન દેશનો ભાગ જ નથી, એ એક જુદો જ દેશ છે અને એ એક અલગ જ જાતિ હોવાને કારણે એ અમારા માટે ચીન, ઈરાન, અફઘાનિસ્તાન અને સર્બિયા જેવી પરદેશ છે એવો અમારી સાથે વાદવિવાદ કરે છે!

અને સાચે જ આંદામાનમાં નેપાળના ભવિષ્ય સંબંધે અને હિંદુ સંગઠનનો એ મહત્ત્વનો આધારસ્તંભ કેવી રીતે થઈ શકે એ વિશે જ્યારે હું વાતચીત કરતો ત્યારે મોટાભાગના રાજ બંદીવાનોને નેપાળ સાથે આપણે શું સંબંધ, એ એક કોઇક તો ભૂતાન જેવું કોઈ પારકી જંગલી લોકોનું કદાચ એક પરદેશી સંસ્થાન છે એવી શંકા થતી અને એનું અનેકવાર ગંભીર, મુદ્દાસર વાત રજૂ કરીને સમાધાન કરવું પડતું.

યુદ્ધના દિવસોમાં વાતો સાંભળી સાંભળીને અને આવા જુદા જુદા વિસ્તૃત રાજકારણના વિચારો રાત-દિવસ કાને અથડાતા જઈ જઈને આંદામાનના હજારો બંદીવાનોનું રાજકીય વિચારક્ષેત્ર અને રાષ્ટ્રીય ભાવના ખૂબ જ વિકાસ અને વિસ્તાર પામતાં ગયાં. આંદામાનમાં જે સંગઠન અને પ્રચારકાર્ય કરવા ઈચ્છતા હતા, એને યુદ્ધની ઘટનાએ એવી મહત્ત્વની મદદ કરી અને એ તકનો ઉપયોગ કરી લેવા માટે અમારી બધી મંડળી હેતુપૂર્વક હંમેશાં પરિશ્રમ કરતી રહી.

પાછા કામ પર લગાડ્યા.

લડાઈના સમયે આવનારી ખબરો જેવી છે એવી જ કહેવાના અમારા પરિપાઠના કારણે, તુર્કી વિરુદ્ધ વાતો કહો છો એટલે મુસલમાનો જેમ ગુસ્સે થાય છે એમ જ અંગ્રેજો વતી ખોટેખોટી બડાઈઓ અમે કરતા નહોતા એટલે બારી પણ ગુસ્સે થતો. એ વખતનો પર્યવેક્ષક પણ સંકૂચિત રાષ્ટ્રીયત્ત્વથી ભરેલો એક ગૃહસ્થ હતો. એમને પણ મારું આવું કરવું, દુષ્ટતા છે એવું લાગતું. એટલે મારા પર એ શત્રુ જેવી દ્રષ્ટિ રાખવા લાગ્યા. એમાંય લડાઈનો પહેલો ધક્કો આંદામાનને લાગ્યો, એટલે સમુદ્રમાં કોઈ રણનૌકા ફરી રહી છે એવા સમાચાર આવ્યા. અને એ સંકટથી પોર્ટ બ્લેરને સુરક્ષિત રાખવા માટે મગાવેલા બ્રિટિશ સેનાની ટુકડીઓ માટે નૌકા વગેરે સામાન બનાવવા માટે કારાગૃહમાં બંદીવાનો પર કામની સખ્તી શરૂ

થઈ. ત્યારે તો અમારા પર અધિકારીઓની ખુલ્લેઆમ અવકૃપા થઈ. કારણ એ સેના માટે નૌકા બનાવવાની ધાંધલધમાલમાં બધા બંદીવાનોને છોતરાં કૂટવાનું કામ આપવામાં આવ્યું અને એ કામનું પરિમાણ સરેરાશ પાંચ-પાંચ, છ-છ ગણું સરેરાશ વધારવામાં આવ્યું! બે પાઉન્ડ છોતરાં દિવસમાં કૂટીને આપવી પડતી ત્યાં દસ દસ પાઉન્ડ છોતરાં કૂટી આપવાનો ક્રમ ચાલ્યો. મારમારી પણ થઈ. જન્મટીપના અમે અમુક જ લગભગ રાજ બંદીઓ રહ્યા હતા. કારણ સંપનાં ફળ તરીકે બાકીના હિંદુસ્તાન મોકલી આપ્યાનું પહેલાં જ કહ્યું છે. તેમનો વિરોધ ના થાય એટલે બારીએ એમાંના માણસોમાંથી જ એ કામ પર અને બંદીવાનો પાસેથી વધારાની મહેનત કરાવી લેવા માટે નજર રાખવાનું માન આપ્યું આવાં કામોમાં ઉપયોગી થતા ગયા તો આગળ જતાં પોતાનો આ હસ્તશ્રમથી છૂટકારો મેળવીને વોર્ડરપદ પણ મેળવવું શક્ય હોય છે એ દેખીતું હતું. ત્યારે રાજ બંદીઓની પોકાર હતી, ''તમે કોઈ કામ ન કરતા, ફક્ત એ ચોર-મવાલીઓ પાસેથી કામ કરાવો'' આવી રીતે મોટાપણું દેખાડી બારીએ દૂર સારવાનો પ્રયત્ન કર્યો એ ઘણો સફળ થયો. એ સ્વાભાવિક જ હતું. પરંતુ કમનસીબે અમારી દેખરેખ હેઠળ આવેલા ભાગમાં માણસ દીઠ બે નહીં તો ત્રણ પાઉન્ડથી વધુ છોતરાં કૂટી શકાશે નહીં એ તરત જ દેખાવા લાગ્યું. બંદીવાનો સાફ કહેતા, ''લડાઈ આમની! તો અમે શું કામ આખો દિવસ મરીએ! કાયદાનુસાર બે પાઉન્ડ કામ આપો. બે દિવસની છૂટ માગી તો સજામાંથી એ ઓછી નથી કરાતી. અને લડાઈ થઈ એટલે કહે દસ-દસ ગણું વધારે કામ કરો, અમે સાફ નથી કરતા! થશે એટલું જ કરીશું!'' આ એમના પ્રતિવાદનો અમે શું જવાબ આપીએ? અમને પોતાને એમનું કહેવું યોગ્ય લાગતું હતું. અમે જે ભાગમાં હોઈએ એ ભાગમાં મારપીટ કરવાની ટંડેલ જમાદારની સાહજિક રીતે હિંમત થતી નહોતી. એ વિશ્વાસ બંદીવાનોમાં હતો. ત્યારે એ પૂરું કામ કરીને પછી જેટલું થાય એટલું થોડુંઘણું વધુ કામ પણ કરીને સ્વસ્થ બેઠા. સાંજે અમારા ભાગમાં બધા કરતા ઓછું કામ ભરાયું. પણ કાયદાપ્રમાણે નક્કી થયેલા પ્રમાણ કરતાં વધુ જ ભરાયું, ત્યારે સ્વાભાવિક રીતે બારીની ગર્જના શરૂ થઈ. ટંડેલનો પટ્ટો ખેંચી લીધો. મુસલમાન અમારો પાકો વિરોધી. એણે બારીને રાતોરાત મળીને અમે બંદીવાનોને ઉશકેર્યા, અમે એમને રાજદ્રોહ શીખવીએ છીએ વગેરે સાચી-ખોટી ગમે એવી ધાપ મારીને બધો દોષ અમારા પર લાદયો. બીજા દિવસે પણ ગુસ્સામાં આવી અમને 'દેખરેખ'ના સિંહાસન પરથી પદભ્રષ્ટ કરીને અને કાથાના દોરા અને કાયમનાં કામ પણ નહીં આપતાં સજા તરીકે છોતરાં કૂટવાનું કામ આપીને જતો રહ્યો. એ બંદીવાનોમાં જ લંગોટ પહેરીને અમારાં છોતરાં કૂટતાં પરસેવે રેબઝેબ થઈને બેઠા, પરંતુ સાંજ સુધી અમારાં છોતરાં એક પાઉન્ડ જેટલાં જ ભરાય! અમે અમારા નક્કી થયેલા પરિમાણ બહાર છોતરાં કૂટતા નથી અથવા બીજા બંદીવાનો કૂટીને ભક્તિભાવે, મદદરૂપે આપો તો અમે લેતા નહીં, એ જોઈને મારી સાથેના બીજા બંદીવાનો પણ સ્વાભાવિક રીતે કામ ના કરતા થયા. એટલે બંદીવાનોમાં ખુલ્લેઆમ ભળીને કામ કરવાની અને ઊઠવા-બેસવાની અમને થોડા સમય પહેલાં મળેલી સગવડ પાછી લઈ લેવામાં આવી અને અમને એ સાત ક્રમાંકની એકાંત ચાલીમાં પાછા બંધ કરવામાં આવ્યા અને એ છોતરાંનું કઠીન કામ એ રીતે જ સોંપવામાં આવ્યું.

જે ટંડેલે અમે, ''સરકાર કે વિરુદ્ધ' બંદીવાનોને શીખવે છે, એવી બારીને કૂથલી કરી હતી, એણે અને આવા અનેક ચાડી ખાનારાઓએ એ સરકારની જ વિરુદ્ધ અમારી પાસે અને અમારી સમક્ષ ભાગવાની પ્રાર્થના પણ કરી હતી. પણ એમની આવી કાગારોળ જેવી ચાડી ફૂંકવાનું કામ અમે કરશું નહીં એની એમને ખાતરી હોવાને કારણે તેઓ અમારા પર ગમે તેવા આક્ષેપ મૂકીને પોતાની ભાખરી શેકી શકતા.

આ તકને કારણે પાછળ શુદ્ધિ પ્રકરણમાં કહ્યા પ્રમાણે, બંદીવાન જગતમાં અમારી વધતી જતી પ્રતિષ્ઠાને તોડી પાડવા માટે અને અમને માનસિક યાતનાઓ આપવા માટે દુષ્યમ અધિકારીઓની ભંભેરણીથી અમુક મુસલમાન વોર્ડરોને અમને બિભત્સ ગાળો આપતા, કલાકોના કલાકો અમારી સામે ઊભા રહેવાની અથવા આખી કોઠડી ભટકતા ફરવાની છૂટ મળી હતી! આવી રીતે હંમેશાં થોડા ત્રાસદાયકોને અમારી પાછળ લગાડવામાં આવતા.

પણ એ સમયે જ એ ત્રાસમાં અને પરવશતામાં પણ અમે અમારું કાર્ય ઉત્સાહિત કરનારી ઘટનાઓ

એક પછી એક બનતી જ રહી.

એમ્ડેનનું આગમન - રશિયાનો અધિકારી મળ્યો

અમારી તરફનું ધ્યાન હટાવીને પોર્ટ બ્લેરના અધિકારીઓની બધી શક્તિ તીવ્રતાથી પોતાની તરફ આકર્ષી લઈને અમને થોડો આરામ આપનારી પહેલી વાત એટલે આંદામાનના સમુદ્રની આજુબાજુ ''એમ્ડેન''નું આગમન હતી. એની ખબર ઊડતા ઊડતા ફેલાવાને કારણે પ્રત્યક્ષ સરકારી હિલચાલ થતા પહેલાં જ બંદીવાનોમાં હિલચાલ પ્રસરી હતી. એટલામાં મદ્રાસ પર આક્રમણ થયાની વાત આવી. સરકારે એ ગુપ્ત રાખવાનો પ્રયત્ન કર્યો પણ હંમેશાંની જેમ એ ગુપ્ત તો રહી જ નહીં, પણ અતિશયોક્તિ સાથે આખી વસાહતોમાં ફેલાઈ. એટલામાં એ વસાહતોમાં આખા ઈતિહાસમાં ક્યારેય ન થયેલી અધિકારીઓની દોડધામ, ગડબડ અને સૈનિક સજ્જતાની ધાંધલ મચી. કોઠડીની પાડોશમાં જ દારૂના કોઠાર અને શસ્ત્રાગારની સ્થાપના થઈ. કોઠડીની ફરતે વાડ ખોદડવામાં આવીને કોઠડીમાં અંગ્રેજી સોલ્જર્સનો પહેરો રાખવામાં આવ્યો. કલકત્તાથી ઉતાવળે ગોરી પલટન મગાવવામાં આવી. અંગ્રેજ અધિકારીઓ આખી રાત સમુદ્ર પર પહેરો રાખવા માંડ્યા. થોડા જ દિવસોમાં રણનૌકાઓ આવવા-જવા લાગી. ક્યારેક ફ્રેન્ચ રણનૌકા તો ક્યારેક રશિયન વિધ્વંસિકા (ટ્રેડનોટ). પોર્ટ બ્લેરમાં રોકાઈને એક બે દિવસ પહેરો આપી જતી રહેતી. આમાંથી રશિયન અને બીજી રણનૌકાઓના નૌકાધ્યક્ષ અમને જોવા માટે કારાગૃહમાં ક્યારેક ક્યારેક આવતા. રશિયન રણનૌકાનો અધિકારી અમારી સાથે ઘણા સમય સુધી વાતચીત પણ કરી ગયો. યુરોપમાં એ મંડળીઆ અમે આંદામાનના બંધી છીએ એ વાત ભૂલ્યા નથી એવું એ બોલ્યો હતો એ સાંભળીને અમને સમાધાન થયા વગર રહ્યું નહીં.

આ સરકારી હિલચાલ પરથી એવું સ્પષ્ટ થતું હતું કે, યુરોપિયન મહાયુદ્ધના રણમેદાનમાં આંદામાનના તાણાવાણા પ્રત્યક્ષ સ્વરૂપે ક્યાંક તો જોડાયા છે. અમને ખબર હોય એવી અભિનવ ભારતીય અને બીજી હિંદી ક્રાંતિકારી સંસ્થાના આંતરરાષ્ટ્રીય પ્રયત્નોની પૂર્વપીઠિકા પરથી યુદ્ધ શરૂ થતાં જ આંદામાનનું ક્ષેત્રબિંધુ આ મહાયુદ્ધની વિસ્તૃત કથાનું એક રણ ક્ષેત્રબિંધુ થયા વગર લગભગ રહેશે નહીં એવું લાગતું જ હતું. બારી સહિત બીજા યુરોપિયન અધિકારીઓએ પણ સૈન્ય હિલચાલોની પાકી ગુપ્ત માહિતી અમને ના મળે તે માટે કેટલી પણ દોડાદોડી કરે તો પણ અમને ખબર પડી ગઈ હતી કે એમ્ડેન, આંદામાન પર છાપો મારવા માટે જ અહીંતહીં ભટકે છે. પહેલાં આ જર્મન રણનૌકાએ એક-બે વાર આંદામાન પર છાપો મારવા માટે આવ-જા કરી હોવાની વાત ઊડી ત્યાં બંદીવાનો અને સરકારની ખાસ્સી ધમાલ થઈ. એ જર્મન સબમરીનના આંદામાન ફરતે આંટા મારવાનું સાહસિક કાર્ય એ બંધર જેટલું આટલું મહત્ત્વનું હતું એવું ફક્ત ના હોઈને, એનો એક પ્રમુખ ઉદ્દેશ ત્યાં રહેતા આમારા જેવા હિંદુસ્તાની બંદીવાનોની મુક્તિ કરવી એ હોવાની અમને જાણ હતી. ત્યાંના સાધારણ બંદીવાનો તો આશાનાં અમાપ મોજાં પર યથેચ્છ વિહાર કરતા હતા. પહેલાંનું ''થોડા દિવસ રહી ગયા!'' આ વાક્યની જગ્યાએ બધાના મોઢે, ''ચલે ભૈયા, આજ યા કલ!'' એવું વાકય ગૂંજવા લાગ્યું. કોઈ દોડતા-દોડતા આવતું અને કહેતું કે જર્મનીની સબમરીન આવી! એ જુઓ, બધા સાહેબ લોકો બંગલા છોડીને, દૂરબીન લગાડીને ત્યાં દોડી રહ્યા છે! અને સાહેબ લોકો ખરેખર દોડતા પણ હતા. એમ્ડેનનો અને એકંદરે જર્મન નૌકાદળનો (Navy) પ્રતાપ સાંભળીને એ મુઠ્ઠીભર અંગ્રેજી દળના મનમાં એક-બે વારના ખરેખર ભયંકર ચિંતા પેદા થઈ હતી. સમયની તક સાધીને બંદીવાનો એમના પર વળતો વાર કર્યા સિવાય રહેશે નહીં એ એમની શંકા એકદમ અસ્થાને નહોતી. એમાંય એમની પાસે લડાયક સાહિત્ય ખૂબ જ ઓછું. સમુદ્રમાં પડેલો પૃથ્વીનો એ એક નાનકડો કટકો! મુઠ્ઠીભર અંગ્રેજો અને એ પણ સૈનિક વ્યવહારમાં બેહદ વ્યસ્ત. જો એકાદ પ્રબળ જર્મન વિધ્વંસક અથવા સબમરીન આવે તો એમની શી વિસાત હતી ? પણ એક સામ્રાજ્યના ભૂતકાળની પરંપરામાં પળોટાયેલા એ અંગ્રેજ લોકો બધો ડર છાવરીને આંદામાન માટે લડવાનો નિશ્ચય કરીને બેઠા હતા. એકવાર જર્મન

સબમરીન આવી એમાં એમનાં છોકરાંછૈયાં સુધી ધમાટકડી મચી એમાં કોઈ જ આશ્ચર્ય નહોતું. આશ્ચર્ય એ હતું કે એ હજારો બંદીવાનોના અને પરદેશી અને શત્રુવત્ નઠારા બંદીવાનોની છાતી પર એ મુઠ્ઠીભર લોકો એમ જ રાજ કરતા આંદામાનને ચાર વરસ રક્ષતા રહ્યા. નાળિયેરનું એક ઝાડ કોઈને ઉખેડવા દીધું નહીં કે બંદીવાનોને બે પાઉન્ડ છોતરાં અને ત્રણ પાઉન્ડ દોરડાના કામમાં એક રતલની પણ છૂટ આપી નહીં. એમને એમ જ એકમ, એ કાયદા મુજબ શાસનચક્ર ચલાવતા રહ્યા!

અંગ્રેજોની ચીવટપણું! અમારું ભોળપણ

''સાહેબો''નો આ શુર સ્વભાવ અને એ જિદ્દી જાતીય ચીવટપણું હિંદુસ્તાની લોકોને પેશવાઈના અંત સુધી જેમ ઓળખતા આવડી નહીં એમ જ આજે પણ આવડી ના શકે એનું રહી રહીને આશ્ચર્ય થાય છે. આ લડાઈના દિવસોમાં વારંવાર બંદીવાનોમાં ચાનક થતી, આજે લંડન પડ્યું. એકદમ નક્કી! અથવા જર્મન તોપો આજે રાતે આંદામાન પર હુમલો કરશો; એકદમ નક્કી! પણ શેના પરથી? કોણ કહ્યું આ? ''કોણ એટલે, બબર્જીએ, કમિશનર સાહેબના બબર્જીએ પોતે, એણે જાતે કમિશનર સાહેબને ખાનગી કાગળ ખોલતા જોયા. પણ એમાં એ સમાચાર જ હતા એવું શેના પરથી? ''કમિશનર સાહેબ એ વાચતાં જ નીચે બેસી ગયા અને માથા પરની ટોપી ધડ્ દઈને ટેબલ પર પછાડી.'' અથવા બારીસાહેબની આંખોમાં પાણી આવી ગયું અથવા મિસીબાબા ઘુંટણમાં માથું દબાવીને બેઠા.

આવી ખબરો જ્યારે જ્યારે બંદીવાનો લાવતા અને એના સત્યત્ત્વને ઉપર દર્શાવેલો આધાર આપતા, ત્યારે મને બરાબર એવી જ બાતમીઓ એકદમ ખાતરીભરી તરીકે મોકલનારા પેશવાઈના રાવબાજીના સમયના પત્રવ્યવહારમાં યશવંતરાવ હોળકરે અંગ્રેજોનો મોટો પરાભવ કર્યાની એક બાતમી ગારપીરના પત્રકારે મરાઠાઓને જણાવવાનો ઉલ્લેખ છે. અને એ બાતમીના આધાર તરીકે મુખ્યતઃ એ જ લખ્યું છે કે, ''રેસિડન્ટ સાહેબે કાગળ વાચતાં જ માથા પરની ટોપી ધડ્ દઈને જમીન પર પછાડી!'' એ જ આધાર અને એ જ અનુમાન લગભગ દોઢસો વરસનો કાળ વીતી ગયો છતાંય હિંદુસ્તાનીએ માનીને આવું ગાંડપણ કરી રહ્યા છે; અને તો પણ અંગ્રેજોની ટોપી આજે પણ એમના માથા પર એમ જ સ્થિર છે.

સાચે જ પાછલાં દોઢસો વરસમાં અંગ્રેજોના રાજકર્તૃત્વના ચીવટપણામાં અને સૈનિક ધૈર્યમાં જેમ ખાસ ફરક પડ્યો નથી, એમ જ એ ગુણોને પારખીને એની તુલનામાં એ વિપક્ષનો સામનો કરવાની લાયકાત કેવી રીતે કેળવવી એ નહીં સમજનારા અમારા ગાંડપણભર્યા ભોળપણમાં પણ કંઈ ખાસ ફરક પડ્યો નહીં! અંગ્રેજો દોઢસો વરસમાં બહુ કંઈ ભૂલ્યા નહીં; આપણે કાંઈ વધુ શીખ્યા નહીં! ટોપી પછાડવાના એકદમ અક્ષરશઃ સમાન એવા ઉપરના ઉદ્ગારો પરથી મને આંદામાનમાં વારંવાર એવું લાગતું, અને હું હિંદી બંદીવાનોને કહેતો, એક કાગળને લીધે ટોપી પછાડે એવો કોઈ હિંદુસ્તાની છે કે શું? એ અંગ્રેજ છે. હજારોમાં એકાદો જ ડરપોક નીકળશે. બાકી જ્યાં એ છે ત્યાં એ લડી લેશે. જુઓ તમારા હજારો બંદીવાનોમાં પાંચ-દસ સિંહ જેમ બકરીઓ વચ્ચે નિર્ભય રહે એમ રહે છે! ટોપી પછાડી! એને ગરમી લાગી હશે! પછાડી હશે! મિસીબાબાને રમતા રમતાં ઝોકું આવ્યું હશે એટલે એણે ઘુંટણ પર ગરદન રાખી હશે! સબમરીનના ભયને કારણે શેના પરથી?

વિપક્ષની કલ્પના પાકી હોવી જોઈએ

વિપક્ષનો સામનો કરવો હોય તો એમના દોષ પ્રમાણે જ, કજાચ દોષ કરતાં એમના ગુણોથી વધુ પરિચિત રહીને એને પારખી લેવા જોઈએ. અને એટલે જ આંદામાન જતાં પહેલાં હું બ્રિટિશરોની શક્તિ વિશે યથાતથ્ય કલ્પના હિંદુસ્તાની બંધુઓને આપવા માટે જેમપ્રયત્ન કરતો, એમ જ આંદામાનમાં એ યુદ્ધ સમયે પણ કરતો હતો. વિપક્ષની ખોટી બડાઈ હાંકીને પોતાના પક્ષનો અન્યાયી તેજોભંગ કરવો જેમ

ઘાતક છે, એમ જ વિપક્ષ એટલે અશક્ત છે એવું કહીને પોતાના પક્ષને ખોટી આશાના ખાડામાં ધકેલવો પણ ઘાતક જ છે. એ દિવસોમાં આપણા હિંદુસ્તાની સાધારણ જનસમુહમાં જૂના કાળનું નશીલું ભોળપણ એવુંને એવું યથાવત્ છે એ જોઈને મને બધું દુઃખ થતું. અને હું એમના એ ભોળપણ વિશે હંમેશાં તીવ્ર ઉપહાસ કરતો. જ્યારે એ જર્મન સબમરીન આંદામાન આસપાસ ફરી રહી છે એવી વાતો ઉઠતી હતી ત્યારે કોઈક - ખાસ તો મુસલમાન બંધીઓ દોડતા દોડતા આવીને બજારમાં કહેતા, અરે, પેલા બાજુના જંગલમાં કાલે જર્મન સબમરીન લાંગરી છે! અને એનો સેનાની, ચાર તુર્કો સાથે એ ટેકડી પરથી નજર કરીને ગયો! અરે, ચોકીદારે પ્રત્યક્ષ જોયું! શું એ તુર્કોનું તેજ! ચાર ચાંદ એકદમ છાતી પર ચળકતા હતા. ચોકીદારને લાગ્યું, ચાર તાજા જ ચળકી રહ્યા છે. પેલા ચાર તુર્કોએ જર્મનને કંઈક સમજાવ્યું. જર્મન સેનાની મર્યાદાથી પ્રણામ કરી ''જી હુજૂર!'' બોલ્યો અને એ બધા જોતજોતામાં અદ્રશ્ય થઈ ગયા!! એવી વાત ઉડાડવાનો ક્રમ ચાલ્યો કે પોર્ટ બ્લેરમાં એની રંગીન સોનેરી આવૃત્તિઓ પર આવૃત્તિઓ નીકળવા લાગી. અને પાછું ઉપર આપેલી વાતો ખબર આમ જ ઉઠતી. એ આપણને કેટલી પણ વિકૃત લાગે તો પણ અરેબિયન નાઈટ્સ જેવા પુસ્તક થકી જેમની સુલતાન અને અલીફા વિશેની કલ્પના વિકસી હતી એ બંદીવાનોને પહેલાં તો એ વિશ્વસનીય લાગતી. શરૂઆતમાં અમારી પાસે એ વાતો સાચી કે ખોટી એ પૂછવા માટે હિંદુ-મુસલમાન બન્ને આવતા. કારણ કંઈ પણ થઈ જાય તો પણ, અંગ્રેજોની કે જર્મનોની ખોટી બડાઈ ના કરતા કરતા બારીના કે બંદીવાનોના અસંતોષથી ડર્યા વિના સાચી લાગે તે વાત જ ક્યાંક જો મળે હોય તો એ ''બડે બાબુ'' પાસે જ, એવી મુસલમાન બંદીવાનોને પણ ખાતરી હતી. એટલે એ લોકો આવતાં જ અમે એમનામાંથી એ ભોળાપણું કાઢી નાખવા માટે, ઉપહાસથી અને સમજાવીને આ દંતકથા કેવી રીતે ખોટી છે - સાંભળતાં જ ખોટી જણાઈ આવે છે - એવું કહેતા. અનુભવ પણ એવો જ થતો ગયો. એટલે પછીથી આવી અદ્ભુત અને અતિશયોક્તિભરી વાતો કોઈ ખાસ ફેલાવતા નહીં, અને એની વિશ્વસનીયતા પણ ખૂટી ગઈ. રાજકીય પરિસ્થિતિનું જ્ઞાન જેમ વધ્યું એમ નવલકથા જેવી અદભુત કથાઓનો કાળ પણ આથમવા લાગ્યો.

બંદીવાનોનું આવી કથાઓથી અંજાઈ જઈ ''ચલે ભાઈ!, આજ ચલે, કલ ચલે!'' એવું કહેવું જો ગાંડપણ હતું, તો પણ એવા રાજકીય ભૂંકપના ધક્કાઓમાં રાજ્યોના રાજ્યોની ઉથલપાથલ થતી હતી, ત્યારે હિંદુસ્તાનને પણ દેવયોગે ઊંધુંચત્તું કરનારો એકાદ ધક્કો લાગશે જ નહીં એવું ધારવું એ પણ ગાંડપણ જ હતું. એમાંય અમને ક્રાંતિકારોઓને હિલચાલની થોડીઘણી જ માહિતી મળતી હતી. ત્યારે આંદામાનની આજુબાજુ પ્રબળ જર્મન સબમરીનો ફરકવા લાગતાં અંગ્રેજોએ પણ આંદામાનના બચાવ માટે સૈનિક સિદ્ધતા અમારી આંખો સામે જ્યારે ચલાવી, ત્યારે એ આખા પ્રકારનો વિચાર નહીં કરતાં ''કંઈ થવાનું નથી'' કહીને રડતા અને સડતા રહેવાની પંગુતા રાખવી એ અમને ખૂબ જ મૂર્ખામીભર્યુ અને નિરર્થક લાગવા લાગ્યું. હિંદી રાજ ક્રાંતિકારીઓની યોજના પ્રમાણે જર્મન સબમરીન અને નૌકાઓ આંદામાન પર આક્રમણ કરીને અમારી મુક્તિ કરવાનો પ્રયત્ન કરવા માટે શક્ય તે પ્રયાસ કરશે એ અમને શક્ય લાગતું હતું. એક-બે વાર તો એ વાત સાવ થઈ ગયા જેવી જ હતી. કારણ જર્મનીની સબમરીનોએ એકવાર આંદામાનને લગભગ અસહાય સ્થિતિમાં ઘેરી લીધું હતું. કમિશનરે આર્થિક મદદ માટે કલકત્તા મોકલાવેલો ટેલિગ્રામ વચ્ચે આંતરીને વાચીને એ સબમરીનએ આગળ મોકલાવ્યો. અને એ સંદેશ મુજબ કલકત્તાથી મદદ લઈને સાધારણ જહાજ આવતાં જ એને પકડીને મોટી રકમ વચ્ચે માર્ગમાં જ ગાયબ કરી. અન્નની અછતનો પણ આંદામાનમાં એક-બે વાર તીવ્ર અનુભવ થયો. કારણ રંગૂન, કલકત્તા અને મદ્રાસથી અહીંના જહાજોની આવન-જાવન બે મહિના એકદમ બંધ થઈ ગયા જેવું હતું. આવા ઘેરામાં આંદામાન નિઃસહાય થઈને ક્યારે શત્રુના હાથમાં પડશે એ કહેવું સહેલું નહોતું. જો આવો સમય આવ્યો જ તો ?

તો એ તક આવતાં પહેલાં જ એ અપૂર્વ ઘટનાના વખતે કેવી રીતે વર્તવું એ પહેલાં જ નક્કી ના કરવું એટલે આળસની પરાકાષ્ઠા જ થઈ હોત. એ તક વ્યર્થ ગુમાવવાનું પાતક એ ઢીલાશ પર આવવાનું હતું, એવું અમને લાગતાં અમે, જો કદાચ આવો એકાએક અદ્ભુત પ્રલય થયો, આંદામાન જર્મન સબમરીનોએ

વશમાં કરીને એના પર પોતાનો અધિકાર કાયમ કર્યો અને ત્યાંના બધા બંદીવાનોને મુક્ત કરીને...

નિરપેક્ષ સુજ્ઞપણાની યુક્તિ બનાવો.

જર્મન સબમરીનોની આ યોજનાઓ, હિંદી ક્રાંતિકારીઓની યોજનાઓના પરિચયને લીધે અમને સ્પષ્ટ દેખાતી હતી. અમારા ભાગના રાજ બંદીઓ અને સાધારણ બંદીવાનોમાંના વિશ્વાસુ આગેવાનોને અમે એ આખી યોજના સમજાવી દીધી. અને આવો પ્રસંગ આવતાં જ આપણું કર્તવ્ય શું હશે, એની એક સુસંગત યોજના ચૂંટેલા લોકોને કહી રાખી. એ યોજના મુજબ બંદીવાનોના મત ઊભા કરવાનું કામ વસાહતોમાં જારી હતું. ભોળપણને લીધે અંગ્રેજોની સત્તા ઉથલાશે એવું નહીં સમજતા. પરંતુ આંદામાન પૂરતું તો, એ અચાનક છાપો નાખીને અંગ્રેજોના હાથમાંથી ઝૂંટવી લેવું અને અમુક સમય સુધી તો એને પોતાનું કેન્દ્ર બનાવીને આજુબાજુ રાજક્રાંતિના તણખલા પ્રસરાવી દેવા, એ જો જર્મન લશ્કરે ધાર્યું, તો તરત જ એ સાધ્ય થઈ જવાનું છે, એ પણ ભૂલતા નહી. તો આવા પ્રસંગે આપણા હાથે શું કરવું શક્ય છે, એનો વિચાર કરી પહેલેથી જ સંગઠિતપણે, સ્વસંરક્ષણ અને સ્વકર્તવ્ય કેવી રીતે કરવું એ નક્કી કરો. આશાભર્યા ભોળપણથી નહીં પણ નિરપેક્ષ, સુજ્ઞ રીતે નક્કી કરો એવું કહીને અમે બધા બંદીવાનોને સાવધાન કરતા રહેવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

જર્મન યોજનાની અને હિંદી ક્રાંતિકારીઓના અમને બધાને છોડાવી લઈ જવાની આ ખટપટની અમારી ધારણા ઘણી સાધાર હતી, એ હવે રોલેટ રિપોર્ટ અને બીજા પ્રસિદ્ધ વૃતાંતો પરથી સિદ્ધ થયું જ છે. પહેલા વરસમાં તો એમની આ યોજના જરાય અશક્ય ના હોઈને એક-બે વાર તો એ સફળ થવાને જ છે, એ પણ એ વૃતાંત પરથી અને પાછળથી યુરોપિયન અધિકારીઓએ પોતે કહેલા વૃત્તો પરથી સ્પષ્ટ છે.


''એમડેન'' પકડાઈ જતાં જ સરકારને આ યોજનાઓ પાકી રીતે ખબર પડતાં, રાજ બંદીવાનોના કારાગૃહ ફરતે એકાદ લડાયક કિલ્લા જેવી સજ્જતા કેવી કરવામાં આવી એ પહેલાં કહેલું જ છે. એમાં એક દેશભક્તે બારીસાહેબને એવી પણ એક ખાનગી વાત કહી કે સાવરકરને કારાગૃહમાંથી અચાનક ઉપાડીને લઈ જવા માટે જર્મની વતી એક વિમાન પણ આવવાની વાતચીત ચાલે છે. એ વિમાનના કાલ્પનિક ઉતરાણને રોકવા માટે જ તો શું, એ વખતથી જ ફક્ત કોઠડીમાં રહેલા ગોરા સૈનિકોના પહેરાની જોડી, સશસ્ત્ર, બંધુક ભરીને, પટ્ટા ચડાવીને સિદ્ધ હોય એવા સિપાઈઓની ટુકડી, એ કારાગૃહના વચ્ચેના ભાગમાં આવેલા એક ઊંચા માંચડાની ઉપર સખત પહેરો આપતી બેસાડવામાં આવી. યુદ્ધ બંધ થઈ ગયા પછી પણ કેટલાક મહિના આ વ્યવસ્થા આમ જ ચાલુ હતી. અમારી હિલચાલ પર, બોલવા ચાલવા પર, જર્મન સબમરીનના આક્રમણથી અર્થાત્ જ અત્યંત કડક નજર રાખવામાં આવી હતી. અને એના લીધે પાકા ચાડીખાઉ ગમે તેવી સાચી-ખોટી વાતો અમારી વિરુદ્ધ ઉપજાવીને અધિકારીઓની મહેર મેળવવામાં ચૂર થઈ ગયા હતા.

એમાંય જ્યારે એ વસાહતોમાં જ્યારે ગોરી સૈનિક પલટન આવીને ઉતરી ત્યારે તો વધુ એમાં વધારે જોર આવ્યું. એ ગોરા સૈનિકોને રૂક્ષ અને એકાંત ટાપુ પર મનોરંજનનું બીજું કોઈ સાધન ના હોવાને કારણે અમારા વિશે, અમારા ક્રાંતિકારી કૃત્યો વિશે, જર્મની સાથેના અમારા ''ગુપ્ત સંબંધો'' વિશે મનભરીને ગપ્પાં મારવાં એટલું એક સમય પસાર કરવાનું મનોરંજન બચ્યું હતું. એમની મંડળીઓમાંથી, ટોળીઓમાંથી અને સારા સજ્જન અધિકારીઓની ચર્ચાઓમાંથી અમારા વિશે અને અમને છોડાવવા માગતા જર્મન લશ્કર વિશે કંઈક કાલ્પનિક અને અદ્ભુત દંતકથાઓ પ્રચલિત હતી એ અનાયાસે જ જાહેર કરનારો કલકત્તાના 'ડિચરના' 'કેપિટલ'માં આવેલો લેખ પ્રસિદ્ધ જ છે! અને એનો ઉલ્લેખ પણ કદાચ આગળ આવશે જ.

અમારા લીધે દુનિયાને આંદામાનની જાણ થઈ

અમારા માટે હિંદી રાજ બંદીવાનોને સંભાળવા પછી એટલું સુલભ નહોતું! સક્રિય જગત માટે પારકા થઈને તેઓ મરી ગયા એમ જાણીને, તેમને ભૂલી જાય તે માટે અમને બધાને ''કાળાપાણી પર'' લઈ જઈને કોઠડીમાં નાખવામાં, સ્મશાનમાં પૂરેલા શબ કરતાં વધારે હવે એમની ચિંતા કરવાનો અર્થ નથી એવું મોટાભાગના લોકોને લાગતું હતું. પરંતુ આંદામાનને કારણે દુનિયા અમને ભૂલી નહીં, તો અમારા કારણે દુનિયાને આંદામાન યાદ રહ્યું. કારાગૃહને લડાયક કિલ્લા બનાવીને અને વેપારી બંધરોને વિધ્વંસિકાઓનો અને સબમરીનની તોપોનો પહેરો રાખી અમારું રક્ષણ કરવું પડ્યું! આ ઘટનાને જોઈ અમને અમારી જીવતેજીવત મર્યા પછી પણ આવી રીતે યાદ રાખનારા અમારા પહેલાંના કાળના સહકારીઓ વિશે કૃતજ્ઞના અનુભવ્યા વિના રહેવાયું નહીં. અને એ કારાગૃહમાં જ એ અત્યંત ભયંકર પરિસ્થિતિમાં પણ એક પ્રકારનું ઉત્તેજન અને આધાર મળ્યા જેવો ભાસ થયો, એ આ ઐતિહાસિક વૃત્તમાં ના કહેતા ખાનગી રાખવાનો પ્રયત્ન કરવો વ્યર્થ છે. ક્યારે કોની ચાડીને કારણે અમારા પર રાજકોપનો કયો હુમલો થશે એ, ત્યારના દિવસોમાં કહેવું શક્ય નહોતું. એ ચિંતા પણ નહોતી થતી એવું નથી, છતાં પણ એ ચિંતામાં પણ હિંદુસ્તાનના રાજકીય પ્રશ્નને મહાયુદ્ધમાં આટલું આંતરરાષ્ટ્રીય મહત્ત્વ પ્રાપ્ત થયું એ જોઈને રાજ બંદીવાનોને થોડું ઘણું સમાધાન ના થયું હોય એવું અશક્ય હતું. આપણી રાજકીય મહત્ત્વકાંક્ષાઓ પણ આ રાજકીય ભૂંકપમાં સફળ થશે, કાં તો મરુભૂમિના ફળોફૂલોથી ભરાયેલા બગીચામાં રૂપાંતરિત થશે, કે ફક્ત ફળોફૂલોથી ભરેલા બગીચાને બાળીને ઉજ્જડ મરુભૂમિ બનાવવામાં એ પ્રચંડ લડાયક ભૂકંપનો અંત આવવાનો છે?

આ ચિંતાના, આ આશાના, આ ભયના ભભા પર ચડીચડીને એ રાજ બંદીવાનો બંદીશાળાની અંધારી કોઠડીના નિરાશાની ગર્તામાંથી વર્તમાનની ભીંતની પેલે પાર, ભવિષ્યનો પ્રકાશ જોવા માટે એકધારા ઉત્સુક રહેતા હતા!



પ્રકરણ ચોથું

આંદામાનમાં સેકડો રાજ બંદીવાનોનો કાફલો પાછો આવે છે!

જર્મન લશ્કરનો આંદામાન પર હુમલો કરવા માટે જ્યારે અતિ પ્રયત્નો જારી હતા ત્યારે એક દિવસ વર્તમાન પત્રનો એક ટુકડો અમારા એક 'લેખક' સહકારીએ હાથમાં આપ્યો. ચાલીના એક ખૂણામાં એ

ઉઘાડીને છુપાઈને વાચવા લાગ્યો તો મથાળામાં જ લખ્યું હતું. `Mutiny at Meerat.'

મેની સંધિમાં મીરતમાં રાખવામાં આવેલા સેનાનિવેષોમાં વિદ્રોહ કરવાનું ષડયંત્ર કર્યાનું પકડાયું છે એવું જાણવા મળ્યું. કેટલાયે લોકોને પકડવામાં આવ્યા. કેટલાય આગળ જતા ફાંસીએ ગયા. એ સૈનિક બળવાનો ટેલિગ્રામ તાર વાચતાં જ શરીર થરથરી ગયું!

૧૮૫૭ના વરસે આ જ મીરતમાં આ જ મે મહિનાની સંધિમાં સૈનિક બળવાનોપ્રારંભ થયો હતો. એ પણ એક ક્રાંતિના દેશવ્યાપી ષડયંત્રની એક ચિનગારી હતી. આ આજની મીરતની ઘટના સાચી, કે એકાદ વિરાટ દેશવ્યાપી ક્રાંતિના કદની અકાળે ઊડેલી ચિનગારી છે?

ના હોય તો એને સરકાર આમ પ્રસિદ્ધ કરવા જેટલું મહત્ત્વ આપત નહીં? ના હોય તો પણ આ દસ વરસમાં કેટલો ફરક થયો! અસંતોષ, આવેદનો, અભ્યર્થના, નિષેધ, કપટ, દંગો, હુમલા, પ્રતિહુમલા, પિસ્તોલો, શસ્ત્રો, છમકલાંઓ અને હવે સૈનિક બળવો અને બંડનો જુવાળ! ગાડું ક્યાંથી ક્યાં આવ્યું!

સત્તાવનના ક્રાંતિયુદ્ધથી 'બંડ' શબ્દ દેશના કોષમાં સાહજિક રીતે ઝળકયો નહોતો! એ કલ્પના જ રહી નહોતી. મહાયુદ્ધની આગમાંથી એ પાછી ભડકી. દેશની હિંમત ગરમાટાની આ હદ સુધી પહોંચી.

એ દિવસે અને એ અઠવાડિયામાં રાજ બંદીવાનોમાં અને એમને સંસર્ગ થકી સાદા બંદીવાનોમાં આ ચર્ચા અમે ઉપર આપેલી ત્રૂટક રૂપરેખામાં સતત ચાલતી હતી.

એમાં જ લાહોરનાં અને પંજાબનાં ષડયંત્રોની વાતો આવી. જોતજોતામાં લડાઈ પર જવા માટે ના પાડવા માટે સિપાઈ અને પછી પલટનોની ટુકડીઓની ટુકડીઓ કારાગૃહમાં આવી. દેશમાં ગડબડ થઈ છે એનો પ્રત્યક્ષ પૂરાવો મળતો ગયો.

પાછલો સંપ ૧૯૧૪ની શરૂઆતમાં પૂરો થયો ત્યારે અમને જન્મટીપના રાજ બંદીવાનોને આંદામાનમાં રાખીને, અવધિના લગભગ બધા રાજ બંધીઓને સ્વદેશી કારાગૃહમાં મોકલવાનું ઠરાવીને એ પ્રમાણે એમને મોકલવામાં આવ્યા હતા એ પાછળ લખ્યું જ છે. પરંતુ એ મહાયુદ્ધની ધમાલમાં એ ગોઠવણને કોણ પાળે છે! પહેલાંના પાછા લાવ્યા ના હોય તો પણ મહાયુદ્ધના સમયે, સ્વદેશમાં જે ક્રાંતિનો જેવાળ ઉઠળી રહ્યો હતો, એમાં પકડાયેલા રાજ બંદીવાનો, સંયુક્ત બંગાળ પ્રદેશ અને પંજાબથી પકડી લાવીને આંદામાનમાં પાછા ગોંધવામાં આવવા માંડ્યા. એને કારણે ઠેકઠેકાણના રાજકીય સમાચારો અને યુદ્ધની ઘણી વિશ્વસનીય વાતો અમને મળતી ગઈ.

જે સમયે જર્મન સબમરીને આંદામાનના સમુદ્રમાં એક બે વેપારી જહાજો પકડીને અને અમુકને આંતરીને એ સમુદ્ર બાનમાં લીધો હતો ત્યારથી ઘણા દિવસ હિંદુસ્તાનથી બંદીવાનો આંદામાનમાં લાવવાનું બંધ થયું હતું. એ સમુદ્ર જ્યારે એ જર્મન સબમરીનનો જાપાની, રશિયન અને ઈંગ્લિશ સબમરીને નાશ કરતાંની સાથે એ સુરક્ષતિ લાગવા લાગ્યો, ત્યારે પાછા એ 'ચલાન' શરૂ થયું.

અને એક દિવસ લાહોરના ક્રાંતિકારીઓની ટોળી આંદામાનના કારાગૃહમાં જન્મટીપની સજા પામીને આવ્યા. એ લગભગ 'ગદર' ખટલાના શીખ હતા.

એમને જોતાં જ એમની દુ:ખદ સ્થિતિ ક્ષણભર ભૂલી જઈને અમારા મોઢે અનિવાર્ય ઉદ્ગાર નીકળ્યા, ''આ જુઓ, છેવટે શીખ આવ્યા! કહ્યું હતું એવું જ થયું!''

અમે વિલાયતમાં ક્રાંતિકારી ચળવળમાં જે સમયે આગેવાની કરતા હતા, ત્યારે એક દિવસ એક શીખ સહકારી સાથે શીખ લોકોમાં રાષ્ટ્રીય જાગૃતિ કેવી રીતે પેદા કરવી એ વિશે ચર્ચા ચાલી હતી. પંજાબના અનેક યુવાનો ઈંગ્લેન્ડમાં હતા. એ બધાને, પંજાબ સૈનિક ભરતીનું કેન્દ્ર હોવાથી, ત્યાં ઝૂંપડી-ઝૂંપડી સુધી રાષ્ટ્રીય જાગૃતિ કરવા માટે કયા વિવિધ પ્રકારના ઉપાય અને યુક્તિઓ કરવી જોઈએ, એની એક યોજના અમે કહેતા હતા. એ યોજના જ્યારે અમે કહેતા ત્યારે અમારા હિંદુઓના એક પ્રમુખ ભાગ એવા શીખ પંથમાં જાગૃતિ લાવવી કેટલી મહત્ત્વની છે એ કહેવા લાગ્યો, ત્યારે એ શીખ ગૃહસ્થ થોડા નિરાશ થઈને

બોલ્યા, ''શીખોનો ધાર્મિક કૂપમંડુકપણાનો વળગેલો રોગ સાજો કરીને અખિલ ભારતીય મમત્ત્વ પેદા કરવું અને એમના ધાર્મિક ઉત્સાહને રાષ્ટ્રીય વલણ આપવું હાલમાં તો બહુ કઠીન છે.'' ત્યારે અમે કહેતા, ''દોસ્ત તું પણ શીખ નથી કે ? તો પછી તારા જેવા એકાદ સરકારી મવાળ કુટુંબમાં જન્મેલા અને શિક્ષણ પ્રાપ્ત કરેલા શીખોના ઉચ્ચ વંશના યુવાનને રાષ્ટ્રીય ધર્મની દીક્ષા અને ત્યાગની શક્તિ જો આટલા ઓછા સમયમાં આપી શકાઈ તો બીજા શીખોને શું કામ ના આપી શકાય ? મેં શીખ ઈતિહાસનો નજીકથી અભ્યાસ કર્યો છે. હું કહું છું આ યોજના જો તમે આગળ રાખી પ્રયત્ન કરશો, સ્વદેશમાં, પરદેશમાં શીખ મળશે ત્યાં પ્રયત્નો કરશો તો પાંચ વરસની અંદર આપણા એ શીખ વીરો તમારી સાથે ખભેખભા મેળવીને લડતા તમને દેખાશે.'' આ વાત ૧૯૦૮-૦૯ની સંધઈ વખતે થઈ હતી.

એ વાતની યાદ અમને એ કારાગૃહમાં એ વખતે આવી. અને મારા સહકારીઓને કહ્યું, ''એ શીખ જુઓ આવ્યા કે નહીં ?

હવે આપણા નેપાળી બંધુઓ બસ રહી ગયા. એકવાર એ વીર ગુરખા હિંદુસ્તાનની શિબિરમાં આવી ગયા કે અખિલ હિંદુ એક થઈ ગયા.''

અમારા એ કાળના મતમતાંતરનું રૂપ, આ ભાવ અને ભાવના અમારા મનમાં વારંવાર ઉદય પામી. આ શીખોની પહેલી ટોળીની પાછળ પાછળ પંજાબના ઠેકઠેકાણેથી ક્રાંતિકારી પ્રયત્નોમાં સજા પામેલા અનેક રાજ બંદીવાનોની ટોળીઓ આવવા માંડી. રંગૂન, સિંગાપુર, બસ્ત્રા વગેરે સ્થળે લડાઈ કરવા જવાનું નકારવાના અપરાધ માટે, અથવા બળવો કરીને રાજ્ય ક્રાંતિકારીઓના પક્ષમાં ભળવાના પ્રત્યક્ષ કરેલા સશસ્ત્ર વિદ્રોહ માટે સેંકડો સિપાઈઓને પણ મોટી-મોટી સજા થઈને આંદામાન આવ્યા. એમના આવવાથી એ વસાહતોના લોકોમાં રાજકીય મતમતાંતરનો પ્રસાર ખૂબ ઝડપભેર થવા લાગ્યો. સિંગાપુરમાં બળવો પોકારનારા, ત્યાંથી સયામથી રંગૂન જઈને ત્યાં બળવો કરવા માટે સૈનિકોનું ષડયંત્ર કરનારા, કાશીના ષડયંત્રમાં સજા પામેલા, બંગાળમાં સશસ્ત્ર રાજકીય દરોડા માટે સજા પામેલા - એવા લગભગ સો-દોઢસો રાજકીય બંદીવાનો એ કારાગૃહમાં ભેગા થવા માંડ્યા. એ બધાની માહિતી, એમનાં અદભુત સાહસો, એમના ષડયંત્રની યોજના વગેરેનો ઉલ્લેખ તો હતો જ; પણ એમનાં નામો પણ આ સ્થળે આપવાની શક્યતા નથી. આવતી આવૃત્તિમાં થશે તો એવું કરવાનો યોગ આવશે.

આ રાજ બંદીવાનોમાં જેમને મારી સાથે પહેલાંનો પ્રત્યક્ષ પરિચય હતો એવું કહીએ તો પ્રો. પરમાનંદ એકલા જ હતા. એમના વિશે અને બીજા વિશે પણ શક્ય એટલી માહિતી અમે બંદીવાનોને પહેલેથી આપતા આવ્યા છીએ. એ યોગે અને એ બધા બંદીવાનો આવતા જ એમના મોઢે એમના ધ્યેયની, ત્યાગની, એમનામાંથી જે સેંકડો લોકોએ ફાંસી પર અથવા ખુલ્લેઆમ સશસ્ત્ર છમકલાંઓમાં પ્રાણત્યાગ કર્યો એમનાં અદભુત ચરિત્રોની, એમનાં ષડયંત્રોની, યોજનાની લડાઈ પ્રત્યક્ષ જોનારાઓના મોઢેથી ફ્રાન્સ વગેરે રણમેદાનનાં યુદ્ધોની માહિતી સાંભળવાને લીધે એ વસાહતોના રાજકીય જીવનમાં ઘણો મોટો ફરક આવ્યો. એ હજારો બંદીવાનોમાં જગતના ઉચ્ચ વાતાવરણમાં થયેલી ઘટનાઓનો વિચાર કરવાની બુદ્ધિશક્તિ અને ક્ષમતા આવે અને હિંદુસ્તાનના વિસ્તૃત રાજકીય જીવનમાં એમણે ભાગ લેવો એવું શિક્ષણ આપવાનો જે અમારા પ્રયત્નો ચાલી રહ્યા હતા, એમાં સેકડો રાજ બંદીવાનોના આગમનથી મહત્ત્વની મદદ થઈ.

એમનામાં મારા પ્રત્યક્ષ પરિચયનાપ્રો. પરમાનંદ ભલે એક જ ગૃહસ્થ હતા તો પણ એમાંના મોટાભાગના લોકોને મારા વિશે જાણ હતી. એટલું જ નહીં પણ એમાંના મોટાભાગના લોકોએ મારા લેખોનો અને પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો. એમના મનમાં મારા વિશે આ પૂજ્યભાવ હોવાને કારણે એ લોકો અંદર પગ મૂકતાં જ મને મળવા માટે સાહજિક જ આતુર થતા. અધિકારીઓએ મને એમનાથી દૂર રાખવાનો પહેલાં પુષ્કળ પ્રયત્ન ભલે કર્યો તો પણ છેવટે એટલી મોટી સંખ્યાને એ કારાગૃહમાં સંભાળવું અશક્ય થવાને કારણે એમની સાથે મારો સંપર્ક વારંવાર શરૂ થયો. અમેરિકાના 'ગદર' પત્રમાં સત્તાવનના

ક્રાંતિયુદ્ધનું ભાષાંતર હિંદી, ઉર્દુ અને કદાચ પંજાબી ભાષામાં થયું હશે એ એમણે મને કહ્યું. એમાંથી એક ગદર પક્ષના ઉચ્ચશિક્ષિત આગેવાને, જેને લાહોરના ખટલામાં મરણની સજા થતી હોવા છતાં પોતાનો બચાવ કરવાનું સાફ નકારીને ક્રાંતિકારી યત્ન મેં કર્યો જ હતો, તો બચાવ શું કરવાનો કહીને છેવટ સુધી પોતાનો નિશ્ચય છોડ્યો નહોતો, એણે મને કહ્યું, ''હું એક ઉત્સાહી મનુષ્ય હતો. રાજકારણમાં કોઈ ભાગ લેતો નહોતો. પણ એકવાર એક સ્નેહીના આગ્રહથી તમારું સત્તાવનનું ક્રાંતિયુદ્ધ ઈંગ્લિશ પુસ્તક વાચવા માટે લીધું. એ દિવસે અને આખી રાત એ વાચતો હતો. પૂરું કરીને દૂર મૂકયું અને ત્યારથી મારું એ જૂનું જીવન પણ દૂર થયું. મેં રાષ્ટ્રના વિમોચનના શપથ લીધા અને અહીં સુધી આવ્યો!'' અમે મજાકમાં, 'અહીં સુધી' એ શબ્દ પર ભાર દઈને કહ્યું, ''તો પછી એ પુસ્તક એટલે આંદામાનની ટિકિટ જ છે એવું કહેવું!''

પહેલાં સેનામાં સેવા આપનારા અને પછી સ્વબળે પરદેશમાં જે હજારો રૂપિયા એણે કમાયા હતા એ ગદર પત્રમાં ક્રાંતિકારી લેખ વાચતાં જ એ કાર્ય માટે દાન આપી દેનારા એક વૃદ્ધ શીખ રાજ બંધીએ કહ્યું કે, ચીનમાં ક્યારેક ક્યારેક ત્યાંના પ્રગતિશાળી લોકો હિંદુસ્તાનની ચર્ચા કરતાં પૂછતા કે, ''તમારા સાવરકર કયાં છે? હાલમાં કયા કારાગૃહમાં છે?'' એના સંદર્ભે અમારા આંદામાનનાં ઘાણી ફેરવવાનાં વગેરે કષ્ટોની માહિતી એ શીખોને કહેતાં જ એ કકળીને ખૂબ દુઃખ વ્યક્ત કરતા. અમે વિલાયતમાં હતા ત્યારે સન્યત્સેનની આગેવાની હેઠળના ચીનના ક્રાંતિકારી કેન્દ્રમાં અને વર્તમાનપત્રમાં હિંદુસ્તાનની માહિતી પસિદ્ધ કરવાનો પ્રયત્ન કરતા હતા. એમાંથી અમુક ચીનીઓને તો અમારી યાદ એ ૧૯૧૫-૧૬ના વરસ સુધી આવતી હતી, એ જાણીને અમને એ વિલાયતના પ્રયત્નો એકદમ નિષ્ફળ નથી થયા એવું લાગવા લાગ્યું.

એ તેલથી અસંતોષનો અગ્નિ ભડકાવ્યો!

આ ઘાણીની વાત પરથી, અમારે ઘાણી ફેરવવી પડી એ સમાચાર અમેરિકામાં પહેલીવાર કેવી રીતે પ્રસિદ્ધ થયા એ વાત યાદ આવી. અમારા શીખ બંદીવાનોમાંથી અમુક શુર અને ધ્યેયનિષ્ઠ શીખોને કર્તવ્યોન્મુખ કરવા માટે એ વાત ઉત્કટ રીતે કારણભૂત થઈ હતી. એ કહેતા, 'તમને તેલની ઘાણીમાં જોતરવામાં આવ્યા છે, એવું ચિત્ર ક્રાંતિ પક્ષે છાપ્યું હતું. એ અમેરિકામાં વેચી રહેલા છોકરા પાસે અમે જોયું ત્યારે અમને અત્યંત ખેદ થઈને આંખમાં આંસુ આવી ગયાં અને થયું, ''અરેરે! આપણા રાષ્ટ્રના ઉદ્ધાર માટે આ આવા મહાન પુરુષ આવી યાતનાઓ સહન કરી રહ્યા છે, અને આપણે દારૂના પ્યાલા પીતા અને પૈસા ગણવામાં રમમાણ રહીએ એ કેટલી શરમજનક વાત છે!'' આવા પ્રકારના તીવ્ર પશ્ચાતાપથી રાષ્ટ્રકાર્યો માટે આપણે પણ કંઈક કરવું જોઈએ એવી ઉત્કટ ઈચ્છા એમનામાં જાગીને, ત્યાં કમાયેલા હજારો રૂપિયાની મત્તાને છેવટે લાત મારીને એ શીખ, જે લોકો હિંદુસ્તાન સ્વતંત્ર કરવા માટે અમેરિકાથી હિંદુસ્તાન જાન હથેળીમાં લઈને નીકળ્યા હતા, એમની સાથે નીકળ્યા.

આવા અમારા વિશેના એમના અનુભવોની કેટલીયે વાતો એ દરેક જણ કરતા, એમાંથી એક-બે જ સ્મૃતિઓ ઉપર આપી છે. છેલ્લી યાદનું અમને વિશેષ જ આશ્ચર્ય થતું. કારણ જ્યારે કાળાપાણી પર એકાંત કોઠડીમાં અમે ચક્કર આવે ત્યાં સુધી ઘાણી ફેરવતા હતા, ત્યારે અનેક વિચારોમાં એ વિચાર પણ ત્રસ્ત કરતો કે, ''આ પણ કષ્ટ સહન કર્યું હોત, જો એની વાતો દેશ પહોંચીને ત્યાંના અસંતોષનાં અગ્નિને વધુ પ્રકટાવવા માટે તેલ થઈને એમાં પડી શકે! તો પણ આ વાત આ અંધારી કોઠડીમાંનું કષ્ટ, દેશને કેવી રીતે દેખાશે! એ વાતની એને જાણ પણ ક્યાંથી થશે?'' એ વિચારોના વિવેકના બળે ત્યારે કેવી લાગણી સર્જી એ પાછળ આપ્યું જ છે. પણ એ યાદો વિશે પેલા મારા શીખ મિત્રોએ કહેતાં જ મને એટલે જ થયું કે, ''લો! જેની ખબર પણ કોઈને પડતી નથી એવી યાતાનાઓ પણ સહન કરવી જ જોઈએ - એ નકામી દેખાતી યાતનાઓ સહન કરવી એ રાષ્ટ્રના, એકંદર યાતના સફળ કરવાના કાર્યક્રમનો એક અનિવાર્ય ભાગ હતો. એટલે એની જાણ કોઈને ના થાય તો પણ ઝાઝી ચિંતા નહોતી. પણ યોગાનુયોગે એ

યાતનાઓની વાત સ્વદેશ પહોંચીને એમનો પ્રત્યક્ષ ઉપયોગ પણ થયો! એ ઘાણીમાંથી પડતાં તેલનાં ટીપેટીપાં બાદલીમાં પડતાં નહોતાં, પણ દેશે-દેશાવરમાં પ્રજ્વલિત થયેલા અસંતોષના અગ્નિકુંડમાં જઈને પડી રહ્યાં હતાં! આ લો એનો પૂરાવો!''

એ શીખોમાંથી એક જણે મને કહ્યું કે, એની પાસે હતી એ મારી જપ્ત થયેલા 'સત્તાવનના સ્વાતંત્ર્યસમર' પુસ્તકની એક પ્રત એણે બ્રાઝિલના એક મિત્રને મોકલી હતી. પુસ્તક ભારતીય યુવાનને એટલું જોઈતું હતું કે, એ પ્રત મિત્ર પાસેથી હાથોહાથ જતાં જતાં એક જણે ૧૫૦ રૂપિયા આપીને વેચાતી લઈ લીધી.

આવી અનેક અંગત વાતોની સાથોસાથ અમને જે તે કર્મક્ષેત્રમાં જેમણે પ્રત્યક્ષ ભાગ લીધો હતો એવા આગેવાનો પાસેથી અને અનુયાયીઓ પાસેથી સયામ, કેનેડા, સિંગાપુર, બ્રહ્મદેશ, અમેરિકા, યુરોપ, બંગાળ, પંજાબ વગેરે અનેક ઠેકાણે થયેલાં ક્રાંતિકારી ષડયંત્રોની હાડમારીથી માંડીને મહાયુદ્ધકાળના પંજાબના બળવા સુધીનાં અનેક સશસ્ત્ર છમકલાં અને વિદેશની હિંદુસ્તાની રાજકીય પરિસ્થિતિનો મોટા ભાગે આંતરિક, ખૂબ જ ગુપ્ત અને ખૂબ જ પ્રકાશિત થયેલો એવો ઈતિહાસ ઘણા અંશે ખબર પડ્યો. એ વખતે આ એકંદર ચળવળોને સુસંગત સૂત્રમાં પરોવી હિંદુસ્તાનના ૧૯૦૯ના આરંભથી તે મહાયુદ્ધ પૂરું થાય એ કાળનાં ક્રાંતિકારી રત્નોનો એક સંકલિત ઈતિહાસ લખવાની ઈચ્છા અમને વારંવાર થતી. પરંતુ ત્યારે કારાગૃહમાં લખવું અશક્ય હતું. આગળ ક્યારેક એ ઈતિહાસ લખવા જેટલી સ્વતંત્રતા મળવાની, અમારો છૂટકારો થવાની તક મળશે એ પણ એ કાળમાં એટલું જ અશક્ય લાગતું હતું. ત્યારે આવો ઈતિહાસ તમારે લખવો જ જોઈએ, એવો આગ્રહ જ્યારે અમારા શીખ વગેરે સહકારી મિત્રો આગ્રહ કરતા, ત્યારે હું ગંભીર વિનોદ સાથે કહેતો, ''મિત્રો! ઈતિહાસ ઘડવો એ આપણી પેઢીનું મુખ્ય કામ છે, ઈતિહાસ લખવો એ નકામું. આગળની પેઢી કદાચ એ કરશે!''

પંજાબના લાહોર 'ગદર' ખટલાની પહેલી ટોળી આવતાંની સાથે જ કારાગૃહમાં એમની વ્યવસ્થા કડક રીતે રાખવાની અધિકારીઓએ શક્ય હોય એટલી સખ્તી કરી. છતાં પણ પાછળના અનુભવો પરથી સચેત થઈને એમાંના બધાને મોટેભાગે ઘાણીનું કામ ના આપતાં માત્ર અમુક સશક્ત અને શ્રમજીવીઓને એ કામ આપ્યું; પરંતુ ચંચુપાત કરશો તો જલ્દી જ તમને બધાને એ ઘાણી સાથે જોતરીને તેલ કઢાવાશે. ત્યારે, તમે જે પહેલાં ગયા હતા એ લોકો જ લોકો ઘાણીનું કામ કરવાનું નકારો, એવો બધા મિત્રોએ એમને અનુરોધ કર્યો. એ પ્રમાણે એમણે બળદોએ કરવાનું કામ અમે કરશું નહીં એવું સાફ જણાવ્યું. પહેલાં રાજ બંદીવાનો મુઠ્ઠીભર હતા તો પણ ઘાણીના લીધે કોઈ સંપ, સંપ અને વિરોધ થયો એ નહીં ભૂલેલા અધિકારીઓ હવે આ ચાળીસ-પચાસ રાજ બંદીવાનોની પંજાબી ટોળીઓ સાથે ભળતો જ આગ્રહ ધરીને બેસશે નહીં એની અમને જાણ હતી. એને કારણે એક અઠવાડિયા સુધી થાય એટલું તેલ કાઢો, અમે આગળ ફરી કોઈને ઘાણીનું કામ આપશું નહીં એવું અધિકારીએ કહ્યું. આ તડજોડ માન્ય થવી જોઈએ એવો અમે મત આપીને એ પ્રકરણ પતાવ્યું, અને ઘાણીને કારણે પાછળના રાજ બંદીવાનોએ જે ચળવળો કરી હતી એનો ઉપયોગ આ નવા રાજ બંદીવાનોને થઈને ઘાણીની પીડામાંથી તેઓ છૂટયા.

પણ એટલામાં છોતરાં કૂટવામાં એક ઝઘડો થયો. એ ટોળીમાંના અનેક તીખા સ્વભાવના યુવાનો કારાગૃહમાં પહેલા જ દિવસે સાષ્ટાંગ દંડવત્ કરી શરણે આવે એ શક્ય નહોતું, એ ઉઘાડું દેખાતું હોવા છતાં બારીના હાથ હેઠળના અમુક કઠોર પઠાણ વગેરે ટંડેલોએ કામ ગણીને આપતા-લેતા, આ રાજ બંદીવાનોમાંના અમુક જણનું બીજા બંદીવાનોનું કરાય એવું અપમાન કયું. આનો સામનો એ પાણીદાર રાજ બંદીવાનોએ ત્યાંને ત્યાં કરવામાં કંઈ બાકી રાખ્યું નહીં. એનો પડઘો બંદીપાલ સુધી જઈને એ રાજ બંધીઓમાંનોઝાંસી તરફનો એક ખૂબ જ નિર્ભય અને નીડર પરમાનંદ નામનો યુવાન હતો, એને બંદીપાલે કાર્યાલયમાં પૂછપરછ માટે બોલાવ્યો.

પરમાનંદે બારીને માર્યો

આ યુવાન પરમાનંદ પ્રો. પરમાનંદ કરતાં જુદો હતો. આગળ કારાગૃહના એ 'નાલંદાવિહાર'માં યથેચ્છ વિદ્યાભ્યાસંગ કરીને જે સાચે જ સ્નાતક અને અધ્યાપક થયા એમાં, એ વખતે જે યુવાન હતો એવા પરમાનંદની પણ ગણના હતી. એ પણ વિદ્વતા, ત્યાગ વગેરે ગુણો સાથે કારાગૃહમાં જ પ્રોફેસર કરતાં જરાય ઓછી ના હોય એવી યોગ્યતા પ્રાપ્ત કરતા થયા. બારીની જન્મજાત આદત કંઈ છૂટવાની નહોતી. એણે વાતચીતમાં, અમસ્તું કોઈ જેમ ઊભું રહે એ પ્રમાણે ઊભા યુવાન પરમાનંદને હાથ છોડીને 'વ્યવસ્થિત' ઊભા રહેવા કહ્યું. એ તો પણ એમ જ ઊભો છે એ જોઈને ગુસ્સે થઈને એક-બે અશ્લીલ ગાળો આપી. આવી ગાળો બારીની ગણતરીમાં પણ નહોતી. પરંતુ એ યુવાનને એની આદત નહોતી. બારીના મોઢેથી ગાળો નીકળતાં જ એ યુવાન એની આજુબાજુ જે-તે વોર્ડર જમાદાર હતા એમના હાથમાંથી સટ્ દઈને છૂટયો અને ભર કાર્યાલયમાં બારીના શ્રીમુખ પર સામું સંભળાવતા ધસ્યો. એને વાઘની જેમ આવતાં જોઈ બારી બૂમો પાડીને ઊભો થવા ગયો તો પેલાનો વાર ટોપી પર લાગીને બારીની ટોપી પડી ગઈ. ખુરશી ડગમગી અને બારી, ''પકડો મારો'' કરતાં કાર્યાલયમાંથી બહાર નીકળ્યો. પરમાનંદને લોકોએ પકડીને હોઠ, ફાટે લોહી વહે, ત્યાં સુધી મોઢા પર અને પીઠ પર મુક્કાથી અને દંડાઓથી માર્યો. બારીએ ડરીડરીને પર્યવેક્ષકને ટેલિફોન કરીને તરત બોલાવ્યો. કોઠડીમાં દંગો થયો, દોડધામ મચી ગઈ. બંદીપાલ કો, બારી કો, બમગોલેવાલોં ને મારા! એવી બૂમાબૂમ થઈ ગઈ. પર્યવેક્ષકે આવી પરમાનંદને જ કોરડાની મારવાની આજ્ઞા આપી, અને એને ત્યાં જ બાંધીને કઠોરપણે વીસ કે ત્રીસ કોરડા મારવામાં આવ્યા. દરેક કોરડા પછી લોહીના ફુવારા ઉડતાં એનું શરીર લોહીલુહાણ થઈને માંસના ટુકડા કોરડાના એકધારા વારથી ફૂટી નીકળ્યા. પણ એના મોઢેથી ઊહંકારો પણ નીકળ્યો નહીં. કોરડાના પહેલા વાર સાથે મોટા મોટા બદમાશો પણ ચિત્કાર કરતા ઢોરની જેમ કારાગૃહમાં બૂમો પાડતા. પણ આ યુવાન ચૂપ! બારીએ કહ્યું, કસીને મારો. કોરડો કસકસીને માર્યો; પણ પરમાનંદે ''ઊફ્ફ '' કર્યું નહીં.

કોરડા મારવાનું પત્યા પછી એને મલમપટ્ટી કરીને દવાખાને ના લઈ જઈને પાછો ઓરડીમાં જ નાખવામાં આવ્યો. આંદામાનમાં રાજ બંદીવાનોને કોરડા મારવાનો આ પહેલો પ્રસંગ.

ગાળો આપવાનો બારી પર પ્રતિબંધ

આ કોરડાનું જેમ પરમાનંદને દુઃખ નહોતું એમ જ રાજ બંદીવાનોને પણ નહોતું. કારણ પરમાનંદે પહેલાં જ બારી પર આક્રમણ કરી એને માર્યો હતો, બારીની જે અપમાન થયું, પરમાનંદના તીખાપણાને કારણે આખી વસાહતોમાં રાજ બંદીવાનોના વધેલા દબદબા - એ બધા લાભ માટે કોરડા ખાવાનું મૂલ્ય એને બહુ ઝાઝું લાગ્યું નહીં. અમારા માણસે બંદીવાનને માર્યો, તમે એને કોરડા માર્યા. કારાગૃહના કાયદાનુસાર અમે એ ભૂલી જઈએ. પરંતુ બારીએ ગાળો આપી એની સામે વિરોધ દર્શાવવા પૂરતો રાજ બંદીવાનોમાંના અમુક જણે સંપ કરી, પર્યવેક્ષક અને બારી બધાને સમજાવતા ફરવા લાગ્યા. પર્યવેક્ષકે સ્પષ્ટ જણાવ્યું કર્યું કે, ''બારીને કોઈપણ રાજ બંદીવાનોને ગાળો નહીં આપવા વિશે મેં સખ્ત આજ્ઞા કરી છે. પાછું આવું થશે નહીં. તમે કામનો આરંભ કરો. જે થશે એ અને જેટલું થશે એટલું, પણ કરો.'' આ આશ્વાસન પછી જેમણે સંપ કર્યો હતો એમણે પાછું કામ શરૂ કર્યું.

આ પહેલી ટોળીના પ્રતિકારને કારણે આગળ જે શીખ અને બીજા રાજ બંદીવાનોની ટોળીઓ આવી એમને કામ વિશે બહુ ત્રાસ થયો નહીં. તો પણ વચ્ચે વચ્ચે કોઈ એક નાના એવા રાજ બંદીઓ પર બળજબરી કરીને બારી કામનો બોજો વધારવાનો પ્રયત્ન કરતો. ક્યારેક ક્યારેક એ રાજ બંદીવાન ત્રણ પાઉન્ડ 'દોરડું' તરત બનાવી નાખે છે એટલે ચાર-પાંચ પાઉન્ડ કરવું જોઈએ એવી આજ્ઞા કરતો. ક્યારેક છોતરાં વધારતો. ક્યારેક ચૂપકેથી કોઈકને તો ઘાણી પર મોકલવાની યુક્તિ કરતો. પરંતુ રાજ બંદીવાનો

કામનો બોજો વધારે એટલે તેઓ એનો વિરોધ કરીને, એને અમે કામ નથી કરતા, એવું કહેતાં અને બારી એનું છેલ્લું શસ્ત્ર 'કોરડા મારીશ' એવું બોલે કે અમે સૌ કામ છોડી દઈશું એવી ધમકી આપતા. રાજ બંદીવાનોની આ આક્રમક પ્રથાને કારણે બારીની દાળ છેલ્લે સુધી ગળી નહીં. આ નિત્ય રસાકસીને કારણે રાજ બંદીવાનોમાં કોઈકને કોઈક કાયમ કામ નકારનારો નીકળે જ. બારીનું કામ, વધારે તો નહીં જ પણ પૂરું પણ રાજ બંધીઓથી ક્યારેય થયું નહીં. કોઠડીના દરવાજા પર, ''એકંદરે બંદીવાનોમાંના કેટલા કામ કરે છે અને કેટલા નથી કરતા'' એવું એક ગણનાપત્રક પણ પ્રસિદ્ધ કરવું પડ્યું. રાજ બંદીવાનો આવ્યા પછી એ ગણનામાં કામ નહીં કરનારાઓની સંખ્યા શૂન્ય ક્યારેય થઈ નહોતી. આમ એકસરખું કોઈને કોઈ પ્રતિકાર કરતા રહેવાને કારણે બારીને અને બીજા અધિકારીઓને વધુને વધુ દબાવતા જવાની તક મળી નહીં કે સાહસ કરી શકાયું નહીં.

ઝઘડાનું મૂળ સાવરકર!

કારાગૃહમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી અમારા પર અધિકારીઓનો કેટલો કડક પહેરો હતો એ પાછળના પ્રકરણમાં કહ્યું જ છે. એમાંય જ્યારે એ સેંકડો રાજ બંદીવાનો કારાગૃહમાં આવ્યા ત્યારે એમના મનમાં મારા વિશેનો આદર, વિશ્વાસ અને પૂજ્યભાવ જોઈને મને એમનાથી શક્ય તેટલા દૂર રાખવાની બારીની ચરમસીમા શરૂ થઈ. પણ એ અશક્ય થવાને કારણે, જેને કારણે મારા પરનો એમનો વિશ્વાસ ઊઠી જાય એવા અલગ અલગ પ્રકારના પ્રયત્નો પોતે કરીને, અને એના માણસોમાંના પાળેલા હસ્તકો પાસે કરાવીને, એમનો બુદ્ધિભ્રમ કરવાનો સતત પ્રયત્ન એ છેવટ સુધી કરતો રહ્યો; અને છેવટ સુધી એણે મનમાં ધાર્યા મુજબ સફળ થઈ શક્યો નહીં એટલે બળીને ખાક્ થતો રહ્યો. રાજ બંદીવાનો અને સાદા બંદીવાનોને એમ કહેતો, ''અરે આ સાવરકરના રવાડે નહીં ચડતા; એ વિના કારણે અધિકારીઓના રોષનો શિકાર બનાવશે. એ આખેઆખો લબાડ છે. તમે મારા મત પ્રમાણે ચાલો. હું તમારું કલ્યાણ કરાવીશ અથવા મારા પર તમને વિશ્વાસ ના હોય તો પેલા જુઓ... ફલાણા ફલાણા ગૃહસ્થે પણ તમારામાંના રાજ બંદીવાન જ છે. પણ કેટલા સભ્ય અને વિનયી. એને કારણે અમે એમને અધિકારીનું પદ આપ્યું, બાકી પેલા આપણા સાવરકર જુઓ, હજુ છોતરાં કૂટતા પડ્યા છે કોઠડીમાં.'' આ પણે રાજ બંદીવાનોને આવું કહેતો અને ત્યાં અધિકારીઓને બારી સતત અમારી વિરુદ્ધ લખતો રહ્યો કે, ''આ માણસ જ બધા ઝઘડાઓનું મૂળ છે. આ બંદીવાનોમાં જર્મનીની બડાઈ કરે છે. અંગ્રેજોના પરાભવના સમાચાર આપે છે. ષડયંત્ર કરાવે છે. ખુલ્લેઆમ આગેવાની કરવામાં સજાના ભયથી પણ ખચકાતો નથી. શીખોમાં એના વિશેનો પહેલાંનો પૂજ્યભાવ જોઈને એ એમને ભડકાવવાનો પ્રયત્ન કરશે. રાજ બંદીવાનો પરનું એનું વજન કેટલા પણ ઝઘડાઓ થાય અથવા હું કરાવું તો પણ કેમેય કરતા ઓછું થતું નથી. એ મહા સાહસિક છે.'' મને આ રીતે એક અસુધારણીય ઝઘડાખોર તરીકે અધિકારીઓને વારંવાર પરીચિત કરાવીને બારીનો હજી એક હેતુ સાધ્ય થતો હતો. એ એટલે એને કારણે કારગૃહમાં કંઈ પણ ગડબડ થાય તો પણ એનું ઉત્તરદાયિત્ત્વ પોતાના માથા પરથી કાઢીને તરત જ મારા માથે બારી નાખી શકતો. ''આ સાવરકરની ચાલ,'' એ એનો તકિયાકલામ હતો.

બારી પોતાની જાતને જેટલો લૂચ્ચો અને પાકો સમજતો એટલો જ એ એક અર્થે ભોળો અને મૂર્ખ પણ હતો. સાધારણ બંદીવાનોને ધાકમાં રાખવા માટે એનું જે કૌશલ્ય ઉપયોગી પડ્યું એ જ્યારે રાજ બંદીવાનો પર ધાક રાખવા માટે વાપરતો ત્યારે મને તો હસવું આવતું. એકવાર એના મનમાં આવ્યું કે, આપણે સાવરકર વિરુદ્ધ જે જે રિપોર્ટ લખ્યા છે એનો થોડો પરચો દેખાડ્યો તો એ ગભરાયા વગર રહેશે નહીં. અને પછી રાજ બંદીવાનોનું નેતૃત્ત્વ છોડીને એમનું જે થવું હોય તે થાય, આપણે આપણું હિત જોવું, કહીને આગેવાની કરવાનું છોડી દેશે. આવો કંઈ વિચાર કરીને અમને કાર્યાલયમાં બોલાવ્યા. ત્યાં પહેલાં તો અમારી બુદ્ધિ વિશે, વિદ્વત્તા વિશે અને સાર્વજનિક કામમાં નિર્ભય સાહસથી અતિ પ્રયત્નો કરવા વિશે

એણે યથેચ્છ સ્તુતિ કરી. (અને રાજ બંદીવાનોને આ જ સવારી કહેતી ફરતી, કે સાવરકર લબાડ છે) અને પછી અમારા આ ગુણોનો અમે દુર્વ્યય કરતા હોવાને કારણે પોતાને કેવા જોખમમાં મૂકી રહ્યા છે, એ વિશે અમારા કાન ખોલવાનો સજાગ પ્રયાસ કરવાનો આરંભ કર્યો. તમારા વિશે સહાનુભૂતિ થતી હોવા છતાંય મારે તમારા વિરુદ્ધ કેવા ભયંકર રિપોર્ટસ લખવા પડે છે એ જો તમે જોશો તો કદાચ તમે સાવચેત થશો, એટલે મને આવું કરવાની અધિકારી હોવાને નાતે સખ્ત મનાઈ હોવા છતાંય, તમારા પરના પ્રેમને કારણે તમને વાચી સંભળાવું છું. એવું કહી સવારીએ પોતાની રોજનીશી (ડાયરી) કાઢી અને અમારી વિરુદ્ધ એણે અલગ અલગ સમયે શું શું લખ્યું હતું એ થોડું થોડું વાચી સંભળાવ્યું. એમાંથી જ જે વાક્યો અમને યાદ રહ્યાં એ અમે ઉપર આપ્યાં છે. અમારા હિંદુસ્તાન સરકારને મોકલેલા પ્રત્યેક આવેદન વિશે (અરજી વિશે) બારી રોજનીશીમાં લખતો, ''આ ફક્ત થાપ છે, સાવરકર કોઈપણ સગવડથી નમનારો કે ધાકથી દબનારો મનુષ્ય નથી. એ અસુધારણીય છે!'' આ ઉલ્લેખ પણ તને દેખાડ્યો અને હું એ રહસ્ય ના ફોડું એમ પણ કહ્યું.

રાષ્ટ્રહિત માટે વિરોધી ના હોય એવું વચન પાળ્યું

અહીં અમે એ પણ કહી દઈએ છીએ કે, બારીએ અમારી વિરુદ્ધ અથવા અમારી સહાનુભૂતિનાં જે કંઈ 'રહસ્ય' વખતોવખત અમને કહ્યાં હતાં અને અમે ખાતરી આપીને સાંભળ્યાં હતાં, એ અમે ક્યારેય એની હાનિ થાય એ રીતે કોઈને કહ્યાં નહોતાં. આપેલી ખાતરી અને વચન અને રાષ્ટ્રીય હિતના વિરુદ્ધમાં ના હોય ત્યાં ત્યાં છેવટ સુધી પાળતા. હવે બારીસાહેબ સ્વર્ગ સ્થ થઈને અનેક વરસો વીતી ગયાં હોવાથી એ અનેક વાતચીતોમાંથી રાષ્ટ્રીય હિતો માટે આ કારાવાસ કથામાં કહેવું જેટલું આવશ્યક હતું એટલું જ કહું છું.

આ આંદામાનના વૃત્તાંતમાં બારીસાહેબના સ્વભાવની કઠોરતાનો જ ઉલ્લેખ અમારે આટલો વખત વારંવાર કરવો પડ્યો. પરંતુ બારીસાહેબના સ્વભાવની એક બીજી બાજુ પણ હતી. એનો ઉલ્લેખ ક્યાંક તો કરવો એ અમારું કર્તવ્ય છે. કોઈપણ મનુષ્યને પ્રમાણ બહાર દોષ આપવો એ અમે અન્યાય સમજતા. બારી કઠોર હતો એમાં સંદેહ નહોતો; પરંતુ બંદીવાન હોવાને નાતે કઠોરતા ધરી રાખવી એ એના માટે કદાચ આવશ્યક થઈ ગયું હતું એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે. હિંદુસ્તાનના અત્યંત નિર્દય, દુષ્ટ, પાપી અને એક પૈસા માટે બીજાનો પ્રાણ હસતાં હસતાં લેવાવાળા અનેક અપરાધીઓના ભયંકર સમુદાયને શિસ્તમાં રાખવું એ કામ એના પર બંદીવાનના નાતે પડ્યું હતું. આવા આખા હિંદુસ્તાનના સૌથી જડ અને અવળા હૈયાના સજા પામેલા અપરાધીઓમાંના બદમાશોને શિસ્તમાં રાખવા જનહિત માટે કોઈપણ કઠોરતા સ્વીકારવી પડે. એમ બારીએ સ્વીકાર્યું એ એનો ગુનો નહોતો એ અમે એને વારંવાર કહેતા. પરંતુ આવા લોકોમાં જન્મ વિતાવવાને કારણે એનો સ્વભાવ જ કાંઈ નહીં તો બંદીગૃહ પુરતો કઠોર, અનિરુદ્ધ, અને નિર્દય થઈ ગયો હતો. એને કારણે એને સારા અને ખરાબની પસંદગી કરતા આવડતી નહોતી, એ એનો દોષ હતો. એને ખરેખર લાગતું કે એ પોર્ટ બ્લેરનો પરમેશ્વર છે. ત્યાં જ એ ખોટો હતો, કાયદા વિરુદ્ધ અન્યાય હતો, મરજી પ્રમાણે જે વર્તન કરે, જે એના ગુલામની જેમ હા-જી હા-જી કરે, એ સારા, બીજા ખરાબ, એ એની મનુષ્ય ઓળખવાની વ્યાખ્યા હતી. એ એનો દોષ. નિર્દયપણું એનું એક મનોરંજન જ થઈ ગયું હતું. એ અશિક્ષિત હોવાને કારણે બુદ્ધિના વિકાસમાં જ્ઞાન, વિજ્ઞાન, કળા વગેરે શક્તિઓનો અને રુચિઓનો બહુ જ ઓછો વિકાસ થયો હતો. એટલે એ મનોરંજન એના માટે અજાણ્યાં હતાં. એને કારણે બંદીગૃહોની મગજમારીઓ એ જ એના એ એકાંત વસાહતોનું આખું જીવન અને મનોરંજન થઈ ગયું હતું. તો પણ એ બંદીગૃહની બહાર એના કુટુંબમાં ઈષ્ટ મિત્રોમાં વગેરે મંડળોમાં એટલો નિર્દય ન હતો. એટલું જ નહીં પણ કોઈ ચડાવે તો એ ચડી પણ જતો. વિદ્વત્તા નથી અને જાણ એને હોવાથી એને કોઈ વિદ્વાન કહે એ માટે એને યાદ હતી એટલી પાંચ-છ ઈંગ્લિશ કવિતાઓ થોડી પોતે મજા લેતો કે એકદમ

વટમાં એકાદ કલાકારની જેમ બોલી બતાવતો. પોતાની વિદ્વત્તાની અમારા પર છાપ પાડવી એવી પણ એને ક્યારેક ક્યારેક ચાનક ચડતી. ત્યારે એકશ્વાસમાં બધી કવિતા બોલી નાખતો. અમારા વિશે કારાવાસનો વિરોધ છોડી દઈએ તો મનોમન સાચે જ આદર રાખતો. એ આંદામાનમાં ગમે તે કારણોસર જે જે વેપારી, સંપાદક અથવા સૈનિક વર્ગના યુરોપિયન આવતા એ અમને જોવા અવશ્ય આવતા. યુદ્ધના દિવસોમાં સબમરીન પરથી આવનારા યુરોપિયન નૌકાધ્યક્ષ વગેરે અધિકારીઓ પણ અમારા ખબરઅંતર પૂછી, મળીને અમારી સાથે સરખેસરખા તરીકે વાતચીત કરીને જતા એ એ જોતો. ત્યારે એના મનમાં આદર જાગતો એ પણ સાહજિક જ હતું. એના કુટુંબમાં એની પત્ની બહુ સારી હતી અને એની એકની એક સત્તર-અઢાર વરસની છોકરી રંગૂનમાં મેટ્રિક સુધી ભણીને શિક્ષક થવા આવી હતી. બારીની નિર્દયતા વારંવાર મર્યાદિત કરવામાં આ બન્ને મહિલાઓનો ખૂબ જ ઉપયોગ થતો. બંદીવાનો કહેતા, એની કઠોરતા જોઈને એની ભગવાન જેવી પત્ની વારંવાર એને રોકતી હતી. એ બન્નેને અમારા વિશે વ્યક્તિ તરીકે સહાનુભૂતિ થતી. કુમારી બારી નાનાપણથી, બારી મૃત્યુ પામતા સુધી, જ્યારે જ્યારે રંગૂનથી રજાઓમાં આંદામાન આવતી ત્યારે ત્યારે અમને મળવા માટે કારાગૃહમાં આવતી. અને સહાનુભૂતિપુર્વક અડધો અડધો કલાક જુદા જુદા વિષયો પર વાતચીત કરતી. અંગત સંબંધથી બારીના કુટુંબ સાથે અને એ વખતે બારી સાથે પણ અમે એટલા જ ઘરોબા અને પ્રેમ સાથે વર્તતા. ક્યારેક ક્યારેક બારી બંગલાથી કંઈને કંઈ ફળફળાદી પણ મોકલતો. પણ એમાં એનો એક ગર્ભિત હેતુ હતો કે એનાથી તો અમે સાહજિક સૌજન્ય તરીકે એને કૃતજ્ઞ રહીએ. અમે સૌજન્ય તરીકે એને સ્વીકારતા - પણ ખૂબ જ આગ્રહ થતો એટલે અને કૃતજ્ઞતાથી, એનો અહીંયા સાર્વજનિક ઉલ્લેખ પણ કરીએ છીએ. પણ એને કારણે રાજ બંદીવાનોનો પક્ષ છોડીને અથવા વસાહતોના હજારો સ્વદેશી બંધુઓના દુ:ખ દૂર કરવાને અને ઉન્નતિ માટે અમે ચલાવેલી શુદ્ધિ, જ્ઞાનવિતરણ, વગેરે ચળવળોથી અળગા થઈને, માત્ર પોતાનું હિત-અહિત વિચારતા પડ્યા રહેશું, એ જે બારીસાહેબની આશા હતી, એ જ્યારે નિષ્ફળ થતી અને એના અન્યાયી વર્તનનો અમે પહેલાંની જેમ જ વિરોધ કરતા ત્યારે માત્ર એને પોતાના સૌજન્ય માટે પશ્ચાતાપ થયા જેવું લાગતું. અને અમુક દિવસ એ ખૂબ જ નિષ્ઠુર રીતે વર્તવા લાગતો. એના એ અંગત સૌજન્યને સ્વીકારી એના કહેવા પ્રમાણે જે વર્તતા અને ફક્ત પોતાના દિવસો કેવા સારી રીતે પસાર થશે, એની જ ચિંતા કરવી એ જેમણે પોતાનું ધોરણ ઠરાવ્યું હતું, એવા અમારામાંના એક-બે રાજ બંદીવાનોને એ કાર્યાલયમાં ક્યારેક ક્યારેક બોલાવતો. એ જ સમયે અમને પણ બોલાવતો. પરંતુ જાણી જોઈને એમને ખુરશી આપી કંઈક લખવાનું કામ આપતો અને અમને સાદા બંદીવાનો પ્રમાણે તિરસ્કાર્ય અંતર પર વોર્ડરના પહેરામાં ઊભો રાખતો. હેતુ એ હતો કે એના કારણે બીજા બધા બંદીવાનોમાં અમારી અપ્રતિષ્ઠા અને અમને બારીના સૌજન્યને વશ થઈને સાર્વજનિક કામ કેમ છોડ્યું નહીં એવો પશ્ચાતાપ થાય.

બન્ને શંકા ત્યાજ્ય

પરંતુ બારીએ અમારી અપ્રતિષ્ઠા કરી હોય તો બંદીવાનોમાં અમારી પ્રતિષ્ઠા ઊલટાની વધતી જતી એવું એ ભૂલી જતો. એટલે જ્યારે જ્યારે એ અમારા વિશે મનમાં થનારો આદર વ્યક્ત કરવા માટે અમને કંઈ ભેટ મોકલતો અથવા સૌજન્ય દેખાડતો ત્યારે જ અમારા સહકાર્યકરોમાંથી બીજા અતિરેક પર જવાનો જેમનો સ્વભાવ હતો એમને અમારા વિશે થોડું ખોટું લાગતું. અમે બારીનાં ફળફળાદી શું કામ સ્વીકારીએ છીએ એવો એમનો આક્ષેપ થતો. અમે આ બન્ને શંકાઓ ત્યાજ્ય સમજીને એમને સમજણ આપતાં કે આપણી એ વ્યક્તિ સાથે કઈ દુશ્મની છે? એ અથવા એના કુટુંબીજનો જ્યારે સ્નેહથી અને આદરથી વર્તવાનું ઈચ્છે ત્યારે ત્યારે આપણે અંગતપણે સૌજન્ય દેખાડવું, એ આપણી સભ્યતાની દ્રષ્ટિએ કર્તવ્ય છે. એ એમના વર્તનની અંદર જો ઝેરીલો હેતુ હોય તો એ ઝેર આપણે પચાવી જ રહ્યા છીએ. એ હેતુ આપણે નિષ્ફળ કરી જ રહ્યા છીએ. બારીને ક્યારેક હું સ્પષ્ટપણે કહેતો, ''તમારા આગ્રહ વિશે હું આભારી છું, પરંતુ

જે પરિસ્થિતિમાં તમે અને હું ફસાયા છીએ એ પરિસ્થિતિમાં તમારો સાર્વજનિક કાર્ય માટે વિરોધ કરવો એ મને પ્રાપ્ત છે. તો એ સ્વાતંત્ર્ય રાખીને જો હું આપનું આદરા-આતિથ્ય સ્વીકારી શકતો હોઉં તો જ તમે આ ત્રાસ લો.'' આટલું સ્પષ્ટ કહેવા છતાંય એ અને એની મંડળી ક્યારેક અત્યાગ્રહથી મને બોલાવતા, વાતો કરતા અને સન્માનિત કરતા. ત્યારે અંગત દ્રષ્ટિએ હું પણ - એનો હેતુ એટલા પૂરતો એ વ્યક્ત કરતો એ પ્રમાણે નિરપેક્ષ આદર જ છે એવું ધારીને, એમની સાથે કૃતજ્ઞ રીતે વત્તતો અને એ સન્માન સ્વીકારતો.

સાચી વાત એ હતી કે, બારીનો સ્વભાવ વિચિત્ર હતો. તેના માટે આદર થતો, દયા પણ એના હૃદયમાં એકદમ નહોતી જ એવું નથી - પણ જન્મ કઠોર વ્યવસાયમાં, અને લુચ્ચાઓ સાથે થાડી અનિવાર્ય લૂચ્ચાઈથી વર્તતો રહ્યોથી એની એ ઉદાર ભાવનામાં પણ અને અનુદાર વૃત્તિના થોડાં ટીપાં ભૂલથી પડ્યાં સિવાય રહેતાં નહીં. એને કુટુંબીજનો અને ઈષ્ટ મિત્રોની અમુક મંડળી અમારી અંગ્રેજી કવિતા વાચતા, અમારું પૂર્વચરિત્ર ઉત્સુકતા અને પ્રશંસાથી સાંભળતા અને એકંદરે અમારી તરફ આદરથી જોતા. એમની વિનંતીથી અમે એમને અમુક અંગ્રેજી કવિતાઓ લખીને આપી હતી.

એક દિવસનો નિરપેક્ષ દયાભાવ

એક દિવસ જો કે, વરસમાં એક દિવસ માત્ર બારી સામેથી ખૂબ જ નિરપેક્ષ દયાભાવ ધારણા કરવાનો શક્ય એટલો પ્રયત્ન કરતો. એ દિવસ એટલે ક્રિસમસનો. એ દિવસે માત્ર આયર્લેન્ડના રોમન કેથલિક સંપ્રદાયની પેઢી દર પેઢી થયેલા સંસ્કાર એ પોર્ટ બ્લેરનો પેટુ પરમેશ્વરને પણ દમન કરવું અશક્ય થઈને બારીની મુદ્રા શાંત અને દયાર્દ્ર દેખાતી. એના કટ્ટર વિરોધી રાજ બંદીવાનો એનાં દર્શન સાથે તિરસ્કારપૂર્વક ભ્રમરો વાંકી કરી શકતા નહોતા. એમને પણ એ સન્માનથી કાર્યાલયમાં આમંત્રણ આપતો અને દસ બાર રૂપિયા ખર્ચો કરી એમને મીઠાઈ, દૂધ, ચા આપતો હતો.

એવા વખતે અમે મોટેભાગે એ મીઠાઈના માનને નકારી એના બદલે એક-બે તાજાં અખબારો માગતા. બારી હા, ના કરતાં કરતાં આપતો અને મીઠાઈ પણ મોકલતો જ મોકલતો. અમે ના જઈએ તો એ કોઠડીમાં મોકલતો. એ દિવસે એ સાહજિક રીતે કોઈની પણ સાથે કઠોરતાથી વર્તતો નહોતો. ખટલાઓ પણ શક્ય એટલા કરતો નહોતો.

બારી જેવા વ્યાવસાયિક ક્રૂરતાથી ભરેલા માણસને પણ એક દિવસ તો વરસમાં આટલો સૌમ્ય અને સહૃદય જે ઉપદેશથી અથવા પ્રથાએ કર્યો એ પ્રેષિત ઇસુનો ઉપદેશ અથવા એ કેથલિક પ્રથા, એકદમ નિષ્ફળ ગઈ એવું કહી શકાતું નહોતું. અમને હિંદુસ્તાની રાજ બંદીવાનોને પણ ઇસુ ખ્રિસ્તીના ઉપદેશોનો કંઈક તો લાભ થયો જ. એવો રમૂજી વિચાર મારા મનમાં એકાએક આવ્યો.

બારીના સૌજન્ય પ્રમાણે એના સ્વભાવનું શાળપણ પણ નિર્ભેળ નહોતું. જેવું એનું સૌજન્ય થોડુંક વક્ર હતું એમ એનું શાણપણ પણ મૂર્ખ હતું. કારણ મૂર્ખામીનું મૂળ લક્ષણ જે પોતાના શાણપણની મર્યાદા ન ઓળખે એ એનામાં સ્પષ્ટ રીતે વ્યક્ત થતી હતી. એટલે સાધારણ અશિક્ષિત બંદીવાનોને ફસાવવામાં અથવા નમાવવામાં એને જે શાળપણ ઉપયોગી પડતું એનો જ ઉપયોગ બધે થશે એવું એ માનતો. એટલે જ એક મોટા મજબૂત દાવ તરીકે એણે એ દિવસે અમને કાર્યાલયમાં બોલાવી એની એ રોજનીશી અમને વાચી સંભળાવી! એના લીધે જ બારી અમારી વિરુદ્ધ ખરેખર શું લખતો અને વરિષ્ઠો પાસે રિપોર્ટ મોકલતો એ અમને જાતે વાચવા મળ્યું. ભલે બારી એ પાનાંઓ ઢાંકતો ગયો, તો પણ એના રાજ બંધીના હસ્તકો વિશે પણ એણે કરેલા અનુકૂળ ઉલ્લેખ કેવળ અમને ભયંકર સાબિત કરવા માટે કેમ ના હોય પણ એના મોઢાની વિશ્વસનીય વાતો તરીકે આપેલાં વાક્યો અશંતઃ જોવા મળી. એ અમારું અનાયાસે જ કામ થઈ ગયું. એને જે જોઈતું હતું એ દેખાડ્યા પછી બારી ખૂબ જ મહત્ત્વની મુદ્રા સાથે બોલ્યો, જોઈને, આ મારી 'ડાયરી.'

અમારી વિરુદ્ધ લખેલાં એ લખાણનો તિરસ્કારપૂર્વક ઉપહાસ કરીને અમે કહ્યું, એમાં શુ પૂછવાનું!

પહેલાં પેલા રોમના સીઝરે લખી હતી એ રોજનીશી અને આ ગામડિયા સીઝરની! આ ડાયરીઓ, રોજનીશીઓ આવી દુનિયામાં બે જ, બન્ને જોવાનું ભાગ્ય મને મળ્યું ખરું.

જરા ચીડાઈને પણ વાત મજાકમાં લઈને બારી બોલ્યો, ''પણ આનું તાત્પર્ય ધ્યાનમાં રાખશો તો તમારું કલ્યાણ છે. તમારી વિરુદ્ધ સરકાર પાસે એટલા ભયંકર રિપોર્ટસ જમા થયા છે. હજી સાવધ થઈ જાવ. મિત્ર તરીકે હું સૂચવું છું; અને હવે આ નવા આવેલા પંજાબી બંદીવાનોના પ્રકરણ સાથે તો સંબંધ જ નહીં રાખતા. એ મોટાભાગે અશિક્ષિત, રખડુ, ભટકેલા અને મજૂરો હતા. આવી ચડ્યા છે રાજકારણમાં પૈસાના લોભે. એમણે દરોડા પાડ્યા તે શું કામ ? તમે એમની સાથે વાત કરો એ પણ તમારા મોટાપણાને શોભતું નથી!''

મેં શાંત રીતે પણ નિર્ધાર સાથે જે જવાબ આપ્યો એનું તાત્પર્ય એવું કે - **એ સાચો શિક્ષિત કહેવાય કે જે લોકોના દુઃખોથી કકળીને એમના સુખ માટે પોતાની યાતનાઓને અસ્થાને માને છે.** આ પંજાબી, આ શીખ, અંગ્રેજી જાણતા નહીં હોય; પણ અંગ્રેજી એટલે શિક્ષણ નથી. એમના રાષ્ટ્ર માટે સુશિક્ષિતોના હજારોમાંથી દસ જણે, પણ ના કર્યો હોય એવો સ્વાર્થત્યાગ અને પ્રાણત્યાગ કરનારા એ નિર્ભય અને સીધા ખેડૂતો, મજૂર લોકો, મને પ્રતિષ્ઠિત કોઈપણ રાજ બંદીવાનો કરતાં એ નાતે ઓછા લાગતા નથી; એટલે હું સંબંધ રાખીશ.

બારી કોઈની નિંદા કરવા માંડે એટલે એનો વિરોધ કરવો એ બારીને જરાય ગમતું નહોતું. એના મોઢા પર ફક્ત એ નિંદાની હાએ હા કરે તો પણ એ પ્રસન્ન થતો. પણ આ જાણ હોવા છતાંય અમને એ પંજાબી શુર અને પ્રામાણિક સ્વબાંધવોની નિંદા સાંભળવી જ પાપજનક લાગી. અમારાથી એમનું સમર્થન કર્યા સિવાય રહેવાતું જ નહીં. એટલે બારી ગુસ્સે થયો. અમને એ ખૂબ જ પાણીમાં જોવા લાગ્યો. પણ પ્રત્યક્ષ કોઈ ભયંકર ખટલામાં પકડવા માટે અમે એને તક જ નહોતા આપતા. એટલે એ તરફડતો ઘણા દિવસ પડ્યો રહ્યો. પછી બે-ચાર વાર અમારા પર એવા કોઈ ષડયંત્રમાં પકડવા માટે અમુક બંદીવાનોને એણે એકદમ નીમી રાખ્યા હતા.

એ છૂટ મળતાં જ આ બદમાશોએ અમારા પર કપટ કરવાના પ્રયત્નો વારંવાર કરવા લાગ્યા. એક-બે જ ઉદાહરણો આપું છું. એકવાર ત્યાંના એક ખ્રિસ્તી બદમાશે અમારી ચાલીની મોરીમાં એક છરી સંતાડી રાખી; અને અમે એ કોઈ અધિકારીને મારવા માટે મગાવી છે એવી સાક્ષી આપવા માટે બીજા એક એવી જ ઉથલપાથલમાં પાવરધા એવા હિંદુ બદમાશને કહેવા લાગ્યો. સદ્નસીબે અમારું નામ એ હિંદુ બંદીવાનને હિંદુ સંગઠન માટે કરેલા પ્રયત્નોને કારણે પ્રિય થઈ ગયું હતું. એણે હામાં હા મેળવીને અમને આ વાત જાવી. અમે એ કપટ બારીને જણાવ્યું અને જો એની તપાસ નહીં કરી તો વરિષ્ઠ અધિકારીને કહીશું એવું બન્ને રાજ બંદીવાનોની સામે કહ્યું એટલે સવારી નરમ પડી અને એ પ્રકરણનું કંઈ ના થતા અમે બચી ગયા.

બારીના પ્રયત્નો કેવી રીતે ફસકી પડ્યા

બીજા એક પાકા મુસલમાનને કોરડા મારવામાં આવ્યા અને એ લોખંડી 'પિંજરામાં' અમારી પાડોશમાં બંધ કરવામાં આવ્યો હતો. એને પોતાના અપરાધની ક્ષમા મળે એટલે એણે અમારી સામેના બે લોખંડી ગજ, ચાલીને બંધ કરવા માટે માર્યા હતા. એમાંય એક મુસલમાન વોર્ડર પાસેથી રાતોરાત નાની કરવતથી કાચું કાપીને મૂક્યા હતા. એના ષડયંત્રમાં એક બર્મીઝ પણ હતો. એમનો હેતું હતો કે સાધ્ય થયું તો રાતોરાત એ પાંજરામાંથી અને એ ચાલીમાંથી ભાગી જવાનું. જો એ ના થયું તો એ ગજ અમે કાપ્યા હતા, અને અમે જ ભાગી જવાના હતા એમ અમારી વિરુદ્ધ સાક્ષી આપી પોતે ક્ષમા મેળવવી. જે રાતે એ ભાગવાના હતા એ જ સાંજે ટંડેલને એ ગજ થોડા વાંકા થયેલા દેખાયા શંકા આવી.તેથી ષડયંત્ર પ્રકાશમાં આવ્યું હોવાથી અમે રાતે ભાગી જવાના હતા એમ જણાવ્યું. પણ તપાસ ચાલી ત્યારે એ બર્મીઝ સાથીદારે ચાડી કરી એવો સંશય થવાથી એનું પણ નામ એ મુસલમાને આપ્યું. પણ પકડાઈ જતાં જ એ

બર્મીઝ સાથીદાર સત્ય માટે જાગ્યો અને એણે ગુસ્સે થઈને એ મુસલમાન બદમાશની જ સાચી યુક્તિ ઉઘાડી કરી એ મુસલમાન બદમાશ વોર્ડરને પણ પકડાવી પાડ્યો. ત્યારે અર્થાત્ જ અમારા પરનો એ આરોપ પણ ટળ્યો. આ વિશે અમે પ્રત્યક્ષ પર્યવેક્ષકને આવા પ્રકારના આરોપ મારા પર કેવી રીતે રચાય છે અને એનું કારણ બારીએ બદમાશાને ''સાવરકર પર નજર રાખો'' એમ કહીને ઉશ્કેર્યો છે એવું સ્પષ્ટ કડક ભાષામાં કહ્યું હતું.

આ ઘટના કરતાં એક જુદા પ્રકારની હજી એક ઘટનામાં બારીએ અમને પરોવવાના મરણિયો પ્રયત્ન કર્યો હતો.

પંજાબી શીખ રાજ બંદીવાનોમાં ચતુરસિંહ નામનો એક રાજ બંદીઓ હતો. શીખ નિશાળમાં એ શિક્ષક હતો. એણે એકવાર નિશાળ નિરીક્ષણ માટે આવેલા એક મોટા અંગ્રેજી અધિકારી પર ક્રાંતિકારીઓની ગડબડમાં સશસ્ત્ર આક્રમણ કરી એનો વધ કરવાનો પ્રયત્ન કર્યો હતો. એને જન્મટીપ થઈ. એમનો સ્વભાવ અત્યંત ગુસ્સાવાળો હતો. કારાગૃહમાં શીખ બંદીવાનોને સાબુ, તેલ વગેરે સીધા પદાર્થ પણ વાળ ધોવા નહીં આપવાના, કામના, ગાળોના, આવા અનેક પ્રકારની, સહન કરવી પડે એવી તકલીફોથી હેરાન થઈને એક દિવસ બંદીવાનોનું વજન કરવાનું ચાલતું હતું ત્યારે એણે અંગ્રેજ પર્યવેક્ષક પર હુમલો કર્યો. એ મારામારીમાં પર્યવેક્ષક ખુરસી પરથી પડી ગયો અને બહુ વાગ્યું નહીં. પણ અચાનક કારાગૃહમાં પર્યવેક્ષકને માર્યો એટલે બૂમાબૂમ થઈને બધા ટંડેલ, વોર્ડર , વગેરેએ ચતુરસિંહને પકડીને ખૂબ માર્યો. એ પર્યવેક્ષકે પોતે આવીને ચતુરસિંહને છોડાવ્યો એટલે સારું થયું. પરંતુ બારીએ મેં જ ચતુરસિંહને ઉત્તેજિત કર્યો એવો રિપોર્ટ કર્યો. એના એક જ દિવસ પહેલાં પર્યવેક્ષક ક્યારેક ક્યારેક અમારી સાથી રાજકારણની વાત કરતા, એમ જ બોલતા હતા ત્યારે અમે એમને પ્રશ્ન કર્યો હતો કે, તમે હિંદુસ્તાનને દેશી સ્વરાજ (Home Rule) આપવાના પક્ષમાં છો કે નહીં ? એ પ્રશ્નનો લાભ લઈને બારીએ કહ્યું કે, આ પ્રશ્ન પરથી જ સાવરકરનો હાથ બીજા દિવસે થયેલા એ આક્રમણમાં હતો એવું સિદ્ધ થાય છે. બીજી વાત એવી કે, એ આક્રમણનો પ્રતિકાર કરવા માટે બે-ચાર રાજ બંદીવાનોએ પર્યવેક્ષક પાસે જઈને ચતુરસિંહનો તીવ્ર વિરોધ કર્યો હતો; પણ અમે એવું કંઈ પણ કર્યું નહીં. તમે આવું કંઈ કેમ ના કર્યું એવું બારીએ પૂછતાં જ અમે કહ્યું કે, ''એક બંદીવાને બીજા બંદીવાનના કૃત્યમાં માથુ મારવું નહીં એવી તમારી જ આજ્ઞા હતી ને ? મારો પોતાનો ભાઈ જ્યારે બીમાર પડ્યો અને એને દવાખાનામાં લઈ જવામાં આવ્યો નહીં; ત્યારે મેં તમને અને પર્યવેક્ષકને ત્યાં ધ્યાન આપવા માટે વિનવણી કરી, ત્યારે તમે પોતાના સગા ભાઈના મામલે પણ ''તમે બંદીવાન, ભાઈ હોય કે ના હોય, તમને બીજા બંદીવાનો વિશે બોલવાનું પ્રયોજન નથી'' કહીને ધમકાવ્યા હતા. તો પછી ચતુરસિંહ પણ અન્ય બંદીવાન, એના કૃત્યમાં હું શું કામ માથું મારું કહીને, બારીને જવાબ આપ્યો હતો. ત્રીજી વાત કે, ચતુરસિંહને કોરડા મારવા એવું નક્કી થતું હતું ત્યારે બીજા રાજ બંદીવાનો સાથે અમે પણ કહેતા હતા કે ચતુરસિંહે કાયદા વિરુદ્ધ આક્રમણ કર્યું. તો કાયદા વિરુદ્ધ રીતે સરકારી હસ્તકે એને ઢોરની જેમ માર્યો પણ હતો. એ શિક્ષા થઈ જ છે. પર્યવેક્ષકને કોઈ માર પણ લાગ્યો નહોતો. તો હવે કોરડા મારવા માટે કોઈ કારણ નથી. આ અમારી બે-ત્રણ વાતો ભેગી કરી એ કૃત્યની પાછળ સાવકર બંધુ જ હતા એ સિદ્ધ કરવાનો બારીસાહેબે પ્રયત્ન ચલાવ્યો. ચતુરસિંહને પછી લોખંડી પાંજરામાં વરસોનાં વરસો રાખવામાં આવ્યો હતો. આ પ્રકરણે પ્રો. પરમાનંદના હાથમાં અચાનક આવેલી એક ચિઠ્ઠી આવતાં એમનો તર્ક એમણે એવી રીતે પ્રસિદ્ધ કર્યો કે, ''આ બધી કાર્યવાહી બારીની હતી. પર્યવેક્ષકને બધા જ રાજ બંદીવાનો વિરુદ્ધ ભડકાવવાની તક આવેલી જોઈને બારીને આનંદ જ થયો હતો. અને એટલે જ સાવરકર બંધુઓ પર આનો બધો દોષ, ઠોકીને કારાગૃહમાં બધી અશાંતિનું મૂળ કારણ, સાવરકર બંધુ જ હોય છે, એમને આવી અશાંતિથી આનંદ થાય છે, એવો ઢંઢેરો પીટવામાં એણે અને બીજા અધિકારીઓએ પણ હાકી રાખ્યું નહીં.'' (પ્રો. પરમાનંદ કૃત આપવીતી).

લડાઈના દિવસોમાં અમારી વિરુદ્ધ વરિષ્ઠ અધિકારીઓ સુધી આવા અનેક સંશય પેદા કરવામાં આવતા હોવાથી અમને કયા પેચમાં ક્યારે પરોવવામાં આવશે અને અમને એનો અમારા ઈષ્ટ મિત્રોને

ક્યારેય ખ્યાલ આવ્યો નહોતો. આવી ચિંતાજનક પરિસ્થિતિમાં અમે સ્વસંરક્ષણ માટે અર્થાત્ બને એટલું કારાગૃહના કાયદા વિરુદ્ધ પોતે ક્યારેય પગલું પણ ના મૂકીએ એનું ધ્યાન રાખતા. પરંતુ પોતે કાયદાભંગની કાતરમાં ના સપડાવા માટે ધ્યાન રાખતા હોવા છતાં અમારા સહકષ્ટભોગી રાજ બંદીવાનોના અથવા બંદીવાનોના સુખ-દુઃખાર્થ ફક્ત ઉદાસીન રહીને અમારી સાર્વજનિક હિતાર્થે ચલાવેલી ન્યાયી ચળવળો બધી છોડી દેવી એટલે ડરપોકપણું ગણાય. એવું અમારું મન અમને કહેતું હોવાથી અમે જરૂર પડે ત્યારે રાજ બંદીવાનોના પક્ષનું સમર્થન કરી એમના પરના અન્યાય દૂર કરવાનાં કામો કરવામાં કસર છોડતા નહોતા.

શરીર સ્વાસ્થ્ય બગડે છે

આ ૧૯૧૫થી ૧૯૧૬ ઈસવી સન વચમાં જ અમારી તબિયત પણ ખરાબ થવાનો આરંભ થયો.

૧૯૧૦ના વરસે વિલાયતમાં પહેલીવાર પકડાઈ ગયો ત્યારથી 'વિલાયતી બંદીશાળાઓ, હિંદુસ્તાનનાં અનેક કારાગૃહો અને આંદામાનના કાળાપાણી, એવાં ભિન્ન પ્રકારનાં કારાગૃહોમાં જે અનેક શારીરિક કષ્ટ સહન કરવા પડ્યાં, કૌટુંબિક ચિંતાઓ થવા લાગી, રાજકીય ચળવળોના ઉત્ક્ષોભક અને ચિંતાજનક પ્રયત્નો કરવા પડ્યા, ખરાબ ભોજન, આરોગ્ય વિઘાતક રહેવાનું અને કઠોર પરિશ્રમનો સામનો કરવો પડ્યો એ બધી આપત્તિઓની સતત તાણ પડતી હોવા છતાંયે અમારું શરીર ૧૯૧૫માં વરસ સુધી ઉત્તમ પ્રકારે ટકી રહ્યું. પણ એકસરખા અપક્વ અને નિઃસત્ત્વ અન્નથી પ્રથમ પાચનક્રિયાને એ વરસથી તકલીફ થવા લાગી. અમે એ વાત પર્યવેક્ષક વગેરે અધિકારીઓના કાને નાખી જોઈ. પરંતુ એની સમયસર કોઇએ તપાસ કરી નહીં પછી એક-બે વાર ખૂબ જ તાવ આવ્યો; પરંતુ તાવમાં પણ અમને બીજા બંદીવાનોની જેમ દવાખાને લઈ જવામાં આવ્યા નહીં. અથવા તાવ ઉતર્યા પછી પણ થોડા દિવસ દવાખાનામાં સારું એવું જમવાનું મળતું નહીં. જરા ક્યાંક તાવ ઉતર્યો કે ના ઉતર્યો કે, પાછા કામ પર મોકલવામાં આવતા અને એ મરડાનો વિકાર થયો. પરંતુ સાધારણ બંદીવાનોને ફક્ત કામ સારું થયું તો પણ દૂધ આપવામાં આવતું હતું છતાં અમને એક ઘૂંટડો દૂધ નહોતું મળતું. એના કારણે ભાત કારાગૃહની 'દાળ' સાથે ખાવો પડતો. રોટલી મોટાભાગે કાચી હોવાને કારણે અમે એ છોડી જ દીધી. પણ એના કારણે વજન ઘટવા લાગ્યું. આગળ જતાં દાળ પણ પચતી નહોતી, ત્યારે ભાત લઈને એમાં ફક્ત નિર્ભેળ પાણી નાખી ખાવાનો ક્રમ અમુક દિવસ રાખ્યો, એટલે મરડાનો ઉપદ્રવ કોઈક રીતે ટળતો. મરડાથી પેટ ખેંચાઈ આવતું. ભળતી જ વખતે પેટ ખેંચાઈ આવે એટલે ખોટા સમયે શૌચાલય જવાનું એ કારાગૃહમાં લગભગ ગુનો હોવાને કારણે ખૂબ ત્રાસ થતો. તાવ શરીરમાં ઊતરતો ગયો એના કારણે પણ મરડો વધતો. છેવટે એ ભાત પણ પચતો નહોતો. કારણે એ દર બે-ચાર દિવસ પછી ભાત અડધો કાચો આવતો. મરડો વધ્યો- એટલો વધ્યો કે એની ડોક્ટરને ખાતરી થાય એટલો સ્ત્રાવ થવો જોઈએ-એટલે એ જોવા માટે આવશે. એવા સમયે એકદમ ભગવાનને માનતા માનવા જેટલી મનની વ્યાકુળ સ્થિતિ થતી કે ભગવાન, ડોક્ટરની સામે જ શૌચાલયમાં બેસવું પડે એટલો એકવાર એ મરડો વધે તો સારું! કારણ કોઈ કારણે એ વખતે મરડો પડે નહીં અથવા પડીને લોહીનું એક ટીપું પડે એટલે 'ફક્ત ખોટું' કહીને ડોક્ટર નીકળી જતો. અમે પોતે આ અનુભવ ઘણીવાર કર્યો કે પેટ દુઃખે, રાતે કવેળાએ લોહી પડે, પણ યોગાનુયોગે ડોક્ટરની દેખતા એ ના પડે એટલે એ બધા 'ફક્ત શંકા!' વર્ગમાં જતાં જો 'એકદમ ખોટું' આ વર્ગમાં ના જાય તો! એવા વખતે જ્યારે ડોક્ટર આવતો અને તાવ આવતો અથવા મરડાના નામે એક જ ગાંઠ પડે ત્યારે એ તાવ અને મરડો એકાદવાર પ્રસન્ન થયેલા દેવતા જેવો, ઉપકારક લાગતો! આવી અપૂર્વ તકલીફ સહેતા સાધીને અમે બીમાર પડ્યા તો એક બે દિવસના સારા જમવાને અને બીમારવર્ગને મળનારા દૂધથી એ મરડો બંધ થતો- એટલે ચાલ્યા જ પાછા કામ પર! પાછું એ અન્ન, પાછો એ રોગ!

આજ સમય દરમિયાન અમારા બંધુને ૧૯૧૪માં વરસે આજીવન કાળાપાણી થયેલા રાજ બંદીવાનોને

સંપના અંતે જે પોતે રસોઈ કરવાનો અધિકાર મળ્યો હતો એ પ્રમાણે, રસોઈ કરવાની અનુજ્ઞા મળી. અમારા બંધુએ સીધું લઈને અને દસ વાગ્યે કામપરથી રજા મળ્યા પછી પોતે એક સ્વતંત્ર આપવામાં આપેલા ખૂણામાં રસોઈ રાંધવી. આગળ જતાં એમની સાથે રસોઈ કરવાની અનુજ્ઞા શ્રી વામનરાવ જોશીને પણ મળી. બન્ને એકસાથે જમવા માંડ્યા એટલે કેટલું બધું સુખ થવા લાગ્યું. માણેકતોલાના બંગાળી રાજ બંદીવાનોને પણ એકસાથે રાખવામાં આવ્યા. અમારા બંધુને આવી અનુજ્ઞા મળ્યા પછી એમણે અમુક શાક, અમુક રોટલીઓ એમ એક-બે વસ્તુ અમને મોકલતા. કારણ અમને રસોઈની અનુજ્ઞા ત્યાર સુધી મળી નહોતી. આગળ જ્યારે મળી ત્યારે જોડીદાર લેવાની પરવાનગી મળતી નહોતી; અને તબિયત પહેલાં જ બગડી હોવાથી રસોઈ કરવામાં કષ્ટ થતું. તરત જ તાવ આવતો. એટલે બંધુ જે કંઈ છુપાઇને નાળિયેરના કોચલામાં મોકલતા એના પર દિવસ કાઢતા. એમના એ નાળિયેરના કોચલાભર દાળનો-અમારા બંધુ પાકકળામાં ઘણા નિષ્ણાત છે; અમારા કરતાં તો છે જ! સ્વાદ એકદમ અમૃત જેવો લાગતો. એનું કારણ અમારા બંધું પાકશાસ્ત્રના નિષ્ણાત ના હોઈને એ પણ કદાચ હોઈ શકે કે જે દિવસે દાળ નહોય એ દિવસે ફક્ત નિર્ભેળ પાણી સાથે ભાત ખાવાનો પ્રસંગ આવતો. કારણ એ કારાગૃહની દાળ તો પચતી ન હતી અને દૂધના દર્શન તો દુર્લભ.

આવી સ્થિતિમાં તબિયત દિવસે દિવસે ક્ષીણ થતી ચાલી, અને સાર્વજનિક કામનો વ્યાપ અને કારાગૃહીય ત્રાસ તો વધતો જ ગયો. ધીરે ધીરે શરીરમાં પ્રત્યેક રાત-મધરાત તાવ ચડે છે એવું લાગવા લાગ્યું. પણ એ અધિકારીઓની સ્થૂળ દ્રષ્ટિને દેખાવા થવા જેવો ના હોવાને કારણે એમ જ વગર દવા, વિના વિશ્રાંતિ દિવસો કાઢવા પડ્યા. ત્યાં અમારા બંધુની પણ આધાશીશી વારંવાર વકરીને અને એ ખરાબ અન્નના સાતત્યની પરિણામ થઈને એમની પણ તબિયત બગડવા માંડી. છેવટે અમને અને એમને દરેકને દૂધ થોડું મળવા લાગ્યું. પણ એ તબિયત બગડ્યા પછી કે એ દૂધને પચાવવાનું સામર્થ્ય પેટમાં રહ્યું જ નહીં ત્યારે.

એ સમયે જ રાજ બંદીવાનોને ક્ષુબ્ધ કરી છોડનારી હજી એક દુઘર્ટના થઇ. આમ તો એક-બે રાજ બંદીવાનોના ઝઘડાઓ અને કામનો ઓછેવત્તો અને વ્યક્તિગત ઈનકાર હંમેશાં ચાલતો હતો. અને અધિકારીઓને કૂણા પડેલા જોયા કે એનો ફાયદો ઉઠાવતા અને છુપાઇને ખાવાની ટેવ અમને ખબર હોવાથી આવા છૂટક અથવા આંશિક અન્યાયનો પણ પ્રતિકાર કરવા માટે ઉત્તેજન આપવું અમારું કર્તવ્ય સમજતા હતા. ઉદાહરણાર્થે, છોતરાં બધા બંદીવાનો પાસેથી દોઢ પાઉન્ડ લેવાનો કાયદો હતો ત્યારે એક-બે અલ્પવયી બંગાળી રાજ બંદીવાનો પસંદ કરીને એમની પાસેથી માત્ર બે પાઉન્ડ લેવાનો પ્રયત્ન અધિકારીઓ કરવા લાગે અને એ પ્રમાણે ના થાય તો સજા આપતા. છેવટે કોરડા મારીશું એવી ધમકી આપતાંની સાથે જ રાજ બંદીવાનોના સાર્વત્રિક સંપનો ડર અધિકારીઓ પર બેસાડવામાં આવતો. ત્યારે છેવટે એને નામ પૂરતું બે પાઉન્ડ લખીને એ કરી શકે એટલાં જ છોતરાં એની પાસેથી કરાવી લેવા એવું અધિકારીએ માન્ય કરવું પડ્યું. આવા ઝઘડા થતા એટલે જે-તે વ્યક્તિને મારાથી શક્ય તેટલી દૂર બીજા ભાગમાં રાખવામાં આવતી, કે જેના લીધે પ્રતિકાર કરવામાં તેને પીઠબળ મળી શકે નહીં. આ દોઢ પાઉન્ડ છોતરાંના ઝઘડામાં એક બંગાળી યુનિવર્સિટીના એમ. એ.નો અભ્યાસ કરનારો એક પ્રામાણિક અને બુદ્ધિમાન રાજ બંદીવાન પણ કામનો ઈનકાર કરવા માંડ્યો. એને એ કામ બે પાઉન્ડ કરવાનું ખૂબ જ ત્રાસદાયક થતું. અને અધિકારીઓની જિદ કે એણે એ કરવું જ જોઈએ. છેવટે એણે અનેક સજાઓ ભોગવી અને અંતે કોરડા મારવામાં આવ્યા. રાજ બંધીઓને કોરડા મારવાની એ ક્રૂર સજા-કેવળ એમને કઠીન પરિશ્રમનાં કામો, બીજા જન્મજાત શ્રમજીવીની જેમ કરતા ફાવતું નહોતું. એટલે આપવામાં ઓછું ના કરનારા અધિકારીઓની જેટલી તિરસ્કાર્ય જિદ દેખાઈ આવી એટલી જ એ એમ. એ. સુધી ભણેલા ઉચ્ચકુળના બંગાળી યુવાનનો એ કોરડા શાંત રીતે, એક પણ ચિત્કાર મોઢેથી નીકળવા ના દેતાં સહન કરવામાં, એક અનુકરણીય સાત્ત્વિક નિશ્ચય અને ધૈયશાળી તિતિક્ષા દેખાઈ આવી. આવી સતત ચાલતી ખેંચતાણથી કોઇ એક વ્યક્તિને પણ ત્રાસ થયો તો એકંદરે રાજ બંદીવાનો પર કામનો બોજો નાખવો,

અધિકારીઓ ખૂબ અઘરું પડતું. છોતરાં જ બે પાઉન્ડ જ્યાં પૂરાં થતાં નહોતાં, ત્યાં ઘાણીનું નામ કોણ કાઢવા દેશે! પંજાબના રાજ બંદીવાનો આવ્યા પછી તો પોર્ટ બ્લેરના કારાગૃહના નીચલા અધિકારીઓનું વિકરાળ શૌર્ય પણ રાજ બંદીવાનો સામે ફીકું પડતું. કારણકે એ રાજ બંદીવાનોમાં ખેડૂત, હસ્તાશ્રમી, સુતાર, વગેરે વ્યવસાયી એ ગામેગામના લોકો હોવાથી એ હલકા વિકરાળ ટંડેલ વગેરેના પિતામહે પણ સાંભળી ન હોય એવી ગાળો એમને ઘણી આવડતી હતી. અને અમારી જેમ એ સમયસર ન ઉચ્ચારવા જેટલી એમની જીભ અચકાતી પણ નહોતી. એટલે એમને કોઈ ટંડેલ, અરે એટલું કહેતાં જ એને એ ભાષામાં જ 'કેમ રે' કહીને ધધડાવી નાખતા. માની સામે માની ગાળ જ નહીં તો નાની અને નાનાની પણ. આવી રીતે એ વિકરાળ ટંડેલ વગેરેના પૂર્વજોનો ઉદ્ધાર રાજ બંદીવાનો થકી થવા લાગ્યો. એના કારણે અમને જે વિદ્યાનો ઉપયોગ સ્વભાવગત કરતા આવડતો નહોતો, તે પ્રયોગ અમારા સહકષ્ટભોગી કરવામાં અચકાતા નથી એ જોઈને અમને સારું જ લાગતું. એના કારણે જે બુઠ્ઠાં કરી શકાયા નહીં તે પેલા નીચ અને ભાડૂતી ગુંડાઓના હલકાં શસ્ત્રો એ જ હલકા હલકટપણા સાથે અથડાઈને બુઠ્ઠાં થયાં. એ કહેવું જરૂરી નથી કે સ્વદેશ માટે કોઈપણ તથાકથિત નાગરિકો કરતાં હીન નહોતા તેવા અમારા એ અશિક્ષિક ગામડિયા રાજ બંદીવાનો તરફથી કોઈપણ બંદીવાનોને વિના કારણે ગાળો અને પીડા થવાનો ડર ખૂબ જ ઓછો હતો. ઊલટાનું એ બંદીવાનો માટે એ રાજ બંદીવાનો દરરોજ કંઈને કંઈ જ પ્રયત્નો કરતા જ હતા.

આવી નાની-મોટી અને અંગત લડત ભલે ચાલતી અને એમના રાજ બંદીવાનોનું પ્રતિકાર સામર્થ્ય જીવંત રાખવા માટે અને અતિ ત્રાસ આપવાની અધિકારીઓની પ્રવૃત્તિ મારવા માટે ઉપયોગ થાય છે, એવું ભલે અમને લાગતું હોય તો પણ એકંદરે અમે એ વખતે કોઈપણ કારણે બને એટલી સાર્વત્રિક સંપ સુધી વાત જાય એવી ઈચ્છા કરતા નહોતા. કારણ પાછળ આંદામાનમાં 'પ્રચાર' આ પ્રકરણમાં અમે વર્ણેલી અમારી યોજનાનુંરૂપ અમારા એ નવાગત રાજ બંદીવાન બંધુ જુદા જુદા પ્રકારનું બૌધિક શિક્ષણ લેતા હતા, અને સંપાદન કરેલા જ્ઞાનનું અમેરિકા જેવા દૂર ખંડમાં પ્રત્યક્ષ [illegible]નીવસીને ઉપાર્જીત કરેલા વ્યવહાર ચતુરતાનો અને દેશ ભક્તિ, લોક સેવા વગેરે ઉદ્ધત ભાવનાઓનો એ બંદીવાનોની વસાહતોમાં સતત પ્રચાર કરતા હતા. એમના પ્રગલ્ભ શિક્ષણથી અને અને એમના થકી ચાલેલા બંદીવાનોમાં સેકડો લોકોમાંના પ્રચારનું મહત્ત્વ મને, અનાવશ્યક અને ફક્ત રસાકસી પૂરતા જ કરેલા સંપ કરતાં ખૂબ જ વધુ અને દીર્ઘકાલીન લાગતું. પરંતુ એવી મારી ઈચ્છા હતી છતાંય ઉપર ઉલ્લેખ કરેલી દુર્ઘટનાને કારણે અને આગળ નિર્દેશિત કરેલી હિંદુસ્તાનની રાજકીય પરિસ્થિતિને કારણે, આવી એકાદ મોટો સંપ કરવો એ આ રાજ બંદીવાનું કર્તવ્ય છે, એવું મને લાગવા લાગ્યું. અને મારા મતની મંડળી સાથે અમે એ કરી લાવવા માટે નિર્ધારથી પ્રયત્નો કરવા લાગ્યા.

પ્રકરણ પાંચમું

ચોથો સંપ અને શરીર સ્વાસ્થ્યનું બગડવું

એ દુર્ઘટના એવી કે, ભાનસિંહ નામના એક શીખ રાજ બંદીની ટંડેલ અને પેટા ઓફિસર સાથે બોલાચાલી થઈ અને એમણે ભાનસિંહને ઓરડીમાં બંધ કર્યો, અને બારીને બોલાવ્યો. ભાનસિંહને ઓરડીમાં જઈને ગાળો આપતાં જ એણે પણ બારીસાહેબને સામી ગાળો આપી. એનાથી ગુસ્સે થઈને

બારીએ એની પટ્ટાવાળી સેનાને, ''ઈસકો ઠીક કરો'' કહીને ઈશારો કર્યો. આ 'ઠીક કરો'નો અર્થ અમે પહેલાં જ કહ્યો છે. એ ઈશારો થતાં જ પાંચ દસ ટંડેલ, પેટા ઓફિસર વગેરે મંડળી દંડા લઈને ઓરડીમાં ઘુસ્યા અને એમણે ભાનસિંહને બેદમ મારવાની શરૂઆત કરી. એ એકલો શક્ય હોય એટલી એમની સાથે સામી મારામારી કરવા લાગ્યો. છેવટે એ ઉતાર વયના શીખને એ મંડળીએ નીચે પાડીને દંડોથી પીટવા માંડ્યા. એનો એ વખતનો આક્રોશ આખા કારાગૃહમાં સંભળાયો. ''અરે મારા! ભાઈઓં મેરે કો મારા'' એવી બે બૂમાબૂમ સાંભળતાં જ એ ચાલીના નીચે બંધ હતા એવા પાંચ-છ રાજ બંદીવાનોનો ગુસ્સો ભભૂકતા એ એકદમ ઉછળીને બહાર આવ્યા અને હાથમાં જે મળે એ લઈને ઉપર ચડ્યા. બારી ભાનસિંહની ઉપરના માળનો દરવાજો લગાડીને ઊભો હતો. રાજ બંદીવાન, બારી બહાર આવતાં જ એને મારવા માટે ઉપર પેસી રહ્યા છે એ જોઈને ભાનસિંહને મારવાનું બંધ કરીને એ ઝડપથી ઉપરના માળનો દરવાજો ખોલીને એ દાદરાથી બહાર પડ્યો. ભાનસિંહની આ મારપીટની વાત તથા પ્રત્યક્ષ ઊભા હતા એ રાજ બંદીવાનો અને બીજા મોટા ભાગના રાજ બંદીવાનોના મોઢે જેવી સાંભળી એવી જ વર્ણવી છે. એટલું જ નહીં પણ આગળ અમે કહેવાના જ છીએ એ પ્રમાણે બે પ્રમુખ રાજ બંધીઓએ એ લેખિત કથનમાં વિગતવાર આવીજ રીતે જણાવી છે.

''મારા! ભાઈઓં મેરે કો મારા!'' એ બૂમાબૂમ અને મારામારીની ધાંધલ બાજુની ચાલીમાં સાંભળતાં જ અમને સમજાઈ ગયું કે, આજે કોઈને ''ઠીક કરવામાં'' આવે છે. ભાનસિંહનું નામ સાંભળતાં જ ખૂબ ખરાબ લાગ્યું. મારામારીના સમયે બારીનો હુકમ સાંભળી અંદર ઘૂસેલા, પણ ભાનસિંહને નહીં મારતાં અને બીજાઓને ફક્ત મારવાનો ઢોંગ કરનારા એક પેટા ઓફિસરે પણ આ વાત સાચી છે એવું કહ્યું. એ જમવાનો સમય હતો. અમારી ચાલીના બે પ્રમુખ બંદીવાનો સાથે અને આ અત્યાચારનો તીવ્ર વિરોધ કરવાનું નક્કી કરીને અમે ચાલીએ ચાલીમાં પત્ર મોકલવાની શરૂઆત કરી. રાજ બંદીવાન આ મારપીટથી ડરી ના જતાં ગુસ્સે થઈ ગયા અને સાર્વજનિક સંપની ભાષા શરૂ થઈ. એક બે જણાએ...તો આ પણ ભાષા ઉચ્ચારી પણ...

એ ગડબડ બારીને ખબર પડતાં જ, પ્રબળ પ્રતિક્રિયા જોતાં જ ગભરાવાના એના સ્વભાવ અનુરૂપ એ ગભરાયો. સાંજે મને મળવા આવ્યો ત્યારે મેં એને ચોખ્ખું કહી દીધું કે, તમે પૂછો છો એટલે કહું છું કે, તમારો અત્યાચાર હવે ખૂબ વધવા લાગ્યો છે, એનું પરિણામ અમારે અને મારે તો ભોગવવું જ પડશે; પણ તમારે પણ ભોગવવું પડશે. એણે બધો દોષ ભાનસિંહ પર નાખીને એણે મને માર્યો વગેરે બહાનાં કાઢ્યાં. મેં કહ્યું એ સત્ય હતું આવું ધારીને પણ તમારે એને કાયદા પ્રમાણે ખટલો કરીને કોરડા મારવા હતા; પણ આ છળ શું કામ કર્યું? ભાનસિંહ લોહી ઓકે ત્યાં સુધી એને માર્યો એ વાત ત્યાંના રાજ બંદીવાન અને બંદીવાનો એક મુખે કહે છે એ વાત ખોટી નથી.

પર્યવેક્ષક પાસે બીજા જોવાના દિવસે નક્કી થયા પ્રમાણે રાજ બંદીવાનોમાંથી ચુનંદા લોકોએ આ પ્રકરણની તપાસ કરી બારીને સજા થવી જોઈએ એવી માગણી કરી. પણ ઊલટાનું જે રાજ બંદીવાનોએ બારીને ઘેરી લેવાનો અને ભાનસિંહને છોડાવવાનો પ્રયત્ન કર્યો હતો એમને જ ધાકધમકી આપવામાં આવી. ત્યારે સંપ કરવાનું નક્કી થયું.

આ સમયે જ હિંદુસ્તાનથી વાત આવી કે, રાજઘટનામાં કેટલાક નવા અધિકાર આપવા માટે જે ચર્ચા ચાલી હતી એના વિશે તપાસ કરવા માટે અમે જે પ્રયત્નો કરી રહ્યા હતા, એમાં વિશેષ ધ્યાન આ વાત તરફ હતું. હિંદુસ્તાનના રાજકીય જગતની દ્રષ્ટિ સામે રાજ બંદીવાનોનો પ્રશ્ન એ બધા સમક્ષ પ્રમુખપણે મૂકવો જોઇએ. જે એ પ્રશ્નોને સ્પર્શતા પણ ગભરાતા તેમના પણ એને ટાળવો અશક્ય થાય, એટલી તીવ્રતાથી રાજ બંદીવાનોની યાતનાઓની વાત હિંદુસ્તાનના હૃદયમાં કાંટાની જેમ ખૂંચતી રાખવી જોઈએ. હિંદુસ્તાનને સંતુષ્ટ રાખવા માટે જે કંઈ વાતો કરવી અનિવાર્ય છે એમાં રાજ બંદીવાનોનો છૂટકારો એક વાત છે, એ અધિકારીઓના મન પર ઠસાવવા માટે આંદામાનમાં ચળવળ જીવંત રાખવા માટે એ જેમ અવશ્ય હતું, એમ જ એ માહિતી હિંદુસ્તાનમાં નિરંતર પહોંચાડીને લોકોના મન હચમચી જાય એવી

તીવ્રતાથી એ એમની સામે મૂકવી આવશ્યક જ હતી. આ આખા પ્રકરણ માટે મોન્ટેગ્યુ સાહેબ આવવાની ક્ષણે જ પોર્ટ બ્લેરના રાજપીડિતો વિશે કંઈક તો ઉત્ક્ષોભક પરંતુ સત્ય ઘટના પ્રસિદ્ધ કરવી હોય તો, એ પ્રથમ પોર્ટ બ્લેરમાં કરાવવી જોઇએ. ભાનસિંહના આ ક્રૂર છળનો પ્રતિકાર કરવા માટે સેકડો રાજ બંદીવાનોએ કરેલો સંપ એવી ઘટના થવાની હતી અને એટલે જ એ ઉદ્દેશથી પણ સંપ વ્યવસ્થિત રીતે કરવો અમને ઈષ્ટ લાગ્યો.

સંપની પ્રત્યક્ષ આગેવાની જૂના રાજ બંદીવાનોએ જ કરવી અને બધા વતી એમણે જ માગણીઓ કહેવી એવું કંઈક બાંધવોનું કહેવું હતું. પરંતુ એ યોગે સંપના મુખ્ય હેતુનો નહીં પણ પ્રસંગો વિશે રાષ્ટ્રીય કાર્યની પણ હાનિ થવી કેવી રીતે સંભવ છે એ મેં મારા સહકારીઓને સમજાવ્યું. પ્રત્યક્ષ જ પોતે આગળ થવાને કારણે બારીને અને વરિષ્ઠ અધિકારીઓ સુધી જે જોઈતી હતી એ તક મળીને, મને અને જૂના રાજ બંદીવાનોને હેલમાં જ જે થોડી ઘણી સ્વતંત્ર ફરવાની સગવડ આપવી, કેવળ કાયદાકીય રીતે (According to Jail Rules) નિરુપાય એટલે, અધિકારીઓને આપવી પડી, એ બધી જ સગવડો કાઢી લઈને મને ઓરડીમાં રાત-દિવસ પાછા ગોંધી રાખવામાં આવશે. એના કારણે સંપના સમાચાર હિંદુસ્તાનમાં પહોંચાડવા માટે માણસો મોકલવા, પત્રો મોકલવા, યુદ્ધના સમાચાર, બહારથી નિયમિતરૂપે લાવી આપનારા સહકારીઓ પાસેથી વર્તમાનપત્રો લેવાં, એ છુપાઈને વાચવાં, સંપને કારણે બંધ થયેલા રાજ બંદીવાનોની વાતો પરસ્પર પહોંચાડી એમને એકસરખા ધોરણથી વર્તવા માટે આવી યુક્તિઓ કરવી અને જણાવવી એ બધું સંપની દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વનાં કામો કરવાં એ ઓરડીમાં બંધ થવાને પડવાને કારણે ખૂબ જ કઠીન થશે. બીજું કે, પાછલાં ચાર-પાંચ વરસમાં કારાગૃહની અત્યંત ક્રૂર એવી પહેલી પ્રબળ ટક્કરનો સામનો કરવો પડ્યો હોવાથી અમારી બધા જ જૂના રાજ બંદીવાનોની તબિયત પર હાનિકારક પરિણામ થઈને એ ખૂબ જ બગડી હતી. અમને હજી હાથકડીઓ, કોઠડીબંધી, ખરાબ અન્ન અને પ્રસંગે કોરડા ખાવાના પણ ઉપચાર કરવાની ફરજ પાડવાને લીધે જીવ જોખમમાં નાખવા જેવું હતું અને એ પણ સંપ જેવા તાત્કાલિક અને સ્થાનિક નાના કાર્ય માટે, આવા કાર્ય માટે! જીવ આપવા જવું એટલે ફક્ત રાષ્ટ્રીય હિતની જ હત્યા કરવું હતું. એકવાર આગળ પગલું ભર્યા પછી એ પાછુ લેવું વધુ હાનિકારક હતું. એના કરતાં હવે આ સંપ, પ્રતિવાદ, ઈનકાર વગેરે સ્થાનિક ચળવળો નવા આવેલા તાજા, તંદુરસ્ત સા-સવાસોની મંડળીના લોકોએ જ અમુક દિવસ વારાફરતી પોતાના પર લઈને ચલાવવો એ વધુ યોગ્ય હતું. ત્રીજું મહત્ત્વનું કારણ જે ખાસ તો હું કામ છોડી દઉં તેને અનિષ્ઠ સાબિત કરનારું હતું એ કે, એ યોગે મારો હિંદુસ્તાનમાં પત્ર નાખવાનો અધિકાર એને કારણે છીનવાઈ ગયો. વરસ આખું જેને કારાગૃહની કોઈપણ સજા ન થઈ હોય એને વરસમાં એકવાર પત્ર નાખવાની સગવડ મળે. હું બંધ થાઉં તો પત્ર પણ બંધ થાય. પણ મારા પત્રો બંધ થવા એટલે સંપ તો ખરી જ પણ રાજકીય બંદીવાનોના છૂટકારાના પ્રશ્નાને પણ મહત્ત્વની હાનિ હતી.

કારણકે, રાજ બંદીવાનોમાં જે એક બે જણાના પત્રોને હિંદુસ્તાનના આગેવાનોનાં અખબારોના અને જનતાના કાને પહોંચાડી શક્યા હોત એમણે આવી બધી જ રાજ બંદીવાનોની ચર્ચા કરનારા અથવા કોઈપણ રીતે અધિકારીઓને ક્રોધિત કરનારા પત્રો નાખવાનું 'ગાંડપણ' કરવાનું શાણું સાહસ ક્યારેય કર્યું નહોતું. બારી ગુસ્સે થાયને! વળી પાછું, જે લોકો પત્રોમાં પોતાની સાક્ષીએ સાચી માહિતી લખનારા અને બધા રાજ બંદીવાનોના હિતોની ચર્ચા કરવા માટે લડનારા રાજ બંદીઓ હતા એમના પત્રોની હિંદુસ્તાનની જનતા પર અસર કરવા માટે પ્રસિદ્ધ થવાની અથવા એની એવી ચર્ચા થવાનું પરિસ્થિતિના કારણે અશક્ય હતું. આવી સ્થિતિમાં મારા એકલાના પત્રએ એ કામ કરવું અનિવાર્ય થઈ ગયું હતું. મારા નાના ભાઈ મારા એકલાનો જ નહીં પણ એના નામ હેઠળ અને એ નિમિત્તે બધા રાજકીય બંદીવાનોના છૂટકારાનો પ્રશ્ન હિંદુસ્તાનમાં સતત પ્રચલિત કરવા માટે પ્રયત્નો કરી રહ્યા છે એ જનતાને ખબર જ હતી. એમને મારા વાર્ષિક પત્રોનો પ્રબળ આધાર મળતો હતો. મારો વાર્ષિક પત્ર આવતાં જ એની પ્રતો તરત બનાવવામાં આવતી. અને એ હિંદુસ્તાનના અનેક આગેવાનોના હાથમાં જતો. એમાંથી કેટલાય લોકો થકી એ પત્ર

અખબારોમાં પ્રસિદ્ધ કરવામાં આવતો. કેટલાય ઉત્કટ દેશભક્ત સામેથી એ પત્રોની પ્રતો કરવા માટે આવતા અને એનો એક પવિત્ર યાદ તરીકે સંગ્રહી રાખતા. પેરીસ સુધી એ વાર્ષિક પત્રોની પ્રતો કેવી રીતે પહોંચતી અને ત્યાં હિંદી લોકો કેટલી ઉત્સુકતાથી અને ભક્તિથી વાચીને એમની પ્રતો કરીને કેવી રીતે સંભાળી રાખતા એ બેરિસ્ટર આસીફ અલીએ પણ 'ફોરવર્ડ'માં પ્રસિદ્ધ કર્યું જ છે. એ પત્રોમાં હું ફક્ત પોર્ટ બ્લેરના કારાગૃહીય વાતો જ લખતો. બાકી રાજ બંધીઓના છૂટકાર માટે કઈ-કઈ ચળવળો કરવી જોઈએ, એ પ્રશ્નને સ્પર્શતા આગેવાનો કેવી રીતે ડરતા, સરકાર ક્રાંતિકારીઓ અને એમાંય મને રાજ બંદીવાન કહેવડાવતા કેવા ખચકાય છે, એ એમનું કરવું કેટલું વિપરિત છે એટલે લોકોએ એને કેવી રીતે ખોતરી કાઢવો જોઇએ વગેરે ચર્ચાઓ કરતો એવું ના હોઇને એમાં શક્ય તેટલા આ અથવા પેલા નિમિત્તે દેશ માટે હિતાવહ હોય એવા રાજકીય, સામાજિક અને ધાર્મિક મતો પણ પ્રદર્શિત કરતો હતો. ખાસ તો લડાઈ વખતે જે પર્યવેક્ષક પોર્ટ બ્લેરના કારાગૃહ પર હતો એ એકંદરે ખૂબ ઉદાર સ્વભાવનો હતો અને મેં વરસ સુધી પ્રત્યક્ષ કાયદાભંગ ના કર્યો એટલે પ્રસન્ન થઈને મને ખૂબ જ છૂટથી પત્ર લખવા દેતો. ફક્ત કારાગૃહનો ઉલ્લેખ એમાં ના હોય એટલે પછી એ પત્રોમાં છેકછાક, ભલે બારી બળીને રાખ થઈ જાય, કરતો નહોતો. આ સગવડનો હું શક્ય એટલો લાભ લેવાનું ચૂકતો નહોતો. કારાગૃહની માહિતી બીજા પ્રકારે મોકલવી પડતી અને એ એવી રીતે મોકલી આપવાથી ક્યારેક અમૂક વર્તમાનપત્રોમાં આવતી જ હતી; પરંતુ અમે ગુપ્ત રીતે મોકલેલા અને મારી સહીથી, પ્રત્યક્ષ સરકારી અધિકારીઓ મારફત મોકલવામાં આવતા મારા વાર્ષિક પત્રોનો દેખીતો ફરક હતો. મારા આ પત્રોની કાઉન્સિલથી ઝૂંપડી સુધી વધુ સારી અસર થતી, અને ગુપ્ત પત્રો દસ નાખીએ તો એક પહોંચે અને એમાંય થાય તો અડધોપડધો પ્રસિદ્ધ થાય. પણ મારો પત્ર તો નિશ્ચિત રીતે અધિકારીઓના સિક્કા સાથે આખા હિંદુસ્તાનમાં છપાશે. એ માટે આ પત્રો મોકલવાની અને એના કારણે સ્વદેશી, મારા મતોની અને રાજ બંદીવાનોના છૂટાકારના પ્રશ્નોની ચર્ચા સતત ધબકતી રાખવાની આ તક હું સાહજિક રીતે કર્તવ્ય હોવાથી ગુમાવતો નહોતો.

આ અને બીજાં કારણો માટે મેં સંપની યોજના એવી ઠરાવી કે જૂના રાજ બંદીવાનોને (એટલે મને, મારા બંધુને અને શ્રીયુત જોશીને કારણે બાકીના જૂના રાજ બંદીવાનોમાંના કેટલાક તો ભાનસિંહને માર્યો છે એ ખબર હોવા છતાં એ અમને કંઈ જ ખબર નથી, બીજા સાથે અમારો કંઈ જ સંબંધ નથી આવું સ્પષ્ટ રીતે કહીને સંપને કોણ ઉત્તેજન આપે, કોઈ નહીં, વગેરે બાતમીઓ આપવામાં પણ પાછા પડતા નહી. એટલે સંપમાં એમનો આવવાનો કોઈ પ્રશ્ન જ નહોતો. છોડીને નવામાંથી જેમની તબિયત પર માઠી અસર થવાનો સંભવ નથી એમણે સંપમાં પ્રત્યક્ષ, કામ છોડીને ભાગ લેવો! પહેલાં તો રાજ બંદીવાનોને ક્યા હક જોઇએ છે, અને ભાનસિંગની મારપીટ આ સંપમાં તત્કાળ નિમિત્ત હતી અને મુખ્ય કારણ અને માગણી એટલે રાજ બંદીવાનોને રાજ બંદીવાનો તરીકે રાખવામાં આવે એ કેવું છે એ લેખિત કથનમાં એ આગેવાનોએ લખી આપવું. એ લખીને ના આપ્યું તો અમુકે અન્નત્યાગના સંપની ધમકી આપવી; અને કોઇએ પણ તબિયત બગડે નહીં ત્યાં સુધી કોઠડીમાં સડતા પડી રહેવાની જિદ કરવી નહીં અથવા અન્નત્યાગથી પ્રાણ ના આપવા એવી યોજના બનાવી. સંપના સમર્થનમાં અને દેશમાં ખળભળ મચાવવા માટે શક્ય એટલા પ્રયત્ન કરવાનું અમે પોતાના માથે લીધું. એ સિવાય મારા બહાર રહેવાથી પોર્ટ બ્લેરની વસાહતમાંનાં શિક્ષણ વગેરે જે સાર્વજનિક પ્રચારકાર્ય અમે હાથમાં લીધાં હતાં એ પણ અવિરત ચાલી શક્યાં.

નક્કી થયેલા દિવસે ચાલી ચાલીઓમાંથી રાજ બંદીવાનોની ટોળીઓ કામ પડતાં મૂકીને ઊભી રહી. લગભગ સો લોકો સંપમાં જોડાયા હોવા જોઈએ. પહેલાં જે સંપ થયા એના કરતાં હમણાં રાજ બંદીવાનોની સંખ્યા ખૂબ જ વધવાને કારણે અને અધિકારીઓની શક્તિ અને સખ્તી પહેલાંના સંપોને કારણે ઢીલી પડી હોવાથી આ સંપની અસર ખૂબ થઈ. રાજ બંદીવાનોનો જ નહીં પણ એ વસાહતોના ઈતિહાસમાં આટલો મોટો અને આટલો સંઘઠીત તાકાત ધરાવતો સંપ બીજો કોઈ થયો હોય એવું કોઈને યાદ નથી આવતું. રાજ બંદીવાનો વિશે દર છ મહિને એક રિપોર્ટ અધિકારીઓએ હિંદુસ્તાન સરકાર પાસે

મોકલવો પડતો. વસાહતોમાં અમારા આવતાં સુધી તો, ''સબ ઠીક હૈ'' કહીને જ બધા રિપોર્ટ જતા હોવાથી આવા ક્રૂર અપરાધી ગુંડાઓની વસાહતને દમન થકી ચૂપ બેસાડવાના અધિકારીઓના કૌશલ્યની હિંદુસ્તાન સરકાર એટલે જ પ્રશંસા કરતી.

પરંતુ રાજ બંદીવાનો આવ્યા ત્યારથી વસાહતોના વાર્ષિક રિપોર્ટસમાં અથવા રાજ બંદીવાનો વિશેના સ્વતંત્ર રિપોર્ટમાં અધિકારીઓ, ''સબ ઠીક હૈ'' એવો રિપોર્ટ ક્યારેય મોકલી શક્યા નહીં. એટલે આ સંપ વગેરે ચળવળો દબાવવા માટે એ પોતાના લૌકિક માટે ખૂબ પ્રયત્નો કરતા. છતાં પણ એમને પણ સંપ પાછળ સંપ, ઝઘડાઓ પાછળ ઝઘડાઓ જોતાં જોતાં હવે પહેલા સંપ જેવી ચીડ આવવાની ઓછી થતી ગઈ. તો પણ એમના પ્રયત્નો સતત ચાલુ હતા. સંપ ચાલુ થતાં જ બારીએ અમારી વિરુદ્ધ રાજ બંદીવાનોના મનમાં વિકલ્પ ભરવાનો જે આરંભ કર્યો એ છેક સુધી! રાજ બંદીવાનોની ઓરડી પાસે અડધો અડધો કલાક ઊભા રહીને કહેતો ફરે, ''અરે આ સાવરકર તમને રમાડે છે, ફસાવે છે. પોતે પાછળ રહ્યો. જો એ સજાથી ડરે છે. તમે ગાંડા છો. એ પેલો 'ફલાણો' જુઓ, એની જેમ વર્તો. તમારું હિત થશે.''

- તો પછી સાવરકરથી આટલું ડરો છો શું કામ ?

પણ રાજ બંદીવાનોમાંના એ લોકો બારી કરતાં પહોંચેલા હતા. એમને પેલો ''ફલાણો'' જેમ આચરણ કરે છે, એમ બારીની હા-જી હા–જી કરવા માટે એને સમાચાર આપવા સુધી ચાડી કરાવી હોત તો સાવરકરે એમનો હાથ પકડ્યો નહોતો એની ખબર હતી. સાવરકરે એકંદરે વીસ-બાવીસ વાર એજ કારાગૃહમાં આડી બેડીઓ, ઊભી બેડીઓ, સાંકળવાળી બેડીઓ, હાથકડીઓ, કોઠડીબંધી, અન્નત્યાગ વગેરે બધા પ્રકારની શિક્ષા ભોગવી હતી એ એમને સરકારી ટિપ્પણીઓમાં જોવા મળતું હતું. એ રાજ બંદીવાનોના કર્તવ્ય તરીકે સંપમાં જોડાયા હતા અને એમાંના કેટલાય તો સંતપ્ત હતા કે સાવરકરને પૂરતા લાગતા પ્રતિકાર કરતાં અને પ્રતિવાદ કરતાં વધુ ઉગ્ર પ્રતિવાદ કરવા માટે આગ્રહ કરતા હતા-કેવળ સાવરકરે જ મુખ્યત્ત્વે એમને રોકી રાખ્યા હતા! એ પણ જવા દો; ફક્ત બારી, સાવરકર વિરુદ્ધ આટલા ઉપદેશ આપે છે એ એક જ કારણ સાવરકરનું ધોરણ અને વર્તન એ રાજ બંદીવાનોના અને રાષ્ટ્રને હિતમાં જ છે એ સિદ્ધ કરવા માટે એમાંના મોટા ભાગના માટે પૂરતું હતું. એમાંથી કેટલાય તો એમને હસીને પૂછતાં પણ, ''ક્યોં જી સાહબ! સાવકરબાબુ આપ કહતેં હૈ વૈસે હી જો ડરપોક હૈ તો આપ ઉનસે રાતદિન ઈતના ઘબરાતે ક્યૂં રહતે ?''

બારીના અને એના હસ્તકોના અમારા રાજ બંદીવાનોના લડવૈયા પક્ષમાં ફાટફૂટ પાડવાના બધા જ પ્રયત્નો નિષ્ફળ થયા. સંપ જોરમાં ચાલ્યો, ત્યાં બિચારો ભાનસિંગ માત્ર એ માર પછી પાછો સુધર્યો નહીં. એને આગળ લોહી ઓકવાનો વિકાર થઈને એક અઠવાડિયાની અંદર દવાખાનામાં લઈ જવામાં આવ્યો. ત્યાં અમારી તબિયત બગડવાને કારણે અમને પણ થોડા દિવસ લઈ જવામાં આવવાથી અમારી અને એની ભેટ થઈ. એણે એની પીઠ પરના ઉઝરડા અમને દેખાડ્યા. ત્યાં જ એને ક્ષયની ભાવના એટલી ઝડપી રીતે થઈ, અથવા પહેલાંની તબિયત એટલી વકરી ગઈ કે એ દોઢેક મહિનામાં જ આ લોક છોડી ચાલતો થયો! ભાનસિંગ અશિક્ષિત ખેડૂત-પરંતુ સુશિક્ષિતોમાં પણ આવો પ્રામાણિક દેશભક્ત હંમેશાં મળશે એવું અમને લાગતું નથી. બિચારો જન્મટીપની સજા લઈને જે દેશના મંગલાર્થે અહીં આવ્યો ત્યાં જ એક વરસ-દોઢ વરસની અંદર એ દેશના મંગલાર્થે લડતાં આવી રીતે મૃત્યુ પામ્યો. અહીંના રાજ બંદીવાનોમાં દરેક પ્રામાણિક મનુષ્યને એવી ભાવના થઈ.

ભાનસિંહ પરના અત્યાચાર અને સંપવાળાઓની માગણીઓ અધિકારીઓના કાને પહોંચાડવા માટે જે બે આગેવાનો નીમવામાં આવ્યા હતા એમનું લેખિત કથન અધિકારીઓ લેતા નહોતા. એટલે નક્કી થયા પ્રમાણે બન્નેએ અન્યત્યાગ કર્યો. દસ-બાર દિવસ સુધી એ બન્નેમાં એક સન્માનનીય સાંઇઠ વરસના શીખ ગૃહસ્થ હતા અને બીજો એક તેજસ્વી પંજાબી રાજપુત યુવાન અન્ન વગર પોતાની કોઠડીમાં બંધ પડ્યો હતો. છેવટે એમનું લેખિત કથન લેવામાં આવ્યું અને સંપવાળાઓનો, ''અમારી જગતમાં અને ખાસ તો

ઈંગ્લેન્ડમાં રાજ બંદીવાનો સાથે જેવું વર્તન થાય એવું જ વર્તન થવું જોઈએ આ મુખ્ય માગણીથી લઈને તે શીખોને વાળ ધોવા માટે થોડું પાણી અને સાબુ આપવામાં આવે,'' એવી માગણીઓ સુધી બધી માગણીઓ કરવામાં આવી. એ પ્રમાણે અન્નત્યાગનું મૂળ કારણ સફળ થયું એટલે એ વૃદ્ધ અને સન્માનનીય શીખ ગૃહસ્થે પહેલાં નક્કી થયા પ્રમાણે અન્નગ્રહણ કર્યું; પરંતુ આ સમજદારીપણું સંતાપના આવેશમાં કરવાનું છોડીને રાજપુત યુવાને પોતાના અન્નત્યાગનો નિશ્ચય એમ જ ચાલુ રાખ્યો. બે અઠવાડિયા પછી એના નાકમાં નળી નાખીને એને પકડીને દૂધ પાવાની શરૂઆત થઈ. અન્નત્યાગને કારણે એ તરુણનો દેહ કૃષ થતો ચાલ્યો. પણ તેના લીધે રાજપુત લોહી ઠંડુ ન પડતાં વધુ ઉકળ્યુ. એણે કપડાં પહેરવાનું છોડ્યું, ચાદર ઓઢવાનું છોડ્યું, ભૂખ્યો ઉઘાડો નગ્ન, ઠંડીમાં, પવનમાં, એ સિમેંટની કઠણ જમીન પર કોઠડીમાં પડ્યો હતો, કોઈની સાથે એકપણ શબ્દ બોલતો નહીં. જેમને સાંભળવું જ નથી એ અધિકારીઓ સાથે વાત તો શું કરવાની ? મારે જે કહેવું છે એ મેં લેખિત કથનમાં કહ્યું જ છે. બસ એટલું એકવાર બોલીને એણે જે જીભ અંદર લીધી એ પાછી ક્યારેય ખોલી નહીં. કમિશનર આવીને ગયો પણ આ એકનો બે ના થાય. આમ એક દિવસ નહીં, બે દિવસ નહીં, પૂરા છ મહિના એ નિર્વસ્ત્ર સ્થિતિમાં દિગંબર થઈને એ કોઠડીમાં પડ્યો હતો. એનો સુદ્રઢ અને પ્રશસ્ત દેહ હાડપિંજર થઈ ગયો હતો. એના જેવો તેજસ્વી, પ્રામાણિક અને અમૂલ્ય દેશભક્ત આમ માટીના મોલમાં ના મરે એ માટે અમે શક્ય એટલા પ્રયત્નો કર્યા. છેવટે એક યુક્તિ થકી એને મળ્યો. એની થોડી નિંદા કરી. પ્રતાપ પણ સમય આવતાં ભળતા જ ઠેકાણે શૌર્ય દેખાડી લડત આપવાની મૂર્ખાઈ કરવા કરતાં રણમાંથી બે કોસ પાછળ હટવોને કેવી શુરતા સમજતો હતો, એ હલદીઘાટી અને બીજાં ઉદાહરણો થકી એને સમજાવ્યું. આપણે સો રૂપિયાનો પ્રાણ રાષ્ટ્ર માટે આપતી વખતે સોએ સોનું વળતર લઈને પછી જ આપવા, નહીં તો રાષ્ટ્રના નામે આવી આત્મહત્યા કરતી વખતે રાષ્ટ્રનું અમુક અંશે નુકસાન જ કરશું એવું બજાવીને કહ્યું ત્યારે ક્યાંક સવારીનો નિશ્ચય ઢીલો પડ્યો. હું મરું ત્યાં સુધી દેહને દંડિત કરીશ નહીં. એવું એણે વચન આપ્યું અને અમે થોડા નિશ્ચિંત થયા.

પણ બીજા ઈષ્ટ મિત્રોને આ વચન કહી નહોતા શકતા. એ લોકો કહેતા કે તમે જ એને અન્નત્યાગથી પરાવૃત્ત થવા દેતા નથી. તમારો શબ્દ એ તોડશે નહીં! આ એમનો આરોપ પણ થોડા સમય માટે સહન કરવો પડ્યો. કારણ, ''તુ અન્ન છેવટે ખાઈશ એ આપેલું ગુપ્ત વચન હું કોઈને કહીશ નહી.'' એવું પ્રતિવચન અમારે એ યુવાન માટે લેવું પડ્યું હતું. અમે ડોક્ટરને પણ એની તબિયત અતિ બગડી છે કે નહીં એ અમને ગુપ્ત રીતે જણાવવાનું કહી રાખ્યું હતું.

ક્યારેય ક્યારેય એને ત્રસ્ત કરવા માટે પઠાણ વોર્ડરના અધિકારીઓના હસ્તકો મા-બહેનની ગાળો આપતા; એ કારણે તો એ સામે બોલશે. સામી ગાળ તો મૌનવ્રતને કારણે આપી શકાય નહીં. શરીરમાં તાવ, અને પેલા અભદ્ર બિભત્સતાના શબ્દોનો મારો સહન નહોતો થતો. આવી સ્થિતિમાં એક દિવસ દોડી જઈને, એ યુવાને રાતે પોતાની કોઠડીની ભીંત પર અને ભૂમિ પર ધડધડ માથું પછાડવાનું શરૂ કર્યું. દોડાદોડ થઈ ગઈ. પર્યેવેક્ષકે એની ઓરડીમાં બે વોર્ડરને આખી રાત પહેરા માટે મૂકવાની શરૂઆત કરી. નહીંતર કોને ખબર એ આત્મહત્યા કરે.

અંતે મને એક દિવસ ડોક્ટરે જણાવ્યું કે, હવે માત્ર કાં એ મરી જશે અથવા ગાંડો થઈ જશે. એ સાંભળતાં જ બધા રાજ બંદીવાનો પાસેથી એક સામુહિક પત્ર, તારે અન્નગ્રહણ કરવું જોઈએ આવી વિનંતી સાથે મોકલ્યું અને હવે તું હારી ગયો એવું કોઈપણ કહી શકશે નહીં; તો બધાની આજ્ઞા તરીકે અન્નગ્રહણ કર; કારણ તબિયતનો રબર તૂટશે એ તૂટવાની પહેલાં જ તું એને ખેંચવાનું બંધ કરશે એવું તે વચન આપ્યું છે. એ સમય આવી ગયો છે એવું દ્રઢપણે જણાવ્યું. ત્યારે એ સ્વમાની ગૃહસ્થે છેવટે અન્નગ્રહણ કર્યું!

અમારું હંમેશાં કહેવું હતું કે, સંપ જેવી તાત્કાલિક ઉપયુક્ત ચળવળો માટે બીજાં કષ્ટો ભલે સહન કરવાં

યુક્ત હશે, છતાંય કોઈપણ દેશભક્તે રાજ બંદીવાન ગણવાની માગણી માટે સ્વપ્રાણનું પણ બલિદાન, અને એ પણ આવા અન્નત્યાગ વગેરે ઉપાયોથી સામે ચાલીને કરવું એટલે મૂર્ખામી કરવી એવું થાય. એ માનધન રાજ બંદીવાનોએ બેવાર સાર્વત્રિક અન્નત્યાગનો સંપ કરવાનું નક્કી કર્યું. વચ્ચે વચ્ચે પાંચ-દસ જણ આરંભ પણ કરતા. પણ અમે એ ઉપાડી નહીં લેતા તોડી પાડતા. એમના એ તેજસ્વીપણાનું યથાયોગ્ય ગૌરવ કરીને પણ તોડી પાડતા. આજે, એ વખતે અન્ન છોડીને પરાણે મરવા જનારાઓમાંથી અમે જેમને પાછા ખેંચ્યા એમાંથી અમુક છૂટીને સ્વરાષ્ટ્રની સેવા પાછા કરી રહ્યા છે. જે માનધન યુવાનો વિશે ઉપર ઉલ્લેખ કર્યો છે એમની હજી થોડી માહિતી શક્ય થાય તો આગલી આવૃત્તિમાં આપવાનો પ્રયત્ન કરીશું.

આ સંપ જે દિવસે થયો એ દિવસે જ મોન્ટેગ્યુ સાહેબને એક આવેદન મોકલવાની જે પરવાનગી અમે માગી હતી એ વિશે ચર્ચા કરતી વખતે બારીએ અમને કહ્યું, ``well you have accorde a fine recepton to Mr. Montegue!''

મોન્ટેગ્યુના આગમન માટે પોર્ટ બ્લેરની પ્રતિવંદના-સલામી-તરીકે જ સંપ એટલો સંગીન કરવામાં આવ્યો હતો. એ ભલે સાચું હતું તો પણ એમાં મેં પ્રત્યક્ષ કામ નહીં છોડવાનો વિચાર જે કર્યો હતો એના કારણે મને આવેદન પત્રની પરવાનગી નકારવી અધિકારીઓને અઘરી પડી. બીજું એક મહત્ત્વનું કારણ હતું.

હિંદુસ્તાનમાં જે સુધારણાઓ કરાવવાની એ યોગે રાજ ક્રાંતિકારીઓની સમજૂતી જરાક તો થશે કે નહીં? આ પ્રશ્ન મોન્ટેગ્યુ વગેરે સહિત બધા અધિકારીઓ સામે હતો. આ વિશે અમારી સાથે તટસ્થ અધિકારીઓએ સામેથી આવીને કરેલી એ વિષયની ચર્ચાથી અને વર્તમાનપત્રોના લેખોથી અમને શંકા રહી નહોતી. એની પાછળ મોર્લે સાહેબના સુધારણાઓના હપ્તાઓ વખતે તો અમે ઈંગ્લેન્ડમાં જ હતા. અને ક્રાંતિકારીઓને ઠંડા પાડવા- કાંઈ નહીં તો બીજાઓને ક્રાંતિકારીઓની આગના ભભૂકતા માર્ગે આગળ વધવા જેટલા અસંતુષ્ટ થતા બચાવવા માટે એ સુધારણા કરવા પાછળ ઈંગ્લિશ સત્તાનો મુખ્ય હેતુ હતો એ અમને એ વખતે અનેક પ્રખ્યાત ઈંગ્લિશ ગૃહસ્થો સાથે થયેલી ચર્ચાને કારણે અને ગોખલે વગેરે આગેવાનોનાં ત્યારના ભાષણોને કારણે અને પ્રત્યક્ષ વાતચીતને કારણે ખબર જ હતી. એટલે હિંદુસ્તાનમાં સુધારણાઓનો હપ્તો માગવા માટે એકમુખ માગણી કરવાનો પ્રયત્ન જે લોકમાન્ય પ્રમુખ બધા દેશભક્ત કરતા હતા, એમાં ક્રાંતિકારીઓમાંના આગેવાનોમાંથી કોઈએ તો સાથ આપવો હતો. એટલે એવા સમયે મહત્ત્વની નિયંત્રણાત્મક સુધારણાઓ જો સાચે જ કરવામાં આવી તો ક્રાંતિકારીઓમાંથી અનેક લોકો શાંતિપ્રધાન માર્ગને અપનાવવાની ઇચ્છા રાખશે સરકારના ધ્યોનમાં લાવવું અમે અમારું કર્તવ્ય ગણ્યું. મોન્ટેગ્યુએ બધા પક્ષોની મુલાકાત લીધી, એમાં ક્રાંતિકારીઓનો પક્ષ ખુલ્લેઆમ મળવો વિકટ જ હતો. એટલે આ અપરોક્ષ રીતે એમાંથી અમુક જણા પાસેથી એમના મત જાણવા ઈષ્ટ જ હતું. એટલે અમારામાંના અનેક લોકો સાથે આમતેમ કરતા એ ચર્ચા અધિકારી કરતા. પણ અમુક ડરી જઈને સાવ શિયાંવિયાં થતાં, ''રહેવા દો ભઈ એ રાજકારણ. સ્વતંત્રતા મળે તો પણ આજ નહીં; કંઈ નહીં તો આપણે તા હરિ હરિ કરતા બેઠા છીએ. છૂટકાર સિવાય બીજુ કંઈ જ જોવું નથી.'' એવું કહેતા. તો અમુક વળી અંગ્રેજોને હાંકી કાઢવાના શપથ પહેલાં જેવી ગરમી સાથે લીધા તે મોઢે છે, એમ અધિકારીઓને કહી સંભળાવતા. આવી સ્થિતિમાં ક્રાંતિ પક્ષના ધ્યેયની અને રાજકારણની તાત્વિક ચર્ચા કરેતું સુસંગત, યુક્તિયુક્ત અને નીડર લેખિત કથન અને મોકલવાની ઈચ્છા ધરાવીએ છીએ એ સાંભળતાં જ અધિકારીઓને એક પ્રકારની એમાં આપત્તિ જ દેખાતી. એવું મેં ના કરતાં એમના ગમતા કોઈ બીજાએ કર્યું હોત તો એમને એ જોઈતું હતું. પણ એ થયું નહીં. મારા નામે ગયેલું આવેદન વરિષ્ઠોને વધુ ઉપયુક્ત લાગશે એની પણ એમને ખબર હતી. અને કામ છોડીને હું સંપમાં જોડાયો ના હોવાથી નિયમોની પણ કોઈ તકલીફ નહોતી. એટલે મને મૉંટેગ્યુ સાહેબને ગવર્નર જનરલ થકી આવેદનપત્ર મોકલવાની પરવાનગી મળી અને મેં એ મોકલ્યું.

મોન્ટેગ્યુ સાહેબને પત્ર મોકલતાં જ એનું યોગ્ય એ પરિણામ થવા માટે એમાંના વિધેયોની માહિતી હિંદુસ્તાનમાં પ્રસિદ્ધ થવી પણ પરમાવશ્યક હતી. કારણ એ યોગે હિંદુસ્તાનમાં જે આગેવાનો સુધારણાઓ માટે પ્રયત્નો કરતા હતા તેઓ આ પણ એક કારણ કહી શકે કે, જો સમાધાનકારક સુધારણાઓ થાય તો જુઓ રાજ ક્રાંતિકારીઓમાંથી અમુક પ્રમુખ લોકો પણ શાંતિના માર્ગે ચાલવાને તૈયાર છે! અમારી લાચાર પરિસ્થિતિમાં પણ જે કોઈ ટેકો અમારાથી આપણા આગેવાનોને આપી શકવા જેવો હતો, તે આપવા માટે અમે અમારા એ વરસના પત્રમાં આ આવેદનનો ઉલ્લેખ કર્યો. એ પત્ર અમારા સ્વાસ્થ્યની ત્યારની ખરાબ સ્થિતિ પણ પ્રદર્શિત કરતો હોવાથી તેનું અંશોનું ભાષાંતર કરીને નીચે આપીએ છીએ. તેના લીધે રાજકીય બંધીવાનોની મુક્તિ માટે આપણા સ્વદેશ બંધુઓને સતત ઉત્તેજીત કરવાના કામ માટે અમારા વાર્ષિક પત્ર થકી અમે કયા ધોરણે અને કઈ રીતે ઝઝૂમતા હતા એ પણ તત્કાલીન લખાણ પરથી દ્રષ્ટિગોચર થશે.

''... મહારાષ્ટ્ર પ્રાંતીય પરિષદે બધા રાજકીય બંદીવાનોની મુક્તિ વિશે ઠરાવ સંમત કર્યો એ વાચીને ખૂબ આનંદ થયો. (ગયે વખતે નાસિકમાં પણ આવો જ મહત્ત્વનો ઠરાવ મહારાષ્ટ્રએ કર્યો હતો.) એકંદરે મુંબઈ પ્રાંતીય પરિષદ બીજી કોઈ પણ પ્રાંતીય પરિષદ કરતાં ચીવટતા સાથે અને નીડરતાથી હિંદુસ્તાનના બધા રાજ બંદીવાનો મુક્ત કરવા માટે ખૂબ પ્રયત્નો કરી રહી છે એ સાચું છે. ગયા વરસે મારી માહિતી પ્રમાણે યુક્ત પ્રદેશ અને આંધ્ર પ્રદેશ એ બે સંસ્થાઓએ જ આ ઠરાવ કર્યો હતો. એમાંય આંધ્ર પ્રદેશનો ઠરાવ સંગ્રાહક અને હૃદયદ્રાવક હતો. એના પરથી એ સ્પષ્ટ થતું હતું કે, આપણી માતૃભૂમિની મુક્તિ માટે યોગ્ય હોય કે નાહોય એમને એવું કરવું પોતાનું કર્તવ્ય લાગતા જ જેમણે પ્રામાણિકપણાની અને નિર્વિવાદ સ્વાર્થત્યાગની પરાકાષ્ઠા કરીને કારાગૃહમાંથી પોતાનું જીવન ખર્ચીને એ મહાન મુક્તિ માટે પોતાનું આયુષ્ય અર્પણ કરવામાં પીછેહઠ કરી નહીં, એમના વિશે આંધ્ર બંધુઓના અંતઃકરણો સમવેદનાથી ભરેલાં છે. તું લખે છે કે પત્રોમાં અને માસિકોમાં વારંવાર રાજકીય બંદીવાનોની મુક્તિ વિશે લેખ આવે છે. તો પછી મને એ સમજાતું નથી કે, રાષ્ટ્રીય સભાને જ એ વિશે નામ પાડતા આટલી શરમ શું કામ આવે છે? જે લોકોની પ્રતિનિધિ સભા કહેવાય છે એના મનમાં વસતા રાજ બંદીવાનો વિશે માત્ર માનવતાભર્યો સહાનુભૂતિનો ઉલ્લેખ કરતા પણ એ સભા શા માટે ડરે છે? એ રાષ્ટ્રીય સભાએ ગયે વરસે એક ઠરાવ પસાર કર્યો હતો પણ એ ફક્ત કાચા રાજ બંદીઓનો જ (Interned) કેમ હતો! એ સભાને એ વાત ભૂલાઈ ગઈ કે, સ્થળબદ્ધ લોકો યુદ્ધ પછી આપમેળે છૂટવાના છે. પરંતુ એ અમારા સ્થળબદ્ધ બંદીવાનો દુઃખોથી એ શોભનીય અને ખુલ્લા મંડપમાં સુખમય થયેલા જે દેશભક્તોની આંખોમાં આંસુ આવ્યા એમના ધ્યાનમાં માત્ર એ આવ્યું નહીં કે, એ દુઃખો કરતાં અનેકગણા તીવ્ર દુઃખોમાં અપાર સમયની સજા કરતાં એક નહી, બે નહી, પણ સેંકડો લોકો ઢઢૂમતા, ઝૂરતા પડ્યા છે! એમની મુક્તિ આપમેળે થવાની નથી એટલે જ આ પ્રતિષ્ઠિત અને જવાબદાર નેતાઓએ એમના માટે જ વધુ પ્રયત્ન કરવો જોઈતો હતો. પ્રતિષ્ઠિત અને જવાબદાર! ત્યાં જ રહસ્ય છે. એ ફક્ત સ્થળબદ્ધ કેદીઓ વિશે બોલે છે. કારણ એમને ખબર છે કે, એ એટલું જોખમી નથી. પરંતુ એ બીજા રાજ બંદીઓ વિશે એક શબ્દ પણ બોલતા નથી. કારણકે તેના લીધે એમના સાહેબોનાં ઘરે અને એમની પ્રતિષ્ઠાને કલંક લાગવાની શક્યતા છે. રાષ્ટ્રીય સભાનું મુખ્ય કર્તવ્ય એટલે એમાં આગળ આગળ કરનારા મુઠ્ઠીભર લોકોના મત પ્રદર્શિત કરવાનું નથી પણ દેશનો બહુમત પ્રદર્શિત કરવાનું છે. તો પછી આટલાં અખબારો અને પ્રાંતિક સભા રાજ બંદીવાનોની મુક્તિ કરો એવી માગણી કરે છે, ત્યારે રાષ્ટ્રીય સભાના આગેવાનોમાંથી જ અમુક આગેવાનો પર જ્યારે કારાગૃહમાં સબડતા પડવાનો સમય આવ્યો ત્યારે રાષ્ટ્રસભાએ અને જે લોકો માટે તેઓ ઝઝૂમ્યા અને પાશમાં પડ્યા એમણે એમનાં દુઃખોનો ઉલ્લેખ કરવો એમનું કર્તવ્ય છે આવી પોતે જ અપેક્ષા કરી હતી અને ખાસ તો આયરિશ, બોઅર, ઓસ્ટ્રિયન વગેરે લોકોએ પોતપોતાના દેશના રાજ બંદીવાનોની મુક્તિ માટે ખુલ્લેઆમ ચળવળ કરીને મુક્તિ કરાવી હતી, તો પછી 'રાષ્ટ્રીય' કહેવડાવનારી સભાએ માત્ર પોતાના હિંદી રાજ બંદીઓ વિશે એક શબ્દ પણ ઉચ્ચારતા ડરવું અત્યંત અનુચિત છે. રાષ્ટ્રસભાના આવું કરવાની

હવે ફરજ પાડવી જોઇએ. જો કોઈ ડોસલાઓનાં અંગ થરથર કાંપતા હોય તો એમણે જોઇએ તો એ ઠરાવની બેઠકમાં ઉપસ્થિત ના રહેવું જોઈએ. આ થોડા પ્રતિષ્ઠિતોમાં જ ધૈર્ય નથી એટલે આખા રાષ્ટ્રે આ અપરાધી મુગ્ધતાનું પાપ માથા પર શું કામ લેવું ?

આવા પ્રકારના ઠરાવ કરતી વખતે પણ એક-બે વાત વિશે ખૂબ સાવધ પણ રહેવું જોઈએ. ઘણાં પત્રો ''રાજ બંદીવાનો'' માટે લખતી વખતે તેમને સગવડિયા એવા શબ્દોનો ઉપયોગ એવી સંદિગ્ધ રીતે કરે છે કે એમાં નક્કી કયો આંતરિક ભાવ રહ્યો છે, એ સરકારને તો શું પણ લોકોને પણ સમજાતું નથી. ક્યારેક એનો અર્થ સ્થળબદ્ધ બંદીઓ તો ક્યારેક સ્થાનાંતરિત તો ક્યારેક નિર્વાસિત, પણ ખૂબ જ સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરીને રાજકીય કાર્યમાં દંડિત થયેલા બધા બંદીવાનોનો અંતર્ભાવ એ શબ્દોમાં ભાગ્યે જ કર્યો હોય છે. ગયે વખતે મેં તને લખ્યું જ હતું કે, બાનર્લોએ પણ આયરિશ રાજ બંદીઓ છોડાવતી વખતે ''જે વ્યક્તિ વિષયક અપરાધ માટે દંડિત નથી એ રાજ બંદીવાનોને છોડ્યા'' એટલે એમાં જુદા જુદાપણું દેખાડવાની ધૂર્તતા કરી હતી. હવે એ સદ્ગૃહસ્થને ખબર જ હતી કે મતાભિલાષી સ્ત્રીઓ (Suffragists) આવા અંગત અપરાધો માટે જ દંડિત થઈ હતી. પરંતુ એમને લડાઈ શરૂ થતાં જ છોડવામાં આવી! તો પછી બાનર્લોના હાથમાં એ અંગત અપરાધ શબ્દ હમણાં જ એમના સાચા હેતુનો ઢાંકનારી ઢાલ શું કામ થાય અને એ દંડિત શબ્દથી હિંદી આગેવાનોએ જ શું કામ ડરવું ? બોથા મુખ્ય પ્રધાન છે; અને રેડમંડ પાર્લમેન્ટના એક (Constitutional) પક્ષના અધ્વર્યૂ છે. તો પણ સરકાર વિરુદ્ધ સશસ્ત્ર બળવો કરનારા અને એના વિરોધી હોય એવા રાજ બંદીવાનોને પણ એણે છોડ્યા. પરંતુ રાષ્ટ્રીય સભાના આગેવાનોને આપણે પ્રતિષ્ઠિત લોકો એવા બળવાખોરોનાં નામ પણ કેવી રીતે લેવાં, એવો ડર લાગે છે. નગરની વેશ્યા પાસે ભીખ માગનારા ભિખારીને નગરના અધ્યક્ષ અને નગરશેઠ કરતાં પણ પોતાની પ્રતિષ્ઠાની અને જવાબદારીની વધુ જાણ છે. એટલે હવે પછી ઠરાવમાંથી અને લેખોમાંથી રાજકીય બંદીવાન શબ્દની એવી વ્યાખ્યા હોવી જોઈએ કે એના ક્રાંતિકારીઓમાં પણ બધા રાજ બંદીવાનોનો સમાવેશ થાય. ''જે-જે પણ, પછી એ દંડિત હોય કે વિચારાધીન (under trial) હોય, કે સ્થળબદ્ધ હોય એ અંગત આક્રમણ માટે કે સાર્વત્રિક બળવા માટે (સાચું કહું તો મને આ ફરક વગરના ખોટા ભેદનો અર્થ જ સમજાતો નથી) અપરાધી ઠર્યા હોય, પણે જે-જે શુદ્ધ અને નિર્ભેળ રાજકીય હેતુથી પ્રેરિત થઈને લડતા હતા, એ તમામ રાજકીય બંદીવાનો છે.'' એ શબ્દની આ સાચી વ્યાખ્યા છે. અંગત શબ્દમાં અને રાજકીય શબ્દમાં તફાવત એ આ કૃત્યોથી થતો નથી પણ એ કૃત્યો પાછળના હેતુથી પડતો હોય છે. હેતુ મુખ્ય કસોટી છે. કોઈપણ કૃત્ય આપમેળે રાજકીય થતું નથી. કારણ સશસ્ત્ર બળવો પણ જો કોઈ વ્યક્તિના ફક્ત દાણાપાણી માટે જ હોય તો - રાજકીય અને સાર્વજનિક થાય નહીં. અને એને કોઇપણ સુજ્ઞ ગૃહસ્થની સહાનુભૂતિ મળે નહીં. એ તો ફક્ત એક મોટો દરોડો જ હશે. અર્થાત્ એ વ્યક્તિના પેટનો પ્રશ્ન કોઈ એક સાર્વજનિક અધિકારના રક્ષણ માટે ચાલતી લડાઈ માટે જો આગળ કર્યો હશે તો વાત જુદી છે. ઠગોની ટોળીઓ જે ફક્ત સ્વાર્થી લૂંટમાર કરતી ફરે છે એમણે ફક્ત લડત આપી એટલે એ ફક્ત રાજકીય અને સાર્વજનિક સ્વરૂપની થતી નથી. પરંતુ મત આપતી સ્ત્રીઓમાંથી મુખ્ય પ્રધાનને એકાએક ચાબુકથી ઝૂડી નાખનારી અને પ્રત્યક્ષ આગ લગાડતી ફરતી સ્ત્રીઓને પણ સરકારે ''રાજકીય'' તરીકે જ ગણવી. કારણ એમનાં કૃત્યો ભલે વ્યક્તિ વિશેષ પર હુમલો કરનારા હતા, સાર્વત્રિક અથવા ખુલ્લેઆમ લડાઈ નહોતી, તો પણ એમની અંગત લડાઈનો હેતુ પોતાનો બદલો લેવો અથવા સ્વાર્થ સાધવનો નહોતો પણ કોઈક સાર્વજનિક કલ્યાણ માટે કાર્ય માટે પ્રયત્ન કરવાનો હતો. સાધન, દુષ્ટ અથવા દંડનીય અને પાપી પણ હોઈ શકે અથવા ના પણ હોય. પરંતુ કૃત્યની નૈતિકતા કૃત્યને પ્રેરક થનારા હેતુમાં હોય છે. એ હેતુ રાજકીય હોય તો એ કૃત્ય રાજકીય જ ગણાવું જોઈએ.

આ બધું વિવરણ મેં આટલું પ્રમુખપણે એટલા માટે કર્યું છે કે, જો કદાચ રાજક્ષમા આપવામાં આવી તો - એટલે આમ તો રાજ બંદીવાનોને આવી રાજક્ષમા આપવામાં આવશે એ વિશે મને આશા નથી - તો રાજ બંદીવાન કોને કહેવામાં આવે એની સ્પષ્ટ વ્યાખ્યા ના થવાને કારણે સરકારને કોઈક તો અન્યાયી

ભેદભાવ રાખીને રાજ બંદીવાનોમાંના અનેકને એ રાજ બંદીઓ નથી એવું કહેવાની, અને એટલે જ રાજક્ષમામાં એમનો સમાવેશ નહીં કરવાની તક મળવી શક્ય છે. એટલે જ તારે બધાપ્રમુખ લેખકોના ધ્યાનમાં આ વાત દ્રષ્ટિએ લાવવી અને બધાએ બધા રાજ બંદીવાનોને છોડવાની ચળવળ હાથમાં લેવી.

આ વિશે રાષ્ટ્રીય સભાના મામલે ચૂંટણી મંડળમાં કોઈ ચર્ચા થાય છે કે નહીં અને કયો પ્રસ્તાવ બીજી સભાઓમાં સંમત થાય છે, 'એમાં બધા રાજ બંદીવાનોને છોડવાની માગણી છે કે,' આપણી અમુક સ્થળબદ્ધ કેદીઓ વિશે જ છે કે કેમ, એ સ્પષ્ટ રીતે જણાવતો રહે.

(આ) બીજી એક વાત સાર્વજનિક બૃહદ્ આવેદનપત્ર સરકારને મોકલવાની યોજના વિશે. (આવા પ્રકારનાં આવેદન હજારો સહીઓ સાથે સરકારને કેવી રીતે મોકલવાં અને રાજ બંદીવાનોને છોડાવવાની ચળવળ કયા ધોરણે અને ઉપાયે કરવી એ મેં છૂટીને ગયેલા મારા રાજ બંદીવાન સ્નેહીઓમાંથી અમુકના હસ્તે બંધુને પહેલાં જ જણાવ્યું છે) એ યોજના કાર્યમાં રૂપાંતરિત થવી જ જોઈએ. યુદ્ધ પછી આવું આવેદન મોકલવું વધુ પરિણામકારક છે એટલે કદાચ તમે એ યોજના હાલપૂરતી સ્થગિત કરી હશે. (ઇ) ત્રીજી વાત એટલે ઠેકઠેકાણે રાજ બંદીવાનોને છોડાવવા માટે એક પછી એક સભા ભરવાની યોજનાની છે. એક જ વરસે નહીં પણ આ સભાનું ચક્ર સતત વરસોનાં વરસો ચાલુ જ રાખવું જોઈએ. (ઈ) એકંદરે રાષ્ટ્રીય સભા, પ્રાંતીય પરિષદો, સરકારને સાર્વજનિક મોટાં આવેદનો, જે-તે રાજ બંદીઓના કુટુંબમાંથી અંગત આવેદનો, અખબારોમાં સતત લેખ, વાઈસ રીગલ વિધિસભા અને પ્રાંતીય વિધિસભાથી (Councils) છેક પાર્લમેન્ટ સુધી પ્રશનોતરીની ધમાલ વિવિધ રીતે, રાજ બંદીવાનોના પ્રશ્નોની એકસરખી ચળવળ એવી રીતે ચલાવો કે એ પ્રશ્ન દેશીય રાજકારણનું એક પ્રમુખ અંગ થાય અને દરેક સમયે ''રાજ બંદીવાન'' એટલે ક્રાંતિકારી દંડિતો પણ રાજકીય હેતુથી આક્ષેપજનક કૃત્ય કરવાપ્રેરિત થયેલા દરેક બંદીવાનો છે, એ વાત સ્પષ્ટ રીતે વિષદ કરવામાં આવે.

આ આખી ચર્ચામાં મેં દેખીતા પરિણામ કરતાં આ બધા પ્રયત્નોને કારણે નૈતિક પરિણામ તરફ જ વધુ ધ્યાન આપ્યું છે એ હું ખુલ્લા મને કહું છું. તે સરકારને સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે, રાજ બંદીવાનોના છૂટકારાનો પ્રશ્ન અનિવાર્યપણે ''હિંદુસ્તાનને પ્રગતિશીલ'' અને ખરેખર જ નિયંત્રિત એવી શાસનસંસ્થાના અધિકાર મળનારા પ્રશ્ન સાથે સંકળાયેલો છે. એટલે આવા પ્રકારની રાજ ક્ષમાથી થનારો સર્વસાધારણ છૂટકારો હાલમાં તો અપેક્ષિત નથી એ દેખીતું છે. એ પ્રમાણે દરેક છૂટકારો ભલે શક્ય નથી તો પણ મેં ઉપર આપેલા પ્રમાણે છૂટકારા વિશે જે પ્રયત્નો કરવાના છે એમનું ફળ ઝોળીમાં પડ્યા વગર રહેશે નહીં અને એ એટલે આપણા રાષ્ટ્ર પર થનારું એ પ્રયત્નોનું નૈતિક પરિણામ, જે શહીદો, સૈનિક અને વીર આપણા રાષ્ટ્રીય યુદ્ધમાં લડતા રહ્યા, એમની સ્મૃતિ રાષ્ટ્રની ફરી ઉત્કટટ થઈને એમનાં કષ્ટો વિશે અને હેતુ વિશે સહાનુભૂતિ અને દુઃખ વ્યક્ત કરનારા એ પ્રયત્નોથી એ યુદ્ધ અંતિમ વિજય સુધી લડતા રહેવાનો ઉત્સાહ રાષ્ટ્રમાં સંચરશે. યુદ્ધમાં કામમાં આવેલા સૈનિકને કૃતજ્ઞ રીતે યાદ કરવા એ નવા સૈનિકોની ભરતી કરવા માટે અત્યંત પરિણામકારક સાધન છે.

આવી પરિસ્થિતિમાં છૂટીને પણ શો ફાયદો ?

ઉપર ઉલ્લેખ કર્યા પ્રમાણે મેં શાસનસંસ્થાની સુધારણા વિશે મારા વિચાર જણાવવા માટે મોન્ટેગ્યુના ગવર્નર જનરલને હાલમાં જ જે આવેદનપત્ર મોકલ્યું છે, એમાં મુખ્ય મુદ્દા એવા હતા કે જો એ કહે છે એ પ્રમાણે હિંદુસ્તાનમાં સાચે જ એકાદ જવાબદાર શાસનસંસ્થા સ્થાપિત કરવાનો એમનો વિચાર હોય તો પછી અમને રાજ બંદીવાનોને, બંદીશાળા માં ગોંદી રાખવાનું જરાય કોઈ કારણ નથી. બીજું એ કે જો જવાબદાર સત્તા આપનારી સુધારણાઓ શાસનસંસ્થામાં થવાની હોય અને અને રાજ બંદીવાનોનો છૂટકારો માત્ર થવાનો ના હોય તો લોકોના પહેલાં ઊઠી ગયેલો વિશ્વાસ ફક્ત એ સુધારણાઓને કારણે અથવા સરકારી મનશદ્ધિનાં ભાષણોથી જ, શું એ સરકાર પર પાછો બેસે એ અઘરું છે. કારણ ફક્ત દેશી

સ્વરાજ્યથી લોકોના ઘરબારમાં એમના સ્વજનોના વિયોગથી ફેલાયેલો અસંતોષ સમૂળગો દૂર કેવી રીતે થશે ? જે દેશમાં ભાઈનેથી ભાઈને ખેંચી લઈ જવામાં આવ્યા છે, સેંકડો, હજારો દેશભક્ત, કારાગૃહની કોઠડીઓમાં જ લોખંડી પાંજરાઓમાં સડી રહ્યા છે, અથવા દેશ પાર થઈને એકાંતવાસમાં ભટકી રહ્યા છે અને દર બીજા પરિવારમાંથી કોઈ છોકરો, ભાઈ અને મિત્ર અથવા પ્રિયજન અથવા પિતા ખેંચી લઈ જઈને વિયોગના ''સહારામાં'' (મરુભૂમિમાં) વ્યાકુળ થઈને બળતા પડ્યો છે, એ દેશમાં શાંતિ અને સંતોષ ફેલાશે કેવી રીતે ? પરંતુ સામે પક્ષે એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે રાજ બંદીવાનોની ખાલી મુક્તિ કરી એમની સાથે સાથે જો કોઈ મહત્ત્વની શાસન સુધારણા ના કરી અને જવાબદારીભરી સત્તા રાષ્ટ્રને ના આપવામાં આવી તો એ રાજક્ષમા અને એ રાજ બંદીઓની મુક્તિ જ નિષ્ફળ થશે. મેં મારી પોતાની મુક્તિના માર્ગમાં આ સત્ય આડે આવતું હોવા છતાંય પ્રામાણિકણે કહી નાખ્યું. કારણ એ દેશમાં છૂટીને ગયા પછી પણ અમારે જીવવું સહ્ય કેવી રીતે થશે કે, જ્યાં પ્રગતિનો દરેક પંથ ''અતિક્રમણ કરનારાઓ પર ખટલો દાખલ કરવામાં આવશે'' એવી ચેતવણીથી કૂંઠીત થયેલો છે. જ્યાં દરેક આગળનું ડગલું સુલતાનોનું અપમાન કરે છે પાછળ ડગલું માંડવાથી પોતાના સ્વાભિમાનના અને સુલતાન કરતાં પણ ઓછી કડક ના હોય એવી પોતાની ધર્મબુદ્ધિનું અપમાન થાય છે ? એ જોખમમાં પગલું ના પડતાં ચાલવું શક્ય કેવી રીતે થશે ? એટલે જ દેશી સ્વરાજ્ય અને રાજ બંદીવાનોની મુક્તિ એ જુદાં થઈ શકે નહીં. એકે સફળ થવાનું તો બીજા સાથે જ એવી યોજના થવી જોઈએ. મેં આ સ્પષ્ટ રીતે કહ્યું હતું કે, આ આવેદન મોકલવામાં મારો મુખ્ય ઉદ્દેશ રાજ બંદીવાન વર્ગની મુક્તિ જ હોવાથી મને પોતાને ના છોડે તો પણ હું અસંતુષ્ટ રહીશ નહીં, ઊલટાનું મને છોડવો પડશે એટલે જો કદાચ રાજ બંદીવાનોને સર્વસાધારણ ક્ષમા નથી કરી શકાતી તો મને ના છોડતાં જે સેંકડો લોકોને છોડવા શક્ય છે એમને સરકાર છોડશે તો પણ એમાં મને સાચે આનંદ જ થશે. જો હું કહું છું એવી રીતે સરકાર સાચે જ જવાબદારીભર્યો શાસનાધિકાર એટલે ઓછામાં ઓછું વરિષ્ઠ વિધિમંડળમાં પરિણામકારક બહુમત જેના પર, એટલે એકાદ રાજ્ય સમિતિ (Council of State) દરેક વરદાનમાં એકાદ શાપ ભએળવી દેવા માટે સ્થાપશે નહીં, એવા લોકપક્ષીય પ્રતિનિધિઓનું બહુમત આપવાની હોય અને આ અધિકારદાન સાથે બાકીના રાજ બંદીવાનોને, યુરોપ અને અમેરિકા વગેરે ઠેકાણે ફસાઈ પડેલા અમારા નિર્વાસિતો સાથે બધા રાજદંડિતોને મુક્ત કરવાની ઉદારતા દેખાડતી હોય તો હું - અને મારા પ્રમાણે બીજા કેટલાય - આવી રાજ્યઘટના પ્રામાણિકપણે સ્વીકારીશ - અને જો અમારા લોકોને પોતાના પ્રતિનિધિ તરીકે અમને ચૂંટવા યોગ્ય લાગે તો એ વિધિમંડળના સભાગણમાં અમારા આયુષ્યના પરમ ધ્યેય માટે અતિ પ્રયત્નો કરીશું કે જે વિધિમંડળે આજ સુધી અમારા માટે દ્વેષ જ રાખ્યો છે અને એમના કાર્ય વિશે અને ધોરણો વિશે અમારા મનમાં તિરસ્કાર પેદા કરી નાખ્યો. મેં આ વિધાન મનમાં આવનારી શંકાઓને ઉદ્દેશીને હેતુપૂર્વક કર્યું હતું. કારણ મોન્ટેગ્યુ સાહેબના લખાણમાં લગભગ સ્પષ્ટ રીતે એવો સૂચક પ્રશ્ન કર્યો છે કે આ સુધારણાઓ આપીએ તો પણ ક્રાંતિકારીઓ સ્વીકારશે કે ? એમના ધ્યેય માટે અને મહત્ત્વકાંક્ષાની પૂર્તિ માટે આ સુધારણા અનુકૂળ છે એવું જોઈને એ ક્રાંતિકારીઓ પોતાના પહેલાંના ભયંકર માર્ગ છોડીને શાંતિના અને યોગ્ય માર્ગ પર આવશે. આમ પ્રદર્શિત કરેલા એ મોન્ટેગ્યુ સાહેબના વાક્યને જવાબ તરીકે અને સ્પષ્ટ કહીએ છીએ કે ફક્ત મનોરંજન માટે કોઈ આગના ડબામાં અને સંકટના જડબામાં પ્રવેશે છે કે ? એ કદાચ થાય પણ આ તો એના કરતાં પણ કદાચ થાય કે જે સાચો દેશભક્ત અને ભૂખદયા પીડાયો છે એ રક્તપાત, હુમલા અને પ્રતિ-હુમલાથી અનિવાર્યપણે ક્રૂર થયેલી રાજક્રાંતિમાં રંગાઈ ગયો છે, કે જ્યારે એને વધુ લાભકારક વધુ દીર્ઘ પરિણામલક્ષી, વધુ સુલભ, વધુ સંઘર્ષશૂન્ય એવો પ્રગતિનો એકાદ સંવૈધાનિક (Counstitutional) માર્ગ ખુલ્લો છે. અને એ અતિક્રમણે શક્ય છે, એટલે જ્યારે રાજ્યઘટના જ નથી હોતી, વિધિ જ નથી હોતી ત્યારે સંવૈધાનિક પ્રયત્નોની વાતો કરવી ફક્ત મશ્કરી છે. પરંતુ જ્યારે ઇંગ્લેન્ડ અથવા અમેરિકામાં ચાલતી હોય એવી કોઈ શાસનસંસ્થા પ્રમાણે વિધિ નિયંત્રિત એવી એકાદ પ્રગતિ પર રાજ્યઘટના અસ્તિત્ત્વમાં

આવે ત્યારે રાજ્યક્રાંતિ જાણે કોઈ ગુલાબપાણી છાંટેલો એક શીતળ માર્ગ છે, એવા પ્રકારે, એ સંબંધે બોલવું એના કરતાં પણ નિર્દય મશ્કરી છે. એટલું જ નહીં તો એ અપરાધ છે.

આવા અર્થનું અને મુદ્દાઓનું અને આવી જ ભાષામાં લખેલું આવેદનપત્ર મેં મોન્ટેગ્યુ સાહેબને મોકલ્યું છે.

કેવળ નામ પૂરતો બીજો વર્ગ !

તે તારા પાછલા પત્રમાં પૂછ્યું હતું કે, મારી ''બીજા વર્ગમાં'' બઢતી મળી તો કઈ કઈ સગવડો મળી ? કોઠડીમાંથી બહાર જવાની ? નહીં. લેખન સાહિત્ય રાખવાની ? નહીં. વોર્ડર થવાની અથવા કોઠડીમાં બંધ નહીં રાખવાની ? નહીં. વધુ સારી અથવા આદર સાથે વર્તવાની ? નહીં. વધુ પત્રો મોકલવાની ? નહીં. ઘરેથી ભેટ આવી શકવાની ? નહીં. બીજાઓ આ બધું પાંચ વરસ પછી માણી શકતા. પણ હું આજે કારાવાસના આઠમા વરસમાં છું પણ આ કોઈપણ સગવડો મને હજી મળી નથી. પછી તું કહીશ, ''તમને બીજા વર્ગમાં બઢતી મળવાનો લાભ શો,'' તો આ જ મહત્ત્વનો મોટો લાભ કે ''બીજા વર્ગમાં બઢતી'' થઈ ! સમજ્યો, ડોક્ટર ?

આ થયું કારાગૃહની બાહ્ય સગવડો વિશે. પરંતુ આ બધું પણ જ્યાં સુધી મારું શારીરિક આરોગ્ય ઠીક રહ્યું હતું ત્યાં સુધી સહ્યું હતું. પરંતુ આ વિશે મારા ભાગે એ પણ દુઃસહ તકલીફ આવી છે. કારણકે મારું શારીરિક આરોગ્ય બહુ નષ્ટ થતું જાય છે. હું અમસ્તું આવું લખતો નથી એ તને ખબર છે. પરંતુ હવે આવું લખવું એ મારું કર્તવ્ય છે એવું મને લાગે છે. મને એવી ખાતરી છે કે, બદનસીબીના કોઈપણ ધક્કાથી ગીતાનો અભ્યાસી અને મારો ભાઈ સાહજિક રીતે ડગમગશે નહીં. બેટા, દરેક વરસે એક દિવસ તો આ કારાગૃહમાં નિર્ભેળ આનંદનો લાગે છે. એ દિવસ એટલે ઘરે તમને વાર્ષિક પત્ર મોકલવાનો. પરંતુ હમણાં આજે તને પત્ર લખતી વખતે પહેલાંની જેમ એ બધાં પ્રિય દ્રશ્યોની અને સ્નેહમય મૂર્તિની કૃતજ્ઞ સ્મૃતિઓ જાગૃત થઈ મનને આનંદ થાય છે. તો પણ એ આનંદ શરીર ઉપર આ પત્ર લખતી વખતે પડનારી સુખદ તાણ પણ સહન કરવાની શક્તિ રહી નથી. ગયા માર્ચમાં મારું વજન ૧૧૯ પાઉન્ડ હતું, આ વરસે ૯૮ પાઉન્ડ થઈ ગયું છે. હાડમાંસના વિકાર, સમયસર વૈદકીય ઉપચાર અને વ્યવસ્થા ના કરવાને કારણે સ્વાસ્થ્ય કથળી ગયું છે. હવે દેહ હાડપિંજર થઈ ગયો છે. આઠ વરસ આ બંદીવાસનો બોજો મેં સહન કર્યો છે. અનેક અને તમને જેની જાણ પણ નથી તેવી આપત્તિએ મને બેહદ પછાડી નાખ્યો છે, અને એ ભયના, ધાકના, વક્રતાના, અપશબ્દોના, અશ્રુઓના, નિઃસાસાના દુષ્ટ અને દુઃખી વાતાવરણમાં ઉદ્દાત્ત જીવન રૂંધાઈ જાય કે શું એવું લાગ્યું. પરંતુ ઈશ્વરે એમાંય મને અચળ ઊભા રહેવાની શક્તિ આજ સુધી આપી. અને હું એ પરિસ્થિતિ સામે લડતો રહી શક્યો. પરંતુ હવે શરીર સહન કરેલા જખ્મોથી કથળી રહ્યું છે, અને દિવસે દિવસે નષ્ટ થઈ રહ્યું છે. હમણાં હમણાં માત્ર આરોગ્ય પર્યવેક્ષક (Medical Superintedent) મારી તબિયત તરફ કંઈક ધ્યાન આપવા લાગ્યા છે અને હમણાં પણ ''કર્તવ્ય'' એટલે કારાગૃહના કામ કરવાં પડે છે. તો પણ હાલ પૂરતું દવાખાનામાં જમવાનું એટલે વ્યવસ્થિત બાફેલો ભાત અને દૂધ મળવા લાગ્યાં છે. મને જે શંકા થાય છે એ છે કે આ સતત વધતી જતી અશક્તિ અંતે આંદામાનના કારાગૃહના એ જાણીતા સહચારીના, ક્ષયરોગના હાથમાં મને સોંપી દેશે કે શું ? એક જ વાતથી આ શંકાનું નિરાસ થવાનું છે અને એ વાત એટલે પરિર્વતન, ફેર, પલટો, અર્થાત્ જ કારાગૃહથી પરીભાષાનો પલટો નહીં, કારણ એ પરિભાષામાં પરિવર્તન એટલે છે એના કરતાં પણ કષ્ટમય પરિસ્થિતિ એવો અર્થ થાય છે! પરંતુ પલટો એટલો વધુ સુખમય પરિવર્તન. કોઈક હિંદુસ્તાની બંદીશાળામાં થોડા આરોગ્યપ્રદ હવામાનના સ્થાને મોકલવું. કારણ આ એકસરખાપણું ખૂબ જ કંટાળાજનક થાય છે. તો પણ તું કંઈ ઝાઝો ચિંતામગ્ન થતો નહીં. આ પરિસ્થિતિ ત્રાસદાયક છે, પરંતુ નિર્ણાયક નથી. કારણ બંદીશાળા કહીએ એટલે એનું ચીવટપણું વિલક્ષણ હોય છે. એ પોતાના શિકારનું માંસ કાપે પણ એને મારતું નથી. વ્યથા આપે, પણ વધ નથી

કરતું. નિઃસત્ત્વ કરે પણ નષ્ટ નથી કરતું. રાખ કરે પણ રક્ષણ રાખે. અને જીવનની ઓછામાં ઓછી શક્યતા હોવા છતાં એંસી એંસી વરસ સુધી રખડતા રહેતા બંદીઓનાં ઉદાહરણો દુર્લભ નથી. એટલે શરીર કેટલું પણ અશક્ત થયું હોય છતાંય જીવન સાહજિક જ સાવ અકારું થશે એવી બીક - જો વચ્ચે એકાદ અનઅપેક્ષિત સંકટ આવે નહીં તો - તમારે આજે રાખવાની જરૂર નથી.

અને પાછું આ બધું છે એ શરીર પૂરતું જ. કારણકે, હમણાં પ્રકટેલી ચિતા સાથે બાંધી રાખેલું હોય ત્યારે મોટાપણાથી અગ્નિની મશ્કરી કરવાની વાતોની વીરચતાનો પ્રયત્ન હાસ્યાસ્પદ ગણાય, તો પણ હું એટલું કહી શકું કે, આત્મા હજી પણ આ કાંપતા અને વિચલિત દેહને પોતાના હાથમાં રાખવા માટે સમર્થ અને સંમત છે. આના કરતાં પણ કષ્ટદાયી અને દીર્ઘકાલીન કષ્ટોનો સામનો કરવા માટે સક્ષમ છે. ફક્ત નબળી રીતે જ નહીં પણ નિશ્ચલ રીતે, નીડરતાથી આ બધું સહન કરવા માટે સક્ષમ છે. આપણા મોટા બંધુની તબિયત પણ મારા કરતાં જરા સારી છે, તો પણ આધાશીશીને કારણે એમનું પણ વજન ૧૦૬ પાઉન્ડ પર આવી ગયું છે.

આંદામાનમાં પત્રોનો સુદૂર પ્રચાર

આ મારા ૧૯૧૮ના ઓગસ્ટમાં મોકલેલા અને સરકારી સંમતિથી જ રવાના કરેલા કારાગૃહીય પત્રના જ અમુક ઉતારા પરથી હું બધા રાજ બંદીવાન વર્ગની મુક્તિ માટે કઈ રીતે ખૂબ પ્રયત્ન કરતો હતો અને મારા તત્કાલિન ભાવ અને પરિસ્થિતિ શી હતી એ ઘણું પ્રદર્શિત થનારું છે. આ પત્રની સેંકડો પ્રતો તૈયાર કરી મારા કનિષ્ઠ બંધુએ એ વરસે ભેગા થયેલા રાષ્ટ્રીય સભાના બધા પ્રતિનિધિઓમાં વહેંચી. એના ઉતારો, અમૃત બજાર પત્રિકા, બંગાળી અને બીજા ઈંગ્લિશ દૈનિકોમાં અને દેશી ભાષાનાં અખબારો અને માસિકોમાં પ્રકાશિત થયા. મારી તબિયત વિશે ચિંતાગ્રસ્ત થઈને લોકોમાં ખૂબ સહાનુભૂતિ પેદા થઈ અને એને કારણે રાજ બંદીવાન વર્ગનાં કષ્ટો તરફ સાર્વજનિક ધ્યાન તીવ્રતા સાથે ખેંચાયું. મારા બંધુએ, હું, આ અને બીજા સરકારી અને પત્રોમાં લખેલા કાર્યક્રમ પ્રમાણે એકધારી ચળવળ ચાલુ રાખી. અને લોકોના મનમાં ખાનગી રીતે વસતા રાજ બંદીવાન વર્ગ પ્રત્યેની ભક્તિ અને પ્રીતિ ધીરે ધીરે મક્કમપણે અને જાહેરમાં વ્યક્ત થવાનું શીખી બે-ચાર મિત્રોના આગ્રહને વશ થઈને મેં જો સંપમાં કામ છોડ્યું હોત તો આવી તકથી આ પત્ર સરકારી રીતે હું મોકલી ના શક્યો હોત. પરવાનગી જ મળી ના હોત. પરંતુ આ પત્રની અંદરની વસ્તુસ્થિતિ સરકારી અધિકારીઓની જ પરવાનગીથી મારા ભાઈને જણાવી શકવાને કારણે એ સાચી છે એવું માનવા માટે અને એવા આધારે રાજ બંદીવાનોના છળ વિશે તીવ્ર આલોચના કરવા માટે નનામા અથવા અંગત પત્રોની માહિતી પર વિશ્વાસ રાખતા ડરનારાં પત્રો માટે અને આગેવાનો માટે પણ શક્ય થયું. કેટલાય પ્રમુખ આગેવાનોની આંખોમાંથી આ પત્ર વાચતાં જ આંસુ સર્યાં એ અમને પછી ખબર પડી. અમૃત બજાર પત્રિકામાં ``Outrageous treatment of a political prisoner'' એ મથાળા હેઠળ આવેલો લેખ અમને કારાગૃહમાં મોકલવા માટે અમારા અંગત સ્નેહીઓએ ગુપ્ત રીતે મોકલ્યો હતો.

સરકાર થકી આ પત્ર ગયાથી એના અંદરના મુદ્દાઓને ભલે વિશિષ્ટ મહત્તા મળી હોય તો પણ એ પત્રમાં સરકારી કાયદાનુસાર કારાગૃહના સંપની અને બીજી નાની-મોટી વાતોની માહિતી આપી શકાઈ નહીં. એ ખામી ભરપાઈ કતરવા માટે મેં અંગત પત્ર હિંદુસ્તાન મોકલવાનું હંમેશની જેમ શક્ય જ હતું. એટલે પહેલાં તો એક પત્ર લખી, એની ટાઈપરાઈટરથી અનેક નકલો કાઢીને એ શ્રી મદનમોહન માલવીય, ડો. બેઝંટ વગેરે મોટાભાગના આગેવાનોને અને વિધિમંડળના સભાસદોને દરેક આગબોટથી બે-બે, ચાર-ચાર મોકલવામાં આવ્યા, એમાંથી અમુક પહોંચતા, અમુક ગાયબ થઈ જતા, પછી એક સદગૃહસ્થ જેમનો નામાનિર્દેશ એ બદનસીબે જલ્દી જ ગુજરી ગયાથી અહી કરવામાં કોઈ હાનિ નથી. એ ડો. દામોદર,

હિંદુસ્તાન આવતી વખતે ત્યાં જે બધી માહિતી એમણે નજરોનજર જોઈ હતી એ લખીને આંદામાનથી સ્વદેશ લઈ આવ્યા. ન્યુ ઈન્ડિયામાં અને બીજા એક-બે માસિકોમાં એમના આંદામાનના રાજ બંદીઓ વિશેના લેખ પહેલાં જ નનામા પ્રસિદ્ધ થયા હતા. તેને કારણે એમના પર પહેલેથી જ બધા અધિકારીઓની આંદામાનમાં નજર હતી. એમનો સ્વભાવ પણ ખૂબ જ સ્વતંત્ર શૈલીનો હતો. પાછળ ઉલ્લેખ કરેલા અમારી સંસ્થાના એ સભ્ય હતા અને રાજ બંદીવાનોને નિરપેક્ષ રીતે જે કંઈ પ્રમુખ લોકોએ વરસોનાં વરસો આંદામાનમાં મદદ કરી હતી એમાંના એક હતા. આશ્ચર્યની વાત જે ઘણાને લાગશે એ એ છે કે, તેઓ મદ્રાસ તરફના અસ્પૃષ્યોમાંથી એક અસ્પૃશ્ય હતા. દેખાવડા, પ્રતિષ્ઠિત, સ્વાભિમાની, હિંમતવાન અને સ્વતંત્ર શૈલીના એ પુરુષને જોતાં જ આવા કેટલાય કર્મવીર પુરુષોનું કર્તવ્ય આપણે આપણા અસ્પૃશ્યતાના શાપને અને છાપને નામે નાશમેષ કરી રહ્યા હતા, આપણા રાષ્ટ્રનું બળ નબળું પાડી રહ્યા હતા, એ વાત મનના ઘુમરાવા માંડે? મોકો મળતાં જ એમની પ્રગતિ અને એમનો વિકાસ સ્પૃશ્ય વર્ગના લોકો મોઢામાં આંગળી નાખીને જોતા રહેશે એવું થશે, એ ડો. દામોદર જેવા કર્મવીર દેશભક્તને જોતાં જ લાગતું. તેમના વરિષ્ઠ ગોરા અધિકારીઓ પણ એમનાથી દબાઈને રહેતા. એ માર્ગમાં ગમે-તે ગોરાને રામ રામ નહોતા કરતા એટલે કાગારોળ થતી. કમનસીબે આ ગૃહસ્થ ખૂબ જ ઓછી ઉંમરે હિંદુસ્તાન આવતાં જ ઈન્ફલુએન્ઝાનો શિકાર થયા! તો પણ એમણે અમે કહેલી કામગીરી પહેલાં જ પૂરી કરી હતી; અમારા એક રાજ બંદીવાન સ્નેહીઓ અનેપ્રમુખ સહકારીઓમાંના એક ગૃહસ્થે ભાનસિંગની મારપીટની પણ, સંપમાની બધી ધમાચકડી સુધીના રાજ બંદીવાનોના છળની રજેરજની વિગતો લખીને એક પક્ષ તૈયાર કર્યો હતો, એ અમને દેખાડ્યા પછી અમે અમારા વિશેની યાતનાઓનો ઉલ્લેખ એટલો એમાંથી સહેતુક કાઢીને પછી અમારી સંસ્થાના શપથબદ્ધ થયેલા એક અત્યંત વિશ્વાસુ બંદીવાન પોતાની દસ-બાર વરસની સજા ભોગવીને છૂટીને જવાનો હતો એના હાથે હિંદુસ્તાન મોકલ્યો. એણે ખૂબ જ કૌશલ્યથી તમામઝડતી લેવાઈ છતાંય એનાથી સાચવીને હિંદુસ્તાનમાં નક્કી થયેલા સરનામે એ પત્ર મોકલાવ્યો. એ પત્ર પહોંચ્યો તો પણ અખબારો તેના આધારે પ્રસિદ્ધ કરવા માટે ખચકાતા હતા. પરંતુ ડો. દામોદર હિંદુસ્તાન આવી પહોંચતાં જ એમણે આગેવાનો સાથે મળીને એ પત્રોમાં દેખાતી, ભયંકર લાગતી ઘટના પણ કેવી સાચી છે એ એમને અંગત જવાબદારી પર સિદ્ધ કર્યું. એ પત્ર બંગાળીમાં અને મને લાગે છે ન્યુ ઈન્ડિયામાં પણ વ્યવસ્થિત પ્રસિદ્ધ થયો હતો. ત્યારે સ્વદેશમાં રાજ બંદીવાનોના છળ વિશે એકઅવાજ થઈ આંદામાનનો પ્રશ્ન બધા દેશપ્રેમી લોકોના મનમાં સતત ખૂંચતો. આ પત્ર પ્રસિદ્ધ થતાં જ અને સ્વદેશમાં આ જાગૃતિ થતાં જ હિંદુસ્તાન સરકાર તરફથી તપાસ થઈ અને પહેલાંની જેમ જ આંદામાનના અધિકારીઓમાં મોટી ખળભળ મચી ગઈ.

અહીં સંપ ખૂબ જોરમાં ચાલતો જ હતો. સંપમાં જેઓ હૃષ્ટપુષ્ટ શરીરના લોકો હતા, એમને દરેક મળતું ભરપૂર જમવાનું પણ ઓછું પડતું. એમને એ દરેકને મળતા અન્ન કરતાં ઓછું અન્ન આપવાની સજા થઈ. એનો બદલો લેવા માટે કારાગૃહના નાળિયેરના મોટા કારખાનામાંથી લાવેલાં કોપરાંના ઢગલામાંથી થાળીઓ ભરીને કોપરું, ખાનગી રીતે અમારા સહાયક બંદીવાનોએ, વોર્ડરોએ અને પેટા ઓફિસરોએ પણ એ સંપવાળી કોઠડીઓમાં લઈને પહોંચાડ્યું. દર બે-ત્રણ દિવસે એકાદ બીજું દૈનિક અને સાપ્તાહિક પત્ર અમને ખાનગીમાં મળતું. એ મોટી ગમ્મત હતી. પહેલાં એ કારાગૃહના ફાટકની અંદર કોઈક મોરીના નળીમાંથી, નહીં તો કોઈના કોટમાં સીવાઈને, નહીં તો કચરા ગાડીના એક પાટિયાની નીચે દબાઈને, નહીં તો કોઈ સાહસિક ગૃહસ્થના ગજવામાં ખુલ્લેઆમ અખબાર આવતું. પછી તક મળતાં જ એ અમારી ચાલીમાં આવતું. જે લાવનારા હોય એ અહીંયા-ત્યાં કામમાં એકદમ મગ્ન રહીને આંટાફેરા મારતો ફરતો. સરકારનું કામ આટલી પ્રામાણિકતા સાથે હાથ-પગ પછાડીને કોઈ કરતું હોય એવું દેખાતાં જ અમારી મંડળી સમજી જતી, લગભગ ડાક આવી. પછી એના માર્ગ પર એ ચાલીના સળિયા પાસે જઈને ચૂપચાપ ઊભા રહેતા. અમે સંપના હતા એટલે કોઠડીમાં બંધ નહોતા. પણ એટલે ખુલ્લા હતા એવું નહીં, એટલે ચાલીની આગળની કોઠડીમાં સામેની લાંબી પરસાળમાં બંધ હતા. એ સળિયા પાસે આમ જ ઊભા રહેતા

આંખોનો ઈશારો કરી એક વ્યવસ્થિત જગ્યાએ સળિયામાંથી એ જોરથી આંટા મારતા કોપરું વહેંચતું પાટિયું લઈને રખડનારો બંદીવાન ક્યારેક, ચલો કામ કરો બૈઠે હૈ સાલે! એવું કહીને બંદીવાનોને ધમકાવતા કામમાં મગ્ન દેખાતો અધિકારી અચાનક સળિયામાંથી એ પત્ર અંદર નાખતો. એ આવતાં જ અમે બે-ત્રણ જણ હોઈએ તો તેના ત્રમ નાના ટુકડા થતા, કારણ કોઈ આવે તો આખું છાપું સંતાડવું અઘરું. છાપું આવ્યા પછી એ ટુકડા દીવાલ પાછળ, કાણામાં, ભીંતમાં, જ્યાં મળે ત્યાં છુપાવી ગાય જેમ સમય મળે ત્યારે અડધો કાચો ગળેલો કોળિયો કાઢી પાછો ધીરે ધીરે વાગોળે એમ એ એક એક ટુકડો કાઢીને વાચી નાખતા. એક જણ વાચવા લાગે એટલે બીજાએ પહેરો આપવાનો, પછી ચાર લીટી વાચી એટલે તરત જ એટલો ટુકડો ફાડીને, ડૂચો વાળીને, એ અખબાર વાચન કાર્યનો છેલ્લો વિભાગ (એનો નાશ કરવો), પેલા વિભાગના અધિકારી સામે એ ડૂચો ફેંકવામાં આવતો. એ અધિકારી તરત એ બધું ભરપૂર પાણીમાં ચોળીને પાછો એનો ડૂચો કરીને ફેંકી દે. કારણ એમ જ ફેંક્યો અને એ અખબારના નામનો ટુકડો કોઈને મળ્યો તો એ અખબાર લેનારા જણનો પત્તો એક કલાકમાં લાગતો. કારણકે પોર્ટ બ્લેરમાં અખબાર લેનારા ખૂબ જ ઓછા અને ગણી શકાય એટલા લોકો હતા. એટલે બધે જ હાહાકાર! આવી રીતે એ અખબારો ચાલીઓમાં ફરતાં રહેતાં. કોઠડીમાં કોઈએ અખબાર આપ્યું તો વોર્ડરોના પહેરાના આંટાફેરા વચ્ચે એ પ્રકાશમાં જેમ મેળ પડે તેમ વાચવાનું. એક-બે વાર એ સમયે જ અધિકારી આવવાનો સમય આવવાથી એ તાળું ખોલીને કોઠડીમાં આવતા સુધી એ બે-ત્રણ સ્થંભના કાગળ ચાવીને ગળી જવા પડ્યા. કોઠડી બંધ લોકો આ કારાગૃહીય ચિઠ્ઠીના વર્તમાનપત્રની પ્રતિક્ષા કરતા કાયમ ખડેપગે રહેતા. એમાંય એ લડાઈના દિવસો. જે તે નવા સમાચાર માગે. સુશિક્ષિત હોય તો એ સમાચારથી સંતુષ્ટ ના રહેતા અખબારની ચાર લાઈન કેમ ના હોય પણ છપાયેલો ટુકડો માગતા. પણ આવા મહત્ત્વના ટુકડા નાની ભુંગળી બનાવી નાળિયેરના કચરામાં નાખીને ચાલી-ચાલીઓમાં મોકલવા પડતા. આ રીતે લડાઈના સમાચાર, સંપ ચાલુ હતો, અને એટલે જ અધિકારીઓએ શક્ય એટલો કડક બંધોબસ્ત રાખ્યો હતો તો પણ - કાળા લોકો પરનો વિશ્વાસ ઓછો થવાને લીધએ ગોરા સૈનિકો ચાલી-ચાલીઓમાં પહેરા પર રાખ્યા હોવા છતાં - દરેકને પહોંચાડતા રહેવાની વ્યવસ્થા ચાલુ જ હતી. આ ગોરા સૈનિકોમાં અમુક પણ ઓળખાણ થતાં થતાં એટલા મળતાવડા અને સહાનુભૂતિભર્યા નીકળ્યા કે એમણે પણ સમાચાર આપ્યા જ નહીં, અથવા વર્તમાનપત્રો પણ દેખાડયાં જ નહીં, એવું સોગન સાથે કહેવામાં અમે અચકચાતા નથી. એમની પણ પછી બદલી થતી. તો પણ એમ જ. કારણ મનુષ્યસ્વભાવ!

કાલકૂદી કરવામાં પણ નિષ્ણાત

આટલી બધી આ ગડબડમાં ક્યારેક ક્યારેક ફટાફટ પત્ર લાવનારો અને વાચનારો પકડાઈ જતો. ત્યારે પછી ખૂબ જોવા જેવું કરવું પડતું. દાદા, બાપા, જમાદાર, જમાદાર સાહેબ, એવી એકદમ બારી સુધી વિનવણીઓ કરી એ પત્ર લાવનારા બંદીવાનને છોડાવવાનો પ્રયત્ન કરવો પડતો. બે-ચાર વખત બારીએ દ્રવી જઈને એણે અખબાર છોડી દીધાં હતાં, એ વાત બારી વિશે એટલી કૃતજ્ઞતા પ્રદર્શિત કરવા માટે જેમ કહેવી યોગ્ય છે એમ જ અમે દયનીય કાલકૂદી સમયસર કળામાં પણ કેટલા નિષ્ણાત થઈ ગયા હતા એ સાબિત કરવા માટે કહેવું પણ યોગ્ય છે. વળી આટલું કર્યા પછી ખટલો દાખલ થયો તો ''ચલતા હૈ!'' એકવાર આવું જ એક અખબાર પકડાઈ ગયું અને અમારે હાથકડીમાં સાત દિવસ લટકતા રહેવું પડયું. છતાંય બારી આવ્યો અને વક્ર રમૂજથી હાથકડીઓ દેખાડીને બોલ્યો, ''આ શું રે'' અમે કહ્યું, ''આ પોસ્ટેજ!'' એણે કહ્યું, ''જરા મોઘું પડયું નહીં?'' અમે કહ્યું, ''ના ના! કેટલું બધું સસ્તું. તમારે વર્તમાનપત્રો લેવાં હોય તો લવાજમ ભરવું પડે છે અને એ સિવાય પોસ્ટેજ. અમને કારાગૃહમાં લવાજમ વિના અખબારો મળે છે. ક્યારેક ક્યારેક આવા આઠ દિવસ હાથકડીના પોસ્ટેજ-ટપાલખર્ચ અપ્યો કે પત્યું. પાછું છ મહિના મફત અખબારો!''

હાથકડી-બેડીઓના માર નીચે એ છ–છ મહિના કોઠડી બંધ થયેલા રાજ બંદીવાનોમાં કેટલાયની તબિયત ખૂબ જ લથડી ગઈ. એક-બે ને ક્ષયનાં ચિહ્નો સ્પષ્ટ દેખાવાં લાગ્યાં. આંદામાનમાં મોટાભાગના લોકો ક્ષય રોગનો જ શિકાર થતા. એ સુદ્રઢ, ઊંચા કદના ખેડૂતો અને શ્રમજીવી શીખ લોકોનું પણ ક્ષયને શિકાર થવાનું શક્ય હતું. એક-બે ને કોઠડીબંધી અસહ્ય થઈને એ લોકો પોતાનું માનસિક સંતુલન ગુમાવે છે એવાં ચિહ્નો દેખાવાં લાગ્યાં છે એવું જણાવ્યું. પરંતુ તો પણ પહેલાં છ મહિના પછી પણ આગળ સંપ ચલાવવો એ એમની જિદ અકબંધ હતી. પરંતુ અમારા હંમેશાંના ધોરણ પ્રમાણે, સંપ જેવી તત્કાલીન ચળવળમાં આવા ઉત્કૃષ્ટ દેશભક્તોનું બલિદાન આપવું નહીં, એવો અને અમારો નિશ્ચય જણાવ્યો. સંપ ચલાવવો જ હોય તો પહેલાં સંપમાંથી જેમને બાકાત રાખવામાં આવ્યા હતા એ નવા બંદીવાનોએ કામ છોડી કોઠડીમાં જવું, અને જે થાકેલા-પાકેલા હતા, અને જેમની તબિયતને જોખમ થવાની શક્યતા સ્પષ્ટ દેખાતી હતી એમણે કોઠડીમાંથી બહાર આવી, સહેલાં કામો, જે અધિકારી વર્ગ આપવા માટે માન્ય થયો હતો એ કરતાં જરા આરામ અને પરિવર્તન માણવું એવું અમે કહ્યું. પુષ્કળ ચર્ચા પછી અને વિરોધ પછી અંતે એ દ્રઢ પ્રતિજ્ઞાવાળા લોકો સંપ છોડવા માટે તૈયાર થયા અને એ પ્રમાણે બધાએ પાછાં કામ શરૂ કર્યાં. છ મહિના પછી એ રાજપુત યુવાને પણ ત્યારે જ અન્નગ્રહણ કર્યું એ પહેલાં કહ્યું જ છે.

સંપ પૂરો થતાં જ અધિકારીઓને હાશ થઈ. આ કાયમ ચાલુ રહેતા સંપે અધિકારીઓની ધાક હવે પહેલાં જેવી કારાગૃહમાં કાંઈ રહી નહોતી. પર્યવેક્ષક અથવા બારી આવે એટલે ચાલી-ચાલીઓમાં રાજ બંદીઓ બેઠા જ રહેતા. હાથકડી લગાડીને ઊભા રાખ્યા તો પણ એ પરાણે મેળવેલું સન્માન, અધિકારીઓને અપમાન કરતાં વધારે ત્રાસદાયક લાગતું. એ સ્વાય આ અને ખાસ તો આ છેલ્લા સંપથી કારાગૃહીય વ્યવસ્થાને આર્થિક ફટકો કંઈ થોડો બેસતો નહોતો. એ સિવાય દેશમાં વધેલી ખળભળ અને જેને કારણે હિંદુસ્તાન સરકાર પાસેથી થતા રહેતાપ્રશ્ન-પ્રતિપ્રશ્નનો જવાબ આપતા બેસવાનો ત્રાસ, અને પ્રસંગે ડર, આ બધી વાતોને કારણે સંપથી અધિકારીઓ ખરેખર કંટાળ્યા હતા. રાજ બંદીવાનોને રાજ બંદીવાનો તરીકે જ ગણવા જોઈએ અને એ વર્ગ સાથે ઇંગ્લેન્ડ વગેરે દેશોમાં જેવું વર્તન થાય છે એવું જ વર્તન થવું જોઈએ, એ એક માગણી છોડીને હિંદુસ્તાન સરકાર તરફથી એ સંપની પહેલાં કરેલી, લગભગ નાની-મોટી પણ મહત્ત્વની માગણીઓ માન્ય કરવામાં આવી. લાંબા પત્રો મોકલી શકવા, શીખોને વાળ ધોવા માટે સારું પાણી, સાબુ અને તેલ મળ્યાં. અન્નની સુધારણા, કામમાં ખૂબ શ્રમ ના હોય, વગેરે સગવડો મળી. સંપનો મુખ્ય હેતુ જે હિંદુસ્તાન પર અસર થાય, એટલો આંદામાનની પીડાનો પડઘો અને પ્રતિકાર કરવો એ સાધ્ય થયો જ હતો. અને સંપની માગણી પ્રમાણે ભાનસિંહની મારપીટ માટે બારીની ખુલ્લેઆમ તપાસ થઈને એને સજા ના થઈ, તો પણ એક તો તેણે એ આક્ષેપમાંથી છૂટવા માટે ખાસ્સી દોડધામ કરવી પડી એટલી અધિકારીઓ તરફથી પૂછપરછ કરવામાં આવી. તેનામાં પાછું આવું કંઈ કરવાનું સાહસ રહ્યું નહોતું અને બીજું કે, એક અધિકારીની ખુલ્લેઆમ તપાસ કરવા સરકારને મજબૂર કરવી એ કામ હિંદુસ્તાનના વિધિમંડળ અને મુદ્રકનું હતું. એ કારાગૃહમાં બાંધી રાખેલા રાજ બંદીવાનોને એ વિશે જેવો પ્રતિકાર કરતા આવડ્યો એવો એમણે કર્યો.

એ સંપ પછી અધિકારીઓના વર્તનમાં ઘણી નરમાશ આવી. પહેલાં, રાજ બંદી પકડ્યો કે બદાવ એને, એવા પ્રકાર થઈને સત્તર વરસના ચોકરાને પણ તેમાં અપવાદરૂપ ગણવામાં આવતા નહોતા. પણ પાછલા સંપ અનેપ્રતિકારથી નરમ થતાં, યુદ્ધકાળે આવેલા એ સેંકડો રાજ બંદીઓમાંના ખૂબ હુષ્ટપુષ્ટ અને સશક્ત મનુષ્યને પણ કોઈ મોટેભાગે ઘાણીએ મોકલતા નહોતા. છોતરાં પૂરાં કરવાને જ જ્યાં અધિકારીઓને મુશ્કેલી પડતી ત્યાં ઘાણીનું નામ લેવું જ નકામું હતું. આવી ખેંચતાણમાં, જે કરવું હોય એ કરો પણ કાંઈક કામ કરો, સાવ ના નહીં પાડો, એવું સ્પષ્ટપણે કહીને અધિકારીઓ દિવસો કાઢવા લાગ્યા. જો છોતરાં સાથે ખેંચતાણ ના કરી હોત તો ઘાણઈએ પાછા મોકલાવી દેત. બહુ તો શું પણ ખાસ્સા દિવસ એકાદ સંપ અથવા ઝઘડો ના કરીએ તો બારી પહેલાં પહેલાં દારડાનું કામ પણ વધારી નાખતો. એકવાર

એવી જ શાંતિ જોઈને એણે ત્રણ પાઉન્ડ દોરડાનું કામ, દરેકને ચાર પાઉન્ડ સુધી વધારવાનો પ્રયત્ન કર્યો હતો. કારણ ત્રણ પાઉન્ડ દોરડાં રાજ બંદીઓ પટ્ દઈને બનાવી નાખતા અને પછી આખો દિવસ વાચન કરતા બેસતા. આવા આ અધિકારીઓને હંમેશાં રસાકસી જ બરાબર ઠેકાણે રાખતી.

છેવટે બારી થાકી ગયો

પરંતુ આ સંપ પછી બારી ખૂબ થાકી ગયો. હિંદુસ્તાન સુધી તેની નાલેશી થઈ હતી. સરકાર પણે છેલ્લે છેલ્લે એને શંકાસ્પદ નજરે જોવા માંડી, અને રાજ બંદીવાનોને નાની મોટી સગવડો મળતાં મળતાં એ વર્ગ એટલો જડ થઈ ગયો કે એને કારણે કારાગૃહમાં, એ પહેલાંના, પોર્ટ બ્લેરના પરમેશ્વરની એક મગતરા કરતાં વધુ પ્રતિષ્ઠા અથવા બીક, સાધારણ બંદીવાનોમાં રહી નહોતી. આવી સ્થિતિમાં એ ખૂબ જ ઉદાસ રહેવા લાગ્યો. જવા દો એ સરકારી ઠપકો, મારા બાકીના દિવસ ગમે-તેમ પૂરા થાય એટલે છૂટયો એવું એ સ્પષ્ટ કહેતો. પહેલાં અમને દરેક સંપમાં એની એ જ માગણીઓ કરતાં જોઈને એ કહેતો ‘‘શું સાવરકર, એની એ માગણી કરો છો! પણ તમારો એ પ્રયત્ન પથ્થરોની ભીંત સાથે માથું અફડાવવા જેવો વ્યર્થ છે!’’ હવે આ માગણીઓમાંની કેટલીય માગણીનો ઝોળીમાં પડતાં પડતાં સ્થિતિ આવી થયા પછી અમે બારીને કહેતાં, ‘‘એની એ માગણીઓ કરવાની જિદ જુઓ છેવટે પોતાનું માથું ફોડી લે છે કે બીજાનું! હજી સુધી તો એ સાવ વ્યર્થ ગઈ નથી એવું એ રાજ બંદીવાનોને અત્યારનાં વરસોનાં વરસો જેનાં દર્શન થયાં નથી એ ઘાણી જ કહેશે!’’

યુદ્ધ પછી આવેલા રાજ બંદીઓને હવે પુષ્કળ સ્વાતંત્ર્ય અને અમુકને બીજા રાજ બંદીવાનો પર દેખરેખ રાખવા માટે અથવા મોકળાશથી હરીફરી શકે એવાં કામ આપવામાં આવતાં. ખાસ તો જે સંપમાં જોડાતા નહોતા અથવા પોતપોતાના કામ કરીને સ્વસ્થ બેસી રહેતા, એમની સાદગી તરફ સરકારનું ધ્યાન ખેંચી એમને પુસ્તકો બાંધવાં, કારખાનામાં, છાપખાનામાં, સાદાં કામ અને અધિકાર પ્રોત્સાહનરૂપે મળતા. સંપનો અને રસાકસીનો આ એક મહત્ત્વનો લાભ હતો. કારણ એના કારણે પ્રત્યક્ષ ઝઘડો કરનારાઓને ભલે લાભ થયો નહીં તો પણ ઝઘડાઓમાં નહીં પડનારા રાજ બંદીવાનોની ‘સીધી’ વર્તણુકનું કંઈ ફળ થતું અને એને લીધે અમુક રાજ બંદીઓ તો પ્રમાણમાં સારી સ્થિતિમાં રહી શકે. સરકારને તેઓ ‘સુશીલ’ લાગે એ માટે કોઈકે તો વંઠેલા અને ધમાલિયા થવું આવશ્યક હતું. નહીં તો એ સુશીલ લોકોને પણ ત્રણ પાઉન્ડ દોરડાંના નામે ચાર પાઉન્ડ દોરડાં વણવાં પડત.

આ સંધિમાં યુદ્ધનું પહેલું સ્વરૂપ બદલાયું હતું. હવે જર્મનીનું પહેલાંનું જોર ઓછું થતું ચાલ્યું હતું અને એ હિસાબે બંદીવાનોની પહેલી આશાઓનું પહેલાં ઊભરાતું જોર પણ શમવા માંડ્યું હતું. પાછળથી જે રાજ બંદીઓ આવ્યા એમાં પણ સાધારણ બંદીવાનો પ્રમાણે, હવે તો કાલે ચાલ્યો, એવો પાકો વિશ્વાસ રાખનારા લોકો હતા. સંપની પહેલાં સજા થતી ત્યારે, ‘છ મહિના બેડી’ એવી પર્યવેક્ષક સજા આપતો. ત્યારે એને ત્યાં જ કેટલાય ભોળા રાજ બંદીવાનો કહેતા કે, ‘જા જા! છ મહિના તારું રાજ પણ ટકવાનું છે ક્યાં!’’ આવા મારા સમદુખિયાઓને હું પુષ્કળ વિનવતો કે, ‘‘ભાઈઓ, આવી ભળતી આશાઓ ના રાખો! નહીં તો કદાચ નિરાશાની પ્રતિક્રિયા સહન થશે નહીં! વખત આવ્યે નીકળી જ જઈશું. પણ એના પર મદાર ના રાખતા. એની ખાતરી નહીં રાખતા. અહીં જ લડત આપીને મરવાને મનને સજ્જ રાખો.’’ અંગ્રેજોનું રાજ એક-બે અઠવાડિયામાં નામશેષ થશે, એવી આશામાં દાવાનળની જેમ પ્રજ્વળતા એ બંદીવાન જગતમાં માત્ર એક ડોસો મને એવો મક્કમ મળ્યો હતો અને એ કહેતા, ‘‘અરે જાઓ! અંગ્રેજોનું રાજ ક્યારેય જશે નહીં!’’ આ હત્યારો હતો મોટો હિંમતવાન. ત્રણ વાર આંદામાનથી ભાગી જવાનો પ્રયત્ન કર્યો એણે. પહેલાં એકવાર દસ વરસની સજા ભોગવીને છૂટી ગયો હતો. પાછો છૂટતાંની સાથે જ એ પહેલી સજાનું કારણ બનેલા શત્રુને જાનથી મારીને જન્મટીપ સાથે આંદામાન આવ્યો હતો. અને ત્રીજા પ્રયત્નમાં સફળ થઈ આંદામાનમાંથી છટકી ગયો. હોડીમાં બેસી એકલો જ સમુદ્રમાં મહિનાઓ સુધી

ભટકતો રહ્યો. છેવટે એકવાર મદ્રાસના કિનારે પહોંચતાં પહોંચતાં પકડાઈ ગયો. આવી અનેક નિરાશાઓ થવાથી એને, જેમ બીજા બંદીવાનો પર આશાનું ભૂત સવાર થયું હતું, એમ આને નિરાશાનું ગાંડપણ લાગ્યું હતું. કોઈપણ અંગ્રેજોનું રાજ જશે એવું બોલે તો એ ગુસ્સા અને સંતાપથી કહેતો, ''આવી ત્રણ લડાઈઓ થયેલી મેં જોઈ છે. અને અંગ્રેજોનું રાજ જશે એવું પચાસવાર સાંભળ્યું છે. પણ એ બધું ખોટું, કેવળ લૂચ્ચાઈ, અંગ્રેજોનું રાજ ક્યારેય જશે નહીં. જે એમ કહેશે કે ક્યારેક તો જશે એ —- છે!'' એવી ગાળ આપતો! પણ એ માણસના મનમાં એ અંગ્રેજો વિશે અથવા એ રાજ વિશે જરાય પ્રીતિ હતી એવું કોઈ સમજતું હોય તો એ ભૂલ હતી. એ એકવાર અંગ્રેજો સામે બદલો લેવા માટે એક ભયંકર કૃત્ય કરવા માટે પણ તૈયાર થયો હતો!

અન્ન સત્યાગ્રહી રામરક્ષાનું મૃત્યુ

આ સંપની ગડબડમાં જ રામરક્ષા નામના એક પંજાબી બ્રાહ્મણના મૃત્યુની દુર્ઘટના થઈ હતી. આ ગૃહસ્થ ચીન, જાપાની વગેરે સ્થળે પ્રવાસ કરતા હતા ત્યારે રાજ ક્રાંતિકારીઓના પક્ષમાં જોડાઈને સયામ અને રંગૂનમાં બળવો કરવાના અને સૈનિકોને બગાડવાના ષડયંત્રમાં દંડિત થયા હતા. ત્યાં પણ એમને અતિશય પીડા સહન કરવી પડી હતી. આંદામાનના કારાગૃહમાં પગ મૂકતાં જ એમણે જોયું કે, બ્રાહ્મણોના ગળાનું યજ્ઞોપવિત કાઢી લેવામાં આવે છે. એ પોતે પરદેશમાં રહેલા અને બાહ્ય સંસ્કારને ધર્મ સમજવાના સંકૂચિત વિચાર કરતાં જુદા, ખૂબ પ્રગલ્ભ વિચારવાળા હતા. પરંતુ કોઈને પણ એની ઈચ્છા વિરુદ્ધ એનું ધર્મચિહ્ન કાઢી નાખવાને ફરજ પાડવી, એ એમને ના ગમતાં, એમણે પોતાનું યજ્ઞોપવિત આપવાની ચોખ્ખી ના પાડી. અધિકારીઓએ આવી વાતમાં પણ મૂર્ખામીનું પ્રદર્શન કરી એ યજ્ઞોપવિત તોડી નાખ્યું. એ ધાર્મિક અપમાનનો સામનો કરવા માટે, યજ્ઞોપવિત નહીં, ત્યાં સુધી હું અન્ન ગ્રહણ કરીશ નહીં, એવા રામરક્ષાએ શપથ લીધા. અન્ન તો શું, પાણી પણ એ લેતા નહોતા. નિર્જળ અને નિરન્નનું કઠોર વ્રત પાળતા. એ વીર એ કોઠડીમાં કેટલાય દિવસ પડી રહ્યા. છેવટે કંઈક પંદર દિવસ પછી એને નાકમાં નળી નાખી. પરાણે અન્ન આપવામાં આવ્યું. એને પણ મહિનો વીતી ગયો. યજ્ઞોપવિત માટે લડતા, મરવાના સાગન લઈને એ બ્રાહ્મણ આમ જ ઝઘડતો રહ્યો. એની સાથે પહેલાં થયેલા છળથી અને આ નિરાશાથી કથળી જઈને એની છાતીમાં ભયંકર દુ:ખવા માંડ્યું. ડોક્ટરે એને ક્ષયની અસર થઈ છે એવું જણાવ્યું. બધા કહેતા હવે તું અન્ન લે, પણ એ ના સાંભળતો. મોતના મુખે જઈ બેઠા. અમે જાતે એને ચિઠ્ઠી લખીને મોકલી. છેવટે ખાસ્સાપ્રયાસથી અન્નગ્રહણ માટે એનું મન વાળ્યું. પરંતુ કમનસીબે વકરી ગયેલી બીમારી સારી ના થતાં એ બ્રાહ્મણ વીર એક બે મહિનામાં જ મૃત્યુ પામ્યા.

પરંતુ એનું એ પ્રકરણ ત્યાં જ દબાવી ના દેતાં એની વાત વરિષ્ઠ અધિકારીઓ, હિંદુસ્તાની પ્રકાશનો, અને છેવટે કારાગૃહની તપાસ માટે મંડળ કમિશન સુધી પહોંચાડવામાં આવવાથી છેવટે બ્રાહ્મણોને કારાગૃહમાં યજ્ઞોપવિત રાખવાનો અધિકાર મળ્યો. આ સાહજિક અધિકાર માટે પણ એક બ્રાહ્મણનો જીવ આપવો પડ્યો. બ્રાહ્મણ બંદીવાનોને જ નહીં પણ બધા પંથોના બંદીવાનોને એમનું આવશ્યક ધર્મચિહ્ન રાખવાની પરવાનગી બધાં કારાગૃહોમાં હમણાં મળી છે.

જેમ જેમ યુદ્ધનો અંત આવવા લાગ્યો, એમ એમ જર્મનીનો પરાભવ સ્પષ્ટ દેખાવા લાગ્યો. ત્યારે પહેલાંના જર્મનીના જોર વિરુદ્ધ, અંગ્રેજોના ખોટા વિજયના સમાચાર કહેવાનો જેમ અંગ્રેજો પર પ્રસંગ આવ્યો, એમ જ જર્મનીના ખોટા વિજયના કાલ્પનિક સમાચાર ફેલાવીને એના પર પોતાની તીવ્ર નિરાશાની ધાર તેજ કરવાની બંદીવાનોની પ્રવૃત્તિ વધવા લાગી. અંગ્રેજોના પરાભવના બઢાવી-ચડાવીને આપેલા સમાચાર બંદીવાનો એટલા ફેલાવતા, કે યુદ્ધ પછી એક-બે વરસમાં અંગ્રેજોને બંદીવાનોને વર્તમાનપત્રો વાચવા દેવાં જ વધુ યોગ્ય લાગ્યું. કારણ અખબારોમાંથી કંઈ નહીં તો સાવ લંડન જીતી લીધું, લાહોરમાં અમીર આવ્યો વગેરે અદભુત ઘટનાઓ તો કોઈ છાપતું નહોતું. એ સમયે જ અમને રાજ

બંદીવાનોને અંશતઃ ઉપરનાં કારણો માટે જ અને અંશતઃ અમને અખબારો આપીને કંઈ તો મનોરંજન મેળવી શકાય એટલે એ વખતનો સુજ્ઞ પર્યવેક્ષક લંડન ટાઈમ્સની સાપ્તાહિક આવૃત્તિ કારાગૃહમાં ખુલ્લેઆમ આપતો હતો. છેવટે તુર્કીનો પરાભવ થવા આવ્યો એ સાંભળીને મને આનંદ જ થયો. એ મુસલમાનોને તો ખરું જ પણ કેટલાક રાજકારણથી અપરિચિત એવા રાજ બંદીવાનોને પણ પહેલા ગમ્યું નહીં. પાછળથી એમના એ ધ્યાનમાં આવ્યું. જર્મનીના પરાભવના સમાચાર હું હોય તેમના તેમ કહેતો પણ એમને એ અપ્રિય સમાચાર સાંભળીને એ આપનારા પર જ ગુસ્સો આવતો. વળી સમાચાર પૂછ્યા વગર તો એમનાથી રહેવાતું નહોતું. જો હું ક્યારેક એમ કહું, ''સમાચાર આપવાનો નથી, તમારા સમાધાન માટે ખોટા સમાચાર આપવા એ મને ગેરવાજબી લાગે છે.'' તો આજીજી કરવા લાગતા. એવા સમયે એ બંદીવાનોને જર્મનોનો પરાજય અને તુર્કીના પરાજયાનો સાચો અર્થ સમજાવવા માટે મેં અઠવાડિયાની બેઠકમાં એ વિષય એક-બે વાર કાઢ્યો હતો. અનુકૂળ હોય ત્યારે જ સમાચાર સાંભળવા એ મૂરખનો સ્વભાવ હોય છે. શુર અને કર્તવ્યશીલ પુરુષ પ્રતિકૂળ સમાચાર પહેલાં સાંભળવા ઈચ્છે છે. કારણકે પ્રતિકૂળને તરત ટક્કર આપવી જોઇએ. નેપોલિયન બોનાપાર્ટ રાતે પણ આજ્ઞા આપી રાખતો કે કોઇપણ પ્રતિકૂળ સમાચાર આવે તો એને તરત જગાડવો. અને અનુકૂળ હોય તો જાગ્યા પછી કહેવા! એમાંય અનુકૂળ સમાચાર સાંભળવા જેટલી તપશ્ચર્યા હિંદુસ્તાને હજી સુધી કરી નથી. હજી ઘણા પ્રતિકૂળ સમાચાર સાંભળવાના છે! સાચું છેને? પછી એ નાતે પ્રતિકૂળ હોય તો એનો સામનો કરવો પડશે. પહેલાંના રાજાઓ કોઈ જો પુત્રદન્મના સમાચાર આપતો તો એને એને સોનાની કડી આપતા, પણ કોઈ પરાજયના સમાચાર આવા લોકોના ઘરોમાં ઘૂસીને, છાતી પર બેસીને જ્યારે શત્રુ જ આપે ત્યારે મેળવવાના કે! આમ ડરપોક બનીને કેમ ચાલશે?'' આમ સમજાવીને બધા બંદીવાનોને પરાજયના સમાચારને લીધે થતી અસરથી શક્ય તેટલા સાચવી લેવાનો અમે પ્રયત્ન કરતા. ધીરે ધીરે લડાઈના છેવટના રંગોના સમાચાર પણ સાંભળીને પણ એની ચર્ચા શાંતિથી કરવાની આદત બંદીવાનોમાંના ઘણા સમજુ માણસોને પડી. તુર્કસ્તાનના પરાજયને લીધે હિંદુસ્તાનના મુસલમાનોની મહત્ત્વકાંક્ષાને વળગેલું ભળતું જ દેશઘાતી વલણ સમયસર બદલાવામાં સહાયક થશે એ પણ ધીરે ધીરે બધાને સમજાવા લાગ્યું.

તો પણ બીજા બંદીવાનો પર જ નહીં પણ રાજ બંદીવાનો પર પણ લડાઈનાં પરિણામોની થોડી ઘણી અસર થઈ જ રહી હતી. થોડી આના લીધે, થોડી કારાગૃહની કોઠીમાં બંધ પડી પડીને તબિયત પર અનિવાર્ય અસર થવાથી,અને થોડું આંદામાનના બિનઆરોગ્યપ્રદ વાતાવરણને લીધે, પછીથી આવેલા રાજ બંદીવાનોમાંના તંદુરસ્ત અને શારીરિક પરિશ્રમથી અપરિચિત ના હોય એવા અમારા બાંધવોમાંથી કેટલાકની તબિયત એકદમ ખરાબ થઈ ગઈ. ત્રણ-ચાર વરસની અંદર જ કોઈક લોહી-માંસના અભાવે જર્જર થઈ ગયા, કોઈ આત્મહત્યાનું નામ લેવા લાગ્યા, ત્રણ-ચાર શીખ ભાઈઓ ક્ષય થઈને અમારી આંખો સામે જ ગુજરી ગયા. ત્યારે અમને પણ એ જ રોગની શંકાને લીધે એ જ દવાખાનામાં રાખવામાં આવ્યા હતા, એ દેશભક્ત, ઉદાર અને શુર લોકોને આમ ટપોટપ મૃત્યુ પામતા જોઈને ખૂબ ખરાબ લાગતું. આપણે પણ આજકાલમાં આ રસ્તે જ જવાના! એટલું જ આશ્ચર્ય કે જ્યાં ત્રણ-ચાર વરસમાં આટલા સુદ્રઢ અને હષ્ટપુષ્ટ લોકોની શારીરિક તબિયત લથડી ગઈ ત્યાં આપણી આજે આઠ-નવ વરસ સુધી ટકી શકી છે!

પુર્નજન્મ લઈને પાછો આવીશ!

જોતીશચંદ્ર પાલ

જોતીશચંદ્ર નામનો એ બંગાળી યુવાન લડાઈના દિવસોમાં બારીસાલમાં જર્મનીનાં અસ્ત્રોશસ્ત્રો સાથે આવનારી સબમરીનની રાહ જોતા રાજ ક્રાંતિકારીની પોલીસ સાથે જે ખુલ્લેઆમ ચકમક થઈ, તેમાં

ગોળી વાગીને ઘવાયેલો અને પછી જન્મટીપની સજા પામેલો હતો. સંપના દિવસોમાં કોઠડીબંધ થયાને કારણે એક દિવસ સાંજે એને અન્ન પીરસીને બંધ કરવા માંડ્યા. જોતીશચંદ્રે કહ્યું કોઠડીમાં શૌચ કરવા માટે એક માટલું જ છે. એ હટાવો એટલે અન્ન અંદર લઈ જાઉં. કોઠડીમાં જ બંધીઓને શૌચ માટે બેસવું પડતું એ પહેલાં કહ્યું જ છે. સિપાઈએ કહ્યું હવે અંદર જા. એ બોલાચાલીમાં એને પરાણે અન્ન સાથે એ કોઠડીમાં ગોંધીને સિપાઈ અને જમાદાર જતા રહ્યા. બારીએ પણ ધ્યાન આપ્યું નહીં. આખી રાત એ બપોરના શૌચના માટલાની નજીક દુર્ગંધ સહન કરતાં જોતીશે એ નાનકડી કોઠડીમાં રહેવું પડ્યું. આવો આ કાંઈ રાજ બંદીવાનો માટે પહેલો પ્રસંગ નહોતો. પણ જોશીબાબુની સહનશક્તિની તૂટી રહેલી દોરીને એ આંચકો અસહ્ય થયો. એણે એ અન્ન ફેંકી દીધું અને અન્નત્યાગ કર્યો. થોડા જ દિવસો પછી એને ભયંકર લોહીનું શૌચ થયું. એ દવાખાનામાં આવ્યા. એમને અન્નગ્રહણનો અમે બધા આગ્રહ કરી જ રહ્યા હતા. છેવટે પ્રત્યક્ષ મળીને ખૂબ જ મનાવીને એમને અન્નગ્રહણ કરાવ્યું. પણ એના કારણે તૂટી ગયેલી દોરી પાછી સંધાઈ નહીં. એમનું એ રાતે ભડકેલું માથું બગડતાં બગડતાં એક મહિનામાં ગાંડપણ આવી ગયું. આગળ એ ગાંડાઓના દવાખાનામાં વરસો સુધી હતા. આગળ, ગયા વરસ સુધી બંગાળની એક કોઠડીમાં હતા. અને પરમદિવસે અંતે એક પત્રના એક નાનકડા ખૂણામાં ચાર લીટીના એક સમાચાર વાચ્યા, 'જોતીશચંદ્ર પાલનું અવસાન બહેરામપુરન ગાંડાઓના દવાખાનામાં થયું.'' છેલ્લે છેલ્લે એમનું ગાંડપણ ઓછું થઈ ગયું હતું એવું કહેતા. મૃત્યુ પછી એમણે પોતાના આપ્તજનોને આવા આશયનો સંદેશ મોકલ્યો હતો.

''મૃત્યુ પછી મારો આત્મા સ્વર્ગમાં સ્વસ્થ ઘોરતો પડ્યો રહેશે એવું મનમાં પણ લાવતા નહીં! મારી માતૃભૂમિ પરની ભક્તિ જો સાચી હશે તો એની સેવા માટે હું પુર્નજન્મ લઈને તાબડતોબ પાછો આવીશ એવી ખાતરી રાખજો!''

ગાંડો જોતીષ! છેલ્લે છેલ્લે એનું ગાંડપણ સારું થઈ ગયું હતું એવું ઉપર લખ્યું છે. પણ આ મૃત્યુના સમયે મોકલેલી ચિઠ્ઠી પરથી જે ગાંડપણ એમને આ જન્મે લાગ્યું હતું એ સારું થઈ ગયું હતું, એવું દેખાતું નથી!

હજી એક સર્વોત્તમ, ઉદાર, હિંદુ સંગઠનના પાકા અભિમાની, એવો પંજાબી રાજ બંદી, આવા જ ગાંડપણના, ક્ષયના અથવા મરણના સકંજામાં સપડાયા હતા. જ્ઞાનતંતુની ક્ષીણતાને કારણે અમુક રાજ બંદીવાન અનિદ્રાના અને મસ્તિષ્ક વ્યથાના રોગના શિકાર થયા હતા. એમાં આ ગૃહસ્થ પણ સપડાયા. દવાખાનામાંથી એક દિવસ મને કાગળ આવ્યો અને એમાં આખી પરિસ્થિતિ લખીને આ જીવનભર હવે અસહ્ય થાય છે. આત્મહત્યા એક જ ઉપાય બચ્યો છે, એવું લખ્યું હતું. તત્કાળ શક્ય એટલી યુક્તિ-પ્રયુક્તિથી એના મનમાં આશા ભરીને અને રાષ્ટ્રસેવા માટે આવું નિષ્ફળ મરણ બને તો ટાળવું એ આપણું રાષ્ટ્રધમનું કર્તવ્ય કેવી રીતે છે, એ વારંવાર કહીને એમને એ સંકટમાંથી છોડાવવાનો પ્રયત્ન કર્યો, એટલે એ અમારા ઉદાર મિત્રના જીવનનાં એ વખતે તો અમારે પારખાં કરવાં પડ્યાં નહીં. એક-બે વરસ પછી એમને જરા મોકળાશથી ફરી શકે એવું કામ મળ્યું અને એમની તબિયત સુધરવા લાગી.

નિરાશ થયેલા લાલા હરદયાળ

આ તકથી જ રાજ ક્રાંતિકારીઓના કચડાતા ધૈર્ય પર હજી એક ટપલી મારવા માટે ખૂબ જ વરિષ્ઠ અધિકારી પાસેથી લાલા હરદયાળનો એક કાગળ વાચવા માટે આપવામાં આવ્યો. પહેલાં એક આંગળી જેટલા ટુકડાને પાસે રાખવા માટે આઠ-આઠ દિવસ હાથકડી પહેરાવનારા અધિકારી જ, એમને આવશ્યક લાગે ત્યારે બોલાવીને આવાં વર્તમાનપત્રો વાચવા આપતા. મહાયુદ્ધ પછી લાલા હરદયાળજીએ એક પત્ર પ્રસિદ્ધ કર્યો હતો. રાજ ક્રાંતિકારીઓ સાથે બધા જ સંબંધો તોડીને હવે ઈંગ્લેન્ડના છત્ર નીચે જ, હિંદુસ્તાને સ્થાનિક સ્વરાજ્ય મેળવવું અને એ શાંતિના માર્ગે, કાયદાકીય ચળવળો કરીને જ મળશે એવા મતના પોતે પુરસ્કર્તા થયા છીએ. બારીએ મને અને મારા બધુંઓને, એકસાથે બોલાવીને એ કાગળ વાચવા માટે

આપ્યો. પછી મારો મત પૂછ્યો. મેં એટલું જ કહ્યું કે, 'લાલા હરદયાળ પ્રામાણિક મનુષ્ય છે. એ જે લખે છે એવી જ આજે એમની સમજણ હશે એ હું જાણું છું!' આનાથી વધારે ચર્ચા હું કરી નથી શકતો, એટલું જ કહી અમે પાછા આવ્યા. હરદયાળના કાગળનો જ વિચાર અમે આવતી બેઠકમાં લીધો હતો. એમનો ઇતિહાસ, એકાદ પ્રતિકૂળ ધક્કાની જેમ, તાત્પૂરતી તો નિરાશ થનારી એમની વૃત્તિ અને આજ સુધી અનેક એકાંતિક મતોને પકડતી-છોડતી આવેલી એમની પ્રવૃત્તિ અમને ખબર હતી. એ સમય પૂરતું એ જે બોલશે એ એમનોપ્રામાણિક મત હશે, પણ એ નિરાશા અને આશાની એકાંતિક પ્રતિક્રિયા ઘણો સમય ટકતી નહીં, તેવું જ આ કાગળનું! એવો જ નિષ્કર્ષ મોટાભાગના લોકોએ કાઢ્યો. અમુકે કહ્યું, આ કાગળ તો ફક્ત આપનો મત જાણવા માટે બનાવટી છાપ્યો છે. મેં, તેમ ના હોઈને કાગળ લગભગ સાચો છે એવું કહ્યું. એનાથી તુર્કસ્તાનની અને એના અનુરૂપે અમીર અને હિંદુસ્તાનના અમુક મુસલમાન, એમના રાષ્ટ્રઘાતી મહત્ત્વકાંક્ષાઓની કરેલી મીમાંસા માત્ર બધાને માન્ય થઈ. હું એ રાત-દિવસ કહેતો જ હતો. એ કાગળને કારણે કોઈના પણ મન પર ખાસ અસર થયેલી અમને જરાય દેખાઈ નહીં.

યુદ્ધના સમયે, 'આજ ચલે,કલ ચલે' એવું પ્રતિજ્ઞા લઈને કહેવાવાળાઓની આશા આ રીતે ઠગારી સાબિત થઈ. જાણે કે એ અભણ ભવિષ્યવાણી સાચો ઠરી હોત તો એ લોકો બીજા ભવિષ્યવેતાઓની જેમ સાહજિક રીતે જ્યોતિર્વિદની પદવી પામી શક્યા હોત, પણ હવે યોગાનુયોગે હવે એ તક ગઈ. બધા જ એક પ્રકારની તીવ્ર ઉદાસીનતા અનુભવવા લાગ્યા, પણ ડૂબતાને તણખલાનો સહારો. યુદ્ધમાં સર્વસાધારણ રીતે છૂટકારો થશે એ જવા દો પણ યુદ્ધમાં અંગ્રેજોનો વિજય થવાથી, કંઈ નહીં તો એ નિમિત્તે તો કંઈક છૂટકારો અથવા છૂટ મળશે કે નહીં? હવે એ ચર્ચા જ ચારેકોર ચાલુ હતી. એ જ તકથી હિંદુસ્તાનમાં પણ આંદામાનના આરોગ્યઘાતક વાતાવરણના મુદ્દે ખાસ્સી ચર્ચા ચાલુ થઈ હતી. મારા પાછળના ઉતારામાં આવેલા પત્રથી એ વિષય તરફ દેશનું ધ્યાન તીવ્રતાથી દોરાયું. એ પ્રમાણે મને સ્વદેશમાં પાછું કોઈ કોઠડીમાં લાવીને મૂકે એટલે સારું, એવી પણ ચર્ચા શરૂ થઈ. છેવટે આંદામાનમાં જારદાસ અફવા ફેલાઈ કે રાજ બંદીવાનોમાંથી જૂના લોકો હિંદુસ્તાનના કારાગૃહમાં પાછા જશે. અને હું? સિંગાપુર! જોતજોતામાં એક દિવસ અમારા શ્રીયુત જોશીભાઈ, હજી એક-બે રાજ બંદીઓ સાથે હિંદુસ્તાન જવા નીકળ્યા. એમના જવાની જાણ થતાં પહેલાં જ મારા જવાની ધૂમ મચી હતી. એટલે દવાખાનામાં અમને, યુક્તિ, વિયુક્તિથી એકવાર મળવાને પણ આવીને ગયા હતા. ભેગા સુખ-દુઃખના અને ખાસ તો દુઃખમાં ભાગીદાર થયેલા અમારા એ નિષ્કપટ સમદુખિયાઓએ અમારી રજા લીધી, પણ જોયું તો અમને એ જ કારાગૃહમાં મૂકીને એ લોકો જ હવે હિંદુસ્તાન ગયા. અમારા અને અમારા બંધુના હવાપાણી બદલાવાની શક્યતા ક્યારે આવશે - ક્યારેક તો કારાગૃહથી અમારી આનાથી ઓછા અસહ્ય સ્થળે ગોઠવણ થશે એવી અમે ક્યારેય બહુ આશા રાખી નહોતી. એટલે જ આ વખતોવખત વાગતા નિરાશાના ધક્કા સહી શક્યા.

બાકી રહી ગયાં યુદ્ધના વિજયોત્સવ નિમિત્તે થનારો છૂટકારો અથવા છૂટ. એક દિવસ એ ભરોસાની ભેંસે વીઆણી અને બધા બંદીવાનોને વરસ પાછળ એક મહિનાની છૂટ મળી. અમુક વૃદ્ધોને છોડ્યા. રાજ બંદીવાનોને પણ છૂટ મળી.

પણ અમને? યથાપૂર્વક કલ્પયત્! અમને એક દિવસની પણ છૂટ નહીં- છૂટવાનું તો નામ જ નહીં.



પ્રકરણ છઠ્ઠું

મરણોન્મુખ શય્યા પર

યુદ્ધના ઉત્તરાર્ધમાં આ સાર્વજનિક ચળવળો ચાલતી હતી ત્યારે પાછળ ઉતારો આપેલા પત્રમાં ઉલ્લેખ્યા પ્રમાણે અમારી તબિયત દિવસે દિવસે બગડતી ચાલી. જ્યારે કૂપોષણનો વિકાર ખૂબ જ વકરી ગયો અને દરરોજ સો સુધી તાવ શરીરમાં રહેવા લાગ્યો ત્યારે ક્યાંક અમને જરા સારી વ્યવસ્થાથી દવાખાનામાં લઈ જઈને ઉપચાર શરૂ થયા. કોઈપણ બંદીવાનને, દવાખાનાનો થોડોઘણો આરામ, બીમારીમાં કારાગૃહમાં આવતાં જ મળી શકતો. અમારી બીમારી આટલી વકરી ગયા પછી માંદગીમાં દવાખાનામાં સારવાર કરવાની એ સગવડ અમને આઠમા વરસે આપવામાં આવી. નહીં તો બીમાર પડ્યો ત્યારે પણ કોઠડીબંધી કંઈ છૂટી નહોતી.

એકવાર દવાખાનામાં લઈ ગયા પછી, પર્યપેક્ષકે કારાગૃહમાં શક્ય એટલી અમારી વ્યવસ્થા કરી અન્ન વારંવાર બદલાતું અને પચે એવું અપાવ્યું. આ પરિવર્તનનું મૂળ કારણ, અમારા પત્રોએ, હિંદુસ્તાનમાં વિધિમંડળના અને અખબારોમાં શરૂ કરેલી ચર્ચા હતી. પણ આ સારી વ્યવસ્થા એટલી વિલંબે થઈ કે તબિયત સુધરતી નહોતી. શરીરમાં તાવ ચડે તો એને ઉતારવા માટે ક્વિનાઈન એકસરખી આપવામાં આવતી. એના કારણે માંસ અને લોહીની કમી વારંવાર ત્રાસ આપવા માંડી. ક્યારેક ક્યારેક ભાત અને દૂધ રેચમાં જેમનાં તેમ વહી જાય એટલી પાચનશક્તિ ક્ષીણ થઈ ગઈ. પોર્ટ બ્લેર એટલે આંદામાનમાં ક્ષય અને નબળાઈ અને મલેરિયા લગભગ હાથમાં હાથ નાખીને ચાલતાં. અમને નબળાઈ અને મલેરિયા રતાં જ. છ-સાત મહિના પછી ક્ષયની શંકા અમને જ નહીં પણ ડૉક્ટરને પણ થવા માંડી, એ સાહજિક જ હતું. એ દવાખાનાના અમારી આજુબાજુ સારા બાંધાના, તંદુરસ્ત રાજ બંદીઓ અને બંદીઓ ક્ષયના, નબળાઈના અને મલેરિયાનો શિકાર થયા હતા. ત્યાં અમારી આઠ-આઠ વરસ કોઠડીની ઝેરી છાયા હેઠળ ખખડી ગયેલી તબિયતની શી વિસાતે? નબળાઈને કારણે અન્ન વર્જ્ય, અન્નના અભાવથી અશક્તિ વધી. મજ્જાતંતુ ખૂબ જ ક્ષીણ થઈ ગયા. કારાગૃહમાં મન રમાડવા માટે જ નહીં પણ આત્માને પણ સમાધાન આપવા માટે એક જે કંઈ સાધનહોતું એ એટલે વાચન! પણ એ તાંતીવક ક્ષીણતાથી (Nervous debility) વાચન અને બૌદ્ધિક વાતો પણ થતી નહોતી. જરા વાચ્યું કે બૌદ્ધિક વાતો કરી કે તરત તાવ બે અંશ ઉપર ચઢે, એટલે વાંચન છોડ્યું. પુસ્તકો પાસે પણ રાખતો ના થયો. ખાટલા પર પડ્યો રહેતો. એના લીધે અસ્હય લાગતા સમયની લંબાઈ એવી કંટાળાજનક હદે લંબાય કે બોલીને અર્થ નથી, અને લાંબો સમય એવી વેદનાઓ અથવા તાવમાં પ્રકોપમાં કાઢવો પડતો. તો પણ, આવી સ્થિતિમાં પાછળના પ્રકરણમાં વર્ણવેલી સાર્વજનિક ખટપટો બને એટલી કરતો રહ્યો.

રજવાડામાં પણ રોગ હોય છે જ

ક્યારેક લાગતું કે, કારાગૃહમાં અમે બીમાર પડ્યા એટલે અમને કારાગૃહનો વધુ ત્રાસ થાય છે અને બહાર હોત તો સારું લાગત. પણ કારાગૃહને બધો દોષ આપવો એ અન્યાય છે. બહાર હોય તો શું! જે બહાર છે, એ શું આવા રોગથી બીમાર નથી પડતા કે! મલેરિયા, નબળાઈ, અમાંશ અને ક્ષય, એને રાજમહેલથી પણ નિસ્બત નથી હોતી. પ્લેગની બીમારી, ઈન્ફ્લુએન્ઝાનો મારો શરૂ થાય છે, ત્યારે મુંબઈ જેવા નાડ્યગૃહો અને વિલાસથી અને વીજળીના ગોળાઓથીઝગમગતા નગરોમાં પણ ઘેરઘેર કણસવાના અવાજ નથી સંભળાતા કે? એક-એક ઘરમાં ચાર-ચાર મૃત્યુની શૈયા પથરાયેલી નથી હોતી કે? તો પછી આપણે કારાગૃહમાં છીએ, એ ભાવનાથી જે એક દુઃખને તીવ્રતા મળે છે એ મોટેભાગે નિરર્થક છે. કારણ બહાર પણ આ દુઃખને ભોગવવાં જ પડે છે. એવી સેંકડો ઝૂંપડીઓ છે - એવાં સેંકડો ગામડાંઓ છે કે જ્યાં હજારો દીન, દરિદ્ર, આ બીમારીથી જ કણસતા પડ્યા હોય, ત્યારે તને કારાગૃહના જે ડોક્ટર, જે સારવાર અને જે દવાઓ મળી રહી છે, એનો લેશમાત્ર પણ લાભ એમને મળતો નથી! તારી કારાગૃહની આ પરતંત્ર દુર્દશા કરતાં એમની એ સ્વતંત્રતાની દુર્દશા વધુ અસહ્ય છે. તો બીમારીનું દુઃખ સહન કર. કારાગૃહમાં છું એટલે હું બીમાર પડ્યો છું એવું કહેતા એ બીમારીનું દુઃખ, એ કારાગૃહની કલ્પનાથી વધુ અસહ્ય કરતો નહી. કારાગૃહમાં નહીં હોત તો કેટલું સારું થયું હોત! આ તારી વાત બીજી દ્રષ્ટિએ સાચી હોય તો પણ બીમારીના મામલે એટલી સાચી નથી. કારણ બીમારી અને એનો સેનાપતિ મૃત્યુ એ કારાગૃહમાં તરતોતરત મળે છે, આ ભલે સાચું હોય તો પણ બહાર બિલકુલ મળતાં જ નથી,એવું નથી. કારાગૃહનું જીવન બહારના જીવન કરતાં વધુ નિરર્થક નથી, કંટાળાજનક પણ નથી, વાસી પણ નથી, એકસરખું નથી, એ સ્પષ્ટ થયું.

વ્યવહારમાં જોઈએ તો બહારની સ્વાતંત્રતા વગેરે રાષ્ટ્રીય ચળવળો અથવા અંગત જીવનની ઘરઘરની રમત, સાર્થક અને ગંભીર હોય તો એ કારાગૃહીય જીવન પણ સાવ એવું નથી, એમ તો નથી જ. રાષ્ટ્ર

સ્વાતંત્ર્યના મહાન ધ્યેય માટે, આ કારાગૃહમાં, આ બંદીવાસ, આ તપસ્યા, તું અને તારા સાથીઓ, કરી રહ્યા છો, એ ધ્યેયના ગાંભીર્યનું તેજ પરાવર્તીત થતું હોવાને કારણે, તારા કારાગૃહીય જીવનની નાની-મોટી વાતો પણ બહારની મોટી મોટી જીવન ઘટનાઓ પ્રમાણે જ તેજસ્વી અને આદરણીય અને મહત્ત્વની લાગે એવી છે. રશિયાના ઝારની અથવા એકાદ રાસપુટિનની વિલાસી અને રાજ્યવ્યાપી હિલચાલ લોકો જેટલી ઉત્સુક્તાથી વાચે છે, એના કરતાં વધુ ઉત્સુકતાથી અને પૂજ્યભાવથી, રશિયાના એકાદ એલેકઝાંડરને મારીને સાઇબિરિયામાં સબડતા પડેલાં, ક્રાંતિકારીઓની અંગત અને નાની નાની હિલચાલો ક્યારેક ક્યારેક વંચાઈ જાય છે. રાજમહેલ પર કેન્દ્રિત થયેલા નથી હોતા એટલી એકાગ્રતાથી, સાર્વજનિક ધ્યાન ક્યારેક ક્યારેક નિર્વાસિતોની ઝૂંપડી પર અથવા દંડિતોની કારાગૃહીય અંધારકોઠડી પર અંકિત થયેલું હોય છે., અને નથી હોતું ત્યારે પણ રાષ્ટ્રીય પ્રભાત ઊગે તે માટે એ અંધારી કોઠડીના અંધારાની પળો ગણતા બેસવું અત્યંત આવશ્યક હોય છે, અને એટલે જ અત્યંત મહત્ત્વનું હોય છે. તો પછી કારાગૃહનું જીવન ફક્ત કારાગૃહીય તરીકે જ બાહ્ય અને સ્વતંત્ર જીવન કરતાં હીન અથવા વ્યર્થ શું કામ લાગે?

સ્વતંત્ર જીવન? ભોળા મન, આ કારાગૃહની ભીંતોની બહાર કયું સ્વાતંત્ર્ય છે? આ પથ્થરની ભીંતોની પાર સૃષ્ટિના નિયમની ભીંતો છે! મનને 'ઈચ્છાઓની, ક્ષિતિજોની ભીંતો' છે! આ કારાગૃહની ભીંતોથી તું જેટલો બદ્ધ થયો છે એટલા જ એ બહારના સ્વતંત્ર લાગનારા લોકો પણ બદ્ધ થયા છે. ટૂંકમાં કહું તો જે કારાગૃહમાં એ જ બહાર પણ. આ પ્રમાણ વધુ,ત્રણગણું હશે - પણ પ્રકાર એક જ.

અને મનોરંજન? આ શું મનોરંજન, આવો જુઓ આ પુસ્તકોના બે પૃષ્ઠોમાં કીડીઓએ પોતાની રાજધાની બાંધી છે.

બીમારીની જે વાત એ જ કંટાળાની. કારાગૃહમાં જીવન એકધારું અને નિરર્થક લાગે. પણ તત્ત્વતા જોતાં બહાર પણ શું છે? તું બંદી છે, પણ આ બંદીપાલ, આ પર્યપેક્ષક પણ બંદી નથી કે? પણ ફરક શું છે! એ પણ દરરોજ જાગે છે, કાર્યાલયમાં બેસે છે, એનું એ જ લખે છે, ખાય છે, ઊંઘે છે! પાછા ઊઠે છે- પાછા સૂઈ જાય છે. એમનું પણ જીવન કઈ મોટી સાર્થકતા પામી રહ્યું છે? લગ્ન થયાં, છોકરાંઓ થયાં, પેન્શન મળ્યું, એ સાર્થકતા? નાનાં છોકરાંઓ પણ ઘરઘરની રમતમાં આ બધું રમે જ છે. આ બાલિશ રમત કરતાં આ સંસારનો કંઈક તો વધુ સાર તારા કારાગૃહીય જીવનને લીધે, દ્રષ્ટિએ લાગે છે કે? મુદ્દે તો બન્ને ખટપટ વ્યર્થ છે. કારણ મા-બાપના ખોળામાં મોટા થવું, પછી એમને સ્મશાનમાં પહોંચાડી છોકરાંઓને ખોળામાં મોટાં કરવાં અને પછી આપણે સ્મશાને પહોંચવું - શાના? માટે. શું મળે છે આ બધી ખટપટથી? આ ચક્ર પણ એકસરખું અને કંટાળાજનક નથી કે? આચાર્યે પૂછેલો પ્રશ્ન 'તત્ કિંમ્:' તારી કારાગૃહીય પરવશ ચળવળોને જેટલો લાગુ પડે છે, એટલો જ એ બહારની મહાયુદ્ધની ચળવળો માટે પણ લાગુ નથી પડતો કે? આ ફ્રાન્સ અને જર્મનીએ કેટલીયેવાર આ જ યુદ્ધની બાલિશ રમત રમી છે? ફ્રેન્ચ લોકોએ ગોલ પર ચડાઈ કરી ત્યારથી લઈને આજ સુધી - આજે ફ્રાન્સે વિજય મનાવવો અથવા કાલે જર્મની સામે નાક ઘરીને કાળો વેષ ધારણ કરવો. આજે નેપોલિયન પહેલો કે કાલે નેપોલિયન ત્રીજો; બાજીરાવ પહેલો કે બાજીરાવ બીજો! આમાં, આ એકસરખાપણામાં, આ આખો સંસાર કયો અર્થ સાધે છે? જ્યાં, ત્યાં જુઓ બધું એકસરખું, પણ કંટાળો, નિરર્થકતા, એટલે જ કારાગૃહની કોઠડીના દરવાજા પર નહીં પણ સંસારના દરેક રાજમહેલ પર, પર્વત પર, અને સમુદ્ર પર, આવી જ પાટી લટકાવેલી હોય છે કે 'તત્ કિમ્!' તો પછી કારાગૃહમાં છે એના માટે આટલું ખરાબ કેમ લાગે છે, જે કારાગૃહમાં એ જ -

હિંદુસ્તાન સ્વતંત્ર થયું તો પણ

સમાચાર! સમાચાર! આ સમાચાર વિશેની લાલસાની પણ એ જ સ્થિતિ. કારાગૃહમાં સમાચાર મળતા નથી અને બહાર મળે છે એટલે કારાગૃહ અસહ્ય લાગે છે? જુઓ, કોઇપણ સમાચારથી અંતિમ

સમાધાન મળવાનું છે કે? છેક હિંદુસ્તાન, સ્વતંત્ર થાય તો પણ શું? એને ચિરકાલીન કે કાંઈ શાશ્વત માની શકાશે કે? હિંદુસ્તાન આજે સ્વતંત્ર થયું, પાછું વૈભવથી શિથિલ થયું; પાછું પરતંત્ર થયું; એ ઇતિહાસ જુઓ. આ પેઢીએ સ્વાતંત્ર્ય માટે લડવું, આગલી પેઢીએ માણવું, ત્રીજીએ વળી ગુમાવવું, પાછું સહન કરવું, લડવું, મરવું, માણવું, ગુમાવવું - દરેક રાષ્ટ્રનો, દરેક રાજકુળનો, દરેક સમાજનો આખો ઇતિહાસ, બધા જ સમાચારો આ ત્રણ-ચાર વાક્યોમાં સમાયેલા છે. આટલું એકવાર સાંભળી લઈએ, પછી એમાં સમાચાર જેવું કંઈ રહેતું નથી! છટ્! રાષ્ટ્રના નહીં પણ આખા વિશ્વના પણ કોઈ સમાચાર તરીકે લાગશે નહીં. કારણકે બધા ઉતારચઢાવમાં એકદમ નિર્ણાયક છે છેવટનો પ્રલય! એ છે ઉદ્ભવેલા વિશ્વના પહેલા સમાચાર. એ હવે વાસી થઈ ગયા છે, હવે જે એકદમ તાજા સમાચાર સાંભળવા મળશે એ હશે પ્રલયના! બસ ઉદ્ભવથી પ્રલય. એમાં બધા સમાચાર આવી ગયા. અને એ બંનેની તને જાણ છે. પછી કારાગૃહમાં સમાચાર નથી એટલે વધારે દુઃખી કેમ થાય છે? બાલિશ રમતોના સમાચાર , ઘરઘરની રમતના સમાચાર કરતાં તત્ત્વજ્ઞાનથી વધુ આનંદપ્રદ કેમ લાગશે. આ ક્ષણિક અને ઉત્પત્તિ, લય, અભાવ, પ્રલય, જન્મ, મૃત્યુ, એમાં ક્યાંક તો લથડિયાં ખાનારા સમાચાર આવ્યા જ છે. એ એટલા ક્ષણિક છે કે એમાંથી કોઈપણ સમાચાર છેલ્લા એમ કહી ના શકવાથી આ સમાચારોની તૃષ્ણા ક્યારેય શમશે નહીં. ઓછી થશે નહીં, પછી તું કારાગૃહમાં બેસ કે, આખી દુનિયામાં પવનની જેમ મોકળાશથી ફર! ગયા મહિનાના સમાચાર માટે કારાગૃહમાં ચટપટી થાય તો, ગયા કલાકના સમાચાર માટે અમેરિકામાં ચટપટી થાય. કારણ ત્યાં દરેક પહોરે નવાં અખબાર નીકળે છે. એટલે ગયા પહોરના સમાચાર વાસી લાગે અને તાજા પહોરના સમાચાર મેળવા માટે મન લોલુપ અને વ્યવસાયના બજારભાવને કારણે ચિંતાતુર થાય છે. કાલે પૃથ્વી પરના બધા સમાચાર, ક્ષણે ક્ષણે ખબર પડવા માંડશે તો મનુષ્ય મંગળ પરના સમાચાર સાંભળવા માટે આવી જ ખટપટ કરતો બેસશે, કે જેમ તું આ કારાગૃહમાં હિંદુસ્તાનના સમાચાર સાંભળવા માટે કરતો બેઠો છે.

ત્યારે તત્ત્વતઃ જોવા જઈએ તો કારાગૃહનું તારું જીવન, બહાર જે સ્વતંત્ર રીતે ફરે છે, એમના જીવન કરતાં એટલું વ્યર્થ નથી. એ જુઓ કીડીઓની નગરી, લોકસંખ્યા તો પાટલીપુત્રમાં નહોતી એટલી ફાટાટ થઈ છે. એ ઈંડાં, એ એમની રાણી, એ એમની રાજકન્યા, પેલી એમની લડાયક કીડીઓ, એટલે તહેનાત ક્ષત્રિય સૈન્ય જુઓ. કીડીઓમાં પણ ચાર વર્ણ સુપ્રતિષ્ઠિત છે. શ્રમવિભાગ છે. એ પેલે પાર આકાશમાં તારી આંખો સામે, તરતા ફરતા તીડ કરતાંય અનેકગણા વધારે તારાઓના ઝૂમખાં જો. ઝૂમખાનાં ઝૂમખાં, યહુદી લોકોની રખડતી અવસ્થાના રાષ્ટ્રની જેમ ભેગા થઈને ઉડતા પ્રવાસ કરતા ચાલ્યા છે, અને આ ઝૂમખાંને નકામા નહીં ગણતો. આવો તું મનુષ્ય, પણ તને પાંખો પણ નથી. પણ એ તલના દસમા ભાગના ટુકડા જેટલાને જો એ પાંખો. એના સ્નાયુ ગમે તેટલા સુક્ષ્મ હોય તો પણ કેટલા કાર્યક્ષમ! એ ઈશ્વરીય કૌશલ્યનું નિરીક્ષણ કર. એ જ શું મનોરંજન નથી? મોટા-મોટા શાસ્ત્રજ્ઞો ફક્ત કૃમિ-કીટકના અથવા પશુપક્ષીઓના જીવનક્રમનો અભ્યાસ કરવા માટે આખું અ આયુષ્ય એકાદ દર સામે અથવા મધપૂડા સામે બેસીને વિતાવે છે એ જો નિરર્થક-તુચ્છ ના હોય તો પછી તારું પણ આયુષ્ય આ કારાગૃહમાં નિરર્થક જાય છે એમ શા માટે કહેવું?

બિલાડીનો ઝઘડો અને રામાયણ

અથવા આ મનોરંજન જુઓ. આ બિલાડીઓ દરેક ઉત્તર રાતે પોતાનાં પ્રેમગીતો ગીતો ગાતી ફરે છે. એટલામાં એકાદો પ્રતિસ્પર્ધી આવે અને એનું દુઃખનાં ગીતોમાં પરિવર્તન થાય છે. કેમ? હાસ્યાસ્પદ લાગે છે આ બધું? પણ તો પછી રામાયણ પણ શું છે? આ બે બિલાડાઓની જેમ જ બે મનુષ્યો કામાતુર થઈનેપ્રતિસ્પર્ધી થયા અને એમનો ઝઘડો જામ્યો. આ બિલાડાઓ નખથી ઉઝરડા પાડે છે અને મોઢેથી ભયાનક ગર્જના કરે છે. પેલા ભાલા, તલવાર, ત્રિશૂળથી મારતા હતા અને દંદુભિનો નાદ કરતા હતા!

બાકી મનોવિકારોની તીવ્રતા, ગંભીરતા, અને વ્યાકુળતા બેઉ પક્ષે સમાન. આ બિલાડાઓની લડાઈ, અમને રામ-રાવણની લાગે એટલી જ મહત્ત્વની હશે એ દેખીતું છે. પ્રગતિવાદની ભાષામાં કહીએ તો બિલાડાપણનો જ વિકાસ થતાં થતાં એ રામાયણમાં પરિવર્તીત થયો છે.

પ્રગતિવાદની વાત જ નીકળી છે એટલે આ પણ જુઓ. જીવનકલહ વિકાસનું જેમ અવિભાજ્ય અંગ છે, એમ અનંત સંગોપન પણ સંઘટક સાધન છે એવું વિકાસશાસ્ત્રજ્ઞો કહે છે. જીવનકલહના તત્ત્વાનુસાર એ બિલાડીઓના યુદ્ધનો જ વિકાસ રામાયણ વિકાસ છે, એમ જ આ અનંત સંગોપનનાા તત્ત્વાનુસાર 'મેરી' અથવા 'યશોદા'નો માતૃપ્રેમ આ એ ગૃહપાલિત માદીના પ્રેમનો વિકાસ છે. એ જુઓ એ કારાગૃહના ડોક્ટરનું આંગણું અને એમાં પોતાનાં દસ-બાર બચ્ચાંઓને આગળ-પાછળ રમાડતી અને વચ્ચે વચ્ચે કુચીકુચીના મીઠા અવાજો કરતી ચાલતી મરઘી. જુઓ, એણે સમડીની તરાપથી કેવી રીતે પોતાનું બચ્ચું બચાવ્યું. પુત્નાની તરાપથી જેમ યશોદા પણ વ્યાકુળ નહીં થઈ હોય એમ એ સમડીની તરાપ પોતાના બચ્ચા પર થતાં જ એનો જીવ કેવો વ્યાકુળ થયો. જુઓ, એ સૃષ્ટીની કમાલ, નાનાં છોકરાંઓની રમત અથવા નિશાળની સ્પર્ધાઓ જોવા માટે ટિકિટો લઈને લોકો જાય છે. આ એ નાનાં બચ્ચાંઓનો સમુહ, એ એમના કૂદકા, એ એમનો કલબલાટ, શોરબકોર, પેલી દાણા ટીપવા માટે ચડ,ાચડસી અને અને એ આટાપાટાની રમત, એવી જ મનોરંજક નથી કે? એમના મનમાં એ જ ખેલદિલી અને એ જ આનંદ ઉદ્‌ભવે છે. જીવન જીવતેજીવત સમ-સંવેદનશીલ થયેલું હોય છે. ફક્ત એ સહાનુભૂતિ સાથે એને જીવી જુઓ.

પંદર દિવસ તો સુખ મળે છે તો...

દવાખાનામાં અને જ્યાં લગભગ એક વરસ કાઢ્યા પછી પાછું જ્યારે પાંચમા ક્રમાંકની ચાલીના ત્રીજા માળે, એકદમ એકાંતમાં અમને મૂકવામાં આવ્યા ત્યારે એ ખાલી સમયમાં આવા 'પ્રતિપ્રસવ' વિચારો સાથે, કારાગૃહમાં થતા મનના ઉદ્વેગ સાથે અને દેહની નબળાઈ સાથે ઝઘડતા રહેતા. ક્યારેક ક્યારેક દરરોજ અનેકાનેક દુઃખાવાઓ પાછળ પડવાથી એવું લાગતું કે, હવે આ દેહ નામનું ના ઓઢી શકીએ એટલું જિર્ણ થઈ ગયું છે એમાં શંકા નથી. પણ કદાચ તબિયત આગળ જતાં સુધરે પણ. પણ રાહ પણ કેટલી જોવી. છ મહિના, વરસ, દોઢ વરસ ગયું. આજે નબળાઈ, કાલે રક્તપિત્ત, પરમદિવસે તાવ, એ પછી બીજું કંઈક, આવી રીતે સહન કરતા રહ્યા. છેવટે નિશ્ચય કર્યો, કે આ કારાગૃહ અમને છોડે એવું લાગતું નથી. અને આ કારાગૃહ છૂટશે નહીં ત્યાં સુધી તબિયત સુધરશે નહીં. તો પછી આગળ જતાં ઉપયોગી થાય , એટલે મહામુશ્કેલીથી ટકાવી રાખેલું આ શરીર - એકવારમાં જ ફેંકી દોને. સુખ માટે આ બધી ખટપટ. દુઃખમાં કેટલા સમય સુધી રડતા રહેવું એવું વિચારીને, મહિનામાં કેટલા દિવસ દેહધારણ સહ્ય થાય છે અને કેટલા દિવસ ત્રાસદાયી, એ નક્કી કરવા માટે ભીંત પર ગણતરી માંડી. દરેક બીમારી અથવા ત્રાસ, અથવા દિવસ સારો જાય તો ભીંત પર એ અંકિત કરવું. એવી રીતે બે મહિના ગયા. પછી હિસાબ કર્યો. જોયું તો સાંઇઠ દિવસમાં પંદરેક દિવસ તબિયત એટલી સારી હતી કે જીવવું જોઈએ એવું લાગતું હતું, એટલે હજી બધું જ કંઈ બહુ દુઃખભર્યું નથી. પંદર દિવસ પણ આ દેહ સુખી રહે છે. તો જોઈએ, હજી થોડો વખત જીવીએ!

પણ હંમેશાં મનને આમ મનાવીને થોડું જીવી શકાય છે? વસ્તુસ્થિતિનું ગુરુત્ત્વ વચમાં જ ખેંચીને એને પઠાડવાનું થોડું કાયમ મૂકી દે છે. આવી જ રીતે એકવાર ખેંચાઈ જઈને અમે મૃત્યુના બારણે જઈ લટકતા પડ્યા. દવાખાનામાં શરીર અત્યંત ક્ષીણ, પંદર પાઉન્ડ વજન થઈ ગયું હતું, પેટમાં અન્ન જતું નહોતું, ક્ષયનાં ચિહ્નો, હંમેશાં શરીરમાં તાવ, પોતાનું એવું પાસે કોઈ નહીં, શત્રુઓના અને શત્રુ માનનારાઓના બંધનમાં, અપમાનમાં, નિરાશામાં, કોઈની સાથે બે શબ્દો બોલવાની મનાઈ, કોઈની સાથે ઊઠવા-બેસવાની મનાઈ, એવી પરિસ્થિતિમાં બે-ત્રણ મહિનામાં જ, તબિયત એટલી બધી વકરી ગઈ કે ક્યારે

મૃત્યુનો હુમલો થશે અને જીવનનો દોરો તૂટશે એનો કોઈને ભરોસો નહોતો. જીવનાની ઈચ્છા હોય તો પણ જીવવું અશક્ય છે એવું દેખાવા લાગ્યું.
એ વખતે એવું લાગતું કે આ દવાખાનામાં હવે મૃત્યુ થશે! આગળ શું? દરરોજ બૌદ્ધનો શૂન્યવાદ, જ્ઞાનવાદ, વિજ્ઞાનવાદથી લઈને હેનકેલ હર્બર્ટના 'સબસ્ટાન્સ' અને પ્રગતિવાદ સુધી મરણ પછીની બધી જ ઉત્પત્તિનો મનમાં વિચાર કરતા બેસીએ. મીમાંસાથી મિલના ઉપયુક્તવાદ સુધી, ધર્મનો એટલે કે કર્તવ્ય-ક્રમનો ઉહાપોહ વિવેચન કરીને જોતા. આવી જ રીતે ક્ષીણ અવસ્થામાં એક દિવસ જીવનને છેલ્લી વિદાય આપતા એ 'મરણોન્મુખ શૈયા પર' આ કવિતા લખી. એ લખતી વખતે એને વાચવા માટે અમે જીવતા હોઈશું ? એવી ખરેખર કોઈ આશા નહોતી.
પકડાયા ત્યારે ઈંગ્લેન્ડમાં ફાંસીનાં ઓછાયામાં 'મારું મૃત્યુપત્ર' અને ફાંસીની સજા જે દિવસ આપવામાં આવશે એવી ભરપૂર શક્યતા હતી એ દિવસે 'પહેલો હપ્તો' એ કવિતાઓ લખી હતી. એ પછી મૃત્યુના દ્વારે ઊભા રહીને એની સાથે બે શબ્દો બોલવાનો અવસર આ ત્રીજી કવિતા 'મરણોન્મુખ શૈયા' લખતી વખતે આવ્યો હતો. આ ત્રણે કવિતા Echo from the Andaman પુસ્તકમાં પ્રસિદ્ધ થઈ છે.

ત્રણે બંધુઓની મુલાકાત

આ વરસે મને અને મારા બંધુઓને ઘરના લોકોને મળવાની પરવાનગી આખરે મળી. બીજાઓને આંદામાનમાં પાંચ વરસ પછી ઘરના લોકોને લાવી એક-બે દિવસ અને ક્યારેક અઠવાડિયા સુધી પણ સાથે રહેવા મળતું. અમને આ સગવડ આઠ વરસ પછી મળી. એ પણ કેટલી મથામણ કરી એના પછી! એકવાર તો મારા નાના ભાઈને પરવાનગી મળી એટલે અમારા કુટુંબ સાથે કલકત્તા આવવા માટે નીકળ્યા પણ ત્યારે જ એ પરવાનગી રદ થઈ છે એવો તાર મળ્યો. આવી નિર્દયી મજાક સતત ચાલુ હતી. મુંબઈની સરકારને પૂછતાં તો એ કહેતી કે પોર્ટ બ્લેરને પૂછો. પોર્ટ બ્લેરના કમિશનરને લખ્યું તો એમણે કહ્યું કે હિંદુસ્તાન સરકારને પૂછો. હિંદુસ્તાનની સરકારને પૂછ્યું તો એમણે કહ્યું એ મુંબઈ સરકારની ભલામણ પર અવલંબિત પ્રશ્ન છે. આવું ચાલ્યું ચાલ્યું અને ૧૯૧૮-૧૯ની વચ્ચે એકવાર મુલાકાત થઈ. પણ એ કારાગૃહમાં - બીજાઓની જેમ સાથે રહેવાની વાત તો દૂર, સાથે બેસવાનું પણ પર્યપેક્ષકની સામે. એમાંય કોણ જામે કોઈ ક્રાંતિકારી ષડયંત્ર બની જાય એ બીકે, પડદા પાછળ એક મરાઠી જાણવાવાળો વોર્ડર, અમે શી વાતો કરી રહ્યા છે એ સાંભળવા માટે બેસાડી રાખ્યો હતો. આવી પરિસ્થિતિમાં આઠ વરસ પછી મારા નાના ભાઈ, મારી નાના ભાઈની અને મારી પત્નીને અમે મળ્યા. નાના ભાઈની તબિયત સારી છે એ જોઈને સમાધાન થયું. એ મુલાકાતનો મહત્તમ આનંદ માણવા માટે ભૂતકાળની, વર્તમાનની અને ભવિષ્યની બધી જ ચિંતા અને દુઃખદ સ્મૃતિઓને બળજબરીથી હૃદયના તળિયે દબાવીને, જાણે કોઈ લગ્નમંડપમાં નિર્વિઘ્ને પાર પડેલા લગ્નની વાતો કરતા બેઠા હોઈએ એવી રીતે હસતા રમતા એ કલાક-દોઢ કલાક વાતો કરી. પણ ભાભી - મારા મોટાં ભાઈનાં પત્ની - એ કેમ ન આવ્યા ? જેના પર અમારા કુટુંબના દુઃખોનો ભાર સૌથી વધારે રાજકીય સંકટ વખતે પડ્યો અને જેણે સૌથી વધારે ધીરજથી અને એકનિષ્ઠ રહીને એ ભોગવ્યો એવી મારી બાળપણની સખી, મમતાથી ભરેલી મા, રાજકારણમાં ખૂબ જ ભરોસેમંદ સહકાર્યકરણી. મને અને એના નિર્વાસિત પતિને મળવા માટે જે સાત વરસથી ઝૂરી રહી હતી એ ખરા સમયે મળવાને કેમ ન આવી? કારણકે વરસો સુધી એ મુલાકાતનો માર્ગ અનિમેષ નજરે તાકતી, આંખોના દીવામાં તેલ આંજીને સતત બેઠી હોય તેવું તેનું વાત્સલ્ય, વિરહથી વ્યાકુળ આંખોનાં કોડિયાંમાં એ આશાનું તેલ અને એ જીવનની જ્યોત ખલાસ થઈ ગઈ હોવાને કારણે ખરા સમયે એ બંધ થઈ ગઈ! આપણા રાષ્ટ્રના મંગળાહેતુથી પ્રજ્વલિત કરેલા વિયોગના અગ્નિકુંડમાં ઝૂરીને, બળીને આજે અંતે એ ભસ્મ થઈ ગઈ, અને કાલે આંદામાન તમારા પતિને મળવાની પરવાનગી મળી છે એવો દયાળુ અધિકારીઓનો તાર આવ્યો!

એ વાત ભાઈએ કહી અને હળાહળ વિષની જેમ ગળી ગયા. ઊલટાનું કહ્યું, આ જગત પરિવર્તનશીલ છે. ક્યારેક તો સાથે હોય તેમનો વિયોગ થવાનો જ. આજ સુધી ભગવાને એકસાથે રાખ્યા એ જ ઉપકાર છે, એમાંય હવે આપણા જીવનનાટકનો ઉત્તરાર્ધ શરૂ થવાનો જ છે. હવે એક-એક પાત્રો કથામાંથી આમ જ જવાનાં, આ દ્રશ્ય આમ જ રંગભૂમિ પર ભજવાશે. અને અદ્રશ્યની રંગભૂમિ પર? જુઓ, બાબાને પુનર્જન્મ પર શ્રદ્ધા છે. ત્યારે, એમની શ્રદ્ધાપ્રમાણે ભાભીનો આત્મા કદાચ, ના લગભગ નક્કી જ હવે સુક્ષ્મરૂપે આપણા આ કૌટુંબિક સંમેલનમાં સમાયો જ હશે, આ બધું સાંભળતો હશે. અચ્છા, આપણા જેવા કોઈને આવી નિશંક શ્રદ્ધા ના હોય તો વાત જ પતી ગઈ. રાષ્ટ્રના હિત માટે રણમેદાનમાં વીર લડતા હોય ત્યારે, જે વીરાંગના, પ્રોત્સાહન આપતાં આપતાં સંકટની ધારથી કપાઈ જાય છે એ જમીનદોસ્ત થાય. અને થાય એટલે બધાં દુઃખોમાંથી છૂટે, જેમ અગ્નિની જ્યોત દેખાતા દેખાતા વિલાઈ જાય, ઓલવાઈ જાય, મુક્ત થાય, સુખ-દુઃખનું પણ આવું થાય. એટલે એના માટે દુઃખ અકારણ છે. આપણા માટે એ રહી નથી એટલું જ દુઃખ સહન કરવું એ જ કર્તવ્ય એવું કહી એ વિષય પડતો મૂક્યો. અને રાષ્ટ્રીય, ધાર્મિક અને કૌટુંબિક અને રમૂજી વાતચીતો સમયની એ મર્યાદામાં જેટલી વધુ કરી શકાય તેટલી કરી. એ જ કલાકમાં આટલું બોલી નાખવાની શક્તિ મારા જેવા વાતોડિયામાં પણ અનાયાસે જ આવી હશે. અમારા ત્રણેય બંધુઓની એકસાથે થયેલી આવી મુલાકાત બાર વરસ પછી થઈ! મુંબઈથી વિલાયતમાં ગયો ત્યારે જહાજના અડ્ડા પર ત્રણેય ઊભા હતા. ૧૯૦૬ના વરસે - તે આજે આંદામાનના કારાગૃહમાં પાછા મળ્યા ૧૯૧૯ના વરસે અને ફક્ત એક કલાક મળવાની શરત પર!

મને મારી પત્ની સાથે અડધો કલાક એકાંતમાં મળવાની પરવાનગી મળી હતી. તરત મારા બંધુઓને અને કુટુંબીજનોને પોર્ટ બ્લેરથી જહાજમાં ચડાવી દેવામાં આવ્યા. અઠવાડિયું પણ ટાપુ પર ટાપુ જોવા માટે રહેવા દીધા નહીં. શી ખબર ફરવાને બહાને અમારા છૂટકારા માટે એકાદ નાવડી અથવા વિમાન મોકલી આપવાની યોજના થઈ જાય. મારા બંધુઓના આવવાથી આખી વસાહતોમાં એમને મળવાની ઉત્સુકતા વધી હતી, પણ કોઈને પણ મળવાની મનાઈ હતી. તો પણ એ ભાવુક બંદીવાનોમાંથી કેટલાય લોકો એની પરવા ના કરતાં એમને મળી ગયા અને પ્રેમથી એમને ફળફળાદીની ભેટ આપવામાં ખચકાયા નહીં.

વિકાર અને વિવેકનું દ્વંદ્વ

એ લોકો ગયા. એકાદી તાવની રાતમાં વચ્ચે જ ક્યારેક એક ક્ષણ માટે આંખ લાગતી, એકાદ સારું સપનું આવતું અને બીજી ક્ષણે ઊંઘ ઊડતાં બીમાર પથારી પર હું બેચેન પડેલો હોઉં એમ એ પાંચમા ક્રમાંકની ત્રિતલ ચાલીના ત્રીજા માળે પાછો બંધ થઈને પડ્યો હતો. હવે દવાખાનામાંથી અમને અહીં બંધ કરવામાં આવ્યા હતા. એકદમ એકાંત પણ સામે દરિયો અને આકાશ, અને એ દરિયામાં રાસ નામનો ટાપુ સ્પષ્ટ દેખાતો હતો. આવી ખુલ્લી હવા અને ખુલ્લા દ્રશ્યવાળી કોઠડી અમને આજ સુધી મળી નહોતી. એમાંય ચાલીની એ જગ્યામાં ફરવા મળતું ત્યારે એ રાસની શોભા જોતો બેસી રહેતો. મગજમાં વિચારોનું ચક્ર ચાલતું. ત્રાસ થતો. ક્યારેક ક્યારેક મગજમાં વિચારોમાં બળવો ચાલતો. ખૂબ જ અસહ્ય થઈ વિવેકને સિંહાસન પરથી ઉપક ફેંકી દે એવો બળવો થતો ત્યારે એક ક્ષણ માટે એના શરણે ગયા સિવાય એ શમવાનો બીજો માર્ગ દેખાતો નહીં. પછી એ અંદરોઅંદર ઝઘડીને એકમેકનો શિકાર થાય એવું લાગે એટલે પાછા અમે અમારા હાથમાં રાજકારભાર લઈને અને એક એક-એકને બંધ કરીને વિવેકના સ્થાને એની પુનઃસ્થાપના કરતા. એમના હાથમાં મન ઝડપાય નહીં એટલે જાણી જોઈને એકદમ આ વાતો, કપાઉન્ડમાં ચરતી પેલી ગાયો, અંહીતહીં ઊડનારા અને નાળિયેર ઊડાડી જનારા અને કૂટિલ યુદ્ધ જાણતા કાગડાઓ અથવા 'રાસ' તરફ જનારી નાવડીઓ જોતા એમાં મન પરોવીને બેસી રહેતા. કારાગૃહમાં એકાંતના અતિરેકને કારણે મન એટલું અંતર્મુખી થઈ જાય છે કે એને પરાણે બહાર મોકલીએ તો પણ એ બહિર્મુખી

થતું નથી. બહારની વસ્તુઓમાં પરોવાઈ જવાની આદત છૂટી જાય છે. એના એ જ જૂના વિષયો વાગોળવાની ખરાબ આદત એને લાગે છે.

એમાંય વાચન અશક્તિને લીધે અશક્ય થઈ ગયું હતું; તેમાં ગંભીર વિચારોનું અને ધ્યાન ધરવા જેવા ગંભીર અભ્યાસનું નામ જ નહીં લેવાનું. એ સામેના દરિયા તરફ જોતાં જોતાં અને એનાં મોજાંઓની જેમ ચિત્તવૃત્તિની લહેરો એમાં એક પછી એક વિલિન કરતાં કરતાં ક્યારે અચાનક મન એ સમુદ્રના જ ઊંડાણ પ્રમાણે કોઈ ગંભીર ઊંડાણમાં ખોવાઈને એકાએક ધ્યાનસ્થ થઈ જતું. ક્યારેક એ સમુદ્રમાં, પાણીમાં, હીરાકણીની જેમ શોભતા એ નાના 'રાસ' ટાપુની વચ્ચે ઊભું કરાયેલી ઊંચી ચર્ચ અને આકાશ તરફ કોઈક અંગુલિનિર્દેશ કરતું હોય તેવું તેનું શિખર જોઈ મન એકાએક અમસ્તા જ એકાગ્ર થઈને આકાશના એ પરમપિતાના સ્મૃતિ સ્પર્શથી મુગ્ધ થતું; પણ એ ગંભીર એકાગ્રતા અને એ વિશાળ મુગ્ધતાનો એ એકાતભર્યો ઉભરો અશક્તિ અને તાત્વિક નબળાઈથી પંગુ થયેલા ચિત્ત અને મજ્જાથી સહન થતો નહીં. આવા ધ્યાન પછી એ વિચારોનો ધોધ ઓસરતાં જ માથું દુઃખવા લાગતું. મજ્જાતંતુ અને જ્ઞાનતંતુ પર તાણ પડવાથી, વધુ નબળાઈ લાગવા માંડતી. એટલે એ આનંદ પણ ઓછો થયો. એવા સમયે ભગવાન બુદ્ધની યાદ આવતી. એ ઉપવાસ પછી આવેલી મુર્છામાંથી જાગતાં જ ધ્યાન શક્તિ, શારીરિક શક્તિ તેમણે સૌપ્રથમ સંપાદિત કરવી પડી. ખડીસાકર, માખણનો ગોળો, ખીર, જે માર્ગમાં મળતું જાય એ મોઢામાં નાખી ઉપવાસથી ક્ષીણ થયેલા શરીરને સ્થુળ કરવું પડતું. તો પછી બીજાઓની તો શી વાત. એવી સ્થિતિમાં વાચન વર્જ્ય, વિચાર વર્જ્ય, ધ્યાન વર્જ્ય, ધારણ વર્જ્ય અને ગંભીરતા અશક્તિને કારણે વર્જ્ય, તો સલીલતા, કારાગૃહીય ક્રૂરતાને કારણે વર્જ્ય, સંગત નહીં, સોબત નહીં ફરવું નહીં, રમવું નહીં, ફક્ત પેલા સામેના ડૉક્ટરની મરઘીઓ, એ અને એ પક્ષી.

એ પેલા મંડનમિશ્રાની કોઠડી

હા! પક્ષીઓનું નામ લેતાં એક સુખદ યાદની વાત ના કરવી એટલે કુતઘ્નતા ગણાશે. એ સુખ એટલે પેલી બુલબુલના મનોરંજનનું જ. આંદામાનની બુલબુલો સુંદર હોય છે. નાની, રેખાદાર, ચપળ! અને એમનો સુંદર સ્વર! રમતિયાળ પણ કેટલી. એનાં ઝૂંડનાં ઝૂંડ નાળિયેરનાં ટોપરાં પર તૂટી પડતાં અને મારી ચાલી સામે કલબલાટ કરતાં રહેતાં. ગંભીર વિચાર થતા નહોતા એટલે જ્યારે મનને પરાણે નાની નાની વાતોમાં પરોવતો ત્યારે આ બુલબુલો મારું મનોરંજન કરતી. એમની અને મેનાની ભાષા પણ મને સમજાવા લાગી. મેનાની ભાષાના જુદા જુદા દસ પંદર સ્વર, એટલે શબ્દો તો હું બરાબર ઓળખતો. કોઠડીમાં એ શબ્દ સાંભળતાં જ હું બરાબર ઓળખી કાઢતો કે બહાર એમનો આવો કાંઈક વિચાર ચાલી રહ્યો છે. એમનું અમસ્તું બોલાવવું, છુપાછૂપી શરૂ કરવાની ભાષા, ભયજનક સૂચના, સુખગીતો, રતિભીતિ, શિશુ ગીતો, બચ્ચાંઓને બોલાવવાં, પ્રિયજનને બોલાવવું, યુદ્ધ પહેલાંનાં આખરી આહ્વાન (Ultimatums), રણગર્જના, વગેરે પ્રસંગોના જુદા જુદા સ્વરો અને શબ્દ, એકદમ ભાષાની જેમ ઠરાવેલા હોય છે અને એ ભાષાના વ્યાકરણમાં હું ખૂબ જ ઓતપ્રોત થઈ ગયો હતો. મારી ભાષા હું એમને શીખવી શકતો નહોતો. કારણ પક્ષી પાળવાં એ કારાગૃહીય અપરાધ હતો. નહીં તો એ મારી ઓરડીમાં સહેલાઈથી રહી શક્યાં હોત. જો એવું કરવું મારા માટે શક્ય હોત તો મેં એમને રાષ્ટ્રપ્રેમનાં ગીતો શીખવ્યાં હોત અને પછી શંકરાચાર્ય, મંડનમિશ્રાનું ઘર કયું એમ પૂછતો ગયો, ત્યારે જેમ લોકોએ અભિમાનપૂર્વક કહ્યું કે, જેના દરવાજા સામે પોપટ અને મેના વેદાંત વિશે વાત કરતાં હોય. 'જાનિહીં તન્મંડનમિશ્રગેહ' પ્રમાણે જ મારી કોઠડી વિશે પણ પૂછપરછ કરતી એકાદ નવી બુલબુલ આવી હાઈને જૂની બુલબુલે કહ્યું હોત કે જેના સળિયા પાસે મેના અને બુલબુલ હિંદુસ્તાનનાં સ્વાતંત્ર્યગીતો ગાતી હોય છે - 'જાનિહીં તન્બંડનમિશ્રગેક્ષં' એ મંડનમિશ્રની, પેલા બળવાખોરની કોઠડી છે!

કાગડાઓની પણ મારી સાથે ઘણી મિત્રતા થઈ હતી. ત્યાં એકવાર મારી સંમતિથી એક મુસલમાન બંધીએ છૂપી રીતે કાગડો પાળ્યો હતો. પણ બે-ચાર દિવસ પછી જોયું કે એ કાગડો બ્રહ્મી લોકોના શાક માટે ઉપયોગમાં લેવાની ઘડી આવી છે! કારણ એ કારાગૃહમાં બીજા કોઈનું પણ માંસ વરસોનાં વરસો નહીં ખાવા મળવાથી માંસાહારી, બ્રહ્મી લોકો અને અમુક મુસલમાનો કાગડા પકડીને મારતા અને તેનું માસ, કારખાનાનાની આગ પર રાંધીને ખાતા. એટલું જ નહીં પણ એ બાળેલા માંસનું એક રોટલી સામે એક અથવી તમાકુનાં ચાર પાન સામે અંદરોઅંદર વેચાણ પણ રકતા હતા. એ મુસલમાન બંદીએ પણ એ કારણે જ એ કાગડો પાળ્યો હતો અને મને આ શંકા આવી એના બીજા જ દિવસે એણે નીચેના બ્રહ્મી લોકોને એ આપીને એનું શાક પણ બનાવી નાખ્યું.

કાવ્યરચના બંધ થઈ!

કારાગૃહમાં હું પહેલાં આવ્યો ત્યારે આવા જ કડક એકાંતમાં બંધ હતો. પણ ત્યારે કવિતા કરવામાં મારો સમય જતો. આઠ વરસ પછી - એટલે મારી સાથેના બંદીવાનો બહાર સ્વતંત્ર રીતે રખડતા રહેતા, દસ લોકો પર સત્તા ચલાવતા, ખાસ્સી મનગમતી રીતે રહેવા માંડ્યા, તો પણ - હું એમ જ ઘોર એકાંતમાં બંધ પડ્યો હતો. પણ હવે સમય પસાર કરવા માટે, પેલી કાવ્યરચના કરવાની પણ તાકાત રહી નહોતી. પહેલાં તો સજા થતાં જ કાવ્યરચના કરવાનો કરેલો નિર્ધાર, આંદામાનમાં સંગઠન અને પ્રચારકાર્ય કરતા હાથમાં લેવું શકય છે, એ જોઈને મેં પહેલાં અમુક દિવસે પૂરતુ સ્થગિત કર્યું હતું. અને પછી અશકિતને કારણે એ કામ લગભગ છોડી જ દેવું પડયું. જે કંઈ હજાર, દોઢ હજાર કવિતાઓ થઈ હતી. એ યાદ રાખવામાં જ મુશ્કેલી થવા લાગી. તો પછી નવી રચના કરવી તો બહુ દૂરની વાત થઈ. દર અઠવાડિયે, અમુક સમય તો જૂનું ગોખવામાં જતો. મેં કોઈવાર એવી ગણના કરી હતી કે જો હું એકસરખી એ બંદીશાળામાં રચેલી કવિતાઓ બોલવા માંડું, સવારે શરૂ કરીને, એ આખો દિવસ અને બે આગળની રાત, અમુક જમવાનો સમય છોડીને, સતત બોલતો રહી શકું એટલી કવિતાઓ થઈ હતી. એ બધી મને યાદ પણ હતી. પણ આ અશક્તિને કારણ, બીમારીનાં એ વરસ બે વરસમાં સ્મૃતિની ચાસણીમાં પઠનના અભાવે કેટલીયે કવિતાઓ ભુલાઈ ગઈ હતી.

આવી આ એકાંતબંદી ભલે આટલી ત્રાસદાયી અને કડક હતી, તો પણ એને કારણે મારી કારાગૃહીય સાર્વજનિક ચળવળો કંઈ બંધ થઈ નહોતી. આ અથવા પેલા માર્ગથી શુદ્ધિ, સંગઠન, શિક્ષણ અને રાજકીય જાગૃતિ વગેરે ઉદ્યમની ચળવળો આવી વસાહતોમાં વિકસતી હતી.

એકાંત ચાલીમાં પણ, એ ત્રીજા માળે આવીને કારાગૃહીય અધિકારીઓનો રોષ સ્વીકારીને અને સમયે હાથકડીમાં ઊભાં કરવાનાં સંકટો સહન કરીને જે બંદીવાનોએ - રાજકીય અને સાદા બેઉએ - મને મળવાનું છોડ્યું નહીં; મારી સેવા કરવાનું છોડી નહીં. તેમનો આભાર વ્યક્ત કર્યા વગર અહીં રહેવાતું નથી.

એ પાંચમા ક્રમાંકની ચાલીના ત્રીજા માળે મને રાખવાનો એક હેતુ, ત્યાં સામેના દરિયાની ખુલ્લી અને શુદ્ધ હવા માણી શકું એ હતો, એ પાછળ કહ્યું જ છે. એને કારણે અને ખાસ તો એ બે વરસમાં મારી તબિયત, આવી રીતે મરણોન્મુખ શૈયા પર લથડી હતી. ત્યારે, ધીરે ધીરે જે આરોગ્યદાયક અન્ન આપવામાં આવ્યું, અને વૈદકીય કાળજી લેવાવા માંડી, એના કારણે છેલ્લે છેલ્લે મારી તબિયત સુધરવા લાગી. અન્ન થોડું ઘણું પચવા માંડ્યું અને ક્ષયનાં પહેલાંનાં ચિહ્નો, તાવ, વજન ઉતરવું એ ચિહ્નો ઓસરવાં માંડ્યાં. લગભગ દોઢ-બે વરસ પછી હું મરણશૈયાને વીંટાળીને મૂકી શક્યો.

ભાઈનાં એ દુઃખદ દર્શન-!

પણ મારી એ મરણશૈયા જેવી મેં મૂકી ના મૂકી ત્યાં પાછી ખોલવી પડી. એ મારા મોટા બંધુ માટે! કારણ એમની તબિયત પણ મારી તબિયત સુધરતીં સુધરતી બગડતી ચાલી. એમાં પણ દુઃખની વાત તો એ હતી કે, એમની સગવડ કહેવાય એટલી સારી છેલ્લે સુધી કરવામાં આવી નહોતી. ચોળાયેલો કાળો કોટ પહેરીને, પિત્તાશય બગડીને ધક્કો લાગવાથી વાંકા વળીને ચાલતા દવાખાનામાં જતા. ત્યાં એક ઉદ્ધત હિંદી મદ્રાસી મેડિકલ આસિસ્ટન્ટ આંખો મોટી કરીને, બૂટ પછાડીને એમની ખોટી તપાસ કરતાં કહે છે, 'કયાં દુખે છે. અહીંયાં તો કંઇ નથી, લબાડી છે આ બધી!' અને આ અપમાનથી ખિન્ન થઇને એનો સામનો કરવા પાછા દવાખાને જવું જ નહીં, જે થશે તે થશે એવો નિશ્ચય કરીને એ કષ્ટભોગી દેશભક્તે કાળો કોટ પહેરીને - જે ક્ષયની હોય એવું બધાને લાગે તેવી ઉધરસ એકસરખી ખાતાં એ જ સ્થિતિમાં કણસતાં પોતાની કોઠડી પાસે લઇ જવામાં આવી રહ્યા છે.- એ દુઃખદ દ્રશ્ય મને હજી દેખાય છે. એ મદ્રાસીના વર્તન વિશે આગળ સ્પષ્ટતા થઇ; પર્યવેક્ષક પણ ક્ષયની શંકાથી બંધુના થૂંકની પરીક્ષા કરતો થઇ ગયો અને અંતે એ 'લબાડી' તરીકે વકરાવી નાખેલું એ દુઃખ એક નિર્ભય ડોકટરે - જે હિંદુસ્તાનથી હેતુપૂર્વક ત્યાં સુધારણા માટે મોકલવામાં આવ્યો હતો - એણે ક્ષયનો ડાઘ એમની પીઠના મણકામાં શોધી કાઢવાથી કારણે ક્ષયનાં લક્ષણ છે એવું નિદાન કર્યું હતું! તો પણ આંદામાનમાં હતા, ત્યાં સુધી એમની બીમારીની હડિયાપટ્ટી જ ચાલતી હતી. ઉધરસ એટલી આવતી હતી કે એક ચાલીમાં ઉધરસ ખાવા માંડે તો આજુબાજુની બે ચાલીમાં એ ઉધરસ સાંભળનારા ડરી જતા. જીવને ખૂબ જ ત્રાસ થઇ એમનો શ્વાસ અટકશે એવું લાગવા માંડ્યું છતાંય તે ઉધરસ રોકાતી નહોતી. આવી ઉધરસ, દરરોજ ૧૦૦થી ૧૦૨ ડિગ્રી સુધી તાવ, પિત્તાશયના લીધે એ સીધા ઊભા રહી શકતા નહોતા એટલો દુઃખાવો, અશક્તિને લીધે થતો એ ચીતરી ચડાવે તેવો ત્રાસ, આવી સ્થિતિમાં એ કર્મવીરે આંદામાનમાં છેલ્લાં દોઢ વરસ કાઢયાં.

એ દોઢ વરસમાં જન્મટીપ પામીને આવેલા સો-દોઢસો રાજકીય બંદીવાનો અને ચાર-પાંચસો ચોર-ડાકુ, હત્યારા વગેરે સાદા બંદીવાનો, કોઇ-કોઇ જણે તો એક વરસ પણ સજા ભોગવી નહોતી - છતાંય વિજયોત્સવ અને અમે આગળના પ્રકરણમાં જેનો ઉલ્લેખ કરવાના છે, એ રાજક્ષમાને લીધે મુક્ત કરવામાં આવ્યા. પણ દસ વરસ જે આવા ત્રાસમાં સબડતા પડ્યા રહ્યા, અને છેલ્લે ક્ષયની અસરે જેમના જીવન વેરણછેરણ થઇ રહ્યાં હતાં, એવા ખખડી ગયેલા રાષ્ટ્રીય બંદીવાનોને મુક્ત કરવામાં આવ્યા નહીં.

અને કાયદાની ભાષામાં કહીએ તો એમના પર આટલો ભયંકર કોપ રાખવા માટે જે મહાન અપરાધ સાબિત થયો હતો તે એ કે તેમણે એક દસ પાનાંની ચોપડી પ્રસિદ્ધ કરી હતી! એટલે જન્મટીપ! અને બીજો એક અપરાધ એ કે એ મારા ભાઇ હતા. એટલે ક્ષય થયો તો પણ છૂટકો નહીં.

તો પણ એ કષ્ટભોગી કર્મવીરનો આત્મવિશ્વાસ, તત્ત્વનિષ્ઠા અને ધીરજ જરા પણ ઓછાં થયાં નહીં. મરણનો માર્ગ દેખાતો હોવા છતાં પોતે ઠરાવેલા ધ્યેયથી એ લેશમાત્ર વિચલિત થયા નહીં.

તો પણ આ આંદામાનનું વૃત્તાંત, ત્યાંથી હિંદુસ્તાનના કારાગૃહમાં પાછા લાવ્યા ત્યારે, એમાં ભાગ્યે જે કષ્ટો લખેલાં હતાં, એની સામે આંદામાનમાં ભોગવેલાં શારીરિક કષ્ટ અને માનસિક પરીક્ષા કાંઈ નહોતી! એમણે હજી આગળ પણ ભોગવવાનું હતું!



પ્રકરણ સાતમું
પંજાબ અને ગુજરાતનાં રમખાણો
સૈન્ય દંડ હેઠળ દંડિત થયેલા રાજ બંદીઓનું આગમન અને કારાગૃહ મંડળ (જેલ કમિશન) સામેની સાક્ષી

મહાયુદ્ધ પતીને એની અસર પતે ના પતે એટલામાં પંજાબના, અને અહમદાવાદ, દિલ્હી, વિરમગામ વગેરે ઠેકાણાંઓમાં ૧૯૧૯ના વરસે શરૂ થયેલાં રમખાણોના સમાચાર આંદામાનમાં પ્રસરી ગયા. અમને બધાને એનું ખૂબ આશ્ચર્ય થયું. મહાયુદ્ધની ધાંધલ-ધમાલના એ વૈશ્વિક મહાન ક્રાંતિનો વરઘોડો ચાલી ગયા પછી પછી માખીઓ મારતા પડેલા નવરા હિંદી ટટ્ટુઓ હવે દોડાદોડી કરતા બેઠા થવાનો પ્રયત્ન કરી રહ્યા છે. હાલમાં જ પંજાબના અને ગુજરાતના સૈન્ય કાયદાથી સજા પામેલા (Martial law convicts) રાજ

બંદીઓ પણ આવી પહોંચ્યા. આંદામાનમાં રાજકારણ માટે સજા પામેલા મુસલમાન રાજ બંદીવાનો હજી લગભગ આવ્યા નહોતા. આ સૈનિક કાયદાના બંદીવાનોમાં થોડાઘણા મુસલમાન રાજ બંદીવાનો પણ હતા. એમને બધાની સજા જન્મટીપથી બે વરસ સખત શ્રમ સુધીની હતી.

૧૯૧૧ના વરસે જે જહાજ પર બેસીને મને આંદામાનમાં લાવવામાં આવ્યો. એ જહાજ પર સાદા બંદીવાનો સાથે વાતો કરતાં કરતાં મેં કહ્યું હતું કે, ''હું એકલો રાજ બંદીવાન જન્મટીપ પર જાઉ છું. એટલે તમને ખરાબ લાગે છે એ સ્વાભાવિક છે; પણ ઘરબારનો સ્વદેશ માટે હોમી નાખીને જ્યારે આ જહાજનાં જહાજ ફક્ત રાજ બંદીઓ જન્મટીપની સજા પામીને આંદામાન આવ-જા કરશે, ત્યારે ક્યાંક સ્વદેશમાં જે જોઇએ એ મળવાની પાત્રતા આવી એવું સાબિત થવા માંડશે. રાજ બંદી જન્મટીપવાળાઓની સંખ્યા હિંદુસ્તાનની જીવંતતાની ઉષ્મા માપનારાં ઉષ્ણતામાપક યંત્ર (Thermometer) છે.'' એ શબ્દો મને ત્યારે યાદ આવ્યા; કારણ એ બે જહાજો લગભગ રાજ બંદીવાનોથી જ ભરીને આવ્યાં હતાં. હવે એ કારાગૃહમાં બસો જેટલા રાજ બંદીવાન તો ભેગા થયા હતા. લગભગ દસ વરસ અને જન્મટીપ જેવી ભયંકર સજા પામેલા, તો પણ મોટાભાગના એ સજાને કર્તવ્ય તરીકે ઉન્નત મસ્તકે અને ધૈર્યથી સહન કરનારા હતા. ઉષ્ણતામાપક યંત્રનો પારો મારા આવ્યા પછીનાં દસ વરસમાં કેટલીયેવાર ઉપર ચડયો! એક-વરસ દોઢ વરસના કોઇને સજા થઇ તો, જે હિંદુસ્તાનમાં જેને દેશભક્ત શહીદ લેખવામાં આવતો હતો, એ હિંદુસ્તાનમાં જ સેંકડો લોકો જન્મટીપ પર પણ જતા ખચકાતા નથી, અને એ વાત એટલી રોજની થઈ ગઈ કે તેમનાં નામો પણ લોકો યાદ નથી રહેતા, અને એક અથવા દોઢ વરસની સજા!- એની ગણના છૂટકારામાં જ થવા લાગી. ''છૂટયો કહેવાય પેલો, ફક્ત બે વરસની સજા!''

આટલું થયું તો પણ લક્ષ્ય પ્રાપ્ત કરવું હોય તો હજી કેટલાય આગળ આવવા જોઈએ. કેટલાંય વધારે કષ્ટ કરીશું ત્યારે એ ભરપાઈ થશે.

દેશભક્તિને બૌદ્ધિક બળ જોઇએ

આવા વિચાર અઠવાડિયાની બેઠકોમાં અને અંગત ચર્ચામાં હું હંમેશાં કહેતો હતો; એને કારણે કષ્ટ સહન કરવાની શક્તિ અને ધૈર્ય વધુ સંપન્ન થતાં. લાગેલો થાક અથવા થયેલી નિરાશા દૂર થતાં. આ નવા રાજ બંદીવાનોમાં મોટાભાગના ગામડાંના લોકો હતા. મોટાભાગના ખૂબ અશિક્ષિત હતા. પરંતુ મોટા ભાગના દેશભક્તિથી અજાણ નહોતા. મને મોટો ખજાનો જ મળ્યા જેવું લાગતું. હું એ સૌને વિનવતો ગયો કે સ્વાભાવિક દેશભક્તિથી આપણે સૌ સભર છીએ, પણ દેશભક્તિ પાછળ બૌદ્ધિક બળ નહોતું, તે હવે કમાવાનો કરવાનો મોકો ગુમાવતા નહીં. આ નાલંદા વિહાર છે. જ્ઞાન અન તપની સાધના શરૂ કરો. અ, આથી શરૂ કરી મેં અને મારા સાથીઓએ આ રાજ બંદીવાનો થઇને આવેલા દુકાનદાર, ખેડૂત, ગામડાંના બાંધવોને ભણાવવાની શરૂઆત કરી. એમાંથી જે ગુજરાતી હતા એમને ગુજરાતી ભણાવવા માટે મેં પુસ્તકો વેચાતાં મગાવ્યાં. પંજાબીઓને ગુરુમુખીના પાઠ, ગુજરાતીઓને ગુજરાતી પાઠ, હિંદુસ્તાની માટે હિંદી પાઠ એમને આપતા હું જે થોડો સમય, સવાર-બપોર એમની સાથે રહી શકાય તેટલું રહેવા માંડ્યો. દરેક ક્રમાંકની ચાલી સાથી અમારી સંસ્થાના તત્ત્વ પ્રમાણે અમારા સભ્યોએ એવો જ ક્રમ ચલાવ્યો. એ બંદીવાનોમાં મારું નામ સાંભળેલા ઘણા લોકો હતા. એમના પર મારા શબ્દોની સહજપણે અસર થતી.

એમાંથી એકે મને કહ્યું- પહેલાં મારા પંજાબી બંધુઓમાંના એક-બે લોકોએ આવું જ કહ્યું હતું – કે તને આંદામાનમાં આવો પછી, અમેરિકા તરફથી આવનારા જલયાન પરના હિંદી લોકો, જે કદાચ સિંગાપુરથી આગળ વધતા, એ યાન પર હોય તો એમાંથી કોઈ કોઇ આંદામાન તરફ મોઢું કરીને વંદન કરતા; કારણ ત્યાં એમના દેશ માટે ઝઝૂમતા વીર બંદીવાનો વીર ગોંધાયેલા પડ્યા છે! આ વાતો સાંભળીએ એટલે અમને પૂર્વાર્ધમાં ગ્રંથિત કરેલા, અમારા આંદામાનનાં પહેલા-બીજા અઠવાડિયાંમાં ઉચ્ચારેલાં વાક્યો યાદ આવતાં કે, ''અપમાનથી અને લાંછનથી પણ તેજોભંગ થવા દેતા નહીં. એવો પણ એક દિવસ કદાચ

આવશે કે, આ જ કારાગૃહમાં તમારા રાજ બંદીવાનોનાં પૂતળા ઊભાં કરવામાં આવશે!'' નિરાશાની મુર્ચ્છા પર આવેલી આ કલ્પનાની ઉત્તેજક માત્રાની - આ શબ્દો - આટલા તો ચરિતાર્થ થયા! આંદામાનના નિર્વાસિતોને આખું ભરતખંડ કાંઇ સાવ ભૂલવાનું નથી!

એ રાજ બંદીવાનોને માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, પણ ભૂગોળ, ઇતિહાસ, અંકગણિત વગેરે શિક્ષણ પણ આપવાની ધમાલ ચાલી હતી. એ ઉપરાંત સાંજે જમવાનું પત્યા પછી, બધા બંદીવાનોને મળનારો અડધો કલાક, કલાક, અને રવિવારે વીસ-વીસ પચ્ચીસ બંદીવાનોને બેસાડીને, હિંદુસ્તાનના રાજકારણની સ્થિતિ, સુધારણાનો અર્થ, પરદેશી ઇતિહાસ, અર્થશાસ્ત્રનાં મૂળ તત્ત્વો વગેરે વિષયો પર હું સંવાદ કરતો. અને એમને અને બીજા બધા બંદીવાનોને બૌદ્ધિક શિક્ષણ આપતો. એ દિવસોમાં એ કારાગૃહમાં રાષ્ટ્રીય શિક્ષણનો એક ધડાકો જ થયો હતો. પંજાબી રાજ બંદીવાનોમાંના જૂના બંદીઓ તેમના 'ગદ્દર' અખબારનાં ક્રાંતિકારી અને હિંદી અને પંજાબી ગીતો ગાતા, ત્યારે ટંડેલ, પેટા ઓફિસરો પણ, બધા બંદીવાનોની ચાલીઓની ચાલીએ સાંભળતી ઊભી રહેતી. એટલું જ નહીં પણ અમારી ચાલીમાં, કારખાના માટે ઊભા કરેલ પતરાના છાપરાઓની આડશ હોય એવા ભાગમાં, સાંજે રાજ બંદીવાનો કુસ્તીનું શિક્ષણ પણ લેતા. કારણકે નવા આવેલા રાજ બંદીવાનોમાં એક બે નામાંકિત પહેલવાનો પણ આવ્યા હતા.

બન ગયે બાબુજી જેન્ટલમેન

મે સમયે શિક્ષણ આપતાં ક્યારેક ક્યારેક ખૂબ ત્રાસ થતો. ક્યારેક ક્યારેક બહુ મજા પણ આવતી. ગુજરાતી રાજ બંદીવાનોમાં એક મુસલમાનને ગુજરાતી શીખવવા માટે, તમાકુ આપીને વશ કરવો પડ્યો. પંજાબીઓમાંથી એક બ્રાહ્મણ - સાવ ગામડિયો પણ ભારે લબાડ હતો. પંજાબના રમખાણોમાં પકડાયો હતો. એને ભણાવવા માટે ફક્ત તમાકુ જ આપવી પડતી. પણ અમને મળનારા દવાખાનાના ભોજનમાંથી દૂધનો પ્રસાદ પણ ક્યારેક ક્યારેક અર્પણ કરવો પડતો! અને તો પણ સવારી અમે આવ્યાની ચહેલપહેલ થતાં જ એ અક્ષરો મોટેથી બેલતી. વરસનાં પચાસ વરસ વડાવી ચૂક્યો હતો છતાં નાના છોકરા જેવો નટખટ હતો. અમે એક દિવસ તમાકુ સમયસર નહીં આપી એટલે પાટી છુપાવીને, એ ખોવાઇ ગઇ એવું કહ. અને અમે નહીં એવું કહીને પોતાના પર એક મજાકિયું ગીત બનાવીને, ''બન ગયે બાબુજી જેન્ટલમેન, બન ગયે બાબુજી!''કહેતા. એ સાંભળીને અમને એટલી ગમ્મત થતી કે એને એ ગીત અમારી સામે ગાવા માટે હજી એક ચપટી તમાકુ આપવી પડતી! અને બીજા રાજ બંદીઓ, એમની સાથે એવી બરાબરી નહીં કરવા માટે એને ધમકાવવા માંડ્યા. અમે મધ્યસ્થી કરીને એનો છૂટકારો કરાવતા. એનું એ, ''બન ગયે બાબુજી જેન્ટલમેન, બન ગયે બાબુજી!'' ગીત આજે પણ અમે ક્યારેક ક્યારેક હોંશે હોંશે ગણગણીએ છીએ.

પાટી, પેન્સિલ અને અંકલિપિઓ લઇને બે રાજ બંદીઓની સાથે સાથે અમારે કેટલીયેવાર વાચવું પડતું એની તો ગણતરી જ નથી. અમુક તો એ ત્રાસને કારણે અમારી સાથે બોલવાનું પણ ટાળતા. 'જીવા' નામના ચાલીસ વરસના એક ગુજરાતી ખેડૂતને, ક, ખ, ગ,નો પાઠ ચાલીસ વાર કરાવ્યો હતો. એ ગમ્મત જોઇને રાજ બંદીવાનો ખૂબ હસતા. પણ છેવટે એને એ કક્કો આવડયો એ વાત એના કરતાં પણ મજાની થઇ! આમ તેઓ અશિક્ષિત હતા; પણ હૃદય પવિત્ર. ભકિતભર્યું, શુદ્ધ, કેવી તેમની ભક્તિ અને કેવી લાગણી! એમનામાંથી કેટલાયને રમખાણમાં થયેલા ગોળીબારમાં ગોળીઓ વાગી હતી. તેઓ હંમેશાં અભિમાનથી એ ઘાના ડાઘ પર હાથ ફેરવતા અને કહેતા, આ જુઓ, અમારા સૈનિકો, આ જુઓ એમનાં ગૌરવશાળી પદકો! ભાડૂતી સોનાનાં પદકો કરતાં આ માંસ પર અંકિત થયેલાં પદકો વધારે સન્માનનીય છે. આ પદકો કેટલાં પ્રામાણિક છે!

બારીની બોલબોલ

અને કારાગૃહમાં રાજ બંદીઓ આ બધી ઉથલપાથલ કરતા હતા ત્યારે બારીસાહેબ ક્યાં હતો ? પહેલાં રાજ બંદીવાનો ઉપર જોતાં તો, નીચે જો અને નીચે જોતાં હોય તો, ઉપર જો, એમ કોઈને કોઈ બહાને એમને પીડતો, ગર્જતો રહેતો, એ પોર્ટ બ્લેરના પરમેશ્વર ક્યાં હતો ? ક્યાંય નહીં. એ કારાગૃહમાં જ હતો; પણ એકદમ પોર્ટ બ્લેરના પથ્થર જેવો. કોઇએ ટક્કર આપી તો વાગે તેમ, પણ સામે ચાલીને કોઈને ટક્કર મારવા નહીં જનારો એક નિરુપદ્રવી પથ્થર થઈને પડ્યો હતો. દસ વરસની સતત રસાકસીથી કંટાળીને, એ સંપો, એ અખબારોમાંનો હાહાકાર, એનો બોજ ગયાના દુઃખથી એ કંટાળી ગયો હતો, અને વરિષ્ઠ અધિકારીઓએ પણ ગજા બહાર થયેલી એ સંખ્યા અને એ સંગઠનથી સતત વધતા જનારા રાજ બંદીવાનોના મુદ્દે, 'ડર નહીં પણ કૂતરાની જેમ પડ્યો રહે, ' એવું ધોરણ સ્વીકાર્યું હતું. અમારી આ હરકતો, જ્યાં બે જણાનું બોલવું પણ ચોરી ત્યાં પચ્ચીસ જણની સભા, એ બધું સાંભળે, પણ પેટા ઓફિસર વગેરેને ચોખ્ખું કહે, ''મારા કાને કોઇ વાત આવવા દેતા નહીં. મારા અને ઉપરી અધિકારીઓ સામે તેમને આમ એકસાથે બેસવા દેતા નહીં. થોડું થોડું કામ કરાવી લો. અને ધમાલ થાય તો કોઈ ભયંકર કૃત્ય થવા દેતા નહીં એટલે પત્યું. એથી એ શેતાનોને જે કરવું હોય તે કરવા દો, તમારું તમે સંભાળો, જાવ.''

એમાંય અમારા વરસોના શિક્ષણથી જમાદાર, પેટા ઓફિસર સુધીના બંદીવાનોમાંના અધિકારીઓ પણ અમારી તરફ ઝૂકી ગયા હતા. સામે ચાલીને કૂથલી કરનારા ઘણા ઓછા રહી ગયા હતા. એટલે મોટાભાગની વાતો બારીના કાને પહોંચ્યા વિના જ થતી હતી. અધિકારીઓના આ સંગઠન અને રાષ્ટ્રીય વિચારોની પ્રેરણાવાળા લોકો કેવા હતા એનું એક ઉદાહરણ જણાવું છું. એ ગુજરાતી બંદીવાન, જેને ખેતી માટે હત્યા કરવાના આરોપસર સજા થઈ હતી, એ અમે આવ્યા ત્યારથી અમારા વિચારોથી પ્રેરિત થયેલો હતો. અને અમારા માટે એને અભિમાનહોતું. એને એટલી બધી રાષ્ટ્રીય રુચિ જાગી કે સંપ જેવા એકદમ કડક બંદોબસ્તના દિવસોમાં પણ એ પોતાનાં કામ કરતો હતો. બદી હતો ત્યારે નાળિયેરનાં ફળોની ઉતારેલી છાલમાં સંતાડીને બંદીવાનોની ચિઠ્ઠીઓ લાવતો, લઈ જતો. આગળ વોર્ડર થયા પછી એ કચરો ભરનારી ટુકડીનો સુકાની હતો, ત્યારે એ ટોપલીઓમાં અમે જુદી જુદી જગ્યાએથી મગાવતા એ વર્તમાનપત્રો લાવી આપતો. તેના આ સાહસને કારણે અમારી મંડળીમાં તેને 'ડાકવાલા' ઉપનામ મળ્યું હતું. સાવ જ્યારે બારીનો સત્તાકાળ કડકાઈથી ગાજતો હતો, ત્યારે પેન્સિલ અથવા કાગળનો વેંત જેટલો ટુકડો પણ અશક્ય એટલે, પાણી પીતાં પીતાં પવાલા પર અમે કાંકરીથી સંદેશો લખતા, અને એ કટોરો આ રાજશ્રી સહજ ફેરવતો અહીંથી ત્યાં લઈ જતો. વૃક્ષનાં પાંદડાંઓ કચરામાં ફેકવામાં આવતાં, એમાંથી એ જેની તરફ ઇશારો કરે એ ઉપાડીને જોતાં, તો તેના પર બહારથી લાવેલા એકાદ સમાચારના બે શબ્દો કાંટાથી કોતરેલા હોય! કોઈને પણ શંકા ના જાય એ રીતે! એ વૃક્ષ છેવટે જેલમાંથી તોડી પાડવામાં આવ્યું. આવા આ નિર્લોભીપણા વિના રાષ્ટ્રીય સ્વયંસેવકનું કામ કરીને, રાજ બંદીઓ માટે, અને શુદ્ધિ વગેરે સાર્વજનિક ચળવળ માટે ઘસાનારા બંધીઓની ત્યારે આગળ જતાં જતાં જમાદારના સ્થાને તે સમયે બઢતી થઈ હતી. એ પહેલાં અમારી પાસે જ અ, આથી ગુજરાતી શીખ્યો હતો. તે હવે જમાદાર થયો હોવા છતાં અમે કહીએ તેને, અહીંતહીં જોઈને, પોતે વાચવા આપે અને શીખવા દે. અહીંતહીં જોતાં - કેમ કે આવી સાર્વજનિક પરોપકારી રાષ્ટ્રીય પ્રવૃત્તિને ઉત્તેજન આપવાને ઠેકાણે તે કારાગૃહીના દુષ્ટ ધોરણાનુસાર દંડનીય ગણાતું હતું. એ બંદીવાનનું કામ અને અન્ય આવશ્યક શિસ્ત કેટલીયે પાળતો અને ખૂબપ્રામાણિક અને નિવ્યર્સની હોઈને આ વાત માટે રાજ બંદીઓને તેના પ્રત્યે સહાનુભૂતિ હોવાને કારણે એ શંકાસ્પદ માણસ ઠરવા છતાં પણ, બારીના હાથ નીચે જ, પણ બારીની કૃપાથી નહીં જ, જમાદાર થયો હતો. એ પરથી ઘણું સિદ્ધ થાય છે.

ક્રાંતિકારીઓ કાગડા, ચકલીઓ મારશે નહીં

અમારા જ શિક્ષણમાં વિકસેલા લોકો જ્યાં ત્યાં વસાહતોમાં અને કારાગૃહમાં પ્રસરતા ગયા હોવાથી, અને રાજ બંદીવાનોને ગમે તે રીતે શાંત રાખો એ ધોરણ વરિષ્ઠ અધિકારીઓને સ્વીકારવાની કંટાળીને ફરજ પડી હોવાથી, અમારા બારીસાહેબ એકાદ મૃત જ્વાળામુખી પ્રમાણે બંદીશાળાના લેખનગૃહમાં બેઠા છે. આઠેય પહોર મોંમાં પકડી રાખેલી લાકડી જેવડી ચિરૂટનો ધુમાડો જે કોઈ તેમના મોંમાંથી જ્વાળામુખી છોડે, તેટલો જ! બાકી બધું ઠંડું. તેમાં પણ આજકાલ તેમને વિકાર થયો હતો. પેલી લેમ્બેગોની બીમારીથી એ કંટાળી ગયા હતા. છેવટે એકવાર તેમને નોકરીમાંથી લાંબી રજા મળી અને તેઓ જલ્દી પોર્ટ બ્લેર છોડવાની તૈયારી કરવા માંડ્યા.

તેઓ પોતાની પોર્ટ બ્લેરની વીસ-ત્રીસ વરસની મત્તા બાંધે છે ત્યાં સુધીમાં તેમની રજાની વાત નીકળવાથી પાછળની તેમની એક રજાની જે ગમ્મત યાદ આવી છે તે જણાવી દઈએ. ચારેક વરસ પહેલાં એટલે કે ૧૯૧૫ કે ૧૯૧૬ના વરસમાં તેમણે આયર્લેન્ડ જવાનું ઠરાવ્યું અને તેમને ટૂંકી મુદ્દતની રજા પણ મળી. આયર્લેન્ડથી આ મહાશય પહેલાં બે-ચાર પૈસા લઈને ભાગીને જ આવ્યા હતા. પહેલાંનો એ ભિખારી માણસ આજે પાંચ-દસ હજાર સાથે લઈને પાછો આયર્લેન્ડ જવાનો હતો. એ કહેતો જ હતો, ''મેં મારી વીસ વરસની આંદામાનની જન્મટીપ પૂરી કરી હોં કે સાવરકર? કારણ હું પણ અહીં બંધ થયેલો એક માણસ નહોતો કે?'' આયર્લેન્ડ પાછા જવાનું પણ આજ સુધી તેમણે બંદીવાનોની જે દયનીય પરિસ્થિતિ કરી હતી એ તેમના પેટમાં ચૂંવા માંડી. અને એ દિવસ એટલે લોકોમાં પીડક તરીકે બદનામ થયેલા સરકારી અધિકારીઓમાંથી એક-બેને કોઇક તો ઉદ્દંડ ક્રાંતિકારીના હાથે ઝટપટ આવજો કહેવાનો વખત આવ્યો એ સમાચાર લાવનારા? બારીના કાર્યાલયમાં એકવાર એક દિવસ તેની ગોરી મિત્રમંડળી બેઠી હોઈને ચર્ચા ચાલી; અને કલકત્તાથી પ્રવાસ કરવામાં બારીસાહેબના જીવને તેમની કીર્તિથી પ્રેરાઈને, તેમને પાઠ ભણાવવા માટે ટાંપીને બેસેલા એકાદ દુષ્ટ ક્રાંતિકારીનો ઘાતક ભેટો થવાની શક્યતા હોવાને લીધે, પ્રવાસ હિંદુસ્તાનથી નહીં કરતાં, પરસ્પર સિલોન માર્ગે કરવો, એવી સહજ વાતચીત થઈ. આગળપાછળ ઉપસ્થિત અમારી 'મુનશી' (બંદીલેખક) મંડળીએ તે સાંભળીને અમને જણાવ્યું. પેલા કાળા-ગોરા અધિકારીઓના મનમાં એવો ડર જાગવો એ માત્ર ડરપોકપણાનાં લક્ષણ નહીં હોઈને કંઇક અંશે શાણપણ પણ હતું, એવું અમને લાગતું. આ વાતચીતથી બારીસાહેબને પોતાનું ખાસ્સું મહત્ત્વ વર્તાયું અને તેમણે એ દિવસે સાંજે સગર્વ, સ્વયં બારીસાહેબ જ તેમની વિચિત્ર રમૂજ સાથે પૂછતો થયો કે, શું સાવરકર, તમારા મિત્રો કહે છે અમારા પર બોમ્બ ફેંકવાના છે, હિંદુસ્તાનમાં પગ મૂકતાં જ? મેં પણ તેમની રમૂજની નકલ કરતાં કહ્યું, ''મને નથી લાગતું. જો ખરેખર કોઈ પાસે બોમ્બ હોય તો એવા કાગડા-ચકલીઓના શિકારી પર પોતાનો દારૂગોળો વેડફવા કરતાં એકાદ વાઘનો શિકાર કરવો વધુ શાણપણનું છે, એ નહીં સમજવા જેવા મને નથી લાગતા કે કોઈ ક્રાંતિકારી મૂર્ખ હશે!'' બારીસાહેબનો ગર્વ તો માટીની જેમ પાણીમાં ઓગળી ગયો. ડરનું શું થયું એનું એમને જ ખબર!

બારીનું મૃત્યુ!

આ થઈ પાછલી રજાની વાત. આ વખતની રજાની વાત સાવ નિરાળી હતી. હવે તે મોટેભાગે કાયમ માટે જઈ રહ્યો હતો. આંદામાન તો છૂટશે જે; પણ આ જગત પણ ખાસ્સા દિવસો તેમને જોવા મળશે કે નહીં તેની પણ શંકા આવે તેમ તેમની તબિયત લથડી. છેવટે સેંકડો બંદીવાનોની ગાળોનો ઉપહાર સ્વીકારતા કમરેથી બેવડ વળી ગયેલા બારીસાહેબ બે જણનો ટેકો આપીને આગબોટ પર ચડાવવામાં આવ્યા. અર્ધજાગૃત અવસ્થામાં તેઓ હિંદુસ્તાન પહોંચ્યા. ત્યાં જલ્દી જ તેમના હાલહવાલ થઈને પ્રાણ નીકળ્યા.

તેમની સ્મૃતિ પણ તેમણે પીડેલા રાજ બંદીવાનોએ જ જીવંત રાખી એટલે રહી અને આ ગ્રંથ હશે ત્યાં સુધી રહેશે. નહીંતર તે પણ ક્યારની મૃત:પાય થઈ ગઈ હોત. અને હકીકતે તેમ જ થવું જોઇતું હતું. કારણ રાજ બંદીઓના જે હાલ થયા તેમાં તેઓ મૂળ કારણ ના હોઇને નિમિત્તમાત્ર હતા. પણ તેના લીધે તેમને હદ બહારની મહત્તા મળી. છતાં પણ અમૂર્ત સંસ્થાના દુષ્ટપણાની અને કષ્ટ દેવાની માહિતી આપતી વખતે કોઈક તો મૂર્ત વ્યક્તિનો નામોલ્લેખ અનિવાર્ય થાય છે. તેથી તેવા સાધારણ બંદીપાલનું નામ લોકોની આંખ સામે આવ્યું. નહીંતર બારીના દોષોની અથવા ગુણોની કોઇ જાતની એવી પ્રખ્યાતિ કે કુખ્યાતિ હોવાની લાયકાત નથી.

તો પણ એવી વિવશ અવસ્થામાં પણ તેણે અમારા માટે જે સુખના શબ્દો બોલ્યો અને અમારા વિશે તેણે અને તેના પરિવારજનોએ જે વચવચમાં સહાનુભૂતિ દર્શાવી એ માટે એ બંદીપાલ માટે, તેની યુવા દીકરી માટે, અને તેની દેવ જેવી પત્ની માટે આભાર માન્યા સિવાય અમે આગળ વધશું નહીં. એકમેકથી વિરોધાભાસી સિથ્તિમાં મળ્યા હોવા છતાં જિદ્દી પરિસ્થિતમાં મળ્યા હોત તો કદાચ અમારો એક ચાહક જ થયો હોત એવું અમને લાગે છે. અને આ સમજણનો આધાર તેનાં દ અમારી પાછળ અમારા માટે કાઢેલા અનેક ઉદ્ગાર જ છે.

શાપ અને ક્ષમા!

બારીનો ઉલ્લેખ પૂરો કરતાં કરતાં 'નાના બારીના' પેલું પઠાણીરાજ્ય, પોર્ટ બ્લેરમાં ગજાવનારા મિર્ઝા ખાનની વાત પણ પતાવી નાખીએ. બારીની જ્વાળા જ્યાં બુઝાઈ જવા આવી ત્યાં તેની ગરમી પણ ઠંડી પડીને લુપ્ત થવા આવી હતી એ કહેવાની જરૂર જ નથી. જ્યાં-ત્યાં રાજ બંદીવાનોનું જોર જોઈને, તેના દુષ્ટ પઠાણી-સિંધી સાથીઓ, એક-એક કરીને 'તોડી' પાડવામાં આવેલા જોઇને, જ્યાં-ત્યાં સરકારી કામ અને કારાગૃહની શિસ્ત પણ તેમના કરતાં પણ સારી રીતે પાર પાડનારા, પણ પ્રમાણમાં સૌમ્ય, સદ્વર્તની અને રાષ્ટ્રીય વિચારોવાળા હિંદુ બંદીવાનો અને 'સ્વતંત્ર' લોકો વસાહતમાં અને કારાગૃહમાં મોટેભાગે નાની-મોટી જગ્યા પર નીમાતા ગયા હોવાથી નિરુપાય થઈને મિર્ઝા ખાનની દાઢીબાજ સવારી સાવ ઢીલી પડી ગઈ હતી. રાજ બંદીવાનોની સામે જ લાળા ચાવતા એ દિવસો કાઢી રહ્યો હતો. મુસલમાની ધર્માંધતા - જે પહેલાં તેને વિના કારણે ઉન્મત કરતી હતી, તે જ હવે તેનો ભય વિના કારણે વધારવામાં નિમિત્ત બની રહી હતી. તેને લાગતું કે આપણે જેમ કાફિરોને છળ્યા તેમ એ પણ હવે આપણને છળશે! એક ગમ્મતની વાત તેની આ પ્રવૃત્તિનો ખ્યાલ આપશે. એ ઉત્તરકાળમાં તેના એક હાથમાં કોઈક દુખાવો ઉપડ્યો. ગમે તે કરે પણ મટે નહીં. બારીના બધાં અંગ જેમ નબળાં પડવાં માંડ્યાં હતાં તેમ તેના આ હસ્તકનો હાથ સાવ લૂલો પડ્યો. ત્યારે આ ધર્માંધ મિર્ઝા ખાનના મને પાકું ઠરાવ્યું કે, હોય ના હોય પણ સાત ક્રમાંકના અરીસાવાળા બડા બાબુએ જ અમારા બેઉ પર કોઈક જાદુટોણો કર્યો હોવો જોઈએ. બારી એટલો ભોળો નહોતો; પણ મિર્ઝા ખાનને બીક પેઠી. અમારું ખૂબ માન કરતાં એણે માંદગીમાં સંદેશો મોકલાવ્યો કે મારા સો અપરાધ છે. સાવરકર બાબુને કહેજો ક્ષમા કરે અને મારો હાથ મને પાછો આપે. તેની આ વિનંતી સાંભળીને મેં તેને સમજાવવાનો પુષ્કળ પ્રયત્ન કર્યો કે, મેં જાદુ નથી કર્યો; એટલું જ નહીં તો જાદુટોણા પર મને વિશ્વાસ પણ નથી. પણ એ કાંઈ માને નહીં. ત્યારે માત્ર તેને નિશ્ચિંત કરવા માટે મેં કહ્યું, ભલે, તો તમે કહો છો કે હું સારું થશે એમ કહીશ તો સારું થશે, એવી જ તમારી ભાવના હોય તો હું ઇશ્વરની સાક્ષીએ તમારી સ્વસ્થતા ઇચ્છું છું. આગળ તેનો હાથ સારો થઈ ગયો. એ તો દવાથી જ. તેને કશાથી થયાનું લાગ્યું એની એને ખબર. આગળ છએક મહિના એ ત્યાં હતો. પણ દાંત વગરના સાપ જેવો. પછી વિજયોત્સવના સમયે જે ત્રણસો-ચારસો બંદીવાન છૂટ્યા તેમાં પોતાની ભૂતકાળની પીડવાની સેવાનાં ફળ આ સવારીના હાથમાં પડ્યાં અને દસ વરસ હિંદુઓનો છળ કરનારા તરીકે ગાજ્યો છતાં પણ, હિંદુઓ સામે ગોકળગાય થયેલો, મિર્ઝા ખાન છૂટી ગયો. તેની પાછળ તો પઠાણ-સિંધી-

પંજાબી-મુસલમાનોની ગરમી સાવ નીકળી ગઈ. અરેરાટી સાવ ચીરી નાખવામાં આવી. જે એક-બે બચ્યા તે ચૂપચાપ દિવસ પસાર કરતા રહ્યા. જ્યાં-ત્યાં વોર્ડર, હવાલદાર, જમાદાર, સ્વતંત્ર અધિકારીઓમાંના લેખક, ડોક્ટર, કમ્પાઉન્ડર, કારાગૃહમાં અને વસાહતમાં મોટાભાગના હિંદુઓ થવાથી, પ્રમાણમાં સરળ અને પ્રામાણિક સ્વભાવને લીધે વરિષ્ઠ અધિકારીઓ પણ તેમનું જ માનવા માંડ્યા છે તે જોઈને પઠાણ કહેવા માંડ્યા, ''અબ ક્યા બોલના, અબ તો હિંદુ રાજ હો ગયા હૈ!''

વરિષ્ઠ અધિકારીઓ પાસે અમુક જૂના પઠાણાએ ચાડી પણ કરી હતી હતી કે, ''સા'બ અબ તો પોર્ટ બ્લેર મે હિંદુ રાજ હૈ, સા'બ હમકો બડા ડર હૈ, હમારે પર કોઈ મુકદમા (ખટલા) ના બનાયા જાય!'' જે વખતે એમનું 'પઠાણરાજ' હતું, ત્યારે હિંદુઓને આવા ખોટા ખટલાઓ કરીને વિના કારણે હેરાન કરવાની જેમને આદત હતી, તેમાંના આ અશિષ્ટ શિષ્ટ લોકોને પણ હવે હિંદુઓ પણ એવું જ કરશે, એનો ડર લાગવો એ એમની જ દુષ્ટતાનું પ્રતિબિંબ હતું. હિંદુઓની નહીં. કારણ હિંદુઓએ વિના કારણે કોઈ મુસલમાનનો દ્વેષ નહીં કર્યો, એટલું જ નહીં પણ સમજદાર અને ધર્મ વિશેના ગાંડપણથી જે અલિપ્ત થતા એવા મુસલમાન બંધુઓને છેક સુધી અમે પીઠબળ આપતા, શીખવાડતા હતા. અને અમારી ઓળખાણથી થાય એટલું કલ્યાણ જ કરતા હતા. એમનામાંથી કેટલાયની અરજીઓ લખી હશે. કેટલાયના કામમાં મદદ કરી હશે. આગળ જ્યારે અમારા હાથમાં પણ આ થોડીઘણી 'હિંદુ રાજ'ની કુલડીનો જે કંઈ અધિકાર આવ્યો ત્યારે મુસલમાન જમાદાર, વગેરે સાથે અમે કેટલી સચોટ રીતે અને ન્યાયથી વર્તતા એ આગળ એમના શબ્દોમાં કહેવામાં આવશે જ.

બારીની વિદાય થયા પછી ત્યાં બે ત્રણ તટસ્થ અને હિંદુસ્તાનથી મગાવેલા અસ્થાયી (Permanent or temporary) બંદીવાનોની આવ-જા ચાલી. એમાંથી એકને, બારીના પહેલાંના કડપની વાતો સાંભળીને, પરંતુ ઉતરાર્ધની એની હતાશા, યાદ નહીં રહી, તેથી હું સરકારને પોતાનું પરાક્રમ રાજ બંદીવાનોને સતાવીને ગજવી બતાવું, એમ લાગતાં, કે પછી, નવા આવેલા ગુજરાતી રાજ બંદીઓમાંથી એને જે સૌમ્ય સ્વભાવના લોકો દેખાયા, તેમને ઘાણીમાં જોતરવાનો તેણે અને તે સમયે એવા જ એક ઉદ્ધત સ્વભાવના આવેલા વરિષ્ઠ અધિકારીએ આદેશ આપ્યો. રાજ બંદીવાનોએ લડત આપીને આ ઘાણીની કમર તોડી હતી. એમને એ કામ આપવું વધારે પડતું થયું હતું, અને જો આપવું જ હોય તો નવા આવેલામાંથી જે તંદુરસ્ત અથવા મહેનતુ હતા, એમને એ કઠણ કામ આપવું જોઈતું હતું. પણ અશક્ત-સૌમ્ય અને એકદમ ગાય જેવા ગામડિયા માણસોને પસંદ કરીને એમને ઘાણીનું કષ્ટદાયી કામ આપવું, એમાં હેતુ એવો હતો કે, એ લોકો ગભરાઈને એ કામ કરશે. પણ પહેલે જ દિવસે એ ઇનકાર કરી બેઠા. એમને પાછલો ઇતિહાસ કહેવામાં આવ્યો હતો. એમાંથી બે જણ અમારી જ ચાલીના હતા. એમને બધાં ધોરણો કહી રાખ્યા હતાં. એમનો ઇનકાર થતાં જ પેલા બંદીપાલે બિલકુલ બારીની જેમ બૂમાબૂમ કરી, એ અમારી ચાલીમાં રહેતા એક-બે જણને, જેમને તેણે બીજાઓના આગેવાન તરીકે નીમ્યા હતા તેમને, લાકડાની ઘાણીને સાવ બળદ જોતરવામાં આવે એવી રીતે બીજાઓ પાસેથી એ ઘાણી ખેંચાવવી એવો આદેશ આપ્યો.અર્થાત્ જ બીજા બંદીવાનો ઘાણી લઈને દોડવું જ પડે તેમ બાંધવામાં આવવાથી પેલા ગુજરાતી રાજ બંદીએ એક તો ઘાણી ફેરવતા દોડવું પડે, નહીંતર નીચે પછડાઈને આખું શરીર ઢસડાવા દેવું પડે, એ બે જ રસ્તા રહ્યા. એમાંથી એકે આ માર્ગ સ્વીકાર્યો, એ જમીન પર પડ્યો. બંધાયો હોવાથી જેવા બીજા બંધીઓ ખેંચવા માંડ્યા કે એ ઘાણીની પાછળ પાછળ ફરફર કરતો ખેંચાવા માંડ્યો. થોડા જ સમયમાં ઘાણીના એ સમાચાર બધી ચાલીના ક્રમાંકોમાં પ્રસરી વળ્યા. અમારા પણ ક્રમાંકમાં આવ્યા. બીજા રાજ બંદીઓને - સંદેશો મોકલીને શુ કરવું એ ઠરાવતાં જમવાનો સમય થયો. ત્યારે ગુજરાતી રાજ બંદીઓ પર થઈ રહેલા અત્યાચારની વાતો સાચી કે ખોટી એ અમારે બંદીપાલને પૂછવું છે, એવો સંદેશો બધી ચાલીઓમાંથી પહોંચ્યો. આ ગડબડ સાંભળી બંદીપાલ કારાગૃહમાં આવ્યો. તો એ શું જુએ છે! લડત આપવામાં રીઢા થયેલા જૂના રાજ બંદીવાનોમાંથી એકથી એક દ્રઢ નિર્ધારવાળા અને મક્કમ પુરુષો હાથમાં થાળી લઈને અને આ કાર્યનો નિર્ણય નહીં આવે ત્યાં સુધી અન્ન નહીં લઈએ, કહીને ચાલીના

દરવાજે દરવાજે વચમાં જેમતેમ ઊભા બંદીપાલે આવો પહેલો જ પ્રસંગ જોયો, રાજ બંદીઓ સાથે પનારો પડ્યો છે એ સવારીએ પિછાણી લીધું. પહેલાં બોલ્યો ગુજરાતીઓને ઘાણી સાથે બાંધ્યા છે. એ વાત જ ખોટી છે, ત્યારે એક હષ્ટપુષ્ટ અને બધી વાતમાં હંમેશાં આગળ હોય એવો પંજાબી રાજ બંદીવાન ગુસ્સે થઇને બોલ્યો, શું અમારો એ ગુજરાતી ભાઇ ખોટું બોલે છે? આ જુઓ- એણે એ લોખંડી થાળ ગદાની જેમ ઉપાડ્યો, - ''આ દુઓ, સમય આવશે તો આ થાળથી માથું ફોડી નાખશું! અમારા પર અત્યાચાર કરવાવાળાઓએ બરાબર વિચાર કરીને કરવો!'' બંદીપાલ એક પણ શબ્દ નહીં બોલતા પાછળ હટ્યો. એ બે ગુજરાતીઓને ઘાણીએથી કાઢીને ઓરડીમાં બંધ કરવામાં આવ્યા; અને રાજ બંદીવાનો માટે સંદેશ આવ્યો કે તમે જમી લો. તમારા લોકોને કોઇ ત્રાસ અપાશે નહીં. થોડા દિવસો પછી એ ગુજરાતી રાજ બંદીઓને બીજા લોકો પ્રમાણે છોતરાં આપવામાં આવ્યાં અને સાર્વત્રિક સંપનું આ નવું છેલ્લું કારણ એ સંપની ધાક માત્રથી જ દૂર થયું.

ઠીક કરવાવાળા જ ઠીક થયા

આ બંદીપાલના હાથે જ અમને યાદ છે એ પ્રમાણે આંદામાનમાં કાયદા વિરુદ્ધ એવી રીતે છેલ્લીવાર કોઇને મારવામાં આવ્યો. રાજ બંદીવાનોને કાયમ મદદ કરીને અમારી સાર્વજનિક ચળવળોમાં મનઃપૂર્વક ભાગ લેવાવાળા સાદા બંદીવાનોમાંના એક હિંમતવાન યુવાન પર, જેનો ઉલ્લેખ અમે પાછળ શુદ્ધિ પ્રકરણમાં પણ કર્યો છે, અધિકારીઓની હંમેશાં નજર હતી. એને જ્ઞાનોપાર્જનની કાયમ રુચિ રહેતી હતી. એકવાર તેના હાથમાં કામના સમયે પુસ્તક જોઇને, કે એવા જ કોઇક કારણસર, એના પર ગુસ્સે થઇ એને કાર્યાલયમાં બોલાવીને એ રાજશ્રીએ દેશી ગાળ આપી. દેશી ગાળ એટલે બંદીગૃહમાં અંગ્રેજી ભાષામાં નામની પાછળ જેમ નિયમાનુસાર ઉપનામ આવે, તેવું ઉપનામ હતું. પરંતુ આંદામાનના કારાગૃહમાં લોકોના સ્વભાવ આઠ વરસ પહેલાં હતા તેવા રહ્યા નહોતા, એ બંદીપાલને કયાં ખબર હતી! એણે ગાળ આપતાં જ, ''તુમ્હારા બાપ'' કહીને એ બંદીપાલ, રાજશ્રીના જન્મને જ એ ગાળનો જ ઉપહાર એ હિંદુ યુવાને આવ્યો! ત્યારે સંતાપથી ઉકળીને એ બંદીપાલ ઉઠ્યો અને તેણે બંદીવાનને વોર્ડરના હાથે મુશ્કેરાટ પકડાવીને પોતાના હાથે મોઢા પર અને છાતી પર મુક્કા ઉપર મુક્કા મારવાની શરૂઆત કરી. મોઢું સૂઝીને લોહી વહેવા લાગ્યું. ત્યારે એને છોડ્યો. એમાં પણ એ બંદીવાનને ગંડમાળનો રોગ હતો એ ધ્યાનમાં રાખવું જોઇએ. બંદીપાલને લાગ્યું કે એની ચરબી કાઢી નાખી. બીજા ડરપોક અથવા લુચ્ચા લોકોએ એને કહ્યું, ''અરે ભાઇ, અંગ્રેજો સાથે લડવાનું તો પેલા રાજ બંદીઓ જ જાણે! આપણે કયા ઝાડનાં મૂળાં? હવે થઇ ગયું એ થઇ ગયું. તું ડોક્ટરને કહેજે કે પડ્યો એટલે મોંઢું સૂઝી ગયું અને લોહી પડ્યું. નહીંતર પાછો સજા ભોગવીશ.'' પણ એ ધૈર્યવાન માણસ હતો. એની આંખો અને હોઠ આસપાસનો બધો ભાગ ખૂબ સૂઝી ગયો હતો. બંદીપાલે માર્યું એટલે બધું સૂઝ્યું એવું નિવેદન તેણે ડોકટર સામે આપ્યું. પણ ડોકટર બંદીપાલના ભયથી આંખ આડા કાન કરવા લાગ્યા. પર્યવેક્ષકને બંદીપાલને તેને મળવા જ દીધો નહીં ત્યારે અમારામાંથી એક રાજ બંદીએ એ વાત બહાર લાવવાનું નક્કી કર્યું. એ અઠવાડિયામાં યોગાનુયોગે ચીફ કમિશનર પણ આવવાનો હતો. એટલે બંદીપાલ ગભરાયો. વિનવણીઓ કરવા લાગ્યો. પણ ચીફ કમિશનર સામે એ અત્યાચાર માંડતા એ હિંદુ યુવાન ગભરાયો નહીં. બંદીપાલની સારી એવી હાલત ખરાબ થઇ. આમ, પહેલાંના સામનાને કરાણે કોઠડીમાં થતી મારપીટ ઓછી થતી ચાલી હતી. આ નવા રાજશ્રીએ એને ફરી કાર્યરત કરવાનો પ્રયત્ન કરતા જ એને પણ આ થપ્પડ પડવાથી એણે પણ પાછું આવું દુષ્કૃત્ય કરવાનું સાહસ કર્યું નહીં. એ પછી જે વરસ દોઢ વરસ અમે ત્યાં વિતાવ્યું, એમાં બંદીવાનોની આવી વિના કારણે અને ક્રૂર મારપીટ થયાનું અમને યાદ નથી આવતું. આઠ વરસ પહેલાંની એ વસાહતોના, ''ઠીક કરો'' વાળા પોતે જ ઠીક કરવામાં આવ્યા. મારપીટનું આ અમને યાદ આવતું છેલ્લું ઉદાહરણ હતું, એટલે હેતુપૂર્વક અહી કહ્યું. એ પણ કહેવું આવશ્યક છે કે એ લોહી ઓકે ત્યાં સુધી મારવા છતાં પણ નહીં

ગભરાતા એ યુવાન હિંદુ બંદીવાને સાર્વજનિક ચળવળો કરવાનું છોડ્યું નહોતું. એની સજા ચૌદ વરસ પહેલાં જ પૂરી થી હતી છતાં પણ હું આવ્યો ત્યાં સુધી એ છૂટયો નહોતો, અમારી પાછળ એ બિચારાનું શું થયું એ તો ઈશ્વરને જ ખબર.

હિંદુ સંસ્કૃતિનું અભિમાન કરતા બંદીપાલ

એની આગળ બદલીઓ થતાં થતાં બારીસાહેબનો સાઢુભાઈ અને એ વસાહતોમાં પહેલાંથી અનેક પદ પર કામ કરી ચૂકેલો એક ગૃહસ્થ બંદીપાલ થયો. એ ગૃહસ્થનું નામ ડિગિન્સ હતું. કોઈપણ સારા મનુષ્ય માટે પણ એ આંદામાની કાયદાકીય ધોરણમાં સારું રહેવું શક્ય થતું નહોતું. તો પણ એવા દુષ્ટ ધોરણોવ્ચ્ચે પણ જેણે પોતાનો અધિકાર શક્ય તેટલી ન્યાયી રીતે ચલાવ્યો અને જેને કારણે, જેનું નામ બધા બંદીવાનો બારીસાહેબનું નામ જેટલા તિરસ્કાર સાથે લેતા એટલા જ કૃતજ્ઞ આદર સાથે લેતા, એવા એ ડિગિન્સ સાહેબ કારાગૃહમાં આવતાં જ બધાને આનંદ થયો. હિંદુ સંસ્કૃતિનું એમને અભિમાનહોતું. એ આયરિશ હતા અને ખાસ એ કે, એ થિઓસોફિસ્ટ હતા. બારીના મુખનું એક મુક્તાફળ પાછળ ઇંદુભૂષણની આત્મહત્યાના પ્રકરણે અમે આપ્યું જ છે કે, આ થિઓસોફિસ્ટના પુસ્તકોથી માણસ ગાંડો થઇ જાય છે. પરંતુ એ બારીનો સાળો થિઓસોફિસ્ટનાં પુસ્તકો વાચીને પણ ગાંડો થયો એવું કાંઇ લાગતું નહોતું. સરકારને પણ દેખાયું નહોતું. આ ગૃહસ્થ જ્ઞાનપિપાસુ અને સંસ્કૃત હતા. સરકારી કામો વ્યવસ્થિતપણે કરાવીને અને શિસ્ત યોગ્ય એટલી કડક રાખીને પણ બંદીપાલો સાથે માણસ તરીકે વર્તી શકાય છે, એટલું જ નહીં, કારાગૃહની સંસ્થાનો મુખ્ય હેતુ દંડિતોની આત્મિક, માનસિક અને નૈતિક સુધારણા જ હોવો જોઇએ, એ તત્ત્વાનુરૂપ દંડિતોની વસાહતો ચલાવી શકાય એ એમના વર્તનથી બને એટલું એમની હદમાં સાબિત કરી દેખાડતા. એના લીધે વરિષ્ઠ અધિકારીઓના અસમંજસનો કોપ પણ, ક્યારેક એમણે સહન કરવો પડ્યો.

કારાગૃહીય અનવેક્ષક (તપાસ) મંડળ

આ બદલીઓ અહીં ચાલી હતી ત્યારે ત્યાં હિંદુસ્તાનમાં એક 'કારાગૃહીય અનવેક્ષક મંડળ', જેલ કમિશન નિયુક્ત કર્યાના સમાચાર આવ્યા. આ અનવેક્ષક મંડળ સામે જે પ્રશ્નો હતા, એમાં આંદામાનની વસાહતોનું આગળ શું? એ પ્રશ્ન હતો. આ કારાગૃહીય મંડળની નિમણુક કરવામાં અને ખાસ તો આંદામાનની વસાહતોની સ્થિતિની તપાસ કરીને, એના ભવિષ્યનો વિચાર કરવાનો પ્રશ્ન પ્રમુખપણે તેમની સામે રજૂ કરવામાં અમારી આંદામાનીય ચળવળો અને સતત આઠ-નવ વરસ ત્યાંની દુર્દશાની કથાઓ હિંદુસ્તાનમાં અને વિશ્વમાં એકધારી પ્રકાશમાં લાવવાની જે ખટપટો ચલાવી એ વિશેષરૂપે કારણભૂત થઇ હતી, એ વિશે એમને જરાય શંકા થતી નથી. એ પણ અમને અને આંદામાનના બધા સુજાણ બંદીવાનોને ચોખ્ખું દેખાતું હતું કે, જો આ વખતે આપણા કષ્ટોની માહિતી સવિસ્તરપણે સામે ચાલીને આ અનવેક્ષક મંડળના કાને નાખવાની હિંમત કરી નહીં, તો આ વસાહત એટલે ભગવાને દુનિયાને આપેલો એક ઉપહાર હોઈને તેમાં હાલમાં સુધારવા જેવું બહુ કાંઈ ખરાબ છે જ નહીં, એવા મતના અધિકારીઓ, પોતાના મતની છાપ જ એ મંડળ પર પાડવાનું છોડશે નહી. અધિકારીઓમાં પણ અક-બે પ્રમુખ અધિકારીઓ, આંદામાનનાં હવાપાણી જ આરોગ્ય માટે હાનિકારક હોઈને ત્યાંના બંદીવાનોની વસાહતોનું ધોરણ પણ પુષ્કળ અંશે ઘાતક છે, એવો સ્પષ્ટ મત આપનારા હતા. પણ અધિકારી વર્ગ એવી ખટપટમાં વ્યસ્ત થયો કે, એ કારાગૃહ મંડળ આવતાં જ, એને પાછલા અત્યાચારોની બને એટલી ઓછી માહિતી મળે; જે મળે એ ખોટી પુરવાર કરવામાં આવે; અને એકંદરે, 'સબ ઠીક હે'નો ભાસ કરાવીને એને પાછું મોકલી દેવામાં આવે. એમણે જ્યાં-ત્યાં રંગકામ અને ટાપટીપ કરવાની શરૂઆત કરી. હા-જી, હા-જી

કરતા બંદીવાનોને શોધી શોધીને, એમને અધિકારીઓ વિરુદ્ધ કોઈ પણ ફરિયાદ અથવા કાગારોળ ના થાય, એવી બંદીવાનોની વ્યવસ્થા કરવા માટે નીમ્યા. સામે પક્ષે રાજ બંદીઓની આગેવાની હેઠળ બંદીવાનોએ જ નહીં, પણ લોકોએ પણ પોતપોતાની દુર્દશાનો કક્કો બને એટલું નિર્ભયપણે અનવેક્ષક સામે માંડવાની ગોઠવણ ચલાવી. જિલ્લા જિલ્લાઓમાંથી એકમતે, એક જ પ્રકારની માગણીઓ અને ફરિયાદ કરવામાં આવે એ માટે સંદેશાની અને લેખિત શિક્ષણની ટપાલો શરૂ થઈ. અનવેક્ષક મંડળ સામે બંદીવાનોની બધી બાજુ માંડવાનું કામ જુદા જુદા જિલ્લાઓમાંથી જુદા જુદા માણસો પાસે ભલે આપવામાં આવ્યું હતું, તો પણ એ બધાનું પ્રમુખપણે પ્રતિનિધિત્વ કરવાનું કાર્ય અમારે માથા પર લેવું એવો આગ્રહ વસાહતોના બંદીવાનોનો નહીં પણ ત્યાંના સ્વતંત્ર લોકોનો પણ વારંવાર થવા માંડ્યો. એમની માગણીઓ અમે જે ભાષામાં તથા જે પદ્ધતિએ નિર્ભયપણે કારાગૃહ મંડળ સામે રજૂ કરશું તેમ કોઈ કરી શકશે નહીં, એવો એમનો શ્રદ્ધાળુ વિશ્વાસ હતો. એ ઉપરાંત કારાગૃહ મંડળના મન પર અમારા કહેવાની જે અસર થશે અને એ માહિતીને જે મહત્તા આવવી અને એનું જે પરિણામ આવે તેની માહિતી તેના કરતાંય વધુ તીવ્રતા સાથે જો બીજા કોઈએ પણ કહી હોત તો પણ આવવું શક્ય ના થયું હોત, એવું આ બંદીવાનોના આગ્રહમાં રહેલું નિવેદન વસ્તુસ્થિતિ મુજબનું હતું. એટલે એ એકસરખો આગ્રહ જોઈને આપણે અ કામ પોતાના હાથમાં લેવું જોઈએ એવું મને પણ લાગવા લાગ્યું.
પરંતું બીજા પક્ષે એક મહત્ત્વની તકલીફ અમારી સામે હતી. આંદામાનમા બંદીવાને પોતાના વિશે લાગે તે નિવેદન અથવા ફરિયાદ કરી તો એકવાર એ ક્ષમ્ય ગણવામાં આવતું; પણે એનું બીજા બંદીવાનો વિશે કંઈ પણ બોલવું અથવા કોઈ બંદીવાનોનો પક્ષ લઈને એની વકીલાત કરવી એ એક અપરાધ જ ગણવામાં આવતો. એવું કરતાં જ તેને તરત એમ કહીને ચૂપ કરવામાં આવતો કે, બીજાથી તારે શું કરવું છે? તું પોતાના માટે જે બોલવું હોય તે બોલ. એમાં પણ એ સમયે હિંદુસ્તાનમાં રાજ બંદીવાનોને વિજયોત્સવ નિમિત્તે છોડવામાં આવે એ માટે ઘણી ચળવળો ચાલી હતી. કાઉન્સિલમાં પ્રશ્નોતરી થતી હતી. સરકારે હિંદુસ્તાનમાં અને ત્યાંના અધિકારીઓને આંદામાનમાં એવું સ્પષ્ટ જણાવ્યું કે, એવો છૂટકારો કરતી વખતે જે-તે રાજ બંદીઓના પ્રસ્તુત રાજકીય અને સાર્વજનિક વર્તન અને મન પ્રમુખપણે ધ્યાનમાં લેવામાં આવશે. એટલે અમારા અને અમારા બંધુઓના છૂટકારાનોપ્રશ્ન મુખ્યત્વે આંદામાનના અધિકારીઓના મત પરથી ઠરાવવામાં આવશે. કારણ અમારા મત અમે ગવર્નર જનરલને ભલે સ્પષ્ટ રીતે આવેદન થકી જણાવ્યા હોવા છતાં એ સ્પષ્ટ છે કે નહીં, અને સાચા છે કે નહીં, એ સરકાર આંદામાની અધિકારીઓની છૂપી નજરનાં ચશ્માં પહેરીને નક્કી કરશે. એમાંય અમારી આજ સુધીની સાર્વજનિક ચળવળો થકી આંદામાનના તત્કાલીન અધિકારીઓના અમે કેટલા પ્રિય થયા હતા એ જાહેર જ હતું. એવી સ્થિતિમાં આ ઉપરથી આવનારા કારાગૃહ મંડળ સમક્ષ વસાહતોનાં બધાં કાળાં-ધોળાં કૃત્યોની ઝડતી લેવી અને બંદીવાનો અને સ્વતંત્ર લોકો વતી અધિકારીઓનો પક્ષ તોડી પાડવાનું કામ આગેવાન તરીકે સ્વીકારવું એટલે એ વસાહતી અધિકારીઓના માપદંડ મુજબ અમે અત્યંત ગેરવર્તનીય અને મુક્તિ માટે ખૂબ જ અપાત્ર ઠરનાર હતા.

સ્પષ્ટ બોલવું એટલે બંદીવાસ વધારવો

એમાંય અમને એ સમાચારની પણ જાણ થઇ હતી કે, એ કારાગૃહ મંડળ એક વિશિષ્ટ હેતુથી રાજ બંદીઓની તપાસ પણ કરવાનું હતું. એ વાત એટલે, આંદામાનના અધિકારીઓનો એ વિશેનો રિપોર્ટ વાચીને અને જાતે મુખ્ય રાજ બંદીઓની તપાસણી કરીને કોણ છૂટવાને યોગ્ય છે અને કોણ અયોગ્ય એ હિંદુસ્તાન સરકારને જણાવવાનું કાર્ય હતું. અમે જો એ ચુનંદા અધિકારીઓથી ભરેલા કારાગૃહ મંડળ સામે આંદામાની અધિકારીઓના અને અર્થાત્ એમને સાથ આપનારા હિંદુસ્તાન સરકારના તત્કાલીન બંદીશાળા વિભાગના દુષ્ટ ધોરણો અને પીડાદાયી વ્યવહાર પર ટીકા કરી તો એ સાહસ પેલા સંભવિત

લોકો માટે અસહ્ય થશે એ દેખીતું હતું. એટલે, એક રીતે આવી આગેવાની કરવાનો અર્થ અમારા છૂટકારાના માર્ગની વધુ એક તક ગુમાવવા જેવું હતું. અને સામે પક્ષે જો આ રાજ બંદીવાનોનો, આખી વસાહતોનો અત્યાગ્રહ નહીં માન્યો તો આજ સુધી રાજ બંદીવાનોને, તેમાંના સેંકડો લોકોએ જે સહાય કરી છે અને આદર દર્શાવ્યો, એમનું ઋણ ના ચૂકવતા તેમના થતા છળનો અંત લાવવા માટે સામે ચાલીને આવેલી એક મહત્ત્વની તક ગુમાવવા જેવું હતું. એ દસ-બાર હજાર બંદીવાનો અને તેમની ન્યાયી ફરિયાદો! આટલા બધા લોકોનું દુ:ખ ખરેખરા છલનો માત્ર ઉલ્લેખ કરીને આવી તપાસના સમયે અદ્ધર ટાંગીને હું જો ખચકાયો તો એ તપાસ કરવા માટે સરકારને મજબૂર કરવાને કરેલા પોતાનો સાર્વજનિક પરિશ્રમ જ વ્યર્થ જવા દેવો એવું ના થયું ? કારણ આ તપાસ અમારા બધાના સતત પ્રયત્નોથી, સહન કરેલાં છળોથી અને કરેલા સામનાના પડઘારૂપે જ શક્ય થઈ હતી. બીજા કોઈએ પણ એ કથન કર્યું હોત તો એ એટલું અસરકારક થવાનું નહોતું એ અમને પ્રામાણિકતાથી, બીજા હજારો બંદીવાનોની જેમ જ લાગતું હોવાથી કારાગૃહ મંડળ સમક્ષ સાક્ષી આપવી અમને કર્તવ્ય લાગવા માંડ્યું.

આવી મુક્તિ વધુ અહિતકારી

આંદામાનમાં અમે અમારા વર્તનનું બિંદુ ઉપર જણાવેલાં આ બે અંતિમોની વચ્ચે અમે વચમાં રાખતા હતા. આંદામાનમાં જે કઈ રાષ્ટ્ર હિત સાધી શકાશે એ આટલું મહત્ત્વનું ક્યારેય નહીં હોય જેટલું મુક્ત થયા પછી હિંદુસ્તાન આવીને સાધી શકાય; પરંતુ એટલે મુક્તિ માટે ગમે તે વિશ્વાસઘાતી, નિંદનીય, નીચ અને દેશના અથવા જાતિના સ્વાભિમાનને કલંક લાગે અવું ખરાબ વર્તન તેના લીધે સમર્થનયોગ્ય ઠરશે નહીં. કારણ તેના લીધે થનારી મુક્તિ રાષ્ટ્ર માટે વધુ હિતકારક થવા કરતાં પોતાના દ્રષ્ટાંતથી વધુ અનીતિકારી અને રાષ્ટ્રઘાતક જ થનારી હતી. તો આવું વર્તન ટાળીને જો મુક્તિ મળવાની નિશ્ચિત તક મળતી હોય તો તે સાધવી. એ નિશ્ચિત તક મળે ત્યાં સુધી એ પરિસ્થિતિમાં જે કોઈ રાષ્ટ્રહિત સાધી શકાય એ સાધવાનો પ્રયત્ન કરતા રહીને દિવસ કાઢવાના. એમાંય જેમના પર સરકારનો આટલો ઉગ્ર દોષ અને વક્ર દ્રષ્ટિ નથી. ત્યાં સુધી એમની પાસેથી એ કૃત્યો કરાવવાનાં. જ્યારે આપણા સિવાય એ પરિસ્થિતિમાં શક્ય હોય એટલી સાર્વજનિક ચળવળો કરવાને બીજું કોઈ એટલું ઉત્સાહી અને સક્ષમ ના હોય ત્યારે એ કાર્ય પોતે કરવાનાં. મુક્તિની શક્યતા દેખાતા આમ સંતાઈ જવાનું નહીં. પણ એ જો નક્કી શક્ય ના હોય અને નર્યા આશાવાદભર્યા ભોળપણથી, ''નહીં, તો છોડશે નહીં,'' એવું કહેતા આંદામાનમાં પોતાના લોકોનાં થઈ રહેલાં છળ નિરપેક્ષ થઈને જોતા પણ બેસવાનું નહીં. કારણકે છેવટે તો અમારા છૂટકારાનો આધાર આંદામાનના અમારા વર્તન પર જેટલું અવલંબિત હતો એના કરતાં એ હિંદુસ્તાનના રાજકીય વાતાવરણની ગરમી પર અનેકગણો વધાર અવલંબતો હતો, એની અમને બરાબર જાણ હતી. હિંદુસ્તાનનું વાતાવરણ જ્યાં સુધી રાજકીય બંદીવાનોને છોડવા માટે ચલાવેલી ચળવળોથી અને લોકમત માટે કોઈક રાજકીય મહત્તા પ્રાપ્ત થવા જેટલું સંતપ્ત થયું નહોતું, ત્યાં સુધી બ્લકુલ ''બારીવાક્યં પ્રમાણં'' કહીને બેઠા રહેલા અને કોઈપણ સાર્વજનિક કાર્યમાં નહીં ઝંપલાવવાવાળા જે રાજ બંદીઓ હતા એ પણ મારી જેમ ત્યાં સબડતા પડ્યા હતા. જે સરકાર તેમને 'સમજદાર' ગણવા માંડી હતી, અને બીજા કરતાં થોડી ઘણી સગવડો વધુ આપવા માંડી હતી એ પણ જ્યારે બીજાઓની ચળવળો અધિકારીઓના કઠોર વર્તનનો વિરોધ કરવા માંડી ત્યારે જ. બીજા ધૃષ્ટ થયા નહીં હોત તો આ સમજદારો પણ 'સુશીલ' છે એવું સરકારને લાગ્યું ના હોત. રાજ બંદીવાન વર્ગનો છૂટકારો કારાગૃહના એમણે ગમે તેટલું ગાયપણું સ્વીકાર્યું તો પણ, માત્ર એટલા માટે કરવાને સરકાર ભોળી નહોતી. એ ભોળી થાય તો મુખ્યત્ત્વે કરીને હિંદુસ્તાનના રાજકીય દાવપેચ માટે એ એક પેચ અનુકૂળ થશે, એવું લાગવા જેટલો લોકમત પ્રબળ થશે ત્યારે જ! એની પણ અમને કારાગૃહીય નહીં પણ ઐતિહાસિક અનુભવથી પણ પાકી રીતે ખબર હતી.

આ અમારા હંમેશાંના ધોરણ પ્રમાણે અમે મધ્યમ માર્ગ સ્વીકાર્યો. હજારો બંદીવાનોનું છળ આપણા જેટલી અસરકારક કોઈ જણાવી શકશે નહીં, એટલે અમે કારાગૃહ મંડળ સમક્ષ સાક્ષી આપવાનું નક્કી કર્યું. પરંતુ સામે ચાલીને આગળ ના જતાં, એ કારાગૃહ મંડળ જો આપણી પાસે વસ્તુસ્થિતિ પૂછવા સામે ચાલીને આવે તો એ કહેવી અને પોતાનાથી જે વાતો પૂરેપૂરા સત્ય તરીકે સાબિત કરી શકાય એટલી જ કહેવી એવું અમે નકકી કર્યું. એમણે પૂછ્યા પછી સત્ય એ કહેવા માટે પણ જો સરકાર અમને ધૃષ્ટ ગણીને છોડવાની ના હોય તો ગમે તે નિમિત્તે છોડવા જ નહોતા - આ નહીં તો પેલું બહાનું કાઢશે - એ જ અનિવાર્ય હતું. તો પછી આમ કે તેમ રીતે છૂટકારો થવાનો જ ના હોય તો હજારો બંદીવાનોનું અને ખાસ તો રાજ બંદીવાન વર્ગનું શક્ય એટલું હિત નહીં કરવું, એટલે કર્તવ્યમાં ચૂકવું એવું અમને લાગતું.

છેવટે જ્યારે કારાગૃહ મંડળ આંદામાનમાં આવ્યું ત્યારે એ અપેક્ષા પ્રમાણે જ, વ્યવસ્થિતપણે અમારા માટે પૂછપરછ કરતાં અમારી કોઠડીમાં જ આવ્યું. એમાં મુંબઇના કારાગૃહ વિભાગમાં આજીવન સત્તા ગજવનારા જેકસન સાહેબ પણ હતા. પાનગલના રાજા અને બીજા ઉચ્ચ પદના લોકો હતા. એમણે આંદામાનની વસાહતોની, કારાગૃહીય વ્યવસ્થાની, રાજ બંદીવાનોના વર્ગની ચર્ચા સામે ચાલીને પ્રશ્નોત્તરીના પ્રવાહમાં કાઢી. ત્યારે અમે એ વિષયની યથાસ્થિત માહિતી એમની સામે માંડી. એમાંથી એક-બે નાની વાતચીત ધોરણ ધ્યાનમાં આવે તે માટે નીચે આપીએ છીએ.

જડબાતોડ અને તર્કશુદ્ધ જવાબો

રાજ બંદીવાનો પર થયેલા અનેક અત્યાચારોની કર્મકથા જે આ પુસ્તિકામાં અત્યાર સુધી વર્ણવી છે એ એમાં ભાનસિંહ સાથેની મારપીટની માહિતી પણ અમે કહી. ત્યારે એ વાતચીતમાં ગોરા સભાસદો કરતાંય વધુ ઉદ્ધતાઈ અને ગુસ્સા સાથે અધિકારીઓના પક્ષનું સમર્થન કરનારો, એક હિંદી સભ્ય બોલ્યો, ''પણ ભાનસિંહના શરીર પરના ઘા, મારપીટથી જ થયા છે એવું તમને શેના પરથી લાગ્યું ?''

હું : એ આપોઆપ થયા તેવું ધારતા અવ્હ્યું નહીં એટલે.

કારાગૃહ મંડળના બીજા સભ્ય : એ દાદરા ઉતરતી વખતે ચક્કર આવીને પડ્યો હશે. એના લીધે આ ઘઆ થયા. તમે મારપીટ વખતે ત્યાં હાજર નહોતાને ? તો સાંભળેલી માહિતી શા કામની ?

હું : પણ તમે કહો છો તેમ ભાનસિંહ દાદરા પરથી પડ્યો ત્યારે તમે પોતે ત્યાં હતા કે ? નહીં ! તો પછી તમને પણ આ સંભાળેલી માહિતી કોઇએ જણાવી છે, તો એ પણ કોઇ કામની નથી. ખાલી મારી બીજી માહિતી કરતાં એ વધુ અનિશ્ચનીય. કારણ એ ઘટના થઈ ત્યારે તમે દરિયાપાર હિંદુસ્તાનમાં હતા. અને હું, આ અહીં ભીંતને પાર હતો. મે એ બૂમાબૂમ, મારો-મારા, વગેરે અવાજોની દોડધામની ગડબડ પ્રત્યક્ષ સાંભળી અને જોઇ, અને સાવ ત્યાં જ હોય એવા અનેક જણે પાંચ મિનિટની અંદર મને એ માહિતી આપી.

સભ્ય : અમને અધિકારીઓ એ એ માહિતી આપી.

હું : અને મને એ પ્રસંગે હાજર રાજ બંદીઓએ આપી. એ રાજ બંદીઓ અધિકારીઓ કરતાં ઓછા વિશ્વસનીય છે એવું મને લાગતું નથી. અહીંના કારાગૃહના નીચલા અધિકારીઓ જ આંગળીચાળો કરનારા હોવાથી એટલે તેમનું ઘટના વિકૃત કરીને કહેવું વધુ શક્ય છે; અને વરિષ્ઠ અધિકારી ઘટનાસ્થળે પોતે નહોતા. એ ઉપરાંત મેં ભાનસિંહના શરીર પર છડીનાં નિશાન હોસ્પિટલમાં જાતે જોયા હતા.

પછી મારા મતસંબંધે આમ-તેમ ચર્ચા કરતાં એક જણ બોલ્યો - પણ તમને કારાગૃહની બહાર છોડ્યા તો તમે શું કરશો ?

બીજો સભ્ય હું જવાબ આપું એ પહેલાં જ વધારે પડતું હસતાં બોલ્યો, ''રાજદ્રોહ ફેલાવવાનું કામ પાછું શરૂ કરશે!'' મેં કહ્યું- ''તમે પોતાને અંતરધ્યાની ગણો છો તેવું લાગે છે. નહીં તો મારા મનમાં શું છે એ જણાવવા માટે તમે આગળ ના થયા હોત. અચ્છા, તમે જેમ કહો છો તેમ રાજદ્રોહ ફેલાવવાનું કામ મેં પાછું શરૂ કર્યું તો મને તમે પાછા પકડી શકશો. આગળ કોઇ ચોરી કરશે એટલે આજે એણે કંઇ પણ ના

કર્યું હોવા છતાં આ કારાગૃહમાં કોઇને એના બીજા સાથીદારથી અને તમારા જ નિયમ વિરુદ્ધ એને ગોંધી નાખશો કે શું ? તમારા નિયમના આધારે જ મને કારાગૃહની બહાર છોડવો ન્યાય છે. મારા પર આ પાંચ વરસમાં એકપણ ખટલો દાખલ નથી થયો. મારા કરતાં કોઠડી છોડી ભાગી જવાનો અપરાધ જેમણે કર્યો એમને પણ તમે કારાગૃહમાં એક વરસથી વધુ ગોંધી રાખતા નથી. કારાગૃહની જ શી વાત કરું ? હિંદુસ્તાનમાં પણ જો મને મુક્ત રીતે છોડવામાં આવ્યો તો ત્યાં પણ હું નક્કી થયેલી શરતો પ્રામાણિકતાથી પાળીશ. રાજકારણ કરવા ના દેતા હોવ તો બીજી રીતે દેશ અને માનવ જાતિની સેવા કરીશ. હિત કરવા માટે ઝઝૂમીશ. અચ્છા, મેં આ વચન તોડ્યું તો તમે મને પાછો જન્મટીપ પર મોકલી શકશો. તમારો કાયદો અને શક્તિ એટલી સૂક્ષ્મ, પ્રબળ અને સર્વસીક્ષી છે જ.''

સભ્ય: એવું કહી શકાય તેમ નથી. કારણ તમે કાયદાની મર્યાદામાં આવ્યા નહીં તેથી કાયદા તોડતા જ નથી એનું સાબિત નથી થતું. રાજદ્રોહના ખટલામાં નહીં સપડાયા તો પણ તમે રાજદ્રોહ નહીં કર્યો હોય એવું કહી શકાશે નહીં.

હું : અને કર્યો જ છે એવું પણ નહીં કહી શકાય. જ્યાં સુધી કોઈને ચોરી કરતા પકડતા નથી, અથવા કાયદાકીય (Legal) શંકા આવે નહીં ત્યાં સુધી કોઇને પણ ચોર કહેવાનો તમને અધિકાર નથી. એ જ સ્થિતિ રાજદ્રોહની પણ. મેં મારા મત ગવર્નર જનરલ સુધી અનેકવાર પહોંચાડ્યા છે. વૈધ (Constitutional) ઉપાયોથી આ મળનારી સુધારણાઆથી થોડુંઘણું સાર્વજનિક રાજકીય હિત સાધ્ય થશે. એ હું સાધું છું કે એ પ્રયત્ન જ કાનૂની માર્ગે સાધવા ઇચ્છું છું. જો સુધારણાંઓનો આવો ઉપયોગ થતો ગયો અને આગળની સુધારણાઓનો માર્ગ ખુલ્લો થયો તો કોઈપણ રાજક્રાંતિકારી આ કાનૂની અને શાંતિના માર્ગે જ દેશહિત સાધવા માટે પ્રયત્ન કરશે. જાણી જોઇને રક્તપાત અને પ્રાણઘાતક થવા માટે પ્રવૃત્ત થાય તેટલો મનુષ્ય પોતાના જીવથી કંટાળેલો નથી હોતો. અમે નિરુપાય થયા, ત્યારે એ ભયંકર માર્ગ અપનાવ્યો. હોંશ હતી એટલે નહીં. અને હા, રાજકારણમાં હું યોગ્ય માર્ગે જ જઇશ એવો તમને તમારી વાતો પરથી વિશ્વાસ ના બેસતો હોય તો હું રાજકારણમાં જરાય - એક નક્કી કરેલા સમય સુધી ઝંપલાવીશ નહીં એવું પણ હું લેખિત આપવા માટે તૈયાર છું. હું જ શું, મારા બીજા સ્નેહીઓ પણ આપશે. ત્યારે આવી શરતો પર તો રાજ બંદીવાનોની મુક્તિ થવી જોઈએ. રાજકારણ સિવાયના માર્ગે પણ અમે પુષ્કળ લોકસેવા અને સાહિત્યસેવા કરી શકશું. શું એ પણ બંધ કરશો ? આ આટલા પ્રામાણિક આત્માઓ અને શક્તિઓ આ પથ્થરની ભીંતો પાછળ શું કામ રાખો છો ? આયર્લેન્ડના બળવાખોરોને દસ વાર છોડ્યા. એમણે દસ વાર શરતો તોડી તો પણ એમણે પાછું વચન આપતાં જ અગિયારમી તક તમે આપી - તો પછી અમારા પર એકવાર તો વિશ્વાસ રાખીને કેમ જોતા નથી – એકપણ તક અમને કેમ આપતા નથી ?

આ સુરમાં કલાક-દોઢ કલાક વાતચીત ચાલી. આંદામાનના કારાવાસનાં બધાં ભયંકર સ્વરૂપ અને જંગલકામ, રબરકામ, વગેરે કામોમાં બંધીઓની થતી અસહ્ય પીડાની વાત કરી. એ આ ગ્રંથમાં આપેલી જ છે, એટલે ફરી કહેતો નથી.

એ પ્રમાણે જ એકંદરે દંડવિજ્ઞાન અને શિક્ષાવિજ્ઞાનનું, (Criminal Law and Penollogy) મૂળ ધ્યેય, અને વ્યવહાર, કેવો હોવો જોઇએ અને છે, તેમ જ કારાગૃહ મંડળનું કાર્ય, ઇંગ્લેન્ડથી માંડીને બોર્સ્ટલ સુધીનાં મંડળથી લઈને અમેરિકા વગેરે ઠેકાણાંઓના નવા નવા પ્રયોગો વિશે પણ કારાગૃહ મંડળે અમારી સાથે ચર્ચા કરી. પછી એનો સુસંગત સારાંશ એક આવેદનપત્રમાં લખી મોકલવાનું કહીને પ્રતિનિધિમંડળ ગયું.

અમારી જેમ જ રાજ બંદીવાનોમાંથી હજી બે-ચાર અરજી એમણે મગાવી હતી. બહાર પણ જિલ્લા જિલ્લાઓમાંથી અમારી નક્કી થયેલી પદ્ધતિની ભાષાથી જુદા જુદા આગેવાનોએ પત્ર મોકલ્યા. એટલે એના પર પૂરતી ચર્ચા કરી શકાઈ. રાજ બંદીવાનોનાં એક-બે આવેદનપત્રો ખૂબ નિર્ભય હતાં. બધાની માગણી એક જ હતી, આંદામાનની વસાહતો જેવી છે તેવી રીતે ચલાવવાનું તત્કાળ બંધ કરવું એવો

તેમાંથી અવાજ ઊઠ્યો. મોટાભાગના તો આંદામાનની વસાહત કાયમ માટે બંધ કરવી એવી માગણી કરતા હતા. બંગાળીમાં પ્રમુખ લેખ અને અવાજ ઊઠ્યા. કારણ વસાહતો બંધ કરવી અને વસાહતોનું એ સ્વરૂપ બદલવું, એમાંનો ફરક, ત્યાંની ઝીણામાં ઝીણી માહિતી અથવા તેનું યથાર્થ સ્વરૂપ, કોઈને ખબર નહોતાં. અને એ સુક્ષ્મ ફરક ત્યાંના બંદીવાનો તત્કાળ ગ્રહણ કરી શકતા નહોતા. એટલે આંદામાનની વસાહતો જ તોડો, એ ભાષણનો બરાબર અર્થ એ ગડબડમાં વ્યક્ત થયો નહીં. તો પણ અમારા આવેદનપત્રમાં એ પ્રશ્નનું નિર્દેશન કર્યું છે. એ ફરકને કારણે આગળ બંદીવાનોની સાધારણ પ્રવૃત્તિનો અમારે તીવ્ર વિરોધ કેવી રીતે કરવો પડ્યો એ આગળ સ્પષ્ટ થશે જ. અમારા આવેદનપત્રમાં પણ કારાગૃહ સંસ્થા અને શિક્ષાવિજ્ઞાનના ધ્યેય અને વ્યવહાર વિશે ચર્ચા કરી હતી એ રૂપરેખા નીચે આપી છે.

કારાવાસની વ્યવસ્થા કેવી હોવી જોઇએ ?

‘‘શિક્ષાવિજ્ઞાનનું ધ્યેય દંડિતોનું આત્મિક, માનસિક અને શારીરિક સુધારણાનું હોવું જોઇએ. બદલો લેવો એ નહીં. એ નૈતિક સુધારણાઓને શક્ય કરનારા અને નૈતિક અધોગતિને રોકનારા એક પરિણામકારી સાધન તરીકે જ એનો યથાપ્રમાણ અને અત્યાવશ્યક એટલું બદલો અને શાસનનું અવલંબન લેવું જોઇએ.’’

હજી સુધી મનુષ્ય સ્વભાવમાંથી ક્રૂર પ્રવૃત્તિનો સમૂળગો અંત ના થવાથી અને દંડના ભયથી, નીતિભય કરતાં અનેક મનુષ્ય એકંદરે વધુ સંયમમુક્ત રહીને સામાજિક બંધનો પાળે છે. આ અનુભવ એક પછી એક થતો હોવાથી અપરાધીને, અપરાધની અપેક્ષિત સુખ માટે અપરાધ કરવાને લીધે વધુ દુઃખ થાય છે, પોતાને ડર લાગે એટલો દંડ આપવો આવશ્યક છે. પણ એ વ્યક્તિને આધારે અને પરિસ્થિતિ અનુસાર વધુમાં વધુ કઠોર હોવો જોઇએ. કોરડાની અથવા ફાંસીની સજા ભલે આજે સાવ પ્રતિબંધિત ના માની શકાય પણ જે વ્યક્તિને બીજી કોઈ રીતે સુધારી શકાય નહીં, તેને એ સજા આપવામાં આવે.

જે સજા પામે તેમની નાની ઉંમર, સુધરવાનો સ્વભાવ, અપરાધો માટેનો પશ્ચાતાપ, અપરાધીને અથવા સજા પામ્યાની સંખ્યા, વગેરે રીતે વર્ગીકરણ કરવું. અને તેમની સુધરવાની અથવા નહીં સુધરવાની દંડનીય અથવા દયનીય (To be pitied), એવી જુદા જુદા વિભાગમાં વહેંચણી થવી જોઇએ. તેમનામાં બને તેટલું હળવુંભળવું થવા દેવું નહીં. સુધરવાને યોગ્ય અથવા દંડનીય વર્ગમાં અવરોધ એક જ પ્રકારના હોય તો પણ, સૌમ્ય શાસન નીચે રાખવા, અને સામેના વર્ગને કઠોર અને કડક શાસનમાં રાખવો. સુધારણા પ્રમાણે આ વર્ગમાંથી એ વર્ગના અથવા એ વર્ગમાંથી આ વર્ગમાં નાખવા જોઇએ.

દંડિતો પાસેથી કામ કરાવી કારાગૃહીય સંસ્થાની આર્થિક સ્થિતિ સુધારવી જોઇએ, અથવા અર્થપ્રાપ્તિ થવી જોએ, એ મુખ્ય ઉદ્દેશ ક્યારેય ના હોવો જોઇએ. પણ એ હતા એનથી સારા નાગરિક બનાવીને મુક્ત જગતમાં પાછા તેમને છોડી શકાય, એવું શિક્ષણ અને સખ્તી કરવી જોઇએ. આંદામાન જેવા ઠેકાણે શિક્ષણ ના લેવાની પરોક્ષ સખ્તી હતી એ તો ફક્ત શેતાની વૃત્તિની જ પ્રેરક હતી. બંદીવાનો પર કામની સખ્તી કરતાં શિક્ષણની સખ્તી કરવા જોઇએ. શિક્ષણ ખાસ તો સામાજિક સદ્‌ગુણ અને માનસિક નીતિમત્તા વિકસાવનારું હોવું જોઇએ.

ખાસ તો, વીસ-બાવીસ વરસ સુધીના ગુનેગારો ક્યારેય સુધરી શકવાના નથી એવું ના સમજવું જોઇએ. પછી તેમનો કાયદાકીય (Legal) અપરાધ કોઇપણ કેમ ના હોય. ભાવિ નાગરિકોને કહી શકે તેવા નિર્ધારથી વ્યક્તિ-સ્વભાવ પ્રમાણે કડક અથવા સૌમ્ય શિસ્ત મુજબ તેમને શિક્ષણ આપવું જોઇએ. સમાજ માટે ઉપયોગી અને તેમના ચરિત્ર માટે પોષક એવા વ્યવસાય એમને શીખવવા જોઇએ. રાષ્ટ્રીય અને માનવીય ગુણ તેમનામાં વિકસે તે માટે મદદરૂપ થનારા મનોરંજનની - સંગીત, ફિલ્મો વગેરેની પરવાનગી પણ વચવચમાં આપવી જોઇએ.

અર્થાત્ તેમની સ્થિતિ હંમેશાં માટે એટલી કષ્ટદાયી હોવી જ જોઇએ, કે તેમને કારાગૃહ બહારની દુનિયા કરતાં વધુ ત્રાસદાયી અને દુઃખદ લાગે. પણ એ દુઃખદ સ્થિતિ પોતે જ પોતાના પર વહોરી લીધી છે અને નિયમ મુજબ વર્તી, સામાજિક સદ્‌ગુણ શીખી લેશું તો શક્ય તેટલા જલ્દી પોતાને ફરી એ સમાજમાં સ્વતંત્રપણે સુખ માણવા મળશે એવી ખાતરી અને જાણ તેમનામાં જગાવવી. અને અનુભવને અંતે એ યર્થાથ છે તેવી પ્રતીતિ તેમને થવી જોઇએ.

અમુક વંશમાં પાપની વૃત્તિ જન્મજાત હોય છે એ તત્ત્વ ખૂબ ઉત્કટ રીતે દેખાઈ આવશે. એવી વિશિષ્ટતા પર ઉદાહરણ પૂરતું અવલંબન રાખવું. સાધારણપણે એ સાબિત કરવા માટે જેટલા પૂરાવા જોઇએ તેનો સોમો ભાગ પણ હજી મળ્યો નથી. ઊલટા પૂરાવા જોઇએ તેટલા મળે છે.

ઉપરની રૂપરેખા સાવ ત્રુટક દીધી હોવાથી તેમાંના અમુક મુદ્દા શંકાસ્પદ લાગશે, પણ અમે સામસામે થયેલી ચર્ચામાં એ વિગતવાર જણાવ્યા હતા. આંદામાન વિશેનું અમારું ધોરણ અમે એવું દર્શાવ્યું કેઃ-

હવાપાણીની દ્રષ્ટિએ આંદામાન હમણાં ભલે આરોગ્યપ્રદ નથી પણ પ્રયત્નો થકી એ આરોગ્યપ્રદ થઈ શકશે. રહેણીકરણી અને વ્યવસ્થા સારી હોય તો આંદામાનમાં આજે પણ દીર્ઘાયુષી અને તંદુરસ્ત પ્રજા વિકસી શકે છે. ઉદાહરણાર્થે અંગ્રેજ વગેરે ત્યાં સારા એવા તંદુરસ્ત રહી શકશે.

જે લોકોના સ્વભાવમાં અપવાદરૂપ ક્રૂરતા દેખાઈ આવે, અથવા સામાજિક નિયમ જેમણે વારંવાર તોડ્યો હોવાથી સભ્ય સમાજમાં જેઓ રહી શકતા નથી તેવા લોકોને હિંદુસ્તાનની જેલોમાં વ્યર્થ કમોતે મારવા કરતાં તેમને આંદામાન જેવા બેટમાં રહેવાની ફરજ પાડવી અને કડક શિસ્ત હેઠળ સામાજિક કાર્ય કરવા લગાડવા એ રાષ્ટ્રીય દ્રષ્ટિએ આવશ્યક છે. તેના લીધે તેમના જીવનની કાંઇક તો સામાજિક સાર્થકતા થશે. તેમનું અંગત જીવનપણ તેમને વધુ સુખમય અને સુધરેલું લાગશે. કારણ સભ્ય જગતના સૌમ્ય કાયદાઓ વચ્ચે ભલે તેમને રહેતા ફાવ્યું નહીં પણ તેમની ઉદ્દંડ પ્રવૃત્તિને મુશ્કેરાટ બાંધે તેવી કડક શિસ્તમાં તેમને સમાજ તરીકે રહેવું ફાવશે. એકદમ ક્રૂર તરીકે કુખ્યાત એવા સ્વાર્થાંધ લોકો પણ કારાગૃહીય કડક શિસ્તમાં મોળા પડીને નરમ પડ્યાના સામાજિક નિયમ પાડનારા થયેલા દેખાઈ આવે છે. આવા લોકોને વસાહતોમાં લગ્ન કરવા દઇને, વેપાર કરવા દેવાથી તેમની શક્તિ પણ સમાજની દ્રષ્ટિએ સફળ થશે. તેમનો બોજો સમાજ પર પડશે નહીં. હિંદી કારાગૃહમાં ૧૪-૧૪ વરસ ગોંધી રાખીને આટલા લોકોને સંતતિ વિહીન કરવાથી રાષ્ટ્રનું સંખ્યાબળ ઘટે છે. તે જ વસાહતોમાં સ્ત્રી-પુરુષોને કડક શિસ્તમાં સંસાર વસાવવા દેવાથી વધશે. કેનેડા અને ઓસ્ટ્રેલિયા વગેરે વસાહતો આવા જ ઉદ્દંડ અપરાધીઓની સંતતિથી આજે વિકસી છે. એ સિવાય સભ્ય અને સુધરેલા દેશોમાં જે લોકો ઉદ્દંડ લાગે છે, એમની એજ ઉદ્દંડ ક્રૂરતા અને એમનો કઠણ સ્વભાવ, જંગલી અને ઉગ્ર લોકોએ આક્રમણ કરેલા ઉજ્જડ ભાગને ઉપજાઉ અને સુધરેલો કરવા માટે આવશ્યક હોય છે. એટલા માટે આંદામાન જેવા ટાપુ પર વસાવવાના કામે આ બંદીવાનોનો ઉપયોગ કરી લેવાથી એક નવી વસાહત હિંદુસ્તાનને મેળવી આપવાનું મહત્ત્વનું કાર્ય એમણે અને આપણે કર્યા જેવું થશે.

એ કારણ માટે અમે આંદામાનની વસાહત બંધ કરવી એવા મતના નથી પણ એ વસાહતોનું હમણાંનું જંગલી અને ક્રૂર ધોરણ અને ત્યાંના કાયદા બદલવા, એવો મત ધરાવીએ છીએ. આંદામાનમાં, ‘કામ કરાવી લો’ એ ધ્યેય ના હોવું જોઇએ. આ ધ્યેય બદલવું જ જોઇએ. પણ આંદામાનમાં આવેલા બંદીવાનોની સાથે વ્યક્તિ તરીકે અને વર્ગ તરીકે એવું વર્તન કરો કે એ અને એમની સંતતિ ઉત્તમ નાગરિક થાય અને હિંદુસ્તાનની સંસ્કૃતિ અને સમાજને આ વસાહત તેઓ એક નવી વસાહત તરીકે અર્પણ કરે.

અમે કહીએ તેવું કરવાથી આંદામાનનું મહત્ત્વ અથવા એને વસાવવા માટે આજ સુધી થયેલો કરોડો રૂપિયાનો ખર્ચ વ્યર્થ થશે એવો જે અધિકારીઓને ડર છે, એમને પણ એવો ડર લાગવાનું કારણ રહેશે નહીં. એટલું જ નહીં, પણ આંદામાનનું મહત્ત્વ કલ્પના બહાર ઊલટાનું વધારવા માટે જ આ વ્યવસ્થા કલ્પના બહાર કારણભૂતબનશે.

જે દિવસે અમે આંદામાનમાં પગ મૂક્યો એ દિવસથી અમને એવું લાગે છે કે હિંદુસ્તાન માટે આંદામાન એક જળદુર્ગ છે. આજે નહીં તો કાલે અહીં વિમાનિક અને સમુદ્રી થાણાં સ્થાપવામાં આવશે અને પૂર્વના રાજકીય મહત્ત્વકાંક્ષાઓના અન્યાયી આક્રમણ ક્યારેક જો હિંદુસ્તાન પર થયાં તો એને સમુદ્રી અને વિમાનિક રણનૌકા અને વિમાનોથી પહેલો પરાજય આંદામાનનો દુર્ગ આપશે. પછી હિંદુસ્તાનનો કિનારો. આવા અને બીજા વિચાર ભેગા કરીને તૈયાર કરેલું આવેદનપત્ર અમે કારાગૃહ મંડળને મોકલ્યું. અમારી સાથે થયેલી ચર્ચામાં, અને આવેદનપત્રમાં અમે આંદામાનની જળદુર્ગ તરીકે વર્ણવેલી યોગ્યતા અને ભવિષ્ય સાંભળીને કારાગૃહ મંડળના કેટલાય જણ, કંઈક નવું જ સાંભળ્યું હોય તેમ ચમક્યા. અમુક લોકો વિચિત્ર સાંભળ્યું હોય તેમ હસ્યા. પણ એની અસર રહી જાય તેટલી એ સૂચનોની છાપ એમના પર પડ્યા વિના રહી નહીં. કારણકે એ પછી કેટલાય મહિનાઓ સુધી અમારા પર્યવેક્ષક પાંચમા ક્રમાંકમાં દેખરેખ માટે આવતા ત્યારે સમુદ્ર તરફ આંગળી ચીંધીને મજાકમાં મને કહેતા કે, ''પેલું જુઓ સાવરકર, આંદામાનના તમારા ભાવિ જળદુર્ગની નૌકાઓ અહીંતહીં પહેરો આપે છે જુઓ!'' હું હસીને કહેતો, એ તમને કે મને કદાચ જોવા નહીં મળે પણ કદાચ આપણા છોકરાઓ જોઈ શકશે.

આ વાત ૧૯૧૯-૨૦ના સમયે થઈ. એ વખતે આપણા છોકરાઓને દેખાશે, એવી મેં જે આશા વ્યક્ત કરી હતી, એ વાત લગભગ અમારા પર્યવેક્ષક અને અમને પોતાને દેખાશે એવી શક્યતા આજે, એટલે કે ૧૯૨૬માં જન્મી છે. કારણ પરમદિવસે જ નવેમ્બરના એક પત્રમાં વાચ્યું કે, ''પછી આંદામાન ટાપુનો ઉપયોગ અપરાધીઓની વસાહતો માટે જ ઉપયોગ નહીં કરતાં એનો સ્વાવલંબન માટે સમર્થ એવી વસાહત વનાવવા માટે અને નૌસેના, આરમાર વિભાગના અને ટેલિગ્રામની દ્રષ્ટિએ આ ટાપુની જે ઉપયોગિતા છે તેનો લાભ લેવા માટે વરસે સાડાચાર લાખ રૂપિયા ખર્ચ કરવાનું હિંદુસ્તાન સરકારે ઠરાવ્યું છે.''

આ વિશે અહીં એટલું જ કહેવું પૂરતું છે કે અમે ૧૯૧૦માં આંદામાનમાં પગ મૂકતાં જ અમારી માહિતી પ્રમાણે પહેલાં કોઈને પણ મુખ્યત્ત્વે નહીં ગળે ઊતરેલી યોજના જે અમારા ધ્યાનમાં આવી હતી અને જેનું સમર્થન અમે મૌખિક અને લેખિત રીતે આજ સુધી કરતા આવ્યા છીએ, તે અંતે ફળીભૂત થઈ રહી છે. આ સમાચાર જો સાચા હશે તો એનો અમને આનંદ જ છે. પરંતુ આંદામાનને સમુદ્રી અને વિમાનિક સ્થળ કરવાના પાકા નિર્ધાર માટે ત્યાંની અપરાધીઓની વસાહત બંધ કરવાનો કોઈ કારણ હોય તેવું અમને લાગતું નથી. ઊલટાનું, એ વસાહત એવી જ. પરંતુ મૂળે રાટ્રીય અને સુધારણાઓને આધારે ચલાવવી એ આંદામાનની સમુદ્રી અને સૈનિકશક્તિ માટે કાયમ અનુકૂળ જ સાબિત થશે, એવો અમારો મત છે.

પ્રકરણ આઠમું

રાજ-ક્ષમા અને રાજ બંદીવાનોમાંથી સેંકડો બંદીઓની મુક્તિ

કારાગૃહ મંડળ ગયું. અમારી સાથે થયેલી ચર્ચાનું અને અમારા આવેદનની એના સભ્યો પર ખાસ્સી અસર થઈ એમાં કોઈ શંકા નથી. આખી ચર્ચામાં, ''જો સુધારણા સફળ થતી ગઈ તો ક્રાંતિકારીઓ શાંતિપૂર્ણ માર્ગ અખત્યાર કરશે,'' એવું અમારું જે વલણ દેખાયું, તેમાંના અમારા, જો-તોના ગુસ્સાને અને શંકા કરીને અમને છોડી મૂકવાની ભલામણ કારાગૃહ મંડળે સરકારને કરી નહીં.

છતાં પણ હજારો બંદીવાનોના કલ્યાણ માટે આપણાથી જેટલું શક્ય હતું તેટલું આપણે કર્યું અને એ પણ સરકારને પોતાની મુક્તિ માટેનું કોઈપણ ન્યાયી અને સમજદારીભર્યું કારણ નહીં આપતાં, એ ભાવનાએ અમને આત્મ-પ્રસન્નતાના સુખની અનુભૂતિ કરાવી.

પેલી તરફ આવવા-જવાની ગડબડની આગળ-પાછળ જ હિંદુસ્તાનમાં રાજ બંદીવાનોના પ્રશ્નને એકદમ રાજકીય સ્વરૂપ દેનારી એક ઘટના બની, અને એ એટલે રાજ બંદીઓની મુક્તિ કરવા માટે

મુંબઈના ''રાષ્ટ્રીય સંઘે''
- નેશનલ યુનિયને -
મોકલાવેલું સત્તર હજાર સહીઓનું આવેદન !

એ હતું. આવું એક મોટું આવેદન સરકારને મોકલીને, આ મુદ્દે લોકમત કેટલી તીવ્ર સંવેદના અનુભવે છે એ સરકારના ધ્યાનમાં લાવવા માટે અમે કેટલાં વરસથી ઈચ્છતા હતા એ પાછળના પ્રકરણ પરથી અને એ સંદર્ભના પત્રો પરથી વાચકોના ધ્યાનમાં આવ્યું જ હશે. મુંબઈના અને મહારાષ્ટ્રના અમારા દેશબાંધવોની સતત ખટપટથી અમારી એ ઈચ્છા છેવટે ફળીભૂત થઈ. સરકાર હંમેશાં કહેતી કે, ક્રાંતિકારીઓ વિશે લોકોનો સામાન્ય મત ઉદાસીન હતો અને એમના માટે સમાજમાં સહાનુભૂતિ નથી. એટલું જ નહીં તો સામાન્ય લોકો તેમને દુષ્ટ અને સ્વાર્થી એવા પાપી અપરાધીઓ કરતાં અલગ ગણતા નથી. આ આક્ષેપનો જવાબ આપવા માટે અને રાષ્ટ્રીય હિતાર્થે ખૂબ પ્રયત્ન કરનારા, અને લડી રહેલા દેશભક્તોનો માર્ગ ખોટો છે, એવું લાગતું હોવાથી અથવા નથી લાગતું તો પણ, એમની રાષ્ટ્રીય વીરોચિત કાર્યોની અને દેશસેવાની કૃતજ્ઞ સ્મૃતિ, અમે સૌ રાખીએ છીએ, એ જાહેરમાં પ્રગટ કરવાનું સાહસ દેખાડવાથી, રાટ્રીય મન પર જે એક ઉચ્ચ નૈતિક પરિણામ થાય, એ સર્જવા માટે, આવા રાષ્ટ્રીય આવેદનની ખૂબ જ આવશ્યકતા હતી, એવું એમને લાગતું હતું. અમારા બંધુ સાથેની મુલાકાત વખતે પણ અમે એમને એ જણાવ્યું હતું. એમની અને મુંબઈના રાષ્ટ્રીય સંઘની અથાક્ ચળવળથી એ આવેદનપત્ર પર સહી કરવા લોકોએ જે ઉત્સાહ દર્સાવ્યો, સ્ટેશન પર, માર્ગ પર, નાટ્યગૃહમાં, ગામડાં-ગામંડાંઓમાં અનેક સ્વયંસેવકોએ સ્વયંસ્ફુરણાથી જે મહેનત કરી, મુંબઈ જેવા મોટા શહેરથી લઈને ભગુર જેવા ગામ સુધી, કુલીન સ્ત્રીઓએ પણ પત્રકિઓ વહેંચીને અને સહી ભેગી કરવા, અમારા વિશે જે ભાવના પ્રગટ કરી, અને મહારાષ્ટ્રની જેમ, જેટલો સમય હતો એમાં શક્ય તેટલી સહાનુભૂતિ બીજા પ્રાંતોમાં પણ પ્રદર્શિત થઈ, જેને કારણે પંદર દિવસની અંદર સાઈઠ-સિત્તેર હજાર સહીઓ કરેલું આવેદનપત્ર, એટલે હિંદુસ્તાનના રાજ બંદીઓના ઈતિહાસની એક અવિસ્મરણીય ઘટના હતી. એટલું જ નહીં, પણ એ હિંદુસ્તાનના રાષ્ટ્રીય ભાવ અને એ વ્યક્ત કરનારી હિંમત કેવી રીતે વિકસતી ચાલી છે એનો પણ સબળ સંદેશો હતો. કારણ એ સમયે ક્રાંતિકારીઓનું નામ પણ બોલવામાં લોકો થરથર કાંપતા અને મોટાભાગે રાષ્ટ્રીય લોકો અને વર્તમાનપત્રો એમના નામનો, 'રાજશ્રી' વગેરે ઉપનામ સાથે ઉલ્લેખ નહીં કરતાં ફક્ત અધમપતિતના નામની જેમ તુંકારે ઉલ્લેખ કરતા.

આ આવેદનપત્રમાં હિંદુસ્તાનના તમામ રાજ બંદીઓ અને અમારા પર સરકારનો વિશેષ રોષ દેખાઈ આવવાથી, ખાસ તો અમને ભાઈઓને જલ્દી મુક્ત કરવામાં આવે એવી માગણી કરવામાં આવી હતી. સમય ખૂબ જ ઓછો હતો એટલે સહીઓ મુખ્યત્ત્વે મહારાષ્ટ્રમાંથી લેવામાં આવી. પર્યાપ્ત સમય હોત તો બધા પ્રાંતોએ આવી જ હજારો સહીઓ મોકલી હોત. સમય ઓછો હતો છતાંય દરેકે દરેક પ્રાંતમાંથી સારા એવા પ્રમાણમાં સહીઓ આવી જ હતી.

આ આવેદનપત્રમાં ઉપર જણાવેલો અમારો હેતુ પૂર્ણ થવાથી અને રાજ બંદીઓને આંદામાનમાં કેવું લાગ્યું એ ૧૯૨૦માં અમે આંદામાનથી મોકલાવેલા પત્રના નીચે આપેલા ઉતારા પરથી વ્યક્ત થશે.

''ધન્યવાદ છે. જે અમારા આગેવાનોએ અને દેશબંધુઓએ અને ખાસ તો રાષ્ટ્રીય સંઘે (Bombay National Union) હિંદી રાજકીય બંદીવાનોની મુક્તિ માટે આવેદનપત્ર મોકલવાનું કાર્ય પોતાના માથે લઈને સહીઓ ભેગી કરી અને પાર્લમેન્ટ સુધી મોકલી આપવાનો પરિશ્રમ કર્યો તે બધાને ધન્યવાદ છે. આટલા ઓછા સમયમાં ૭૫,૦૦૦ કરતાં વધુ સહીઓ થયેલું આવેદનપત્ર સરકાર પર - પછી એ જાહેર કેમ ના થાય - અસર કર્યા વિના રહેશે નહીં. ઓછામાં ઓછું એટલું તો થયું જ કે એ કારણે રાજ બંદીઓની નૈતિક પ્રતિષ્ઠા સમાજમાં વધી. અને રાજ બંદીઓ સાથે જ અને એ કારણે જે કાર્ય માટે એ લડ્યા અને પડ્યા એ કાર્યની પણ પ્રતિષ્ઠા વધી. હવે માત્ર અમારી મુક્તિ - જો એ થઈ તો - સ્વીકારવા જેવી થઈ ખરી. કારણ લોકોએ અમને પાછા બોલાવવાની ઉત્કંઠા વ્યક્ત કરી. અને અમારા દેશબંધુઓની સહાનુભૂતિ વિશે અમને કેટલો આનંદ થાય છે અને કૃતજ્ઞતા અનુભવાય છે, એ પૂર્ણપણે વ્યક્ત કરી શકાતું નથી. અમારી અમને પણ યોગ્ય લાગે તેનાથી વધારે ગણના કરી તેમાં શંકા નથી.''

થોડા જ દિવસોમાં સરકારે રાજ બંદીઓને રાજ-ક્ષમાના આધારે મુક્ત કરવાનો સંકલ્પ પ્રસિદ્ધ કર્યો.

રાજ બંદીઓના આ છૂટકારાનું શ્રેય જે પ્રમાણે પહેલાંથી ચાલતી આવેલી ચળવળોને જાય છે, તે પ્રમાણે જ ઉપરના ભવ્ય સાર્વજનિક આવેદનને પણ જાય છે, તેમાં શંકા નથી.

એક દિવસ કારાગૃહનું કામ પતાવીને બંધ થતાં પહેલાં અને બીજા બંદીવાનો સાથે ઊભો હતો, એટલામાં રાજ બંદીઓમાંથી એક શીખ મિત્ર દોડતાં દોડતાં અમારી પાસે આવ્યો. અને જોરથી તાળી વગાડતાં બોલ્યો, ''બાબુજી, મુક્તિ! રાજ બંદીઓને છોડવાનો આદેશ આવ્યો છે. તમે છૂટ્યા! બાબુજી, છૂટ્યા!''

મુક્તિ! આ શબ્દ સાંભળતાં જ જે આનંદ થાય, એ જન્મટીપના અથવા ફાંસીની કોટડીમાં બંધ કેદીઓના અંતઃકરણને જ પૂછો! એ ચાલીમાંના બધા રાજ બંદીઓ ચમકીને ભેગા થયા અને છૂટાકારો! છૂટકારો એવું એકબીજાને કહેવા માંડ્યા!

પરંતુ મુક્તિ શબ્દ અમે જેટલીવાર સાંભળ્યો હતો અને એટલી બધી વાર ફસાયા હતા, કે અમારા નિષ્ઠુર મનને એનો આનંદ ઝાઝી વાર લાગ્યો નહીં. ૧૯૧૧ના વરસે આવી જ રીતે એક રાજ બંદીઓ દોડતો આવીને રાજ્યાભિષેકના કારણે આપણે છૂટ્યા એવું કહેતો હતોને? અને મંડળીએ પથારી પણ બાંધી નાખવાની તૈયારી કરી હતી. એને આજે આઠ-નવ વરસ વીતી ગયાં. અમે હજી એ કારાગૃહમાં જ હતા. બીજા કેટલાય રાજ બંદીઓ આવ્યા અને ગયા.

એટલે અમે અમારા મિત્રને ફરીફરીને પૂછ્યું, સમાચારનો આધાર બતાવ અને ભાષા શી છે, આવ્યા ક્યાંથી, તાર આવ્યો કે શું, એ સમયે અમને બહારથી આવતા સમાચાર મળવાની વ્યવસ્થા એવી ફક્કડ હતી કે જેવો તાર અધિકારીઓના હાથમાં, આંદામાનના છાપખાનામાં છપાઈને પડતો, તેવી જ એની એક નકલ સાત સમુદ્ર પાર, પહેરો, ભીંતો, તાળાં, કૂથલી, હાથકડીઓ, કાયદા ઓળંગીને, અમારા રાજ બંદીઓના હાથમાં આવી જતી. તેવી રીતે જ એ દિવસના તારની એક નકલ અમને મોકલવામાં આવેલી, અમારા મિત્રના હાથે, અમને આપવા માટે, કોઈ વોર્ડરે ચૂપચાપ મોકલાવેલી, એ એણે અમને વારંવાર પૂછતાં હસતાં હસતાં અમારા હાથમાં મૂકી. ''અભી તો હુઆ? હવે તો વિશ્વાસ બેઠો?'' એમ વિજયાનંદ સાથે અમને હલાવવા માંડ્યો.

અમે તાર વાચ્યો. રાજ બંદીઓ છૂટશે નહીં. પણ અમે એ વાક્ય મિત્રને દેખાડીને કહ્યું, આ જુઓ - (So far as it is compitable with public safety!!) અર્થાત્ સાર્વજનિક શાંતિને અનુકૂળ હોય એટલો જ એ રાજ-ક્ષમાનો (Amnesty) ઉપયોગ કરવો, - એટલે કદાચ અમને ભાઈઓને અને અન્ય તીખા સ્વભાવના દેશભક્તોને છોડવા નહીં. એ શંકા અમે પ્રદર્શિત કરી, તો પણ એ આનંદમાં વિક્ષેપ સહન નહી કરવાના માનવસહજ સ્વભાવને કારણે એને સાચું માનવા તૈયાર નહીં! બધા લોકો મુક્તિની સવાર-સાંજ રાહ જોઈને ઊભા હતા. અમે હંમેશાંની જેમ કડક રીતે વારંવાર કહેતા રહ્યા કે ઘણા રાજ બંદીઓ છૂટશે એ નક્કી છે, અને એ આનંદની અને આપણા આંશિક વિજયની જ વાત છે, પણ બધા છૂટશે નહીં તેવી શક્યતા વધારે છે, તેથી તેના પર ઝાઝો મદાર રાખતા નહીં. નહીંતર નિરાશાની ભાવના વધુ દુઃખદ થશે.

અહીં આ આંદામાનમાં આપણે સહજ રીતે, લડતાં, ઝૂરતાં પણ શક્ય તે રાષ્ટ્રકાર્ય કરતાં મરવાનું છે, એ ધ્યાનમાં રાખો, એટલું જ નક્કી. બાકી બધું, શક્યતા માત્ર!

એવું જ થયું. એ વખતે અમારી સાથેના, એ રાજક્ષમાથી અમે તો છૂટ્યા નહીં જ, પણ એનાં ઘણાં વરસો પછી અમારી પાછળ આવેલા રાજ બંદીઓમાંથી અનેક દેશભક્ત છૂટ્યા નહીં.

કેટલાટ તો હજી પણ હિંદુસ્તાનનાં જુદાં જુદાં કારાગૃહમાં બંધ છે. ઈશ્વર તેમની મુક્તિ ક્યારે કરશે એ જાણે! જે સદ્નસીબે તત્કાળ છૂટ્યા, એમાં પ્રથમ તો પંજાબ અને ગુજરાતના, સૈનિક શાસન અન્વયે સજા પામેલા લોકોમાંથી ઘણા લોકો હતા. તેમાંથી કેટલાયને પંદર-વીસ વરસની સજા થઈ હતી. પરંતુ કારાગૃહમાં પગ મૂક્યાનાં દોઢ-બે વરસમાં જ તેમનો છૂટકારો થયો. એકદમ રમખાણ વગેરે ખટલાઓમાં સજા નહીં પામતા નિર્ભેળ રાજ્યક્રાંતિના ષડયંત્ર માટે સજા પામેલાઓમાંથી રાજ-ક્ષમાની ઘોષણાનો પહેલો લાભ માણેકતોળાના રાજ બંદીઓને અને પંજાબ અને કાશીના ખટલાઓમાંના કેટલાય ક્રાંતિકારીઓને જન્મટીપ મળી હતી, તેમને થઈને તેઓ છૂટ્યા. એમની મુક્તિ થઈ એ દિવસ કેટલા આનંદનો હતો. પણ એ આનંદમાં પણ છુપાયેલી હોય તેવી દુઃખની પૃષ્ઠભૂમિ હું જોઈ રહ્યો હતો, અને મારા વિશ્વાસુ સ્નેહીઓને અને સમદુખિયાઓને દર્સાવી રહ્યો હતો, કે જ્યાં સુધી મહાન ધ્યેય જેના માટે છે, એવું એક યુદ્ધ લડવામાં આવે, તે જ્યાં સુધી સાધ્ય થાય નહીં ત્યાં સુધી આજના છૂટકારાનો આનંદ ક્ષણિક છે. આજે છૂટ્યા એટલે આનંદ પણ ફરી ''શતવીર શતસમરમાં'' લડતા ખુવાર થવાનું જ છે!

બીજી એક ત્યારની મહત્ત્વની વાત પણ હું ખાસ ઉલ્લેખ સાથે કરતો તે એ કે, આ છૂટકારાથી ભલે અમુક સરકારી તંત્રથી જ કારાગૃહમાં આવેલા લોકો હતો, તો પણ અમુક બધા સંપમાં એકઠા થઈને અને ''ક્રોધાયમાન'' તરીકે ગાજેલા તીખા રાજ બંદીઓ પણ હતા. એમાંથી એકે આખી ચાલી હચમચાવી નાખતા, 'ગદર' પત્રમાંનાં ગીતો ઉઘાડેછોગે બંદીવાનોને ગાઈને બતાવતો તેમાંના, ''आखां खोलो हिंदी लोगों राष्ट्र गरकता जाता है!'' ધ્રુવપદનો ધ્વનિ આજે પણ અમારા કાનમાં ગૂંજી રહ્યો છે. એમની મુક્તિ થઈ પણ એના પરથી મારું કહેવું એમ છે કે રાજ બંદીઓના છૂટકારાનો પ્રશ્ન, મુખ્યત્ત્વે તો, આંદામાનના તેમના કારાગૃહીય વર્તન કરતાં, હિંદુસ્તાનના રાજકીય ક્ષેત્રમાં તેમનું જે સ્થાનહોતું, અને સંભવિત લાગે એવું ધોરણ અને વર્તન હશે, તેના પર જ આધારિત હશે. હું એટલા માટે જ ફરીફરીને કહું છું કે, નહીંતર કારાગૃહમાં માન-અપમાન ગળીને મરી ગયા હોવ તેમ ચૂપ પડ્યા રહો, અને સાર્વજનિક સંગઠિત ચળવળ છોડીને સરકારની હામાં હાં મેળવીને પતાવો, તેવું કહેનારા અને વર્તનારાનો છૂટકારો થયો, એ વાત જ મુખ્યત્ત્વે ધ્યાનમાં હોય તો, લડાયક રાજ બંદીઓ પર અને ખૂબ સાદા છતાં દેશહિતના બંદીઓ પર નૈતિક દ્રષ્ટિએ ઘાતક અસર થઈને આપણી સાર્વજનિક ચળવળનું અંગ તોડી પાડવાની ડરપોક પ્રવૃત્તિ સર્જાય છે.

આ કારાગૃહીય તાત્કાલિક વાત છોડી દઈએ તો એ છૂટેલા લોકોમાં હિંદી રાજ્યક્રાંતિના પહેલા ક્રૂર હુમલાને જેમણે અમારા બંધુની જેમ પોતાના મસ્તક પર ઝીલી લીધો, અને જે દુઃખ અને કષ્ટ લગભગ દસ વરસ સુધી અમારી સાથે સહન કર્યાં છે. તેવા અમારા બંગાળી બાંધવોને, કારાગૃહની એ કઠોર દુનિયામાંથી જીવતા છૂટતા જોઈને અમને અત્યંત આનંદ થયો. અને અમે તેમને મળીને યથાયોગ્ય અભિનંદન આપ્યા. એમાં પણ જે જન્મટીપની સજા મેળવીને ચાર-પાંચ વરસમાં છૂટી રહ્યા હતા, તેમાં પણ અમારા નિકટના પરિચયના, વિશ્વાસના અને જાજવલ્ય દેશાભિમાનના અનેક લોકો હતા. આ આપણી શીખ વગેરે રાજ બંદીવાન લોકોની મંડળી છૂટી ના છૂટી ત્યાં તેમણે એકસ્વરે રાષ્ટ્રીય ક્રાંતિનાં ગીતો ગાતા સમુદ્રમાં જવાનો માર્ગ ગજાવી નાખ્યો.

એટલે જ ચીફ કમિશનરે એમના આ સંદર્ભમાં પ્રતિવૃત્તાત્મક મત પ્રદર્શિત કરતાં કહ્યું કે, ''આ શેતાની લોકો આંદામાનમાં જન્મટીપ પર પાછા આવ્યા વિના રહેશે નહીં!'' એ સંભવ પણ હતું જ.

આ રાજ બંદીવાનો પાસેથી કરારપત્ર પર સહી કરાવી લેવામાં આવતી હતી કે, ''હું આ પછી ક્યારેય, અથવા અમુક વરસો, રાજકારણમાં અને રાજક્રાંતિમાં ભાગ લઇશ નહીં. મારા પર પાછો રાજદ્રોહનો આરોપ પુરવાર થયો તો મારી આ અધૂરી રહી ગયેલી જન્મટીપ ભોગવીશ!''

રાજ-ક્ષમા મળ્યાનો તાર, જે પાછળ ઉલ્લેખેલો જ છે, આવ્યા પછી રાજ બંદીઓમાં જબરો વાદવિવાદ ચાલ્યો હતો કે, આવી શરત મુકાય તો માનવી કે નહીં. મેં એવી શરત, બહુ બહુ તો પાછળની જણાવેલા રાષ્ટ્રદ્રોહી વિશ્વાસઘાત છોડીને, બીજી ગમે તે ભવિષ્યકાલીન અને રાષ્ટ્રીય હિતને અનુકૂળ શરત માનવી, એવું બધાને કહેતો રહ્યો. આવા પ્રસંગે તેવી શરત લખી આપવી એ રાષ્ટ્રીય હિતને એકંદરે અનુકૂળ થાય છે તે મેં શિવાજી-જ્યસિંહ, શિવાજી-અફઝલ, ચમકોર પછી બાગી ગયેલા ગુરુ ગોવિંદસિંહ અને સ્વયં શ્રીકૃષ્ણના અને અન્યાયી ઉદાહરણોથી બધાના મનમાં ઠસાવતો હતો. જે સ્વમાન હઠીલું થાય તેને મૂળે સીધી વાત સમજાય નહીં. આટલા હાલ સહન કરીને પણ જેમનાં બાણ લેશમાત્ર નરમ પડ્યાં નહોતાં, એવા એ વીર મારો વિરોધ કરતાં એ જોઈને મને પોતાના દેશના ભવિષ્યકાળ વિશે વધુ આશાઓ જાગવા માંડી. પરંતુ અંતે તેમણે એવું જ કરવું યોગ્ય છે એ રાજનીતિનું ધારણ હું મનાવી શક્યો અને રાજ બંદીઓના છૂટકારા વખતે બધાએ કરારપત્ર પર આંખો મીંચીને સહી કરી. કારાગૃહનું તાળું છેવટે તૂટ્યું.

તેમની પાછળ ટોળાંઓનાં ટોળાંમાં અનેક રાજ બંદીઓ છૂટ્યા. શ્રીયુત ભાઈ પરમાનંદના છૂટકારાથી તો સૌને અત્યંત આનંદ થયો. કારણ હજી તેમને આવીને પાંચ વરસ નહોતાં થયાં, તો પણ ત્યાંના જીવનનો અને માનવતાને પારકા થયેલા દુષ્ટ વાતાવરણમાં શ્વાચ્છોશ્વાસ લેવાનો એવો કંટાળો આવવા માંડ્યો હતો કે તેમણે આત્મ સમર્પણ કરવાનો નિશ્ચય કરી લઈને એક મહિનાથી વધુ અન્નત્યાગ કરીને અનશન આરંભ્યું હતું. અમે તેમને અનેક પ્રકારે એ વૃત્તિમાંથી બહાર લાવવા માટે સતત પ્રયત્નો કરતા હતા. અંતે રાજ-ક્ષમાના સમાચાર આવ્યા એમાં તેમના છૂટકારાની શક્યતા દેખાવા માંડી ત્યારે તેમને પણ પાછી આશા જાગવા માંડી. અને તેમણે અન્ન ગ્રહણ કરવાનો આરંભ કર્યો. અન્નત્યાગ વખતે તેમને નાકેથી દૂધ પિવડાવવાનો પરાણે પ્રયત્ન કરવામાં આવતો. તેણે અન્નગ્રહણ કર્યા પછી થોડા દિવસોમાં જ એમના છૂટકારાના આનંદદાયક સમાચાર આવ્યા. ખૂબ પ્રેમથી અમને મળીને અને 'પોતાના છૂટવાની ખરેખરી ક્ષણ! મને કેટલી સંકોચ કરાવનારી લાગે છે,' એવું કહેતાં આંસુભરી આંખો સાથે તેમણે અમારી વિદાય લીધી. ''તમને જતા જોઇને અમે છૂટ્યા નથી એની પણ યાદ આવતી નથી, એવો અનોખો આનંદ થાય છે, એવું કહીને અમે પણ એમને વળતી વિદાય આપી.''

રાજ-ક્ષમામાં બંદીવાનો છૂટશે એ શક્યતા દેખાતાં જ એ દિવસ પછી, એ છૂટકારાની છેલ્લી ટુકડી છૂટે નહીં ત્યાં સુધી, અઠવાડિયાની અને રોજની બેઠકમાં, હવે દેશના સ્વાતંત્ર્યાર્થે કયો સાર્વત્રિક કાર્યક્રમ તૈયાર કરવો જોઇએ એની અમે અને અમારા સાથીદારો બધે ચર્ચા કરતા હતા. કારાગૃહમાં આવતી વખતે સૌ દેશભક્ત અને સ્વાર્થત્યાગ કરનારા પુરુષ હતા - પરંતુ એ પાંચ-દસ વરસમાં સૌ એટલું શીખતા, એટલું સહન કરતા, એટલા વિચાર કરતા થયા હતા કે, તેમાંના મોટાભાગનાને બિહારની નાલંદા વિદ્યાપીઠની આચાર્યની અથવા સ્નાતકની પદવી આપો તો ચાલે. તેઓ હવે સૈનિકો જ નહીં રહેતા સેનાપતિ થવાને યોગ્ય થયા હતા. કારણ તેમની ઊર્મિ તાત્કાલિક ઉત્તેજના પૂરતી નહીં રહીને, કઠોર તપ અને સજાના વરસોનાં વરસોની આગમાં તપીને અને ખમીને સંયમબળથી તપતી હતી. તે જોઇને અમને ખૂબ આનંદ થતો. અહીં આપણે કરેલી મહેનતનું ફળ એમના થકી કોઈક રૂપે તો સ્વદેશને મળશે, આપણા વિચાર અને શક્તિમાંથી કાંઇક તો સ્વરાષ્ટ્રમાં પ્રસાર પામશે જ, ઉપયોગમાં આવશે જ, એવું જોઇને ખાસ્સી આત્મપ્રસન્નતા વર્તાતી. એમાંથી કેટલાય એવા હતા કે જેમને આત્મહત્યાની ખીણના કિનારેથી અમે પોતાના હાથે ખેંચીને પાછા લાવ્યા હતા. છેવટે એમના છૂટકારાથી એમના જીવનનો હવે રાષ્ટ્રનો ઉપયોગ થશે એવું સમાધાન અમે વારંવાર માણી શક્યા.

રાજ બંદીવાનોનાં ટોળાંઓનાં ટોળાં છૂટતાં છૂટતાં છેવટે ગણતરીના ત્રીસેક લોકો પાછળ રહી ગયા. એમાં અમે બન્ને ભાઈઓ રહી ગયા એ સ્વાભાવિક જ હતું. પણ બીજા લોકોમાં અમુક રાજ બંદીઓ એવા હતા

કે, હિંદુસ્તાનનાં ક્રાંતિકારી કૃત્યો અથવા આંદામાનના કારાગૃહમાંના વર્તન, કોઈપણ દ્રષ્ટિએ જોઇએ તો પણ, તેમના કરતાં વધુ ધૃષ્ટ અને ખરાબ વર્તન કરનારા રાજ બંદીઓ છૂટ્યા હોવા છતાં એ કેમ ના છૂટી શકે, એ કાંઈ ધ્યાનમાં આવતું નહોતું. તેના પરથી, બધા રાજ બંદીઓમાંથી સેંકડો લોકોને છોડવાની ધાંધલમાં દરેક વ્યક્તિની સરખી તપાસ નહીં થઈ હોવાથી, અને કદાચ તપાસ કરવા જેવું કોઈપણ એક ઠરાવેલું ધોરણ નહીં રાખવાથી ઘણીવાર સૂકા સાથે લીલું પણ બળી ગયું.

દસ વરસ ખટપટ કરતાં કરતાં અંતે રાજ બંદીઓના છૂટકારાનો જે મહોત્સવ આવ્યો તેમાં અમે માત્ર કોરાના કોરા રહી ગયા. અમારી સાથે આવેલા જન્મટીપના કેદીઓ પણ છૂટ્યા. અમારી પાછળ પાછળ આવેલા છૂટ્યા. અમારા સાત-આઠ વરસ પછી આવેલા જન્મટીપના કેદીઓ પણ એક-બે વરસમાં છૂટ્યા. પણ અમે એવા ને એવા, એક દિવસની છૂટ પણ મળી નહીં.

અર્થાત્ આ વાતની હિંદુસ્તાનના લોકો પર થોડીઘણી અસર થયા વિના રહી નહીં. જેમ જેમ સરકાર અમને પાછળ પાછળ ધકેલતી તેમ તેમ અમારી સ્મૃતિ, લોકહૃદયની દ્રષ્ટિએ, પ્રમુખપણે આગળ આગળ ઊભી રહેવા માંડી. વરિષ્ઠ વિધિમંડળથી દિલ્હી સુધી અનેક પ્રશ્નો લોકોએ પ્રાંતેપ્રાંતમાં પૂછ્યા. અખબારોમાં પણ એકસરખી માગણી ચાલી. રાષ્ટ્રીય સભાના કાર્યકારી મંડળની બેઠકમાં, ''સાવરકર બંધુઓ અને પંજાબના બોગા રતન ચૌધરીને સરકારે છોડવા,'' એવો ઠરાવ પસાર કરવામાં આવ્યો. છેવટે અમારું ભાગ્ય પણ ખૂલ્યું અને અમારો પણ છૂટકારો થયો. પણ એ ક્યાંથી? શેમાંથી? બીજાઓને આંદામાનમાંથી મુક્તિ મળીને હિંદુસ્તાન મોકલવામાં આવ્યા ત્યારે અમને ચાલીમાંથી મુક્ત કરીને કારાગૃહના આંગણામાં રહેવા દેવામાં આવ્યા. ત્યાંથી પાંચ-દસ આવેદનો થતાં થતાં, મોટી બીક સાથે લેખાલયના દરવાજા પાસે લાવીને રાખ્યા. દરવાજામાં હવે પગ નહીં મૂકવાનો.

એકવાર તો એ દરવાજો પણ બંધ થયો. કારણ? અમે કાંઈ કર્યું? ના. રાજ બંદીઓમાંથી એક જણ, હિંદુસ્તાનમાં પત્ર લખવાનો પ્રયત્ન કરતો હતો. ત્યારે એ વોર્ડરના હાથે પકડાયો. એમાં ત્યાંના રાજ બંદીઓની માહિતી વગેરે અખબાર માટે લખેલી હતી. પતી ગયું. વોર્ડર, લેખક વગેરેનો તો રીતસર સજા થઈ જ, પણ અમારું લેખાલયમાં જવાનું થોડા દિવસો માટે બંધ થઈ ગયું!

એ જ અમને ઘણું નડતું. જ્યારે જ્યારે કારાગૃહમાં અમારો કોઈ સંબંધ ના હોવા છતાં કોઈપણ પ્રતિકૂળ ઘટના થાય, કે એનું પરિણામ અમારે ભોગવવું પડતું!

અન્યાયનાં આ દુઃખી ગીતો ગાતાં ગાતાં ફરી એકવાર લાખાલયના દરવાજે અણે પહાંચ્યા અને લેખાલયમાં પગ મૂકી શક્યા, પણ માત્ર પગલું જ.

આ સમયે અમને દસ વરસ થવા આવ્યાં હતાં. નવ થયાં જ હતાં. એટલે આવેદનપત્ર મોકલવાનો ધડાકો શરૂ કર્યો કે જેના અર્થે મારી સાથેના રાજ બંદીવાનો કારાગૃહની બહાર ફરવા અને રહેવા માટે છોડવામાં આવ્યા હતા, (છેવટે તેઓ સાવ છૂટી ગયા તે પ્રમાણે જણાવ્યા પહેલાં જ) અને જે અર્થે મારા પછી અનેક વરસે આવેલા રાજ બંદીઓને પણ કારખાનામાં વરિષ્ઠોનાં કામ, છાપખાના વગેરેમાં કામ આપીને તેમને પણ બહાર જવા દેવાય, તે અર્થે મને હવે ટિકિટ પર બહાર જઈને સ્વર્તપણએ વસવાની પરવાનગી દેવામાં આવે. જન્મટીપના સેંકડો રાજ બંદીઓ અને સાદા બંદીઓ ચાર-પાંચ અથવા એક-બે વરસમાં પણજન્મટીપ પૂરી કરીને છૂટીને હિંદુસ્તાન ગયા! મને દસ વરસથી માત્ર આંદામાનમાં તો ટિકિટ પર છોડવામાં આવે! પણ ના! જવાબ આવ્યો. દસ વરસને હવે બહુ ઓછા દિવસો બાકી છે! નિયમની વિરુદ્ધ છે એ.

મને પ્રતિકૂળ એ કાયદા અને ઘટિકા બરાબર ગણીને પાળતા આવડે છે. પણ અનુકૂળ ત્યારે માત્ર કાયદામાં કાયદાકીય ઉત્તર ના હોય. ભેટ પાંચ વરસે કરવા દેવી એ કાયદો, પણ મને સાત-આઠ વરસે પણ કરવા દેવામાં આવી નહીં. પણ ટિકિટના વખતે દસ વરસનો એ કાયદો બરાબર પાળવો જોઈએ!

પણ એ બરાબર પાળવામાં આવ્યો કે? છટ્! દસ વરસ થઈને ટિકિટનો સમય આવીને ગયા પછી પણ અમે તો અમારા કારાગૃહમાં જ!

પણ કારાગૃહમાં ભલે હતો તો પણ ફોરમેનના (Foreman) પદ પર હતો! અને આકો એક રબપિયો માસિક પગાર પણ મળવા માંડ્યો હતો! એ પણ અમારા પર મોટી કૃપા તરીકે. એ સવલતો દેવા જેટલી અમારી વરણી જે અધિકારીઓએ કરી તેમના અમે ખરેખર આભારી છીએ. કોઈ વાંધો નહીં, થયો ત્યારે ફોરમેન જ થયો! બીજા લોકો જ્યારે અમને રમૂજમાં કહેતા કે તમારા પછી આવેલા સાવ અલ્પશિક્ષિત બંદીવાનો પણ મોટા મોટા બાબુ થઈને સત્તા ભોગવતા હોઈને તમે સાવ 'તેલગોદામ'ના વ્યવસ્થાપક નીમાયાને ? આ શું છે ?

ત્યારે અમે રમૂજ સાથે જવાબ આપતા, અરે પણ અધિકાર કોનો છે? બાબુ તો શું, પણ પ્રત્યક્ષ બંદીવાન, પર્યવેક્ષક, કમિશનર એ પણ આમ તો મનુષ્યો (Man) જ છે. પણ અમે ફોરમેન (Foreman) એટલે મનુષ્યના અગ્રણી! નરાગ્રણી! હજી શું જોઈએ!

નરાગ્રણી પદ મળતાં જ અમને તેલ કોઠારના કારખાના પર નીમવામાં આવ્યા. એ કારાગૃહીય રાજ્યમાં બધાના મતે એ તેલ કોઠારનો પ્રાંત ખૂબ મહત્ત્વનો અને સન્માનનો ગણાતો. કારણ ત્યાં હજારો પાઉન્ડ તેલ ધરાવતાં સેંકડો પીપડાં (ટાંકી) દર મહિને આવતાં. આંદામાનનું મુખ્ય ઉત્પાદન નાળિયેરનું. એ બધાં નાળિયેર ફોડીને પેલી કુખ્યાત ઘાણીમાં જે તેલ નીકળતું એ આ તલ કોઠારમાં બે-ત્રણ માટી માટી ટાંકીઓમાં ભરીને રાખવામાં આવતું. અસંખ્ય પીપપડાં એ તેલની માગ આવતાં જ ભરવામાં આવતાં અને રંગૂન, કલકત્તા વગેરે ઠેકાણે જારો રૂપિયાનો એ સામાન મોકલવામાં આવતો. એ આ નાનકડા આંતરરાષ્ટ્રીય વેપારનું મુખ્ય કેન્દ્ર - એ આ કારાગૃહીય રાજ્યનો મુખ્ય પ્રાંત - હવે અમે તેના અધિકારી થયા હતા. બીજાઓને ઈર્ષ્યા થાય એવી એ જગ્યા, એવો વૈભવ, અમારા હાથમાં આવ્યો હતો. એટલે જ ત્યાંના ઐશ્વર્ય અને સુખના વર્ણનને એક નવા પ્રકરણમાં માન આપવું જ જોઇએ.



પ્રકરણ-૯

આંદામાનમાં હિંદીનો પ્રચાર

હિંદીને રાષ્ટ્રીય ભાષા તરીકે સન્માનવાનો અને તેનો શક્ય તે ઉપાયથી પ્રચાર કરવાનો અમારો પ્રયત્ન ઇ. સ. ૧૯૦૬ના નવા વરસથી ચાલુ હતો. ઇંગ્લેન્ડમાં રહેતા અભિનવ ભારતના સભ્યો રોજ રાતે પોતપોતાના ઘરે જતાં પહેલાં ભેગા અને એકસ્વરે જે પોતાનો રાષ્ટ્રીય સંકલ્પ દોહરાવતા હતા, તેમાં, ''હિંદુસ્તાનને

સ્વતંત્ર કરાવવું. હિંદુસ્તાનને એક રાષ્ટ્ર કરવું, હિંદુસ્તાનને લોકસત્તા કરવું, આ સૂત્રો સાથે જ ચોથું સૂત્ર જાહેર કરવામાં આવતું કે, હિંદીને રાષ્ટ્રભાષા કરવી, નાગરીને રાષ્ટ્રલિપિ કરવી!''

તેમને આ ધોરણ અનુરૂપ સંગઠન અને પ્રચાર કરવાની થોડી ઘણી પરવાનગી મળી શકશે એવું લાગતાં જ ૧૯૧૧માં અમે તે સંગઠનોના જે કાર્યક્રમ મનોમન નક્કી કર્યા હતા, તેમાં હિંદીનો પ્રચાર એક મુખ્ય વિષય હતો.તે વખતે હિંદી રાષ્ટ્રભાષા કરવી એ કલ્પના એટલી અપ્રસ્તુત હતી કે મોટા મોટા નેતાઓએ કલ્પનાનો ઉપચાર કરવો પણ બાળરમત સમજતા, સામાન્ય લોકોને તો તે અજાણ હતી. લોકમાન્યે અથવા મહાત્મા ગાંધીએ તેનું જાહેર સન્માન કરવા જેટલું મહત્ત્વ તે ચળવળને ખૂબ પછી મળ્યું. તે વખતે ફક્ત નાગરી પ્રચારણી સભા આવે આર્યસમાજના કેટલાક લોકો જ આ જ ચળવળના ટેકેદાર હતા. શ્રીમદ્ દયાનંદ સરસ્વતીને હિંદી રાષ્ટ્રભાષા છે એવું જાહેર કરવાનું જ નહીં પણ તેમાં રાષ્ટ્રીય દ્રષ્ટિએ ગ્રંથ લખવાનું પણ પહેલું માન જાય છે તેમાં શંકા નથી.

આ સ્થિતિમાં જ્યારે અમે ૧૯૧૧થી બધા રાજ બંદીવાનોને અને બધાં જ બંદીવાનોને હિંદી શીખવાનો આગ્રહ કરવા લાગ્યા, ત્યારે હિંદી ભાષા છે કે નહીં, એ વાકય પરથી જ વિવાદ થવા લાગ્યો! મહારાષ્ટ્ર અને બીજા દક્ષિણીઓને હિંદી ભાષા એ શબ્દ જ નવો લાગતો. તે ભાષાને તેઓ 'મુસલમાની' ભાષા ગણતા! દક્ષિણના મુસલમાનોની તે જ માતૃભાષા, કમ સે કમ સમાજભાષા હતી. ઉત્તર તરફના બંદીઓને તે હિંદુઓની જ ભાષા છે એટલું જ નહીં પણ આઠ કરોડ મુસલમાનો પણ આજે માતૃભાષા તરીકે હિંદી બોલે છે તેની ખબર હતી. તેમ છતાં તે રાષ્ટ્રભાષા થવાને પાત્ર નથી! એવું તે કહેતા-સમજતા. કોઇએ કહ્યું તેને વ્યાકરણ નથી. કોઇએ કહ્યું સાહિત્ય નથી! હિંદીને રાષ્ટ્રભાષા નહીં માનવાનો આગ્રહ મદ્રાસી વગેરે લોકોમાં દેખાવો સ્વાભાવિક છે; પરંતુ એ બંગાળી યુવકોમાં વધુ દ્રષ્ટિગોચર થતો હતો; કારણ બંગાળી રાષ્ટ્રભાષા હોવી એવી તેમની સ્વાભાવિક મહત્ત્વાકાંક્ષા હતી. ખરું જોતાં હિંદીના ખીચોખીચ ભરેલા સંખ્યાબળને લીધે બંગાળીને જ રાષ્ટ્રભાષા થવાનો અધિકાર છે, કારણ તેમની ભાષા ચાર કરોડ લોકો બોલતા, અને તે મરાઠીની જેમ સાહિત્યમાં પણ આગળ પડતી હિંદુસ્તાની ભાષા છે. તેમ છતાં હિંદીમાં જ રાષ્ટ્રભાષા થવાની વધારે યોગ્યતા છે એવું બંગાળનાં જ એક નેતા ગૃહસ્થ શ્રી મિત્રે ખૂબ જ પહેલાં માન્ય કરી હતી, એટલું જ નહીં પણ તેનું સન્માન કરીને તેમણે એક માસિક પણ ચલાવ્યું હતું.

આ બધા આક્ષેપોનું વારંવાર ખંડન કરીને સાહિત્ય, વ્યાકરણ, પ્રૌઢતા, ભવિષ્ય, અને ક્ષમતાના ગુણો મુજબ સંખ્યાબળની જેમ જ હિંદી રાષ્ટ્રભાષા થવા માટે યોગ્ય છે, એટલું જ નહીં અનિવાર્યપણે તે જ રાષ્ટ્રભાષા પહેલેથી થઈ ગઈ છે, એ બધાને અમે વિવિધ પ્રયોજનો કરીને સમજાવતા. તેટલા માટે હિંદીના જૂના ઉત્તમ ગ્રંથ મગાવ્યા. નવા સાહિત્ય હિંદીમાં નથી એ સાચું પણ હવે તે એટલા બધી સર્જાય છે કે આપણે બધા પ્રયત્ન કરીશું તો પાંચેક વરસમાં જગતમાં સ્થાન પામવા જેટલી એ ઉત્તમ ભાષા થસે. હિંદીને રાષ્ટ્રભાષા કરવાની નથી, એ મૂળે રાષ્ટ્રભાષા જ હતી. રામેશ્વરના વૈરાગી અને વેપારી, હરિદ્વારમાં એ ભાષા બોલતા જ પૃથ્વીરાજના સામ્રાજ્યનાં પહેલેથી જતાં-આવતાં રહ્યા છે. આવા અનેક યુક્તિવાદોથી અમે રાજ બંદીઓને હિંદી શીખવા પ્રવૃત્ત કરતા. તે જ પ્રમાણે બીજા બંદીઓને પણ.

અમારો શિક્ષણ ક્રમ જ આવો. દરેક રાજ બંદીઓએ બીજા પ્રાંતની ભાષા શક્ય તેટલી શીખવી. આંદામાનમાં જ્ઞાન સંપાદન કરવાની આ ઉત્તમ તક હતી. તે પ્રમાણે અમે પોતે બંગાળીઓને હિંદી અને મરાઠી, મરાઠીઓને હિંદી અને બંગાળી, પંજાબીઓને તેમની અને પંજાબ બાજુની ગૂરૂમુખી વગેરે ભાષા શીખવતા હતા. છેલ્લે સુધી આ પ્રયત્ન એકધઆરો ચાલ્યો હતો. ગુજરાતી રાજ બંદીઓ એકદમ છેલ્લે આવ્યા. પરંતુ તેમને પણ હિંદી લિપિ અને ભાષા શીખવીને હિંદી પુસ્તકો વાચતા આવડે એટલું શિક્ષણ તે વખતે આપવામાં આવ્યું. બીજા બંદીવાનોને પણ પહેલા હિંદી ભાષા શીખવવામાં આવી અને પછી બીજી. આમ દસ વરસ અમારો અને અમારા સાથીદારોનો પરિશ્રમ અવિરત ચાલતો હતો.

એટલા માટે જ એક ઉત્તમ હિંદી ગ્રંથાલય - એકત્ર ના રાખતાં ફરતો - કેવી રીતે રાખ્યો હતો તે આગળ કહેલું જ છે. આ ગ્રંથાલય માટે દ્રવ્ય (પૈસા) અલગ અલગ રૂપે મેળવતા હતા. અમને સહાય તરીકે બહારના

કેટલાય અધિકારીઓ ક્યારેક ક્યારેક પૈસા આપવા ઇચ્છતા. અમે તેટલાનાં હિંદી પુસ્તકો મગાવી આપો એવું કહીને ગ્રંથાલયને આપતા. આંદામાનમાં પુસ્તકો મગાવવાં પણ ચોરી હતી. તેથી પૈસાની સહાયની જેમ સરનામું આપવું અને અને પોતાના સરનામે ફક્ત પુસ્તકો મગાવવાં એ પણ એક સહાય ગણવામાં આવતી - નહીં, સાહસ પણ. કારણ સરકારને જાણ થઇ તો બંદીવાનોથી સંબંધ રાખવા માટે સ્વતંત્ર અધિકારીઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવતા. તો પણ તેઓ સરનામું આપતા. એટલું જ નહીં પણ અમારી સંસ્થાના કક્ષમાં આ સ્વતંત્ર હિંદુસ્તાનમાંથી આવેલા સ્વતંત્ર અધિકારીઓમાં પણ પ્રચાર કરવાનું કાર્ય કરવામાં આવતું હોવાથી તેમને પોતાને પણ હિંદી શીખવાની હવે ઇચ્છા થઈ હતી. કેટલાક મદ્રાસી સદ્‌ગૃહસ્થ અધિકારીઓને હિંદી શીખવવા અમારા સહાયક બંદીવાનો જતા હતા. એક રાષ્ટ્રાભિમાની ડોકટરે તો પોતાના છોકરાને હિંદી જ અક્ષરશઃ રાષ્ટ્રભાષા થાય તે માટે ઘરમાં તેમની ધર્મપત્નીને પણ હિંદી શીખવીને છોકરા સાથે હિંદીમાં જ બોલવાની આદત પાડી. આ ગૃહસ્થ હિંદી, પ્રચાર માટે પાંચ-દસ રૂપિયા ક્યારેક ક્યારેક દાન પણ આપતા. આ સ્વતંત્ર અધિકારીઓની સહાય ઉપરાંત બીજા અનેક પ્રસંગો અમે સાધતા. તેમના દિગ્દર્શનાર્થે એક-બે ઉદાહરણ કહું.

એક દીવાન નામના આર્યસમાજથી પહેલેથી પરિચિત અલ્પશિક્ષિત, સાધારણ ખેડૂત જન્મટીપ લઈને કેટલાક દરોડાની ભાંજગડમાં આવ્યો હતો. અમારી સાથે તેને ખરી નિષ્ઠા બંધાઈ. તેણે અમારી સંસ્થામાં પુષ્કળ કામ કર્યું. લોકોમાં તેનો પ્રભાવ પણ પડતો. તે બદ્‌નસીબે એકદમ યુવાનીમાં આંદામાનના વાતાવરણને અને કષ્ટદાયક બંદીવાસથી મૃત્યુ પામ્યો. તેના ખાસ મિત્રોએ તેમના નામે કેટલાક ભોજન કરાવવાનું નક્કી કર્યું. અમે તેમનું મન વાળીને તે પૈસા તેના નામે હિંદી ગ્રંથો અને સામાયિક પુસ્તકો લઈને ગ્રંથાલયને અને દરિદ્ર બંદીવાનોને દાન આપવાનું નક્કી કર્યું. બિહારી નામના એક જણને ફાંસીની સજા થઇ. તેણે કેટલુંક દ્રવ્ય દાન કરવાની માનતા માની. તે સજા યોગાનુયોગે રદ થવાથી તેણે તે દાન કેવી રીતે આપવું એ પૂછ્યું. મારા ઉપદેશથી ભોજન કરાવવાની પ્રથા લગભગ બંધ જ હતી. ગ્રંથના અને જ્ઞાનનાં પ્રચારમાં દાન આપવાનું ઠરાવ્યું તો પણ શીખ, ઉર્દુ, અંગ્રેજી - જે તે વર્ગના લોકો પોતાની ભાષાનાં પુસ્તકો દાન આપવાં એવું કહેતા. અમે વિરોધ કર્યો કે, બોલ્યા એમને રાષ્ટ્રીય ભાષાના પોકળ ઢોંગ હેઠળ બંગાળી, પંજાબી વગરે ભાષા માથે મારવી છે. પણ અમે કહ્યું, હું મરાઠીમાં એ દાન માગતો નથી. તેવું હોત તો શંકા એક વખત ઠીક હતી. પણ હિંદીમાં આપો! હું પોતે પણ ગૂરૂમુખી એ પ્રાંતીય ભાષામાં શીખ્યો હતો. બીજાને બંગાળી વગેરે પોતે શીખવતો પણ ખરો. મારે મરાઠીને પણ મારી નાખવી છે કે? પણ આપણું પ્રાંતીય અભિમાન રાષ્ટ્રીયહિત માટે બલિ ચડાવવું જોઇએ, એવું સમજાવીને અંતે અમે તે પૈસામાંથી હિંદી પુસ્તકો મગાવવાં તે બંદીવાનને મનાવીને તેમનું મન વાળ્યું અને અલા-ઉદલ જેવા લોકપ્રિય પણ જૂના ગ્રંથોથી નાગરી પ્રચારની નવીનતમ ગ્રંથમાળા સુધી સો-એક રૂપિયાના ગ્રંથો મગાવ્યા. અમને પોતાને અલા-ઉદલ ખૂબ ગમતો.

જે બંગાળી સ્નેહીઓનો મત હિંદી ખેડાયેલી કે તેમાં સાહિત્ય નથી એવો હતો તેમને પણ તે કેવી ઊંડી ભાષા છે તે દેખાવવા માટે તેના ગૂરૂકુળના અથવા બીજા ઉત્તમ ગ્રંથ પ્રસિદ્ધ થતાં જ લાવીને ખુશીખુશી સૌને બતાવતા. તેમને તે ક્યારેક ક્યારેક આનંદદાયી ના લાગતાં અપમાનજનક, કમ સે કમ દુષ્ટ હેતુના લાગતા. પણ તે હેતુ માટે બધું નજરઅંદાજ કરીને પણ હું કરતો જ રહ્યો. છેલ્લે છેલ્લે હિંદી રાષ્ટ્રભાષા છે જ એ વિચાર એટલો સાર્વત્રિક થયો કે તે સાબિત કરતા બેસતા રહેવાની સ્થિતિમાંથી સિદ્ધાંતોની સ્થિતિ સુધી પહોંચી. શીખોનાં મન હિંદી તરફ વાળવા, અલગ યુક્તિવાદ જરૂરી થયો. તેમાંના ઘણાને શ્રી ગોવિંદ ગુરુના વિચિત્ર નાટક વગેરે ગ્રંથ અને સૂર્યપ્રકાશ વગેરે ઈતિહાસ શુદ્ધ વ્રજ ભાષામાં એટલે જૂની હિંદીમાં છે એટલે ખબર નહોતા. પરંતુ એકવાર તેમને હિંદી તેમની ધર્મભાષા કેવી છે અને ગુરુમુખી કેવળ લિપિ છે તે સમજાવી દેવામાં આવ્યું કે તેમને હિંદીનું રાષ્ટ્રીય દ્રષ્ટિએ નહીં પણ પંથદ્રષ્ટિએ પણ મહત્ત્વ લાગવા લાગ્યું.

ગુરુમુખી વિશે અમારો મત કારાગૃહમાં તે ગ્રંથોના અભ્યાસથી એવો થયો કે તે લિપિ ગુરુએ શોધી કાઢી એવો પારંપારિક મત ઐતિહાસિક ના હોઈને તેનો અર્થ એટલો છે કે તે વખતે પંજાબમાં પ્રચલિત થયેલા

લુંડી મુંડી (મોડી) વગેરે વેપારી અને પ્રાકૃત લોકોની લિપિઓમાંથી ગુરુઓ પસંદ કરેલી તે એખ જૂની લિપિ હતી. શીખ ઘર્મગ્રંથ શાસ્ત્રીમાં (નાગરીમાં) નહીં લખતાં પેલી સામાન્ય લોકોમાં પ્રચલિત થયેલી લિપિમાં જ લખાવ્યો, જેમ બુદ્ધે પાલીમાં, તેથી તેને ગુરિમુખી એવું નામ મળ્યું. એ વિષય અલગ છે. વાતમાં વિષય નીકળ્યો જ છે એટલે ઉલ્લેખ કર્યો છે. આ ઉત્પતિ આજ સુધી કોઇ વિદ્વાને માન્ય કરી નહોતી એ અમને ત્યારે પણ ખબર જ હતી. તેની યથાર્થતા અને બિન-યથાર્થતાની બધી જવાબદારી આ્મા પર - અમને જાણ છે ત્યાં સુધી તો આ વાત અનન્યપણે ખરી છે. આ વિશે અનેક 'ગ્રંથો' સાથે અને શીખ ઇતિહાસવિદો અમે અનેક વખતે ચર્ચા કરતા.

હું પહેલાં તો મરાઠી કોઇને શીખવતો નથી. પ્રથમ માતૃભાષા પછી તરત જ હિંદી અને પછી અન્ય પ્રાંતીય હિંદુ ભાષા એવો ક્રમ રાખ્યો. ત્યાં દરેકને શક્ય હોય તો અન્ય પ્રાંતની ભાષા શીખવાનો મેં આગ્રહ કર્યો. પરંતુ તામિળ સંઘના (મલયાલી, આંધ્ર, કન્નડ, અને તામિલ) દ્રવિડ ભાષા શીખવવાની આદત, ત્યાં તેમના ગ્રંથનો સંગ્રહ અને પ્રચાર કરનારા કોઇ યોગ્ય માણસ નહીં હોવાથી અને મને તે આવડતી નહીં હોવાથી, મારાથી એ થઇ શક્યું નહીં. એ વિશે મને હંમેશાં લાગી આળતું હતું. એ હજી પણ મારાથી છોડી શકાયું નથી. બાકી મરાઠી, પંજાબી, અને બંગાળી ભાષા મોટેભાગે રાજ બંદીઓ અને શિક્ષિત બંદીઓ ઉત્તમ પ્રકારે શીખ્યા હતા. મરાઠીના મહત્ત્વના ગ્રંથો તેઓ પણ વાચતા. તો પણ હું દ્રવિડ ભાષામાં કયા કયા નવા ગ્રંથો હતા, તેની રજેરજની માહિતી હંમેશાં મેળવતો અને પર્વવેક્ષક પાસેથી છેલ્લે છેલ્લે તે ભાષાનાં પ્રાથમિક પુસ્તકો અને અન્ય નવા ગ્રંથો મગાવવા માટે પરવાનગી અને પૈસા લઇને એક અરજી કરીને તેની માગણી પણ કરી હતી. તેની આગળ શું થયું તે મારા એકાએક પાછી આવ્યાથી મને કાંઇ જ ખબર નથી.

આંદામાનમાં વિવિધપ્રાંતના લોકો એકત્ર થવાથી તેમની વાતચીતની ભાષા એની મેળે જ હિંદી રહેતી. ત્યાં બંદીવાનોનાં જે સંતાનો છે, તેમનાં પણ લગ્ન આંતરજ્ઞાતીય લોકોમાં થતા આવ્યા હોવાથી આંદામાનમાં જન્મેલાં બાળકોની માતૃભાષા પણ સહજપમે હિંદી રહેતી. આ સ્વતંત્ર લોકોમાં મોટે ભાગે હિંદુ લોકો જ હોવાથી ખરું જોતાં શાળામાં શિક્ષણ પણ હિંદીમાંથી જ આપવું જોઇતું હતું. પરંતુ પહેલેથી જ હિંદુસ્તાનથી જે મુનશી તરીકે ત્યાં ગયા તે બધા પંજાબ, દિલ્હી વગેરે ઉર્દુ શિક્ષણના હોવાથી આંદામાનની મૂળની પ્રાથમિક શાળામાં ઉર્દુ શીખવાની પ્રથા પડી. તેનું બીજું એક કારણ એ પણ હતું જ કે, તે ઉર્દુ નોકરોનાં ટોળાં જ અધિકૃત લેખાલયોમાં (ઓફિસ) ભરતી થયા હોવાથી ત્યાંના લખાણની (દફતરની) અધિકૃત ભાષા ઉર્દુ થઇ હતી. પહેલાં શાળામાંથી ઉર્દુ શીખીને બહાર પડેલા વિદ્યાર્થીના ઉદાહરણ પરથી શિક્ષિત એટલે કે ઉર્દુ શિક્ષિત એવી તે નવા રહેવાસીની સમજણ હોવાથી હિંદી શિક્ષણ લેવાની ઇચ્છા તો શું, પણ કલ્પના પણ લોકોમાં રહી નથી. શાળાએ વધતી ગઈ તેમ તેમાં ઉર્દુ શિક્ષણની જ પ્રથા વિકસતી ગઇ. ખરું જોતાં હિંદી અને જેને ઉર્દુ કહેવાય છે તેમાં મૂળ કોઇ ભેદ નહીં. હિંદી ભાષા પર્શિયન લિપિમાં લખાઇ એટલે ઉર્દુ થઇ. ત્યારે મૂળ પ્રશ્ન વાસ્તવિક લિપિનો હતો. આંદામાનમાં બંદીવાનોની અને રહેનારાઓની સંખ્યામાં હિંદુઓના મૂળના લોકોનો મોટો ભરાવો થયો હોવાથી અને શિક્ષણ લેવાને તે જ મોટેભાગે આગળ આવતા હોવાથી તે બધાને રાષ્ટ્રીય એકતા અને ધર્મ એકતાને સામાન્ય અને પ્રિય થયેલી હિંદી એટલે નાગરી લિપિ જ શાળામાં પહેલેથી જ શીખવવી જોઇતી હતી. પણ આશ્ચર્યની વાત એ કે હિંદુઓ હસ્તક મોટેભાગે ચાલતી આ શાળાઓમાં હજી પણ હિંદી જરૂરત પ્રમાણે શીખવવામાં આવતી નથી. હિંદુ બાળકોને અ, આ આવડતું નથી. તુલસીનું રામાયણ અથવા ભગવદ્ ગીતાના શ્લોક વાચતા આવડતું નથી. તેમને પર્શિયન કવિના ટૂચકા આવડે, પણ કાલિદાસ તો રહેવા દો, પણ સુરદાસની અથવા પ્રેમસાગરની એક પંક્તિની પણ ખબર હોતી નથી. હિંદી પહેલું પુસ્તક તેમને લેટિન જેવું લાગતું, પણ ઉર્દુ વર્તમાનપત્ર પણ તે બરાબર વાચતા. તેમના માથામાં પર્શિયા અને અરેબિયામાંની ઉપમાોની નદીઓ ભરેલી રહેતી. ત્યાંના મહાન પુરુષો તેમને ખબર હતા. પાંડવોની કથા, ભારત, રામાયણ અને ભાગવત્નો એક અક્ષર પણ ખબર નહોતો, વાચતા આવડતું નહીં. અમે આંદામાનના શિક્ષિતોમાંના સર્વસાધારણ

માણસોનું પણ અવલોકન કર્યું ત્યારે આંદામાનમાં હિંદુ સંસ્કૃતિ ટકાવવી હોય તો હિંદી ભાષા અને નાગરી લિપિનું શિક્ષણ દરેક હિંદુ બાળકોને ફરજિયાત એપવા માટે સતત ચળવળ કરવી અત્યંત આવશ્યક છે એવો અમારો મત હતો.

દરેક શાળામાં હિંદી ભાષા અને નાગરી લિપિ શિક્ષણનું ફરજિયાત માધ્યમ હોય અને તે મુસલમાની બાળકોને અથવા બીજાને ઉર્દુ લિપિ અને ભાષા (એટલે અરબી પર્શિયન પણ શબ્દો મોટેભાગે હિંદી) શીખવા તેમને તે ભાષા વધારાના વિષય તરીકે શીખવવામાં આવે.

આંદામાનની શાળામાં આ વ્યવસ્થા કરવા માટે પહેલાં લોકોમાં એ ઇચ્છા ઉત્પન્ન કરવી જરૂરી હતી, કારણ ત્યાંના હિંદુ લોકોમાં સાર્વજનિક અને રાષ્ટ્રીય એકતાની ભાવના સાવ અલ્પ હતી. અને હિંદુત્ત્વનું અભિમાન ફક્ત મૂર્ખામીની રીતે જીવંત રહ્યું હતું. તેમને હિંદી આપણી હિંદુઓની ભાષા છે અને આપણા ધર્મગ્રંથ કમ સે કમ પ્રાકૃતિ ભાષા તો, જે નાગરીમાં હતા, તે લિપિ અને તે ભાષા શીખવી એ આપણું પવિત્ર કર્તવ્ય છે. એની બિલકુલ જાણ નહોતી. બે-ત્રણ પેઢી ઉર્દુના સહવાસથી જેનું વર્ચસ્વ જ નહીં તો આત્મનાશક અભિમાનનો પણ તેમનામાં સંચાર થયો હતો. તેથી જ અમે અમારા વિચારાવાળા જે લોકો બહાર હતા તેમના મારફત સ્વતંત્ર લોકોને ઘેરઘેર આ વિશેની ચર્ચા કરવા અને જાગૃતિ લાવવા જોરદાર આરંભ કર્યો.

જે પ્રકરણમાં આંદામાનના સંગઠન, શિક્ષણ, શુદ્ધિ વગેરે ચળવળનો ઇતિહાસ અમે પહેલાં આપેલો જ છે, તેના પરથી બંદીવાનોમાંથી અને રહેનારાઓમાં અખબારો, બાતમી (સમાચાર) રાષ્ટ્રીય ગીતો, રાષ્ટ્રીય ચર્ચા, આંતરિક સભા અને વ્યાખ્યાનો, વગેરે સાધનો થકી અમારી સંસ્થાના પ્રચારકોએ કેવી જાગૃતિ ફેલાવી હતી એ વાચકોના ધ્યાનમાં આવ્યું જ હશે. એ ચળવળમાં પહેલેથી જ 'સ્વતંત્ર' લોકોમાં હિંદીનો પ્રચાર કરવો એ એક કર્તવ્ય સામેલ હતું. તેના લીધે તે પાંચ-છ વરસમાં સ્વતંત્ર લોકોમાં હિંદી સંબંધે પુષ્કળ જાગૃતિ આવી. કેટલાંક કુટુંબોમાં હિંદી શિક્ષક અમે મોકલાવીને છોકરા-છોકરીઓને નાગરી અને હિંદી શીખવાડી. જ્યાર તેલ-ભંડારનું વ્યવસ્થાપન અમારી પાસે આવ્યું ત્યારે વેપાર માટે સ્વતંત્ર લોકો જે કારાગૃહમાં આવતા તેમનાથી અમારો પરિચય થવા લાગ્યો. અમને ફક્ત જોવા માટે અથવા મળવા માટે પણ કેટલાંક સ્વતંત્ર લોકો તેલની અને ભૂસાની ખરીદી કરવાના નિમિત્તે પણ કારાગૃહમાં આવીને કોઠાર (ભંડાર)માં અમને મળતા. આવા સૌને અમે બીજા ઉપદેશ સાથે એ પણ ઉપદેશ આપતા કે, ''તમે હિંદુઓ, હિંદી જ તમારી રાષ્ટ્રભાષા નહીં તોય આંદામાનમાં તમારી ધર્મભાષા થઈ છે. તમારે તમારાં છોકરા-છોકરીને પણ હિંદી અને નાગરી લિપિ અવશ્ય શીખવવી જોઇએ. સરકારને તમે બધાં મળીને એક આવેદનપત્ર મોકલાવો તો હિંદી નાગરી શાળામાં જરૂર શીખવાશે, પણ તે થાય નહીં ત્યાં સુધી સૌએ અંગત ધોરણે ઘેરઘેર હિંદી શીખવી.'' કોઈ હા પાડે કે અમારા સ્વંયસેવક તેમના ઘરે શહેરમાં કે ખુલ્લેઆમ કે છુપાઈને જઈને હિંદી શીખવતા, કારણ આંદામાનમાં બંદીવાનોને સ્વતંત્ર રીતે કોઇના પણ ઘરે તેમની ઇચ્છા હોય તો પરવાનગી સિવાય જઈ શકતા નહીં. 'સ્વતંત્ર' રહેનારાને પણ બંદીઓ સાથે બોલવાનો કે વ્યવહાર કરવાનું સ્વાતંત્ર્ય નથી. અમને જે કોઈ મળે તેમને 'હિંદી શીખ' એવી વિનંતી કરતા. મુનશી આવ્યો હિંદી શીખ, લેખક આવ્યો હિંદી શીખ, ડોકટર આવ્યો હિંદી શીખ, એવો અમે એકસરખો જપ ચલાવ્યો.

સ્વતંત્ર લોકોમાં હિંદી શિક્ષણનો આવો થોડો ઘણો પ્રચાર થતાં જ તેમનાં છોકરા-છોકરી માટે હિંદી મહાભારત, સામયિક ઠુસ્તકો, શિવાજી જેવા મહાન પુરુષોનાં ચરિત્ર મફતમાં વહેંચવામાં આવતાં. હિંદી પત્રો તેમના ઘરે પહોંચાડીને વંચાવવામાં આવતાં. જે સિપાહી, વેપારી, વગેરે લોકો અમને છેલ્લે પ્રત્યક્ષ મળી શકતા તેને અમે પ્રત્યક્ષ હિંદી શીખવી. આવી રીતે પ્રયત્ન કરતાં કરતાં હિંદી ભાષા અને લિપિ દરેક હિંદુએ શીખવી એ આંદામાનમાં પણ ધાર્મિક કર્તવ્ય છે એ ભાવના સ્વતંત્ર લોકોમાં ખૂબ જ વધારી અને તેના વધવાથી શાળાઓમાં કમસે કમ હિંદુ બાળકોને તો હિંદી શીખવવામાં આવે એવું સરકારને આવેદન કરવાની ખટપટ પણ શરૂ થઇ.

પરંતુ જ્યાં સુધી સરકારી લખાણ ઉર્દુમાં છે ત્યાં સુધી બાળકોનું ખેંચાણ સામાન્યપણએ ઉર્દુ શીખવા તરફ વધારે રહેવાનું જ, એ જોઇને લખાણ જ શક્ય હોય ત્યાં ત્યાં હિંદીમાં રાખવાના અમે પ્રયત્નો ચલાવ્યા. ખરી રીતે જોતાં ઇંગ્લિશ ભાષામાં જ મોટેભાગે સરકારી લખાણ હતું. ઉર્દુ ભાષામાં જે હતું તે કાયદો હતો એટલે નહીં પણ શરૂઆતના 'મુનશી' ઉત્તર હિંદુસ્તાનના હોવાથી અને બંદીવાનોમાં પણ ઉત્તરની ઉર્દુ લખેલા ચલણના પ્રાંતના લોકોની મુખ્યત્ત્વે ભરતી થતી હોવાથી તે એક પ્રથા થઇ ગઇ હતી. તે ઉર્દુ લખાણમાં મોટો ભાગ ત્યાંથી દરેક જહાજમાં જતા પત્રોનો હતો. આ પત્રો 'મુનશી' પાસે લખાવવામાં આવતા તેથી તે મોટેભાગ ઉર્દુમાં જ રહેતા. એટલે પહેલાં તો પત્રો બીજી દેશી ભાષામાં પણ મોકલાવા દેવાય એવી પરવાનગી મેળવાના પ્રયત્નો કર્યા. કેટલાય દિવસો તો 'મરાઠી', 'ગુરૂમુખી' વગરે ભાષામાં પત્રવ્યવહાર કરવા માટે પરવાનગી મેળવવાની ખટપટમાં ગયા. કારણ મુનશીને ઇંગ્લિશ અથવા ઉર્દુ આવડતી, અને મુનશીઓએ પત્ર મંજૂર કર્યા સિવાય તે 'બિનઆક્ષેપજનક'' ગણવામાં આવતો નહીં, જ્યારે એકવાર પરવાનગી મળી કે બંદી પોતાની પ્રાંતીય ભાષામાં પત્ર લખે તેમાં વાંધો રહેશે નહીં. ત્યારે પછી પંજાબ, લખનઊ વગેરે જે પ્રાંતમાં ઉર્દુ પ્રચલિત હતી તે પ્રાંતના હિંદુ બંદીઓનો મત,પત્ર હંમેશાં હિંદીમાં જ મોકલાવવા એ માટે વાળવામાં આવ્યા. મરાઠી, બંગાળી વગેરે હિંદુ બંદીઓને પોતપોતાની ભાષામાં પત્ર મોકલો, નહીં તો હિંદીમાં, પણ ઉર્દુમાં મોકલવો નહીં, એવું મંતવ્ય પણે કહેવાની પ્રથા ચાલી. ત્યારે ઉપરના કાર્યાલયમાં સરકારે આપોઆપ તે પત્રોમાં નિયમ પ્રમાણે લખાણ લખેલું છે કે નહીં એ જોવા માટે હિંદી અને બીજી દેશી ભાષાના જાણકાર મુનશી રાખવા પડ્યા. જૂના ઉર્દુ જાણનારા અધિકારી પણ સામે ચાલીને હિંદી નાગરીનું જ્ઞાન સંપાદન કરવા લાગ્યા. હિંદી પત્રો લખવા માટે મુનશી મળે નહીં તો અમારી મંડળી તે કામ જાતે કરતી. પહેલાં અમારા કારાગૃહમાં સોમાંથી નવ્વાણું પત્રો ઉર્દુમાં જતા. પણ આ મોટી યોજના ચાલતા ચાલતા છેવટે સોમાંથી નવ્વાણું પત્રો દેશી ભાષામાં અને ખાસ કરીને હિંદી નાગરીમાં જવા લાગ્યા. આગળ મુનશી વગેરે નીમવાનાં અધિકાર ધરાવતા લોકોમાં પણ હિંદુ સંગઠનના સ્વાભિમાની હિંદુ લોકો જ નીમવામાં આવ્યા તેમ તેમ મુનશી પણ હિંદી જાણકાર જ નીમવામાં આવવા લાગ્યા. હિંદુએ પત્ર હિંદીમાં જ લખેલો હોવો જોઇએ - બહુ તો પોતાની પ્રાંતીય હિંદી ભાષામાં, એવો અમારી સંસ્થાની મંડળીના પ્રયત્નથી એકદમ વણલખ્યો એવો સ્વયં-સંમત કાયદો થયો. મુસલમાની બંદીઓએ જોઇએ તો ઉર્દુમાં પત્રો મોકલવા. તેમની ઉપર કોઇ જોર કરવામાં આવ્યું નહીં. પણ પહેલાં જેમ બંદીઓએ મહારાષ્ટ્ર કે બંગાળમાં પણ જેમ મોટેભાગે ઉર્દુમાં જ મોકલવા પડતા તે બળજબરી તોડી પાડી. જ્યારે લેખાલયમાં અમે જવા લાગ્યા ત્યારે અમે જાતે લખી આપેલા બધા બંદીઓના પત્રો તપાસીને જોતા કે કયા હિંદુએ કારણ વગર ઉર્દુમાં પત્ર લખ્યો. તરત જ જઇને તેમનો મત બદલાવતા. એમ કરતાં કરતાં ઠેકઠેકાણે હિંદી જાણનારા હિંદુ મુનશી નીમવામાં જ આવતાં પત્રવ્યવહાર મોટેભાગે હિંદીમાં શરૂ થયો.

તે જ વાત આવનારા પત્રોની કારણ પ્રત્યેક હિંદુ બંદીએ જવાબ હિંદીમાં જ મોકલો એવું પોતાના સગાસંબંધીઓને લખવું એવા પ્રયત્નો ચાલુ હતા. તેને લીધે આવનારા હિંદી અથવા હિંદુ પ્રાંતીય ભાષાના પત્રો વધવા લાગ્યા. તે સરકારી દ્રષ્ટિએ આક્ષેપજનક છે કે નહીં એ જોવા માટે પણ હિંદી મુનશીની જરૂર વધી. અને ઉર્દુનું મહત્ત્વ અને પ્રચાર ઓછો થતો ગયો.

ફક્ત રાજકીય બંદીવાનોના અંગ્રેજીમાં લખાયેલા પત્રો પોતે અંગ્રેજી અધિકારી તપાસતા હતા. આગળ જ્યારે સેંકડો રાજકીય બંદીઓઓ આવ્યા ત્યારે ઘણાને અંગ્રેજી નહીં આવડતા પત્ર પોતાની ભાષામાં જ નાખવાની પરવાનગી પણ પુષ્કળ ખટપટથી મળી. અમને માત્ર છેલ્લે સુધી ઇંગ્લિશ પત્રો જ નાખવા મળ્યા.

જે સ્થિતિ પત્ર વ્યવહારની તે જ નામોની યાદીની, સરકારી કાર્યાલયો અને લેખાલયોમાં નીચલા અધિકારીઓના હાથે થયેલાં કામ, દરેક નાના-મોટા સરકારી પત્રવ્યવહાર અને લખાણની પણ થઇ. પહેલાં એ બધું ઉર્દુમાં થતું. પણ હિંદુ 'મુનશી' અને અધિકારી જેમ જેમ ઉર્દુ નહીં લખવાનો નિયમ કરવા લાગ્યા,

તેમ તેમ એ કામ પણ હિંદીમાં થવા લાગ્યું. ધીમે ધીમે ઉર્દુ કાઢી નાખીને હિંદી જ એકમાત્ર લિપિ જ્યારે થઈ નહીં તો પણ તેની સાથે માનભરી સરકારી લખાણની ભાષા અને લિપિ થશે એવો રંગ સ્પષ્ટપણે દેખાવા લાગ્યો.

સ્વતંત્ર લોકોમાં લગ્નકાર્યમાં પત્રિકા પણ હિંદુ લોકો ઉર્દુમાં છાપતા! પણ પછી કેટલાક લોકો તે હિંદીમાં છાપવા લાગ્યા. તે વાચવી અઘરી, કારણ શિક્ષિત હિંદુ તેવા જ ઉર્દુ શિક્ષિત! પણ તો ઘણીખરી પત્રિકા હિંદી અને ઉર્દુ એમ બંને રીતે છાપવી, કમ સે કમ ઉર્દુ જ છાપી તો ઉપર ઓમ અને નીચે કોઈપણ હિંદી વાક્ય નાગરીમાં છાપવું, અથવા લખવું.

આટલી ખટપટ ચાલુ હોવાથી તેનો વિરોધ થતો જ એમાં કોઈ નવાઈ નહોતી. પણ આશ્ચર્યની વાત એ હતી કે તે વિરોધ ફક્ત મુસલમાની અધિકારીઓ તરફથી ના થઈને અંગ્રેજી અધિકારીઓ પણ હિંદી વિશે શંકાશીલ દેખાતા. તે પણ હિંદી જાણતા નહોતા અને ઉર્દુ જાણતા નહોતા, એ એક કારણ અને બીજું એટલે એ કે હિંદીની ચળવળ અમે પુરસ્કૃત કરેલી! તેના લીધે તે હંમેશાં શંકાશીલ દેખાતા. હિંદી પુસ્તક મગાવવાને અમે એક બંદીનું મન વાળ્યું તો, ''તું ઉર્દુ પુસ્તક મગાવવાનો હતો, તો હિંદી કેમ મગાવ્યું.'' એવો તમે પ્રશ્ન પૂછી ઉર્દુ મગાવવા તેનું મન વાળવાનો પ્રયત્ન કરતો એક અંગ્રેજી અધિકારી નીળ્યો હતો. તેમાં પણ જ્યારે શાળામાં હિંદી શીખવા માટે સ્વતંત્રમાં ચળવળ પણ થઇ ત્યારે એ ચળવળ અમે કરી અને તે સફળ થશે તો સ્વતંત્ર લોકોમાં અમારું વર્ચસ્વ ઘણું વધશે એવા રિપોર્ટ ગુપ્ત પોલીસ અને મુસલમાન અધિકારીઓ સ્પષ્ટ રીતે ઉપરીઓને આપવા માંડ્યા. હિંદીની ચળવળ કરનારા મુખ્યત્વે તે જ લોકો હતા કે જેઓ આર્યસમાજ, શુદ્ધિ, રાજકારણ પ્રચાર, શિક્ષણ, અન્યાયનો વગેરેનો વિરોધ વગેરે કાર્યોમાં વારંવાર અગ્રેસર રહ્યાથી, સરકારી લખાણમાં, 'ચળવળો, ભયંકર અથવા શંકાસ્પદ વર્તન!' એવી કોઇક ઉપમાથી ગૌરવ પામેલા બંદીવાનો હતા. આ રીતે હિંદી તરફ સરકાર વિનાકારણે શંકાશીલ રીતે જોવા લાગતા સ્વતંત્ર લોકોએ માગણી કરી હોવા છતાં પણ શાળામાં, હિંદી, કાંઈ નહીં તો હિંદુ બાળકો માટે પણ ફરજિયાત ભાષા કરવામાં આવી નહીં. અમારા આવ્યા પછી પણ કરવામાં આવી નહીં. પણ જો ત્યાંના સ્વતંત્ર લોકો સરખી ખટપટ કરે તો સરકારને પોતાનો સંશય કેટલો ગાંડપણભર્યો છે એ સમજાઈને આંદામાનની શાળામાં હિંદુને તો હિંદી અને નાગરી ફરજિયાત ભાષા અને લિપિ તરીકે શીખવાની પરવાનગી આપશે એવો અમારો વિશ્વાસ છે. આવું અમે એકસરખું લોકોના મન પર અંકિત કરતા હતા.

છોકરીઓને હિંદી-નાગરી શિક્ષણ

છોકરાઓની શાળામાં હિંદી નાગરી ફરજિયાત કરવામાં આવી નહીં. તો પણ તેની લડતમાં છોકરીઓની શાળામાં તે ચળવળને સફળતા મળી. આ હિંદુ છોકરીઓને પણ ઉર્દુમાં શિક્ષણ આપવામાં આવવાનું હતું! હિંદીની કોઇ એક વ્યવસ્થા થવાની ન હતી. પણ સમયે જ સ્વતંત્ર લોકોને સતત શરમાવીને, ખીજાઈને છોકરીઓને તો કમ સે કમ, અલીફ, બે, પે વગેરે ઉર્દુ મૂળાક્ષરો શીખવા માટે મુસલમાની શિક્ષકોના હાથમાં આપવાની ઘાતક પ્રવૃત્તિથી દૂર કરવામાં આવ્યા, અને પહેલેથી જ છોકરીઓની શાળામાં હિંદુ છોકરીઓને હિંદી-નાગરી શીખવાની વ્યવસ્થા કરવામાં આવી.

રાજકીય બંદીવાનોમાં પણ પંજાબ વગેરે પ્રાંતના લોકોએ ઉર્દુમાં પત્ર નહીં મોકલતા પોતાની હિંદી ભાષામાં જ નાખવાનું આરંભ કર્યું એવું કહેવાની જરૂર નથી. રાજકીય બંદીઓમાંના પંજાબી વગેરે લોકોમાં ઉર્દુમાં ઉત્કૃષ્ટ કવિતા કરનારા અને નામાંકિત લેખકો પણ હતા. તેમાંના કેટલાકે પહેલાં સહજ જ અમારી ઉર્દુ વિરુદ્ધની ચળવળનો વિરોધ કર્યો, પણ પછી રાષ્ટ્રભાષાની દ્રષ્ટિએ ઉર્દુ કેવી રીતે બરાબર નથી વગેરે વાતો તેમને સમજાઈ અને તેમણે અમારી સામે, 'આજથી આ ઉર્દુ લખાણ છોડ્યું,' એવી પ્રતિજ્ઞા કરીને હિંદીમાં લખવાનું શરૂ કર્યું. તેમને પહેલાં આકાશ, વ્યાયામ વગેરે સાદા શબ્દો જ શીખવવા પડ્યા! એટલું તેમનું મન ઉર્દુએ અહિંદુ કરી નાખ્યું હતું, પણ તે કષ્ટ તેમણે સહન કર્યાં અને ઉચ્ચ હિંદી નાગરી શીખતા ગયા.

મારી આ ચળવળ ઉર્દુનો દ્વેષ કરવાને નહોતી; કારણ હું પોતે ઉર્દૂ શીખતો અને વાચતો હતો. હજી પણ સાધારણ ટ, ફ પૂરતી મને વાચતા આવડે છે. ઘણીખરી સમજાય છે. તે એક લિપિ અને કદાચ ઉપભાષા તરીકે હિંદી મુસલમાનોમાં સુખેથી જીવંત રહે. એ અમારા મુસલમાની દેશ બંધુઓન ભાષા એવું અમે પણ આંશિક મમતાથી સાચવશું, પરંતુ હિંદુઓના શ્રમથી અને ઉત્તેજનાથી તેને એટલી માથે ચડેલી થાય કે હિંદુઓને જ તેમની, ''હિંદી ભાષાને લાત માર અને મને પોતાની રાષ્ટ્રભાષા કર,'' એવી રીતે ધમકાવવા લાગી, એ માત્ર અમે સહન કરી શકીએ નહીં. એટલા પૂરતો જ તેનો વિરોધ અમે કરતા રહેશું. હિંદુઓને તેમના ખર્ચે ચાલતી શાળાઓમાંથી તેમની રાષ્ટ્રભાષા હિંદી ફરજિયાત શીખવવી અને આ માગણી એકદમ યોગ્ય, ન્યાયી લાગવાથી અને ઉર્દૂ જોરપૂર્વક શીખવવામાં આવતી હતી એ અન્યાયી અને હિંદુ સંસ્કૃતિને ઘાતક લાગવાથી અમે ઉર્દુનું ઉચ્ચાટન શક્ય ત્યાં સુધી કરતા અલગ અલગ રહ્યા. ભાષા અને લિપિની દ્રષ્ટિએ તે કોઇ પણ હિંદુએ શીખવી. આપણે ફ્રેન્ચ શીખીએ, જર્મન શીખીએ તેવી જ રીતે ઉર્દુ શીખવી. પણ રાષ્ટ્રભાષા તરીકે કે સ્વભાષા તરીકે આપણી સંસ્કૃતિ - પેઢાશ અને પૂર્વજોની હિંદુ ભાષા છોડીને તેને તેમના માથા પર નાચવા દેવી એ અમને અનિષ્ટ લાગ્યું.

આંદામાનમાં હિંદી પુસ્તકોનો જથ્થો કરીને ફરતા આંતરિક ગ્રંથાલયો કેમ ચલાવ્યાં હતાં તેનું છૂટક વર્ણન પાછળના ગ્રંથાલયના પ્રકરણમાં આવ્યું જ છે. આ ફરતા ગ્રંથાલયમાં હિંદીનાં અર્થશાસ્ત્ર, રાજનીતિ, રાજકીય ચળવળ વગેરેનાં નવીનતમ પુસ્તકો સતત આવતાં રહેવાથી સામાન્ય બંદીઓને પ્રચલિત નહીં તો પ્રૌઢ વિષયનું જ્ઞાન મેળવવું ખૂબ સુલભ થયું. સત્યાર્થ પ્રકાશ નામના ગ્રંથના વાચન તરફ તો અમે વિશેષ ધ્યાન આપતા હતા. રાજ બંદીઓને તે વારંવાર વાચવા પ્રેરતા. દયાનંદનો તે ગ્રંથ, કેટલાક તાત્કાલિક સંગ્રામોની ધૂળ નીકળી અને હવા નાકળી એવા ભાગ છોડીને હિંદુ સંસ્કૃતિનાં ઉચ્ચ તત્ત્વો, મનમાં પ્રતિબિંબિત કરનારો અને હિંદુ ધર્મનું રાષ્ટ્રીય સ્વરૂપ વ્યક્ત કરનારો એક અદમ્ય અને ફૂલેલી છાતીનો પ્રચારક જ છે એમાં શંકા નથી. હિંદી શીખવા મન વાળવા માટે ક્યારેક ક્યારેક શિષ્યવૃત્તિ પણ તેમાંના બંદીવાનોને અને ઉર્દૂ શીખેલાઓ સ્વતંત્ર યુવાનોને અમે આપતા. પરંતુ પહેલાં જ્યારે, 'પૈસા લો પણ શીખો' એવી ચળવળ કરવી પડી તો આગળ હિંદીમાં રુચિ એટલી વધી કે પુસ્તકો ઓછાં પડ્યાં. પુસ્તક મંડળીમાં હાથોહાથ જતાં જતાં ખરાબ થતાં એવી કાગારાળ થતી! હું કહેતો પુસ્તક પડ્યું છે એના કરતાં તે વાચતાં વાચતાં ફાટી જાય એ કાગારોળ મને વધારે ગમતી. જે આંદામાનમાં ઉર્દુ ઘરેઘરે હિંદુ લોકોનાં મન આટલી હદે વશ કરી રહ્યાં હતાં કે હિંદુ છોકરી પણ, ''તુમ્હારી શાદી હૈ?'' એવું અંદરોઅંદર પૂછતી; પણ લગ્ન, વિવાહ વગેરે શબ્દોનો અર્થ પણ તેમને સમજાતો નહીં. આંદામાનમાં હિંદી ભાષા અને નાગરી લિપિ આપણી ધર્મ ભાષા અને ધર્મ લિપિ છે એ ભાવના હિંદુ જનતામાં છોકરા-છોકરીમાં વિકસાવી અને હિંદી વાચનની રુચિ એટલી વધી એ જે પરિસ્થિતિમાં ચળવળ કરી તે પરિસ્થિતિની તુલનામાં, જેણે તે ચલાવવામાં મુખ્ય ભાગ લીધો તે માટે કારાગૃહ અને વસાહતોના ઉત્સાહી બંદીવાન પ્રચારકો માટે સન્માનજનક હતું એમાં કોઇ શંકા નથી.

પરંતુ તે ચળવળનું પૂર્ણ ફળ પામવા માટે શિક્ષણમાં જ હિંદી-નાગરીનો પ્રચાર થવો જોઈતો હતો. તેવી વાત હું કાયમ કહેતો. પણ આગળ શું થયું તે આગળ જોઇશું.

પ્રકરણ ૧૦મું
સવા વેંતનું હિંદુરાજ્ય

આંદામાનમાં અમે ગયા ત્યારે ગાજતું હતું તે 'પઠાણી રાજ્ય' ઉથલાને પડીને તેની જગ્યાએ 'હિંદુ રાજ્ય' જ્યારે સ્થાપિત થયું ત્યારે તે રાજ્યની રાજધાની એટલે પેલો તેલ-કોઠાર - એ જ અમારા આધિપત્ય નીચે

આવ્યો. અને ત્યાંથી એક હાથ તૂટેલી લાકડાની ખુરશીના સિંહાસન ઉપર અમે બિરાજમાન થયા ત્યાં સુધીની કથા પાછળ કહેલી જ છે.

તેલ-કોઠાર એટલે તે કારાગૃહનું આખરી ઉત્પાદનકેન્દ્ર હોવાથી અને બારીસાહેબના ભરોસાને - ખાસ કરીને રાજ બંદીઓ આવ્યા પછી - પઠાણી મુસલમાન સિવાય બીજા કોઇ પાત્ર ના થવાથી, તે તેલ-કોઠારમાં મુસલમાન મોટેભાગે પઠાણ અધિકારી હતા. તેમના હાથમાં બધા બંદીઓનું તેલ માપવાનું કામ હોવાથી તેઓ બધા બંદીઓને થરથર ધ્રૂજાવી શકતા. તેમણે, 'તેલ પૂરા નહીં' કહ્યું અટલે જમાદાર, પેટા ઓફિસર, બંદી થરથર કાંપવા માંડતા. બંદીવાનોને મારવાનો અધિકાર તે ગોદામવાળાઓને પરંપરાગત મળ્યો હતો. બારી કાર્યાલયમાં જો કોઇની વાત આંખ મીંચીને શાંભળવામાં આવે તો આ અધિકારીઓની. તેના લીધે રાજ બંદીઓ વિરુદ્ધ ચાડી ખાવામાં પણ આ અધિકારીઓ જ અગ્રેસર હતા. આ પદ ઉપર જેલમાં એકદમ લબાડ, ધૂર્ત, સોદેબાજ અને સ્વાર્થી હોય તેને જ નીમવવામાં આવતા. તેવા ઘણા સુયોગ્ય અધિકારી તે સ્થાનને અમારા સાત-આઠ વરસના કારાવાસમાં પવિત્ર કરીને ગયા હતા; અને હવે અમારા નવમા વરસે તે પદ પર જ અમારી નિમણુક થઇ!

અમે ત્યાં આવતાં જ કારાગૃહમાં રહ્યાસહ્યા મુસલમાન ટંડેલ, પેટા ઓફિસર, બંદીવાન વોર્ડર વગેરે મંડળીમાં એકસરખી ભીતિ પ્રસરી ગઈ. એ તેલ કોઠારના દેવતાને બંદી અને બંદી અધિકારીઓ તેલની ધાણીમાં પોતાનો જીવ પીલાઇ ના જાય એવું લાગતું હોય તો તેને ખાસ્સો સોનાચાંદીનો પ્રસાદ દેખાડવો પડે. આજ સુધી ત્યાં રહેલા મુસલમાની અધિકારીઓના જોર ઉપર હિંદુઓને તે તેલની ઘાણીમાં, પ્રસાદ નહીં આપ્યો તો તેના માટે, અને આપ્યો તો કાફિર કહીને આ લોકોએ ત્રાસ આપ્યો હતો. હવે તે જગ્યા હિંદુઓના હાથમાં આવી, અને એ પણ ત્યાં શુદ્ધિકરણ કરાવનારા નષ્ટ, દુષ્ટ, આયના વાલાના! ત્રીજુ નેત્ર ધરાવનારાના! એક-એક મુસલમાન ટંડેલ, પહેલાં રાજ બંદીઓના છળમાં સૌથી આગળ રહેવાની ચડસાચડસી કરનારા પેલા મુસલમાન પેટા ઓફિસરો, આવીને, એકદમ વિનમ્રતાથી હાથ જોડીને, સલામ જ નહીં પણ હાથ જોડીને, મને વિનંતી કરતા કે, ''બડે બાબુ, અબ જાન બચાના!''

સલામ નહીં, રામ રામ!

અને ઉપર હાથ જોડવું લખેલું છે તેમાં એક રહસ્ય છે. અમે આંદામાન ગયા ત્યારે જોતા હતા કે, હિંદુ લોકો મુસલમાનોને સલામ કરતા, એટલું જ નહીં પણ અંદરોઅંદર પણ પંજાબી વગેરે મંડળી સલામ કરતી દેખાતી. પણ મુસલમાન ગમે તે થાય તો પણ રામ રામ બોલતા નહીં. એક દિવસ એક મરાઠી વોર્ડરે મને કહ્યું કે તેણે મિર્ઝા ખાન જમાદારને (પેલા છોટાબારીને) અમસ્તું રામ રામ કર્યા તો તેને તે વોર્ડરને ગાળો આપીને ધમકી આપી કે, ''એ કાફિર, હમારે સામને રામ રામ કા નામ મત નિકાલો, તુમકો સલામ બોલના હોગા!'' આ વાત સાંભળ્યા પછી અમે જાતે નિશ્ચય કર્યો કે કોઇપણ મુસલમાનોને સલામ કહેવું નહીં, જ્યાં સુધી તે રામ રામ, નમસ્કાર બોલે નહીં. જો ક્યારેક એકાદ મુસલમાન આમ રામ રામ બોલનારો હોય - આપણા મહારાષ્ટ્રીય મુસલમાન તે સમય સુધી પણ પુષ્કળ સીધા હતા અને રામ રામ પણ બોલતા- તો હું એકને બદલે દસ વાર સલામ બોલતો; પણ જે ધર્માંધ મુસલમાન જિદપૂર્વક રામ રામ બોલતા નહીં; પણ હિંદુને માત્ર સલામ કહેવાની ફરજ પાડતા, તેમને આપણે પણ સલામ કહેવું નહીં, એવો મેં નિર્ધાર કરીને બીજા હિંદુ બંદીવાનોમાં તે રિવાજ પાડ્યો. તેના લીધે કેટલીયવાર નાના ઝઘડાઓ થતા; પણ હિંદુ બંદીવાનોમાંના અનેક જિદ્દી લોકો મુસલમાનોને તેમને સલામ કહે તો પણ પોતે રામ રામ અથવા નમસ્કાર કહેવાનો નિર્ધાર છોડ્યો નહીં. એના લીધે મુસલમાનોને ખબર હતી કે, હું હિંદુ રામ રામ, હાથ જોડીને નમસ્કાર, વંદે માતરમ્ વગેરે શિષ્ટાચારના અભિમાની હોઈને અને એટલે તે મુસલમાન બંદી અધિકારીઓ મને પ્રસન્ન કર્યા સિવાય છૂટકો નથી, એવું જોઇને 'હાથ જોડીને' નમસ્કાર કરતા હતા. પણ સલામ કરો નહીં, એવો આગ્રહ તેમને મેં ક્યારેય કરતો નહોતો. તેમણે સલામ કરવી, પણ પછી હિંદુઓએ રામ-રામ જ કરવા. એ જ્યારે રામ-રામ સરળ રીતે બોલે તો આપણે પણ લાગે તો તેને સલામ કહેવું.

મને 'જાન બચાવવાના' પુરસ્કાર તરીકે પહેલાંની પદ્ધતિ પ્રમાણે મુસલમાન બંદીવાનો પાસેથી અને ટંડેલો વગેરે પાસેથી પ્રસાદ પણ ખાનગીમાં સ્વીકારવાનો આગ્રહ થયો હતો. ત્યારે મેં ઘાણીના કારખાનામાં અને બીજે બધે જઇને, બધાને મળીને કહ્યું કે, ''તમે મુસલમાન છો તેથી કોઇને પણ મારા તરફથી ત્રાસ થશે એવો ડર છોડી દો. તમે કોઇ હિંદુને ત્રાસ આપો નહીં. એટલે પત્યું. કોઇનીયે કાણી કોડી મારે ના ખપે. કેવળ શક્ય એટલું પોતાનું કામ ચોખ્ખું કરતા રહો. પછી થોડુંઘણું તો હું જોઇ લઇશ. પરંતુ જો તમે હું હિંદુ છો એટલે કોઇએ ચાલબાજીથી કોઇ કામ ઓછું કર્યું અથવા પહેલાંની જેમ હિંદુ લોકોને પીડા આપી, અથવા પૈસા ઉઘરાવતા જોયા તો માત્ર ધ્યાનમાં રાખો!''

બધા પર ધાક બેસાડી

અમે હતા ત્યાં સુધી આ ધોરણે જ તેમને વર્તાવ્યા. એક-બે જૂના ખંધા થયેલા મુસલમાન વોર્ડરોએ તેલ ચોરીનો અમારી ઉપર ખોટો ખટલો કરવાનો પ્રયાસ કર્યો હતો; પણ તત્કાળ તેને જ પકડીને, કામ ઉપરથી કાઢી નાખવામાં આવતાં જ બધા પર ધાક બેસી ગઇ; અને પછી તે બધા એકદમ લાચારપણે રહેવા લાગ્યા. મેં તે વોર્ડરોના કામ ઉપર હિંદુ વોર્ડર નીમ્યા. જે ઘાણીને 'ફાંસીનો ગુરુ' તરીકે ઓળખતા - કારણ ફાંસીએ ચડવા કોઈનું મન વાળવું હોય તો તેને ઘાણીમાં મોકલાવ્યો કે પૂરું થયું - તે ઘાણીમાં તો મારા હસ્તક હતી ત્યાં સુધી કોઇને પણ બેડીની સજા અથવા એક ચપટી જેટલી પણ મારપીટ અથવા એક કોડીની પણ લાંચ લેવામાં આવી નહીં; ભોગવવી પડી નહીં અને તો પણ તે તેલનું કામ કંઇક ઓછું થાય કે ઉત્પાદન તેના લીધે ઓછું થયું હોય તેવું ક્યારેય થયું નહીં. એ સમયે તે કાર્યાલયમાં બંદીપાલ બારીનો સાઢુ થયો હતો. તેમના સુશિક્ષિત, દયાળુ અને ઉદારતાના સ્વભાવને લીધે કારાગૃહમાં સરકારી કામ ઉત્તમ રીતે ચાલીને બંદીવાનોને અન્યાય, ત્રાસ થતો નહીં. તેમની પણ મને આ ઘાણીના કામની પીડા અને અત્યાચાર બંધ કરવા પુષ્કળ સહાય મળી. હિંદુ બંદીવાનો તો મારો ઉપકાર માનતા થાકતા નહીં. તેમની એ ભોળી ભક્તિ જોઇને અને ફક્ત હું ખરાબ નહોતો,એટલા જ માટે મારા સારાપણાને મનઃપૂર્વક ઉપકાર માનવામાં તેમની અલ્પસંતુષ્ટ યાતનાથી દ્રવી જઇને ક્યારેક ક્યારેક મારી આંખોમાં પાણી આવતું.

પીડા અને અત્યાચાર બંધ

તે તેલ કોઠારમાં રહેતા મને જે મુખ્ય સમાધાન માણવા મળ્યું તે એ હતું કે, મારા અને એકંદરે રાજ બંદીઓના અત્યંત દુર્દશાના દિવસોમાં જે લોકો અમને ઉપયોગી થયા હતા, તેમના પુષ્કળ હિત મારાથી સાધી શકાઈને મને સ્વતંત્ર લોકોમાંના સદગુણી લોકો અને કુટુંબોને પણ પુષ્કળ સહાય દઈ શકવાથી કૃતજ્ઞ બુદ્ધિને આનંદ થયો. હવે પહેલાં પ્રમાણેની કોઇપણ પીડા થવાની બંધ થઇ. બંદીને એકસાથે શૌચાલય માટે છોડીને સંડાસ માટે સાત-આઠ લાઇનમાં મોકલાવીને જમાદારને લાગે કે બસ, એટલે એકદમ 'ઊઠો' એવી આજ્ઞા છોડવામાં આવતાં જ કોઇનો શૌચ પૂરો થયો ના થયો પણ બધાએ તરત ઊભા થવું જ જોઇએ, નહીં તો તેમને નગ્ન જ ખેંચીને બહાર લાવવામાં આવતા - કેટલીયેવાર પાણી નાખીને અંગ ધોયા પહેલાં જ બહાર કાઢવામાં આવતા – આવા એકદમ પાશવી અત્યાચાર જે કામમાં ભોગવવા પડ્યા તે હવે સાવ નામશેષ થઇ ગયા હતા. મુસલમાન વોર્ડર, કોઈ હિંદુ હોજમાંથી પાણી લેતા દેખાયો કે પોતાના બન્ને પગ હોજમાં ધૂએ, અને તે હિંદુએ નિરુપાયે તે પાણી વાપર્યું કે તેની ટીખળ કરીને પોતે મોટું સત્કૃત્ય કર્યું હોય એમ જે બડાઇ મારતા - એવા જે ચાલીમાં માથાભારે હતા એ ચાલીમાં જ શુદ્ધ પાણી મળવા લાગ્યું, અને તેવું માથાભારેપણું કરવાની કોઇની હિંમત નહોતી થતી. પાણીની વાત નીકળી એટલે હજી બીજું યાદ આવ્યું કે, અમારે પહેલાં ચાર-પાંચ વરસમાં તો ક્યારેક ક્યારેક નાક પકડીને પાણી પીવું પડતું! કારણ બારીસાહેબ દૂરથી પીવાનું પાણી મગાવવામાં જ્યારે આળસ કરતો ત્યારે એકદમ ગંદું અને ટકાઉ તરીકે જાહેર કરેલા એક કૂવાનું પાણી બંદીવાનોને પીવા આપતો. તે એટલું કોહવાયેલું અને ખરાબ હતું હોય કે નાક દબાવીને પીવા સિવાય ઘાણીના ઉકળાટને લીધે તે પીવું અશક્ય જ થતું. એ વાત બારી પર્યવેક્ષકને સહજપણે જણાવતો નહીં. કોઇ એ કહેવાની હિંમત પણ કરે નહીં. અમે એકવાર તે પાણી છૂપાવીને રાખ્યું. બીજા દિવસે પર્યવેક્ષક આવતાં જ અમે પેલા બાજુના ખરાબ કૂવાનું

પાણી પીવા માટે વહેંચવા માટે આપ્યાની ફરિયાદ કરી. બારી કાયમ પ્રમાણે સોગન ખાઈને તે વાત નકારવા લાગ્યો. કોઈ જમાદાર અથવા બંદી અમારા વતી બોલે નહીં. હું ખોટો પડવા લાગ્યો, ત્યારે તે વાસણ અમે ખૂણામાંથી કાઢીને આગળ કર્યું! પર્યવેક્ષકે બારીથી ત્યાં જ થોડી ખબર લઈને બાકીની કાર્યાલયમાં ગયા પછી લીધી. તે પછી તેવું પાણી આપવાનું એકદમ બંધ થયું. આવી સ્થિતિમાં જે બંદીવાનોએ પહેલાં દિવસો કાઢયા હતા, તેમને તે શ્રીમાન ડિગન સાહેબના બંદીપાલ તરીકેના દિવસો, કારાગૃહની તુલનામાં કેટલા ઓછા દુર્ગમ વીતતા હતા એ સમજવાનું ઉત્તમ સાધન એ હતું કે જે કારાગૃહમાં મહિના-બે મહિનામાં એકાદ બંદી તો ફાંસો ખાતો જ, ત્યાં એ કારાગૃહોમાં અને વસાહતોમાં પણ ફાંસો ખાવાનું એકાદ ઉદાહરણ પણ બન્યું નહીં. એનું કારણ તે વખતની આઠ-દસ વરસની ખટપટી પછી કરાવેલો વસાહતના અધિકારીઓના વર્તનનો સુધારો જ એક હતું. અને એ પણ હતું, કે યુદ્ધથી આ અને પેલા કારણે છૂટકારાની આશા બંદીવાનોના હૃદયમાં સરખી ફેલાતી ગઈ. આત્મહત્યાની સંખ્યામાં થયેલો આ ઘટાડો કારાગૃહ મંડળના ધ્યાનમાં પણ લાવ્યો હતો.

ભંગીને હરોળમાં લીધા

તે તેલ-કોઠારના પદનો ઉપયોગ અમારા શિક્ષણ, શુદ્ધિકરણ, સંગઠન વગેરે આંદામાનમાં સુધારણા માટે ચલાવેલા પ્રચારકાર્યને લીધે જ ખૂબ થવા લાગ્યો. કેટલાંક ઉદાહરણ કહું. એકવાર એક હિંદુ ભંગી, જે ખાસ્સા દિવસો પહેલાં મુસલમાન થયો હતો, તેને અમે હિંદુ ધર્મમાં પાછો લીધો પણ તેની નવી ચોટલી જોતાં જ મુસલમાનો તેને પંડિતમાંથી ઊઠાડવા માંડયા. અને પેલા હિંદુ, એ ભંગી હોવાથી તેને પોતાની પંગતમાં લીધો નહીં. ત્યારે અમે તેને તેલ-કોઠારમાં કામના બહાને તેનું ભંગીકામ પૂરું થાય પછી બોલાવતા, અમારી સામે સાબુથી શુદ્ધ સ્નાન કરાવીને, નવાં કપડાં પહેરાવીને, અમારી બાજુમાં જમવા માટે બેસાડતા. અમારું અને અમારા મિત્રનું ઉદાહરણ જોઇને તે ભંગી હિંદુ લોકોની પંગતમાં ધીમે ધીમે બેસવા માંડતા હિંદુ બંદીઓ તેની હેરીનગતિ કરે એવું નહિવત્ થયું, અને આ રીતે તે ફરીથી મુસલમાનોના પંજામાં ફસાતા બચી ગયો. તે દરરોજ તુલસીદાસનાં ભજનો કરતો. પહેલાં આ જ ઘાણીના ત્રાસથી કંટાળીને જીવ બચાવવા માટે કેટલા ઉચ્ચવર્ણના હિંદુઓ પણ અને બ્રહ્મીઓ તો પૂછતા જ નહીં, ભંગીકામ માગીને લેતા! ભંગી તૈયાર કરવાની શાળા તરીકે આ ઘાણી પ્રખ્યાત હતી! પણ તે કામ હવે સરળ થતાં જ તેજ ઉચ્ચવર્ણના હિંદુઓ પેલી બિચારી જાતિના ભંગીને પોતાની બાજુમાં બેસવા દેતા નહીં.

લોકમાન્યના મૃત્યુ નિમિત્તે ઉપવાસ

એ સંધિની આસપાસ જ લોકમાન્ય અવસાન પામ્યાના સમાચાર આવ્યા. પહેલાં રાતના ઊડતાઊડતા આવ્યા. સવારે ખાતરી થઈ. તે વખતે લોકમાન્યના મૃત્યુથી આત્મા કકળી ઊઠ્યો. એ તરફડાટ તો વ્યક્ત પણ કેવી રીતે કરવો! છેવટે આઠ વાગ્યાના સુમારે નક્કી કર્યું કે તે આખા આંદામાનમાં બધાએ ઉપવાસ કરવો અને બીજા દિવસે શોક વ્યક્ત કરવા ખાનગીમાં સભા ભરવી. તત્કાળ અમારી સંસ્થાની સહકારી મંડળીને તે જણાવ્યું. તેણે આગળનાને અને તેણે તેની આગળનાને, આમ કરતાં કરતાં એકાદ તીરની ઝડપે તે વાતગામે ગામ પ્રસરી અને જમવાનો સમયે જુઓ તો કારાગૃહથી તે દૂર રાસ બેટ સુધી અને બીજા ભાગોમાં સેંકડો લોકોએ પોતપોતાનું જમવાનું નકાર્યું. અધિકારીઓને ગરબડ લાગી કે આ શું! પણ કોઈ કારણ કહે નહીં, કારણ બંદીવાનોને રાજકારણ નહીં - જેમ ગાયને આત્મા નહી! અને બંદીવાનોને રાજકારણ નહીં એટલે રાષ્ટ્રીય કારણ નહીં - બાકી સરકારી રાજકારણ તેમણે કર્યું તો ચાલે. એટલું જ નહીં, પણ તેમને તે કરવાની ઇચ્છા વિરુદ્ધ ફરજ પડે. ઉદાહરણાર્થે, લડાઈના દિવસોમાં મહાયુદ્ધ માટે ઈંગ્લિશ સામ્રાજ્યના સુર્વણ પર્વતનું દેવાળું નીકળે નહીં તે માટે આંદામાનના બંદીવાનો પાસેથી પણ

પૈસા, ફાળો તરીકે અધિકારીઓએ ભેગો કરવામાં બાકી રાખ્યું નહોતું. અને યુદ્ધ પૂરું થયા પછી એ શાંતિના દિવસોમાં તેમણે પરાણે કલાક-અડધો કલાક ચૂપ બેસવું પડતું, પણ લોકમાન્યના મૃત્યુ માટે દુઃખ વ્યક્ત કરવાનો બંદીવાનોને અધિકાર નહોતો. તે માટે જમવાનું છોડ્યું એટલે તો તરત રાજદ્રોહી સાથે સંબંધ રાખવા માટ ખટલો થશે અને બેડી! તેથી બંદીવાનોએ કારણ કહેવું નહીં. ધીમે ધીમે અધિકારીઓને ખબર પડી કે લોકમાન્ય માટે આ હજારો બંદીવાન આજે ઉપવાસ કરવાના છે. એક-બે કલાકમાં આ વાત ચારે બાજુ પ્રસરીને સંગઠિત ઉપવાસ હજારો બંદીવાનોએ કેવી રીતે કર્યો એવું અધિકારીઓને સક્રોધ આશ્ચર્ય થયું અને એ આશ્ચર્ય હતું જ! નવ વરસ પહેલાં ટિળકનું નામ જાણતા હોય એવા સોમાં હતો, નહોતો. અને રાષ્ટ્રીય શોક માટે એક દિવસ ઉપવાસ કરીને ખાલી પેટે દિવસભર રહીને કઠોર પરિશ્રમ કરે એવા રાષ્ટ્રીય વલણનો માણસ તો હજારોમાં એક જ મળતો. એ આંદામાનમાં જ આઠ-નવ વરસના પ્રચારથી એટલું સંગઠન થયું અને રાજકીય પીડા જન્મી કે ઠેકઠેકાણેના આગેવાનો દેશસેવક બંદીવાનોને કારાગૃહમાંથી બે કલાકમાં સમાચાર પહોંચી શકતા અને હજારો બંદીવાન એકમતે રાષ્ટ્રીય શોક પાળી શકે.

સભા પણ ગૂપચૂપ ભરાવા લાગી!

તેવી જ સ્થિતિ સભાની પણ હતી. બહાર વસાહતોમાં અમારા સંસ્થાની પ્રમુખ મંડળી સભા ભરીને વખતોવખત લોકોમાં જાગૃતિ લાવતા, રાજકારણ વગેરે વિષયો ઉપર તેમને વ્યાખ્યાનો આપીને શિક્ષિત કરતા. એવી સભા ભરવી જોખમી હતી. કારણ બંદીવાનોને એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જવાની મનાઇ હતી. અને એ સભામાં તો સો-સો બંદીવાનો પણ આગળ આગળ ભેગા થતા, અને તે બધા ઠેકાણેથી આવતા. આ શક્યતા તે વસાહતમાં રાષ્ટ્રીય ચળવળને અંદરખાને અનૂકુળ થયેલા બંદીવાનો અને સ્વંતત્ર અધિકારીઓની સહાયથી જ થઈ હતી. પણ એકાદવાર ગડબડ થઈને તેમના પકડાઇ જવાની પણ પુષ્કળ સંભાવના હતી. એવા પ્રસંગે અમારા દેશભક્ત વીરોમાં જે ધમાલ થતી તે એકદમ યાદગાર હતી. પિસનબેગ નામના એક જ જિલ્લાનું ઉદાહરણ આપીએ. ત્યાં એકવાર સભા ભરવાનું નક્કી થયું. દૂરદૂરથી મંડળી કોઇને કોઇ નિમિત્તે આવી. અંતરિયાળ જગ્યાએ દૂર દૂર સુધી પહેરો ગોઠવીને સભા ભરી. હવે રાષ્ટ્રીય આવેશ બધામાં ભરાવા લાગ્યો ત્યાં જ દૂર એક પરિચિત પોલીસનો મુખ્ય અધિકારીઓમાંના ગૃહસ્થ દેખાયા. પછી શું ગરબડ? પૂછતા તે વક્તા, તે શ્રોતા, તે ભરેલો રાષ્ટ્રીય આવેશ, જે-તે ઘાસમાંથી, પથ્થરની આડશમાં, ચાલી પાછળથી, વાડ ઉપરથી કૂદકો મારીને, કૂદકા મારીને ગાયબ. જે એક-બે કૂદકા મારતા પડ્યા તે માત્ર પકડાયા. પોલીસ અધિકારી પણ પરિચિત હતો. ઉપર કોઇકે અહીં આવી ખાનગી સભા ભરાય છે. એવી ચાડી ફૂંકી હતી. તેથી તેને ઉપરીઓનો આદેશ થયો હોવાથી જ તે આવ્યા. નહીંતર તેમના આંગણાની સભા તરફ પણ ફરકે નહીં. તેણે કૂદકો મારતા પકડાયા તેમને પકડીને માત્ર ધાકધમકી આપી. પણ પેલા એ જિલ્લાના જ હોવાથી અને ફક્ત ભેગા બેસવામાં રવિવારે ઝાઝો વાંધો બહાર નહીં હોવાથી, પોલીસ મહાશયે સભા-બભા કાંઇ નહોતી એવું જણાવ્યું. પરંતુ તેમાંનો એક મરાઠી બંદીવાન, જે આગેવાન હતો, તેને આગળ હળવેકથી લખવાના કામ પરથી કષ્ટવાળા કામ પર મોકલવામાં આવ્યો. બે અઠવાડિયાં પણ થયાં નહીં હોય ત્યાં તો અમારી મંડળીએ લાગવગ લગાડીને ફરીથી તેને લખવાના કામ પર નિયુક્ત કરી દીધો.

આંદામાનમાં આપણાં દેશની રીત પ્રમાણે જ દશેરા, દિવાળી અને હોળીઓ તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવતા. ત્યાં એક અખિલ હિંદુનું, એક શીખનું અને એક આર્યસમાજનું એમ ત્રણ હિંદુ દેવળ છે. તહેવારના દિવસે બધા હિંદુ બંદીવાનોને રજા આપવામાં આવતી અને બંજારમાં સંધ્યાકાળ સુધી તેઓ મોકળાશથી ફરતા હતા. કારાગૃહના બંદીઓને માત્ર બહાર જવા દેવામાં આવતા નહીં. આ તહેવારની યાત્રાનો ઉપયોગ અમે અમારા પ્રચારકાર્યને શક્ય એટલું કરવા માટે કરવાનું ધોરણ રાખ્યું હતું. અમારી

બહારની મંડળીઓ તે દિવસે નાનાં-મોટાં સંઘો જમાવીને સાર્વજનિક જ્ઞાન અને રાષ્ટ્રીય ભાવના જગાડનારાં ભાષણો અને વાતચીત કરતાં, દેવળોમાં પૂજારીને પણ તેવું વલણ રાખવા માટે કહેતા. જાતિના ભેદભાવ વિના હિંદુઓનાં સમૂહભોજન રાખતાં. આવા વખતે ભોજન પહેલાં સૌ રાષ્ટ્રીય પ્રાર્થના કરતા. ગીતોમાં પુરાણો અને આર્યસમાજના ભજનો બંદીઓ પાસે ગવડાવવામાં આવતા. સેંકડો સાધારણ અશિક્ષિત હિંદુ બંદીઓમાં તહેવારના દિવસે રાષ્ટ્રીય વિચારનાં, અને રાજકારણની જિજ્ઞાસાનાં બીજ આ રીતે રોપવામાં આવતાં. આ બહારની ચળવળમાં આગેવાનો તરીકે જે અમારા સહકારી હતા - જે શરૂઆતમાં સજા પામીને આવ્યા ત્યારે પહેલાં તો કારાગૃહમાં અમારી સાથે હતા અને ત્યાંથી સંસ્થાના પ્રચારની યોજના અને પ્રતિજ્ઞા લઇને બહાર સારા લેખક, કારખાનેદાર, ક્લાર્ક, એવા વર્ચસ્વના પદે નિયુક્ત થયા હતા - તેમનાં નામો અહીં આપવાં એ અહીં કેટલીયેવાર તો કર્તવ્ય લાગે છે. પણ આ આવૃત્તિ પૂરતું તો એ મોહ તેમના માટે જ જતો કરવો પડે છે. તેમાંના કેટલાય ધારવાડ, અકોલા, બિહાર વગેરે તરફના સુશિક્ષિત ગૃહસ્થ હોઈને તેમને ભલે સામાન્ય અપરાધી ગણવામાં આવ્યા તો પણ તેમની ઉપર ખટલા નિઃશકપણે રાજકીય સ્વરૂપના જ હોવાથી તેઓ રાજ બંદીઓ જ હતા. બીજા અમુકે અશિક્ષિતો ચોરી, લૂંટફાટ, હત્યા વગેરે અમાનવીય અપરાધ પહેલાં કરેલા હોવાથી હવે એટલા સુધર્યા હતા કે તેમના અપરાધ તેમના આત્માને જ અધોગામી કરી શક્યા નહીં એ જોઇને કોઇને પણ આનંદ થાય. આ ઉપર ઉલ્લેખેલા બંદીવાનોનો ઉપર વર્ણન કરેલી સભા અને ચળવળ કરતાં કેટલાક પ્રસંગે પકડાઇ જવાનો વારો પણ આવેલો. તેમને ચળવળ માટે આંદામાનના ઝટપટ કાયદા હેઠળ છ મહિના, વરસ કારાગૃહની સજા પણ થતી. અને વસાહતનું સુખ અને અધિકાર તેટલા પૂરતું છીનવી લેવામાં આવતું. પણ તેઓ તે સંકટ સહન કરતા, તેમની દેશભક્તિ કારાગૃહમાં રાજ બંદીઓ ગણાતા રાજ બંદીવાનોને પણ આદરણીય લાગે એવીપ્રામાણિક અને ઉત્કટ સ્વરૂપની હતી.

રાજ બંદીઓનું સન્માન થવા લાગ્યું

એમના સાહસ વિશે એક ઉદાહરણ કહું. રાજ બંદીઓ સાથે વાત કરવી એ પણ આંદામાનમાં એક ચોરી હતી એ અમે પહેલાં કહેલું જ છે. કેટલાંકને તે માટે પદભ્રષ્ટ કરવામાં આવ્યા. કેટલાકને લેખનકાર્ય ઉપરથી દૂર કરીને તેલની ઘાણીમાં જોતરવામાં આવ્યા. પણ તેમ છતાં જ્યારે હિંદુસ્તાનમાંથી લશ્કરી સજા પામેલી રાજ બંદીઓની ટોળી આવવા લાગી ત્યારે પોલીસોની બધી વ્યવસ્થાને વિફળ કરીને આ અમારી મંડળીઓ તેઓ જહાજ પરથી કારાગૃહમાં આવે કે ખાનગી સમારંભ કરીને સન્માનપૂર્વક ફળ વગેરે આપતા. તે પ્રમાણે જ જ્યારે રાજ બંદીવાનોનો રાજક્ષમા હેઠળ છૂટકારો થવા લાગ્યો તો તે પાછા આવનારા દેશભક્તોનું સન્માન કરીને તેમને પ્રવાસ માટે નાસ્તો આપવો, જેમની પાસે બંદીનાં જ કપડાં હતાં તેમને નવાં કપડાં આપવાં, લાગે તો થોડાઘણા પૈસા પણ આપવા, અને બધું ખાનગીમાં ? કારણ તેની જાહેરાત થઈ તો સરકારી શાસન હેઠળ તે લોકો, મિટ્ટી મેં મિલ જાતે. આ બધો ખર્ચો તેઓ પોતાના ખિસ્સામાંથી જ આનંદથી ફાળો આપીને કરતા.

કારાગૃહ મંડળ સામે અમે જે વાત જરૂરી સુધારા તરીકે આગ્રહથી માંડી હતી તેમાં આંદામાનમાં બંદીવાનોને શિક્ષણ મેળવવામાં જે દેખીતા અવરોધ ઊભા કરવામાં આવતા હતા તેની પ્રમુખપણે રજૂઆત કરી હતી. તે કારાગૃહ મંડળ જતાં તેમણે એકદમ ત્વરિત (અર્જન્ટ) તરીકે જે સુધારો ત્યાં કર્યો તેમાં વૈદકીય વ્યવસ્થા એ પહેલી સુધારણા. રબરકામ, જંગલકામ વગેરે અત્યંત સખત કામમાંની સખ્તીમાં નરમાશ એ બીજી સુધારણા. અને ત્રીજી સુધારણા અમે માગેલી. શૈક્ષણિક સ્વતંત્રતા બંદીવાનોને પહેલા કરતાં વધારે આપવામાં આવી. હવે શિક્ષણ અપરાધ રહ્યો નહોતો અને ના કોઈ બંદીવાન બારીની જેમ પાટી જોઈ કે તડતડ ફોડીને કામગારો વચ્ચે ધીંગાણું કરતો. તેમાં પણ તે વખતનાં બંદીપાલ અને પર્યવેક્ષક બંને પણ શિક્ષણ પ્રચાર માટે અનુકૂળ હતા. એવી તક સાધીને અમે તેલ-કોઠારના અમારા

પ્રમાણમાં વધુ સ્વતંત્રતાના અને જગ્યાના એ દિશામાં શક્ય એટલો ઉપયોગ કરી લેવાનું ઠરાવ્યું. અમે પહેલેથી જ શિક્ષણપ્રસાર માટે કેટલો પરિશ્રમ કર્યો એ પેલા બંદીપાલે પહેલેથી જોયેલું, અને સાંભળ્યું હતું. પણ પહેલાં જે સહાનુભૂતિ તેઓ દર્શાવી શક્યા નહીં તે હવે અધિકાર હાથમાં આવતાં તેઓ દર્શાવી શક્યા. મેં તેમની સાથે ચર્ચા કરીને બાળકોની ટોળીમાં એક શિક્ષક નિયુક્ત કરીને બાળકો પાસેથી કામ પ્રમાણે જ પ્રાથમિક શિક્ષણ પણ કરાવવું એવું નક્કી કર્યું. તે પ્રમાણે એક રાજ બંદીની તે કામ ઉપર નિયુક્તિ થઈ. ઓછી ઉંમરના અપરાધીઓમાંથી શિક્ષણથી ઘણા યુવાનો ઉત્તમ નાગરિક બની શકે છે એ કારાગૃહ સંસ્થાનો જગત આખાનો અનુભવ છે. તે છોકરાઓ પર નીમેલા રાજ બંદી ગુરુજીએ પોતાનું કામ સચોટપણે કર્યું. **તેમને ફક્ત અક્ષરજ્ઞાન આપતા ના હોઈને તેમને અમારા તટસ્થ શિક્ષણ પ્રમાણે, ખાસ કરીને રાષ્ટ્રીય અને આધ્યાત્મિક શિક્ષણ આપતા હતા.** ગીતામાંથી એકાદ શ્લોક, ધાર્મિક ગ્રંથમાંથી, ઉત્તમ તત્ત્વો દરેકને રાજકીય સમાચારની પણ નિત્ય જાણ કરવામાં આવતી. હિંદી ભાષા અને નાગરી શીખવવામાં આવી. મેં આંદામાનના લોકો માટે કેટલાંક રાષ્ટ્રીય ગીતો હિંદીમાં તૈયાર કર્યાં હતાં. તે અને બીજાં હિંદી રાષ્ટ્રીય ગીતો આંદામાનમાં સ્વતંત્ર લોકો લખીને લઈ જતા અને બાળકોને શીખવતા.

મોટા માટે પણ શિક્ષણની સગવડ

કારાગૃહીય બાળકોની ટોળીમાં શિક્ષણની વ્યવસ્થા થતાં જ મે મોટા બંદીવાનો માટે તેલ-કોઠારમાં જ વ્યવસ્થા શરૂ કરાવી. આજ સુધી એ કામ ગુપ્ત રીતે કરવું પડતું, પણ હવે તે ખુલ્લું થવા લાગ્યું. મારી દેખરેખ હેઠળ નાળિયેર કામમાં સો-દોઢસો બંદીવાનો હતા. મેં તેમને બે કલાક શીખવા માટે રજા આપી. પછી તે ભેગા ભેગા શીખતા. રવિવારે બંદીવાનો માટે ભેગા બેસીને વાચવું હવે પહેલાંની જેમ નડતર નહોતું. તેના લીધે અમારી સાપ્તાહિક દોડતી બેઠકો હવે સારી રીતે પલાંઠી વાળીને બેસવા માંડી, અને વ્યાખ્યાનો કરવા માંડી. આ આપેલા સ્વાતંત્ર્યને લીધે બંદીવાનો નફ્ફટ થયા? કે પછી કામ ઓછું કરવા લાગ્યા? કે શિસ્ત બગડી? જરા પણ નહીં. ઊલટું જોવા જઈએ તો પહેલા કરતાં શિસ્ત વધારે સારી રીતે પાળવા લાગ્યા. તેને હવે કર્તવ્ય સમજીને પાળવા લાગ્યા. પાંચ-દસ મંડળીમાં જરાક અશિસ્ત દેખાય કે મારઝૂડ થાય તો તેમનામાંના જ લોકો કહે, ''એ હરામી! અબ બિચારા ડિગન સાહેબ ઔર બાબુજી હમ લોગોં કો અચ્છી તરહ સે રખતે હૈ તો તુમ શૈતાની કરતાં હૈ હાં? બારી કે દિન ભૂલ ગયે!''

પરવાનગીથી જેટલું કરતા આવ્યું તેટલું રાષ્ટ્રીય કાર્ય કરીને જ જે તે રીતે કરી શકાતાં નહોતાં તે પહેલાંની જેમ જ ખાનગીમાં કરતા. ઉદાહરણ તરીકે, શ્રી ગોવિંદ સિંહની જયંતી. શીખ-હિંદુઓમાં ભાવ વધે તે માટે અમે એ જયંતી મોટા પાયે ઉજવવાનું ઠરાવ્યું. તે દિવસ રવિવારનો હતો. તેના લીધે સવારે નવા કાયદા પ્રમાણે જ બંદીવાનો ચાલીની ચાલીઓમાં ભેગા થઈ શક્યા. પરંતુ બંદીવાનોને આ ચાલીમાંથી પેલી ચાલીમાં જવાની મનાઈ હોવાથી અને બધાને મારી વાતો સાંભળવાની ઉત્સુકતા હોવાથી મેં આ નહી તો પેલા કામનું બહાનું કાઢીને બે-ત્રણ ચાલીમાં ભાષણ કર્યું. દરેક ચાલીમાં શીખ રાજ બંદીઓની સાથે એકદમ પ્રેમથી બિનશીખ હિંદુ બંદીઓ પણ ભજન કરવામાં, ગુરુગોવિંદનાં કામો સાંભળવામાં અને હિંદુ સંગઠનનું મહત્ત્વ સાંભળવામાં એકદમ મગ્ન હતા. તે દિવસે અમારા કારખાનામાં અને બીજી એક જગ્યાએ પ્રસાદ કરવામાં આવ્યો હતો. આ 'કડા પ્રસાદ' (સત્યનારાયણના પ્રસાદ જેવો) બધા બંદીવાનોમાં વહેંચવામાં આવ્યો. પછી રવિવારના કાયદાપ્રમાણે બધા બંદીવાનો ઓરડીમાં બંધ થયા પણ અમે યુક્તિ-પ્રયુક્તિથી મોટાભાગના શીખ રાજ બંદીઓ અને મુખ્ય બીજા બંદીઓને ઓરડીમાંથી ખુલ્લા રાખેલા અને જે વખતે બધા ઉપરી અધિકારીઓ બહાર જતા તે વખતે નીચેના બધા અધિકારીઓ અમારા જ મતના હોવાથી તેમની મદદથી ઓટલા પર સભા ભરી. તેમાં ચાલી-ચાલીમાંથી પસંદ કરેલા માણસો હતા. આજુબાજુમાં ઉપરી અધિકારી આવે કે નહીં તે જોવા માટે સો મંડળી લગભગ ભેગી થઈને પહેરો કરીને તે કારાગૃહમાં જ રાષ્ટ્રીય ગીતો ગાવામાં આવ્યા. તે પછી મારું વ્યાખ્યાન

ઉત્સાહપૂર્વક સાંભળવામાં આવ્યું. તે જ કારાગૃહમાં કે જેમાં પાંચ બંદીઓ માટે વિચાર કરવા ભેગા બેસવું અપરાધ હતો. પણ રાષ્ટ્રનું નામ લેનારની તો વાત જ કરવી નહીં. અને કોઈ નામ લેનાર મળ્યો તો રાષ્ટ્રનું નામ સમજનાર કે ભાવથી સાંભળનાર સોમાં એકાદ પણ મળતો નહીં!

વાચનાલયનો વધારો

બંદીવાનોના આ બુદ્ધિવિકાસને ઉત્તેજન આપવા માટે અમે જો કોઈ શિક્ષણ તત્પરતાથી લે અને સભામાં ઉપસ્થિત રહે તે બંદીવાનો આરામના કામમાં મોકલતા. પહેલાં પુસ્તકો અને સ્લેટ (પાટી) અમે અમારી સંસ્થાના ખર્ચે પૂરાં પાડવાં પાડતાં. પણ હવે શિક્ષણપ્રિય અધિકારી હોવાથી સરકારી રીત પ્રમાણે પુસ્તકો અને સ્લેટ બંદીઓને મળે એવો આગ્રહ અમે કર્યો. આવેદનો અને લેખાંજોખાં થતાં થતાં તેવો હુકમ આવ્યો અને પાટી (સ્લેટ) અને સામયિક પુસ્તકો સરકારી ખર્ચાથી મળવા લાગી. તે બધું લોકો કેટલા ઉત્સાહથી ઉપયોગમાં લે છે એ અધિકારીઓના વારંવાર ધ્યાન આવતું. ગ્રંથાલયમાં રાજ બંદીઓનાં પુસ્તકો જોઈએ તે બંદીવાનને વાચવા માટે મળવાની સગવડ કરવાની પણ પરવાનગી મેળવી. પછી ગ્રંથાલયમાં સરકારી ખર્ચે કેટલાંક પુસ્તકો રાખવા એવું સૂચન કર્યું. તેમની યાદી બનાવવાનું કામ અમારી પાસે જ આવવાથી તેમાં શક્ય એટલાં અમે રાષ્ટ્રીય પુસ્તકો ઉમેરીને મુખ્ય જથ્થો હિંદીનો મગાવ્યો. તેમાંનાં કેટલાક નામ ઉપરી અધિકારી 'અનિષ્ટ સમજીને કાઢી નાખે તો અમે સંસ્થા પાસેથી ખાનગીમાં મગાવી રાખતા. આમતેમ કરીને શક્ય થાય ત્યાં સુધી સરકાર હસ્તક ના થાય ત્યાં ખાનગીમાં પણ રાષ્ટ્રીય ચળવળ તે પરિસ્થિતિમાં ચલાવી શકાય ત્યાં સુધી ચલાવવામાં આવી. આ સરકારી પુસ્તકોમાં તામિળ, આંધ્ર, મલયાલી, અને કન્નડ એ દ્રવિડ સંઘનાં આપણી હિંદુ ભાષાનાં પુસ્તકો મગાવ્યાં હતાં.

અધિકારી આશ્ચર્યચકિત થયા!

આ બધી શૈક્ષણિક ચળવળનું ફળ કાંઈ થાય છે કે નહીં એ વિશે એક દિવસ અહીં એક યુરોપિયન અધિકારી સાથે વાતચીત થતાં ફળ મળે છે એ સાબિત કરવા માટે અમે જેલમાંથી હિંદુ બંદીઓની સંખ્યા લઈને તેમાં સાધારણ લખતા અને વાચતા શીખેલા કેટલા, અને તેમાં સાધારણ શિક્ષિતોમાં તે કારાગૃહમાં આવ્યા પછી શીખેલા કેટલા, તેનો આંકડો જમા કર્યો. તેના ઉપરથી એવું એવું જણાયું કે કે હિંદુ બંદીવાનોમાંથી સોમાંથી એંસીથી વધુને લખતા-વાચતા આવડતું હોઈને તેમાંથી આંદામાન આવ્યા પછી શીખેલા સોમાંથી નેવું હતા. આનો તાળો જોવાનો વિચાર કરીને એક રવિવારે તે અધિકારી એકાએક ઓરડી-ઓરડીમાં ફર્યા. ત્યારે વિવિધ વિષયો પર પુસ્તકો વાચવામાં અથવા રાષ્ટ્રીય ગીતો બોલતાં બંદીવાનોમાંના અનેકને મગ્ન થયેલા જોઈને પેલા જૂનવાણી અધિકારીને આશ્ચર્ય થયું. કારણ તેણે દસ વરસ પહેલાંના દિવસોમાં રવિવારે મોટા ભાગે બંદીવાનો રમવામાં, જુગારમાં, ગાળાગાળી અને અનેક કુકર્મોમાં કેવા ખૂંપી ગયા હતા તે જોયેલું હતું. તેણે આ ફરક જોઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું.

શિક્ષણની વ્યાખ્યા

અમે ઉપર સાધારણ લખતા વાચતા આવડનારાની જ સંખ્યા આપી છે. પણ અમે ત્યાં શિક્ષણની વ્યાખ્યા એવી ઠરાવી હતી કે જેને આપણા દેશની અને પ્રચલિત રાજકારણની એટલી માહિતી હોય, અને જેમનું સર્વસાધારણ જ્ઞાન એટલું વિકસિત થયું હોય કે તે ભાવિ વિધિમંડળમાં અથવા પંચ સભામાં પ્રતિનિધિ તરીકે નિયુક્ત થવા માટે પોતાનો મત તેનો અર્થ સમજીને આપી શકે. આ માપથી પણ આ હિંદુ

બંદીઓમાં સોમાંથી ચાલીસ લોકો શિક્ષિત તરીકે યોગ્ય ગણવામાં આવ્યા હતા. યુરોપમાં પણ વોટર અથવા મતદાર સામાન્ય રીતે એટલા જ શિક્ષિત થયા હોય એટલે ચાલતું.

તે તેલ ગોદામમાં અમને ઘણા દિવસે વ્યક્તિ સ્વાતંત્ર્ય એટલે થોડુઘણું તોય માણવા મળ્યું હતું. સવારે નહીં, ક્યારેક ક્યારેક પરોઢિયે પણ ઓરડી બહાર છોડવામાં આવતા. તે વખતે અમને શીતળ ચાંદનીમાં ઊભા રહેવાનો આનંદ દસ વરસે ફરી અનુભવવા મળ્યો! ખૂબ જ મજી પડી. તો પણ તે ચાંદની રાતની છાયા એવી જ - કે આ તો કારાવાસમાંથી ચાંદની! જેમ સ્મશાનની!

બાબાની તે કષ્ટભોગી ધૈર્યશાળી મર્તિ!

થોડા દિવસમાં આ સ્મશાનની ચાંદનીમાં મારી સાથે મારા મોટા ભાઈને પણ ભાગીદાર થવાની સવલત મળી. મને તેમની સાથે બે-ત્રણ કલાક ભેગા બેસવા મળવા માંડ્યું. પણ તે ફક્ત તેમનું દુઃખ જોઈને દુઃખી થવા પૂરતું જ. કારણ તેમનું સ્વાસ્થ્ય ક્ષય થવાથી ઉધરસ એટલી વધી હતી કે એકવાર સૂકી ઉધરસ થઈ કે અડધા અડધા કલાક સુધી શ્વાસની ફુરસદ જ નહીં! તેવી ઉધરસ ખાઈ ખાઈને કંટાળીને ફાટેલી ખુરશી પર બેસીને પણ મોઢા પરના ધૈર્યનું હાસ્ય ઓછું ના થવા દેતા એ કષ્ટભોગી દેશભક્ત - મારા મોટાભાઈ - તેમની એ ચોળાયેલો બરછટ, પગ સુધીનો કોટ પહેરેલી બંદીવાન કરૂણ મૂર્તિ મને હજી એવીને એવી જ દેખાય છે!!

આ સ્મશાનની ચાંદનીમાં, આ જરાક માત્ર મળેલા વ્યક્તિ સ્વાતંત્ર્યમાં શક્ય તેટલું વધારે પ્રચારકાર્ય કરવાનો નાદ, શક્ય એટલું ઓછું ઝૂરતા રહેવાનું વ્રત મનથી સ્વીકારીને દિવસ પસાર કરતા એક દિવસ સવારે મારા સાથી સમદુખિયા રાજ બંદી શ્રીયુતે —- આવીને એક વર્તમાનપત્રનો ટુકડો મારા ટેબલ પર લાવીને મૂક્યો. ખાનગીમાં તે વાચવાનો હતો, નહીં તો કોઈ જોઈ જશે! મેં તે વાચ્યો. જોઉં છું તો તેમાં સમાચાર હતા કે સરકારે આંદામાનની વસાહત બંધ કરવાનો ઠરાવ જાહેર કર્યો હોવાથી નવા બંદીવાનો આવવાના બંધ થશે. એટલું જ નહીં પણ જે છે તે બંદીવાનોને પણ જો તે કોઈ શરતો પર આંદામાન રહે નહીં તો તેમને પાછા સ્વદેશી કારાગૃહમાં મોકલાવવામાં આવશે!

આ સમાચાર વાચતાં જ અમને અર્થાત્ જ ખૂબ જ કૃતાર્થતા થઈ. કારાગૃહીય મંડળ આગળ અમને આંદામાનનાં બંદીવાનોને જે દુઃખ માંડ્યાં હતાં, તેમાં સ્પષ્ટવકતાપણાને લીધે જ અમને રાજક્ષમાનો લાભ આપવામાં આવ્યો નહોતો એની અમને ખાતરી હતી. ત્યારે પોતાનો છૂટકારો નહીં થયો તો પણ આપણા માટે આ હજારો બંદીવાનોના હિતાર્થે જે કાંઈ શક્ય હતું તે કરીને તે કામમાં સફળતા મેળવવામાં આંશિક પણ કારણભૂત થયા એવી આત્મ પ્રસન્નતા અમને થવાં માંડી.

બંદીવાનોમાં સેંકડો જણાએ અમારી ઉપર કૃતજ્ઞતાનો, આભારનો વરસાદ વરસાવવા માંડ્યો. તેમનામાં આ વાત બધા લોકો જાણતા હતા કે, અમારા આવ્યાથી અને અમે અમારા રાજ બંદીઓ અને બીજા બંદી સાથીદારો સાથે દસ વરસ સંઘની, વર્તમાનપત્રોની, આવેદનોની, ઝઘડાઓની, વિધિમંડળના પ્રશ્નોની, વિરોધોની, પત્રોની, જે ચળવળ ચલાવેલી તેના લીધે જ આંદામાન તરફ હિંદુસ્તાનનું અને તેથી જ હિંદુસ્તાન સરકારનું ધ્યાન મુખ્યત્ત્વે વધતું ગયું અને કારા મંડળે (જેલ કમિશને) આંદામાનનો મુદ્દો ત્વરિત હાથમાં લેવો પડ્યો. મારું અભિનંદન કરવા મેં કહ્યું, **''આંદામાન છેવટે જાગ્યું! - આ ઘટના કોઈ એકાદ વાતનું પરિણામ નથી પણ દસ દસ વરસની અવિરત અને સર્વાંગી ચળવળનું પરિણામ છે. તે માટે તમે બધાએ જ, ખાસ કરીને રાજ બંદીઓએ કષ્ટ સહન કર્યા છે તેની આંશિક સફળતા થવાનો શ્રેય પણ તમારા બધાનો છે.''** આવું બધાને કહીને અમે તેમનું અભિનંદન કર્યું.

માથાં ઘણાં કૂટ્યાં પણ પથ્થરની ભીંત પડી

'આજે બારી બાબા જોઈતો હતો,' મેં ગમ્મતમાં મારા મિત્રને કહ્યું. મને બારી હંમેશાં કહેતો, ''સાવરકર, પથ્થરની ભીંત પર કારણ વગર શું માથુ મારી રહ્યો છે! તેનાથી પથ્થર ભીંત કેમ પડે! ફક્ત માથુ જ ફૂટશે!'' આજે તેમને કહી શકાયું હતો કે કે, ''મિ. બારી, આંદામાનના કારાગૃહની પથ્થરની ભીંત ઉપર માથું પછાડવાથી માથું ભલે જ ફૂટ્યું પણ તારી પથ્થરની ભીંત પણ પડ્યા વગર રહી નથી!''

તે રાતે હું પેલા સમાચારનો વિચાર કરીને હવે આગળ હિંદુ હિતની દ્રષ્ટિએ તે સરકારી ધોરણને ક્યાં સુધી પીઠબળ આપવું જોઈએ અને કેટલો વિરોધ કરવો જોઈએ એ મનોમન નક્કી કર્યું. એ પણ મારા ધ્યાનમાં આવ્યું કે આ અમારા નવા ધોરણને લીધે અમારે શરૂઆતમાં તો લોકપ્રિયતાનો ભોગ બનવું પડશે! લોકહિત માટે જ લોકોના દોષને છાડો સમય સુધી પાત્ર થવું પડશે. જેમ શુદ્ધિની ચળવળથી એ વસાહતમાં શરૂઆતમાં શવું પડ્યું.

કારણ આંદામાનની વસાહત સાવ બંધ કરી નાખવાનું ધોરણ અમને પહેલાંથી જ માન્ય નહોતું. અમને આંદામાનમાં જે કાંઈ બંધ કરાવવું હતું તે વસાહત નહીં પણ જે દુષ્ટ, અપ્રગતિશીલ અને અહિતકારી કાયદા હેઠળ તેમનું શાસન ચાલતું હતું એ કાયદા હતા. બંદી વસાહત અમને જોઈતી હતી; પણ તે એવાં ધેરણો હેઠળ ફૂલેફાલે કે જે ધોરણે ઈંગ્લેન્ડના જન્મટીપ પર મોકલેલા કેનેડા વગેરે દેશમાં મેકલાવેલા અપરાધીઓની વસાહત ફૂલીફાલી. ઈંગ્લેન્ડમાં ચોરી વગેરેથી માંડીને હત્યા સુધી જે જે અપરાધીઓને સૌથી ખતરનાક ગણવામાં આવતા તેમને સજા આપીને કેનેડા મોકલાવવામાં આવતા. ઈંગ્લેન્ડના સભ્ય સમાજને નુકસાનકારક લાગનાર તે અપરાધીઓનું તે ભયંકર તત્ત્વ જ તેમને કેનેડામાં હિંસક પશુઓ અને હિંસક પરિસ્થિતિથી ભરપૂર ભૂમિ પર વસવામાં ઉપયોગી થયું. સભ્ય સમાજના સાદા સરળ કાયદાથી કઠોર અને ક્યાય કડકાઈથી પાળવામાં આવેલા કાયદા કરીને તે શાસનના દેખરેખ હેઠળ ધીમેધીમે માણસ બનાવાયેલા સૌથી ક્રૂર અપરાધીઓનું ભયંકર તત્ત્વ પણ બંદીવાનોની એકાદ વસાહત વિકસાવવામાં ઉપયોગી થાય છે. ફક્ત તે વસાહતનાં ધોરણો પેલા બંદીવાનનો નાશ કરવાનાં કે બદલાનાં ના હોઈને તેમનો સમાજને ઉપયોગ થાય તેમ વાપરી લેવાનો હોવો જોઇએ. કેનેડા દેશમાં, કંઇક હદે અમેરિકામાં, ખાસ કરીને આફ્રિકામાં, જે અંગ્રેજી અપરાધી સજા પામીને ગયા તેને કડક કાયદા હેઠળ શક્ય એટલી સ્વતંત્રતા આપી આપીને તેમની ઉગ્રતા અને સાહસિકતાનો ઉપયોગ કરવામાં આવતો. તે નિર્જન અને હિંસક પ્રદેશમાં વસાહતો બનાવવામાં આવી. જે મનુષ્યબળ ઈંગ્લેન્ડમાં ફક્ત કારાગૃહમાં સડતું પડ્યું તે જ કેનેડા જેવા પ્રાંતમાં પાંગરીને તેમની પેઢીઓનો વિકાસ થવા દેવાથી તેઓ કેવા અનેકગણા વિકસી શક્યા - અને તેથી જ આજે તેમની પેઢીઓમાંથી સ્વતંત્ર રાષ્ટ્રનું નિર્માણ થઈ શક્યું. ઈંગ્લેન્ડનું મનુષ્યબળ અને રાષ્ટ્રબળ વધી શક્યું. એ ધોરણ જ આંદામાનમાં હિંદી બંદીવાનોની વસાહતીનાં મૂળમાં હોવું અમને રાષ્ટ્રહિતની દ્રષ્ટિએ જરૂરી લાગ્યું.

ગંધાતા ખાતરની જેમ અપરાધીઓનો ઉપયોગ કરો

આંદામાનમાં બંદીવાનોની વસાહત સાવ બંધ કરી નાખવી અને આજ સુધી તે માટે થયેલાં કષ્ટ અને ખર્ચ પાણીમાં જવા દેવાં એ અમારી ચળવળનું ધ્યેય નહોતું. ફક્ત તે વસાહતોમાં રાષ્ટ્રીય ધોરણે શાસન ચલાવવામાં આવે એવું અમને લાગ્યું. કારણ જ્યારે જન્મટીપનો બંદીવાન આંદામાનમાં કે બીજા કોઈપણ ટાપુમાં નવી વસાહત કરવા મોકલ્યો જ નહીં તો તેને ચૌદ વરસ હિંદુસ્તાનમાં એકાદ કારાગૃહમાં સબડતો રાખવામાં આવશે. તેના લીધે તેનું જીવત અત્યંત વિકટ થશે એ તો ખરું જ - પણ રાષ્ટ્રીય દ્રષ્ટિએ આવા ભયંકર સાહસિક અને મોટેભાગે કડવા ગુણોનો પણ ગંધાતા ખાતર અથવા સ્ફોટક દ્રવ્યની જેમ યોગ્ય વિનિયોગ કરતા જે ઉપયોગ થઈ શકે તેનાથી સમાજ વંચિત રહે છે. તેનાથી પણ મોટી હાનિ એ હતી કે આ આટલું મનુષ્યબળ કારાગૃહના ઉકળતા પથ્થરોની આગમાં સળગીને વ્યર્થ જવાથી તેમની પેઢીઓનો વિકાસ થવાનું પણ રાષ્ટ્ર ગુમાવે છે.

અમારા મતે અપરાધ પ્રવણતા આનુવંશિક હોય છે એવું પ્રતિપાદિત કરનારા શાસ્ત્રજ્ઞોના હાથે તે સત્યનો ખૂબ વધારે પ્રમાણમાં ખોટો અર્થ કરવામાં આવતો હતો. દરેક દંડિતોની દુષ્ટતા, પ્રત્યેક પાપીઓનાં પાપ તેમની પેઢીમાં આનુવંશિક પરંપરાથી ઉતરે છે એ વાત જ ખોટી. અપરાધ પ્રવણતા સંતાનોમાં ઉતરવી એ આનુવંશિકતા પર જ આધારિત ના હોઈને તે વાત બીજાં અનેક કારણો પર આધાર રાખે છે. શિક્ષણ, પરિસ્થિતિ, સંગતિ, એવા અનેક કારણોમાં, મૂળ બીજમાંથી ફૂટેલી પ્રવૃત્તિ, એ સંતાનોમાં અપરાધ પ્રવણતા વિકસવાનું એક કારણ છે. દુર્ગુણ અને સદ્‌ગુણ જો નિરપેક્ષપણે સંતાનનોમાં ઉતરે જ તો શિવાજીના પેટે સંભાજી, અને ઈંગ્લિશ અપરાધીઓની જે ટોળી કેનેડામાં પ્રથમ મોકલવામાં આવી એવા ચોર, લૂંટારા વગેરે મહાન અપરાધીના પેટે એક સ્વતંત્ર રાષ્ટ્ર નિર્માણ કરનારા અને તેને અવિરત ચલાવનારા કેનેડિયન લોકો જન્મ્યા નહીં હોત. કવિનો છોકરો જેમ હઠ કરીને કવિ જ બને એવું નથી તેમ દુષ્ટ અપરાધીનો છોકરો દુષ્ટ બને જ એવું પણ નથી.

એનો અર્થ કારાગૃહમાં આજીવન ગોંધીને પોતાના રાષ્ટ્રના અપરાધીઓની પેઢીઓને રોકવી એટલે માત્ર તે અપરાધીઓને અપરાધ માટે દંડ ના કરતાં રાષ્ટ્રને પણ દંડ કરવા જેવું છે. તેના કરતાં તે અપરાધીને એકાદ આંદામાન જેવી જંગલી વસાહતમાં મોકલીને, તે જમીનને વિકસાવવા માટે તેની પાસેથી મનુષ્ય જેવું વર્તન અને શ્રમ કરાવી લેનારા પ્રમાણમાં કડક કાયદા હેઠળ તેમનું શાસન કરવું, છોડા સમયે પછી તેમાંના જેમનામાં સામાજિક સદ્‌ગુણ વિકસ્ય છે એવું લાગે તેને પ્રમાણમાં સ્વાતંત્ર આપીને, તેમને સંસાર કરવા દેવો, સંપત્તિ અને સંતતી જણવા માટે પરવાનગી આપવી એ ધોરણ સરકારી અપરાધ વિભાગે સ્વીકારવું રાષ્ટ્રીય દ્રષ્ટિએ હિતાવહ છે. આંદામાનની વસાહત વિશે એ ધોરણ જ સરકારે અપનાવવું એવો અમારો મત હતો. એટલે તેના લીધે આંદામાન જેવા એક નવા ટાપુનો વિકાસ થઈને અને ત્યાં અપરાધીઓની સંતતિની એક હિંદી કાર્યક્ષમ વસાહતનું નિર્માણ થઈને હિંદુસ્તાનને ટકાવી રાખવા માટે ઉપયોગી થાય તેવું મનુષ્યબળ પેદા કરી શકાય. આંદામાનની બંદી વસાહત હાનિકારક નહોતી. તે બંધ કરવાની નહોતી, પણ જે સખત કાયદા હેઠળ નીચે તેનું શાસન થતું હતું તે કાયદો બંધ કરવાનો હતો. આંદામાનમાં અપરાધીઓને સુધારવા અને તેમને સંતાનો પેદાં થતાં જ તેમને સભ્ય જગતના નાગરિક બને એવું શિક્ષણ આપવું, એ તે વસાહતોનું નિશ્ચિત ધોરણ રહેવું અને એ ધોરણને અનુકૂળ એવા જ કાયદાથી નિયંત્રણ થાય એવો અમારી ચળવળનો મુખ્ય હેતુ હતો. અમે કારાગૃહ મંડળ આગળ આપેલી લેખિત સાક્ષીમાં અને મોઢે કરેલી ચર્ચામાં આવું સ્પષ્ટપણે મક્કમતાથી પ્રતિપાદન કર્યું હતું.

પરંતુ સરકારી ઠરાવ જે જાહેર થયો તેમાં આંદામાનમાં રહેલી વસાહતોની ખામી અને ત્યાં ચાલુ રહેલા કાયદાની અમાનુષી કઠોરતા ભલે વિકલ્પ તરીકે માન્ય કરાઈ હતી - અને એટલા પૂરતી જ અમારી ચળવળ ભલે સફળ થઈ હતી– તો પણ એ ભૂલો સુધારવાના ઉપાય તરીકે તે વસાહત બંધ કરીને ત્યાં જન્મટીપના બંદીવાનો મોકલાવવાની પ્રથા મૂકીને ઊલટું ત્યાં રહેતા બંદીવાનોને જ હિંદુસ્તાની કારાગૃહમાં પાછા મોકલાવવાનો જે નિર્ણય જાહેર થયો હતો, તે ઉપાય નહીં પણ અપાય છે, એવું અમને લાગવાથી અમે તે વિરુદ્ધ દેશમાં અને તે વસાહતમાં વિરોધ કરવાનું નક્કી કર્યું.

વિપક્ષોની સહાનુભૂતિ ! સ્વપક્ષનો વિરોધ !!

આ કામમાં બદનસીબે અમારે પહેલાંના વિરોધીઓની સહાનુભૂતિ અને પહેલાનાં પોતાના પક્ષનો વિરોધ સહન કરવો પડશે એવું દેખાવા લાગ્યું. કારણ આંદામાનમાં સ્થાનિક અંગ્રેજ અધિકારીઓને અમારા મત પ્રમાણે જ તે વસાહત બંધ થાય નહીં - કમસે કમ ત્યાં રહેલા હજારો બંદીવાનો તો એકાએક પાછા સ્વદેશમાં મોકલાવવામાં નહીં આવે એવું લાગતું. તેમને એવું લાગવાનું કારણ જો કે અમારી જેમ હિંદી રાષ્ટ્રીય કલ્યાણ નહોતું. તેનું મુખ્ય કારણ એ હતું કે તે ઠેકાણે રહેલા ઓવરસિયરથી કમિશનર સુધીના

અંગ્રેજી અધિકારીઓની સત્તા જતી રહે નહીં! તેમની બદલી થઈને વસેલું લાભકારક સામ્રાજ્ય ડગમગે નહીં!! ત્યાં સેંકડો લોકો પર લગભગ જે અમર્યાદ સત્તા તેમને મળી છે તે હિંદુસ્તાનમાં ક્યાંક બદલી થઈ તો થોડી જ મળવાની હતી. અને કેટલાયને તો હિંદુસ્તાનમાં ઊલટું, તેટલી જ સત્તાની અને સગવડની જગ્યા મળશે કે એની પણ શંકા હતી. તેથી બધા સ્થાનિક અધિકારીઓ કમ સે કમ ત્યાંના બંદીવાનોને તો હિંદુસ્તાનમાં એકાએક મોકલવામાં ના આવે તે માટે સરકાર ઉપર દબાણ કરવા માટે, અને સરકારી આદેશ શક્ય તે પ્રલોભનો બંદીવાનોને આપીને કાર્યમાં પરિવર્તીત ના થાય એ માટે ખટપટ કરવા લાગ્યા. અમે પણ ત્યાંના બંદીવાનો હિંદુસ્તાન ના જાય તે માટે ખટપટ કરવા લાગ્યા. ત્યારે આ કાર્ય માટે સરકારી અધિકારીઓનો અને અમારો સરસ મેળ પડી ગયો.

પરંતુ આ અપૂર્વ દેખાવને લીધે જ ત્યાંના બંદીવાનોમાં બુદ્ધિભ્રમ જન્મ્યો, સરકાર કહે એમાં કંઈક તો રહસ્ય હોવું જ જોઈએ, આવો સરકારી વર્તન વિશે જાગેલો સર્વસાધારણ અવિશ્વાસ આપણા રાષ્ટ્રના આજ સુધીના અનુભવથી સામાન્ય લોકોમાં અમારા જેવા પ્રચારકોએ પેદા કર્યો હતો. પરંતુ અજ્ઞાની માણસને એકવાર એક વાત માટે અવિશ્વાસ પેદા થયો કે તે મનુષ્ય ક્યારેક ભૂલથી અથવા હેતુપૂર્વક એકાદ વાત જે અજ્ઞાની મનુષ્યને લાભકારી પણ કરે તો તેમાં ''કંઈક તો રહસ્ય'' હોવાનું કહીને તે વાત જ અજ્ઞાની મન સ્વીકારતું નથી. એકાદ કાચો પહેલવાન મલ્લ સામે લડવા ઉતર્યો તો તે ભૂલથી મલ્લે આગળ કરેલો હાથ પકડી લે, કદાચ તે મને ફસાવવા માટે જ આગળ કર્યો છે એવું સમજીને, જેમ અચકાય છે, અને તેના પર વળતો પેચ મારવાની તક ગુમાવે છે, તેવી જ સાધારણ જનસમુહની રાજકારણ વગેરે વ્યવહારમાં ઘણીવાર સ્થિતિ થતી. તે જ સ્થિતિ આંદામાનમાં બંદીવાનોની થઈ. સરકારી અધિકારી જ્યારે તેમને આંદામાનમાં જ રહો એવું કહેવા લાગ્યા, તો તેમને લાગવા લાગ્યું કે હિંદુસ્તાનમાં જવાનું નક્કી થવામાં જ આપણું સાચું હિત હોવું જોઈએ! આપણને હંમેશાં ફસાવનારા અધિકારીઓ કહે જાવ નહીં, તો પછી એનો અર્થ એ કે તે એક જ કારણસર જવું જ આપણા માટે ઉપકારક છે. એમાં જ્યારે હું પણ, ''હિંદુસ્તાન જવું હિતાવહ નથી અહીં જ રહો. નવી સગવડો લાભદાયી છે,'' એવું કહેવા લાગ્યો ત્યારે તે બહુ ગરબડ કરવા લાગ્યા. અને અમે સરકારી અધિકારી જેવું જ કેમ કહ્યું તે માટે આશ્ચર્ય અને અવિશ્વાસ પણ કરવા લાગ્યા. આ રીતે આજ સુધી મારા કહ્યામાં રહેનારા કેટલાય સાચા સ્નેહી અને સાથીદારો પણ તે વખતે મારા ઉપદેશનો વિરોધ કરવા માટે એકદમ નિરુપાય થઈને કેમ ના હોય પણ આગળ આવ્યા.

કારણ સરકારી આદેશમાં, ''બંદીવાનો હિંદુસ્તાન પાછા મોકલો,'' એ વાક્યમાંનું રહસ્ય જેમ મને તરત દેખાયું તેવું તેમને દેખાયું નહીં. તેમને એવું લાગ્યું કે હિંદુસ્તાન પાછા મોકલો એટલે કે આપણી બંદી તોડી નાખીને દેશમાં પગ મૂકતા જ આપણને સાવ છોડી દેવા! હજારો બંદીવાનો આપણે હિંદુસ્તાન જવાનું માન્ય કરતાં જ સરકાર આપણને છોડી દેશે - જન્મટીપના બંદીઓની આ મરણિયા શૃંખલા દેશમાં પગલું મૂકતાં જ છૂટી જશું, એવા ભ્રમમાં સાવ ગાંડાઘેલા થઈ ગયા. આજે ગમે તે સુવિધા આપી તો પણ આ આંદામાનનું મોઢું જોવું નથી - અમે સ્વદેશમાં ભૂખે મરશું પણ છૂટકારો કરો. હિંદુસ્તાનમાં મોકલો એક જ અવાજ થયો. અમે ઘણું કહ્યું, ''અરે જન્મટીપના આ તમારા જેવા હજારો બંદીવાનોને એકાએક હિંદુસ્તાનના તટ પર લઈ જઈને છોડી દે એટલી કાંઈ સરકાર ગાંડી થઈ છે! આ કંઈ કોઈ રાજા ભોજનું રાજ્ય છે! તમને હિંદુસ્તાનમાં લઈ જઈને ચૌદ-ચૌદ વરસ, મરશો ત્યાં સુધી બંધ કરવામાં આવશે. એ ''પાછા મોકલાવવાનો'' અર્થ છે! એટલે તમારી તમારા મત પૂછીને તમારી ઈચ્છા પ્રમાણે આંદામાન અથવા દેશ મોકલાવવાનો થયેલો આ સરકારી ઠરાવ એક વરદાન જ છે, એવું સમજીને તેમણે આપેલી નવી સુવિધા સ્વીકારીને આંદામાનમાં જ રહો! આ સવલતો પ્રમાણે આંદામાનમાં વસવાટ હિંદી કારાગૃહના વસવાટ કરતાં હજારગણું તમને સુખદાયી અને તમારા રાષ્ટ્રને હિતકારી છે!''

પણ પહેલો જે પ્રવાહ આવ્યો તેમાં સાધારણ બંદીઓ તો શું પણ રાજ બંદીવાનો પણ વહી ગયા. અને છી! અમે હિંદુસ્તાન જ જઈશું - અને જઈને છૂટીશું એવું સમજીને મસ્તીમાં લીન થયા. અમારા શબ્દાને, તેમની મસ્તીમાં અંગ્રેજી રાજ્ય પ્રમાણે, એકદમ ''જપ્ત કરવામાં આવ્યાં!'' પ્રતિબંધીત સાહિત્ય કહીને.''

લોકહિત માટે લોકપ્રિયતાનો બલિ

પરંતુ મારા સ્વભાવની રચના એવી હતી કે, જ્યારે જ્યારે એકાદ વાત લોકહિતકારી છે એવું અમને નિશ્ચિત થતું, અમે તે કાર્યમાં પરિણામ લાવવા માટે પરોવાઈ જતાં જ લોકોના ધ્યાનમાં તેમનું તે હિતકારી તત્ત્વ પ્રથમ દ્રષ્ટિએ ના આવતાં અમારે લોકોની અપ્રિયતાનો, નારાજગીનો ભોગ થવો પડતું, ત્યારે તે વાત પાર પાડવાનો અમારો ઉત્સાહ વધારે મજબૂત થયો. લોકોની અપ્રિયતા, નારાજગીની લહેર જેટલી મજબૂત થઈ તેટલો જ અમારો તે કાર્યનો સફળ કરવાના પ્રયત્નોમાં જોશ પણ અદમ્ય થઈ ગયો. તે અમારો ઉત્સાહ ઓછો થાય નહીં. માત્ર લોકપ્રિયતા માટે લોકહિતકારી લાગતા કાર્યને છોડવું એ સ્વાર્થીપણાનું અત્યંત નિંદનીય સ્વરૂપ છે. એવી અમારા મને અનેક અનુભવથી મજબૂત ગાંઠ બાંધી હતી. પરંતુ જ્યારે લોકોને અમારું કહેવું હિતકારી છે, એવું લાગતું નથી ત્યારે તેમનો વિરોધ કરવામાં અથવા અમારી ઉપરની તેમની મોટેભાગે દેખાઈ આવેલી વ્યક્તિનિષ્ઠા ચલિત થવામાં લોકોનો કોઈ અપરાધ છે એવું પણ અમને ક્યારેક લાગ્યું નહીં. કારણ જેમ અમને સ્વતંત્ર મત છે તેમ રાષ્ટ્રીય હિતના પ્રશ્નમાં તે સમાજમાં પ્રત્યેકને છે, અને વ્યક્તિ નિરપેક્ષ તે તેમણે બજાવવો એ અમારા પ્રમાણે જ સૌનું કર્તવ્ય છે એવી અમારી ધારણા છે. ધીમેધીમે તડજોડથી અમે મેળવશું, પણ ફક્ત લોકપ્રિયતા માટે તે કાર્ય ક્યારેય છોડવા તૈયાર નથી. લોકહિત માટે મન લગાવવામાં એકવાર ઘરબાર,પ્રાણ પણ છોડવા તૈયાર થયેલા લોકો લોકપ્રિયતા માત્ર છોડવા, લોકપ્રિયતાનો બલિ આપવા તરત ખચકાય છે, એવું અમે અનેક ઉદાહરણો પરથી અનુભવ્યું હતું, અને તેના લીધે લોકહિતનો નાશ થયેલો પણ જોવો હતો. તેથી શક્ય હોય તે લાલચથી પોતાના મનને વાળવાનો બનતો પ્રયત્ન અમે અનેક વખતે કરીને લોકહિતાર્થે સ્વાર્થના બીજા મોહ પ્રમાણે લોકપ્રિયતાનો પણ અવશ્ય બલિ આપ્યો છે. તે સુખથી નહીં પણ અત્યંત દુઃખથી જ આપ્યો છે. ફક્ત કર્તવ્ય સમજીને આપ્યો છે એ કાર્ય પણ ખોટું નથી.

આંદામાનમાં વસાહતોનું સાચુ સ્વરૂપ અને તેનું મહત્ત્વ, તેમના દોષો અને તેમનાં નિવારણના ખરા ઉપાયમાંનો મર્મ સ્વદેશમાં નેતાઓને પૂરતી જાણ ના હોવાથી સ્વદેશી વિધિમંડળમાં સભ્યોથી લઈને અખબારોના લેખકો સુધી બધાએ આંદામાન સમૂળગું બંધ કરવા વિશે અને ત્યાંના હજારો બંદીવાનોને હિંદુસ્તાનમાં પાછા બોલાવવાનો ઠરાવ કર્યા વિશે આનંદ પ્રદર્શિત કર્યો હતો. તેના લીધે ત્યાંના બંદીવાનોની ધમાલને વધારે જ જોર આવ્યું. હું કારાગૃહમાં બંધ. ત્યાંથી પ્રત્યક્ષ-પરોક્ષ જે વિરોધ કરી શકાયો તેનું પરિણામ તે પ્રચંડ ધમાલને ખાળવા તાત્પૂરતો અક્ષમ થવા માંડ્યો. તો પણ અમે વિરોધનો મજબૂતીથી આરંભ કર્યો.

હિંદુસ્તાન સરકારનો આંદામાનની વસાહત બંધ કરવાનો છૂટેલો હુકમ આવતાં જ જે બંદીવાનો આંદામાનમાં હતા, તેમને તો પાછા હિંદુસ્તાન લઈ જવાનું કાર્ય થાય નહીં તે માટે ત્યાંના અધિકારીઓએ બંદીવાનોનાં મન આંદામાનમાં જ રહેવાને અનુકૂળ કરવા માટે અમારા ત્યાંથી હિંદુસ્તાન આવવાની આસપાસ અનેક સુવિધાઓ દેવાનાં આશ્વાસનો આપવાના પ્રયત્નો કર્યા. પહેલાં થોડી સુવિધા આગળ કરી, પરંતુ તેનાથી જ્યારે બંદીવાનોનાં મન આંદામાનમાં રહેવા તરફ વળ્યાં નહીં ત્યારે બીજી સવલતો એક પછી એક આપવાનાં આશ્વાસનો અધિકારી વર્ગ આપવા લાગ્યા. તેમની સાથે ચર્ચા કરી બંદીવાનોનાં મન વાળવા માટે બંદીવાનોની નાની-મોટી સભા અને બેઠકો પણ જાહેરમાં કરવાની જોગવાઈ કરવામાં આવી. આ સુવિધામાં પહેલાં પહેલાં દસ વરસમાં છૂટકારો અને પાંચ વરસમાં કુટુંબમાં પણ રહેવાની પરવાનગી એ સુવિધાઓ મુખ્ય હતી. તેની સાથે જ જે આવી પોતે ઊભી કરેલી પદ્ધતિથી ''ટિકિટ''

લઈને રહેવાની શરૂઆત કરશે તે બંદીવાનોને પહેલાં મળતી તેના કરતાં પુષ્કળ પ્રમાણમાં ખેતી અને ખેતી શરૂ કરવા પૂરતાં સાધનોની જોગવાઈ સાવ નામના કરારથી આપવા તૈયાર થયા.

અમે આ સુવિધાનો ઉપયોગ કરીને બંદીવાનોએ આંદામાનમાં વસવાટ કરવાના પક્ષમાં છીએ, એ ખબર પડતાં જ બદી જગતમાં ખળભળ ઊઠી જે ઉપર લખેલું જ છે. તેના લીધે અમારો સાચો મત શું છે એ જાણવા બંદીવાનોએ વિવિધ પ્રકારના નેતાઓને, વિવિધ પ્રકારના મિશનથી અમને મળવાના પ્રયત્નો શરૂ કર્યા. એમ તે બધાને નીચેના આશયનો ઉપદેશ આપ્યો.

''બંદીવાનોમાંથી મોટાભાગના લોકો સ્વદેશમાં અત્યંત ગરીબી અને હલકા સ્તરેથી આવેલા હતા. તે હિંદુસ્તાનમાં આજે જ પાછા મોકલવામાં આવ્યા અને ત્યાંના કારાગૃહમાં સબડતા ના રાખતા મુક્ત કરવામાં આવે (એ આશા ફક્ત નિરાશામાત્ર હતી. કારણ આંદામાનમાંથી હિંદુસ્તાનમાં કારાગૃહમાં આવતાં જ તરત છોડી દેવાનો સરકારનો આદેશ ના હોઈને તેમને ચૌદ વરસ પૂરાં કરે ત્યાં સુધી તો હિંદુસ્તાનની જેલમાં બંધ જ રાખવામાં આવશે એવી અમને ખાતરી હતી) તો પણ શું? ફરીથી તેજ દરિદ્રતાના પંજામાં પૂરાઈ જશે. કોઈ પોતાના ભાઈબંધોએ એકાદ હાથ જેટલો ખેતરનો ટુકડો કે ઝૂંપડીનો ટુકડો પોતાની ગેરહાજરીમાંઝૂંટવી લીધો એટલે કેસ-બેસ લડવા માંડશે, નહીં તો મારામારી કરશે. બાકી તે પણ શક્ય ના થવાથી ભીખ માગતા માગતા થાકીને ફરીથી ચોરી-લૂંટફાટ કરવા લાગશે. આ દુર્ગતિ તેમની અને રાષ્ટ્રની દ્રષ્ટિએ પણ હિતાવહ નથી. પરંતુ જો લોકોએ આંદામાનમાં મળતી અને નવી સુવિધા પ્રમાણે ચોખ્ખા સંગઠિતપ્રયત્ન કર્યા તો સારા પ્રમાણમાં મળતી ખેતી વગેરે આવકનાં સાધનો સ્વીકારીને ત્યાં જ વસવાટ કરશે તો આંદામાનની એક નવી વસાહત હિંદુસ્તાનને ફાયદો આપવાનું શ્રેય સંપાદિત કરશે. આંદામાનમાં પહેલાં નડનારી અત્યંત અડચણો એટલે કે સ્ત્રીઓની કમજોરી અને તેના લીધે સ્વતંત્ર ઘર કરી રહેવા તરફ અપ્રવૃત્તિ, પણ પાંચ વરસની અંદર - આગળ જો અધિકારીઓ ત્રણ વરસમાં જ તેવું કરવાની પરવાનગી આપે તો પોતાનું કુટુંબ લાવવાની કે આંદામાનમાં સ્ત્રીઓ સાથે લગ્ન કરવાની જે પરવાનગી આપી છે તેના લીધે અડચણ લગભગ દૂર થવાની છે. પહેલાં ત્યાંના બંદીઓને ત્યાં 'સ્વતંત્ર' લોકો સાથે વિવાહ તો જવા દો પણ વ્યવહાર રાખવાની પણ પરવાનગી નહોતી. પરંતુ તે પણ આ નવી સુવિધાથી આપવામાં આવી છે, ત્યારે તમે દેશમાં પાછા જઈને કારાવાસમાં સબડતા પડતા રહેવા કરતાં અથવા દોઢ વીઘા જમીન માટે ભાઈબંધુઓ સાથે મારામારી કરીને ભાગ માગતા રહેવા કરતાં આ અચાનક મળતી નવી ખેતી લઈ લો. તે લણી લો, નવું અનાજ ઉગાડો અને ખાવ. અહીંના 'સ્વતંત્ર' લોકો એટલે કે હિંદુસ્તાનમાંથી પહેલાં આવેલા બંદીવાનોની સંતતિ! એટલે આપણા જ લોહીના અને બીજના બાંધવા. તેમની સાથે શરીરસંબંધ રાખીને સંતતિ વધારો, અને સુખે ફૂલોફલો. દેશમાં પણ આનાથી વધારે શું કરવાના? આટલું પણ સંપતિ સુખ, અને સંતતિ સુખ તમને દેશમાં ભોગવવા મળશે નહીં. તમારી જાતિમાં જ પાછા લેવાની મારામારી! ફિજી વગેરે ઠેકાણેથી આવેલા ભારતીય ત્રાસીને પાછા તે પરદેશ નીકળી જતા, તો તમારી શું વાત - તમે તો બંદીવાનો! ત્યારે પહેલાં વીસ વરસે થનારો છૂટકારો દસ વરસમાં મેળવીને એ દસ વરસો પણ કારાવાસમાં ના કાઢતાં ત્રણ વરસમાં જ કુટુંબ કરીને અથવા તેવા જ સ્વતંત્રપણાની ટિકિટ લઈને સરકારી ખેતર લઈને જીવન નિર્વાહ કરીને રહો. જેમ નસીબ અજમાવવા જ પરદેશમાં આવ્યા એવું સમજો.

અને અંગત બંદીવાસનાં દુઃખો એવી રીતે ટાળી શકાય છે, એટલું જ નહીં તો આ નવી પરિસ્થિતિનો સંગઠિત લાભ લીધો તો કેનેડા જેવી, કેપ કોલોની જેવી એક નાનકડી વસાહત તમે અને તમારી સંતતિ મળીને પેદા કરી શકશો અને આપણી પ્રિય માતૃભૂમિને તે એક નાનકડું નવું સાંસ્કૃતિક રાજ્ય મેળવી આપી શકશો! કારણ આંદામાનમાં તમે વસ્યા તો હિંદુ સંસ્કૃતિની ધજા તેના પર ફરકતી રહેશે!

તે જ નિકોબાર જુઓ. તે પણ આવું જ ભારતીય કક્ષનો એક બેટ (ટાપુ) પણ હિંદુ લોકોએ ના વસાવીને મલયી અને બ્રહ્મી લોકોએ વસાવ્યું. હિંદુ સંસ્કૃતિને કાયમ માટે મિટાવી નાખી. તે જ સ્થિતિ આંદામાનની. હિંદી બંદીવાનોની વસાહત બંધ થતાં જ ત્યાં બ્રહ્મી લોકો અથવા મલયી લોકો આવીને

વસી જશે. ત્યાં આપણા બીજની અને ધર્મની વિકસતી આવેલી ત્રણ પેઢી-સંતતિ નષ્ટ થશે. ત્યાં રોપેલું ત્રણ પેઢીના બંદીવાનોનું રક્તબીજ - મહામહેનતે ઊભી કરેલી મૂડી, વ્યર્થ જશે! હિંદુ સંસ્કૃતિ એ બેટ તરછોડશે એટલે માત્ર રાજકીય બંધનથી એને ભારત સાથે જોડી રાખ્યો તો પણ મનથી તે હંમેશ માટે ચીન-મલય વગેરે મેંગોલિયન સંસ્કૃતિ તરફ આકર્ષાઈ જશે.

આંદામાન જીતવા માટે અગ્રેસર રહો !

રાજકીય મહત્ત્વ તમને ખબર જ છે. આ ટાપુ ભાવિ ભારતનું હવાઈ અને સમુદ્રી મથક થવાનું છે. ત્યાં હિંદુ સંતતિ વસી તો તે શરીરથી જ નહીં પણ આત્માથી પણ તમને જ વળગી રહેશે. ભારત સિંધુ દ્વારેપ્રેમથી પહેરો ભરશે.

આટલું મહત્ત્વનું ભવિષ્ય આજે તમારા જેવા ઘૃણિત, પાતક, દંડિત એવા ફેંકી દેવાપાત્ર ઠરેલા લોકોના હાથે આવેલું છે. તમારા જીવનની સાર્થકતા કરવાની આવી સુવર્ણતક છોડો નહીં. આ માટે તમારામાંના જે પાંચ-દસ લોકો સ્વદેશ જઈને મોટાં માન અથવા સંપન્નતા સુધી પહોંચવાયોગ્ય છે તેમણે પણ તમારા બધાની આગેવાની લઈને તમારી પાસેથી એક નવી હિંદુ વસાહત વસાવવાની - માતૃભૂમિને એક નાનકડું, નવું સાંસ્કૃતિક રાજ્ય સંપાદિત કરી આપવાના આ કાર્યને પાર પાડવા માટે ભારતમાં પાછા ના જતાં છૂટકારા પછી પણ આંદામાનમાં જ રહેવું. એક જીવનને સાર્થક કરવા માટે આ ધ્યેય પૂરતું છે. પ્રત્યેક સ્થળે આવા કોઈને કોઈ પ્રચારક પરસ્પર અને પુરોગામી લોકોએ મક્કમતાથી બેસીને અને ત્યાં જ ખલાસ થવાની જરૂર છે. હિંદુસ્તાન માટે આંદામાન જીતવા પૂરતું તમે જ તેના અગ્રણી કેમ થતા નથી.

આવા અર્થનાં અને આ વાક્ય જ વારંવાર ઉચ્ચારતાં ઉચ્ચારતાં છેવટે બંદીવાનોમાંના અમારી સંસ્થામાં આજ સુધી સહકાર્ય કરતા લોકોનાં મન ફરી અમારી તરફ વળવા લાગ્યાં. હિંદુસ્તાન પાછા જવું એટલે સાવ છૂટકારો નહીં પણ કારાવાસમાં આંદામાન કરતાં વધારે બંધ રહેવું એ છે, એ તેમના ધ્યાનમાં આવવા લાગ્યું. તેમનામાંથી કેટલાયમાં તેમના રાષ્ટ્રીય કર્તવ્ય વિશેનો ઉચ્ચભાવ પણ મારા શબ્દોની ચેતનાથી જાગ્યો.

છતાં પણ સરકારને સુવિધા શક્ય એટલી વધારે આપવાની ફરજ પાડવામાં આવે એ માટે બંદીવાનોએ પૂરેપૂરું જોર લગાડવું અને અમુક સવલતો આપશો તો અહીં રહેશું, નહીં તો મોકલો, એવું કહેવું અમને હિતકારક જ હતું. તે પ્રમાણે બંદીવાનોની સભા ભરવા લાગ્યા. સરકાર તે પ્રયોગ પૂરતું સભાસ્વાતંત્ર્ય આપવા લાગી. આ સરકારી નિયંત્રણની નરમાશનો લાભ લઈને તે સભામાં સંગઠનનાં અને રાજકીય પ્રચારનાં વ્યાખ્યાનોની અને ચર્ચાની પણ રોટલી શેકી લેવાનો અમે આરંભ કર્યો.

તે વખતે બીજાઓ સામે દાખલો બેસાડવા અમે પોતે સરકારને આવેદનપત્ર મોકલાવ્યું કે, એ હિંદુસ્તાનમાં અમને મોકલતાં જ મુક્ત કરવાના ના હોય તો અમારી સજા પૂરી થાય ત્યાં સુધી અમે આંદામાનમાં જ રહેવા ઈચ્છીએ છીએ. માત્ર મને દસ વરસ ભર્યા હોવાથી સહકુટુંબ અથવા ''સ્વતંત્ર ટિકિટ પર બેટમાં રાખવામાં આવે. કારાગૃહમાં રાખવાના હોય તો આંદામાનમાં જ રાખે.''

પહેલા અમે શરીર, સ્વાસ્થ્ય અને પાછળનાં અનેક ભાગોમાં વર્ણન કરેલી સુવિધાઓ માટે રાજ બંદીઓને હિંદુસ્તાની કારાગૃહમાં મોકલાવવા માટે આવેદનો મોકલાવ્યાં હતાં. પરંતુ હવે નવી સુવિધા પ્રમાણે આંદામાનમાં સેંકડો બંદીવાનોને વ્યક્તિગત લાભ થવાથી અને રાષ્ટ્રીય દ્રષ્ટિએ એક હિંદુ વસાહત બેધ થતી અટકાવવા માટે તક અને આવશ્યકતા આવી છે એ જાણીને અમે પોતે બંદીવાન છીએ ત્યાં સુધી આંદામાનમાં જ રહીને ત્યાં બંદી વસાહતના હિત સાધવાનું કાર્ય જ અમારું એક માત્ર કાર્ય ઠરાવ્યું. મારા ઉદાહરણથી બીજાને પણ ત્યાં જ રહેવાની પ્રેરણા મળવા માંડી.

આંદામાનની વસાહતને સ્થિર રાખવાનો એમ મજબૂતીથી પ્રયત્નો કરવા લાગ્યો છીએ એ જોઈને ત્યાંના 'સ્વતંત્ર' લોકોને મારો ઉપકાર લાગવા લાગ્યો. તે બિચારા મુઠ્ઠીભર. ત્યાં તેમની ખેતી નહીં.

આવકનો આધાર બંદી વસાહતો પર. જો બધા બંદીવાનો પાછા હિંદુસ્તાન મોકલી દેવાથી તે વસાહત બંધ પડી જાય તો તેમની સ્થિતિ શું થાય! તેમની ભૂમિ વિશે, તેના પર લેવાતા કર વિશે, તેમાં વળી જમીન પરથી મનફાવે ત્યારે કાઢી નાખવાની સરકારી પદ્ધતિની જે અનેક પીડા હતી તે દૂર કરવા માટે તેમનાં આવેદનપત્રો જાય, અને તેની પણ ચળવળ કરવી એવા પ્રયત્નો થવા લાગ્યા. બંદીવાનોની વાતોમાં હંમેશાં આવતું કે 'સ્વતંત્ર' થઈને પણ શું! તેના લીધે સ્વતંત્ર થવામાં લાભ છે એ સાબિત કરવા માટે તોય સરકારી સ્વાતંત્ર્યની કાંઇક વ્યવસ્થા કરવાની ફરજ પડી હતી, તેનો પૂરેપૂરો લાભ લેવા માટે ચળવળ જરૂરી હતી. તેમના કેટલાક નેતાઓની અને મારી ખાનગી મુલાકાતો થતી. તેમના આવેદનપત્રો પણ હું તપાસતો અને સુધારતો.

અહિંસાનો અશુભ ઝંઝાવાત

તે વરસોમાં રાજકારણના મુખ્ય વિષય એટલે ખિલાફત અને અસહકાર હતા. અમારી સભામાં ચર્ચામાં, અમે આ બંને વાતોનો વિરોધ કરતા હતા. ''હિંદુસ્તાનમાં લોકમાન્ય ચિળક મૃત્યુ પામતા ખિલાફત અને અસહકારની ચળવળે જોર પકડ્યું - કોઈ અસામાન્ય પુરુષનું અવસાન થતાં તે ધક્કો કુદરતી રીતે જ સહન નહીં કરી શકતાં મોટા-મોટા અશુભ ઝંઝાવાતો, અને રોગના સાથી જગતમાં શરૂ થાય. આવી એક પૌરાણિક સમજણ છે. લોકમાન્ય જેવા ધૂરંધર નહીં રહેતાં જ ખિલાફતની અત્યંત આત્મઘાતી ચળવળનો અને આ એક વરસમાં ચરખો ફેરવીને અને અહિંસા અને સત્યની અત્યંત વિપરીત વ્યાખ્યા પર ઉભારેલા તેજોહીન અને તેજોનાશક અસહકારથી સ્વરાજ્ય મેળવવા ઈચ્છનારા આત્મવંચક ઉન્માદનો આવો જ એક અશુભ ઝંઝાવાત થયો છે! આ બુદ્ધિભ્રમનો એક રોગ, એક લહેર શરૂ થઈ છે!''

પહેલેથી જ અમે ખિલાફતથી ચળવળ જે સિદ્ધાંતો પર ઊભી કરવામાં આવી તેમાંના રાષ્ટ્રઘાતી છૂપા અર્થને લીધે તેનો અત્યંત વિરોધ કરતા. એ,''ખિલાફત નહીં આફત છે,'' એ વાક્ય આંદામાનમાં ઘેરઘેર ગર્જતા રહ્યા હતા. અહિંસાની પેલી વ્યાખ્યા! પેલી સત્યની વ્યાખ્યા! તે સમયે કાયમ ઘડનારી તે ઘટનાનો ફોડ અમે પહેલાં પહેલાં સેંકડો લોકોનો વિરોધ સહન કરીને, છેવટે ઘણાખરાને તેમાંની પોકળ, શબ્દરમત અને રાષ્ટ્રઘાતી અવ્યવહારિતા સ્પષ્ટપણે સમજાવી દીધી.

તે વખતના અમારા ઉપર ઉલ્લેખ કરેલા મતોના સત્ય વિષયે અમને કેટલાક આશ્ચર્યકારક દાખલા મળ્યા. કેટલીક એકદમ ધ્યાનમાં રાખવા જેવી ઘટના ઘડી. પણ અહીં તેમાંની ઉદાહરણ પૂરતી એક જ આપું છું.

શ્રી...એ બંને રાજકીય બંદીવાનો આજન્મ કાળાપાણીની સજા મેળવીને ત્યાં આવ્યા. તેમની ઉપર પંજાબના દંગા વખતનું વોરંટ હતું; તે લાપતા થઈ ગયા હતા. લગભગ છ મહિના તે દેશમાં કાર્ય કરતા ભટકતા હતા. પરંતુ તેમનો પત્તો કોઈને લાગ્યો નહીં. તે તેમ જ બાબા ગુરૂદત્ત સિંહની જેમ વરસોનાં વરસો ભૂમિગત રહીને સરકારી કાયદાને કમજોર કરી શક્યા હતા એવું તે કહેતા, પરંતુ એટલામાં તેઓ અસહકારના અને કાયદાભંગના એક અત્યંત અગ્રણી નેતાને વિશ્વાસથી મળવા માટે જઈને પોતાની કરમકહાણી કહેતા થયા. ત્યારે તે નેતા ઉછળીને બોલ્યા, ''શું આ ડરપોકપણું. સરકારી વોરંટથી ડરીને ભાતા ફરવાનું. આવું અસત્ય વર્તન મને નહીં ચાલે. જા અને મેજિસ્ટ્રેટની સામે અત્યારેને અત્યારે ઉપસ્થિત થા.'' તમે કહ્યું તેવું કાયદાકીય વર્તવું એટલે સહકાર નહીં કે? અમે અત્યારે કાયદાના હાથ હેઠા પાડીએ છીઅ એ જ ખરો કાયદા ભંગ કહેવાય - સાચો અસહકાર છે. અમે કાર્ય કરીએ જ છીએ ત્યારે અમે ભયથી નાસીએ છીએ એવું કહવું પણ બિનપાયેદાર છે. પરંતુ તમે કહો છો તેવું કરવું એટલે કાયદાનો ભંગ નહીં કાયદો સાર્થક કરવો છે. સરકારી ઉદ્દેશની પૂર્તિ કરવી એટલે સહકાર. આવી રીતે જવાબ આપતાં, ના આપતાં તેમને, 'છટ્ છટ્' એવું કહેતા તે નેતાએ તેમને 'મેજિસ્ટ્રેટ આગળ હાજર થાવ' એવી આજ્ઞા આપી. તે બંને પણ પોતાનુ ભાડું ખર્ચ કરીને પાછા ઉત્તરમાં ગયા અને – મેજિસ્ટ્રેટ સામે ઉપસ્થિત થયા.

તેમને પકડવામાં આવ્યા અને ક્રાંતિકારી આંદોલનના અપરાધ માટે આજન્મ કાળાપાણીના સજા તેમને કરવામાં આવી.


આગળ જ્યારે તે આ તેમની ભૂલ વિશે પશ્ચાતાપ થઈને તે નેતા ઉપર ગુસ્સે થઈને નિંદા કરવા લાગ્યા ત્યારે મેં કહ્યું, નિંદા જ કરવી તો તે કહેનારાની એકલાની જ કરી શકાશે નહીં. તમે તે સાંભળ્યું જ કેમ ? તેણે બુદ્ધિભ્રમ કર્યો પણ તમે કરવા કેમ દીધો ?

પ્રતિસહકાર

હજી એક-બે વાક્યો કહેવાથી તે વખતની બીજી બધી વાતો ના જણાવતા પણ પણ મારા તત્કાલીન વિચારનો અને પ્રચારનો નિષ્કર્ષ દર્શાવી શકાશે. હું આ ચર્ચા વિશે કહતા -

''આપણે ક્રાંતિકારીઓએ પહેલેથી જ એ સિદ્ધાંતો ધ્યાનમાં રાખવા કે સાચું રાજકારણ એટલે સહકાર જ નહીં અને અસહકાર પણ નહીં, તો તે પ્રતિસહકારી જ છે. નીતિની દ્રષ્ટિએ તે એવું જ હોવું જોઈએ. જો સહકારથી પ્રશ્ન પતતો હોય તો વિરોધીઓ સાથે અવશ્ય સહકાર કરવો. જો સહકાર નહીં તો અસહકાર. તે ક્યારેક નિઃશસ્ત્ર સ્વરૂપ ધારણ કરે, ક્યારેક સશસ્ત્ર, અને તે નિઃશસ્ત્ર વિરોધ પણ તાત્પૂરતો જ હોવો જોઈએ. અસહકાર સિદ્ધાંત નહીં એક તાત્કાલિક ઉપાય છે. બધા મનુષ્યમાત્રએ સહકાર કરવો એ જ ખરું ધ્યેય છે. અને તે સહકાર પરસ્પરે પરસ્પરનાં હિતને અનુકૂળ એવો કરવો અથવા કરવાની ફરજ પાડવી, એવા જ સ્વરૂપે રહેવાનો હોવાથી તેને જ પ્રતિસહકાર અથવા પ્રતિયોગ કહે છે.

અસહયોગના ચળવળીની વેલ કઈ વાડ સુધી વધી જશે અને ખિલાફતીની અસરથી મુસલમાનોની રાષ્ટ્રઘાતી ધર્માંધતા કેટલો ભયંકર ભરડો લેશે એ ભવિષ્ય મેં મારા બધા સહકારી અને સહભાગી રાજ બંદીઓને અને બંદીઓને વારંવાર જણાવી.



પ્રકરણ-૧૧મું

આંદામાનમાં છેલ્લો દિવસ

આ તક વખતે મારા નાનાભાઈ મને હજી એકવાર મળવા આવ્યા. મારા છૂટકારાની કોઈ કહેવા જેવી આશા ન હતી. મારા મોટાભાઈનું સ્વાસ્થ્ય એકદમ કથળવા આવ્યું હતું. એવા વખતે આવી મુલાકાત થતાં જ પહેલો વિચાર જે મનમાં આવ્યો તે એ કે આ મુલાકાત હવે છેવટની મુલાકાત હશે! હજી એક વરસ પછી જ્યારે ફરી મળવાની પરવાનગી મળશે ત્યાં સુધી - એક વરસ જવાનું. કારાગૃહમાં તે ઝઝૂમી ઝઝૂમીને ક્ષીણ થયેલા દેહને એક-એક દિવસ કાઢવો મુશ્કેલ થયો હતો. તેથી જ બંધુને ધીરજ ધરીને સ્પષ્ટ સમજાવ્યું કે, ''બેટા, સત્ય કેટલું પણ નિષ્ઠુર હોય તો પણ સત્યનો સામનો કરતા ડરી જાય તે ખચકાવા જેટલું તારું ધૈર્ય દુર્બળ નથી એની મને ખાતરી હોવાથી તારાથી વસ્તુસ્થિતિ છૂપાવી રાખવાનું મને કોઈ કારણ દેખાતું નથી. ઊલટું, ધીમેધીમે અને ખબર પડીને આવનારાં દુઃખનો ઝટકો અચાનક આવીને પડનારા દુઃખના સંઘર્ષ કરતાં વધારે સુસહ્ય છે. તેથી કહું છું કે હવે તું અમારા બંનેના જીવનની છેલ્લી વાત સાંભળવા તૈયાર થઈ જા. હવે વધારે દિવસ નીકળે એવું દેખાતું નથી. તો પણ અશક્ય પણ ઘડે છે એ વાત પણ ભૂલતો નહીં. કદાચ આમાં પણ જીવી જવાય. પણ હવે તે શક્યતા સાવ જુદી! લગભગ આ છેલ્લી મુલાકાત!!''

શબ્દો સાથે હૃદયમાં ધક્કા બેસતા હતા. ભાઈનો ચહેરો એટલે જ નિસ્તેજ થયો પણ તે નિષ્ઠુર શબ્દ ફક્ત સત્યનો પડઘો છે એ તેને પણ દેખાતું હોવાથી સમજણપૂર્વક અમે કહી દીધું અને તેણે સાંભળી લીધું.

અમને દસ વરસ થયાં તેથી અમને 'ટિકિટ' મળે એવું અમે આવેદન કર્યું હતું. તેનો જવાબ આવ્યો કે તમને (અને મારા મોટાભાઈને) કારાગૃહમાં જ 'ટિકિટ' આપી છે!! ટિકિટનો અર્થ એવો હતો કે તે મનુષ્યને સ્વતંત્રપણે ધંધો કરવા દેવો અને વસાહતમાં પોતાનું ઘર કરીને અને પત્ની બાળકો સાથે વસવા દેવો. તે ટિકિટ બીજાને ત્રણ વરસમાં આપીશું એવી જ્યારે આજ્ઞા આવી ત્યારે અમને દસ વરસે મળી; ક્યાં? કારાગૃહમાં! એટલે કે કારાગૃહમાંથી અમને બહાર છોડ્યા નહીં, સ્વતંત્ર વસાહત અથવા ઘરનું તો નામ જ નહીં. અને મળી ટિકિટ! આ ફક્ત અપમાન હતું, દુઃખ ઉપર આ ફક્ત મલમ હતો. આંદામાનના કાયદાના અને ત્યાંના બંદીવાના માટે લાભકારક થાય તે માટે કહેલા પ્રત્યેક શબ્દોના અમે એક મૂર્તિમંત અપવાદ હતા.

આ રીતે ચારેબાજુથી ભીંસ પડવાથી ક્યારેક ક્યારેક અમને અને બીજા કેટલાક રાજ બંદીઓને જીવન અસહ્ય થયું. ત્યારે તેમને અને પોતાને નિરર્થક આત્મઘાતથી બચાવવા માટે અમે અમારા રાજ બંદીવાનોમાંના હિંમતવાન અને વિશ્વાસુ સાથીદારો સાથે એક એક મુક્તિનું ભયંકર ષડયંત્ર કરી રાખ્યું હતું. તેમાં અમારા રાજકીય ઉપરાંત સાદા બંદીવાનોમાંના પણ કેટલાક લોકો લીધા હતા, સાવ જ્યારે એવું લાગ્યું કે હવે રાજકીય બંદીવાનોમાંથી અમુકતમુક જણના છૂટકારાની આશા બચી નથી ત્યારે તે સાવ નહીં છોડવા માટે ચૂંટી કાઢેલા બધા બંદીવાનોએ એક સાથે....

એક દિવસ અમસ્તો રખડવા ગયો અને સાંજનો ઘંટ વાગ્યો કે થયું છૂટ્યા! હવે ફક્ત ઊંઘ! ગાઢ સુખ! એક દુઃખનો દિવસ પૂરો થયો, છૂટકારાનો એક દિવસ નજીક આવ્યો! પણ તરત જ લાગ્યું; હશે, છૂટકારો એક દિવસ નજીક આવ્યો અને મૃત્યુ પણ! જો દિવસ પૂરો થાય તો સજામાંથી જેવું ઓછું થાય તેમ જીવનના નિયતકાળમાંથી પણ ઓછું થાય!

આમ જ એક દિવસની સાંજે ઘંટ વાગતાં મેં તેલ-ગોદામમાં તાળું માર્યું, ચાવી મોટા જમાદારને હાથમાં પાછી આપી, આરડીમાં બંધ થવા ચાલ્યો, કારણ અમને ટિકિટ મળી તો પણ જેમ કારાગૃહના ભીંતની અંદર જ દિવસે રહેવું પડે. તેમ રાતે કોઇપણ વગર ટિકિટના બંદી પ્રમાણે ઓરડીમાં બંધ થઈને એકાંતવાસમાં અને અંધકારમાં પડવું પડે. હું ચાવી આપી પાછો ફર્યો તો એક બહાર પાછા આવેલા વોર્ડરે હાથમાં ચૂપચાપ ચિઠ્ઠી આપી. અને ખૂબ જ આનંદથી હસીને, ''સારી વાત છે,'' આવુ કહીને તે તરત જ નીકળી ગયો. મેં ચિઠ્ઠી ખોલીને જોઈ. તેમાં સમાચાર આપેલા હતા. આજે કમિશનરના મુખ્ય કાર્યાલયમાં (હેડ ઓફિસ) હિંદુસ્તાન સરકારની આજ્ઞા આવી છે કે, સાવરકર ભાઈઓને હિંદુસ્તાન પાછા મોકલાવો. મુંબઈ સરકારે તેમને પાછા બોલાવ્યા છે!!

પહેલાં આવા સમાચાર પચાસવાર આવ્યા અને શમી ગયા, પણ હું આંદામાનમાં જ રહ્યો. મને આવા સમાચાર પર બિલકુલ વિશ્વાસ નહોતો. એ મારા મિત્રોને જ ખબર છે. તેથી જ તેમણે ચિઠ્ઠીમાં લખેલું હતું કે, ''આ સમાચાર પાકા, આજ્ઞા જાતે જોઈ!''

હશે! હવે આ સમાચાર સાચા પણ હશે. કારણ જ્યાં બંદીવાનોને ત્રણ વરસની અંદર પત્ની-બાળકો બોલાવવાની પરવાનગી મળવા લાગી તો ત્યાં અમને દસ વરસ પછી ''કારાગૃહ ટિકિટ''ના વિચિત્ર અને અસંભવ કારણથી વધારે વખત ગોંધી રાખવાનું નિર્લજ્જપણું પણ ક્યારેય ઝાઝો સમય ટકવાનું નહોતું. એક તો અમને આંદામાનની વસાહતમાં સહકુટુંબ રહેવા દેવું અને પુષ્કળ સ્વતંત્ર રીતે વર્તવા દેવું – નહીં તો તે વખતનાં બંદીવાનો હિંદુસ્તાન પાછા મોકલાવવાની નવી ધમકીનો લાભ લઈને હિંદુસ્તાનના કારાગૃહમાં ફરીથી સબડતા રાખવા એ જ બે અર્થ હતા. તેમાં એટલે અમને આંદામાનમાં ખુલ્લા છોડવા કરતાં હિંદુસ્તાનના કારાગૃહમાં બંધ રાખવાનો માર્ગ જ અધિકારીઓને વધારે હિતાવહ થવાનો હતો. પાછળ જે વાત અમને માગવાથી મળેલી નહીં તે હવે તેમણે કરી આપી. કારણ તેના લીધે આંદામાનની નહીં તો હિંદુસ્તાનની પણ કારાગૃહની ભીંતોમાં અમને જકડી રાખવા દસ વરસ પછી પણ તેમને શક્ય થવાનું હતું. અને તે પણ દયાના નામ ઉપર! કારણ હિંદુસ્તાનના લોકોને અમને પાછા હિંદુસ્તાનમાં બોલાવ્યા એ પ્રશ્નની બીજી બાજુની જાણ ના હોવાથી, દયા જ લાગવાની હતી!

આવા વિચારો આખી રાત મનમાં આવતા હતા. સવારે કારાગૃહમાંથી અધિકારીઓએ પણ બોલાવીને, ''તમારાં પુસ્તકો વગેરે સામાન બાંધી રાખો,'' એવું કહ્યું. ત્યારે હવે મોટેભાગે મને હિંદુસ્તાનમાં મોકલાવશે એ નિશ્ચિત લાગવા લાગ્યું.

પંરતુ હિંદુસ્તાન મોકલવું એટલે હિંદુસ્તાનના કારાગૃહમાં બંધ કરવા માટે હશે એ તેમાંનું રહસ્ય ધ્યાનમાં ના આવતાં આખા આંદામાનમાં, ''સાવરકર છૂટશે,'' એવી જ વાતો પ્રસરી. લોકોએ પોતાની મારી છૂટાકારા વિશેના ઉત્કટ અને તળવળતી ઈચ્છાને જ ખરી વાત સમજીને અમને જ કહેવાનું શરૂ કર્યું કે, ''છી! છી! બાબુજી, હવે કારાગૃહમાં તમને કોણ ગોંધી રાખે! તમારા હિંદુસ્તાન જતાં જ છોડી મૂકવામાં આવશે એ નક્કી!'' તેમની ઈચ્છાને જ તેમની પૂર્તિ, સંતોષ સમજીને તે પ્રેમાળ લોકોએ મારી પર અભિનંદનનો વરસાદ વરસાવવાનો આરંભ કર્યો.

પણ અમને ફક્ત મનમાં ઉદ્વેગ થવા લાગ્યો. આંદામાનના કારાગૃહમાં કમ સે કેમ એક તો સુખ હતું કે અમારા મોટાભાઈ સાથે ભેગા રહી શકાશે. હવે હિંદુસ્તાનના કારાગૃહમાં તેમને મોટેભાગે અલગ કરવામાં આવતાં જુદા જુદા પ્રાંતોમાં મોકલવામાં આવશે! બીજું કે આંદામાનમાં દસ વરસ જેમના સાનિધ્યમાં કાઢયાં તે વસાહતના લોકોમાં અમારા ઘણા હિત-મિત્રો થયા હતા. તેમની સાથે ટિકિટ મેળવીને સ્વતંત્ર રીતે સહકુટુંબ રહેવા જવાની તક નજીક આવેલી હોવાથી હવે ફરીથી હિંદી બંદીગૃહમાં ગોંધીને પડવાનું. તે આંદામાની હિતમિત્રોથી છૂટા પડવાનું અને હિંદુ હિતમિત્રોને પણ પહેલા પ્રમાણે જતાં સાથે જ જન્મટીપનું દુઃખ મનને ઉદ્વિગ્ન કરતું હતું તેવી જ રીતે અત્યારે આવી સ્થિતિમાં આંદામાનથી પાછા હિંદુસ્તાન આવતાં હિતમિત્રોના વિરહનું દુઃખ અમને વ્યથિત કરવા લાગ્યું. આ જન્મટીપની બીજી સજા જ થઈ છે એવું લાગવા લાગ્યું.

મેં પુસ્તકો બાંધી લીધાં. તેમાંનાં ઘણાં પુસ્તકો ત્યાંના ગ્રંથાલયમાં આપ્યાં. ઘણાંખરાં ત્યાંના બંદીવાનોમાં અને સ્વતંત્ર લોકોમાં વહેંચી છેલ્લા દિવસે બહારની મંડળી પણ તે નિમિત્તે વ્યવસ્થિત મળીને જતી હતી. એક-એક ક્ષણ મને ડર લાગતો હતો કે, આ પરિચયનો ખરો અર્થ સમજીને અધિકારી એ–બેને પકડશે તો આ બિચારાઓનાં પેટ પર આપણા લીધે પાટું પડશે, પણ તે દિવસે લગભગ કોઈ કોઈને પૂછે નહીં એવું થયું. તે દિવસ પૂરતું બંદીવાનોએ અધિકારીઓનો ડર લગભગ છાપરા પર ચડાવી દીધો. અધિકારીઓએ પણ વધારે પ્રવૃત્તિ કરી નહીં. અમે નહીં નહીં કહેતા અને અમારે જેને જાતે મળવું અશક્ય થતું હતું તેમણે પણ ભેટ તરીકે ફળો, ફૂલો, મીઠાઈઓ, સોડાની બોટલો, બિસ્કિટના ડબ્બા, આવી બધી

વસ્તં કારાગૃહના ફાટકમાં પહોંચાડવાની ધમાલ મચાવી. ગરીબ લાચાર તે બંદીવાનો અને સ્વતંત્ર લોકો! જે કાંઈ પાંચ-દસ રૂપિયા મહિને મળતાં તેમાં જ સંસાર.

પણ ભાવના કેવી! ના પૂછતાં, અને સરકારી કાયદાને ના માનતાં એકાદ કેળું, એકાદ તરબૂચ, એકાદ ફૂલ- પણ તે દિવસે કારાગૃહના દ્વારે મૂકીને જતા! બપોરે હું શાંતિથી દરવાજા પાસે ગયો ત્યારે ત્યાં જમા કરેલા ડબ્બામાંથી, ફળોમાંથી, અને બીજા પીણાંની બોટલોના ઢગલામાંથી વસ્તુઓ ત્યાં જ વહેંચી નાખી. સાવ કોઈ સાંભળે નહીં ત્યારે કાંઈક થોડું પોતાની પાસે રાખ્યું. પછી જે એક-બે હોંશીલા મિત્રો શાંતિથી મળવા માટે આવ્યા હતા, તેમાંના એકને ત્યાંની સંસ્થાના શપથ આપ્યા.

''એક દેવ એક દેશ એક આશા

એક જાતિ એક જીવ એક ભાષા''

એ ત્યાં પ્રચલિત કરેલો મંત્રનો અર્થ તમેને સમજાવ્યો. આ ''એક આશા''ની પૂર્તિ માટે આવા ''એક જીવ'' થયેલા હિંદુમાત્રે સમયે પ્રાણાર્પણ કરીને શું કરવું જોઈએ તે કહ્યું - અને તે ધ્યેયની પ્રાપ્તિ માટે તેવો મહાન સ્વાર્થત્યાગ કરવાની શક્તિ હોવી અને લાવવી એટલે જ દરેક પરિસ્થિતિમાં તે તે વ્યક્તિનું આંદામાનમાં શું કર્તવ્યછે તે તે રીતે કહ્યું.

એટલામાં પહેરેદારે સમજાવ્યું, ''સાહેબ આતા હૈ' આપકો લે જાને વાલી ટુકડી ભી આતી હૈ.''

હું ઊભો થયો, મનને એક પ્રકારનું વિચિત્ર સમાધાન લાગવા લાગ્યું કે દસ વરસ આંદામનના આ કારાગૃહમાં આશાના અંતમાં પૂરાયેલા રહીને જે દિવસે તે કારાગૃહનાં દ્વાર હવે દસ-બાર વરસે ફરીથી ઉઘડશે ત્યારે તે છેલ્લા દિવસનું અમારું છેલ્લું કૃત્ય પણ તે જ હતું કે જે કરવાનું વ્રત આયુષ્યના અગિયારમા વરસે લીધું હતું. હિંદી યુવાનોને જે વ્રત આપવા માટે તે કારાગૃહના દ્વારે અત્યારે પગ મૂકવા માંડ્યો તે કારગારનાં દ્વાર બહાર આજે દસ વરસે પગ માંડતા રહેતા હિંદી યુવાનોને તે જ વ્રત આપતા ઉચ્ચારાનારા -

''એક દેવ એક દેશ એક આશા

એક જાતિ એક જીવ એક ભાષા.''

આ જ શબ્દો અમારા હોઠ ઉપર હતા!''

મને અને મારા ભાઈને ફાટક પાસે ઊભા રાખવામાં આવ્યા. બંદીપાલે અમને હિંદુસ્તાન લઈ જવા માટે સિપાઈઓનો પહેરો રાખ્યો. ''બેડી નાખવાની જરૂર જ નથી.'' એવું તે ઉદાર બંદીપાલે કહેવાથી અમને તેમ જ આગળ લઈ જવામાં આવ્યા અને તરત જ પેલા આંદામાનના ભયંકર બંદીગૃહનાં દ્વાર અમારા માટે ખુલ્યાં!

સન ૧૯૦૯માં તે આમ એકવાર ખૂલીને અમને ભાઈઓને અંદર મૂકીને બંધ થયો. સન ૧૯૧૧માં ફરીથી તે વિકરાળ જડબું ખુલ્યું અને અમને ગળીને બંધ થયો! ત્યારે ફરીથી કેટલાક જીવતા બહાર નીકળવાની આશા કોઈને નિશ્ચિતપણે લાગતી નહોતી. **તે ૧૯૧૧ના વરસે બંધ થયેલાં પેલાં કારાગૃહનાં દ્વાર આજે ૧૯૨૧માં વરસે ફરીથી ખખડ્યાં. તે જડબાનું મોં ફરીથી ખૂલ્યું** - અને અમે બંને ભાઈઓ જીવતા એમાંથી બહાર નીકળ્યા!

તે લોખંડી ફાટકનો તે એટલો જ લોખંડી ''ઉંબરો'' ઓળંગતાં અમને સ્પષ્ટ કલ્પના થઈ આવી કે અમે જીવતેજીવત આંદામાનમાંથી છૂટીએ છીએ. બાબાને કહ્યું, ''બાબા આ આટલો ઉંબરો જીવન-મરણની સરહદ છે. ઓળંગી!'' મરણની સીમાથી, જીવનની સીમામાં આ વેંત જેટલો ઉંબરો ઓળંગીને આપણે ફરીથી એકવાર પગ મૂક્યો!! હવે આગળનું આગળ!!!''

બંધી તોડીને પહેરાવેલી ચંપાની માળા

અમને સમાચાર આપવા માટે અને જે અનેક દૂરદૂરના લોકોએ અમને જોયા નહોતા તે જોવા માટે આવીને કારાગૃહની બહાર ટોળેટોળાં ભેગાં ના થાય તે માટે સહજ રીતે જ કડક બંદોબસ્ત કરવામાં આવ્યો હતો.

ઠેકઠેકાણેના બંદીવાનો પોતપોતાના કામ ઉપર જોતરાયેલા હતા જ. તો પણ શક્ય ત્યાં સુધી તે લોકો તે નિમિત્તે દૂર લપાઈને બેઠા હતા. અમે સિપાહીઓના પહેરામાં સમુદ્ર તરફ છોડું ચાલતા થયા ના થયા ત્યાં જ એક બંદી અધિકારી જમાદારીના કામે રહેલા અને થોડા જ દિવસમાં ''ટિકિટ'' પર છૂટવાનો અધિકાર જેને મળી શકે તે એકાએક આગળ આવ્યો અને અમને પહેરામાં ઘૂસીને સિપાઈઓને ગણકાર્યા વિના એક ચંપાનાં ફૂલોની બનાવેલી સાદી માળા બધા બંદીવાનો વતી મારા ગળામાં નાખી દીધી. તે જોઈને સિપાઈ બૂમબરાડા કરે ત્યાં તો તે મારા પગે માથું ટેકવીને જયજયકાર કરીને નીકળી પણ ગયો. એવા કાયદા વિરૂદ્ધના કૃત્યથી તેની જમાદારી જઈને ઊલટું તેને સજા પણ થાત, પણ તેણે તેની ચિંતા કરી નહીં.

એક તરફ તે ભાવિક બંદીવાન જમાદાર બધા બંધીઓ વતી ચંપાની માળા ગળામાં નાખે છે. અને બીજી તરફ તે ગડબડથી ગભરાયેલા સિપાઈઓના અધિકારી અમને ખેંચાખેંચી કરી હાથમાં હાથકડી નાખે છે. આ અમારું પોતાનું તે વખતનું દ્રશ્ય હજી આંખો સામે દેખાય છે. શક્ય છે લોકોમાં અમારી સ્મૃતિ દેખીતી રીતે બચી નહી હોય. અમારા ફોટાને, પુસ્તકોને અમારી યાદોને પણ ઘરમાં અને લોકોમાં રાખવાની કોઈ હિંમત કરે નહીં એ માટે તે કૃત્યને અપરાધની જેમ દંડનીય કરનારી સરકારના વીસ વરસના અવિરત પ્રયત્નોનું, પેલો હાથકડી નાખીને ખેંચાખેંચી કરનારો સરકારી અધિકારી એક પ્રતીક હતો, અને તો પણ અમારી યાદને, ભક્તિપૂર્વક નહીં ભૂલનારા અમારા દેશબાંધવોના અમને આજીવન મળેલા પ્રેમાળ આદરનું, તે ચંપાના ફૂલની માળા પહેરાવનારા તે બંદી-અધિકારી એ બીજું પ્રતીક હતું. જે બે શક્તિનાં પરસ્પર વિરુદ્ધ આઘાત-પ્રત્યાઘાતનું આ અમારું જીવન પહેલેથી જ એક રણમેદાન થયું છે, તેનું દ્રશ્ય એટલે એક લાક્ષણિક રેખાચિત્ર જ હતું. આ વિચાર બાબાને કહ્યા વગર અમારાથી રહેવાય નહીં.

આંદામાનમાં દસ-બાર વરસ અમે બંનેએ કરેલા તે વસાહતની ઉન્નતિ માટેના પ્રયત્નોનો તે ચંપાના ફૂલોની ચોરીને ગૂંથેલી સાદી માળા, એ ખરેખર બહુમૂલ્ય પુરસ્કાર હતો. તે પ્રયત્નોથી થાક ઉતર્યા જેવું લાગ્યું. રત્નોની માળા કરતાં તે જંગલી ચંપા - ચંપારાણીનાં ફૂલોની માળા વધારે પ્રિય લાગી. તે ગળામાં પડતાં જ દૂરથી ઉઠેલો તાળીઓનો નાદ, તેની અંદર કેટલી પ્રેમાળ કૃતજ્ઞતા ગૂંથાયેલી હતી તે દર્શાવતો હતો. મારા વિશે લોકોમાં અણગમો અને ભય જગાવનારા સરકારી મરણિયાપ્રયત્નોનો તે ચંપાનાં ફૂલોની સાદી માળા અજોડ જવાબ હતો.

અમને બોટ ઉપર ચડાવ્યા પહેલાં કેટલોક સમય અમારા ત્યાંના કેટલાક સહકારીઓ સાથે અંતઃકરણપૂર્વક બોલવાની તક મળી. તેમની મારફત અમે બધા બંદીવાનોને, ''આંદામાનમાં જ રહો, ખેતી કરો. અંદરોઅંદર લગ્ન કરીને સંતતિ વધારો અને તે વસાહતમાં હિંદુ સંસ્કૃતિના થતો રહેલો ફેલાવો એકધારો વધારો,'' એ સંદેશો મોકલાવ્યો. બીજા પણ કાર્યક્રમો ઘડી આપ્યા. જે ચઢાણથી દસ વરસ પહેલાં બંદીશાળાએ જતાં લાગ્યું હતું કે પાછા જતી વખતે આ ચઢાણ ઉપરથી ઉતરવાનો પ્રસંગ આ જન્મે આવશે ? એ ચઢાણ જ ઇતરીને આજે અમે પાછા હિંદુસ્તાન ચાલ્યા.

તે જ મહારાજ જહાજ આવ્યું! જહાજ કલકત્તાથી જશે. હું ઉપર ચડ્યો. પેટમાં કંઈક થવા લાગ્યું. આંદામાનમાં મળતી રહેલી થોડીઘણી સ્વતંત્રતા પણ છીનવાઈને અમને ફરીથી એકદમ સજાના પહેલાં દિવસની કડકાઈમાં ધકેલી દેવામાં આવશે એ સ્પષ્ટ દેખાવા લાગ્યું. બોટ ઉપર ચડતાં જ બંદીવાનો માટેના એકદમ નીચેના તળે રહેલા પાંજરામાં લઈ ગયા. આ પાંજરામાં જ દસ વરસ પહેલાં આવતા મને ગોંધવામાં આવ્યો હતો. સ્મરણ સાથે જ કંપ થયો. તેમાં બાબા ક્ષયની બીમારીથી એકદમ જર્જરિત અને ઉધરસથી અશક્ત થયેલા. બાબા સાથે પાંજરામાં આવતાં જ જોયું તો એક છેલ્લું સંકટ દત્ત તરીકે ઊભું રહ્યું.

બેડીઓના પિંજરામાં ગોંધી દીધો

કારણ જે પાંજરામાં એકદમ ગોંધીને અમને પૂરવામાં આવ્યા હતા, તે ગાંડાઓથી ભરેલું હતું. આંદામાનથી જે પાગલોને હિંદુસ્તાનમાં પાછા મોકલવાના હતા તે બધા એ નૌકામાં જ મોકલ્યા હતા. તે પાંજરામાં તે

પાગલોની વચ્ચે મને પૂર્યો. તે ગાળો આપતા હતા, કોઈ રડતા હતા. કોઈ પોતે જ પોતાનું ગળું દાબી જોતા હતા. એ ગાંડાઓમાંથી જ એક થોડા વ્યવસ્થિત બંદીવાન મુખ્ય અધિકારી હતો. તે એક-મેકને પકડી પકડીને મારતો હતો. હલવા માટે પણ જગ્યા નહોતી. તેમાં પીડાથી દુઃખી અને અશક્ત થયેલા મારા ભાઈ સાથે મને પૂરી દેવામાં આવ્યો.

તે પાગલો જે જોતા હતા, બોલતા હતા તે તેમને તાત્કાલિક સાચું જ લાગતું હતું. કોઈને ઉંદરનો ભાસ થવાથી તે મોટે મોટેથી બૂમો પાડે, 'ઉંદર મારી છાતી પર ચઢ્યો છે!' કોઈ બધા એને જ ગાળો આપે છે એવો ભાસ થતાં રાતે ઊઠીને એકાએક બાજુની છાતીએ ચડીને મૂક્કા મારી રહ્યો છે! ઊલટીઓ અને સૂવાની દગ્યાએ જ થયેલો રેચ, તેમાં જ તેઓ આળોટે છે. અને તેમાં જ હું જઈને બેઠો.

મનમાં ક્ષણવાર માટે થયું કોણ પાગલ? આપણી ઈંદ્રિયોને જે ભાસ થાય છે તે જ કેમ સાચું? કદાચ એની ઈન્દ્રિયોને થનારો ભાસ જ સાચો હશે. સામે પક્ષે ઈન્દ્રિયોની જ સાક્ષી અને કોની ઈન્દ્રિય હોશમાં છે એ પણ કોઈકની તો ઈન્દ્રિય જ નક્કી કરે છેને! તેના જેવી ઈંન્દ્રિયો તે સ્થિતિમાં બધાને હોત તો તેમના પ્રમાણે જ બધાને જ ઉંદર દેખાવા લાગત જ! આપણે જ કેમ સાચા? કદાચ તે જ સાચા હોઈને આ રેચમાં અને ઊલ્ટીમાં આપણે બેઠા છીએ એ આપણા જ પાગલપણાનો ભાસ નથી એવું શેના પરથી! આપણને જ પાગલપણું થયું નથી એવું શેના પરથી!

ખરેખર જ મનમાં ધ્રાસ્કો પડ્યો. તે અંધારામાં તે જહાજના ઘર્ર ઘર્ર અવાજમાં, તે મળમૂત્રમાં, ઊલ્ટીઓમાં, તે અસભ્ય વાતાવરણમાં, અને ખૂબ જ કોહવાયેલા અને શ્વાસોચ્છવાસ માટે જડ થયેલા વાતાવરણમાં જીવ ગભરાઈ ગયો. વારંવાર લાગતું મને, આ તત્ત્વજ્ઞાનનો વિચાર કરીએ છીએ કે પાગલોનો. આ પહેલો ઝટકો અમને પછાડે છે અને ઈન્દ્રિયોને દેખાઈ રહેલી વસ્તુ વિશે ભ્રમ પેદા કરે છે! **મજ્જાતંતુ** - દસ-બાર વરસોની તાણથી ક્ષીણ થયેલા મજ્જાતંતુ જેમ ત્યારે ક્ષીણ થયેલા લાગ્યા, તેવા બહુ ઓછીવાર લાગ્યા છે.

તે પાંજરામાંથી, કમ સે કમ તે પાગલોની મંડળીમાંથી કાઢીને અમને થોડા અલગ રાખવા એવું આવેદન આપીને વિનંતી કરી. તે જહાજ પર જ કેટલાક હિંદી .. હિંદુસ્તાન પાછા જતા હતા તેમના અને મુખ્ય... પ્રયત્નોના સહકારથી છેવટે તે પાંજરાની સામેના અડધામાં પણ પાગલો કરતાં થોડા અલગ એવા ભાગમાં અમને રાખવામાં આવ્યા.

પણ પવન મળે નહીં. બીજા ક્ષય રોગી, ચોર, લૂંટારુ, વગેરે દંડિત (Convicts) તે જહાજથી હિંદુસ્તાન પાછા મોકલવામાં આવતા હતા; પણ તેમને તે ઉપરના તળ ઉપર 'ડેક' ઉપર મુક્ત હવા લેવાની હોવાથી રાખ્યા હતા. પરંતુ બાબાને? તે નીચેના તળ પરના પાંજરામાં - જ્યાં હવા આવે જ નહીં. તે પણ ક્ષય રોગી જ, શરીરમાં તાવ; મને પણ હંમેશા - 'બ્રોન્કાઈટિસ'ની શ્વાસ અવરોધતી બીમારી હતી.

ત્યારે હવા માટે આવેદન કરવું પડ્યું. શ્વસોચ્છવાસ પૂરતી તો હવા મળે એટલે વિનંતી કરવી પડી!!!

બીજા દિવસથી ઉપર એક મોટી હથિયારની થેલી લટકતી છોડીને તળ ઉપરના તે કોઠારમાં હવા થોડા ઘણા દિવસોમાં એક-બે વાર છોડવામાં આવી. પહેલાં અડધો કલાક ડેક ઉપર લઈ જઈ એક જગ્યા જોતા બેસવા દેવામાં આવ્યા.

ચોરીછૂપીથી જહાજના પ્રવાસીઓ અને અધિકારીઓ પણ નીચે કોઠારમાં આવીને વાતો કરતા. તેમાં જે હિંદી ગૃહસ્થ હતા તેમની સહાનુભૂતિ તો હતી જ. પણ કેટલાક યુરોપિયન પણ ખૂબ આદર કરતા. એક સુશિક્ષિત એંગ્લો ઈન્ડિયન ગૃહસ્થે તો અમારી મૈત્રી વિશો વારંવાર ગૌરવ પ્રદર્શિત કરીને મને મારી પસંદગીના ગ્રંથ 'થોમસ એકેમપીસ'ની એક સુંદર નકલ યાદગીરીરૂપે આપી. અમને ઉત્તમ પ્રકારનું અન્ન પણ મંડળીએ ખાનગીમાં વ્યવસ્થા કરીને મોકલે. તો પણ સૉડા વોટર, આઈસેસ, મીઠાઈ, એવી એમની ભેટ વારંવાર પાછી મોકલી. પૈસા પણ કેટલાક પરાણે આપવાનો પ્રયત્ન કરતા. અમે ''પહોંચતા જ કારાગૃહમાં બંધ થશું! ત્યારે તે નહીં,'' એવું કહી સાભાર પાછા આપ્યા. અમારી બાજુના ગાંડા સમદુખિયાઓને મીઠાઈ વગેરે આવી કે આપી દેતા.

રાતે બાબાએ પોતાની આખી કથા કહી. હું બેરિસ્ટરની પરીક્ષા આપવા માટે સન ૧૯૦૬માં વિલાયત ગયેલો ત્યારથી બાબા અને મારી રાતે સ્વસ્થ નહીં તો અસ્વસ્થ સ્વતંત્રતામાં બે-ચાર વાતો ભેગા બેસીને કરતા એવી તક આજે ચૌદ વરસે મળી હતી. ત્યારે મારી પાછળ અભિનવ ભારતની ચળવળ કેવી નબળી પડતી ગઈ, કોણકોણ.. બાબા કેવી રીતે પકડાયા, કારાગૃહમાં તેમની બાતમી કઢાવવા માટે અમાનુષી કપટ ક્યારે, ક્યાં થયા, તોયે એકપણ ફરિયાદ તેમના મોઢેથી કેમ નીકળી નહીં અને છેવટે તે બેહોશ થઈ કઈ રીતે પડ્યા.. તે રોમાંચકારી વૃતાંત તેમણે કહ્યો, મેં સાંભળ્યો.

આંદામાનમાં અમારી પાછળ રહી ગયેલા પ્રિય મિત્રોની યાદ આવતાં જ ખૂબ બેચેની લાગતી. લાગતું ફરીથી એમને એમ પાછો આંદામાન જાઉં અને તેમને મળું!

ચોથા કે પાંચમા દિવસે અડધો કલાક ડેક પર ખુલ્લામાં હવા ખાવા આવ્યો ત્યારે સામે તટ દેખાવા લાગ્યો. મને પાડોશીએ કહ્યું, ''આ હિંદુસ્તાનનો તટ દેખાવા લાગ્યો જુઓ.'' હું ચમક્યો. હિંદુસ્તાનનો તટ! જે પ્રિય માતૃભૂમિના ફક્ત સ્મરણથી ચેતના જગાવીને આજ સુધી આ અનેક યાતના ભોગવી તેની પ્રત્યક્ષ મૂર્તિ! તે ચરણ પાછાં દેખાયાં! આ જીવનમાં ફરીથી જોવા મળ્યું! મેં ફરીને બાબાને કહ્યું, ''બાબા! જુઓ ભારત! તે જુઓ તેની 'નિલસિંધુજલ- ધૌતચરણતલ'!''

અમે બંને પણ ભક્તિભાવથી ઝણઝણી ઊઠ્યા અને તે માતૃભૂમિના ચરણ સમક્ષ હાથ જોડીને બોલી ઊઠ્યા - ઉદ્ગગાર નીકળ્યા -

''સ્વાતંત્ર્ય લક્ષ્મી કી જય! વંદે માતરમ્!''



પ્રકરણ - ૧૨મું

આવો મારી પાછળના!

આંદામાનના જહાજમાંથી ઉતરીને કલકત્તાને પગ સ્પર્શતાં જ અમને અલીપોરના કારાગૃહમાં લઈ જઈને ઓરડીમાં ઘુસાડવામાં આવ્યા. સવારે આંદામાનથી નીકળતાં જે ડર લાગતો હતો તે સાચો સાબિત થયો. કારણ બાબાને અને મને અલગ કરવામાં આવ્યા! અમે પોતપોતાની બંદીની પથારી, બગલમાં દબાવી, હાથમાં ''થાળી'' લઈને, ચોરની જેમ, સાથેના સિપાઈઓના આંખના ઈશારા પ્રમાણે ચાલતા હતા. તે બાબાને એક નાનકડી ગલી બાજુ વળવાનું સિપાઈઓએ કહ્યું અને મને સાથે લઈને બીજી બાજુ ચાલ્યો. બાબા દૂર થયા.

તેમની તે ઉધરસ મને દૂર જતાં સુધી સંભળાતી હતી. તો પણ તે જડ પથારી ગમે તેમ કરીને બગલમાં લઈને અને ચોળાયેલો ઓવરકોટ પહેરીને કણસતા ચાલતા હતા. મનમાં થયું એમનું હવે શું થશે! આ ગલીથી તે મને છોડીને વળી નહીં ગયા હોત તો મોટેભાગે હવે તે જીવનના માર્ગ પર મને છોડીને મરણની ગલીમાં જ વળે છે. લગભગ એમનાં આ જ છેલ્લાં દર્શન!

ફરી એકવાર પાછળ જોઈને મનમાં આક્રંદ કરત, પણ પછી ચૂપચાપ હું એવો જ આગળ વધ્યો. બીજી એક ચાલીમાંથી - જે મારા માટે વેરાન કરવામાં આવી હતી. તે એક કોઠડીમાં બંધ કરવામાં આવ્યો. ખૂબ જ ઉદ્વિગ્નતા થવા લાગી.

મારી ઉપર પહેરો ભરનારા સિપાઈ સાથે એક વૉર્ડર પણ આવ્યો. તેને ચૌદ વરસના કાળાપાણીની સજા થયેલી હોવા છતાં ત્રણેક વરસમાં જ વોર્ડર થઈને પ્રમાણમાં કેટલો સ્વતંત્ર રીતે ફરતો હતો! અને મેં તે ચૌદ વરસ લગભગ કોટડીમાં બંધ રહીને પૂરાં કર્યાં હોવા છતાં મારી ઉપર કડક પહેરાના અને કારાગૃહીય હડિયાપટ્ટીનાં આવરણ રતિભાર પણ ઢીલા ના થતાં વધારે જ ભીંસાઈ રહ્યાં છે!

મનને મનાવવા માટે લોખંડી સળિયા પકડીને ઊભો હતો. સાંજ ગઈ અને અંધારું થયું. એક સિપાઈ ધીમેથી કંઈક બોલવા લાગ્યો. તે વખતે જ રાજકારણના સ્વરૂપ વિશે મૂર્ખતા કેટલી હદે ફેલાઈ હતી તેનું આંશિક સ્વરૂપ તેના બોલવા પરથી મને દેખાયું. કલકત્તાની અને બીજી રાજકીય ચળવળ વિશે તેની ગમાર ભાવના વ્યક્ત કરતાં કરતાં તે બોલ્યો.

''હવે એક-બે મહિનામાં સ્વરાજ્ય મળશે; કારણ ગાંધી નામના કોઈક યોગબળે લડવા લાગ્યા છે. અંગ્રેજોનું તેમની આગળ કંઈ ચાલતું નથી; કારણ તેમને ગોળી લાગતી જ નથી! અને કારાગૃહમાં પૂરે તો પણ મનમાં આવતાં જ તે જાદુ કરીને, ઓરડીમાંથી ગાયબ થઈને ફરી પોતાના તટ પર ઊભા રહેલા દેખાય છે. અનેક વખત થયું છે.''

મહાત્માજીને અનેક વખતે નાની-નાની સજા થઈને બંદીગૃહમાં રહેવું પડતું; પણ તે અનેક વખત છૂટ્યા પણ. આ વાતનું તેના મગજ પર - અને તેના જેવા સેંકડો ગમાર, મૂર્ખ લોકોના મગજ પર આવું વિકૃત પ્રતિબિંબ પડ્યું! મેં હસીને કહ્યું, ''તેમના મનમાં આવે ત્યારે જ તે બંદીશાળાની તટ બહાર ઊભા રહેલા દેખાય એ એક અર્થમાં સાચું છે. પણ તેમાં ધ્યાનમાં રાખવાનું એટલું કે ઓરડીમાં નહીં રહેતા તટ બહાર ઊભા રહેવાનું તેમના મનમાં તે જ દિવસે આવે જે દિવસે તેમની સરકારી સજા પૂરી થઈને છૂટકારો થવાનો જ હોય! અને સ્વરાજ્ય યોગબળે મળવાના વિશે પૂછશો તો...

પાડોશમાં, કોકેન વેચવા જતા સજા પામેલો એક ચીની યુવાન પછીથી લાવવામાં આવ્યો. તે બે દિવસમાં છૂટીશ, તેથી નાચે, વગાડે, ગીતો ગાય. તેવી રીતે બે દિવસે છૂટવાના એ સાંભળીને ગીત ગાવાનું ભાગ્ય અમને... ! છટ્.. તેવી આશા જ નહી.

તે ચીની માણસને સન્યત્સેનાનું નામ ખબર હતું. એ અમારા પણ નામથી પરિચિત હોવાનું વાતવાતમાં જાણવા મળ્યું. તે જ હું એ કહ્યા પછી પણ તેને સાચું લાગ્યું નહી. આટલા મહાન તરીકે જેને હું માનતો તે મનુષ્ય આવી કોઠડીમાં સમાયો તો કેવી રીતે! મહાન પુરુષોની જે અકરાળ-વિકરાળ કલ્પના તેના જેવા માણસોની છે, તેને તે બધા મનુષ્યની જેમ રહેનાર મહાન પુરુષોના પ્રત્યક્ષ દર્શનથી હંમેશાં આવા ઝટકા

લાગતા જ હોય છે. તેણે મને પૂછ્યું, ''તમને ગોળી લાગે?'' મેં કહ્યું, ''એટલે કે લાગવી જ જોઈએ.'' ત્યારે તે ખૂબ જ નિરાશ થયો.

એક સિપાઈએ પૂછ્યું, ''તમે કેટલા દિવસ-રાત તરતા હતા સમુદ્રમાં?'' એટલે કે માર્સેલ્સમાં. મેં કહ્યું, ''છટ્ દિવસ-રાત કેમ? દસ મિનિટ માંડ તરતો નહોતો. ત્યાં તો તીર છોડવામાં આવતાં!'' આ અણધાર્યો જવાબ સાંભળતાં જ તેમના અદભુત આદરને એકાએક જાણે એવોઝટકો લાગ્યો! અમે બડાઈથી ખોટું બોલીએ તો પણ એકવાર તેણે ક્ષમ્ય માની લીધું હોત. અને તેને તેટલો ધક્કો ના લાગત. તે કેટલાક વખત સુધી ગુસ્સામાં હોય તેવું પણ લાગ્યું. અમારે માર્સેલ્સ વિશે સાચી તે વાત જ કહેવાની ખોડને લીધે આવા કેટલાય ભોળા મિત્રોનાં આદરને ઠેસ પહોચાડવી પડી છે!

વર્તમાનપત્ર જોયું

કલકત્તામાંથી આઠેક દિવસમાં અમને આમંત્રણ આવ્યું - ક્યા કારાગૃહમાં તે પહેલાં ખબર ના પડી. ગાડીમાં ફળફળાદી અને વર્તમાનપત્રો સ્ટેશને-સ્ટેશને લોકો આવીને નાખી જતા. ટોળા જામીને ડોકાવવાના પ્રયત્નો કરતા. ત્યાં સુધી અમે કલકત્તાથી નીકળ્યા એની બાતમી કોઈએ તો તત્કાળ તારથી (ટેલિગ્રામ) આગળ મોકલાવી હતી એવો અમને વિશ્વાસ થયો. નાગપુરની આગળ - કે પછી ક્યાક તો પહોંચ્યા તો અમને આંદામાનથી હિંદુસ્તાનમાં પાછા બોલાવવામાં આવ્યા, આ વિશે આનંદ વ્યક્ત કરતાં મોટા મોટા અક્ષરે છાપેલાં મથાળાંઓ અને લેખોથી ભરેલા પત્રો દેખાયાં. અમારી પાછળ રહેલા ભાગમાં એક ગૃહસ્થ આવું એક અખબાર કાઢીને અમને દેખાય એ રીતે રાખીને વાચવા માંડ્યો. ભાષા મરાઠી, અમારી સાથે આવનારા એંગલો ઇંન્ડિયન અધિકારીઓના ધ્યાનમાં કંઈ ના આવે. તે પત્ર પરથી અમને એક અઠવાડિયામાં છોડવામાં આવશે એવી સામાન્ય ધારણા હતી એવું લાગ્યું. પણ સાચું શું એ અમે જાણી ગયા હતા. તે ગૃહસ્થ ફક્ત સહાનુભૂતિ માટે તે ગાડીથી પ્રવાસ કરતા હતા અને અધિકારીઓને ટાળીને શક્ય એટલી સહાય કરતા હતા. સમાચાર મોટેથી વાચતા, જેથી અમને સંભળાય.

બાર વરસ પછી આવ્યા નાસિક!

તે અમારા પહેરેદાર અધિકારીઓ અમને કાંઈ પણ ત્રાસ ના આપતાં સારી રીતે રહ્યા અને અમે મુંબઈ આવી પહોંચ્યા. રસ્તામાં નાસિક સ્ટેશન પર ભર રાતે ગાડી આવતાં જ ''નાસિક! નાસિક! નાસિક!'' એવો અવાજ આવ્યો. પણ અમારા ડબ્બાની બારી પહેલેથી જ બંધ કરીને આ એંગ્લો ઇંન્ડિયન અધિકારીઓએ મને વચ્ચે બેસવા કહેલું હતું. બાજુના ડબ્બામાં સામે કેટલાય માણસો આવીને બેઠા! પણ નાસિક સ્ટેશનથી અમારી ગાડી છૂટીને આજે બાર વરસે પાછી આવી હતી. એક નવી પેઢી વધી ગઈ. બાર વરસે પછી તે સ્ટેશન પર આ જીવનની ગાડી વળતામાં આવી, ત્યાં કોની સાથે ઓળખ થશે! પણ તો પણ તે ''નાસક! નાસક!'' એવું સ્ટેશન આવવાનો અવાજ સાંભળીને ચિત્તમાં કેવાં કેવાં તરંગ ઊઠ્યાં. તે સ્ટેશન પર થયેલાં અનેક પાન-સોપારી, કોલેજ પ્રવાસનો ચેવડો, તરબૂચ, વિલાયત જતી વખતે આસપાસ ફરી વળેલા મિત્રમંડળની આંસુ ભરેલા ચહેરા - તે સ્વાતંત્ર્યલક્ષ્મીનો જયઘોષ - તે તેનું હાથકડીમાં અને ફાંસીમાં થયેલું રૂપાંતર!! એવાં ચિત્રો, ચલચિત્રો, માનસપટ પર અસ્વસ્થ ઝડપથી એકસરખા આવતાં જતાં રહ્યાં.

મુંબઈથી આ બાજુ અથવા તે બાજુ ના જોતા બોટમાં ચઢાવવામાં આવ્યા. પ્રવાસ પૂરો થતાં જ રાતે દસ-બાર વાગે એક કારાગૃહમાં લાવીને અમને અંતે બંધ કરવામાં આવ્યા. તે કારાગૃહ એટલે -

રત્નાગીરીની બંદીશાળા.

હવે એના પહેલાંની અમારા કારાવાસની માહિતી ક્રમબદ્ધ અને વિગતવાર આપવી સંજોગોવશાત્ શક્ય નથી. મુખ્ય કારણ એ કે, તે આ પ્રાંતના જ કારાગૃહ વિશે હોવાથી એકદમ આ બાજુની છે. તેના અનુસંધાનમાં બીજાં કારણો જાહેર જ છે. ત્યારે આખી પરિસ્થિતિમાં શક્ય એટલી પૂરક રૂપરેખા જે કાંઈ આપીને આ વૃતાંત સમાપ્ત કરીશ.

રત્નાગીરીના કારાગૃહમાં પહેલાં બે-ત્રણ અઠવાડિયાં ખૂબજ દુઃખભર્યાં ગયાં. આંદામાનમાં જમતી વખતે દૂધ અને સારી રીતે પકાવેલું અન્ન અમને મળવા લાગવાથી અમારી પાચનશક્તિ હાલમાં થોડી સુધરીને અમે જીવ પરના દુઃખોમાંથી હજી જરાં ઊઠીએ, ના ઊઠીએ, ત્યાં રત્નાગીરી આવતાં જ દૂધના ચાર ઘૂંટડા પણ બંધ થયા! અને કારાગૃહમાં તે જાડી ભરડેલી રોટલી પાછી સામી આવી. આંદામાનમાં બે વરસ આ ખરાબ અન્નને લીધે અમે કેવા મરણાપથારીએ પડ્યા હતા અને અમે દૂધ અને વિશિષ્ટ અન્ન આપવાની વ્યવસ્થા સૌથી શ્રેષ્ઠ વૈદ્યકીય અધિકારીઓએ જ કેવી કરી, તે બધુ કહ્યું પણ ઉપયોગ થયો નહીં.

તેમાં પણ સાવ બાજુની એક ઓરડીમાં, એકપણ જણ પાસે ના રાખતા મને બંધ કરવામાં આવ્યો. દસ વરસ સજા ભોગવ્યા પછી આંદામાનમાં જે થોડીઘણી સુવિધાઓ મળી હતી - અંગભર કપડાં, દેહશ્રમથી મુક્તિ, લખવાનું કામ, ગ્રંથ લખવા કાગળ-પેન્સિલ, દસ માણસોમાં ઊઠવા બેસવાની સ્વતંત્રતા - તે બધું ગયું અને ફરીથી સજા થઈ ત્યારે પહેલા દિવસે મળ્યા તે જ તકલીફો, તે જ પચાસ વરસ બંદીનો સન ''૧૯૬૦''નો છૂટકારો એવું લખેલો લોખંડી બિલ્લો, તે જ નિર્જન એકલતા! સાવ જાણે પહેલેથી સજા ભોગવવી પડશે તેવું દુઃખ વર્તાવા માંડ્યું.
તેમાં પણ બાબાની કોઈ વાત મળે નહીં. તેમને પણ આવી જ ભયંકર સ્થિતિમાં નાખવામાં આવ્યા હશે. આંદામાનમાં અમારા હિતમિત્રોની યાદથી પણ મન તરફડવા માંડ્યું. સૂતરનું કામ આપવામાં આવ્યું. તે આદત ના હોવાથી પુરું થાય જ નહીં. પુસ્તક પણ વાચવા મળે નહી. સમય જતો જ નહોતો.

આત્મહત્યાનો અંતિમ ઝટકો!

આશ્ચર્ય થશે! પણ પળેપળ દુઃખદ લાગવા લાગી. બાર વરસ - નહીં વિલાયત ગયેલો ત્યારથી અઘટિત, અસહ્ય, અદભુત સંકટની અને યાતનાની તાણ સહન કરતાં કરતાં ક્ષીણ થયેલા મજ્જાતંતુ આ નવા તાણથી હવે તૂટી જશે કે શું એવું લાગતું. એક દિવસ એટલો ઉદ્વેગ વધ્યો કે વિવેક સુધ્ધાં ઉદાસ થઈ ગયો. હવે આ હજી કેટલા દિવસ સહન કરવાનું. નથી જોઈતું આ જીવન! હવે વધારે દિવસ સબડતા રહેવામાં કોઈ લાભ નથી. હું ઊભો થયો! તે કોટડીમાં પણ આંદામાનની કોટડી પ્રમાણે ઉપરની દીવાલમાં બારી હતી. ત્યાં હાથ કેવી રીતે પહોંચે અને પોતાના જીવનમાં તંતુ તેના સળિયા સાથે બાંધીને કેવી રીતે તોડી નાખી શકાશે તેની યોજના કરી. મનમાં ભયાનક ઉદાસીનતાનો અંધકાર પ્રસરીને ક્ષણે ક્ષણે વધારે કાળો ઘટ્ટ થવા લાગ્યો.
આ રત્નાગીરીના કારાગૃહમાં જ - હું લખું છું ત્યાંથી સાવ પાસેના રત્નાગીરીના આ કારાગૃહમાંથી જ મારી જન્મટીપનાં પૂરા ચૌદ વરસમાં જે બે અત્યંત અસહ્ય દુઃખદ ક્ષણો ગઈ તેમાંની એક અને છેવટની ક્ષણ તે કાળા ઘટ્ટ અંધકારમાં ગઈ.
પણ ત્યારે દિવસ હતો. એટલે જ રાતની રાહ જોવી પડી. તેટલામાં મનની સ્થિરતા ધીમેધીમે ફરીથી પ્રસ્થાપિત થવા માંડી. ''આંદામાનમાં ઈંદુભૂષણથી પેલા પ્રો. પરમાનંદ સુધી જે અનેક બંગાળી, પંજાબી, શીખ વગેરે દેશભક્તો યાતનાથી કંટાળીને આત્મહત્યાને કર્તવ્ય સમજવા લાગ્યા તેમને જે કારણ માટે તું તે કૃત્યથી પરાવૃત કરતો રહ્યો તે જ કારણ માટે તું પણ પરાવૃત થા. મરવાનું પણ સોમાંથી સો રૂપિયા લઈને... ''
રાતે ફરી એકવાર જીવનના બીજા કર્તવ્યની રૂપરેખા સ્પષ્ટ રીતે બનાવવા માટે એકાગ્ર થઈને બેઠો. હંમેશ પ્રમાણે ચિત્તવૃત્તિનિરોધ મન સાવ નિશ્ચલ થાય તે કરતો શનૈઃ શનૈઃ આયુષ્યનું ત્રિકાળબાધિત ધ્યેય - તેનાથી પ્રાપ્ત થનારું કાળ, દેશ, પાત્રથી મર્યાદિત ઉપધ્યેય - તેના અનુસંધાનમાં નક્કી થતું મુખ્ય કર્તવ્ય - અને તેને અનુકૂળ એટલે અનિવાર્ય થયેલા તાત્કાલિક જીવનક્રમ! આ બધું વિવેચન કરી જોયું.

એ પણ અસહ્ય દુઃખને સહન કરવું જ કરવું.

કારણકે, ફક્ત તેવું તે અસહ્યને સહન કરવું એ જ આ પરિસ્થિતિમાં શ્રેષ્ઠ રાષ્ટ્રકાર્ય હતું! તે કરીને જે મળે તે બીજાં પણ કરતા જ રહેવાનું.

ફરીથી નિશ્ચય કર્યો. બીજા દિવસથી પછી આવા જ એકાદ નિર્જન એકાંતમાં રાચતો હતો ત્યારે કવિતાનાં તૂટક તૂટક સૂત્રો ફરીથી હાથમાં લીધાં અને વિલાયતમાં પકડાયો ત્યારથી રત્નાગીરીમાં આવ્યા સુધીની મારી કારાવાસની કઠોર કથા સંકલિતરૂપે મનામન રચવાનો આરંભ કર્યો. ગ્રંથ કાગળ પર લખીએ તેવી રીતે મનમાં લખીને તેનાં ભાગ, પ્રકરણો અને મુખ્ય ઘટના ક્રમપ્રમાણે મોઢે કરી નાખ્યાં. તે જણાવવાં કેવી રીતે તે સ્મૃતિને ગતિ આપીને, થોડીક વાતો બને તો એકાગ્ર ચિત્તે યાદ કરીકરીને તે મનને પાનેપાનું વાચીને બતાવ્યું. આગળ ઘટના યોજીને શું કરતા બેસવુંઃ તેની આજુબાજુના લાલ ઈંટોના ટુકડાઓથી મનને સમજાય એવા મુખ્ય વિધેયોની ટિપ્પણી ચીતરતા અને કોરીને કે રંગીને રાખી. બે-ત્રણ મહિના આ કામ જોરદાર ચાલ્યું હતું.

એ શીલાલેખિત ટિપ્પણીની અને સ્મૃતિલખાણની આ ''જન્મટીપ''ના આજે પ્રસિદ્ધ થનારો ગ્રંથ જ કાગળની વિસ્તૃત આવૃત્તિ છે.

તે બે–ત્રણ મહિનામાં ધીમેધીમે મારી પરિસ્થિતિ બદલાઈ. જમવાનું થોડું સારું મળવા લાગ્યું. વચ્ચે કલકત્તાનાં કેપિટલ પત્રે મારા તાર એમડનના જર્મન ષડયંત્ર સાથે જોડાયેલા છે વગેરે લખાણ લખવા બદલ તેના ઉપર મારા ભાઈએ કેસ કરવાની સૂચના કરતાં જ તે પત્રે ક્ષમા માગી, તે પ્રકરણમાં ઘણા દિવસો ગયા. મુલાકાતીઓ પણ ઘરમાં આવવા લાગ્યા.

સિંધમાં અને બીજા ભાગોમાં પણ કેટલાક અસહયોગી અને વિરોધી હિંદુ મુસલમાન, રાજકીય બંદીવાનો ત્યાંના કારાગૃહમાં અમારી પાછળ જ આવ્યા હતા. તેમની ખિલાફતની, હિન્દુ-મુસલમાન વિશેની એકતાની અને રાજકીય ધોરણની કલ્પના, તે કાળના મારા વિપરીત લાગતા ઉપદેશથી કલુષિત થયેલી હોવાથી, તેમના સાથે તે વિષય ઉપર એક સરખા વાદ, સંવાદ, ચર્ચા કરવાનાં કાર્યો પણ જોરશોરથી શરૂ કરવામાં આવ્યાં. થોડા જ દિવસોમાં આંદામાનની પદ્ધતિપ્રમાણે અઠવાડિયાની બેઠકો અને વ્યાખ્યાનનો પણ આરંભ કયો. અમે બધા લોકો સતત એક-દોઢ વરસ એક સાથે હતા. મેં તેમને પહેલાં જોયા ત્યારે એક મિત્રે તો ચોખ્ખું કહ્યું હતું, ''મલબારમાં મુસલમાનોએ અત્યાચાર કર્યા જ નથી!'' બીજા મિત્રે ત્યારે જોરથી કહ્યું, ''થયો હશે તો પણ કાંઈ ચિંતા નહી. હિંદુઓએ મુસલમાન પણ થવું - પણ સ્વરાજ્ય મળવું જોઈએ.'' અહિંસા અને સત્યની વ્યાખ્યાથી અલગ તો કંઈ વિચારવાનું જ નહી. એક સુશિક્ષિત રાજ બંદીવાન બંધુએ એ વાત કહેતો હતો તે સમયે મને જે અનેક અસહકારના અને ઠસ્સામાં ખૂંપેલા મારા દેશભાઈઓ મળેલા તેમની મનઃસ્થિતિની કલ્પના મળવાની છે.

રાષ્ટ્રીય બાતમી મેળવવા માટે અમે રાજ બંદીઓ એટલે આંદામાન પ્રમાણે જ યુક્તિ-પ્રવૃત્તિ કરતા હતા. ત્યારે ક્યારેક-ક્યારેક કૂડા-કચરામાંથી કે બહાર કામ કરવા જનારા બંદીવાનોની ચાલાકીથી વર્તમાનપત્રોનાં ચીંથરાં હાથમાં પડતાં. અમારા આ અસહકારવાદી મિત્રો એ ચીંથરાં અમારી જેમ લાવીને વાચતા. બે-ત્રણ વાર ખૂબ જ બેદરકારીથી તે મિત્ર તે ચીંથરાં લઈને ઉઘાડા શરીરે વાચતા ચાલતા જોઈને બીજા એક રાજ બંદીવાને તેને, ''આવું નહી કર, નહીં તો વર્તમાનપત્રો વાચવાની બંધી હોવાથી તે ચાંથરાં લાવવાનો ઉહાપોહ થઈને બાતમી મળશે નહી.'' પણ સદ્‌ગૃહસ્થે ઊંધો જવાબ આપ્યો, ''એટલે શું હું ગુપ્ત રીતે આ વાચું? અસહકારી છું હું. ગુપ્ત એ ખોટું, હું ક્યારેય આચરવાનો નથી.'' તેની સાથે વધારે ન બોલતા મંડળીએ તેને હવે પછી ચીંથરાં વાચવા આપવાનું બંધ કર્યું. ત્યારે ચીડાઈને તેણે કહ્યું કે જે બંદીવાનોની ટોળી જેમ તમાકુ ચોરીને લાવતી તેમ જ એક-બે કાગળ પણ ગુપ્ત રીતે લાવવામાં આવતા તેમનું નામ હું આજે અધિકારીઓને કહીશ. કારણ સત્ય છુપાવવું પાપ છે.

હું અસહકારી - સત્ય એ અમારી ટેક!

મંડળીએ એટલે જ કહ્યું, અરે, પણ તે ચીંથરાં તમને મળતાં હતાં તે ગુપ્ત રીતે જ મળતાં એ તમને ખબર હતી. તો ત્યારે તે અસત્ય સમજીને તમે કેમ ત્યાજ્ય ન માન્યું? અને જેની ગુપ્ત સેવાનો તમે સ્વીકાર કરીને પોતાની તરસ ભાંગો તેમનું હવે નામ દેવાનું - તો તમને રાષ્ટ્રીય બંદી તરીકે સહાય કરનારનું નામ આપવું

એટલે વિશ્વાસઘાત કરવો નથી ? જો આ સત્ય હોય તો પછી નરેન્દ્ર ગોસ્વામી પણ અસહકારી તરીકે તમને પૂજ્ય હોવા જોઈએ !

તે ગૃહસ્થ એટલે જ દબાયો. પણ આવતા-જતાં બાતમી ગુપ્ત રીતે આપવી એ પાપ છે. માઝિની જેવા ગુપ્ત સંસ્થાના પ્રવર્તક બધા પાપી હતા. અમે અસહકારવાદીઓનો મુય વાદ એટલે જે ચળવળ કરશું તે ઉઘાડી કરશું. તેમાં કાયરતા બિલકુલ જ નહી. એવી રીતે ગપ્પાં મારતા ફરતા હતા.

એક દિવસ ગમ્મત કરવા માટે જમતી વખતે રાજ બંદીવાનોમાંથી કોઈ મંડળીએ એક યોજના કરી. તે ગૃહસ્થ કારાગૃહમાંથી ભાતના દિવસે રસોઈયાને પટાવીને ઘઉંની રોટલી ખાતો હતો. તે પ્રમાણે તે રોટલી તેણે ચોરી કરીને ખાવા માંડી ત્યાં જ એક જણ ખોટું બોલ્યો, ''અરે તે જુઓ નિરીક્ષક (Superintendent) આવે છે!'' એવું બોલતાં જ તે ગૃહસ્થે ફટાફટ રોટલી પાસેના તપેલા નીચે છૂપાવી રાખી સીધી રીતે ભાત ખાવાનું શરૂ કર્યું ! ત્યારે હાસ્યનું મોજુ ફરી વળ્યું. બધા પૂછવા લાગ્યા, ''અરે - હવે રોટલી છૂપાવવી એ કાયરતા નથી ? રોટલી 'ચોરીને' (જે કાયદા વિરુદ્ધ કરવું તે ચોરી એ વ્યાખ્યા પ્રમાણે) ખાવી ચાલે ?'' ત્યારે એકે વધારાનો જવાબ આપ્યો, ''એટલે, અમારા આ ખોબા જેટલા પેટ માટે રોટલીના ટુકડાની ચોરી કરવી કંઈ અસહકારી સત્યવાનને મનાઈ નથી. ફક્ત આપણા રાષ્ટ્રની સ્થિતિની કલ્પના હોવી એ સાર્વજનિક હિતબુદ્ધિથી એકાદ વર્તમાનપત્રનો ટુકડો છૂપાવીને વાચવો એ મનાઈ છે. પેટ માટે - ટુકડા માટે - અસત્ય બોલવું એ થોડી જ કાયરતા છે ? રાષ્ટ્ર માટે અસત્ય બોલવું એ કાયરતા છે.''

આ વાત એકાદ ગૃહસ્થની હોત તો અમે આપી ના હોત. પરંતુ એવા પ્રકારની મનોવૃત્તિ તે કાળમાં કેટલાય વિરોધી- અસહકારીઓમાં દેખાઈ આવેલી. આના એક રમુજી પણ અર્થપૂર્ણ ઉદાહરણ તરીકે આ વાત કહી. મલબાર પર ત્યાંની પરિસ્થિતિ જણાવવા બે-ત્રણ ઐતિહાસિક વ્યાખ્યાનો આપ્યાં. અમારા તે બધા મિત્રોને સંગઠન વિરુદ્ધ રહેનારા તેમના એકસરખા વિરોધમાંનો ખોટો ભાસ સમજાવ્યો. રાજકારણી ચર્ચા તો એકસરખી ચાલતી જ હતી.

રત્નાગીરીના બંદીગૃહમાં શુદ્ધિ

જલ્દી જ ત્યાં પણ સિંધી અથવા પઠાણી મુસલમાન બંદીઓ, જે મુંબઈથી મોકલાવવામાં આવતા, તેમની હિંદુ બાળકોને વટલાવવાની ખટપટ અમારા ધ્યાનમાં આવવા માંડી. ત્યાંના અધિકારીઓ સુધી આ વાતની ગંધ અથવા કલ્પના પણ નહોતી. પણ મુસલમાની બંદીવાનોની હંમેશની અને બધે ચાલેલી વૃત્તિ અમને ખબર હતી એટલે જ તે વાત અમારા ધ્યાનમાં આવી. અમે પણ આંદામાન પ્રમાણે જ ત્યાં શુદ્ધિની ચળવળ આદરી. બબ્બે-ત્રણ-ત્રણ પુખ્ત હિંદુઓને અને કેટલાંક છોકરાઓને શુદ્ધ કરી લીધા. તેમને જરૂરી આર્થિક સહાય અમે પહોંચાડી. વાદ-વિવાદ વધતો જ ગયો. નિરીક્ષકો સુધી ખપલ્લી જંગ ગઈ. મુસલમાની, સિંધી અને પઠાણ ત્યારે રત્નાગીરીના કારાગૃહમાં ખૂબ વધી ગયા હતા. તે અધિકારીઓને અને મરાઠી સિપાઈઓને પણ, નાકે દમ લાવતા. તેમનું અને અમારું સીધું વેર થયું. તેમાંના કેટલાક લોકો તો અમારા સાવ પાડોશી હોવાથી અમને મારવાની ધમકી આપવા લાગ્યા. તે ત્રાસના ઉદાહરણ તરીકે એક વાત કહું છું.

એકવાર હિંદુઓને ફક્ત ત્રાસ આપવા માટે જે ક્યારે પણ નમાજ પઢ્યા નથી એવા મુસલમાની ચોર, ડાકુ વગેરે ગુનેગારોએ વહેલી સવારે અને અડધી રાતે મોડેથી અવાજ કરીને 'બાંગ' પોકારવાની શરી કરી. તેમના મોટા અવાજથી બધાની ઊંઘ ઊડીને ત્રાસ થવા લાગ્યો. અધિકારીઓએ ધમકાવ્યા પણ તે, ''આ અમારો ધર્મ છે,'' એવું કહી ઊંધા ધમકાવતા. ઉપરી અધિકારી પણ થાક્યા. ત્યારે અમે અમારી કાયમની દવા વાપરી. એક-બે હિંદુ એકદમ બંદીગૃહમાં લૂંટારુઓના ગુરુ - હાથમાં લીધા, તેમાં એક દાંત પડેલા - અને ચોરી કરીને ચાર-પાંચ વખત મોટી મોટી સજા લઈને કારાગૃહને જ પોતાનું ઘર સમજનારા એક વૃદ્ધ હતા. તેણે સવારે વહેલા ઊઠીને મોટેથી 'રામ-નામ' જપવાનું આરંભ કર્યું. મુસલમાન 'બાંગ' પોકારવાનું

ચાલુ કરે એટલે આ હિંદુઓ તુલસીદાસના દુહા અને રામનામ ઉચ્ચારી તેના કરતાં પણ મોટા અવાજે બૂમો પાડવા માંડ્યા. સિપાઈઓએ તે હિંદુઓને ધમકાવતાં જ અમે વચ્ચે પડ્યા અને બોલ્યા, ''આ શું, કાં તો બધાની જ મોટા અવાજે થતીપ્રાર્થના બંધ કરો. અથવા તો મુસલમાન પ્રમાણે એમને પણ મન પ્રમાણે પ્રાર્થના કરવા દેવાની ફરજ છે.'' મુસલમાનો રાતે નમાજ પઢતા દેખાય એટલે આ હિંદુ ભક્તો ભજન કરવાનું શરૂ કરે. મુસલમાનોના ગુસ્સાનો પાર નહીં; પણ નિરૂપાય હતા. હિંદુઓની ઊંઘ બગાડી તેમ જ તેમની પણ ઊંઘ હિંદુ બગાડવા લાગ્યા. ત્યારે તે બંને લુચ્ચાપણાનો પરસ્પર છેદ ઊડીને બાકી આદરણીય બચ્યા. અને અધિકારીઓની સજાથી પણ મુસલમાનો ગુંડાગીરી બંધ કરતા નહોતા તે હિંદુ ગુંડાગીરીનો જવાબ મળતા જ બંધ થઇ ગયા! આ જ ઔષધથી એક ખિલાફતી વૃતસંપાદક મુસલમાનનો ''સમાનતાનો'' ભ્રમ પણ બરાબર ઓસરી ગયો. તે પાણીને ''હિંદુઓ જ કેમ આપે? મુસલમાન શું મનુષ્ય નથી?'' એવું કહીને જબરદસ્તી આપતો. મેં તેના તે યુક્તિવાદને પૂર્ણપણે અનુમોદન આપીને ત્યાં જ ઊભા રહેલા હિંદુ હરિજનને તે જ પાણીના પીપમાંથી પાણી - શુદ્ધ વાસણથી પણ જાતે – લેવાનું કહ્યું. આવું થતાં જ તે, ''મનુષ્યને સમાન ગણનારો'' ખિલાફતી મુસલમાન તે હરિજનને (અસ્પૃશ્યને) ધમકાવવા લાગ્યો. અને તે પાણી નમાજ માટે અશુદ્ધ થયું છે એટલે લેવું નહીં. ત્યારે સમાનતાના આવા ઢોંગ બેવાર-ત્રણવાર જાહેરમાં લાવ્યા પછી મુસલમાનોએ નક્કી કરેલા હિંદુ પાણીવાલા પાસેથી પાણી ચૂપચાપ લેવાનું શરૂ કર્યું અને ફરીથી તેમણે પાણી આપવાનું કહ્યું નહીં.

રત્નાગીરીના કારાગૃહમાં હુલ્લડ

વચમાં તે ઉદ્ધત પઠાણો અને કારાગૃહમાં ભરાયેલા જડ સિંધી-મુસલમાનો સાથે અધિકારીઓનો જ કાયદાની શિસ્ત વિશેઝઘડો થઇને પ્રકરણ વકર્યું. ત્યારે તે ગુંડાઓએ છેવટના જાણીતા ઉપાય તરીકે હુલ્લડ કરવાનું નક્કી કર્યું. હિંદુ વોર્ડર, હિંદુ સિપાઈ અને હું હિંદુ સંગઠક રાજ બંદીઓ એ બધાની ભયંકર મારપીટ કરવાનું ષડયંત્ર ચાલ્યું. છેવટે એક દિવસ જમવાનું થતાં જ એકાએક તે મુસલમાની ગુંડો ઉછળીને હિંદુ પર તૂટી પડ્યો. કેટલાક હિંદુ સિપાઇને અને હિંદુ વોર્ડરોને અમે પહેલેથી જ સાવધ કરી દીધા હતા. તેના લીધે તે હુમલો અચાનક થતાં પણ હિંદુઓએ જવાબ આપ્યો; કેટલાંક હિંદુ વોર્ડર લોહીલુહાણ થયા; કેટલાક મુસલમાની ગુંડા ખૂબ પીટાઇ ગયા. તે બરાડતા બરાડતા અને મારામારી કરતાં અમારી ઉપર ધસી આવવા માટે બંદીગૃહના અંદરના ભાગમાં પેસવાને મથી રહ્યા હતા. હું પણ સજ્જ અને સાવધપણે ઓરડીની બહાર આવીને હિંદુઓને સંરક્ષણ માટે લડવાને ઉત્તેજન આપતા હતા. એટલામાં ખતરાનો ઘંટ વાગવા લાગ્યો. જ્યાંને ત્યાં મારો! મારો! કહેતા મારામારી શરૂ થઇ. સશસ્ત્ર પોલીસો સાથે નિરીક્ષકો પણ આવ્યા. ગોળી છોડવાની ધમકી આપી. ત્યારે મુસલમાની ગુંડા એક રીતે ગભરાયા. પકડાઇ ગયા. ઘણાખરા માર ખાઇને લોહીથી નીતરતા હતા. આગળ ખટલો થયો. આ ઘાતક ગુંડાઓને સજા થઇ. જે હિંદુ વોર્ડરોએ પોતાનું અને બીજા હિંદુઓનું રક્ષણ કર્યું, અને કાયદાની બાજુ લીધી તેમની પ્રશંસા કરવામાં આવી.

આ બધા પ્રકારથી જે હિંદુ શુદ્ધિ ચળવળ શરૂ કરી એટલે અમને જ વટલાયેલો કહેતા તે પણ શુદ્ધિને અનુકૂળ થયા. અને થોડા જ દિવસોમાં એક એકદમ મૂળ મુસલમાનને શુદ્ધ કરવામાં આવ્યો, ત્યારે મુસલમાનોએ જ અમારી ઉપર કેસ કરી નાખ્યો. હંમેશ પ્રમાણે માથાકૂટને અંતે નિર્ણય આવ્યો કે, હવે પછી કારાગૃહમાં કોઇને પણ ધર્માંતર કરવાની બંધી થઇ. આ રીતે હિંદુઓને વટલાવવાના ધંધા બંધ થયા. અમારી ઉપર આક્રમણ કરવા માટે ટાંપીને બેઠેલા ધર્માંધ મુસલમાનો ઉપર અમે છેલ્લે સુધી સાવચેતીભરી નજર રાખી હતી. રાજ બંદીઓ પહેલાં ખિલાફત ચળવળમાં પોતે પૈસા આપીને પ્રચાર કરીને ગૂંથાયા હતા તેમની પણ આ બધી ચળવળીઓએ અને પ્રકારે આંખ ખુલીને હિંદુ સંગઠનના કટ્ટર પુરસ્કર્તા થયા. અને

સંગઠનના દૂરબીનથી જોવાની આદત પડતાં તેમનું રાજકારણ પણ પ્રતિયોગી ધોરણ રૂપાંતર પામ્યું. તે છૂટીને ગયા પછી પોતપોતાના પ્રાંતમાંથી હિંદુ સગઠનનો જોરશોરથી પ્રસાર કરતા હતા.

સાધારણ બંધીઓના શિક્ષણની ચળવળ પણ આંદામાનની જેમ જ રત્નાગીરીના કારાગૃહમાં પણ જોરથી ચલાવેલી. પોતે કેટલાંકને શીખવ્યું. પૈસા આપીને ગાંઠના પૈસે ઇનામ તરીકે દઈને પુસ્તકો વાચવાની આદત પેદા કરી. ગ્રંથાલયમાં પુસ્તકો નહોતાં. અરજી પર અરજી કરીને મુંબઇ સરકાર સુધી લખાણ મોકલાવીને નવા પુસ્તકો પાંચસો રૂપિયા સુધી મગાવ્યાં. તેની યાદી પોતે જ કરી આપી. નિરીક્ષકો પાસેથી અને સરકારી મુખ્ય શિક્ષણ વિભાગ પાસેથી સંમતિ મળતાં જ તે મગાવવામાં આવ્યાં. બંદીવાનોની વાચવાની રુચિ એટલી વધી કે અને તેના લીધે દોઢ વરસમાં કારાગૃહમાં ઝઘડાની સંખ્યા એટલાં પરિવર્તન થઇને એટલી ઓછી થઇ કે કારાગૃહના રિપોર્ટમાં તેનો અધિકારીઓ ઉલ્લેખ કરવા લાગ્યા. અને તેમનું કારણ શૈક્ષણિક અભિરુચિ વધી એ જ હોય એવું માન્ય કરવું પડ્યું.

મુસલમાનોના ઇદ વગેરે તહેવારમાં તેમને સાર્વજનિક પ્રાર્થના કરવા દેવામાં આવતી. મૌલવી પણ આવે. ખ્રિસ્તીઓને પણ તેવી જ સગવડ હતી. પણ હિંદુઓને નહોતી. તેથી બધા રાજ બંદીવાનોએ ખટપટ કરીને હિંદુઓ માટે પણ ગોકુળઅષ્ટમીને મુંબઇ સરકાર પાસેથી કથાની પરવાનગી મેળવી. ઉપવાસનો સામાન આપવાની પછી રીત પાડી. હરિકથા સાર્વજનિકરૂપે કરવામાં આવી.

કારાગૃહમાં રાજ બંદીવાનોના પ્રયત્નોથી બીજી અવસ્થામાં પણ ખૂબ સુધારો થયો. ઉદાહરણ તરીકે ત્યાંના શૌચાલયની અત્યંત ગંદી પદ્ધતિ લો. છ-સાત માણસો એકસાથે શૌચાલયમાં હરોળમાં બેસાડતા. વચ્ચે કોઇ આડશ કે પડદો નહીં. એટલું જ નહીં પણ વરસાદમાં કે ઉનાળાની ગરમીમાં પણ ઉપર છાપરું જોવા ના મળે. અને એટલું પાસે બેસવાનું કે એકબીજાના શરીરને અડીને બેસવું પડે! પાણી બરાબર આવે નહીં, તો બધાએ એમ જ ઊઠીને દૂરના નળ પાસે જઇને ત્યાં ધોવાનું! એવી ગંદી આદતો રાજ બંદીવાનોની મંડળીની ચળવળથી મહદ અંશે દૂર થઇ. અન્ન સુધાર્યું. કામની તપાસ ઓછી થઇ. અને તેના લીધે કાયદાની શિસ્ત (Order & discipline as laid down by regulation) ઓછી ના થતાં બંદીવાનોનું વર્તન ઊલટાનું વધારે સારું અને શિસ્તભર્યું થયું.

હજી એક અધૂરું કાર્ય રત્નાગીરી બંદીગૃહમાં રહેતાં કંઇક અંશે પૂરું થયું હતું. આંદામાનમાં રહેતા જ્યારે બીજું કોઇપણ દેખીતું રાષ્ટ્રકાર્ય કરવું શક્ય લાગતું નહોતું ત્યારે એક કાવ્ય મનમાં રચવાનું એનો અમે કરેલો નિશ્ચય વાચકોના ધ્યાનમાં હશે જ. આગળ અનેક પ્રત્યક્ષ કાર્ય કરવાની તક મળતી ગઈ તેમ તેમ તે હું કરતો. રત્નાગીરીમાં કારાવાસમાં રહેતા આંદામાનમાં રચેલું તે ખંડકાવ્ય - જે એક કાવ્યના અનુબંધમાં ગોઠવવામાં આવનાર હતું, તે મેં પૂર્ણ કર્યું. પહેલાં જ પૂરી થયેલી કવિતા સંકલિત કરી. અને હિંદુ સંગઠનને અત્યંત આવશ્યક - તે કાર્યનો પાયો બનેલી જે 'હિંદુ' શબ્દની વ્યાખ્યા તેનું નિશ્ચિત રૂપ નક્કી કરવા માટે હિંદુત્ત્વ નામે ગ્રંથ લખ્યો. આંદામાનમાં મારા કેટલાંક લખાણો અમે ઘરે મોકલાવ્યાં જ હતાં. ઉપરની બધી કવિતામાંથી પસંદ કરીને મારા ભાઇએ

કમલા, સપ્તર્ષિ અને ગોમાંતક

કાવ્યો પ્રસિદ્ધ કર્યાં. તે પહેલાં તો ઉપનામે જપ્રસિદ્ધ કરવામાં આવ્યાં. ચોથું 'વિરહોચ્છવાસ' વગેરે પરચૂરણ કવિતાનાં પુસ્તકો છાપ્યાં જ હતાં પણ તેમાં અમારી અનુપસ્થિતિને લીધે એટલા મુદ્રણદોષ રહી ગયા કે તે અશુદ્ધ ખામીવાળું પુસ્તક પ્રકાશને બંધ કરવું પડયું. તે બધી આવૃત્તિ છાપીને પણ નષ્ટ કર્યા જેવી જ ફેંકી દેવી પડી. કમલા, ગોમાંતક અને મહાસાગર ખંડકાવ્યો તે પ્રથમ સંકલ્પિત મહાકાવ્યનાં વિભાગ તરીકે સર્જ્યાં હતાં. તે વિભાગ જીવંત રહ્યા; પરંતુ જેમ તે વિભાગો હતા તે મુખ્ય દેહલતાનો હજી જન્મ પણ થયો નહીં. એવું જ છે - ઉપાધીનાં કામો એવાં! કેટલાંક થયાં કેટલાંક નહીં!

આ ગ્રંથની પાછળ પાછળ અમારો ઇંગ્લિશ ભાષાનો હિંદુત્વ ગ્રંથ પણ અમારા મિત્ર શ્રી કેળકરે (નાગપુર) પ્રસિદ્ધ કયો.

રત્નાગીરીના કારાગૃહમાં પહેલાં પોતાનાં પુસ્તક પણ મળે નહીં. આગળ રામદાસ મળ્યું. તે ગ્રંથનો- ખાસ કરીને દાસબોધ અને સ્ફુટ અભંગના નાનપણથી સારો એવો પરિચય હતો. તેમાં બીજાં પુસ્તકો નહીં. ત્યારે તેના વારંવાર અનેક પારાયણ કર્યા. પછી આગળ પુસ્તકો મળવા લાગ્યાં અને લેખન સાહિત્ય પણ મળ્યું. ત્યારે વાચન અને લેખન શરૂ કર્યું. પૃથ્વીરાજરાસો, ભવિષ્યપુરાણ, વૈદિક ઇંડિયા (દાસ) વગેરે અનેક મોટા મોટા ગ્રંથો પૂરેપૂરા વાચ્યા.

એક દિવસ સહજ બાતમી તરીકે એકને પૂછવા ગયો તો ખબર પડી કે, **બાબા અત્યંત ચિંતાજનક સ્થિતિમાં છે!**

મારાથી કલકત્તાના તે બાઈને દૂર લઇ ગયા પછી બાબાને વિજાપુરના કારાગૃહમાં બંધ કરવામાં આવ્યા. તેમને મળવા મારા નાનાભાઇ ડો. સાવરકર ગયેલા હોવાથી તેમને આજ્ઞા થઇ કે, **ખાદીનો વેશ બદલો તો જ અંદર આવો!**

એટલે જ નાના ભાઇએ તે અપમાનજનક શરત નકારી; અને ગર્વનર સુધી આંદોલન કરીને તે શરત પડતી મુકાવી. છેવટે ખાદીના જ વેશમાં તેમને કારાગૃહમાં બાબાને મળવા દીધા. બાબાને વિજાપુરમાં ખૂબ તકલીફ થઇ. કલ્પના પણ ના કરી શકાય એવી નિર્જન અને ભયાનક ઓરડીમાં તેમને એકલા જ પૂરવામાં આવ્યા. આગળ આ જ જેલમાં એક રાજ બંદીઓ ગાંડો થઇ ગયો એવું અમે સાંભળેલું. તે કોટડીમાં કમ સે કમ બાબાના મન પર પણ ખૂબ જ ઘાતક અસર થવા માંડી. પછી તેમને અમદાવાદ લઇ ગયા. ત્યાં એકાંતની ક્રૂર સતામણી ખૂબ જ ઓછી થઇ; પણ તેમના વધતા ક્ષયની કોઈ કાળજી લેવામાં આવી નહીં. અંતે તેમના તે અત્યંત શ્રમસહિષ્ણુ દેહની સહનશક્તિએ પણ હાર માનવી પડી. તે અતિ અસ્વસ્થ સ્થિતિમાં બંદીગૃહના દવાખાનામાં પડ્યા. એકાદ રાજ બંદીઓના સાહસથી તે બાતમી બહાર આવી, મારા નાના ભાઇ ગયા તો બાબા લગભગ મરાણશૈયા પર! ધૈર્ય? મેરુ જેવું અચલ!

આ બાતમી મને ખબર પડતાં જ લાગ્યું હવે બાબા હાથમાંથી ગયા. આપણે બધા જ જનારા પ્રવાસી છીએ! જીવન જ બે દિવસ પૂરતું ઉતરવાની ધર્મશાળા છે. પણ બાબા જીવનભર બીજા માટે હાલ સહન કરી ઝઝૂમતા રહેતા પાસે ઘરનું કોઇ મોંઢામાં પાણીનું ટીપું આપવા માટે પણ બચ્યું નહીં જતા જતા! છેવટે કારાગૃહે તેમને ગળી નાખ્યા તે ગળી જ નાખ્યા!

હાય! હાય! બાબાને---- છેવટે મારી નાખ્યા! ઠાર મારવા કરતાં અનેરગણી ક્રૂર રીતે ત્રાસ આપી આપીને ઠાર માર્યા! એમણે...! ગુસ્સો મનમાં સમાય નહીં, દુઃખથી શ્વાસ લેવાનું ક્ષણભર જડ થવા લાગ્યું.

ત્યારે આવા અત્યંત આકુળવ્યાકુળ પ્રસંગે અમને આવડતું તે પ્રમાણે સ્થિર થઇને સ્વસ્થ બેઠો. ચિત્ત બને ત્યાં સુધી શાંત કર્યું. અને પછી પોતાને જ પૂછયું, તરફડીને શો ફાયદો. બાબા કષ્ટોથી મૃત્યુ પામ્યા. મોટે ભાગે તેમને જીવ લીધો! આગળ શું? **આગળ ફક્ત શોક નહીં પણ બદલો!**

કોઇપણ રીતે... અને છૂટકારો થતાં જ... બસ. બાબાના મૃત્યુનો...! પછી તેમનું શ્રાદ્ધ કરીશ!!! એટલે કે બીજા દેશભક્તોનું શ્રાદ્ધ પણ લોકો આવી રીતે કરવા લાગશે. આ નિર્ધાર પાકો કર્યો. વિનાકારણનો તરફડાટ શાંત થયો.

થોડા દિવસોમાં જ બાતમી આવી – **બાબા છૂટ્યા!** આનંદ થયો. છૂટ્યા પણ એવી ભયાનક સ્થિતિમાં કે બેભાન અવસ્થામાં ઘરે લાવવામાં આવ્યા? તોય ચિંતા નહીં. સ્મશાનનો ખર્ચો બચાવવા માટે જ જો છોડ્યા હશે, પણ છોડ્યા છે. તેમના સ્મશાનનો ખર્ચો કરવાનું સમાધાન પણ ક્યાં આપણા કુંટુંબને નસીબ થવાનું હતું! તે પણ શંકા જ હતી. તેના કરતાં આ સારું, એ છૂટકારો એટલે છૂટકારો નહોતો, એક મરણમાંથી બાબાનો પુર્નજન્મ થયો હતો! ઇશ્વરની કૃપાથી અને દેશના સદ્નસીબે તે દેશભક્તનું સ્વાસ્થ્ય પણ ધીમે ધીમે થોડુંઘણું સુધરવા લાગ્યું. દેશભરમાં આનંદ થયો.

તે સમયે જ - કે આગળ પાછળ યાદ નથી– **કોકોનાડની રાષ્ટ્રીય સભાએ** પ્રત્યક્ષ અધ્યક્ષ સામે મારા છૂટકારાનો ઠરાવ માંડ્યો અને એકમતે સંમત કર્યો. મારા અને તે ઉદાહરણના પરિણામને લીધે જ બીજા બધા ક્રાંતિકારીઓએ રાજ બંદીઓની મુક્તિ વિશે રાષ્ટ્રે જ ચળવળ કરી હોવાથી તેમની જ નહીં તો તેમના કાર્યની પણ પ્રતિષ્ઠા રાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કરશે એવા હેતુથી મેં આંદામાનમાં જે રાજ બંદીઓ વિષયક સાર્વજનિક ચળવળ ચલાવેલી હતી, તેનું કળશ આ રાષ્ટ્રીય સભાનો ઠરાવ હતો. મારા ભાઈ અને રાજ બંદીવાનો પ્રત્યે સહાનુભૂતિ દાખવનારા બધા રાષ્ટ્રભક્તોના પ્રયત્નોને આ ઠરાવથી નૈતિક સફળતા તો મળી!

હું આંદામાનથી ૧૯૨૧ના વરસે રત્નાગીરી આવ્યો અને ૧૯૨૩ના વરસે રત્નાગીરીથી

યરવડાના કારાગૃહમાં

અમને મોકલાવવામાં આવ્યા. એવું અમને લાગતું. સન જોવાનો સમય નથી. આ બધો જન્મટીપનો વૃતાંત વિશે એ કહી રાખવું આવશ્યક છે કે, કાળક્રમે સ્મરણમાં પાકું ના હોવાથી થોડી ઘણી ભૂલો હોવાનો સંભવ છે. પણ ખૂબ ભૂલો નહીં.

આંદામાનના સહકષ્ટભોગી મિત્રોની મુલાકાત

યરવડાની આ અમારી બીજી મુલાકાત! પહેલી ૧૯૧૦ના વરસે અને હવે ૧૯૨૩ના વરસે! તે વખતે યરવડામાં મૂળે સત્યાગ્રહના રાજ બંદીઓ આવતા જતા હતા. તેમાંના કેટલાકને ફટકા મારવામાં આવતા હતા. તેમની ત્યાં ખૂબ દુર્ગતિ થતી તેવું અમને તેમનામાં જ થોડા લોકો પહેલાં બચેલા હતા તે કહેતા. તે પ્રમાણે ત્યાં સિંધ, ધારવાડ વગેરે પ્રાંતમાંથી અસહયોગી, ખિલાફતી હિંદુ અને મુસલમાન રાજ બંદીવાનો જ હતા. તેમાં પણ અમને આશ્ચર્ય લાગનારી ઘટના કહીએ તો એ હતી કે ત્યાં આંદામાનમાંથી હિંદુસ્તાન સરકારે પાછા બોલાવેલા અમારા સહકષ્ટભોગી મિત્રોમાંથી લાહોરના કેસના અનેક શીખ અને બીજા રાજ્ય ક્રાંતિકારી જન્મટીપના રાજ બંદીઓ જ હતા! તેમની અમારી મુલાકાત- જ્યારે અમને એક- બાજુએ પ્રથમ બંધ કરેલા હતા તો – પણ ખાનગીમાં થઈ. ત્યારે આપણા જીવને સગાંસ્નેહીઓ મળે તેવો આનંદ થયો! પરસ્પર આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં. આંદામાનમાં અમે ભેગાં દુઃખો ભોગવેલાં હતાં. તેમના અથવા અમારા મનમાં પાપનો સંચાર થતો હોત તો ગુપ્ત ષડ્યંત્રની માહિતી આપીને અને બીજાના ગળામાં ફાંસો ભરાવીને અમારામાંથી કોઈપણ પોતાની મુક્તિ એક દિવસમાં કરી લઈ શકત. પણ ઈશ્વરે તેવી દુર્બુદ્ધિ કોઈને પણ આપી નહોતી! યાતનાના તીક્ષ્ણ અંકુશ હૃદયમાં ખૂંપતા હતા પણ તે સહન કરીને એકાદ જિદ્દી હાથીની હરોળપ્રમાણે અમે ક્રાંતિકારી આગળ પગલું ભરતા નહીં. પાછળ પગલું લેતા નહીં. એવા સંકટમાં ઠેકઠેકાણે દટાઈને ઊભા રહેતા. ચોતરફ કષ્ટનાં બાણ વર્ષા એકસરખા ચાલતાં હતાં.

તે ક્રાંતિકારીઓ વિશે નવા આવનારા અસહયોગી રાજ બંદીઓની ખૂબ વિકૃત્ત સમજણ હતી. તે અસહયોગી ખૂબ જ લડાયક ઝનૂની રાજ બંદીઓને ગુપ્ત ષડ્યંત્ર કરનારા કોઈ પાપી સમજતા હતા. બે વરસની અથવા અઢી વરસની સજા મેળવીને આવેલા તે રાજ બંદીઓમાં કેટલાક એવા બિનઅનુભવી અને અડધી પળમાં રાતાપીળા થનારા હતા કે દસ-દસ વરસ કાળાપાણીનાં કષ્ટ સહેલા અને સશસ્ત્ર લડાઈ લડેલા શીખ વગેરે ક્રાંતિકારી રાજ બંદીવાનો સામે પોતાની દોઢ દમડીની દોઢ વરસની સજા ભોગવનારા સત્યાગ્રહનાં ગીતો ગાતા! અને તેમને તુચ્છ લખવા ઇચ્છું છું!

મેં આ આખા અભણ, અજ્ઞાની લોકોની આંખોમાં ચકચકિત અંજન નાંખવાની શરૂઆત કરી. તેમને હિંદુ સંગઠનનું નામ પણ રાષ્ટ્રઘાતી લાગતું. પ્રામાણિક પરંતુ અત્યંત વિપરીત એવી આ તેમની સમજણનો મેં તીવ્ર વિરોધ કરવા માંડ્યો. અમે એક ઝાડ ઉપર ચડતા - આ રાજ બંદીવાનોને એક-એક કરીને પહેરા પર

રાખીને બાકીના પટાંગણમાં ભેગા થતા અને ચર્ચા શરૂ થતી! અડધો અડધો કલાક રાજકીય અને સંગઠન વિષયક ચર્ચા એવી સ્થિતિમાં તે ઝાડ ઉપર અમે કરતા. આગળ અમને જ્યારે તે રાજ બંદીઓના પટાંગણમાં રાખવામાં આવ્યા, ત્યારે અમે તે અમારા નવા દેશબંધુઓને રાજકારણની અમારા તે વખતે વિકૃત લાગનારી કલ્પનાની તાવડીમાંથી છોડાવવા માટે દર દિવસ-બે દિવસે ચર્ચાની અને વ્યાખ્યાનોની બેઠક ત્યાં જ આંદામાન પ્રમાણે જ શરૂ કરી.ધીમેધીમે તેમાં બધા લોકો ભાગ લેવા માંડ્યા. તે વખતે વિપરીત લાગતી એવી તે નવા રાજ બંદીઓની બધી સમજણ અમે ધીમેધીમે અને ઇતિહાસના આધારે સાવ ઉથલાવી નાખી. અને તેમાંના અનેક વિપથગામી, બિનઅનુભવી, રાજકારણથી અજાણ પરંતુ પ્રામાણિક દેશભક્ત યુવાનોએ અંતે પેલી આંદામાનની રાષ્ટ્રીય સેનાનાં તત્ત્વોનો અને કાર્યક્રમોનો સ્વીકાર કર્યો. તે હવે તેમના શીખ વગેરે રાજ બંદીવાનોના અદ્વિતીય ધૈર્યનું અને રાષ્ટ્રીય સ્વાર્થત્યાગનું, આદર-સન્માન કરીને તેમને યોગ્ય એવું સન્માન આપવા માંડ્યા.

તે નવા દેશબંધુઓમાં હિંદુ સંગઠન વિશે પણ અત્યંત વિપરીત કલ્પના પ્રચલિત હોવાથી તેઓ તે ચળવળનો મનથી વિરોધ કરતા હતા. આ વિશે તેમનાથી ચર્ચા કરીને તેમાંના ઘણા ખરા રાજ બંદીઓને સંગઠનનાં તત્ત્વો સમજાવીને તે કાર્ય પૂરતા અભિમાની કરવામાં આવ્યા.

મને યેરવડા લાવવામાં આવતાં જ હેતુપૂર્વક હોય કે નહીં પણ અમારી ઉપર આંદામાનમાં રહેતા જે પર્યવેક્ષક હતા, અને જે પછી કારાગૃહમાં પર્યવેક્ષકના હોદ્દા પર આગળ વધતાં વધતાં હવે પંજાબના કારાગૃહ વિભાગના પ્રાંતીય પર્યવેક્ષક થયા હતા, તે અધિકારીને પંજાબમાં લાવીને યેરવડાના કારાગૃહ પર્યવેક્ષકની જગ્યાએ નીમવામાં આવ્યા. લોકવાયકા એવી હતી કે આ ગૃહસ્થને મારા આંદામાનના વૃત્તાંતની જાણ હોવાથી મને છોડવાના પ્રશ્ન વિશે તેમનો શો મત છે તે જોવા માટે તેને હું હતો તે જ કારાગૃહ પર નીમવામાં આવ્યા. ગમે તે હોય તો પણ તેમના યરવડા આવ્યાથી આંદામાનથી પાછા આવેલા અમને રાજ બંદીઓને એક પ્રકારનો આનંદ થયો. કારણ તે ગૃહસ્થનો સ્વભાવ એક રીતે ખુલ્લા દિલનો અને મનુષ્યને સમજનારો હતો. તેમાં પણ તેમના સત્તાકાળમાં અમને અનેક વખતે આંદામાનમાં સંપ, પ્રચાર, ષડયંત્ર, વગરે ચળવળ કરવી પડી હોવાથી તેમને અમારી સંઘશક્તિની અને સ્વભાવની ખબર હતી. ત્યારે તૂટે ત્યાં સુધી અમારા પ્રકરણને ખેંચી ના રાખતા શક્ય ત્યાં સુધી અમારી ન્યાયી માગણી વકરે તે પહેલાં જ તરત જ માન્ય કરવાનું ધોરણ તેમના ગળે ઊતરતું હતું.

આ અધિકારી પર્યવેક્ષક થઇને આવતાં જ તેમણે મને કોઠડીમાંથી કાઢીને ક્વિનાઇના વેચાણના એક કારખાનાના મુખ્ય પદે નિયુક્ત કર્યો. ત્યાં રહેતાં બધાં છોકરાંઓને અને બીજા કામદારોને શિક્ષણ આપવાની પરવાનગી પણ મને આપવામાં આવી. રત્નાગીરીના જેમ જ યરવડાના ગ્રંથાલયને સુધારવાની ખટપટ મેં મારા હાથમાં લીધી અને નવાં પુસ્તકો - ખાસ કરીને પેલાં દરિદ્ર મરાઠી પુસ્તકોની એક-બે કીડા પડેલી પેટીને ગ્રંથાલયનું નામ હતું – તેમાં શું જોઇએ છે તેવી ટિપ્પણી પણ થઇ હતી. હિંદી, મરાઠી, વગેરે ઉત્તમ પુસ્તકો અમે તેમાં નોંધીને તે સરકારી રીતે મગાવવવાની પરવાનગી પણ મેળવી. ત્યાર પછી તે પુસ્તકો ત્યાં આવ્યાં કે નહીં એ જોવા માટે અમે ત્યાં રહ્યા નહીં.

યરવડામાં જ શુદ્ધિ

યરવડામાં બીજી ચળવળની સાથે જ અમે શુદ્ધિ પ્રકરણ પણ હાથમાં લીધું. તે આખા વૃતાંતના નિર્દેશક તરકી એક મહત્ત્વની શુદ્ધિ તરીકે ત્રૂટક અહીં જણાવીએ છીએ. ત્યાંના એક મુખ્ય અધિકારી મદ્રાસ તરફના હતા. તેમને પહેલીવાર જોયા ત્યારે તે નખશીખ યુરોપિયન વેશમાં મઢાયેલા અને પોતાને ખ્રિસ્તી કહેવામાં એક પ્રકારનું આત્મગૌરવ સમજનારા હતા. પરંતુ... તેમના મનમાં ધર્મવિષયક ભાવના પ્રબળ થઈને ફરી હિંદુ થવું એવું લાગ્યું. પણ તેમનાં લગ્ન પણ ક્રિશ્ચન સમાજમાં થયાં હતાં. તે નાનપણમાં એક-બે ક્રિશ્ચન મિત્રો સાથે જમ્યો એટલે તેનો હિંદુ બ્રાહ્મણોએ બહિષ્કાર કર્યો હતો! તે બધી વાતો પર યથાયોગ્ય ચર્ચા

થતાં થતાં તેમણે હિંદુ થવાનો નિશ્ચય કર્યો. પરંતુ હિંદુ ધર્મમાં પાછા આવતાં જ જે નવું ઘર બાંધતાં જ તેનો ગૃહિણીપદનો ભાર સોંપવા કોને શોધવું? તેમની તે ક્રિશ્ચન પહેલી પત્ની પણ તેનાથી લગભગ વિરુદ્ધ થયેલી હતી. ત્યારે તે સીધા મુંબઈ મારા નાના ભાઈ પાસે ગયા અને હિંદુ મિશન સંસ્થામાં તેમની શુદ્ધિ કરવાનું નક્કી થયું. મુંબઈમાં જ તેમની ઓળખતી એક ક્રિશ્ચન સ્ત્રી હતી. તે પણ તેની સાથે સાથે હિંદુ થવા તૈયાર થઈ. તે કુંવારી જ હતી. ત્યારે તે તે બહેનને નવું ઘર અને ગૃહપતિ જોઈતા હતા. આમને ગૃહિણી જોઈતી હતી. એટલે કે પરસ્પર માગણીના અને પુરવઠાની ઉથલપાથલ થઈને તે બંનેની શુદ્ધિ અને લગ્ન એક જ દિવસે કરવામાં આવ્યાં! એ અધિકારી મહાશય પોતાની હિંદુ સ્ત્રી સાથે જે દિવસે યરવડા પાછા આવ્યા તે દિવસે તે વિલાયતી ટોપી ગાયબ થઈને દેશી વેશમાં એકાદ પુણેના બ્રાહ્મણ લાગે એવો અવતાર ધારણ કર્યો હતો. તેમના દરવાજા આગળ રંગોળી કરવામાં આવી હતી. ઘરમાં શ્રીરામના અને શ્રીકૃષ્ણનાં ચિત્રો શોભવા લાગ્યા. ગૃહિણીના કપાળે કંકુ અને ગૃહપતિના કપાળે તિલક ચમકવા લાગ્યાં.

''શું કહો છો! મારે હવે આપણા હિંદુ આચરણ પ્રમાણે હજી કોના સંસ્કાર કરાવવાના છે.'' તે અધિકારી બોલ્યો.

''બીજું કોઈ નહીં,'' ને હસતાં જવાબ આપ્યો, ''હવે એક સત્યનારાયણની પૂજા કરો એટલે થયું.''

તે પ્રમાણે તેણે સત્યનારાયણ પૂજા કરી. તે વખતે પ્રસાદ લેવાના મુદ્દે બધા કારકુન, સિપાઈ, ગ્રામ્યજનોનાં મન પહેલેથી જ તૈયાર કરી રાખ્યાં હતાં. સત્યનારાયણની પૂજામાં બધા લોકોને આવેલા જોઈને હિંદુ સમાજે પોતાને ખરેખર સ્વીકાર્યા એ વિશે તે પચ્ચીસ વરસ સોસવાયેલા સદ્ગૃહસ્થને વિશ્વાસ બેઠો. તેમના મદ્રાસ બાજુના કુટુંબીઓને પણ પત્રો ગયા. તે હિંદુ પ્રથા મુજબની હિંદુ જોડીનો સંસાર હિંદુ ધર્મ પ્રમાણે આનંદથી ચાલતો હોવાની અમને આગળ કેટલાંય વરસો સુધી વારંવાર જાણ થતી.

પ્રથમ રાજકારણ, નહીં તો સમાજકારણ!

પાછળ અમે ઉલ્લેખ કરેલા, આંદામાનમાં પહેલાં પર્યવેક્ષક રહેલા અને પંજાબથી અમે યેરવડા આવ્યાના સમયે જ, લાવવામાં આવેલા યેરવડાના પર્યવેક્ષક અમને વારંવાર પૂછતા, ''તમે છૂટયા પછી શું કરશો?'' અમે પણ તેમને ઠરાવેલો જવાબ આપતા હતા કે, ''જે પરિસ્થિતિમાં અમે છૂટીશું તે સ્થિતિ પર અમારી આગળની પ્રવૃત્તિ આધાર રાખશે.'' આ જવાબની વધારે ચર્ચા ચાલે ત્યારે હું કહેતો કે જો વગર શરતે છૂટીશ તો રાજકારણમાં પૂરેપૂરો ભાગ લઈને, ''પણ રાજકારણ કેવા પ્રકારનું?'' તે પણ કદાચ જ પરિસ્થિતિ પર જ આધાર રાખશે. જો અત્યારે આપેલા અધિકારીઓનાં ફળમાંથી આગળના અધિકારીઓ આવ્યા, તો તે વિકસે અને તે પરંપરાથી સુધારણાનો વિકાસ - ઉત્ક્રાંતિ - થતી ચાલી તો તો કદાચ અમે અમારા પ્રતિયોગી તત્ત્વાનુસાર શાંત અને યોગ્ય રસ્તે જ રાજકારણ ચલાવશું. જો રાજકારણમાં ઝંપલાવવા પર અમુક સમયનો પ્રતિબંધ મુકાયો તો બિનરાજકારણી પ્રવૃત્તિમાં જ તે શરતને સમય પસાર કરશું. કારાગૃહમાં રહીને જે કરતાં આવ્યા છીએ તેનાથી કંઈક તો વધારે પ્રત્યક્ષ સેવા આ અમારી માતૃભૂમિની કરતા રહીશું એવા પ્રકારની કોઈપણ શરત માન્ય કરીને મુક્તિ કરી લેવી એ પ્રતિયોગી ધોરણે જ નહીં પણ સમાજહિતની દ્રષ્ટિએ પણ અમારું પરમ કર્તવ્ય છે.

આવી ચર્ચા વારંવાર પહેલાં આંદામાનમાં હતો ત્યારે પણ મોટા મોટા અધિકારીઓ સાથે થઈ હતી. અમે આવો જ જવાબ આપ્યો હતો. પરંતુ તેમાંથી કાંઈ પણ નીપજશે એવી મેં આશા રાખી નહોતી. એક બાજુ છૂટવાના શક્ય તે પ્રયત્નો કરતા હતા. બીજી તરફ છૂયવું અશક્ય છે તેવું ધારીને કારાગૃહમાં સહન કરતા રહીને જ જે કાંઈ બીજી દેશ સેવા કરી શકાય તે કરતાં હતા.

પરંતુ એકવાર હું બીમાર પડીને હંમેશના પેટના દુખાવા અને અપચાની તકલીફને લીધે દવાખાનામાં ગયો ત્યાં મને એક વિશ્વાસુ અધિકારી પાસેથી જાણવા મળ્યું કે તમને એક-બે દિવસમાં જ **મુંબઈના ગવર્નર બે-ત્રણ મોટા અધિકારીઓ સાથે મળવા આવવાના છે.**

પાછળ આંદામાનમાં હિંદુસ્તાન સરકારના ગૃહમંત્રી (હોમ મેમ્બર) વગેરે અધિકારી આવીને જતા હતા અને મારી સાથે તેમની રાજકારણની પણ ચર્ચા થતી હતી. પરંતુ છૂટકારાનો પ્રશ્ન એવી મુલાકાતોમાં ક્યારેય સમાધાનકારક રીતે છૂટ્યો નહોતો. તે જ સ્થિતિ આ મુલાકાતમાં પણ થશે એવી મેં કલ્પના કરી હતી. પરંતુ જે રીતે છૂટકારો થવો જોઈએ એવું પહેલાં પણ સરકારને અનેક વખત જણાવ્યું હતું તે જ પ્રકારની શરતો માન્ય કરવાની મારી તૈયારી છે એવું મેં કહ્યું હોવાથી, આ વખતે પાછળનાં અનેક પ્રસંગે આ માન્યતા વિશે દર્શાવવામાં આવેલા અસમાધાનની જેમ અસમાધાન વ્યક્ત ના થતાં ગવર્નર મહાશયે એકંદરે સમાધાન જ વ્યક્ત કર્યું. પછી રાજકારણ વિશે ચર્ચા પણ થઈ. તેમાં મે પહેલાં અનેક વખતે લેખિત અને મૌખિક જણાવેલા મતનો પુનરોચ્ચાર કરીને કહ્યું કે, ''જ્યારે કોઈપણ પ્રકારે શાંત અથવા યોગ્ય માર્ગે અમારા રાષ્ટ્રની રાજકીય આકાંક્ષા પૂર્ણ થવાની બચેલી સંભાવના બચી નહીં ત્યારે ક્રાંતિકારી માર્ગના અવરોધ અને ભીષણ જંગલમાંથી રસ્તો કાઢવાની અમને ફરજ પડી. પરંતુ જો હવે આપેલી સુધારણાના ઉપયોગથી આગળના સુધારાની પ્રાપ્તિ અને તેમાંથી તે આગળની પ્રગતિની શક્યતા એવો યાગ્ય વિકાસ શક્ય થતો હોય તો કદાચ અમે ખૂબ આનંદથી અમારી ક્રાંતિકારી ચળવળ પણ, જે તત્ત્વ પર ઉપાડી હતી, તે પ્રતિયોગી તત્ત્વ પ્રમાણે જ શાંત અને યોગ્ય માર્ગનો જ આધાર લઈશું. અને સુધારણાની પ્રતિયોગી પદ્ધતિથી રાષ્ટ્રહિતને પોષક એવો શક્ય તેટલો ઉપયોગ કરશું.''

પરંતુ અમારા આ વચન પર કઈ હદે આધાર રાખવો એ વિશે સરકાર જો પહેલોંની જેમ જ શંકાશીલ હોય તો?

તો કેટલાક સમય સુધી રાજકારણ - પ્રત્યક્ષ ચાલુ રાજકારણમાં અમે ભાગ લેશું નહીં. કારાગૃહમાં પણ રાજકારણમાં જાહેર ભાગ લેવો શક્ય જ નથી. પરંતુ બહાર રાજકારણ સિવાય શૈક્ષણિક, ધાર્મિક, સાહિત્યિક એવા અનેક પ્રકારે પણ રાષ્ટ્રની સેવા કરશું. લડાઈમાં પકડાયેલા સેનાપતિ, યુદ્ધ ચાલુ હોય ત્યાં સુધી જાતે રણમાં ઉતરે નહીં, 'ધરીના મી શસ્ત્રા કદનસમયી યા નિજકરી' એવો યદુકુળના વીરોની જેમ પ્રતિજ્ઞા આપ્યા પછી પણ તે વચન ઉપર (on parole), છોડવામાં આવતા જ હતા. અને તે યદુકુલ વીરોની જેમ તે રાજનીતિજ્ઞ સેનાની પ્રત્યક્ષ શસ્ત્રસન્યાસ તેટલો કરવો પડ્યો તો પણ રાષ્ટ્રકાર્ય માટે તેને સાર્થક કરી શકાય તે માટે એવી શરત માન્ય કરવામાં કોઈ છોછ ગણતા નહોતા, તો ઊલટું તેવું જ કરવું એને જ તત્કાલીન કર્તવ્ય સમજતા.

એવો વિચાર કરીને અમે આંદામાનમાં પહેલાં જ્યારે રાજક્ષમાથી સેંકડો ક્રાંતિકારીઓના છૂટવાનો સમય આવ્યો ત્યારે તેમને ઉપરની શરતને લેખિત માન્ય કરો, એવો મત આપ્યો, અને આ શરત ઉપર સહી કરીને જ સેંકડો રાજ્ય ક્રાંતિકારીઓ છૂટ્યા હતા.

ત્યારે આ શરત વિશે કોઈ મહત્ત્વની અડચણ નહોતી. આ શરત પર જ પહેલાં અમને છોડાવામાં આવ્યા નહીં, એનું કારણ તે શરતની સાથે સાથે ભૂતકાળમાં અમારી ક્રાંતિકારી ચળવળ કેમ થઈ, તેમાં કોણ કોણ હતા, કેટલી તૈયારી હતી વગેરે માહિતી પણ આપવી એવો સંકેત કરવામાં આવ્યો. પરંતુ ભૂતકાળ વિશે હરફ પણ ઉચ્ચારવો નહીં, કહેવું નહીં. ભૂતકાળની ઘટના જે એકવાર થઈ તે થઈ! આગળનું શું તે બોલો? આ અમારી કાયમની વાત અમે મક્કમતા સાથે ઉદ્દગાર્યા પછી પણ આ વખતે ગવર્નર મહાશયે છૂટકારાની ચર્ચા બંધ કરી નહીં. છેવટે કેવળ પ્રસ્તુત રાજકારણ કંઈક નિશ્ચિત વખત સુધી અમને મનાઈ છે, અને આ સ્થળબદ્ધતાની શરત પર અમારો છૂટકારો કરવાનો હું શક્ય એટલા પ્રયત્નો કરીશ અને નવા આવનારા ગવર્નર સમક્ષ - સર લેસ્લી વિલ્સન સમક્ષ તે વિશે વાત કરીશ એવું આશ્વાસન આપીને ગવર્નર સર જ્યોર્જ લોઈડ અને તેમના મંત્રીમંડળના બીજા અધિકારીઓ ચાલ્યા ગયા. તેમણે અમારા વિશે અત્યંત આદરભર્યા ઉદગાર એ વાતચીતમાં વચ્ચે વચ્ચે કાઢ્યા હતા. અમારા કારાગૃહીય પર્યવેક્ષકોએ પણ અમને છોડવા વિશે તેમને સબળ અનુરોધ કર્યો હતો.

આ ચર્ચા થયા પછી ફરી ઘણા દિવસો વીતી ગયા. અમને લાગ્યું કે આગળની અનેક વાતચીતની જેમ આ ચર્ચા પણ પોકળ હવામાં વિલીન થઈ ગઈ.

અમે અમારા હંમેશના નિશ્ચિય પ્રમાણે અમારું કારાગૃહીય કર્તવ્ય યથાવત્ ચલાવવા માંડ્યા. પાછળ કહ્યું જ છે કે, ત્યાંના રાજ બંદીવાનોમાં જે અનેક નવા આવનારા - રાજકારણમાં હાલની જ અસહયોગના ચળવળની ધાંધલમાં પ્રવેશેલા – બંદીવાનો હતા, તેમને ઐતિહાસિક રાજ્યક્રાંતિના અને રાજકીય ઉથલપાથલના મર્મની કોઈ માહિતી નહોતી. પણ તેમાં કેટલાક અત્યંત પ્રામાણિક અને દેશભક્તિથી જ ઉત્સાહિત થયેલા યુવાન હતા. તેમને પાછલી રાજક્રાંતિનો ઈતિહાસ ખબર પડે તે માટે અમે એક વ્યાખ્યાનમાળા શરૂ કરી હતી. એકવાર બધા હિંદુ-મુસલમાન રાજ બંદીઓ ભેગા કરીને 'એકતા'ની સાચી વ્યાખ્યા અને સ્વતંત્ર હિંદુસ્તાનની સ્થિતિની ચર્ચા કરી હતી. તે મુસલમાનોમાં કેટલાક સન્માનનીય આગેવાનો હતા. અને તે સમયે ગાંધીજી પણ પાડોશની ભીંત પાછળ રહેતા હોવાથી તેમના મત તેમની બાજુવાળા લોકો આ બાજુ જણાવતા. અમે તેમના તે અસહયોગી મતનો અને ખિલાફતના ઘાતક અંતરંગનો વિરોધ ચલાવ્યો હતો.

આ વ્યાખ્યાનમાળાનું તે દિવસનું મારું વ્યાખ્યાન મદનલાલ ઢિંગરાના ચરિત્ર પર હતું. અભિનવ ભારતીયના મોટાભાગના ફાંસી અપાયેલા અને મૃત્યુ પામેલા યુવાનોનાં ચરિત્રો ત્યાં કહેવામાં આવ્યાં હતાં. નવા નવા રાજ બંદીવાનોમાં તેમના વિશેનો આદર દિવસે દિવસે વધતો જ રહ્યો હતો. મદનલાલના પ્રકરણની માહિતી સાંભળવા લગભગ પચાસ-પંચાવન બંદીવાનો તે ઓરડીમાં અને ઓટલા પર ભેગા બેઠા હતા. બાજુમાં અધિકારી આવે છે કે શું તે જોવા હંમેશ પ્રમાણે પહેરો હતો. મદનલાલના સાહસના વર્ણનના અક્ષરે-અક્ષર તે રાજ બંદીવાનનાં અંગેઅંગમાં રોમાંચ જગાવતા હતા.

એટલામાં પહેરા પરના મિત્રે દોડતાં દોડતાં આવીને ''ફાટક વાગી, કોઈક આવે છે,'' એવું જણાવ્યું. જોતજાતામાં મંડળી હતી નહોતી થઈને વીખરાઈ ગઈ. પોતપોતાની ચાલીમાં અને કોઠડીમાં જઈને તે બેઠા, ના બેઠા ત્યાં તો એક સાર્જન્ટે મને બોલાવ્યો. મુખ્ય કાર્યાલયમાં લઈ ગયો. પર્યવેક્ષક સાથે છૂટકારાની ફરીથી ચર્ચા ચાલી. મેં પૂછ્યું આવી નકરી ચર્ચા કરીને હું થાકી ગયો છું. કોઈ છૂટકારાની ઉપરની આજ્ઞા આવી હોય તો એનો ઉપયોગ!

તે બોલ્યા હા! તમારા છૂટકારા વિશે સરકારે આ ચર્ચામાં તમે કહેલી શરતો નાખવાનું ઠરાવ્યું છે.

મેં કહ્યું પણ આ જ શરતો અમે સાત-આઠ વરસથી અમને માન્ય છે તેવું કહીએ છીએ તો પછી આ ખેલ કેમ?

છૂટકારાની શરતનો ખરડો

તેણે તરત જ કાગળ કાઢીને શરતોનો લેખિત ખરડો કર્યો અને સાથે સરકાર તરફથી લખાઈને આવેલું એક કથન (Statement) અમારી આગળ મૂક્યું. મેં વાચ્યું. 'લેટર્સ ફ્રોમ આંદામાન' પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલું સન ૧૯૨૦નું તે અમારું પત્ર છે. તે પત્રનો ઉલ્લેખ કરીને મેં કહ્યું કે, તે પ્રમાણે કથન કરાવવા માટે અમે તૈયાર છીએ. પરંતુ આના પરથી લખીને આવેલા કથનમાં તે મારા કથન સાથે મેળ ખાય એવો ફેરફાર કરવો જોઈએ. અમને ''કેવી રીતે તે તમે લખો'' એવું કહેવામાં આવ્યું. પરંતુ એકદમ જરૂરી એટલા જ બે-ચાર શબ્દ જ નાખવા, કે જેના લીધે આટલો અશક્ય લાગનારો યોગાનુટોગ આમ જામવા છતાં હાથમાંથી એકદમ એકાએક ઝૂંટવાઈ ના જાય! એવી પર્યવેક્ષકે સહાનુભૂતિપૂર્વક ઈચ્છા દર્શાવી.

મેં કથન લખ્યું. તેમાં યોજેલા મુખ્ય શબ્દ કેવા અર્થે યોજેલા તે સ્પષ્ટ કરવા માટે એક-બે ઉપવાક્યો જ લખ્યાં હતાં. પર્યવેક્ષકે તે કથન ખૂબ લાંબુ હોવાથી ફરીથી કાપકૂપ કરી. **મેં કથનમાં જે શબ્દો લખેલા તેનો અર્થ ઉપર ઉલ્લેખેલા આંદામાનમાં મોકલાવેલા ૧૯૨૦ના પત્રમાં કરેલો છે.** તેવું જ માનવામાં આવશે,

એ અભિવચન પર્યવેક્ષકોએ આપ્યાથી મેં તે ઉપવાક્ય સુધાર્યાં અને તે કથન ઉપર મોકલાવવામાં આવ્યાં. હું પાછો કોટડીમાં આવી પહોંચ્યો.

હવે તો મોટેભાગે છૂટકારો થશે એવા રંગ દેખાવા લાગ્યા. રાજ બંદીવાનો અને બીજા બધા આનંદમાં મગ્ન થયા. પણ મેં ફરીફરીને પોતાને અને તેમને બજાવ્યું, 'મોટેભાગે!' છૂટકારો થશે. એકદમ ખાતરીપૂર્વક તેના પર આધાર રાખવો નહીં. મારા જીવનમાં **એટલી બધી ફસામણી થઈ છે!**



પ્રકરણ - ૧૩મું

જન્મટીપની છેલ્લી રાત

તે મારી જન્મટીપની સજાની કારાગૃહમાં છેલ્લી રાત હતી, પરંતુ તે છેલ્લી હતી તે હવે નિશ્ચિત કરવામાં આવે છે. તે રાતે - તે છેલ્લી જ છે એવું નિશ્ચિત કરવામાં આવ્યું નહોતું. જો એ રાત કારાગૃહમાં મારી છેલ્લી જ - કમ સે કમ જન્મટીપની સજાની છેલ્લી જ રાત હોય - તો! આહાહા– આવતીકાલે આ સમયે જે ઊંઘ પર વોર્ડરોનો પહેરો નહીં, એવી સ્વચ્છંદ ઊંઘ મને, બારી ખુલ્લી રાખેલી એવી કોઇક ચાંદની પથરાયેલી ઓરડીમાં મળશે!

પણ આ છેલ્લી રાત નહીં હોય તો! ના હોય! કમ સે કમ આ જીવનની જે છેલ્લી રાત થવાની છે તો પણ આ બંદીશાળાની છેલ્લી રાત થવાની જ છેને!

તે રાતે ભયંકર ઠંડી પડી હતી. જાન્યુઆરી મહિનો હોવાથી વરસાદનું જોરદાર ઝાપટું આવ્યું હતું. અમારી પથારી અમને પૂરતી નહોતી. બે ચાદરો યેરવડાની ઠંડીમાં પૂરતી નહોતી. બે ચડ્ડી, બે કુર્તા, એક ઉપર એક પહેર્યા તો પણ ઠંડી લાગે, પણ કપડાં વધારે બચ્યાં નહોતાં. એટલામાં જ તે વરસાદનું ઝાપટું? પાછળની ભીંતની બારીમાંથી સીધો ફુવારો અંદર ઉડતાં ઉડતાં ઓરડીમાંમ સૂવું અશક્ય થયું. કપડાં ભીંજાયાં, ત્યારે એક ખૂણામાં શરીર બને તેટલું સંકોચીને અને તે અડધાં ભીના કપડાં લપેટીને દબાઇને બેઠા. તેમ જ ઠંડીમાં કાંઇ મજા લેતા સવાર થઇ.

બંદીગૃહમાં આવા ખૂણામાં બેસીને કેટલીયે રાતો વિતાવી હતી. આ છેલ્લી રાત નક્કી થઇ તેથી તેની સ્પષ્ટ યાદ રહી.

સવારે હંમેશ મુજબ કાર્યક્રમ ચાલ્યો. પાછળ મગનલાલ ઢિંગરાના ચરિત્રનું જે વ્યાખ્યાન અડધું છોડ્યું હતું, તે પૂરું કરવા માટે ફક્ત ઊભા ઊભા જ પાંચ-દસ રાજ બંદીવાનોને તે ઉતરાર્ધ કહેતો હતો. કારણ તે દિવસે બધાની સભા કરીને બેસવું વ્યાખ્યાન આપવાની તક મળી નહીં.

ત્યાં કાર્યાલયમાંથી પર્યવેક્ષકનું નિમંત્રણ આવ્યું. તે સાથે ત્યાંના કોઇ વિશ્વાસુ અધિકારીઓનો સંદેશ પણ આવ્યો કે, ''તમે છૂટયા!''

મારા સહકારી, સહકષ્ટ ભોગી, અને સહચર રહેનારા તે મિત્રોના - જેમની સંગતમાં આંદામાનમાં આ કષ્ટદાયક એવાં વરસોનાં વરસો કાઢ્યાં - તેમની આંખમાં આનંદાશ્રુ ઉભરાઇ આવ્યાં. પણ અમારી? અમારી આંખોમાં અને મનમાં તે મિત્રોને બંદીગૃહમાં જ છોડીને હું છૂટ્યો કે શું એવો ડર થરથરવા લાગ્યો! તેમણે મન:પૂર્વક અભિનંદન કર્યા. તે ગળે બાઝ્યા. સાંઇઠ-સાંઇઠ વરસના તે શીખ બંધુઓ, 'બાબુજી! આઇએ! બાબૂજી હમકો ભૂલના નહીં,'' એવા પ્રેમાળ આદરથી બોલતા અમને આંખ મીચારવા માંડ્યા. ''તમે અમારી પહેલાં સાત-સાત વરસથી કાળાપાણી સહન કરતા હતા તો હવે પહેલાં છૂટ્યા તો શું થયું? તમારો છૂટકારો તે જ અમારો, તમારા છૂટકારાથી અમારા છૂટકારાનો માર્ગ તો કેટલાક અંશે ખુલ્લો થયો!'' કમ સે કમ આપણી પ્રિયતમ માતૃભમિના છૂટકારાનો માર્ગ તો કેટલાક અંશે ખુલ્લો થયો છે.

મેં કહ્યું, ''આગળ ઇશ્વર જે શક્તિ આપે તે સાચું. પણ ભાઇઓ, એક વાતની સાક્ષી માત્ર તમે આપશો કે, આ બંદીગૃહની યાતનાના જડબામાં ભરાઇને મેં જે બાર વરસ કાઢ્યાં તેની આ છેવટની ક્ષણે પણ હું તમારી પાસે તે જ ધ્યેયના સમર્થન માટે તે જ ધ્યેયની પ્રાપ્તિ માટે લડતા રહેલા...!'' મારા હોઠ પર એ ભયંકર સજા થઇ ત્યારે જે જયઘોષ નાચતો હતો, તે જ જયઘોષ તે સજા આપણને સૌને ભય અને યાતનાને મારો બલિ ચડાવતાં આજે થાકીને પોતે જ નિશ્ચેતન પડતી હોવા છતાં પણ મારા અને તમારા હોઠ પર ગૂંજે છે! બોલો! સ્વાતંત્ર્ય લક્ષ્મી કી જય!

અમે બધાએ સ્વાતંત્ર્ય લક્ષ્મીનો જયજયકાર કર્યો અને એકબીજાની વિદાય લીધી.

કાર્યાલયમાં આવતાં જ પર્યવેક્ષકે છૂટકારાની આજ્ઞા વાચી સંભળાવી. પાંચ વરસ સુધી પ્રચલિત રાજકારણમાં ભાગ લેવો નહીં અને રત્નાગીરી જિલ્લામાં સ્થળબદ્ધતામાં રહેવું એ બે મુખ્ય શરતો નક્કી થઇ હતી. તેમાં પસંદ-નાપસંદનો સવાલ બાકી રહ્યો નહોતો. તમારે નીકળવું જોઇએ એવું કહેવામાં આવ્યું. અને - બંદીવાનોનો વેશ ઉતારીને મને ઘરનાં કપડાં પહેરવાની આજ્ઞા આપી. જન્મટીપના બંદીગૃહમાં આ છેલ્લી 'આજ્ઞા' હતી.

મુંબઇના ડોંગરી બંદીગૃહમાં ૧૯૧૧માં વરસે આ ઘરના કપડાં ઉતારીને રાખ્યાં હતાં. આજે ૧૯૨૪ના વરસે તે ફરીથી પહેર્યાં.

મનને એક પ્રકારનો વિચિત્ર વિરામ, કોઇક ઉદાસ આનંદ લાગવા લાગ્યો. એ પર્યવેક્ષકે ઉદાર અને સરળ મનથી મને અભિનંદન આપ્યા. હવે માત્ર ધ્યાન રાખો હોં કે! તેવું એકદમ નિષ્કપટ ભાવે જણાવ્યું.

તે ''હવે માત્ર ધ્યાન રાખો।'' એ શબ્દમાં જ મારા મનના આનંદના ઉદાસ મનનું કારણ છુપાયેલું હતું.

કાર્યાલયમાંથી મારા બધા દેશબંધુઓ-બંદીવાનો અને નાનાથી લઇને મોટા અધિકારીઓ સુધીના - મારી ફરતે ભેગા થયા. અને બોલ્યા, ''રામની જેમ જ ચૌદ વરસ વનવાસ ભોગવ્યો. ધન્ય છે! આજે આપણા રાષ્ટ્રનો આનંદ ગગનમાં સમાશે નથી!''

તે પ્રેમાળ સ્વાગતને સ્વીકારીને પણ અમારાથી એટલું બોલ્યા સિવાય રહેવાય નહીં કે, ''ભેગા, પણ અત્યંત મહત્ત્વની કમી આ તુલનાથી આપણા બધાના મનને ડંખવી જોઇએ કે રામે...કર્યા! આપણે વનવાસ ભોગવ્યો ખરો પણ...! એ કાર્ય થયું તો સાચો વનવાસ પૂરો થશે. અને ઇશ્વરની દયા હશે, તો તે પણ કાર્ય એક દિવસ આ અનુષાંગિક કાર્યની જેમ યશસ્વી થશે જ!''

મને લઇ જવા મારા આપ્તજનો આવ્યા હતા. કારાગૃહનાં દ્વાર ઉઘડ્યાં. હું બહાર નીકળ્યો. કંઇક યુક્તિ-પ્રયુક્તિથી બહાર આવ્યો! બંધીશાળાના તાળાની ચાવીના કાણામાંથી બહાર આવ્યો!

મારો છૂટકારો થયો તો! ક્ષણભર આજુબાજુ જોયું. મનમાં બોલ્યો, આ જન્મટીપમાંથી છૂટયો - પણ કોને કહેવું...! બંદીગૃહને હંમેશાં રામરામ કહેવાની વેળા હજી આવી નહીં. તેની એકદમ ઓળખ છોડીને હમણાં ચાલવાનું નથી. માર્સેલ્સને પણ એકવાર છૂટ્યા - પકડ્યો હતો! તેમ જ આ છૂટકારો પણ થવાનો નથી શેના પરથી?

આવેં મિત્રો સાથે બોલતાં અને હસતાં મોટરમાં બેઠો. તેનાં પૈડા ફર્યાં અને જન્મટીપની સરહદ ઓળંગીને જીવનની સરહદમાં મને તેણે ફરી લાવીને છોડ્યો.

તે જીવનની સરહદમાં ફરીથી પગ મૂકતાં જ મારા રાષ્ટ્રના રાષ્ટ્ર કૃતજ્ઞ સ્વાગતનું પ્રેમાળ આલિંગનમાં ક્ષણભર હું પોતે જ પોતાને ભૂલી જતો હતો. પહેલા જ દિવસે હું મારી માતૃભૂમિના ઘરે એકદમ ઘરની જેમ વર્તવા લાગ્યો. તેણે ''ભલે વીર'' કહીને પીઠ થપથપાવતાં આ જન્મટીપમાં તાર તાર થયેલી યાતનાના બધા ઘા ભરી દીધા, તેના વિશે જે કાંઇ શેષ બચ્યું તે ફક્ત તેની ''આંદામાનની યાદ!''

તે માટે ફાંસીનું ઝેરીલું પ્રતિબિંબ અંગ ઉપર પડતાં જ તેના તે હળાહળ ડંખ સહન કરવાની શક્તિ અંગમાં આવે તે માટે દેવીમાંનું જે ''મૂર્તિ બીજી તે'' ગ્રંથારંભે અમે આહ્વાન કર્યું હતું, તેનું હવે અમે કૃતજ્ઞ આભારમાં હાલ પૂરતું તો વિસર્જન કરીએ છીએ!

પ્રકરણ ૧૪મું

પ્રિય વાચક!

આ જન્મટીપ સમાપ્ત થઇ. એક કે ? બે જન્મટીપ પૂરી થઇ, તેની યાદ આ ''જન્મટીપ'' ગ્રંથમાં ત્રૂટક અને ભૂલો સાથે સંગ્રહિત કરેલી છે.

આ જગતમાં જનમ થતાં જ કાળના કાળાપાણી પર અમને મોકલવામાં આવતાં જે મોટી જન્મટીપ થઇ તેની યાદમાં જ ''જન્મટીપ'' એ ફક્ત એક પ્રકરણ છે. ફક્ત એક વિભાગ છે. જે મહાન વૃતના અનુષ્ઠાનમાં જ ''જન્મટીપ'' પૂરી થઇ તેમાં જ તે પણ **''જન્મટીપ''** પૂરી થજો!

છૂટકારો થયો - પગમાંથી લોખંડી બેડીઓ તૂટી. પણ મનની આસપાસ જકડાયેલી ઇચ્છાની બેડી તૂટી નહીં! બંદીગૃહના પથ્થરના તટ બહાર આવીને હું ઊભો રહ્યો. પણ તૃષ્ણાની ક્ષિતિજનો દુર્ગમ તટ હજી પણ આત્માને જકડીને ઊભો છે.

પ્રિય વાચક! આ કંટાળાજનક કર્મકથા લખતાં મને જેટલો ત્રાસ અને એ વર્ણવવામાં કંટાળો આવ્યો તેટલો જ તને પણ તે સાંભળવાનો ત્રાસ અને કંટાળો આવ્યોને ? આવ્યો તો જ આ ગ્રંથનું સાફલ્ય! તેના લીધે જ જેને એક જ દિવસમાં વાચી શકાય એટલી ત્રૂટક કથા પણ તને એટલી કંટાળાજનક અને અસહ્ય અને નકામી લાગે તે જન્મટીપ, ક્ષણેક્ષણ ગણીને તેનાં ચૌદ વરસ પ્રત્યક્ષ પસાર કરતા એ તારા ભારતીય રાજ બંદીવાનોને કેટલાં કંટાળાજનક, નીરસ અને અસહ્ય થયાં હશે એની તને જરાતરા કલ્પના થઈ એવું કહી શકાશે.

પ્રિય વાચક! મળીએ હવે. જતાં જતાં એટલી વિનંતી આ ત્રૂટક લેખનમાં પણ કર્યા સિવાય રહેવાતું નથી કે આ કંટાળાનો પણ કંટાળો નહીં કરતાં તેને કર્તવ્ય ગણીને જેણે છેલ્લે સુધી મુશ્કેરાટ પકડી રાખ્યું, જે આ ભયંકર દીવામાં સળગી ગયા અને જે તેમાંથી સળગી જતાં જતાં જ બહાર પડ્યા - તેમની આ યાદ તું ભૂલીશ નહીં. આગળ પાછળ તે તને જ ઉપયોગી થશે!

